Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જાન્યુઆરી, ૧૯૮૦ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ઈરાન અને અમેરિકા

ઈરાનમાં અમેરિકન રાજદૂતાવાસના ૫૦ માણસોને કેદ કરી બાન તરીકે રાખ્યાને દોઢ મહિનાથી વધારે સમય થઈ ગયો પણ તેમના છૂટકારાના ચિહ્નો હજી જણાતાં નથી. દેખીતી રીતે, આવું વર્તન આંતરરાષ્ટ્રીય વ્યવહાર અને કાયદાનું ગંભીર ઉલ્લંઘન છે. અમેરિકા જેવી શક્તિશાળી અને મહાન સત્તાને આવું ઘોર અપમાન સહન કરવું પડે છે. એક રીતે જોઈએ તો ઈરાનનું આ વર્તન માત્ર અમેરિકા સામે જ નહિ પણ સમસ્ત આંતરરાષ્ટ્રીય જગત સામે છે. છતાં, તેનો જોઈએ તેવો વિરોધ થયો નથી. ખાસ કરી, પશ્ચિમી દેશો જેણે આ વિરોધમાં આગેવાની લેવી જોઈએ તેઓ પ્રમાણમાં નિષ્ક્રિય છે. સંયુકત રાષ્ટ્ર સંઘે ઠરાવ કર્યો કે, ઈરાને આ અમેરિકનોને છોડી દેવા જોઈએ. તેને પણ ૧૫ દિવસ થઈ ગયા છતાં તે ઠરાવનો ઈરાને અસ્વીકાર કર્યો છે. સંયુકત રાષ્ટ્ર સંઘના મહામંત્રીએ સલામતી સમિતિને જણાવ્યું છે કે, આ ઠરાવનો અમલ કરાવવાના તેમના પ્રયત્નોને સફળતા મળી નથી. આંતરરાષ્ટ્રીય ન્યાયાલય–ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ–સમક્ષ અમેરિકાએ ફરિયાદ નોંધાવી. ઈરાને બહિષ્કાર કર્યો, કોર્ટે ચૂકાદો આપ્યો કે, ઈરાને બધા અમેરિકનોને તાત્કાલિક છોડી દેવા જોઈએ, તેની કોઈ અસર થઈ નથી. પોતાનાં નિર્ણયનો અમલ કરાવવાની કોઈ સત્તા આ કોર્ટ પાસે નથી. સોવિયેટ રશિયા સહિત, બધા દેશોએ ઈરાનના આ વર્તનને વખોડી કાઢ્યું છે. પણ આવા મૌખિક વિરોધ ઉપરાંત કોઈ વિશેષ પગલાં લેવાનું વિચાર્યું નથી. આપણા દેશે પણ મૌન સેવ્યું છે.

આવું કેમ બન્યું? અમેરિકા પણ જલદ પગલાં કેમ લેતું નથી? બીજા દેશો શાન્ત કેમ છે?

પ્રેસીડન્ટ કાર્ટરની ધીરજની એકંદરે પ્રશંસા થઈ છે. અમેરિકામાં પ્રજામતની ઉગ્રતા અને અધિરાઈ વધતાં જાય છે છતાં કાર્ટરની કદર વધી છે. કાર્ટરના હરીફ એડવર્ડ કેનેડીએ આ પરિસ્થિતિનો થોડો લાભ લેવા પ્રયત્ન કર્યો પણ તેમને સફળતા ન મળી. કાર્ટરે કેટલાંક પગલાં લીધાં છે. ઈરાનનું તેલ ખરીદવું બંધ કર્યું. ઈરાનની અંદાજે ડોલરની રકમ અમેરિકન બેન્કોમાં હતી તે જપ્ત કરી. પણ આવાં પગલાંના દબાણની ઈરાન ઉપર અસર થઈ નથી. કારણ એ છે કે બીજા દેશોએ સીધી અથવા આડકતરી રીતે ઈરાનને આ પગલાંની આર્થિક ભીંસમાંથી બચાવવા મદદ કરી છે. જાપાને ઈરાનનું તેલ મોટા પ્રમાણમાં અને ઊંચા ભાવે ખરીદ કર્યું. જાપાનીઝ અને સ્વીસ બેન્કોએ ઈરાનને ધીરાણ ચાલુ રાખ્યું છે. દુનિયાની બીજી મોટી બેન્કોએ પણ ઈરાનની મિલકત જપ્ત કરવાના કાર્ટરના પગલાંની ટીકા કરી છે. આંતરરાષ્ટ્રીય નાણાં વ્યવહારને તેથી ખલેલ પહોંચે છે એમ કહ્યું છે.

ઈરાનમાંથી પરસ્પરવિરોધી સૂરો આવે છે. એક દિવસ કોઈક સમાધાનકારી સૂર આવે તો બીજે દિવસે આકરો સૂર આવે. ખોમૈની એક વાત કહે, તેનો વિદેશમંત્રી બીજી કહે, તોફાને ચડેલા વિદ્યાર્થીઓ ત્રીજું કહે. એક સમયે બાન રાખેલા અમેરિકનો ઉપર ત્રાસભર્યું વર્તન થાય, બાંધી રાખે, આંખે પાટા બાંધે તો બીજી વખત કેટલાક વિદેશીઓને તેમની મુલાકાત લેવા દે.

પ્રમુખ કાર્ટર ખૂબ સજ્જન વ્યક્તિ છે. ખૂબ માનસિક વ્યથા અનુભવે છે. અંતિમ નિર્ણય તેણે જ કરવાનો રહે છે. બીજાઓની સલાહ લે, પણ છેવટે જવાબદારી કાર્ટરની એકલાની છે. જલદ પગલાંની ધમકી આપે છે, તેની તૈયારી કરે છે પણ ખૂબ ધીરજ રાખે છે. ઈરાન નજીક અમેરિકન નૌકાદળ તૈયાર છે. ઈરાન ઉપર બોમ્બમારો કરવા નૌકા વિમાનો હાજર છે. હમણાં જ તેમના વિદેશમંત્રી વાન્સને બ્રિટન, ફ્રાન્સ, જર્મની વિગેરે દેશોના નેતાઓને મળ્યા. લશ્કરી પગલાં લેવાની કોઈની સલાહ નથી. ભારે જોખમ છે. કાર્ટરને ખરો ભય એ છે કે, કોઈ ઉતાવળીયું પગલું ભરાઈ જાય અને તેનું બહાનું ખોમૈની અને વિદ્યાર્થીઓને મળી જાય અને બાન રાખેલ વ્યક્તિઓને ફૂંકી મારે તો અશક્ય પરિસ્થિતિ ઊભી થાય. પોતે કોઈ જ એવું કારણ ન આપવું એમ કાર્ટરનો નિર્ણય જણાય છે. અને તેમાં શાણપણ છે. આને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી શકાય તેમ નથી.

હવે, ઈરાન સામે આર્થિક પ્રતિબંધ મુકાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ માગણી કરી છે. રાષ્ટ્ર સંઘના ઠરાવની ઈરાને અવગણના કરી છે તેથી આર્થિક પ્રતિબંધ મૂકવાનો તેને અધિકાર છે. પણ બીજા રાષ્ટ્રોને તે માટે ઉત્સાહ નથી, અને રશિયા કદાચ પોતાનો વીટો વાપરે એવો ભય છે. આર્થિક પ્રતિબંધો મૂકયા છે, ત્યાં પણ સફળ થયા નથી. દક્ષિણ આફ્રિકા તથા રહોડેશિયા સામે આ શસ્ત્ર વાપર્યું, પણ લોભી દેશો અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ તેને મહદંશે નિષ્ફળ બનાવ્યું. હાલ તુરત અમેરિકાએ આ પગલું મોકુફ રાખ્યું છે અને રાષ્ટ્રસંઘના મહામંત્રી ઈરાન જાય છે.

અમેરિકા જેવી મહા સત્તાની આવી અવહેલાના અને ઘોર અપમાન ઈરાન કેમ કરી શકે છે?

ઈરાનની માંગણી છે કે શાહને પાછા સોંપો – શાહ તબીબી સારવાર માટે અમેરિકા ગયા તે બહાનું હતું તેમ કહે છે. શાહે ઈરાનની પ્રજા ઉપર જુલ્મો અને અત્યાચારો કર્યા છે તે માટે શાહ ઉપર અદાલતી તપાસ કરવી છે અને યોગ્ય સજા કરવી છે.

અમેરિકા માટે ધર્મસંકટ છે. વર્ષો સુધી શાહને મદદ કરી અને ટેકો આપ્યો. શાહના અત્યાચારોમાં સીધી કે આડકતરી રીતે અમેરિકા ભાગીદાર છે. શાહ સાથે મૈત્રીભર્યા સંબંધો હતા. એવી વ્યક્તિનો હવે વિશ્વાસઘાત કેમ થાય? હવે તો શાહ અમેરિકા છોડી ગયા છે. પનામા ગયા. ઈરાનને તેથી સંતોષ નથી. કાર્ટરે જ આ ગોઠવ્યું છે, તેથી અમેરિકાની જવાબદારી રહે છે. ગુનેગારોને એક બીજાને સોંપી દેવાના પરસ્પર કરારો અમેરિકા અને ઈરાન વચ્ચે નથી. આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ પણ રાજકીય ગુનેગારને આશ્રય આપવો દેશની ફરજ છે.

આ બધી દલીલો છતાં, નૈતિક દૃષ્ટિએ અમેરિકાનો કેસ લુલો છે અને તેથી જ ઈરાન આટલું જોર કરે છે.

આ શાહને ગાદીએ લાવવામાં અમેરિકાનું કાવતરું હતું. પોતાના મૂડીવાદી શોષીવાદને વિસ્તારવા અને ટકાવવા અમેરિકાએ દુનિયાના ઘણા દેશોમાં રાજ્યપલટાઓ કરાવ્યા છે અને આપખૂદી બળોને ટેકો આપ્યો છે, પોતાની સમૃદ્ધિ અને લશ્કરી તાકાતના અભિમાનમાં, અમેરિકાએ ઘરઆંગણે લોકશાહી રાખી અને દુનિયામાં સરમુખત્યારોને પોષી. અમેરિકન પ્રજા, સ્વાતંત્ર્યપ્રેમી અને ઉદાર છે. પણ સત્તા અને સમૃદ્ધિનો મદ ઓછો નથી. વિશ્વની સૌથી સબળ મહાસત્તા તરીકે ખ્યાતિ મેળવ્યા પછી, દુનિયાના પછાત અને અણવિકસિત દેશોનું શોષણ ઘણું કર્યું છે. હવે તેના લેખાં લેવાય છે. વિયેટનામ, ક્યુબોડિયા, ક્યુબા, દક્ષિણ અમેરિકા

અને આફ્રિકાના કેટલાક દેશો, આ સર્વ સ્થળે હવે અમેરિકાની અવહેલના થાય છે. સોવિયેટ રશિયાની સત્તા ચારે તરફ વિકસતી ગઈ અને અમેરિકાનું ખરેખર હરીફ બન્યું. મધ્યપૂર્વમાં સોવિયેટ સત્તા વિકસતી અટકાવવા અમેરિકાએ ઈરાનને પોતાનું મથક બનાવ્યું. શાહ, ઈરાન અમેરિકાના હથિયાર બન્યાં. ઈરાનને તેલ વિપૂલ પ્રમાણમાં મળતાં, ઈરાનની આવક અઢળક બની ગઈ. શાહનું મગજ ફરી ગયું. શહેનશાહીના સ્વપ્નાં સેવવાં શરૂ કર્યા. અમેરિકા પાસેથી દરેક પ્રકારના શસ્ત્રસરંજામ, અબજો ડોલરના ખરીદી ઈરાનની જરૂરિયાત ન હોવા છતાં, ઈરાનમાં ખડકયાં. ઈરાનનું આધુનિકરણ કરવાના પ્રયત્નો આદર્યા. પશ્ચિમી ઢબની રહેણી-કરણીનું અનુકરણ કર્યું. પોતાની પ્રજાની ખરી જરૂરિયાતો અને તેના સંસ્કારની અવગણના કરી, પશ્ચિમનું આંધળું અનુકરણ કર્યું. વિરોધ થાય તે સ્વાભાવિક હતું. જૂનવાણી વર્ગનો વિરોધ સમજાય એવું છે. પણ એક નવો મંથમ અને પ્રમાણમાં સુખી વર્ગ પેદા થયો હતો. તેને પણ શાહની આપખૂદી ખૂંચતી હતી. આ વિરોધને દબાવી દેવા શાહે તેની ગુપ્તચર સંસ્થા 'સવાક' મારફત બહુ અત્યાચારો કર્યા. હજારો માણસોને જેલમાં પૂર્યા. શાહની મહત્વાકાંક્ષા આસમાને પહોંચી, તેલની અઢળક આવક પ્રજાના કલ્યાણ માટે વાપરવાને બદલે, પોતે પોતાના વૈભવમાં વાપરી અને ખાનગી મિલકત કરી. પહેલવી વંશ સાથે આ શાહને કોઈ સંબંધ નથી છતાં જાણે ૨૫૦૦ વર્ષની શહેનશાહતના પોતે વારસદાર હોય તેમ પહેલવી વંશની ૨૫૦૦ સાલ દબદબાથી ઊજવી, દેશ અને પ્રજા ગરીબ જ રહ્યાં. પણ તહેરાનમાં ગગનચુંબી ઈમારતો અને મોટરોના કાફલા ખડકાયા.

પ્રજાનો રોષ કેટલો હશે તેનું માપ આટલી વાત ઉપરથી મળે છે કે, ખોમૈની પંદર વર્ષથી દેશવટો ભોગવતા હતા પણ ઈરાક અને ફ્રાન્સમાં રહી, ઈરાનમાં બળવો કરાવી શક્યા.

ખોમૈની કહે છે તેમાં ઘણું જનૂન છે. ક્રાન્તિમાં વિવેક કે સમંજણ રહેતાં નથી. ક્રાન્તિમાં વિનાશ પહેલાં થાય છે. રોષ કોઈક ભોગ માગે છે. તેથી શાહ માટે માગણી છે. બીજા સેંકડો માણસો અને આગેવાનોને મારી નાખ્યા. હજારો દેશ છોડી ગયા. શાહ કે શાહબાનુને મારી નાખવાથી કે ૫૦ નિર્દોષ માણસોનું ખૂન કરવાથી ઈરાનની પ્રજાનું કલ્યાણ થવાનું નથી. ખોમૈની આ ન સમજતા હોય તેમ નથી. પણ જે વંટોળ પેદા કર્યો છે તેના ઉપર તેમનો પણ કાબૂ નથી. શાહને તો કેન્સર થયું છે. ભૂંડે હાલે મરશે. તેની અબજોની દોલત બરબાદ થશે. તેને સજા કરવાની જરૂર નથી.

ઈરાનના બનાવનું તાત્પર્ય એ છે કે, અમેરિકાને ભાન થાય કે તેની સમૃદ્ધિ અને લશ્કરી તાકાત અંતે કામયાબ થતાં નથી. દુનિયાના બીજા દેશો પણ ઈરાન સામે લશ્કરી પગલાં લેવાય તેમાં સંમત નથી. ઈરાનના તેલ ઉપર તેમનો આધાર છે એટલું જ નહિ પણ મુસ્લીમ મોજું ફરીવળ્યું છે. તેમાં બીજા આરબ દેશો અનિચ્છાએ પણ જોડાશે અને તેમનું હથિયાર તેલ, એટલું સબળ છે કે પશ્ચિમી દેશો, જાપાન વિગેરેને નમવું પડે.

Ultimately, nemesis overtakes, not in the way one expect or wish, but in its own way ઈશ્વરના ચક્રો ધીમી ગતિએ ચાલે છે, પણ ચાલે ત્યારે અચૂક નિશાન સાધે છે.

આપણે આશા રાખીએ કે ખોમૈની ધર્મગુરુ હોવાનો દાવો કરે છે એટલે અંતે એ નિર્દોષ માણસોને ભોગ નહિ લે.

૨૫-૧૨-૭૯ **ચીમનલાલ ચકુભાઇ**

સારાની પ્રશંસા કરો

પતિતોનો ઉદ્ધાર કરનાર તમે કોણ? તમારો જ ઉદ્ધાર પ્રથમ તમે કર્યો છે કે? જ્યાં સુધી એકબીજાના દોષો શોધ્યા કરશો ત્યાં લગી પ્રેમ અને ઐકયની વૃદ્ધિ પણ કદી થશે નહિ. ગટરમાંનો સઘળો કાદવ રસ્તાઓ ઉપર પાથરવાથી કાંઈ હિતકર પરિણામ આવી શકશે? કદિ નહિ. શાંતિ અને શુભેચ્છારૂપી પાણીનો નિર્મળ પ્રવાહ વહેવરાવો કે જેથી સઘળો કાદવ આપોઆપ ધોવાઈ જશે. નાનાં-મોટાં સર્વ બાળકો પ્રત્યે પ્રેમ રાખનારી માતાના જેવું અંત:કરણ બનાવવું એ જ જીવન સાફલ્યનો સાર છે. દીન અને પતિત લોકોને ખરી લાગણીથી અને માતાના જેવા પ્રેમથી જે જુએ છે તે ખરો મહાત્મા છે. કેટલાક માણસો વિશ્વવ્યાપી પ્રેમ ધરાવવાના ઘણો ઢોંગ કરે છે અને તે છતાં બીજાના દોષો જોવામાં મશગૂલ રહે છે. તેઓ પોતાના બચાવમાં કહે છે કે દોષ જોવા એ તો સ્વાભાવિક છે અને દોષ જોનાર પ્રત્યે તિરસ્કાર કરવો એ પણ સ્વાભાવિક છે; પરંતુ વહાલા મિત્રો! જ્યાં સુધી તમને કોઈ વસ્તુમાં દોષ દેખાય છે ત્યાં સુધી તમે તેના પર પ્રેમ કરી શકતા નથી. યાદ રાખજો કે દોષો જોવાથી અને ટીકાઓ કરવાથી માણસો સુધરી શકવાના નથી; પરંતુ ઉત્સાહ વધારનારા, આશાજનક અને સ્નેહભરેલા ઉપદેશોની જ જરૂર છે. ખરી કેળવણી એ છે કે અખિલ વિશ્વ પ્રત્યે ઈશ્વરની દૃષ્ટિથી જોઈ શકાય; માટે હે ટીકાકાર મિત્ર! ખરાબની નિંદા કરવી છોડી દઈ સારાની પ્રશંસા કર.

—સ્વામી રામતીર્થ

લઘુ ઉદ્યોગથી ધબકતું ગૃહ

પ્રેમળ જ્યોતિની બહેનોએ નવેમ્બર માસમાં ઉપરોકત ઘરની મુલાકાત લીધેલી. આ મુલાકાતથી બહેનો બહુ પ્રભાવિત થયાં હતાં.

મુંબઈના ભરચક ભુલેશ્વરના લત્તામાં, લતાબહેન દિલીપથી પોતાના ઘરમાં લઘુ ગૃહ ઉદ્યોગ ચલાવે છે. પોતાના ઘરની જવાબદારીની સાથે સાથે આ લઘુ ઉદ્યોગ પણ સુંદર રીતે સંભાળે છે. નાની જગામાં જરૂરિયાતવાળા બહેનો, તેમજ ભાઈઓને ટ્રેઈન કરે છે તેમ જ કામ પણ આપે છે. કારીગરો, ચાદર, તકિયાની ખોળો-ઝાલ, નેપકીન વિ.-ઓટવાનું તેમજ તેની પર એમ્બ્રોઈડરી કરવાનું કામ કરે છે - પ્રખ્યાત મિલોની ગાંસડીઓ લાવી કટીંગથી માંડીને પેકીંગ સુધીનું બધું જ કામ આ કારીગરો કરે છે. મહેનત, ઝડપ ને સમય આપે તે પ્રમાણે દરેક કારીગરને વેતન મળે છે. કામની ગુણવત્તા તેમજ ચોકસાઈ પર પૂરતું ધ્યાન અપાય છે.

ઘરની જવાબદારી અદા કરતાં આ બહેન અન્યને પ્રેરણાદાયક છે - તેમને કામનો વિસ્તાર કરવો છે - અન્યને આવું જ કામ કરવું હોય તો માર્ગદર્શન આપવું છે. પોતાના ઘરમાં બહેનો આવું જરૂર કરે અને અન્ય બહેનોને કામ આપે એવી શુભેચ્છા ધરાવે છે.

લઘુ ઉદ્યોગનું સુંદર દૃષ્ટાંત લત્તાબહેન પુરું પાડે છે -

- નીરૂબેન શાહ
કન્વીનર, પ્રેમળ જ્યોતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત
વિદ્યાસત્ર (વર્ષ ચોથું)

વકતા : ડૉ. ભોગીલાલ સાંડેસરા

વિષય : "જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય"
ઉપરોકત વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો.

સમય : સોમ, મંગળ, બુધ. તા. ૭–૮–૯ જાન્યુઆરી
૧૯૮૦ સાંજના ૬-૦૦ વાગે.

સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરનું સભાગૃહ, ચર્ચગેટ

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
સૌને સમયસર પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ. કે. પી. શાહ – મંત્રીઓ

☆ સંસદ વેચવા કાઢી નથી ☆

ભારત, એક બાજુ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે તો બીજી બાજુ એ જગતના સૌથી ગરીબ દેશોમાંનો એક છે. થોડાક ધનિકો અને કરોડો ગરીબો વચ્ચેની ખાઈ એટલી પહોળી છે કે લોકોનો મત આપવાનો અધિકાર ગરીબીને લીધે પાતળો પડી જાય છે, મત આપવાનો રાજકીય અધિકાર છે પણ મત આપવાની આર્થિક શક્તિથી મોટી ઔદ્યોગિક કંપનીઓ બધા પક્ષોને પૈસા આપે અને ગામડાંના ધનિકો મતદારોનાં મોટાં જૂથો ઉપર અંકુશ ધરાવે તે પરથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે.

તાજેતરનાં વર્ષોમાં પૈસાની શક્તિએ ભયજનક પ્રમાણ ધારણ કર્યું છે. ૧૯૫૨માં થયેલી પહેલી સામાન્ય ચૂંટણીમાં પૈસાનું પ્રભુત્વ નહોતું અને તેનું કારણ જવાહરલાલ નેહરૂનું વ્યક્તિત્વ અને કોંગ્રેસ પક્ષનું પ્રચંડ સ્વરૂપ હતું. પણ વખત જતાં કોંગ્રેસ પક્ષ નબળો પડયો અને અંકુશોનું રાજ્ય, કાળાં નાણાંનું સર્જન અને ઔદ્યોગિક કાચા માલ અને વપરાશી માલની તંગી દરમિયાન એ વસ્તુઓ અમુક થોડા માણસોને ફાળવવામાં રાજકીય સત્તાનો દુરુપયોગ – આ બધાએ પરિસ્થિતિને વધુ વકરાવી છે.

નેહરૂના વખતમાં પણ નાણાં ઉધરાવવામાં આવતા હતાં પણ તેમાં કંઈક પ્રમાણભાન રહેતું હતું. શ્રીમતી ઈન્દિરા ગાંધી, વડા પ્રધાન બન્યાં ત્યારે તેમણે ગંજાવર રકમો પક્ષ માટે ઉધરાવવાની કળા ધીમે ધીમે સંપૂર્ણ બનાવી. નેહરુના વખતમાં જ્યાં હજારો કે લાખો રૂપિયાથી કામ ચાલતું ત્યાં હવે કરોડોથી ચાલવા લાગ્યું અને શ્રીમતી ગાંધી ગરીબોના ઉદ્ધારની વાત કરતાં રહ્યાં, છતાં એમના શાસન દરમિયાન નાણાંની શકિત જ એકમાત્ર અગત્યની શકિત બની રહી. પણ આમાં પદ્ધતિનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવા માટે શ્રીમતી ગાંધીને દોષ દેવો તે વાજબી નથી, દોષ આખી પદ્ધતિનો છે, તેનો ઉપયોગ કરનાર વ્યકિતનો નહિ.

આધુનિક ચૂંટણીઓ ખર્ચાળ હોય છે. ચૂંટણી માટે પૈસા ક્યાંકથી તો મેળવવા જ પડે. આખરે પૈસા પ્રજા પાસેથી જ આવે છે. ધનિક લોકો કે ઉદ્યોગપતિઓ રાજકીય પક્ષોને કરોડો રૂપિયા આપે તો પણ તે રૂપિયા ચૂંટણીના સમયે અછતમાં આવી પડતી અથવા કાળા બજારમાં ચાલી જતી અનેક વસ્તુઓના ઊંચા ભાવરૂપે લોકો પાસેથી જ વસૂલ થાય છે. એટલે ખરી રીતે ચૂંટણીમાં નાણાં સામાન્ય માણસ જ પૂરાં પાડે છે. તો પછી રાજ્ય પોતે જ સીધી રીતે એને માટે નાણાં આપીને જુદાં જુદાં જૂથોની ભ્રષ્ટાચારી અસર દૂર કેમ ન કરે ? ચૂંટણી માટે રાજ્ય નાણાં આપે તેની પાછળની પાયાની ફિલસૂફી આ છે.

ભારતની ચૂંટણીઓમાં વિદેશી નાણાં સંડોવાયાનો આક્ષેપ પણ વારંવાર થયો છે. બંને મહાસત્તાઓને ભારતમાં પોતાને અનુકૂળ રાજકીય શાસન સ્થપાય તેમાં રસ છે. ભારતની ચૂંટણી પર અસર પાડવાનો, આરબો જેવા નવા ધનિકોને પણ રસ છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને સામ્યવાદી રાજ્યો પાસે ઈચ્છિત ઉમેદવારોને કે પક્ષોને કરોડો રૂપિયા પહોંચાડવાના અનેક માર્ગો છે. જો રાજકીય પક્ષોને રાજ્ય તરફથી જ નાણાં પૂરા પાડવામાં આવે તો વિદેશી દરમિયાનગીરીની અસર સાવ ઓછી કરી શકાય.

દુનિયામાં થોડાક દેશોમાં રાજ્ય ઓછેવત્તે અંશે ચૂંટણી ખર્ચ ભોગવે છે. એવો એક દેશ પશ્ચિમ જર્મની છે. ત્યાં રાજકીય-પક્ષોને ચૂંટણીમાં મળતા પ્રત્યેક મત દીઠ સાડા ત્રણ માર્ક મળે છે. ગઈ ચૂંટણીમાં થયેલા કુલ મતદાનના અડધા ટકા જેટલા મત મેળવનાર પક્ષોને આ રકમ મળી શકે છે.

અમેરિકામાં વોટરગેટ કૌભાંડ પછી ખળભળી ઊઠેલા અમેરિકન સમાજે નિક્સનને પદભ્રષ્ટ કર્યા તે પછી ત્યાં પણ પ્રમુખની ચૂંટણીનાં નાણાં રાજ્યે આપવા માંડયાં. ત્યાં પ્રમુખપદના ઉમેદવારોને તેઓ જે ફાળો ઉધરાવે તેને આધારે રાજ્યના નાણાં મળે છે. પહેલા તેમણે એક લાખ ડોલરનો ફાળો ૨૫૦ ડોલરનાં અથવા એથી નાનાં દાનરૂપે મેળવવો જોઈએ. આ પ્રમાણે તેમણે ૨૦ રાજ્યોમાંથી દરેકમાં ઓછામાં ઓછા ૫,૦૦૦ ડોલર ઉધરાવવા જોઈએ. અમેરિકાની સરકાર દરેક દાનના પહેલા ૨૫૦ ડોલરની સામે ૨૫૦ ડોલર આપે. ૧૯૭૬ પછી પ્રમુખપદના ઉમેદવારને તેમની પ્રાથમિક ચૂંટણી–ઝુંબેશ માટે કેન્દ્ર સરકારનાં નાણાં મળે છે. આ યોજના હેઠળ જિમી કાર્ટરને ૩૭ લાખ ડોલર સરકાર તરફથી મળ્યા હતા. ૧૯૭૬માં આ રીતે પ્રમુખપદના પ્રાથમિક ઉમેદવારોને કુલ અઢી કરોડ ડોલર (૨૦ કરોડ રૂપિયા) સરકાર તરફથી મળ્યા હતા. જો આ કાયદો ન થયો હોત તો જિમી કાર્ટર જેવો એકંદરે નાનો માણસ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ શક્યો ન હોત.

ભારતમાં જનતા પક્ષ, કોંગ્રેસ (અર્સ) અને લોકદળ એ ત્રણેમાં ચૂંટણી ઢંઢેરામાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી માટે અને રાજકીય પક્ષોની વાજબી પ્રવૃત્તિઓ માટે રાજ્ય નાણાં આપે એવો સુધારો કરવાનું વચન આપવામાં આવ્યું છે.

આમાંથી લોકદળનું વચન પ્રતીતિકર લાગતું નથી. તેના નેતા શ્રી ચરણસિંહે ૧૯૮૦ની ચૂંટણીને સો ટકા કાળા નાણાંની ચૂંટણીમાં ફેરવી નાખી છે. કોઈ પણ રાજકીય પક્ષને કંપનીઓ કોઈ પણ રૂપે મદદ કરે તેની ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો વટહુકમ તેમણે બહાર પાડયો છે. એને પરિણામે તમામ રાજકીય પક્ષો હવે ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પાસેથી રોકડમાં જ ફાળો ઉધરાવે છે. જ્યારે પશ્ચિમ જર્મની કે અમેરિકાની જેમ જાહેર નાણાં ન મળવાનાં હોય અને જ્યારે કંપનીઓ પર રાજકીય પક્ષને દાન આપવાનો પ્રતિબંધ હોય ત્યારે ચૂંટણીના ખર્ચ માટે કાળા નાણાં સિવાય બીજો કયો રસ્તો રહ્યો ? રખેવાળ સરકારે લીધેલું આ વધુમાં વધુ બેશરમ પગલું છે.

શાસક પક્ષો ખાંડ, કાગળ અને સિમેન્ટની તાજેતરની અછતનો નાણાં ઉધરાવવા માટે પૂરેપૂરે ઉપયોગ કર્યો છે. આક્ષેપ તો એવો થાય છે કે રખેવાળ સરકારના પ્રધાનો રોકડ નાણાંનું સર્જન કેમ કરવું તે ઉદ્યોગપતિઓને શીખવે છે.

એવો આક્ષેપ પણ થયો છે કે જે માણસ વગર–હિસાબના રોકડ નાણાં આપવા તૈયાર હોય તેમને આ પ્રધાનો ઔદ્યોગિક લાઈસન્સો અને આયાતની પરિમટો આપાવવા તૈયાર થતા હતા, અથવા સ્થાનિક કારખાનાઓમાંથી અમુક માલ છૂટો કરવાની તૈયારી બતાવતા હતા. જેને પરિણામે ચેલા માણસને ફાળાની રકમ કરતા બમણો - તમણો ફાયદો થાય.

અલબત્ત, આમાં નવું કંઈ નથી. છેક પહેલી સામાન્ય ચૂંટણીથી શાસક પક્ષો અંકુશોનો એવી રીતે ઉપયોગ કર્યો છે કે જેથી ફાળો આપનારાઓ એટલો મોટો નફો કરી શકે કે લાખોનો ફાળો આપવો તેમને પોસાય. નેહરુના સમયમાં પણ આ થતું હતું. પણ તે વખતે જાહેર જીવનની શુદ્ધિ માટે થોડી ઘણી ચિંતા હતી, પણ હવે તમામ રાજકીય પક્ષો જરાય શરમ વિના કાળાં નાણાં ઉધરાવે છે. આમાં સૌથી વધારે બેફામ શ્રીમતી ગાંધી છે. એવી અફવા ફેલાયેલી છે કે તેઓ વડા પ્રધાન હતાં ત્યારે તેમણે ભારતીય ઉદ્યોગપતિઓ અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી કરોડો રૂપિયા ઉધરાવ્યા હતા.

નવી સરકારે સૌથી પહેલો એવો કાયદો ઘડવો જોઈએ કે માન્ય થયેલા રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોને ચૂંટણીની ઝુંબેશ માટે સરકાર તરફથી નાણાં મળે એટલું જ નહિ પણ વાજબી રાજકીય પ્રવૃત્તિ માટે પણ આ રીતે નાણાં મળે. એમ પણ કરવું જોઈએ કે રાજ્ય તરફથી રોકડ નાણાંને બદલે પોસ્ટરો અને ચૂંટણી ઝુંબેશનું સાહિત્ય પૂરું પાડવામાં આવે, જેથી નાણાંનો દુરુપયોગ ઓછામાં ઓછો થાય.

રાજ્ય, ચૂંટણીમાં નાણાં આપે તે પછી એવો કાયદો કરવો જોઈએ કે રાજકીય પક્ષો વ્યકિતઓ કે કંપનીઓ પાસેથી ચેકરૂપે જ દાન મેળવી શકે. આ રકમની પણ ટોચમર્યાદા નક્કી કરવી જોઈએ. તે ઉપરાંત રાજકીય પક્ષોએ દર વર્ષે તેમના હિસાબ પ્રગટ કરવા જોઈએ અને રાષ્ટ્રપતિ તથા સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિએ સંયુકત રીતે નીમેલા ઓડિટરો પાસે એ હિસાબ ઓડિટ કરાવવો જોઈએ.

ત્રણ દાયકા દરમિયાન થયેલી સામાન્ય ચૂંટણીઓએ આપણને બતાવી આપ્યું છે કે ચૂંટણી ખાનગી નાણાંથી કરવાને પરિણામે કાળા નાણાંનું અર્થતંત્ર વિકસ્યું છે અને સાથે સાથે નાણાં આપનારાઓને જાહેર નાણાંકીય અને ઔદ્યોગિક સંસ્થાઓમાં મોભાદાર જગ્યાઓ બદલારૂપે આપવાની પ્રથા વિકસી છે.

દિલ્હીમાં આજે સર્વસામાન્યપણે એમ બોલાઈ રહ્યું છે કે અમુક કંપની ૨૦ સંસદસભ્યો ઉપર અંકુશ ધરાવે છે અને અમુક

અતરરાષ્ટ્રીય કંપનીની પડખે અમુક સંસદસભ્ય કે અમુક પ્રધાન ઊભેલા છે. ૧૯૭૭ના માર્ચમાં જનતા સંસદીય પક્ષના નેતાની ચૂંટણી વખતે ખાનગી કાળા નાણાંની ભૂમિકા નાટયાત્મ રીતે દેખાઈ આવતી હતી. શકિતશાળી ઔદ્યોગિક હિતો શ્રી મોરારજી દેસાઈની વિરૂદ્ધ હતાં અને નવી દિલ્હીમાં તે દિવસોમાં સંસદસભ્યોના ભાવ ખુલ્લેખુલ્લા બોલાતા હતા.

આ અહેવાલોમાં થોડીક અતિશયોકિત હોય તો પણ આપણે એ સ્વીકારવું પડશે કે સંસદસભ્ય ચૂંટવાની પ્રકિયાથી માંડી વડા પ્રધાનની ચૂંટણી સુધીની આપણી આખીયે રાજકીય વ્યવસ્થા માં કાળાં નાણાં નિર્ણાયક ભાગ ભજવે છે. આ એક રાજકીય વાસ્તવિકતા છે. જો ભારતની લોકશાહીને ધનિકશાહીમાં પલટાઈ જવા ન દેવી હોય તો આ વાસ્તવિકતાની ઉપેક્ષા કરવી નહિ પાલવે. ૧૯૮૦ના જાન્યુઆરીની ચૂંટણી પછી થનારી દરેક સંસદીય ચૂંટણી કે વિધાનસભાની ચૂંટણી માટે રાજ્યે જ નાણાં પૂરા પાડવાં જોઈએ. આ માટે દર વર્ષે કેન્દ્રના બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયા 'ચૂંટણી સહાયક ફંડ' તરીકે ફાળવવા જોઈએ આ સુધારાની સાથોસાથ પક્ષપલટો અટકાવતો કાયદો પણ ઘડવો જોઈએ. આટલું થાય તો નાણાંશકિતનો બેશરમ ઉપયોગ કરનારાઓને ભારતના લોકો ખાતરીપૂર્વક કહી શકે કે "ભારતની સંસદ વેંચવા કાઢી નથી."

(કોમર્સ ફીચર્સ સર્વિસ) **– વાડીલાલ ડગલી**

સત્ય ઉવેખ્યાનું સત્ય

કોઈ પણ માણસ, પોતાનું અસ્તિત્વ સંકેલી લ્યે, એટલે કે એ દૈહિક સ્વરૂપે આ લોક છોડી, આત્મિક સ્વરૂપે વિલોકી બની જાય પછી, કાળક્રમે એને ભૂલી જવું એ આ માનવીય જગતનો સનાતન વ્યવહાર છે. કિંતુ જો એ વ્યકિતમાંના આદર્શ, સંસ્કાર, વિચારો સર્વહિતકારક હોય, ને એનું જીવીત જીવન પરમાર્થી હોય અને જીવ માત્રનો હિતચિંતક હોય તો એને જનકલ્યાણાર્થે સદાય જીવંત રાખવો જોઈએ એ સનાતન સત્ય છે!

જો આવી વ્યકિતને ભૂલી જઈએ તો, આપણે આપણો સત્યધર્મ ચૂકી ગયાનો અપરાધ સ્વીકારી લઈ, ભવિષ્યમાં આવો અપરાધ કોઈ કરે જ નહીં, ન કરવો જોઈએ એવાં સત્ય-ધર્મ આચરવા જોઈએ!

પરંતુ ઘણી વખત તો એવીય કરૂણતા સર્જાય છે, કે યાદ કરવા જેવા ન હોય, એને પણ સારપ-સત્યને યાદ કરતાં કરતાં એને યાદ કરવાનો અધર્મ આચરવો પડે છે!

એક દિશામાંથી સૂર્યજન્મ થાય છે ત્યારે ત્યાંથી જ પ્રકાશ પ્રાપ્ત થાય છે, પરંતુ ત્યારે સામી દિશાએ કશું જ મળતું નથી હોતું એ પણ એક ભ્રમ છે. ત્યાંથી આપણને અંધકાર પ્રાપ્ત થાય છે, જે પણ આશીર્વાદરૂપ છે. આ પણ એક સનાતન સત્ય છે: આ જ વસ્તુ આપણને એ વસ્તુસ્થિતિનો નિર્દેશ કરે છે, કે જો સારપના સત્યને સ્વીકારવું હોય તો, એ સત્ય સ્વીકારતા પૂર્વે, અસત્યમય પરિબળનો વિવેકસહ ઉલ્લેખ અનિવાર્ય બની જાય છે: કારણ કે તો જ સત્યની ઝળહળતી દિશા આપણને સત્ય સ્વરૂપે પ્રાપ્ત થાય છે. પરંતુ સામી દિશામાંથી પણ જે પ્રાપ્ત થાય છે તે સ્વીકારવું જોઈએ.

થોડાક જ દિવસો પૂર્વે, દુર્યોધનને માનનારો ને પૂજનારો એક વર્ગ છે, એવું વિધાન એક સજ્જન વ્યકિતએ કર્યું ત્યારે મને આ વિશે લખવાની પ્રેરણા થઈ!

વિશ્વનો ઈતિહાસ લખાશે, ત્યારે વિશ્વના રાજનીતિના વિભાગમાં હિટલરનો નિર્દેશ ટાળી શકાશે? એક વ્યકિત, બહુસંખ્ય વ્યકિતના મૃત્યુનું 'કારણ' બને છે, એને સદાસર્વદા, પ્રસંગોપાત યાદ કરવાની કરૂણતા-સંવેદનશીલ કરૂણતા–સ્વીકારવી પડે છે, ને?

દશેરા આવે ત્યારે, એ પ્રસંગે રામોત્સવ ઘણા પ્રાંતોમાં થાય છે- પણ સાથે સાથે 'રાવણ' દહનનો પ્રસંગ પણ ઉલ્લેખનીય થઈ જાય છે!- બેશક એને યાદ કરવા પાછળનું એનું પોતાનું અનર્થ પરિબળ હતું તે છે.

મને એક વખત એક ભાઈએ કહેલું, કે ટૉલ્સ્ટોયે કહ્યું છે, કે નામમાં શું છે? એ એનું વિધાન કેટલે અંશે સત્ય છે? ત્યારે મેં એને કહેલું, કોઈ પણ મહાપુરુષના વિધાનો સદંતર ખોટા નથી હોતા તેમ સદંતર સત્ય પણ નથી હોતા!

આજે આપણા દેશની વાત કરીએ: સૂતા, બેસતા, જમતા અને શુભ કાર્ય કરતાં પણ પોતપોતાના 'ઈષ્ટ' દેવનું 'નામ' લ્યે છે! આ ય એક 'નામનું મહત્ત્વ છે!

અને ખરા અર્થમાં જોઈએ તો, સેંકડે નવ્વાણું ટકા માત્ર ઈષ્ટ નામ લેવા પૂરતું જ લ્યે છે– જેનું એ નામ લ્યે છે એના જીવનમાંના આદર્શ સંસ્કાર કે આચરણ કરતા નથી;

'રામ'ને યાદ કરો, રાવણને યાદ કરવો પડશે જ.

'કૃષ્ણ' ને યાદ કરવા હોય તો, કંસની શકિતઓ વીસરી પાલવશે?

અરે, આ જ સદીમાં આદર્શ જીવન જીવી ગયેલાં ગાંધીજીને આપણે કેટલા યાદ કરીએ છીએ?– ને આપણે ગોડસેને પણ યાદ કરવા પડે છે, ને?

પણ હું અહીં એક સંવેદન અનુભવું છું. 'રાવણ' 'કંસ' કે 'ગોડસે' –એમનામાંની શકિતઓ, બેશક વિનાશક શકિત હોય તો પણ–એ મેળવવા માટે એમની જે સાધના હતી, એમનો જે પરિશ્રમ હતો, એને વિશેની વાત ભાગ્યે જ કોઈ ખંડિત કરશે!

એમનામાંની એ શકિતઓ જ્યારે એમણે પ્રાપ્ત કરી હશે ત્યારે, એમનો આશય એમની સામેની 'ઈષ્ટ' વ્યકિતનો સંહાર કરવા જ પ્રાપ્ત નહોતી કરી! પરંતુ, સંજોગવશાત એ શકિતઓનો સદવ્યય કરવાની, શકિતના અભિમાનમાં સારાસારનો વિવેક ત્યજ્યો એટલે જ એમની શકિતઓ વિનાશક બની ગઈ!

રાવણે સીતાનું હરણ કર્યું હતું, પણ રાવણે સીતા પ્રત્યે દાખવેલી સ્ત્રીભાવના ઉદાત અને ચારિત્ર્યશીલ હતી એ કોઈ કથાકાર કહે છે?– નથી કહેતા!

હું હંમેશા એક વાત માનતો આવ્યો છું કે, રાવણ કે કંસની શકિતઓ અમાપ હતી. જે સાક્ષાત ઈશ્વરસ્વરૂપ સત્યને પડકારી શકે છે એ શકિત નીંદ્ય નથી, તિરસ્કૃત નથી: સર્વાંશે નહીં તો, અલ્પાંશે એમને પક્ષે પણ ન્યાય હશે જ!

આજે તમે કોઈ પણ કથાકારને સાંભળશો તો, 'રામ' અને 'કૃષ્ણ'ની પ્રશંસા કરવા, લોકોમાં શ્રદ્ધા ઉપસાવવા માટે રાવણ અને કંસ પ્રત્યે જ તિરસ્કારપૂર્ણ પ્રવચન કરે છે, તે સત્યથી સદંતર વિમુખ છે!

જગતના કોઈ પણ ધર્મની વાત કરો. લોકોમાં શ્રદ્ધા પ્રેરવા, ઈશ્વરત્ત્વ પ્રત્યે આકર્ષવા, એમની સામેના અનર્થ પરિબળને સદંતર અનર્થ અને સદંતર સત્યથી વિમુખ બનાવવાનું ધર્માત્માઓનું આચરણ કેટલે અંશે સત્ય છે?–ઈશ્વર સામેના અનર્થ અને એ જે સત્યને પક્ષે પણ જે કાંઈક અંશે સત્ય હોય છે, એ જો તટસ્થતાપૂર્વક, વિવેક સાથે વર્ણવે તો, લોકોમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ડગી જાય એવે એનો ડર કે ધર્મભીરૂતા છે. એવું સ્વીકારવા ધર્માત્માઓ તૈયાર હોતા નથી. કારણકે ધર્મ પ્રત્યે લોકોની શ્રદ્ધા થોડીક ડગી જાય ને સત્ય સમજે તો લોકોનું કાંઈ અનર્થ સર્જાઈ જવાનું નથી, પરંતુ 'ઈશ્વર'ના નામે એમના ધર્મ-વ્યવસાયના હિતો અવશ્ય જોખમાય જાય છે!

એટલું જ નહીં, ચલચિત્રો કે નાટકોમાં આપણે 'કંસ' કે રાવણ' ના પાત્રોને જેટલા ભયંકર અને વિનાશક, મહાભયંકર રાક્ષસી માયાના સ્વરૂપે જોઈએ છીએ તે તે વ્યવસાયી નાટયકારો ને ફિલ્મકારોના પ્રેક્ષકોને આકર્ષવાનો એક 'સ્ટંટ હોય છે. આ જગતના પ્રત્યેક ધર્મના ધર્મપુરુષો-જે ખરા અર્થમાં એમના ધર્મના હજારો ને લાખો અનુયાયીઓ ધરાવતા હોય છે તેઓ પણ, આ 'નાટયકારો'ને 'ફિલ્મકારો' જેવા જ હોય છે!

જો તમે મૂળ રામાયણ અને મહાભારતનું શાંતચિત્તે પઠન કરશો તો, આ કંસ કે રાવણ તમને આટલા વિનાશી, ભયંકર અને અનર્થ રાક્ષસી સ્વરૂપના નહીં જ લાગે!– તમને પણ આખા આખ્યાનમાં, એમના પક્ષે પણ ક્યાંક ન્યાય કે સત્ય દેખાશે!

આપણે ઈશ્વરને, એની સર્જનાત્મક શકિતઓને સ્વીકારીએ છીએ, પણ એમની સામેની પ્રબળ શકિતઓને તિરસ્કારવા સુધીના પક્ષપાતી બનશું તો આપણું એ આચરણ સત્યથી કાંઈક અંશે વેગળું જ લાગશે.

–ગુણવંત ભટ્ટ

☆ ઘોંઘાટ : માનવનો અદૃશ્ય દુશ્મન ☆

મોટાં ઉદ્યોગ—નગરો અને અતિ વસ્તીવાળાં શહેરોમાં કારખાનામાંથી ઉત્પન્ન થતાં ઝેરી વાયુ, રસાયણો અને કચરાથી શહેરનું વાતાવરણ દૂષિત બની જાય છે. આ પ્રદૂષણનો પ્રશ્ન જેટલો કોયડારૂપ બની ગયો છે તેટલો જ કોયડારૂપ પ્રશ્ન શહેરોના કોલાહલે ઉત્પન્ન કર્યો છે. ઝેરી વાયુ, રસાયણ તથા કારખાનાના કચરાથી હવા, પાણી, ખેતરના પાક તથા જમીન દૂષિત બને છે, અને આ પ્રદૂષણ માણસના આરોગ્યને ભયંકર રીતે અસર પહોંચાડે છે.

ઘોંઘાટ ધીમું ઝેર છે

ઘોંઘાટ ધીમે ધીમે માણસને મારે છે, પણ તે ચોક્કસપણે મારે છે. કારણકે બહુ થોડા માણસોને આ હકીકતનો ખ્યાલ છે અને તેથી જ અવાજના પ્રદૂષણને ઘટાડવા માટે કંઈ પણ કરવામાં આવતું નથી.

ખાસ કરીને સામાજિક જીવન જીવનારા લોકોને અવાજ ગમતો હોય એવું જણાય છે. આપણા ઉત્સવો, લગ્ન પ્રસંગ વગેરેમાં કોલાહલ સિવાય બીજું શું હોય છે? કાનને ફાડી નાખે એવા ફટાકડા તો હવે માત્ર દિવાળી પૂરતા મર્યાદિત રહ્યા નથી, તે તો લગ્ન પ્રસંગમાં, રાજકીય ચૂંટણીના વિજય વખતે અથવા ક્રિકેટની રમતની જીતમાં આનંદ વ્યક્ત કરવા એક પ્રતીકરૂપ બની ગયેલ છે.

જાહેર જગ્યાઓમાં ઘોંઘાટ

જાહેર કાર્યાલયો, ક્ચેરીઓ ઘોંઘાટથી મુક્ત નથી. ટેલિફોનની ઘંટડી સતત વાગતી રહે છે. લોકો પણ ઓરડાના એક છેડેથી બીજે છેડે એકબીજા સાથે મોટા અવાજથી વાતો કરતા હોય છે, જાણે પોતાની માત્ર ઉપસ્થિતિની જાણ માટે મોટા સાદે બોલતા હોય એવું લાગે. ટાઈપરાઈટરો પણ સમૂહમાં તેનો વિચિત્ર અવાજ કાઢતા હોય છે, આખો દિવસ મોટરો તો ઘોંઘાટ કરતી રસ્તા ઉપર ચાલતી જ હોય છે, ઓચિંતા માથા ઉપર ચીસ પાડતાં વિમાનો પણ ઉડતા હોય છે, આપણા કાન ઉપર આવી જાતના અનેક હુમલા થતા જ હોય છે. આ બધા ઘોંઘાટની આપણા જ્ઞાનતંત્ર ઉપર ખરાબ અસર થતી હોય છે. આ અસર ધીમા ઝેર જેવી હોય છે. મોટા શહેરોની બજારો, રસ્તાઓ, રેલવે સ્ટેશનો, સિનેમા થીએટરો વગેરે જગ્યાઓમાં અતિ પ્રમાણમાં અવાજના પ્રદૂષણની અસર જોવા મળે છે.

ઘોંઘાટ માત્ર કારખાના કે શહેરમાં જ થાય છે એવું નથી. આ ઘોંઘાટે તો મનોરંજનના રૂપમાં ઘરોને પણ છોડ્યાં નથી. આપણી જાહેર પ્રવૃત્તિમાં ઘોંઘાટ, કોલાહલ કેટલા પ્રમાણમાં હોય છે તેની સીમા નથી હોતી. સામાન્ય ઘરવપરાશની ચીજો જેવી કે મિક્ષ્ચર, ટેબલ-ફેન, ગ્રાઈન્ડર, રેડિયો, ટી. વી. વગેરે અવાજ ઉત્પન્ન કરનારી વસ્તુઓ છે.

અવાજથી કાર્યક્ષમતા ઘટે છે

અવાજની માનવના આરોગ્ય ઉપર ઘણી જ ખરાબ અસર થાય છે. તમે કામ કરતા હો તે જગ્યા, તમે જે સ્થળે રહેવા અને સૂવાનું પસંદ કરો તે જગ્યા અને તમે જ્યાં હરવા-ફરવાનું પસંદ કરો તે સ્થળ જો અવાજ અને ઘોંઘાટવાળું હોય તો, તમારી કાર્યક્ષમતા ઘટી જવા પામે અને તમારા સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચાડે. સામાન્ય અવાજના સાતત્યથી પણ થોડા વખત પૂરતી શ્રાવણશક્તિની જાણ થતી નથી. છેવટે શ્રાવણ-શક્તિ કાયમને માટે બગડી જાય છે અને તેના પરિણામે અમુક મર્યાદા બહાર બોલાતા શબ્દો પકડી શકાતા નથી. માણસ ધીમે ધીમે બહેરાશની અસર નીચે આવી જાય છે.

અવાજથી થતા રોગો

સામૂહિક અવાજની સમસ્યા ઉપર સંશોધન કરી રહેલ દશ રાષ્ટ્રોની એક સમિતિએ ૧૯૭૮ ના મે માસમાં એક હેવાલ યુરોપના કમિશન પાસે રજૂ કર્યો. વેસ્ટ જર્મનીના હેવાલમાં એવું જણાવવામાં આવ્યું કે અવાજની સીધી અસર લોહીના દબાણ ઉપર થાય છે. રશિયાના અન્વેષકોએ એવું તારણ કાઢ્યું કે વિમાન-મથક પાસે રહેતા લોકો વિમાનના ઘોંઘાટથી આંતરડાનાં ચાંદાં (અલસર્સ) અને પેટના અન્ય રોગોના ભોગ થઈ પડે છે.

એવું પણ જાણવા મળ્યું છે કે કાન ઉપર સતત ઘોંઘાટથી માથાનો દુ:ખાવો, પેટની બીમારી, દમ, હૃદયના રોગો, અનિદ્રા તથા માનસિક અસમતુલા વગેરે વ્યાધિઓ આવે છે.

જેટ વિમાનના કાન ફાડી નાંખે એવા ઘોંઘાટની અસર બાબત તાજેતરમાં સંશોધન કરવામાં આવ્યું. તેમાં જણાવેલ છે કે જે પ્રદેશમાં આવા વિમાનો સતત ઊડતાં હોય છે ત્યાં રહેતા લોકોને માનસિક રોગ વધારે પ્રમાણમાં થાય છે, અને ખાસ કરીનેસગર્ભા સ્ત્રીઓ તથા બાળકોના આરોગ્ય ઉપર આ અવાજ માઠી અસર પહોંચાડે છે.

માતાના ગર્ભાશયમાં અપરિપક્વ ગર્ભ હોય છે તેના ઉપર પણ આ અવાજની બૂરી અસર થાય છે અને તેના પરિણામે બાળક જન્મજાત ખોડ સાથે જન્મ લે છે. ગર્ભાશયમાં રહેલા બાળકના જ્ઞાનતંત્ર ઉપર આવી જાતના ઘોંઘાટની માઠી અસર થવાને કારણે બાળક મોટું થાય છે ત્યારે તેના સામાન્ય વર્તનમાં વિકૃતિમાં જોવામાં આવે છે

અવાજનું પ્રદૂષણ

નાચ, જલસા તથા કારખાનામાં થતા સતત અવાજથી માનવ નપુંસક પણ બની જાય છે એવું પણ સંશોધકોને જોવામાં આવ્યું છે. સતત અવાજને કારણે તનાવગ્રસ્ત સ્થિતિમાં રહેતા માનવો શરાબ, શામક દવાઓ (ટ્રાંકવીલાઈઝર્સ) અને અનિદ્રા નિવારણની ગોળીઓનો ભોગ થઈ પડે છે.

રસ્તાઓ ઉપર થતા વાહન-વ્યવહારોના અકસ્માતના કારણોની પાછળ અવાજના પ્રદૂષણ સિવાય બીજું કંઈ નથી. જ્યારે અવાજના પ્રદૂષણથી આરોગ્ય ઉપર માઠી અસર થાય છે ત્યારે કાર્યક્ષમતા ઘટી જાય છે અને તેના પરિણામે ઉત્પાદનમાં ઘટાડો જોવામાં આવે છે. આથી રોગનું પ્રમાણ પણ વધે છે અને પરિણામે મૃત્યુ આંક વધતો જાય છે.

અવાજના પ્રદૂષણથી જ્યારે જ્ઞાનતંતુને માઠી અસર પહોંચે છે ત્યારે ગંભીર ગુનાઓનું પ્રમાણ વધી જાય છે. જાપાનમાં ઉપર જણાવેલ પરિસ્થિતિનો અનુભવ થયેલો છે.

અવાજને કેવી રીતે માપવો?

એલેકઝાન્ડર ગ્રેહામ બેલના નામ ઉપરથી અવાજની તીવ્રતા માપવાના એકમને બેલ્સ 'Bels નામ આપવામાં આવ્યું છે. એક બેલના દશમા ભાગને 'ડેસીબેલ' decibel (DB) કહેવામાં આવે છે. માનવનો કાન નાના અવાજને અમુક અંતરથી પારખી શકે તેટલા અંતરને બરાબર એક 'ડેસીબેલ' કહેવાય છે. શૂન્ય ડેસીબેલ એ નીચામાં નીચો અવાજ છે જે માનવીના કાન સાંભળી શકે છે.

કાન પાસે ધીમેથી બોલાતા શબ્દો (વ્હીસ્પર) ૧૦ થી ૧૨ DB માં મપાય છે. સામાન્ય વાતચીત સરાસરી ૪૦ DBમાં મપાય છે, જ્યારે વેપારી પેઢીઓમાં સંભળાતા સામાન્ય અવાજને ૫૦ DB માં મપાય છે. જે અવાજ ઓફિસમાં ૭૦ થી ૮૦ DB સુધી પહોંચે છે. તે ઘોંઘાટમાં પરિણમે છે. ભારે વાહન-વ્યવહારથી થતો અવાજ ૭૦ થી ૮૦ DB સુધી પહોંચી જાય છે. મોટરકારનું ભૂંગળું જે માત્ર ૧૦ ફૂટના અંતરેથી તમારા કાનને વીંધી નાંખે છે તે ૧૦૦DB સુધી પહોંચી જાય છે. કેરાવેલ હવાઈ જહાજ જમીન ઉપરથી ઊડે છે ત્યારે જે મોટો અવાજ કરે છે તે ૧૦૬ DB સુધી પહોંચી જાય છે, બોઈંગ ૧૦૦ DB અને એગ્રો ટયુબ્રો પ્રોપ વિમાનો અવાજના એકમ ૯૫ DB બતાવે છે. મોટરસાઈકલ ૧૦૦ DB ઉત્પન્ન કરે છે. કાન ફાડી નાખતાં જેટ વિમાનો ૧૪૦ DB સુધી પહોંચી જાય છે. ૧૪૦ DB અવાજ જો સતત કાન ઉપર અથડાય તો માણસને લગભગ ગાંડો બનાવી દે છે.

અવાજનાં લગભગ ૮૦ ડેસીબેલ્સ માનવને અકળાવી દે છે. ૧૪૦ ડેસીબેલ્સ અવાજ શરીરમાં દુ:ખાવો ઉત્પન્ન કરે છે અને થોડા વખત પૂરતી સાંભળવાની શક્તિ ચાલી જાય છે. ૧૭૫ ડેસીબેલ્સ અવાજે પ્રયોગમાં લીધેલાં પ્રાણીઓનાં મોત નીપજાવ્યા છે.

ઘોંઘાટને ઓછો કરવા માટેનાં પગલાં

જે લોકો સતત ઘોંઘાટની પાસે રહે છે તેના શરીર ઉપર આ ઘોંઘાટની માઠી અસર થાય છે. આપણાં શહેરો વધારે ને વધારે ઘોંઘાટવાળાં બની ગયા છે. આની માઠી અસર માનવના જ્ઞાનતંતુ ઉપર થતી રહે છે. અમુક વ્યવસાયોથી બહેરાશ આવી જવી, એ તો હવે સામાન્ય બાબત બની ગઈ છે.

મોડે મોડે ઘોંઘાટના ભયની લોકોને જાણ થઈ છે તેથી કારખાના, દુકાનો અને કાર્યાલયોમાં ઘોંઘાટની તીવ્રતા ઓછી કરે તેવાં સાધનોનો ઉપયોગ થવા માંડયો છે. હવે ઘણાં દેશોમાં એવાં યંત્રો બનાવવામાં આવ્યા છે કે જે ચાલતી વખતે ઓછામાં ઓછો અવાજ ઉત્પન્ન કરે. નિષ્ણાતો હજી આરોગ્યને નુકસાન પહોંચાડતી અવાજની માઠી અસરમાંથી લોકોને મુક્ત કરવા સંશોધન કરી રહ્યા છે. કર્મનસીબીની વાત છે કે હજી સામાન્ય માણસ અવાજની માઠી અસરથી અજ્ઞાત રહ્યો છે.

વ્યક્તિગત રીતે આ બાબત અંગે શું થઈ શકે? હરેક તંદુરસ્તી-ચાહકે જાણી લેવું જોઈએ કે ઘોંઘાટથી તે પોતાની તબિયત બગાડી

રહ્યો છે. માત્ર પોતાની જ નહીં, પરંતુ પાસે રહેતા સૌની તબિયત બગાડી રહ્યો છે. આટલી સમજ બાદ તેમણે તો ઘોંઘાટમાં વધારો કરવો ન જોઈએ.

ઘોંઘાટ ઓછો કરવાનો પ્રયાસથી માનવની કાર્યક્ષમતા વધારવામાં અને તેનું આરોગ્ય સાચવવામાં મદદરૂપ થશે ૪૦ કે ૫૦ ડેસીબલ્સ આંક ધરાવતા અવાજમાં ગંભીર પ્રકારનું કામ કરવાનું લગભગ અશકય બની જાય છે. કોઈ પણ પ્રકારના કાર્યમાં એકાગ્રતા રાખી શકાતી નથી.

ઘોંઘાટથી જ્ઞાનતંતુનો બોજો

જે વ્યકિતને ઘોંઘાટવાળા વાતાવરણમાં કામ કરવાનું આવી પડે છે ત્યારે તે કામ પાર પાડવા તેને વિશેષ કાળજી રાખવી પડે છે. આથી જ્ઞાનતંતુ ઉપર બોજો વધી જાય છે અને તેના દિલમાં નિરુત્સાહ પેદા કરે છે. બહારના અવાજથી કામમાં વિક્ષેપ પડે છે અને પરિણામે કાર્યક્ષમતાને હાનિ પહોંચે છે. સારી રીતે કામ પાર પાડવાનો આનંદ ઘોંઘાટની પરિસ્થિતિમાં માણી શકાતો નથી. અમુક સમય બાદ તેને કામમાં કંટાળો આવે છે. આ જાતનું માનસિક પરિવર્તન આરોગ્યને હાનિ પહોંચાડતું હોય છે. ટૂંકમાં ઘોંઘાટ કામ કરવાની શકિત ઘટાડે છે અને સ્વાસ્થ્યને માઠી અસર પહોંચાડે છે.

જેટલી વધારે માંદગી તેટલી અવાજ સહન કરવાની વિશેષ અશકિત તેથી કાયમના દરદીને ૨૫ થી ૩૦ ડેસીબલ્સ અવાજનો આંક ખલેલ પહોંચાડતો હોય છે. આધુનિક યુગમાં આવા કાયમી રોગીઓની કમી નથી તેથી આપણે જોવું જોઈએ કે જે સ્થળે આપણે કામ કરીએ છીએ, જ્યાં આપણે રહીએ છીએ, જ્યાં શયન કરીએ છીએ અને જ્યાં હરીએ-ફરીએ છીએ તે સ્થળ બને તેટલું શાન્ત હોવું જોઈએ. આપણે પોતે આપણા રોજિંદા જીવનથી દાખલો બેસાડીએ તો આસપાસ રહેતા લોકો શાન્તિની ઉપયોગીતા સમજી શકે, અને તેઓ પણ શાન્તિ જાળવવા સહભાગી બને. આથી તેઓના આરોગ્યને પણ સારો એવો લાભ થાય. ઘણોખરો ઘોંઘાટ, ધારીએ તો અટકાવી શકાય. એ બાબત જરા વિચારીએ, જે કોઈ વ્યકિત ગીચ-વસ્તી વચ્ચે રહેતી હોય અને તેને આસપાસના ઘોંઘાટમય વાતાવરણથી ખલેલ પહોંચતી હોય તો તેણે વહેલાસર એ જગ્યા છોડી દઈને શાન્ત વાતાવરણવાળા સ્થળે ચાલ્યા જવું જોઈએ. આરોગ્યની દૃષ્ટિએ આ પરિવર્તન ઘણું હિતાવહ છે.

સંપૂર્ણ શાન્તિની અસર

સામાન્ય માન્યતા એવી છે કે સંપૂર્ણ શાન્ત વાતાવરણથી મન ઉપર ખરાબ અસર થાય છે. આ માન્યતા તદન ભૂલભરેલી છે. આધુનિક માનવ, ઘોંઘાટ વચ્ચે જીવવા ટેવાયેલો હોવાથી શાન્તિમય વાતાવરણમાં તેનો જીવ મૂંઝાવા માંડે છે, તે બેચેની અનુભવે છે. જ્ઞાનતંતુને ઉત્તેજના આપે તેવા વાતાવરણથી તે ટેવાયેલો હોવાથી શાન્તિ તેને આકરી લાગે છે. આ લેખના લેખકને કેટલાક મહિના સુધી ગંગા નદીના શાન્ત અને સૌમ્ય વાતાવરણમાં રહેવાનો પ્રસંગ સાંપડયો હતો. ગંગાના તટ ઉપર ગાળેલી પ્રત્યેક ક્ષણ તેને આહ્લાદક લાગેલી. કેટલાક વર્ષો પહેલાં દક્ષિણ ભારતમાં રહેતા એક ભકતને ત્યાં આવી શાન્તિનો અનુભવ તેને થયો હતો. ભકતના ઘરમાં ઘણાં માણસો એકત્ર થતાં છતાં ત્યાં અશાન્તિ લાગતી ન હતી. આખા ઘરમાં એક પ્રકારનું દૈવી વાતાવરણ ફેલાયેલું રહેતું હતું. એ ઘરની દીવાલો ઉપર 'શાન્તિ'ના પાટિયા લગાડેલાં હતાં. આવા વાતાવરણમાં મન તદન શાન્ત બની જાય છે, મનના ઉધામા શાન્ત થઈ જાય છે. આ બધું વાતાવરણની અસરને લીધે ઝડપથી બને છે.

શાન્તિ માટેનાં વ્યવહારુ સૂચનો

૧. વધારેપડતા મોટા અવાજથી ઘરમાં બોલો નહીં. જરૂર પૂરતો જ અવાજ મોઢામાંથી કાઢો.

૨. રેડિયો ઊંચા અવાજથી વગાડો નહીં.

૩. કારખાનાઓમાં અવાજને ઓછો કરવા માટે અવાજને શોષી લે તેવા પદાર્થોનો ઉપયોગ કરો. સાઉન્ડ એબસોર્બીંગ મટીરીયલ્સના ઉપયોગથી અવાજની તીવ્રતા ઘટી જવા પામશે.

૪. કારણ વગર તમારી સાઈકલની ઘંટડી કે મોટરનું હોર્ન વગાડો નહીં. ખાસ જરૂર હોય ત્યારે જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

૫. ઘરવપરાશના સાધનો એવાં પસંદ કરો કે જે અવાજ વગરના હોય. અહીં પણ અવાજને ઓછો કરવા માટે સાઉન્ડ એબસોર્બીંગ મટીરીયલ્સનો ઉપયોગ કરવો જોઈએ.

૬. જાહેર કાર્યક્રમોમાં તમે ભાગ લ્યો અથવા તો તેનું તમે આયોજન કરો ત્યારે ખાસ ધ્યાન રાખો કે તેમાં મોટા અવાજો ન થાય. દાખલાતરીકે, ઘણી વખત ઉત્સવોમાં કાન ફાડી નાખે તેવા ફટાકડાં ફોડવામાં આવે છે. આનંદના પ્રસંગો અવાજ કર્યા વગર શાંતિથી સારી રીતે ઊજવી શકાય તેનો દાખલો પૂરો પાડો.

દરેક આરોગ્યચાહક વ્યકિતની પવિત્ર ફરજ છે કે તે ઉપરની સૂચનાનો બરાબર અમલ કરે અને આસપાસના લોકોને પણ તે પ્રમાણે વર્તવા સૂચના આપે. સમૂહના આરોગ્ય માટે ઉપરની બાબતોનો અમલ ખાસ જરૂરી છે.

કારખાનામાં થતા ઘોંઘાટને ઓછો કરો

લાખો કામદારો આરોગ્યને હાની પહોંચાડે તેવા ઘોંઘાટમય વાતાવરણમાં કામ કરતા હોય છે. કારખાનાના માલિકો અને સત્તાધારીઓએ અવાજની તીવ્રતા ઘટાડવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. કામદારોની પણ ફરજ થઈ પડે છે કે તેઓ પણ જેમ બને તેમ ઓછા અવાજથી કામ કરવાનું શીખે.

જ્યાં જરૂર હોય ત્યાં કાનમાં રખાતા 'ઈયર પ્લગ્ઝ'નો પણ ઉપયોગ કરી શકાય.

ઉત્પાદકો આ બાબતમાં મદદરૂપ થઈ શકે

જાપાન અને અમેરિકામાં અવાજને ઓછો કરવા માટે નવી રીતો અપનાવવામાં આવે છે. ત્યાં 'અવાજ આંકો' ઉત્પાદનની વસ્તુઓ ઉપર લગાડવામાં આવે છે. ત્યાં ખાસ કરીને અવાજ ઉત્પન્ન કરતાં યંત્રો જેવાં કે વિદ્યુત સાધનો, મોટર સાઈકલ, ઘાસ કાપવાના સાધનો, વિદ્યુત કરવતો, વીજળીથી ચાલતી સાવરણીઓ, (વેકયૂમ ક્લીનર્સ) અને આવી તો કેટલીયે ચીજો છે જેના ઉપર અવાજનો આંક લખવામાં આવે છે. ઉપર જણાવેલ વસ્તુઓના ઉત્પાદકો માટે આ સૂચન ફરજિયાત હોય છે. અમેરિકા અને જાપાનના લોકો ઘરવપરાશ માટે અને કારખાના માટે એવાં યંત્રો પસંદ કરી શકે છે કે જે ઓછો અવાજ કરતાં હોય. આવી અવાજની તીવ્રતા ધ્યાનમાં લઈ કરવામાં આવતી ઓજારો અને યંત્રોની પસંદગી ઘરમાં અને આસપાસ અવાજનો ત્રાસ ઓછો કરવામાં મદદરૂપ થાય છે. અવાજ ઘટાડવા માટે આપણો દેશ ઉપર જણાવેલ યોજના અપનાવી શકે છે.

વાહનવ્યવહારના અવાજો ઓછા કરી શકાય

રસ્તા ઉપર ચાલતાં વાહનો અવાજનાં ઉદ્‌ભવસ્થાનો છે અને તેમાં પણ ખટારાને દુશ્મન નંબર ૧ માની શકાય. દશ રાષ્ટ્રોના સંશોધન ઉપરથી ખટારાને એક નંબરનો આપણો દુશ્મન ગણવામાં આવેલ છે. વાહનવ્યવહારથી ઉપજતા અવાજને કાબૂમાં લેવા ટ્રાફિક ઉપર આકરા નિયમો લાદવાની ખાસ જરૂરિયાત છે. યાંત્રિક ફેરફારોથી આવા અવાજો ઘટાડી શકાય છે. એન્જીન સરળતાથી ચાલી શકે તે માટે યોગ્ય પગલાં લઈ શકાય. વહિલોમાં 'સાઈલન્સર્સ' લગાડવાથી અવાજની તીવ્રતા ઘટાડી શકાય છે.

દક્ષિણ કેલિફોર્નિયામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર ડેસીબલ મીટર્સ મૂકવામાં આવે છે અને ત્યાં માત્ર અતિ ઝડપથી ચાલતાં વાહનોને જ રોકવામાં આવતાં નથી. પરંતુ ૮૨ ડેસીબલ અવાજના આંકથી વધારે અવાજ ઉત્પન્ન કરતાં વાહનોને પણ રસ્તામાં નિયમના ભંગ માટે અટકાવવામાં આવે છે, અવાજના નિયમન માટે આપણો દેશ પણ ઉપર જણાવેલ ઉપાયો અમલમાં મૂકી શકે છે.

રસ્તાની બન્ને બાજુએ રોપેલાં વૃક્ષો પણ અવાજના મોજાને અટકાવવામાં અસરકારક આડશની ગરજ સારે છે.

હવાઈ–જહાજોના અવાજો ઘટાડી શકાય

જાપાનના વિમાની મથકોએ જેટ વિમાનના અતિ ઘોંઘાટને ઓછો કરવા માટે યાંત્રિક યોજના શોધી કાઢી છે. આવી જ જાતની યોજના ઝુરીચ હવાઈ-મથકમાં અમલમાં છે. આપણાં વિમાન મથકોમાં પણ આવી યોજના દાખલ કરી શકાય. નોઈઝ-સપ્રેસર્સનો ઉપયોગથી અવાજ ઓછો કરી શકાય છે. એન્જીનના ઉત્પાદન વખતે તેમાંથી નીકળતા અવાજને ધ્યાનમાં લઈ તેની બનાવટમાં યાંત્રિક સુવિધા દાખલ કરી અવાજને નિયમનમાં લાવી શકાય છે. આ યોજનાના અમલથી ઘણા દેશોમાં અવાજનો ત્રાસ ઘટી જવા પામેલ છે.

કારખાનામાં અપનાવવામાં આવતાં પગલાં

પહેલાં તો લોકોના રહેઠાણની જગ્યાઓથી કારખાનાં દૂર નાખવાં જોઈએ. દરેક કારખાનાની આસપાસ વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ. આવા કુદરતી લીલા પટાથી અવાજનું પ્રદૂષણ ઘટાડી શકાય છે. કારખાનામાં પણ યંત્રો બનાવતી વખતે એવાં યંત્રો બનાવવા જોઈએ કે જેમાંથી ઓછો અવાજ નીકળતો હોય.

આથી જો કે શરૂઆતનો ખર્ચો વધી જાય છે. અવાજ–રહિત યંત્રો બનાવવા જતાં ખર્ચનું પ્રમાણ વધી જાય છે. પરંતુ લાંબે ગાળે આ ખર્ચ મોંઘો પડતો નથી. આ યોજનાથી કાર્યશકિતમાં વધારો થાય છે, અને કામદારોનું આરોગ્ય જળવાઈ રહે છે, અકસ્માતનો ભય પણ ઓછો થઈ જાય છે. મજૂરોની કાર્ય કરવાની શકિતમાં વધારો જોવા મળે છે અને તેથી ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થતી રહે છે.

જનસમુદાયને નાગરિક શિક્ષણ આપો

ખાસ કરીને આપણી અજ્ઞાન પ્રજાને અવાજના પ્રદૂષણથી થતા ગેરલાભો બાબત સમજણ આપવાની તાતી જરૂર છે. જ્યાં સુધી આ પ્રશ્ન બાબત પ્રજા જાગૃત ન બને ત્યાં સુધી આ સમસ્યા હલ કરવામાં મુશ્કેલી નડવાની જ.

આ કામ માત્ર સરકારદ્વારા જ થઈ શકે તેમ નથી. દરેક નાગરિકની ફરજ છે કે તે અવાજથી થતાં નુકસાન તરફ જાગૃત બને અને પોતાના રોજિંદા જીવનમાં અવાજ ઉપર નિયમન રાખતા રહે. આ માટે કેટલાંક સૂચનો કરવામાં આવેલ છે તેનો અમલ થવો જોઈએ. કામદારોએ ઈયર–પ્લગ્ઝનો ઉપયોગ કરવો જોઈએ. જ્ઞાનતંતુની ક્ષમતા વધારવા માટે કેટલાક કુદરતી ઉપચારોનો આશરો લેવો જોઈએ. તે માટે મેરુદંડ સ્નાન ઘણું ઉપયોગી છે.

સ્વાસ્થ્ય માટે નિયમિત પ્રાણાયામ અને પ્રાર્થનાની ખાસ જરૂર છે. આથી આપણું આરોગ્ય સુધરે છે. આપણાં જ્ઞાનતંતુમાં શક્તિ આવે છે અને અવાજની માઠી અસરમાંથી મુક્ત રહી શકાય છે. પછી કોઈપણ જાતના ઉત્તેજક પદાર્થોના સેવનની જરૂરિયાત રહેતી નથી. જ્ઞાનતંતુને શાંત રાખે તેવાં શામક દ્રવ્યોની આદતમાંથી પણ આપણી જાતને બચાવી શકીએ છીએ. આ માટે કુદરતમય જીવન સિવાય બીજા કૃત્રિમ ઉપાયો નકામા છે.

('લાઈફ નેચરલ'માંથી) અનુ: દીનકરરાય વૈષ્ણવ.

સબસે ઊંચી પ્રેમસગાઈ

પ્રેમ, ઈશ્વર અને માણસ વચ્ચેનો હોય, પતિ-પત્ની વચ્ચેનો હોય, મા બાપ વચ્ચેનો હોય, ભાઈ-બહેન વચ્ચેનો હોય, ભાઈ-ભાઈ વચ્ચેનો હોય, મિત્ર-મિત્ર વચ્ચેનો હોય, તેમ જ માણસ અને વતન વચ્ચેનો હોય કે દેશ પ્રત્યેનો હોય. આ બધા પ્રેમના પ્રકારો છે. એટલે પહેલાં કહેવાતું "સબસે ઊંચી પ્રેમ સગાઈ."

આપણે, ઈતિહાસમાં પ્રેમ માટે ફના થવાના, મરી ફીટવાના, દાખલાઓ વાંચીએ છીએ ત્યારે તેને બિરદાવીએ છીએ. અંતરના ઊંડાણમાંથી એ સાચા પ્રેમીઓ પ્રત્યે અહોભાવનાં ઉદ્‌ગારો નીકળે છે, એ સમયમાં પ્રેમ માટે માણસ પોતાનું જીવન સમર્પણ કરી દેતો હતો. એ શુદ્ધ, સાચો અને સાત્વીક પ્રેમ હતો. પ્રેમ માટે ત્યારે અલંકારિક ભાષાના ઝુમખાઓની જરૂર નહોતી પડતી. પ્રેમ માટે બસ એક જ શબ્દ "પ્રેમ" એ પૂરતો શબ્દ ગણાતો. એક વખત 'પ્રેમ' શબ્દ મોઢામાંથી નીકળી પડયા બાદ જીવતરના અંત સુધી જળવાઈ રહેતો, ગમે તે ભોગે–પ્રાણના ભોગે પણ.

જ્યારે આજે પ્રેમ કરનાર વ્યકિત, મહાભારત લખાય એટલાં બધાં અલંકારો વિશેષણોદ્વારા તેને વ્યક્ત કરતો દેખાય છે. પરંતુ જ્યારે ખરાખરીનો ખેલ આવે છે ત્યારે તે વ્યકિત પામર બનીને-ભીરુ બનીને–માણસને ન શોભે–પ્રેમીને ન શોભે એ રીતે એ પ્રેમને તિલાંજલી આપતા જરા પણ શરમ કે સંકોચ અનુભવતો નથી. અને એવા માણસને સમાજ પણ, શિક્ષા કરવાને બદલે કાયમ અપનાવતો રહ્યો છે. બીજાના દિલને આઘાત આપનાર, અન્યની જિંદગીને દફે કરનાર-એ કહેવાતા પ્રેમી પ્રત્યે સમાજ જરા સરખો પણ અણગમો નથી દાખવતો અને તે, સમાજમાં સુખચેનથી-એશઆરામથી ઊંચું માથું રાખીને જીવે છે અને તેનો ભોગ બનનાર સાચી–નિર્દોષ વ્યકિત તરફ સમાજ આંગળી ચીંધે છે અને તેનું જીવતર ખારું વખ જેવું બનાવે છે–આજનો સમાજ.

આનું કારણ વિચારતાં સમજાય છે કે આપણે સત્યને લગભગ દેશવટો દીધો છે. આપણે સર્વોચ્ચ રીતે સંપૂર્ણપણે સ્વાર્થી બની ગયા છીએ. માનવતા સાથેનો નાતો આપણે સાવ તોડી નાંખ્યો છે. ઈશ્વરને આપણે ભૂલી ગયા છીએ અથવા તો ઈશ્વરનો અને પાપનો ડર આપણે હવે ત્યજી દીધો છે. આપણે પૂરા અર્થમાં દંભી બની ગયા છીએ. સમગ્ર સમાજ દંભના અંચળા નીચે જીવી રહ્યો છે. આપણી જીભ પર, ઈશ્વર-સત્ય-પ્રમાણિકતા-અહિંસા-અચૌર્ય-અપરિગ્રહ-વિગેરે સતત દેખા દે છે, પરંતુ એ આપણી જાતને અને સમાજને છેતરવા પૂરતાં જ હોય છે. આ બધાંનું આપણે સતત રટણ કરીએ છીએ. પરંતુ એની વિરુદ્ધ વર્તવાના આપણે પ્રમાણિકપણે શપથ લીધેલા હોય છે. એમાં પણ આપણે આપણી જાત સાથે કરાર કરીએ છીએ, કે આપણા બે પૂરતી જ આ કહેવાતી પ્રમાણિકતાની વાત છે, ત્રીજું કોઈ ન જાણે તેની સતત ચીવટ અને કાળજી રાખવાની અને આ રીતે સમાજની લગભગ દરેક વ્યકિત મહોરા પેરીને જીવન જીવતી હોય છે.

માટે જ આજનો પ્રેમ, શુદ્ધ ગુલાબની સુગંધી કળી જેવો સુવાસીક નહિ પરંતુ કાગળના સુશોભિત ગુલાબની સુવાસરહિતની પાંદડી જેવો બનાવટી હોય છે. આવા પ્રેમના નામની પાછળ વિષયાંધતા કે સ્વાર્થભરી લોલુપતા ભરી પડી હોય છે. "સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી" બની જાય એવી આજના પ્રેમની વાત છે. માતા અને બાળકના શુદ્ધ પ્રેમનો જગતમાં જોટો નહોતો મળતો, તેમાં પણ આજે ભેળસેળ માલુમ પડે છે. પતિ-પત્ની વચ્ચેના શુદ્ધ પ્રેમનાં, ઈતિહાસમાં પાનાં ભરીને વાંચેલા દાખલાઓ આજે દિવાસ્વપ્ન જેવા બની ગયા છે. આજે ખરો પ્રેમનો નાતો તો પૈસા સાથે, દરેક માનવીએ બાંધી લીધો છે. આજે પ્રાધાન્ય પૈસાનું છે. બીજા બધાનું–પતિ, બાળક, મા, બાપ, વિગેરેનું સ્થાન ત્યારબાદ આવે છે. આ રીતે આજના માનવીના પ્રેમમાં સ્વાર્થની ભેળસેળ થઈ ગઈ છે. ઈશ્વર સાથેના પ્રેમમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તે છે. પેલી લોકોક્તિ સાથે બરાબર બંધ બેસે એવું જીવનઘડતર કરવામાં આજના માનવીએ સફળતા પ્રાપ્ત કરી હોય એમ લાગે છે. જેવી કે:

"પૈસો મારો પરમેશ્વર અને બૈરી મારી ગુરુ,
છોકરા મારા શાલીગ્રામ, એમાં સેવા કોની કરું?"

આવો નિર્ભિક આજનો માનવી બની ગયો છે, અને આ રીતના જીવનને–વર્તનને–જિંદગીનું સાચું સુખ ગણીને ચાલે છે. આ રીતે આખો યુગ અર્થ- પ્રધાન યુગ બની ગયો છે. તેમાં ખૂબ જ પ્રગતિ સધાઈ છે. ખૂબ જ આગળ વધી જવાયું છે. જે રસ્તે આગળ વધવામાં–વધુ આગળ જતાં મોટી ખાઈ આવે છે. ત્યાં સુધી પહોંચી જઈએ તે પહેલાં, જાગૃતિપૂર્વક પારોઠનાં પગલાં ભરવાની જરૂર દેખાય છે. એટલે જો સમયસર ચેતીને પાછા ફરીશું અને જાગૃત થઈને ઈશ્વરમય, સત્યમય અને પ્રેમમય સાચું જીવન અપનાવીશું તો આંતરિક સુખ મળવાની શક્યતા ઊભી થશે. બાકી ઝાંઝવાનાં જળ જેવાં ભૌતિક સુખોમાં જ હજુ પણ રચ્યાપચ્યા રહીશું અને જે રસ્તે પ્રયાણ ચાલુ છે એ જ રસ્તે ચાલુ રહેશે તો પેલી ખાઈ આપણને ગ્રસી જવા માટે તૈયાર જ છે. પસંદગીનો સમય પાકી ગયો છે અને તે આપણે પોતે જ કરવાની છે. ઈશ્વર આપણને એટલી સદ્‌બુદ્ધિ આપે એવી અંતરની પ્રાર્થના.

–શાન્તિલાલ ટી. શેઠ

જીવનનું રહસ્ય

જીવન એ સંગ્રામ અને ભ્રમણાઓમાંથી છુટકારાની લાંબી હારમાળા છે. જીવનનું રહસ્ય ભોગ નથી, પણ અનુભવ દ્વારા કેળવણી છે; પરંતુ દુ:ખની વાત એ છે કે, આપણે સાચું સમજવા લાગીએ છીએ, ત્યાં તો આપણને પાછા ખેંચી લેવામાં આવે છે.

જીવન અને મૃત્યુનું, શુભ અને અશુભનું, જ્ઞાન અને અજ્ઞાનનું આ મિશ્રાણ, માયા અથવા તો પ્રકૃતિ કહેવાય છે. અનંત કાળ સુધી તમે સુખની શોધમાં–આ જાળમાં ફર્યા કરો; તમને ખૂબ સુખ મળશે, અને સાથે સાથે ઘણું અસુખ પણ; માત્ર સારું જ મળે, નરસું નહિ, આવી ધારણા નરી બાલિશતા છે.

કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરે કે તરત જ એમ માને છે કે મદદ ચોક્કસ મળશે, એવા માણસો જ ખરેખર કાર્ય કરે છે.

ધ્યાનમાં રાખો કે જીવનસંગ્રામ એ તો જીવનમાં મહાન ઉપકારક વસ્તુ છે. તેમાં થઈને આપણે આગળ વધવાનું છે. જો સ્વર્ગમાં પહોંચવાનો કોઈ રસ્તો હોય, તો તે નરકમાં થઈને છે. સ્વર્ગમાં જવાનો એ જ રસ્તો છે. જ્યારે જીવાત્મા સંજોગોની સામે થઈ બાઝંબાઝી કરે છે અને મૃત્યુની સામે ખડો રહે છે તથા એ રસ્તે અનેકવાર મૃત્યુને ભેટે છે; છતાં જરા પણ નાહિંમત થયા વિના ફરી ફરી આગળ ધસવાનો પ્રયત્ન કરે છે, ત્યારે જીવાત્મા વિરાટ માનવ તરીકે બહાર આવે છે અને જે આદર્શની સિદ્ધિ માટે પ્રયત્ન કરી રહ્યો છે તે પ્રત્યે હસવા લાગે છે; કારણ, તેને માલૂમ પડી જાય છે કે, આદર્શ કરતાં તે પોતે જ ખૂબ મોટો છે. હું પોતે જ–મારો પોતાનો જ આત્મા, ગંતવ્ય સ્થાન છું. એ સિવાય બીજું કંઈ જ નહીં; કારણ? મારા પોતાના આત્માની સાથે સરખાવી શકાય એવું બીજું શું છે.

–સ્વામી વિવેકાનંદ

☆ આગામી ચૂંટણી ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા રવિવાર તા. ૧૬ મી ડિસેમ્બરે સવારે મુંબઈના બિરલા ક્રિડા કેન્દ્રમાં યોજાયેલા "આગામી ચૂંટણી" વિષેના પરિસંવાદના ત્રણ વક્તાઓ—શ્રીમતી આલુ દસ્તુર, શ્રી હરીન્દ્ર દવે અને શ્રી યશવંત દોશી—તેમજ પરિસંવાદના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તેમનાં પ્રવચનમાં સીધી કે આડકતરી રીતે નીચે મુજબનો મત વ્યક્ત કર્યો હતો.

"વિશ્વમાં દરેક સ્થળે સરમુખત્યારો, લોકોના મત મેળવીને સત્તા પર આવતા હોય છે. પરંતુ સત્તા પર આવ્યા પછી તેઓએ જ લોકમતનું ગળું ઘૂંટી સર્વસત્તાધીશ બની બેસે છે. આ પરિસ્થિતિમાં લોકસભાની આગામી ચૂંટણીમાં સરમુખત્યારશાહી વલણ ધરાવતી કોઈ વ્યક્તિ કે પક્ષને લોકોએ કોઈ સંજોગોમાં મત આપવો જોઈએ નહિ.'

શ્રીમતી આલુ દસ્તુર સિવાયના વક્તાઓએ સ્પષ્ટપણે જનતા પક્ષની તરફેણ કરી હતી અને સાતમી લોકસભા માટેની ચૂંટણીમાં ઊભા રહેલા જનતા, ઈન્દિરા કોંગ્રેસ, લોકદળ અને અર્સ કોંગ્રેસ એ ચાર મુખ્ય પક્ષોમાં, જનતા પક્ષ 'ઓછામાં ઓછા અનિષ્ટ સમાન' હોઈ મતદારોએ સત્તાના સૂત્રો તેનાં જ હાથમાં સોંપવા જોઈએ એવો દૃઢ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. શ્રીમતી આલુ દસ્તુરે જનતા પક્ષ તૂટ્યો તે છતાં તેમાં ૩૦૪ માંથી ૨૦૧ સંસદ સભ્યો હજુ પક્ષમાં રહ્યાં છે તેને સિદ્ધિરૂપ ગણી મતદારોના ખ્યાલ બહાર આ વાત નથી એમ ઉમેરી તે પક્ષનું આડકતરું અનુમોદન કર્યું હતું. સભામાં સંનિષ્ઠ પ્રેક્ષક વર્ગની સારી હાજરી વર્તાતી હતી.

મુંબઈ યુનિવર્સિટીના રાજ્ય શાસ્ત્રના પ્રાધ્યાપક ડો. શ્રીમતી આલુ દસ્તુરે પરિસંવાદનો આરંભ કરતાં આજે દેશમાં લોકશાહી પાંગળી બની હોવાનો કે આજનું રાજકીય ચિત્ર ગમગીન બનાવે તેવું હોવાનો સાફ ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આપણે લોકશાહી પ્રથાને તેની તમામ ખૂબીઓ અને ખામીઓ સાથે સ્વીકારી છે, એટલે ક્યારેક આજના જેવી ગુંચવાડા ભરેલ સ્થિતિ સર્જાય પણ ખરી; તેમ છતાં આપણા મતદારોના ખ્યાલ બહાર કશું જ નથી.

તેમણે જણાવ્યું હતું, 'આપણે પક્ષાંતર કરવાના સંસદ સભ્યના હકને માન્ય રાખ્યો છે. બ્રિટન જેવા દેશમાં, ચર્ચિલ જેવા નેતાઓ પણ પક્ષાંતર કર્યું હતું. પણ આજે આપણા દેશમાં જે પક્ષાંતરો થઈ રહ્યાં છે તે કેવળ વ્યક્તિગત સ્વાર્થ માટે છે અને સ્વાર્થપ્રેર્યા આવાં પક્ષાંતરોને કારણે જ આ વચગાળાની ચૂંટણી આપણી સમક્ષ આવી પડી છે.

શ્રીમતી દસ્તુરે લોકશાહીમાં માનતા ઉમેદવારોને જ મત આપવો જોઈએ એવી હિમાયત કરીને, મતદારો તેમજ કરશે એવી આશા વ્યક્ત કરી હતી.

તેમણે આગામી ચૂંટણીમાં રહેલાં કેટલાંક ભયસ્થાનોનો મતદારોને વિગતે ખ્યાલ આપ્યો હતો. આમાંનું પ્રથમ ભયસ્થાન બધા મુખ્ય પક્ષો કોમવાદની આળપંપાળ કરી રહ્યા છે તે છે, એમ તેમણે કહ્યું હતું. મુસ્લીમોની ત્રણ માગણીઓનો લગભગ બધા પક્ષોએ સિદ્ધાંતમાં સ્વીકાર કર્યો છે, એમ જણાવીને તેમણે ઉમેર્યું હતું કે આમાંથી, અલીગઢ યુનિવર્સિટીના લઘુમતી સ્વરૂપને જાળવી રાખવાની અને શરિયતના કાયદામાં ફેરફાર નહિ કરવાની માગણીઓ તદ્દન કોમવાદી પ્રકારની છે ને તે સ્વીકારવી તેનો અર્થ કોમવાદની આળપંપાળ કરવી એવો જ થાય છે.

સાંપ્રદાયિક ધોરણે ચૂંટણી પ્રચાર કરવો એ જો ગુનો છે તો કોઈ પક્ષ કોમી વડાને લેખિત વચનો આપે તે ગુનો નથી? એવો પ્રશ્ન શ્રીમતી દસ્તુરે પૂછ્યો હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન, શ્રીમતી ઈન્દિરા ગાંધીએ મુસ્લિમ કોમના વડા, દિલ્હીના જામા મસ્જીદના ઈમામને આપેલાં લેખિત વચનોનો તેઓ નિર્દેશ કરી રહ્યાં હતાં.

ડો. શ્રીમતી આલુ દસ્તુર કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલાં લઘુમતિ પંચના એક સભ્ય છે.

તેમણે એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે, આ વખતની ચૂંટણીનો મુખ્ય મુદ્દો પણ સરમુખત્યારશાહી વિરૂદ્ધ લોકશાહી એ જ છે. આ વખતે ઉમેદવારોની સંખ્યા ઘણી મોટી હોવાથી મત આપવાનું કાર્ય ગૂંચવાડાભરેલું છે, પણ ચૂંટણીના કેન્દ્રમાં રહેલા પ્રશ્નો સ્પષ્ટ જ છે એમ તેમણે ઉમેર્યું હતું.

લોકશાહી પદ્ધતિમાં પક્ષોનું જ મહત્ત્વ છે. અપક્ષ ઉમેદવારોનું આ પદ્ધતિમાં ખાસ સ્થાન નથી એમ જણાવીને સિટીઝન્સ કમિટી ફોર સ્ટ્રેન્થનિંગ ડેમોક્રસી, (લોકશાહીને સંગીન બનાવવા માટેની નાગરિક સમિતિ)ની રાષ્ટ્રીય પેનલે આગામી ચૂંટણી માટે કેટલાક અપક્ષ ઉમેદવારોને ચૂંટી મોકલવાની મતદારોને હાકલ કરી છે તે પ્રત્યે તેમણે અસંમતિ દાખવી હતી. હાલ 'મિત્રતાભરી સ્પર્ધા'નો વારંવાર ઉલ્લેખ થાય છે તેની પણ તેમણે ઠેકડી ઉડાવી હતી.

ગયા જુલાઈ મહિનામાં જે કંઈ બન્યું, જે રીતે પક્ષપલટા થયા, તેનો વિગતે ખ્યાલ આપીને તેમણે ફરીવાર આવું ન બને તે માટે દેશમાં 'રાષ્ટ્રીય ચારિત્ર્ય' નિર્માણ કરવાની જરૂર પર ભાર મૂક્યો હતો. અંતમાં તેમણે મતદારો આજની પરિસ્થિતિને પૂરેપૂરી સમજે છે અને તેઓ યોગ્ય રીતે જ વર્તશે એવો આશાવાદ દર્શાવ્યો હતો.

ત્યાર બાદ 'જન્મભૂમિ' જૂથનાં બે અખબારો 'જન્મભૂમિ' અને 'પ્રવાસી'ના તંત્રી અને વિખ્યાત સાહિત્યકાર શ્રી હરીન્દ્ર દવેએ કારણો આપીને જનતા પક્ષની તરફેણ કરી હતી અને લોકોએ આગામી ચૂંટણીમાં તે પક્ષને જ સ્પષ્ટ બહુમતી આપવી જોઈએ એમ ભારપૂર્વક કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, "આ દેશમાં અવાં લાખો ગામડાં છે જ્યાં પીવાનું પાણી નથી અને પાણી લેવા એ વિભાગની સ્ત્રીઓને બબ્બે માઈલથી ય વધુ અંતરે જવું પડે છે. કોંગ્રેસના ત્રણ દાયકાના શાસનમાં આવાં ૪૦ હજાર ગામડાંને પીવાનું પાણી મળ્યું, જનતા સરકારે તેના બે જ વરસનાં શાસનમાં ૪૬,૦૦૦ ગામડાંને પીવાનું પાણી આપ્યું. કોંગ્રેસ શાસનની સરેરાશ વરસના ૧૫૩૩ ગામડાંની આવે છે. જનતા સરકારની સરેરાશ વરસના ૨૩,૦૦૦ ગામડાંની આવે છે. જનતા સરકારે આ એક જ કાર્ય કર્યું હોય તો પણ એ કારણે તે ચૂંટી મોકલવાને લાયક છે.

"કટોકટીમાં થોડું ખરાબ થયું હતું તે છતાં કટોકટી સારી હતી," એમ આજે ઘણાં બુદ્ધિ જીવીઓ પણ છડેચોક કહે છે તે પ્રત્યે તેમણે પારાવાર દુઃખ વ્યક્ત કર્યું હતું. લોકોની યાદદાસ્ત શું આટલી હદે કાચી હોય છે કે, આટલાં ટૂંકા સમયમાં આપણે કટોકટીની ભયાનક યાતનાઓને ભૂલી ગયા છીએ? એવો પ્રશ્ન તેમણે પૂછ્યો હતો.

મતદાર તરીકે આપણે શું કરવું જોઈએ તેની સમજ આપતાં તેમણે ઈન્દિરારૂપી સરમુખત્યારશાહી બળોની તરફેણ કદી કરી શકાય નહિ, એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. લોકદળ અને કોંગ્રેસ (યુ) એ સરમુખત્યારશાહી બળો સામે લડવાની તકો જતી કરી તેથી તે બે પક્ષોને પણ મત અપાય નહિ એવો અભિગમ તેમણે લીધો હતો. માર્ક્સવાદી અને જર્મનેરી સામ્યવાદી પક્ષોનું સંચાલન અહીંથી થતું નથી, એટલે તે બે પક્ષો માટે વિચારવાનું જ રહેતું નથી એમ જણાવ્યું હતું. અને ઉપરોકત તમામ પક્ષોનો છેદ ઊડી જતાં, આજની પરિસ્થિતિમાં સરમુખત્યારશાહી બળો સામે લડવાની સજ્જતા જનતા પક્ષમાં જ છે એમ જણાવી શ્રી હરીન્દ્ર દવેએ તે પક્ષનું સમર્થન કર્યું હતું.

સ્વતંત્રતા આપણાં મનમાં વસે છે અને ત્યાં એનું મૃત્યુ થાય ત્યારે કોઈ કાયદો, કોઈ બંધારણ આપણને સ્વતંત્રતા બક્ષી શકે નહિ એવી ચેતવણી તેમણે આપી હતી.

ત્યાર બાદ ત્રીજા વક્તા, 'ગ્રંથ'ના તંત્રી શ્રી યશવંત દોશીએ મતદારોમાં આજે ગૂંચવાડા ઉપરાંત ઉદાસીનતા પ્રવર્તે છે એમ જણાવ્યું હતું. કોંગ્રેસના લાંબા સમયના શાસને આપણને ઉદાસીન બનાવી દીધા છે એવું મંતવ્ય તેમણે દર્શાવ્યું હતું.

૧૯૪૭ માં સ્વતંત્રતા મળી ત્યારે અને ૧૯૭૭ માં કેન્દ્રમાં જનતા પક્ષ સત્તા પર આવ્યો ત્યારે - આમે બે પ્રસંગોએ આપણી પાસે પાયાનું પરિવર્તન લાવવા માટે તક હતી. એ બંને વખતે એ તક આપણે ગુમાવી દીધી હતી એમ જણાવી તેમણે જનતા સરકારે લોકોને ઉત્સાહિત કરે તેવું પાયાનું કામ કરવું જોઈતું હતું એમ ઉમેર્યું હતું.

ઈન્દિરાના ૧૦ વર્ષના શાસન કરતાં જનતા પક્ષનું અઢી વર્ષનું શાસન વધુ ઉજ્જવળ હતું એમ શ્રી દોશીએ આંકડાઓ અને

વિગતો સહિત પુરવાર કર્યું હતું. તેમણે એવું મંતવ્ય વ્યકત કર્યું હતું કે, આ સિદ્ધિઓ લોકો સમક્ષ મૂકવામાં એટલે પ્રચારના કાર્યમાં જ જનતા પક્ષ ઊણો ઊતર્યો હતો, તેમાંથી આજની પરિસ્થિતિ સર્જાઈ છે.

તેમણે કોઈ જ પક્ષ ચૂંટણી ઢંઢેરામાં આપેલાં બધાં વચનો પાળી શકતો નથી એવી ટકોર કરીને જનતા પક્ષે ચૂંટણી ઢંઢેરામાં આપેલાં કયા કયા વચનો સ-તા પર આવ્યા પછી પાળ્યાં હતાં તેનો વિગતવાર ખ્યાલ આપ્યો હતો.

પરિસંવાદના પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું હતું કે, સરમુખત્યારશાહી માનસ ધરાવતાં શ્રીમતી ઈન્દિરા ગાંધી 'બેલેટ બોકસ' દ્વારા સ-તા પર આવવા માગે છે, બીજા અર્થમાં તેઓ સ-તાની કાયદેસરતા પુરવાર કરવા માગે છે. કદી ન થઈ શકે એવું આપણે કરવું જોઈએ.

તેમણે વધુમાં કહ્યું હતું, "મને શ્રી જગજીવનરામનો પણ ભરોસો પડતો નથી. હું અત્યારે ઈન્દિરા કોંગ્રેસમાં જોડાવાનો નથી એમ શ્રી જગજીવનરામ હાલમાં ધીમા અવાજે કહે છે તેને બદલે તેમણે અવાજ ઊંચો કરીને કહેવું જોઈએ કે હું ક્યારેય પણ ઈન્દિરા કોંગ્રેસમાં જોડાઈશ નહિ."

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે મતદારોએ જનતા પક્ષના ઉમેદવારોને સ્પષ્ટપણે જણાવી દેવું જોઈએ કે ધારો કે ચૂંટણીઓમાં કદાચ તમારા પક્ષને બહુમતી ન મળે તો તેવા સંજોગોમાં, સત્તા પર આવવા સીધી કે આડકતરી રીતે પણ જનતા પક્ષ ઈન્દિરા કોંગ્રેસનો સાથ નહિ જ લે એવી ખાતરી તમે આપો તો જ અમે તમને મત આપીશું.

તેમણે જણાવ્યું કે આ સામાન્ય ચૂંટણી કહેવાય છે પણ હકીકતમાં તો આ વખતની ચૂંટણી અત્યંત 'અસામાન્ય' છે. એવું મંતવ્ય વ્યકત કરીને ઉમેર્યું હતું કે, એશિયા અને આફ્રિકાના સંખ્યાબંધ દેશોમાં લોકશાહીના કોટ - કાંગરા તૂટી રહ્યા છે અને ભારતમાં પણ લોકશાહી રહેશે કે નહિ તે મોટામાં મોટો પ્રશ્ન છે, ત્યારે આ ચૂંટણીને સામાન્ય ચૂંટણી કેવી રીતે કહી શકાય?

તેમણે ચૂંટણીને કારણે ફૂલેલા ફાલેલા કોમવાદ અને જ્ઞાતિવાદ સામે ચેતવણી ઉચ્ચારતાં કહ્યું હતું કે, આપણાં રાજપુરુષોએ મતો મેળવવા માટે આવા નુસખાઓ ન અપનાવવા જોઈએ.

શ્રી ચીમનભાઈએ અત્યંત વ્યથિતપણે કહ્યું હતું 'ખરી હકીકત એ છે કે હું પણ ઘણાં લાંબા વખત સુધી શ્રીમતી ઈન્દિરા ગાંધીને એક શકિતશાળી નેતા માનતો હતો અને તેમનું સમર્થન કરતો હતો. તેઓ અત્યંત શકિતશાળી છે અને આપણાં દેશમાં તેમનાં જેવા બીજા એકે નેતા નથી તે તો હકીકત છે. પણ ૧૯૭૫ના જૂન મહિનાની ૨૬ મી પછી આ દેશમાં જે બનતું ગયું તેને પરિણામે મારા સહિત આ દેશના મોટા ભાગનાં લોકોની તેમનાંમાંથી શ્રદ્ધા ડગી ગઈ. આપણને ખાતરી થઈ કે તેમને દેશ કે દુનિયાની કંઈ પડી નથી. પોતાને સત્તા પર ટકી રહેવું છે ને બને તો પુત્રને સ-તા પર લાવવો છે.

કટોકટી ગઈ. જનતા શાસન આવ્યું ને ગયું. હવે પાછા ઘણા બધા લોકો કહેતાં થયાં છે કે શ્રીમતી ઈન્દિરા ગાંધીમાં પરિવર્તન આવ્યું છે. આ મુદ્દાને છેડીને શ્રી ચીમનભાઈએ કહ્યું હતું કે મને તો ઈન્દિરાજીમાં કોઈ પરિવર્તન આવેલું જણાતું નથી. હમણાં જ તેઓ ચૂંટણી પ્રચાર દરમિયાન કહેતાં ફરે છે કે જનતા પક્ષો દ્વેષ ભવાનાથી પ્રેરાઈને મારી સામે સંખ્યાબંધ તપાસપંચો રચ્યાં હતાં પણ આ તપાસપંચોને મારી વિરુદ્ધ કંઈ મળ્યું નથી! આ કેટલું મોટું જુઠાણું છે!

એક બીજી વાત હજૂ પણ એ જ બંસીલાલ, વિદ્યાચરણ શુકલ ને પુત્ર સંજય, ઈન્દિરાની બાજૂમાં જ છે. હજૂ ચૂંટણી પંચના વડા જેવી વ્યકિત, વગર કારણે અગાઉથી એવી જાહેરાત કરે છે કે, સંજયની ચૂંટણી અરજી ગેરકાયદે નથી. હજુ અમૃત નહાટા જેવા માણસનું અચાનક અંતર જાગે છે ને તેઓ કહે છે કે, મેં સંજય વિરુદ્ધ જે કંઈ કર્યું હતું તે દબાણથી કર્યું હતું. આ પરિસ્થિતિમાં ઈન્દિરા ગાંધી બદલાયાં છે એવું કેમ માની શકાય?

તેમણે અંતમાં, જેવા છે તેવા જનતા પક્ષને ચૂંટી લાવવા મતદારોને ભારપૂર્વક આગ્રહ કર્યો હતો.

સંકલન: રમેશ તાલમનકર

સંસ્કૃતિ, સંસ્કાર અને શિક્ષણ

આચારના સ્વીકારની પરંપરાથી રચાય છે સંસ્કાર,
સમૂહનાં સંસ્કારોનો સરવાળો એટલે સંસ્કૃતિ.

સંસ્કારની સાર્વત્રિકતાનો સંકુલ બને છે સંસ્કૃતિનો નિર્માતા. પછી સંસ્કૃતિ સમૂહ અને વ્યકિતનાં વિચાર, દર્શન, વ્યવહાર કે આચારમાં નિરંતર પ્રગટ થતી રહે છે.

સંસ્કૃતિમાં આપણી ધાર્મિક માન્યતાઓ, ચિરંતન મૂલ્યો, સાહિત્ય–સંગીત અને કવિતાનો સમાવેશ થઈ જાય છે. સંસ્કૃતિ ભાષા દ્વારા પણ વહે છે, ત્યારે ભાષા એ સંસ્કૃતિનું વાહન કે માધ્યમ બની જાય છે.

પ્રત્યેક સંસ્કૃતિને પોતાનાં સોહામણાં સ્વરૂપો છે; આ સ્વરૂપોનું ઘડતર થાય છે સંસ્કારો દ્વારા. સંસ્કૃતિને ખેંચી લાવે છે સંસ્કારો. સંસ્કૃતિમાં સંસ્કારોનું વૈવિધ્ય, ઊંડાણ અને ઉદાત્તતા હોય છે. જે સમયે જે પ્રકારનાં સંસ્કારો મનુષ્ય જાતિનાં હૃદયોમાં વધુ ને વધુ ઉંડા સ્પર્શી ગયા હોય ત્યારે તે પ્રકારની સંસ્કૃતિ તે સમયે વધુ લાંબો સમય ફૂલે ફાલે છે.

વિવિધ સંસ્કૃતિઓને જ્યારે કહેવાતા ધાર્મિક લોકો જાણે અજાણે યે ધર્મ સાથે જોડી દે છે ત્યારે અનેક સંપ્રદાયોનો જન્મ થાય છે. આવું થાય છે ત્યારે તે સંપ્રદાયોને નથી સંબંધ રહેતો ખરેખરા ધર્મ સાથે કે ખરેખરી સંસ્કૃતિ સાથે, સંસ્કૃતિ અને સંપ્રદાયોને શરૂઆત હમેશાં ચોક્કસ હોય છે. પણ અંત અનિશ્ચિત, કેમ કે જેમ સંસ્કારો પરિવર્તનશીલ હોવાથી તેઓનું સ્વરૂપ અકાયમી છે તેમ તેના અનુસંધાને પાછળ પાછળ ચાલી આવતી સંસ્કૃતિ પણ ચિરસ્થાયી કેમ રહી શકે?

સંસ્કૃતિ આવે છે અને જાય છે. ત્યારે તેની અમીટ છાપો અને અવશેષોનો ઈતિહાસ અવશ્ય મૂકતી જાય છે. સમયનાં એક ગાળામાં એક પ્રકારની સંસ્કૃતિ હોય છે. અને સમયનાં બીજા ગાળામાં કદાચ બીજા કોઈ પ્રકારની સંસ્કૃતિ હોઈ શકે, કારણ કે સમય સંસ્કૃતિનું મોઢું ફેરવી નાંખે છે.

પરિવર્તન અને ક્રાંતિની નવી હવા જરીપૂરાણી અને મૃતઃ પ્રાય થઈ ચૂકેલી સંસ્કૃતિમાં નવા પ્રાણો પૂરે છે ત્યારે ક્યાં તો તે સંસ્કૃતિ ખોંખારો ખાઈને નૂતન ચેતના સાથે ઊભી થાય છે અથવા પરિવર્તનના અગમ્ય ધક્કાથી હડસેલાઈને આઘી - પાછી થઈ જાય તો, તેનું સ્થાન બીજા પ્રકારની સંસ્કૃતિ લે છે.

જે સંસ્કારમાં હોય છે તે સ્વભાવમાં પ્રગટ થાય છે અને સ્વભાવનું સ્ફટીકીકરણ થાય છે શિક્ષણ દ્વારા. સંસ્કૃતિનાં ઘડતર, સંવર્ધન અને સંમાર્જનનું માધ્યમ બને છે શિક્ષણ. સંસ્કૃતિ અને સંસ્કારનો વાહક એકમ છે વ્યકિત અને વ્યકિતની વ્યકિતમતાને પોંગરાવે છે જે તે સમયની સંસ્કૃતિની અસર કે છાયાવાળી શિક્ષણ પદ્ધતિ.

સમૂહનાં સંસ્કાર અને સંસ્કૃતિની છાયામાંથી બાકાત રહેતો નથી વ્યકિતનો સ્વભાવ કે જે તે સમૂહ - સમાજની શિક્ષણ પદ્ધતિ.

સમૂહની અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડતું કેળવણીનું માળખું વ્યકિતને તે સમાજની સંસ્કૃતિની પાછળ દોડતો કરી મૂકે છે. સંસ્કૃતિ પાછળની પેઢી - દર - પેઢીની આવી સામૂહિક દોટ વિવિધ સામાજિક પ્રથા, પ્રણાલી અને પરંપરાઓને જન્મ આપે છે. જીવન અને કલાના આવા કપરા કાળે - કેળવણીનો પોતાનો અસલ ચહેરો શોધવો મુશ્કેલ બને છે.

શિક્ષણ કે જેને સંસ્કૃતિ, સમાજ અને સુસંસ્કારોને પોતાની પાછળ દોરવાના હોય છે, તે પોતે જ જ્યારે પોતાની જ રચેલી પ્રપંચનાઓમાંથી બહાર આવી શકતું નથી ત્યારે પ્રજ્ઞાવાન પુરુષો પુનઃ વિચારણા કરતા થઈ જાય છે.

શિક્ષણ કે જેને સંસ્કૃતિ, સમાજ અને સુસંસ્કારોના રચયિતા બનવાનું બીડું ઝડપવાનું હોય છે તે પોતે જ જ્યારે કોઈકનાં હાથમાં ઝડપાયેલું બીડું બની ગયેલું હોય છે ત્યારે કેળવણીની કપરી - કસોટીનો કટોકટીકાળ આવે છે.

સમસ્ત પ્રજાની કલા, કલ્પના અને કેળવણીની ત્રિપુટી પોતાની સંસ્કૃતિની જ્યોતને જલતી, જીવતી અને જાગતી રાખે છે.

પૃથ્વી પરની દરેક પ્રજાએ પોત પોતાની આગવી અને આકર્ષક સંસ્કૃતિનાં વિવિધ ભાતીગળ ઓઢણાં ઓઢયાં છે.

આપણી સંસ્કૃતિ ત્યાગની છે.

એક સંતે ખરું જ કહ્યું છે કે, પરદેશની સંસ્કૃતિ દ્રાક્ષની છે જ્યારે ભારતની સંસ્કૃતિ રુદ્રાક્ષની છે.

પ્રા. અનિરુદ્ધભાઈ એમ. ઠાકર

સંત અને સત્ય

જેમાં સત્યનો અંશ છે તે સંત. સંતમાં સત્યનો વિકાસ થયો હોય છે એ ખરું, પણ વિનોબા કહે છે તેમ, 'સંતો કરતાં ય સત્ય શ્રેષ્ઠ છે. સત્યના અંશમાત્રથી સંતો નિર્માણ થયેલા છે.' વળી તેઓ પોતાની 'વિચારપોથી' માં લખે છે તેમ, "સત્યની વ્યાખ્યા નથી, કારણકે વ્યાખ્યાનનો જ આધાર સત્ય પર છે." સત્ય એટલે શું? શ્રદ્ધા + પ્રજ્ઞા + વીર્ય = સત્ય. આ થયું સત્યનું સમીકરણ. વળી સત્ય કરતાં યે 'ઋત' ચડિયાતું છે. સત્યાચરણ કે સત્યપાલન માટે સૌથી પહેલાં પાયાની બાબત તે શ્રદ્ધા = સત્યને ધારણ કરવું, બીજું પ્રજ્ઞા એટલે આગવી બુદ્ધિ, સાત્વિક અને નિર્મળ બુદ્ધિ, અને વીર્ય એટલે શક્તિ. શક્તિ વગરનું સત્ય સંભવી ન શકે. વાંઝિયું પૂરવાર થાય. વળી સત્ય કોણ બોલી શકે? જે સત્ય વિચારી શકે, તે જ બોલીને આચરી શકે. તો જ સત્યનો ક્રમ જળવાય. જ્યારે આપણે સત્યની વાત કરીએ ત્યારે સ્વાભાવિક રીતે જ આપણી આંખ સમક્ષ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર તરવરે. રાજા રામ કે જેણે સત્ય ખાતર પોતાની જિંદગીને હોડમાં મૂકી એ સિવાય પણ અનેક દાખલાઓ મળી આવે. છેલ્લે મહાત્મા ગાંધી કે જેણે સત્ય અને અહિંસાની ખાતર પોતાના પ્રાણ આપ્યા.

વેદમાં પણ કહ્યું છે કે, (सत्यं वद्-धर्मम् चर) વાણી એ સત્યને વહેતું મૂકવાનું માધ્યમ છે. સત્ય બોલવું એ માણસનો–બાળકનો સ્વભાવ હોય છે. પણ સમાજના સંસર્ગથી જ બાળક ખોટું બોલતાં કે કરતાં શીખે છે. ત્યારે વળી પાછો તેને સત્ય બોલવાનો આદેશ આપવો પડે છે. ખરી રીતે તો, 'ખોટું ન બોલો' એમ કહેવું જોઈએ! 'ખરું બોલો' એમાં શું કહેવાનું હોય? સત્ય કે સત્યનો અંશ જ્યારે કોઈ વ્યક્તિમાં પ્રવેશે છે ત્યારે સ્વાભાવિક રીતે જ તેમાં થોડી વિકૃતિઓ આવે છે. વળી મોટે ભાગે સત્ય, સાપેક્ષ હોવાનો સંભવ ખરો.' ખરું સત્ય' નિરપેક્ષ હોવું જોઈએ. વળી, સત્યનો આધાર સ્થળ અને કાળ ઉપર પણ અવલંબે છે. જેમ કે ભારતમાં જે સત્ય હોય તે ઈંગ્લેંડ કે અરબસ્તાનમાં ન પણ હોઈ શકે. વળી નરસિંહ મહેતાના જમાનાનું સત્ય ઉમાશંકર જોષીના જમાનામાં પરિવર્તન પામ્યું હોય એમ બને. આ અર્થમાં સંતો પ્રત્યે શ્રદ્ધા હોય, ભક્તિ હોય, પણ શહીદી ન હોય. સંતો કહે તે જરૂર સાંભળીએ, પણ આચરણ કરતાં પહેલાં તેને આપણા ગળણે, ચારણીએ ચાળીએ પણ, ખરાં નહીં તો તેમાં કચરો - કાંકરો રહી જવાનો પૂરો સંભવ છે.

જેમ કલા ખાતર કલા તેમ સત્ય ખાતર સત્યનો અમલ થવો જોઈએ, કોઈ તત્કાલીન લાભ કે ગેરલાભ ખાતર નહીં, વળી, સત્યાચરણનો આનંદ spontaneuos છે. સત્ય બોલતાં કે કરતાં જે આનંદ આવે છે તે એટલો અદ્‌ભૂત અને અવર્ણનીય હોય છે કે પછી તેના ફળની આકાંક્ષા રહેતી જ નથી. આ સત્ય આપણને અપરિગ્રહી અને અનાસક્ત થતા પણ શીખવીદે છે. વળી, એક માણસ સત્યને અનુસરે તેની સમાજમાં એટલી બધી વ્યાપક અને વિશાળ અસર થાય છે કે તેનો ચેપ અન્યોને પણ લાગવા સંભવ ખરો. આવું ન થાય તો પણ બીજાં ઘણાં અનર્થોથી સમાજ બચી જાય છે.

આ અર્થમાં જ્યારે સંતો સત્યનો ઉપદેશ આપે છે ત્યારે તેનો મૂળભૂત હેતુ તો જે સત્યથી પોતાનું જીવન ધન્ય બન્યું તેવી ધન્યતા શ્રોતાઓ, પ્રેક્ષકો, કે વાચકો અનુભવતા થાય એ જોવાનું હોય છે. આમ સત્ય જ્યારે આત્મસાત થાય છે ત્યારે તેનો આનંદ જ માનવીને તેના પ્રચાર ભણી વાળે છે. આમ ધીમે ધીમે પણ મક્કમતાપૂર્વક જે સત્યનો પ્રચાર કે આદર થાય છે તે જ સત્ય ચિરંજીવ બને છે. સત્ય એકાએક કોઈને સમજાઈ શકતું નથી, પણ લાંબા ગાળે જેમ જેમ માણસ જાતે અનુભવ અને અનુભૂતિના ચક્રમાંથી પસાર થતો જાય છે, તેમ તેમ તે ખુદ આ સત્યના નામના તત્ત્વથી આકર્ષાઈને જેમ ભમરા ફૂલ ઉપર બેસે છે તેમ મધ્ય પ્રદેશના ધાડપાડુઓ, જયપ્રકાશનું શરણું લેતા જોવા મળે છે. આ અર્થમાં સત્યને તેની પોતાની આગવી સુવાસ છે, સુગંધ છે.

—હરજીવન થાનકી

ફાધર વાલેસના પુસ્તકોની સસ્તી–કિંમતયોજના

૧૪ પુસ્તકોનો સેટ–સાથે એક ભેટ પુસ્તક–એમ એકંદર ૧૫ પુસ્તકો.

આ પંદર પુસ્તકોની છાપેલી કિંમત રૂા. ૮૭-૫૦ થાય છે. આ આખો સેટ જિજ્ઞાસુ વાચકોને રૂા. ૫૦-૦૦ માં મળશે.

ફાધર વાલેસનાં હવે પછીનાં પ્રકાશનો અડધી કિંમતે જિજ્ઞાસુઓને આપવામાં આવશે.

ફાધર વાલેસના ચાહકોને નમ્ર 'વિજ્ઞપ્તિ'

* પ્રત્યેક ચાહક રૂપિયા ૧૦૦/ અમને ભેટ મોકલે.
* આની સામે એમને રૂા. ૮૭.૫૦ની છાપેલી કિંમતનો ૧૫ પુસ્તકોનો સેટ વિનામૂલ્યે મળશે.
* ફાધર વાલેસના મિત્ર–વર્તુળમાં તેમનું નામ મૂકવામાં આવશે. અને આગામી પ્રકાશનોનો પણ તેમને લાભ મળશે.
* જિજ્ઞાસુ વાચકોને રૂા. ૫૦/ માં ૧૫ પુસ્તકોનો સેટ મળશે.
* આપને ફાધર વાલેસના મિત્ર–વર્તુળના સભ્ય થવાનું અમારું હાર્દિક નિમંત્રણ છે.
* રૂપિયા ૧૦૦ મોકલી આપનો પ્રેમાળ સહકાર આપવા વિનંતિ.

[એક વર્ષ પુરું થયે છાપેલો હિસાબ આ વર્તુળ પ્રગટ કરશે.]

કન્વીનરો:

મફતલાલ ભીખાચંદ શાહ
શાન્તિલાલ ટી. શેઠ

સરનામું :

શાન્તિલાલ ટી. શેઠ
૨૫, સુન્દરમ ઓપાર્ટમેન્ટ્સ
રામચન્દ્ર લેન, મલાડ-વેસ્ટ,
મુંબઈ - ૪૦૦ ૦૬૪.
ટે. નં. ૩૫૦૨૯૬
(૧૧॥ થી ૫॥)

ફાધર વાલેસનાં મિત્ર–વર્તુળ વતી:

મફતલાલ ભીખાચંદ શા
શાન્તિલાલ ટી. શેઠ
ચીમનલાલ જે. શાહ
કે પી. શાહ
એ. જે. શાહ
ગુણવંતલાલ મગનલાલ ઝવેરી
ચિનુભાઈ છગનલાલ શાહ
રસિકલાલ લહેરચંદ શાહ
જોરમલ મંગળજી મહેતા
શાન્તિલાલ દેવજી નંદુ
સુબોધભાઈ એમ. શાહ
કિશોરભાઈ ખંધાર

❁ અભ્યાસ–વર્તુળ ❁

વિષય : "મૃત્યુ મરી ગયું"
વક્તા : શ્રીમતી ઉષા શેઠ
સમય : તા. ૧૧–૧–૮૦ ને શુક્રવાર સાંજે ૬-૦ વાગે

સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

તાજેતરમાં જ ઉષાબહેન શેઠનું એક પુસ્તક આર. આર. શેઠની કું. મારફત પ્રગટ થયું છે. જેમાં તેમની પોતાની દિકરી 'નીતા' કોઈ અસાધ્ય રોગનાં કારણે ૧૭ વર્ષની વયે મૃત્યુ પામી, તેનો, મૃત્યુ સાથેના સંઘર્ષનો આબેહૂબ ને હૃદયદ્રાવક ચિતાર આલેખેલો છે. જિજ્ઞાસુ ભાઈ બહેનોને ઉપરોકત પુસ્તક વાંચીને આવવા વિનંતિ છે.

લી:
સુબોધભાઈ એમ. શાહ
કન્વીર, અભ્યાસ વર્તુળ

સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

❁

૧૯૮૦ નું નવું વર્ષ શરૂ થઈ ગયું છે. આપના વાર્ષિક સભ્ય–લવાજમના રૂા. ૨૦) તુરત જ મોકલી આપી–આપનો પ્રેમાળ સહકાર આપવા નમ્ર વિજ્ઞપ્તિ.

લવાજમ પહોંચાડવાની અગવડ હોય તો કાર્યાલયમાં ફોનથી અથવા તો પત્રથી જણાવો, માણસ મોકલીને લવાજમ મંગાવી લેવામાં આવશે.

કાર્યાલયમંત્રી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ જાન્યુઆરી, ૧૯૮૦ બુધવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ગણતરીપૂર્વકનું જોખમ

બધી ગણતરીઓ, બધાં અનુમાનો અને બધી આગાહીઓ ખોટાં પડ્યાં છે. કોઈની કલ્પનામાં ન હોય તેવું પરિણામ આવ્યું છે. ઈન્દિરા ગાંધીએ અથવા કોઈ પણ રાજકીય પક્ષે આવું પરિણામ ધાર્યું ન હતું. સર્વસામાન્ય માન્યતા એ હતી કે કોઈ પક્ષને બહુમતી નહિ મળે. પરિણામમાં, ઈન્દિરા ગાંધીને બેતૃતીયાંશ બહુમતી મળી. ચૂંટણી દરમિયાન ક્યાંય ઈન્દિરા મોજું ન હતું. પરિણામે બતાવ્યું કે મોટું વાવાઝોડું હતું. આનું કારણ શું ?

ગમે તેટલાં કારણો આપવામાં આવે, પર્યાપ્ત નથી. ખરી હકીકત એ છે કે આપણે શહેરી બુદ્ધિજીવીઓ અને વર્તમાનપત્રો, લોકમાનસને જાણતા નથી, સમજતા નથી. આપણી દુનિયામાં આપણે રાચીએ છીએ. આ ચૂંટણીની એક વિસ્મયકારક ઘટના એ છે કે લોકમાનસ છેલ્લી ઘડી સુધી અજ્ઞાત રહ્યું. તેના આંતરપ્રવાહો કોઈએ જાણ્યા નહિ. બીજી આશ્ચર્યજનક ઘટના એ છે કે દેશભરમાં એક જ પ્રવાહ જોવા મળ્યો. એમ લાગે છે કે દેશના લોકોએ કોઈ ગુપ્ત સ્થળે મળી સંકેત કર્યો હતો અને તે કોઈને જણાવા ન દેવો એવો નિર્ણય કર્યો હતો. જાદુ કહો, ચમત્કાર કહો, ઘટના ખરેખર રહસ્યમય છે. દેશના કોઈ એક ભાગમાં એવું બન્યું હોત તો સમજી શકાત. સમસ્ત દેશમાં, કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કચ્છ, એક અવાજ, કોણે પેદા કર્યો ? ચૂંટણી પ્રચારનું આ પરિણામ નથી. પૈસો ખૂબ વેરાયો છે અને વપરાયો છે, પણ પૈસાનું પરિણામ નથી. પ્રચારની દૃષ્ટિએ જોઈએ તો ઈન્દિરા ગાંધી વિરુદ્ધ પ્રચાર થવામાં બાકી નથી રહી.

લોકોનો આ, નિર્ણય છે, દૃઢ નિર્ણય છે, સ્પષ્ટ નિર્ણય છે. ભૂલથી, અણસમજણથી, ધાકધમકીથી, લાંચલાલચથી થયેલ આ પરિણામ નથી. આ નિર્ણય ખોટો હોય, એ તો વખત આવ્યે ખબર પડશે. કોઈ એવું તત્ત્વ હતું કે જે દેશભરમાં લોકોને સ્પર્શી ગયું. ઊંડી રીતે સ્પર્શી ગયું.

જનતા પક્ષના આંતરિક વિખવાદો એક કારણ છે. જનતા પક્ષની નિષ્ફળતા બીજું કારણ છે. પક્ષપલટાઓ અને તકવાદીપણું ત્રીજું કારણ છે. વધતી જતી મોંઘવારી, કાયદા અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ ચોથું કારણ છે. મુખ્ય રાજકારણી વ્યક્તિઓની અમાપ સત્તાલાલસા પાંચમું કારણ છે. કદાચ, વણસતી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિએ કાંઈક અસર કરી હોય. આ બધાં અને આવાં બીજાં કેટલાંય કારણો આપી શકાય, પણ તેનાથી પૂરતો ખુલાસો થતો નથી.

કટોકટી અને તેના અત્યાચારો લોકો ભૂલી ગયા ? ઈન્દિરા ગાંધી સત્તા પર આવશે તો ફરી સરમુખત્યારી આવશે એ વાત લોકો જાણતા કે માનતા નથી? લોકોને લોકશાહી નથી જોઈતી ? હું માનું છું, લોકો આ બધું જાણે છે, સમજે છે છતાં ઈરાદાપૂર્વક આ નિર્ણય કર્યો છે.

બંસીલાલ, વિદ્યાચરણ શુક્લ, સંજય ગાંધી, પી. સી. શેઠી મોટી બહુમતીથી ચૂંટાય એ કેમ બન્યું ? કેટલાય નવા, અજાણ્યા માણસોએ ઈન્દિરા ગાંધીના ઉમેદવાર તરીકે, જાણીતી વ્યક્તિઓને મોટી બહુમતીથી હરાવી એ કેમ બન્યું? માવલંકર કેમ હારે ? તેમની સામે એક તદ્દન અજાણી વ્યક્તિ હતી. શું લોકોને માવલંકરની સેવાની કદર નથી ?

આ ચૂંટણીની કેટલીક વિશેષતાઓ ધ્યાન ખેંચે તેવી છે. એમ કહેવાનું કે જ્ઞાતિવાદ અને કોમવાદને ધોરણે મોટે ભાગે ચૂંટણી થશે. એવું બન્યું નથી. જ્ઞાતિ અને કોમે ભાગ ભજવ્યો છે, પણ ધારવા કરતાં બહુ ઓછા પ્રમાણમાં. ભાષા, ધર્મ, પ્રાદેશિક વફાદારીઓ, આ બધાં તત્ત્વો આજ સુધી ચૂંટણીઓમાં ભાગ ભજવતાં આવ્યાં છે. આ ચૂંટણીમાં એટલા અસરકારક રહ્યા નથી. ૧૯૭૭ની ચૂંટણીથી ઉત્તર અને દક્ષિણનું અંતર પડ્યું હતું તે રહ્યું નથી. દક્ષિણનાં રાજ્યોમાં ઈન્દિરા કોંગ્રેસને સૌથી વધારે વિજય મળ્યો છે. પ્રાદેશિક પક્ષો, અકાલી, એડીએમકે, શિવસેના નામશેષ થઈ ગયા છે. જનસંઘ પણ નામશેષ થઈ ગયો. દેવરાજ અર્સે કર્ણાટકમાં, રામચંદ્રને તામિલનાડુમાં, ઘણું સારું કામ કર્યું છે, તે પણ ભુલાઈ જવાયું. ગુજરાતમાં મોરારજીભાઈની કોઈ અસર જણાઈ નહિ. કરુણાનિધિએ ઈન્દિરા ગાંધી સાથે સમજૂતી કરી ન હોત તો ડીએમકે પણ રહેત નહિ. જનતા પક્ષ કોઈ દિવસ એક સંગઠિત પક્ષ થયો નહિ, થાય તેમ હતું નહિ. સ્પષ્ટ વિચારસરણીને ધોરણે જ રાજકીય પક્ષ રચાય છે અને ટકે છે. તકવાદીતા કે એકલા નકારાત્મક વલણથી કોઈ રાજકીય પક્ષ લાંબો સમય ટકે નહિ.

આ ચૂંટણી બતાવે છે કે આ દેશમાં લોકશાહી દૃઢ છે. શાંતિમય ચૂંટણી એ મોટી સિદ્ધિ છે. ૧૯૭૭માં ઈન્દિરા ગાંધીને હટાવ્યાં. જનતા પક્ષ નિષ્ફળ ગયો તો ઈન્દિરા ગાંધીને ફરી સત્તાસ્થાને લાવ્યાં. ૧૯૭૭માં ઈન્દિરા ગાંધીને અને ૧૯૮૦માં જનતા પક્ષને તેમની ભૂલો માટે સજા કરી અને સખ્ત સજા કરી. બન્ને નિર્ણય લોકશાહી છે. કટોકટી કે તેના અત્યાચારો લોકો ભૂલી ગયા તેમ માનવાને કારણ નથી. પણ એ જ વાત ધૂંટયા કરી, અરાજકતા લાવવી લોકોને ગમ્યું નથી. કેન્દ્ર સરકાર નિર્બળ થાય તો દેશની સલામતી અને એકતા બન્ને ભયમાં આવી પડે. પ્રાદેશિક અને વિભાજક બળોનું જોર વધે. તેથી સ્થિર અને સબળ સરકાર રચવાનો નિર્ણય કર્યો .

હવે આ સ્થિરતા લાવવા જતાં લોકશાહી ટકશે કે નહિ તે પ્રશ્ન રહે છે. ઘણાં લોકોને ભય છે કે ઈન્દિરા ગાંધી ફરી સરમુખત્યારી લાવશે અને લોકશાહી તેમ જ સ્વતંત્રતા જોખમાશે. આ ભય ખોટો પાડવો તે ઈન્દિરા ગાંધીની જવાબદારી છે, તેમને એક ઐતિહાસિક તક સાંપડી છે. પ્રજાએ તેમનામાં મૂકેલ વિશ્વાસને પાત્ર થવું તેમનો ધર્મ છે. ઈન્દિરા ગાંધીની ફરિયાદ હતી કે જનતા સરકાર તેમની અને તેમના સાથીઓ પ્રતિ વેરવૃત્તિથી વર્ત્યા છે. તેઓ એવી જ રીતે વર્તશે કે ઉદાર થશે ? વિપદિ ધૈર્યમ્, અભ્યુદયેક્ષમા, વિપત્તિમાં ધૈર્ય રાખવું અને વિજયમાં ક્ષમા કેળવવી એ સત્પુરુષનું લક્ષણ છે. ચર્ચિલે કહ્યું છે, Defiant in adversity, Magnanimous in Victory. ઈન્દિરા ગાંધી defiant in adversity રહ્યાં છે. Magnanimous in Victory બને છે કે કેમ તે જોવાનું રહે છે. ઈન્દિરા ગાંધી પાસેથી જો આવી ઉદારતાની આશા રાખતા હોઈએ તો બીજાઓ પણ ઉદાર થવું જોઈશે. કેટલાક એમ કહેતા કે ઈન્દિરા ગાંધી સત્તા પર આવે તો આ છેલ્લી ચૂંટણી હશે. પ્રજાની પસંદગીથી સત્તા પર આવ્યાં છે. એક જ રાજકીય પક્ષનું ફરી રાજ્ય થાય છે. વિરોધ પક્ષ જેવું રહ્યું નથી. જો કે કેટલાક મહારથીઓ, જગજીવનરામ, ચરણસિંહ, વાજપેયી, ચવ્હાણ વગેરે લોકસભામાં છે. રચનાત્મક વલણ લઈને ઘણું કરી શકે, જો તેઓ હિમત હારી ગયા ન હોય તો. ઈન્દિરા ગાંધીના પક્ષમાં કોઈ એવા નથી કે જે તેમના ઉપર પ્રભાવ પાડી શકે કે કાબૂ રાખી શકે. નહેરુને સરદાર અને મૌલાના આઝાદ હતા. સંજય ગાંધીનો ભય છે જ. પોતાના સાથીઓ

અને સલાહકારોની પસંદગીમાં ઈન્દિરા ગાંધીએ ઘણી કાળજી રાખવી પડશે. જૂના સાથીઓ પ્રત્યેની વફાદારી ઈન્દિરા ગાંધીને એટલી હદે ન લઈ જાય કે પ્રજાહિત ભૂલી જવાય; અને પ્રજાનો વિશ્વાસ ડગી જાય. કટોકટી દરમિયાન ભય અને ત્રાસનું વાતાવરણ હતું. સંગ્રહખોરો, નફાખોરો, કામચોરો, દાણચોરો, ભ્રષ્ટાચારીઓ, આવા બધાને ભય રહે તે યોગ્ય છે. તે ઈશ્વરનો ડર છે. પણ જો પ્રામાણિક માણસોને, અમલદારોને, વર્તમાનપત્રોને અને ન્યાયાલયોને ભયભીત રહેવું પડે તો ભારે અનિષ્ટ થશે. સરમુખત્યારોનું દુર્ભાગ્ય હોય છે કે તેમને સત્ય જાણવા મળતું નથી. ખુશામતખોરો તેમની આસપાસ વીંટળાઈ વળે છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય જો ફરી જોખમાશે તો ઈંદિરા ગાંધીને પ્રજા માફ નહિ કરે. પ્રજાએ ગણતરીપૂર્વકનું જોખમ ખેડ્યું છે. ભૂતકાળને ઘૂંટવા કરતાં ભવિષ્યનો વિચાર કર્યો છે.

ઈન્દિરા ગાંધીએ તેમનાં ૧૧ વર્ષના શાસન દરમિયાન, ગરીબો, પછાત વર્ગો, હરિજનો, મુસલમાનોનું કાંઈ અસાધારણ ભલું કરી નાખ્યું નથી. તેમની પાસે કોઈ ક્રાન્તિકારી આર્થિક કાર્યક્રમ નથી. છતાં એક શક્તિશાળી, પ્રમાણમાં યુવાન, હિંમતવાન આગેવાન તરીકે પ્રજાએ તેમની ફરી પસંદગી કરી છે. પ્રજાએ ઈરાદાપૂર્વક તેમને એટલી મોટી બહુમતી આપી છે કે સફળ પરિણામ ઝડપથી ન બતાવવા તેમને કોઈ બહાનું રહેશે નહિ.

પરિણામ તદ્દન અણધાર્યું અને આશ્ચર્યજનક છે. છતાં તેની કેટલીક સારી બાજુ છે. અનિશ્ચિતતા અને અસ્થિરતાનો અંત આવશે. મૂળભૂત નાગરિક અધિકારો જોખમાશે એવો ભય સેવી વધારેપડતી નિરાશા અનુભવવાની જરૂર નથી.

મેં ઈન્દિરા ગાંધીનો આજસુધી સખત વિરોધ કર્યો છે. પ્રજાએ હવે નિર્ણય કર્યો છે તે સ્વીકારવો રહ્યો. જાગ્રત જનમત આ નિર્ણયને સાર્થક બનાવે તે જોવાની આપણી સૌની ફરજ છે.

તા. ૯–૧–'૮૦

– ચીમનલાલ ચકુભાઈ

પૂરક નોંધ

આ લેખ લખ્યા પછી, ઈન્દિરા ગાંધીએ પોતાના મંત્રીમંડળની રચના કરી છે. આ પહેલો તબક્કો છે પણ તેમના વલણનો તેમાંથી આણસાર મળે છે. બંસીલાલ, વિદ્યાચરણ શુકલ અથવા સંજય ગાંધી તેમાં નથી. બહુગુણા પણ નથી. જુનામાંથી ધ્યાન ખેંચે તેવા પી. સી. શેઠી અને પ્રણવ મુકરજી છે. છતાં એકંદરે જૂના સાથીઓને દૂર રાખ્યા છે તે આવકારપાત્ર છે.

આ મોટા બનાવના દેશભરમાં જે પ્રત્યાઘાતો મળ્યા છે તેમાં એકંદરે પ્રજાનો નિર્ણય સ્વીકારી, ઈન્દિરા ગાંધીને એક તક આપવાની વૃત્તિ રહી છે. મોરારજીભાઈ અને જગજીવનરામે કહ્યું કે અમે અંધારામાં હતા. લોકમાનસ જાણી ન શક્યા. જગજીવનરામે કહ્યું, વર્તમાનપત્રોએ અમને અંધારામાં રાખ્યા. વર્તમાનપત્રો જ અંધારામાં હતા ત્યાં પ્રકાશ શું પાડે, મોરારજીભાઈ અને જગજીવનરામે આપેક્ષા રાખી છે કે ઈન્દિરા ગાંધી ફરી કટોકટી નહિ લાદે અથવા સ્વતંત્રતા જોખમાય એવું કાંઈ નહિ કરે. એટલી મોટી બહુમતી મળી છે કે એવું કરવાની ઈન્દિરા ગાંધીને જરૂર નહિ પડે. તેમની સમક્ષ ઘણાં વિકટ પ્રશ્નો, આંતરિક અને આંતરરાષ્ટ્રીય, પડયા છે. તે હલ કરવા સૌના સદભાવની ઈચ્છા રાખે તે સ્વાભાવિક છે. તેમના પ્રત્યે ઈરાદાપૂર્વક આંધળો વિરોધ જ આચરવામાં ન આવે તો સદભાવનું વાતાવરણ ન રહેવાનું કારણ નથી. જગજીવન રામે કહ્યું છે કે વિરોધ પક્ષ તરીકે તેમનું વલણ રચનાત્મક રહેશે. વિરોધ પક્ષો હજી આઘાતની અસરમાંથી મુક્ત નથી. સંગઠિત વિરોધ પક્ષ રચવાના પ્રયત્નોમાં ઘણી મુશ્કેલીઓ દેખાય છે. ઈન્દિરા ગાંધીએ પક્ષ પલટાને ઉત્તેજન આપવું ન જોઈએ. તે દૃષ્ટિએ કર્ણાટકમાં બન્યું તે સારું નથી. પણ કોંગ્રેસ-અર્સ હવે ટકે તેમ છે જ નહિ. સવર્ણસિંહ, ઈન્દિરા કોંગ્રેસમાં ભળવાની વાત કરે છે.

ઈન્દિરા ગાંધીના પક્ષમાં તેમને સાચી સલાહ આપી શકે કે તેમની ભૂલ થતી હોય તો બતાવી શકે એવી કોઈ વ્યક્તિ નથી. ખુશામતખોરી વધી પડી છે. તેવા સંજોગોમાં, ભાવિનો આધાર ઈન્દિરા ગાંધીની સદબુદ્ધિ ઉપર જ રહે છે.

– ચીમનલાલ ચકુભાઈ

"એક ગુલાબ ખરી પડયું"

કવિ વેણીભાઈ પુરોહિતના આકસ્મિક અવસાનના સમાચાર સાંભળી દિલ વલોવાઈ ગયું અને હૃદય વિષાદથી છવાઈ ગયું.

મખમલી કવિતા અને રેશમ જેવી મુલાયમ વાણીનો એ કવિ હતો. અફીણી કલ્પના અને મદીલી અભિવ્યક્તિ દ્વારા વેણીભાઈ શ્રોતાજનોને વગર કસુંબે કેફ ચઢાવતા.

ભાષાને શણગારનાર અને સંસ્કારનાર અનોખા શબ્દચિત્રો રચનાર, અંધકારને પણ નશો ચઢાવીને નચાવનાર એ ગુર્જર કવિ આખરે પોઢી ગયા.

સંગીત અને સાહિત્યમાં અદકો મીજાજ અને અંદાજ રાખનાર તાઝગી અને ગઝલનો ઈશ્કી શાયર એટલે વેણીભાઈ પુરોહિત.

તેઓ ખુશીની ખેરાત કરતા, હસતા ને હસાવતા. સદા છલકતા અને છલકાવતા, એવા મોજીલા કવિ હતા.

ફિલ્મો અને ફિલ્મી જગતનું રંગીન ને સંગીન રસાવલોકન કરે, તખ્તા પરના નાટકો અને પાત્રોનું રોમાંચક ને નોખર મૂલ્યાંકન કરે એવા ફૂલગુલાલ કસબી હતા વેણીભાઈ. પાનના શોખીન ને દિલના લાલંલાલ હતા. ભાષાનો મલાજો પાળનાર ગુર્જરી ગીરાનો એ ગવૈયો ભાષાને કેવા લાડ લડાવતો?

સમી સાંજના શમિયાણામાં ધીમો ધીમો ધૂપ જલે છે.
વ્હાલાં જેનાં જાય વછોડી, તે હૈયું ગુપચુપ જલે છે.

કવિ કહેતા કે કવિતા લખવી એટલે બરફને ટુકડે કાચ તોડવો. જેણે કવિતા દ્વારા સાહિત્યમાં કંકુનાં સાથિયાં પૂર્યા એ કવિની કેટલીક પંક્તિલીલા તો જુઓ:

આ ઝરણ રમ્ય, આ સરિત સૌમ્ય
આ અનિલ લહર, આ તુંગ શિખર
આ સિન્ધુ ગર્જના ઘેરી.
ઈન્દ્ર ધનુષનું ધરી ઉપરણું
ઝલક કિશોરી સાંઝ રમે છે,
ઘેરી ઘેરી હસે ઉદાસી
લીલું લીલું રૂપ જલે છે.
ચોમાસું આવે ને યાદ આવો તમે,
દિલને ગુલાબી આ ગમગીની ગમે.

વેણીભાઈ ઝરણાંના ગીત જેવી જિંદગી જીવી ગયા અને આખરે 'માલિક'ને મળવા નીકળી પડયા. 'સાંજનો શોખીન અને સમજુ કવિ ચાલ્યો ગયો અને ગુર્જરી દેવીની વેણીના સુવાસિત પુષ્પો કરમાઈ ગયા. એક ઝિંદાદિલ અને માતબર સાહિત્યકાર વિલીન થયો છે. એમનું આ ફિલ્મી ગીત જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી અમર રહેશે.

તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી,
તારા રૂપની પૂનમનો પાગલ એકલો...

સાહિત્યોપવનનું એક અણમોલ ગુલાબ અંતે ખરી પડયું, પણ મીઠી અને માદક સુવાસ સદા માટે મૂકતું ગયું.

ગણપતલાલ એમ. ઝવેરી

વર્તમાન રાજકીય પરિસ્થિતિ

☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૪-૧-૮૦ ગુરુવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર પ્રવચન 'વર્તમાન રાજકીય પરિસ્થિતિ' એ વિષય ઉપર રાખવામાં આવેલ છે.

રસ ધરાવતા સૌને પધારવા નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ * મંત્રીઓ

જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય

આ પણા એક સમર્થ અને સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્, ભાષાશાસ્ત્રી તથા વિદ્વાન સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરાએ તા. ૭, ૮ અને ૯મી જાન્યુઆરીએ ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના સભાખંડમાં સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રની શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ચોથી વ્યાખ્યાનમાળામાં "જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય" એ વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો આપ્યાં. તે ખરાં વિદ્વત્તાપૂર્ણ, માહિતીપ્રચુર અને રસપ્રદ હતાં. વાર્તાલાપ શૈલીમાં અપાયેલાં રસિક જ્ઞાનગોષ્ઠી સમાં એ વ્યાખ્યાન કેવળ વિદ્વજ્જન જ નહિ, સર્વજનભોગ્ય નીવડ્યાં હતાં. વિદ્વત્તાના ભારથી મુક્ત રહીને પોતાની બહુશ્રુતતા, વિશાળ વાચન, વિશિષ્ટ તોલનશક્તિ તથા વિષયના તલાવગાહી જ્ઞાનનો કોઈ પણ ગહન અને કૂટ વિષયના સંદર્ભમાં પરિચય કરાવવાની અને તે પરત્વે રસ જગાવવાની ડૉ. સાંડેસરાને સહજ ફાવટ છે.

વિદ્યાસત્રના પ્રમુખપદે હતા સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય ડૉ. રમણલાલ ચી. શાહ.

પ્રથમ દિવસે શ્રી નિરુબહેન શાહનાં મંગલ પ્રાર્થના અને સ્તવન બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સહુનું સ્વાગત કર્યું હતું. ડૉ. રમણલાલ શાહે ડૉ. ભોગીલાલ સાંડેસરાનો તેમની પ્રતિભા તેમની બહુશ્રુતતા, તેમની તેજસ્વી કારકિર્દી તથા તેમના અત્યંત મૂલ્યવાન સંશોધન કાર્યના સંદર્ભમાં વિગતે પરિચય આપ્યો હતો.

જ્ઞાનભંડારોની પ્રાચીનતા અને મહત્ત્વ

ડૉ. સાંડેસરાએ પ્રથમ સંઘ પ્રત્યે પોતાની આભારની લાગણી વ્યક્ત કરીને પોતાના બે વિદ્યાગુરુઓ સ્વ. મુનિશ્રી પુણ્યવિજયજી તથા સ્વ. મુનિશ્રી જિનવિજયજીને સાદર સ્મરણાંજલિ આપ્યા બાદ જ્ઞાનભંડારોની પ્રાચીનતા અને મહત્ત્વ ઉપર પ્રકાશ પાડતા વક્તવ્યથી વિષયની માંડણી કરી હતી. તેમણે પ્રથમ જ્ઞાનભંડારોનો ઈતિહાસ ઉદાહરણો સહિત સંક્ષેપમાં રજુ કરી વિષયની યોગ્ય અને જિજ્ઞાસાપ્રેરક ભૂમિકા રચી હતી. તેમણે જ્ઞાનભંડારો એટલે કે જૈન સમાજનાં જાહેર પુસ્તકાલયોનો ભારતીય સાહિત્યના અધ્યયન, અધ્યાપન, સંરક્ષણ અને અર્વાચીન કાળમાં એના સંશોધન પ્રકાશન સાથે કેવો નિકટનો સંબંધ છે તે દર્શાવ્યું હતું. પ્રાચીન ભારતમાં આવાં પુસ્તકાલયો માત્ર જૈનો અને બૌદ્ધોનાં જ હતાં, તેમ બૌદ્ધધર્મ ભારતમાંથી લુપ્ત થતાં નાલંદા વિક્રમશીલા અને વલભી જેવાં બૌદ્ધ વિદ્યાપીઠો નાશ પામ્યાં પછી મધ્યકાલીન અને અર્વાચીન ભારતમાં આ પ્રકારનાં પુસ્તકાલયોની સામાજિક પરંપરા માત્ર જૈનોમાં જ રહી એ હકીકત પ્રસ્તુત કરી વક્તાએ ભોજ અને સિદ્ધરાજનાં પુસ્તકાલયો તથા વીસલદેવનાં ભારત ભાંડાગારનો નિર્દેશ કર્યો હતો. ડૉ. સાંડેસરાએ બૌદ્ધ પુસ્તકાલયોની વાત કરતાં નાલંદા વિદ્યાપીઠમાંનાં "રત્નસાગર', 'રત્નોદધિ' અને 'રત્નરંજક' એ ત્રણ ગ્રંથાલયોનો તથા વલભીની વિદ્યાપીઠના ગ્રંથાલય "અંતર્વેદી"નો ઉલ્લેખ કરી નાલંદા કે વલભીનાં કોઈ પુસ્તકો બચ્યાં નથી એમ જણાવ્યું હતું. હ્યુએનત્સંગ વલભી અને નાલંદાની મુલાકાતે આવેલો ત્યારે વીસ ઘોડા ઉપર ૬૫૭ પુસ્તકો લાદીને લઈ ગયો હતો. તથા મધ્ય ભારતનો શ્રમણ પુણ્યોપાય ઈ સ. ૬૫૫ માં પંદરસોથી પણ વધુ પુસ્તકો ચીન લઈ ગયો હતો વગેરે હકીકતો પર પ્રકાશ પાડી ડૉ. સાંડેસરાએ જૈન જ્ઞાન ભંડારોનો ઈતિહાસ ટૂંકમાં રજુ કર્યો હતો. ધાર્મિક આચાર વિચારમાં સંજોગવશાત આવેલા મૂળભૂત પલટાનું ઉદાહરણ એ ઈતિહાસમાંથી મળે છે. તેને તેની એક વિલક્ષણતા તરીકે ઘટાવતાં ડૉ. સાંડેસરાએ કહ્યું હતું કે એ વિલક્ષણતા નોંધપાત્ર એટલા માટે છે કે, મહાવીરના સમય પછી એટલે કે, છેલ્લાં અઢી હજાર વર્ષમાં જૈન સાધુઓના આચારોમાં કોઈ મોટું પરિવર્તન આવ્યું નથી.

જ્ઞાનભંડારોનો આરંભ

જૈન શ્રુત - આગમોની વાચના સંકલનાનો કાળક્રમ દર્શાવીને ડૉ. સાંડેસરાએ જણાવ્યું હતું કે, ઈ. સ. ૪૫૪ અથવા ૪૬૭માં વલભીમાં બધું શ્રુત લેખાધિરૂઢ થયું. એક સાથે બધા આગમો લખાયાં હશે. ભંડારો સ્થપાયા હશે. જુદાં જુદાં કેન્દ્રોમાં ગ્રન્થો મોકલાયા હશે. આ જો કે અનુમાનનો વિષય છે. તો પણ જ્ઞાન ભંડારોનો રીતસર આરંભ ઈસવીસનના પાંચમા સૈકામાં આ રીતે વલભીમાં થયો. આપણી પાસે જે હસ્તપ્રતો અને સાધનો છે તે છેલ્લાં હજારેક વર્ષનાં છે. આ પહેલાં પુસ્તકો હતાં નહિ કે લખાતાં ન હોતાં એમ માનવાનું નથી. (પાંચમા સૈકાની બૌદ્ધ હસ્તપ્રતો - અશ્વઘોષ વગેરેની - મધ્ય એશિયામાંથી મળી છે) તે પહેલાંની સ્થિતિ જોઈએ તો જૈન સાધુનાં પાંચ પૈકી એક મહાવ્રત અપરિગ્રહની વિભાવના ગ્રંથોને પણ આવરી લેતી હોવાથી ગ્રંથસંગ્રહ પણ ધનસંગ્રહની જેમ અસંયમરૂપ લેખાતો અને તે બદલ પ્રાયશ્ચિત્ત કરવું પડતું. પરંતુ જ્ઞાનસાધના માટે સમય જતાં પુસ્તક આવશ્યક ગણાયાં, મેધા, અવગ્રહણ એટલે કે સમજ, ધારણા આદિની હાનિ થવાથી પાંચ પ્રકારનાં પુસ્તક લઈ શકાય અને એથી સંયમની વૃદ્ધિ થાય છે એવું વિધાન "નિશીથ ચૂર્ણિ"માં છે. એમ કરતાં પુસ્તકો લખવા લખાવવાં, જ્ઞાનભંડારો સ્થાપવા સાધુ સાધ્વીઓને તે દાનમાં આપવા એમાં પુણ્ય મનાતું. પહેલાં પ્રાયશ્ચિત્ત પછી સંકોચ સાથે સ્વીકાર અને પછી પુણ્ય એમ પરિવર્તન ક્રમ દર્શાવી ડૉ. સાંડેસરાએ પુસ્તકના અપરિગ્રહથી માંડીને જ્ઞાનભંડાર તથા ગ્રન્થ માહાત્મ્ય સુધીના આ રસપ્રદ ઈતિહાસની ઝાંખી કરાવી.

જ્ઞાનભંડારો

સિદ્ધરાજ જયસિંહ અને હેમચન્દ્ર કાશ્મીરથી વ્યાકરણ લાવ્યા (તે માટે ત્રણસો લહિયારોને બેસાડેલા અને વ્યાકરણની વીસ નકલો કાશ્મીર મોકલી) એ હકીકત જણાવીને ડૉ. સાંડેસરાએ કુમારપાલ અને વસ્તુપાલે સ્થાપેલા જ્ઞાનભંડારો (વસ્તુપાલના સંભવિત ભંડારમાંની 'જિન કલ્યચૂર્ણિ વ્યાખ્યા' ની સંવત ૧૨૮૪માં લખાયેલી પ્રત પાટણમાં છે, તથા વસ્તુપાલે સંવત ૧૨૯૦માં લખેલી ધર્માભ્યુદયની હસ્તપ્રત ખંભાતમાં છે) તથા મંત્રીઓ, ધનિકો આદિઓએ સ્થાપેલા જ્ઞાનભંડારો (જેમકે કુંભારાણાના મંત્રી ધરણાશાહે સ્થાપેલા જ્ઞાનભંડારો) ઉપરાંત સાધારણ માણસોએ કીર્તિધન રૂપે લખાયેલાં પુસ્તકો વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યા પ્રમાણે ગુજરાત, રાજસ્થાન અને માળવાનાં અનેક ગામોમાં જૈન જ્ઞાનભંડારો હતા. જેમાંનાં ઘણાં પુસ્તકો નાશ પામ્યાં છે. ઘણાં બચ્યાં પણ છે. વક્તાઓ એક ખાસ વાત એ કહી કે આ પુસ્તકાલયો માત્ર જૈન ગ્રંથોનાં જ નથી. જૈન વિદ્વાનોના ઉપયોગ માટેનાં આ સર્વસામાન્ય પુસ્તકાલયો હોઈ તેમજ એક વખતે ખેડાયેલી તમામ માનવવિદ્યાઓ અને વિષયોના ગ્રંથો હોઈ સમગ્ર ભારતીય સાહિત્ય માટેની એમાંની સામગ્રી વિશિષ્ટ તથા અનેક દાખલાઓમાં વિરલ છે.

જ્ઞાનભંડારોમાંની ગ્રંથસમૃદ્ધિ

બીજે દિવસે શ્રી શારદાબહેન શાહના સ્તવન બાદ ડૉ. સાંડેસરાએ જૈન ભંડારોમાં કેવળ ધાર્મિક પુસ્તકાલયોનો જ સમાવેશ થતો હશે એવો ખ્યાલ ખોટો હોવાનું જણાવીને કહ્યું હતું કે, જૈન જ્ઞાનભંડારોમાં આગમ ગ્રન્થો છે, જૈનાચાર્યોએ તથા શ્રાવકોએ લખેલા ગ્રંથો છે. નિત્યના પઠનપાઠનના ધર્મવિષયક ગ્રન્થો છે તેમ સર્વસામાન્ય ભારતીય સાહિત્ય પણ છે. અને દશકે દશકે પાંગરેલા ગુજરાતી સાહિત્યના ગ્રન્થો પણ છે. કેવા કેવા બહુમૂલ્ય ગ્રન્થો આ જ્ઞાનભંડારોમાં છે તે ઉદાહરણ સાથે વર્ણવતાં ડૉ. સાંડેસરાએ મધ્યકાલીન સંસ્કૃતજ્ઞ કવિ અને નાટ્યકાર તથા નાટ્ય શાસ્ત્રાચાર્ય રામચન્દ્ર વિષે કેટલીક રસપ્રદ વાત કરી હતી.

રામચંદ્ર

રામચન્દ્ર એ હેમચન્દ્રાચાર્યના પટ્ટ શિષ્ય હતા. દીક્ષા લીધી તે પહેલાં તેઓ ચારણ હતા. એણે પોતાના ગુરુબન્ધુ ગુણચન્દ્ર સાથે 'નાટ્યદર્પણ' નામનો નાટ્યશાસ્ત્રનો ગ્રન્થ લખ્યો છે. એનું મહત્ત્વ એ છે કે, વિવિધ વિષયોનાં ઉદાહરણો આપવા માટે રામચન્દ્રે એમાં ૪૪ સંસ્કૃત નાટકોમાંથી અવતરણ આપ્યાં છે. એમાંનું એક તે વિશાખદત્તનું "દેવીચન્દ્ર ગુપ્ત" નાટક છે (હાલ એ અપ્રાપ્ય છે) જેનાં સંખ્યાબંધ ઉદાહરણો 'નાટ્યદર્પણ'માં જળવાઈ રહ્યાં છે. અને તેથી ગુપ્તકાળના ઈતિહાસ ઉપર કેટલોક નવીન પ્રકાશ પડે છે. રામગુપ્ત સમુદ્ર-

ગુપ્તનો મોટો પુત્ર અને ચન્દ્રગુપ્તનો મોટો ભાઈ હતો. થોડા વખત માટે એ ગાદીએ આવ્યો હતો. રામગુપ્ત કેવો હતો, કેવાં નીચ કૃત્યો એણે કર્યાં હતાં અને છેવટે તે કેવી રીતે ભૂંડે હાલે મર્યો એ વૃત્તાંતનું નિરૂપણ "દેવીચન્દ્ર ગુપ્ત' નાટકમાં કરવામાં આવ્યું હતું. પરદેશી શક રાજાના આક્રમણમાંથી પોતાને અને પોતાના રાજ્યને બચાવવા માટે તેણે પોતાની પટ્ટરાણી ધ્રુવદેવીને શક રાજાને ત્યાં મોકલવાનું કબૂલ્યું હતું. પરન્તુ આ હીણપત સહન નહીં થવાની ચન્દ્રગુપ્ત પોતે સ્ત્રીવેશમાં શકરાજાની છાવણીમાં ગયો હતો અને ત્યાં એણે શકરાજાનો સંહાર કર્યો હતો. રામચન્દ્રે આપેલાં અવતરણો દ્વારા બચેલા એ નાટકના ટુકડાઓનો આધાર લઈ મુનશીએ "ધ્રુવસ્વામિની દેવી–એક ખોવાયલા નાટકનું નવદર્શન" એ નામે ઐતિહાસિક નાટક લખ્યું છે. (વધુ વીગતો માટે જુઓ ડો. સાંડેસરા કૃત 'સંશોધનની કેડી' તથા તેમનું જ બીજું પુસ્તક 'ઈતિહાસની કેડી') 'નાટયદર્પણ' માં આ અવતરણો ના હોત તો મુનશી પાસેથી 'ધ્રુવ સ્વામિની દેવી' નાટક ના મળ્યું હોત. ગુજરાતમાં લખાયેલાં અઢી ડઝન સંસ્કૃત નાટકોમાંથી અગિયાર નાટકો તો એકલા રામચન્દ્રે જ રચેલાં છે.

ગુણાઢયકૃત 'બૃહત્કથા'

ડૉ. સાંડેસરાએ તે પછી ગુણાઢય કવિ કૃત 'બૃહત્કથા' વિષે ખાસ કરીને એના ઉદ્‌ભાવક બળ એટલે કે કથા સંજોગોમાં એ હસ્તીમાં આવી તે વિષેની વાતની વાર્તા કરી, જે પણ અત્યંત રસપ્રદ છે. 'બૃહત્ કથા' એ કાશ્મીરની પ્રાચીન લોક ભાષા પૈશાચી પ્રાકૃતમાં રચાયેલા ભારતીય કથા સાહિત્યનો એક વિશાળ આકર ગ્રન્થ હતો (જુઓ ડો. સાંડેસરા કૃત 'અનુસ્મૃતિ' પૃષ્ઠ ૧૩૧ થી ૧૩૬) ગુણાઢય તો સંસ્કૃત કવિ હતો. પૈઠણના રાજા સાત વાહનનો સમકાલીન હતો એના જ દરબારમાંનો એ પ્રતિષ્ઠિત કવિ હતો એણે 'બૃહત્કથા' જેવા વિશ્વભરના કથા સાહિત્યમાં વિરલ એવો ગ્રન્થ સંસ્કૃતને બદલે પૈશાચી પ્રાકૃતમાં કેમ રચ્યો તે જાણવા જેવી વાત ડો. સાંડેસરાએ ખરી રસજમાવટ કરીને કહી હતી. તેમના જણાવવા પ્રમાણે (આ વસ્તુ 'અનુસ્મૃતિ' માં ઘણા વિસ્તારથી આપાઈ છે.) રાજા સાતવાહન સંસ્કૃતથી અનભિજ્ઞ હતો; જ્યારે તેની રાણીઓ સંસ્કૃતજ્ઞ હતી. એકવાર એક રાણીએ સંસ્કૃતશબ્દચ્છલ કરી એનો અર્થ નહિ સમજતા રાજાની બધા પરિવાર વચ્ચે હાંસી ઉડાવી એનો દર્પભંગ કર્યો. રાજાને આથી માઠું લાગ્યું. એને સંસ્કૃત શીખવાની લગની લાગી. ગુણાઢયે રાજાને એકલું સંસ્કૃત વ્યાકરણ શીખતાં બાર વર્ષ લાગે એમ કહેતાં એની ઈર્ષ્યા કરતા શર્વવર્મા નામના એક દરબારીએ રાજાને છ માસમાં સંસ્કૃત શીખવવાનું બીડું ઝડપ્યું. એટલે ક્રુદ્ધ થયેલા ગુણાઢયે પડકાર ફેંકી કહ્યું: "છ માસમાં તું રાજાને સંસ્કૃત વ્યાકરણ શીખવી શકે તો સંસ્કૃત પ્રાકૃત અને દેશી એ ત્રણે ભાષાનો હું ત્યાગ કરું."

ગુણાઢયના પડકારને ઝીલી લઈ શર્વવર્માએ ભગવાન કાર્તિકેયને પ્રસન્ન કરીને સાતવાહનને છ મહિનામાં સંસ્કૃત વ્યાકરણ શીખવ્યું એટલે શરત મુજબ ગુણાઢય એક બે શિષ્ય સાથે વનમાં ગયો જ્યાં એણે કાણભૂતિ નામના પિશાચ પાસેથી પુષ્પદંત કથિત કથાઓ સાંભળી અને તે એણે પોતાના લોહીથી પૈશાચી ભાષામાં સાત લાખ શ્લોક માં લખી અને એ ગ્રન્થ એણે પોતાના શિષ્યો દ્વારા સાતવાહનને મોકલાવ્યો પણ રાજાએ એનો આનાદર કર્યો એટલે ગુણાઢયે ખિન્ન થઈને વન્ય પશુપંખીઓ ને એક પછી એક વાર્તા કહેવા માંડી ને વાર્તાવાળો શ્લોક અગ્નિમાં હોમવા માંડયો. આની જાણ થતાં જ સાતવાહન જંગલમાં ગયો અને ગુણાઢયને પોતાના શ્લોકો અગ્નિમાં હોમતો જોઈ તેને તેમ કરતાં અટકાવ્યો. અને તેને મનાવી લઈ પોતાની સાથે લઈ જઈ દરબારમાં તેની ફરી પ્રતિષ્ઠા કરી. પણ ત્યારે ગુણાઢયના સાત લાખમાંથી છ લાખ શ્લોકો અગ્નિમાં હોમાઈ ચૂક્યા હતા. બચેલા ફક્ત એક લાખ શ્લોકો તે આ 'બૃહત્કથા'. એ ગ્રન્થ પણ કાલગ્રસ્ત થઈ ગયો છે. હવે મળે છે. ફક્ત એના સંસ્કૃત સંક્ષેપો અને એક પ્રાકૃત રૂપાંતર જેમાં સોમદેવ ભટ્ટ કૃત 'કથા સરિત્સાગર' અને ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથા મંજરી' ઘણાં સુપ્રસિદ્ધ છે.' વસુદેવહિંડી એ, એ બૃહદ્ કથાનું ધાર્મિક સ્વરૂપ છે."

બે આજડ

"બૃહત્કથાની" વાત કર્યા પછી ડો. સાંડેસરાએ ભોજદેવકૃત અલંકાર ગ્રન્થ 'સરસ્વતી કંઠા ભરણ' ઉપર વણિક વિદ્વાન આજડે રચેલી ટીકાની વાત કરી. આચાર્ય હેમચન્દ્રે પોતાના "પ્રાકૃત વ્યાકરણમાં" ચૂલિકા પૈશાચીના ઉદાહરણ રૂપે બે ગાથાઓ ટાંકી છે, જેમાંની એક 'સરસ્વતી કંઠાભરણ' માં પણ છે. આજડે તે ગાથા 'બૃહત્કથા' ના મંગલા ચરણમાંથી હોવાનું કહ્યું છે. ડો. સાંડેસરાએ એ ગાથાનો બહુ પ્રસન્નતાપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. એ ગાથાનો અર્થ આ પ્રમાણે છે. 'પ્રણયકુપિત ગૌરીના ચરણાગ્રમાં દશ નખરૂપી દર્પણોમાં જેમનું પ્રતિબિંબ પડેલું છે. એવા અગિયાર શરીર ધારણ કરનારા રુદ્રને પ્રણામ કરો" ડો. સાંડેસરાએ આ ગાથા અંગે પોતાને એક વિદ્યાર્થી તરીકે આનંદ આવ્યો હોવાનું જણાવી ને 'સરસ્વતી કંઠાભરણના ટીકાકાર આજડ (એ જૈન હતો) ની સાથોસાથ સાતવાહન હાલકૃત પ્રાકૃત મુક્તક સંગ્રહ "ગાથાકોશ' અથવા 'ગાથા સપ્તશતી' ના આજડ જે સંભવતઃ વણિક કે પછી ક્ષત્રિય છે તેની પણ વાત કરી. આ બીજો આજડ પોતાને 'ત્રૈવિદ્ય' એટલે કે તર્ક, લક્ષણ અને સાહિત્ય એ ત્રણે વિદ્યાઓના જ્ઞાતા તરીકે ઓળખાવે છે. આ 'ગાથા સપ્તશતી' ને ચીલે જ રચાયેલી આર્યાસપ્તશતી, બિહારી સત્સઈ, દલપત સત્સઈ, દયારામ કૃત સત્સૈયા વગેરેનો નિર્દેશ કરી ને ડો. સાંડેસરાએ જૈન ભંડારોમાં કેવા કેવા મૂલ્યવાન ગ્રંથો છે તેની ઝાંખી કરાવી હતી. તેમણે ઉલ્લેખેલા ગ્રંથોમાં રાજશેખર કૃત "કાવ્ય-મીમાંસા" (ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝનું એ પ્રથમ પુષ્પ, એની બે હસ્તપ્રતો પાટણના ગ્રંથ ભંડારમાં છે.)

કૌટિલ્ય અર્થશાસ્ત્રનું સર્વ પ્રથમ સંપાદન (જેની નકલ પાટણના વાડી પાર્શ્વનાથ ભંડારમાંથી મળી છે; તથા હેમચન્દ્ર ના "કાવ્યાનુશાસન" માં પણ જેનો એટલે કે, અર્થ શાસ્ત્રનો ઉલ્લેખ છે,) બૌદ્ધસાહિત્યનો મહાન ગ્રંથ તત્ત્વ સંગ્રહ (વાડી પાર્શ્વનાથની એક માત્ર હસ્તપ્રત), ભટ્ટ જયરાશિ કૃત 'તત્વોપપ્લવ (ઘોળકામાં લખાયેલી હસ્તપ્રત અને ચાર્વાક દર્શનનો અજ્ઞેયવાદી ગ્રંથ), મહાન બૌદ્ધિક તાર્કિક કૃત 'પ્રમાણ વાર્તિક (જે આ પહેલાં માત્ર તિબેટન અનુવાદમાંથી જ જાણવામાં હતું), શ્રી હર્ષના વંશ જ હરિહર કૃત 'શંખ પરાભવ વ્યાયોગ (નાટક પ્રકારમાં રચાયેલું એકાંકી નાટક જેનો શબ્દાર્થ છે શંખ રાજાનો પરાજય." વસ્તુપાલની આજ્ઞાથી એ નાટક ખંભાતમાં ભજવાયું હતું. એની હસ્તપ્રત દેવશાના પાડાના ભંડારમાંથી મળેલી. વિશેષ માહિતી માટે જુઓ ડો. સાંડેસરા કૃત "સંશોધનની કેડી - પૃષ્ઠ ૧૯૫ થી ૨૦૫) કૌટિલ્યના અર્થશાસ્ત્રની ઉત્તર ભારતીય પરંપરાના કેટલાક અંશો સાચવતો અપૂર્ણ ગ્રંથ 'રાજસિદ્ધાન્ત', ભોજદેવે રચેલો ગણિકા જીવન વિશેનો દૃષ્ટાન્ત સમુચ્ચય "શૃંગાર મંજરી કથા", પ્રાચીન મરાઠી ભાષાનો વર્ણકપ્રધાન ગદ્ય ગ્રન્થ "વૈજનાથ ક્લાનિધિ," બાણની કાદંબરીની સૌથી પ્રસિદ્ધ ટીકા (જે ભાનુચન્દ્ર અને સિદ્ધિચન્દ્ર એ ગુરુ શિષ્યે રચી છે); સર્વ દર્શનો અને સાહિત્યના સર્વ પ્રકારો ઉપર જૈન લેખકોની ટીકાઓ, "સંગીતોપનિષદ", તથા જ્યોતિષ અને વૈદકના ગ્રન્થો એમ અનેક ગ્રંથોનો સમાવેશ થાય છે.

ડૉ. સાંડેસરાએ આ ગ્રંથોનો નિર્દેશ તે પ્રત્યેક વિષેની કંઈક ને કંઈક મહત્ત્વની વાતના સંદર્ભમાં કરીને, સાહિત્ય, ઈતિહાસ, વ્યાકરણ, સંગીત, વૈદક, હિસ્ટરી ઓફ મેડિસિન, જ્યોતિષ, અર્થશાસ્ત્ર, દર્શનો એમ કેટલી બધી માનવ વિદ્યાઓનું ખેડાણ થયું હતું તે તથા કોઈપણ એક વિષયનું તલાવગાહી જ્ઞાન મેળવવા એ બધી જ વિદ્યાઓનું થોડું થોડું પણ જ્ઞાન મેળવવું અનિવાર્ય છે અને એમ સકલ માનવ વિદ્યાઓ કેવી એક બૃહદ્ જ્ઞાન વૃક્ષ સ્વરૂપે તેની શાખા પ્રશાખાઓમાં વિસ્તરેલી છે તે તારવી આપ્યું હતું.

ડૉ. સાંડેસરાએ "તત્ત્વ સંગ્રહ"ના ઉપલક્ષમાં સ્વ. ચીમનલાલ દલાલની અગાધ ગ્રંથપ્રીતિ અને એમની વિદ્વત્તાને અંજલી આપી હતી.

મમ્મટના "કાવ્ય પ્રકાશ"મા "કાવ્યં યશસે અર્થકૃતે" એમ વાડ્મય કે વિદ્યાનું જે પ્રયોજન સૂચવાયું છે, જે મમ્મટને મતે યશ ઉપરાંત અર્થ પ્રાપ્તિનું પણ છે, પરન્તુ હેમચન્દ્રાચાર્યને મતે કાવ્યનું પ્રયોજન કેવળ અર્થપ્રાપ્તિ નહિ પરન્તુ વૃત્તિઓના આવેગનું શમન એટલે કે વિશ્રાન્તિ છે તે પણ વકતા એ તારવી આપ્યું હતું.

જ્ઞાન ભંડારોની સમૃદ્ધિ

ત્રીજે દિવસે આગલા દિવસના વાર્તાલાપના અનુસંધાનમાં પોતાનું વકતવ્ય આગળ ચલાવતાં ડૉ. સાંડેસરાએ જે જમાનામાં વાહનોની આજના જેટલી સુવિધા નહોતી ત્યારે પણ વિદ્વાનો, વિદ્યા અને વિદ્યાના ગ્રંથોનું 'માઈગ્રેશન" કેટલું ઝડપથી થતું હતું તે વાત કરી હતી. જ્ઞાનભંડારોની સમૃદ્ધિની વાત કરતાં ડૉ. સાંડે-

સરાએ શરૂઆત સંસ્કૃત પંચકાવ્યો પૈકી એક "નૈષધીય ચરિત"ના નિર્દેશથી કર્યો હતો. આ ગ્રન્થના કર્તા શ્રી હર્ષના વંશમાં થયેલા હરિહર છે. ગૌડ દેશમાંથી હરિહર ધોળકામાં રાજા વીરધવલના દરબારમાં આવ્યો હતો અને વીરધવલના મંત્રી વસ્તુપાલને ત્યાં રહેતો હતો.

મંત્રી વસ્તુપાલે એની નકલ કરાવી હતી. ગુજરાતના વિદ્વાનોમાં એ કાવ્યનો વ્યાપક પ્રચાર થયો હતો અને પરિણામ 'નૈષધ'ની સૌથી જૂની ટીકાઓ જેવી કે વિદ્યાધર કૃત "સાહિત્ય વિદ્યાધરી" અને ધોળકાના ચંડુ પંડિત કૃત ટીકા ગુજરાતમાં રચાયેલ છે. ચંડુ પંડિત ધોળકાનો વેદજ્ઞ નાગર બ્રાહ્મણ હતો. હરિહરની કવિતા શૈયાનો ગુણ ધરાવતી અનવદ્ય રચના તરીકે જાણીતી છે. એની કવિતા એટલી બધી ઉચ્ચ કોટિની છે કે એની આગળ મધુ કહેતાં શરાબ અને અમૃતનો સ્વાદ પણ ઊતરતો લાગે. હરિહરે સુભાષિતો જ રચ્યાં લાગે છે.

ડૉ. સાંડેસરાએ આવી ઘણી રસિક વાતો કહી હતી. તેમણે કહેલી રસિક વાતોમાં 'ડિસ્કવરી'ની દૃષ્ટિએ મહત્ત્વની લેખાય એવી અન્ય વાતો ટૂંકમાં આ પ્રમાણે છે:

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર રચાયું મગધમાં, તેની હસ્તપ્રત મળે છે દક્ષિણમાં. "રાજ સિદ્ધાન્ત'ની તાડપત્રીય પ્રતો પાટણમાંથી મળે છે. "રાજ સિદ્ધાન્ત"માં રાજ્યશાસ્ત્રના સિદ્ધાન્તોની આમૂલ વિચારણા છે. તેની પ્રત પાટણના સંઘવીના પાડાના ભંડારમાંથી મળી છે. પ્રાચીન ભારતમાં વિદ્યાના જે જે વિષયો છેડાયા છે, તે તમામના ગ્રંથોની પ્રાચીનમાં પ્રાચીન નકલો પાટણનાં ગ્રંથાલયોમાં છે. ચાર્વાક એ બુદ્ધિવાદી અને તત્ત્વનિષ્ઠ મુનિ હતો. વહેમની સામે એણે બુદ્ધિવાદ - રેશનાલિઝમ-નો પ્રચાર કર્યો હતો. એ બોહેમિયન પ્રકૃતિનો નહોતો. જૈન આચાર્યોએ કેવળ જૈનદર્શન કે જૈન ધર્મ ઉપર જ ગ્રન્થો નથી લખ્યા. ષટદર્શન, તર્ક તથા મૂળભૂત વિદ્યાઓ જેમકે જ્યોતિષ, વૈદક, ખગોળવિદ્યા, ગણિત શાસ્ત્ર વિજ્ઞાન તથા અન્ય અનેક વિદ્યાઓને લગતા ગ્રન્થો રચ્યા છે. યતી સંસ્થાનો અભ્યાસ એ એક મોટો સામાજિક અભ્યાસનો વિષય છે. રાજશેખરે અર્ધ ઐતિહાસિક બધાં જ દર્શનોનો પરિચય આપતો એક "સર્વ દર્શન સંગ્રહ" નામનો ગ્રંથ આપ્યો છે. એની પ્રસ્તાવનામાં એણે એક વાક્ય લખ્યું છે જે અત્યંત સરસ અને ધ્યાનાર્હ છે. ધ્યાનાર્હ એટલા માટે કે એમાં એના ધર્મ પ્રત્યેના ઉદાત્ત અભિગમનો પરિચય મળે છે. એ લખે છે "આ ગ્રંથમાંનો એક પણ શબ્દ કોઈપણ ધર્મ પ્રત્યે અનાદર ભાવથી લખાયો નથી" રાજશેખરમાં રમૂજવૃત્તિ પણ હોવી જોઈએ. નહિ તો એની પાસેથી વિનોદકથા સંગ્રહ મળે નહિ. રાજશેખરે ન્યાયદર્શન ઉપર એક ભાષ્ય ગ્રંથ રચ્યો છે જે જેટલો વિદ્વદ્‌ભોગ્ય છે તેટલો જ લોકભોગ્ય પણ છે. રાજશેખરની પરંપરામાં થયેલા વિદ્વાનની "નૈષધીય ચરિત" ઉપરની ટીકા છે. યતીઓએ જ્યોતિષ, વૈદક, વૈદકમાં અશ્વવૈદક તથા પશુવૈદક તેમ જ સંગીતશાસ્ત્રનો પણ અભ્યાસ કરી શાસ્ત્રગ્રંથો રચ્યા છે. તે જમાનામાં પશુરોગ નિદાન અને ચિકિત્સાક્ષેત્રનો જેવો તેવો વિકાસ નહોતો થયો. આ ઉપરાંત ગણિકા જીવનને સ્પર્શતો ગ્રંથ "કુટ્ટનિમત" "પંચતંત્ર"નું સંપાદન, "અભિલક્ષિત અર્થ ચિંતામણિ" એમ અનેક ગ્રંથો જ્ઞાનભંડારોમાં સંચિત થયેલા છે. આ ઉપરાંત પરદેશ ગયેલા પતિને વિરહિણી પત્નીનો સંદેશ "સંદેશ રાસક" (એનો લેખક એક મુસલમાન છે: અબ્દે રહેમાન) કર્પૂર મંજરી ચોપાઈ" (કર્પૂર મંજરી એ રુદ્રમહાલની શાલ ભંજિકા નામની પૂતળી છે અને એ શિલ્પ વિધાન અત્યંત અસાધારણ સુંદર અને સંમોહક છે) આ સર્વનો ઉલ્લેખ પણ ડૉ. સાંડેસરાએ કર્યો હતો. પાટણના ગ્રંથ ભંડારોની મબલખ સમૃદ્ધિનો ખ્યાલ આપ્યે જ જતા ડૉ. સાંડેસરાએ "કાન્હડદે પ્રબંધ," "વસંત વિલાસ" વીરસિંહ કૃત "ઉષા હરણ" "ભ્રમરગીતા", "ગણિતસાર" વિશિષ્ટ ઔકિતકો (જેમ કે મુગ્ધાવબોધ ઔકિતક) પૃથ્વીચંદચરિત બાલાવબોધો, તથા અમરુશતક, ત્રિવિક્રમકૃત વૃત્તરત્નાકર ટીકા, કાદંબરી અને કાવ્ય પ્રકાશ તથા તેની ટીકાઓ, કિરાતાર્જુનીયમ્-કાવ્યાદર્શ, હર્ષકૃત નાગાનંદ (નાટક) બૃહત્ સંહિતા, શિશુ પાલવધ અને તેની ટીકા એમ કેટલાક ગ્રંથોની નામાવલિ રજૂ કરી હતી. તેમણે કહ્યું હતું: ગુજરાતી ભાષાના ઈતિહાસ માટે આ ભંડારો અમૂલ્ય છે, કેટલીયે પદ્ય અને ગદ્ય કૃતિઓ એવી છે જેની હસ્તપ્રતો દર પચીસીએ કે દર દસકે લખાઈ હોય. કર્તાના, પ્રસિદ્ધ વિદ્વાનો કે વિશિષ્ટ વ્યકિતઓના હસ્તાક્ષરોમાં લખાયેલી પણ પુષ્કળ હસ્તપ્રતો છે. આ હકીકત માત્ર કુતૂહલ દૃષ્ટિએ જ જોવાની નથી પરન્તુ અધ્યયન, અધ્યાપન અને જ્ઞાન-જૈનની વ્યાપક પ્રવૃત્તિની એ દ્યોતક છે. ભારતીય સંસ્કૃતિના વ્યાપક સ્વાધ્યાયનો જ આ એક ભાગ છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ જમાનામાં આવી માનવવિદ્યાઓના અધ્યયનનું મહત્ત્વ છે ને તે એ કે કોઈને કોઈ રીતે એ જીવનને સ્પર્શ કરે છે. એ વિષેની સમજમાં ઉમેરો કરે છે. એના કોઈને કોઈ ખૂણાને પણ એ અજવાળે છે તથા ચિત્તને પ્રભાવિત તેમજ તેજસ્વી કરે છે.

ડૉ. રમણભાઈના યોગ્ય ઉપસંહાર તથા શ્રી ચીમનલાલ જે. શાહના આભારદર્શનથી વિદ્યાસત્રની સમાપ્તિ થઈ હતી.

કૃષ્ણવીર દીક્ષિત

પ્રેમળ જ્યોતિદ્વારા રક્તદાન શિબિરનું આયોજન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી સ્વ. મહાસુખભાઈ શાહ પ્રેરિત, પ્રેમળ જ્યોતિ દ્વારા તા. ૬-૧-૮૦ રવિવારના રોજ સવારના ભાગમાં જૈન ક્લિનિકવાળા ડૉ. સાંગોરામની દોરવણી નીચે કેમ્પસ કોર્નર પર આવેલ મહાવીર બિલ્ડીંગ ગ્રાન્ડ પરાડીમાં ડૉ. તુષાર શેઠના દવાખાનામાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ત્યાંના રહીશો તેમ જ સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો શ્રી સુબોધભાઈ એમ. શાહ તથા શ્રી ટોકરસી કે. શાહે રક્તદાન કર્યું હતું. તેની ૨૭ બોટલો થઈ હતી. જે જૈન ક્લિનિકને આપવામાં આવી. આ પ્રસંગે જૈન ક્લિનીકવાળા ડૉ. સાંધાણીએ પણ હાજરી આપી હતી.

જૈન ક્લિનીકને અવારનવાર આ રીતે બ્લડની જરૂર પડે છે. તો સંઘના સભ્યો અને ચાહકોને વિનંતિ કરવાની કે જે સભ્યો રક્તદાન કરવા ઈચ્છા ધરાવતા હોય તેમણે પોતાનું નામ - સરનામું સંઘના કાર્યાલયમાં ૩૫૦૨૯૬ ફોન પર જણાવવું.

પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિદ્વારા થોડા સમય પહેલા સાડલાની માગણી કરવામાં આવી હતી. તેનો ઘણો સારો જવાબ મળ્યો હતો.

અન્ય સંસ્થાઓને આપવા માટે પાછી સાડલાની જરૂર ઉભી થઈ છે, તો આથી વિનંતિ કરવામાં આવે છે કે ઈચ્છા ધરાવતા સૌ સંઘના કાર્યાલય પર સાડલા મોકલે અથવા તેના માટે પૈસા મોકલે.

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલયમંત્રી

પ્રેરક પત્ર

ભાઈશ્રી ચીમનભાઈ મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ,

જૈન યુવક સંઘ પ્રતિમાસ વિવિધ વિદ્વાનોના વ્યાખ્યાનો ગોઠવે છે, એ એની એક વિશિષ્ઠ પ્રવૃત્તિ છે, અને એને માટે સંઘને અભિનંદન ઘટે છે. પરન્તુ આ વર્ષે વિદ્યાસત્રને ઉપક્રમે સંઘે શ્રી ભોગીલાલ સાંડેસરાના જૈન ગ્રન્થ સંગ્રહાલયો વિશેના ત્રણ વ્યાખ્યાનો યોજીને એક બહુ જ પ્રશંસનીય અને અભિનંદનીય કાર્ય સંસ્થાએ કર્યું છે. આજે ગુજરાત કે ગુજરાતી અભ્યાસીઓમાં નહિ, ભારતભરના સાહિત્યકારો અને સંશોધન અભ્યાસીઓમાં શ્રી સાંડેસરાની કક્ષા અને ગણના જરા પણ અતિશયોક્તિ વિના કરી શકાય. એમનો જૈન ધર્મ અને સંસ્કૃતિ પરનો તેમ જ જૈન પ્રાચિન સાહિત્ય પરત્વેનો અભ્યાસ અનન્ય લેખી શકાય. આ ત્રણેય દિવસના એમના પ્રવચનો માત્ર અભ્યાસીઓને નહિ, સામાન્ય અભિરુચિયુકત જનને પણ ઓટલા જ રસપ્રદ અને માહિતી અભ્યાસ - સભર રહ્યા છે. એમના આ ત્રણેય પ્રવચનો આ ક્ષેત્રે અને આ વિષય પરત્વે રસ ધરાવતા સૌને પ્રચૂર સાહિત્ય – સંસ્કાર માહિતીનું પ્રદાન કરી ગયા. જૈન યુકવ સંઘે આ પ્રકારના વધુ ને વધુ પ્રવચનો – કાર્યક્રમો યોજીને આ ક્ષેત્રે 'સંઘ' તરીકેનું પોતાનું વિશિષ્ઠ પ્રદાન પ્રતિત કરવું ઘટે. તમને, સંચાલકોને અને 'સંઘ' ને પૂર્ણ આદર સાથે મારા નમ્ર અભિનંદન ઘટે છે. વધુ અને વધુ અભ્યાસીઓ આમાં રસ લે એ આજના 'શૂન્યાવકાશમાં ઉત્સાહપ્રેરક અને માર્ગદર્શક બની રહેશે.!

શાન્તિલાલ ઢાણી

☆ સ્વર - સ્વભાવ - ચહેરો: અદ્‌ભુત ને અગમ્ય ભિન્નતા ☆

આ જગતના ક્રોડો માણસોના ચહેરાઓ જુઓ, સર્વમાં કાંઈકને કાંઈક ભિન્નતા હોવાની. બે હાથની હથેળીઓમાં સમાય જાય એવા અબજો માણસોના ચહેરાઓમાં કોઈક ન સમજાય એવી ભિન્નતાનું અગમ્યપણું માણસ પોતે ન સમજી શકે તેવું છે.

બે આંખો, નાક, બે કાન, મોંફાડ, હોઠ, ગાલ, કપાળ અને દાઢી, આટલા અવયવો છે. માણસના ચહેરાના-પણ એ પાંચ-પચાસ લાખ નહિ, અબજો ચહેરાઓ છે અને સર્વમાંની ભિન્નતા જોવા બેસીએ તો, આરો ન આવે-અનંત અને અગમ્ય છે ઈશ્વરની આ ભિન્નતાનું સર્જન .....

જેમ ચહેરાઓમાં ભિન્નતા છે, તેવી રીતે સ્વરમાં પણ એવી જ અગમ્ય ભિન્નતા છે!

જેમ ક્રોડો માણસોમાં કોઈના ચહેરાઓ મળતા નથી આવતા એવી જ રીતે કોઈના સ્વર પણ સરખા સાંભળવા નહીં મળે!

કોઈનો ઘેરો સ્વર કોઈનો તીણો, કોઈનો મધુર તો કોઈનો કર્કશ, તો વળી કોઈનો મધુર પણ તીણો, તો વળી કોઈનો ઘેરો મધુર.

આ સ્વરો માણસે-માણસે જુદા અને ચહેરાઓ પણ માણસે-માણસે જુદા!

સ્વર અને ચહેરાની આ ભિન્નતા માણસે માણસે જોવા મળે છે! આ ઈશ્વરની કોઈક એવી અગમ્ય લીલા છે, કે બે માણસ વચ્ચે શું ચહેરામાં કે સ્વરમાં કે શું સ્વભાવમાં- ક્શે જ સમાનતા જોવા જ નહીં મળે!

કોઈનો ચહેરો ભરાવદાર, કોઈનો પાતળો, કોઈની આંખો ઉપસેલી તો કોઈની ઊંડી તો વળી કોઈના હોઠ જાડા તો કોઈના પાતળા, કોઈનું કપાળ મોટું તો કોઈનું નાનું. આ રીતે અવયવ એક પણ ભિન્નતા ક્રોડો પ્રકારની!

-જો માણસ-માણસ વચ્ચે સહેજ જો મળતું આવતું હોય અણસાર અણસારની સામ્યતા મોટે ભાગે બાપ-દીકરા કે મા-દીકરી કે દીકરા-મા વચ્ચે જ જોવા મળે! પરંતુ જો સંબંધ વગરનો અણસાર જોવા મળે તો રો અણસારની સામ્યતાનું જાજે ભાગે આપણે મન મૂલ્ય જ નથી હોતું!

આપણે ત્યાં એક કહેવત પણ છે! "બાપ ઓવા બેટા અને વડ તેવા ટેટા". -પરંતુ આ કહેવતને કયા અર્થમાં ઘટાવવી એ આ કહેવતના સર્જકે સ્પષ્ટીકરણ નથી કર્યું- બાપ ઓવા બેટા એ તો ઠીક, પણ ટેટા વડ જેવા નથી હોતા! ટેટા ગોળ હોય છે, વડનો આકાર જાજે ભાગે ગોળ આકારનો લાગે ખરો, પણ ટેટા જેવો સાવ ગોળ તો નહીં જ!

ઘણાં દીકરા બાપની અણસાર લઈને જન્મે છે તો ઘણા બાપના જેવો જરા ય અણસાર ન હોય પણ બાપ જેવો સ્વભાવ ક્યારેક હોય પણ ખરો!

ચહેરા અને સ્વર-ભિન્નતાની વાત કરી. એવી રીતે સ્વભાવની પણ વાત કરીએ; સ્વભાવમાં પણ માનવીએ માનવીએ ભિન્નતા જ પ્રાપ્ત થાય! કોઈનો સ્વભાવ સારું બોલવાનો તો કોઈનો સ્વભાવ ખરાબ બોલવાનો, કોઈનો શુભ જ કરવાનો તો કોઈ અશુભ કરવામાં પણ અભિમાન લ્યે! સ્વભાવગત લક્ષણો પણ પરંપરાગત ઉતરી આવતા હોય છે. ઘણામાં પરંપરાગતથી પણ વધુ ભિન્નતા જોવા મળે!

માનવીએ માનવીએ આચાર-વિચાર અને લક્ષણોમાં પણ કેટલી ભિન્નતા હોય છે?

-પરંતુ ઈશ્વરે જે કાંઈ બક્ષ્યું છે, શુભ કરવા જ માટે, પરંતુ માનવને મળેલી અમૂલ્યતાનો સદુપયોગ જ નથી કરતો, દુરુપયોગ પણ કરતો હોય છે!

ચહેરા પર ઘણી વખત માનવ એવા ભાવ પાથરે છે, કે બીજા એ ભાવ જોઈને પ્રસન્ન-પ્રસન્ન થઈ જાય છે! તો વળી કોઈના ચહેરા પરના ભાવ જોઈને જ તિરસ્કાર ઉપજે...

ઘણીવખત કોઈક માણસ એટલું મધુર બોલતો હોય છે, કે એ સાંભળીને હરખાઈ જવાનું દિલ થઈ આવે, જ્યારે કોઈક એવું ય બોલતા હોય છે જેના પર ફિટકાર વરસાવવાનું દિલ થઈ જાય!

ઘણા માણસોના સ્વભાવ ભલા, મીઠા અને આવકારવાળા હોય છે. તો ઘણાના સ્વભાવ જ એવા હોય છે, કે એને બોલાવવાનું ય મન ન થાય!

માણસે-માણસે લાગણીના આદાનપ્રદાનમાં પણ ભિન્નતા જોવા મળે.

ઘણાં માણસો શુભ લાગણીથી તરબોળ થઈ જઈને માનવને અને જીવમાત્રને ચાહતા હોય છે, તો ઘણાં સ્વાર્થપૂરતા, દંભ આચરીને લાગણી વ્યક્ત કરતા હોય છે: ખાસ હેતુપૂર્વક લાગણીનું પ્રદાન એ શુદ્ધ માનવીય લાગણીનું લક્ષણ નથી, એ માત્ર તુચ્છ પ્રકારની લાગણી છે!

ઈશ્વરે માનવને કેટલું બધું આપ્યું છે! અન્ય ક્રોડો જીવો કરતાં સૌથી વધુ સારા, સુંદર અને ઘાટમય અંગ ઉપાંગો આપ્યા છે- પરંતુ ઈશ્વરની આ અમૂલ્યતાનો વારસો ઈશ્વરે પરંપરાગત જાળવી જાણ્યો, પરંતુ માનવીએ એની પરંપરાગત નિષ્ઠાને નથી જાળવી જાણી!

આ લેખનો હેતુ, ક્રોડો અને અબજો માનવીઓનાં ચહેરા, સ્વર અને સ્વભાવની ભિન્નતા કેવી અગમ્યમય છે એ ચર્ચવાનો, છે!

જગતના કોઈ પણ પ્રદેશમાં જાવ, પોતાના જેવો નખશીખ આકાર એટલે કે એના ચહેરા જેવો જ ચહેરો જોવા નહીં મળે, એના જેવો જ સ્વર સાંભળવા નહીં મળે, એના જેવો જ સ્વભાવ પણ જોવા નહીં મળે. ક્યાંક ને ક્યાંક ભિન્નતા હોવાની જ!

એક લાઈનમાં એક લાખ માણસને ઊભા રાખો-પછી એકેકનું નિરીક્ષણ કરો: જાતજાતની અને ભાતભાતની ભિન્નતા જોવા મળશે! અહીં આપણને, કુદરતના ભિન્ન ભિન્ન આકારની ક્રામતનો ખ્યાલ આવશે!

-એક સાથે નહીં, પળે પળે જુદા જુદા માનવીઓને સાંભળો, સ્વર-ભિન્નતાના ક્રાવણ પ્રકાર સાંભળવા મળશે!

આ બધું જોયા-જાણ્યા ને સાંભળ્યા પછી, ઓટલું તો કબૂલવાનું મન થાય કે, ઈશ્વર ખરેખર અદ્‌ભુત અને અગમ્ય કલાકાર છે- જેની કલાને હજુ સુધી કોઈ પામી શક્યો નથી એવો કલાકાર!

-ગુણવંત ભટ્ટ

આંધળો સસરો ને સરગટ વહુ

[આ લખાણ દહી જાન્યુઆરીએ લખાયેલ છે અને ૮મી તારીખે મને મળ્યું. લેખક આર્ય કન્યા ગુરુકુળ પોરબંદરમાં શિક્ષક છે સાત્ત્વિક વૃત્તિના છે. તેમના લખાણો અવારનવાર પ્રબુદ્ધ જીવનમાં આવે છે. તેમના વિધાનો સાથે સંમત ન હોઈએ તો પણ લોકમાનસ કેવી રીતે વિચારતું હતું તેના નમુના રૂપે આ લખાણ પ્રકટ કરું છું - તંત્રી]

શબ્દો છે અખાના, આખાબોલા અખાના. આજે પણ સમાજનો વાસ્તવિક ચિતાર રજૂ કરે એટલા માર્મિક અને હૃદયસ્પર્શી. સસરો જો આંધળો હોય તો વહુએ લાજ કાઢવાની શી જરૂર? મૂળમાં તો સસરાની કુદૃષ્ટિ પુત્ર- વધૂ ઉપર ન પડે માટે તેણે લાજ કાઢવાની હોય! પણ રીવાજ! ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું 'હતું કે રીવાજના કૂવામાં તરવું સારું છે, પણ ડુબવું એ તો આત્મહત્યા જ છે. આજે જ્યારે સાતમી મધ્યસત્ર ચૂંટણીના બુલેટીનો રેડિયો પર સાંભળી રહ્યો છું ત્યારે વિચાર આવે છે કે સમગ્ર ગુજરાત જાણે જનતાશાહી - વડીલશાહી પગની એડી નીચે ન કચડાઈ રહ્યું હોય! કોંગ્રેસ - આઈના ઉમેદવારોની જીતમાં મને મારી જીત - મારા મતની જીત, મારા વિશ્વાસ અને શ્રદ્ધાની જીત - સંભળાઈ રહી છે. જો કે મેં તો ૧૯૭૭ ની ચૂંટણીમાં પણ ઈન્દિરા કોંગ્રેસને જ મત આપ્યો હતો. તે મારે નિખાલસપણે કબૂલવું જોઈએ.

ઈન્દિરાજીના હૃદયમાં ભારોભાર દેશપ્રેમ ભર્યો છે, એવું હંમેશાં મને લાગ્યું છે. તેમના એ પ્રેમ પાછળ, તેમની પાછલી ત્રણ ચાર પેઢીનું બળ છે એ પણ ન ભૂલાવું જોઈએ. અલબત્ત, તેમનાથી ભૂલો થઈ છે, તેની ના નહીં, પણ ભૂલો કોનાથી નથી

થતી? માણસમાત્ર ભૂલને પાત્ર. પણ ગુજરાતે કે જનતા પક્ષે તેને બદનામ કરવામાં પાછું વાળીને જોયું જ નથી. અઢી વર્ષ સુધી દેશના લોકોએ જનતા પક્ષને સત્તાની લગામ સોંપી છતાં કોઈ પણ વ્યક્તિ ઈન્દિરાજીનો વાળ પણ વાંકો ન કરી શકી. તેથી ઊલ્ટું જેઓ એમ કરવા ગયા, તેઓ બદનામ થઈને જ પાછા પડયા. આજે ગાંધીજીના કહેવાતા વારસદારો આદુ ખાઈને તેની પાછળ પડયા છે! પરિણામ જનતા-કૉર્ટ ના બહાર પડી રહ્યા છે. ત્યારે મારું હૃદય પુલકિત થઈ રહ્યું છે. સરગુખત્યાર ઈન્દિરા હતાં કે સ્વર્ગસ્થ જયપ્રકાશ નારાયણ અને તેના સાથીદારો, એ નક્કી કરવાનું કામ ઈતિહાસકારોને સોંપી દઈએ. હું તો એટલું જ સમજું કે ઈન્દિરાજી દાયકા સુધી ઘર સંભાળીને બેઠાં તો હતાં! જ્યારે તમારા જનતાવાળા અઢી વર્ષ સુધી અંદરોઅંદર લડયા. પરિણામ, જગજાહેર છે. મૂળમાં, જયપ્રકાશજીને જે નેહરુ સાથે મનમેળ નહોતો, તેનો બદલો જાણે તેમણે ઈન્દિરાજીને બદનામ કરવામાં વાળ્યો. સરદારને થયેલા કહેવાતા અન્યાયે બિહાર અને ગુજરાત નજીક આવ્યા. નાણાં ખાતું ગુમાવીને દાઝેલા – દુભાયેલા શ્રી મોરારજી દેસાઈ આદિ ભળ્યા. પરિણામે, દેશે ચાગળ વધવાને બદલે વિનાકારણ પીછેહઠ સહન કરવી પડી. કટોકટી ઈન્દિરાજીએ નોંતી લાદી. જયપ્રકાશજીએ ઉભી કરી. શું પોલીસ કે લશ્કરને સરકારના હુકમોનો અનાદર કહેવાનું વ્યાજબી હતું? દેશમાં અરાજકતા સર્જવામાં કહેવાતી 'જનતા' નો ફાળો જ મુખ્ય હતો. ઈન્દિરાજી જો ખરેખર ગુનેગાર હતા તો તેમને જેલમાં પૂરીને તેમની ઉપર કામ ચલાવીને સજા શા માટે ન કરી? એ જાણવાનો પ્રજાને અધિકાર ખરો કે નહિ? જનતા સરકારે સત્તા ઉપર આવ્યા પછી કેવળ બે જ કામો કર્યા. એક ઈન્દિરાજીને ખોટી રીતે બદનામ કરવાનું. બીજું, મૂડીવાદીરોાને પોષવાનું અને ત્રીજું અંદોરોઅંદર લડી ઝઘડીને દેશને નબળો પાડવાનું. અને છતાં છેવટ સુધી જનતા પક્ષવાળા જનતાને જ મૂર્ખ બનાવાતા રહ્યા. રાષ્ટ્રપતિ તરીકે સંજીવ રેડ્ડીને પોતે જ બેસાડયા હોવા છતાં, જ્યાં સુધી પોતાના હાથમાં સત્તા રહી ત્યાં સુધી મધથી મીઠા રાષ્ટ્રપતિ. અવિશ્વાસની દરખાસ્ત પછી જેવી સત્તા ગઈ કે જનતાવાળાને કડવા ઝેર જેવા લાગ્યા. આમાં સ્વાર્થીપણા સિવાય બીજું છે શું?

ઠીક છે, રાજકારણ મારો વિષય નથી. પણ નૈતિક દૃષ્ટિએ પણ જે કંઈ બન્યું: ગુજરાત અને તેના આગેવાનો, પત્રકારો વગેરેએ જે માર્ગ પસંદ કર્યો એ નહોતો સાચો કે નહોતો સારો, એટલું પણ મોડે મોડે સમજાય તો યે ઘણું. હવે તો 'જનતા'નો ચૂકાદો લગભગ આવી જવામાં છે. જ્યારે શ્રીમતી ઈન્દિરાજીને માનભેર પાછા લાવીએ. જુઆન ઓફ આર્ક કે ઝાંસીની રાણી તરીકે તેમને બિરદાવીએ. તેમની સેવાની, તેમની ધગશની, અને તેના ત્રણ પેઢીથી રહેતા આવેલા દેશપ્રેમની કદર કરીએ તો યે ઘણું. નહીં તો ઈતિહાસની આરસીમાં ગુજરાત નગુણું ગણાશે-લેખાશે.

છેવટે અખાના પેલા જાણીતા છપ્પા સાથે જ વિરમીએ:

આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ
કહ્યું કશું ને સમજવું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.

ગુજરાતની પુત્રવધૂ શ્રીમતી ઈન્દિરા ગાંધીએ તો પોતાના આંધ સસરા જેવા બિહાર અને ગુજરાત રાજ્યને દેખતાં કર્યા, એમ કહી શકાય.

પોરબંદર, ૬-૧-૮૦ **હરજીવન થાનકી**

મૃત્યુ મરી ગયું....

અભ્યાસ વર્તુળના આશ્રયે તા. ૧૧ મી જાન્યુઆરીની સાંજે 'મૃત્યુ મરી ગયું' ના લેખિકા શ્રીમતી ઉષાબહેન શેઠ સાથે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ ખાસ હાજર રહ્યા હતા.

સભાનું કાર્ય શરૂ થતાં પહેલાં શ્રીમતી રમાબહેન ઝવેરીએ ભજન ગાઈ સંભળાવ્યું હતું.

શરૂઆતમાં અભ્યાસ વર્તુળના કન્વીનર શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રીમતી ઉષાબહેનનો પરિચય આપ્યો હતો.

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે કહ્યું હતું કે 'મૃત્યુ મરી ગયું' પુસ્તક વાંચી એમનાં પુત્રી અને પત્ની કેવા હચમચી ઊઠયા હતા અનું વર્ણન કરી પોતે પણ એક બેઠકે પુસ્તક વાંચી ગયા હતા એમ જણાવ્યું હતું. મૃત્યુ સામે નીતાએ આપેલી લડત, નીતાની માતા ઉષાબહેને પોતાની વહાલસોયી પુત્રીની કરેલી સુશ્રુષા અને નિશ્ચિત મૃત્યુ સાથે બંનેએ લીધેલી ટક્કરના પુસ્તકમાં કરેલા આલેખનથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા અને તેથી તેમણે આ પુસ્તકની પ્રતો ખરીદીને મિત્રોને વાંચવા આપી હતી. લેખિકા ઉષાબહેન શેઠનો પરિચય આપે એમના પુસ્તકનો વધુ લોકો રસાસ્વાદ લઈ શકે એ હેતુથી અભ્યાસ વર્તુળના આશ્રયે શ્રી ઉષાબહેનના વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે એમ એમણે જણાવ્યું હતું.

સંઘના મંત્રી શ્રી. ચીમનભાઈ જે. શાહે 'મૃત્યુ મરી ગયું, પુસ્તકે પોતાના ચિત્તહૃદય ઉપર કેવી ઘેરી અસર જન્માવી હતી તેનું તાદશ્ય ચિત્ર રજૂ કરી, પુસ્તકમાંથી વીણેલા કેટલાક ફકરાનું ભાવભર્યું પઠન કર્યું હતું. માતા તરીકે શ્રી ઉષાબહેને બીમાર દીકરીની કેવી કાળજી લીધી હતી તેમ જ નાહિમત થયા વિના જીવલેણ રોગ સામે મા-દીકરીએ કેવી બાથ ભીડી હતી તે પણ પુસ્તકમાંના કેટલાંક અંશો ટાંકી જણાવ્યું હતું. ખાસ કરીને નીતાના મૃત્યુ પછી એકલવાયાં, હતાશ અને લગભગ ભાંગી પડેલા શ્રી ઉષાબહેનને, લેખનકાર્ય અને બીજી પ્રવૃત્તિઓ પૂર્વવત ચાલુ રાખવા નીતાની સ્મૃતિ – જીવન સંદેશ કેવી રીતે પ્રેરે છે તેનું ચિત્તવેધક વર્ણન પુસ્તકમાંથી વાંચતા સભામાં હાજર રહેલા સૌના મન ઉપર ઘેરી અસર પેદા થવા પામી હતી.

શ્રીમતી ઉષાબહેન શેઠે એમના પ્રાસ્તવિક પ્રવચનમાં પોતે પુસ્તક લખવા કેમ પ્રેરાયા તેમ જ પુસ્તક લખવા પાછળ તેમનો કેવો હેતુ અને દૃષ્ટિ રહ્યાં હતાં તેનું સંક્ષિપ્તમાં બ્યાન આપ્યું હતું. સંસારની માયાજાળ અને અનેક પ્રવૃત્તિઓથી વીંટળાયેલા હોવા છતાં, માંદગીના બીછાને પડેલી દીકરીને એમની હૂંફના સાથ અને હાથની જરૂર એમને વરતાઈ એટલે બધું સંકેલી લઈને તે દીકરીમાં ઓતપ્રોત થઈ ગયા હતા. મા-દીકરીએ સમજપૂર્વક સંયુકત રીતે કેવી રીતે જીવનસંઘર્ષ ખેલ્યો હતો તેના કેટલાક હૃદયદ્રાવક પ્રસંગો તેમણે કહ્યા હતા.

શ્રીમતી ઉષાબહેનના વ્યકતવ્ય પછી શ્રોતાઓમાંથી પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં, જેમાં ઉષાબહેનનો જીવન પ્રત્યે અભિગમ કેવો છે, બીજું કયું કયું સાહિત્ય સર્જન કર્યું છે? નીતાને સારવાર આપનાર ડૉકટરો તેમ જ હૉસ્પિટલનો પુસ્તકમાં કેમ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી વગેરે જીજ્ઞાસા અને કુતૂહલપ્રેરક પ્રશ્નોથી માંડીને મૃત્યુનો ડર બાળક કરતાં મોટી ઉંમરના લોકોને કેમ વધારે સતાવે છે તેવા ગહન પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. શ્રી ઉષાબહેને ખૂબ સ્વસ્થતાથી આ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા જેનાથી શ્રી ઉષાબહેનના વ્યકિતત્વ, સમજ અને જીવનદૃષ્ટિનો વધારે પરિચય શ્રોતાજનોને થયો હતો.

આ પ્રસંગે સભામાં હાજર રહેલા અમદાવાદના લોકસત્તાના પત્રકાર શ્રી હીરાભાઈ શાહે મૃત્યુ મરી ગયું પુસ્તકના લેખિકા શ્રી ઉષાબહેનના પ્રતિભાસંપન્ન વ્યકિતત્વનો પરિચય આપતાં જણાવ્યું હતું કે, ઉષાબહેન કુશળ ગૃહિણી હોવા ઉપરાંત સાહિત્ય, કળા, અને સમાજસેવાનાં ક્ષેત્રે સક્રિય કામગીરી કરે છે. નીતાના બાળપણના ઉછેરથી માંડીને તેનામાં સંસ્કાર, જ્ઞાન અને કળારૂચિના સંસ્કાર તેમણે કેવી રીતે સિચ્યા હતા તેના કેટલાક પ્રસંગો શ્રી હીરાભાઈ શાહે કહ્યા હતા. શ્રી ઉષાબહેન નીતાના કેવળ માતા નહોતા, પરંતુ માંદગીના કપરાં અને તાવણીભર્યા દિવસો દરમ્યાન તેના સમયવયસ્ક સખી જેવા બની ગયા હતા. એક તેજસ્વી સંસ્કારસંપન્ન અને સમજુ સન્નારીએ માતા તરીકે દીકરની કરેલી સેવા-સુશ્રુષાની વાત આ પુસ્તકમાં આલેખાયેલી છે એમ કહેવું અધુરું છે. એક હોનહાર, સંસ્કારગર્ભ અને નવોદિત તેજસ્વી કુમારિકા મૃત્યુના મોંમાં કેવી રીતે હડસેલાઈ ગઈ અને માનવીનો પુરુષાર્થ મૃત્યુ આગળ કેવો અસહ્ય નીવડયો તેનું હૃદયદ્રાવક ચિત્ર પુસ્તકના પાને પાને જોવા મળે છે. પુસ્તકમાં છલોછલ કરૂણતા હોવા છતાં તેનો અંતિમ સંદેશો તો પ્રકાશનો છે.

શ્રી ચીમનભાઈ શાહે, સૌને શ્રી ઉષાબહેનનું પુસ્તક વાંચવાની ભલામણ કરી હતી અને ઉષાબહેનનો આભાર માન્યો હતો.

આંખો છે, તો યે અંધારાં છે?

નાનપણમાં અમે ગાતા કે "આંખ વિના અંધારું રે, સદાયે મારે આંખ વિનાનું અંધારું." આજે વિજ્ઞાને આંધળાને દેખતા કરવા માંડયા છે, અને ખૂબ જ પ્રચાર થઈ રહ્યો છે કે શરીર રાખ થવાનું છે પણ એ રાખ થયા પહેલા આંખો આપતા જાઓ, અન્યના જીવનમાં પ્રકાશ પાથરતા જાઓ.

એક કાળે કહેવાતું, કે પશુ પંખીના અનેક અંગોનો ઉપયોગ બીજાના લાભાર્થે થઈ શકે છે. એક માનવી જ એવો છે કે જેનું કશુંયે કામ આવતું નથી, પરન્તુ વિજ્ઞાને એ મહેણું ટાળ્યું છે; માણસની આંખો, કીડની, હાર્ટ અનેક અંગો અન્યના કામે આવે છે અને માનવી આપી પણ જાય છે.

આજે ખૂબ જ જેનો પ્રચાર થઈ રહ્યો છે, અને ઘણા લોકો આપી જાય છે તે આંખોની જ વાત કરવી છે. એક લેખ છે, સન્ડે સ્ટેન્ડર્ડમાં. લેખક છે, અંજના પાસરીયા લેખ વિચારવા જેવો છે માટે જ એનો અનુવાદ આપી રહી છું.

થોડા સમય પહેલા હું જ એક પ્રચારકને કહેતી હતી, કે તમે આંખોના દાન લીયો છો એ મજાનું કાર્ય છે, પરન્તુ કેટલા દેખતા થયા, દેખતા થયા પછી એમનામાં કયા ને કેવા ભાવ જાગ્યા, દેખતા થતાં શું કરે છે એટલે કે અંધ હતા મ્યુઝીક શીખ્યા, ભણી શકયા નથી, બીજું અન્ય કામ કરી જાણ્યું નથી એ દેખતા થયા પછી શું; કઈ રીતે જીવન ગુજારે છે? એ કંઈ ઉપયોગી કાર્ય કરી શકે, શીખી શકે એવી વ્યવસ્થા છે? દા. તીરકે અંધ છે, બ્રેઈલ લિપિ જ જાણી છે. દેખતા થયા પછી આંખ બંધ કરીને જ વાંચશે કે આંખે જોઈને નવી રીતે શીખશે! શીખી શકશે? આ બધો વિચાર થયો છે ખરો? આનો અર્થ એ તો નથી જ કે આંખો ન આપે. જરૂર આપે, પરન્તુ પછી શું? એ પણ પ્રચારકે વીચારવું જ રહ્યું અને અંધને પ્રકાશ આપ્યા પછી એ બીજી રીતના અંધકારમાં ડુબી ન જાય તે પણ જોવું જ રહ્યું.

જ્યારે ચીન સાથે યુદ્ધ થયું ત્યારે લોહીની માંગ ઘણી હતી, ઘણા લોહી આપતા. પરન્તુ ત્યારે પણ મને યાદ છે કે મિસિસ મુલગાંવકર કે જે એના મુખ્ય પ્રણેતા હતા તે કહેતાં કે ઘણું લોહી નકામું જ જાય છે, કારણ કે લેનાર આડેધડ લીધે જાય છે, એવું જ કંઈક અંશે કોર્નીયાનું થઈ રહ્યું છે, મહામુલી આંખો અંધારે અટવાઈ રહી છે.

એ લખે છે, કે "આમ થવાનું કારણ એક–બીજી સંસ્થા વચ્ચે સંકલન નથી." એક વર્ષમાં પોતાની ઈચ્છાથી આંખોનું દાન કરનાર લગભગ હજારેક કોર્નિયાનું દાન કરી જાય છે પરન્તુ એમાંના કેટલા કોર્નિયા બરાબર રીતે વપરાય છે તેનો અંદાજ નથી.

આ આંખની બેંકોમાં કામ કરનાર ડોકટરોના કહેવા પ્રમાણે ઘણા કોર્નિયાનો ઉપયોગ જ થતો નથી. કારણમાં ઢીલ. કોર્નિયા મળે ત્યારે દરદી ન હોય, અને દરદી હોય ત્યારે કોર્નિયા ન હોય એવું બને છે.

નાયરમાં આ માટે ચાર બિછાનાં છે, કોર્નિયા ગ્રાફ્ટીંગ માટે જ. છતાં વર્ષના ઘણા મહિનાઓ ઓપરેશન થિયેટર ખાલી જ રહે છે. ડોકટર કહે છે, કે એ માટે જ્યારે આંધો આવે છે ત્યારે આઈ બેંક પાસે કોર્નિયા હોતા નથી, ને જ્યારે એમની પાસે એ આવે છે ત્યારે અંધ ચાલી ગયા હોય છે, ને તે મોટે ભાગે ગરીબ હોય છે, રહેવાના ખાસ સરનામા આપી જતા નથી તેથી ફરી એમને બોલાવવા લગભગ અશકય બની જાય છે.

૧૭ વર્ષની છોકરી નામ જેનું બાલા, એ આવી. લગ્ન કરવાં જેવડી ઉમ્મર જે અંધ બની ગઈ હતી, એનો ભાઈ એને હોસ્પિટલમાં લઈ આવ્યો. તાત્કાલિક એના માટે કોર્નીયાની જરૂર હતી. અઠવાડિયાથી વધુ વખત એને હોસ્પિટલમાં રાખી, કોર્નિયા માટે દરેક આઈ બેંકમાં તપાસ કરી, જેની સંખ્યા મુંબઈમાં ખાસ ત્રણ છે. પરન્તુ ક્યાંયથી કોર્નીયાની પ્રાપ્તિ થઈ નહિ.

આવું ઘણાની બાબતમાં બન્યું છે; દરદી આવે, આઈ બેંક કે જે કોર્નિયા ભેગા કરે છે, અને એના ઓપરેશન કરીને ગ્રાફ્ટ પણ કરે છે ત્યાં તપાસ કરીએ ત્યારે કોર્નિયા મળતા નથી, આ આઈ બેંકો કોર્નિયા મુંબઈ ઉપરાંત કચ્છ, ઈંદોર, કલકત્તા વગેરે જગ્યાએ પણ મોકલે છે.

આનું સંકલન થવાની જરૂર છે; કોર્નિયા ગ્રાફ્ટીંગમાં, ખાસ અગત્યની વાત છે સમયની. મરનારની આંખો ચાર કે પાંચ કલાકની અંદર લેવાવી જોઈએ ને બીજામાં એનું ગ્રાફ્ટીંગ ૪૮ થી ૭૨ કલાકની અંદર થવું જોઈએ. જેટલા કોર્નિયા ફ્રેશ તેટલું પરિણામ સારું.

જાણીતી મોટી હોસ્પિટલમાં આઈ બેંક છે, પરન્તુ ત્યાં નથી એનો વોર્ડ કે નથી એ જાતના ઓપરેશનની સગવડતા. પરિણામે એતો ફકત કોર્નીયા ભેગા કરવાનું અને જ્યાં એ સગવડતા છે તેવી હોસ્પિટલમાં આપવાનું કાર્ય જ કરી શકે છે, અને એ જ્યાં ઓપરેશન થાય છે ત્યાં મોકલે, પરન્તુ જો ૪૮ કલાકમાં અંધ ન મળે તો એ બીજી જગ્યાએ મોકલવામાં આવે છે. અને ત્યાં પણ જો એ સમયે અંધ ન મળે કે લિસ્ટ પર ન હોય, કે લીસ્ટ પર હોય પણ સરનામું ન મળે, પરિણામે ઢીલ થતી જાય છે.

આઈબેંક થોડી હોસ્પિટલોમાં છે, પરન્તુ ઓપરેશનના સાધનો ત્યાં નથી; નાયર હોસ્પિટલમાં એનાં ઓપરેશન એપ્રિલ ૧૯૭૮ થી માર્ચ ૧૯૭૯ સુધીમાં ૨૫ જેટલાં થયાં, ત્યાંના ડોકટરો કહે છે, કે અમારી પાસે દરદીઓ તો ઘણા આવે છે ને એમાંના અમુકને ફાયદો થશે જ તેમ લાગે છે, તે જોઈને આઈબેંક પાસે કોર્નિયા માગીએ છીએ ત્યારે દુર્ભાગ્યે કોર્નિયા મળતા જ નથી , અને મળે છે ત્યારે એ દરદીનો પત્તો લાગતો નથી. ઉપરાંત આઈ બેંક વાળા તડાતડી કરે છે. પૂછે છે, જોઈએ છે કોર્નિયા છે? હા કે ના જલ્દી કહો. અને એમ કહેવાની શકયતા નથી, કારણ એ વખતે દરદી ત્યાં હાજર હોતા નથી, એનો કોન્ટેકટ કરતાં વાર લાગે છે અને એ આઈબેંકોને પરવડતું નથી.

ઉપરાંત ઓપરેશન કરનાર ડોકટરો પણ કોર્નિયા ગ્રાફ્ટીંગ કરતા સો ગળણે પાણી ગળે છે. કોર્નિયા તાજા છે કે જુના તે તો જાણતા નથી, તેથી ફાયદો થવાને બદલે નુકસાન થાય તો? ખરી રીતે તો જ્યાં આઈબેંક છે ત્યાં જ ઓપરેશનની સગવડતા જોઈએ અને જ્યાં ઓપરેશનની સગવડતા છે ત્યાં જ આઈબેંક જોઈએ. તો જ એનું સારું પરિણામ આવી શકે.

આ ઉપરાંત આનાં ઓપરેશન માટે જોઈતાં સાધનો પણ પૂરતાં નથી. ઓપરેટીંગ માઈક્રોસ્કોપની જરૂર હોય છે, જેનાથી ડોકટર આંખનો નાનામાં નાનો ભાગ જોઈ શકે. કોઈ ભાગ તો વાળથી પણ પાતળો છે. જો આ સાધન ન હોય તો એ ભાગ દેખાય નહિ અને જો ન દેખાય તો ડેમેજ થવા સંભવ ઊભો થાય છે તે સમજી શકાય છે.

નાયર હોસ્પિટલમાં સાત વર્ષની સતત મહેનત પછી એ માટેનું આવશ્યક સાધન મળ્યું, જેનાથી દાતાનું કોર્નિયા બરાબર રીતે લઈ શકાય.

'આંખો આપો' તે પ્રચારની જેમ વધુ જરૂર છે, તે જ રીતે એનો ઉપયોગ બરાબર થાય તે પણ જોવાની જરૂર છે. અને હા, ઓપરેશન કર્યા પછી ખાસ સંભાળ લેવાની પણ એટલી જ જરૂર છે. આવે છે, તે મોટાભાગે ગરીબ આવે છે. હોસ્પિટલ એમને એકાદ કે વધુમાં વધુ બે મહિના રાખી શકે, પરન્તુ આ ગ્રાફ્ટીંગ પછી લગભગ બે થી ત્રણ મહિના એની સાર–સંભાળ લેવી પડે છે, અને મોંઘી દવાની પણ જરૂર રહે છે. ડોકટર ચવ્હાણ કહે છે કે ઘણી વખત તો આ દરદીઓ આંખો વધુ ખરાબ લઈને આવે છે, કારણ કે વધુ વખત તેમની સારસંભાળ લેવાનું અશકય છે, અને એ પોતે અભણ હોય છે તેથી કરવાનું કરતા નથી. પરિણામે મળવું જોઈએ તે ફળ મળતું નથી જ.

આ બધું લખવાનો એટલે કે આ લેખનો અનુવાદ કરવાનો અર્થ એ નથી જ કે આંખો આપવાનું કાર્ય ઢીલમાં પડે, એનો પ્રચાર જરૂરી છે જ, તો સાથે જે પ્રાપ્ત થાય છે તે કોર્નિયા દરેકે દરેક વપરાય, અંધોની દુનિયા ઉજવળ બને તે પણ જોવાની જરૂર છે, અને તે દિશામાં પણ હવે પગલાં લેવાં જરૂરી છે.

ગરીબ અંધને આંખો આપીએ, તેનાથી જ કાર્ય પૂર્ણ થતું નથી, ભલે થોડા કોર્નિયા ભેગા થાય, પરન્તુ જે ભેગા કરીએ તે બધા જ વપરાય, અને વપરાયા પછી મેળવનારની પૂરી સારસંભાળ લેવાય, તો જ આ કાર્ય સંતોષકારક કર્યું કહેવાય. બાકી તો જેમ મેં આગળ લખ્યું કે લોહી અપાય, પણ બધું નકામું જાય, અને પેલા ધાયલનો જાન પણ જાય એનો કશો અર્થ નથી. તેવું જ આમાં ન થાય તે જોવાની પણ હવે જરૂર ઉભી થઈ છે. આશા રાખીએ કે આપણા સેવાભાવી ભાઈઓ જેટલો પ્રચાર, આંખો માટે કરે છે તેટલી જ ધગશથી આ દિશામાં પણ કંઈક કરશે જ.

[આ વિષય ઉપર કોઈ ડોકટરે અધિકારપૂર્વક લખવાની જરૂર છે. –તંત્રી]

– રંભાબેન ગાંધી

એ તો હું સાવ ભૂલી ગયો!

આપણને મનુષ્ય જન્મ મળ્યો છે. સારા સંસ્કારી સમાજમાં આપણે વસીએ છીએ. પૂરતો અભ્યાસ કરવાની પણ આપણને તક મળી છે. એ કારણે સાચું - ખોટું, સત્ય - અસત્ય, લાભ - નુકસાન, વગેરે સમજવાની આપણે ક્ષમતા ધરાવીએ છીએ. આપણને શિક્ષણનો જે લાભ મળ્યો છે એના કારણે સુઘડ કેમ રહેવું તે વિષે પણ સતત જાગૃત રહીએ છીએ.

આપણે દરરોજ નિયમિત રીતે બ્રશ કરીને મોઢું સ્વચ્છ કરીએ છીએ. સ્નાન કરીને શરીરને ચોકખું રાખીએ છીએ. નિયમિત શેવિંગ કરીને મોઢું ચક્ચકિત રાખીએ છીએ. તેલ નાંખીને માથું-વાળ વ્યવસ્થિત રાખીએ છીએ. આપણા બૂટને પોલીશ કરાવીએ છીએ. અરે કાંડાઘડિયાળ, ચશ્મા, પેન, વિગેરેને પણ જાગૃતિ રાખીને, દરરોજ સાફ કરીને સ્વચ્છ રાખીએ છીએ. કપડાં પણ દરરોજ ધોઈને ઈસ્ત્રી કરેલાં પહેરવાનો આગ્રહ રાખીએ છીએ. આ બધું કરીએ છીએ તે ખોટું નથી જ, સારું જ કરીએ છીએ. આ બધા આપણા તનને – શરીરને–સ્વચ્છ અને સુઘડ રાખવાને લગતા પ્રયત્નો છે, પરંતુ આપણા શરીરમાં જે પાયાની વસ્તુ છે- 'મન'–તેને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે આપણે બિલકુલ બેદરકાર રહીએ છીએ. તેને દરરોજ સ્વચ્છ રાખવાનો પ્રયત્ન તો કરતા નથી, પરંતુ તેના પર મેલના થર બાઝવા દઈએ છીએ.

આપણા મનુષ્ય જન્મનો મૂળ હેતુ મુક્તિ મેળવવાને લગતો છે. તે મૂળ વાતને આપણે સાવ વીસરી જઈએ છીએ અને ફક્ત એશ–આરામમાં ડૂબી જઈએ છીએ. જેમ તનને સુઘડ રાખવા માટે અમુક સમય દરરોજ આપી છીએ તેમ મનની તંદુરસ્તી માટે દરરોજ થોડો સમય તો ફાળવવો જ જોઈએ–એના વિષે આપણે બીલકુલ બેધ્યાન રહીને આપણે પોતે આપણને અન્યાય કરી રહ્યા છીએ.

આ શરીર ક્ષણભંગુર છે. મૃત્યુ ક્યારે આવે તેનો કોઈ મુકરર સમય કોઈના માટે નથી હોતો. આપણી હાજરીની સામે નાના-બાળ પણ ઘડીના છઠ્ઠા ભાગમાં મૃત્યુને શરણ થતા આપણે જોઈએ છીએ. આગલી સાંજે જેને આપણે મળ્યા હોઈએ તેના વિષે પણ બીજા દિવસે અચાનક મૃત્યુના સમાચાર આપણને મળતા હોય છે અને એવા સમાચારથી આપણે આંચકો અને આઘાત અનુભવીએ છીએ, પરંતુ એમ છતાં આપણે જાગૃત થતા નથી. આપણા જીવનનું જે લક્ષ્ય છે–મુક્તિ–તેના વિષે આપણે કોઈ જ પ્રયત્ન કરતા નથી. આમ ને આમ જીવન પૂરું થશે અને અચાનક મૃત્યુ આવીને ઊભું રહેશે ત્યારે આપણને ઈશ્વર પૂછશે કે જે કામ માટે તને મોકલ્યો હતો તે કામમાં તું કેટલો સફળ થયો! કેટલી પ્રગતિ કરી? ત્યારે આપણે ફરજિયાત એમ જ જવાબ આપવો પડશે ને કે "એ તો હું સાવ ભૂલી જ ગયો."

આના માટે પ્રસ્તુત એવો નીચેનો દાખલો વાંચો :

મારું મૂળ વતન બોટાદ પાસે હામાપર. વીસ વર્ષ પહેલાં ત્યાં ટપાલની કોઈ સગવડ નહોતી. એટલે બે ચાર દિવસે કોઈ નજીકના શહેરમાં જતું હોય તેની સાથે ટપાલ, ટપાલપેટીમાં નાખવા મોકલવી પડે. અરજન્ટ જરૂરી ટપાલ લખી હોય ત્યારે ખાસ માણસને મોકલવો પડે.

એક દિવસ જરૂરી ટપાલ લખવી પડી. ગામમાં કોઈ નહોતું, બધા મજૂરી કરવા ખેતરે ગયેલા. એક મોટી ઉમ્મરના પટેલ બેઠા હતા, તેમને વિનંતી કરી કે આ ટપાલ અરજન્ટ નાંખવાની છે. તેમણે કહ્યું કે 'એમાં શું, લાવો હું નાંખી આવું'. "નીંગાળા" ગામ અમારા ગામથી ૧૦ કિલોમિટર દૂર. સવા પટેલે ઘોડી તૈયાર કરી. સામાન નાંખીને ઘોડી પર બેસીને તૈયાર થયા. ટપાલ ખીસામાં નાખી અને ટપાલ નાંખવા માટે તે "નિંગાળા" ગયા. ત્યાં પહોંચતા ગામના ઝાંપામાં જ કોઈ સ્નેહીજન મળ્યું અને ખબર–અંતર પૂછયા. ચા - પાણી માટે ઘેર આવવાનો આગ્રહ થયો – તે તેના ઘેર ગયા. ડાયરો જામ્યો – વાતો ચાલી. ચા - પાણી પત્યા એટલે સવા પટેલે, "લ્યો ત્યારે રામ - રામ" કરીને રજા માગી. અને તેઓ પાછા હામાપર આવ્યા.

ગામને પાદર જ તેઓ મળ્યા. તેમને પૂછયું કે, "પટેલ, ટપાલ ડબામાં નાખી આવ્યા ને?" તેમણે માથું ખંજવાળતા અને જરા ઝંખવાણા પડતા કહ્યું કે: "અરે શેઠ, એ તો હું સાવ ભૂલ ગયો."

અરે ભલા માણસ, ખૂબ જ જરૂરી કામ હતું, એ ટપાલ મોડી પહોંચે તો મોટું નુકશાન જાય એમ હતું એટલે તમોને ખાસ ટપાલ નાખવા મોકલેલા અને તમો એ જ ભૂલી ગયા.

પટેલની ભૂલ તો થઈ – તેનો વીસ કીલોમીટરનો પ્રવાસ ફોગટ ગયો – અને અમને નુકસાન થયું.

તો, આપણે શું આમ જ કરવા માગીએ છીએ? જે કામ આપણને સોંપવામાં આવ્યું છે તે શું જિંદગીના અંત પહેલા પૂરું કરવાની ઈચ્છા નથી થતી? કામ પૂરું ત્યારે થાય, જ્યારે આપણે તેની શરૂઆત કરીએ. શરૂઆત કર્યા પછી સતત તેની ચિન્તા સેવીએ. તેની પાછળ પડીએ – ખૂબ જ જાગૃતિ રાખીએ અને તેમાં તલ્લીન થઈ જઈએ.

પરંતુ, અહીં તો હજુ શરૂઆત જ નથી કરી ત્યાં કામ પૂરું કરવાની વાત જ ક્યાંથી આવે!

માટે, જાગ્યા ત્યારથી સવાર ગણીને, હવે આપણે બેદરકારી છોડીને, ઈશ્વરે આપણને સોંપેલા કામ તરફ દ્રષ્ટિ કરીએ, તે કરવાની શરૂઆત કરીએ. ભલે ધીમી ગતિએ કરીએ પરંતુ કરીએ તેટલું ખૂબ જ ચોક્કસ રીતે કરીએ. ભલે ધીમે ધીમે આગળ વધાય, પરંતુ નિયમને ન તોડીએ. નિયમ હશે તો ભલે મોડું, પણ લક્ષ્ય-સ્થાને પહોંચાશે.

પરંતુ વર્ષોનો, અને સૂક્ષ્મ રીતે વિચારીએ તો યુગોનો, આપણો મહાવરો જુદો છે. આપણે બહારની દુનિયામાં જ ઘુમરી મારી રહ્યા છીએ. ભૌતિકતાને જ સુખ સમજીને બેઠા છીએ. ગળથુથીમાં પણ એ જ સંસ્કાર આપવામાં આવે છે. માટે એ દિશા બદલવી એ ઘણી આકરી વાત છે – અઘરી વાત છે. એમ છતાં જો થોડીક જાગૃતિ આપણામાં હશે તો આવી સાચી વસ્તુ સમજવા માટે આપણે ઝબકીને જાગીશું અને એ આજ સુધીની આળસનો જો આપણા મનમાં સંકોચ હશે તો ઝાંઝવાના જળની પાછળ આપણે જે દોટ મૂકી છે ત્યાં બ્રેક લાગશે અને આપણે આપણા માલ્હલા સાથે અનુસંધાન સાધવા પ્રયત્ન કરીશું. અને આ વાત સમજાણી, અનુસંધાન સંધાણું પછી અંતરનો આનંદ વધશે. બાહ્ય જગત મિથ્યા લાગશે, અને જેનો આજ સુધી સ્વાદ ચાખવા નહોતો મળ્યો તે અમૃતફળ જેવા નિજાનંદનો અલૌકિક સ્વાદ ચાખીશું– પછી તો તેમાં દિવસાનુદિવસ પ્રગતિ જ થવાની છે. માટે, આપણા પોતાના ઉત્થાન માટે આપણે આપણને પોતાને ઓળખીએ – આપણે આપણી પોતાની સાથે થોડો થોડો સમય ગાળીએ – અંતરદર્શન કરવાનો પ્રયત્ન કરીએ – તેમાં સફળતા મળે એવું ધ્યેય રાખીને એ દિશાએ સતત આગળ વધતા રહીએ – પછી ભલેને અચાનક મૃત્યુ આવે. ઈશ્વરે આપણને સોંપેલા કામ વિશે જવાબ આપણે આપી શકીશું. ઓછામાં ઓછું, "એ તો હું સાવ ભૂલી ગયો" એમ કહીને તેના ગુનેગાર તો નહિ જ બનવું પડે.

– શાન્તિલાલ ટી. શેઠ

લોકશાહીનો પાયો

કુટંબમાં નાનું બાળક પરાધીન હોય છે. એને મોટેરાંઓ પાસેથી અનેક પ્રકારની મદદ લેવી પડે છે. અને મોટેરાંઓ એને મદદ તથા સારા સંસ્કાર આપે છે, તો એ બાળક મોટું થઈને કુટુંબને ઢાંકવાની શક્તિ મેળવે છે, અને કુટુંબની આબરૂ પણ વધારે છે.

એ જ નિયમ આખા સમાજજીવનને લાગુ પડે છે. કુટુંબ, પ્રસંગ પડયે ગામ માટે ઘસાય, ગામ તાલુકા માટે ઘસાય, તાલુકો જિલ્લા માટે ઘસાય, જિલ્લો, રાજ્ય માટે ઘસાય, રાજ્ય રાષ્ટ્ર માટે અને રાષ્ટ્ર સમગ્ર દુનિયા માટે ઘસાય, તો જ આ બધા એકમો અને સમગ્ર સમાજ સમતુલ વિકાસ સાધી શકે. ગીતામાં બતાવેલ યજ્ઞચક્ર ચાલે, તો જ સમાજનો વિકાસ થાય. આ યજ્ઞચક્રમાં સ્વેચ્છાએ વિશાળ હિત માટે ત્યાગ-ભાવના સમાયેલી છે.

આજે આપણા સમાજમાં ત્યાગભાવનાની જગ્યાએ ભોગભાવના પ્રબળ થયેલી દેખાય છે. એથી લોકશાહીનાં મૂલ્યો અદશ્ય થયેલાં દેખાય છે. જો ખરેખર આપણે લોકશાહી સ્થાપવા માગતા હોઈએ તો ભોગભાવનાની જગ્યાએ પોતાની ઈચ્છાએ ત્યાગભાવનાને અપનાવવી. મોટા માણસો એવું કરશે તો નાનાં એમને અનુસરશે.

ચમનલાઈ મહેતા

☆ સુંદર કરીને સુંદર થઈએ ☆

તે દિવસે લાંબી રઝળપાટને પરિણામે ખૂબ થાકી-પાકી હું, ઘરે પહોંચી. રસ્તે કોઈ સામે મળે તો નમસ્તે'ય ઝીલવાની જાણે ત્રેવડ નહોતી રહી. આંગણાનો ઝાંપો ખોલી, થોડું ચાલી ઘરનાં બારણાં ખખડાવતાં જાણે અનુભવ્યું કે કોઈ અત્યંત મૃદુ સ્પર્શ મારો બરડો પસવારે છે. અચાનક મારી નજર દૂર ઝૂમતાં પેલા યુકેલિપ્ટસ પર નજીક ઊભેલી બોરડી પર અને સામેની બદામડી પર પડી.....

સ્પર્શ તો આવ્યો ને ગયો, પણ એ સ્પર્શનાં આંગળાંની છાપ જાણે અમિટ અંકાઈ ચૂકી ન હોય, તેમ હજી આજેય એવી તાજી ને તાજી અનુભવું છું. આંગળીઓનું એ પસરાવું, ટેરવાંઓથી નિઝરતું એ 'કશુંક જાણે મને દૂર દૂર ખેંચી ગયું શૈશવને ઝરણે, જ્યારે અનેક વાર આવો જ મીઠો મૃદુ સ્પર્શ દેહના કણેકણને અકથ્ય શાતા પહોંચાડતો હતો.

આમ તો ઘણીય વાર આ વૃક્ષોની ડાળીએ ઝૂલતાં પાન પર મનોમન મેં મારો હાથ પસવાર્યો છે. પણ જાણે કશુંક આપી રહી છું તેવી સતત સભાનતા સાથેનું એ પસવારવાપણું હતું. એટલે આજના સ્પર્શથી હું ચોંકી ગઈ. એમની સાથેના મારા સંબંધનું જાણે પરિમેય જ બદલાઈ ગયું. શલ્યાને અહલ્યામાં બદલવાનું સામર્થ્ય ધરાવનાર પાવક સ્પર્શ હતો એ અમારા પરસ્પરના પરિચયની અનેક વણદીઠી ક્ષિતિજો એણે વિસ્તારી મૂકી.

આવું જ કંઈ તે દિવસે અનુભવ્યું, જ્યારે ભરબપોરે અચાનક આકાશમાં વાદળાં ઘેરાઈ ગયાં અને જોતજોતામાં તો ધરતી આખી ભીંજાઈ ગઈ અને માટીમાંથી ઊઠી એક મીઠી ફોરમ! આ પહેલાં પાણી તો એને ઘણું પાયું હતું. ગ્રીષ્મના પ્રખર તાપે એ બળી-ઝળી ઊઠેલી, ત્યારે નળનું ઢગલાબંધ પાણી ઢોળ્યા કરેલું, પણ ત્યારે સુગંધનું નામનિશાન નહીં; ને આજે? આભેથી વરસતા બુંદબુદ દ્વારા જાણે માટીના કણેકણનો સ્ફોટ થતો હતો અને એ મિલનમાંથી મ્હેક પરિણમતી હતી. પૃથ્વી પરના કોઈ સુગંધી સેન્ટ અત્તર એની તોલે ન આવી શકે એવી અદ્‌ભુત ફોરમ!... રોજ પગ તળે કચડાતી અને તોયે શાતા અને મૃદુતાનો અનુભવ કરાવતી માટીનો આ નવો પરિચય હતો! સુગંધ ફેલાવીને કશાક અજ્ઞાત સાથે જાણે એ બાંધી લેતી ન હોય!... ગીતાના શ્રીકૃષ્ણે 'પૃથ્વીની પુણ્યસુગંધ' થવાનું કેમ પસંદ કર્યું હશે, એનું રહસ્ય ત્યારે સમજાયું.

આમ તો આ આકાશ ને આ ધરતી, આ વૃક્ષો ને આ પશુ-પંખી આપણી કેટલી નજીક છે! રોજ આપણે જોઈએ, રોજ ભટકાઈએ અને છતાંય જાણે મુંબઈની લોકલના નોકરી કરતા મુસાફરો! આંખ જાણે આંખનું કામ જ ન કરે. હૈયું તો જાણે પલળી ગયેલી સીમેન્ટની કોથળી! કંઈ નિસ્બત જ નહીં!

પણ ખેરિયત છે. આપણી કે હજી એ સૌએ એમની આપણી સાથેની નિસ્બત ટાળી દીધી નથી. હાથ ફેલાવીને બાથમાં ભીડી લેવા જાણે તત્પર એ ઊભાં છે. આપણા હૃદયના આનંદવિષાદને ઝીલવા જાણે પ્રતિક્ષણ એ તૈયાર છે! સૃષ્ટિના રહસ્ય અપરંપરપાર છે. ઉત્સુકતાની આંગળી પકડી રહસ્યમયતાની કેડીએ ચાલ્યા જ કરીએ, ચાલ્યા જ કરીએ ને વળી કોઈક પડદો ખૂલી જાય. અપરિચિતતાનો ઘૂંઘટ હઠી જાય. પ્રત્યેક ઘટનાની પોતાની પ્રસવક્ષણ હોય છે. એ એની મેળે જ પાકે. આપણું કામ સાદ પૂરવાનું. કોયલ ટહુકા ઉપર ટહુકા કર્યા જ કરે અને આપણે પંડિતાઈના થોથામાંથી માથું બહાર કાઢી જ ન શકીએ એવા કમભાગી ન બનીએ. સૃષ્ટિ એ જીવનનો અર્થ-કોશ છે. એમાં કેવળ પર્યાયવાચી શબ્દો જ નહીં મળે. નામ, રૂપ, ગંધ સમેતના સુંદર વિકલ્પો, પર્યાયો, પ્રક્રિયાઓ અને ઉકેલ એમાંથી જડશે.

એવા જ કોક દિવસની વાત બાળકોના સંસ્કાર-ઘડતર અને માનવના ભવ્ય વારસાની ગડમથલ કરતી હું ચિંતાતુર થઈને બહાર પગથિયે બેઠી હતી. અમુક નૈતિક મૂલ્યોને કેવી રીતે બાળકોની ગાંઠે બાંધી આપવાં, જેથી સાવ દળદર હાલતમાં પણ કશુંક તો તેમની પાસે રહી જ જાય. એવું એવું કંઈ ચિંતવ્યા કરતી હતી ને ત્યાં અચાનક મારી નજર, સામેની ડાળી પરના ફૂલ પર ગઈ. જોયું તો, જાણે મરકમરક એ હસતું ન હોય! થોડી ઠપકાભરી અને પૃચ્છાભરી નજરે એની સામે એકીટસે જોઈ રહી ત્યારે તો વળી એની ડાળી ઝુલાવી ઝુલાવીને જાણે ચોમેર ઘૂમે! પછી જાણે હસતું હસતું કહે: "આ મારી ડાળીએ મને સંસ્કારવારસો આપવાનો કયો કાર્યક્રમ યોજેલો? ક્યાં પુસ્તકો વાંચેલાં, કઈ પરિષદો ભરેલી?... અને છતાંય જો, હું ફોરમું છું કે નહીં, હસું છું કે નહીં, ખીલું છું કે નહીં..."

અને મને યાદ આવી ગઈ પ્રિયકાંત મણિયારની પંક્તિ- "ડાળને ન લાગતો ફૂલનો બોજ કદી...."

અને એટલે જ તે દિવસે ભારતીની નાનકડી ગ્રીષ્માને રમાડવા ગઈ ત્યારે જાણે દેવદર્શને જતી હોઉં તેવી ભરી ભરી ગયેલી. પૃથ્વી પરના શ્વાસોચ્છ્વાસ સાથે હજી પહેલો પરિચય સાધતું એ નાનકડું બાળ! પણ એની આંખોમાં જાણે સાત સમુંદર ઊમટયાં ન હોય! સ્વપ્નોનો અથાગ મહાસાગર! અનાયાસ એની માને મારાથી કહેવાઈ ગયું "બહેન, આને તારાં સ્વપ્નાંને સિદ્ધ કરવાનું માધ્યમ ન બનાવીશ. બને તો એની આંખોમાં રેલાતાં સ્વપ્નોને વાંચવાનો પ્રયત્ન કરજે. એ આપણા ખાલી પાલવને ખોબે છલકાવવા આવી છે. એ 'દેવની દીવેલ' છે, આપણે 'પૃથ્વીના લીંબિલ' છીએ. એને માટે વધુમાં વધુ કંઈ કરી શકીએ તો તે આટલું જ- એમને માટે પૂર્ણ મોકળાશ! સંપૂર્ણ નિરંતરાયતા!"

અને મને યાદ આવી ગઈ પેલી રંજના! એક દિવસ અચાનક આવી ધ્રુસકે ધ્રુસકે રડે. શાંત પાડી. દુ:ખનું કારણ જાણ્યું તો- "મારું જીવન તો સાવ રોળાઈ ગયું. બહેન! હવે તો હું ક્યાંયની ન રહી! ક્યાં મારી પેલી યશસ્વી કારકીર્દિ ને ક્યાં આજની મારી જિંદગી! હું શું હતી ને શું બની ગઈ..." બેન્કની ૭૦૦-૮૦૦ રૂ.ની નોકરી છોડીને ઘર અને બાળક સંભાળવાનું અસહ્ય દુ:ખ (!) એના માથે આવી પડેલું! શું કહું હું એને! ઓફિસના ટેબલ પર પડેલી ફાઈલોનાં પાના ને પાનાં ઉથલાવવામાં જેનું જીવન અટવાઈ ગયું હોય તેને ચૈતન્યનો સ્પર્શ-મહિમા કેવી રીતે ગળે ઉતારવો! ગૌરવ અને પ્રતિષ્ઠા સ્વયંજાત છે, એને ઉધાર નથી આપી શકાતાં.

તેમ છતાંય, કશું જ પૂર્ણ સત્ય નથી. સત્યના અંશ સર્વત્ર પથરાયેલા છે. ક્યારેક ભ્રમ પણ સત્યની નજીક પહોંચાડી દેવામાં નિમિત્ત બની જાય છે. પથ્થરની મૂર્તિમાં પરમેશ્વરનું આરોપણ એ ભ્રમણા પણ હોઈ શકે, પણ એ જ ઉપાસના દ્વારા અવ્યક્ત પરમેશ્વર સુધી કદાચ પહોંચીયે શકાય. એટલે જ અમાપ સૃષ્ટિને એ જેવી છે તેવી સ્વીકારવાની વાત. પેલા ઘૂઘવતા સાગરના મોજાં મને કહેતા રહે છે: કશાયનો તું અસ્વીકાર ન કરીશ. દુ:ખનોય નહીં, ટૂંપનોય નહીં ને હળાહળ ઝેરનોય નહીં!... કારણ, ક્યારેક ધખધખતા રણનો કિનારો પણ ભીનો મળી શકે!'

કશું જ અસંભવિત નથી એવી નમ્રતાપૂર્વકની સમજ સાથે પ્રત્યેક રહસ્યના સૌંદર્યનો તાગ મેળવતા જઈએ. ક્યારેક વિભિષિકામાં જ અફાટ સૌંદર્ય ગોપાયેલું પડયું હોય છે. ઓળખાણ મોટી ખાણ હોય કે ન હોય. પણ ઓળખાણથી ભય ઓછો થાય છે. ચાલો, આપણે સૌની સાથે પરિચય કરીએ. આકાશ, પૃથ્વી, જળ- વાયુ, વૃક્ષ-નદી, પહાડ-પથ્થર સૌને જાણી જાણીને, ચાહી ચાહીને સુંદર કરીએ એટલું જ નહિ, સુંદર થઈએ. પ્રેમમાં બેવડી તાકાત છે. પ્રેમ કરનાર ને પ્રેમ પામનાર બન્ને સુંદરતા પામે છે. જેવી રીતે વર્ષાઋતુના આ આકાશને આ ધરતી બન્ને પરમ સુંદર બન્યાં છે, એવી રીતે.

– મીરાં ભટ્ટ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬૬ મુદ્રણસ્થાન : મી સ્ટેટસ પીપલ્સ પ્રેસ, ક્રોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ફેબ્રુઆરી, ૧૯૮૦ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રજાસત્તાક દિન

આજના ૩૧મા પ્રજાસત્તાક દિનનું વિશિષ્ટ મહત્ત્વ છે. હમણાં જ અભૂતપૂર્વક ચૂંટણીમાંથી પસાર થયા છીએ. ચૂંટણીનું પરિણામ સર્વથા અણધાર્યું આવ્યું. કેટલાકે કહ્યું કે આમાં લોકશાહીનો વિજય છે, મતદારની પ્રૌઢતા બતાવે છે. બીજાઓ કહે છે આમાં લોક માનસની ચંચળતા અને અજ્ઞાનનું પ્રદર્શન છે. જે હોય તે વખત જતા ખબર પડશે. એક વાત સ્પષ્ટ છે. લોકશાહીના દીવા ચારે તરફ ઓલવાઈ રહ્યા છે ત્યારે ભારતમાં તે જ્યોત પ્રકાશમાન છે અને તેમાં ભાવિની આશા છે. આ જ્યોત ઝળહળતી રહે અને અત્યારે તેમાં ચંચળતા કે અજ્ઞાનતા જણાતી હોય તો તે દૂર થઈ, સાચી પ્રૌઢતા આવે એમ ઈચ્છીએ. આ જ્યોતને ઢાંકી દેવાનો કે બુઝવવાનો કોઈ પ્રયત્ન સહન ન કરીએ, એટલી શક્તિ અને નીડરતા આપણામાં આવે. રાષ્ટ્રપતિના વચનમાં ઈન્દિરા ગાંધીની સરકારે ખાત્રી આપી છે કે વર્તમાન અને ન્યાયતંત્રની સ્વતંત્રતા પૂરી ઝળવાશે. આપણે આશા રાખીએ કે આ ખાત્રીનો નિષ્ઠાપૂર્વક અમલ થશે.

કેટલાક કહે છે, આ સાચી લોકશાહી નથી. ૪૩ ટકા મત મેળવનાર ૬૬ ટકા બેઠકો લઈ જાય તેમાં અન્યાય છે. આ લોકશાહીમાં ચૂંટણી થયા પછી, લોકોનો અધિકાર અને સત્તા લુપ્ત થાય છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓ પાંચ વર્ષ ગમે તેમ વર્તે તેને અટકાવી શકાતું નથી. રાજ્યતંત્રમાં લોકોનો સતત સહયોગ અને અનુદાન રહેતા નથી. આ ફરિયાદમાં સત્યનો અંશ છે. આ સીધી લોકશાહી નથી, જેમાં લોકો પોતે નિર્ણયો કરતા હોય. આ પ્રતિનિધિવાળી લોકશાહી છે; Representative Democracy લોકો માત્ર પ્રતિનિધિઓની પસંદગી કરે છે અને તે પસંદગી પણ સર્વથા મુક્ત અને યોગ્ય હોતી નથી. આ પદ્ધતિમાં ઘણાં ફેરફારને અવકાશ છે અને જરૂર છે. પૈસાનું જોર ઓછું થાય, લોકોની પસંદગીના ઉમેદવાર હોય, લાયક વ્યક્તિ હોય, વિગેરે ઘણું કરવાનું રહે છે. પક્ષપલટાના રોગને ડામવાનો રહે છે. ઈન્દિરા ગાંધીએ મોટે પાયે પક્ષપલટા શરૂ કર્યા છે. સામૂહિક પક્ષપલટાનો પ્રયોગ કર્યો. ભજનલાલ મંડળીને સામૂહિક નિમંત્રણ કે લાલચ આપી એક રાજ્યનું તંત્ર કબજે કર્યું, બીજા રાજ્યોમાં તેમ કરવાના સબળ પ્રયત્નો થઈ રહ્યા છે.

વર્તમાન ચૂંટણીથી ૧૯૭૫ પહેલાની સ્થિતિએ ફરી આવ્યા છીએ. ઈન્દિરા ગાંધીનું શાસન ફરી શરૂ થાય છે. કટોકટીના ૧૮ મહિના અને જનતા શાસનના ૨૭ મહિના નાટકના વચગાળાના સમય જેવા લાગે, છતાં એક મોટો ફેર છે. વર્તમાન લોકસભા જુદા પ્રકારની છે, તેનું સ્વરૂપ નિરાળું છે. ઈન્દિરા ગાંધીના પક્ષના ૩૫૦ સભ્યોમાં ૧૫૦ જેટલા નવા છે, તેમના નેતા સંજય ગાંધી છે. તેમનું સભ્યપદ અને અસ્તિત્વ ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીને જ આભારી છે. તેમની વફાદારી જુદા પ્રકારની, વ્યક્તિગત હશે. કોઈ સિદ્ધાંત કે નીતિ ઉપર રચાયેલ તે વફાદારી નથી. લોકસભાની આ ચાર દિવસની બેઠકમાં સંજય ગાંધી અને તેમના સાથીદારોનો મિજાજ જોઈ લીધો. આ સભ્યોએ સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લીધો નથી, ત્યાગ-બલિદાન જોયા નથી, ગાંધીયુગ તેમને માટે ભૂતકાળ છે. તેમનું ધ્યેય સફળતા છે, કોઈપણ માર્ગે, કોઈપણ સાધનથી. નવી પેઢી છે, તેમનાં મૂલ્યો જો કાંઈ હોય તો, જુદા છે.

રાજકીય દ્રષ્ટિએ એમ લાગે છે હજી પક્ષપલટાઓ અને નવા જોડાણો થશે. કેટલાક રાજ્યોમાં નવી ચૂંટણીઓ થશે. બને ત્યાં સુધી વધુમાં વધુ રાજ્યો ઉપર પોતાની સત્તા જમાવવા ઈન્દિરા ગાંધી સઘળા પ્રયત્નો કરશે. ૧૯૭૪ સુધી કેન્દ્રમાં અને મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસની સત્તા હતી તેવી પરિસ્થિતિ થશે. તત્ત્વત : તેમાં ખોટું નથી.

૧૯૭૧માં બંગલા દેશના યુદ્ધમાં વિજયી થયા ત્યારે પ્રજાએ તેમને મોટી બહુમતિ આપી. ૧૯૭૨માં રાજ્ય વિધાન સભાઓમાં મોટી બહુમતિ મળી. ગરીબી હટાવવાનો નારો આપ્યો હતો. ૧૯૭૪ સુધી તેમાં અસરકારક સફળતા મળી ન હતી. બલ્કે આર્થિક સ્થિતિ વણસતી રહી. ૧૯૭૫માં તેમની સત્તા ઉપર સીધું આક્રમણ આવ્યું. અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાથી અને જયપ્રકાશનાં આંદોલનથી ત્યારે તેમની પ્રકૃતિની બીજી બાજુ સરમુખત્યારની પ્રકટ થઈ. ફરીથી મોટી બહુમતિ મળી છે. તેમની સત્તાને આંચ આવે એવા કોઈ સંજોગો હાલ નથી. એટલે તેમની શક્તિ દેશનાં આર્થિક અને બીજા પ્રશ્નો હલ કરવામાં કામે લાગે એવી આશા રાખી શકીએ.

આ પ્રશ્નો અતિ વિકટ છે અને તેમની બધી શક્તિ માગી લે છે. આજના પ્રજાસત્તાક દિને, રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજ્યોનાં ગવર્નરો અને મુખ્ય મંત્રીઓ, સૌએ પ્રજાને ઉદ્‌બોધન કર્યું છે, પ્રજાનો સહકાર માગ્યો છે અને શ્રદ્ધા અને વિશ્વાસ, ખંત, ધૈર્ય અને મહેનતની અપેક્ષા રાખી છે. ઉદ્‌બોધન કરનારના જીવનમાં આમાંનું અંશતઃ પણ હશે તો તેની કોઈક અસર થાય. સત્તાના સૂત્રો સંભાળ્યા પછી ઈન્દિરા ગાંધીએ યોગ્ય કહ્યું છે કે તાત્કાલિક ધ્યાન માગી લે તેવા બે પ્રશ્નો છે : કાયદો અને વ્યવસ્થા તથા ભાવ વધારો, મોંઘવારી અને ફુગાવો. કાયદો અને વ્યવસ્થા ઘણાં કથળી ગયા છે. ઘણાં શહેરોમાં અને મોટા ભાગના ગામડાઓમાં ગુંડાઓનું રાજ્ય થયું છે. પોલીસ તંત્ર સર્વથા શિથિલ અને ભ્રષ્ટાચારી છે.

ભાવવધારો, મોંઘવારી અને ફુગાવા માટે કડક પગલાં લેવાં પડશે. અત્યારે કેટલીક વસ્તુઓના ભાવો ઘટયા છે તે કડક પગલાં સિવાય, લાંબો વખત ટકશે નહિ. ઉત્પાદન ઘટયું છે, મજુર આંદોલનો હડતાળ અને તેને કારણે તાળાબંધી-વધ્યા છે. ફુગાવાના ઘણાં કારણો છે. કોલસા, વીજળી, વિગેરેની સખ્ત તંગી, પેટ્રોલીયમ અને ખનીજ તેલોનો ભાવ વધારો, નિકાસમાં ઘટાડો વિગેરે. આ બધા તાત્કાલિક અસરકારક પગલા માગે છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ફુગાવાનું એક કારણ લશ્કરી ખર્ચમાં વધારો બની રહેવા સંભવ છે.

સમાજવાદની, ગરીબી હટાવવાની વાતો ઘણી કરી છે. હકીકતમાં, ગરીબ, તવંગર વચ્ચેની ખાઈ વધારે ઊંડી અને પહોળી થઈ છે. આર્થિક અને સામાજિક રચના પાયાના ફેરફાર માગે છે. ઈન્દિરા ગાંધી પાસે ૨૦ મુદ્દાના કાર્યક્રમને ફરી સજીવન કરવા સિવાય બીજો કોઈ કાર્યક્રમ દેખાતો નથી. કદાચ સંજય ગાંધીનાં પાંચ મુદ્દા તેમાં ઉમેરાશે. મીલકત અને આવકની ભયંકર અસમાનતા ઓછી કરવી હોય તો તેના ઉપર સીધું આક્રમણ કરવું પડશે. મિલ્કત અને આવકની ટોચમર્યાદા બાંધવી પડે. રાજકારણી વ્યક્તિઓની સત્તાલાલસાને વખોડીએ છીએ તો આપણા લોભને થોભ સ્વીકારવો જોઈએ. સ્વેચ્છાએ કરીએ તેટલું અસરકારક થાય. ગાંધીજીએ ટ્રસ્ટીશિપનું કહ્યું તે આકાશી વાત નથી. સરકાર મોટા કરવેરા નાખે તે માર્ગ નથી. સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર, દુર્વ્યય, પક્ષપાત ભારોભાર ભર્યા છે. સંગ્રહખોરી, નફાખોરી, કરચોરી, વિગેરે અટકાવવા, અટકાયતી ધારો કર્યો છે. કાયદાથી આ

થવાનું નથી. કાયદામાં દુરૂપયોગનો ભય સદા રહે છે. રાજકીય હેતુથી તેનો ઉપયોગ થાય તેવી બધી શક્યતા રહે છે.

અંતે, રાષ્ટ્રીય ચારિત્રનો પ્રશ્ન છે. આગેવાન વ્યક્તિઓમાં ભ્રષ્ટાચાર અને અપ્રમાણિકતા ભર્યા હશે તો તેમના ઉદ્બોધનથી પ્રજાને કોઈ અસર થવાની નથી. તેમના જીવનમાં સાદાઈ અને પ્રમાણિકતાનો અભાવ છેવટ તેમને નિષ્ફળતા આપશે. ધનવાનોમાં તેમના ધનનું ભૂંડું પ્રદર્શન–સમારંભોમાં અને અન્યથા–જોઈએ છીએ તે સામે પ્રજાનો રોષ થવો જોઈએ. આપણી એક મોટી રાષ્ટ્રીય ક્ષતિ કામચોરી છે. શહેરોમાં સંગઠિત મજૂર સંગઠનોનું એક વલણ, ઓછામાં ઓછું કામ કરી વધુમાં વધુ વળતર મેળવવું રહ્યું છે. તેનો ચેપ બધે લાગે છે. આવી વૃત્તિનું એક કારણ આવકની મોટી અસમાનતા છે. બુદ્ધિશાળી વર્ગો અને મૂડીવાદીઓ તેમની મહેનતના પ્રમાણમાં અતિ ઘણી આવક કરે છે તેથી ઈર્ષા પેદા થાય છે. પછી બધા ધનની પાછળ દોટ મૂકતા થાય છે.

આ બધામાં માનસપલટો કરવાનું કામ સંત પુરુષો અને સમાજના શ્રેષ્ઠ પુરૂષો સરસ રીતે કરી શકે. માત્ર ઉપદેશો અને પ્રવચનોથી તે થવાનું નથી. તેથી જીવન પરિવર્તન નથી થતું. પૈસાદાર અને સુખી વર્ગને માનસિક સંતોષ લેવાનું સાધન છે. કાર્યાન્વિત ન થાય ત્યાં સુધી મિથ્યા છે. સાધુ સંતોએ લોકોની વચ્ચે જઈ બેસવું જોઈએ. લોકોના સુખદુઃખના ભાગીદાર થવું જોઈએ.

પ્રજાસત્તાક દિને આવું કોઈક આત્મનિરીક્ષણ કરીએ.

૨૬-૧-૮૦ – ચીમનલાલ ચકુભાઇ

અફઘાનિસ્તાન

અફઘાનિસ્તાન ઉપર રશિયાના આક્રમણથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિસ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. રશિયા આક્રમણ કર્યાનો ઈનકાર કરે છે અને કહે છે, અફઘાન સરકારના આમંત્રણથી રશિયન લશ્કર, અધફઘાનિસ્તાનના બચાવ માટે ગયું છે. આ કથન નરાતળ જુઠાણું છે. આ બનાવના સૌથી વ્યાપક પ્રત્યાઘાતો અમેરિકા ઉપર પડ્યા છે. રશિયાએ યોજનાપૂર્વક આક્રમણ કર્યું છે. અફઘાનિસ્તાનનું લશ્કર છે-૬૫૦૦૦-તેના કરતાં વધારે લશ્કર-૮૫૦૦૦– રશિયાનું અફઘાનિસ્તાનમાં ગયું છે. શસ્ત્રસરંજામ મોટા પ્રમાણમાં ખડકયો છે. આખો દેશ લગભગ કબજે કર્યો છે. પૂરી પૂર્વતૈયારી વિના આ શક્ય નથી.

અત્યાર સુધીના, રશિયા અને અફઘાનિસ્તાનના સંબંધો વિચારવા જેવા છે. તે સંબંધો દીર્ઘકાળથી ગાઢ રહ્યા છે. અફઘાનિસ્તાન ઘણી રીતે રશિયાની મદદ ઉપર આધાર રાખતું રહ્યું છે. ૧૯૭૩માં રશિયાની સહાયથી અફઘાનિસ્તાનના રાજા ઝાકીર શાહને હટાવી, જનરલ દાઉદખાન સત્તા પર આવ્યા. પણ ૧૯૭૬-૭૮ માં દાઉદખાને નીતિ બદલાવી, ઈરાન, પાકિસ્તાન, સાઉદી અરેબિયા, ઈજીપ્ત વિગેરે દેશો સાથે સંબંધો બાંધ્યા અને રશિયાથી દૂર ગયા. રશિયા આથી ચેત્યું. મુસ્લિમ રાજ્યો નજીક આવે અને તેમાં અફઘાનિસ્તાન સામેલ થાય તે રશિયાને ભયરૂપ હતું. અફઘાનિસ્તાનમાં એક તરફ સામ્યવાદી પક્ષ હતો બીજી તરફ મુલ્લાંઓ હતાં. ઈસ્લામીક પવન જોરથી ફૂંકાતો હતો. સામ્યવાદી પક્ષના આગેવાનો તરાકી અને કરમલે મળીને એપ્રિલના ૧૯૭૮માં જનરલ દાઉદને હટાવ્યા. રશિયાને આ ફેરફાર આવકારપાત્ર હતો. ત્યાર પછી રશિયન લાગવગ અને હાજરી ઘણી વધી. છેલ્લા ૨૦ મહિનામાં ત્રણ રાજ્યપલટા થયા. તરાકીને હટાવી અમીન આવ્યા. અમીન સામ્યવાદી હતા પણ રશિયાને પૂરા વફાદાર ન લાગ્યા. એટલે અમીનને દૂર કરી રશિયાએ કરમલને સત્તા પર મૂક્યા. મુલ્લાઓનો વિરોધ આ બધા સમય દરમિયાન ચાલુ રહ્યો છે અને વધ્યો છે. રશિયાએ છેવટે નિર્ણય કર્યો કે આ વિરોધ અને મુલ્લાઓને સમૂળગા દૂર કરવા અને દેશનો સંપૂર્ણ કબજો લેવો તે માટે આક્રમણ કર્યું.

આ બનાવથી પ્રમુખ કાર્ટરને આઘાત લાગ્યો છે. રશિયા સાથેના સંબંધો સુધારવા કાર્ટરે ખૂબ પ્રયત્નો કર્યા. રશિયાએ દગો દીધો એવું હવે કાર્ટરને લાગે છે. અમેરિકની પ્રતિષ્ઠાને અને અમેરિકાના આંતરરાષ્ટ્રીય હિતો - ખાસ કરી મધ્યપૂર્વના - ને મોટો ધક્કો પહોંચે છે. પણ કાર્ટરને અંગત ઘા લાગ્યો છે. તેની સમગ્ર વિદેશનીતિમાં પરિવર્તન લાવવું પડે તેવું બન્યું છે. રશિયાએ આવું કેમ કર્યું અને બધા દેશો કરતા અમેરિકાને સૌથી વધારે આઘાત કેમ લાગે છે?

બીજા વિશ્વયુદ્ધ પછી રશિયા અને અમેરિકા વચ્ચે વર્ષો સુધી ઠંડું યુદ્ધ ચાલ્યું અને સામ્યવાદને દુનિયામાં ફેલાતો અટકાવવાની નીતિ (Policy of Containment) અમેરિકાએ અપનાવી પછી તે વલણ બદલાવી, સહઅસ્તિત્વની નીતિ સ્વીકારી. શસ્ત્રાસ્ત્રોની આંધળી દોટને રોકવા કરારો કર્યા - વ્યાપારી સંબંધો સુધાર્યા. વૈજ્ઞાનિક ક્ષેત્રે પરસ્પર સહાયની નીતિ સ્વીકારી - રશિયા હવે એ બધું ફગાવી દેતું હોય તેમ અમેરિકાને લાગે છે અને ફરી ઠંડા યુદ્ધનું વાતાવરણ પેદા થયું છે.

આફ્રિકાના કેટલાક દેશો–એંગોલા, ઈથિયોપિયા વિગેરે–માં સીધો રીત અને કયુબા મારફત રશિયાએ પોતાની લાગવગ વધારી છે. હવે મધ્યપૂર્વમાં પકડ જમાવવી છે. મધ્યપૂર્વમાં ઈજીપ્ત, ઈઝરાયલ સાઉદી અરેબિયા, જોર્ડન વગેરે દેશો અમેરિકાની અસર તળે છે. ઈરાક, દક્ષિણ યમન વિગેરે દેશોમાં રશિયાની લાગવગ છે. ઈરાનની ક્રાન્તિએ પરિસ્થિતિમાં મોટો પલટો આણ્યો. ખોમૈની અમેરિકાનો વિરોધ કરે છે. સાથે સામ્યવાદનો પણ વિરોધી છે. ઈસ્લામના આક્રમણનું મોજું ચારે તરફ ફરી વળ્યું છે. અફઘાનિસ્તાનમાં તેની અસર થાય અને રશિયાના મધ્ય એશિયામાં ત્રણ કરોડ મુસ્લિમોનો છે તેને પણ અસર થાય. રશિયાને આ કોઈ વાતે પોસાય તેમ નથી. એટલે અફઘાનિસ્તાનનો કબજો લઈ, પોતાના વર્ચસ્વ નીચેનું એક રાજ્ય વચ્ચ ખડું કરવું. વળી ઈરાનમાં ખોમૈનીનું તંત્ર ગમે ત્યારે તૂટી પડે અને અરાજકતા થાય તો તે પણ કબજે કરવું. ત્યાંના સામ્યવાદી પક્ષ મારફત રશિયાને ઈરાનના આખાતમાં અને ત્યાંથી અરેબીયન સમુદ્ર અને હિંદી મહાસાગરમાં સીધો બંદરી પ્રવેશ મળે એવી મહત્ત્વાકાંક્ષા દીર્ઘકાળથી છે. પણ તે બધા ઉપરાંત તેલના બધા ક્ષેત્રો ઉપર કાબૂ મેળવવો એ પણ લાંબાગાળાની નેમ જણાય છે.

અમેરિકા કોઈ વાતે આ સહન કરે તેમ નથી. રશિયાની લશ્કરી તાકાત ઘણી વધી છે. વિયેટનામના પરાજય પછી અમેરિકા પાછું પડ્યું છે. કાર્ટરની નીતિ શાન્તિની રહી છે. રશિયા તેનો લાભ ઉઠાવવા માગતું હોય તેમ લાગે છે. અમેરિકાની તાકાત રશિયા કરતાં જરાય ઓછી નથી. તેને ઊભી કરતા વાર લાગે છે. પણ એ વિરાટ જાગે ત્યારે તેની સામે થાવું સહેલું નથી. કાર્ટર ભારે રોષે ભરાયા છે. રશિયાના આક્રમણને રોકવું જ જોઈએ એ દૃઢનિશ્ચયી લાગે છે.

પણ તેમ કરવામાં અમેરિકાને ધાર્યું સીબતો છે. રશિયા અને અફઘાનિસ્તાનને મોટી સામાન્ય સરહદ છે. એટલે લશ્કર મોકલી શકે છે. અમેરિકા માટે તે શક્ય નથી. વળી અમેરિકા હજી યુદ્ધ કરવા ઈચ્છતું નથી. યુદ્ધ કર્યા સિવાય, રશિયા ઉપર દબાણ લાવવું છે. આંતરરાષ્ટ્રીય લોકમત જાગ્રત કરવો એક માર્ગ છે. રાષ્ટ્ર સંઘમાં બહુમતીથી રશિયન આક્રમણને વખોડવામાં અમેરિકને સફળતા મળી છે.યુદ્ધ સિવાય. બીજા આર્થિક અને નાકાબંધીના પગલાં લેવા બીજો માર્ગ છે. પણ તેમાં દુનિયાના દેશોનો સહકાર જોઈએ. બધા દેશો એવો સહકાર આપે તેમ નથી

કાર્ટરને પોતાની વિદેશ નીતિમાં કેટલાક પાયાના ફેરફાર કરવા પડ્યા છે. કાર્ટર નૈતિક સિદ્ધાંતોમાં અને માનવીય અધિકારોના રક્ષણમાં દૃઢપણે માને છે. તે સાથે આણુશસ્ત્રોનો વિકાસ અટકાવવો અને શસ્ત્ર ઉત્પાદન અને વેચાણની મર્યાદા બાંધવી એ પણ તેમના સિદ્ધાંતો છે. પાકિસ્તાન સાથેના સંબંધો આ સિદ્ધાંતોને કારણે બગડ્યા હતા. હવે પાકિસ્તાનને મોટા પ્રમાણમાં લશ્કરી અને બીજી સહાય કરવા ફરજ પડે છે. કેટલે દરજ્જે આ માર્ગ સફળ થાય તે વિષે શંકા છે, છતાં બીજો ઉપાય નથી. અત્યાર સુધી ચીન અને રશિયા સાથે સમાન ધોરણે અમેરિકાના સંબંધો હતા. હવે ચીન સાથે વધારે મૈત્રી કેળવવી પડે છે. ચીનને મોટી સહાય કરવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાના રક્ષણમંત્રી ચીન જઈ આવ્યા.

અમેરિકા, રશિયાને મોટા પ્રમાણમાં અનાજ પૂરું પાડે છે તે તત્કાળ બંધ કર્યું. અમેરિકાના ખેડૂતોને મોટું નુકસાન થશે. અમેરિકાના અર્થતંત્રને ધક્કો પહોંચશે. બીજા પગલાં પણ લીધા છે. આવા પગલાં બહુ સફળ થતા નથી. બીજા દેશો મારફત રશિયા મેળવી લેશે. પણ મૂંગે મોઢે સહન કર્યું નથી એમ બતાવવું જોઈએ.

અમેરિકાને મિત્રોના પૂરો સહકાર નથી. મૌખિક રીતે રશિયન આક્રમણ વખોડે છે. પણ ફ્રાન્સ, જર્મની, જાપાન વગેરે દેશો આર્થિક પ્રતિબંધ અને નાકાબંધી કરવા તૈયાર નથી. બ્રિનટનનો પૂરો સાથ છે. આફ્રિકા અને એશિયાના દેશોનો સાથ છે પણ તે બહુ અસરકારક નિવડે નહિ. રશિયા, સત્તાનું નગ્ન તાંડવ ખેલવા તૈયાર થયું છે. પાકિસ્તાન અને ઈરાનને પણ ભય છે. અફઘાન શરણાર્થીઓ લગભગ ચાર લાખ પાકિસ્તાન ગયા છે. અફઘાનિસ્તાનમાં રશિયા સામે વિરોધ છે, પણ સંગઠિત નથી. આગેવાન નથી – આ વિરોધીઓને પાકિસ્તાન આશ્રય આપે છે એવું બહાનું કાઢી, રશિયન લશ્કર પાકિસ્તાનમાં જાય તે અશક્ય નથી. બલુચીઓ અને પુખ્તુ પઠાણોને ઉશ્કેરે અને બલુચિસ્તાનને જુદું પાડે. જનરલ ઝીયા લોકપ્રિય તો નથી જ.

ઈરાનની સરહદ ઉપર રશિયાએ મોટી લશ્કરી જમાવટ કરી છે. ઈરાનમાં પણ કેટલાક પ્રદેશોમાં ખોમેની સામે બળવો છે. ઈરાનને અમેરિકા માટે સદ્‌ભાવ નથી - આરબ રાજ્યો દ્વિધામાં છે. પશ્ચિમ-મનાં દેશો, ખાસ કરી, ફ્રાન્સ અને જર્મની, રશિયા સાથેના સંબંધો બગાડવા તૈયાર નથી, તેમને તો વેપાર વધે અને લાભ થાય – રશિયા કહે છે. We know capitalism better. તેમને નૈતિક મૂલ્યો નડતા નથી. કેટલાકનો અભિપ્રાય છે કે અફઘાનિસ્તાન સદા રશિયાના વર્ચસમાં રહ્યું છે. It has been in Russian Sphere Of influence ભારતમાં બ્રિટિશ રાજ્ય હતું ત્યારે બ્રિટને બે વખત યુદ્ધો કરી, રશિયાની મહાત્વાકાંક્ષા ઉપર અંકુશ મૂકવા પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી, પેશાવર અટકી ગયા. અત્યારે બન્યું છે તે અકસ્માત નથી. તેમાં વધારે પડતું માની લેવાની જરૂર નથી. ફ્રાન્સ, જર્મની, જાપાન વિગેરે માને છે કે કાર્ટર વધારે પડતા અકળાયા છે. Carter has over-acted. એડવર્ડ કેનેડીએ પણ કાર્ટરની આવીજ ટીકા કરી છે.

બીજો મત એવો છે કે રશિયા ૧૫૦૦ વર્ષથી સામ્રાજ્યવાદી રહ્યું છે. ઝાર હોય કે સામ્યવાદી હોય, બન્ને વિસ્તારવાદી છે. યુરોપમાં અને એશિયામાં, પશ્ચિમે અને પૂર્વમાં ઘણો વિસ્તાર કર્યો છે. હવે દક્ષિણમાં આક્રમણ શરૂ કર્યું છે. આ આક્રમણને નહિ રોકિએ તો રશિયાની સત્તા લાલસા દુનિયાને ભરખી જશે. અરધું યુરોપ અને અરધું એશિયા રોકીને બેઠું છે.

અમેરિકામાં આ વરસે પ્રમુખપદની ચૂંટણી છે. તેનો પડઘો પણ આ બનાવમાં પડતો દેખાય છે. આ ચૂંટણીને અનુલક્ષી કાર્ટરે ખૂબ મક્કમ દેખાવા પ્રયત્ન કર્યો છે. કેનેડી કાર્ટરને ભીડવવા તૈયાર થયા છે. પણ અમેરિકન પ્રજા કાર્ટર સાથે લાગે છે. તેથી અમેરિકામાં તેની પ્રતિષ્ઠા વધી છે. પણ અમેરિકા યુદ્ધ માટે તૈયાર નથી. યુદ્ધ કરે પણ કેવી રીતે? ચારે તરફ લશ્કર, નૌકાદળ, વાયુદળ ગોઠવ્યા છે. ઈજીપ્તમાં, ટર્કીમાં, ઓમનમાં, સોમાલિયામાં, પાકિસ્તાનમાં અને બીજા અનેક સ્થળોએ.

આપણે ક્યાં ઊભા છીએ? વીસ દિવસમાં ઈન્દિરા ગાંધીએ પરસ્પર વિરોધી નિવેદનો કર્યાં છે. કોઈ પણ રાજ્યમાં વિદેશી દખલગીરી થાય એ અમને માન્ય નથી એવા સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. પણ રશિયાએ અફઘાનિસ્તાનમાં દખલગીરી કરી છે એમ નથી કહ્યું. બલ્કે એમ કહ્યું કે, અધાનિસ્તાનના આમંત્રણથી રશિયન લશ્કર ત્યાં આવ્યું છે અને અફઘાનિસ્તાનની ઈચ્છા હશે ત્યારે પાછું જશે એમ રશિયા કહે છે તે ન માનવાને અમારે કોઈ કારણ નથી. પાકિસ્તાનને મોટા પ્રમાણમાં શસ્ત્રો અપાય છે તેનો આપણે સખ્ત વિરોધ કર્યો છે. તેથી ભારતને ભયરૂપ છે એ વાત સાચી છે. અમેરિકા, ચીન અને પાકિસ્તાન ત્રણે આપણી વિરુદ્ધ થાય અને રશિયા એક મિત્ર રહે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. ૧૯૭૨માં ચીની આક્રમણ સમયે અમેરિકાએ આપણને મોટી સહાય કરી હતી. બંગલા દેશના યુદ્ધ વખતે, નિક્સન કિસિન્જરને કારણે અમેરિકા આપણું વિરોધી રહ્યું અને રશિયાની સહાય ન હોત તો આપણે મુસીબતમાં મૂકાત. પરિણામે રશિયા સાથે મૈત્રીકરારો કર્યા.

પરિસ્થિતિ વિસ્ફોટક છે, પણ યુદ્ધનું જોખમ લેવા કોઈ તૈયાર નથી. અચાનક સળગી ઊઠે તો જુદી વાત છે.

આ સંજોગોમાં ૫૦ અમેરિકનો બાન તરીકે ઈરાને પકડી રાખ્યા છે તે પ્રશ્ન ગૌણ બન્યો છે.

અત્યારના બનાવોમાં સાચા–ખોટાનો પ્રશ્ન નથી. સત્તાનો ખેલ છે. સામ્યવાદ અને મૂડીવાદનો પણ સંઘર્ષ નથી. ચીન અને અમેરિકા એક થયા છે. જે મુખ્ય પાત્રો આમાં ભાગ ભજવી રહ્યા છે, કાર્ટર, બ્રેઝનેવ, ખોમેની, બીજા દેશોના વડાઓ - તેમને પણ ખબર નહિ હોય કે આ બધું ક્યાં જઈ અટકશે. બધા કાળના રમકડા હોય તેમ લાગે છે. નિયતિના ધકેલ્યા ખેલ ખેલે છે. બે વિશ્વયુદ્ધો આવી રીતે જ ફાટી નીકળ્યા હતા. ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો તે મહાવિનાશકારી હશે એ ભય જ સૌને રોકી રહ્યો છે.

૨૭-૧-૮૦ – ચીમનલાલ ચકુભાઇ

શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

શ્રી. કસ્તુરભાઈ લાલભાઈનું ૮૬ વર્ષની પરિપકવ વયે અવસાન થયું. તેમનું જીવન બધી રીતે સફળ હતું. મોટા ઉદ્યોગપતિ હતા, ખાસ કરી મિલ ઉદ્યોગમાં અગ્રસ્થાને હતા. તેમની વ્યવસ્થાશક્તિ, વ્યવહારકુશળતા, નિર્ણયશક્તિ, દૃઢ મનોબળ વગેરે ગુણોનો અનુભવ તેમના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિને થતો.

જૈન સમાજના તેઓ અગ્રગણ્ય નેતા હતા. તેમનામાં વારસાગત ધાર્મિક સંસ્કારો હતા. આણંદજી કલ્યાણજીથી પેઢીના પ્રમુખ તરીકે તેમણે શ્વેતામ્બર જૈન તીર્થોની સુંદર સેવા કરી છે. આ બધા તીર્થોનો વહીવટ સ્વચ્છ, વ્યવસ્થિત અને આદર્શ બનાવ્યો. તીર્થોમાં યાત્રાળુઓ માટે અનેક સુવિધાઓ કરી, સાચા યાત્રાધામ બનાવ્યા. કસ્તુરભાઈને શીલ્પ–સ્થાપત્યની સારી સમજણ અને અનુભવ હતા. તેનો લાભ તીર્થોનો જીર્ણોદ્ધારને મળ્યો. જૈન ધર્મમાં તેમની અવિચળ શ્રદ્ધા હતી. અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી, સંશોધનની નમૂનેદાર સંસ્થા છે.

શ્રી કસ્તુરભાઈએ લાખો રૂપિયાના દાન કર્યાં છે. અને પોતાના પ્રભાવથી કરોડો રૂપિયાના દાન મેળવી અનેક સંસ્થાઓ રચી છે અને સેવાના કાર્યો કર્યા છે. ગુજરાતમાં રેલ સંકટ આવ્યું ત્યારે સરદારની પ્રેરણાથી તેમણે સુંદર સેવા આપી. ત્યાર પછી, રાષ્ટ્રની દરેક કુદરતી આપત્તિમાં રેલ, દુષ્કાળ, ધરતીકંપ, તેમની શક્તિનો અને દાનનો દેશને લાભ મળ્યો છે.

મને કસ્તુરભાઈનો અંગત પરિચય, ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ પ્રસંગે થયો અને પાંચ વર્ષ તેમની સાથે કામ કરવાની મને તક મળી. આ મહાન પ્રસંગ દેશ અને દુનિયાભરમાં ભવ્ય રીતે ઉજવાય એ જોવા હું ઉત્સુક હતો. તેમાં જૈનોના બધા ફિરકાઓનો સંપૂર્ણ સહકાર જરૂરી હતો. શ્રી કસ્તુરભાઈની આગેવાની સાંપડે તો સફળ કામ થાય એમ સૌને લાગ્યું. પણ શ્વેતામ્બર, દિગમ્બર વચ્ચે તીર્થોના ઝઘડા એક સદીથી ચાલે છે તેમાં આવો સહકાર અને આગેવાની મેળવવા સહેલું ન હતું. સદ્‌ભાગ્યે, તેની પ્રથમ મિટીંગ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનને ત્યાં મળી ત્યારે શ્રી કસ્તુરભાઈ આવ્યા અને નિખાલસતાથી સહકાર આપ્યો અને પ્રમુખપદ સ્વીકાર્યું. શ્રી શાન્તિપ્રસાદ જૈન, શ્રી શ્રેયાંસપ્રસાદ, શ્રી લાલચંદ હીરાચંદ અને અન્ય દિગમ્બર આગેવાનોએ પણ આદરપૂર્વક શ્રી કસ્તુરભાઈની આગેવાનીને સ્વીકારી અને આ મહાન પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો. મતભેદોને ભૂલી જઈ એક થઈ કામ કરવાના આ પ્રસંગમાં આગેવાનોનું શાણપણ હતું. મૂર્તિપૂજક સમાજના કેટલાક મુનિઓ અને તેમના અનુયાયીઓનો વિરોધ હતો તેને કારણે શ્રી કસ્તુરભાઈને સારીપેઠે સહન કરવું પડ્યું પણ તેઓ મક્કમ રહ્યા.

આ પાંચ વર્ષ શ્રી કસ્તુરભાઈના પરિચયમાં હું ઠીક રહ્યો. તેઓ મિતભાષી હતા. પત્રવ્યવહારમાં પણ મુદ્દાસર લખાણ હોય. બહુ ચર્ચા કરવી તેમને પસંદ ન હતી. પોતાનો અભિપ્રાય જણાવી દે અને બીજા તે સ્વીકારશે એમ અપેક્ષા રાખે. સ્પષ્ટ વકતા હતા, કેટલીક વખત ખોટું લાગી જાય એટલી હદે. છતાં, ખુલ્લું મન રાખતા અને બીજાના અભિપ્રાયનો આદર કરતાં, પાંચ વર્ષમાં મતભેદનો કોઈ પ્રસંગ આવ્યો ન હતો. મારી એવી છાપ રહી કે શ્રી કસ્તુરભાઈને લોકસંપર્ક ઓછો હતો. લોકસંપર્ક તેમને બહુ પસંદ પણ ન હતો. છતાં તેમનાં પ્રત્યે લોકોનો આદર હતો, એટલે તેમની આગેવાની સ્વીકારતા. શ્રી કસ્તુરભાઈમાં એક મોટો ગુણ મેં જોયો કે તેઓ એકવચની હતા. એક વખત કહ્યા પછી તેમાં દૃઢ રહેતા. નિયમિતતાના આગ્રહી હતા. તેમની સાથે કામ કરતાં થોડો સંકોચ રહેતો; અંતર રહેતું. પણ જેનામાં વિશ્વાસ મૂકે તેને કામનો પુરો અવકાશ આપતા. સાંપ્રદાયિક ભાવ કેટલેક અંશે હતો પણ મનની ઉદારતા હતી અને વધુ તો વ્યવહારકુશળતા અને ડહાપણ હતું એટલે નિભાવી લેતા.

આ પાંચ વર્ષ દરમ્યાન શ્વેતામ્બર–દિગમ્બર આગેવાનો સારી પેઠે નજીક આવ્યા અને તેથી તીર્થોના ઝઘડાનો અંત આવશે એવી આશા બંધાણી, તેને માટે સારા એવા પ્રયત્નો પણ થયા. શ્રી કસ્તુરભાઈ પણ ઈ તૈયાર હતા. દુર્ભાગ્યે એ પ્રયત્નોને સફળતા ન મળી. કસ્તુરભાઈ કરી શકત એ બીજા કોઈ શ્વેતામ્બર મૂર્તિપૂજક આગેવાન કરી શકે એમ લાગતું નથી.

કસ્તુરભાઈ ધાર્મિક બાબતોમાં કેટલેક દરજ્જે રૂઢિચુસ્ત હતા, છતાં જાગ્રત હતા. સાધુ-સાધ્વીઓના શિથિલાચારથી ચિન્તિત હતા. તેની તપાસ માટે તેમના પ્રમુખપદે સમિતિ નીમાઈ હતી અને ચોંકાવનારી વિગતો તેમની સમક્ષ આવી હતી. પણ દુર્ભાગ્યે, બીજું દબાણ વધારેપડતું આવ્યું અને સમિતિ વિસર્જન કરવી પડી. કસ્તુરભાઈ જેવી સમર્થ વ્યક્તિ પણ આ બાબતમાં કાંઈ કરી ન શકયા એ ખેદની વાત છે.

કસ્તુરભાઈના પ્રભાવનું અને તેમની પ્રત્યેના આદરનું મુખ્ય કારણ તેમનું ચારિત્રબળ હતું. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, જીવનમાં સાદાઈ અને નીતિમત્તા, ખાનદાની અને સામાજિક જવાબદારીનું તીવ્ર ભાન, તેમના ગુણો હતા. તેમનું જીવન બધી રીતે ધન્ય હતું.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ વતી અને મારા વતી શ્રી કસ્તુરભાઈને હું શ્રદ્ધાંજલિ અર્પું છું.

૨૬-૧-૮૦ ચીમનભાઇ ચકુભાઈ

શ્રમણી વિદ્યાપીઠ

મુંબઈ, ઘાટકોપરમાં આઠ વર્ષથી સ્થાનકવાસી મહાસંઘ તરફથી શ્રમણી વિદ્યાપીઠ ચાલે છે. સાધ્વીજીઓ અને દીક્ષાર્થી બહેનો અભ્યાસ કરે છે. પાંચ વર્ષનો અભ્યાસક્રમ છે. વિદ્વાન પંડિતો મારફત શિક્ષણ અપાય છે. જૈન દર્શનના બધા અંગો, તે સાથે હિન્દી તથા અંગ્રેજીનો અભ્યાસ કરાવાય છે. સ્થાનકવાસી સમાજમાં સાધુઓ કરતાં સાધ્વીજીઓની સંખ્યા ઘણી વધારે છે. કેટલાક વિદ્વાન અને પ્રભાવશાળી સાધ્વીજીઓ છે. બીજા મોટી સંખ્યાનાં સાધ્વીજીઓને આવા અભ્યાસની જરૂર હતી એટલે શ્રમણી વિદ્યાપીઠ શરૂ કર્યું. આઠ વર્ષમાં સંખ્યાબંધ સાધ્વીજીઓ અને દીક્ષાર્થી બહેનો વિદ્યાપીઠમાં અભ્યાસ કરી જ્ઞાનપ્રાપ્તિ કરી છે.

જેને ગુરુપદે સ્થાપવા છે તેમનામાં જ્ઞાન હોવું આવશ્યક છે. આપણે દીક્ષા દેવા જેટલા ઉતાવળ છીએ તેના પ્રમાણમાં દીક્ષાર્થીની યોગ્યતાનો વિચાર કરતા નથી. માત્ર વેશપલટો કરવાથી ગુરુપદ પ્રાપ્ત થતું નથી. આપણી દૃઢ માન્યતા છે કે ગુરુવિના જ્ઞાન નથી. અહીં જ્ઞાનનો અર્થ આત્મજ્ઞાન છે, ભૌતિક જ્ઞાન નહિ. ભગવાન મહાવીરે કહ્યું છે. પઢમમ્ નાણમ્ તવો દયા, પહેલા જ્ઞાન પછી દયા. એટલે કે સાચું જ્ઞાન ન હોય તો સાચી દયા સંભવતી નથી. ધર્મનો બીજો અર્થ દયા છે. એનો મર્મ સમજવા જ્ઞાન આવશ્યક છે.

આપણે વેશ અને બાહ્ય ક્રિયાને વધારે મહત્ત્વ આપીએ છીએ. જ્ઞાન વિનાની ક્રિયા માત્ર જડ ક્રિયા બની રહે છે. ભગવાને કહ્યું છે, જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. જડ ક્રિયા અથવા શુષ્ક જ્ઞાન બન્ને નિષ્ફળ છે.

જૈન સમાજમાં સાધુ સાધ્વીઓ પ્રત્યે અનહદ આદર અને ભક્તિ છે. દરેક ધર્મમાં ધર્મગુરુ પ્રત્યે શ્રદ્ધા ભક્તિ હોય છે. જૈન સમાજમાં સવિશેષ છે કારણ કે, જૈન સાધુ સાધ્વીઓનો ત્યાગ અને વૈરાગ્ય અનુપમ છે. ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન મુનિ માટે આચાર ધર્મ ઘડયો તે હજી જળવાઈ રહ્યો છે.

પણ તેમાં જ્ઞાનની ઘણી ઊણપ આવી છે. એક સમય હતો કે, જ્યારે ગુરુ પોતાના શિષ્યોને જ્ઞાન આપતા. હવે સમય બદલાયો છે. દીક્ષા આપતા પહેલાં, જ્ઞાનનો પાયો બંધાય તે જરૂરનું છે. દીક્ષા પછી પણ જ્ઞાનની ઉપાસના જીવન ભર ચાલુ રહે છે. રહેવી જોઈએ.

જૈન સાધુ - સાધ્વીઓને માત્ર જૈન દર્શન કે આગમોનું જ જ્ઞાન હોય તે પર્યાપ્ત નથી. અન્ય ભારતીય દર્શનો અને દુનિયાના બીજા ધર્મો તથા વર્તમાન વિચાર પ્રવાહોથી તેઓ પરિચિત હોય તે જરૂરનું છે. અંતે તો ધર્મ જીવનના બધા વ્યવહારમાં માર્ગદર્શક ભોમિયો બનવા જોઈએ અને તો જ ધર્મની સાર્થકતા છે. તેથી વર્તમાન જીવનની સમશ્યાઓ અને તેને પહોંચી વળવાના ઉપાયની ઊંડી સમજણ ન હોય તે ધર્મનો ઉપદેશ અસરકારક અથવા જીવનમાં ઉપયોગી બનતો નથી. ધર્મ અને વ્યવહારને તદ્દન જુદા પાડી દઈ, ધર્મની આદર્શ વાત જ કરીએ તે સાંભળવામાં સારી લાગે, પણ વર્તનમાં ઊતરતી નથી.

આ દૃષ્ટિએ આપણા મુનિઓ અને સાધ્વીઓ સાચા અર્થમાં ધર્મગુરુ - જીવનના માર્ગદર્શક ભોમિયા - બને એમ ઈચ્છતા હોઈએ તો તેમને આ બધું જ્ઞાન જેટલા વિશાળ પ્રમાણમાં હશે તેટલે દરજ્જે તે સાર્થક થશે.

શ્રમણી વિદ્યાપીઠની કાંઈક આવી કલ્પના છે. સાધુઓ માટે પણ એવી વિદ્યાપીઠની એટલી જ જરૂર છે. ખરી રીતે, એ નિયમ હોવો જોઈએ કે, દીક્ષા લેતા કે આપતા પહેલાં, ઓછામાં ઓછો અમુક અભ્યાસ હોવો જોઈએ. જૈન સમાજે આ દિશામાં દુર્લક્ષ સેવ્યું છે.

સ્થાનકવાસી સમાજની શ્રમણી વિદ્યાપીઠ મુંબઈમાં ૮ વર્ષથી ચાલે છે. પણ ઘણા સાધ્વીઓ અને દીક્ષાર્થી બહેનો મુંબઈ આવી શકતા નથી. કચ્છમાં સ્થાનકવાસી સાધ્વીઓ અને દીક્ષાર્થી બહેનોની મોટી સંખ્યા છે. તેથી કચ્છી ભાઈઓએ આવી એક શ્રમણી વિદ્યાપીઠ કચ્છમાં શરૂ કરવાનો નિર્ણય કર્યો. તેનું ઉદ્ઘાટન કરવા ૨૨ મી જાનેવારીએ હું કચ્છ ગયો હતો. લોકોમાં ઘણો ઉત્સાહ હતો અને હજારોની સંખ્યામાં ભાઈ - બહેનો હાજર હતા. ૧૦૦ જેટલા સાધ્વીજીઓ સંમેલનમાં હાજર હતા. તેમનામાં પણ ઉત્સાહ હતો અને શ્રમણી વિદ્યાપીઠને આવકાર આપ્યો. કચ્છી ભાઈઓએ હાલ તે માટે પાંચ લાખ રૂપિયા એકઠા કર્યા છે. કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં પણ ત્રણ વિભાગ છે. છ કોટી, આઠ કોટી મોટો પક્ષ અને આઠ કોટી નાનો પક્ષ. હું આશા રાખું છું કે આ ત્રણે વિભાગ સાથે મળી કામ કરશે. ખરી રીતે સમગ્ર જૈન સમાજે આવા વિદ્યાપીઠો, સ્થાપવાની જરૂર છે. આ વિદ્યાપીઠોમાં ગ્રહસ્થ પંડિતો લાવવા પડે તેના કરતાં, વિદ્વાન મુનિઓ અને સાધ્વીઓ તેમાં અધ્યાપન કરાવે તે વધારે આવકારદાયક થાય - સાથે અન્ય વિષયોનું જ્ઞાન આપવા વિદ્વાનો હોય.

શ્વે. મૂર્તિપૂજક સમાજમાં, આપવાદ સિવાય, સાધ્વીજીઓ વ્યાખ્યાન વાંચતા નથી, અથવા તેમને વાંચવા દેવામાં આવતા નથી. આ બાબત પુનર્વિચારણા માગે છે. ઘણાં વિદ્વાન સાધ્વીજીઓ હશે અને અનેક ક્ષેત્રોને લાભ આપી શકે. મૂર્તિપૂજક સમાજમાં વિદ્વાન મુનિઓ ઘણાં છે. તેમના જ્ઞાનનો લાભ સમસ્ત સમાજને મળે એવું વિચારી શકાય. દિગમ્બર સમાજમાં પંડિતો સારી સંખ્યામાં છે. પણ મોટે ભાગે પરંપરાગત જુનવાણી વિચારના હોય છે. તેરાપંથી સમાજમાં આચાર્ય તુલસીએ તેમના સાધુ-સાધ્વીઓમાં ઘણી સારી જ્ઞાનની ઉપાસના શરૂ કરી છે અને સારી સંખ્યામાં વિદ્વાન સાધુ - સાધ્વીઓ થયા છે. હવે વિશ્વભારતી સંસ્થા શરૂ કરી છે.

જૈન સમાજ સાથે મળી, સૌના સહકારથી કામ કરતા હજુ શીખ્યો નથી. દરેકનો ચોકો જુદો છે.

ધર્મને જીવનમાં સાચી રીતે ઉતારવો હોય અને ઉગતી પેઢીને ધર્માભિમુખ બનાવવી હોય તો સમગ્ર જૈન સમાજે આ બધી બાબતો ગંભીરપણે વિચારવી પડશે.

૨૭-૧-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

જિજ્ઞાસુનો પ્રશ્ન

મુ. શ્રી. ચીમનભાઈ,

"અનાસક્ત ભાવે સત્કર્મો કરવાથી તેના ફળસ્વરૂપ ગતિ સારી મળતી હોય અને તે જ રસ્તે મુક્તિ સંભવતી હોય તો — તે રીતે જીવન જીવનાર વ્યક્તિઓના દાખલામાં પૂજ્ય ગાંધીજી, આલ્બર્ટ સ્વાઈટઝર વિગેરેને ટાંકી શકાય અને જેમને આપણે મુક્તિ પામેલા જીવો તરીકે ઓળખતા નથી.

બીજી બાજુ એમ કહેવામાં આવે છે કે પ્રભુભક્તિ, ધ્યાન, આરાધના, પૂજા - પાઠ વગેરે ક્રિયાઓ કરવાથી મુક્તિ મળે છે અને એ રીતે, આપણા તીર્થંકર ભગવંતો, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેને આપણે મુક્તિ પામેલા જીવો તરીકે જાણીએ છીએ.

તો, મુક્તિ મેળવવા માટે આ બેમાંથી સાચો રસ્તો કયો?

અનાસક્તભાવે સત્કર્મો કરવાથી સારાં ફળ અને સારી ગતિ મળે તે દલીલમાં તર્ક રહેલું છે. જ્યારે પ્રભુભક્તિ, ધ્યાન, આરાધના વિગેરે ક્રિયાઓથી મુક્તિની વાતમાં શ્રદ્ધાની જરૂર છે. તો અહીં શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત કેમ જાણી શકાય?

ઉપરના પ્રશ્નનો જવાબ મારા જેવા અનેક જિજ્ઞાસુઓને સંતોષ આપશે, તો યોગ્ય કરવા વિનંતિ.

ધીરજલાલ કૂલચંદ

ભાઈશ્રી ધીરુભાઈ,

તમારો તા. ૨૭/૧૧ નો પત્ર મળ્યો છે. તમે જણાવો છો તે બે માર્ગમાં વિરોધ નથી. અનાસક્ત ભાવે સત્કર્મો કરવામાં ઈશ્વર-સમર્પણભાવ સમાયેલો છે. પોતે નિમીત્તમાત્ર છે એમ માને ત્યારે જ સાચો અનાસક્તભાવ આવે.

પ્રભુભક્તિ, તપશ્ચર્યા કે આરાધનામાં અંતઃકરણ, પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ વિગેરે ન હોય તો સાચી પ્રભુભક્તિ નથી. બન્ને મોક્ષમાર્ગ છે.

એકમાં, આત્મકલ્યાણ સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિમાં વ્યક્તિ જોડાય છે. બીજામાં આત્મકલ્યાણ માટે વધારે નિવૃતિ-માગી રહે છે. આત્માર્થ બન્નેમાં છે. કેટલાકને તેમની પ્રકૃતિ પ્રવૃતિમાર્ગ પ્રત્યે લઈ જાય છે, કેટલાક નિવૃતિમાર્ગી રહે છે.

સામાન્ય માણસ, મોટેભાગે પોતાના સ્વાર્થની પ્રવૃતિમાં રહે છે. તે સાથે પરમાર્થ બને તેટલો વધારે તો આત્મકલ્યાણ થાય. સ્વાર્થ અને પ્રભુભક્તિ સાથે ટકતા નથી. ત્યાં પ્રભુભક્તિને નામે સ્વાર્થ ઢાંકવાનો પ્રયત્ન હોય છે.

વધારે વિચારજો.

લિ. ચીમનલાલ ચકુભાઈ.

"સોવિયેટ નેતાગીરી માનવ જાત માટે ભયરૂપ"

"ધી પ્રેઝન્ટ ડે સોવિયેત લિડરશિપ ઈઝ એ મેનેસ ટુ મેનકાઈન્ડ – આજની સોવિયેત નેતાગીરી સમગ્ર માનવ જાત માટે ભયરૂપ છે."

જાણો છો આ ઉદ્‌ગારો કોના છે? એ ઉદ્‌ગારો આન્દ્રે ઈ સાખારોવના, રશિયાના હાઈડ્રોજન બોંબના જનકના, દુનિયાના એક અગ્રણી આણુવિજ્ઞાનીના અને રશિયાએ જેમને દેશદ્રોહી કહીને, મોસ્કોથી ૨૫૦ કિલો મીટર દૂર આવેલાં ગોરકી નામના સ્થળે દેશનિકાલ કર્યા છે તે ભડવીરના છે. આ ભડવીરને દેશની બહાર કાઢી મૂકવાની પણ રશિયાની તૈયારી હતી પણ એણે પોતાના દેશમાં જ 'સરહદ નિકાલ' થવાનું પસંદ કર્યું અને બહાદરીની સીમા તો ત્યાં આવી કે ગોરકી પહોંચ્યા પછી એમની અને બીજા કેટલાક માનવ - હક્કવાદી વિજ્ઞાનીઓની સહી સાથે બહાર પડેલાં એક નિવેદનમાં, સોવિયેતની વર્તમાન નેતાગીરી સમગ્ર માનવજાત માટે ભયરૂપ હોવાની ઘોષણા કરવામાં આવી! રશિયાના માંધાતાઓ સાથે આ રીતે લડવું એ તો જાન હથેળીમાં લઈને ફરવા બરાબર છે.

રશિયાના માંધાતાઓ, સાખારોવને ગોરકીમાં કેવી સારવાર આપશે એ ખરેખર ચિન્તાઓનો વિષય છે. ગોરકીમાં વિદેશી પત્રકારોને જવા દેવામાં આવતા નથી એટલે સાખારોવનું શું થયું એની ખબર તો દુનિયાને રશિયાના સમાચાર માધ્યમો દ્વારા જ પડશે; અને એ ખબરોમાં સત્યનો અંશ કેટલો હશે એનો આપણે સહેજે ક્લ્પી શકીએ એમ છીએ.

રશિયામાં, સાખારોવ જેવા "ડિસિડન્ટ્સ" એટલે કે સરકારની નીતિને માન્ય ન કરનારાઓને "માનસિક સારવાર" અપાય છે એવી ફરિયાદ વારંવાર થતી રહી છે. "માનસિક સારવાર" એટલે કે, સરકારના વિરોધીઓના મનને, દવાઓ વડે અને બીજી રીતે અત્યંત નબળું કરી નાખવા માટેની સારવાર. આવી સારવાર પૂરી થયા પછી, સારવાર લેનારને ઘેળે દિવસે પણ એમ કહેવામાં આવે કે અહાહા શી ચાંદની ખીલી છે તો તે પણ કહેશે કે હા, ચાંદની ખરેખર શીતળ લાગે છે! (આ બાબતમાં આર્થર કોસ્લરનું "ડાર્કનેસ એટ નૂન" નામનું પુસ્તક વાંચવા જેવું છે. કોસ્લર પોતે એક વખત એક સામ્યવાદી હતો.)

સાખારોવને જેમ અત્યારે સરહદનિકાલ કરવામાં આવ્યા છે તેમ દસેક મહિના પહેલાં એમના જેટલા જ વિખ્યાત આણુ વિજ્ઞાની યુરી ઓરલોવને શાસન સામે આન્દોલન ચલાવવા માટે સાત વર્ષની સખત મજૂરી સાથેની કેદની અને તે પછી પાંચ વર્ષની સરહદ નિકાલની સજા ફરમાવવામાં આવી હતી. આ વિજ્ઞાની બાર વર્ષ પછી મુક્ત થશે ત્યારે એની માનસિક સ્થિતિ કેવી હશે તેની કલ્પના સહેજે થઈ શકે છે. (યાદ કરો સોલ્ઝેનિત્સિનને)

અને ઓરલોવને જે દિવસે સજા થઈ તે જ દિવસે એલેક્ઝાન્ડર પોટ્રાબિનેક નામના એક બીજા તબીબી વિજ્ઞાનીને પકડવામાં આવ્યા અને એની સામે સોવિયેત સંઘને ભાંડવાનો (એન્ટિ સોવિયેત-સ્લેન્ડર) આરોપ મૂકવામાં આવ્યો.

આ પોટ્રાબિનેકની ધરપકડની એક સવિશેષ અગત્ય છે. ઉપર મેં જે માનસિક સારવારનો ઉલ્લેખ કર્યો છે તે તત્ત્વતઃ તો વિરોધીઓના મન ભાંગી નાખવા માટેની ત્રાસજનક સારવાર જ છે એટલે એની તપાસ કરવા માટે ખુદ સોવિયેત રશિયામાં, સાખારોવ જેવા ભડવીર વિજ્ઞાનીઓએ એક પંચ નીમ્યું હતું. એ પંચનું નામ આપવામાં આવ્યું હતું: કમિશન ટુ ઈન્વેસ્ટિગેટ ધી યુઝ ઓફ સિક્રાયેટ્રી ફોર પોલિટિકલ પરપઝીઝ."

–એટલે કે રાજકીય હેતુ માટે થતા મનોવૈજ્ઞાનિક ચિકિત્સાના ઉપયોગ અંગે તપાસ કરનારું પંચ, અને આ પંચના અધ્યક્ષ કહો તો અધ્યક્ષ અને સંચાલક કહો તો સંચાલક પોટ્રબિનેક હતા. આ પંચની સ્થાપના બે વર્ષ પહેલાં એટલે કે ૧૯૭૭ ના જાન્યુઆરીમાં મૉસ્કોમાં થઈ હતી અને પાંચ વિજ્ઞાનીઓ એમાં જાહેર રીતે જોડાયા હતા. બીજા ઘણા બધા જેઓ પોતાનું નામ પ્રગટ થવા દેવા માગતા નહોતા તેઓ ખાનગી રીતે પંચને મદદ કરતા હતા. આમાં જાણીતા મનોચિકિત્સાશાસ્ત્રીઓ પણ હતા. એ લોકોએ, માનસિક ત્રાસનો ભોગ બનેલા કહેવાતા સંખ્યાબંધ કેસોની સ્વતંત્ર તપાસ જાનનું જોખમ ખેડીને કરી હતી. આ બધી તપાસનો નિચોડ કાઢીને પોટ્રાબિનેકે ગયે વરસે "ખ્યુનિટિવ મેડિસીન – શિક્ષાત્મક સારવાર" નામનું એક પુસ્તક પણ પ્રગટ કર્યું હતું.

અત્રે વાચકને સહેજે પ્રશ્ન થાય એમ છે, કે સોવિયેત રશિયાએ પોટ્રાબિનેકની પ્રવૃત્તિ આટલો વખત પણ ચાલવા કેમ દીધી? આનું કારણ એ છે, કે દુનિયાભરના મનોવિજ્ઞાનશાસ્ત્રીઓનું એક પ્રતિષ્ઠિત મંડળ જેનું નામ વર્લ્ડ સિક્રાયટ્રીક એસોસિયેશન છે, તેણે હોનુલૂલૂમાં ગયે વરસે ભરાયેલી વાર્ષિક બેઠકમાં એક ઠરાવ કરીને, રશિયા મનોવૈજ્ઞાનિક ચિકિત્સાનો ભયંકર દુરુપયોગ કરે છે, તેની સામે કડક ટીકા કરી હતી અને માનવ હકકોની પ્રતિષ્ઠા અંગેની પ્રમુખ કાર્ટરની ઝુંબેશના સંદર્ભમાં આ ટીકાને જે પ્રસિદ્ધિ મળી હતી તેથી રશિયા પોટ્રાબિનેક સામે પગલાં લેતાં અચકાતું હતું. પણ છેલ્લા થોડા મહિનાથી રશિયા પાછું સ્તાલિનવાદ તરફ નમતું હોવાના આણસાર રૂપે જાણે ઓરલોવ અને પોટ્રાબિનેકની ધરપકડ કરવામાં આવી હતી અને પોટ્રાબિનેકના કાર્યાલય પર ધાડ પણ પાડવામાં આવી હતી. પંચના અક સભ્યની પણ ગયે વરસે ધરપકડ કરવામાં આવી હતી. અને પોટ્રાબિનેકને કહેવામાં આવ્યું હતું, કે તું દેશમાંથી ચાલ્યો જતો હોય તો તેને દેશનિકાલ કરીએ પરંતુ પોટ્રાબિનેક પણ ભડનો દીકરો. એણે પણ સાખારોવની જેમ દેશ છોડીને ચાલ્યા જવાની ના પાડી પોટ્રાબિનેક પર દેશ છોડી જવા માટેનું દબાણ લાવવા માટે એના ભાઈની ધરપકડ પણ કરવામાં આવી અને તેને બે વર્ષની સખત કેદની સજા કરવામાં આવી પણ પોટ્રાબિનેક ડગ્યા નહિ. આખરે એને પણ પકડયા. આમ છતાં પેલાં તપાસ પંચનો કોઈ સભ્ય ડગ્યો નહિ. ડગ્યો નહિ એટલું જ નહિ પણ એણે પોતાની તપાસનું કામ ચાલુ રાખ્યું અને મનોવૈજ્ઞાનિક ત્રાસના જે જે દાખલાઓની એ તપાસ કરતું તેની કેઈસ હિસ્ટરી આવતી "સામીજ દાત" નામની અક પત્રિકા પણ પ્રસિદ્ધ કરવાનું એણે બંધ ન કર્યું બ્રિટનના જાણીતા મનોવિજ્ઞાનશાસ્ત્રી ડો. ગેવીન લો બિયર, આ તપાસ પંચના સભ્યો સાથે ગાઢ સંપર્કમાં રહેતા અને વરસેક પહેલાં તો, રશિયામાં મનોવૈજ્ઞાનિક ચિકિત્સાના થતા દુરુપયોગની જાત તપાસ માટે તેઓ મોસ્કો પણ ગયા હતા. એ સમયે માનવ હકકો (હ્યુમનરાઈટસ) અંગે દુનિયામાં ઠીક ઠીક ઉહાપોહ ચાલતો હતો. એટલે ડો. ગેવીનની મુલાકાત શક્ય બની હતી. પણ આજે જો તેઓ રશિયા જવા માગે તો તેમને પરવાનગી મળે કે કેમ તે શંકાસ્પદ છે. કારણ કે રશિયાની વલણ હવે, માનવ હકકોની માગણી કરનારાઓ સાથે લડી લેવાની બનતી જાય છે. એવો નિર્દેશ પોટ્રાબિનેકની ધરપકડ પરથી મળે છે. અને એની જો આવી જ વલણ હોય તો પેલા તપાસ પંચના બીજા સભ્યોનું તો આવી જ બન્યું સમજવું. વળી ખાનગીમાં એ તપાસ પંચને સહાય કરનારાઓને શોધી કાઢવાનો પણ પ્રયત્ન કરવામાં આવે અને તેમને દબાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવે એવું બનવાનો પણ પૂરો સંભવ છે.

રશિયા સાથે, આણુશસ્ત્રનિયમન અંગે થયેલાં સંધિના અનુસંધાનમાં રશિયામાં માનવ હકકોના રક્ષણની પરિસ્થિતિ કેવી છે. તેની તપાસ રાખવા હેલસિંકી ખાતે એક મોનિટરીંગ ગ્રુપ- પગેરું કાઢનારું જૂથ- નીમવામાં આવ્યું હતું. ઓરલોવ વગેરેની ધરપકડથી આ જૂથની કાર્યવાહીમાં મોટો વિક્ષેપ પડયો હતો. કારણ કે આ જૂથને સમાચાર આપે એવા સંપર્કો જ તૂટી ગયા હતા. હવે ખુદ મોસ્કોમાં સ્થપાયેલા પોટ્રાબિનેક તપાસ પંચની પણ આજ દશા થઈ રહી છે.

-અને હવે સાખારોવ જેવા એક મહાન વિજ્ઞાનીની ધરપકડ થઈ છે. એના પરથી તો આપણે એટલો નિષ્કર્ષ કાઢીએ કે માનવ હકકો માટેના આંદોલનને કચડી નાખવા માટે હવે રશિયાએ કમર કસી છે. જે સાખારોવ, પોતાના જાનનો ખતરો હોવા છતાં રશિયા છોડવા તૈયાર નથી એણે અગત્યની માહિતી વિદેશીઓને આપી દઈને દેશદ્રોહ કર્યો છે એમ કહેવું એ તો દુનિયાની આંખમાં ધૂળ નાખવાના પ્રયાસ સમાન છે. દેશદ્રોહીતો બ્રિટનનો આણુવિજ્ઞાની ડો. ફુક્સ હતો જે અગત્યની વૈજ્ઞાનિક માહિતી ચોરીને રશિયા ભાગી ગયો હતો. અને એ માહિતીને આધારે રશિયાએ આણુબોંબ વિકસાવ્યો હતો. સાખારોવે તો પાછળથી એ ક્ષેત્રમાં દેખા દીધી હતી.

અને સાખારોવની ગોરકીમાં કેવી દશા કરવામાં આવી છે તે પણ જાણવા જેવું છે. ગોરકીમાં એમને ચાર રૂમના એક ફ્લેટમાં રાખવામાં આવ્યા છે. પણ આ ચાર રૂમમાંથી એક રૂમમાં કહેવાતી "લેન્ડલેડી" (આપણે એને માલકણ કહી શકીએ?) રહે છે. એટલે સાખારોવને તો ત્રણ જ રૂમ વાપરવાના મળે છે. કહેવાતી "લેન્ડલેડી"

કદાચ એના પર નજર રાખવા પણ મુકવામાં આવી હોય. ફ્લેટમાં ટેલિફોન પણ નથી અને પાસેની પોસ્ટ ઓફિસનો ક્યારેય ટેલિ ફોન બગડેલો છે.

સાખારોવને દર દસ દિવસે ગોરકીના પોલીસ સ્ટેશનમાં હાજરી નોંધાવવાની છે. અને ગોરકીની બહાર નીકળવાની તેમને મનાઈ છે. તેમને મળવા આવનારાઓ ઉપર સત્તાવાર પ્રતિબંધ તો મૂકવામાં આવ્યો નથી. પણ એમના ફ્લેટવાળા મકાનની નીચે જે પહેરેગીરો મુકવામાં આવ્યા છે. તેઓ, સાખારોવને મળવા આવનારાઓની નોંધ રાખે છે. અને મુલાકાતીઓ જ્યારે પાછા ફરે ત્યારે તેમને રોકીને ચેતવણી આપે છે કે આજે તો તમે સાખારોવને મળવા આવ્યા તો આવ્યા, ફરી આવશો. નહિ. આવી ચેતવણીનો ભંગ માટે ૩૦ રૂબલનો દંડ પણ કરવામાં આવશે. એવા પણ સમાચાર આવ્યા છે.

સાખારોવનું મન ભાંગી નાંખવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. કે શું એવો પ્રશ્ન નથી થતો? સાખારોવની વાત સાંભળીને દક્ષિણ આફ્રિકાના એક વકીલને ઘરમાં નજરકેદ રાખીને, બધાજ મુલાકાતીઓથી તેમને કેમ અલગ પાડી દેવામાં આવ્યા હતા તેની વરસો પહેલાં વાંચેલી કરુણ કહાણી આજે યાદ આવે છે. રશિયા અને દક્ષિણ આફ્રિકા!

દરમિયાનમાં સાખારોવના પત્ની જેઓ પણ એક અગ્રણી "ડિસેન્ટર" એટલે કે સોવિયેત સંઘની નીતિના વિરોધી છે. તેમણે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે એમના પતિને હૃદય રોગ હોવાથી અત્યારે એમની તબિયત સારી નથી છતાં એમનો જુસ્સો એવો છે. ડૉ. સાખારોવનું મંતવ્ય વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે ડૉ. સાખારોવને પોતાનું વૈજ્ઞાનિક સંશોધન ચાલુ રાખવાની છૂટ આપવામાં આવી છે પણ ડા. સાખારોવ તો માને છે કે એમને એમના જાહેર જીવનના કાર્યથી વંચિત રાખીને સોવિયેત સંઘ મોટી ભૂલ કરી રહ્યું છે. સોવિયેત સરકારમાં હિમ્મત હોય તો એમની સામે જાહેર અદાલતમાં શા માટે મુકદ્દમો નથી ચલાવતી ? ડૉ. સાખારોવને સોનાના પિંજરામાં રહેવાનું બિલકુલ પસંદ નથી.

— મનુભાઇ મહેતા

પૂરક નોંધ :

શ્રી. મનુભાઈ મહેતાના આ લેખના પ્રૂફ મારી પાસે આવ્યા ત્યારે, ગાર્ડીયન અઠવાડિકના તા. ૨૭-૧--૧૯૮૦ ના અંકમાં આવેલ એક પુસ્તકનું અવલોકન મને યાદ આવ્યું. પુસ્તકનું નામ છે. History's carnival — a dissenter's autobiography લેખક છે, લીયોનીડ પ્લુશ્ક. તેમને પણ એક ડીસેન્ટર તરીકે પકડવામાં આવ્યા હતા. અને તેમની માનસિક ચિકિત્સા કરવામાં આવી હતી. અને તેમને sluggish schizophrenic જાહેર કરવામાં આવ્યા હતા. પણ તે પૂરા ગાંડા થઈ જાય તે પહેલાં, તેમની પત્નીના સતત પ્રચારથી તેમને મુક્ત કરવામાં આવ્યા અને પછી તેમણે પોતાની આત્મકથા લખી છે.

પ્લુશ્ક નિષ્ઠાવાન માર્ક્સવાદી છે. માર્ક્સ વિષે લખતાં તેમણે કહ્યું છે:

How many, even amongst Marxists, know that after describing religion as the opium of the people, he added that it was "heart of a heartless world".

રશિયાના વર્તમાન શાસકો વિષે પ્લુશ્ક છે –

The present regime is simply "abstract capitalism" with a ruling class of managers enjoying their fat privileges. Ideology has become idolocracy or simply 'Phraseology', a frozen world of Shibolleths, where dangerous revolutionaries like Marx or Lenin would be consigned to mental Hospital. પણ વધારે જાણવા જેવો તો છે એક ફકરો. પ્લુશ્કના પત્નીએ રશિયન સત્તાધિશોને પોતાના પતિની મુક્તિ માટે લખેલા એક પત્રનો, જેમા લખ્યું છે :-

An old man of eighty justly famous, leaves home and family in the middle of the night, to protest against the established norms. A young man decides to become a tramp, and ranges the country promising people heaven if they throw off their worldy chains ... Both of these dangerous and naive reformists, Tolstoy and Christ would have been confined to a special psychiatric hospital if they had lived in the Soviet Union in our age.

કોઈપણ સરમુખત્યારશાહીમાં, પ્રમાણિક મતભેદને અવકાશ રહે તોજ નથી. સરમુખત્યારોને વ્યક્તિ કરતાં પણ, ભિન્ન વિચારનો વધારે ભય હોય છે. ભિન્ન વિચાર ધરાવનારને સરમુખત્યારો સહન કરી શકતા નથી. તેમાં પોતાની સત્તાને પડકાર અને જોખમ જુએ છે.

૩૧-૧-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

મંદિર

મનને અંદર લઈ જવાનું સ્થળ તે મંદિર.

મંદિર એ માત્ર ચાર દિવાલોવાળું સ્થળ - ભૌતિક સ્થળ કે આકૃતિ નથી, પરંતુ મંદિરનાં અસ્તિત્વ કે આવિષ્કારની પાછળ આપણા - ઋષિ - મુનિઓનું વિરાટ ચિંતન, વિચાર કે તત્ત્વજ્ઞાન પડેલું છે.

આજનાં ગતિશીલ, ધાંધલિયા અને અસ્થિર જીવનમાં, આજનો મનુષ્ય શક્ય તેટલો - અતિશય બહિર્મુખ બન્યો છે, તેની સમગ્ર ચેતનાનું દ્વાર બહારની બાજુએ ખુલી ગયું છે; તેની સઘળી ઈન્દ્રીઓ બહિર્ગામી બની છે. ઈન્દ્રિયોને બહારથી. સતત પલ્ટાતા ક્ષણિક સુખો મળતા રહે તે માટે વિજ્ઞાને પણ તેને બેફામ મદદ કરી છે, તે પણ નિઃશંક તથ્ય છે; પરંતુ મનુષ્યની આ બહિર્ગામી ચેતના કે દોડથી તેના અંતરતમ્ જીવન કે આત્માને સુખ અવશ્ય મળતું હશે, પરંતુ શાંતિનો તો માત્ર અણસારો પણ હરગીજ નહીં જ - શાંતિ નહીં મળવાનું આ એક જ કારણ છે અને તે છે વ્યક્તિની સર્વ ઈન્દ્રિયોની બહારનાં સુખો પ્રત્યેની અતિશય આંધળી દોડ, દોટ અને લોલુપતા.

મનુષ્યના આંતરિક આધારની ઉપરોકત ડામાડોલ સ્થિતિમાં મંદિર એક આશાનો; ઉજાશનો, પ્રકાશનો દિપક લઈને આવે છે. જે મંદિરનાં પાવક પર્યાવરણમાં પગ મૂકતાની સાથે જ અંતરમાં ઉજાશ અને હૈયામાં હળવાશની મીઠી લહેરખી ફરી ન વળે, તો ત્યાં ભલે કરોડો રૂપિયાનું કિંમતનું બાંધકામ થયું હોય, ભલે સોળ શણગારે મૂર્તિને સજાવી હોય, ભલે ઘી અને વિદ્યુતની હજારો ઉપમાલાઓનો વૈભવી વિલાસ ખડકાયો હોય, તે બધું જ લોકો મનને બહારથી આકર્ષી શકશે, પરંતુ અંદરનું કે અંતરનું અલૌકિક ખેંચાણ ઊભું નહીં કરી શકે, કારણ કે ઉપરોકત બધીએ વસ્તુઓ હોવાની સાથે; તે ઉપરાંતનું એક આધ્યાત્મિક આવરણ - કે જે મંદિરનો એક આત્મા છે, ગર્ભ છે. કરોડરજજુ સમાન છે - તે જો નહીં હોય તો આંગતુક - દર્શનાર્થી મનુષ્યનાં મનને અંદર લઈ જવાનું મંદિરનું જે મુખ્ય કાર્ય, હેતુ અને જવાબદારી છે તે નિઃશંક અધૂરી રહેશે.

માટે જ મંદિર, વસ્તીથી દૂર, ઘોંઘાટથી દૂર ઉદ્યોગોથી દૂર, ખળખળ વહેતી કોઈ નદીનાં નિરવ કાંઠા પર, ભલે તે વૈભવશાળી ન હોય, પરંતુ સાવ સાદુ જ હોય, તો પણ તે માનવીના મનને આંતરિક અને સાચી શાંતિનું પયઃપાન કરાવવાની પૂરી તાકાત કે સામર્થ્ય ધરાવે છે.

તેથી જ આપણા ઋષિ-મુનિઓનાં પવિત્ર અને ભકિતપૂર્ણ આશ્રમો, પ્રાકૃતિક પરિઆવરણનાં પૂર્ણ પરિવેશમાં પ્રસ્થાપિત થયા હતાં.

મંદિરને જોતા જ પ્રેમાળ પરમાત્માની એક મધુર યાદ દિલમાં છલકવી જોઈએ; તેનાં ઉચ્ચ શિખર પરની ફરફરતી ધ્વજાને જોતા જ ભાવપૂર્ણ અને ઉભરાતા - ગદ્‌ગદીત હૃદયમા - અનાયાસે હરિ-સ્મરણની સરવાણી ફૂટવી જોઈએ.

આ ઘોર કળિયુગમાં મંદિર એ તો પરમાત્માને પૃથ્વી પર ઉતારવાની, તેનાં પ્રથમ ચરણકમલને સ્પર્શ કરવાની આશિષપૂર્ણ લાયક અને પુનિત જગ્યા છે, મંદિર એ તો જાણે પૃથ્વી પરનો સ્વર્ગનો નાનો ટૂકડો છે.

કહેવાતો પ્રગતિશીલ અને સુસભ્ય મનુષ્ય જ્યારે તેના મન અને સઘળી ઈન્દ્રિયોની, અંતરને ઉવેખીને, અવગણીને આદરેલી બહિર્ગામી સઘળી દોડાદોટ કે હડીયાપાટીથી થાકી, હારી પરાજીત થઈ, નિરાશ થઈ, કંટાળીને વ્યથિત થઈને પાછો પોતાનાં મૂળ ઘરે એટલે સ્વયંનાં સિંહાસન પર કે અંતરનાં ઓટલા પર ઊભો રહીને હરિ પાસે હાથ લંબાવે છે ત્યારે તે વખતે, તેની આજુબાજુએ, તે જગ્યાએ, દિવાલો વગરનું એક અદ્રશ્ય દેવમંદિર - અવશ્ય ઊભું થઈ જાય છે.

— પ્રા. અનિરુદ્ધભાઈ ડાકર

❋ સવારનો સમય, બસની ક્યૂ અને આપણે ❋

સમાજના મધ્યમ વર્ગના પ્રતીક જેવી બસની ક્યૂમાં ઊભો છું. સવારના નવ વાગ્યા છે. એક પછી એક ગાડી અને ટેક્સી પસાર થતી જાય છે. ખૂબ વરસાદ પછી તડકો ઊઘડ્યો છે. સામેના મકાનનો પીળો રંગ લગભગ ઊડી ગયો છે. મકાનની પાસેના વૃક્ષ ઉપર મહિનાની છેલ્લી તારીખે જેમ થોડુંક પરચુરણ રહ્યું હોય એમ ખૂબ જ ઓછી અને આછાં પાદડાં છે. વૃક્ષની કમરનો ભાગ દેખાતો નથી. આડે કોઈ ડોક્ટરના નામનું પાટિયું આવે છે. મધ્યમ વર્ગના માણસોની સ્થિતિ શ્રીમંત સાથે એક જ બાબતમાં સરખી છે કે રોગ બધાંને સરખા થાય છે. પણ માવજત જુદી જુદી થતી હોય છે. ફૂટપાથ પર દૂધના કેન્દ્રના ઊખડી ગયેલા ભૂરા રંગના લાકડાના બાંધ ડબ્બાઓ પડ્યા છે. એના પર ચોડેલાં ચૂંટણીનાં પોસ્ટરો લગભગ ઊખડી ગયાં છે. પણ એને લીધે જાણે એને કોઢ નીકળ્યો હોય એમ લાગે છે.

બસ આવી જગ્યા પણ મળી. લોટરી લાગી હોય એવો આનંદ જાણે કે થયો. 'છૂટા નહીં હૈં' એવું કડકટરનું ધ્રુવવાક્ય સાંભળવાની તૈયારી સાથે રૂપિયાની નોટ કાઢી રાખી. આજે ખરેખર તડકો ઊઘડ્યો છે. કડકટરે ચુપચાપ નોટ લઈ લીધી અને ટિકિટ આપી. ઘડિયાળના પટામાં ટિકિટ ભરાવી. વીસમી સદીના માણસનો પરિચય આવતી અનેક સદીઓને આપવો હોય તો તે કઈ રીતે આપશું ? મને લાગે છે કે માત્ર એનો ડાબો હાથ, એની સાથે અને એના પટામાં ભેરવેલી બસની ટિકિટ, કદાચ આટલું જ પૂરતું થઈ પડે.

રસ્તા પર જોઉં છું, 'જાનવર ઔર ઈન્સાન' પોસ્ટર દેખાય છે. સિગારેટની જાહેરખબર વંચાય છે. ખાખી પેન્ટ અને બદામી શર્ટના યુનિફોર્મમાં જતા વિદ્યાર્થીઓ દેખાય છે, માંડમાડ ચોપડાઓનો થેલો ઊંચકતા હોય છે. ભણીગણીને અંતે એ લોકોએ બસની ક્યૂમાં ઊભા રહેવાનું, ટિકિટ કઢાવવાની, કાંડા ઘડિયાળમાં ભેરવવાની, પોસ્ટરો જોવાનાં અને શું સિગારેટની જાહેરખબરો જ વાંચવાની ?

સિગ્નલ આગળ બસ ઊભી રહે છે. બાજુમાં જ ગેસના સિલિન્ડરો લઈ જતો ખટારો ઊભો છે. એક એક ઘરમાં એ પહોંચતું હશે. પ્રત્યેકને એક ઘર હોય છે. ઘરની દીવાલોમાં માણસોની જિંદગીનો ઈતિહાસ સજીતો રહે છે. કેટલાક સુખના દિવસોની છબીઓ મનમાં ટગાયેલી રહે છે. સુખના આવા દિવસો નગરમાં ભાગ્યે જ જોવાં મળતા બગીચા જેવા લાગે છે. ઘર શબ્દનો પ્રત્યેકને માટે પોતીકો અર્થ હોય છે ? ઈંટ અને ચૂનો એ ઘર ગ્રેજ્યુએટ થયા પછી દીવાલ પર ટાંગેલી ડિગ્રીની મ્હોરવાળી છબી એ ઘર ? આ બસ શું છે ? બસ ઘરથી દૂર લઈ જાય છે કે સમીપ લઈ જાય છે ? ઘરથી દૂર જઈએ છીએ તે પણ ઘરને માટે. પણ ઘરમાં રહીને પણ ઘરથી દૂર રહેતા હોય એવા શાપિત આત્માનું શું ?

હાય–વે પરથી પસાર થતી બસનો ગતિનો મિજાજ જુદો છે. ઉપરાઉપરી આવતી હેડકીની જેમ હવે સિગ્નલો આવતાં નથી. સીધા રસ્તા પરથી વળાંક લે છે. માણસને ક્યાં તો બસને મળ્યો એવો હાય–વે મળવો જોઈએ અથવા એના ભાગ્યની કાયાપલટ કરી નાખે એવો વળાંક.

તમે વળો અને એરપોર્ટ આવે એવું તો તમે અતિશય આશાવાદી હો તો જ માની શકાય છે. ઓનરશીપના અંગૂઠા છાપ મકાનો એક બાજુ પર દેખાય છે. સામી બાજુએ ઝોપડ-પટ્ટીઓ. ઝોપડપટ્ટીઓની ફૂટપાથને તો જાણે કે કાયમનો કાદવ વળગ્યો છે. મકાનોને મેં અંગૂઠા છાપ કહ્યાં ? હવે ભણેલા અને અભણોમાં મને કોઈ ખાસ ભેદ દેખાતો નથી. અભણ માણસો કદાચ સાચા અર્થમાં હવે ભણેલા દેખાય છે. હવે તો ભણેલા–અભણોની એક નવી જમાત ઊભી થાય છે. ભણેલું ભૂલવા માટે હવે એક યુનિવર્સિટીની સ્થાપના થવી જોઈએ.

મારું સ્ટોપ આવી ગયું. યાંત્રિક રીતે ઊતરી જાઉ છું. રસ્તામાં કોઈક પરિચિત મળશે તો હવે સ્મિત આપવું પડશે. આ સોશિયલ સ્માઈલની ભારે કિંમત ચૂકવવી પડે છે. કોઈક વાક્ય યાદ આવે છે, One can bear insults but not artificial social smile આ વાક્ય ભૂલવા માટે સમાજે પોતે એક નવી યુનિવર્સિટી થવું પડશે.

રસ્તામાં માણસોને ચાલતા જોઉં છું. મને એમનમાં અને ડાઘુ-ઓમાં કશો ફેર દેખાતો નથી. એમના વ્યક્તિત્વનો પડછાયો ક્યાં છે ! કહે છે કે પડછાયો પ્રેતને નથી હોતો.

રસ્તાની વચ્ચોવચ્ચ એક કૂતરો ઊભો છે. 'હવે શું કરવું' એની દ્વિધામાં તો એ વચ્ચોવચ્ચ નહીં ઊભો હોય : એનો બદામી રંગ ગમે છે. લંગડાતો લંગડાતો. આવતો એક કાળો કુતરો દેખાય છે. કયા અકસ્માતમાં એના પગને ઈજા પહોંચી હશે? છાપાવાળાઓ કૂતરાના અકસ્માતની નોંધ લેવાનું રાખે તો એ લોકોએ ખાસ વધારો કાઢવો પડે.

કેન્ટીનમાં આવું છું. સાથીદારોને કહું છું કે કશુંક લખવું છે. એટલે તમારી સાથે વાતચીતમાં નહીં જોડાઈ શકું. મને પૂછે છે કે તમે શું લેશો?

કૉફી.

With Suger

નહીં.

Withoui Suger

મેં કહ્યું'તું: આપણે મધ્યમ વર્ગના માણસો શ્રીમંતના રોગ લઈને ફરીએ છીએ. આસપાસ થોડોક કોલાહલ છે. 'નેસ કાફે' કોફી પીવી જોઈએ એવો આગ્રહ કરતું - ડાઈનિંગ ટેબલ પર બેઠેલા - પતિ - પત્નીનું પોસ્ટર દેખાય છે. પતિ - પત્નીની આટલી પ્રસન્નતા માત્ર પોસ્ટરમાં જ દેખાતી હોય છે. આ બનાવટી પ્રસન્નતા ઊખડી જશે ત્યારે દીવાલને કોઢ ફૂટશે.

કેળવણી ક્ષેત્રે કશુંક નવું કરવું જોઈએ એવી કોઈક મોટી મોટી - ખોટી ખોટી વાત કરે છે. પેલો કહે છે. બદામી કુતરો અને લંગડો, કાળો કૂતરો કેટલી નિરાંતથી લટરકૂટ છે. કશું ખોટું શીખ્યા જ નથી કે જેથી હવે ભૂલવું પડે. હાથમાં ટીસ્કવેર લઈને કેટલાક વિદ્યાર્થીઓ દેખાય છે. આ બધા આવતી કાલના નાગરિકો.

આ બધાને ડિગ્રીઓ આપશું. પણ જીવન જીવવાનો સંતોષ આપી શકીશું ખરા ? માણસે જન્મીને ભણવાનું છે અને બસની ક્યૂમાં ઊભા રહેવાનું છે. ઘર માંડવાનું છે અને ઘરથી દૂર નીકળી જવાનું છે. ચહેરા ઉપર નકલી પ્રસન્નતા નહીં, પણ સાચા સંતોષની રેખા આંકાઈ જવી જોઈએ. પણ આ બધા ટાઈટ પેન્ટ અને દાઢીનું બ્રશ ઉંધું ચીટકાવ્યું હોય એવા થોભિયાવાળા આવતી કાલના નાગરિકોને તૃપ્તિ, પરિતૃપ્તિ, અપરિગ્રહ–આ બધું કેમ સમજાવશું ?

જીવન સર્વવ્યાપક છે. બધે જ છે. એરપોર્ટ પર અને ઝૂપડીમાં. દૂધકેન્દ્રના ભૂરા ડબ્બાની આસપાસ પણ દિવસના અમુક સમયે જીવન જ ઊભરાતું હોય છે, પણ આવાં ટોળાંમાં લાચારી વધારે લાગે છે. ગરીબાઈ વધારે લાગે છે. દુઃખ અને બેચેની ઝાઝી દેખાય છે. ગરીબાઈ જેવો કોઈ ગુનો નથી એવું કેમ લાગ્યા કરે છે ?

પણ એકાએક શ્રીમંત થઈએ એટલે જ શું બધા પ્રશ્નો ઊકલી જાય ? સાચી કેળવણી રબેલા રોટલાને મીઠો કેમ બનાવવો એમાં સમાઈ છે એવું કોઈનું કથન સમજાય છે ખરું પણ એવું દર્શન ભાગ્યે જ થાય છે.

આખો સંસાર બસની ક્યૂના વિસ્તાર જેવો લાગે છે. રોજ બસમાં બેસવાનું, ટિકિટ કઢાવવાની, સ્ટોપ પર ઊતરી જવાનું. કૉફી પીવાની. –અને પછી, બીજી એક બસની રાહ જોવાની – જ્યાં કોઈ સિગ્નલ નહીં : નર્યો હાય–વે પરચૂરણ કે ટિકિટની માથાકૂટ નહીં. ચોર્યાશીના ફેરા ફરી પાછા માણસ થવાનું, બદામી રંગના કે કાળા રંગના કૂતરા થઈને જીવવાનું.

– સુરેશ દલાલ

શરીરની મહત્તા

શરીર નાશવંત છે એ હકીકત છે, પરંતુ એ નાશવંત શરીર મારફત જ આપણે સર્વ કાર્યો કરી શકીએ છીએ અને ઊંચી પ્રગતિ સાધી શકીયે છીએ. માટે તેના તરફ દુર્લક્ષ સેવવું અને તેને બિનજરૂરી કષ્ટ આપવું એ કદી પણ ઈચ્છવા જેવું નથી. વૈરાગ્યના ખોટા ખ્યાલોથી ઘ્રેરાઈ અનેક લોકો શરીરને વારંવાર કષ્ટ દે છે અને આવા દમનમાં તેઓ પોતાના આત્માનો ઉદ્ધાર માને છે; પરંતુ આત્માની ઓળખ માટે શરીરને કષ્ટ દેવાનું જરા પણ જરૂરી નથી. એમાં તો જીવન પ્રત્યેનો સાચો અભિગમ કેળવવાની જરૂર છે તથા અંદરની શુદ્ધિ વધારવાની છે. સમજણ વગર કરેલી કઠોર વ્રત–તપસ્યા અને જેને ખરા અર્થમાં લાંઘણ કહી શકાય એવા ઉપવાસો જીવનમાં કશું જ નક્કર પરિણામ લાવી શકતાં નથી એ આપણે સંખ્યાબંધ માણસોની બાબતમાં જોઈએ છીએ. શરીરને આ રીતે પીડા આપવાનો કોઈ અર્થ નથી. જેમ અતિ લાડકોડ દેહને નુકસાનકારક છે તેમ બિનજરૂરી દેહદમન પણ એટલું જ નુકસાનકારક છે. લાંબા ભૂતકાળની વાત કરું તો બીજાનું જોઈ એકવાર મને ઉપવાસ કરવાની ધૂન લાગી અને પર્યુષણમાં મેં છઠ્ઠ, અઠ્ઠમ (બે ઉપવાસ, વચ્ચે એક દિવસ પારણું અને ત્યાર બાદ ત્રણ ઉપવાસ) કર્યા, પરંતુ આ ગાળો મેં કેવા કષ્ટ અને અજંપાથી પસાર કર્યા તે આજે પણ મને યાદ છે; ત્યાર પછી તો સમજણ વધતાં શરીરને આ રીતે વગર વિચાર્યે કષ્ટ આપવાની વાત જ છોડી દીધી. ખાવું એ શું ગુનો છે? શરીરનો ધર્મ છે તો તેને પ્રમાણસર આહાર મળવો જોઈએ. ઊલટાનું શક્તિ ન હોય અને લાંઘણો ખેંચવાથી મન વધુ બેચેની ભોગવે છે અને બેચેન અવસ્થામાં આપણે કશું જ સ્વસ્થતાથી કરી શકતા નથી. ઘણાને ઉપવાસ દરમ્યાન ખૂબ નબળાઈ લાગે છે, માથું દુઃખે છે, ઉલટી થાય છે, રાતના નિદ્રા આવતી નથી અને કોઈવાર તે ડોકટરને બોલાવી ઈન્જેક્શન પણ લેવાં પડે છે. આટલી બધી હેરાનગતિ ભોગવવી અને શરીરને નાહકની પીડા આપવી એ કરતાં પ્રમાણસર ખોરાક નિયમિત લઈ શરીર, મનની તંદુરસ્તી જાળવવી અને સમતાથી બધાં કાર્યો કરવાં એમાં શું ધર્મ નથી સચવાતો? વગર સમજ્યે કેવળ દેખાદેખીથી ઉપવાસ કરનારા મોટી સંખ્યાના લોકો વિષે સાચેસાચ કહેવું હોય તો એમ જરૂર કહી શકાય તેમ છે કે તેઓ ઉપવાસ કરે છે. કરે છે ત્યારે ઉપવાસ કરે છે અને ખાય છે, ત્યારે બેપરવા બનીને ખાય છે. આવી સ્થિતિમાં નથી સ્વાદ વિષેની અનાસક્તિ કેળવાઈ શકતી કે નથી આરોગ્યની યોગ્ય રક્ષા થઈ શકતી. છતાં પણ આવા લોકોને ધાર્મિક વૃત્તિના ગણવામાં આવે છે કે કારણ કે, આપણને દેહકષ્ટમાં જ ધર્મ દેખાય છે. લાંબા દિવસોના ઉપવાસ કરનારની કેટલી તો વાહ વાહ બોલાય છે અને તેમનું કેવું માન સન્માન થાય છે એ આપણાથી કાંઈ અજાણ્યું નથી. આવા ઉપવાસો ને વ્રત, નિયમોથી શું ફાયદો? એની પાછળ સાચી દૃષ્ટિ કામ કરે અને જીવનમાં પરિવર્તન આવે તો જ તેનું જે ખરું માહાત્મ્ય છે તે સચવાય છે. નહીંતર એ બધી નરી દેહકષ્ટની પ્રવૃતિ સિવાય બીજું કશું જ નથી. જે શરીર આપણું કિંમતી સાધન છે તેને આમ વિનાકારણ હેરાન કરવાની ખરી રીતે તો કશી જ જરૂર નથી.

ઊંઘ, આરામ, શ્રમ, ખાનપાન વગેરે ટેવો અને રહેણીકરણીમાં અનિયમિત બનીને પણ આપણે હાથે કરીને શરીર બગાડીએ છીએ. ડાયાબીટીસનું દરદ હોય તો મીઠાઈનો મોહ છોડવો જ રહ્યો. ઉજાગરા ન ફાવતા હોય તો મોડી રાતના મનોરંજન, આનંદપ્રમોદ અને બીજા જલસાઓને નકારવા જ રહ્યા. પાચનક્રિયા મંદ હોય તો તળેલું, ભારે, વાયડું વગેરે બંધ કરવું જ જોઈએ. શરીરમાં અણધારી પણ ઘણી ફરિયાદો ઊભી થાય છે, પરંતુ આપણી ટેવોમાં થોડા કાળજીવાળા અને નિયમિત બનવાથી ઘણી બીમારીઓને આપણે રોકી શકીએ છીએ અને એ રીતે શરીરને કાર્યક્ષમ રાખી શકીએ છીએ.

રીતરિવાજો અને વ્યવહારો સાચવવાના જડ ખ્યાલો પણ આપણા શરીરને બગાડવામાં ફાળો આપે છે. વિજ્ઞાનના આ જમાનામાં આપણે વસીએ છીએ, છતાંય લગ્ન જેવા અવસર વખતે એકમેકના મોંમાં મીઠાઈના ટુકડા પરાણે ઠાંસવાની રીત હજી આપણે છોડી શક્યા નથી. પાચનતંત્રને પણ પોતાની મર્યાદા છે, છતાં ય લગ્ન વખતે વરકન્યા બંને પક્ષ તરફથી મળીને ઉપરાઉપર જમણ યોજાય છે અને તેમાં આપણે હોંશથી ભાગ લઈએ છીએ. દેખીતી વાત છે કે રોજ ઉપરાઉપર ભારે ખાવાથી આપણા આરોગ્યને હાનિ પહોંચે છે, પણ રિવાજોની જડતા એવી છે કે, એમાંથી આપણે છૂટી શકતા નથી. લગ્નગાળામાં ઉપરાઉપર જમણ જમીને પોતાની તબિયત બગડી હતી એવા એક સંબંધી બહેને એકવાર મને કહ્યું: 'શું થાય! વ્યવહારો સાચવવા તો જવું જ પડેને! ન જઈએ તો સગાં સ્નેહીઓને ખોટું લાગે, "આવી વાત થોડા ઘણા લોકોની બાબતમાં નથી; સંખ્યાબંધ માણસો રિવાજો અને વ્યવહારોની ગુલામીમાં સપડાઈ પોતાનું અનેક રીતે નુકસાન કરે છે. માનવ સંબંધોની જાળવણી અને વિકાસ માટે લગ્ન, મરણ, સાદડી, માંદગી તથા બીજા અનેક પ્રસંગ અવસર વખતે આપણે એકમેકને ત્યાં હાજરી આપીએ એની ઘણી અગત્ય છે, પરંતુ આ બાબતમાં કંઈ મરીને માળવો લેવાતો નથી. આપણા શરીરને માફક ન આવતું હોય તો થોડું જતું પણ કરવું પડે છે, કારણકે શરીર બગડે છે ત્યારે આપણે અને આપણા કુટુંબીજનોને આખરે તો સહન કરવું પડે છે. અસ્વસ્થ શરીરથી આપણે કોઈ કામ સારી રીતે કરી શકતા નથી. શરીર આપણું માધ્યમ છે, એના વડે જ આપણે જીવન જીવીએ છીએ. તો આ જીવન સારી રીતે જીવાય એ માટે શરીરની યોગ્ય જાળવણી ઘણી જરૂરી છે. રિવાજો અને વ્યવહારોની એટલી ગુલામી ન જોઈએ કે તે આપણા શરીરને બગાડે.

શારીરિક ફરિયાદો માટે આજનું વિજ્ઞાન આપણી માનસિક સ્થિતિને પણ ખાસ જવાબદાર ગણે છે. મન પર પડતા આઘાત પ્રત્યાઘાતોની અસર આપણા શરીર પર પડયા સિવાય રહેતી નથી. આમાંથી બચવા મનને સ્વસ્થ રાખવાની કોશિશ જેટલી કરી શકાય તેટલી આપણે જ કરવી રહી. આપણા સ્વભાવને કોઈ બદલી શકતું નથી. આપણે પોતે જ પ્રયત્ન કરવો પડે છે. નિર્મળ અને સાત્વિક મનોદશા રાખીને આપણે શરીરની કામગીરીને વ્યવસ્થિત રાખી શકીએ છીએ. ક્રોધ, ઉદ્વેગ, ચિંતા, દ્વેષ, ઈર્ષ્યા વગેરે અવગુણોથી જેટલા છૂટાય તેટલું આપણા હિતમાં છે. સ્વસ્થ મનોદશા હોય તો શરીર ઘણું કામ આપે છે.

આખરે આ શરીરનો વિચાર કરીએ તો એ પંચમહાભૂતનો બનેલો નશ્વર પિંડ છે. જેનો એક દિવસ રોગ, ઘડપણ વગેરે ઘાતનાથી ઘસાઈને નાશ થવાનો છે, પરંતુ એ નાશવંત શરીર મારફત આપણામાં રહેલી ઊંચી શક્તિઓ સાકાર થાય છે અને એ શરીર મારફત જ આપણે અનેક સુંદર ઉપયોગી કાર્યો કરી સાર્થક જીવન જીવી શકીએ છીએ, માટે તેની ઉપેક્ષા ન કરતાં યોગ્ય કાળજી લેવી જરૂરી છે.

– શારદાબેન બાબુભાઈ શાહ

શ્રી કમલબહેન પીસપાટીને અભિનંદન

શ્રી કમલબહેન પીસપાટી સંઘ કાર્યવાહક સમિતિના સભ્ય છે અને પ્રેમળજ્યોતિની પ્રવૃત્તિમાંથી નીડબહેન સાથેના સક્રિય કાર્યકર છે. તેઓએ રત્ન ચિંતામણી સ્કૂલમાં પણ ઘણાં બધાં વર્ષો સુધી સુંદર સેવા આપી અન્ય સંસ્થામાં પણ તેઓ સેવા આપી રહ્યા છે. તેમની સેવાઓની કદરરૂપે મહારાષ્ટ્ર સરકારે તેમને ઓસ. આઈ. બાયની માનદ પદવી આપી છે તે આપણા માટે ગૌરવનો વિષય છે. સંઘ વતી તેમને અભિનંદન આપતા અમો આનંદ અનુભવીએ છીએ

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

✓ સાધુ–સૈનિકનો સમન્વય

એકાદ હજાર વર્ષ પૂર્વે, જાપાનમાં એક નવા વિચારનો જન્મ થયેલો. એને સામુરાઈ કહેતા. આ એક 'સાધુ' નો વર્ગ હતો. એ એના અંતરમાં ધ્યાનસ્થ હોય, પણ બહારથી એ દેશ, ધર્મ, અને સમાજના અનિષ્ટ તત્ત્વ સામે યુદ્ધ કરતો હોય. એમનામાં શસ્ત્ર, અને શાસ્ત્ર - બંને જ્ઞાન હોય!

એટલું જ નહીં, પોતાના વતન પર જ્યારે દુશ્મનનોએ યુદ્ધ લાદયું હોય ત્યારે એ બાહ્ય ભાવે યુદ્ધમાં લડતો હોય, પરંતુ અંતરમાં એમના ઈષ્ટ દેવ પ્રત્યેનું અખંડ ધ્યાન હોય!

સાધુત્વ અને બાહ્ય કર્તવ્યના આ સમન્વયને, જાપાનમાં 'સામુરાઈ' કહેતા હતા!

આપણા દેશમાં પણ આવા નવા ક્રાંતિના વિચારોની હવે જરૂર છે. આપણા સાધુઓ બહુધા, ગુરુ અને મંદિરની પર પરાની ગાદી પર રહીને માત્ર ઉપદેશ આપે તો એ ઉપદેશ આજના માનવીને ગળે ઉતરવો મુશ્કેલ છે!

આજે લોકો જેટલા 'ધર્મ' પરાયણ દેખાય છે, એ માત્ર વ્યવહાર અને ફરજ જેવું લાગે છે. - પરંતુ એમનામાં અશાંતિ ભારોભર જીવતી હશે, પરંતુ આજનો માનવી દંભમાં કુશળ છે. ભીતરમાં રહેલી અશાંતિને એ ભીતરમાં ઢબૂરી રાખે છે!

આજે આપણા દેશની સાધુ સમાજની પરિસ્થિતિ વિશે વિચારવું પડે એવો સમય આવી ગયો છે! સમાજ ઉપર સાધુત્વનું જે પ્રભુત્વ હતું એ આજે નથી રહ્યું - આજે સાધુ ઉપર સમાજનું પ્રભુત્વ એટલા માટે છે, કે સાધુત્વની સાધનામાંની, ધર્મ - કર્તવ્ય વિમુખતા જવાબદાર છે!

અને સાધુઓની ત્યાગવૃત્તિનું શું ? આજે સાધુત્વ નામનું રહ્યું છે એવી જ રીતે ત્યાગભાવના વિસરાઈ ગઈ છે! ત્યાગ વગર સાધુત્વ શું કામનું ?

પરંતુ એવું ય સાધુત્વ ગ્રહણ કર્યું શું કામનું જે ઈશ્વરત્વ સુધી પહોંચી ન શકે? - સાધુત્વ ગ્રહણ કર્યા પૂર્વે, સાચી નેમ હોય છે ખરી? અને હોય છે ત્યારના પ્રારંભની સાધુત્વનિષ્ઠામાં ઓટ કેમ આવે છે? કારણ કે, એમનામાં ત્યાગની ભાવના ઓછી છે! પ્રલોભને સાધુત્વના બ્રાહ્ય રંગને ભલે અસર ન કરી હોય, ભીતરના રંગ બદલી નાખ્યા છે!

આપણા દેશમાં વિવિધ ધર્મો છે, એ ધર્મસંપ્રદાયના સાધુત્વના ઉપદેશમાં માત્ર પોતાના ધર્મ પૂરતો ઉપદેશ કરીને એના અનુયાયીઓની એક સીમા આંકી દઈ છે - "જુઓ, આ રહી આપણા ધર્મની રેખા! એ રેખા બહાર જવું નહીં!" આવા ઉપદેશ કરનારા સાધુઓનો પોતાનો અને પોતાના ધર્મ પ્રત્યેનો એ સ્વાર્થ માનવ મનને સાંકડા બનાવી ધ્યે છે?

કોઈ એક ધર્મ પ્રત્યેની મારી આ ટીકા પ્રહાર નથી, પ્રત્યેક ધર્મમાનું આ એક પ્રકારની વાડાબંધીઓ, આપણામાંની ધર્મબંધુની ભાવનાઓને વિક્સાવા નથી દીધી - મેં હજુ એક ધર્મના સાધુને, બીજા ધર્મના મંદિરમાં, મસ્જિદમાં કે ગિરજાઘરમાં ધર્મ - પ્રવચન આપતો સાંભળ્યો નથી! આપણા હિંદુ ધર્મ - સંપ્રદાયી ધર્મોમાં પણ આવું જવલ્લે જ જોવા મળે છે.

હું આ વિશાળ સાધુ સંપ્રદાયોના સંપર્કમાં રહ્યો છું. મેં જ્યાં જોયું છે, ત્યાં પોતાના ધર્મ સિવાયની બીજી વાત ન મળે! અને એ ધર્મબોધ પણ કેવો! માત્ર સૌના થોડી પળોના ઉદ્ધારની વાત થાય તેવો પણ થોડી પળોની આ ધર્મની રમત!... ધર્મસ્થાનથી બહાર નીકળ્યા પૂર્વેની! પછી શું? લોકો પોતાના ય ધર્મને વીસરી જાય એવો આપણે આપણો સમાજ – સંસાર બનાવ્યો છે!

આજે સર્વ ધર્મોના ભગવાનોથી – ઈષ્ટદેવોથી માનવી અલિપ્ત બની ગયો છે! વ્યક્તિ સમાજને બનાવે છે, અને એ સમાજમાંથી વ્યક્તિ જન્મે છે: વ્યક્તિ અને સમાજમાં વ્યવહારનું જે પરિબળ છે એટલું ધર્મનું પરિબળ આજે નથી. પ્રાચીન કાળમાં ધર્મનું પરિબળ એટલા માટે હતું કે, ત્યારે વ્યવહાર સાવ ઓછો હતો અને ધર્મ વધુ હતો! અને એટલે જ પ્રાચીન કાળમાં માનવ ધર્મમાંથી જન્મતો હતો, સમાજમાં ધર્મ જન્માવતો હતો!

– સાંસારીઓ સાધુ નથી, એને સાધુત્વ સ્વીકારવું કેમ પોષાય? પરંતુ જેણે સાધુત્વ ગ્રહણ કર્યું છે, એવા આપણા દેશના લાખો સાધુનું શું? એ સાધુત્વનું કર્તવ્ય શું? કોઈ કહી શકશે? માત્ર મંદિરો, મૂર્તિઓ, અને મંદિરની આવક સાચવવાનું? પ્રાર્થનાઓ કરવાનું અને ઉપદેશ આપવાનું? ના હવે આ દેશને સાધુઓના આટલા જ કર્તવ્યમાં રાંતોષ નથી!

ક્ષમા કરજો, આ સાધુઓને આપણે આ રીતે નભાવવાનું બંધ કરવું જોઈએ? આજે દેશમાં લાખો ગરીબ માણસો જ્યારે ભૂખ્યા સૂતા હોય છે, લાખો માણસોને પહેરવા કપડાં નથી હોતા અને શરદીમાં થરથરે છે, વરસતા વરસાદમાં ભીંજાતા હોય છે, ત્યારે મંદિરોમાં ઘી, અનાજના કોઠારો, ભરેલા : જોવાતા નથી - કાં તો તમે સૌ આ બંધ કરો, અને જો એવું ન કરી શકતા હો તો, આવો મારી આંખો ફોડી નાખો; જેથી હું જોઈ ન શકું.

આજના સાધુઓનું સાચું કર્તવ્ય શું છે? કાંઈ જ નહીં! માત્ર સાધુત્વ ગ્રહ્યું એટલે સમાજ તરફથી એને સર્વ જીવનોપયોગી મળતું રહેશે એવી ખાતરી એને છે - અને સમાજ રો સ્વીકારતો આવ્યો છે!

પરંતુ હું આ સાધુઓને, જો કોઈ ગામડામાં, કોઈ ગરીબમાં ગરીબ ખેડૂત પાસે એક જ બળદ હોય, અને બીજા બળદના અભાવે એ ખેતી ન કરી શકતો હોય તો એ બીજા બળદની જગ્યાએ ધૂંસરીમાં જોડાઈ જ જઈને ખેડૂતને ખેતી કરવાની મદદ કરવા પ્રયત્ન કરે એ આજના સાધુનું પ્રથમ કર્તવ્ય છે!

ગામડાઓના મંદિરોમાંના સાધુઓએ, ત્યાંના અનિષ્ટ પરિબળ સામે સત્ય - સૈનિક સ્વરૂપે, ગરીબોનું રક્ષણ કરવું એ જ એનો સાચો અને નિષ્ઠાવાન માર્ગ છે! જાપાનમાં સામુરાઈ' સાધુ વર્ગ આ કામ કરતો હતો!

શહેરોમાંના સાધુઓ માટે નિષ્ઠાનો એક જ માર્ગ છે - એ કહે: "મંદિરોમાં પોતાના ધર્મની ધૂન લગાવ્યે કાંઈ નહીં વળે! તમે સૌ એવો પરિશ્રમ કરો જેનાથી દેશનું ઉત્પાદન વધે. દેશ અને સમાજની ઉન્નતિ થાય, અનાથ અને રોગીઓની સેવા કરો - પરંતુ મોટા શહેરના મોટા ભવ્ય મંદિરોમાં મોટો સંપ્રદાય - સમુદાય હાજર હોય એ સાધુઓની લોકપ્રિયતાનું સર્ટિફિકેટ છે, એટલે સાધુઓ આવો ઉપદેશ ન કરે એ સ્વાભાવિક છે!

અહીં આ લેખમાં જે સત્ય તત્ત્વ છે, એને ધર્મના દંભથી કે દલીલથી ટાળી નહીં શકાય- હવે આપણે પ્રાચીન કાળની ધર્મના ચોકઠામાં બંધ બેસતા નથી, આપણે હવે સમાજ અને ધર્મમાં ક્રાંતિ લાવવી પડશે!

સમય તો ત્યાં સુધીનો સંકેત કરે છે, કે સાધુત્વ સ્વીકારીને નિષ્ક્રિય બનવાનો હવે કોઈને અધિકાર નથી!- ધર્મ ઉપદેશની બહુ જરૂર નથી, કર્મ ઉપદેશની જરૂર છે- અને નિષ્ઠાવાન કર્મ એ સાચો ધર્મ છે!

હવે નવો સમાજ સર્જવાની જરૂર ઊભી થઈ છે.' 'સ્ત્રી'નું મોઢું જોવાઈ જાય અને 'પાપ' કર્યાનો દંભ હવે ચલાવી નહીં લેવાય- એને બદલે એવા સાધુની જરૂર છે, જે 'સ્ત્રી'ના શિયળના રક્ષણ માટે જાનની કુરબાની કરી દયે- જાપાનના 'સામુરાઈ' આવા કર્તવ્ય કરતાં અને છતાંય સંસારના સર્વ કોઈ પ્રલોભનથી દૂર રહેતા! સાચી સાધુતા આ છે!

સાધુઓ માત્ર સાધુઓ રહે તેથી શું વળે? એ ધર્મના, સમાજના સાચા સૈનિક બને, પોતે સંસારના અનિષ્ટથી દૂર રહે અને સમાજને સમાજના ભયંકર અનિષ્ટથી દૂર રાખવા માત્ર 'ઉપદેશ' એ જ એક શસ્ત્ર નથી- એણે એ પ્રકારનું સૈનિકપણું બજાવવાનું રહેશે!

આપણે ધર્મને બદલે, ધર્મના 'દંભ'ને પોષવાનું જ્યાં સુધી બંધ નહીં કરીએ ત્યાં સુધી આપણે ધર્મ અને સમાજમાં ક્રાંતિ સર્જી શકીશું નહીં!

જીવનમાં જો આપણે સત્ય સ્વીકારવું હોય તો સત્ય આપણામાંથી જ પ્રગટે છે, અને એનાથી સમાજમાં ક્રાંતિ લાવવાનું સામાર્થ્ય પ્રાપ્ત થાય છે! સત્યને ઢાંકવાનો સમય હવે ચાલ્યો ગયો છે!

– ગુણવંત ભટ્ટ

ભાવસિકત કવિતાનો સંગ્રહ : 'ભીનાશ'

'પૂર્વી'ના અનુગામી સંગ્રહ 'ભીનાશ'ની ભાવસિકત કવિતાનું નજરાણું લઈને શ્રી ગીતાબહેન પરીખ ફરી એક વાર સારસ્વત દરબારમાં ઉપસ્થિત થાય છે.

'ભીનાશ'નાં કાવ્યોમાં 'સ્વરૂપ'ને પામવા માટેની એક 'ખોજ'નાં દર્શન થાય છે. ગીતાબહેન જે જે અવલોકે છે, અનુભવે છે- હર્ષ-શોક, જન્મ-મૃત્યુ, શાંતિ-અજંપો, ભાર-હળવાશ, પ્રકાશ-ચમકાટ, વાટ-ઘાટ, સવાર-સાંજ- એ સૌની સપાટી ભેદીને એના મૂળ 'સ્વ-રૂપ'ને પામવાની મથામણમાંથી એમની ઋજુ-મંજુ કવિતામાં 'તાત્ત્વિકતા'નો ગુણ ઉમેરાય છે. આમ છતાં એ ભારેખમ કે શુષ્ક લાગતી નથી. એનું રસતત્ત્વ નંદવાતું નથી. ભજનના સૂરને માણવામાં અને એમાં રહેલા ભાવને પામવામાં એકતારાનો ગુંજારવ અને મંજીરાનો રણકાર, જેમ એક મધુર માધ્યમ બની રહે છે-એમ ગીતાબહેનની કવિતાની ઋજુતા અને મંજુલતા – આ તાત્ત્વિકતા સુધી પહોંચવાનો એક ઝૂલતો પુલ બની રહે છે.

'રસ્તો' કાવ્યમાં રસ્તાના વિવિધ સ્વરૂપપલટા દર્શાવી, છેલ્લે કહે છે:

આ પલટે પલ પલ રસ્તો,
વિધ વિધ રૂપે વાટ ભૂલેલો'
'સ્વ-રૂપ' કાજ તલસતો.

' સ્વ-રૂપ'નો આ તલસાટ કાવ્યના સ્વરૂપને પણ ઊંચા સ્તરે મૂકી આપે છે.

પુત્રી પ્રેયસી, પત્ની, માતા-એમ વિવિધ રૂપે નારીહૃદયની ભાવસંવેદનાને વાચા આપતાં કેટલાંક કાવ્યો આ સંગ્રહનું એક વિશેષ પ્રદાન છે. એમાંય માતૃહૃદયની વાત્સલ્યધારાનાં કાવ્યો સવિશેષ ધ્યાન ખેંચે છે. એક પત્ની અને માતાનું ઘર, એ અહીં કેવળ ચાર દીવાલો વચ્ચે, પતિ અને સંતાનો પૂરતું જ સીમિત બની રહેતું નથી. એનું એક 'વિશ્વ' બને છે. નારીહૃદય કુટુંબ-પરિવાર સાથે ઓતપ્રોત થઈને વિશ્વપરિવાર સુધી વિસ્તરે છે. ઘરમાં જ રહીને, બારી બહારની- દિગદિગંતની- હવા પ્રવસે છે. બધામાં પોતે અને પોતામાં સૌ હોવાની અનુભૂતિ કરે છે. આવા ભાવવિશેષના નમૂનારૂપે 'ગયાં, સહુ ગયાં...' કાવ્ય, તપાસવા જેવું છે-બલ્કે માણવા જેવું છે.

ઘરનાં સૌ ગયાં. ઘરે ગૃહિણી જ માત્ર એકલી રહી, ઘડીભર તો ખાલી ઘરની શૂન્યતા ભીંસી રહી:

ગયાં, સહુ ગયાં, રહી બસ ઘરે હું તો એકલી!
થયું ઘર બધુંય ખાલી, અવ છે અહીં શૂન્યતા-

પરંતુ આ એકાકીપણું ઝાઝું ટકતું નથી. ક્ષણાર્ધમાં તો નાનકડી બારીમાંથી આખું જગત ઊમટી આવે છે. ઘરનાં ભીડેલાં કમાડ ખોલી નાખતાં, ઘર આગળની લઘુક શેરી એક રાજમાર્ગશી વિશાળ બની રહે છે, અને દૃષ્ટિની લેણદેણ સર્વ સૃષ્ટિ સાથે અનુબંધ રચી રહે છે:

રહી ઘર મહીં, છતાં ઘર બન્યું અહો વિશ્વ આ!
ન હું ઘર મહીં, ન બ્હાર ઘરની, હવે હું બધે!
બધું હું મહીં ...!

આ ઉપરાંત, 'ફૂલ,' 'કયમ નીંદ આવે?' 'કન્યા-વિદાયે,' 'તમારે કારખાને આ', 'નવજાત શિશુને' વગેરે કાવ્યો માતૃ-હૃદયની ભિન્ન ભિન્ન ભાવધારાઓથી ભાવકને ભીંજવી રહે છે.

ફૂલ તમે પારણિયે પોઢેલું વ્હાલ છો,
ફૂલ તમે અંતરિયે ઊડ્યું ગુલાલ છો!

આ સુકુમાર ઉદ્‌ગાર નારીદેહ ધર્યા વિના કોઈ કવિ કાઢી શકે ખરો? જેની મુઠ્ઠીઓયે હજી પૂરી ખૂલી નથી એવા નવજાત શિશુને માતા પૂછે છે:

આ મુઠ્ઠી જે હજીય પૂરી ખૂલી શકે ના
તે માંહ્ય મારું ઉર શી રીત ગોપવી દે?

અને પ્રસૂતિની કપરી પીડા સહ્યા પછી જન્મેલું શિશુ કેવુંક લાગે છે?

વર્ષાની ચંડ હેલીની બાદ ઈન્દ્રધનુ સમું.

સંગ્રહમાં આવતા પ્રસન્ન દામ્પત્યના ઉદ્‌ગારો પણ આવાધદ્ય છે.

ગીતાબહેનની સંગીતજ્ઞતાને કારણે, એમનાં ગીતો શબ્દ અને સૂરનો સહજ સમન્વય સાધે છે. આથી ગીતોનાં લયહિલ્લોલ અને શ્રુતિમધુરતા નવો ઓપ ધારણ કરે છે. એમનાં કેટલાંક ગીતોમાં પ્રકૃતિદર્શનનું અતિ રમણીય પ્રતિબિંબ પડે છે. 'ટહુકો,' 'વાયરા', 'વાયરો,' 'રાત્રિ'-દૃશ્ય', 'રોજ,' 'ચમરાટ' વગેરેમાં પ્રકૃતિની મનોહર ભાત ઉપસી આવે છે.

આ ઉપરાંત, એમણે પ્રાસંગિક અને સામાજિક કાવ્યો, હાઈકુ અને અછાંદરસ રચનાઓ પર પણ હાથ અજમાવ્યો છે. 'ખરખરો'માં કેવળ રૂઢિ અને રિવાજ ખાતર કરાતા કેટલાક સામાજિક વ્યવહારોમાં છતી થતી લાગણીશૂન્યતા અને દાંભિકતાને 'બસ, આ સાડલો બદલું એટલું જ વાર!' – એમ કહીને ઉઘાડી પાડી છે. આ પછી તર્ત જ પૂછે છે: 'સાડલો બદલું એટલી જ વાર?' આ આશ્ચર્ય અને પ્રશ્નાર્થચિહ્ન વચ્ચે ઘણું બધું કહેવાઈ જાય છે. 'પપ્પાનું નામ' એ કાવ્યમાં નિર્દોષ બાળકી ભોળાભાવે પોતાના સદ્‌ગત પિતાનું નામ છાપામાં અવસાન નોંધમાં જોઈને કહે છે કે, 'આજે તો મારા પપ્પાનું નામ "છાપામાં આવ્યું છે., છાપામાં!" ત્યારે એનો વેધક કરુણ ભાવ મનને ઘેરી લે છે.!

પિતાના મૃત્યુ પર લખેલા કાવ્યપંચક 'મૃત્યુમંગલ'ના ચોથા કાવ્યને અંતે, એ કારમો ઘા ધૃતિપૂર્વક ખમી જઈ, વિષાદવૃત્તિનું કેવું ઊર્ધ્વીકરણ કરે છે.!

પ્રસન્ન ઉર-જે શરીર મહીં બદ્ધ ને સીમિત
હતું, અવ પ્રસાર્યું સૂક્ષ્મ થઈ ભવ્ય નિઃસીમમાં!
ખર્યું કુસુમ? ના, ખેર અવ સુગંધમાં વ્યાપક!
વિલાઈ ગઈ જ્યોત!? ના, કિરણ-તેજમાં દ્યોતક!

આમ, 'ભીનાશ' કાવ્યસંગ્રહ, 'પૂર્વી'ના પ્રકાશન પછીના ગાળામાં, સર્જકતાની કેડીએ ગીતાબહેને સાધેલી પ્રગતિની ઊજળી સાખ પૂરે છે. પળની ભીતર શાશ્વતીની જડીબુટ્ટીની ખોજ ચલાવનારે, ક્ષણેક્ષણમાં જીવનની અખિલાઈ માણવાની કળા હાથ કરી લીધી છે. (જુઓ સંગ્રહનું પ્રથમ કાવ્ય 'વેળા.') પરિણામે, એમની કવિતામાં પ્રતિબિંબિત થતી કુટુંબજીવન અને સમાજજીવનની નાની નાની ઘટનાઓ પણ, એક વ્યાપક પરિમાણ ધારણ કરે છે. કાવ્યમાં ગૂંથેલી અંગત ઘટના પણ બિનઅંગત બની રહી, ભાવકને એમાં નિજનિજની ભાવસંવેદનાની અનુભૂતિ કરાવે છે.

'ભીનાશ'માં પ્રગટ થતું 'સ્વ-રૂપ' હવે પછીના - અનુગામી- સંગ્રહમાં પૂર્ણ રૂપને પામો.

બાલમુકુંદ દવે

["ભીનાશ" - લેખક અને પ્રકાશક : ગીતા પરીખ, એ/૨, મનાલી એપાર્ટમેન્ટસ, ડો. વિક્રમ સારાભાઈ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ પૃષ્ઠ ૯૬, મૂલ્ય - રૂા. ૭/. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી એના આજીવન સભ્યોને રૂા. ૬/માં મળશે]

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ્ મેન પ્રિન્ટિંગ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૩૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ફેબ્રુઆરી, ૧૯૮૦ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

એંધાણ સારા નથી

સત્તા પર આવ્યા પછી, એક મહિનામાં શ્રીમતી ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીએ જે કાંઈ કર્યું છે તે ભાવિના એંધાણ રૂપ હોય તો તે સારા નથી. ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે વેરઝેર ભૂલી જવા, ઘા રૂઝવા છે અને સૌનો સહકાર જોઈએ છીએ. ઘા રૂઝાવાને બદલે કેટલાક તાજા કર્યા છે અને વાતાવરણમાં ભય પેદા થયો છે.

આ બાબતમાં સી. બી. આઈ ના અધિકારી, એન. કે. સીંગનો કેસ સૌથી ચિન્તાજનક અને સૂચક છે. 'કિસ્સા ખુરશી' કેસના તેઓ મુખ્ય તપાસઅધિકારી હતા. તે કેસ તેમણે તૈયાર કર્યો અને ચલાવ્યો. તે કેસમાં સંજય ગાંધી અને વિદ્યાચરણ શુકલને બે વર્ષની સજા થઈ છે. તેની અપીલ સુપ્રીમ કોર્ટમાં ચાલે છે. હવે સીંગની ધરપકડ કરવામાં આવી. 'કિસ્સા ખુરસી' કેસમાં માફતિના એક ડ્રાઈવર રામચંદ્ર પર સીંગે જુબાની માટે દબાણ કર્યું હતું, એવી ફરિયાદ મે, ૧૯૭૭ માં રામચંદ્રના ભત્રીજાએ હરિયાણામાં નોંધાવી હતી. તેની તપાસ થઈ હતી અને કેસ ફાઈલ થયો હતો. ફરીથી તે ફરિયાદના આધાર લઈ, હરિયાણાની પોલીસે, દિલ્હીના સી. બી. આઈ.ના વડાને અથવા દિલ્હી પોલીસને ખબર આપ્યા વિના, કોઈ વોરંટ વિના, એક વહેલી સવારે સીંગના ઘરને ઘેરો ઘાલ્યો અને તેને હરિયાણા જવાની ફરજ પાડી. પત્રકારોને ખબર પડતાં હોહા થઈ ગઈ, એટલે સીંગને રૂપિયા બે હજારના જામીન પર છોડયા. હરિયાણાના મુખ્ય મંત્રી ભજનલાલ, તાજેતરમાં સાગમટે ઈન્દિરા કોંગ્રેસમાં જોડાયા છે. સંજય ગાંધીને વહાલા થવા, ભજનલાલે આ પગલું ભર્યું છે, એવું લાગે છે. પાર્લમેન્ટમાં ગૃહમંત્રી ઝૈલસિંગ અને કાયદા મંત્રી શિવશંકરે એવા નિવેદનો કર્યા કે સીંગની ધરપકડ થઈ નથી અને સીંગ જાણે સ્વેચ્છાએ ગયા હોય એમ કહેવામાં આવ્યું. ભજનલાલે કહ્યું, સીંગ સામે બીજા કેસો પણ થવાનો સંભવ છે. સદ્‌ભાગ્યે દિલ્હી હાઈકોર્ટે સીંગને આગોતરા જામીન આપ્યા એટલે સીંગ જેલ જતાં અથવા તેની કનડગતમાંથી હાલ તુરત બચી ગયા છે.

આ આખો કેસ વેરની વસૂલાત જેવો લાગે છે, અને ઘણા મુદ્દા ઊભા કરે છે. સી. બી. આઈ.ના અમલદારો ફફડી ઊઠયા છે. ૨૦૦ જેટલા અમલદારોએ સી. બી. આઈ. ના વડાને લેખિત ફરિયાદ કરી છે. સી. બી. આઈ. ની ઘણી ફાઈલો ગૃહ ખાતાએ મંગાવી લીધી છે. અમલદારો ભયભીત થયા છે. આ બધી ફેસિસ્ટ રીતરસમો છે. સરકાર બદલાતા, અમલદારોના આવા હાલ થવાના હોય તો કોઈ તંત્ર નભી ન શકે. અમલદારો પોતાની ફરજ બજાવી ન શકે, બ્રિટિશ સરકાર ગયા પછી, આઈ. સી. એસ. અને બીજા અમલદારો મોટી ચિન્તામાં હતા. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓને તેમણે ઘણાં પરેશાન કર્યા હતા. નેહરુ અને સરદારે તેમને ખાતરી આપી કે તેમની સામે કોઈ વેરઝેરવૃત્તિ રાખવામાં નહિ આવે એટલું જ નહિ પણ તેમનો વિશ્વાસ સંપાદન કરી દેશના ભાગલા પછીના વિકટ સંજોગોમાં તેમની પાસેથી વફાદારીપૂર્વક કામ લીધું.

વાત આટલેથી અટકતી નથી. કટોકટી દરમિયાન જેણે કામગીરી બજાવી હતી અને શાહ કમિશને જેની સખત ટીકા કરી છે એવા મિ. ભીન્દરને ફરી દિલ્હીના પોલીસ કમીશનરપદે સ્થાપ્યા છે. જાણીતા મિ. જગમોહનને દિલ્હીના લેફ્ટ. ગવર્નર બનાવ્યા છે. ઘણાં અમલદારોની બદલી થઈ છે. આ બધા સારા ચિન્હો નથી. આવી જ રીતે ચાલે તો શાહ કમિશન, ગુપ્તા કમિશન, જગમોહન રેડી કમિશન અને બીજા કેટલાય તપાસ પંચોમાં જેમણે કામગીરી બવજાવી છે, તેમના શું હાલ થાય? ઈન્દિરા ગાંધીએ ગંભીરપણે આ બધું વિચારવું જોઈએ.

બીજી ગંભીર બાબત છે પક્ષાપલટાની અથવા પાટલી બદલુઓની. દરરોજ છાપામાં વાંચીએ છીએ કે આજે પાંચ કે દસ ધારાસભ્યો, બે-પાંચ પ્રધાનો, સેંકડો કાર્યકર્તાઓ જનતા પક્ષ અથવા બીજા કોઈ પક્ષ છોડી ઈન્દિરા કોંગ્રેસમાં જોડાયા. આવું કોઈ દેશમાં લોકશાહીમાં બનતું નથી. આ મહારોગ જાહેર જીવનને સર્વથા તકવાદી અને અનીતિમય બનાવે છે. અને લોકોના તિરસ્કારને પાત્ર બને છે. પક્ષાન્તરવિરોધી કાયદો જનતા પક્ષે ન કર્યો. ઈન્દિરા ગાંધી આ રોગને આટલું ઉત્તેજન આપશે તેમ માનવામાં આવતું ન હતું. લોકસભામાં મોટી બહુમતી મળ્યા પછી તેમ કરવાની ઈન્દિરા ગાંધીને જરૂર નથી, અને લોકશાહી પરંપરાને દઢ કરશે એમ લાગતું હતું. સારાય દેશમાં એક જ પક્ષનું રાજ્ય કરવું હોય તો જુદી વાત છે. સત્તાલાલચુ લોકોનો તોટો નથી.

આ સંદર્ભમાં કેટલાક રાજ્યોની વિધાનસભાઓનું વિસર્જન કરવાની વાત જોરશોરથી ચાલે તે વિચારવાનું રહે છે. સંજય ગાંધીએ જાહેર કર્યું છે કે, રાજ્યોમાં ઈન્દિરા કોંગ્રેસની સરકાર ન હોય તો તેમના કાર્યક્રમનો અમલ થઈ ન શકે. તે સાથે કેન્દ્ર સરકારની સત્તા વધારવાની વાત પણ તેમણે કરી છે. ભાવિના આ એંધાણ છે. હરિયાણામાં સમૂહ પક્ષ-પલટો કરાવ્યો એવો પ્રયત્ન અન્યત્ર થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં તેમ બનશે એવા ભણકારા વાગતા હતા, પણ હાલ તુરત તે મુલતવી રહ્યું હોય તેમ લાગે છે. પરિણામે, મહારાષ્ટ્ર વિધાન સભાનું વિસર્જન કરે એવા સંજોગો જણાય છે. આ બાબતના અનુસંધાનમાં, નારાયણપુરમાં પોલીસ અત્યાચારો થયા તેની જાત તપાસ કરવા ઈન્દિરા ગાંધી ગયા તે આશ્ચર્યજનક બનાવ છે. પોતાના વિશ્વાસુ માણસો મારફત તપાસ કરાવી શકતા હતા. પણ વધારે સૂચક, ત્યાંની મુલાકાત પછી તેમણે કરેલા નિવેદનો છે. કોઈ રાજ્યની સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ જાય તો કેન્દ્ર સરકારે યોગ્ય પગલા લેવા પડે. પણ આ બનાવને રાજકીય હેતુથી વધારેપડતું મહત્વ આપ્યું છે તેમ લાગે છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, પંજાબ, હિમાચલ પ્રદેશ, આ બધી ધારાસભાઓ ઉપર વિસર્જનનો ભય તોળાઈ રહ્યો છે. જનતા પક્ષે તેવું કર્યું માટે ઈન્દિરા સરકાર તેવું કરી શકે એ લુલો બચાવ છે. જનતા પક્ષે કર્યું તે ખોટું હતું એમ કહેનાર પોતે જ તેમ કરે તો પ્રામાણિકતા ક્યાં રહી?

ઈન્દિરા ગાંધીના સાથીઓ પણ આવા પ્રકારની રમત રમી રહ્યા છે. જનતા સરકારે પ્રેસ કમિશન નીમ્યું હતું. ૧૯૫૩માં એ નીમાયું હતું. ૨૫ વર્ષ પછી આ બીજું હતું. તેમાં રાજકીય હેતુ કે કોઈ રાજકીય પક્ષનો સ્વાર્થ કાંઈ ન હતો. ઔપચારિક રીતે-આ પણ જરૂર ન હતી - પ્રેસ કમિશનના સભ્યોએ રાજીનામું આપ્યું અને માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી સાઠેએ તુરત સ્વીકારી લીધું. હવે સમાચાર સંસ્થા ફરી સજીવન કરવાની વાત ચાલે છે. નાણાપ્રધાન વેન્કટ રામને જાહેર કર્યું કે મોટા ઉદ્યોગોને અગ્રતા આપવી જોઈએ. જનતા પક્ષ અને ખાસ કરી ચરણસિંહે ગ્રામવિકાસ અને ખેતીને અગ્રતા આપવાનું કહ્યું માટે આ સરકારે ફરી મોટા

ઉદ્યોગોને ઉતેજન આપવાનું કહેવું! નહેરૂએ કયા સંજોગોમાં મોટા ઉદ્યોગોને પ્રધાનતા આપી, વર્તમાન સંજોગો અને જરૂરિયાત શું છે તેનો વિચાર કર્યા વિના, જનતા પક્ષે કર્યું તે ખોટું હતું અને માટે તેથી વિરોધી કરવું એવું વલણ દેખાય છે. જનતા પક્ષે પણ કેટલુંક એવું કર્યું હતું. ઈન્દિરા ગાંધીએ સમાચાર સંસ્થા કરી માટે તેનું વિસર્જન કર્યું. ગુણદોષનો વિચાર ન કરવો.

હવે જસ્ટીસ વૈદ્ય લોંગમનો રિપોર્ટ આવ્યો છે. કાન્તિ દેસાઈ, તેમના પત્ની તથા ચરણસિંહના પત્ની સામે પ્રાથમિક પુરાવાઓ કેટલીક બાબતોમાં છે અને વધુ તપાસની જરૂર છે એમ જણાવી કમિશન નીમવાની ભલામણ કરી છે. જે બાબતોમાં પ્રાથમિક પુરાવા જણાવી, સત્તાના દુરૂપયોગની વાત કરી છે, તે એટલી સામાન્ય છે કે સાધારણ રીતે તેની ઉપેક્ષા થાત. કોઈને લાઈસન્સ આપ્યું કે, હોદ્દા આપ્યો કે, ઈન્કમટેક્ષમાં લાભ મેળવ્યો તે તો આ દેશના રોજના બનાવો છે. કોણે નથી કર્યું? છતાં ઈન્દિરા કોંગ્રેસના સભ્યો શોરબકોર કરી કમિશન નીમાવશે તો સંઘર્ષનો એક વધુ પ્રસંગ ઊભો થશે. કમીશનની તપાસ બે વરસ ચાલશે. તેના રીપોર્ટ ઉપર એક વર્ષ વિચાર થશે. પછી કેસ થશે તો તે પાંચ વર્ષ ચાલે. કમિશનોના શું હાલ થાય છે તે આપણે જોયું છે. ઈન્દિરા ગાંધી આવા આવા પ્રલોભનથી દૂર રહેશે એટલી આશા રાખીએ.

એક મહિનામાં બનેલા આ બનાવો એવી છાપ ઊભી કરે છે કે શાન્તિથી સ્થિર રાજતંત્ર થવાને બદલે સંઘર્ષનું વાતાવરણ ચાલુ રહે છે. જનતા પક્ષે ઘણી ભૂલો કરી છે તેનું પુનરાવર્તન ઈન્દિરા ગાંધી કરશે તો લોકોએ ભાવિની જે આશાઓ રાખી છે તે નિષ્ફળ જશે. ભૂતકાળ ભૂલી જઈ, દેશની કઠિન સમશ્યાઓ પ્રત્યે લક્ષ આપવાને બદલે, જુના વેરઝેર તાજા રહેશે. લોકોની સમશ્યાઓ વધારે વિકટ થતી જાય છે. જીવન જરૂરિયાતોની વસ્તુઓના ભાવો વધતા રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ફફોટક છે. કાયદો અને વ્યવસ્થા કથળેલા છે. લોકસભામાં મોટી બહુમતી છે, તો ઈન્દિરા ગાંધી સ્થિરતાથી અને ઉદારતાથી કામ કરી શકે છે. રાજસભામાં બહુમતી નથી તે માટે રાજ્યોમાં સંઘર્ષ ઊભો કરવાની જરૂર નથી. આ એક મહિનામાં વાતાવરણ સુધર્યું નથી, એ ધ્યાન સારા નથી, આશા રાખીએ કે ઈન્દિરા ગાંધી અને ખાસ કરી તેમના સાથીદારો અને સલાહકારો ભવિષ્યનો વિચાર કરશે અને પ્રજાની આશાઓ સફળ બનાવશે.

૧૨-૨-૮૦ ચીમનલાલ ચકુભાઈ શાહ

નોંધ: આ લખાણ પછી નવ રાજ્યોની વિધાનસભાઓનું વિસર્જન થયું છે. તે વિષે હવે પછી લખીશ.

ચીમનલાલ

વિશ્વાસ

સામાન્યપણે આપણે ઘણાં લોકોને કહેતા સાંભળીએ છીએ, કે દુનિયામાં કોઈનો વિશ્વાસ કરવા જેવું નથી. કેટલાય માણસો આ ધોરણે વર્તે છે. હકીકતમાં આ ધોરણ હાનિકારક છે; એટલું જ નહિ પણ અશક્ય છે.

માનવસમાજ વિશ્વાસથી જ નભે છે. પરસ્પરનો વિશ્વાસ ન હોય તો જીવનવ્યવહાર એક ક્ષણ ચાલી ન શકે. દરેક માણસ જુઠું જ બોલે છે એમ માની લઈએ તો આપણાથી કોઈ કામ થાય જ નહિ; બલ્કે દરેકે દરેક માણસ કહે છે તે સાચું કહે છે અને તે પ્રમાણે તે વર્તશે એમ માનીએ તો જ આપણો વ્યવહાર ચાલે. જીવનનાં દરેક ક્ષેત્રમાં આ ધોરણ સ્વીકારવું જ પડે છે. કોઈ એમ કહે કે અમુક સમયે તે આપણને મળવા આવશે તો આપણે માનવું પડે છે કે તે પ્રમાણે વર્તશે. બીજા કહે છે તે વિશ્વાસપાત્ર નથી એમ માનીએ તો આપણે કહીએ તેનો પણ કોઈ વિશ્વાસ ન કરે. માનવજીવનનો આધાર સત્ય છે. સત્ય ન હોય તો રેતીનાં કણકણ પેઠે જીવન વેરણછેરણ થઈ જાય, સત્ય જીવનનું સિમેન્ટ છે, જીવનની સુગંધ છે.

એ વાત ખરી છે કે કેટલાક માણસો જૂઠું બોલે છે, કોઈ વખત જાણી જોઈને જૂઠું બોલે છે અને છેતરે છે. જુદા જુદા ક્ષેત્રમાં આનું પ્રમાણ જુદું જુદું હોય છે. કૌટુમ્બિક વ્યવહારમાં જૂઠાનું પ્રમાણ ઓછામાં ઓછું હોય, હોવું જોઈએ. જ્યાં સ્વાર્થ નથી ત્યાં પણ જૂઠાનું પ્રમાણ ઓછું હોય છે. સ્વાર્થ આવે છે ત્યારે આ પ્રમાણ ઠીક ઠીક હોય છે છતાં ત્યાં પણ વધારે પડતું હોય તો વ્યવહાર અટકી પડે. વ્યાપારમાં પરસ્પરનો વિશ્વાસ ન હોય તો વ્યાપાર થાય જ નહિ, રાજકારણમાં જૂઠનું પ્રમાણ વધારે હોય છે એમ લાગે, છતાં ત્યાં પણ પરસ્પરનો વિશ્વાસ ન રાખે તો આંતરરાષ્ટ્રીય વ્યવહાર પણ અશક્ય થઈ પડે. જુદાં જુદાં દેશો વચ્ચે સંધિ કે કરાર થાય છે તે વિશ્વાસનાં ધોરણે થાય છે. બંન્ને દેશો તેનું પાલન કરશે એમ માનીને કરાર થાય છે. જો એમ માને કે તેનું પાલન થવાનું જ નથી તો કરાર કરવાનો કોઈ અર્થ નથી.

દુનિયામાં અસત્ય છે ખરું, પણ તેનું પ્રમાણ આપણે માનીએ છીએ તે કરતાં ઘણું ઓછું છે. છેવટ આપણે તેમાં ઉમેરો ન કરવો. અસત્ય એટલે અસ્તિત્વનો અભાવ. સત્ય એટલે હોવું. છે તે નથી થઈ શકે નહિ. આ જગત સત્યથી જ નભે છે.

દરેક વ્યક્તિએ પોતાના જીવનનો અભિગમ નક્કી કરવાનો રહે છે. કેટલાકનો અભિગમ અણવિશ્વાસનો જ હોય છે, પછી તેનો પણ કોઈ વિશ્વાસ ન કરે. એવી વ્યક્તિનું જીવન અસહ્ય થઈ પડે છે. કોઈ વ્યક્તિ વિશ્વાસપાત્ર નથી એવી છાપ પડે પછી તેને પોતાને માટે અને બીજાને માટે તેનું જીવન દુઃખમય થઈ પડે છે.

માણસે નક્કી કરવું જોઈએ કે પોતે જૂઠું નહિ બોલે, કોઈને છેતરશે નહિ, કોઈથી છેતરાવું નહિ એ પણ જરૂરનું છે, એક કળા છે. માણસને પારખી લેવા અને તે પ્રમાણે વર્તવું, છતાં માણસ ઈન્સાન છે એમ માની વિશ્વાસ મૂકવો એ વધારે ઈષ્ટ છે, સુખનો માર્ગ છે. કદાચ છેતરાઈ જઈએ તો સહન કરવું, પણ છેતરાઈ જશું એવા ભયથી જીવનને અકારું ન બનાવવું. એક બે વખત કોઈ વ્યક્તિથી છેતરાયા હોઈએ તો તેનાથી સાવચેત રહેવું ડહાપણ છે. પણ બધા એવા છે એમ માનવું ખોટી મુર્ખાઈ છે. વિશ્વાસ મૂકવાથી વિશ્વાસ પેદા થાય છે. એક વખત ન હતો બીજી વખત એમ થશે. જીવનનાં આવા અભિગમથી સમાજનું સ્વાસ્થ્ય સુધરે, પોતાને અને બીજાને સુખ થાય, સદા અણવિશ્વાસમાં રહેવું મૃત્યુ કરતાં પણ વધારે કષ્ટમય છે.

It is better to trust and run the risk of being deceived than to live in constant fear of being deceived. The ideal thing is neither to deceive nor to be deceived. But the important thing is never to deceive any body. This is the royal way to be happy.

ચીમનલાલ ચકુભાઇ

સળગતી કલમે લખતો ખુંખાર લેખક ઈવાન ઈલીચ

આધુનિક તબીબી વિજ્ઞાને દવાઓ પેદા કરીને દવાઓ દ્વારા જ નવા રોગ પેદા કર્યા છે અને તે રીતે માનવીને કાયમ માટે ડૉકટરોનો ગુલામ કરી નાખ્યો છે તેવો આક્રોશ ઉદાહરણરૂપે ઈન્ગ્લીશ લેખક શ્રી ઈવાન ઈલીચે આર્થિક અને સામાજિક જગત ઉપર કાતિલ પ્રહારો ચલાવનું એક નાનકડું પુસ્તક તાજેતરમાં લખ્યું છે. તેનું નામ છે "ધી રાઈટ ટુ યુઝલેસ આન એમ્પ્લોયમેન્ટ". તબીબી શાસ્ત્ર ઉપરથી આર્થિક સમશ્યા ઉપર ઉતરી પડેલા શ્રી ઈલીચને જુઓ તો જાણે બરટ્રાન્ડ રસેલના સીધા વારસદાર લાગે. પશ્ચિમમાં જન્મેલા શ્રી ઈલીચ ત્યાંના મૂલ્યોને ખૂબ વખોડે છે. ઈજિપ્તમાં રોયલ એકેડેમી ઓફ પર્થીયા ખાતે જઈને તેમણે ઈરાની લોકોને કહેલું "મહેરબાની કરીને તમે ટીસ્યુ પેપર વાપરીને અમારી વાનર નકલ ન કરો, અમે ટીસ્યુ પેપરથી છૂટવા માંગીએ છીએ ત્યાં તમે અમારી એંઠને આયાત કરવા માગો છો!" ઈવાન ઈલીચ ભાગ્યે જ પત્રકારોને મળે છે અને ટેલિવિઝન ઉપર જવાની તો ના જ પાડે છે. સ્કૂલમાં જવાની કોઈ જરૂર નથી એમ કહેનારા ઈલીચ જે વિચારો મૂકે છે તેનાથી શ્રોતા થરથરી જાય છે. તે જ્યારે આંકડા ટાંકે છે ત્યારે શ્રોતા તેનાથી પ્રભાવિત થઈ જાય છે. અમેરિકનોના ભોગવાદ અને વેડફાટનો તે આમ દાખલો આપે છે.

અમેરિકન પુરુષ સરેરાશ દર વર્ષે તેની મોટરકાર પાછળ ૧૬૦૦ કલાક આપે છે અને તેમાં તે ૧૫૦૦ માઈલનો પ્રવાસ કરે છે. અમેરિકન ગમે તેટલો સમૃદ્ધ હોય છતાં તે ગરીબ છે. ઉપમે માળે લોસ એન્જલસમાં રહેનારો અમેરિકન તેનો પગ વાપરી શકતો નથી. તેના પગની યુઝ વેલ્યુ- (ચાલવાનું મૂલ્ય) તે ગુમાવી બેસે છે."

"સમ" – સંગીતનો

સંગીતમાં "સમ"તે એક ચેલેંજ-ચુનૌતી છે. બે "સમ" વચ્ચેના ગાળામાં સંગીતકાર ગમે તે રીતે ઘૂમે છે, ફરે છે. આલાપ, તાન, બોલતાન, સ્વર તાન, સરગમ આદિ લઈ શકે છે. આ બધાની વચ્ચે તાલની લય ચાલુ જ હોય છે. કાળ ચાલુ છે, છતાં ફરવાની પૂરી સ્વતંત્રતા રહે છે. પરંતુ "સમ" આવવાનાં વખતે સંગીતકારે બરાબર તૈયારી રાખીને હોંશિયાર રહેવાનું છે. જરા પણ ગભરાટ કે ઉતાવળ કર્યા વગર આલાપ અથવા તાનને ઘણી જ સ્વસ્થતાથી તેનાં તાણાવાણા બરાબર ગૂંથીને વિલંબિતમાં આલાપ, તેમજ ધૂનમાં તાનને પૂરી કરીને, તે વિચાર બરાબર પૂરો અમલમાં લાવીને "સમ" પર આવવાનું છે. નહીં કે ગભરાટ સાથે, અધૂરો વિચાર, અધૂરી-તાન, ગમે તેમ લપેટીને મહાપરાણે પરિશ્રમપૂર્વક ધમ્મ દઈને અણઘડ રીતે સમપર આવવું. પૂરેપૂરી સ્વસ્થતા, આનંદ, બોધ-સમજ, આત્મવિશ્વાસ, મધુરતા, ગૌરવ, પ્રસન્નતા અને જાગ્રતિ સાથે સમપર આવવાની મઝા અનોખી છે. ખૂબ જ સરળતાથી જાણે કે રમતા રમતા "સમ" પર આવ્યા તેવી સહજતા રહેવી જોઈએ. તે પર જ આપણને સ્વયં આત્મસંતોષ થાય છે, તેમ જ શ્રોતાઓનાં મસ્તક ડોલે છે.

સમય સર "સમ" પર આવી જવાનાં રંધવાટમાં રહીને વચ્ચે કશી કલાકારીગરી ન દાખવતા સાદા સ્વરો જ લઈને, (ભૂલ ન પડે, તાલ ન ચૂકાય) માત્ર "સમ" ની જ ચિંતા કરતા કરતા સમ પર આવવું તે પણ બરાબર નથી. તેમાં નબળાઈ છે, ભયભીતતા છે. તેમાં પડકાર ઝીલવાનું સાહસ અને બહાદુરીનો અભાવ છે. તેને બદલે છે માત્ર શરણાગતિ, નત મસ્તકે સ્વીકાર છે. પરંતુ ઉન્નત મસ્તકે પૂરી આવડતસહિત ઔચિત્ય અને વિશ્વાસ સાથે "સમ" નું સ્વાગત કરવું તેનો આનંદ અનોખો છે.

એક અચ્છો તાલીમસંપન્ન ઘોડેસ્વાર જેમ પોતાની રાંગમાં રહેલ ઘોડાને ચાહે તો ધીમી ચાલે ચલાવે છે, ચાહે તો "તબડક તબડક" ટ્રોટમાં ચલાવે છે, ચાહે તો આરામથી "રેવાળ" માં ચલાવે છે, ચાહે તો દોડાવીને 'કેન્ટર' ચાલમાં લઈ જાય છે અને ચાહે તો એકદમ શિઘ્રગતિથી "ગેલપ" માં ઉછાળતો–કૂદતો દોડાવે છે. આ બધી ચાલો વખતે તે સ્વયં તો પોતાની બેઠક પર સ્વસ્થ અને મજબૂતપણે બેઠો જ રહે છે. માત્ર તેની લગામનાં ઈશારે જ ઘોડો ચાલે છે, તેમ જ ચાલ બદલે છે.

આવી રીતે બેફિકરીથી પણ પૂરા બોધ સાથે સંગીત રૂપી તુરંગ સાથે ખેલ ખેલતા ખેલતા પોતાની સમસ્ત કલાચાતુરી તેમ જ સૃજનાત્મક બુદ્ધિનાં ચમકાર આદિનાં પ્રદર્શન સાથે પૂર્ણ આનંદ અને વિશ્વાસપૂર્વક જવાબદારીનાં ભાન સાથે, છતાં ચિંતા-મુક્ત અને રમતાં રમતાં "સમ" પર આવાય તો જ સાચા સહજ અને ખેલદિલ ખેલાડી ઠરાય.

આ જ પ્રમાણે જીવનમાં પણ ગોઠવી શકાય છે. જીવન-સંગ્રામમાં આવતી પ્રત્યેક ચેલેંજ તે "સમ" છે. તેની વચ્ચેનો સમય આપણે આપણી અક્કલ, હોંશિયારી, સાધના, અને બુદ્ધિનો વિકાસ સાધીને સારામાં સારી રીતે જિંદગીનો ખેલ ખેલવાનો છે, અનેક પડકારો જીવનમાં આવે છે. તે વખતે સંપૂર્ણ સ્વસ્થતા જાગૃતિ, અને પ્રસન્નતાથી તેને ઝીલી લેવા, તે જીવનનાં સાચા ખેલાડીનું કામ છે.

આ બધા વચ્ચે પરમાત્મ ચેતનાની "લય" તો ચાલુ જ રહે છે. જેમ "સા" સ્વર સમસ્ત સંગીતનો આધાર છે, તે કદીવિચ-લિત થતો નથી, તે પ્રમાણે આપણી સ્વસ્થતા તે જીવનનો "સા" છે. તે હાલક ડોલક ન થાય તેની તકેદારી રાખવી જોઈએ. આ બધા વચ્ચે પ્રભુ ચેતનાની લય તો હોય જ છે. તેની આસપાસ બધી રમતો જાગ્રતિપૂર્વક રમાય પરંતુ "સા" અવિચલ, અને પોતાને સ્થાને દ્રઢ જ રહે છે, તે કદિ અરવસ્થ થતો નથી.

સ્વરોની સુંદર ફૂલગૂંથણી, સૂરેલપણું, સમ, તાલ, માધૂર્ય, ગૌરવ આદિનાં સમન્વયથી જેમ સંવાદિતાનું વાતાવરણ જામે છે તેવી રીતે સ્વસ્થતા સહજતા, આત્મશ્રદ્ધા, પ્રભુપ્રેમ, પડકાર ઝીલવાની તાકાત, અને ખેલદિલી મનુષ્યજીવનમાં સંવાદિતા સર્જે છે. આ સંવાદિતા અને સ્વસ્થતા જે આપણામાં છે જ, જે ઉદ્‌ઘાટિત થવાની રાહ જોઈ રહી છે તેમ નથી લાગતું?

– પૂર્ણિમા પકવાસા

પ્રેમળ જ્યોતિ અંગેની ૧૯૮૦ના વર્ષ માટેની જરૂરિયાત

પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિનો વિકાસ થઈ રહ્યો છે.

ખૂબજ ચકાસણી કર્યા બાદ, ખરી જરૂરિયાતવાળી વ્યક્તિઓ-ને જ જાગૃતિપૂર્વક સમયસર સહાય પહોંચાડવામાં આવે છે અને એવી વ્યક્તિઓને પ્રેમળ જ્યોતિના કાર્યકર બહેનો ભગવાનના પ્રતિનિધિ જેવા લાગે છે. આપણું એ પરમ સદ્‌ભાગ્ય છે, કે પોતાનાં ગૃહકાર્યમાંથી તેમજ સામાજિક અન્ય પ્રવૃત્તિઓમાંથી સમય કાઢીને જોઈએ તેટલો સમય ફાળવનાર નિષ્ઠાવાન બહેનોનો આ પ્રવૃત્તિને સહયોગ સાંપડ્યો છે.

ગયા વર્ષ દરમિયાન જરૂરિયાતવાળી વ્યક્તિઓને રૂપિયા એકવીસ હજાર જેવી રકમ ચૂકવાઈ છે. દાતાઓ માટે પણ એ ખુશીની વાત છે કે તેમણે આપેલી પાઈએ પાઈનો કાળજીપૂર્વક ઉપયોગ થાય તે માટે પુરું લક્ષ્ય આપવામાં આવે છે.

મોંઘવારીના આજના વિષમ કાળમાં સામાન્ય વર્ગના લોકોની પરિ-સ્થિતિ અસહ્ય બની છે, તેમાં પણ માંદગી આવે ત્યારે તેમની વ્યથા અસહ્ય બને છે. પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ આવા મધ્યમ વર્ગના કુટુંબો માટે આશિર્વાદરૂપ બની છે.

આ વર્ષ દરમિયાન વૈદ્યકીય પ્રવૃત્તિ અંગે પચીસ હજાર રૂપિયાની જરૂરિયાત છે. સહૃદયી દાતાઓને વિનંતિ કરવામાં આવે છે કે આ પ્રવૃત્તિ માટે પોતાની યોગ્ય રકમ મોકલી અમારા લક્ષ્યાંકને પુરું કરવામાં પ્રેમાળ સહકાર આપે.

વૈદ્યકીય સહાય ઉપરાંત ગયા વર્ષે આપણે પંદર બાળકોને દત્તક લીધા હતા. તેમના અભ્યાસ તેમજ પોષાકને લગતો બધો જ ખર્ચ આપણે તેમનો આપ્યો અને તેમનો અભ્યાસ ચાલુ રહ્યો.

આ વર્ષે પણ પંદર બાળકોને દત્તક લેવાનો નિર્ણય કર્યો છે. તેને માટે ચાર હજાર રૂપિયા આપે એવા પંદર દાતાઓની અપેક્ષા છે. એટલે એ રકમના વ્યાજમાંથી લાંબા સમય સુધી આપણે તેમને મદદ આપી શકીશું.

પંદરમાંથી બે નામો મળી ગયાં છે. જેની વિગત નીચે પ્રગટ કરવામાં આવી છે. બાકીના તેર નામો અમોને જલદી મળે એવી અમારી નમ્ર અપેક્ષા છે.

પ્રેમળજ્યોતિને મળેલી સુંદર ભેટ

પ્રેમળ જ્યોતિદ્વારા માનવતાનાં નાના મોટાં અનેક કાર્યો નિયમિત રીતે ચાલી રહ્યા છે. થોડા સમય પૂર્વે લોરીના અકસ્માતથી બન્ને પગ જેને ગુમાવવા પડ્યા એ કુમારી સુધા બહેનને એક વ્હીલચેર રૂા. ૯૫૦)ની પ્રેમળ જ્યોતિ તરફથી આપવામાં આવી છે. હવે આ બહેન વ્હીલચેર ઉપર બેસીને એસ. એસ. સી [illegible] પરીક્ષા આપવા જશે. મલાડમાં એક નાની રૂમમાં રહેતું, બે ન [illegible] ભાઈ, બે બહેનો અને માતા-પિતા વાળુ સુધાબહેનનું કુટુંબ કરુણ અકસ્માતથી ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયું. પ્રેમળ જ્યોતિની બહેનોએ આ કુટુંબ-ને સમયસર મદદ કરી.

અમને જણાવતા આનંદ થાય છે કે પ્રેમળ જ્યોતિને સ્વ. ભોળાભાઈ જેસીંગભાઈ દલાલનાં સુપુત્રી બહેન મનોરમાબહેને રૂા. ૫,૦૦૦) ભેટ આપ્યા છે. આ રકમનાં વ્યાજમાંથી વર્ષો સુધી એક વિદ્યાર્થીને દત્તક લેવામાં આવશે.

અમો મનોરમા બહેનના ખૂબ જ આભારી છીએ.

અને એક દત્તક બાળક માટે રૂપિયા ચારસો શ્રી. [illegible] તરફથી પ્રાપ્ત થયા છે. તેમના પ્રેમાળ સહકાર માટે પણ અમો તેમના ઋણી છીએ.

તો, આવો આપણે સૌ સાથે મળીને આપણા અસહાય બંધુ-ભગિનિઓને મદદરૂપ બનીએ. થોડો હાથ છૂટો કરીને આપની લક્ષ્મીનું વિતરણ કરો અને અસહાય માણસોની આંતરડીના અંતરના ઊંડાણ પૂર્વકના આશિર્વાદ મેળવો. આ પ્રવૃત્તિમાં સહાય કરવી એટલે ધનનો સો ટકા સપદ્‌યોગ કર્યો ગણાશે.

આપ સૌના પ્રેમથી–સહકારથી આ પ્રવૃત્તિનો ખૂબ જ વ્યાપ થાય એવી અંતરની પ્રાર્થના.

શાંતિલાલ ટી. શેઠ.
કાર્યાલય મંત્રી.

ન્યૂયોર્કમાં વસતા પોર્ટોરીકોના મૂળ વાસીઓનું યાંકીપણું ઈલીચથી સહન થતું નહોતું. તેણે પોર્ટોરીકોના વાસીઓનું સંમેલન બોલાવ્યું. તેણે કોઈ પત્રકાર પરિષદ ભરી નહિ. ન્યૂયોર્કની પોલીસે બંદોબસ્ત કર્યો નહિ. તેમને હતું કે આ દુબળા પાતળા માનવનું સાંભળવા કોણ આવશે. છતાં ૮૦૦૦ માણસો આવશે એવી ધારણા હતી પણ ૩૫૦૦૦ લોકો તેને સાંભળવા એકઠા થઈ ગયેલા. પોર્ટોરીકોના કાર્ડિનલ સ્પેસમેને પછી ૨૯ વર્ષના આ ફાંકડા જુવાનને પોર્ટોરીકો યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બનાવી દીધા. ઈવાન ઈલીચને રોમન કેથોલીક ધર્મના પાદરી બનાવવા ઘણી કોશિષ થઈ પણ તે તો ક્રાંતિકારી વિચારતા હતા. વિમાનો અને એરક્રાફ્ટ ઉદ્યોગના તે કટ્ટા શત્રુ છે, પણ તેના ગરમા ગરમ ભાષણ સાંભળવા જગતના એટલા બધા લોકો આતુર છે કે તેણે વિમાનમાં જ ફરવું પડે છે. ઈલીચને પોતાને જ સમાજ રચવાનું કહેવામાં આવે તો તેના સમાજમાં માત્ર બાયસિકલ જ હોય. મોટરકાર કે વિમાન ન હોય, ટ્રેન પણ નહિ. વધુ પડતા પ્રવાસોથી માનવીના સંબંધોમાં ઊષ્મા રહી નથી તેમ ઈલીચ કહે છે, તેના સમાજમાં સ્કુલ નહીં હોય. માતા જ બાળકોને ભણાવશે. દવાઓ નહિ હોય—કુદરતી ખોરાક હશે. કોઈ પણ પેદાશની જાહેરખબર ઉપર પ્રતિબંધ હશે. જો કે જે. કૃષ્ણમૂર્તિની જેમ તેઓ રામરાજ્ય માટેનું પ્રિસ્ક્રીપ્શન આપતા નથી. તેઓ તો આધુનિક ટેકનોલોજીની માયાજાળ અને ભય સ્થાનો બતાવે છે—"લોકોએ તો પોતાની મેળે જ સમસ્યા ઉકેલવાની છે." તેઓ માત્ર પ્રશ્નોને ઊંડેથી તપાસે છે. સ્કૂલો તે તે કહે છે કે "બંધારણ શિક્ષકોને છોડી દો. બાળકોને એક બાજુ પારેશ્રી અને બહારની દુનિયામાંથી શીખવા દો. એકાદ કોમ્પ્યુટર દ્વારા કોઈ સાથીદારની શોધ કરીને બાળકે એક કાફેમાં જઈને વાતો કરવી જોઈએ." મોટે ભાગે તે બસમાં કે બાઈસિકલ ઉપર પ્રવાસ કરવાનું ઈચ્છે છે. ઈલીચે 'ધી રાઈટ ટુ બુઝલેસ ઓન એન્વાયર્મેન્ટ" લખીને આપણે હાલના આર્થિક ઉદ્યોગોના ઢાંચામાં કેવા ગુલામ બની ગયા છીએ તેનો ઝળહળતી ભાષામાં ખ્યાલ આપ્યો છે:

"છેલ્લા થોડાક દાયકામાં આખું જગત ભેળસેળિયું અને ટોળાથી બનેલા મેળા જેવું થઈ ગયું છે. કોઈ પણ ઘટના બને તે સામેની માનવીઓની પ્રતિક્રિયા પણ સ્ટાન્ડર્ડ પ્રમાણેની બની ગઈ છે. લોકો જાણે એક મોટા જબ્બર પડઘમના તાલે યંત્રવત ચાલી રહ્યા છે. જુના જમાનામાં કોડિયા, મીણબત્તી, ફાનસ અને દીવાબત્તીને પેટાવવા માટેના અનેક રસ્તાઓ હતા, પણ હવે એક માત્ર સ્વીચથી જ બધું જ થાય છે. સ્વીચથી દરવાજો ખુલે છે અને સ્વીચથી રેડિયો ખુલે છે. ૧૦ વર્ષમાં સ્વીચને વાપરનારા માણસોની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ છે. ફ્લશ અને ટીસ્યુ પેપર તો જાણે પેટ સાફ લાવવા માટે અનિવાર્ય ચીજો બની ગઈ છે. જો હાઈડ્રોજનગાંથી પ્રકાશ ન મળતો હોય અને શરીર સાફ કરવા ટીસ્યુ પેપર ન હોય તો માની લેવાય છે કે તમે ગરીબ છો. અપેક્ષાઓ તો વધતી જાય છે અને પોતાની જ શક્તિમાંથી માણસનો આ શાભર્યો વિશ્વાસ ઊઠતો જાય છે. બીજા લોકો માટેની ફિકર હવે કોઈને રહી નથી."

"ઘડીક ઘેન ચઢાવે તેવા અને ઘડીક કર્કશ અવાજથી ઊંઘ ઊડી દે તેવા વર્તમાનપત્રોનો ઘોંઘાટ લોકોના કાન સુધી ઊંડે પેસી રહ્યો છે. છેક ગામડામાં, કોર્પોરેશનોમાં અને સ્કૂલોમાં છાપાળવાપણું આવી ગયું છે. તંત્રીઓ, અને લેખકો એક નિયત પ્રોગ્રામ પ્રમાણેનું રોજ કરે જાય છે, તે જાણે એક "પેકેજડ મેસેજ" જેવું લાગે છે. શબ્દો અને વાક્યો બરાબર અગાઉથી ગોઠવીને મુક્વામાં આવે છે. એ લખેલું બીજાઓ પોપટ વાક્યની માફક બોલી જાય છે. જો તમે તમારા બાળકને કહો કે—ફલાણું મેગેઝિન વાંચવાનું નથી અને લોકો જે વાતો કરે છે તેવી વાતોમાં તણાઈ જવાનું નથી, તારે કોઈ વિદ્વાન પાસે જઈને બેસવું જોઈએ—તો તમને બધા ચક્રમ કહેશે—તમે એકલા પડી જશો. —સમાજથી સાવ કપાઈને અટુલા થઈ જશો. માનવીની પ્રવૃત્તિની પણ ઘરેડ પડી ગઈ છે.

"કહેવામાં આવે છે, કે આપણે ઔદ્યોગિક રીતે વિકસીત દેશ છીએ. આ કહેવાતા વિકાસની તમામ પ્રકારના સમાજ ઉપર કોણ પડયો છે. દરેક જણ વિવિધ ચીજો ઉપરના અવલંબનની જાળમાં ફસાઈને કુચા જેવા થઈ ગયો છે. આ બધી ચીજો જેના આપણે ગુલામો છીએ તે એ જ જાતના યંત્રો, ફેક્ટરીઓ, ક્લિનિકો, ટેલીવીઝન સ્ટુડીઓ અને વિચારોના કારખાનામાંથી બહાર પડે છે. આ અવલંબનને સંતોષવા માટે વધુ ને વધુ ઉત્પાદન લેવાય છે. તમામ ચીજો સ્ટાન્ડર્ડાઈઝડ હોય છે. ભવિષ્યના ઉપભોક્તાને ખ્યાલમાં રાખીને અગાઉથી આપેલી-જોયેલી ચીજો તૈયાર થાય છે. આ ઉપભોક્તાને અગાઉથી જ એવી માનસિક તાલીમ અપાય તે માટેના એજન્ટો ઉભા થયા છે. આ ચીજો વાપરવાનું વ્યસન પાડવાયાં આવે છે."

આફ્રિકાની સેયન અને નાઈઝર નદીને કાંઠે વસતા ગામડાના લોકો ગાય કેમ દોહવી તે ભૂલતા જાય છે. અને ગ્રોસની દુકાનેથી આવતો સફેદ દૂધનો પાવડર ખરીદતા શીખી ગયા છે. હવે ગરીબ બાળકોને ગાયના દૂધનો પાવડર મળી રહે છે અને ગરીબ કે પૈસાવાળાની પત્નીઓના સ્તનો સુકાઈ ગયાં છે. જ્યારે બાળક બોટલ માટે રડે છે ત્યારે જાણે એકાદ વ્યસની ઉપભોક્તાના જન્મનો ઢંઢેરો વાગે છે. એક સ્વતંત્ર માનવે જન્મીને એક નવું જ જગત ઉભું કરવાની આશાઓ આ વ્યસની ઉપભોક્તાના જન્મ સાથે ધૂળમાં મળે છે."

છાપરાઓ, ઘાસ, અને માટીના નળિયા ઊડી ગયા છે અને તેની જગ્યાએ સિમેન્ટ ક્રોન્ક્રિટના ધાબા અને કોફ ગેંટેડ પ્લાસ્ટીકના પતરાં આવી ગયાં છે. જંગલોમાં ગમે તેટલો કાંપ હોય કે લોકોની વચ્ચે ગમે તેટલો આદર્શનો ભેદ હોય પણ ગરીબો અને સમાજવાદીઓ એક સાથે ધનિકોના રાજમાર્ગો દોડવા માગતા હોય છે. અહીં ધર્મગુરુઓને બદલે આર્થિક ગુરુઓ પૂજાય છે. ટંકશાળોએ આપણા સંસ્કૃતિના બજારને બાજુએ મૂકી દીધો છે. "Money devalues what it cannot measure."—પૈસા થકી જે ચીજનું માપ નીકળી શકતું નથી તેનું અવમૂલ્યન થઈ રહ્યું છે. સંસ્કાર, શીલ, અને સાદાઈનો કોઈ ભાવ પૂછતું નથી."—આ એક કટોકટી છે. આ કટોકટી દરેક માટે સરખી છે. ઔદ્યોગિક ચીજો ઉપર અવલંબન રાખવું કે નહિ એની પસંદગી કરવાની છે, જેટલું વધુ અવલંબન રાખીએ તેટલો જલદીથી સંસ્કૃતિનો પૂર્ણવિનાશ થશે. જો ઓછું અવલંબન રાખીશું તો યુઝ-વેલ્યુનું મહત્ત્વ સમજાશે. અર્થાત તમારું બેકાર હોવું કે તમારી ફુરસદ કે માત્ર તમે વિચાર્યા જ કરો તે પ્રવૃત્તિ પણ ઉપયોગી છે અને તમારા સત્યને સભર કરનારી છે તેનું મહત્ત્વ સમજાશે."

"હાલનો ઔદ્યોગિક સમાજ તેના જીવનનું ગઠન ચીજો આસપાસ જ કરે છે. આપણી બજાર-ભોગી સોસાયટી પ્રગતિનો અર્થ એવો કરે છે, કે જેટલી ચીજો વધુ સંખ્યામાં અને વેરાયટીમાં વાપરો તેટલા તમે વધુ સમૃદ્ધિવાન! સમાજવાદીઓ કહે છે, વિતરણ બરાબર થાય એટલે સમાજની પ્રગતિ બરાબર થાત! અર્થશાસ્ત્રનો પણ પ્રચાર માટે જે ઉપયોગ થાય છે. છેલ્લા ૨૦ વર્ષમાં જગતની ૫૦ ભાષાઓ મરી ગઈ છે અને અમુક ભાષાઓ તો ડોકટરેટનો થીસીસ લખવા માટેનો વિષય બની ગઈ છે. પર ભાષાથી પ્રભાવિત થઈને આપણે આપણી ભાષા પણ છોડી દઈએ છીએ. Consciousness is Colonical everywhere imported labels. ભાષા કે ચીજોની વાત છોડો, પણ આપણા અંતરાત્માના અવાજની બાબતમાં પણ આપણે વિદેશી ગુલામીમાં ફસાઈએ છીએ અને અંતરાત્માના અવાજ ઉપર વિદેશી લેબલ હોય તે આપણને ગમે છે.

આજે ગ્રામોફોન રેકોર્ડ અને રેડિયો તેમ જ ટેપરેકોર્ડોએ સ્થાનિક ગાયકોને ભૂખે મારવા માંડયા છે. વેનેઝુએલામાં અમુક પ્રકારના ઘર બાંધી શકાય છે—મુંબઈ કે બીજા શહેરોમાં ઘરની બારી બહાર કપડા સૂકવો તો બિલ્ડિંગોની શોભા ઘટી જાય છે. અમુક મકાનથી અલગ પ્રકારનું ઝૂપડું બનાવો તો લોકો તમારા તરફ હસે છે. નોકરી વર્ગના લોકો જેઓ યુઝ ફુલ અને એમ્પ્લોયમેન્ટમાં માને છે તેવા લોકોને મજાક કરી કે મુરખ ઠરાવી તેને લેબર માર્કેટમાં ઢસડવામાં આવે છે. કામનું પણ વ્યસન પાડવામાં આવે છે. એક એક વ્યકિત ત્રણ ત્રણ પ્રકારના કામો ઉપાડે છે. આપણે બધા મોડર્નાઈઝડ પોવર્ટી અર્થાત આધુનિકતમ ગરીબીના શિકાર બની ગયા છીએ. દરેક વસ્તુમાં બીજાની મદદ નિષ્ણાતની મદદ કે ડૉકટરની મદદને જરૂરી માનીએ છીએ. મેં એક હૉસ્પિટલમાં રસપ્રદ દાખલો જોયો. એક સ્ત્રી પોતાની સુવાવડમાં બે બાળકો પછી અનુભવી થઈ ગઈ હતી. પણ હૉસ્પિટલમાં તેણે જવું જ પડયું. જ્યારે પ્રસૂતી પીડા પછી બાળક બહાર નીકળતું હતું ત્યારે નર્સ બૂમ પાડી ઊઠી—થોભો થોભો ડૉકટર અહીં હાજર નથી. !!!"

—કાન્તિ ભટ્ટ

વિચારનું બળ

વિચારનું બળ સમજવા માટે સહુથી પહેલાં વિચાર એ શું સમજી લઈશું.

વિચાર એ માણસની માનસિક શકિતની પારાશીશી છે. જે જેટલી માનસિક શકિત હશે તેના ઘેરાવામાં જે તે વિચાર

વિચારની શકિત બજારમાં વેચાતી મળતી નથી. વારસામાં પણ નથી. વિચારશકિત માણસમાં એની શકિત પ્રમાણે કુદરત જ જાગૃત થાય છે.

વિચારશકિત માણસના જન્મની તૈયારી રૂપ ગર્ભાધાન વખતે જ સૂક્ષ્મ બીજ રૂપે મોજૂદ હોય છે. શરીર ગર્ભાશયમાં થાય છે. ગર્ભાશયમાં શરીર તૈયાર થતાં તેમાં જીવનો સંચાર-માનવીનો બાળક રૂપે જન્મ થાય છે અને જન્મ પછી શરીરના વિકાસ સાથે તેનામાં સૂક્ષ્મ બીજ રૂપે રહેલી વિચારશકિત પણ એની સાથે જ વિકાસ પામે છે.

શરીર તથા વિચારશકિતનો વિકાસ તે શરીર દ્વારા ભવિષ્યમાં થનારાં કાર્યોને અનુરૂપ થાય છે. તે શરીર દ્વારા ભવિષ્યમાં થનારાં કાર્યો કોણ નક્કી કરે? આ એક ગહન પ્રશ્ન છે, માણસ પોતાની મેળાએ પેદા થતો નથી કુદરત જ તેને પેદા કરે છે.

ફકત સંતાનપ્રાપ્તિ માટે જ પરસ્પર શરીરનો મેળાપ કરતાં પતી પણ છાતી ઠોકીને નહિ કહી શકે કે, આ શરીર મેળાપ દ્વારા અમને સંતતિ થશે જ અને થશે તો અમારી મરજી મુજબ પુત્ર અથવા પુત્રી અવતરશે.

સંતાનના જન્મનાં કારણ રૂપ શરીરનો મેળાપ કરવા છતાં પણ સંતાન થવું કે ન થવું એ માણસના હાથમાં નથી જો સંતાન થવું કે ન થવું એ જ માણસના હાથની વાત નથી તો પોતાને મન-ગમતું સંતાન પુત્ર યા પુત્રી થશે એ નક્કી કરવાનો સવાલ જ રહેતો નથી.

કુદરતના નિયમ મુજબ ગર્ભાધાન થાય છે અને કુદરતના નિયમ મુજબ જ પુત્ર યા તો પુત્રી અવતરે છે. પુત્ર યા તો પુત્રીના જન્મ સાથે જ તેના જન્મ સમયની જન્મ કુંડલી બની જાય છે. સમર્થ જ્યોતિષી એ જન્મ કુંડલી જોઈ ને જન્મનાર બાળકનું ભવિષ્ય કહી શકે છે. જેવું કે બાળકનો સ્વભાવ, બીમારી, લગ્ન, ધંધા, જીવનમાં આવનારી ચઢતી, પડતી, પરદેશગમન આદિ ઘણું જાણી શકાય છે.

માણસનું કુંડલી માટેનું ભવિષ્ય. અથવા તો ભવિષ્ય પ્રમાણેની કુંડલી કુદરત કઈ થીઅરી ઉપર નક્કી કરે છે તે વિષયાંતર થતું હોવાથી બાજુમાં રાખીએ.

અહીં તો આપણે ફકત એટલું જ જાણ્યું કે જન્મનાર વ્યકિત પોતાની મેળાએ પેદા થતી નથી એનો રંગ, રૂપ, સ્વભાવ વગેરે અગાઉથી કોઈપણ નક્કી કરી શકતું નથી એ બધું કુદરતી છે.

આ પ્રમાણે હોવાથી આપણે આગળ સમજ્યા તે પ્રમાણે શરીર તથા વિચારશકિતનો વિકાસ તે વ્યકિત દ્વારા ભવિષ્યમાં થનારાં કાર્યોને અનુરૂપ કુદરતી રીતે જ થાય છે.

હવે તે કુદરતી થનારા વિકાસમાં માણસ પોતે પોતાના માટે શું કરી શકે, અથવા તો તેના વાલી કે ગુરૂજનો દ્વારા શું થઈ શકે તેનો વિચાર કરીએ.

શરીરના કુદરતી વિકાસ સાથે બુદ્ધિનો પણ વિકાસ થઈ એક દિવસ માણસમાં તે બુદ્ધિ જ વિચાર શકિતરૂપે દેખાવા લાગે છે. બહાર આવે છે.

વિચારશકિત એ એક પ્રકારનું સૂક્ષ્મ માનસીબજ છે. વિચારો બીજ રૂપે રહેલું છે અને તેનું ફુલવા ફળવા રૂપી કાર્ય બીજાં સ્થુળ બીજોની રીતથી જ થાય છે.

જમીનમાં વાવેલું બીજ પાણીને લઈને ફૂલે ફાલે, અંકુર ફૂટે, બીજનો નાશ થાય અને પાંદડાંનો જન્મ થાય પછી ધીમે ધીમે વધીને ફૂલ ફળ થાય ત્યાં સુધીની પૂર્ણાવસ્થાએ પહોંચે છે. આ બધી જ ક્રિયાઓ કુદરત પોતે જ કરે છે. આપણે તે માંહેનું કશું જ કરી શકતા નથી.

આપણે તે તે બીજના ફળને તેના પૂરેપૂરા શકિતશાળી રૂપમાં પ્રાપ્ત કરવા તે બીજના વૃક્ષ અગર તો છોડની આજુબાજુમાં ઊગતી ઈતર વનસ્પતિ કે જે, તેને વૃક્ષ અગર છોડ માટે નાખેલા ખાતર પાણીમાં ભાગ પડાવી તેની શકિતને ઓછી કરે છે. તેને ઉખેડી નાખી તેને ખાતર પાણીનો પૂરેપૂરો લાભ આપણે વાવેલા બીજને જ મળે અને તેને પરિણામે વાવેલા બીજનું ફળ પોતાની પૂરેપૂરી **શકિત અને કદમાં** બને તેટલું આપણે જરૂરથી કરી શકીએ, કરવું જ જોઈએ.

જેવી રીતે સ્થુળ બીજનું વાવેતર જમીનમાં થાય છે. તેવી જ રીતે માણસે પોતાની શકિત પ્રમાણેના કરેલા વિચારો બીજ રૂપે વાતારણમાં વવાઈજાય છે. અને તેનું યોગ્યરૂપી વૃક્ષમાં રૂપાંતર કુદરત પોતે જ કરે છે.

દાખલા તરીકે એક વિદ્યાર્થી વિચાર કરે કે મારે ડોકટર થવું છે અને તેનું ડોકટર થવું કુદરતને પણ મંજુર છે તો તેને તેના ડોકટર થવાના વિચારબીજને અનુરૂપ વાતાવરણ તથા બુદ્ધિપ્રભા કુદરતી રીતે જ મળવા લાગશે અને તે એક પછી એક ધોરણ પાસ કરતો કરતો એક દિવસ ડોકટર બની જશે.

હવે આ ડોકટર થવાના વિચારબીજને પુષ્ટ કરવા તથા વિદ્યાર્થી પોતાની શકિત પ્રમાણેનો પૂરેપૂરો ડોકટર બને તેને માટે વિદ્યાર્થીનાં ગુરૂજનો, વાલીઓ, તથા વિદ્યાર્થી પોતે શું કરી શકે તે જોઈએ.

ડોકટર બનવા રૂપી વાવેલા બીજની આસપાસ (આપણે વનસ્પતિ બીજને માટે સમજી ગયા તે પ્રમાણે) ખાવા–પીવા–ઉંઘવા ફરવા તથા એવા અન્ય શોખો રૂપી ઈતર વનસ્પતિને દૂર કરી અથવા તો તેને જરૂર પુરતા જ સંયમમાં રાખી વિદ્યાર્થીની શકિત તેને વિષયોમાં ફૂંટાતી અગરતો વેડફાતી રોકી તેને તેની શકિત પ્રમાણેનો પૂર્ણ-ડોકટર બનવામાં તેનાં ગુરૂજનો વાલીઓ અથવા તો વિદ્યાર્થીઓને પણ પોતાની જાતને મદદ કરી શકે.

આપણે આગળ જાણ્યું, કે માણસે પોતાની શકિત પ્રમાણે કરેલા વિચારો બીજરૂપે વાતાવરણમાં વવાઈ જાય છે અને તેનું કાર્યરૂપી વૃક્ષમાં રૂપાંતર કુદરત પોતે જ કરે છે તે વાત આપણે ડોકટર થવા રૂપી વિચાર બીજના દાખલાથી સમજ્યા.

વિચારોનું બીજ આપણે આગળ સમજી ગયા તે પ્રમાણે માણસના ગર્ભાધાન વખતે જ ગર્ભ બીજમાં જ સુક્ષ્મ બીજ રૂપે હોય છે. તેના સમર્થન માટે આપણે અહીં એક દાખલો લઈશું.

ચોરી કરવી એ એક અપરાધ હોવા છતાં ચોરી કરતાં પકડાઈ જતાં લોકો દ્વારા માર પડવાનો અથવા તો પોલીસ દ્વારા પકડાઈ જઈ જેલમાં જવાનો પૂરેપૂરો સંભવ હોવા છતાં માનવ સમાજમાં અમુક માણસો એવા છે કે જે ચોરીનો જ ધંધો કરે છે એને બીજો ધંધો જ સુઝતો નથી. ચોરીના ધંધામાં પણ ઘણા પ્રકારો છે. નાની એવી ચોરી ચપાટીથી માંડી મોટી મોટી બેન્કો તથા ધનવાનોના ખજાનામાં હાથ નાખવા સુધીનો સમાવેશ થાય છે.

તે ચોર લોકોનાં પણ **જેની જેટલી શકિત** હશે તે પ્રમાણેનું તેનું **વિચારબીજ** હશે અને સહુ પોતપોતાની શકિત પ્રમાણેનું નિશાન નક્કી કરી નાની ચોરી ચપાટીથી માંડી બેન્કો તથા ઈતર ખજાનાઓમાં હાથ નાખવાની યોજનાઓ વિચારશે.

એની સામે માનવ સમાજમાં અમુક માણસો એવા પણ છે કે જેઓને પોલીસનો જ ધંધો પ્રિય છે. બીજા કોઈપણ ધંધામાં તેનું મન લાગતું જ નથી. તેમાં પણ શકિત પ્રમાણના પ્રકારો છે-સામાન્ય હવાલદારથી માંડીને પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ કમિશ્નર મોટો ડીટેકટિવ અથવા તો રાજ્યની મુખ્ય જાસૂસગીરી સુધીનો સમાવેશ થાય છે.

આ સિદ્ધાંત બધી જ જાતના ધંધા કરતા માનવીઓને લાગુ પડે છે. અને અલગ અલગ જાતનાં **વિચાર બીજો કુદરતના એક ખાસ નિયમ દ્વારા** માણસના પેદા થવાના બીજમાં અગાઉથી જ સુક્ષ્મ રીતે હોય છે જે શરીરના વધવા સાથે ચોક્કસ જાતના ધંધાની રુચિ રૂપે પ્રકટ થાય છે.

માનવ સમાજમાં અનેક પ્રકારના ધંધા છે. જેમાં ઝાડુ કાઢવાથી માંડી રાજ્યકારભાર સંભળવા સુધીના ધંધાનો સમાવેશ થઈ જાય છે. જે ધંધા માણસના પોતાના જન્મના સાથે જ કુદરત દ્વારા જ નક્કી થઈ જતા હોય છે. તેનામાં કુદરતે નક્કી કરેલા ધંધાની જ રુચિ થાય છે. અને વાતાવરણ પણ કુદરતી રીતે જ તે જ ધંધાને લાયક જ મળે છે.

ઉપરોક્ત બધા ધંધાઓમાં પણ નાની મોટી કક્ષાઓ છે. તે **આપણે જાણ્યું** તે તે કક્ષાઓની **વિચારશકિતનો** શ્રોત કયાં છે? અને તે તે વ્યકિતઓની શકિત પ્રમાણે કયાંથી અને કેવી રીતે મળે છે, તે જાણવાની કોશીશ કરશું.

વિચારશકિત સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે જે સીધી રીતે જાણી કે અનુભવી શકાતી નથી. પરંતુ **વિચારબીજો** દ્વારા જાણી તેમ જ અનુભવી શકાય છે.

વિચારબીજો અને વિચારશકિતના કાર્યને સમજવા માટે એક ઉદાહરણ લઈશું. વનસ્પતિ વાવવાના ક્યારામાં પાણી અને

માટી એકજ છે. પરંતુ તેમાં જુદાં જુદાં બીજો, જેવાં કે ટમેટાં મરચાં, કારેલાં, શેરડી, ઈત્યાદિ. વાવવ'થી ટમેટાં ખાટાં, મરચાં તીખાં, કારેલાં કડવાં અને શેરડી મીઠી થશે.

પાણી અને માટી એક જ છે છતાં આ જુદા જુદા સ્વાદ અને ગંધ ક્યાંથી આવ્યા અને તેમાં પણ બીજી એક ખૂબી એ જોવા મળશે કે શેરડી અને કારેલાં બાજુ બાજુમાં હોવા છતાં એક બીજાનો રસ એક બીજાને જરાય અસર કરતો નથી. જેવાં બાજુમાં શેરડીને કારેલાં મીઠાં થઈ ગયાં અને કારેલાંને લઈને શેરડી કડવી થઈ ગઈ આવું પણ કદીએ બનતું નથી.

ઉપરોક્ત ક્રિયાના રહસ્યને સમજી લઈએ.

સૃષ્ટિસર્જનમાં પાંચ તત્ત્વો અને પાંચ ગુણ કારણભૂત ગણાય છે. આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી—એ પાંચ તત્ત્વો છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણો છે. આકાશનો ગુણ શબ્દ, વાયુનો સ્પર્શ, તેજનો રૂપ, જલનો રસ અને પૃથ્વીનો ગુણ ગંધ છે.

ઉપરોક્ત ક્રિયામાં બે તત્ત્વો પૃથ્વી અને જલ તેના ગુણો સાથે કામ કરે છે. પૃથ્વીનો ગુણ ગંધ હોઈ જગતની તમામે તમામ ગંધ પૃથ્વીમાંથી જ પેદા થાય છે. અને પાછી તે પૃથ્વીમાં જ સમાય છે. અને પૃથ્વીનો જો કોઈપણ રીતે નાશ કરવામાં આવે તો તે ગંધ રૂપે વાતાવરણમાં સમાઈ જશે. પાણીનો ગુણ રસ હોઈ દુનિયાના બધાજ રસો તેમાં સમાયેલા છે. દુનિયામાં કોઈપણ પદાર્થ એવો નથી કે જેનો રસ ન થઈ શકે; જેનો રસ થઈ શકે તે બધા પદાર્થો પાણીમય જ કહેવાય.

આમ હોવા છતાં પૃથ્વીમાં રહેલી ગંધ અને પાણીમાં રહેલા રસ પૃથ્વીને અને પાણી બન્નેનું પૃથકરણ (એનેલીસ) કરતાં પણ જોઈ કે અનુભવી શકાતા નથી. પૃથ્વીમાંથી ગંધ અને પાણીમાંથી રસ મેળવવા માટે એક ત્રીજી વસ્તુની જરૂર પડે છે.

એ ત્રીજી વસ્તુ છે બીજ. આપણને જેવી ગંધ અને જેવો રસ જોઈતા હોય તેવી ગંધ અને રસ ધરાવતા ફળનું બીજ પાણી-યુક્ત પૃથ્વીમાં વાવવાથી સમય આવ્યે તે છોડ અગર તો વૃક્ષ બની ફૂલી ફળીને વાવેલા બીજનું આખું ફળ એક યા તો અનેક બીજો સહિત આપશે.

કોઈને ઝેરી રસ જોઈતો હોય તો અફીણને ધંતુરો આદિ વાવતાં એ જ પૃથ્વી અને પાણી બન્ને મળી ઝેરી રસનાં ફળ પણ આપશે. પાણી અને પૃથ્વી પાસે એનો જરાય ભેદભાવ નથી.

પાણી અને પૃથ્વીમાં બધીજ ગંધ અને રસો સમાયેલા છે. છતાં તેની હાજરી સ્થુલરૂપે પૃથ્વી કે પાણીમાં જણાતી નથી પરંતુ તે બીજના માધ્યમ દ્વારા જ સ્થૂળ રૂપે પ્રાપ્ત કરી શકાય છે. આ એક હકીકત છે.

તેવી જ રીતે વિચારોનું બળ પણ સમગ્ર બ્રહ્માંડમાં ગુપ્તરૂપે અદશ્ય રીતે બધે જ ફેલાયેલું છે અને વિચારોરૂપી બીજ દ્વારા તેની પ્રાપ્તિ થાય છે

વિચારની શકિત વ્યકિતગત રીતથી માંડીને પોતાનાં પુત્ર-પૌત્રાદિ, સગાં વહાલાં, આડોશ પાડોશ. શેરી મહોલ્લો, ગામ, ઈલાકો, દેશ અને દુનિયા સુધી તે તે માણસની શકિત પ્રમાણે ફેલાશે.

ઓછી વિચારશકિતવાળો માણસ પોતાની શકિત પ્રમાણે ફકત પોતાનો વ્યકિતગત જ વિકાસ કરી એ વિચારશકિતનો પ્રભાવ પોતાપૂરતો જ બતાવી શકશે એથી વધુ શકિતવાળો પોતાના વર્તુળમાં આવતા પુત્ર—પૌત્રાદિ—સગા—વહાલાં અને મિત્રમંડળ ઉપર પણ પોતાનો પ્રભાવ બતાવી શકે એથી વધુ શકિતશાળી. આગળ જણ્યા, પ્રમાણે અનુક્રમે ગામ, ઈલાકો, દેશ અને આખી દુનિયા ઉપર પણ પોતાનો પ્રભાવ બતાવી શકે.

વિચારશકિત કેળવવા માટે ફકત વિચારશકિતને સમજી લેવી એટલું જ બસ છે:- દાખલા તરીકે, પૈસો પૈસાથી સારાં કામો પણ થાય છે, નઠારાં કામો પણ થાય છે. તેવી જ રીતે મજબૂત વિચાર-શકિતથી પણ સારાં અને નઠારા બન્ને કાર્યો થઈ શકે છે.

આવું સમજી લેવાં છતાં માણસ પોતાની વિચારશકિતનો સારો જ ઉપયોગ કરશે એવું પણ બનતું નથી.

એક સુદઢ વિચારશકિતવાળો માણસ દેશના સેનાપતિપદે છે. અચાનક પરરાષ્ટ્રનું આકમણ થતાં પોતાની મજબુત વિચાર શકિતનો, તે માણસ બીજા માણસોને વધુમાં વધુ મારી નાખવાનાં પ્રયાસોમાં જ ઉપયોગ કરશે, કરવો જ પડે.

એની સામે પુ. મહાત્મા ગાંધી જેવા સુદઢ વિચારશકિતવાળા માણસ સામે લડાઈનું આહ્વાન હોવા છતાં પરિસ્થિતિ મુજબ વિચાર શકિતને કામે લગાડી જેમ માર મારવો એ એક શકિત છે તેવી જ જ રીતે માર ખાવો, પણ શકિત હોવા છતાં સામાને ન મા પણ એક મહાનશકિત છે. એવું શોધી કાઢી આખા દેશ આ યાને પણ વિચારશકિતના સવળા પાસાનો પ્રભાવ બતાવ

આમ વિચારનું બળ દરેકે દરેક માનવી માત્રમાં શકિત પ્રમાણેની પરિસ્થિતિને પહોંચી વળે તેટલા પ્રમાણમાં છે જ.

વિચાર બળને મેળવવાના સિદ્ધાંતને આગળ ઉપર વાથી આપણે એટલું જાણી શકયા કે વિચારનું બળ વધારી નથી પરંતુ જેટલા પ્રમાણમાં આપણામાં રહેલું છે તેમાં ઘટાડો જરૂરથી અટકાવી શકાય અને તેમ કરી પોતાની પ્ર પ્રમાણેના એક ઉત્તમ પ્રકારના માનવી જરૂરથી બની શ

જેમકે એક લાકડું છે, જ્યાં ત્યાં પડયું છે. પડયું પડયું શકિત ખલાસ થઈ સડી જશે. પરંતુ તે લાકડાને રંદો મારી, પો કરી, રંગ રોગાન કરીને યોગ્ય જગ્યાએ તેનો ઉપયોગ કરવાથી તેન શકિત ઘટતી અટકશે અને એ જગ્યાએ પોતાની શકિત પ્રમાણે લાંબા સમય સુધી કામ આપશે. આમ આ મજકુર લાકડાની શકિતમાં તો વધારો ન થયો પરંતુ તેની શકિતનો ઘટાડો રોકાઈ ગયો.

તેવી જ રીતે દરેક દરેક માણસ પોતાની પરિસ્થિતિ પ્રમાણેની શકિતવાળું વિચારનું બળ ધરાવે જ છે. પરંતુ તેની વ્યવસ્થિત જાણકારી ન હોવાના કારણે તેનો છૂટક અનેક વિષયોમાં ઉપયોગ કરવાથી તેનું બળ ઘટી જાય છે એટલે કે વહેંચાઈ જાય છે. પરંતુ તે વિચાર-શકિતનું મૂળ તથા તેના કાર્યની જાણકારી કરી લેવાથી તેનો ઉપયોગ વ્યવસ્થિત રીતે અને જુદે જુદે વહેંચાઈ ગયા સિવાય થશે તો પોતાની શકિત પ્રમાણેના વિચાર બળનો પૂરે પૂરો ઉપયોગ દરેકે દરેક માણસ કરી શકે જ.

એટલે કે જેમ અવ્યવસ્થિત રૂપે જ્યાં ત્યાં પડેલું લાકડું પોલીશ તથા રંગરોગાન થતાં દેખાવમાં પણ સારું લાગવા માંડે અને તેની શકિતમાં થતો ઘટાડો પણ અટકે તેવી જ રીતે પોતાની વિચારશકિને ઓળખીને તેનો વ્યવસ્થિત રૂપે ઉપયોગ કરવાથી માણસ પોતાની શકિત પ્રમાણેના પોતાના વર્તુળમાં વિચારવંત લેખાશે, ડાહ્યો ગણાશે. અને આગાઉ સમજી ગયા તે પ્રમાણેના પોતાના મોટામાં મોટા વર્તુ-ળમાં પોતાની પૂરેપૂરી શકિત પ્રમાણેનો પ્રભાવ બતાવી શકશે, શકે છે.

વસંતલાલ વીરજીભાઇ ગોહિલ

રાજાનું રહસ્ય

આ ઉપકથા મેં કન્હનગઢના સ્વામી રામદાસને મુખેથી સાંભળી હતી.

એક રાજા હતો. એની રાણી ઘણી ધાર્મિક વૃત્તિની સ્ત્રી હતી. એનો મોટા ભાગનો સમય પૂજાપાઠ અને જપતપમાં વીતતો હતો. જીવનના બધાં જ સુખો તેને મળ્યાં હતાં. દુઃખ માત્ર એક વાતનું હતું; તેનો પતિ, જે એક અત્યંત ન્યાયપરાયણ, પ્રજાવત્સલ, કુશળ રાજા હતો, તે આસ્તિક નહોતો. રાણીએ એને કયારે ય પૂજા કરતાં જોયો નહોતો, ભગવાનનું નામ લેતાં સાંભળ્યો નહોતો. આનું જ રાણીને હૈયે દુઃખ હતું. એક વાર, રાતના ત્રીજા પહરે, અચાનક રાણીની ઊંઘ ઊડી ગઈ, અને એ વખતે સાહસા તેણે રાજાને ઊંઘમાં જ 'નારાયણ, નારાયણ' બોલતાં સાંભળ્યો. રાણીના આનંદનો પાર ન રહ્યો. 'ચાલો, સ્વપ્નામાં તો એ પ્રભુનું નામ લે છે!' બીજે દિવસે એણે મોટો ઉત્સવ યોજ્યો. રાજાએ આ બધી ધામધૂમ જોઈને રાણીને એનું કારણ પૂછ્યું. રાણીએ કહ્યું: કાલે મેં તમને ઊંઘમાં ભગવાનનું નામ લેતાં સાંભળ્યા, તેના આનંદનો આ ઉત્સવ છે.' રાજા ચમકી ઊઠયો. એને દુઃખ થયું કે જીવનભર એણે જે આધ્યા-ત્મિક શિસ્ત સ્વીકારી હતી, તે આમ અજાગૃત, ઘડીએ તૂટી ગઈ.

ભકિત એ બાહ્ય અનુષ્ઠાન નથી, આંતરિક સમર્પણ છે. મન નિરંતર પ્રભુ ચરણોમાં લીન રહે અને હાથ હમેશાં કર્મ-કર્તવ્ય કરે તે ભકિતની પરમાવસ્થા છે.

—'નિર્ગ્રન્થ'

ઉષ્માનું મહત્ત્વ

શ્રી વાડીલાલ ડગલીએ ૧૫-૩-'૭૯ ના "જનશક્તિ" માં "ઉષ્માની શોધમાં" એ શિર્ષક નીચેનો લેખ લખ્યો હતો. તેમાંથી તેના સાર રૂપે થોડુંક તારવીને નીચે પ્રગટ કરવામાં આવે છે.

"એક અંગ્રેજ કવિ જ્હોન હૉર્ડરને ટાંકીને તેઓ લખે છે કે, જાતીય સંબંધો વિશે કવિતા લખાય છે, પણ સ્ત્રી-પુરુષ ભેટી પડે તેની કવિતા નથી લખાતી. શિક્ષકો, સામાજિક કાર્યકરો, અને માનસચિકિત્સકો ઉષ્મા સમજતાં જ નથી. આથી સમાજને ભારે કિંમત ચૂકવવી પડે છે. ઉષ્માને જીવન અને કવિતામાંથી દૂર રાખવાના કારણે કેટલી દવાઓનું સેવન અને એવાં બીજાં બધાં સામાજિક દૂષણો ઊભા થયા છે.

"કવિ હાર્ડરનો કહેવાનો મુદ્દો એ છે, કે સમાજે જેટલી જાતીય સંબંધોની ચર્ચા કરી છે તેટલી ઉષ્માભરી મૈત્રી, ઉષ્માભર્યા સ્પર્શ અને ઉષ્માભર્યા આલિંગનની ચર્ચા કરી નથી એટલે માણસનું વ્યક્તિત્વ વિનાકારણે કુંઠિત થઈ ગયું છે. તેઓનું કહેવું છે કે "ઉષ્મા, માનવ સંબંધોની સંજીવની છે. ઉષ્મા જીવનને વિસ્તારે છે. ઉષ્મા શરીર અને ચિત્તનો કાયાકલ્પ કરે છે. ઉષ્માને સૌ ઈચ્છતા હોય છે, પણ ઉષ્મા આપવાની વાત આવે ત્યારે શરીર અને મન સંકોચાઈ જાય છે.

"ફ્રાન્સ, સ્પેન, લેટિન અમેરિકા જેવા પ્રદેશોમાં સ્ત્રીને પુરુષ મળે ત્યારે સ્ત્રીને હાથે ચુંબન કરવાનો રિવાજ છે. આપણે ત્યાં પણ બે પુરુષો મળે ત્યારે ભેટવાનો કયાંક કયાંક રિવાજ છે. આપણે ત્યાં પારસીઓમાં પણ ફ્રેન્ચ પ્રજા જેવી પ્રણાલિકા છે. પ્રણાલિકા વિષે એટલું કહેવું જોઈએ કે આ બધામાં ઉષ્મા કરતાં વિધિ વધારે હોય છે. હસ્તધૂનનનું પણ આવું જ થયું છે.

"તેઓ આગળ ચાલતા લખે છે, કે આત્મશ્રદ્ધાનો અભાવ અને ઉષ્મા એક સાથે રહી શકે નહિ. જેનામાં આત્મશ્રદ્ધા વધારે, તેનામાં ઉષ્મા વધારે. જેને પોતાની જાત વિષે ઓછી ચિન્તા હોય છે તે જ ઉમળકો વ્યક્ત કરી શકે છે. જો મારે મારી બધી શક્તિ મારી જાતને જ હૂંફ દેવામાં ખરચવી પડતી હોય તો હું બીજાને લગીરે ય હૂંફ ક્યાંથી આપી શકું." ?

"કવિ હૉર્ડરે ઉષ્માની ચર્ચા કરી છે તે મુખ્યત્વે શારીરિક સપાટીની ઉષ્મા છે. શારીરિક સપાટીની ઉષ્માના જે આવિર્ભાવો છે તેની પાછળનું પ્રેરક બળ જાતીય વૈવિધ્ય માણવાની ઈચ્છા પણ હોઈ શકે, પરંતુ હંમેશાં આવું હોતું નથી. પણ પ્રમાણમાં મુક્ત સમાજોમાં આવી છાપ ઊભી થાય છે. શારીરિક ઉષ્માની પાછળ હૈયાનો ઉમળકો ન હોય તો કેવળ ક્રિયાકાંડની સંસ્કારિતા જોવા મળે.

"મારું તો એવું માનવું છે, કે આધુનિક સમાજનો અસાધ્ય રોગ હૃદયની કૃપણતા છે. આ કૃપણતા માત્ર કેવળ આનંદ-પ્રમોદનું પરિણામ નથી. જીવનનિર્વાહ ચલાવવાનું કામ એટલું જ કપરું છે કે આપણી આંખ, જાત અને કુટુંબ સિવાય બીજા કોઈને દેખી શકિત નથી. પેલી બાઈબલની ઉક્તિ પ્રમાણે, જીવન રોટલાથી કંઈક વધુ છે. જીવનના રોટલાનું મોણ ઉષ્મા છે. આ મોણ વિના બાગબગીચા રણ થઈ જાય. આ વાત બીજી રીતે મેં મારા એક અપ્રગટ અંકમાં આમ કહી છે:

કોને રે કહીએ વા'લા
કોને રે કહીયે
દલના દુકાળની વાતુ
કોને રે કહીએ? "

શ્રી વાડીભાઈએ જે પ્રશ્ન છેડ્યો છે એનો આપણે કયારેય વિચાર સરખો પણ નથી કરતા, પરંતુ જાણે આપણને તેમણે ઊંઘમાંથી જગાડયા હોય અને આપણે ઝબકીને જાગી ગયા હોઈએ એવો ભાવ આ લખાણથી ઉત્પન્ન થાય છે. સ્નેહની, પ્રેમની વાતો તો જરૂરી છે જ, પરંતુ આ ઉષ્માની વાત અતિ મહત્ત્વની છે. દરેક માનવી ઉત્કટ રીતે ઉષ્મા ઝંખતો હોય છે, પરંતુ સમાજના ડરથી તેને દાબી રાખે છે – વ્યક્ત કરી શકતો નથી હોતો. કારણ, આપણે મહોરા પહેરીને જીવીએ છીએ– આંતરિક વિચારસરણીનું એક મહોરું અને બાહ્ય વર્તાવનું બીજું મહોરું. એવાં તો અનેક મહોરાં માનવીના બગલથેલામાં સબડાયલા પડ્યા છે.

જૂના જમાનામાં વેવાઈઓ કે વેવાણો મળે ત્યારે એકબીજા સાંઈ માંઈ કરે, એટલે કે બથ ભરીને ભેટે. એકબીજા ગામના રહેવાસીઓ કે સગાઓ પણ આ રીતે ભેટતા હતા અને તેમાં અંતરની લાગણી – ઉષ્મા દેખાતી હતી-ખાલી દેખાવ નહિ.

હાથમાં હાથ મિલાવીને "આવો રામ રામ" કહેતા હતા ત્યારે તેમના મોઢા પરના ભાવમાં દિલની ઉષ્માનાં દર્શન થતાં હતાં.

આજનો માણસ પોતે કથીર બની ગયો છે અને ઔપચારિકતા, સોના સમી ચમકતી દેખાતી હોય છે, પરંતુ તેમાં હૃદયના ભાવ - ઉષ્માનાં - દર્શન નથી થતાં. આજના માણસને જીવનમાં સમૃદ્ધિનાં દર્શન કરવાની ઈચ્છા હોય તો તેણે આ ઉષ્માવાળી વાતને વાગોળવી પડશે અને જીવનમાં ઉતારવી પડશે. તમે હૃદયના શુદ્ધ ભાવદ્વારા - શબ્દોદ્વારા પણ તમારી અંતરની લાગણી-ઉષ્મા વ્યક્ત કરી શકો છો.

આપણે ઘણી વખત ઘણા વડીલોને નાની ઉમ્મરની સંબંધી-સ્નેહી બહેનોને મળતા જોઈએ છીએ ત્યારે કયાં તો તેમનો હાથ પકડીને કે તેના ખભા ઉપર હાથ મૂકીને કે તેના વાંસામાં ધબ્બો મારીને તેના ખબર–અંતર પૂછતા જોતા ઈચ્છીએ છીએ – તેની પાછળ પણ એ વડીલની, પેલા બહેન પ્રત્યેની અંતરની–દિલની લાગણી-પિતૃપ્રેમ–ઉષ્મા વ્યક્ત થતી હોય છે. પરંતુ ઘણા ટૂંકી દૃષ્ટિના માણસોને, એવા કૃત્યને હિનતાના ભાવથી જોતા અને તેની ટીકા કરતા પણ સાંભળ્યા છે – ખરેખર આ આપણી કરુણતા છે.

વાડીભાઈએ ચર્ચેલા આ પ્રશ્ન ઉપર દરેકે વિચાર કરવા જેવો છે. આપણે એટલું તો કરીએ જ કે કોઈ પણ વ્યક્તિને મળીએ ત્યારે તેને સ્મીતથી - અંતરના ભાવથી આવકારીએ.

શાંતિલાલ ટી. શેઠ

તમે મહાવીર બની શકો છો

ઘણાને આપણે કહેતાં સાંભળીએ છીએ કે– 'હું પછી કરીશ; કાલે કરીશ.' શું આવા લોકો જાણતા હોય છે કે કાલ તેમના માટે ઊગવાની છે?

નહિ, કાળની રમતને સામાન્ય જનો કદી નથી સમજી શકતા. જે આજે નથી કરી શકતો એ કાલે કેવી રીતે કરી શકશે? અને કાલનો ભરોસો શો?

જીવનનો વિકાસ કરવા ઈચ્છે તે કશું જ કાલ પર મુલતવી નથી રાખતો. આજ જ તેના માટે મહત્ત્વની છે. આજ પણ નહિ, પરંતુ તે તો પસાર થતી દરેક પળને વધુ મહત્ત્વની સમજે છે.

પૈસો પૈસો બચાવીને ધનવાન બની શકાય છે. પળ પળને બચાવીને મહાન બની શકાય છે. મહાન બનવું હોય, અમર બનવું હોય, જન્મ અને મરણનાં દુ:ખોથી કાયમ માટે મુક્ત બનવું હોય તો પૈસાનો નહિ, પળનો બચાવ કરો. પળેપળનો હિસાબ રાખો. એક એક પળનો એવો ઉપયોગ કરો કે તમારું જીવન છે તેનાથી વધુ સુંદર અને શાલીન બની રહે. વર્ધમાને પળેપળનો ઉપયોગ કર્યો અને આ મહાવીર બન્યા. તમે પણ તેમ કરીને મહાવીર બની શકો છો.

આગામી વસંત વ્યાખ્યાન માળા

દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૭-૮-૯-૧૦ એપ્રિલના રોજ, તાતા ઓડીટોરિયમમાં સંઘ દ્વારા વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. વકતાઓ નક્કી થયે નામો હવે પછી જણાવવામાં આવશે. વિષય નીચે પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય પરિસ્થિતિ :
રાજકીય – આર્થિક – આંતર રાષ્ટ્રીય અને જનરલ

ઉપરની તારીખો નોંધી લેવા વિનંતિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રેમળ જ્યોતિને અનુમોદનિય દાન

"પ્રેમળ જ્યોતિના" કન્વીનર શ્રીમતી નીરૂબહેન અન્ય બહેનો સાથે જેસલમેરની યાત્રાએ ગયેલા–ત્યારે તેમણે બરોડાથી જીરા ઉલ્લાસ ટ્રાન્સપોર્ટની બસ કરેલી. તે બસના ડ્રાઈવરે પ્રેમળ જ્યોતિને લગતી પ્રવૃત્તિની વાત સાંભળી અને ડ્રાઈવર જહાનઅલીએ પ્રેમળ જ્યોતિને પોતા તરફથી રૂા. ૫૧)ની ભેટ આપી. જહાનઅલીને હૃદયપૂર્વકના ધન્યવાદ.

– કાર્યાલય મંત્રી

સારાને શીક્ષા

ડો. હેરી ફાર્નહામ કેલિફોર્નિયામાં નાની હૉસ્પિટલમાં સર્જન હતો; આવી નાની હૉસ્પિટલો કેલિફોર્નિયામાં ઘણી છે. ફાર્નહામ નિષ્ણાત ડોક્ટર નહોતો, પરન્તુ જનરલ સર્જન તરીકે ઠીક હતો, અને ખાસ તો એ કે એ પોતાની તથા એવી હોસ્પિટલની મર્યાદા સમજનારો હતો.

એવી હોસ્પિટલો, સાધારણ અકસ્માતના કેસ માટે બરાબર હતી, પરંતુ ગંભીર કેસ આવે, જેમાં ખાસ સારવારની જરૂર લાગે તેવા કેસો મોટી હોસ્પિટલમાં મોકલતો, અને એવી હોસ્પિટલ બહુ દૂર નહોતી.

ફાર્નહામ કાયદાના બંધનમાં બરાબર માનનારો હતો, અને હૃદયની ઊર્મિ કે ખોટી લાગણીવેડામાં ખેંચાઈ જનારો ન હતો. એ ડોક્ટરે જ પોતાને ત્યાં આવેલા કેસની આ વાત કરી. ૧૮ વર્ષના ફ્રીશરનો ગંભીર કેસ આવ્યો હતો, ગીના તેની ઉમરની છોકરીઓ જેમ કાર ચલાવતી, અને ખૂબ જ ફાસ્ટ ચલાવતી, એના પ્રેમીની સાથે પાર્ટીમાં જવાનું હતું અને સમયસર પ્રેમીને લેવાનો હતો, મોડું થઈ રહ્યું હતું તેથી કાર ફાસ્ટ ચલાવી, એક્સીલેટર દબાવ્યું ને કારની સ્પીડ લગભગ ૮૦ ની વંચાણી.

આ વખતે ડોક્ટર ફાર્નહામ હાસ્પિટલમાં જ એનું ખાણું ખાઈ રહ્યા હતા, એમની રાતની ડ્યુટી હતી, માન્યું હતું કે કંઈ નવું ન બને તો અધી રાતે ઘેર જઈ શકશે. જમી રહ્યા ત્યાં પહેલો કેસ આવ્યો, ખાસ ગંભીર નહોતો, બીજા ડોક્ટરની મદદે જલદી કામ પતાવ્યું. બીજો કેસ આવ્યો, એમાં પણ સાધારણ ઈજા હતી તે પતાવ્યું અને માન્યું કે હવે રાતના બીજો કોઈ કેસ નહિ આવે.

આ વખતે ગીના એના ફીયાન્સીને લેવા પૂરઝડપે કાર દોડાવી રહી હતી, ત્યારે સાડા નવ થયા હતા, અને ડો. ફાર્નહામ એમના વોર્ડમાં બધુ બરાબર છે ને તે જોઈ રહ્યા હતા, તે જ વખતે ગીનાની કારે અકસ્માત કર્યો, અને તે એવો જબરો હતો કે તેનો અવાજ એ હોસ્પિટલ સુધી સંભળાયો.

ડો. ફાર્નહામે સાંભળ્યો, અને સમજી ગયા કે ગંભીર અકસ્માત થયો છે. ત્યાં પોલીસ આવી પહોંચે તે પહેલાં ડોક્ટરે એમ્બ્યુલન્સ ત્યાં મોકલી દીધી હતી.

ડોક્ટરે એ બળી ગયેલા શરીરને જોયું અને ડોકું ધૂણાવ્યું, એના સાથીદાર ડોક્ટરને કહ્યું: "આના માટે આપણે અહીં કંઈ જ કરી શકીશું નહિ.

પણ ડોક્ટર, એ જીવે છે, આવા સંજોગોમાં આપણે——

કંઈ કરી શકીએ નહીં, તું પોતે જાણે છે કે આપણી પાસે એવા સાધનો નથી, ના, આ કેસને કોઈ રીતે આપણે હાથમાં લઈ શકીએ નહીં, અને તુરત ફોનનું રીસીવર લીધું, મોટી હોસ્પિટલમાં એના માટે વ્યવસ્થા કરવા માટે, અને એ હોસ્પિટલ સો માઈલ દૂર હતી.

સાથીદાર ડોક્ટરે કહ્યું એ ત્યાં પહોંચી શકે તે પહેલાં.....

એ વિચારવાનું કામ આપણું નથી, આપણાથી થાય તે કર્યું, બસ આથી વધારે કશું જ નહીં.

પણ આપણે એને ...

બીલ, મહેરબાની કરીને દલીલ છોડી દે, અને યાદ રાખ કે અહીં ચાર્જમાં હું છું, તું નથી.

હેરીને પોતાની મર્યાદાનું જ્ઞાન હતું અને કાયદામાં માનતો. જાણતો હતો, કે કંઈ પણ બગડયું તો એના પર કેસ જ થાય, અને આખી – હોસ્પિટલને પણ વેઠવું પડે અને એવું જોખમ એ કેમ લે?'

એણે જોખમ ખેડયું નહિ, મોટી હોસ્પિટલમાં મોકલી, પરંતુ એ ત્યાં પહોંચે તે પહેલા ગીના મૃત્યુ પામી હતી; થાય છે કે ડો. ફાર્નહામે પોતાનો જ વિચાર કર્યો તે કરતાં જરા હિંમતથી ગીનાનો કર્યો હોત તો? કદાચ એ બચી જાત ખરી?

ગીના મૃત્યુ પામી, ડોક્ટરે જોખમ ન ખેડયું તેના માટે કુદરતી રીતે જ કોઈ કેસ ન થયો, અરે કોઈએ ડોક્ટરનું એ પગલું યોગ્ય હતું કે નહિ તેવો પ્રશ્ન સુદ્ધાં ઉઠાવ્યો નહીં, ગીનાના મા-બાપે પણ નહીં, અને એ હતો તેવો માનનીય ડોક્ટર રહ્યો.

આવી જ બીજી નાની હોસ્પિટલમાં ડોક્ટર મીલ્ટન હતા, જેની સાથે મારે મૈત્રી હતી. ખૂબ દયાળુ અને લાગણીવાળા હતા, પાંચ વર્ષથી આ હોસ્પિટલમાં કામ કરી રહ્યા હતા અને સૌનો પ્રેમ મેળવી શક્યા હતા.

આ ડૉક્ટર મિલ્ટન અને પેલા ફાર્નહામ સાથે સરખામણી કરવાનો વિચાર સુદ્ધાં પણ ન આવત, પરન્તુ એક અકસ્માતે સરખામણી કરાવી જ. એવો જ કેસ એની હૉસ્પિટલમાં આવ્યો, અને ત્યાં એ જાતના સાધનો નહોતાં તેથી મોટી હાસ્પિટલમાં જ એ મોકલવો પડે, પરન્તુ ડૉક્ટર મિલ્ટન એ ન કરી શક્યા. જાણ્યું કે જો મોટી હૉસ્પિટલમાં મોકલીશ તો એ બચશે નહિ, પણ જો અહીં જ તાત્કાલિક ટ્રીટમેન્ટ કરીએ તો કદાચ બચી જાય.

પાસે ઊભેલા ડૉક્ટરે કહ્યું કે આપણી પાસે ..... જાણું છું જાણું છું, પણ તું જ કહે! આ જુવાનને ત્યાં સુધી મોકલવો એટલે રસ્તામાં જ મૃત્યુ, આપણે જાણી જોઈને એ કેમ કરી શકીએ? અને મિલ્ટન અને એના સાથીદારોએ મળીને જીમીની જિંદગી બચાવી.

જીમીના મા-બાપે ડૉક્ટરનો ખૂબ આભાર માન્યો અને જ્યારે હવે જીમીના જીવનનો ભય નહોતો ત્યારે ડૉક્ટરે એના-મા-બાપને કહ્યું કે હવે મોટી હૉસ્પિટલમાં ખસેડો ત્યાં એની ટ્રીટમેન્ટ બરાબર થશે, પરંતુ એના મા-બાપે ન માન્યું. કહે, તમે કર્યું છે એટલું કોઈ નહીં કરી શકે, અહીં જ રાખો. તમે જ એની જિંદગી બચાવી છે, અમને તો તમારી પર સંપૂર્ણ ભરોસો છે.

છતાં એમના આગ્રહથી થોડા વખત પછી મોટી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. થોડા વખત પછી એ સારો થયો, સંપૂર્ણ સારો. પરન્તુ એક હાથ પર જરા લકવાની અસર રહી ગઈ.

અને પછી તો એ જ મા-બાપ કે જે ડૉક્ટરના ભારોભાર વખાણ કરતા હતા, જેણે પોતાના પુત્રની જિંદગી બચાવી હતી તે જ એમની વિરુદ્ધ થઈ ગયા અને બીજાએ સાથ આપ્યો કે એમણે આવો ગંભીર કેસ હાથમાં લેવો જ જોઈતો નહોતો, એમના જ કારણે હાથમાંનો પક્ષઘાત રહી ગયો.

જો કે પક્ષઘાત આંગળામાં જ હતો, અને બીજાને તો ખબર પણ ન પડે એટલો જ, છતાં વંટોળ ઊપડયો જ.

અને એ ડૉક્ટર પર કેસ ચાલ્યો, એને ગુનેગાર ઠરાવ્યો, હૉસ્પિટલ પર ચાલ્યો, એના સ્ટાફને બેદકારી માટે સજા થઈ, અને કેસ ચલાવતાં એટલું જુઠાણું ચલાવ્યું, કે એ ભલા ડૉક્ટર આશ્ચર્ય પામી ગયા. એના સારા કામને ખોટું રૂપ આપી દીધું, અને સજા થઈ, એની નોકરી ગઈ, અને અંતે એ હૉસ્પિટલ પણ બંધ થઈ.

મિલ્ટન ત્યાં ન રહી શક્યા, દૂર બીજે ગામ ચાલી ગયા, નોકરી બીજે મળી, કારણ કે બાહોશ ડૉક્ટર હતા, પરંતુ આ લાગેલો ઘા રુઝાયો નહીં. હું મળ્યો ત્યારે મને કહી રહ્યા હતા કે જ્યોર્જ, તું જ કહે, મારી શી ફરજ હતી? જાણતો હતો, કે મોટી હૉસ્પિટલમાં મોકલીશ તો રસ્તામાં જ મૃત્યુ પામશે, એ જાણવા છતાં એ જુવાનને ત્યાં મોકલવા ઉચીત હતો? તું જ કહે, મારી જગ્યાએ તું હોત તો તું શું કરે?

હું શું બોલું? પણ મારું મન કહેતું હતું, કે હું પણ એ જ કરું! અને મિલ્ટન કહી રહ્યા હતા, કે જો મોકલત તો હું મારી જાતને કદી માફ કરી શકત નહીં. જ્યોર્જ, દુનિયા સાવ આવી થઈ ગઈ છે? ભલાની ભલાઈ પણ જોઈ શકતી નથી?

મેં મિલ્ટનને પેલા ડૉક્ટર હેરી ફાર્નહામની વાત ન કરી, પણ મારા મને બન્નેની સરખામણી જરૂર કરી અને હજી પણ લાગે છે કે ફાર્નહામ હૃદયહીન હતો અને મિલ્ટને કર્યું તે જ યોગ્ય હતું.

છતાં પેલો લહેરથી આબરૂથી રહે છે અને આને સજા ભોગવવી પડે છે. કઈ જાતની છે આ દુનિયા?

અને કઈ જાતના છે આ કાયદા અને કાયદાનાં બંધનો.

લેખક : જ્યોર્જ સાવા : અનુ.: રંભાબેન ગાંધી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ્ પીપલ્સ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૨૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ માર્ચ, ૧૯૮૦ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

નવ રાજ્યોની વિધાનસભાઓનું વિસર્જન

જે નવ રાજ્યોમાં, ઈન્દિરા કોંગ્રેસનું શાસન ન હતું, તે નવ રાજ્યોની વિધાન સભાઓનું રાષ્ટ્રપતિએ વિસર્જન કર્યું છે અને તેનો વહીવટ પોતાના હસ્તક - ગર્વનરો મારફત લીધો છે.

રાષ્ટ્રપતિનું આ પગલું મહત્ત્વના બંધારણીય અને રાજકીય નીતિ (Political Morality) તેમજ લોકશાહીની તંદુરસ્ત પરંપરાઓના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. તેથી આ પ્રશ્નની કોઈક વિસ્તૃત વિચારણા કરવા ઈચ્છું છું.

લોકસભાની ચૂંટણી પછી, રાજ્યોમાં સત્તા મેળવવા ઈન્દિરા કોંગ્રેસે તુરત ખટપટ શરૂ કરી. ઈન્દિરા કોંગ્રેસના આગેવાનો અને સભ્યો રાજ્યોમાં સત્તા મેળવવા આતુર છે. મહારાષ્ટ્રમાં વસંતદાદા પાટીલ, ગુજરાતમાં સોલંકી અને અદાણી તેમ બીજા રાજ્યોમાં, સૌ સત્તા લેવા તલપાપડ થઈ રહ્યા છે. ત્રણ રાજ્યો - કર્ણાટક, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં પક્ષપલટાઓ કરાવી સત્તા કબજે કરી. અન્ય રાજ્યોમાં, ખાસ કરી, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહારમાં ખટપટ કરી પણ ફાવ્યા નહિ. પશ્ચિમ બંગાળ અને કેરળમાં સત્તા મેળવી શકયા નથી. બીજા નવ રાજ્યોમાં બંધારણની કલમ ૩૫૬ નો ઉપયોગ કે દુરુપયોગ - કરી, રાષ્ટ્રપતિ શાસન એટલે કે ઈન્દિરા કોંગ્રસનું શાસન બેસાડયું.

કલમ ૩૫૬ મુજબ, કોઈ રાજ્યના ગર્વનરના રીપોર્ટથી અથવા અન્યથા, રાષ્ટ્રપતિને એમ લાગે, કે તે રાજ્યમાં બંધારણપુરઃસર રાજ્ય ચલાવવું શકય નથી તો રાષ્ટ્રપતિ તે રાજ્યનું શાસન પોતાના હસ્તક લઈ શકે. આ પ્રમાણે કરે ત્યારે, તે રાજ્યની ધારાસભાનું વિસર્જન કરે અથવા તેને સ્થગિત કરે. ટૂંક સમયમાં મામલો થાળે પડશે એમ લાગે તો વિધાન સભા સ્થગિત કરે અને પરિસ્થિતિ સુધરતાં, રાષ્ટ્રપતિ શાસન પાછું ખેંચી લેવાય. કલમ ૩૫૬ બંધારણમાં કટોકટીની જોગવાઈઓ છે. તેમાંની એક છે. કલમ ૩૫૬ ની જોગવાઈ એક પ્રકારની (Breakdown of constitutional Machinery) કટોકટી હોય ત્યારે આ કલમનો ઉપયોગ કરવાનો હોય છે. તંત્ર તૂટી પડયું હોય ત્યારે રાષ્ટ્રપતિની દરમ્યાનગીરી જરૂરી થાય.

કલમ ૩૫૬ ના અમલની જાહેરાત કરતાં, રાષ્ટ્રપતિએ કારણો આપવાની જરૂર નથી હોતી. માત્ર એ કલમના શબ્દોનો આધાર લઈ, એટલું જ કહે કે, રાષ્ટ્રપતિને લાગે છે કે, આ રાજ્યમાં બંધારણપુરઃસર શાસન શકય નથી તેથી આ પગલું લેવાય છે. રાષ્ટ્રપતિનો આવો અભિપ્રાય તેમની માનસિક સ્થિતિ (Subjective satisfaction) ઉપર અવલંબે છે. હાઈકોર્ટ તેના વ્યાજબીપણાની તપાસ કરી ન શકે. એ અભિપ્રાય અંતિમ છે. કોર્ટોએ એમ કહ્યું છે કે, આવું પેખલું બદદાનતથી male side ભરવામાં આવે તો કોર્ટ તપાસ કરી શકે, પણ બદદાનતથી કર્યું છે એવું ભાગ્યે જ પુરવાર કરી શકાય. સરકારે લીધેલાં પગલાં, અન્યથા સ્પષ્ટપણે પુરવાર ન થાય ત્યાં સુધી, બંધારણપૂર્વક લીધા છે એમ કોર્ટ સ્વીકારે છે.

રાષ્ટ્રપતિનો આવો અભિપ્રાય, સામાન્ય રીતે તે રાજ્યના ગર્વનરના રીપોર્ટ ઉપરથી બંધાય છે. ગર્વનર, રાષ્ટ્રપતિનો સ્થાનિક પ્રતિનિધિ છે. રાજ્યની પરિસ્થિતિથી અંગત રીતે વાકેફ હોય છે. એટલે તેના રીપોર્ટ ઉપરથી રાષ્ટ્રપતિ આવું પગલું ભરે છે. પણ આવો અભિપ્રાય રાષ્ટ્રપતિ, 'અન્યથા' (or other Wise) પણ બાંધી શકે છે. રાષ્ટ્રપતિને ઘણી વિશાળ સત્તા છે. પણ આ 'અન્યથા અભિપ્રાય' કેન્દ્રીય મંત્રી મંડળની સલાહથી બંધાય છે. રાષ્ટ્રપતિ **સ્વતંત્ર રીતે આવું પગલું ભરતાં નથી. કેન્દ્રીય મંત્રીમંડળની સલાહ** સ્વીકારવા, રાષ્ટ્રપતિ બંધાયેલ છે.

આ કિસ્સામાં નવ રાજ્યમાંથી કોઈ રાજ્યના ગર્વનરે, આવો રીપોર્ટ કર્યો નથી. કેન્દ્રીય મંત્રીમંડળ એટલે કે, શાસક પક્ષની 'સલાહ'થી રાષ્ટ્રપતિએ આ પગલું લીધું છે.

કલમ ૩૫૬ નો, એક અથવા બીજા રાજ્ય માટે ઘણી વખત ઉપયોગ થયો છે. પણ એક સાથે નવ રાજ્યો માટે આવું સામૂહિક પગલું, આ બીજી વખત લેવાયું છે. માર્ચ ૧૯૭૭ ની ચૂંટણી પછી જનતા સરકારે નવ રાજ્યોની ધારાસભાઓનું વિસર્જન કરેલું. તે સમયે શ્રી જત્તી, રાષ્ટ્રપતિની ફરજ બજાવતા હતા. જનતા પક્ષની આ સલાહ સ્વીકારતા તેમને સારો એવો સંકોચ થયો હતો. કેટલોક વિલંબ કર્યો અને તેથી ટીકાપાત્ર થયા અને છેવટ સ્વીકારવી પડી. વર્તમાન રાષ્ટ્રપતિને આવો કોઈ સંકોચ થયો નથી. બલ્કે રાત્રે ૧૧ વાગે, કોઈ ગંભીર કટોકટી હોય તેમ, તુરત સહીઓ કરી આપી.

જનતા પક્ષને હાથના કર્યા હૈયે વાગ્યા છે. ૧૯૭૭ની અને વર્તમાન પરિસ્થતિ વચ્ચે કેટલોક અગત્યનો ફેર છે, પણ તે કોઈ ધ્યાનમાં લેવાનું નથી. જનતાપક્ષે કર્યું તે ઈન્દિરા પક્ષ શા માટે ન કરે એટલો જ પ્રશ્ન થશે. ઈન્દિરા કોંગ્રેસે, તે સમયે જનતા પક્ષના આ પગલાની ટીકા કરી હતી. અત્યારે, જનતા પક્ષવાળા અને કેટલાક બંધારણના નિષ્ણાતો ઈન્દિરા કોંગ્રેસના આ પગલાની ટીકા કરે છે.

સમવાય (ફેડરલ) તંત્ર હોય એવા કોઈ દેશમાં આવું સામૂહિક પગલું લેવાયું નથી. આપણે ત્યાં નવી પરંપરા અથવા પ્રણાલિકા શરૂ થાય છે. લોકશાહી માટે અને સમવાય તંત્ર માટે તે કેટલી ખતરનાક છે તે ભવિષ્યમાં ખબર પડશે. જનતા પક્ષે લીધેલ પગલાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યું હતું, પણ પડકાર સફળ ન થયો. ઈન્દિરા કોંગ્રેસના આ પગલાને કેટલાક રાજ્યોમાં જનતા પક્ષ પડકારશે એવા અહેવાલ આવ્યા છે. તેનાં શું હાલ થાય છે તે જોશું. કોર્ટ પોતાનો અભિપ્રાય બદલે છે. અથવા સંજોગો જુદા છે એમ કહી ભિન્ન અભિપ્રાય આપે છે અથવા પોતાના અભિપ્રાયને કાયમ રાખે છે, તે જોવાનું રહે છે.

રાષ્ટ્રપતિએ પોતે લીધેલ પગલા માટે કોઈ કારણો આપ્યા નથી. કેન્દ્રિય સરકારે તેમને શું સલાહ આપી જે ઉપરથી તેમણે બંધારણીય કટોકટી હોવાનો અભિપ્રાયબાંધ્યો તે જાહેર કરવા રાષ્ટ્રપતિ અથવા સરકાર બંધાયેલ નથી, કોઈ કોર્ટ માગી શકતી નથી. પણ કેન્દ્રીય મંત્રીમંડળના કેટલાક સભ્યો ગૃહમંત્રી ઝૈલસીંગ, કાયદા પ્રધાન શીવશંકર, ઈન્દિરા કોંગ્રેસના કેટલાક આગેવાનો, સંજય ગાંધી અને બીજાઓએ આ પગલાનો બચાવ કરતા નિવેદનો કર્યા છે તે સંક્ષેપમાં તપાસીએ. હકીકતમાં આ બધા કારણો માત્ર બહાનાં છે, સાચો હેતુ જ્દો જ છે, જે હવે પછી જણાવું છું.

એમ કહેવાયું છે કે રાજ્ય સરકારો બીજા પક્ષની હોય ત્યાં કેન્દ્ર સરકાર, એટલે કે, શાસક પક્ષ, પોતાની નીતિ, ખાસ કર આર્થિક નીતિનો અમલ કરવામાં મુશ્કેલીઓ અનુભવે. તેથી લોકસભાની ચૂંટણી થતાં, રાજ્યોમાં પણ ચૂંટણીઓ થવી જોઈએ. થોડો વિચાર કરશું તો આ બચાવ કેટલો લૂલો છે તે તુરત જણાઈ આવશે. સમવાય તંત્રમાં કેન્દ્ર તેમજ બધા રાજ્યોમાં એક જ પક્ષનું શાસન હોય તેમ સદા બને નહિ. બલ્કે, વિવિધ પક્ષોનું શાસન રાજ્યોમાં હોવાનો સંભવ સમવાય તંત્રમાં સ્વીકારવામાં આવે છે. આ દલીલ સાચી હોય તો પશ્ચિમ બંગાળી

આને કેરળમાં પણ રાજ્ય વિધાન સભાઓનું વિસર્જન થવું જોઈએ. આ દલીલ ખરી હોય તો દરેક વખતે લોકસભાની ચૂંટણી થાય ત્યારે બધા રાજ્યોમાં ફરી ચૂંટણી થવી જોઈએ. આ દલીલમાં તથ્ય નથી.

બીજું કારણ એમ આપવામાં આવ્યું કે, જનતા પક્ષ કે લોકદળની રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર સાથે સહકારથી કામ કરતી નથી. હજી એક મહિનો થયો નથી ત્યાં આવો આક્ષેપ કર્યો. દાખલો આપ્યો કે, પછાત વર્ગ અને અનુસૂચિત જાતિઓ માટે ધારાસભાઓ અને લોકસભામાં બેઠકો અનામત રાખતો કાયદો લોકસભાએ કર્યો તેને કેટલીક ધારાસભાઓએ બહાલી આપી નથી. ખાસ કરી મહારાષ્ટ્રનો દાખલો આપ્યો, તેને માટે કોઈ સમય મર્યાદા નથી અને હવે જાહેર કર્યું કે, આ કાયદાને રાજ્યોની બહાલીની જરૂર નથી.

હકીકતમાં, બંધારણમાં કેન્દ્ર સરકારને એટલી બધી વિશાળ સત્તાઓ છે કે કોઈ રાજ્ય પોતાની બંધારણીય ફરજનો અમલ ન કરે તો કેન્દ્ર સરકાર તેને ફરજ પાડી શકે છે. ૩૦ વર્ષમાં આવી કોઈ મુસીબત નડી નથી. રાજ્યોએ પોતાના હિતમાં કેન્દ્ર સાથે સહકાર કરવો જોઈએ.

ત્રીજું કારણ એ આપવામાં આવ્યું છે, કે રાજ્ય સભામાં ઈન્દિરા કોંગ્રેસની બહુમતી નથી. આ એપ્રિલ મહિનાની શરૂઆતમાં રાજ્ય સભાના ૭૩ સભ્યો નિવૃત્ત થાય છે. તેમની ચૂંટણી રાજ્ય વિધાન સભાઓએ કરવાની છે. આ વિધાન સભાઓમાં ઈન્દિરા કોંગ્રેસની બહુમતી ન હોય તો ફરી એ જ સ્થિતિ રહે. ઈન્દિરા કોંગ્રેસ માટે આ કારણ બરાબર છે, પણ તેને માટે કલમ ૩૫૬ નો ઉપયોગ ન થાય, તેમ આવી સત્તા મેળવવા રાષ્ટ્રપતિને લથિયાર ન બનાવાય. રાજ્ય સભામાં બહુમતી ન હોય તો વિરોધ પક્ષનો સહકાર મેળવી કામ લેવું પડે. એક રીતે આ સારું છે, આપખૂદી ઉપર અંકુશ રહે.

મુખ્ય કારણ એ આપવામાં આવ્યું છે કે, લોકસભાની ચૂંટણી બતાવે છે કે, જનતા પક્ષ અને લોકદળ પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા છે અને તેથી આ પક્ષોની સરકાર રાજ્યોમાં રહે તે લોકશાહી વિરૂદ્ધ છે, અને પોતાની પસંદગીની સરકારો રચાય એવી તક લોકોને આપવી જોઈએ.

જનતા પક્ષે આવી દલીલ વાપરી હતી. આ દલીલ ભ્રામક છે. અતિ જોખમી છે અને અસ્થિરતા પેદા કરનારી છે. કોઈ ધારાસભા કે ધારાસભ્ય પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા છે કે નહિ તે કોણ નક્કી કરે? કેવી રીતે નક્કી થાય? આપણાં બંધારણમાં (Right of recall) નથી આખી ધારાસભા - વિરોધ પક્ષ સહિત પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠી છે એમ કેમ કહેવાય? રાષ્ટ્રપતિને, કલમ, ૩૫૬નો આશરો લઈ આવો સામૂહિક (Right of recall.) ભોગવવાનો અધિકાર ક્યાં છે? જયપ્રકાશ નારાયણે આવો પ્રયોગ કર્યો હતો. ધારાસભ્યોને બળજબરીથી રાજીનામા અપાવ્યા અને ગુજરાત વિધાન સભાનું વિસર્જન કરાવ્યું. ત્યારે વ્યાજબી રીતે તેમની આકરી ટીકા થઈ હતી. કલમ ૩૫૬ નો આ દુરુપયોગ છે.

બીજી રીતે વિચાર કરીએ. લોકસભાની ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસને માત્ર ૪૩ ટકા મત મળ્યા છે. અને ખોટી પદ્ધતિને કારણે ૬૬ ટકા બેઠકો મેળવી છે. ૧૯૭૭ ની લોકસભાની ચૂંટણીમાં ઉત્તરના નવ રાજ્યો, જેની વિધાન સભાનું વિસર્જન કર્યું હતું, તેમાં ઈન્દિરા કોંગ્રેસને કોઈ બેઠક મળી ન હતી અથવા માત્ર એક બેઠક જ મળી હતી. આ વખતે તેવું નથી બન્યું. ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે રાજ્યોમાં જનતા પક્ષ અને લોકદળને ઠીક સંખ્યામાં બેઠકો મળી છે અને મતની દૃષ્ટિએ જોઈએ તો બન્નેને સાથે મળી, ઈન્દિરા કોંગ્રેસ કરતા વધારે મત મળ્યા છે. વળી, ૧૯૭૭ માં નવમાંથી ૭ રાજ્યોની ધારાસભ્યોની પાંચ વર્ષની મુદત પૂરી થઈ હતી.

પણ લોકસભાની ચૂંટણીમાં મળેલ મત કે બેઠકોની સંખ્યા પ્રજાના વિશ્વાસનું એક માત્ર માપ નથી. લોકસભાની ચૂંટણી અને રાજ્ય વિધાન સભાની ચૂંટણી જુદા ધોરણે થાય છે. લોકસભા માટે મત આપ્યો હોય તે વ્યકિત રાજ્ય વિધાન સભા માટે એ જ પક્ષને મત આપશે તેમ માનવા કોઈ કારણ નથી.

વિધાન સભાની ચૂંટણીમાં, દાખલા તરીકે ગુજરાતમાં, જનતા પક્ષ કે અન્ય પક્ષોના સભ્યો, ઠીક સંખ્યામાં આવે - અને ન આવે તેમ નથી - તો શું ગુજરાત લોકસભાના ઈન્દિરા કોંગ્રેસના સભ્યો રાજીનામું આપશે? લોકસભામાં ૨૬ માંથી ૨૫ બેઠક ઈન્દિરા કોંગ્રેસને મળી છે તે પ્રમાણે વિધાન સભાની ચૂંટણીમાં ન જળવાય તો? તામીલનાડુમાં અન્ના દ્રમુકને લોકસભાની એક જ બેઠક મળી છે. વિધાન સભાની ચૂંટણીમાં ઠીક સંખ્યામાં મળે તો?

આ દલીલનો પાયો જ ખોટો છે. જનતા પક્ષે ભૂલ કરી તેનું પુનરાવર્તન કરી, ખોટી હાનિકારક પરંપરા શરૂ થાય છે. જેના પરિણામે અસ્થિરતા જ આવે અને સતત રહે.

હકીકતમાં આ બધો સત્તાનો ખેલ છે. ઈન્દિરા કોંગ્રેસ વિષે લોકોનો ભ્રમ ભાંગે તે પહેલાં, જનતા પક્ષ અને અન્ય રાજકીય પક્ષો વિરુદ્ધના જનતા જુવાળનો લાભ લઈ રાજ્યોમાં સત્તા હાંસલ કરવી છે અને પાંચ વર્ષનો પટો મેળવવો છે. આ પરિસ્થિતિ માટે જનતા પક્ષ, લોકદળ અને બીજા રાજકીય પક્ષો ઓટલા જ જવાબદાર છે. રાજ્યોમાં પક્ષાપલટુઓ અને પાટલીબદલુઓની હાર લાગી હતી. ઈન્દિરા કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષ સિવાયના રાજકીય પક્ષો છિન્ન ભિન્ન છે. જગજીવનરામે જે શરમજનક નાટક ભજવ્યું અને ગુંલાંટ મારી અને જનતા પક્ષના આગેવાનોએ તેમના અંગત વેરઝેર ઉપર ઢાંકપીછોડો કર્યો તેથી તેમની પ્રત્યે પ્રજાનો રોષ વધ્યો છે. ઈન્દિરા કોંગ્રેસે બંધારણની કલમ ૩૫૬ નો દુરુપયોગ કર્યો છે, પણ વિરોધ પક્ષોએ તે નોતર્યો છે.

રાજકીય નીતિ (Political Morality.) સૌથી નીચી કક્ષાએ ઊતરી છે. હવે શરમ જેવું રહ્યું નથી. સફળતા કોઈ પણ ભોગે, એક જ ધ્યેય રહ્યું છે. પ્રજાનો વિશ્વાસ મેળવવાની કે પ્રાપ્ત કરવાની વાતો પ્રજાને ભોળવવાની તરકીબ છે. કુંડું કથરોટને હસે તેવી વાત છે, સૌ એક જ માટીના છે. જાહેર જીવનમાં સામાન્ય પ્રમાણિકતાની પણ કોઈએ ખેવના રાખી નથી. ધારાસભાઓની ચૂંટણીઓ જૂન મહિના સુધી નહિ થાય તો નવો ગૂંચવાડો ઊભો થશે. નવા રાજ્યોના ગર્વનરો આવી બધી પરિસ્થિતિને પહોંચીવળવા કેટલા સમર્થ છે તે જોવાનું રહે છે.

- ચીમનલાલ ચકુભાઇ

શ્રી મનુભાઈ કાપડિયા

પરમાનંદભાઈના કાકાના દીકરા શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયાનું, શનિવાર તા. ૨૩ મી ફેબ્રુઆરીની રાત્રે ૭૨ વર્ષની વયે અવસાન થયું. આમ તો બે - ત્રણ વર્ષથી તબિયત નરમ હતી, પણ અવસાન અચાનક હાર્ટફેલથી થયું. રાત્રે દસ વાગ્યા સુધી કુટુમ્બિજનો સાથે જમતા અને વાતો કરતાં હતા. ૧૧ વાગે અવસાન થયું.

ભાઈ મનુભાઈ સાથે લગભગ ત્રીસ વર્ષથી મારો ગાઢ અને નિકટનો પરિચય હતો. મનુભાઈ વર્ષો સુધી મુંબઈ જૈન યુવક સંઘની મેનેજિંગ કમિટીના સભ્ય હતા. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી હતા. મહાવીર જૈન વિદ્યાલયના વર્ષોથી કમિટીના સભ્ય અને કેટલોક સમય મંત્રી હતા. ભાઈ મનુભાઈનું કામ બહુ રૂપાળું અને ચોકકસ હતું. તેમનો મોટો ગુણ પ્રમાણિકતા હતો. વ્યાપારમાં પણ તેઓ ઘણાં પ્રમાણિક અને કુશળ હતા. મોટર રૂપેર પાર્ટસનો ધંધો હતા. તેમની બજારમાં તેમનું ઘણું માન હતું. તેઓ તેમની એસોસિયેશનના એક સ્થાપક અને મંત્રી તેમજ પ્રમુખપદે રહ્યા હતા ત્રણચાર વર્ષથી ધંધામાંથી નિવૃત્ત થયા હતા, વર્તમાનમાં જે રીતે ધંધો કરવો પડે છે તે સામે તેમને સંખત આણગમો હતો.

તેમના પત્ની જસુમતીબહેન સારા સામાજિક કાર્યકર હતા. જૈન મહિલા સમાજના તેઓ વર્ષો સુધી મંત્રી હતા. તેમની સ્મૃતિમાં શ્રી મનુભાઈએ જૈન મહિલા સમાજને રૂા. ૧૫,૦૦૦ નું દાન આપ્યું છે અને જૈન મહિલા સમાજના મકાન સાથે જસુમતી બહેનનું નામ જોડવામાં આવ્યું છે. જસુમતીબહેનનું દસ વર્ષ પહેલા અવસાન થયું ત્યાર પછી મનુભાઈને બહુ એકલતા લાગતી. મનુભાઈના નાનાભાઈ શાન્તિભાઈ તથા તેમની પત્ની તારાબહેન મનુભાઈની બહુ કાળજી કરતા. મનુભાઈને કોઈ સંતાન નથી. શાન્તિભાઈને પણ એક જ દીકરી છે.

મનુભાઈ સાથે મારે ભાઈ જેવો સંબંધ હતો. મારા પ્રત્યે તેમને ઘણો આદર હતો અને મુકત મને સુખદુઃખની વાતો કરતાં. મનુભાઈના અવસાનથી મને એક મિત્ર ગુમાવ્યાનું દુઃખ છે.

તેમના આત્માને હું શાશ્વત શાન્તિ પ્રાર્થું છું. અને મુંબઈ જૈન યુવક સંઘ વતી અને મારી વતી તેમનાં કુટુમ્બિજનો પ્રત્યે દિલસોજી પાઠવું છું.

— ચીમનલાલ ચકુભાઇ

પારસબીઘાની પૈશાચી લીલા : લોહી તરસ્યા માનવીનું રાક્ષસી સ્વરૂપ

[આપણા રાષ્ટ્રશાયર મેઘાણીએ, બ્રિટિશરોના જુલ્મની કથા કહેતાં "કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ" જેવા શબ્દોનો પ્રયોગ કરીને પ્રજાના હૃદયનો આક્રોશ વ્યકત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ લેખમાં પારસબિઘાની ભયકથાનું જે વર્ણન છે તે ભલ-ભલાંના કલેજાં ચીરી નાખે એમ છે, પણ સત્તાભૂખ્યા સ્વાર્થી રાજકારણીઓના હૃદયને તો એ સ્પર્શે એમ પણ નથી. કારણકે રાજકારણીઓ હવે સંગદિલ – પથ્થરના દિલવાળા, બની ગયા છે જો એમ ન હોય તો પારસબીઘા માટે જે જવાબદાર છે તેઓ હજી મુકત કેમ છે? 'ઈન્દિરાબેને' નીમેલા બિહારના શાસક આ અંગે કાંઈ પગલાં લેશે કે? કે પછી ઈન્દિરા કૉંગ્રેસીઓ પણ આમાં સંડોવાયેલા હોવાનું કહેવાતું હોવાથી તેઓ તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ જેવી નીતિ અખત્યાર કરશે?]

પારસબીઘા : ! અખબારોમાં આ નામ આજ કાલ ઘણું ચમકી ગયું છે એટલે, બિહારના પછાત વર્ગો અને હરિજનોના, પાંત્રીસ ઝૂંપડાનાં આ ગામ વિષે કાંઈ વધુ કહેવાની જરૂર નથી; પણ આ ગામ પર સવર્ણોએ એટલે ભૂમિહારોએ જે પાશવી અત્યાચાર ગુજર્યો, મધ્ય રાત્રે, ત્યાં જે પૈશાચી લીલા કરી તેની હિન્દી સામયિકોમાં આવેલી વિગતો, પૂરી, અન્ય અખબારોમાં પ્રસિદ્ધ થઈ નથી એટલે એ વિગતો સંકલિત કરીને આ લેખ તૈયાર કર્યો છે.

છઠ્ઠી ફેબ્રુઆરીએ મધ્યરાત્રી જામી હતી. બધા ગ્રામજનો પોતાના ઝૂંપડામાં સૂઈ ગયા હતા. ત્યાં જ આજુ બાજુના જમુમાંવા, શેર થુઆ, ડોહિયા, પંડુઈ વગેરે ગામોના ભૂમિહારો પારસબીઘા પર ત્રાટકયા. એ જ ગામના ભૂમિહાર ભૂમિપતિ મદન મોહન શર્માએ કરેલાં આહ્વાનના જવાબમાં આ-ધાડ પાડવામાં આવી હતી, એવો આક્ષેપ ખુલ્લં ખુલ્લા થઈ રહ્યો છે.

ધાડ પાડનારાઓએ પહેલાં તો ઘાસ વગેરેથી છાયેલાં ઘરો પર પેટ્રોલ છાંટયું અને બધાં ઝૂંપડાંને આગ લગાડી. હલ્લાખોરોની કિકિયારીઓ સાંભળીને, ઝૂંપડામાં ભરાયેલાં ગ્રામજનો પહેલાં તો બહાર નીકળવાની હિમ્મત નહોતા કરતા પણ આગમાં જીવતા જલી જવાની સંભવિતતા દેખાતાં, બધા ધીમે ધીમે બહાર નીકળવા લાગ્યા અને ધાડપાડુઓ જેઓ બંદુકોથી સજજ હતા તેમની ગોળીઓનો શિકાર થવા લાગ્યા. આ ગોળીબારમાં ઘણા માર્યા ગયા પણ આજ સુધીમાં પારસબીઘામાં જે લાશો મળી છે તે પુરુષોની જ છે. બાળકોની લાશ તો મળવાની વાત જ નહોતી કારણ કે બાળકોને તો ઉઠાવી ઊઠાવીને, બળતા ઝૂંપડાંની ચિતામાં જીવતા જ ફેંકી દેવામાં આવ્યાં હતાં. ભાગતી સ્ત્રીઓને પકડીને, નગ્ન કરવામાં આવી હતી, અને હિન્દી પત્રકાર સૂર્ય નારાયણ ચૌધરીએ કરેલી પૂછપરછના જવાબમાં કેટલીક સ્ત્રીઓએ જણાવ્યું હતું કે એક બહેનના ગુપ્તાંગમાં તો સળિયો પણ ખોસી દેવામાં આવ્યો હતો અને એ બિચારીને રિબાવી રિબાવીને મારી નાખવામાં આવી હતી. આ સૂર્ય નારાયણ ચૌધરીઓ, અલખ દેવ ભગત નામના પારસ બીઘાના એક ગૃહસ્થના પરિવારની જે કારમી કહાણી વર્ણવી છે તે એમના જ શબ્દોમાં જોઈએ:

"અલખ દેવ ભગતના પરિવારમાં ચાર સ્ત્રીઓ હતી; ગુલાબી દેવી, બુલકી દેવી, ક્રિસમિસ દેવી અને હિરામણી દેવી. એ ચારેયને ગોળી મારવામાં આવી હતી અને ગોળી વાગ્યા પછી કલાકો સુધી એ બહેનો ઘાસ અને પૂંજનાં પૂળા પર તડપતી પડી રહી હતી. આ બહેનોના વહેલાં લોહીના ડાઘા દિવસો પછી પણ ગુજરી ગયેલા સીતમની સાક્ષી પૂરતા હતા.

આગમાં, બિચારા પછાત વર્ગોની ભેંસ પણ બચે નહિ એ માટે એ ભેંસોને પણ ગોળીઓથી વીંધી નાંખવામાં આવી હતી. મુંગેશ્વર યાદવની પાંચ ભેંસને આ રીતે મારી નાખવામાં આવી હતી અને એના એક પુત્ર રામસ્વરૂપ યાદવને પણ ગોળીએ દેવામાં આવ્યો હતો. આગળ જે અલખ દેવ ભગતનો ઉલ્લેખ છે તેના પરિવારના છ સભ્યોને ગોળીએ દેવામાં આવ્યા હતા તો સુખદેવ ભગત નામના એક ગૃહસ્થના ઘરમાંથી તો, એમના ભત્રીજાના બળી ગયેલા માત્ર બે પગો જ મળ્યા હતા! આ ભત્રિજો દ્વારિકા ભગત મેટ્રિકની પરીક્ષામાં બેસવાની તૈયારી કરતો હતો અને એથી એણે ખૂણામાં સરસ્વતી દેવીની તથા પશુપતિનાથની તસ્વીરો ટાંગી હતી જેથી એમનાં આશીર્વાદ એની પર ઊતરી રહે!

ગોળીઓની ભડીમાર તથા આગની જ્વાળાઓમાંથી બચીને ભાગી છૂટેલાઓ સૌથી પહેલાં આ ધાડ અંગે ફરિયાદ કરવા જ્યારે પોલીસ થાણે પહોંચ્યા ત્યારે થાણાના વડા તો ઊંઘતા હતા એટલે ઘણી વાર સુધી આ લોકોને બેસાડી રાખવામાં આવ્યા. આખરે અફસર સાહેબ આવ્યા અને રોફમાં કહ્યું: "ટોળાંઓ આગ લગાવી અને ગોળી ચલાવી એટલું કહેવાથી કાંઈ નહિ થાય. કોણે આ કર્યું તેનાં નામ આપો."

પીડિત ગામ લોકો તો બધાંના નામ જાણતા હતા એટલે નામ આપ્યાં. આ નામો સાંભળીને અફસર સાહેબ વિચારમાં પડી ગયા. ગામ લોકોએ જ્યારે કહ્યું કે: "સાહેબ, ચાલોની અમારી સાથે, ત્યારે તેઓ ઉખડી પડયા અને બોલ્યા: "કહ્યું' તો ખરું કે આવું છું અહીં કોઈ વિમાન નથી રાખ્યું કે હું ઊડીને ત્યાં પહોંચી જાઉ." લોકોએ જ્યારે આગ બૂઝાવવા માટે ગયાથી બંબો મંગાવવાની વિનંતિ કરી તો ફરી અફસર સાહેબે એમને ગાલીપ્રદાન કર્યું.

પારસ બીઘાથી ચાલતા અરધા કલાકમાં પોલીસ થાણે પહોંચાય એમ હતું પણ અફસર સાહેબે ત્રણ કલાકથી પણ વધારે સમય પારસબીઘા પહોંચવામાં લીધો."

પત્રકાર સૂર્ય નારાયણ ચૌધરી જેમણે પારસબીઘામાં ઝીણવટ ભરી તપાસ કરી છે તેમણે તો જણાવ્યું છે કે: "અફસર સાહેબે પારસીબીઘા પહોંચીને સૌથી પહેલું કામ, જેના આહ્વાનથી ગામ પર ધાડ ત્રાટકી હતી તે મદન મોહન શર્માના ઘરમાં છુપાયેલા બે ગુંડાઓને સ્ત્રીઓની સાડી પહેરાવીને છુપા વેશમાં પોતાની જીપ દ્વારા બીજે ગામ મોકલી દેવાનું કર્યું. એ પછી પ્રભાત થવાની તૈયારી હતી ત્યારે શર્માના પરિવારની એક નાની બાળકીના હાથમાં દિવાસળી આપી એ દિવાસળી વડે ઘાસના એક પૂંજને આગ લગાડવાનું કહ્યું: આમ કરવાનું કારણ એ હતું કે અત્યાચાર કરનારાઓ સ્વ-બચાવમાં પોતે સામે ધા કર્યો હતો એવું કહી શકે, સૌથી પહેલાં તો આગ અમારી મિલકતને લગાડવામાં આવી હતી એમ જણાવી શકે. બિહારની પોલીસની આ જૂની રસમ છે. આવી રીતે અત્યાચારનો ભોગ બનેલાઓ ઉપર ઊલટો સામો કેસ કરવામાં આવે છે."

શર્માના ઘાસના પૂંજને આગ લાગી એટલે અફસર સાહેબ શર્માના આખા કુટુંબને "સલામત" સ્થળે ખસેડવાના કામે લાગી ગયા!

દરમ્યાનમાં ગામ લોકો તો પટણાથી મુખ્ય મંત્રી કે બીજા કોઈ આવે તેની રાહ જોઈ રહ્યા હતા અને એ સમય દરમિયાન ગુનાના પુરાવા સમી લાશને ઊઠાવવા દેતા નહોતા. અફસર સાહેબને લાશને ઠેકાણે પાડવાની ઊતાવળ હતી એટલે, લાશને ઊઠાવવાની વાતનો વિરોધ કરનાર એક ૬૫ વર્ષના બુઢ્ઢાને પાઠ શીખવવાનો તેમણે એક સિપાઈને હુકમ આપ્યો અને આ સિપાઈએ એ બુઢ્ઢાને પોતાના વજનદાર જોડા વડે એવી લાત મારી કે બિચારો બુઢ્ઢો કેટલા વખત સુધી બેભાન રહ્યો! આ બધા ઉપરથી સ્પષ્ટ થતું હતું કે પારસ બિઘા કાંડમાં, પોલોસનો "વિશ્વાસ" આગળથી જ સંપાદન કરી લેવામાં આવ્યો હતો!

૬ ઠ્ઠીની મધરાતે પારસબીઘામાં આ પાશવી લીલા ખેલાઈ અને આઠમીએ મુખ્ય મંત્રી શ્રી. રામસુંદર દાસ પારસ બિઘાની મુલાકાતે આવ્યા. ગામ લોકોએ અત્યાચારને માટે કારણભૂત ઈન્દિરા કાંગ્રેસના આગ્રણીઓ સહિત ઘણાના નામ મુખ્ય પ્રધાનને આપ્યાં અને એ બધાંને પકડી લેવા જોઈએ એવો આગ્રહ કર્યો. પછી તો બધા જ પક્ષોના કાર્યકરો પત્રકારો વગેરે પારસબીઘા આવવા લાગ્યા. ૯ મી તારીખે ઈન્દિરા કોંગ્રેસના જગન્નાથ મિશ્રા, કેદાર પાંડે, રામાશ્રયપ્રસાદસિંહ વગેરે પોતાના પચ્ચીસ ટેકેદારોના કાફલા સાથે પારસ બીઘા પહોંચ્યા પણ ત્યાંના પછાત વર્ગના લોકો એટલા ઉત્તેજીત હતા કે આ લોકોને આવ્યા તેવા જ ભાગી જવું પડયું. ગામની વસતિએ ઈન્દિરા ગાંધી, એ વિસ્તારના સંસદ સભ્ય મહેન્દ્ર પ્રસાદ શર્મા, રામાશ્રય પ્રસાદસિંગ વગેરેની સામે જોરદાર નિદર્શનો કર્યાં અને સૂત્રોચ્ચાર કર્યો.

પણ એથી શું? ગામમાં ૨૫ ઘરોમાંથી એક જ ઘર ભૂમિહાર બ્રાહ્મણનું – મદન મોહન શર્માનું છે. બીજાં બધાં ભરવાડોના અને બીજા પછાત વર્ગોના છે. આ ગામમાં મદન મોહન શર્માના પિતા નિરંજન શર્માએ ઘણી જમીન પચાવી પાડીને પોતાનું

સામ્રાજ્ય બિછાવ્યું હતું અને એના અનુસંધાનમાં એનું ખૂન પણ થયું હતું. તે પછી મદન મોહન શર્મા એ, જમીન અંગેના જે મુકદમાઓ કર્યા હતા તે બધા ભરવાડોની તરફેણમાં જ ઉકલ્યા હતા એટલે જનતા પક્ષ જ્યારે સત્તા પર આવ્યો ત્યારે મદન મોહન શર્મા પોતે ભૂમિહાર હોવાના નાતે, કોમી ધોરણે બિહાર પ્રધાન મંડળના ઠાકુર પ્રસાદ સિંગના અંગત અંગરક્ષક બની ગયા હતા.

પણ પછી તો મધ્યસત્ર ચૂંટણી આવી અને મદન મોહન શર્માએ ઈન્દિરા કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્ર પ્રતાપ શર્માને જીતાડી આપવાનું બીડું ઝડપ્યું. મહેન્દ્ર પ્રતાપના બે ભત્રિજાઓ શ્યામ સુંદર અને કિસન દેવે આ વિસ્તારના આઠ પોલીંગ બુથો કબજે કરી લીધાં હતાં પણ પારસબીઘાના બુથ પર કબજો ન મેળવી શકવાનો રંજ બધા લાગતા વળગતાઓના મનમાં રહી ગયો. બિહારમાં હાર કે જીતનો બદલો લેવાની હારેલા કે જીતેલા ઉમેદવારો પ્રવૃત્તિ કરે એવી પ્રથા છે. (મુઝફ્ફરપુરના ગામમાં પણ આવો બદલો લેવાયો હોવાની વાત ફર્નાન્ડીઝે પોતાના એક પ્રવચનમાં કરી હતી ને?) ઈન્દિરા કોંગ્રેસના સ્થાનિક સત્રપોને તો ભૂમિહારોના રહ્યા સહ્યા મતો પણ આવી રહેલી વિધાન સભાની ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસીઓને જ મળે એવી ગોઠવણ કરવી હતી, અને આ ગોઠવણના એક ભાગ રૂપે જ પારસબીઘા પર ધાડ પાડવામાં આવી હતી એવું શ્રી સૂર્ય નારાયણ ચૌધરીનું કહેવું છે. આ ધાડનું આયોજન કરનારા અને એમાં ભાગ લેનારાઓનાં નામ પણ લોકો છડે ચોક ચર્ચે છે પણ હજી સુધી આ ધાડના આયોજકો કે અગ્રણીઓને પકડવામાં આવ્યા નથી. આને કારણે બધા જ રાજકીય પક્ષોમાં ખૂબ ઉત્તેજના વ્યાપી રહી છે.

બિહારમાં જ્યારે વિધાન સભા અસ્તિત્વમાં હતી ત્યારે પારસબીઘાના બનાવ માટેનો દોષનો ટોપલો મુખ્ય મંત્રી રામ સુંદરદાસ પર ઢોળવાનો પ્રયત્ન થયો હતો પણ એ પ્રવૃત્તિનું સુરસુરિયું થઈ ગયું હતું કારણ કે ગુનેગાર કોણ છે તે બધા જાણતા હતા. હવે તો વિધાન સભા બરખાસ્ત થઈ ગઈ છે; નવી ચૂંટણી ક્યારે આવશે તે કોણ જાણે છે? અને એ દરમિયાનમાં શું થશે તે પણ કોણ જાણે છે.

પણ બિચારા પછાત વર્ગના લોકોને લાગ્યું, કે સરકાર ભોલા પાસવાનની હોય કે કર્પુરી ઠાકુરની હોય કે રામ સુંદરદાસની હોય, ઉચ્ચ વર્ગના મુલ્કી અને પોલીસ અધિકારીઓ પોતાની જાતના લોકોને બચાવવામાં જ પ્રવૃત્ત રહેવાના છે. અને બચાવની એ પ્રવૃત્તિના એક ભાગ રૂપે જ, પારસબીઘાથી એક કિલો મીટર દૂર જ ડોહિયા ગામમાં ભૂમિહારો પર પછાત વર્ગીઓના માગુલી હુમલાને મોટું સ્વરૂપ અપાઈ રહ્યું છે. અને પારસબીઘામાંથી ડોહિયા ગામ દેખાતું હોવા છતાં ત્યાં જો પછાત વર્ગીઓનો જમાવ થતો હતો તો તે અટકાવવા માટે પારસબીઘામાં જમા થયેલી આટલી મોટી પોલીસ ફોજે કેમ કાંઈ પગલાં ન લીધાં?

અને એમ તો પારસ બીઘાનો હત્યા કાંડ વરસોથી ચાલી આવતી પછાતો પરના અત્યાચારની હારમાળાનો એક ભાગ જ નથી? યાદ છે પૂર્ણિયા જિલ્લાના રૂપસપુરની વાત? ત્યાં રજપૂત ભૂમિપતિઓએ, સંથાલોને એમની પોતાની જમીન પરથી જ હાંકી કાઢવા માટે તેમના ઘરોને આગ લગાવી દીધી હતી અને આગમાંથી બચવા જેઓ બહાર નીકળ્યા હતા તેમને ગોળીએ દીધા હતા? યાદ છે ધર્મપુરાની ઘટના અને ઈન્દિરાજીએ જેનો મોટો ધજાગરો ઉડાડયો હતો તે બેલછીની ઘટના? ભલે સંયુકત વિધાયક દળનું શાસન હોય કે કોંગ્રેસનું શાસન હોય કે જનતા પક્ષનું શાસન હોય, હરિજન મુખ્ય મંત્રી હોય કે પછાત વર્ગનો મુખ્ય મંત્રી હોય, આવી ઘટનાચોનું ચક્ર હજી અટકયું નથી. એક રાષ્ટ્ર તરીકે આપણે રાષ્ટ્રીયતા કેળવી નથી એવો એક પાશ્ચાત્ય નિરીક્ષકે હમણા જ આક્ષેપ કર્યો છે. મને પ્રશ્ન થાય છે કે એક સમાજ તરીકે પણ આપણે સામાજિકતા કેળવી છે ખરી? સંકુચિત કોમવાદની બહાર આપણે નીકળી શકયા છીએ ખરા?

—મનુભાઈ મહેતા

વિદેશી પત્રકારો સાથે વાતચીત

મોટે ભાગે વિદેશના સમાચારો મેળવવા ગુજરાતી સામયિકો તેમના પ્રતિનિધિને પરદેશમાં મોકલી શકતા નથી અને બધું તૈયાર રાંધેલું સમાચાર-સાહિત્ય અમેરિકન અને યુરોપીયન વર્તમાનપત્રો કે મેગેઝિનમાંથી ઉંચકવું પડે છે. કોઈ આંતરરાષ્ટ્રીય ઘટના બને અને વિદેશી પત્રકારો ભારતમાં આવે ત્યારે તેઓ આપણને સમાચારનો તાગ મેળવવા માહિતી કઢાવે ત્યારે મજા પડે છે. મોરબીના જળબંધ તૂટવા સમયે અને તાજેતરમાં હૈદ્રાબાદ નજીક ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા હું રંગાપુર ગયો ત્યારે ઘણા વિદેશી પત્રકારોને મળવાનું થયું. ટેલીગ્રાફ-ન્યુઝ પબ્લીકેશનના એક પત્રકાર શ્રી ડન ટિડવેલે ભારતને લગતી અને ભારતીય પત્રકારોને લગતી ઘણી માહિતી મારી પાસેથી લીધી અને તેની પાસેથી તેમજ એ. બી. સી. રેડીઓના પ્રતિનિધિ શ્રી બ્રાઉન પાસેથી પણ મને પત્રકારત્વની અને અમેરિકાની કોર્ટો વિષે ઘણું જાણવાનું મળ્યું.

એક વિદેશી પત્રકારે કહ્યું "રાજકારણ, કુદરતી આફત કે બીજી ઊથલપાથલ થાય કે સૂર્યગ્રહણ જેવી ઘટના બને ત્યારે ભારતને સારું હૂંડિયામણ મળી રહે છે. ઈન્દિરા ગાંધીની કટોકટી પૂરી થયા પછી ઘણા વિદેશી પત્રોએ પોતાના પ્રતિનિધિને ભારતમાં મોકલ્યા હતા. આવા એક પત્રકારને નિભાવવા માટે ન્યુયોર્ક ટાઈમ્સ રૂા. ૮ લાખનો ખર્ચ કરે છે. એટલે ઈન્દિરા ગાંધી વિદેશી પત્રકારો ઉપર તવાઈ લાવે તો તેમાં ભારતને હૂંડિયામણની ઘણી ખોટ પડે છે. જે પત્રકારો એક વરસ માટે રહે તેઓ માત્ર એક જ મુલાકાત આપે તો પણ તેમાં ભારતને પત્રકાર દીઠ રૂા. ૧૦,૦૦૦નું હૂંડિયામણ મળે છે. બી. બી. સી., એ. પી. એન. બી. સી., ન્યુયોર્ક ટાઈમ્સ વગેરેના ખાસ પ્રતિનિધિઓ જનતા સરકારની જીત પછી ભારત આવ્યા તેની ફોટોગાફર સહિતની સંખ્યા ૧૦૦૦ની થઈ હતી. આ ઉપરાંત પ્રાફેસરો અને રાજકીય અભ્યાસ કરનારા સંશોધકો પણ ભારત આવે છે. ઈન્દિરા ગાંધીની ચીકમંગલુરની ચૂંટણી વખતે જ વિદેશી અખબારી આલમ ભારતને રૂા. ૧૫ લાખનું હૂંડીયામણ આપી ગયેલી."

એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિએ કહ્યું "આ પ્રકારની હૂંડીયામણની કમાણીને અમે રાજકારણના મસાલાની નિકાસ તરીકે ઓળખાવીએ છીએ. પણ આ 'મસાલા'ની નિકાસમાં સૌથી વધુ કમાણી બ્રિટનને થાય છે. બ્રિટનમાં ચૂંટણીઓ થઈ તે વખતે દરેક અમેરિકન દીઠ બ્રિટનને રૂા. ૩૦,૦૦૦ની કમાણી થતી હતી. આમાં માત્ર પત્રકારો જ નહોતા. બ્રિટનની પાલમેન્ટનો અભ્યાસ કરવા માટે જ કેટલાક પત્રકારો, મહાનિબંધ લખનારા વિદ્યાર્થીઓ, રાજકારણના અભ્યાસીઓ, લેખકો અને પત્રકારો લંડનમાં આવ્યા હતા. આ આજકાલનું નથી. વુડ્રો વિલ્સન જેવા મહાન અમેરિકન રાજપુરુષ પણ બ્રિટનના રાજબંધારણ અને લોકશાહીની રસમો શીખવા બ્રિટન આવતા હતા. બ્રિટનની પદ્ધતિનું કઈ રીતે અનુસરણ થઈ શકે તે માટેનો આ અભ્યાસ હતો. અત્યારે તો બ્રિટનના રાજકારણ અને પાલમેન્ટની પદ્ધતિમાં શું શું ખામી છે તે જોવા અમેરિકનો આવે છે.'

એક જાપાની પત્રકારને મેં પૂછયું "બ્રિટનમાં જે રીતે રાજકારણનો અભ્યાસ કરવા અમેરિકનો જાય છે તે રીતે એશિયન પત્રકારો બીજા દેશમાં જાય છે?" તેણે કહ્યું "બીજા એશિયન દેશોની લોકશાહી બહુ સમસ્યારૂપ નથી. એશિયન દેશોના મૂડીવાદી માનસવાળા પ્રાફેસરો ભારતની લોકશાહીના વખાણ કરતા થાકતા નહીં. ઈન્દિરાનું પતન થયું અને પછી જનતા સરકારે તેનું ભોપાળું પુરવાર કર્યું તે પછી હવે એશિયન રાજપુરુષો ભારતની લોકશાહીનો ઊંડો અભ્યાસ કરવા ભારત આવે છે. ઘણી વખત આ રાજપુરુષો ભારતના ચૂંટણીતંત્રને નીરખવા મહિનાઓ સુધી રહે છે. આ પણ એક પ્રકારના રાજકીય મસાલાની નિકાસ છે. આવા મસાલાની નિકાસમાં એશિયામાં ભારત પ્રથમ નંબરે આવે છે. જો કે પહેલાં આ નંબર વિયેતનામનો હતો પણ તેનું હૂંડીયામણ વિયેતનામને મળવા કરતાં આજુબાજુના પ્રદેશ જેવા કે હોંગકોંગ, કંબોડીયા બેંગકોક અને મકાઉને વધુ મળતું હતું."

એસોસિયેટેડ પ્રેસના ખાસ વિદેશી બાબતોના નિષ્ણાત એવા પ્રતિનિધિએ તો ગરીબ દેશોના પત્રકારત્વનો ઊંડો અભ્યાસ કર્યો છે. અને તેઓ "ઈન્ટરનેશનલ ન્યુઝ રેપોરીંગ" એ વિષય ઉપર એક પુસ્તક પણ લખી રહ્યા છે.

"કેટલાક ગરીબ દેશોને રાજકીય મસાલાની નિકાસ શું છે તે જ ખબર નથી. તે લોકો વિદેશી પત્રકારોને દૂર રાખે છે. નાઈ-

જીરીયામાં બાયફ્રાનું યુદ્ધ ચાલતું હતું ત્યારે અફઘાનિસ્તાનમાંથી રશિયાએ વિદેશી પત્રકારોની હકાલપટ્ટી કરી તેવી હકાલપટ્ટી કરી નહોતી. છતાંય નાઈજીરીયાની કપરી આબોહવા અને પ્રતિકૂળ સંયોગોને લીધે ત્યાં માત્ર ફ્રાંસની "અજન્સ ફ્રાન્સ-પ્રેસ" નામની સમાચાર સંસ્થાનો એક પ્રતિનિધિ જ કાયમ માટે રહે છે. ભારતના વર્તમાનપત્રો વિદેશના ઊંડા સમાચારો અને લેખો વિદેશી મેગેઝિનોમાંથી તફડાવે છે. તેમ અમુક આફ્રીકન દેશોના સમાચારો ફ્રાંસના મેગેઝિનમાંથી તફડાવાતા હોય છે. રોઈટરના એક પ્રતિનિધિની પાસે પાસપોર્ટ નહોતો એટલે તેણે એક મહિના સુધી મિલિટરીના ભંડકીયામાં સડવું પડ્યું હતું."

ઈન્દિરા ગાંધીએ પણ કટોકટી વખતે પાંચ અમેરિકનો અને બે બ્રિટીશ પત્રકારોને કાઢી મૂક્યા હતા. પણ હવે તેનાથી બમણા બ્રિટીશ પત્રકારો ભારતમાં છૂટથી ફરી શકે છે. ફરીથી ઈન્દિરા ગાંધી પહેલાં જેવી ભૂલ નહિ કરે. ઉલટાનું જનતા સરકારે રજનીશ પ્રવૃત્તિના ફોટા અને ફિલ્મ લેવાનું બંધ કરેલું તે હવે જર્મન અને બ્રિટીશ ટેલિવિઝન માટે સરળ બન્યું છે.

તાજેતરમાં 'વ્યાપાર' નામના અર્ધસાપ્તાહિક વતી હું એ. પી–ડી. જે. નામની વ્યાપારી સમાચાર સંસ્થાના પત્રકાર શ્રી હોકીન્સને મળ્યો અને તેને મેં કહ્યું "વિદેશી શહેરમાં જઈને તમે કેટલીક વખત અધકચરા સમાચારો આપો તેને કારણે એ અસત્ય ચારે બાજુ ફેલાય છે. કારણ કે અમે બધા નજીકના અફઘાનિસ્તાનના સમાચારો છેક ન્યુયોર્કના પેપરોમાંથી ઉઠાવતા હોઈએ છીએ." શ્રી હોકીન્સે કહ્યું "વિદેશી પત્રકારે ઘણી તકલીફો વચ્ચે કામ કરવું પડે છે. જ્યારે પ્રેસ સેન્સરશીપ હોય કે લડાઈની સ્થિતિ હોય ત્યારે અમુક દેશોના એલચી ખાતા સમાચારો પુરા પાડે તેનાથી સંતોષ મેળવવાનો હોય છે પણ દરેક પત્રકાર ચોકસાઈ રાખવા પ્રયાસ કરે છે જ."

અમુક ટેલિવિઝન કંપની અને પોતાના દેશના સ્થાનિક પત્રો માટે કામ કરનારા પત્રકારો અમુક દૃષ્ટિકોણથી સમાચારો એકત્રિત કરે છે. ત્યારે બીજા પત્રકારો આંતરરાષ્ટ્રીય દૃષ્ટિને ધ્યાનમાં રાખે છે. ખાસ કરીને ચાર ગ્લોબલ ન્યુઝ એજન્સીઓ છે તે જાગતિક દૃષ્ટિકોણ રાખે છે. એસોસિયેટેડ પ્રેસનું મથક ન્યુયોર્કમાં છે તેનું બજેટ રૂ. ૮૦ કરોડનું હોય છે. તેણે માત્ર અમેરિકાના જ ૧૩૫૦ વર્તમાનપત્રો અને ૩૫૦૦ જેટલા રેડીઓ અને ટી. વી. સ્ટેશનોને સમાચારો પૂરા પાડવા પડે છે. ભારતની યુ. એન. આઈ. નામની સમાચાર સંસ્થાના સહયોગમાં તે ભારતને વિદેશથી સમાચાર પુરા પાડે છે. જગતના એક અબજ લોકો માટે તે સમાચારનો મસાલો પૂરો પાડે છે. અમુક ચોક્કસ બનાવો માટે ખાસ પ્રતિનિધિ મોકલે છે. મોરબીમાં હોનારત થઈ ત્યારે બેંગકોકનો ખાસ પ્રતિનિધિ વિમાનમાં મોરબી પહોંચી ગયો હતો.

એ. પી. પછી યુનાઈટેડ પ્રેસ ઈન્ટરનેશનલનો (યુ. પી. આઈ.) નંબર આવે છે. તેની વડી કચેરી પણ ન્યુયોર્કમાં છે. જો કે આ વિદેશી સમાચાર સંસ્થા આડેધડ પ્રતિનિધિને મોકલતી નથી. એ. પી.ની સંસ્થા ધંધાકીય નથી. ત્યારે યુ. પી. આઈ. તો નફો કરવાની દૃષ્ટિએ સમાચાર સંસ્થા ચલાવે છે. જો કે બહુ નફો થતો નથી. પણ એ. પી.ની માફક તે નફાની લાપરવાહી કરતી નથી. લંડન ખાતે વડી કચેરી રાખનારી રોઈટરની સંસ્થાની માલિકી બ્રિટીશ અને કેટલાક કોપનવેલ્થના દેશના વર્તમાનપત્રોન સહીયારી રીતે છે. રોઈટરના પત્રકારો આફ્રીકા માટેના ખાસ સમાચારો મેળવે છે. તમારે બહુ આધારભૂત આફ્રીકન સમાચારો માટે રોઈટર ઉપર મદાર રાખવો. રોજ ૩૦,૦૦૦ જેટલા શબ્દો માત્ર આફ્રીકન દેશો માટે જ પ્રસારીત (ટેલેક્સ દ્વારા) થાય છે છેલ્લે એન્જન્સે ફ્રાન્સ પ્રેસ નામની ફ્રેંચ સમાચાર સંસ્થા છે. તેની પાસે પેરીસ અને બીજા ખાસ શહેરોમાં ૭૯૦ પત્રકારો છે. જગતના ૧૨૦૦૦ વર્તમાનપત્રોને તે સમાચારો પુરા પાડે છે. આ સંસ્થાને ફ્રેંચ સરકારનો સારો ટેકો છે એટલે અમુક સમાચારો ફ્રેન્ચ સરકારને ન ગમે તેમાં થોડો રંગ ભળેલો હોય કે રંગ ફીક્કો હોય તે બનવા જોગ છે. એટલે જ્યારે ફ્રેન્ચ હિત સંડોવાયેલું હોય ત્યારે તમારે ફ્રેન્ચ પેપરોમાંથી તફડંચી કરવાનું ધ્યાન રાખવું. તે પ્રકારે બીજા દેશોના પત્રકારો વિષે પણ વત્તેઓછે અંશે સમજવાનું. પી. ટી. આઈ. અને યુ. એન. આઈ.ના પણ વિદેશી પત્રકારો છે. રશિયાની 'ટાસ' અને ચીનની શીનહુઆ નામની સમાચાર સંસ્થાના સમાચારો પણ રંગીન હોય છે તેમ અમે કહીએ છીએ. પણ તમે રશિયાના મિત્ર હો તો તે રંગને સ્વીકારી શકો છો.

તફડંચી શબ્દથી તમારે ગભરાવું નહિ. તફડંચીનો આરોપ કરે તે ખુશીથી સ્વીકારી લેવો. કારણ કે ન્યુયોર્ક ટાઈમ્સની ન્યુઝ સર્વિસ લંડન ટાઈમ્સની સ્ટોરીઓ ઉપાડતું હોય છે. ક્રિશ્ચિયન સાયન્સ મોનીટર કાયમ માટે પ્રતિનિધિ રાખતા નથી પણ તેમના પત્રકારો દિલ્હી, મુંબઈ, બેંગકોક મનીલા વગેરે સ્થળે ફર્યા કરે છે. 'આટલાન્ટીક' નામના મેગેઝીનના પત્રકારો આવો પ્રયાસ નિયમિત કરીને ઊંડાણથી દરેક દેશના રાજકારણનો અભ્યાસ કરે છે. આ બન્ને સામયિકોમાંથી તમે આધારભૂત રીતે તફડંચી કરી શકો.

એક પત્રકારને મેં પૂછ્યું "ઘણી વખત હું મલયેશિયા જાઉ છું તેના કે ભારતના બીજા શહેરોમાં કોઈ ઘટના બને છે તેના વિદેશી અહેવાલો ઘણા ઓછા હોય છે તેનું શું કારણ?" જવાબમાં જાણવા મળ્યું: "અમુક દેશોમાં એજન્સીઓને પરવડતું નહિ હોઈને ત્યાં સ્થાનિક "સ્ટ્રીન્ગરો" રખાય છે. આ લોકોને પૂરા નાણા મળતા નથી વળી કેટલાક તો સરકારી નોકરો હોય છે એટલે એ લોકો સરકારી નોકરીને સલામત રાખવા અમુક પ્રકારના સમાચારો આપતા હોય છે."

કાન્તિ ભટ્ટ

આપણા દુ:ખનું મૂળ આપણે પોતે જ છીએ

ઈશ્વરે માણસને બુદ્ધિનું પ્રદાન કરીને સમગ્ર જીવસૃષ્ટિમાં તેને આગવું સ્થાન આપ્યું છે. છ ફૂટનો માનવી, તેની બુદ્ધિમતાને કારણે કુદરતની સામે આજે ચેલેન્જ કરવાની સ્થિતિમાં આવી ગયો છે અને બ્રહ્માંડના રહસ્યો પામવા માટે સતત પ્રયત્નશીલ રહીને કટીબદ્ધ થયો છે. તે ચંદ્ર પર પહોંચ્યો તે તેની સિદ્ધિ છે, અને માનવી જગતમાં જેને વહેમો અને ચમત્કારો જણાવામાં આવતા હતા, તેવા ગુંચવણભરેલા કેટલાય કોયડાઓ તેણે પોતાની બુદ્ધિમતાથી ઉકેલ્યા છે અને એમ કરીને સામાન્ય માનવી-સમાજને ચકીત કરેલ છે.

માનવીની એ જ બુદ્ધિએ અણુરહસ્યોની જાણકારી પ્રાપ્ત કરીને અણુબોમ્બ તેમજ હાઈડ્રોજન બોંબ બનાવ્યા. તેની આવી સિદ્ધિથી પ્રથમ તો ગૌરવ લેવામાં આવ્યું, પરંતુ એ અણુબોમ્બનો ઉપયોગ કરીને જાપાનના હીરોશીમા શહેરમાં લાખો નિર્દોષ મનુષ્યને તેના ભોગ બનાવવામાં આવ્યા ત્યારે દરેકના દિલમાંથી અરેરાટી નીકળી અને આ વૈજ્ઞાનિક શોધ મનુષ્યજાતિ માટે શ્રાપરૂપ નીવડી. કારણ, આજે મોટા રાષ્ટ્રો આ વિનાશક સાધનોના ગંજ ખડકીને બેઠા છે. એ રાષ્ટ્રોના વડાઓનું માથું ચકરાવો લે અને એ વિનાશક સાધનોનો ઉપયોગ કરવાનો નિર્ણય કરે તો સમગ્ર જગતનો વિનાશ સર્જાય. આજના જગતનો માનવી હર ક્ષણના સતત ભય નીચે જીવી રહ્યો છે. માનવીની બુદ્ધિએ માનવીના વિનાશ માટેનું જ સર્જન કર્યું. કેવી વિધિની આ વિચિત્રતા ગણાય! આમે ય તે માણસ જ માણસનો દુશ્મન છે ને? આનું કારણ, માણસ જે વિચારે છે એ પ્રમાણે વર્તતો નથી એ છે. માણસે વિજ્ઞાનક્ષેત્રે હરણફાળ ભરી. તેની પાછળની કલ્પના હતી સમગ્ર મનુષ્યજાતીના કલ્યાણની. પરંતુ તેનો સ્વાર્થ વચ્ચે આવ્યો અને એક રાષ્ટ્રે બીજા રાષ્ટ્રને આ સાધનો દ્વારા દબાવવાનો પ્રયત્ન શરૂ કર્યો. તેનો જવાબ બીજા રાષ્ટ્રોએ પણ એ જ ભાવનાથી આપવાનો પ્રયત્ન કર્યો. માણસ પોતાના જ સુખ માટે - અન્યના વિનાશના ભોગે–વિચાર કરતો થાય ત્યારે તેનું પરિણામ વિપરીતતામાં જ આવે - આ કુદરતનો ક્રમ છે. ઈતિહાસના અનેક દાખલાઓ માનવજગત સમક્ષ મોજુદ છે. એમ છતાં આજનો બૌધિક માનવી તેમાંથી દાખલો લેવા તૈયાર નથી. કારણ, આજે પોતાના સ્વાર્થે માનવીને ઘેરી લીધો છે - એ કારણે તેના વિચાર અને વર્તનમાં સામ્ય રહ્યું નથી.

સામાન્ય માણસની વાત એક બાજુ મૂકીએ, પરંતુ આજના બૌધિક સમાજના માનવીઓ પણ એ જ રીત અપનાવીને જીવી રહ્યા છે. આ બૌદ્ધિકો, માનવસમાજ સમક્ષ ઘણી બધી સૂક્ષ્મ ગણાય એવી ચિન્તાનાત્મક બૌધિક દલીલો કરીને તે પ્રમાણે જીવવાની લોકોને સલાહ આપે છે, પરંતુ તે પોતાની જાતને બાદ કરીને જ વાત કરતા હોય છે. એટલે એ સલાહની કોઈની ઉપર અસર થતી નથી એટલું જ નહિ પરંતુ સામાન્ય લોકો એનો દાખલો લઈને કહે છે કે આવા મોટા સમાજસેવકો અને તત્ત્વચિન્તકો પણ, જો એક રીતની સલાહ આપીને અન્ય રીતે વર્તતા હોય તો પછી આપણા જેવા સામન્ય સ્તરના માણસોને એમ કરવામાં શું વાંધો? એટલે જગતની સામાન્ય પ્રજાને પોતાને સ્થાનેથી ચલિત કરવામાં

નીચે લાવવામાં - મૂખ્ય ફાળો આવા બૌદ્ધિકોનો જ છે - ખૂબ જ સૂક્ષ્મ રીતે વિચારતા આવા નિષ્કર્ષ પર આવવું પડે છે.

બીજી કલ્પના એવી આવે છે કે આજનો માનવી, સત્યથી અને ઈશ્વરથી દૂર-સુદૂર સરકતો ગયો છે. પહેલા માણસ પાપકર્મથી ડરતો હતો. તેને ઈશ્વરનો ડર લાગતો હતો. એટલે છાને ખૂણે અપકૃત્ય કરતા પણ તેને ડર લાગતો હતો. અને આજે માણસ સાવ બેશરમ બની ગયો છે. આપણી ભારતની સંસ્કૃતિને પણ તે સાવ ભૂલી ગયો છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રવાહે તેને એવો ઘેરી લીધો છે કે, પોતાના મૂળભૂત મૂલ્યોને પણ તેણે તિલાંજલી આપી છે. આમાં આજના આપણા શિક્ષણે પણ મોટો ભાગ ભજવ્યો છે. આના કારણે આપણી સંયુક્ત કુટુંબની પ્રથાનો પણ ભાંગીને ભૂક્કો બોલી ગયો છે. કુટુંબો પણ વિભાજિત થઈ ગયા છે. એ કારણે માણસ માણસ વચ્ચેની લાગણીના તંતુનો સર્વનાશ થયો છે - માણસ નર્યો સ્વાર્થમય બની ગયો છે. વૈચારિક રીતે આવું સ્વાર્થમય જીવન જીવતો હોવા છતાં તે પોતાને સુસંસ્કૃત કહેવડાવે છે. સંપૂર્ણપણે આજનો યુગ અર્થપ્રધાન યુગ બની ગયો છે.

આપણે સમાજવાદની વાત કરતા થાકતા નથી, પરંતુ સમાજવાદ આપણાથી હજારો જોજન દૂર ધકેલાઈ ગયો છે. એનું કારણ શહેરી સંસ્કૃતિ છે. - આજથી પચીશ - ત્રીશ વર્ષ પહેલા જ ગામડાઓની એ સ્થિતિ હતી કે, સમાજવાદની વાત ક્યારેય તેઓ કરતા નહોતા, એમ છતાં ત્યાંના નાગરિકો સાચા સમાજવાદી હતા. અરસપરસની આફતમાં ઊભા રહેતા. દરેક માણસ બીજાને પોતાનો સ્વજન સમજતો અને પોતે સંકટ વેઠીને પણ અન્યને ઉપયોગી થતો હતો. તે આજે સ્વપ્નું બની ગયું. એટલે આજની આપણી જીવનપદ્ધતિ બદલાવવા માટે સૂક્ષ્મ રીતે વિચારવાનો સમય પાકી ગયો છે.

આપણે જાગૃત થઈએ-પાપથી ડરીએ-ઈશ્વરનો ડર રાખીએ અને સત્યમય જીવન તરફ વળીએ-તો જ સમગ્ર સમાજ તેમ જ જગત સુખી થશે.

શાન્તિલાલ ટી. શેઠ

અજ્ઞાત વિજ્ઞાન

જે ને અમેરિકનો ઓકલ્ટ સાયન્સના નામે ઓળખે છે. રેમંડ મૂડીનું નામ જેમાં આગળ પડતું છે. આ વિશે 'લાઈફ આફ્ટર ડેથ' જેવાં પુસ્તકો પણ લખાયાં છે છતાં તેમાં બૌદ્ધિકો બુદ્ધિ દ્વારા ન સમજી શકે એવું કશું નથી. તેથી ઊલટું સમજવાથી વર્તમાન જીવન સારી રીતે વિતાવી શકવાના ફાયદાઓ પણ છે. સૌને જીવવું ગમે છે. 'મરવું' કોઈને ગમતું નથી, છતાં સૌ કોઈ સમજે છે કે 'એક કાળે' મરવું અનિવાર્ય થઈ પડવાનું છે. છતાં જીવનભર મૃત્યુનો ડર જ આપણને સતાવ્યા કરે એ શી રીતે વ્યાજબી ગણાય? આ ડરપોક લોકોના મનમાંથી મૃત્યુનો ડર દૂર કરવાનું બીડું જો કોઈએ ઝડપ્યું હોય તો તે ઓકલ્ટ સાયન્સે.

આ વિજ્ઞાનના અભ્યાસથી સામાન્ય માણસના જીવનમાં પણ એક પ્રકારનો સંતોષ, શાંતિ, પવિત્રતા ઈત્યાદિ આવી શકે. જો માનવી જૂઠી મહત્ત્વાકાંક્ષાઓનો ત્યાગ કરે તો તેને કોઈ પણ જાતના આભરખા વિનાની સાચી શાંતિ મળી શકે. આવી શાંતિ મેળવવી એ પ્રત્યેક માનવીના હાથની વાત છે. પોતાની જાતને સારી અને સાચી બાબતોમાં કેળવવાને લગતી વાત છે. ઘણાં કુટુંબીઓ સ્વજનના મૃત્યુ પછી 'ભાંગી પડે છે.' ઘણાં વેપારી, ધંધાર્થીઓ કે ઉદ્યોગપતિઓ 'ધંધામાં લાખોની ખોટ' ગયા પછી 'ગાંડા થઈ જાય છે!' આ બધું શું છે? નિયતિમાં અશ્રદ્ધા. 'ઈશ્વર જે કંઈ કરે છે તે સારા માટે જ છે' એ રીતે જો મનને મનાવ્યું હોય તો! અલબત્ત, અઘરું છે, પણ અશક્ય તો નથી જ.

આ જગતમાં જે કંઈ બને છે તે સમગ્ર ઈશ્વરીય યોજનાનો એક ભાગ જ છે. એવી શ્રદ્ધા કેળવવાથી અકલ્પ્ય રાહત અનુભવી શકાય. અજ્ઞાત વિજ્ઞાનીઓ સ્થૂળ શરીર બહાર રહેલાં 'ઈથર બૉડી' ની વાત કરે છે. કે જેને આપણે જોઈ શકતાં નથી, પણ સભાન અલ્પ પ્રયત્નથી ઓળખી શકીએ છીએ. ત્રીજા શરીરને 'એસ્ટ્રલ પ્લેન' કહે છે. કે જેમાં માનવીની ગુપ્ત સુપ્ત ઈચ્છાઓ, વાસનાઓ અને સ્વપ્નાંઓ વસતાં હોય છે. અલબત્ત, આ બધી બાબતોમાં કશું ગુપ્ત કે છુપાયેલું નથી. આ હકીકતો નીચેના દાખલાઓથી સ્પષ્ટ થશે.

માનો, ઉનાળાની રજાઓમાં - મે વેકેશનમાં મહેમાન થઈને હું પૂર્ણિમા બેનને ત્યાં આવું છું. સૉફા ઉપર બેસું છું. ત્યાં આફ્ટર કેરીની સુગંધ આવે છે. નાક દ્વારા મારું આખું શરીર તરબતર થઈ જાય છે. અજ્ઞાત રીતે જ મારી આંખો ચારે તરફ ઘૂમી વળે છે. એક જગ્યાએ ટેબલ નીચે થોડા ઘાંસમાં, કરંડિયામાં મુકેલી કેરીને મારી દૃષ્ટિ શોધી કાઢે છે. 'એસ્ટ્રેલ પ્લેન'માંથી હું 'ઈશ્વર' માં આવું છું. કરંડિયાની નજીક જઈ વાંકો વળી એકાદ કેરી હાથમાં લઈને હું પૂછું છું: "પૂર્ણિમા બેન, આ શું ભાવની આવી" સ - રસ છે. ત્યારે મારું મન - આત્મા તેને 'મારામાં' સમાવવા ઝંખી ઊઠે છે. અલબત્ત, સામાજિક મર્યાદાને કારણે હું કશું કહેતો નથી. પણ નાકે જે સુઘ્યું, આંખે જે જોયું, હાથે જે સ્પર્શ્યું કે મને જે ઝંખ્યું. આ સમગ્ર પ્રક્રિયાની સૂક્ષ્મ અસર તો થઈ જ. આ થઈ અજ્ઞાત વિજ્ઞાનની એક ઝાંખી.

જેમ ઘરનાં કોઠિયામાંથી તેમ ઘરની પ્રત્યેક વસ્તુ અને વ્યક્તિમાંથી અમુક અદશ્ય કિરણો ફૂટતાં હોય છે, છૂટતાં હોય છે. તેને પોતાનું વર્તુળ હોય છે. જેમ વસ્તુને પોતાનું વસ્તુત્ત્વ તેમ વ્યક્તિને પોતાનું વ્યક્તિત્ત્વ. મલાપુરુષોની પાછળ ચિત્રકારો જે વર્તુળો દોરે છે. તે તેના 'ઈથર' શરીરનો નિર્દેશ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ - મહેમાન માટે ઘરે આવે છે. ત્યારે તે મારું થઈ જાય છે તેનું કારણ પણ તે જ. મેં વસાવેલી બધી જ વસ્તુઓ, મારા સમગ્ર વિચારો, મારો સંસાર તેને મારામાં સમાવી લેવા માટે ઝંખી ઊઠે છે.

મારે તો સમાજમાં જીવવા માટે બુદ્ધિની જરૂર પડે છે. ક્યાં જવું ને ક્યાં ન જવું? કોની સાથે સંબંધ રાખવો કોની સાથે ન રાખવો? કયા વિચારોથી આકર્ષાવું ને કયા વિચારોથી દૂર રહેવું? શું જોઈએ છે? શું લેવું છે? શું નથી? અને શેના વગર ચાલશે કે નહીં ચાલે? આ બધા વિચાર - ચિંતનનું પરિણામ છે, આપણું અત્યારનું વાસ્તવિક જીવન.

હરજીવન થાનકી

ખરું સ્વરાજ

પોતાનાં નામો મતદાર તરીકે નોંધાવી આવવાની તસ્દી લેનાર તથા અંગમહેનત કરી રાજ્યને પોતાની સેવા આપનાર, દરેક જણ, મરદ અથવા ઓરત, અસલ વતની અથવા હિંદુસ્તાનને પોતાનો દેશ કરી અહીં વસેલા, મોટી ઉમ્મરના વધારેમાં વધારે લોકોના મતો વડે મેળવેલી હિંદુસ્તાનની સંમતિથી થતું શાસન એટલે સ્વરાજ... વળી કેટલાક લોકો ઔધકારની લગામ મેળવી લે તેથી નહીં, પણ બધા લોકોએ અધિકારના દુરુપયોગની સામે થવાની શકિત સમાનપણે મેળવ્યાથી જ ખરું સ્વરાજ મળવાનું છે... બીજા શબ્દોમાં કહું તો સામાન્ય વર્ગને રાજ્યાધિકારીઓને મર્યાદામાં રાખવાની તથા તેમના ઉપર પોતાનો અંકુશ રાખવાની શકિતનું પૂરું પૂરું ભાન કરાવવાથી સ્વરાજ મળી શકે તેમ છે.

-ગાંધીજી

આગામી વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૭-૮-૯-૧૦ એપ્રિલના રોજ, તાતા ઓડીટોરિયમમાં સંઘ દ્વારા વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘના કાર્યાલયમંત્રી શ્રી શાન્તિલાલ ટી. શેઠનું ષષ્ટીપૂર્તિ-મિલન



સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રી શાંતિભાઈ શેઠને પ્રેમના પ્રતિકરૂપે સુંદર કલાકૃતિ ભેટ આપે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંઘના કાર્યાલય મંત્રી શ્રી શાન્તિલાલ ટી. શેઠને મિત્રોદ્વારા યોજાયલા સમારંભમાં સંઘના ગૌરવરૂપ ગણાવ્યા હતા.

શ્રી શાન્તિભાઈ ૬૦ વર્ષ પૂરા કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ્યા તે નિમિત્તે સંઘના ભૂતપૂર્વ કોષાધ્યક્ષ અને હાલના કારોબારીના સભ્ય શ્રી દામજીભાઈ વેલજી શાહ અને અન્ય મિત્રો તરફથી વ્યકિતગત રીતે બિરલા ક્રીડા કેન્દ્રમાં તા. ૧૫-૨-૮૦ ના રોજ સિમિત આકારનું એક સ્નેહ-મિલન યોજવામાં આવ્યું હતું.

પોતાની ખુશેચ્છાઓ વ્યકત કરતા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું, કે "સંઘને શાન્તિભાઈ જેવા માણસ મળ્યા છે તે સંઘ માટે ગૌરવરૂપ છે. તેઓ સંઘની નિષ્ઠાપૂર્વક સેવા કરે છે એટલું જ નહિ, સંઘના ઉદ્દેશોને પણ તેમણે પોતાના જીવનમાં ઉતાર્યા છે."

ત્યાર બાદ સૌના પ્રેમના પ્રતીક રૂપે એક સુંદર કલાકૃતિ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના વરદ હસ્તે શ્રી શાન્તિભાઈને આપવામાં આવી હતી, તેમ જ તેમને ચંદનનો હાર પહેરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે કહ્યું, કે શાન્તિભાઈ, સરખામણીએ ઘણા નાના માણસ છે, પરંતુ તેમની પાસેથી ઘણું બધું આપણને શીખવા મળે તેમ છે. આજે સમયની મર્યાદા છે, નહિતર તેમના વિષે ઘણી બધી વાતો થઈ શકે તેમ છે.

જૈન સોશ્યલ ગ્રુપના મંત્રી શ્રી ગુણવંતભાઈ ઝવેરીએ, શાન્તિભાઈની વિવિધ સામાજિક સેવાઓની પ્રશંસા કરતા જણાવ્યું કે, શાન્તિભાઈને કયારેય મેં કામથી કંટાળતા જોયા નથી. કામ, સંઘનું હોય, ગ્રુપનું હોય કે પાડોશીનું હોય, સેવાના કામ કરવા એ સદાય હસતા મોંએ તૈયાર રહે છે, એમ કહી તેમણે તેમનું દીર્ઘાયુષ અને આરોગ્ય વાંચ્છયું હતું.

મિત્રોની અભિનન્દનવર્ષાનો હાર્દિક આભાર માનતા શ્રી શાન્તિભાઈ શેઠે કહ્યું કે, "મુંબઈ જૈન યુવક સંઘ સાથે હું જોડાયો અને ૩૮ વર્ષ સુધી આ નાતો ચાલુ રહ્યો એ દરમ્યાન અનેક મહાનુભાવોનો સંપર્ક થયો. એ કારણે જ મારો આંતરિક વિકાસ થયો છે, અને એનો મને પરમ સંતોષ તેમજ આનંદ છે. મારા જીવનમાં મને જે સંસ્કારિતા પ્રાપ્ત થઈ છે તેનું મોટા ભાગનું શ્રેય સ્વ. પરમાનંદભાઈના ફાળે જાય છે. તેમના દેહાંત પછી મુરબ્બી શ્રી ચીમનભાઈ સાથે કામ કરવાનું અને તેમની નજીક આવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. તેમનો અંગત અનુભવ મને એવો થયો કે આ વ્યકિત મૃદુતાની મૂર્તિ છે.

સંઘમાં અને અન્ય સંસ્થાઓમાં મેં જ્યાં જ્યાં અને જેમની સાથે કામ કર્યું ત્યાં મને સૌનો પ્રેમ જ મળ્યો છે, આવા પ્રેમને હું મારું પરમ સદ્‌ભાગ્ય સમજું છું.

આજના મિલનના આયોજકોનો તેમ જ હાજરી આપીને આપ સૌએ મારા પર જે પ્રેમ વર્ષાવ્યો છે તે માટે આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ત્યાર બાદ શ્રી ચીમનલાલ જે. શાહે કહ્યું, કે લીલાબહેનનો ફાળો પણ શાન્તિભાઈના જીવનમાં ઘણો છે. તેઓ પણ આજે અભિનન્દનના અધિકારી છે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે લીલાબહેનને ચંદનનો હાર પહેરાવ્યો હતો.

ત્યાર બાદ મિષ્ટ ભોજનને ન્યાય આપીને પ્રસન્ન વાતાવરણમાં સૌ વિખરાયા હતા.

★ પ્રેમળ-જ્યોતિ ★

પ્રેમળ જ્યોતિ માટે ગતાંકમાં અપિલ કરી તેના અનુસંધાનમાં એક વધારે દત્તક બાળક માટે રૂા. ૪૦૦/- મળ્યા છે, જેમનું નામ નીચેની યાદીમાં પ્રગટ કરવામાં આવેલ છે.

૧૫ દત્તક બાળકો માટે પંદર દાતાઓની જરૂર છે, તેમાંથી એકંદર ત્રણ નામો આવી ગયા છે. આના માટે દાતા ચાર હજાર રૂપિયા મોકલે તો તેના વ્યાજમાંથી વર્ષો સુધી તેમની તરફથી એક બાળકને દત્તક લઈ શકાય અને રૂપિયા ચારસો મોકલે તો ચાલુ એક વર્ષ પૂરતું. તો બાકી રહેતા બાર નામો અમને જલદી પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

આપને ત્યાં કોઈ પણ સારો પ્રસંગ આવે ત્યારે 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિને અવશ્ય યાદ કરો - કારણ, દવા માટે અને અભ્યાસ માટે અપાતું દાન શ્રેષ્ઠ દાન છે.

તા. ૧-૧૨-૭૯ ના દાતાઓની નામાવલી પ્રગટ થયા પછી નીચેની ભેટો મળી છે, તે બધા દાતાઓનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને તેમનો પ્રેમભર્યો સહકાર હંમેશ માટે મળતો રહે એવી પ્રાર્થના કરીએ છીએ.

પ્રેમળ જ્યોતિને મળેલી ભેટો

રૂા.	
૧,૦૦૧	શ્રી ચીમનલાલ અમર શાહ
૫૦૧	,, અનુપમા રમેશચંદ્ર શાહ
૫૦૦	,, એક સદગૃહસ્થ
૫૦૦	,, રાયચંદ એન્ડ સન્સ
૪૦૦	,, જીતેન્દ્રભાઈ ઈન્દુલાલ ખાટડિયા
૪૦૦	,, શ્રી ગોડાલાલભાઈ તથા શ્રી અમૃત બહેન તરફથી એક દત્તક બાળક માટે.
૨૫૧	,, એક સદગૃહસ્થ
૨૦૧	,, મેસર્સ જી. બન્સી. એસ્ટેટ એજન્ટ
૨૫૧	સ્વ. પ્રેમજી તેજસીના સ્મરણાર્થે
૧૫૧	શ્રી અમૃતલાલ ડી. કોઠારી
૧૫૦	,, પ્રકાશ મંડળની બહેનો તરફથી
૧૦૧	,, રામદાસભાઈ કાચરિયા
૧૦૧	,, ચંપકલાલ સી. શાહ
૧૦૧	,, લક્ષ્મીબેન નાગજી ગાલા
૧૦૧	,, લક્ષ્મીદાસ આર. ઠક્કર
૫૧	,, એક બહેન તરફથી
૫૦	,, એક બહેન તરફથી
૫૧	,, સુનિતાબેન એન. શાહ
૨૫	,, વૃજલાલ મોહનલાલ ખંધાર
૨૨	,, મોતીબહેન વૃજલાલ માણસાવાળા
૨૦	,, વૃજકોરબેજીન બાબુલાલ શાહ
૧૧	,, જગદીશ ઠક્કર
૪,૯૪૦-૦૦	

શાન્તિલાલ ટી. શેઠ
કાર્યાલય મંત્રી

પ્રબુદ્ધ જીવનને ભેટ

રૂા.	
૧૦૧	શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ
૨૧	,, વૃજલાલ ત્રિકમલાલ શેઠ
૧૨૨/-	

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

દુઃખની દવા

મારું નામ છે લૂઇસ્ટેલો, બડ ઓબટ સાથે દસ દસ વર્ષ સુધી કેટલી મહેનત કર્યા પછી મારામાં અભિનય કરવાની અને લોકોનું મનોરંજન કરવાની થોડીઘણી શક્તિ આવી છે, એ શક્તિના આધારે જ જનતાના લાભાર્થે, સંસ્થાઓના લાભાર્થે મેં કેટલાયે ચેરીટી શો કર્યા, સ્વાર્થ ખાતર, ધન કમાવા ખાતર નહિ પરંતુ મેળવેલી કળાનો ઉપયોગ પરમાર્થે કર્યો છતાં આ દંડ, આ શિક્ષા!

પ્રભો! તું તો ન્યાયી છે, ધર્મનું કાર્ય કરનારને આ રોગ, આ સાંધીવાને કારણે તો હું બીછાનાવશ થઈ ગયો છું, હવેથી શું હું જનસેવા નહિ જ કરી શકું? મેળવેલી શક્તિનો પરાર્થે ઉપયોગ નહિ જ કરી શકું? ઈશ્વર શું તારી એ જ ઈચ્છા છે?

હું બીછાનામાં જ હતો પીડાઈ રહ્યો હતો ત્યાં એક દિવસ મારી પત્ની એક છાપુ મારી પાસે લાવી, મારી નજર એક ખબર પર પડી, તે ખબર હતી કે એક છોકરી છે, જે છ મહિનાથી વધુ જીવી શકે એમ છે જ નહિ, એનું નામ હતું ગોલ્ડી, અને એકદમ હજી તો બાળક જ હતી, અર્થાત્ જીન્દગી તો હજી જાણી પણ નહોતી તે પહેલાં જ મૃત્યુની કાળી છાયા એના પર પડી ચૂકી હતી.

આ બાળાના વિચારે હું તે આખો દિવસ ખૂબ જ દુઃખી રહ્યો. ખૂબ જ ઉદાસ રહ્યો, વિચારમાં ડુબેલો જ રહ્યો, અને અંતે મારાથી ન સ્હેવાયું, ફૂલ ખીલ્યા પહેલાં જ કળી કરમાઈ જાય તે ન સંખાયુ તેથી મારા પોતાના ડોકટરને ફોન કર્યો અને પેલી બાળાને સારવાર માટે વિશ્વવિખ્યાત ક્લીનીકમાં મેં મારા ખર્ચે જ દાખલ કરવાને કહ્યું અને સદ્‌ભાગ્યે બાળા બચી ગઈ.

એ બાળાને મદદ કરવા માટે ઘણાએ મને ધન્યવાદ આપ્યા, બધાને મેં જવાબમાં એ જ કહ્યું કે એને મદદ કરવા જેટલી શક્તિ મારામાં હતી, કરી શકયો, એણે મારી મદદ સ્વીકારી તે માટે ખરેખર હું કૃતજ્ઞ છું, ઈશ્વરે એવી તક આપી તે ખાતર ઈશ્વરનો આભાર માનું છું.

અને આ આભાર, કૃતજ્ઞતા, એ શબ્દોએ મારી આંખો ખોલી નાંખી. આપણું પોતાનું દુઃખ મટાડવા માટે, આ તો એક સુંદર અલૌકિક દવા છે, બીજાના દુઃખમાં તમારું દુઃખ ભૂલી જાઓ, એના જેવો કોઈ સરસ ઉપાય નથી, ઉપરાંત આપણી પાસે શું નથી તે જ વિચાર કરવા કરતાં આપણી પાસે શું શું છે, અને તેનો ઉપયોગ પરમાર્થે, બીજાના દુઃખ ઘટાડવામાં, બીજાને મદદરૂપ થવામાં કેટલો કરી શકીએ છીએ એ વિચારીએ તો દુઃખની જગ્યાએ સુખ જ આવીને વસી જાય.

મારે એક બાળક થયો, સુંદર છોકરો, નામ એનું રાખ્યું લૂ જૂનિયર, હું લૂ સીનીયર, એ જૂનીયર, એને પામીને હું ધન્ય બની ગયો હતો, અને ગમે તે કારણે હોય, લૂ જન્મ્યાની ખુશાલી, કે પેલી બાળાને મદદ કરી તેનો ઈશ્વરી બદલો, કે માનસિક પરિવર્તનને કારણે પોતાના દુઃખને ભૂલીને બીજાના દુઃખનો વિચાર કરવાની ટેવ, ગમે તે કારણે પણ મારો રોગ ગયો, અને ફરી હું રેડિયો પર પ્રોગ્રામ આપવાને લાયક બની ગયો.

એક દિવસ બપોરે હું રેડિયો સ્ટેશન ગયો, અને જતાં જતાં મારી પત્નીને કહ્યું લૂને તું મારો પ્રોગ્રામ જરૂર સાંભળાવજે, જો તો ખરી એ મારો અવાજ ઓળખે છે કે નહિ? હું રેડિયો સ્ટેશન પહોંચ્યો, કાર્યક્રમ હાસ્યસભર હતો, રીહર્સલ ચાલુ હતી ત્યાં આઘાતજનક ખબર આવ્યા, મારો વ્હાલો લૂ માગે બાળક મૃત્યુ પામ્યો છે, માગ દુઃખનો પાર ન રહ્યો, કેમ બને! હજી હમણાં જ તો હું એને રમતો મૂકીને આવ્યો છું, હજી હમણાં જ મારી સાથે ખીલખીલાટ કરતો રમતો હતો તે મૃત્યુ કઈ રીતે પામે? પરંતુ એ ઘટના બની હતી, નાહવાના હોજમાં પડીને એ મૃત્યુ પામ્યો હતો, એમાં કોઈ શંકાને સ્થાન નહોતું, હું માથું પકડીને બેસી ગયો, મારામાંથી બધી જ શક્તિ જાણે કે હણાઈ ગઈ હતી. છતાં ફરજનો સાદ સંભળાતો હતો, રેડિયો પ્રોગ્રામ તો કરવો જ રહ્યો, પરંતુ આટલા દુઃખમાં હું હાસ્યનો કાર્યક્રમ કેમ આપી શકીશ? રડતા હૃદયે કેમ હસાવી શકીશ, હાસ્યને ચીરીને રૂદન બહાર નહિ નીકળી આવે? પ્રોગામ કરવો જ રહ્યો અને મેં કર્યો, પેલા વિચારે નહિ કે "શો મસ્ટ ગો ઓન" પરંતુ જ્યાં પણ મારો લૂ હશે ત્યાં એ જરુર એના આ પિતાનો અવાજ સાંભળશે જ.

આ દુઃખદ ઘટના પછી મન એવું થઈ ગયું કે આમારી પાસે શું શું છે! જીવનમાં કેટલું પામ્યા છીએ, કેટલું પામવાનું છે એ બધી ગણતરીનો અભ્યાસ જ છુટી ગયો, આવા અનહદ ઘાથી અચેતન બનેલું મન એ કરી પણ કેમ શકે!

પરંતુ એક વિચાર આવ્યો, એકદમ નવો જ વિચાર અને તે એ કે મારા બાળક માટે હું જે કરવા ઈચ્છતો હતો જે જે એની જરૂરિયાતો હતી, તેવી જ જરૂરિયાત બીજા બાળકોને પણ હશે ને? બીજે જવાની શી જરૂર હતી અમારા પાડોશમાં જ એવા ઘણા બાળકો હતા જેના માટે જરૂર હું કઈક કરી શકું એમ છું અને એ વિચાર આવતાં જ બડઓબટની સાથે મળીને મારા બાળકના નામ પર એક સંસ્થા સ્થાપી દીધી જેનો ઉદ્દેશ જરૂરિયાતવાળા બાળકોને મદદ કરવાનો જ હતો.

ધીરે ધીરે આ સંસ્થાએ અનેક અનાથ, નોંધારા, અને ગરીબ બાળકો માટે પુસ્તકાલય, ઔષધાલય, વ્યાયામશાળા વગેરે સ્થાપના કરી, અને આજે એ સંસ્થા ખૂબ જ સફળતાપૂર્વક એ કાર્ય કરી રહી છે. અને તેમાં લાભ લેતા દરેક બાળક અને અમારા પોતાના બાળક જેવા જ લાગે છે.

મારા જન્મસ્થાન પર દેવળ હતું, જુનું થયું હતું, નવું બનાવવું હતું. મેં મદદ કરવાની તૈયારી બતાવી, ફાધર કહ્યું તું જ પૈસા આપે એમાં બધાને રાંતોષ ન મળે, માટે એવું કરીએ કે સૌ એમની સ્થિતિ અનુસાર આપે એમાં મદદ કરે, સાંકેય સહયોગ દેતો એમને એ દેવળ એમનું જ લાગે.

અમે રો માટે ચેરીટી શો કર્યો ને સૌ ટીકીટો વેચવામાં, લેવામાં મદદ કરી, અર્થાત દરેક વ્યકિત એના નિર્માણમાં ભાગ લઈ રહી હતી, અને આજે એ સહયોગ દ્વારા જ ત્યાં નનું જ ગીરજાઘર હૈયાતી ધરાવે છે.

મારી મા એક લૂલા બાળકનું પોષણ કરી રહી હતી, એનું દુનિયામાં કોઈ નહોતું, મારી માંએ એને માનો પ્યાર દીધો હતો અને જેમ જેમ અમારી સ્થિતિ સુધરતી ગઈ તેમ તેમ એના ઈલાજની વ્યવસ્થા પણ સુધરતી ગઈ. હું તે વખતે હોલીવુડમાં મારી પોતાની ફિલ્મોના કામમાં ડુબેલો હતો તેથી ઘણા વર્ષોથી એ છોકરાને જોઈ શકયો નહોતો, એક વાર કામમાંથી જરા નિવૃતિ લઈને ઘેર ગયો, તો માં મને એ છોકરા પાસે લઈ ગઈ, મારા આનંદની સીમા ન રહી એ દોડતો દોડતો મારી પાસે આવ્યો, એના પગ સારા થઈ ગયા હતા, એ હવે લૂલો રહ્યો નહોતો.

હું તો એટલો ખુશ થઈ ગયો એને જોઈને કે તુરત બોલ, તારા માટે હવે શું કરું? તું કહે તે કરવા, કહે તેટલી મદદ કરવા તૈયાર છું, તે આપવા તૈયાર છું. માંગ દીકરા માંગ, પરતુ એ બાળકમાં સ્વાભિમાન હતું, લાચારો નહોતી, ઓણે ઓટલું જ માંગ્યું કે મને બે જોડ સારા કપડા લઈ આપો, જેથી હું બહાર જઈ શકું, અને કંઈક કમાઈ શકું, અર્થાત મને મારા પગ પર ઉભા રહેવા માટે જરા ટેકો આપો

મેં પૂછ્યું તું શું કરવા માંગે છે?

'પહેલાં તો છાપા વેચીશ.'

તું કહે તો તને એક દુકાન લઈ આપું, જ્યાં બેસીને તું છાપા વેચી શકે, ફરવું ન પડે.

ના, મારે એમ નથી કરવું, અને સારા કપડાં એટલા માટે માંગું છું કે જે હોસ્પિટલમાં હું સાજો થયો છું ત્યાં જ એક લીફ્ટ-મેનની જગ્યા છે, પરતુ આવી સ્થિતિમાં કેમ જાઉ માટે જ...

મેં એને કપડાં લઈ આપ્યા અને એણે લીફ્ટમેનની નોકરી લઈ લીધી અને આજે એ છોકરો એવી નોકરી કરતાં કરતાં છાપા વેચતાં વેચતાં ડોકટરનું ભણ્યો, ને આજે એ જ હોસ્પિટલમાં એ એક ડોકટર છે, માનસશાસ્ત્રનો. તે દાડે.

વિપત્તિમાં પડીને માણસ કાં તો દુઃખથી ડૂબી જાય છે, અને પોતાનું તેમજ અન્યના જીવન પણ ખારા કરી મૂકે છે, અગર બીજાના દુઃખ સામે આપણું દુઃખ તો કઈ જ નથી એ વિચારે દુઃખને ફળવું બનાવે છે. હું તો મારા દુઃખ માટે પણ ઈશ્વરનો આભાર માનું છું. દુઃખ ન પડ્યું હોત તો હું આજે છું તેવો માનવ જ ન બની શક્યો હોત, અને હવે જ્યારે જ્યારે રેડિયો કે ટી.વી. પર હસાવવાનો કાર્યક્રમ આપું છું ત્યારે એ જ વિચાર આવે છે કે મારી જેમ બીજા કોઈને કોઈ દુઃખથી, વ્યાધિથી, વેદનાથી પિડાતા હશે, મારાં અભિનય દ્વારા હસાવાને થોડી ક્ષણો પણ એમના દુઃખ ભૂલાવી શકું, તો સમજીશ કે મારું જીવ્યું પણ સાર્થક થયું છે.

રંભાબેન ગાંધી

ક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, -૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી કેટેક્સ પીપલ પ્રેસ, ક્રોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૨૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ માર્ચ, ૧૯૮૦ રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

☆ ૭૯ મા વર્ષે ☆

આજે મને ૭૮ વર્ષ પૂરા થઈ, ૭૯મું બેસે છે. આ દીર્ઘકાળના જીવન ઉપર દૃષ્ટિપાત કરતાં, જે વિચારો આવે છે તે અતિ સંક્ષેપમાં ટપકાવું છું.

વ્યવહારિક દૃષ્ટિએ, મારું જીવન બધી રીતે સુખી છે, ઉત્તરોત્તર સુખમય થતું રહ્યું છે. શારીરિક સંપત્તિ શરૂઆતથી નબળી હોવા છતાં અટલું લાંબુ આયુષ્ય ભોગવ્યું અને આ ઉંમરે પણ મન, બુદ્ધિ અને શરીર, પ્રમાણમાં કાર્યક્ષમ છે તે વાતનો સંતોષ છે. કૌટુંબિક જીવન ઉપાધિરહિત છે. પુત્રો અને સંતાનોનો પ્રેમ છે; કોઈ ઉન્માર્ગે નથી, કોઈની ચિન્તા કે વ્યાધિ નથી. વ્યવસાયમાં ઘણી સફળતા મળી છે. મારે જોઈએ તે કરતાં ઘણી વધારે કમાણી છે. સમાજમાં અને મિત્રોનો પ્રેમ અને આદર છે. જાહેર જીવનમાં, સારી રીતે પરમાર્થના કાર્યો થયા છે અને થાય છે. મને એવી મહાત્વાકાંક્ષા રહી નથી કે અસંતોષથી પીડાઉં. સહજપણે જે મળ્યું અને આવ્યું તેથી સંતોષ છે, તેમાં નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે અને તેની કદર થઈ છે. મારામાં લઘુતાગ્રન્થિ નથી, ગુરુ ગ્રન્થિ પણ નથી. મારી શકિત અને મર્યાદાઓ બરાબર હું જાણું છું. સામાન્યજન કરતાં કંઈક વધારે બુદ્ધિ અને સમજણ છે પણ તેમાં કેટલી ઊણપ છે તે બીજાઓ જાણે તે કરતાં હું વધારે જાણું છું. અભિમાન કે ઈર્ષા થવાના કારણો નથી. દરેક ક્ષેત્રે અને કાર્યમાં, સારા સાથીઓ મળ્યા છે. જે મારી સાથે કામ કરવામાં આનંદ અનુભવે છે. તેઓ કામ કરે છે અને તેનો યશ ઘણો મને મળે છે. મારામાં હૃદયની ઉષ્મા ઓછી છે. અથવા છે તે બતાવવાની ઈચ્છા થતી નથી. હું ભાગ્યે જ લાગણીવશ થાઉં છું. પણ એટલું શીખ્યો છું કે નમ્રતા અને સચ્ચાઈ Humility and Sincerity જીવનમાં મોટામાં મોટા ગુણ છે, અને તે પ્રયત્નપૂર્વક કેળવ્યા છે. તેની છાપ આપણી સાથે સંપર્કમાં આવતા દરેક ઉપર અચૂકપણે પડે છે. શેષ જીવનમાં કોઈ તૃષ્ણા રહી નથી. આજે લીલા સંકેલાઈ જાય તેની પૂરી તૈયારી છે.

આ બધું હોવા છતાં મનને પૂરી શાંતિ નથી. મનમાં અસ્વસ્થતા રહે છે. 'વ્યવહારમાં ચિન્તા કરાવે એવા સામાન્ય પ્રસંગોની વાત અહીં નથી કરતો. એવા પ્રસંગો તો આવ્યા જ કરે અને ઉકલી જાય. અનુભવે એ જોયું છે કે કાંઈ અણગમતા બનાવો બને ત્યારે દુ:ખ થાય, પણ જે થયું તે સારા માટે એવું પરિણામે બતાવ્યું છે. મારી અશાંતિ જુદા પ્રકારની છે.

તત્વજ્ઞાનના અભ્યાસે, આ વિશ્વના અને જીવનના રહસ્યને સમજવા અને તેનો કાંઈક તાગ પામવા, તીવ્ર ઈચ્છા રહી છે. રૂઢિગત માન્યતાઓ, આત્મા, પુનર્જન્મ, કર્મ, મોક્ષ, વગેરે મનનું સમાધાન કરતી નથી. આ દેહ, જડ ચૈતનનો સંયોગ છે. તે જ આ વિશ્વની સૌથી વિસ્મયકારી ઘટના છે. હું એમ માનું છું કે આ વિશ્વનું ધારણ-પોષણ કરવાવાળી મહાન ચૈતન્યશકિત છે, હું તેનો અંશ છું અને તેમાં વિલીન થવાનું છે. પણ માત્ર બૌદ્ધિક સ્તરે આટલું સમજું છું; તેનો કોઈ અનુભવ નથી થયો. દુર્ભાગ્યે, કોઈ એવા સંત પુરુષનો પરિચય નથી થયો જેણે આ અનુભવ્યું છે એવી મને પ્રતીતિ થાય અને જેનો મારા ઉપર પ્રભાવ પડે. આ અજ્ઞેયતા મૂંઝવે છે. સારી પેઠે વાંચ્યું છે અને વિચાર્યું છે. પણ શ્રદ્ધા જન્મી નથી, કારણ અલ્પાંશે પણ અનુભવ થયો નથી. આમ હોવું જોઈએ એટલી ઝાંખી થઈ છે. આ અનુભવ વિના જ જીવન પૂરું થશે?

આ વિશ્વની ચૈતન્યમય શકિત અંતે મંગળમય અને કલ્યાણકારી છે એમ માનું છું, પણ સંસારની ઘટમાળ અને સમાજમાં, દેશમાં, દુનિયામાં બનતા બનાવો, દુ:ખ ભરપૂર જીવન, ભારે વ્યથા અને ખેદ પેદા કરે છે. અજ્ઞેયતા કરતાં પણ આ દુ:ખદ અનુભવો મનની અસ્વસ્થતાનું વધારે કારણ છે. આ રહસ્યનું સમાધાન કરતાં મહાપુરુષોના લખાણો વાંચ્યા છે. પણ સમાધાન થતું નથી. આ અંગત દુ:ખ નથી.

I am unable to reconcile myself to the tragedy of life. I cannot take to easy optimism.

જીવનની આ સાધના છે અને આંતરિક સુખ પોતે મેળવવાનું છે. એ બધું સાભળ્યું છે, જાણ્યું છે. ડો. રાધાકૃષ્ણને લખ્યું છે,

Rarely have I felt happy to be alive. This world is inexplicably mysterious & full of suffering.

અનાદિ અનંત સંસાર આમ જ ચાલ્યા કરવાનો? સુખ અને આનંદ આપે એવા તત્વો છે-પ્રેમ, કરુણા, મૈત્રી, ભ્રાતૃભાવ, દયા, ક્ષમા-આ જ જીવનનાં આચાં મૂલ્યો છે. વ્યકિતગત જીવનમાં માણસ કેટલેક દરજ્જે તેનું આચરણ કરે છે, પણ સામૂહિક જીવનમાં સ્વાર્થ સર્વોપરિ રહે છે. તેથી મનને દુ:ખ થાય છે, સિવાય કે ઉપેક્ષા કે ઉદાસીનતા કેળવીએ. મારે માટે શકય તે નથી. આ કારણે, પારમાર્થિક કાર્યો બને તેટલા કરવા, બીજાના દુ:ખમાં સહભાગી થવું, દુ:ખ ઓછું કરવા પ્રયત્ન કરવો તે શાંતિનો માર્ગ છે, પણ તેમાંય કોઈ વખત નિરાશા થાય છે, અને ઉમ્મરને કારણે, પારમાર્થિક કાર્યોમાં પણ ઉત્સાહ રહ્યો નથી અને તેમાંથી નિવૃતિ લેવાનું મન થાય છે. પણ મારી પ્રકૃતિ અને મિત્રો તેમ થવા દે તેમ લાગતું નથી.

આવું સમાધાન મેળવવા પ્રાર્થના, ભકિત કે ધ્યાનનો માર્ગ હું લઈ શકયો નથી. ઈશ્વરને એક વ્યકિત તરીકે Personal God. હું માનતો નથી. વિશ્વની ચૈતન્ય શકિત તેજ ઈશ્વર છે, એમ માનું છું. મારું વલણ વધારે બુદ્ધિવાદી હોવાથી પ્રાર્થના કે ભકિત તરફ હું વળ્યો નથી. મનની ચંચળતા રોકવા, લોકો ધ્યાન કરે છે અને ધ્યાનની શિબિરો થાય છે, મને તેમાં રસ નથી. મારી એવી માનસિક ચંચળતા નથી. મારા મન ઉપર ઠીક પ્રમાણમાં સંયમ અને કાબુ છે અને સદા છે. સંભવ છે યોગ્ય માર્ગદર્શન મળે તો એ સ્થિરતામાં વધારો થાય. મને એવી જરૂર લાગી નથી અને એવી યોગ્ય વ્યકિતનો પરિચય થયો નથી. સામાન્ય ઉપદેશના પ્રવચનો સાંભળવામાં મને રસ નથી. કેટલીક વખત જાઉં છું. તો કાંઈ નવું જાણ્યું હોય તેવું અનુભવ્યું નથી. હું પ્રભાવિત થાઉં એવા કોઈ સંતના પરિચય થાય તો સદ્‌ભાગ્ય માનું.

આવા અંતિમ પ્રશ્નો છોડી દઈએ અને જીવનવ્યવહાર વિષે વિચારીએ તો મારો અભિગમ કાંઈક આવો છે. કામ, ક્રોધ, મોહ અને લોભ, દુ:ખના મુખ્ય કારણો છે. મારામાં કામવાસના શરૂથી મંદ રહી છે. પરિણીત જીવન બહુ સંવાદી ન હતું. તેથી, વિકૃતિ આવવાને બદલે, કામવાસનાથી વધારે વિમુખ થયો. ક્રોધની પણ મંદતા છે. ક્રોધ થાય છે. હોમી તાલેયારખાન, મારી સાથે કોરસપોન્ડેશનમાં હતા. તેણે એક વખત અને કહ્યું હતું. quality is capacity your great to be angry

પણ આવો ગુસ્સો સકારણ અને મર્યાદામાં હોય છે. આવેશ

કે ભાન ભૂલી જવાય તેમ નહિ. મોહ, સૂક્ષ્મ છે. તેનો ઉપાય સતત જાગ્રતિ છે. મેં પ્રયત્નપૂર્વક જાગ્રત રહી જીવનઘડતર કર્યું છે. મોહ -દશાથી ઘેરાયો હોઉં એવું બન્યું નથી. લોભ વિષે હજી એમ કહી શકતો નથી. ગમે તે ભોગે ધન પ્રાપ્ત કરવું એવી વૃત્તિ કોઈ દિવસ થઈ નથી. પણ પ્રમાણિક મહેનત કરી, કમાણી થતી હોય તે જતી કરવાની હજી તૈયારી નથી થઈ. હવે તેની જરૂર નથી, પણ છોડાતું નથી. એક કારણ એ છે કે પછી શું કરવું? પણ એક દરે કષાયોની મંદતા વધતી રહી છે અને તેથી માનસિક શાંતિ અને સ્વસ્થતા રહી છે. માનવસહજ નિર્બળતાઓ મારામાં પણ છે, અને તેથી સ્ખલનો થયા છે. પણ તેના ભારથી દબાઈ ગયો નથી. તેથી પર થતા મુશ્કેલી પડી નથી. સાદુ અને નિર્વ્યસની જીવન મારી પ્રકૃતિમાં છે. એટલે મારી જાત સાથે મારે બહુ લડવું પડ્યું નથી.

જીવનવ્યવહારનાં સમભાવ અને ઉદારતા સુખના કારણ છે એમ અનુભવ્યું છે. તુલસીદાસની શીખ સાચી માની છે.

તુલસી આ સંસારમેં, ભાત ભાત કે લોક
સબસે મીલ કે ચાલિયે, નદી નાવ સંયોગ.

અન્યાય થતો લાગે ત્યાં સહન નથી થતું. ગુસ્સો થાય છે, પ્રતિકાર કરવાનું મન થાય છે, પણ અંતે સહન કરી લેવાની વૃત્તિ વધારે છે. કદાચ, જૈન ધર્મની આ અસર હોય. અથવા અંતરની ઊંડે પડેલી ઉદાસીનતા કારણ હોય, કદાચ નિર્બળતા પણ હોય. મારા વ્યવસાય-માં મને જેઓ જાણે છે, તેમને આ જાણી આશ્ચર્ય થશે. મારી આબરુ લડવાની છે. હકીકતમાં, કોર્ટે જવાની કે લડવાની હું સલાહ આપતો નથી. પણ લડવું જ પડે તો ઊણો ઉતરતો નથી. વૃત્તિ સમા-ધાનની જ રહે છે. સાંસારિક વ્યવહારમાં આવી વૃત્તિ નબળાઈ લેખાય છે. અંગત સ્વાર્થ કે હિતની વાત હોય ત્યાં નમતું મૂકવું. જાહેર કે બીજાને અન્યાય થતો હોય ત્યાં ન્યાય માટે લડવું એ વધારે યોગ્ય છે, પણ ન્યાય-અન્યાય કોણ નક્કી કરે?

આ બધામાં કોઈ એક વ્યક્તિ મારા આદર્શ રહ્યા હોય તો તે ગાંધીજી છે. મારી પ્રકૃતિ પ્રવૃત્તિમાર્ગી છે. મને જેઈએ તે બધું ગાંધીમાં મળી રહ્યું છે. તેમનો પ્રત્યક્ષ પરિચય અતિઅલ્પ, એકબે વખત સાંભળવાનો અને દર્શનનો, પણ તેમના વિચારો મને પૂરી રીતે સંતોષકારક અને માર્ગદર્શક રહ્યા છે. ખાસ કરી તેમની જીવન-સાધના. ગાંધીજીમાં ગીતાનો કર્મયોગ અને મહાવીરની અહિંસાનો અદ્‌ભૂત સમન્વય છે. ગીતાના કર્મયોગ સાથે ગાંધીએ અહિંસાને જોડી. મહાવીરની અહિંસાને ગાંધીએ સમાજવ્યાપી અને વધારે વ્યવહારૂ બનાવી. અહિંસા, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય, આ બધા માર્ગો સ્વીકારીને જીવનની કઠોર વાસ્તવિકતાથી ગાંધીજી વિમુખ થયા નથી પણ તેનો સામનો કર્યો છે.

મારા પોતાના વિષે લખતા મને હંમેશ સંકોચ રહ્યો છે, આગ્રહ છતાં લખતો નથી. પણ, આજ મારા જન્મદિને આટલું અંતર નિરીક્ષણ થયું છે તેને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ કરું તો કોઈ તેમાં આત્મશ્લાઘા ન માને એવી નમ્ર વિનંતિ કરું છું.

૧૧-૩-૮૦. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

☆ જગજીવનરામે દગો દીધો ☆

પક્ષાપલટાઓ આપણે ત્યાં સામાન્ય ક્રમ થઈ પડ્યો છે.. પણ જગજીવનરામે જે રીતે જનતા પક્ષને દગો દીધો તે નવી ભાત પાડે છે. ચરણસિંહને સારા કહેવડાવે એવું જગજીવનરામનું વર્તન રહ્યું છે. જનતા પક્ષની રચના થઈ ત્યારે જનસંઘ તેમાં જોડાયો અને જનતા પક્ષનું મહત્ત્વનું અંગ બન્યો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘના સંબંધો સુવિદિત હતા. ઉઘાડી આંખે સૌએ સાથે મળી જનતા પક્ષ સ્થાપ્યો હતો. જનતા પક્ષની સંસ્થાકીય ચૂંટણી થાય તો જનસંઘનું વર્ચસ વધે તે ભયે અઢી વરસ સંસ્થાકીય ચૂંટણી ન કરી. ચરણસિંહને છૂટા થવું હતું ત્યારે જનસંઘ અને આર. એસ. એસ. ના ટ્વિમુખ સભ્યપદનું બહાનું કાઢ્યું. જગજીવનરામ પૂરી સભાનતાથી જનતા પક્ષમાં રહ્યા, તેના નેતા થયા, ચૂંટણી ઢંઢેરામાં જાહેર કરાવ્યું કે જનતા પક્ષને બહુમતિ મળશે તો જગજીવનરામ વડા પ્રધાન થશે. વડા પ્રધાન થવાની લાલસાએ ચરણસિંહે જનતા પક્ષને તોડ્યો એવો આરોપ તેમના પર સકારણ મૂકાયો છે. જગજીવનરામ, બધી ગણતરી કરી; વડા પ્રધાન થવાની આશાએ જનતા પક્ષમાં રહ્યા. ઈન્દિરા કોંગ્રેસમાં જોડાઈ જશે એવા વખતોવખત થતા આક્ષેપનો ભારપૂર્વક ઈન્કાર કર્યો. ચૂંટણીના પરિણામ અણધાર્યા આવ્યા અને વડા પ્રધાન થવાનું સ્વપ્ન ઊડી ગયું ત્યારથી બાજી ફેરવી, જનતા પક્ષ અને તેના આગેવાનો ઉપર અને ખાસ કરી જનસંઘ અને આર. એસ. એસ ઉપર આકરા પ્રહારો કરવા શરૂ કર્યા. પોતાના ટેકેદારોની મિટીંગ બોલાવી, પોતાને યોગ્ય લાગે તેવો નિર્ણય લેવાની સત્તા લીધી, અને જનતા પક્ષથી જુદા પડી નવો પક્ષ સ્થાપશે એવી હવા ઊભી કરી હતી. અચાનક જનતા પક્ષની મિટીંગમાં હાજર રહ્યા. માફી માગી અને જનતા પક્ષને સાથ આપવાનું વચન આપ્યું. થોડા કલાકમાં જ ગુલાંટ મારી બેવડા સભ્યપદનો પ્રશ્ન ફરી ઊભો કર્યો. જનતા પક્ષને છોડ્યા વિના, નવો પક્ષ સ્થાપવાની વાત ફરી શરૂ કરી છે.

જગજીવનરામના વર્તનથી એમ લાગે કે ઈન્દિરા ગાંધીને મદદ કરવા, જનતા પક્ષને તોડવાનું, વ્યવસ્થિત કાવતરું કર્યું. જગજીવન-રામને બહુ ઓછા સભ્યોનો સાથ છે. નવો પક્ષ રચે તો તેની કોઈ અસર થવાની નથી તે પોતે જાણે છે. ઈન્દિરા ગાંધીને પણ તેમની સહાયની જરૂર નથી અને તેમની અવગણના કરી શકે તેમ છે. જગજીવનરામ નાકલીંટી તાણીને પણ ઈન્દિરા કોંગ્રેસમાં જવા તૈયાર થશે એમ લાગે છે. સત્તા વિના જગજીવનરામ જીવી ન શકે. પ્રમાણિ-કતા, પ્રતિષ્ઠા, તેની તેમને કાંઈ પડી નથી. તેમનો પુત્ર સુરેશ, સંજય ગાંધી સાથે વાટાઘાટો ચલાવે છે. જગજીવનરામનું જે થાય તે, પણ રહ્યાસહ્યા જનતા પક્ષને ખતમ કરવાનું તેમનું કાવતરું કેટલેક દરજ્જે સફળ થશે. જનતા પક્ષમાં જનસંઘી સિવાયના જે બીજા ઘટકો છે તેમની સ્થિતિ કફોડી કરવાની તેમની નેમ કેટલેક દરજ્જે સફળ થઈ છે. ચન્દ્રશેખર, મધુ દંડવતે જેવા સમાજવાદીઓ, બાબુભાઈ પટેલ જેવા જૂની કોંગ્રેસના સભ્યો અને જનસંઘ સિવાય-ના બીજાઓ, જનતા પક્ષમાં ચાલુ રહે તો કોમવાદી છે એવો આરોપ તેમના પર મૂકી શકાય એવી પેરવી કરી છે. જનસંઘ, જનતા પક્ષથી જુદો પડે એવી વાત થાય છે પણ વાજપાયી અને અડવાણી જેવા જનસંઘના સમજદાર આગેવાનો તેમ કરવા ઈચ્છતા નથી. જનતા નામ જનસંઘે રાખવું છે, જેથી તેનું કોમી સ્વરૂપ ઢંકાય. આર. એસ. એસ. સાથેનો સંબંધ કાયમ રાખવો છે, એવું જન-સંઘના નેતાઓ, વાજપાયી, અડવાણી, નાનાજી દેશમુખ, વગેરેએ સ્પષ્ટ જાહેર કર્યું છે. તો, શું જનસંઘ સિવાયના બીજા જનતા પક્ષમાંથી જુદા પડશે? ક્યાં જાય? અર્સ કોંગ્રેસમાં, લોકદળમાં? ત્યાં બધે આગેવાનીનો પ્રશ્ન રહે જ. ચરણસિંહ આગેવાન થાય, દેવરાજ અર્સ થાય, ચન્દ્રશેખર થાય? આ બધાનો નવો પક્ષ રચાય?

વિરોધ પક્ષો સંપૂર્ણપણે વેરણછેરણ છે, એક સામ્યવાદી પક્ષ સિવાય, જો કે તેમાં પણ ફાટફૂટ છે જ. વિરોધ પક્ષોને નાબૂદ કરવામાં ઈન્દિરા ગાંધી સફળ થયા છે. તેમની હિંમત અને ચાલબાજી તથા ચૂંટણીમાં મળેલ વિજયે, પોતાનું એકચક્રી રાજ્ય કરવામાં, તેમને સફળતા આપી છે. વિરોધ પક્ષોના નેતાઓના સ્વાર્થી હેતુઓ અને સત્તાલાલસાએ આવી પરિસ્થિતિ સર્જવામાં પૂરો ભાગ ભજવ્યો છે. ચરણસિંહે શરૂઆત કરી તેને જગજીવનરામે પૂર્ણ કરી છે. જગજીવનરામ વધારે કુશળ છે એટલે વ્યવસ્થિત કાવતરું કરી શક્યા. આ દગાનું તેમને ફળ મળશે કે નહિ તે જોવાનું રહે છે. ઈન્દિરા ગાંધીને તેમની ગરજ નથી, પણ તેનો ઉપયોગ કરશે. ધારા-સભાઓની ચૂંટણીમાં પ્રજામાનસમાં કોઈ ફેર પડ્યો છે કે નહિ તે જોવા મળશે. તે ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસને ધાર્યા પ્રમાણે બધા રાજ્યોમાં બહુમતિ ન મળે અને લોકસભાની ચૂંટણી પછી લોકોનો ભ્રમ ભાંગ્યો છે એવા એંધાણ મળે તો નવી પરિસ્થિતિ ઊભી થાય. પણ વિરોધ પક્ષોના આગેવાનો ઉપર પ્રજાને એટલો તિરસ્કાર થયો છે કે તેનો લાભ ઈન્દિરા ગાંધીને મળશે.

ચરણસિંહ, જગજીવનરામ જેવાને પ્રજાએ જાહેર જીવનમાંથી ફગાવી દેવા જોઈએ. તો જ નવી આગેવાની પેદા થશે.

૧૨-૩-૮૦ **ચીમનલાલ ચકુભાઈ**

આભાર

મારા ૭૯મા જન્મદિનની વર્તમાનપત્રોમાં ખબર આવી તેથી ઘણા મિત્રોના શુભેચ્છાના પત્રો આવ્યા છે. તો સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. વિશાળ મિત્રસમુદાયનો ઊંડો સદ્‌ભાવ પ્રાપ્ત કરવા સદ્‌ભાગી થયો છું. તેને હું મારા જીવનની ધન્યતા માનું છું અને મને બળ મળે છે.

-ચીમનલાલ ચકુભાઈ

રહોડેશિયા–ઝિમ્બાબ્વે

રહોડેશિયા હવે સ્વતંત્ર ઝિમબાબ્વે બને છે. દુનિયાનો આ એક મહાન બનાવ છે. ૯૦ વર્ષ પહેલા સેસીલ રહોડેઝે આ દેશ શોધ્યો, તે ઉપરથી તેનું નામ રહોડેશિયા પડ્યું. દક્ષિણ આફ્રિકાથી ઘણાં ગોરાઓ હીરા અને સોનાની શોધમાં ત્યાં ગયા. કેટલોક સમય આ દેશ દક્ષિણ આફ્રિકાના ભાગ તરીકે રહ્યો. પછી એક વેપારી કંપની કરી બ્રિટન પાસેથી તેનું રાજ્ય કરવા પરવાનગી મેળવી. આપણા દેશમાં બન્યું તેમ વેપારી કંપનીમાંથી, બ્રિટનનું રાજ્ય થયું અને રહોડેશિયા બ્રિટનનું એક સંસ્થાન બન્યું. ૭૦ લાખની વસતિવાળા આ દેશમાં ૨-૨૫ લાખ અંગ્રેજો છે. રાજ્યસત્તા અને જમીન તથા ખનીજ પદાર્થોની ખાણો, જે દેશની આવકના મુખ્ય સાધનો છે તેનો ઘણો મોટો ભાગ અંગ્રેજોને કબજે છે. હબસીઓ મજૂરી કરે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી, ઈંગ્લાંડની નીતિમાં મોટું પરિવર્તન આવ્યું. સામ્રાજ્યના વિસર્જનની પ્રક્રિયા શરૂ થઈ. ભારતવર્ષથી તેની શરૂઆત થઈ. ત્યારબાદ એક પછી એક સંસ્થાનો સ્વતંત્ર કર્યા. રહોડેશિયાને પણ સ્વતંત્ર કરશે એમ સ્પષ્ટ હતું. તેમ થાય તો હબસી બહુમતિનું રાજ્ય થાય તે ગોરાઓને પરવડતું ન હતું. એટલે ગોરાઓએ ૧૯૬૫માં એકપક્ષી રીતે, બ્રિટનથી રહોડેશિયાને સ્વતંત્ર જાહેર કર્યું. Unilateral declaration of Independence તેમના આગેવાન મી. સ્મીથ ભારે આગ્રહી પુરુષ છે. બ્રિટન તથા બીજા દેશોએ રહોડેશિયા સામે આર્થિક નાકાબંધી કરી પણ તેની ધારી અસર ન થઈ. હબસીઓમાં ઘણી જાગ્રતિ આવી હતી. આસપાસના બીજા દેશો, ખાસ કરી પોર્ટુગીઝ સંસ્થાનો, અંગોલા અને મોઝામ્બિક સ્વતંત્ર થયા પછી રહોડેશિયાના હબસીઓની સ્વતંત્રતા માટેની ઝુંબેશે વેગ પકડયો. ગેરીલા યુદ્ધ સાત વર્ષ ચાલ્યું. જાનમાલની મોટી ખુવારી થઈ. બન્ને પક્ષો પોતાનાં સૈન્યો છે. અંગ્રેજોને દક્ષિણ આફ્રિકાની મદદ હતી તો હબસીઓને રશિયા અને આફ્રિકાના દેશો, ખાસ કરી ઝામ્બીયા, તાન્ઝાનીયા મદદ હતી. સંગ્રામ વધારે ભીષણ અને હિંસક બનતો ગયો. બન્ને પક્ષો કાંઈક થાકયા હતા. તેવામાં બ્રિટનમાં કન્ઝર્વેટીવ પક્ષ સત્તા પર આવ્યો અને શ્રીમતી થેચરની સરકારે આ કોકડું ઉકેલવાનું બીડું ઝડપ્યું. તે પહેલાં મિ. સ્મિથે હબસીઓમાં વિનીત ગણાય એવા બીશપ મીઝોરેવાના પક્ષ સાથે સમાધાન કરી, નવી સરકાર રચી હતી અને બીશપ મીઝોરેવાને વડાંપ્રધાન બનાવ્યા. પણ તેઓ માત્ર અંગ્રેજોના હથિયાર બન્યા અને બધી સત્તા અંગ્રેજોને હાથ રહી. સ્મિથની આ તરકીબ નિષ્ફળ ગઈ. હબસીઓના બીજા બે પક્ષો અને તેમના આગેવાનો, એન્કોમો અને મુગાબેએ લડત ચાલુ રાખી. આ બન્ને આગેવાનો સામ્યવાદી અસર તળે છે, પણ તેમાં મુગાબે વધારે ઉદ્દામવાદી છે. તેઓને દેશનિકાલ કર્યા હતા પણ તેમના પક્ષ તરફથી લડત ચાલુ હતી.

બ્રિટીશ સરકારે આ બધા આગેવાનોને લંડન નોતર્યા. બ્રિટનના વિદેશમંત્રી લોર્ડ કેરીંગટને ઘણી કુશળતાપૂર્વક, દીર્ઘ સમયની વાટાઘાટો પછી, સમાધાન કરાવ્યું. ચૂંટણી કરવાનું નક્કી થયું અને ફરી બ્રિટને સત્તા હાથ ધરી, તેના ગર્વનર લોર્ડ સોમ્ઝને રહોડેશિયા મોકલ્યા. લોર્ડ સોમ્ઝનું કામ કાંઈક લોર્ડ માઉન્ટબેટન જેવું હતું. ચૂંટણી સહેલી ન હતી. પહેલા શાન્તિ સ્થાપવી જરૂરી હતી. લગભગ ૨૨,૦૦૦ ગેરીલા સૈનિકોને કબજે કર્યા. અંગ્રેજોનું લશ્કર લગભગ ૨૦,૦૦૦નું સીક્યુરીટી દળ, તેને પણ કબજે કર્યું. બ્રિટનથી થોડું લશ્કર ત્યાં મોકલ્યું. બીજા રાજ્યોના તટસ્થ નિરીક્ષકો ગયા. ચૂંટણી બને ત્યાં સુધી શાન્તિમય અને મુકત થાય તે જોવાનું હતું. રહોડેશિયાએ કોઈ દિવસ ચૂંટણી જોઈ નથી. મતપત્રકો તૈયાર કરવાનું બને તેમ ન હતું. ધાકધમકી અને હિંસક બનાવો અટકાવવા સહેલું ન હતું. લોર્ડ સોમ્ઝે કુશળતાથી કામ લીધું. મુગાબે વિદેશથી પાછા ફર્યા અને ભારે સ્વાગત થયું. હબસીઓમાં પણ ત્રણ પક્ષો છે, મુગાબે, એન્કોમો અને બીશપ. મીઝોરેવા સમાધાન મુજબ ૧૦૦ સભ્યો ચૂંટવાના હતા, તેમાં ૨૦ ગોરાઓની અનામત બેઠકો છે અને ૮૦ હબસીઓની. ગોરાઓની ચૂંટણીમાં વીસેવીસ બેઠક મી. સ્મીથના પક્ષને મળી. હબસીઓમાં કોઈ પક્ષને બહુમતિ નહિ મળે તેમ માનવામ આવતું હતું. આવા સંજોગોમાં ચૂંટણી થઈ. વિદેશી નિરીક્ષકોએ જાહેર કર્યું કે ચૂંટણી એકંદરે મુકત અને ન્યાયી થઈ છે. લોર્ડ સોમ્ઝની કુશળતા અને હબસી આગેવાનોની દીર્ઘદષ્ટિનું આ પરિણામ છે. ચૂંટણીનું પરિણામ અણધાર્યું આવ્યું. મુગાબેના પક્ષને ૫૭ બેઠક મળી, એન્કોમોને ૨૦ અને બીશપ મીઝોરેવાને ૩. અંગ્રેજો ઈચ્છતા હતા કે બીશપ મીઝોરેવાને બહુમતિ મળે–છેવટ મીઝોરેવા અને એન્કોમા મળી સરકાર રચે એવું પરિણામ આવે પણ મુગાબેને નિશ્ચિત બહુમતિ મળે એવી કોઈની કલ્પના ન હતી. મુગાબેને બહુમતિ મળી તે ઘણું સારું થયું. અસ્થિરતાનો ભય ન રહ્યો. લૉર્ડ સોમ્ઝે ચૂંટણીનું પરિણામ સ્વીકાર્યું અને મુગાબેને વડા પ્રધાન બનાવી, સરકાર રચવા આમંત્રણ આપ્યું. મુગાબેએ ઉદારતાથી પોતાના હરીફ એન્કોમોનો સહકાર માગ્યો અને તેણે આપ્યો. મુગાબેએ કરેલ જાહેર નિવેદનો એક પીઢ આગેવાનના નિવેદનો છે. અંગ્રેજોને સલામતીની ખાતરી આપી. દક્ષિણ આફ્રિકાને શાન્તિમય સંબંધોની ખાતરી આપી. વિદેશનીતિમાં બિન-જોડાણની નીતિ જાહેર કરી એટલું જ નહિ પણ પોતાના મંત્રીમંડળમાં બે અંગ્રેજોને લીધા. મુગાબે ઉદ્દામ સામ્યવાદી છે છતાં તેમણે કોઈ ઉદ્દામ આર્થિક નીતિ જાહેર કરી નથી. રહોડેશિયાનો મુખ્ય પ્રશ્ન જમીન અને ખનીજ પદાર્થોની ખાણોનો છે. મુગાબેએ રાષ્ટ્રીયકરણ કરવાનું કહ્યું નથી, બલકે યોગ્ય વળતર આપી, પ્રશ્ન ઉકેલવાની જાહેરાત કરી છે.

મુગાબેનું કાર્ય વિકટ છે. બન્ને પક્ષના લશ્કરો છે. તેનું વિસર્જન અને એકીકરણ કરવાનું છે. જમીન અને ખાણોના યોગ્ય વિતરણ કરવાના છે. સાત વર્ષના આંતરવિગ્રહ અને ઊંડા ઝેરવેર પછી શાન્તિ સ્થાપવાની છે.

અંગ્રેજો અને પડોશી દેશ દક્ષિણ આફ્રિકા કેવું વલણ લે છે તેના ઉપર ઘણો આધાર રહેશે. બ્રિટન–અમેરિકા અને રશિયા સહાય કરવા ઉત્સુક છે. વિદેશી વેપારીઓ અને કંપનીઓ રહોડેશિયાની ખનીજ સમૃદ્ધિ વિકસાવવા અને તેનો લાભ લેવા તૈયાર છે.

આ બનાવ અનેક રીતે મહાન છે. Multi-racial Society ઊભી કરવાની છે. કેટલાક અંગ્રેજો દેશ છોડી જશે. બાકી રહેશે તે બહુ નાની લઘુમતિ હશે. તેમણે હબસીઓ સાથે સહકારથી રહેવું પડશે અને વર્ષો સુધી સત્તા ભોગવી છે તે ભૂલી જવું પડશે. હબસીઓએ થોડી ઉદારતા રાખવી પડશે. તેમને રાજતંત્રનો અનુભવ નથી, પ્રજા ગરીબ અને નિરક્ષર છે. પણ બીજા દેશોના હબસી આગેવાનોએ બતાવી આપ્યું છે કે તેઓ વર્તમાન જગતના પ્રવાહોથી અપરિચિત નથી અને રાજ્ય કરી જાણે છે. કેનિયા, ઝામ્બિયા, તાન્ઝાનીયાના આગેવાનોએ પીઢતા અને સમજદારી દાખવી છે. અંગોલા અને મોન્ઝાબિકમાં રશિયાનું વર્ચસ છે. રહોડેશિયામાં પણ એમ બનવા સંભવ છે. સૌથી વિકટ પ્રશ્ન દક્ષિણ આફ્રિકાનો થશે. ત્યાંની રંગભેદની નીતિ અને જુલમી શાસન ઉપર ભારે અસર થશે. પડોશી દેશ નામીબિયા–જે દક્ષિણ આફ્રિકા કબજે રાખી બેઠું છે તેના ઉપર પણ અસર પડશે.

બ્રિટન માટે આ બનાવ ગૌરવ લેવા જેવો છે. છેવટ રહોડેશિયાને સ્વતંત્ર કર્યું; એટલું જ નહિ પણ બહુમતિ પ્રજા હબસીઓને રાજતંત્ર સોંપ્યું અને તે પણ ચૂંટણી કરીને. રહોડેશિયાની પ્રજા અને આગેવાનોએ હવે આ સ્વતંત્રતાને પાત્ર થવાનું છે અને સ્વતંત્રતાને સાર્થક બનાવવાની છે.

૧૨-૩-૮૦ – ચીમનલાલ ચકુભાઈ

વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે, મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે વસન્ત વ્યાખ્યાનમાળા તા. ૭-૮-૯-૧૦ એપ્રિલ ૧૯૮૦ના દિવસોએ યોજવામાં આવી છે.

વિષય : રાષ્ટ્રીય પરિસ્થિતિ (નેશનલ સિન)

તા. ૭-૪-૮૦	રાજકીય	પ્રો. રજની કોઠારી
તા. ૮-૪-૮૦	આર્થિક	ડો. ડી. ટી. લાકડાવાલા
તા. ૯-૪-૮૦	આંતરરાષ્ટ્રીય	પ્રો. પી. એમ. કામ્ઠ
તા. ૧૦-૪-૮૦	સામાજિક અને નૈતિક	શ્રી રાજમોહન ગાંધી

આ ચારેય દિવસનું પ્રમુખસ્થાન શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ શોભાવશે.

સૌને સપ્રેમ નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ.

☆ ગંગા જ્યારે ભડકે બળતી હતી! ☆

[મુંબઈમાં ૧૬મીથી જ કેમ-ટેક પ્રદર્શન ભરાઈ રહ્યું છે. આ પ્રદર્શનના અનુસંધાનમાં પ્રદૂષણ અને ઔદ્યોગિક પ્રગતિ અંગે પણ ચર્ચા થવાની છે. આ લેખમાં આ જ પ્રશ્ન અંગે દુનિયામાં ચાલતા વિવાદની ઝાંખી કરાવવામાં આવી છે.]

હમણાં જ કેરળની "સાઈલન્ટ વેલી" નામના નિસર્ગરમ્ય પ્રદેશમાં, એક જલ વિદ્યુત યોજના ઊભી કરવાના, કેરળની સરકારના પગલાં સામે "એન્વાઈરન-મેન્ટાલીસ્ટસ" એટલે નૈસર્ગિક પરિસરને બગડતો અટકાવવાની ઝુંબેશ ચલાવનારા આદર્શવાદીઓએ મોટો ઉહાપોહ કર્યો હતો. આની સામે, ઉદ્યોગો માટે જોઈતી ઊર્જા ચેનકેન પ્રકારેણ મેળવી લેવાનો ઉદ્દેશ ધરાવનારા ઉદ્યોગવાદીઓએ આ ઝુંબેશનો વિરોધ કર્યો હતો. આવી જ ખેંચતાણ દુનિયાભરના પરિસરવાદીઓ અને ઉદ્યોગવાદીઓ વચ્ચે ચાલી રહી છે. આણુ વિદ્યુતના કારખાનાઓથી પરિસર પ્રદૂષિત થાય છે એવી દલીલને આધારે અમેરિકા આણુ વિદ્યુત ઉપર કાંઈક "બ્રેક" મારવાની તરફેણમાં છે, પણ ભારત તથા બીજા વિકસી રહેલા દેશોને એ માન્ય નથી, અને હમણા જ આ અંગે વિચાર કરવા જે આંતરરાષ્ટ્રીય પરિષદ ભરાઈ ગઈ તેમાં, અમેરિકાની વિચારસરણીનો પુરસ્કાર થયો નહોતો. ઘણી મોટી બહુમતીએ એનો અસ્વીકાર કર્યો હતો. આમ આંતરરાષ્ટ્રીય રાજકારણને બાદ કરીએ તો આજનો મુખ્ય પ્રશ્ન એ છે કે આ પરિસરવાદીઓ અને ઉદ્યોગવાદીઓ વચ્ચેની ખેંચતાણમાં કોઈ લાભદાયી મધ્યમ માર્ગ નીકળી શકે એમ છે કે નહિ એ વિચારવાનો છે. પ્રશ્ન એ છે કે આ બંને જૂથો વચ્ચેની ખેંચતાણ મટી શકે એમ છે અલબત્ત આ પ્રશ્નનો ઉત્તર વિચારતાં પહેલાં એ જણાવી દેવું જોઈએ કે આ પરિસરનાં પ્રદૂષણનો પ્રશ્ન અર્ધ વિકસિત અને અણવિકસિત દેશોમાં અત્યંત ઉગ્ર બની રહ્યો છે. મુંબઈ શહેરમાં પણ સાયન–ચેંબુર વિસ્તારમાં જે પ્રદૂષણ છે તે કેટલું ત્રાસદાયક છે એનો એ વિસ્તારના લોકોને રોજ અનુભવ થાય છે. ઉલ્હાસનગરથી થોડે દૂર વહેતી કાલુ નદીમાં, કારખાનાઓમાંથી આડપેદાશ તરીકે નીકળતો કચરો જેમાં પારાનું તત્ત્વ પણ હોય છે તે વહાવી દેવામાં આવે છે અને તેણે કાલુ નદીનું પાણી પીતા ગ્રામવાસીઓની તબિયત કેવી બેહાલ કરી દીધી છે તેનું સર્વેક્ષણ હમણા જ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ (પહેલાંનું રોયલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ)ની એક ટુકડી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નની ગંભીરતા એ વસ્તુ પરથી પણ જણાય છે કે ખુદ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા પણ આ પ્રશ્નનો વિચાર કરવા માટે એકથી વધુ વાર આંતરરાષ્ટ્રીય પરિષદો યોજી ચૂકી છે.

ઉપરોક્ત ખેંચતાણ નીવારી શકાય એમ છે કે નહિ એ પ્રશ્નનો વિચાર કરવા માટે પહેલાં તો એ નક્કી કરવું પડે કે ઔદ્યોગિક વિકાસનો આપણે શો અર્થ કરીએ છીએ અને પરિસરની શુદ્ધતાનો આપણે શો અર્થ કરીએ છીએ. આ બે તત્ત્વોના અર્થ ઉપર જ આપણી વિચારણાની દિશાનો આધાર રહેલો છે. હમણા જ આપણા જાણીતા પરિસરવાદી ડો. પુરુષોત્તમ દેવરસ સાથે હું ચર્ચા કરતો હતો. ડો. દેવરસ પરિસરવાદની ઝુંબેશના જબરા પુરસ્કર્તા છે. વાપીના ઉદ્યોગ ક્ષેત્રમાં આવેલી ઘણી કંપનીઓના તેઓ સલાહકાર છે. તેમણે મને કહ્યું હતું કે ઘણા કારખાનાઓના માલિકો અને સત્તાવાળાઓને તેમની સલાહ રૂચતી નથી. તેમની મનોવૃત્તિ તો જાણે એવી છે કે ઔદ્યોગિક પ્રગતિ થતી હોય તો "ટુ હેલ વિથ પોલ્યુશન." આવી મનોવૃત્તિ રાખવી એ માનવજાતના ભાવિ માટે ઈષ્ટ નથી જ નથી કારણકે કેટલાક વિજ્ઞાનીઓએ હિસાબ માંડ્યો છે કે પ્રદૂષણ જો અત્યારે વધે છે એટલા પ્રમાણમાં વધ્યા કરશે તો માનવજાત ૧૦ હજાર વર્ષથી વધારે ટકી નહિ શકે. (અલબત્ત, એ પહેલાં આણુયુદ્ધ થાય તો દસ વર્ષમાં જ એ સાફ થઈ જાય. પણ એ વાત જુદી છે.) એટલે પ્રદૂષણ અને ઔદ્યોગિક વિકાસ અંગે એક સમધારણ નીતિ અખત્યાર કરવી એ જ સાચો માર્ગ છે.

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર એનવાઈરનમેન્ટલ અફેર્સ નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાના ઉપપ્રમુખ ટોમસ વિલસન તો કહે છે કે આપણી વિચારસરણીમાં અને એ વિચારસરણી અનુસાર પગલાં લેવાની પદ્ધતિમાં ધરમૂળનો ફેરફાર જો આપણે ઝડપથી નહિ કરીશું તો ઉદ્યોગવાદીઓ અને પરિસરવાદીઓ વચ્ચેની ખેંચતાણ આપણે મિટાવી નહિ શકીએ. તેઓ કહે છે કે છેલ્લા ૪૦–૫૦ વર્ષમાં આપણે જે રીતે ઔદ્યોગિક વિકાસ પાછળ આંધળી દોટ મૂકી છે તે રીતે દોટ મૂકવી આપણને હવે પાલવે એમ છે જ નહિ. વસતિનો વધારો, ઉત્પાદનનો વધારો, વપરાશનો વધારો અને પ્રદૂષણનો વધારો, આપણા પરિસરનું જે સીમિત ક્ષેત્ર છે તેમાં, અનિયંત્રિત રીતે કાયમ માટે ચલાવી લઈ શકાય જ નહિ. પૃથ્વી પર જે ધાતુઓ, તેલ વગેરે અસ્તિત્વ ધરાવે છે તે કાયમને માટે આપણને મળતાં રહેવાનાં નથી. આ વસ્તુનો સ્વીકાર કરીને જ આપણે આયોજન કરવું જોઈએ.

અમેરિકા જ્યારે વિકાસના ક્ષેત્રે પા પા પગલી માંડતું હતું ત્યારે વોલ્ટ વિટમેને, કારખાનાંના ભુંગળાંમાંથી નીકળતા ધૂમાડાનું દૃશ્ય ખૂબ આનન્દદાયી હોવાનું વર્ણન કર્યું હતું! એ બિચારાને ખબર નહોતી કે એ ધૂમાડો પરિસરને કેટલો બગાડે છે. ઉદ્યોગવાદીઓ અને એમનો પુરસ્કાર કરનારા અર્થશાસ્ત્રીઓ તો જી. એન. પી. એટલે કે ગ્રોસ નેશનલ પ્રોડક્ટ એટલે કે દેશમાં થતાં કુલ ઉત્પાદનને જ સમાજના સ્વાસ્થ્યનો એક માપદંડ હજી હમણા સુધી માનતા આવ્યા છે. બીજાઓ વળી કયા દેશમાં માથાદીઠ કેટલો હોર્સ પાવર વપરાય છે એની ગણતરી કરીને જે તે દેશની પ્રગતિનું માપ કાઢે છે– વધારે હોર્સપાવર વાપરતો દેશ જ્યારે પ્રગતિશીલ! હજી ગઈ કાલ સુધી વધતી જતી વસતિથી ઘણાને આનંદ થતો, કારણ વસતિ વધે તો ઉદ્યોગોનું ઉત્પાદન ખરીદનારા પણ વધે ને? હજી આજે પણ આવી મનોવૃત્તિ સદંતર નાશ પામી છે એવું કહી શકાય એમ નથી. આ બધું હવે બદલવું પડશે.

પણ કરુણતા તો એ છે કે ઔદ્યોગિક રીતે વિકસેલા દેશોને જ્યારે પોતાની ભૂલ જણાઈ છે ત્યારે એ ભૂલ અંગે એમણે આપેલી ચેતવણી વિકસી રહેલા દેશો કાને ધરવા તૈયાર નથી. તેમને એવી લાગણી થાય છે કે વિકસિત દેશોને જેટલા પૈસા બનાવવા હતા તેટલા બનાવી લીધા. હવે તેઓ આપણને બાવા બનાવવા નીકળ્યા છે! દુનિયાની બે તૃતીયાંશ પ્રજાની ઔદ્યોગિક પરિસ્થિતિ અર્ધવિકસિત અને અણવિકસિત દશામાં છે અને આ દેશોમાં ઝડપી સઘન આર્થિક વિકાસ એ રાજકારણનું એક મુખ્ય હથિયાર બની રહે છે. આપણા દેશનો અનુભવ આની સાક્ષી પૂરે છે.

વિકસિત દેશોના કેટલાક પરિસરવાદીઓએ તો, આર્થિક અને ઔદ્યોગિક વિકાસ જો આપણે સદંતર બંધ કરી દઈશું તો જ પરિસરને થતું નુકસાન આપણે અટકાવી દઈશું એવી ઝુંબેશ શરૂ કરી છે અને એના જ પ્રતિકૂળ પ્રત્યાઘાતો વિકસી રહેલા દેશોમાં પડ્યા છે. વિકસી રહેલા દેશોને, ઔદ્યોગિક વિકાસની સામે પૂર્ણવિરામ મૂકવું કદી પાલવે નહિ અને આવી પરિસ્થિતિમાંથી જ પરિસરવાદીઓ અને ઉદ્યોગવાદીઓ વચ્ચે દુનિયાભરમાં ચાલતી ખેંચતાણનાં બીજ રહેલાં છે.

પણ આ ખેંચતાણનો ઉકેલ આવી રહેલો હોવાનાં એંધાણ નથી દેખાતાં એવું પણ નથી. એક સમય એવો હતો કે જ્યારે લંડનની ટેમ્સ નદી કે યુરોપની ડાન્યુબ તથા રહાઈન નદીઓ કારખાનાઓ દ્વારા ઠલવાતા કચરાને કારણે એટલી પ્રદુષિત થઈ ગઈ હતી કે એમા માછલી પણ જીવતી નહિ અને એમાં જલપક્ષીઓ પણ વિહાર માટે આવતાં નહિ. એ પછી લાગતીવળગતી સરકારો અને લાગતા વળગતા દેશોએ ભેગા મળીને, ઉકત નદીઓ પર આવેલાં કારખાનાંઓનો પ્રદૂષિત કચરો નદીઓમાં વહાવી દેવા ઉપર એવો કડક પ્રતિબંધ મૂક્યો અને કારખાનાંઓએ પણ કચરો નદીમાં વહાવી દેતાં પહેલાં એમાંનું બધું પ્રદૂષણ ચૂસી લે એવાં યંત્રોમાંથી એ કચરાને પસાર કરવાની એવી ગોઠવણ કરી કે આજે એ બન્ને નદીઓ પ્રદૂષણથી મુકત થઈ છે. ટેમ્સમાં માછલીઓ અને એ માછલીઓ પર જીવતા હંસો ફરી વિહાર કરવા લાગ્યા છે અને ડચ પ્રજા જે પોતાના પીવાના પાણી માટે રહાઈનના પાણી પર આધાર રાખે છે તે ફરી પીવા માટે રહાઈનના પાણીનો ઉપયોગ કરવા માંડ્યો છે. આમ નૈસર્ગિક પરિસરને નુકસાન પહોંચાડ્યા વિના પણ ઔદ્યોગિક પ્રવૃત્તિ જાળવી રાખવાનો મધ્યમ માર્ગ શોધી કાઢવામાં આવ્યો છે. આ મધ્યમ માર્ગથી ઘણા પરિસરવાદીઓને પણ સંતોષ થયો છે. આપણે ત્યાંની કાલુ નદી કે ગંગા જેવી બીજી નદીઓ અંગે કોઈ આવું વિચારશે કે? એક સમય એવો હતો જ્યારે ગંગાજળ અત્યંત શુદ્ધ ગણાતું. આજે ગંગા પણ ખૂબ પ્રદુષિત થયેલી છે. બરૌની રિફાઈનરીએ ગંગામાં વહાવેલાં તેલમિશ્રિત પ્રદૂષણને કારણે ગંગાના પાણી પર આગ લાગી હતી એ હકીકત કદાચ કોઈ વાચકને યાદ પણ હશે!

આજે તો હરણની કોઈ વિશિષ્ટ જાત માટે સમગ્ર પરિષદ સુરક્ષિત રાખવાની વાત કરનાર પરિસરવાદીની વાત જેટલી બેહુદી લાગે છે તેટલી જ, ગયા વીસ વર્ષની જેમ જ આપણો ઔદ્યોગિક વિકાસ

આપણે થવા દેવો જોઈએ એવી કોઈ અર્થશાસ્ત્રીની વાત બેહુંદી લાગે છે. આ બે બેહુદા છેડાઓ વચ્ચેનો મધ્યમ માર્ગ જ ઈષ્ટ છે.

આજે તો માનવીએ દુનિયાભરમાં જ્યાં મોટાં મોટાં જળાશયો, ખેતી માટે કે જળવિદ્યુતના ઉત્પાદન માટે સર્જ્યા છે તેનો, પરિસર પર કેવો પ્રત્યાઘાત પડે છે તેનો પ્રદીર્ઘ અભ્યાસ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક યુનિઅન્સ તરફથી થઈ રહ્યો છે અને ઉપરોક્ત મધ્યમ માર્ગની દિશા પણ નક્કી થઈ રહી છે.

આપણે જ્યારે વિકાસની વાત કરીએ ત્યારે આપણી જાતને કેટલાક પ્રશ્નો પૂછવા જોઈએ અને એ પ્રશ્નોના ઉત્તર મેળવવામાં ઉપરોક્ત અભ્યાસ સહાયભૂત થાય એમ છે. દા. ત. આપણે પ્રશ્ન પૂછવો જોઈએ કે: શેનો વિકાસ કરવો છે અને શાને માટે કરવો છે? આપણે જે માલ વાપરીએ છીએ તેને ઠેકાણે બીજું કાંઈ વધારે નિર્દોષ રીતે ઉત્પન્ન થયેલું વાપરી શકીએ કે નહિ? આપણે માલ જોઈએ કેટલો? આપણે વિદ્યુત, વગેરેની સેવાઓ જોઈએ કેટલી? આર્થિક પ્રવૃત્તિની કેટલી આડપેદાશો સહન કરી લેવા આપણે તૈયાર છીએ? રમણીયતા, શાંતિ, નીરવતા, નિસર્ગ સાથેનો સંપૂર્ણ સમભાવ આપણને જોઈએ છે કે નહિ? આ બધા પ્રશ્નોનો ઉત્તર મેળવીને જ એક સંકલિત પરિસરવાદી અને ઉદ્યોગવાદી નીતિ આપણે નક્કી કરવી જોઈએ.

અણુવિદ્યુત ઉત્પન્ન કરતાં કારખાનાંઓ મોટાં પ્રદૂષક તત્ત્વો છે. (અમેરિકામાં આવાં ૭૫ ઉપરાંત કારખાનાં છે. આપણા દેશમાં, ત્રણ છે. ચોથું નરોડામાં બંધાઈ રહ્યું છે) આમ અણુ વિદ્યુત ઉત્પાદન ક્ષેત્રે અમેરિકા ઘણું આગળ હોવા છતાં, અમેરિકાના ઊર્જા ખાતાના એક વખતના પ્રમુખ અને ઔદ્યોગિક તથા વૈજ્ઞાનિક વિકાસના પ્રખર પુરસ્કર્તા ડો. ગ્લેન સીબોર્ગે પણ એક સ્થળે લખ્યું છે કે:

"આપણી દુનિયામાં જે સામગ્રી પડી છે તેનો અને આપણને જે ઊર્જા પ્રાપ્ય છે તેનો ઉપયોગ કરવાની પદ્ધતિમાં ધરમૂળનો ફેરફાર આપણે કરવો પડશે. વિકાસની એક નવી જ ફિલસૂફી આપણે વિકસાવવી પડશે. માનવીય સંબંધોના આધાર પર આ ફિલસૂફીનું મંડાણ કરવું પડશે."

આપણા વિકાસનું આયોજન કરનારાઓએ આ શબ્દો યાદ રાખવા જેવા છે.

– મનુભાઈ મહેતા

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે)

ફોર્મ નં. ૪

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧.	પ્રસિદ્ધ સ્થળ	: ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૨.	પ્રસિદ્ધ ક્રમ	: દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩.	મુદ્રકનું નામ	: ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૪.	પ્રકાશકનું નામ	: ચીમનલાલ જે. શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪
૫.	તંત્રીનું નામ	: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
	કયા દેશના	: ભારતીય
	ઠેકાણું	: ટોપીવાલા મેન્શન, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪.
૬.	માલિકનું નામ	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
	અને સરનામું	: ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪.

હું ચીમનલાલ ચકુભાઈ શાહ આથી જાહેર કરું છું, કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-૧૯૮૦. ચીમનલાલ ચકુભાઈ શાહ

તામિલનાડુના કમળ, કાદવ, કળગમ

તામિલનાડુ તેના કમળ અને કાદવ માટે પણ પ્રખ્યાત છે. તેના રાજકારણમાં પણ પુષ્કળ કાદવ છે, પણ કમળ શોધવાં પડે. અહીં કોંગ્રેસને હરાવીને દ્રાવિડ મુન્નેત્ર કળગમ પક્ષ સત્તા પર આવ્યો હતો. તેના સ્થાપક નેતા અન્ના દોરાઈના અવસાન પછી કરુણાનિધિ મુખ્ય પ્રધાન થયા. કરુણાનિધિને કાઢીને અન્ના દ્રાવિડ મુન્નેત્ર કળગમના નેતા રામચંદ્રન મુખ્ય પ્રધાન થયા હતા. હવે તેઓ પદભ્રષ્ટ થયા છે અને કરુણાનિધિ પાછા મુખ્ય પ્રધાન થવાની વકી છે. કાદવ તામિલનાડુના રાજકારણ પૂરતો મર્યાદિત નથી. કામરાજને હટાવવા ઈન્દિરા ગાંધીએ પોતાની કોંગ્રેસના ભોગે પણ કરુણાનિધિને જિતાડ્યા હતા. રાજકારણમાં કોઈ સદા માટે શત્રુ નથી, સદા માટે મિત્ર નથી. સદા માટે સ્વાર્થ જ છે. આથી શ્રીમતી ગાંધીએ કરુણાનિધિને બરતરફ કર્યા હતા. હવે ફરીથી તેઓ બંને સંપી ગયાં છે અને શ્રીમતી ગાંધીએ રામચંદ્રનને પદભ્રષ્ટ કર્યા છે. લોકસભાની ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસ કરુણાનિધિના દ્રા. મુ. ક. પક્ષની મદદથી તામિલનાડુમાં મેદાન મારી ગઈ. હવે કોંગ્રેસની મદદથી વિધાનસભાની ચૂંટણીમાં કરુણાનિધિનો દ્રામુક પક્ષ મેદાન મારી જશે, અને ઘડિયાળનો કાંટો ફરી ફરીને પાછો ૧૨ ઉપર આવી જશે. જે કોઈ પણ મદદ લેવા આવે તેની સાથે જોડાણ કરવાના મલ્ટીપલ રોલ ભજવવા જતાં સિનેમા સ્ટાર રામચંદ્રન તેમના ફિલ્મી ચિત્રોના ખલનાયકની જેમ ખપી ગયા છે.

તામિલનાડુના રાજકારણમાં ક્યાંય કમળની સુગંધ આવતી નથી, પણ કર્દમ (કાદવ) અને કળગમની ગંધ તો બહુ આવે છે.

આટલી પ્રાસ્તાવિક વાત કર્યા પછી હવે આપણે કળગમ અને તેના સ્થાપક રામસ્વામીની વાત કરીએ. દ્રાવિડ કળગમના સ્થાપક પરિઆર રામસ્વામી હતા, જેમની ગયે વર્ષે જન્મ શતાબ્દિ ઊજવાઈ. અન્નાદુરાઈ તેમના પટ્ટશિષ્ય હતા, પરંતુ ગુરુનું 'ગાંડપણ' અને વિકૃત માનસ અસહ્ય લાગવાથી તથા ગુરુની ફિલસૂફી અવ્યવહારુ લાગવાથી તેમણે પોતાના દ્રાવિડ મુનેત્ર કળગમ નામનો જુદો પક્ષ સ્થાપ્યો.

અન્નાદુરાઈના અવસાન પછી તેમની ગાદી માટે સ્પર્ધા થઈ, તેમાં કરુણાનિધિ જીતી ગયા.

સિનેમા, નાટક અને સાહિત્યના ક્ષેત્રે કરુણાનિધિ અને રામચંદ્રન એકબીજાના માત્ર પ્રતિસ્પર્ધી નથી, શત્રુ પણ છે. આ શત્રુવટ તેમના કુટુંબમાં પણ ઊતરી છે. આથી રામચંદ્રન, કરુણાનિધિના નેતૃત્વવાળા દ્રા. મુ. ક.માં રહી શકયા નહીં, અને અન્નાદુરાઈનું નામ વેચી ખાવા અન્ના દ્રા. મુ. ક. પક્ષ સ્થાપ્યો. તામિલનાડુનો આ પક્ષ જાણે રાષ્ટ્રવ્યાપી પક્ષ હોય તેમ તેને ઓલ ઈન્ડિયા અન્ના દ્રાવિડ મુનેત્ર કળગમ એવું મોટું નામ આપ્યું અને દુશ્મનના દુશ્મનને મિત્ર બનાવીને તામિલનાડુની ગાદી મેળવી.

રામસ્વામીના કળગમ, કરુણાનિધિના કળગમ અને રામચંદ્રનના કળગમ વચ્ચે કંઈ તફાવત હોય તો રંગની માત્રાનો છે. વ્યક્તિગત તફાવત એ છે કે રામસ્વામીમાં ઝનૂન અને ગાંડપણ હતાં, કરુણાનિધિ વ્યવહારકુશળ અને ગણતરીબાજ છે (એટલે જ તેમણે પોતાના ગઈ કાલના દુશ્મન શ્રીમતી ગાંધી સામે રાજકીય મૈત્રી કરી લીધી) અને રામચંદ્રન, રાજકારણને પણ સિનેમાના મારફાડ અને ડબલ રોલ સમજે છે.

બ્રિટીશ જમાનામાં અંગ્રેજો રાષ્ટ્રીય કોંગ્રેસના સ્વાતંત્ર્ય સંગ્રામને કચડી નાખવા તેની સામે મળે એટલા વિરોધીઓને પ્રોત્સાહન આપી ઊભા કરતા હતા. રામસ્વામી તે પૈકી એક હતા. જો કે તેઓ અંગ્રેજોની સામે ધૂરકી લેતા હતા ખરા.

તામિલનાડુમાં પ્રદેશવાદ, ભાષાવાદ અને વર્ણવાદનું ઝેર ફેલાવનારા રામસ્વામીના માનસથી આપણે પરિચિત થઈએ. તેઓ ગર્ભશ્રીમંત હતા. તેમનું વેપારી કુટુંબ રૂઢિચુસ્ત હતું. શ્રીમંતાઈ અને મોભાના કારણે છોકરો ગરીબ, 'અવર્ણ' છોકરાઓ સાથે હળેભળે અને ખાય-પીએ નહીં એવી કાળજી રામસ્વામીના વડીલો રાખતા હતા. આ નિયંત્રણો રામસ્વામીને ગમતા ન હતાં.

યુવાનીમાં પ્રવેશ કરતા રામસ્વામીએ હિંદુ–પુરાણો અને શાસ્ત્રો વાંચ્યાં. તેમને લાગ્યું કે તેમાં તો ભારોભાર અન્યાય છે. તેમણે હિંદુ રૂઢિઓ અને રિવાજો સામે બળવો કર્યો. ૧૯૧૯માં તેઓ કમાઉ

ધર્યો છોડી કોંગ્રેસમાં જોડાયા. ત્યાં પરમ વૈષ્ણવ ગાંધીજીના વિચાર અને વર્તણૂક સાથે રામસ્વામીની પ્રકૃતિનો મેળ ખાધો નહીં. ગાંધીજી હરિજનોને અને બીજી દલિત અને શોષિત જાતિઓને ઊંચે લાવવા માગતા હતા. અહીં ગાંધીજી અને રામસ્વામી વચ્ચે બહુ વિચારભેદ ન હતો, પણ સ્વભાવભેદ ઘણો હતો. તાડી બનાવવા માટે નીરો કાઢનારાઓ સામે પિકેટિંગ કરનાર રામસ્વામીએ છ વર્ષમાં કોંગ્રેસ છોડી ત્યારે તેમણે દારૂબંધીની નીતિ પણ છોડી! અને બ્રિટીશ શાસન સામે લડવાને બદલે ગાંધીજી અને કોંગ્રેસ સામે લડવાના શપથ લીધા.

રામસ્વામીના માનસમાં ઘણા વિરોધાભાસ હતા. કોંગ્રેસ રાષ્ટ્રભાષા સમાન હિંદી વડે દેશની એકતા સ્થાપવા માગતી હતી. તેથી જ્યારે દક્ષિણ ભારતમાં તેણે હિંદીનો પ્રચાર શરૂ કર્યો ત્યારે ૧૯૧૮માં રામસ્વામીએ પોતાના મકાનને હિંદીના પ્રચારનું એક કેન્દ્ર બનાવી દીધું. તેમ છતાં પાછળથી તેઓ હિંદી ભાષાને ઉત્તર હિન્દુસ્તાનની સામ્રાજ્યવાદી ભાષા ગણાવી તેની સામે લડયા. ૧૯૩૭માં મદ્રાસ પ્રાંતના મુખ્ય પ્રધાન રાજાજીએ પ્રાથમિક શાળાઓમાં હિંદીનું શિક્ષણ દાખલ કર્યું ત્યારે રામસ્વામીએ રાજાજીને સખત લડત આપી અને આ યોજના નિષ્ફળ બનાવી. (પાછળથી રાજાજી પોતે હિંદીના વિરોધી બની ગયા હતા! મહાપુરુષોને પણ પોતાની નબળાઈઓ હોય છે.) રામસ્વામીની દલીલ એવી હતી કે બહારથી આવેલા આર્યોએ આ દેશમાં પોતાનું શાસન જમાવીને દ્રાવિડોને અને આ દેશની આદિવાસી જાતિઓને ભારે અન્યાય કર્યો છે. પોતાની દલીલોનાં સમર્થનમાં રામસ્વામીએ વેદો, પુરાણો અને ઈતિહાસના પ્રસંગો ટાંક્યા. હિંદુ ધર્મ, હિંદુ દેવ-દેવીઓ અન્યાય અને શોષણનાં પ્રતીક છે એવી દલીલ કરીને તેમણે હિંદુ ધર્મ અને હિંદુ દેવ-દેવીઓ સામે મહમ્મદ ગઝની અને ઔરંગઝેબના ઝનૂનથી લડત ઊપાડી. બહારથી ચઢી આવેલા મુસ્લિમ બાદશાહોની જેમ તેમણે હિંદુઓની મૂર્તિઓનું ખંડન કરવાનું અને મંદિરોને અપવિત્ર કરવાનું કામ ઊપાડયું. જે કોઈ દેવ-દેવી મૂર્તિરૂપે કે ચિત્રોરૂપે રામસ્વામીની નજરે ચઢે તેમનું આવી બનતું હતું! ઉત્તર ભારતમાં રામલીલા ભજવાય છે, તો રામસ્વામીએ દક્ષિણમાં રાવણલીલા ભજવવાનું શરૂ કર્યું. રાવણ દ્રાવિડ ન હતો પણ આર્ય હતો, બ્રાહ્મણ હતો એ હકીકત તરફ તેમણે દુર્લક્ષ સેવવાનું પસંદ કર્યું. તેઓ બાકીના દેશથી દક્ષિણ ભારતને અલગ કરીને ત્યાં દ્રાવિડસ્તાન રચવાનાં સ્વપ્ન સેવતાં હતાં. તેમના માનસને માઓની પત્નીના માનસ સાથે સરખાવી શકાય. માઓની પત્નીએ સાંસ્કૃતિક ક્રાંતિના નામે જે વિકૃત આંદોલન શરૂ કર્યું હતું તેમાં બૌદ્ધ મંદિરમાંથી ભગવાન બુદ્ધની મૂર્તિઓને તોડીફોડીને ફેંકી દેવામાં આવી હતી, મંદિરોને અપવિત્ર કરવામાં આવ્યાં હતા. રામસ્વામીને મહમ્મદ ગઝનીના બીજા અવતાર તરીકે ઓળખાવી શકાય. કોઈની સાથે સરખામણી કરવાથી પણ રામસ્વામીનું માનસ સમજવાનું મુશ્કેલ છે. બ્રિટીશ હિંદી સરકારે રામસ્વામીનો ઉપયોગ કોંગ્રેસ સામે કર્યો, પણ જ્યારે રામસ્વામી સરકારનો હાથ પણ કરડવા લાગ્યા ત્યારે તેમને રાજદ્રોહ માટે સજા કરવામાં આવી. કોંગ્રેસને નબળી પાડવા સરકારે મવાળોના જસ્ટીસ પક્ષને પ્રોત્સાહન આપ્યું હતું અને રામસ્વામી જસ્ટીસ પક્ષમાં જોડાઈને કોંગ્રેસ સામેની લડતમાં બ્રિટીશ સરકારના પુરસ્કર્તા પણ બન્યા.

પોતાને દલિતોના ઉદ્ધારક અને ધર્મ તથા ભગવાનના દુશ્મન ગણાવતા રામસ્વામીએ ધર્મવિરોધી રશિયાની મુલાકાત પણ લીધી અને ત્યાંથી સામ્યવાદનાં થોડાં સૂત્રો શીખી આવ્યા. સામાજિક સુધારણાના તેમના ખ્યાલો પર જયપ્રકાશ કેમ મોહી પડયા તે સમજવું મુશ્કેલ છે, પણ જ્યારે જયપ્રકાશે રામસ્વામીને તેમનું આંદોલન ઉત્તર ભારતમાં ફેલાવવાનું આમંત્રણ આપ્યું, ત્યારે ઉત્તર ભારતના અને આર્યોના શત્રુ રામસ્વામીએ ઉત્તર ભારતનો 'ઉદ્ધાર' કરવાની ના પાડી હતી. રામસ્વામીએ રામચંદ્રજીને, તેમની મૂર્તિઓ અને ચિત્રોના નાશ વડે 'જખ્મી' કર્યા હતા, તેમ છતાં તેમણે પોતાના નામમાંથી રામને કાઢી મૂકીને રાવણને બેસાડયા ન હતા!

સમાજસુધારક હોવાનો અને ધાર્મિક ક્રાંતિ કરવાનો ડોળ ધાલતા રામસ્વામીનું માનસ સમજવું હોય, તો જાણવું જોઈએ કે તેમણે ૨૦ વર્ષથી પણ ઓછી વયની પોતાની મહિલા સેક્રેટરી સાથે લગ્ન કર્યા હતા! રાજાજીને પોતાના કટ્ટર વિરોધી ગણનાર રામસ્વામીએ રાજાજીને આ બાબતમાં વિશ્વાસમાં લીધા હતા!

આ દેશમાં કોઈએ નેતા થવું હોય તો તેને અનુયાયી મળી રહે છે. રામસ્વામી તેમના અનુયાયીઓમાં પેરિઆર એટલે વડીલ અને તન્તાઈ પેરિઆર એટલે પિતાતુલ્ય ગણાયા. ઘણાં દેવ-દેવીઓની મૂર્તિઓનો નાશ કરનાર રામસ્વામીએ પોતાની પ્રતિમા સ્થાપવાની છૂટ આપી. રામસ્વામી બ્રાહ્મણોના દ્વેષ્ટા તરીકે પંકાયા હતા. રાજાજી બ્રાહ્મણ પણ હતા અને કોંગ્રેસના નેતા પણ હતા, આથી તેમના જેવા કટ્ટર દુશ્મન રામસ્વામીને બીજા કોણ મળે? સમાજમાંથી બ્રાહ્મણોનું વર્ચસ્ ભૂંસી નાખવું એ તેમનું ધ્યેય હતું. જો તેઓ જર્મનીના હિટલર જેવા હોત, તો હિટલરે જેમ અવર્ણો (યુહુદીઓ) નો નાશ કરી નાખ્યો હતો તેમ રામસ્વામીએ બ્રાહ્મણો અને બીજા સવર્ણોનો નાશ કરી નાખ્યો હોત. એ ખરું છે કે રામસ્વામીએ દલિત અને પછાત જાતિઓને કેળવણીમાં આગળ કરી. તામિલનાડુની કૉલેજોમાં તેમના માટે ૫૧ બેઠકો અનામત રાખવામાં આવી છે પણ તેના વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૭૦ ટકા જેટલી છે. તેનો અર્થ એ કે સવર્ણ વિદ્યાર્થી બુધ્ધિપ્રતિભામાં આગળ હોય તો તેને તક ન મળે, દલિત અને પછાત જાતિઓના વિદ્યાર્થીઓને તક મળે. પછી ભલે તેઓ બુધ્ધિપ્રતિભામાં પાછળ હોય: પરિણામ એ આવ્યું કે એક જમાનામાં એક પ્રખર વિદ્યાસંસ્થા તરીકે પંકાયેલી મદ્રાસ યુનિવર્સિટીનું ધોરણ ઘણું નીચે ઊતરી ગયું. તેથી દેશને જ નુકસાન થયું.

રામસ્વામીની વિકૃતિ તેમની પોતાની હતી, પરંતુ બ્રિટીશ શાસકોએ અને તે સમયની કોંગ્રેસના વિરોધીઓએ આ વિકૃતિ વિકસાવવામાં ઘણો ફાળો આપ્યો હતો.

રામસ્વામીના કળગમ, કરુણાનિધિના કળગમ અને રામચંદ્રનના કળગમ વચ્ચે તફાવત શો છે? બહુ નહીં, ત્રણેયમાં પ્રદેશવાદ, ભાષાવાદ અને જાતિવાદ છે. તેઓ દેશ કરતાં પોતાના રાજ્યને અને ભાષાને અને તેમના નેતાઓ પોતાને પણ વધુ મહત્ત્વ આપે છે. તેઓ હિંદીના અને ઉત્તર ભારતના સરખા જ વિરોધી છે. કરુણાનિધિ અને રામચંદ્રન તેટલા પૂરતા વ્યવહારુ છે કે દ્રાવિડસ્તાનનું સ્વપ્ન આકર્ષક હોય તો પણ સિદ્ધ કરવું શક્ય નથી, આથી તેઓ કેન્દ્રની સત્તાને શક્ય તેટલી મર્યાદિત બનાવીને તામિલનાડુ માટે વધુમાં વધુ સ્વરાજ મેળવવા માગે છે. કરુણાનિધિએ તો વિશ્વ તામિલ પરિષદ ભરીને પોતાની ફિલસુફીને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપવાનો પ્રયાસ પણ કર્યો હતો.

આપણા દેશમાં ઈંદિરા કૉં.ને બાદ કરતા રાષ્ટ્રીય પક્ષો ક્ષીણ થઈ ગયા છે અને કેરળ, તામિલનાડુ, પંજાબ, કાશ્મીર, સિક્કિમ અને ઈશાન ભારતમાં પ્રદેશવાદ, જાતિવાદ અને ભાષાવાદના ઘોરણે પક્ષો સત્તા પર આવે છે તે દેશની રાષ્ટ્રીય એકતાને ઘસારો આપે છે.

વિજયગુપ્ત મૌર્ય

હિંમત રાખો, બહાદુર બનો

ખેડૂતની પાંખમાં જો બધાં રહેતાં હોય, સમાતાં હોય તો તે ખરો ખેડૂત છે. અઢારે વર્ણ ખેડૂતની પાછળ રહેતી તેનું કારણ એ કે, તેનામાં પ્રેમ હતો. અઢારે નાતનું એક કુટુંબ, એક શરીર બની રહેતું. તેવી વ્યવસ્થા માટે આપણે આપણા દિલમાં ફેરફાર કરવો જોઈએ, પ્રેમ રાખવો જોઈએ...

આ ધરતી ઉપર જો કોઈને છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો તે ધરતીમાંથી ધનધાન્ય પેદા કરનાર ખેડૂતને જ છે.

દુનિયામાં આપણે સૌ ઓછેવત્તે અંશે ગુનેગાર છીએ; પણ જે માણસ પરસેવો પાડી ખેતરમાં કામ કરે છે અને જગતને માટે અન્ન અને વસ્ત્રની સામગ્રી પકવે છે તે માણસ દુનિયામાં ઓછામાં ઓછો ગુનેગાર છે. ...

જે કામ કાલે કરવાનું છે એની વાતોમાં જ આજનું કામ રખડી જશે. અને આજના કામ વિના કાલનું કામ થવાનું નથી. વળી આપણે ફરજમાંથી ચૂકીશું. આજનું કામ કરો. કાલનું કામ એની મેળે થઈ જશે...

વિશ્વાસ રાખીને આળસ છોડી દો, વહેમો ફગાવી દો, ડર છોડો, કુસંપનો ત્યાગ કરો, કાયરતા ખંખેરી નાખો, હિમત રાખો, બહાદુર બનો, આત્મવિશ્વાસ રાખતાં શીખો. આટલું કરશો તો તમે જે ઈરછશો તે એની મેળે આવી મળશે. જગતમાં જેને માટે જે લાયક છે તે તેને મળે જ છે...

—સરદાર વલ્લભભાઈ

આંગણું જ્યારે વૃંદાવન થાય છે

હમણાં દાદાનું એક પુસ્તક વાંચતો હતો. એમાં એક સરસ વાત કહી છે. સમયની અવિરત યાત્રામાં જિંદગીએ-મનુષ્યે પોતાના ઉપર કેટલી ધૂળ ભેગી કરી છે? આ ધૂળના રજકણ બાઝી બાઝી હવે એનો ખાસ્સો ડુંગર થયો છે. વિમલાતાઈએ મનુષ્યને ઠોઠ નિશાળિયા સાથે સરખાવ્યો હતો. કહ્યું, મા બાળકને હોંશથી નિશાળે મોકલે છે. "એને એમ કે દીકરો ભણીગણીને હોંશિયાર થશે... બાળક અનાડી છે. તેને શાળાએ જવું ગમતું નથી. રસ્તામાં ખોટી થાય છે. રમવા બેસી જાય છે, ઝઘડો કરે છે... સ્લેટથી મારામારી કરે છે. કપડાં મેલાં કરે છે. ફાટી જાય છે. સાંજ પડે છે ત્યારે ચોથરેહાલ થઈને, લઘરવઘર પાછો ઓસે છે." આ આપણા બધાની જ વાત નથી? સમી સાંજે આપણે થાકી જઈએ છીએ. હતાશ થઈએ છીએ. માણસનું મન એને કેટલું દોડાવે છે? કેટલાં ધમપછાડા, કેટલી દોટ, કેટલી તૃષ્ણા? મન થાકી જાય ત્યારે વિશ્રાંતિ, શાંતિ ક્યાં શોધશે? અમેરિકામાં જન્મ લીધો હોય તો સીધા મનોચિકિત્સક પાસે પહોંચી જઈએ. ડોક્ટરને કહીશું, "મારા મનથી હું ત્રાસી ગયો છું. મને ઘેનમાં ડૂબાડી દો!"

ત્યારે જ્ઞાનદેવ શું કહે છે? એનું મન ક્યાં શાંત થાય છે? એ કહે:

"તમારાં ચરણ મેં જોયાં
મારું મન શાંત થયું.
હવે હું ખુશીથી આ દેહમાં રહી શકીશ."

જ્યાં સુધી એ પરમતત્ત્વના ચરણ પાસે મન બેસતું નથી ત્યાં સુધી એને કળ વળતી નથી.

આ જ્ઞાનદેવ માત્ર જ્ઞાની નથી, એ સવિશેષ કવિ છે. એના હોઠ ઉપર જાણે પ્રેમીની ભાષા છે. ઈશ્વરના પ્રેમમાં પાગલ છે. નાનો બાળક જેમ "મા...મા..." કહી બોલ બોલ કર્યા જ કરે તેમ વિઠોબાની વાત કરતા જ્ઞાનદેવની જીભ થાકતી નથી. એટલે જ કહે છે:

"બોલી બતાવવા જેવું તે સ્વરૂપ જ નથી.
આટલું છતાંયે મારું બોલવાનું ઓસરતું નથી."

થાકેલું મન ક્યાં ક્યાં આધાર શોધે છે? પુસ્તકો, ગુરુઓ, તીર્થો, મંદિરો... જ્યાં જ્યાં પગ મૂકે ત્યાં ધરતી જાણે અંદર ખૂંપે છે. મમતાથી જે ઘર બાંધે તે ઘર કકડભૂસ થઈ જાય. રેતીના ઢગલાની જેમ બધું જ બેસી જાય. કશું કામયાબ નથી આવતું. ત્યારે જ્ઞાનદેવ કહે છે. "મેં બીજા બધા આધાર છોડી દીધા." આ એક આધાર જ્યારે જીવને મળે છે ત્યારે જ એની શોધ પૂરી થાય છે. આ એક આધાર છે જે એને દગો નથી દેતો. એક સરસ વાક્ય યાદ આવે છે. એક જ્ઞાની પુરુષે કહેલું, "I have not renouneed the world, I have ceased to depend on it." સંસારનો ત્યાગ નથી કર્યો. એના પર જે આધાર રાખતો હતો તે આધાર છોડી દીધો છે. વાત નાની છે.'

એક વખત ફ્રાધર વાલેસની વિમાનની ટિકિટનું છેવટ સુધી નક્કી ન થયું. ત્યારે ફ્રાધર વાલેસે લખ્યું હતું તે યાદ આવે છે. "મિત્રો હોવા છતાં અને સારી વ્યવસ્થા હોવા છતાં હજી ભગવાનની જરૂર છે. માણસો તો જોઈએ, પણ સાચો આધાર તો ભગવાન જ છે." અને એટલે જ એક બીજા પ્રસંગે એમણે લખ્યું હતું. "મારો પહેલો સગો અને પરમ મિત્ર ભગવાન જ છે." આપણું દુ:ખ એ છે કે આપણે પ્રભુને છેલ્લે મિત્ર બનાવવા નીકળીએ છીએ.

પણ સંસારમાં રહેતાં રહેતાં ચિત્ત પર કેટલાં ઘા? મિત્રોનો દ્રોહ, અપમાન, દુ:ખ, વિયોગ, વિચ્છેદ ક્યારેક માની લીધેલ દુ:ખ! કોઈનું માથું દુ:ખે, કોઈનું પેટ. કોઈના હૃદયના ધબકારા નાની'શી વાતે વધી જાય. ત્યારે જ્ઞાનદેવ જાણે આજના જમાનાનો મનોવૈજ્ઞાનિક હોય એ ભાષામાં કેટલું સાચું કહે છે:

"ઘા સપનામાં
પણ પીડા ખરેખરની.
જાગી ઊઠતાં બંને ય ખોટા ઠરે છે."

માનસિક દર્દી જ્યારે પોતાના રોગની ફરિયાદ કરે ત્યારે જૂઠું નથી બોલતો એ તો આજે મનોવિજ્ઞાનિકો પણ સ્વીકારે છે. એની પીડા સાચી જ હોય છે. જ્ઞાનદેવ કહે તેમ એને જાગવાની જરૂર જ હોય છે. એક દિવસ જ્યારે આંખ ખૂલી જાય છે ત્યારે બધા ભ્રમ છૂટી જાય છે. નથી રહેતો ઘા, નથી રહેતું દર્દ.

હા, જીવન જીવતાં જીવતાં અનેક પ્રશ્નો ઊભા થયાં છે. અનેક અટળ મુશ્કેલીઓ, સમસ્યા. ત્યારે માણસ ગભરાઈ ઊઠે છે. બોલી ઊઠે છે, "આ સંસાર કેવી રીતે પાર કરી શકાશે? જ્ઞાનદેવ ત્યારે કેવું શીતળ આશ્વાસન આપે છે તે જુઓ:

"સંસાર નદી ભયાનક દેખાય છે,
પણ બહુ ઊંડી નથી.
સંકેત દ્વારા વિઠ્ઠલમૂર્તિ
એમ કહી રહી છે કે
કમર જેટલું જ પાણી તેમાં છે."

ત્યારે વિઠોબાની મૂર્તિ હસતી લાગે છે. જાણે હાથ આપી કહે છે, 'ગભરા નહીં, આવ પાણી બહુ ઊંડા નથી.' આ વિઠોબાનો અવાજ. સાંભળવાની જ વાર.

માણસ સંસારમાં રહી, ભોગ ભોગવ્યા પછી સંસારત્યાગની વાત કરે છે. નિરંકુશ વાસના પછી બ્રહ્મચર્યની સાધના કરે, ઘર છોડી વનમાં જાય, ખૂબ મોજશોખ ભોગવી પછી સાદાઈ અને અપરિગ્રહના વ્રત માંડે. એક અંતિમ પરથી બીજા અંતિમ સુધી મન ઝોલાં ખાય છે. આ ત્યાગની વાત પાછળ જ્ઞાનદેવ મનની રમત જ જુએ છે. એટલે જ એ કહી શકે:

"છોડવાની વસ્તુ અંદર જ હતી,
તે બધી છોડી."

...પણ ચિત્તને જ્યારે પ્રભુનો સ્પર્શ મળે છે ત્યારે આ ભોગવવાની—ત્યાગની મથામણ કેવી આપોઆપ ખરી પડે છે? ત્યારે જ ભક્ત કહે છે.

"હવે અંદર અને બહાર
ઈશ્વર જ બાકી રહ્યા
એટલે છોડવાની કલ્પના પણ છૂટી."

એક ભક્ત તરીકે જ્ઞાનદેવ કેટલી સરસ વાત કરે છે. કહે, "વિઠ્ઠલના દર્શનથી આંખોને કેટલું સુખ મળે છે.!" આપણી આંખો આ બહારના જગતમાં સુખ શોધવાને ફાંફાં મારે છે. આખરે થાકી જાય છે. એ નિર્મળ આનંદ આંખોને મળે છે ફક્ત વિઠ્ઠલના દર્શનથી.

પણ વિઠલના દર્શન એને કેવા જોઈએ ખબર છે? કહે,

"ચિતન-કાળનાં દર્શન પૂરતાં નથી.
સક્રિય અને બોલતાં દર્શન જોઈએ છે.
આટલું કહેતાં જ
જ્ઞાનદેવના કોડ પૂરા કરનારા શ્રીકૃષ્ણ
પોતાના હાથ હલાવવા મંડ્યા."

આ વાંચતા ટાગોર યાદ આવે છે. એમણે નહોતું ગાયું? "માત્ર શબ્દો નહીં, મને તમારો સ્પર્શ આપો."

પણ આ સ્પર્શ મળતા પહેલાં સંસારમાં રહી રહીને જીભનો સ્વાદ કડવો થઈ જાય છે, મન ભારે થાય છે. પરંતુ એક વખત ઈશ્વરનું આકર્ષણ થાય ત્યાર પછી? પછી એના સ્વાદથી બધુ મધુર બની જાય છે. માયાના આવરણ અને સુખની છલનામથી શોધને લીધે મનનું એ પ્રતિ વહેવું સહેલું નથી. એટલે જ જ્ઞાનદેવ કહે છે.

"ચટકો લાગવાની જ મુખ્ય અડચણ છે.
એક વાર લાગ્યો
કે તે છૂટવાનો જ નહીં."

એ ચટકો લાગે છે પછી જ્ઞાનદેવ ફરી ફરીને પ્રશ્ન પૂછે છે, કોઈ પણ ભક્ત તાલાવેલીમાં, તલસાટમાં પ્રશ્ન પૂછે તેમ."

"મારા ચિત્તનું પરિવર્તન ક્યારે થશે?
એ મૂર્તિ હૃદયમાં ક્યારે પ્રકટશે?"

અરે, પ્રાણીની જેમ પાગલ થઈ પારેવાંને પણ પૂછે છે,

"તમે પૃથ્વી છોડી આકાશમાં ઊડનારાં છો,
તમે તો ઈશ્વરને જોયા હોવા જોઈએ,
મને કહો,
મારે ઘેર પંઢરીના મહેમાન ક્યારે આવશે?
તમને જે જોઈએ તે હું આપીશ."

આ પારેવાને ખૂશ કરવા જતું ભકતહૃદય જોયું? સાથે સાથે પ્રણયીના જેવું જ આ બીજું પાગલપણું જુઓ: એ કવિની ભાષામાં જ વાત કરે છે:

"જાગૃતિમાં ક્યાંક પગલાંનો અવાજ સાંભળું છું.

થાય છે, આંગણામાં કોણ બોલ્યું?

જોવા જાઉં છું તો આંગણનું થાય છે વૃંદાવન,

અને માણસનો થાય છે શ્રીકૃષ્ણ!"

છે તો માણસની આંખ, પણ દર્શનની ઝંખનાને લીધે એ આંખમાં કેટલો ફરક પડી ગયો? હવે એ આંખ બીજા માણસોને બહાર જુએ છે ખરી, પણ માણસ જ ક્યાં? ત્યાં તો સામે હવે શ્રીકૃષ્ણ–શ્રીકૃષ્ણ જ દેખાય છે.

પણ આ તલસાટ પછી બીજું કશું હલકું, ક્ષુદ્ર ખપતું નથી, એટલે જ જ્ઞાનદેવ માગે છે:

"એને એક ઈશ્વર જ જોઈએ.

ઈશ્વર હોય તો

એને બીજું કાંઈ જોઈતું નથી.

અને તે ન હોય તો

બીજું કાંઈ એને કામ આવતું નથી.'

પછી દુનિયાના બજારની, લેણદેણની એને કોઈ કિંમત રહેતી નથી. બધા મૂલ્યો એક મૂલ્યમાં બદલાઈ જાય છે.

આ દશા આમ જુઓ તો ખૂબ વ્યાકુળતાથી ભરેલી છે. ખૂબ વિચિત્ર! કહે છે, "ક્યારેક કાંઈ જ દેખાતું નથી, ક્યારેક ભળતું જ દેખાય છે... ક્યારેક શૂન્યતા, ક્યારેક ભ્રાંતિ, "અરે, કહે, "લોકો 'જ્ઞાનદેવ, જ્ઞાનદેવ' કહી હાક મારે છે, પણ સાંભળે છે કોણ? એટલે છેવટે વિઠ્ઠલ નામની ગર્જના કરે છે ત્યારે જ્ઞાનદેવ જાગે છે! જ્ઞાનદેવની દશા કહેવા જેવી નથી." તલસાટ જાગે પછી આ દશા દરેક દરેક પ્રણયીની નથી થતી શું?

આ સાધના જ્ઞાનદેવે કોને ચરણે બેસી, કેવી રીતે કરી તે માટે કેવું સરસ કહે છે: "જ્ઞાનદેવ જાણે નીલવર્ણની શાળામાં શિક્ષણ લઈ રહ્યો છે!" અને આગળ એટલે જ કહે, "નીલો અરીસો સામે ગોઠવ્યો છે... નીલું થવું, નીલામાં રમવું... આવો હરિરંગ જ્ઞાનદેવના હૃદયમાં ભર્યો છે." સાધના? સાધના માટે લખે, ,'કયા ઉપાયથી આ ચરણને પામ્યો એમ પૂછશો જ મા. કયો ઉપાય બાકી રાખ્યો, એમ પૂછો!"

ભકતને એક સમય એવો આવે છે જ્યારે લાગે કે પોતે તદન ક્ષુદ્ર. સામાન્ય છે એવી અવસ્થામાં જ્ઞાનદેવ ઈશ્વરને કહે છે:

"પ્રભુ, હું એક સામાન્ય પતિત જીવ છું.
એ વાત ખરી;

પરંતુ તારો મુદ્રાંકિત ભકત છું."

ઝંડાનું ચીંથરું હોય કે કાગળની ચબરખી હોય પણ જ્યારે એને રાજાની મ્હોર મળે છે ત્યારે એ સામાન્ય ચીંથરું કે ચબરખી થોડી જ રહે છે? ત્યારે તો એની કિંમત ઘણી વધી જાય છે. ઈશ્વરની મ્હોર મળે ત્યાર પછી માણસ, ભકત સામાન્ય થોડો જ રહે છે? એટલે જ જ્ઞાનદેવ પછી લઘુતાગ્રંથિથી પીડાતા નથી. સગૌરવ કહે છે.

"હું તારો યશ ફરકાવનાર ઝંડો છું.

હું તારી આજ્ઞા જાહેર કરનારો તારો આજ્ઞાપત્ર છું."

માણસ જિંદગીભર એક સતત સંઘર્ષમાં રહે છે. અર્જુનની જેમ એ મનોમન પૂછતો જ રહે છે "કિં કર્મ, કિં અકર્મ...?" છતાં જીવનના અંત સુધી સાચું-ખોટું શું કરવું ન કરવું એ દ્વિધામાંથી બહાર નથી નીકળી શકતો. ત્યારે જ્ઞાનદેવને એક સહજ સ્થિતિ, અદેખાઈ આવે એવી, પ્રાપ્ત થઈ છે. એ સ્થિતિ ઈશ્વરની કરુણા વગર ભાગ્યે જ પ્રાપ્ત થાય. જ્ઞાનદેવ કહે,

"કર્મ કરવું કે ન કરવું
કર્યું કરવું ને કર્યું ન કરવું,
–એ બાબત અમે ઈશ્વરને સોંપી દીધી છે.
તેથી અમારાં દુઃખોનો અંત આવ્યો છે."

આ સ્થિતિ આ દેહમાં, આ જીવનમાં મળે એ કેટલું મોટું સૌભાગ્ય છે? કદાચ એને માટે જ્ઞાનદેવ થવું પડે! જે સ્થિતિ સહજ લાગે તે પણ તપ વગર થોડી જ આવે છે? અને ઈશ્વરને બધું સોંપવા જેટલી શ્રદ્ધા આવતા કેટલા જન્મો જોઈએ?

– વિપિન પરીખ

પ્રેમળ જ્યોતિને પ્રેરણાદાયી દાન

વેલરકેર લિ. વાળા જાણીતા ઉદ્યોગપતિ ભાઈઓ, શ્રી હિંમતલાલ દોશી અને શ્રી રસિકલાલ દોશી, બન્ને ભાઈઓના પુત્રોના તાજેતરમાં લગ્ન થયા ત્યારે તેમના તરફથી સારી ગણાય એવી રકમોના દાનોની જાહેરાત કરવામાં આવી હતી. તેમાં આપણી પ્રવૃત્તિ, પ્રેમળ જ્યોતિને પણ રૂપિયા પાંચ હજાર ભેટ તરીકે તેમણે આપ્યા છે. આવા પ્રેમાળ સહકાર માટે આપણે તેમના ઋણી છીએ. આવી સારી રકમના દાન માટે તેઓ આપણા અભિનંદનના અધિકારી બને છે. આ દાન અન્યને માટે પણ પ્રેરણાદાયી બને એવી પ્રાર્થના.

પ્રેમળ જ્યોતિને મળેલી ભેટની રકમો

૨૫૦૦	શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી અને તેમના કુટુંબીજનો તરફથી.
૨૫૦૦	શ્રી. રસિકલાલ ન્યાલચંદ દોશી અને તેમના કુટુંબીજનો તરફથી.
૫૦૦	શ્રી પન્નાલાલ બાલાભાઈ ઝવેરી, અમદાવાદ
૧૦૧	શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ (રાયચંદ એન્ડ સન્સ)
૫૧	શ્રી કાન્તિલાલ ઉજમશી મોદીના સુપુત્ર ચિ. હર્ષદના લગ્ન પ્રસંગે
૫૧	શ્રી જહાનઅલી ડ્રાઈવર
૫૧	શ્રીમતી શારદાબહેન ઠક્કર
૫૦	શ્રીમતી સુમતિબહેન કાકુભાઈ લાઈવાળા
૫૮૦૪	


દત્તક બાળકો માટે ભેટ

૪૦૦	શ્રીમતી લોમાબહેન નગીનદાસ જરીવાળા
૪૦૦	એક બહેન તરફથી, માટુંગા.
૮૦૦	

શ્રીમતી કમલાબેન પીસપાટીએ અભિનંદન

સંઘ સંચાલિત પ્રેમળ જ્યોતિના કન્વીનર શ્રીમતી નીરુબહેનના સહકાર્યકર શ્રીમતી કમલબહેન પીસપાટીની સામાજિક સેવાઓને લક્ષ્યમાં લઈ મહારાષ્ટ્ર સરકારે એમની સ્પેશીયલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રીટ (એસ.ઈ.એસ.) તરીકે નિમણૂંક કરી છે. એ કારણે તેમને અભિનન્દન આપવા માટે તા. ૮-૨-૮૦ના રોજ "પ્રેમળ જ્યોતિ"ના કાર્યકર ભાઈબહેનો તરફથી એક મિલન યોજવામાં આવ્યું હતું, ત્યારે સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ, મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ અને અન્ય થોડાક મિત્રોની હાજરી વચ્ચે તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું અને તેમને અભિનન્દન આપવામાં આવ્યા. આ મિલનમાં શ્રીયુત ચીમનભાઈએ પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિને વધારે વિકસાવવી જોઈએ તેને લગતું તેમ જ બહેનો વધારે સારી રીતે કઈ રીતે કામ કરી શકે તેને લગતું સુંદર તેમ જ સચોટ માર્ગદર્શન આપ્યું હતું અને અત્યારે પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ જે રીતે ચાલે છે એ વિષે પોતાનો સંતોષ વ્યકત કર્યો હતો અને આ પ્રવૃત્તિનો ખૂબ જ વિકાસ કરવા માટે અનુરોધ કર્યો હતો.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ



શ્રી ચીમનભાઇ ચકુભાઇના ૭૯મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે યોજાયેલા સ્નેહમિલનમાં ડાબી બાજુથી શ્રી ગિધુભાઇ કોટક, શ્રી રસિકભાઇ ઝવેરી, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઇ અને મિલનના પ્રમુખ શ્રી તુલસીદાસ વિશ્રામ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો ૭૯ મા વર્ષમાં પ્રવેશ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ અને જાણીતા તત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ૭૮ વર્ષ પૂરા કરી તા. ૧૧-૩-૮૦ ના રોજ ૭૯મા વર્ષમાં પ્રવેશ કર્યો, તેના અનુસંધાનમાં તેમને દીર્ઘાયુ ઈચ્છવા માટે મિત્રો તરફથી ચોપાટી ઉપર આવેલ બિરલા ક્રીડા કેન્દ્રના ઉપવનમાં શ્રી તુલસીદાસભાઈ વિશ્રામના પ્રમુખપણા નીચે એક મિલન યોજવામાં આવ્યુ હતું, તેમાં તેમના પ્રત્યે આદર ધરાવતા એવા લેખકો-સાહિત્યકારો તેમ જ શાલસોદાગરોની ઉપસ્થિતિ રહી હતી.

પ્રથમ, શ્રીમતી ધીરજબહેન દાદભાવાવાળાએ પ્રાર્થના – ગીત ગાયું હતું અને શ્રી ચીમનલાલ જે. શાહે શુભેચ્છા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

સભાની શરૂઆત થતાં **ડા. કે. એન. કામદારે** કહ્યું કે:

ચીમનભાઈ કેટલાય વિદ્યાર્થીઓના માતા-પિતા સમાન છે. પોતાનો જ દાખલો ટાંકતા તેમણે કહ્યું કે મારી એટલી બધી આર્થિક રીતે સામાન્ય સ્થિતિ હતી કે મેટ્રીકથી આગળ અભ્યાસ કરી શકું તેવી કોઈ શકયતા નહોતી, પરંતુ ૧૯૪૨માં તેમણે મારો હાથ પકડયો અને વાર્ષિક રૂા. ૧૦૦ મને આપવા કહ્યું, એ કારણે હું મોટો ડૉકટર બની શકયો- આ રીતે સૌથી મોટું દાન વિદ્યાદાન છે. ચીમનભાઈનું સન્માન એ સમગ્ર સમાજનું સન્માન છે.

શ્રી ગણપતભાઇ ઝવેરી, ચીમનભાઈનો જન્મ વસંતઋતુમાં થયો છે, એટલે આજે વસંતોત્સવ છે. તેઓ ૭૯ વર્ષે પણ સતેજ સ્મરણશકિત- કુશાગ્ર બુધ્ધિ ધરાવે છે. તેમનું નિત્યજીવન નિયમિત, સુવાચ્ય, નિર્મળ, સાદું, સરળ છે. વિચારમાં જીવનકર્તવ્યપરાયણ અને આમ્રવૃક્ષ જેવા તેમ જ સ્થિતપ્રજ્ઞ છે. નિષ્કામ કર્મ કરનારે સો વર્ષ જીવવું જોઈએ, એ વાત તેમને લાગુ પડે છે.

શ્રી તુલસીદાસ વિશ્રામ: સ્નેહને શબ્દોમાં વ્યકત નથી કરી શકાતો, આવા સમારંભો એ વ્યકિતની ઓળખ માટેના પ્રસંગો હોય છે. ચીમનભાઈને જેમણે નજીકથી જોયા છે તે સદભાગી વ્યકિતઓ છે. સ્નેહમાંથી જે સત્ય ઉત્પન્ન થાય છે તે સમાજમાં ફેલાય છે. અસત્યને સહન કરે તે સાચો સમાજસેવક નથી. અસત્ય-અન્યાયની સામે પુણ્યપ્રકોપ એ પણ એક પદાર્પણ છે. આવા સાચા સમાજ-સેવકો અંધારામાં પ્રકાશ સમા છે. કોઈ નવયુવાન તેની પત્નીને ચાહે, એવી મોટા વર્ગના મિત્રોની તેમની તરફ ચાહના છે. હવેનું તેમનું જીવન સમાજ માટે જ છે.

શ્રી રમણીકભાઈ કોઠારી : ચીમનભાઈ સમગ્ર સમાજના સુત્રધાર અને સુકાની છે. પહેલ પાડેલા હીરા જેવા છે. સેવાના ક્ષેત્રે તેમના વિવિધ રંગોના દર્શન થાય છે. અને તેઓ હીરાપારખુ પણ છે. કાર્યકરોની એવી પરખ કરે કે અનેકવિધ ક્ષેત્રે કામ કરતા હોવા છતાં પોતે હંમેશા હળવા ફૂલ રહી શકે છે. કૃષ્ણના પ્રતીકો, બંસરી અને સુદર્શન ચક્ર બન્ને છે, તેમ હકુમતમાં ગરમ અને અંગત વ્યવહારમાં નરમ–મૃદુ એવા ચીમનભાઈ સમાજની વધારે સેવા માટે સો વર્ષનું આયુષ્ય ભોગવે.

શ્રી સુરેશ દલાલ : ઈશ્વર કંઈક માંગવાનું કહે તો ચીમનભાઈ જેવી સ્વસ્થતા માગું, તેમના વાકયો શબ્દોથી નથી બનતા, પરંતુ વિચારોથી બને છે. વિચારોનું કૌવત તેમનામાં છે. પોતાને જે લાગે તે પ્રમાણે સાચું કહેવાની તેમનામાં દઢતા છે. તેમના શરીરને ૭૯ વર્ષ થયા છે પરંતુ બૌધિકતાને કદાચ બે હજાર વર્ષ થયા હશે. બુદ્ધ અને મહાવીરમાંથી તેમને પ્રેરણા મળી હશે એમ માની શકાય.

શ્રી હરીન્દ્ર દવે: શ્રીયુત ચીમનભાઈ, સી. સી. શાહ નામની બે વ્યકિતઓના નામના ગોટાળાને કારણે દિલ્હીની કેબીનેટમાં જતા રહી ગયા. પરંતુ રાજકારણમાં આજે જે ચાલી રહ્યું છે તેમાં કામ કરવું તેમના માટે મુશ્કેલ બનત અને આપણો સમાજ નેતાવિહોણો રહેત. એ ભૂલ, આપણા સમાજ માટે તો આશિર્વાદરૂપ નીવડી ગણાય: જે થાય તે સારા માટે.

શ્રી મનુભાઈ મહેતા : જીભની વાણી કરતા મૌનની વાણી વધારે અસરકારક હોય છે. ચીમનભાઈ સો વર્ષનું આયુષ્ય ભોગવે એમ તો સૌએ કહ્યું, પરંતુ એ દરમિયાન તેમના બધા અંગો કાર્યરત રહે અને સારી તંદુરસ્તી ભોગવે તેમ જ જ્ઞાનનો પ્રવાહ વહેવરાવતા રહે.

મોહનલાલ મહેતા (સોપાન): માણસ કેટલું જીવે છે તે મહત્ત્વનું નથી, પરંતુ કેવી રીતે જીવે છે તેનું મહત્વ છે. તેમનામાં તેજસ્વીતા છે, ચેતના છે, વિચારની સ્વસ્થતા છે. તેમના લખાણમાંથી બીજો અર્થ તારવી ન શકાય એટલી લખાણની સચોટતા હોય છે. તેઓ ભૂલની કબુલાત પણ કરી શકે, પ્રહાર પણ અને પ્રશંસા પણ કરી શકે છે. મારી પુરોગામી વ્યકિતઓ બોલી ગઈ તેમાં બધું જ આવી

જાય છે, તેની નીચે હું લીટી દોરીને સહી કરું છું.

પ્રો. તારાબહેન શાહ : જે વ્યકિત દયા પાળે, અહિંસા પાળે, લોકકલ્યાણના કામ કરે તે લાંબુ જીવે, શાસ્ત્રો એમ કહે છે. ચિત્તની સાચી પ્રસન્નતા પણ લોકકલ્યાણના કામમાંથી આવે છે. તેઓ મારા માટે તેમ જ મારા પતિ માટે તો પિતા સમાન છે. અમો તેમના સંતાન થવાને લાયક બની શકીએ એવી પ્રભુને પ્રાર્થના.

શ્રી કંચનલાલ તલસાણીયા : તેમણે ભાવપૂર્ણ તેમજ અર્થ સભર સ્વરચિત કાવ્યનું વાંચન કર્યું.

શ્રી. પ્રતાપભાઈ ગાંધી : તેઓએ પણ ચીમનલાલ ચકુભાઈ શાહના નામના એક એક અક્ષર લઈને તેના અનુસંધાનમાં નાનું એવું સ્વરચિત કાવ્ય વાંચી રાંભળાવ્યું હતું.

અહીં અનેક વ્યકિતઓ અને સંસ્થાઓએ શ્રી ચીમનભાઈનું ચંદનમાળા અને પુષ્પમાળાથી સન્માન કર્યું હતું.

શ્રી ચીમનભાઈની અંતરખોજ

ત્યારબાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે હૃદયના આર્દ્રભાવ સાથે બોલતા જણાવ્યું કે :

લોકોની ચાહના મેળવવી હોય તો બે ગુણ માણસે કેળવવા પડે, એક તો નમ્રતા અને બીજો અંતરની સચ્ચાઈ. આ બે વાત મેં હંમેશા ધ્યાનમાં રાખી છે. જીવનમાં જે સમયે જે કંઈ થાય તેનો હરખશોક કર્યા વિના મેં હંમેશા સ્વીકારી લીધું છે. મેં હંમેશા જોયું છે કે પ્રારંભમાં જે કાંઈ કડવું લાગ્યું હોય તેનું પણ આખરી પરિણામ તો સુખદ જ આવતું હોય છે.

મારામાં ઉષ્માનો અભાવ છે તે હું સ્વીકારું છું, પરંતુ અંતરની સચ્ચાઈ છે તેની છાપ પડે છે.

મેં ક્યારેય કોઈને ઈરાદાપૂર્વક મીસગાઈડ કરવાનો પ્રયત્ન કર્યો નથી.

મારી પ્રેરણામૂર્તિઓ સોક્રેટીસ, શ્રીમદ રાજચંદ અને ગાંધીજી છે. મારું વાંચન પણ વિશાળ નથી પરંતુ મનન-ચિન્તન વધારે છે. મારા વિચારો સેટ છે.

માનવસહજ વધી જ નિર્બળતાઓ મારામાં છે, એ પ્રત્યે હું પૂરો જાગ્રત છું.

આજે ૭૯માં વર્ષે હું જ્યારે મારાં વિતેલાં વર્ષો પર નજર કરું છું ત્યારે મને કશાનો રંજ થતો નથી, કશાનો મને વસવસો નથી, કશા માટેના અરમાન નથી. આ ક્ષણે પણ મૃત્યુ આવે તો મને કશાનું દુ:ખ નહિ રહે. કોઈ આદર્યા અધૂરા રહે એવો ભય નથી. કંઈ જ અધૂરું રહેતું નથી.

છેવટે ગળગળા થઈને તેમણે કહ્યું કે આટલા બધા મિત્રોના મારા પ્રત્યેના અંતરના પ્રેમના દર્શન કરું છું ત્યારે મારી જાતને હું અહોભાગ્ય માનું છું. આનો કયા શબ્દોમાં ઉપકાર માનું તે મને સમજાતું નથી. સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

છેવટે શ્રી ચીમનલાલ જે. શાહે સી. સી.ના અંગત જીવનની, મોટા માણસની નાની વાતો કરી હતી અને સરયૂબહેન શાહે "નૂતન વર્ષના અભિનંદન" ભાવપૂર્ણ રીતે ગાયું, સૌના હૃદયને ડોલાવ્યા અને ત્યાર બાદ મિષ્ટ ભોજનને ન્યાય આપ્યા બાદ મિલનની સમાપ્તિ થઈ હતી.

–શાંતિલાલ ટી. શેઠ

આવો – આપનો પવિત્ર પ્રેમ વરસાવો અને "પ્રેમળ જ્યોતિ" ના દીવડા પ્રગટાવો

સંઘ સંચાલિત પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ હવે વેગ પકડી રહી છે. તેનું કારણ એ છે કે આ પ્રવૃત્તિને શ્રીમતી નીરૂબહેન તથા સહાધ્યાયી તરીકે સેવા ક્ષેત્રે જેમનું લક્ષ્ય છે એવા શ્રી કમલબહેન પીસપાટી (એસ.ઈ.એમ.) તેમ જ કામ કરવાની ધગશવાળા અન્ય બહેનોનો સહકાર સાંપડયો છે.

જ્યાં શુદ્ધ સેવાભાવથી તેમજ આત્મીયતાથી દૃષ્ટિપૂર્વક કામ થતું હોય ત્યાં નાણાં તો મળી જ રહે છે. આ પ્રવૃત્તિને પણ આપણા શુભેચ્છકો એવા શ્રીમાનોનો સારો ટેકો સાંપડયો છે.

દરેક પ્રવૃત્તિનો વ્યાપ વધે તેમ તેને વધારે નાણાંની જરૂર પડે. માટે અપીલ કરવામાં આવે છે કે, પોતાના દાનનો પાઈએ પાઈનો સદુપયોગ ઈચ્છતી હોય એવી વ્યકિતઓ "પ્રેમળ જ્યોતિને" દાન આપે.

પ્રેમળ જ્યોતિના કાર્યકર બહેનો હોસ્પિટલોના જનરલ વોર્ડમાં જાય છે અને ખરી જરૂરિયાતવાળી વ્યકિતઓને ટાણાના સમયે ઉપયોગી બને છે. દર્દીઓને દવા, ઈંજેકશનો, ફ્રૂટ, રોકડ આર્થિક મદદ પણ કરે છે. અન્ય જગ્યાએ જઈને પણ અસહાય વ્યકિતઓને મદદ કરે છે.

આ કામમાં વર્ષે લગભગ ૨૧ હજાર રૂપિયા ખર્ચાય છે. હવે વધારે રકમની જરૂર રહેશે.

બાળકોને દત્તક લેવામાં આવે છે. તેમને સ્કૂલનો યુનિફોર્મ, પુસ્તકો, એકસરસાઈઝ બુકો તેમ જ સ્કૂલ-ફી આપવામાં આવે છે. અને રૂપિયા ચારસો આપે તેમના તરફથી એક બાળકની એક વર્ષ માટે અને રૂપિયા ચાર હજાર આપે તેમના તરફથી એ રકમના વ્યાજમાંથી એક બાળકને વર્ષો સુધી ઉપર જણાવી તેવી મદદ આપવામાં આવે છે.

આજે ગરીબીનું પ્રમાણ વ્યાપક છે અને મોંઘવારીએ પણ માઝા મૂકી છે. એટલે જેટલા નાણાં વધારે મળે તેટલા વધારે કુટુંબોને મદદરૂપ થઈ શકાય અને તેમના આશિર્વાદ મેળવી શકાય. તો ઉપર દર્શાવ્યું તેમ–

○ આપ ચાર હજાર રૂપિયા મોકલી વર્ષો સુધી એક બાળકનો જીવનદીપ પ્રગટાવી શકો.

○ આપ ચારસો રૂપિયા મોકલી એક વર્ષ માટે એક અસહાય બાળકને સરસ્વતીની ઉપાસના કરાવવાને લગતું પૂણ્ય મેળવી શકો.

○ આપને ત્યાં ચાંદલા હોય, લગ્ન હોય કે કોઈ ખુશાલીનો પ્રસંગ હોય–ત્યારે પ્રેમળ જ્યોતિને સારી રકમનું પ્રદાન કરી શકો.

○ સ્વજનના મૃત્યુ બાદ પણ તેમની પાછળ સારી રકમનું દાન કરીને તેમના આત્માને શાંતિ બક્ષી શકો.

○ આપ કોઈ ટ્રસ્ટના ટ્રસ્ટી કે હોદ્દેદાર હો તો, તે ટ્રસ્ટમાંથી પણ આ પ્રવૃત્તિ માટે સારી રકમનું દાન આપાવી શકો.

આ પ્રવૃત્તિ આપને ગમતી હોય તો, આપ તેમાં રસ લ્યો તેમ જ પોતાની જાતની સેવા આપો. જ્યાં રહેતા હો તે ચાલી કે એપાર્ટમેન્ટમાં તેનો પ્રચાર કરો અને સારી રકમ મેળવીને મોકલી આપો.

જ્યાં આપનું વ્યવસાયનું ક્ષેત્ર હોય ત્યાં તો આપ એ બજારના વ્યાપારીઓને સરળતાથી આ પ્રવૃત્તિની વાત ગળે ઉતરાવી શકો અને આપ આપના બજારમાંથી પણ માતબર રકમ આ પ્રવૃત્તિ માટે મેળવી શકો.

કોઈ મિલવાળા કે કાપડના હોલસેલર સાથે આપનો સંપર્ક હોય તો ચાડલા તેમ જ કાપડના તાકા પણ તેમની પાસેથી ભેટ તરીકે મેળવી શકો. બહેનો પણ તેમના પતિનો સહકાર મેળવીને તેમના વ્યવસાયના ક્ષેત્રમાંથી મોટાં દાનો મેળવી શકે. દૃઢ સંકલ્પનો જ સવાલ છે.

દાન આપનારને તો આશીર્વાદ મળે જ પરંતુ તેમાં નિમિત્ત બનનાર–આપ પણ તેમાં અવશ્ય સહભાગી ગણાવ. એક જાગૃત માણસ તરીકે પણ અન્યના દુ:ખનિવારણમાં સહભાગી થવું તે આપણી પવિત્ર ફરજ બની રહે છે.

ખાવું–પીવું અને આનંદ–પ્રમોદ કરવો એ તો સહુ કરી શકે છે. પોતાના કુટુંબ માટે પણ સહુ ઉપયોગી બનતા હોય છે, પરંતુ ખરી માનવતા તો એ છે કે જ્યારે આપણે અન્યને પણ આપણો સ્નેહ આપીને ઉપયોગી થઈએ. દરેક પ્રત્યે અંતરના ઊંડાણપૂર્વકનો પ્રેમ વરસાવીએ. આવા કામ માટે તાજગીભરી મસ્તી જોઈએ–દૃષ્ટિ જોઈએ. અને આવા કામો કર્યા બાદ જીવનમાં આનંદ આનંદ વ્યાપી જાય–નિજાનંદ માણી શકાય. આ બધું અનુભવ કરવાથી જ સમજાય અને તેની મોજ માણી શકાય–અન્યથા નહિ.

તો આપને અમારું પ્રેમપૂર્વકનું હાર્દિક નિમંત્રણ છે કે આવો–અમારી આ પ્રવૃત્તિમાં આપ, તન–મન અને ધનથી સહભાગી થાવ. આપના યોગદાનની અમે પ્રતિક્ષા કરીએ છીએ.

આ વાંચીને તુરત જ નાનો એવો પણ દૃઢ સંકલ્પ કરો, અને સો સંકલ્પને હમણા જ અમલમાં મૂકો.

આપના પ્રેમના પ્રવાહરૂપી 'ઘૃત' અમારા 'પ્રેમળ જ્યોતિ'ના દિવડાને પ્રજ્વલિત રાખવામાં ખૂબ ખૂબ ઉપયોગી બનશે એવી પૂર્ણ શ્રદ્ધા અમો સેવીએ છીએ. આપનો આભાર.

○ પ્રત્યેક વ્યકિતમાં પરમાત્મા છે અને આ કામ આપણે અનાસકત ભાવે કરવાનું છે.

○ દિન-દુ:ખીયાની સહાય એટલે આપણા જ ચિત્તની શુદ્ધિ.

○ આચરણ એ જ દીવો છે.

શાંતિલાલ ટી. શેઠ.
કાર્યાલયમંત્રી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ પીપલ પ્રેસ, સેટ, મુંબઈ ૪૦૦ ૦૦૨.

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ એપ્રિલ, ૧૯૮૦ મંગળવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પ્રાસિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

કઈ દિશામાં ?

લોકસભાની ચૂંટણીને લગભગ ત્રણ મહિના થયા – આ ટૂંકા ગાળામાં કેટલાય એવા બનાવો બન્યા છે જેથી એમ પ્રશ્ન થાય છે કે દેશનું નાવ કઈ દિશામાં જઈ રહ્યું છે ? નિયતિના કોઈ અટલ અને અકળ નિયમાનુસાર જે દિશામાં દેશ ધસી રહ્યો છે તેને અટકાવવા કોઈ સમર્થ હોય તેમ લાગતું નથી. આવા કેટલાક બનાવોની અહીં સમીક્ષા કરું છું ત્યારે ઈન્દિરા કોંગ્રેસ કે ઈન્દિરા ગાંધીની સરકારને દોષ દેવાના ઈરાદે નથી કરતો. આ પરિસ્થિતિ માટે બધા રાજકીય પક્ષો અને એક રીતે આપણે સૌ જવાબદાર છીએ.

પહેલાં, પ્રમાણમાં એક નાનો પણ સૂચક બનાવ લઈએ. કેન્દ્રના ગૃહખાતાએ એક સરક્યુલરથી શાહપંચના અહેવાલની બધી નકલો વેચાણમાંથી પાછી ખેંચી લીધી છે અને જ્યાં હોય ત્યાંથી સરકારને હવાલે કરવા આજ્ઞા કરી છે. કયા કાયદાના આધારે આવી આજ્ઞા કરી છે ? શાહપંચનો અહેવાલ અધિકૃત સરકારી પ્રકાશન છે. પાર્લામેન્ટ સમક્ષ રજૂ થયેલ છે. સરકારે કમિશન ઓફ ઈન્કવાયરી ઍક્ટ મુજબ રચેલ એ પંચ હતું. તેણે જાહેરમાં બધી તપાસ કરી છે. એ અહેવાલની હકીકતો કે નિર્ણયો ભૂલભરેલા હોય તો લાગતીવળગતી વ્યકિતને તેનો જવાબ આપવાનો અધિકાર છે. પણ તેનું વેચાણ અટકાવવાનો સરકારને કયા કાયદાને આધારે અધિકાર મળે છે ? બલ્કે, સરકારનું આ પગલું કાયદા વિરુદ્ધ છે.

હવે, આ અહેવાલ વેચાણમાંથી પાછો ખેંચી લેવાનો હેતુ શું છે ? તેની હજારો નકલો દેશ વિદેશમાં વેચાઈ છે, વહેંચાઈ છે. શું તે બધી પાછી મંગાવી શકાશે ? છાબડે ઢાંકયો સૂરજ રહેશે ? શાહપંચના અહેવાલના જ આધારે થયેલ ઘણાં કેસો પાછા ખેંચાયા છે, કેટલાક રદ થયા છે. શાહપંચે વખોડેલ કેટલાક કૃત્યોનું ફરી સમર્થન થયું છે. શાહપંચે દોષિત ઠરાવેલ વ્યકિતઓ ફરી સત્તાસ્થાને આવેલ છે. આ બધું ઠીક છે, પણ અહેવાલનું વેચાણ અટકાવીને શું હેતુ સિદ્ધ થવાનો છે ? હવે વેચાણ થવાનું પણ કેટલું ? આ અહેવાલની સારી પેઠે વગોવણી, કેફદી અને અવહેલના થઈ છે. છતાં હજી તેનો કોઈ ભય છે ? શાહપંચનો અહેવાલ પ્રકટ થયો ત્યારે ઈન્દિરા ગાંધીના કેટલાક સમર્થકોએ તેની હોળી કરી હતી અથવા ફાડી નાખ્યા હતા. સરમુખત્યારી દેશોમાં એવું બને છે. વાણીસ્વાતંત્ર્ય હજી આ દેશમાંથી નાબૂદ થયું નથી, પણ એ દિશાનું આ પગલું છે.

બીજો બનાવ, નવ રાજ્યોની ધારાસભાઓનું વિસર્જન કરતા રાષ્ટ્રપતિના જાહેરનામાઓ બે મહિનામાં સંસદના બન્ને ગૃહોમાં મંજૂર થવા જોઈએ. લોકસભામાં મંજૂર થશે જ એમ ખાત્રી હતી પણ રાજ્યસભામાં શાસક પક્ષને બહુમતી ન હતી અને ત્યાં મંજૂર નહિ જ થાય એમ ખાત્રીપૂર્વક કહેવામાં આવતું. તેમ થાય તો શું પરિણામ આવે તેની ગણતરી પણ થતી. રાજ્યસભાનું આ સત્ર શરૂ થયું ત્યારે શાસક પક્ષને રાજ્ય સભામાં ૬૫ મત હતા. વિરોધ પક્ષોને ઘણાં વધારે હતા. છતાં શાસક પક્ષે વિશ્વાસપૂર્વક આ જાહેરનામાઓ રાજ્ય સભામાં મંજૂરી માટે રજૂ કર્યા. મતદાનને દિવસે, શાસક પક્ષની સભ્યસંખ્યા ૬૫ માંથી ૧૦૧ થઈ અને મતદાનમાં, તરફેણમાં ૧૨૦ મત મળ્યા અને ૯૬ વિરોધમાં પડયાં. આ જાદુ કેવી રીતે બન્યો ? પક્ષાંતર થયું એ તો દેખીતું છે. શાસક પક્ષ તેના વિજય માટે ગૌરવ લઈ શકે. કહેવાતા કેટલાક વિરોધ પક્ષો, ટ્રમુક અને મુસ્લિમ લીગે, ટેકો આપ્યો. કેટલાક કહેવાતા અપક્ષ સભ્યોએ ટેકો આપ્યો. સૌથી અજાયબ વાત, વિરોધ પક્ષના કેટલાક સભ્યો ગેરહાજર રહ્યા અથવા રખાયા. કોઈ લાજ–શરમ ખરી ?

રાજ્યસભાની લગભગ ૭૧ બેઠક ખાલી પડી છે. ૧૬ બેઠકની ચૂંટણી થઈ તેમાં ૧૦ બેઠક શાસક પક્ષને મળી. હવે નવ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી થશે. તેમાં ધારવા પ્રમાણે ઈન્દિરા કોંગ્રેસને બહુમતિ મળશે. પછી તે રાજ્યોની રાજ્યસભાની બેઠકોની ચૂંટણી થશે. તેમાં ઈન્દિરા કોંગ્રેસને બહુમતિ મળશે. પરિણામે સંભવ છે, રાજ્યસભામાં પણ શાસક પક્ષની; લોકસભા પેઠે, બે તૃતીયાંશ બહુમતિ થઈ જાય. હજી પક્ષાંતરનો રોગ તો ચાલુ છે. તેમ થતાં, કોઈ પણ બંધારણીય ફેરફાર માટે માર્ગ મોકળો થશે.

વિરોધ પક્ષો – લોકદળ અને જનતા પક્ષ – ની શરમજનક અવગતિ અને વિસર્જન ચાલુ છે. જગજીવનરામ પોતાની જાતને સાચો જનતા પક્ષ કહે છે. જનસંઘ જુદો થઈ જનતા પરિષદ કે એવું કાંઈ નવું નામ ધારણ કરશે. લોકદળને તોડવા રાજનારાયણ અને મધુ લીમયે કટીબદ્ધ છે. ટૂંકામાં, વિરોધ પક્ષ જેવું સંસદમાં અને કદાચ કેટલાક રાજ્યોમાં રહેશે જ નહિ. કેન્દ્રમાં અને રાજ્યોમાં એક પક્ષનું રાજ્ય થશે. ઘણાં વર્ષ સુધી કોંગ્રેસનું એવી રીતે હતું. પણ કોંગ્રેસમાં આંતરિક લોકશાહી હતી અને વિરોધ પક્ષોને – જે હતા તે – ખતમ કરવાનો કોઈ પ્રયત્ન ન હતો. ટૂંકામાં, જવાહરલાલના પ્રભાવથી કોંગ્રેસ સત્તામાં રહી પણ જવાહરલાલે, લોકશાહી બળોને – કોંગ્રેસમાં અને વિરોધમાં – સમર્થન કર્યું. તેમની પુત્રીની પ્રકૃત્તિ જુદી છે. તેમના પુત્રની એથી પણ જુદી છે. તેમના પક્ષના વર્તમાન લોકસભાના સભ્યો પણ જુદા પ્રકારના છે. પરિણામે, સંસદીય લોકશાહી ટકે તો કેવું સ્વરૂપ લે છે એ જોવાનું રહે છે. આપણો દેશ અને પ્રજા સંસદીય લોકશાહીને પાત્ર નથી અથવા એવી લોકશાહી પદ્ધતિથી દેશનો આર્થિક વિકાસ ઝડપથી શકય નથી એવું માનવાવાળા અને તેની હિમાયત કરવાવાળા હવે ઠીક સંખ્યામાં તૈયાર થતા જાય છે. તેમને મન, સબળ નેતૃત્વ અને સબળ કેન્દ્ર સરકાર વધારે જરૂરી છે અને તેમ કરવા જતાં લોકશાહી ન રહે તો તેની ચિંતા કરવાની જરૂર નથી. સંભવ છે, પરિણામે, કટોકટી જાહેર કર્યા વિના, હકીકતમાં કટોકટીના બધા લક્ષણો અમલમાં આવે.

આ બધું છતાં, જો આર્થિક ક્ષેત્રે અને કાયદો તથા વ્યવસ્થાના ક્ષેત્રે સુધારો થયો હોત તો કાંઈક આશ્વાસન લઈ શકાત. પણ બન્ને ક્ષેત્રે અત્યારે તો પરિસ્થિતિ વણસતી રહી છે. હકીકતમાં, ઈન્દિરા ગાંધીનું બધું લક્ષ અત્યારે કેન્દ્ર અને સર્વ રાજ્યોમાં પોતાની સત્તા દઢ કરવા ઉપર રહ્યું છે. કોઈ નવી આર્થિક નીતિનું દર્શન થતું નથી. બજેટ વખતે થાય તો જુદી વાત છે. મોંઘવારી અને ફુગાવો વેગથી વધી રહ્યા છે. સાથે, આવશ્યક ચીજ વસ્તુઓની અછત વધતી રહી છે.

સરકારી નોકરો અને અમલદારોમાં તથા પોલીસના અધિકારીઓમાં મોટા પાયે ફેરફારો ચાલુ છે. રાષ્ટ્રપતિ શાસન નીચેના રાજ્યોમાં એવા ફેરફારો કરવા માગણીઓ થઈ છે. બધે વફાદારો મૂકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. પરિણામે વફાદારી વધે છે કે ભય વધે છે તે જોવાનું રહે છે.

નવ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી હવે જલદી થશે. કોને મત આપવો તેની ખરેખર વિમાસણ પ્રજા અનુભવશે. લોક-

સભાની ચૂંટણી વખતે જનતા પક્ષને મત આપવા કહી શકાયું, હવે એ પણ કહી શકાય તેમ નથી.

પૂર્વાંચલમાં અને ખાસ કરી આસામ – બંગાળ-ની પરિસ્થિતિ સ્ફોટક થતી જાય છે. આસામીઓ તેલ અને કેરોસીનની નિકાસ અટકાવે છે. બંગાલની ઈન્દિરા કૉંગ્રેસની યુવા સમિતિ આસામમાં જીવનજરૂરિયાતની વસ્તુઓ જવા ઉપર નાકાબંધી કરે છે અને અથડામણ થાય છે.

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ કાંઈક હળવી બની છે અથવા કોઠે પડી છે. અફઘાનિસ્તાન ઉપરના રશિયન આક્રમણ પ્રત્યેના વિરોધની તીવ્રતા કાંઈક ઓછી થઈ છે. ઈરાનમાં, અમેરિકન બાન– ૫૦ વ્યક્તિઓ – ની છૂટવાની આશા ઓછી થઈ છે. શાહને ઈજીપ્તે આશ્રય આપ્યો છે. કાર્ટર ખૂબ મૂંઝાયેલ છે.

બનાવો બન્યે જાય છે. એમ જ કહેવું પડે કે,

यद् भावि, तद् भविष्यति.

– ચીમનલાલ ચકુભાઇ

મહાવીર – સંદેશ

ચૈત્ર સુદિ તેરસ–૨૯મી માર્ચ, ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિન છે. મહાપુરુષોનો જન્મ, જગત્ માટે કલ્યાણકારી હોય છે.

ભગવાન મહાવીરના સંદેશનું હાર્દ એક વાક્યમાં કહેવું હોય તો, आत्मवत् सर्वभूतेषु, स यः पश्यति पश्यतिः સર્વ જીવ Every sentient Being પ્રત્યે આત્મવત્ પોતાના સમાન જે જુએ છે, અંતઃચક્ષુથી, તે જ સાચું જુએ છે, બીજા અંધ છે, અંતઃચક્ષુથી. માત્ર માનવી પ્રત્યે નહિ, પણ કીડી અને કીટકથી માંડી દરેક જીવ પ્રત્યે. મહાવીરની એ વિશેષતા હતી કે ૨૫૦૦ વર્ષ પૂર્વે જ્યારે આજના વિજ્ઞાનના સાધનો ન હતા ત્યારે તેમણે આત્મદર્શનથી જોયું કે, પૃથ્વી, પાણી વાયુ, અગ્નિ અને વનસ્પતિ સર્વ જીવસભર છે. પ્રત્યેક જીવ, સત્તાએ કરી (Potentially) સમાન છે. વિકાસની દૃષ્ટિએ મનુષ્ય સૌથી વિકસીત જીવ છે, પણ દરેક જીવ એવા વિકાસનો અધિકારી છે. જીવ ચોરાસી લક્ષ જીવયોનિમાં પરિભ્રમણ કરે, પોતાના કર્મ પ્રમાણે, મનુષ્યજીવ દુર્લભ છે. પણ તેમાંથી અન્ય નીચલી - યોનિમાં સરી જતા વાર ન લાગે. મહાવીરના દર્શનમાં Unity of life જીવનની એકરૂપતા છે. બીજા કોઈ ધર્મે જીવનની આવી સૂક્ષ્મતા અને એકતા નિહાળી નથી. અથવા તેને ધર્મમાં કેન્દ્ર સ્થાને સ્થાપી નથી. બીજા ધર્મો મુખ્યત્વે માનવ ધર્મો છે. માનવી પૂરતા સીમિત રહ્યા છે. માણસ એમ માનતો થયો છે કે મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ તેના સુખ માટે નભે છે. તેથી મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ પ્રત્યે આદર, અને કરૂણા જોઈએ તેટલી નથી. વર્તમાનમાં, ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર એક એવા ચિન્તક હતા કે, જેમણે જીવનની આવી એકરૂપતા જાણી અને તેથી, જીવમાત્ર પ્રત્યે આદર Reverence for life સિદ્ધાંતને નૈતિક વર્તનના પાયાના સિદ્ધાંત તરીકે તેમણે સ્વીકાર્યો.

મહાવીરનો ધર્મ અહિંસાધર્મ - પરમધર્મ કહેવાય છે. તેનો તાત્ત્વિક ઉદ્‌ગમ, સર્વ જીવની સમાનતાના સિદ્ધાંતમાંથી છે. સર્વ જીવ સમાન છે એમ સ્વીકારીયે તો કોઈ જીવ પ્રત્યે હિંસા થાય નહિ. માટે અહિંસા પરમ ધર્મ છે. મહાવીરે અહિંસાને માનવી પૂરતી સીમિત રાખી નથી, સકલ જીવસૃષ્ટિ સુધી વ્યાપક બનાવી છે.

આવો સિદ્ધાંત સ્વીકારીને મહાવીરે જે ક્રાન્તિ કરી તે સમજવા જેવી છે. હિન્દુ સમાજ, અસમાનતાની ભૂમિકા ઉપર રચાયેલો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, તેમાં ઉચ્ચનીચના ભેદ છે. આ ઉચ્ચનીચનો ભાવ હિન્દુ સમાજમાં હાડોહાડ વ્યાપેલો છે. અને આ ભેદ, જૈન્મગત છે અને ધર્મસંમત છે એવું બ્રાહ્મણોએ ઠસાવ્યું છે. વેદાંતનું તત્ત્વદર્શન અને આવ સામાજિક રચના પરસ્પરવિરોધી છે. આટલું ઉચ્ચ તત્ત્વજ્ઞાન જે દેશોમાં હતું અને છે, તેનો સમાજ આટલી અધોગતિને કેમ પામ્યો તે ઐતિહાસિક સમસ્યાનું રહસ્ય આ વિરોધમાંથી મળે છે. કિશોરીલાલ મશરૂવાળાએ કહ્યું છે, આ સામાજિક અસમાનતાની ભાવનાથી હિન્દુ સમાજને લંડકનું કેન્સર લાગુ પડ્યું, તેના ગાત્રો ગળી ગયાં. તેનું તત્ત્વજ્ઞાન શુષ્ક જ્ઞાન રહ્યું. વ્યવહારમાં માનવ–માનવ વચ્ચે ઊંડી ખાઈ પડી.

મહાવીરે એક ઝટકે આ ભેદનો છેદ કર્યો. મહાવીરના ધર્મમાં જાતિ, જ્ઞાતિ, જન્મના કારણે કોઈ ઉચ્ચ નથી, કોઈ નીચ નથી. સર્વ પોતાના કર્મથી ઉચ્ચનીચ થાય છે. મહાવીરના સંઘમાં ચાંડાળ, મુનિ બને. સર્વ વર્ણના, સર્વ જાતિના, સમાન ભાવે, મહાવીરના અનુયાયી બને, જન્મથી નહિ, કર્મથી જૈન થવાય છે.

* * *

મહાવીરના આ સિદ્ધાંતનું બીજું પરિણામ એ આવ્યું કે યજ્ઞયાગમાં પશુહિંસા થતી તેનો મહાવીરે વિરોધ કર્યો. તેને અધર્મ કહ્યો. માંસાહાર સર્વથા વર્જ્ય ગણ્યો.

મહાવીરે કરેલ આ ક્રાન્તિ વ્યાપક બની ન શકી. બ્રાહ્મણોનું વર્ચસ્વ અને તેની બુદ્ધિકુશળતા એટલા બધા પ્રબળ હતા કે તેનો પ્રભાવ ઓછો કરી ન શક્યા. જૈનોએ પણ જ્ઞાતિજાતિના ભેદ અને વ્યવહારમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ સ્વીકાર્યું. જૈન, ધર્મથી જૈન રહ્યો, વ્યવહારથી હિન્દુ થયો. જૈન સાધુઓમાં પણ આ ભેદની અસર રહી છે. સર્વ વર્ણ અને જાતિના સ્ત્રી-પુરુષો, જૈન સાધુ–સાધ્વી થયા છે. છતાં તેમના વ્યવહારમાં આ ભેદ સૂક્ષ્મપણે રહ્યો છે. શ્રાવકવર્ગમાં તો વ્યાપક હતો જ. દશા, વિશા, ઓસવાલ, પોરવાલ, શ્રીમાળી, વિગેરે ભેદો ઊંડા છે. મહાવીરના ધર્મમાં આવા ભેદોને કોઈ સ્થાન નથી.

હવે આ સર્વ જીવ સમાનતાના બીજા પરિણામો જોઈએ. અહિંસા સીધી રીતે તેમાંથી ફલિત થાય છે તે જોયું. અપરિગ્રહ તેનું બીજું સીધું પરિણામ છે. બીજાને ન હોય તે પોતાથી ન રખાય. તે ચોરી છે, હિંસા છે. પરિગ્રહને પાપનું મૂળ કહ્યું છે. કારણ તેમાં બીજાનું શોષણ છે, હિંસા છે. શ્રાવકોના વ્રતોમાં અતિથિ સંવિભાગ વ્રત છે. કોઈ પણ અતિથિ પોતાના આંગણે આવે તેની સાથે પોતાની પાસે જે હોય તેનો સંવિભાગ, સમ્યક્ વિભાગ, વિભાજન કરવું. આ વ્રત માત્ર અતિથિ પૂરતું મર્યાદિત નથી It is a principle of just, fair, and equal Distribution. આ સાચો સમાજવાદ છે, સાચી, ટ્રસ્ટીશીપ છે. Equality is the demand of the age, it is the message of Mahavir. માનવી, માનવી ઉપર કોઈ પણ પ્રકારનું આધિપત્ય ભોગવે, તેનું શોષણ કરે, એ બધા સામાજિક અને દેશદેશ વચ્ચેના સંઘર્ષોનું મૂળ છે. Man demands equality, equal treatment, respect as a human being. આ સિદ્ધાંત મહાવીરના ધર્મનો પાયો છે. જગતનાં બધાં સંઘર્ષોના મૂળમાં અસમાનતા રહેલી છે, સત્તાની, મિલકતની, સર્વ પ્રકારની અસમાનતા માણસને અસ્વીકાર્ય છે.

સર્વજીવસમાનતાના સિદ્ધાંતના બીજા પરિણામો જોઈએ. તેમાંથી અહિંસા ફલિત થતી જોઈ. સંયમ આપોઆપ અનિવાર્ય બને છે. દેહની પ્રત્યેક ક્રિયામાં હિંસા છે. ભોગ ઉપભોગમાં હિંસા છે. તેનો બને તેટલો સંયમ કરવો એ ધર્મ છે. જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી, સાદું પરિશ્રમી જીવન જીવવું જેમાં કોઈની હિંસા ન હોય, શોષણ ન હોય, બીજાને જોઈએ તે પોતે વધારેપડતું ઝૂંટવી લીધું ન હોય.

બીજો સિદ્ધાંત એ ફલિત થાય છે કે પોતે પોતાના સુખ-દુઃખનો કર્તા છે. आत्मैव आत्मनो बन्धुः, आत्मैव आत्मनो रिपु : અહિં આત્મા શબ્દ બે અર્થમાં વાપર્યો છે, વાસનાત્મક આત્મા અને શુદ્ધ આત્મા. વાસનાત્મક આત્મા પોતાનો જ દુશ્મન છે, દુઃખ પેદા કરે છે. શુદ્ધ આત્મા પોતાનો મિત્ર છે, સાચું સુખ આપે છે. મહાવીરે કહ્યું: अप्पाकत्ता विकत्ता वा, दुहाय च, सुहाय च આત્મા પોતે પોતાના સુખનો અને દુઃખનો કર્તા છે, વિકર્તા છે.

મહાવીરના ધર્મમાં આત્મા સ્વતંત્ર છે. પોતાના કર્મનો કર્તા અને ભોકતા છે. કોઈ બહારની સત્તા તેને બંધન કરી શકતી નથી, મુકિત આપી શકતી નથી. આ વાત અંતરના બંધન અને મુકિતની છે. બહારના બંધનમુકિત, બહારના સંજોગોને આધીન છે

ભગવાન વ્યાસે મહાભારત પૂરું કરી, કહ્યું:

ऊर्ध्वं बाहो विरोम्यैष न कश्चित् श्रृणोतिमाम्
धर्मात् अर्थश्चकामश्च, सधर्मो कि न सेव्यते

હું હાથ ઊંચા કરી, પોકારી પોકારી કહું છું, પણ મારૂં કોઈ સાંભળતું નથી, કે જે અર્થ અને કામ, સુખ અને સમૃદ્ધિ પાછળ તું પડયો છે, તે તને ધર્મથી જ પ્રાપ્ત થશે, તો એવા ધર્મનું સેવન કેમ નથી કરતો?

માણસના જીવનની આ સમસ્યા સદા રહી છે. ધર્મ વિના એ જીવી શકતો નથી, ધર્મની વાતો કરવી, સાંભળવી તેને ગમે છે પણ તેનું આચરણ કરી શકતો નથી.

મહાવીરે એ સાચા શાશ્વત સુખનો માર્ગ બતાવ્યો છે તે, આ પવિત્ર દિવસે ફરી યાદ કરીએ.

૨૯-૩-૮૦ ચીમનલાલ ચકુભાઈ

મહાવીર, માર્કસ, મહાત્મા

મહાવીર, માર્કસ, મહાત્મા

['જિનસંદેશે' પૂછેલા પ્રશ્નનો મેં તંત્રીને મોકલેલો જવાબ અહીં પ્રગટ કરવામાં આવે છે.]

— તંત્રી, જિનસંદેશ

તમારો તા. ૮ મીનો પત્ર મળ્યો છે. તમારા પ્રશ્નનો સંક્ષેપમાં જવાબ આપું છું.

મહાવીર અને માર્કસ વચ્ચે મને કોઈ સમાનતા જણાતી નથી. મહાવીર અધ્યાત્મવાદી હતા, માર્કસ, ભૌતિકવાદી હતા. મહાવીર અહિંસામાં માનતા, માર્કસને હિંસાના વિરોધ ન હતો. મહાવીરના ધર્મમાં સાધનશુદ્ધિ છે, માર્કસને તેનો આગ્રહ નથી. ઉપર ઉપરથી એટલી સમાનતા લાગે કે માર્કસ મનુષ્યનું શોષણ અને ગરીબ–તવંગરના ભેદ મીટાવવા ઈચ્છતા હતા, જે મહાવીરના ધર્મમાં પણ છે. પણ બન્નેની જીવનદૃષ્ટિ સર્વથા ભિન્ન હતી.

મહાવીર અને આઈન્સ્ટાઈનમાં દેખીતી સમાનતા ઓછી છે. મહાવીર અધ્યાત્મ–યોગી હતા. આઈન્સ્ટાઈનમાં આધ્યાત્મ દૃષ્ટિ હતી એમ મને લાગ્યું છે. વિજ્ઞાનની મર્યાદા જાણતા અને વિજ્ઞાનથી પર એક જગત છે જે શ્રદ્ધાથી પ્રાપ્ત થાય તેમ માનતા. કેટલાક વૈજ્ઞાનિકો અધ્યાત્મનો છેદ ઉડાવે છે એવું આઈન્સ્ટાઈનનું ન હતું. તેઓ મહામાનવતાવાદી અને વિશ્વ શાન્તિના ચાહક હતા. અણુબોમ્બ શોધ્યા પછી તે શોધના વિપરીત પરિણામોથી ચિન્તામાં હતા. આઈન્સ્ટાઈનનો ભૌતિક જગતનો સાપેક્ષવાદ, મહાવીરના વૈચારિક જગતના અનેકાન્તવાદની યાદ આપે.

સાર્ત્ર વિષે હું બહુ જાણતો નથી.

અંતે, મહાવીર અને ગાંધીજી. ગાંધી, મહાવીરના સાચા અનુયાયી હતા. મહાવીરના ધર્મને તેમણે દીપાવ્યો છે અને સાચે જ વિશ્વ ધર્મ બનાવ્યો છે. ગાંધીજી જન્મથી જૈન હોત તો એમ જ કહેવાત કે જૈન ધર્મનો પ્રચાર માટે જ પ્રવૃત્તિ કરે છે.

મહાવીરનો સંયમધર્મ ગાંધીએ પૂરો સ્વીકાર્યો છે. અહિંસાને પરમ ધર્મ તરીકે સ્વીકારી છે. ગાંધી મોક્ષમાર્ગના પથિક હતા અને અહિંસા, સંયમ અને તપ, મોક્ષમાર્ગ છે એમ દૃઢપણે માનતા અને તે પ્રમાણે જીવન જીવ્યા.

છતાં, મહાવીર અને ગાંધીમાં ફેર પણ છે. મહાવીરનો પંથ વ્યક્તિગત મોક્ષનો, સંસાર-ત્યાગનો ધર્મ છે, તેમાં લોકસંગ્રહની પ્રવૃત્તિ કરતા નિવૃત્તિ વધારે છે. ગાંધી કર્મયોગી હતા. સંસારમાં રહીને, લોકકલ્યાણની પ્રવૃત્તિને મોક્ષમાર્ગ માન્યો. ગાંધીએ અહિંસાને ઘણી વ્યાપક બનાવી. અહિંસક સમાજની રચના કરવાની હામ ભીડી, મહાવીરના ધર્મમાં ઉપસર્ગો સહન કરવાનું છે. ગાંધીએ અહિંસક માર્ગે, અસહકાર અને સત્યાગ્રહથી, અન્યાયના પ્રતિકારની નવી રીત દુનિયાને બતાવી. અનાસક્ત કર્મયોગમાં, અહિંસાને મધ્યબિંદુમાં મૂકનાર ગાંધી પ્રથમ મહાપુરુષ છે. ગીતામાં પણ એટલી અહિંસા નથી. ગાંધીમાં ગીતાનો કર્મયોગ અને મહાવીરની અહિંસાનો સમન્વય છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

દંભ અને નિખાલસતા

સૌ કોઈ કહેશે કે દંભ કરવો ખોટું છે, નિખાલસ થવું આવકારદાયક છે. દંભ એટલે આપણે હોઈએ તે કરતાં જુદા દેખાવું. મનમાં હોય તે કરતાં જુદું કહેવું. નિખાલસતા એટલે છીએ તેવા દેખાવું અને મનમાં હોય તે કહેવું. વિચાર, વાણી, અને વર્તનની એકતામાં સત્યનું આચરણ છે. માનવ્યવહારમાં સત્યનું આચરણ સુખ અને શાંતિનું કારણ બને છે.

આત્યારે એમ કહેવાય છે કે જૂનો જમાનો વિકટોરિયન યુગ, દંભ અને ઢાંકપીછોડાનો હતો, વર્તમાન યુગના માણસો, ખાસ કરીને યુવાનો નિખાલસ છે. ડાહ્યા–ડમરા અસત્ય કરતા કડવું અને દુઃખદ સત્ય પણ પસંદ કરે છે.

દંભ અને નિખાલસતા બન્ને સ્વલક્ષી ગુણો છે. દંભ કર્યો છે કે નિખાલસતા આચરી છે તેની વધારે પોતાને જ ખબર પડે છે. બીજા લોકો તે જાણી શકતા નથી, અથવા બહુ મોડું જાણે છે. દંભ અને નિખાલસતા મોટાભાગે ઈરાદાપૂર્વકનું વર્તન છે. પણ કેટલાક પ્રકૃતિથી જ દંભી હોય છે, કેટલાક નિખાલસ. કેટલાકથી દંભી થયા વિના રહેવાય જ નહિ, કેટલાક દંભી થઈ શકે જ નહિ.

પણ દંભ અને નિખાલસતા બન્ને અમર્યાદિત નથી. એટલે કે દરેક વખતે, મનમાં આવે તે કહી નાખવું, ફાવે તેમ વર્તવું, કોઈની છૂપી વાત કે છિદ્રો ઉઘાડા પાડી દેવા, એનું નામ નિખાલસતા નથી. કોઈ વખત મનના વિચારો મનનાં જ રાખવા, વાણી અને વર્તન ઉપર મર્યાદા કે સંયમ રાખવો તેનું નામ દંભ નથી. સ્વછંદતા અને નિખાલસતા બે જુદી વસ્તુ છે. તેની સમતુલા જાળવવા વિવેકની જરૂર છે. ખરો ગુણ વિવેક છે. વિવેકમાં દંભનો અભાવ છે, નિખાલસતા છે, છતાં સમય પ્રમાણે સંયમ અને મર્યાદા છે. વિવેક બહુ અઘરી વસ્તુ છે. શીખંવ્યો શીખવાતો નથી. અંતરસૂઝ ઉપર આધાર રાખે છે. વિવેકમાં નમ્રતા છે, દંભ અને નિખાલસતા બન્નેમાં એક પ્રકારનો અહંકાર છે. વિવેકના નિયમ ઘડી શકાતા નથી. એક પ્રકારનું વર્તન અમુક સમયે યોગ્ય હોય તો બીજે સમયે યોગ્ય ન હોય. કોઈ વખતે મૌન રાખવું પડે, તો કોઈ વખત મૌન હાનિકારક અને અયોગ્ય હોય.

મનમાં આવે તે બધું કહેવાનું નથી, કહેવું ન જોઈએ. માણસને સારા ખોટા વિચારો આવે છે. ખોટા વિચારો દાબી દેવા એ દંભ નથી, વિવેક છે, ફરજ છે, ધર્મ છે. માણસ કપડા પહેરે છે નગ્નતા ઢાંકવા, તેમાં દંભ નથી. દિગમ્બર સાધુ નગ્ન રહે. સામાન્ય માણસ તેમ કરે તો પાગલ લેખાય. દેહનો મોહ સંપૂર્ણપણે જેણે છોડી દીધો છે તેને વસ્ત્રની જરૂર ન હોય. દેહની વાંચ્છનાઓથી ઘેરાયેલ વ્યક્તિએ પોતાની જાતને ઢાંકવી રહી. શ્રીકૃષ્ણ ગોપીઓનું વસ્ત્રહરણ કરે, આપણાથી ન થાય.

કોઈ પણ માણસની અવસાન–નોંધ લખવાના હોઈએ કે શોકસભા હોય તો મોટેભાગે તેના ગુણ યાદ કરવા, પણ અતિશયોક્તિ ન કરવી. કોઈ માણસ સાથે કોઈએ વેપાર કરવો હોય કે તેના દીકરાનું સગપણ કરવું હોય અને આપણો અભિપ્રાય પૂછે તો જે જાણતા હોઈએ તે સાચું કહેવું પડે – ત્યાં માત્ર ગુણગ્રાહક ન થવાય, પણ એટલું યાદ રાખવું કે કોઈ માણસને આપણે પૂરા જાણતા નથી હોતા. આપણને થયેલ અનુભવ ઉપરથી અભિપ્રાય બાંધીએ છીએ એટલે એમ જ કહેવું કે મારો અનુભવ આવો છે. માણસ પોતાની જાતને પણ પૂરી ઓળખતો હોતો નથી. વળી માણસનું વર્તન બધા સમયે એક જ પ્રકારનું નથી હોતું. કેટલીક વખત આપણને અનુભવ થાય છે, જે પહેલાના અનુભવ કરતાં જુદો જ હોય છે. આપણું પોતાનું વર્તન પણ દરેક સમયે એક જ પ્રકારનું હોતું નથી.

આ બધાનો સાર એ છે કે દંભ અને નિખાલસતા સાપેક્ષ છે. સાચી વસ્તુ વિવેક છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે:

> "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યહાં સમજવું તેહ
> ત્યાં, ત્યાં તે તે આચરે, આત્માર્થી જન તેહ."

કયાં, શું યોગ્ય છે તે નક્કી કરવું સહેલું નથી. પણ રાગદ્વેષ ન હોય, સ્વાર્થ ન હોય, તો નક્કી કરવું અઘરું પણ નથી. નિખાલસતાને નામે સ્વચ્છંદ ન આચરવો, વિવેકના નામે દંભ ન કરવો. શ્રીમદ્ કહે છે તેમ આત્માર્થી જન હોય તે આ બધું કરી શકે છે.

પોતાના દોષ ઢાંકવા નહિ, તેમ તેમાં બડાઈ હાંકવી નહિ, માણસ માત્ર દોષને પાત્ર છે. પોતે સમજવું, સુધરવું, પણ તેને છાપરે ચડીને પોકારવાની જરૂર નથી. તેવું જ પોતાના ગુણનું, તેવું જ બીજાના ગુણદોષનું. બનતાંસુધી ગુણગ્રાહી થવું, પણ દોષ પ્રત્યે આંખ-મીચામણાં ન થાય. જીવનવ્યવહાર બહુ જટિલ છે. શાસ્ત્રમાં નવ નિધિ કહ્યા છે, તે બધાથી મોટો, વિવેક દશમો નિધિ છે.

(જૈન કેળવણી મંડળના બે વિદ્યાલયોનો ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ, માસિક પત્રિકા પ્રકટ કરે છે. તેમને માટે મારે લખવું પડે છે. આ લેખ તે પત્રિકામાંથી લીધો છે. તે જ રીતે પહેલા 'વિશ્વાસ' સંબંધે એક લેખ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૨-૧૯૮૦ ના અંકમાં પ્રકટ થયો છે. તે પણ પત્રિકામાંથી જ લીધેલ હતો.)

નોંધ: તા. ૬–૩–૮૦

ચીમનલાલ ચકુભાઇ

વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે, મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે વસન્ત વ્યાખ્યાનમાળા તા. ૭–૮–૯–૧૦ એપ્રિલ ૧૯૮૦ ના દિવસોએ યોજવામાં આવી છે.

વિષય: રાષ્ટ્રીય પરિસ્થિતિ (નેશનલ સીન)

તા. ૭-૪-૮૦	રાજકીય	પ્રો. રજની કોઠારી
તા. ૮-૪-૮૦	આર્થિક	ડૉ. ડી. ટી. લાકડાવાળા
તા. ૯-૪-૮૦	આંતરરાષ્ટ્રીય	પ્રો. પી. એમ. કામઠ
તા. ૧૦-૪-૮૦	સામાજિક અને નૈતિક	શ્રી રાજમોહન ગાંધી

સ્થળ : તાતા ઓડીટોરિયમ, હોમી સ્ટીટ, મુંબઈ ૪૦૦૦૦૧

સમય: દરરોજ સાંજના ૬–૧૫

આ ચારેય દિવસનું પ્રમુખસ્થાન શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ શોભાવશે.

સમયસર પધારવા સૌને સપ્રેમ નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

વસંતના વધામણાં

ગર્ભિણી વર્ષા થઈ, આવ્યો આશનો અંત,
શરદ સખીએ સ્નેહથી, કીધું શુભ સીમંત;
મહિયરીએ બહુ માનથી તેડી ગઈ હેમંત,
સુંદરતા ભરપૂર ભર્યો, પ્રસવ્યો પુત્ર વસંત.

'વસંત'ના પ્રસવની કવિએ કેવી સુંદર કલ્પના કરી છે ? ઋતુ વસંત છે. આંબે આંબે મ્હોર મ્હોરે છે ને ડાળીએ ડાળીએ કોયલ ટહૂકે છે.

વસંત આવે ને વન-ઉપવનમાં હેતની વાંસળી વાગે,

વસંતનું આગમન થાય ને ઉદ્યાનોમાં રંગબેરંગી પુષ્પો ખિલખિલાટ હસે.

વસંત આવે ને બાગ બગીચામાં સુગંધની શરણાઈ ગૂંજી ઊઠે,

વસંતના પદાર્પણ સાથે જ સૃષ્ટિ આનંદ-નૃત્ય આરંભે. જાણે, "વસંતે સ્થાપેલું પ્રબળ નિજ સામ્રાજ્ય સઘળે" (કવિ'કાન્ત')

ઋતુઓની રાણી વસંત જ્યારે શબનમનાં ઝીણાં વલ્કલ પહેરી રમણે ચઢે છે ત્યારે.

'અણુ અણુમાં નિખરે અરુણાઈ
તરુતરુમાં પ્રસરે તરુણાઈ.'

વસંત એટલે યૌવનનો ઉન્માદ અને ચેતનનો ચમત્કાર, વસંત એટલે રંગ, ફાગ અને ધેરૈયાનો ઉત્સવ.

વસંત, કોયલ અને કામદેવની ત્રિપુટી મળે ત્યારે

"ગાળીનાંખે હલાવી રસિક હૃદયને વૃત્તિથી દાબ જાય'
—એમ કવિ 'કાન્ત'ને કહેવું પડે.

રસકવિ ન્હાનાલાલ વસંતને જોતાં જ રસસભર બની કેવા ડોલી ઉઠ્યા ને

કહ્યું :- "ડોલે વસંત વનમાં મધુમંજરીનું
ને કોકિલાની રસીલી કલ કેલિ બોલે."
"આ વસંત ખીલે શતપાંખડી હરિ આવોને !
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ, હવે તો હરિ આવોને !"

'વસંત' ઓવી તો ચેતોહર મોસમ છે કે ભાગ્યે જ કોઈ કવિ એવો હશે જેણે પોતાની શબ્દ–પીંછી વડે એનું કાવ્યચિત્ર નહિ દોર્યું હોય ! કવિવર ઉમાશંકર જોશીએ વસંતનું કેવું સુંદર ચિત્રણ કર્યું છે ?

"પંચમી આવી વસંતની, કોકિલ ! પંચમ બોલો બોલો.
દખણનાં વાયરા ! આ શાં અડપલાં, ?
ઉઘડ્યાં લતાઓનાં યૌવનનાં સપનાં,
લાગ્યો જ્યાં એક વાયુ ઓલો—કે પંચમી આવી વસંતની.
મંજરી મત્ત થઈ ડોલે— કે પંચમી આવી વસંતની.
આંબે આંબે હસે રસની કટોરીઓ,
ગાતાં ભમતાં ભૃંગ પ્રેમતણી હોરીઓ.
આછો મકરંદ મંદ ઢોળો
આતમ અંતરપટ ખોલો —કે પંચમી આવી વસંતની.
ચેતના આ આવી ખખડાવે છે બારણાં,
હેતે વધાવી એને લો રે, ઓવારણાં;
ઝૂલે શો સૃષ્ટિનો હિંડોળો — કે પંચમી આવી વસંતની."

દેવોને પણ દુર્લભ એવું અમૃત મીઠું આમ્રફળ આ વસંતઋતુ જ આપે છે ને ?

વસંતઋતુમાં જ ગુલાબની કોમળ કળી પોતાની લીલી ઓઢણીનો પાલવ બાજુએ ખસેડી કેવી મરક મરક હસે છે ? વેલપરનાં ચમેલીનાં શુભ્રપુષ્પો કેવું મૌન–હાસ્ય વેરે છે ? બટમોગરાની મસ્ત કળીઓ કેવી માદક સુવાસ પ્રસરાવે છે !

• વસંતમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલે છે.
વસંત એટલે વિશ્વનું યૌવન, વસંત એટલે સૌન્દર્ય દર્શન.

ભર બપોરે, ધોમ ધીખતો તડકો વરસતો હોય ત્યારે, કોઈ ગામની સીમમાં ઘટાદાર આમ્રવૃક્ષ (સહકાર) ની શીળી અને તાપહર છાયામાં, ભોંયપર દેહ લંબાવીને પ્રાપ્ત થતું અલૌકિક સુખ એ આ જ ઋતુનો ઉપહાર છે.

ઋતુઓમાં જેમ વસંત છે તેમ મનુષ્યના જીવનકાળમાં પણ વસંત છે. વસંતઋતુ તો વર્ષમાં એક જ વાર આવે. સજ્જન તો સદા વસંતને માણે છે. જ્યારે એણે કોઈ ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ, ને નિઃસહાયને સહારો આપ્યો, વાણીની મીઠાશ આપી કે કોઈનું અશ્રુબિન્દુ લૂછ્યું— પ્રસિદ્ધિ કે પ્રશંસાની ખેવના વિના અથવા ઉપકાર કર્યાની ભાવના વગર -ત્યારે એ છે માનવતાની વસંતઋતુ. આવી 'વસંત' વય ને કાળથી પર છે.

ચાલો, આપણે સૌ આ ઋતુની વસંત અને માનવતાની વસંત–બન્નેને વધાવીએ અને જીવન સાર્થક કરીએ.

—ગણપતલાલ મ. ઝવેરી

* "અપ્રમાદ વૈચારિક દૃષ્ટિએ જાગૃતિ" *

[શ્રી ઘોઘારી જૈન સેવા સંઘના ઉપક્રમે ભારતભરના ઘોઘારી વીશાશ્રીમાળી જૈન સમાજની પ્રથમ યુવક પરિષદના ઉદ્‌ઘાટન પ્રસંગે આપેલું પ્રવચન]

માનવીની વ્યાખ્યા બે રીતે આપી શકાય. એક તો એ સામાજિક પ્રાણી છે અને બીજું એ વિચારવાન પ્રાણી છે. માનવીના આ બે લક્ષણો જેમ ઈશ્વરની બક્ષિસ છે એમ એક રીતે એ મોટામાં મોટી મૂંઝવણ પણ છે. મનુષ્યેતર પ્રાણી–સૃષ્ટિને માત્ર પરંપરાગત સંજ્ઞાઓ instinct છે. જેમ કે આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે. જે સામાન્ય સંજ્ઞાઓ છે એમાં જ એનું જીવન વીતે છે અને એવા જીવનમાં હજારો વર્ષ પછી પણ ફેર પડયો નથી. વાઘ, સિંહ, દીપડો, કબૂતર વગેરેનું જીવન હજારો વર્ષ પહેલા હતું તેવું જ છે. માનવી સમાજ રચે છે. (He creates Society) એ સમાજ રચે છે એટલે અનેક પ્રકારના સંબંધોથી બંધાય છે. He creates relationships એ સંબંધમાં પોતે સાધુ હોય, ધર્મગુરુ હોય, શેઠ હોય, પતિ હોય, પત્ની હોય એમ અનેક પ્રકારના સંબંધોથી એ વીંટળાયેલો છે. અહીંયા તમે પણ એક સંબંધે આવ્યા છો. એ છે, "ઘોઘારી વીશા શ્રીમાળી જૈન." જે સંબંધોથી બંધાય છે એ લગભગ કરોળિયાની જાળ જેવું છે. પોતે બધા જ સંબંધો ઊભા કરે છે; ત્યાર પછી એ એમાં ફસાય છે, પછી એમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે. વધારે સંબંધો બાંધે છે અને વધારે જાળ ગૂંચવે છે. માનવી બુદ્ધિમાન પ્રાણી છે. એટલે એ વિચારે છે કે મારે શું કરવું, શું ન કરવું, આ યોગ્ય છે, આ અયોગ્ય છે. એવા હજાર જાતના વિચાર કરે છે. મનુષ્યેતર સૃષ્ટિમાં પશુને વિચાર કરવાની જરૂર નથી.

માનવી જાતજાતના વિચાર કરે છે. એના મનમાં એક હોય, વાણીમાં બીજું હોય, એના વર્તનમાં ત્રીજું હોય એમ કંઈક વમળો ચાલ્યા કરે છે વિચાર કરવા જેવી મોટી તકલીફ બીજી કોઈ નથી. It is the most painful process એટલે પછી વિચાર ન કરવો પડે એટલા માટે એ જૂદી અનેક પ્રણાલિકાઓ નક્કી કરે છે. આ પ્રમાણે વર્તવું, બીજું કંઈ નહિ, લગ્ન હોય તો સત્કાર-સમારંભ રાખવો. સગપણ હોય તો જમણ રાખવું, અમુક પ્રકારના કપડાં પહેરવા વગેરે. અને પછી સૌ કરે છે એમ કરવાથી વિચાર કરવાની એને જરૂર રહેતી નથી. એ બધી આચાર-પ્રણાલિકાઓ ઘડી કાઢે છે અને એને કારણે એનું લગભગ ટકા જીવન એ આચાર પ્રણાલિકાઓ પ્રમાણે ચાલે છે. એમાં એ ફેરફાર કરવા તૈયાર થતો નથી. એટલે એમ નક્કી કરે કે महाजनोयेन गतः सपन्थाः : મહાજન એટલે– ખરેખર મહાજન તો બહુ ઓછા હોય છે– પરંતુ સમાજના આગેવાનો, ઠેકેદારો, જેઓ સમાજનો ઠેકો લઈને બેઠા હોય એ બધા જે રીતે વર્તે એ પ્રમાણે એ વર્તી જાય તો પછી કોઈ મુશ્કેલી રહે નહિ.

હવે જે તમે નક્કી કરી રાખ્યા છો એ દુર્ભાગ્યે હંમેશા સાચું હોતું નથી. દુર્ભાગ્યે એટલા માટે કે આ પરિવર્તનશીલ સમાજમાં, પરિવર્તનશીલ સંસારમાં કોઈ વસ્તુઓ, અમુક મૂલ્યો સિવાય, કાયમને માટે સાચી હોતી નથી અને સારી હોતી નથી. એને સમય અનુસાર પલટાવવી પડે છે અને મેં કહ્યું એમ એને પલટાવવાની તૈયારી માણસની હોતી નથી.

Man by nature is conserative પ્રકૃતિથી એ સ્થિતિ-ચુસ્ત છે, કે હોય એ ચાલવા દે અને એથી જુદી વાત એ ન કરે એનું કારણ એ છે કે એમાં ભય છે એટલે એ વિચાર નથી કરતો. એ વિચાર ન કરે એટલે જે રૂઢિગત પરંપરા હોય એ પ્રમાણે વર્તવાનું મન થાય. પણ એ વિચાર નથી કરતો એટલે પોતાને નવું શું કરવું છે એની ખબર નથી અને નવું કરવા જતાં આપણે સમાજની ટીકાને પાત્ર થઈશું, જોખમ વહોરી લઈશું એવો એને ભય છે. અને ભય એ મોટી વસ્તુ છે. એ ભય એટલો સૂક્ષ્મ છે, એટલો ઊંડો છે, એટલો વ્યાપક છે કે માણસ નવું કરે જ નહિ. જે ચાલતું હોય તે ચાલવા દે. આજે અહીં તમે વૈચારિક ભૂમિકા માટે ભેગા થયા છો તો મુકત મને વિચાર કરજો.

વિચાર કરવામાં, નેતાઓને ભૂલી જજો. જૂના જમાનાના નેતાઓ બહુ સારા હતા એમ નથી પણ અત્યારના નેતાઓ-ખાસ કરીને રાજદ્વારી નેતાઓને તો ભૂલી જજો. કારણ કે એની પાછળ પડશો તો તમારું બધું ય ખોવાઈ જશે, એમ મને લાગે છે. આ તો હળવી રીતે વાત થઈ. ગંભીર વાત એ છે, કે આપણે પોતે જ વિચારવાનું છે, આપણા માટે વિચારવાનું છે. પારકા પર દોષ ઢોળીને એમ કહીએ કે નેતા બરાબર નથી માટે આ દેશનું નાવ ખાડે ગયું છે. પણ એમાં મારો હિસ્સો કેટલો છે, હું ક્યાં ઊભો છું એ વસ્તુ ન વિચારીએ તો જે કાંઈ આપત્તિ આવી પડી છે એનું નિવારણ થવાનું નથી. આપણે આજે વિચાર કરીએ ત્યારે મારે શું કરવાનું છે, મારી જવાબદારી શું છે એ વિચારવું જોઈએ.

બે જ વ્યકિતઓ એવી થઈ ગઈ કે જેમણે સમાજનું આમૂલ પરિવર્તન કરવાની ભૂમિકા આપી. Basic changes of life. આખું જીવન પલટાવી નાખવું, જીવનની સમગ્ર દિશા પલટાવી નાખવી એવું કાર્ય બે જ વ્યકિતઓએ વર્તમાનમાં કર્યું છે. એક કાર્લમાર્કર્સ અને બીજા મહાત્મા ગાંધીજી, અર્ધી દુનિયાને કાર્લમાર્કર્સે આજે કાબૂમાં લીધી છે. એ જે વિચારો આપી ગયો એ બધું ય ખોટું છે એવું કહેવા છતાં ય અડધી દુનિયાનો કબજો લઈને કાર્લમાર્કર્સ બેઠો છે. એવું જ આમૂલ પરિવર્તન કરવાનું કોઈ વ્યકિતએ આ દુનિયામાં, વર્તમાન યુગમાં વિચાર્યું હોય તો એ ગાંધીજી છે.

બન્નેની વિચારસરણી સંપૂર્ણપણે એકબીજાથી વિરુદ્ધ છે. કાર્લ-માર્કર્સ એમ માનતા હતા કે આર્થિક પરિસ્થિતિ પલટાવી નાખીએ તો સામાજિક સંબંધો આપોઆપ પલટાઈ જશે, અને આખા સમાજમાં પરિવર્તન થશે તો વ્યકિતના જીવનમાં પણ આપોઆપ પરિવર્તન થઈ જશે. Individual changes when society changes. એટલે એનું ધ્યેય સામાજિક પરિવર્તનનું હતું. સમાજ સર્વોપરિ વ્યકિતનું કર્યું જ મહત્ત્વ નહિ એ એની પાયાની માન્યતા હતી.

ગાંધીજીની એવી માન્યતા હતી, કે વ્યકિત સુધરે નહિ ત્યાં સુધી સમાજ કદી સુધરવાનો નથી. પહેલા પોતે સુધરો, પોતાની જવાબ-દારી સમજો અને ત્યાર પછી સમાજને સુધારવાની વાત કરો. આપણે સામાન્ય રીતે એમ કહીએ છીએ, કે નવી વાત કોઈ શરૂ કરે તો બધા કરે તો હું કરીશ. પોતે જાણે છે કે બધા કદી કરવાના નથી એટલે પોતાને અમલ કરવાનો આવશે નહિ. કોઈ પણ વાત તમે કરશો તો કહેશે કે તમારી વાત સાચી છે પણ બધા ન કરે તો હું એકલો તો એવું કરીશ નહિ. આજે પાયાની વાતની જે ખામી હોય તો તે આ છે. ગાંધીજીએ કહ્યું કે જે કાંઈ સાચું અને સારું છે એવી પ્રતીતિ થાય એની પહેલા તું શરૂઆત કર. તો જ એનો દાખલો બેસવાનો, તો જ તારા જીવનનું પરિવર્તન થવાનું. આ એક પ્રકારનો ગાંધીજી અને માર્કર્સ વચ્ચેનો પાયાનો ભેદ Basic difference છે.

માર્કર્સ આર્થિક પરિવર્તન પહેલા ઈચ્છતા હતા એટલે આર્થિક સત્તા કબજે કરવાનું વિચાર્યું Means of Production, means of transport. વગેરે કબજે કરવા રાષ્ટ્રિયકરણ કરવાનું કહ્યું. આર્થિક સત્તા રાજ્યના કબજામાં આવવાથી આખો સમાજ આપોઆપ પલટાઈ જશે એવી એની માન્યતા આ બાબતમાં કારણ-ભૂત હતી.

ગાંધીજીએ કહ્યું, કે માણસનું હૃદયપરિવર્તન ન થાય ત્યાં સુધી તમે બાહ્ય પરિવર્તન ગમે તેટલું કરો તો પણ તે કોઈ દિવસ સફળ થવાનું નથી. ૫૦ વર્ષથી રશિયાએ સામ્યવાદ અપનાવ્યો પણ એ સુખી સમાજ છે એમ કહી શકાશે નહિ. એમાં મોટું પરિવર્તન થયું, પણ એનું ઈચ્છિત પરિણામ આવ્યું નહિ.

પરિગ્રહ એ મોટામાં મોટું પાપ છે. લોભ એ મોટામાં મોટો રોગ છે. ગાંધીજીએ કહ્યું, મહાવીરે કહ્યું, ક્રાઈસ્ટે કહ્યું અને કાર્લમાર્કર્સ પણ કહે છે, કે પરિગ્રહ પાપ છે. એ માટે મહાવીર, બુદ્ધ અને ક્રાઈસ્ટે. માનવીને આ પાપ છોડી દેવાનું કહ્યું. જ્યારે કાર્લમાર્કર્સ એમ કહ્યું કે આર્થિક સત્તા કબજે કરો એટલે બધા પ્રશ્નોનું નિરાકરણ થશે. પણ એથી રોગ જતો રહેશે એવી માન્યતા ભૂલભરેલી હતી. State Capitalism અપનાવવાથી એમ કોઈ માણસનો રોગ જતો નથી એ માટે હિંસા કરવી પડી, બળાત્કાર કરવો પડયો.

ગાંધીજી અને માર્કર્સ, સમાજનું આમૂલ પરિવર્તન ઈચ્છતા હતા. ગાંધીજી એક જ વ્યકિત એવા હતા, ઈતિહાસમાં હું સમજું છું ત્યાં સુધી કે જેણે અહિંસાના પાયા ઉપર સમાજ રચવાની કલ્પના કરી. આખો અહિંસક સમાજ રચવો જેના પાયાના, સંબંધો અહિંસા ઉપર રચાયેલા હોય. મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો છે, બુદ્ધે અહિંસાનો ઉપદેશ આપ્યો છે પણ અહિંસક સમાજ રચવાની વાત એણે નથી કરી. મહાવીર કે બુદ્ધ એમ માની બેઠા કે સંસાર

ખારો છે અને આત્માના કલ્યાણ માટે સંસારને છોડી દો. સંસારમાં રહીને અહિંસાનું પાલન થઈ શકે, અહિંસક સમાજ ઊભો થઈ શકે એ કલ્પના ગાંધીજીની હતી. અને એ કરવાને માટે એણે આખી ય આર્થિક રચના ઊભી કરી, એ માટે સત્તાનું વિકેન્દ્રીકરણ અને આર્થિક વિકેન્દ્રીકરણ–જેમ કે ગૃહઉદ્યોગ, ગ્રામઉદ્યોગ વગેરે અનિવાર્ય હતું. ગાંધીજીએ સર્વોદયની કલ્પના કરી છે એમણે બહુમતીના કલ્યાણનું નહિ પરંતુ સર્વના કલ્યાણનું એટલે કે સર્વોદયની એકેએકના ઉદયની વાત કરી. ભારતીય સંસ્કૃતની કેટલી ભવ્ય કલ્પના! આમ છતાં ય આપણું કેટલું અને કેવું અધ પતન થયું છે. અને કેમ થયું છે એ એક મોટો કોયડો છે.

જ્યારે સાધુ મહારાજનું વ્યાખ્યાન સાંભળીએ, ઉપાશ્રય જઈએ ત્યારે ઉચ્ચ વાતો કરશું અને બહાર નીકળીને ચોવી રીતે વર્તીએ કે જાણે કર્યું જ સાંભળ્યું નથી. માણસ બહુ જ હોંશિયાર છે, એને સંસાર માણવો છે, સાચું-ખોટું કરવું છે અને મોક્ષ પણ મેળવવો છે. આમ છતાં એના વર્તનનો વિચાર કરીએ તો જણાશે કે આ બન્ને બાબત રેલવેના બે પાટાની માફક સમાંતર ચાલે છે. જેનો કદી મેળ થતો નથી.

લોકમાન્ય તિલકે જ્યારે ગાંધીજીને કહ્યું, કે જેવા સાથે તેવા થઈને રહેવું પડે અને આ સંસાર સાધુઓ માટે નથી, ત્યારે ગાંધીજીએ બહુ સરસ પ્રત્યુતર આપ્યો. આ સંસાર સાધુઓ માટે નથી એમ કહેવામાં આપણી માનસિક નિર્બળતા છે, આંતરિક નિર્બળતા છે. આ સંસાર સામાન્યજન માટે છે, સામાન્ય માણસ માટે છે. એમાં રહીને પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે, સન્માર્ગે જઈને, ભારતીય સંસ્કૃતિનો એકે એક આજ્ઞ સ્વીકારીને જૈન ધર્મને સંક્ષેપમાં સમજવો હોય તો અહિંસા, તપ અને સંયમ એ ત્રણે વસ્તુ સ્વીકારવી જોઈએ. આ ત્રણે વસ્તુ ગાંધીજીએ સ્વીકારી છતાં ય ગાંધીજીએ એમ કહ્યું નથી કે આ સંસાર ખારો સમુદ્ર છે અને આ સંસાર કાળો કોલસો છે. ગમે તેટલા સાબુથી ધોશો તો તમારા હાથ કાળા જ થવાના. એણે એમ કહ્યું કે આ સંસારમાં રહીને એણે सर्वेजनाः सुखीनो भवन्तु એ માટે એનું જીવન વ્યતિત થવું જોઈએ. Charity begins home ન્યાયે આમ વિચારવું જોઈએ.

જુદા જુદા ક્ષેત્રની વાત વિચારીએ દા. ત. ધાર્મિક ક્ષેત્ર, ધાર્મિક રૂઢિચુસ્તતા એટલી બધી જડ ઘાલીને બેઠી છે, કે એમાં ફેરફાર કરવાનું કહેશો તો નથી થવાનું, એ તમારે કરવાનું છે. હું કબૂલ કરું છું એમાં ઘણું સહન કરવું પડે છે. આપણી ઉપર સાધુઓનો જબરો પ્રભાવ છે અને એ વ્યાજબી પણ છે કારણ કે એમનામાં ચારિત્ર છે, તપ છે, સંયમ છે પણ એની રૂઢિચુસ્તતા પણ એટલી જ તીવ્ર છે. હું ટીકા કરવા નથી કહેતો. યુગની સાથે કદમ મિલાવીને ચાલવાની તૈયારી ન હોય તો કદી વિકાસ થઈ શકતો નથી. અઠાઈ કે માસખમણ કર્યું હોય અને એના પારણામાં કે ઉજમણામાં હીરા, સોનાના અંલકારો પહેર્યા હોય, ભારે વસ્ત્રો પહેર્યા હોય વરઘોડા કાઢીએ, ત્યારે થાય છે કયાં તપશ્ચર્યા ને કયાં ત્યાગની ભૂમિકા અને કયાં તમારા ભારે વસ્ત્રો અને અલંકારો!

વ્યાવહારિક અને સામાજિક વાત કરીએ તો સગપણ થતું હોય ત્યારે કે ત્યારબાદ ૫૦૦–૧,૦૦૦ માણસ જમાડીએ એના જેવી શરમની વાત બીજી શું હોઈ શકે? તમારા પૈસાનું પ્રદર્શન કરવું હોય તો ઘણા રસ્તા છે. આ બધું કયારે અટકશે? આપણે આપણું વર્તન ફેરવવું નથી એટલે બહાના કાઢવા છે. હું શું કરું? બૈરાઓ માનતા નથી વગેરે બહાના કાઢીને પરિવર્તન માટે અવકાશ રહેવા દેવો નથી.

માણસના જીવનની અંદર પોતે જ્યાં સુધી સ્વતંત્રપણે વિચાર ન કરે ત્યાં સુધી આવી પરિસ્થિતિ રહેવાની જ આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે समयम् गोयम् मा पमाव हे गौतम! એક પણ ક્ષણનો પ્રમાદ ન કરીશ. અહીં પ્રમાદનો અર્થ શારીરિક આળસ નહિ પરંતુ વિચારવિહીન દશા thoughtlessnesss અર્થાત પ્રતિક્ષણ આપણું જીવન વૈચારિક દૃષ્ટિએ જાગૃત હોવું જોઈએ. જૈન પરિભાષામાં સાધુઓ જયણા જાળવવાનું કહે છે, જયણાપૂર્વક બોલવું, સાંભળવું, બેસવું. જયણા એટલે અપ્રમાદ, વિવેક, કયાં શું યોગ્ય છે, કયારે શું યોગ્ય છે એની પ્રતિક્ષણ, જાગૃતિ એનું નામ જયણા. જયણાનો અર્થ એટલો જ નથી કે પૂંજીને બેસવું. thoughtful life એ જ માણસનું જીવન છે, વૈચારિક દૃષ્ટિએ પ્રતિક્ષણ જાગૃતિ એ જ અપ્રમાદ. આજે જ્યારે તમે વૈચારિક પરિપક્વ કરી છે ત્યારે તમારા સૌના જીવનમાં thoughtfullness આવે એવી મારી આંતરકરણની ઈચ્છા છે.

સંકલન : ભારતી પી. શાહ

–ચીમનલાલ ચકુભાઇ

સાચી મૂડી કઈ?

યુદ્ધ તથા ભૂકંપના ભય સમયે જ્યારે ઘરબાર નષ્ટ થઈ જવાનો ભય રહેતો ત્યારે, કેટલાક લોકો રાત્રે, દાગીના ઝવેરાતની પેટી, સાથે રાખીને સૂતા. તક મળે તો એ ઉઠાવીને સલામત રથળે ભાગી જવાય એ ઈરાદાથી. 'અરે ભાઈ, એમ કંઈ બધું ઊંચકીને ભગાતું નથી. આપણને તો આપણાં કાંડાનાં જોરમાં વિશ્વાસ છે. ઈશ્વર હાથપગ મજબૂત અને સાબૂત રાખે એટલે બસ; દુનિયાના કોઈ પણ ખૂણામાં, મહેનત કરીને રળી ખાઈશું.' પુરુષાર્થી આદમીઓ આમ કહેતાં. મારી એક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ બહેનપણી, એની ડીગ્રીઓ તથા પ્રમાણપત્રોની ચિંતા કરતી. રો બળી જાય, તો પાછા મેળવવા કયાંથી અને એના વગર નોકરી કોણ આપે? આમ કોઈક આર્થિક ધનને તો કોઈક શારીરિક બળને તો કોઈ વિદ્યાને પોતાની મૂડી ગણે છે. કેટલાંકને મન બાળકો એમની અમૂલ્ય સંપત્તિ હોય છે. એક બહેને એની સાહેલીને પૂછયું: "તું, આમ ઘરની બહાર નીકળે ત્યારે કોઠારને તાળું નથી મારતી?" પેલી બહેને તરત જ જવાબ આપ્યો. "જેબાઈને ભરોસે હું મારા બાળકોને મૂકી શકું તેને ભરોસે દાળ, ચોખા જરૂર મૂકી શકું."

મનુષ્યનાં સંપત્તિ અંગેનાં આવા વિધવિધ વિચારો સાંભળીએ છીએ, ત્યારે થાય છે: મનુષ્યની સાચી મૂડી કઈ? આના ઉતરમાં અંગ્રેજીમાં વર્ષો પહેલાં વાંચેલો કૃષ્ણ. એમ. કૃષ્ણન લિખિત એક લેખ, એક કથા 'ધ ટ્રથ' યાદ આવે છે:

એક સરકારી કર્મચારીની અજાણ્યા ગામમાં નિમણૂંક થાય છે. એ નવે સ્થાને પહોંચવા ટ્રેનમાં મુસાફરી કરતો હોય છે. ખીસામાંથી રૂમાલ કાઢવા જતાં એને જાણ થાય છે કે, એનું ખીસું કપાઈ ગયું છે, એને સખત આંચકો લાગે છે. અજાણ્યા ગામમાં પૈસા વિના શું કરીશ? એક સહમુસાફર એની મનોવ્યથા જાણી, એને કહે છે: "ભાઈ તું ચિંતા કરીશ નહિ, એ માર જ ગામ છે, તું મારે ત્યાં ઉતરજે." એ સજ્જનને ઘેર આવા અચાનક આવી પહોંચેલા કંઈક મહેમાનો હોય છે. જેની સપ્રેમ આગતાસ્વાગતા કરવામાં આવે છે. એ આ કર્મચારીનું પણ એ જ પ્રમાણે આતિથ્ય સાચવે છે અને ઉપરથી થોડાં પૈસા પણ આપે છે. વર્ષો વીતી જાય છે. આ કર્મચારી, સફળતાની સીડી ચઢીને એક મોટો અમલદાર બની જાય છે. ત્યાર બાદ, એવી જ એક મુસાફરી દરમિયાન એક સહ-મુસાફર એની પાસે થોડી આર્થિક મદદ માગે છે., "ભાઈ, મેં તમને અગાઉ કયારેક જોયા હોય એવું લાગે છે, કદાચ મારા સમૃદ્ધ દિવસોમાં તમે મારા મહેમાન બન્યા હોય એવું મને ભાસે છે, અને તેથી જ તમારી પાસે માગણી કરતાં, મને થોડો ઓછો સંકોચ થાય છે. મારી પત્ની બહુ બીમાર છે, એનાં ઓપરેશન માટે પૈસાની જરૂર છે. જે આપ ...."

અમલદાર તરત જ કહે છે. "તમારી કંઈક ભૂલ થતી લાગે છે. મેં તમને અગાઉ કયારેય જોયા જ નથી." "હશે ભાઈ, મારી ભૂલ થતી હશે." ... આટલું કહી એ સ્ટેશન આવતાં ટ્રેનમાંથી ઉતરે છે. ત્યારે એનાં હાથ પરનાં માછલીનાં છૂંદણાં પર પેલા અમલદારની નજર પડે છે અને એને વર્ષો પહેલાં પોતાનું ખીસ્સું કપાયું ત્યારે મદદ કરનાર સજ્જનની યાદ આવે છે અને એ કહે છે. "કાળ, એ સજ્જન પ્રત્યે ઘણો જ કૂર બન્યો છે. પરંતુ મારા પ્રત્યે એથી ય નિષ્ઠુર બન્યો છે. હું છેક જ પાયમાલ થઈ ગયો છું. આ વર્ષો દરમિયાન હું ઘણો જ હોંશિયાર તથા ગણતરીબાજ અને શંકાશીલ બન્યો છું. મારી માનવતા સાવ જ હણાઈ ગઈ છે. કાળે મને સાચે જ લૂંટી લીધો છે."

આમ, માનવતાને મનુષ્યની સાચી મૂડી આલેખાઈ છે.

– ઉષા શેઠ

* વિશુદ્ધિના માર્ગે—સત્ય-દર્શન : લોનાવલા ધ્યાન-શિબિર *

[તા. ૧-૩-૮૦ થી ૯-૩-૮૦]

પૂજ્ય જશરાજજી મહારાજના વાલકેશ્વર ચાતુર્માસ બાદ થોડો સમય તેમનું કોલાબા રહેવાનું થયું. તેઓશ્રી તથા પૂજ્ય નવીનચંદ્ર મુનિ, ઈગતપૂરી ગોએન્કાજીની શિબિરમાં પણ રહી આવેલ અને ત્યાંના અનુભવોથી ધર્મ, સાધના અને જીવન પ્રત્યે જે નૂતન દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો તેના ફલ-સ્વરૂપે લોનાવાલા શિબિરનું આયોજન થયું.

ઝાલાવાડી સેનેટોરિયમની ઉત્તમ કોટિની સુવિધાઓ ઉપરાંત સંતોષ સર્વિસવાળા મોહનભાઈ કોઠારીનો સહકાર પ્રાપ્ત કરી સમરસિયા ૩૭ સાધકોના સમૂહમાં 'અપૂર્વ અને અલૌકિક' આનંદનો અનેરો અનુભવ અમે સૌએ કર્યો.

સમગ્ર આયોજન અંગે શ્રી. કાંતિલાલ કેશવલાલ શેઠ તથા શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા એટલા જાગૃત હતા કે આઠ દિવસની આ શિબિર સૌ સાધકો માટે માત્ર અપૂર્વ આનંદપૂર્ણ જ નહિ, પરંતુ સૌને સમગ્ર જીવન માટે પાથેય પણ સારા પ્રમાણમાં મળ્યું. સવારે પાંચથી રાત્રે નવ સુધીમ ચાર વખત ધ્યાન, પ્રવચન, સમૂહચર્ચા, પ્રશ્નોત્તરી તથા ગમન-યોગ તેમજ અંગત મુલાકાતો વગેરે સૌને રૂચિકર કાર્યક્રમ ભરચક રીતે ગોઠવાઈ ગયા હતા.

શિબિરમાં ભોજન પણ ધ્યાનસાધનામાં સહાયક બને તેવું જ અપાતું. દૂધ, ચા, ફળ તથા સાદી રસોઈ જ આપવામાં આવતી હતી. આ ઉપરાંત વર્તમાનપત્રો, રેડિયો વગેરે માટે સંપૂર્ણ મનાઈ હતી. અને મુનિરાજે સમક્ષ વાર્તાલાપ, ચર્ચા સિવાય, મોટે ભાગે સૌ સાધકોએ મૌન જ પાળવાનું હતું.

અનેકવિધ-બહુલક્ષી પ્રવૃત્તિથી ધમધમતું મન, એકાગ્ર શી રીતે બની શકે? પરંતુ પૂ. મહારાજશ્રીના પ્રેરક અને શિસ્તબદ્ધ વ્યાખ્યાનો સાંભળી, સૌને આ ધ્યાન તથા મૌનના પ્રયોગમાં ખૂબ જ આનંદ આવવો શરૂ થયો. મનના સંકલ્પ-વિકલ્પો શાંત થતાં તથા પ્રેરક પ્રવચનોથી ક્ષેત્ર વિશુદ્ધિ થતાં, ધ્યાનમાં એકાગ્રતા કેળવવાનો સૌનો પુરુષાર્થ જાગૃત થવા મંડયો.

સંવેદનશીલતા અને પ્રજ્ઞા એ બુદ્ધિની પેદાશ નથી, એ તો માનવીના મૌન દ્વારા આત્મામાંથી પ્રગટ થતી વસ્તુ છે. બુદ્ધિ સંકુચિત છે. તેનું ક્ષેત્ર પણ મર્યાદિત છે. જ્યારે "પ્રજ્ઞા-પ્રેમ" એ તો વિશ્વવ્યાપી છે. પાંચ ઈન્દ્રીય સાથે જબરજસ્ત મન આપણને મળ્યું છે. મનુષ્ય જ આવી અંતર્મુખી સાધના કરી શકે. જીવન એ મુકામ નથી પરંતુ વહી જતી યાત્રા સમાન છે. સ્વાધ્યાય અને ધ્યાન એ દ્રષ્ય અને ભાવ સાધનાના સાધન છે, પ્રેમ-પ્રજ્ઞા એ તો સર્વ-વ્યાપી પ્રકાશ છે.

ભગવાન મહાવીરના જીવન સામે દૃષ્ટિ કરીએ તો દેખાશે, કે પ્રજ્ઞા અને સમાધિ કેવા મહાન છે! અંતરમાં પડેલ સુષુપ્ત ચેતનાને જગાડી, તેને પરમાર્થ સુધી લઈ જવાની તેનામાં તાકાત છે. અહીં તો આત્માએ જ આત્માને ઓળખવાનો છે. આ સ્વાનુભૂતિની બાબત છે.

દશવૈકાલિક સૂત્રનું વાક્ય "સંપિક્ખ એ અપ્પગમપ્પ એણં" આ વાક્યનો સમગ્ર ધ્યાન દરમ્યાન, મહારાજશ્રી વારંવાર પુનરૂચ્ચાર કરતા હતા. આધ્યાત્મ ચેતનાની જાગૃતિ માટેનું આ પાયાનું મહત્વનું સૂત્ર છે.

આપણું શરીર શ્વાસોચ્છવાસથી ચાલી રહ્યું છે. તે શ્વાસને જુઓ. તમારું મન શ્વાસ ઉપર એકાગ્ર થશે, શ્વાસ-પ્રેક્ષામાં લીન થઈ જશે એટલે ભૂત અને ભવિષ્યના જાળાઓમાંથી તમે મુક્ત થઈ જાઓ છો.

શ્વાસ પ્રેક્ષાથી સંકલ્પ વિકલ્પમય પ્રવૃત્તિમાં ગુંચવાયેલ ચેતનાને ત્યાંથી સમેટીને શ્વાસોચ્છવાસની ક્રિયામાં એકાગ્ર કરવાથી-શ્વાસ પણ નૈસર્ગિક રીતે જોઈ શકાય છે. ત્યારબાદ શરીર પ્રેક્ષા.

બંને મુનિશ્રીઓના પ્રવચનમાંથી શરીર, આત્મ સાધના માટે આત્માનુભૂતિ માટે કેવું સહાયક અને ઉપયોગી છે તેની સૌને વધુ સમજ મળી. શરીરને સતાવવાનું કે સંતાપવાનું નથી, પરંતુ તેને સ્વસત્તાની પ્રાપ્તિ માટેનું સાધન બનાવવાનું છે. તેની ઉપેક્ષા નહિ પણ તેને ઉપાસનાનું માધ્યમ માની, તેનો ઉપયોગ કરવાનો છે.

શરીર પ્રેક્ષા દ્વારા, પદ્ધતિસર, એક પછી એક અંગઉપાંગો પર સમતાપૂર્વક દૃષ્ટિ લઈ જવાની હોય છે. તેથી દેહના ધર્મો જાણવા મળે છે. શરીરમાં કંપન—સુખદ કે દુઃખદ સંવેદના, શરદી-ગરમીનો-અનુભવ, નસોનું ધબકવુ વિ. વિ. ચેતના સુક્ષ્મ બનતાં બાકીના ધબકારા, લોહીની ગતિ વિ. દેખાવા માંડશે. મન સાવધાન સજાગ બનતાં, unconscious mind ઉપર અનાદિકાળથી અનેક સંસ્કારોની થપ્પીઓ અંકિત થયેલી છે તે પણ અનુભવી શકાય છે. મનુષ્યને એમ જ થાય કે માત્ર ઈન્દ્રીયસુખમાં હું માત્ર ફોતરા જ ખાંડુછું આમ વિકાર-વાસનાને વીંધતી ચેતના આગળ વધે છે અને પરમ સત્યમાં લીન થાય છે... જાણે કે અમૃતના સાગરનું પાન કરે છે. ચેતના જાગ્રત થતાં, એકાગ્ર થઈને, જ્ઞાતા કે દ્રષ્ટા રહીને ધ્યાનમાં એકાગ્ર થતાં અંતિમ મંઝીલ સુધી પહોંચી જાય છે. રોવે. આ ચેતનામાં તાકાત છે. સ્થિરતાના અભાવે માણસ પોતાની આ ચેતનાને પામી શકતો નથી... પણ એક વાર જો દૃષ્ટિ સ્થિર થઈ જાય તો એકેએક વસ્તુના પરિવર્તનમાં અનિત્યતાનો બોધ સમજાઈ જાય છે.

મન ઉપર નિત્યતાની જે પકડ છે તે સાધનાદ્વારા તોડવાની છે.

અરિસા ભવનમાં, ભરત મહારાજાની અનિત્યતાની ભાવના ઉર્ધ્વગામી બની અને તેમને ખૂબ ઊંચે લઈ ગઈ. અનિત્યતાનો બોધ થતાં, આત્માના સહજ સ્વાભાવિક ગુણો, સત્ય-અહિંસા-અપરિગ્રહ-પણું વગેરે આપોઆપ પ્રગટ થાય છે.

સુક્ષ્મ શરીરને સુક્ષ્મ ચેતના વડે જોવાનું છે. આ માર્ગ કઠિન અને વિકટ લાગે છે પરંતુ અભ્યાસ થતાં, તે સહજ અને સ્વાભાવિક બની જાય છે.

સ્થિર બની જ્ઞાતા- દ્રષ્ટા બનતાં સંકલ્પ-વિકલ્પો છૂટી જાય છે.

"છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા, તું કર્મ
નહિ ભોકતા તું દેહનો એ જ ધર્મનો મર્મ"

આવું ઉત્તમ આત્મદર્શન સ્હેજે પ્રગટે છે.

જે માત્ર જુએ છે, તે સમતોલ રહે છે. સુખદ સંવેદનમાં તણાતો નથી, દુઃખદ સંવેદનમાં પ્રતિકાર કરતો નથી. આ દ્વંદ્વને જોવાથી, સમભાવ, ધૈર્ય, તટસ્થતા ને મધ્યસ્થતા ઉદ્‌ભવે છે.

બંને મુનિરાજો, શિબિર દરમ્યાન ભારપૂર્વક કહેતાં કે: "જ્યાં સુધી ચેતનાનો મહિમા જીવ ન સમજે ત્યાં સુધી, તે, સાધનાના રાહ પર આવી શકતો નથી. અજોડ ચેતનાના વિસ્તારમાંથી જેણે પસાર થવું હોય તે સાધકે મૂલ્ય પણ ચૂકવવાનું હોય છે.

સાધનાથી એકને માટે જે સત્ય છે; તે સર્વાંશે, સર્વને માટે પણ અખંડ સત્ય જ છે. આપણે તેના ટૂકડા કરીએ છીએ- તેથી સંપ્રદાય—વાડા ઉભા થાય છે, પણ સત્યને કદી કોઈ ચોકઠામાં જડી ન શકાય.

જીવની સાથે જીવનું જોડાણ અનંતકાળથી નથી. સાધના જ આ જોડાણ કરાવે છે. આ સાધના અંતમુર્ખી બને તો શૂન્યમાંથી સર્જન કરે છે. અણુ-પરમાણુને મર્યાદા છે પણ ચેતના-પ્રજ્ઞાને કોઈ મર્યાદા નથી. પૂર્ણ સમર્પણનો ભાવ સાધકના અંતરમાંથી પ્રગટે છે ત્યારે તે વસ્તુને અવશ્ય પ્રાપ્ત કરે છે. આ તો સ્વાનુભૂતિનો પ્રયોગ છે. સ્વયં શ્રમ કરી, વસ્તુ મેળવવાની છે. કોઈનું સાંભળીને કે વાંચીને આ પ્રાપ્ત થતું નથી. અર્પણતાના ભાવમાં સાધનાની શરૂઆત કરી સાધકે સક્રિય બનીને તેનું સતત મૂલ્ય ચૂકવવાનું છે.

પ્રથમ વાણીનું મૌન, પછી મનનું મૌન, પછી ચેતનાનું મૌન, એમ ક્રમશ: આગળ વધવાનું છે. સાધનામાં મૌનનું ઘણું મહત્ત્વ છે. સમતા અને ધીરજ એ સાધનાના આવશ્યક અંગો છે.

શ્વાસ પ્રેક્ષાથી શરીર પ્રેક્ષા... પછી સૂક્ષ્મપ્રેક્ષા... ઉત્પન્ન થતાં રાગ દ્વેશની પણ પ્રેક્ષા કરવાની છે. ભૂતકાળના સંસ્કારો તથા ભાવીની કલ્પનાના તરંગો—આ બંનેથી મુક્ત થઈ શકાય ત્યારે જ વર્તમાન ક્ષણમાં થતાં સંવેદનો પકડી શકાશે. મનમાં બહારના ઘોંઘાટે સમગ્ર રીતે ઘેરો ઘાલ્યો છે તેથી મનને અંદરથી પકડી શકાતું નથી. પણ આ સાધનાના પ્રયોગથી મનને શાંત-આવેશ રહિત બના-

વાનું છે. પછી બહારનું દેખાવું બંધ થશે એટલે અંદર પ્રકાશ દેખાશે. પછી શ્રમ-થાક દુઃખદ સંવેદના - કંઈ નહિ રહે. બધું સુગમ થઈ જશે.

વર્તમાન ક્ષણને પકડી જીવવાનો જે પ્રયત્ન કરે છે તેને વિકલ્પો રહેતા નથી. પોતાના અસ્તિત્વનું ભાન આ પ્રયોગથી જીવ સમજી શકે છે. તેમાં સક્રિય બનવાથી ચેતના સૂક્ષ્મ બને છે. જાગૃતિપૂર્વક આ સાધના કરવાથી, તેનો બોજ મનની અંદર લાગતો નથી. માનસિક તનાવ ઘટી જાય છે. આમ થવાથી સંવેદના સહજ રીતે ઝીલી શકાય છે. પ્રેક્ષા ધ્યાન જીવનની દરેક પ્રવૃત્તિમાં વણાઈ જવું જોઈએ. સમગ્ર જીવનવ્યવહારમાં તે ઉપયોગી નીવડે છે. પછી તો પ્રત્યેક કાર્યો, અનુષ્ઠાનો એ કર્મ-નિર્જરાનું કારણ બની રહે છે. આવું ધ્યાન, આવી સાધના ગુરુનો યોગ સાંપડે તો સફળ બને છે. શાસ્ત્રમાં શબ્દો છે પણ તેનું રહસ્ય અને પરમ-અર્થ સદગુરુના હૃદયમાં છે.

જીવ, રાગદ્વેષની જે વળગણા ચાલુ રાખે છે તેમાંથી સાધના તેને છોડાવે છે. તન નહિ, મન નહિ, વચન નહિ પણ અંદર રહેલ પરમાત્મદર્શન-સમ્યક્ દર્શન-સાચી સાધનાથી જ પ્રાપ્ત થાય છે.

એક જ શિબિરમાં સૌનો પ્રજ્ઞામાં પ્રવેશ થઈ ગયો એમ માની લેવાનું કોઈ કારણ નથી. અવિરત પ્રયત્ન અને પુરુષાર્થ આવશ્યક છે આવી પ્રતીતિ જે સાધકને થાય તે પોતાની મેળે જરૂર સારી રીતે આગળ ને આગળ વધ્યા કરશે. ધ્યાન માટેના પ્રેરણાદાયક પ્રવચનો સાથે, મહારાજ સાહેબોએ શુદ્ધ સામાયિક, વ્યવહાર સામાયિક, નિશ્ચય સામાયિક વિશે પણ ઘણું જ રસપ્રદ રીતે સમજાવ્યું.

સામાયિક એટલે આત્મ-સમતા ને યોગ... આત્માની અનુભૂતિ એ સામાયિક. સ્વાધ્યાય એટલે નિજતત્ત્વને, મનન ચિંતન અને અભ્યાસ દ્વારા બહાર લાવવું તે. પ્રતિક્રમણમાં પણ પ્રેક્ષાધ્યાન અને ભાવ પ્રતિક્રમણ છે. આંતર નિરિક્ષણ કરી, દોષોને જોઈ, કચરો બહાર ફેંકી ફરીવાર સજાગ બની. તે કાર્યમાં ન જોડાવું તે અરીસા સમાન છે. જીવનું પ્રતિબિંબ જેવું છે તેવું તેમાં દેખાય તથા અતિચારોનું પ્રતિક્રમણ કરતાં, શબ્દો સાથે ભાવનું પણ રહસ્ય સમજાય તો જીવ હળવો થાય અને નિજ-સ્વભાવ તરફ લક્ષ બને અને અંતરની વિશુદ્ધિ થતી જ જાય. શિબિરમાં અમને સૌને બહુમૂલ્ય શિક્ષણ અને પ્રાયોગિક તાલીમ મળી.

ધ્યાન ઉપરાંત સવારે પોણો કલાક વ્યાયામ–આસનોનો કાર્યક્રમ પણ રાખેલ જે સૌને ખૂબ ઉપયોગી નીવડ્યો હતો.

બંને મહારાજશ્રીના પ્રવચનો એટલા ઉત્તમ કોટિના હતા કે તે દરેક પ્રવચન ઉપર સુંદર લેખ લખી શકાય. ઉપાશ્રયોમાં ધર્મનું વાતાવરણ તો હોય જ છે. પરંતુ તેમાં મુખ્યત્વે તપ-દાન અને મંગલિક સાંભળી, ત્યાં જ બધું જાણે સમાપ્ત થઈ ગયું તેવું વાતાવરણ હોય છે. તેના બદલે પ્રત્યેક વ્યકિત, ધર્મ-સાધના સરળ છે, તેનો આનંદ અપૂર્વ છે અને જીવનમાં વારંવાર જોવામાં આવતી, પ્રતિક્રિયાને બદલે ભાવક્રિયામાં રાચતો થઈ જાય એ નૂતન 'જીવનદૃષ્ટિ, આવી શિબિરોમાંથી જરૂર પ્રાપ્ત થઈ શકે છે.

સંકલન: રમાબહેન રસિકલાલ પારેખ : કે. પી. શાહ

શ્રદ્ધા

શ્રદ્ધા! કેવળ આ બે અક્ષરોના સહારે જીવન જીવતાં શીખી છું. શ્રદ્ધા મોટામાં મોટું બળ છે. નિર્ધનનું ધન છે. દુઃખમાં આશ્વાસન છે. શ્રદ્ધા એ જ જીવન છે. અંતરના ભદ્રાસન પર શ્રદ્ધા વિરાજમાન છે. જીવનના યજ્ઞકુંડમાં શ્રદ્ધાના અગ્નિનું આધાન છે. અગ્નિની શિખાની ગતિ ક્યારેય અધોગતિ હોતી નથી. અગ્નિ-શિખા તુલ્યશ્રદ્ધા હરહંમેશ જીવનને ઊર્ધ્વગતિમંત બનાવે છે.

શ્રદ્ધા એક માનસિક ગુણ છે. જીવન નિષ્ઠા છે. જીવન નિર્વાહ અને પ્રત્યક્ષ અનુભવની વ્યવસ્થાપના માટે સ્વીકારાયેલું મધ્યવર્તી સૂત્ર છે. શ્રદ્ધા એક સામાજિક ભાવ છે. શ્રદ્ધાનું મૂલતત્વ છે. બીજાના મહત્વનો સ્વીકાર. એક વખત નિશ્ચિત થાય કે, અમુક માણસ વિદ્વાન છે, ગુણી છે. દાની છે. ધર્માત્મા છે. તો આપણે માટે આનંદનો વિષય બને છે. એને જોઈને આપણું મસ્તક નમી જાય છે. કોઈ પણ સ્વાર્થ વિના એની પ્રશંસા કરીએ, એનું ભલું ઈચ્છીએ એની નિન્દા સહન ન કરી શકીએ, કોઈ મનુષ્યમાં જનસામાન્ય કરતાં કોઈ વિશેષ ગુણ યા શકિતનો વિકાસ જોઈ તેના સંબંધમાં એક સ્થાયી આનંદ હૃદયમાં સ્થાપિત થાય તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા મહત્વની આનંદપૂર્ણ સ્વીકૃતિ સાથે પૂજ્ય બુદ્ધિનો સંચાર છે.

શ્રીમદ દુર્ગાચાર્યના મતે શ્રદ્ધા શબ્દમાં બે શબ્દો છે. એક શ્રત્ બીજો ધા શ્રત્ એટલે સત્ય અને ધા એટલે આધાન, જેમાં સત્ય રહેલું છે. જેમાં સત્યનું આધાન છે. તેનું નામ શ્રદ્ધા. યજુર્વેદની વાજસનેયી સંહિતામાં પ્રજાપતિએ સત્યને સ્થાને શ્રદ્ધાનું અને અસત્યના સ્થાને અશ્રદ્ધાનું આધાન કર્યું તેવું વિધાન છે. વેદોમાં શ્રદ્ધાને અવતાર માનવામાં આવે છે. શ્રદ્ધા એ જ વિશ્વનું આશ્રયસ્થાન છે અને શ્રદ્ધાથી જ દેવોનું દેવપણું છે, શ્રદ્ધાને દેવો પણ પૂજે છે. એવું ઋગ્વેદમાં કહેલું છે. 'શ્રદ્ધા દેવા યજમાન વાયુગોપા ઉપાસતે".

જેને દેવો પણ સવાર - બપોર - સાંજ પૂજતા હોય તે શ્રદ્ધાનું અવર્ણનીય મહત્વ હોય જ. ધર્મની પ્રવૃતિ - અભ્યુદય અને નિઃશ્રેયસ - આ બન્નેની પ્રાપ્તિ માટે છે. આ બન્ને શ્રદ્ધાના વિષય છે. શ્રદ્ધા જેટલી દઢ, અવિચળ ને પ્રબળ તેટલો યશનો અધિક સંભવ. એક કવિએ ગાયું છે.

'શ્રદ્ધા વિણ ધર્મ સદા નિર્બળ, શ્રદ્ધા વિણ સત્ય જડે નહીં
મન નિશ્ચિલ તો એ હિમાચલ છે, મન ચંચલ છે, મન ચંચલ તો
એ રજકણ છે."

તેથી શ્રદ્ધાને જ પોષક એવાં આશ્વાસનો ધર્મ આપે છે. "મારો ભકત નાશ પામતો નથી. તેના યોગક્ષેમનું હું વહન કરું છું." આવાં ભગવાનનાં વચનો પર શ્રદ્ધા બેસે છે અને મનની નિરાશા દૂર થઈ આશાનાં અંકુર ફૂટે છે. ઉત્સાહનો સંચાર થાય છે. અને બમણી હિમતથી માણસ પોતાના કાર્યમાં દઢ રહે છે. મૃત્યુ પછીનું જીવન શું છે? કોણે સિદ્ધ કર્યું છે? મરણોત્તર જીવન વિજ્ઞાને પણ સિદ્ધ કર્યું નથી પણ તેના પરની શ્રદ્ધાને કારણે બીજો જન્મ સકલવૈભવ સંપન્ન હોય તે આશાથી યે માણસ આજન્મ પુણ્યકાર્ય કરતો રહે છે.

વિચારવંત માનવ શ્રદ્ધાને ન છોડે અને શ્રદ્ધાવાનને વિચાર વર્જ્ય ન હોવો ઘટે. કેટલાકનું માનવું છે કે, જ્યાં બુદ્ધિનું કામ પૂરું થાય છે. ત્યાં શ્રદ્ધાનું કામ શરૂ થાય છે. બુદ્ધિ અને શ્રદ્ધા કદી એકત્ર રહી શકતા નથી. તેથી ઊલટું કોઈ માને છે કે, અશ્રદ્ધા આત્મઘાતની વૃત્તિ છે. બુદ્ધિ સુદ્ધાંને શ્રદ્ધાની બેઠકની આવશ્યકતા રહે છે. જીવનનાં કેટલાંક ક્ષેત્રો બુદ્ધિ કિંવા તર્કની પાર હોય છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા - માનસિક સ્તબ્ધતાને શ્રદ્ધાવત ગણાવી છે. સમાજ ધુરંધરોએ સમાજના અભ્યુદય સંબંધી કેટલાક નિયમો ઘડ્યા હોય છે. પણ જ્યારે અજ્ઞાનને કારણે મૂળભૂત તત્ત્વો વિસારે પાડી લોકો નિરર્થક નિયમ પાલન કરે છે ત્યારે તેનું પરિણામ વિપરીત આવે છે. સુશિક્ષિત માણસો પણ અવિવેકને કારણે વિચિત્ર આચારધર્મ પાળતા નજરે પડે છે. છતાં શ્રદ્ધાન્ધ વ્યકિત સમાજમાં એટલી અનર્થકારી હોતી નથી. જેટલી મદાન્ધ, ક્રોધાન્ધ કે ઈર્ષ્યાન્ધ. શ્રદ્ધા અને આરોગ્ય - આરોગ્ય અને મનની શાંતિને ગાઢ સંબંધ છે. મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. સંતાપ ઉદ્વેગ, નિરાશા, ભય, વિકાસ આરોગ્યનાં વિઘાતક છે. પણ કેટલીક ભાવના આરોગ્યપોષક હોય છે. આશા, આત્મવિશ્વાસ, આનંદને કારણે મજ્જાતંતુ નિરામય રહે છે. પરમેશ્વર કે કોઈ તત્ત્વ પર મન શ્રદ્ધાથી સમાહિત થાય તો અવશ્ય સુદઢતા પ્રાપ્ત થાય. પતંજલિના યોગસૂત્રો સમજાવતાં ટીકાકાર કહે છે. "શ્રદ્ધા ચેતસઃ સંપ્રસાદઃ સા હિ જનનીવ કલ્યાણી યોગિનં પાતિ"

માનવીના કર્તૃત્વની દૃષ્ટિએ પણ શ્રદ્ધાનું જીવનમાં મહત્ત્વ છે. મનુષ્ય માત્ર શ્રદ્ધામય છે. કવિ શ્રી સુંદરમની બે પંકિતઓ યાદ આવે છે. 'તને નમું, પથ્થરને, નહીં નહીં.
શ્રદ્ધા તણા આસનને નમું નમું.'

જેની જેવી અને જ્યાં શ્રદ્ધા હોય તેવો જ તે હોય છે - 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' ગીતાનો આ સિદ્ધાંતને અર્વાચીન માનસશાસ્ત્રના સંબંધમાં નિહાળીએ તો માનવી કર્તૃત્વનો, યશનો મૂલાધાર છે. કોઈ પણ કાર્યમાં શ્રદ્ધા મહત્ત્વનું ઘટક છે. પોતાના પર શ્રદ્ધા ન હોય તો યે યશ મળતો નથી. પ્રત્યેકના અંતરમાં પરમાત્મા છે. તેથી આત્મશ્રદ્ધા એટલે પરમેશ્વર પરની શ્રદ્ધા. મહાભારતમાં કહ્યું છે કે જે કાર્ય શ્રદ્ધાપૂર્વક કર્યું હોય તેનું પૂર્ણ ફળ મળે છે.

પરિશ્રમનું વૃક્ષ ત્યારે જ ફળ આપે છે જ્યારે તેમાં શ્રદ્ધાના જળનું સિચન થાય.

– હેમાંગિની જાઇ

☆ લશ્કરી રાજમાં પાકિસ્તાનની અધોગતિ ☆

પાકિસ્તાનમાં લશ્કરી બળવો થતો અટકાવવા માટે જનરલ ઝિયાએ જે સાફસૂફી કરી, તે બતાવે છે કે, માત્ર પ્રજામાં જ નહીં લશ્કરમાં પણ ઘણો અસંતોષ છે અને કોઈ પણ વખતે જન. ઝિયાના શાસનના હાલ અયુબખાન અને યાહ્યાખાનના હાલ કરતાં પણ વધુ ખરાબ નીવડે. ત્રીજા વિશ્વના દેશોમાં જે કમનસીબ દેશોને અમેરિકાએ પોતાની છાવણીમાં ખેંચી લીધા છે ત્યાં તેણે જૂલ્મી અને શોષણખોર સરમુખત્યારોને પોષ્યા છે અને લશ્કરી ખર્ચના ભારથી તથા શોષણખોરીથી એ દેશો ભાંગી પડયા છે. કરાંચીના પાકિસ્તાન ઈકોનોમિસ્ટે લખ્યું છે: ખાધવાળાં બજેટોની પરંપરા અને વધતા જતા ફુગાવામાંથી દેશને બચાવવો હોય તો લશ્કરી ખર્ચ ઓછો કરવો જોઈએ. લશ્કરી બળ વધારતાં રહીને પણ પાકિસ્તાન કદી ભારતને હરાવી શકશે નહીં.

પાકિસ્તાનમાં લશ્કરી કાયદાનું શાસન છે. તેમ છતાં કેટલાંક અખબારોએ હિમત કરીને મહાસત્તાઓની અથડામણમાં પાકિસ્તાનને સામેલ નહીં કરવા અનુરોધ કર્યો છે.

પાકિરતાનની ૩૩ વર્ષની કારકિર્દીમાં વધુમાં વધુ વર્ષો લશ્કરી શાસન નીચે ગયાં છે. જન. ઈસ્કંદર મિરઝાને નાગરિક સરકારના પ્રધાન મંડળમાં લેવામાં ગંભીર ભૂલ થઈ હતી. ત્યારથી લશ્કરના મહત્ત્વાકાંક્ષી જનરલો વચ્ચે સત્તા માટે સ્પર્ધા શરૂ થઈ. આપ મેળે ફિલ્ડ માર્શલ બની બેઠેલા અયુબખાનની પોલાદી પકડમાંથી છૂટવા માટે પ્રજાએ બળવો કરવો પડયો હતો. ભારત ઉપર આક્રમણ કરીને પ્રજાનું ધ્યાન ભારતવિરોધી ઝુંબેશમાં રોકવામાં પણ આયુબને સફળતા મળી ન હતી.

યાહ્યાખાને ૧૯૭૧ માં બંગલા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે પાકિસ્તાનનું લશ્કરી બજેટ ૩૨૦ કરોડ રૂપિયાનું હતું. અત્યારે ૧,૧૦૦ કરોડ રૂપિયાનું છે. ધનવાન આરબ દેશો તરફથી મળતા નાણાં અણઉપજાઉ લશ્કરી ખર્ચમાં વપરાતાં હોવાથી ફુગાવો વધારે છે.

જ્યારે ભૂટોએ જન. યાહ્યાખાન પાસેથી રાજસત્તા સંભાળી લીધી ત્યારે પાકિસ્તાનનું વિદેશી કરજ ૩ અબજ ૬૦ કરોડનું હતું. ભૂટો પદભ્રષ્ટ થયા ત્યારે વિદેશી કરજ ૭ અબજ ૨૦ કરોડ ડૉલરનું હતું અને ફુગાવો દર વર્ષે ૨૦ થી ૩૦ ટકા જેટલો વધતો હતો. ભૂટોએ કેટલાક ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવા ઉપરાંત પોલાદના ભારે ઉદ્યોગનું કારખાનું પણ નાખ્યું હતું. પરંતુ પાકિસ્તાનની ધરતીમાં લોઢું પણ નથી અને કોલસા પણ નથી. ભારત પાસેથી તેને લોઢું કે કોલસો જોઈતો નથી, કારણકે ભારત સાથે વ્યાપાર કરવો નથી.

તાજેતરમાં અમેરિકાએ પાકિસ્તાનના અર્થતંત્રને બચાવવાં ૨૦ કરોડ ડૉલરની આર્થિક સહાય આપવા તૈયારી બતાવી ત્યારે ઝિયાએ તેને થોડા સિગદાણા જ ગણાવી ધુત્કારી કાઢી. ૨૦ કરોડ ડોલરનાં શસ્ત્રો સ્વીકારવાની પણ ના પાડી. તેમને આઠગણી વધુ મદદ જોઈએ છે અને શસ્ત્રો પણ પોતાની પસંદગીનાં જોઈએ છે.

પાકિસ્તાનનું સર્જન થયું ત્યારે અને તે પછી, તે ધાન્યના આખૂટ ભંડાર તરીકે ઓળખાતું હતું. આજે તેને અનાજની તંગી પડે છે. બંગલા દેશ ગુમાવવાથી તેણે શણ, કાગળ, વગેરેની નિકાસથી મળતું વિદેશી હૂંડિયામણ ગુમાવ્યું છે. પાકિસ્તાનનું સર્જન થયું ત્યારે પશ્ચિમ પાકિસ્તાનના ઉદ્યોગોનો અભાવ હતો. ખેતી પર આધારિત ઉદ્યોગો પણ નામના જ હતા. ઈસ્કંદર, અયુબખાન અને યાહ્યાખાને - દેશના આર્થિક વિકાસ કરતાં લશ્કરી બળ ઉપર વધુ ધ્યાન આપ્યું, પરિણામે અનાજમાં પુરાંતવાળો આ દેશ ખાધવાળો દેશ બની ગયો. રશિયાએ અફઘાનિસ્તાન ઉપર પહેલા રાજકીય અને પછી લશ્કરી કબજો કર્યો ત્યારે પાકિસ્તાનનું વિદેશી કરજ એટલું વધી ગયું હતું કે વ્યાજ પણ ચૂકવી શકાતું ન હતું, અને લેણદાર દેશો તેને કશી છૂટછાટ આપવા તૈયાર ન હતા. અફઘાન પ્રકરણમાં પાકિસ્તાનને રશિયા સામે વાપરી શકશે એ લાલચથી અમેરિકા તેની મદદે દોડી આવ્યું અને ચીન ને પશ્ચિમી દેશોને અને આરબ દેશોને અનુરોધ કર્યો કે, તમે પાકિસ્તાનને બધી મદદ કરો. ઝિયાને લાગ્યું કે, પોતાની સત્તા મજબૂત કરવા, અને મનગમતા શસ્ત્રો તથા વિપૂલ નાણાં મેળવવાની આ ઉત્તમ તક છે. પરંતુ પોતે કોઈ પણ સમયે ફાટે તેવા જ્વાળામુખી ઉપર બેઠા છે તેનો તેમને વિચાર આવતો નથી.

આ સંજોગોમાં ઝિયા કેટલો સમય ટકી શકશે તે એક સવાલ છે. મદદ આપવાની ચીનની શકિત મર્યાદિત છે. વળી ચીન જે શસ્ત્રો આપે છે તે આજના જમાનામાં જરીપુરાણાં છે. જન. ઝિયાને તો અદ્યતન શસ્ત્રો જોઈએ છે. આરબ દેશોની મદદથી તે ફ્રાન્સ પાસેથી કેટલાંક અદ્યતન શસ્ત્રો ખરીદવાની આશા રાખે છે. પરંતુ જ્યારે પાકિસ્તાનની પ્રજાને રોટી જોઈએ છે અને લશ્કરમાં અસંતોષીઓ અને મહત્ત્વાકાંક્ષીઓ પણ છે ત્યારે અફઘાનિસ્તાનમાં રશિયન રીંછને શિંગડ ભરાવવાની ચેષ્ટા કરી રહેલા ઝિયા માટે ભવિષ્ય ધૂંધળું લાગે છે.

- વિજયગુપ્ત મૌર્ય

પુત્રવધુનું કન્યાદાન

જલગાંવ જિલ્લાના પાલધી ગામે તાજેતરમાં અનોખો લગ્ન-પ્રસંગ માણ્યો હતો અને લોકોમાં આ લગ્ન - પ્રસંગે ભારે આદર પેદા કર્યો હતો.

"આ લગ્ન–પ્રસંગ એક વિધવા યુવતીના પુનર્વિવાહનો હતો અને તેના સ્વર્ગસ્થ પતિના મા-બાપે એટલે કે તે યુવતીના સાસુ-સસરાએ પોતાની વિધવા પુત્રવધૂના લગ્નમાં કન્યાદાન આપી એક કોડભરી કન્યાને વિધવાપણાની વેદી પર જીવન નષ્ટ કરતાં રોકીને તેના જીવનમાં સુખનો નવો સૂરજ ઉગાડી દીધો હતો.

"આ પ્રસંગની માહિતી આપતાં એક વાંચકે આ અખબારને જણાવ્યું હતું, કે પાલધીના શ્રી શિવનારાયણ વાસટ નામના મારવાડી ગ્રહસ્થના પુત્ર ડૉ. ગોવિંદના છ સાત મહિના પહેલાં ભારતી નામની યુવતી સાથે લગ્ન થયા હતા.

થોડા સમય પહેલાં ડૉ. ગોવિન્દનું અકાળ અવસાન થયું અને 'ભારતી' જીવન ભોગવે તે પહેલાં જ વિધવા બની ગઈ. એના ચૂડી-ચાંદલો બેય કાળદેવતાએ છીનવી લીધા. આ યુવતીના અરમાનો મનમાં જ રહી ગયા અને એનો વિલાપ તેના શ્વસુર પક્ષના લોકો જોઈ ન શક્યા અને તેઓએ ભારતીને ફરી લગ્ન કરવા તૈયાર કરી અને પુનર્લગ્ન માટે તૈયાર થાય એવા મુરતિયાની શોધ પણ શરૂ કરી દીધી.

"આ શોધમાં શિવનારાયણજી સફળ થયા અને ક્રાસોદના સહકારી ખાંડ કારખાનાના ઉપાધ્યક્ષ અને નાગરી સહકારી બેંકના અધ્યક્ષ 'વિજય કાંબરે'એ ભારતીનો હાથ પકડવાની તૈયારી બતાવી.

"વિજયના આ પહેલા જ લગ્ન હતા અને તે સમાજમાં પોતાનું નામ કાયમ કરી જવા ઉત્સુક હતો. તેની હા પડતાં જ શિવ-નારાયણદાસજીએ લગ્ન લીધાં અને ભારતીના મા-બાપ બનીને ધામ-ધુમથી વિવાહ કર્યા અને કન્યાદાન પણ તેઓએ જ આપ્યું. "

લંડનથી ગુજરાતી ભાષામાં "ગુજરાત સમાચાર" વીકલી પ્રગટ થાય છે. તેના તા. ૭ માર્ચ ૮૦ ના અંકમાં ઉપરનો કિસ્સો, વરવધૂ "વિજય" અને "ભારતી"ના ફોટોગ્રાફ સાથે પ્રગટ થયો છે. એક મારવાડી ગ્રહસ્થની સંસ્કારિતા અહીં પ્રગટ થતી જોવા મળે છે અને ભારતમાં કુમળી એવી અસંખ્ય બાળવિધવાઓના વડીલો માટે આ પ્રસંગ પ્રેરણાદાયક તેમ આંખ ઉઘાડનારો બનવો જોઈએ. જ્યારે આપણે અણયુગમાં જીવી રહ્યા છીએ, બીજી અનેક બાબતોમાં પશ્ચિમી સંસ્કૃતિને અપનાવી છે, કલબોમાં પણ છૂટથી જતા આવતા થઈ ગયા છીએ, ત્યાંના અનેક અનિષ્ઠોને ફેશન ગણીને, ક્ષમ્ય ગણીએ છીએ એટલું જ નહિ પરંતુ આપણે પણ અપનાવીએ છીએ. સંસ્કૃતિને બટો લાગે એવો આપણો જીવનવ્યવહાર થઈ ગયો છે." ત્યારે પણ નાની બાળ જેવી કન્યાના લગ્ન થાય અને ટૂંકા સમયમાં તે વિધવા બને ત્યારે તેનું એ વૈધવ્ય જીવનપર્યંત તેણે ભોગવવું જોઈએ એવો આપણે આગ્રહ રાખીએ છીએ અને એવી માન્યતા ધરાવતા આપણે તેની સામે એશઆરામી જીવન જીવીએ છીએ. આથી વધારે શરમભરેલું બીજું શું હોઈ શકે?

ઉપરના કીસ્સાથી આપણે તંદ્રામાંથી જાગવું જોઈએ અને આજના યુગની વાસ્તવિકતા પીછાનતા શીખવું જોઈએ એવો મારો દૃઢ અભિપ્રાય છે. ભારતીને સાસુ-સસરા એવા મળ્યા કે તેના માતા-પિતા બનીને તેના પુનર્લગ્ન સાસુ-સસરાએ કરાવી આપ્યા તે માટે એ દંપતીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. અને ભાઈ વિજય પણ, બાળવિધવાને સ્વીકારવા માટે આપણા ધન્યવાદનો અધિકારી બને છે.

આપણે વાંચીએ છીએ ઘણું પરંતુ વિચારીએ છીએ ઘણું ઓછું અને અમલમાં તો ક્યારેક થોડું કે જ મુકતા હોઈએ છીએ. આ આપણા સમાજજીવનની મોટી નબળાઈ છે. સાચી લાગતી વસ્તુનો હિમતથી અમલ કરવાની તાકાત કેળવવી એ નાની વાત નથી.

- શાંતિલાલ ટી. શેઠ

હતાશાનો યુગ

ગૌતમ બુદ્ધે સંસારનો માત્ર ચાર કરુણ દશ્યો જોઈને પછી મહાભિનિષ્ક્રમણ કરેલું. આજે હવે આવાં અનેક દશ્યો જોયા પછી આપણું રૂવાડું ય ફરકતું નથી.

શહેરોમાં હાથલારી ખેંચનારાઓના પગમાં ચંપલ નથી હોતાં, વૈશાખી બપોરે ડામર પીગળે ત્યારે રસ્તા સાથે ભારે વજન ખેંચવા માટે પકડ લેવા મથતા એ ઊઘાડા પગ પર શું વીતતું નહીં હોય! એની પાસેથી જ કારમાં વહી જતા માણસને ચંપલની આછી ગરજ નથી હોતી પરંતુ માત્ર આદતને કારણે જ એના પગને ચંપલ વળગી રહે છે! શિયાળાની ઠંડી સવારે, પોતે વાંચી ન શકે એવાં છાપાં લઈને ફેરિયો લોકોને ઘેર પહોંચી જાય છે. મહિનાઓ સુધી છાપું વાંચનારો એનું મોં પણ જોવા નથી પામતો. એક ઘરડા ટપાલીને હું રોજ બપોરે લોકોના મનિઓર્ડર કે રજિસ્ટર્ડ પત્રો લઈને જતો જોઉં છું. એના ગજવામાં રૂપિયાની, નોટોના થોકડા હોય છે, અને છતાં ય એની ગરીબી તો સદા જુવાન! કોઈ મોટા નેતા આવવાના હોય ત્યારે રસ્તે પથરાયેલા તડકાને કાબૂમાં રાખવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા પ્રભાવહીન પોલીસને તમે જોયો છે? કે કલાકો સુધી લંબાયે જતી એની ડ્યૂટી એના જીવનને સહરાના રણ જેવું બનાવી નહીં મૂકતી હોય!

હોટેલોમાં સારી સારી વાનગીઓ પીરસતો બાલમજૂર એ વાનગીઓ સાથે એક જુદા જ પ્રકારનો સંબંધ રચી રાખે છે. બધી વાનગીઓને એ બિચારો નાકથી જ માણે છે. બધી જ ઋતુઓ જેની કાળી પીઠ પર ઠલવાતી જ રહે છે, એવો હળપતિ જ્યારે ફસલ ઊતરે ત્યારે પોતે જ પકવેલા મબલખ દાણાથી કેટલો દૂર રહી જાય છે? ગમે તેટલું સારું પાકે તો ય એને કદી બોનસ નહીં જ મળે! હરિયાળી ક્રાંતિ પણ એના ઉજ્જડ જીવનમાં આછી ખલેલ નથી પહોંચાડતી!

રેલવે સ્ટેશન પર ગમે તેટલો ઘરડો હમાલ પણ ભલભલા યુવાનનો સામાન ઉપાડી શકે છે. એ યુવાન વેઈટ લિફ્ટીંગ ચેંપિયન હોય તો ય સામાન તો હમાલ પાસે જ ઉપડાવશે ને! એક માણસ પોતાની નાજુક ડોક પર કેટલો સામાન ઉપાડી શકે તે માટે કોઈ નિયમો તો હશે જ ને! એક ખટારો કેટલું વજન વહી શકે તે અંગે મર્યાદા હોય છે, આવી મર્યાદા હમાલ માટે હશે ખરી? અનાજના ગોદામમાં પોતાની પીઠ પર પાંચ મણની ગુણી ઉપાડીને જતા આદમીની ક્રોડરજ્જુને કોઈ જ હાનિ નહીં પહોંચતી હોય! દૂર દૂર ને ગામડેથી સાઈકલ પર દૂધના દેગડા લઈને શહેરના ફળિયા સુધી આવી પહોંચતા દૂધવાળાના કંતાઈ ગયેલા પગ જોવાની ફુરસદ આપણને ક્યારેય મળશે ખરી?

એક બાજુ આવી બાબતો જોઈને આપણને કશું ય નથી થતું. જ્યારે બીજી બાજુએ નાની નાની વાતો આપણને હતાશ કરી મૂકે છે. નવા પડેલા ચલચિત્રની ટિકિટ માટે લાઈનમાં ઊભા રહીએ અને આપણો નંબર લાગવાની તૈયારી હોય અને ટિકિટ ખલાસ થઈ જાય ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ. છાપું ન આવે અથવા મોડું આવે એટલામાં બેચેન બની જતા માણસો મેં જોયા છે. એસ. એસ. સી. ની પરીક્ષાનું પરિણામ બહાર પડે ત્યારે આપઘાતના બનાવો બને એ શું બતાવે છે? કેટલીક વાર તો દીકરો નપાસ થાય અને માતા રડવા માંડે છે! આપણી હતાશા પણ કેવી તકલાદી?

અર્જુનનો વિષાદ સો ટચનો હતો તેથી જ કદાચ એ વિષાદમાંથી વિષાદયોગ બનીને ગીતાનું આરંભબિંદુ બની રહ્યો. હતાશાની પળોનો ઉપયોગ જીવનને આરપાર જોવાની એક તક તરીકે કરવાનું આપણને ક્યાંથી સૂઝે? બાકી, બારી પાસેની સીટ ન મળે એટલામાં નિરાશ થઈને ઝઘડી પડનારા વિમાન-પ્રવાસીઓ અને ટ્રેનપ્રવાસીઓ પણ હોય છે. ઘણીવાર તો બને છે એવું કે આપણે નિરાશ હોઈએ છીએ ત્યારે ય નિરાશાનું કારણ જાણતા નથી હોતા. કોઈ યુવાનનો મૂડ ચાલ્યો જાય ત્યારે એને પૂછવામાં આવે કે તું કેમ મૂડમાં નથી? એ કહે છે કે, મૂડમાં કેમ નથી એની એને પોતાને ખબર નથી.

હતાશા પણ ક્યારેક બહુ સાપેક્ષ બાબત બની રહે છે. મને એક યહૂદી સાધુનો પ્રસંગ યાદ આવે છે. બુડાપેસ્ટમાં એક માણસે એ યહૂદી સાધુ પાસે જઈને ફરિયાદ કરી અને કહ્યું: "અમે એક નાની અમથી ઓરડીમાં નવનવ જણાં છીએ, શું કરવું?" સાધુએ એને ઠંડે કલેજે જવાબ આપ્યો: "તારી સાથે એક ઘેટું લેતો જા."

પેલો માણસ મુંઝાયો, પરંતુ સાધુએ કહ્યું: "હું કહું તેમ કર." પેલા માણસે તેમ કર્યું.

અઠવાડિયા પછી પેલો માણસ પાછો આવ્યો. એ લગભગ અધમુઓ થઈ ગયો હતો. એણે સાધુને કહ્યું: "હવે તો નથી થોભાતું, ઘેટું ગંધાય છે."

સાધુએ નિરાંતે એને કહ્યું: "તું પાછો જા અને ઘેટાને બહાર કાઢી મૂક અને મને અઠવાડિયા પછી મળજે.

બરાબર અઠવાડિયા પછી પેલો માણસ યહૂદી સાધુ પાસે ખુશ થતો ગયો અને બોલ્યો:

"સાધુમહારાજ! હવે જીવન મજાનું છે. અને અમે પ્રત્યેક પળ માણીએ છીએ. હવે તો ઘેટું પણ નથી, માત્ર અમે નવ જ જણ છીએ!."

થોડા જ દિવસો પર નવ જણ ઘણાં હતાં. પરંતુ ઘેટું ગયું પછી એટલા જ માણસો માત્ર 'નવ જણ' બની ગયા.

જાણીતા પત્રકાર અને લેખક જહોન ગંથરનું એક ખૂબ જ મજાનું પુસ્તક છે. એનું નામ :. 'Death Be Not Proud' ગંથર–દંપતી વચ્ચે છૂટાછેડા થઈ ગયા પછી બંનેનો વહાલસોયો દીકરો જહોની જીવલેણ દર્દમાં સપડાય છે. દીકરાને બચાવવા માટે ઘણાં આકાશપાતાળ એક કરે છે. જહોની મૃત્યુ સામે વીરતાપૂર્વક ટક્કર લે છે, પરંતુ આખરે મરણ પામે છે. પુસ્તકમાં આ આખ્યાન દાસ્તાન ગંથરે સરસ રીતે રજૂ કરી છે. છેલ્લા ભાગમાં ગંથરની પત્ની એટલે કે જહોનીની માતા પોતાની વાત ટૂંકમાં લખે છે. માતૃહૃદયની ભીની લાગણીઓ આ થોડાંક પાનાની લીટીએ લીટીએ ટપકે છે. એમાં એક જગ્યાએ શ્રીમતી ગંથર કહે છે : "તમારું બાળક તોફાની હોય, ઉદ્ધત હોય, નબળું હોય કે પછી હેરાન કરનારું હોય તો ય તમો નિરાશ ન થશો. તમે માત્ર એટલું જ વિચારજો કે અમારું બાળક જીવે છે તો છે ને! તમારું બાળક છે, એ પણ કેટલી મોટી વાત છે!" ગમે તેવી હતાશાની પળોમાં ય આ વાક્ય આશ્વાસન આપી શકે એવી તાકાત ધરાવે છે.

જીવનનો સ્વીકાર કરનારે હતાશાનો પણ સ્વીકાર કરી જ લેવો રહ્યો. એક જર્મન સુભાષિતમાં આ વાત સરસ રીતે કહેવાઈ છે. "સુખની એક નાની ડોકાબારી ખોલવા ગયા ત્યાં તો હતાશાના કે દુઃખના દરવાજા ખુલ્લી જ ગયા જાણવા." જરાક વિચારીએ તો તરત જણાશે કે હતાશાની પળો કોના જીવનમાં નથી આવી!

થોડા જ દિવસો પર વિષાદની પળોમાં ફૂટેલી કાવ્ય પંક્તિઓ જ બાકીની વાત ભલે કહેતી:

એક પરમાણુ પર
શું શું વીતતું હશે
ત્યારે
બૉંબ બનતો હશે?
અને
એક શાણો આદમી
પાગલ બની જાય
ત્યારે
એના પર શું નહીં વીત્યું હોય?

જીવનનો પુરુષાર્થ વિષાદને પણ વિષાદયોગમાં પલટી નાખવામાં રહેલો છે એવું લાગે છે.

('આકાશવાણી'ના સૌજન્યથી) —ગુણવંત શાહ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ પીપલ પ્રેસ, લેટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૨ : અંક : ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ એપ્રિલ, ૧૯૮૦ બુધવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

પ્રેમ

આ વિષય ઉપર મને લખતો જોઈ ઘણાને સકારણ આશ્ચર્ય થશે. મારા જ્ઞાનનો કે અનુભવનો આ વિષય નથી. પણ હમણાં બે પુસ્તકો વાંચ્યા તે ઉપરથી સારી પેઠે વિચારમાં પડયો તેથી આ લખવા પ્રેરાયો છું. એક પુસ્તક મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃતાંત અને બીજું મૈત્રેયીદેવીનું 'ન હન્યતે' બન્ને પુસ્તકો વાંચી એક વાત સ્પષ્ટ થઈ, કે માણસનું મન અકળ છે. આત્મવૃતાંત વાંચી ઊંડો ખેદ થયો. 'ન હન્યતે' વાંચી પ્રસન્નતા અનુભવી સાથે થોડો ખેદ થયો. આત્મવૃતાન્ત પ્રકટ ન થયું હોત તો સારું હતું, છેવટ કાંઈ ગુમાવવાનું ન હતું, સિવાય કે એક મહાન વિદ્વાન ગણાતી વ્યકિતની નૈતિક નિર્બળતા કેટલી બધી હતી તે જાણવા મળ્યું. બીજું પુસ્તક પ્રકટ થયું તે સારું થયું, તે પણ આત્મવૃતાન્ત છે. પ્રેમ કેટલો અદ્ભય અને અમર છે તે જાણવા મળ્યું.

૨ા બન્ને પુસ્તકોનું વિવેચન લખવા હું નથી બેઠો, મારા ગજા બહારની એ વાત છે.

પ્રથમ મણિલાલના આત્મવૃતાન્ત વિશે. મણિલાલ ૧૯ મી સદીના ગુજરાતના પ્રખર વિદ્વાન, શંકર વેદાંતના અભ્યાસી, સંસ્કૃતના મહાન પંડિત અને ભારતીય દર્શનશાસ્ત્રના વિદ્વાન તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા. ૧૮૭૮ માં જન્મ, અને ૪૦ વર્ષની વયે ૧૯૧૮ માં અવસાન. તેમણે પોતાનું આત્મવૃતાન્ત લખી, આનંદશંકર ધ્રુવને સોંપેલું. આનંદશંકરભાઈએ તે પ્રકટ ન કર્યું. દબાણ થતાં તેમાંનો કેટલોક ભાગ કટકે કટકે પ્રકટ કર્યો. તાજેતરમાં તે પૂરું પ્રકટ થયું છે. મણિલાલના પુસ્તકો વાંચીએ તો તેમના પ્રત્યે ખૂબ આદર થાય, મણિલાલને બ્રહ્મનિષ્ઠનું વિશેષણ અપાતું. આત્મવૃતાન્ત વાંચ્યા પછી બે મણિલાલ જોવા મળે છે. ઠાકરે કહ્યું છે તેમ ઊંચો પર્વત અને ઊંડી ખીણ – મણિલાલે લખ્યું છે:

"ધર્મ અને પ્રેમ બે મારાં મુખ્ય માનસિક ચિંતન હતા ને તેની પાછળ હું ભમતો. મારા વિચારોની પરંપરામાં મેં પરિણામે પ્રેમ અને મોક્ષ (ધર્મ) એકરૂપ ગોઠવી કાઢયા હતા."

આત્મવૃતાન્ત વાંચતા જણાય છે કે મણિલાલના જીવનમાં ન હતો સાચો પ્રેમ કે ન હતો સાચો ધર્મ–અગાધ પાંડિત્ય હતું. દર્શનશાસ્ત્ર ઉપર વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થો લખ્યા છે. મણિલાલ જેને પ્રેમ કહે છે તે હતી નરી કામવાસના. ૧૮૭૬-૭૭ માં એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરતા ત્યારે વેશ્યાગમન કર્યું અને સીફીલીસનો જીવલેણ રોગ લાગુ પડયો.

થાણાના ઈન્સ્પેક્ટર થયા ત્યારે શિક્ષિકાઓ સાથે વ્યભિચારમાં પડયા. એક શિષ્યે પોતાની પત્ની ગુરુને સમર્પણ કરી. [illegible] અંત સુધી તેમના શબ્દોમાં કહું તો કૂતરા પેઠે, સીસો પાણા ભટકતા રહ્યા, એમના કહેવા પ્રમાણે પ્રેમની શોધમાં. મણિલાલનું શરીર રોગથી ભરપૂર હતું, છતાં કામવાસના ઉપર લેશ માત્ર પણ કાબુ ન રાખ્યો.

મણિલાલનું જીવનચરિત્ર લખનાર તથા આત્મવૃતાન્ત પ્રકટ કરનાર ધીરુભાઈ ઠાકરે તથા આત્મવૃતાન્તની પ્રસ્તાવના લખનાર શ્રી અનંતરાય રાવળે મણિલાલનો કાંઈક બચાવ કરવા [illegible] વિગેરે ઘણાં કારણો આપવામાં આવ્યા છે. મણિલાલની પોતાની નૈતિક દરિદ્રતા ન હોત તો આ કોઈ કારણ તેમને આટલી અધોગતિએ લઈ જઈ શકત નહિ. આનંદશંકર ભાઈઓ કહ્યું છે:

"પ્રિય વાચક, કથાના નાયકની નૈતિક નબળાઈ જોઈ તમને તિરસ્કાર ઊપજે તો ખાતરી રાખજો કે એ તિરસ્કાર એ નાયકના આત્મ તિરસ્કાર કરતા વધે એમ નથી અને તિરસ્કારને બદલે દયાથી અને દયા કરતાં પણ ઉદાર ક્ષમાથી અને ક્ષમા કરતાં પણ મનુષ્ય તરીકેના સમભાવથી આ ચિત્ર તરફ જોતા થઈશું તો આપણો આત્મા ખરેખર એક ભૂમિકા ઉન્નતિને માર્ગે ચડશે.'

મણિલાલનો ન્યાય તોળવાનો પ્રસંગ નથી. જે છે તે સમજવા જેવું છે. આટલી બધી પ્રતિકૂળતાઓ છતાં, ઘણાં ગ્રન્થો લખ્યા અને સાહિત્ય સર્જન કર્યું. પણ પ્રેમને નામે કેવો મોટો અનર્થ થાય છે તે કહેવું પડે. પાંડિત્ય કે વિદ્વત્તા માણસને ચારિત્ર્ય આપતી નથી, પણ ચારિત્ર્ય ન હોય ત્યાં પણ આટલું પાંડિત્ય હોય તે માનવ મનની મોટી સમસ્યા છે. છતાં હું એમ માનું છું કે ચારિત્ર્યહીનતા હોય તો નિર્મળ બુદ્ધિ હોતી નથી અને તેવા લખાણમાં શુદ્ધતા હોમાનો સંભવ ઓછો છે. કાંઈક વિકૃતિ હોય જ.

મણિલાલનું વ્યકિતત્વ આકર્ષક હતું. સ્ત્રીઓ આકર્ષાતી એટલું જ નહિ, તેમની બુદ્ધિ પ્રતિભાથી કલાપી, કાન્ત, આનંદશંકર ભાઈ, મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, જેવા ઘણાં વિદ્વાનો પણ આકર્ષાયા હતા.

આત્મવૃતાન્તમાં કેટલીક Vulgarity જોવા મળે છે તે આવા વિદ્વાનમાં કેમ સંભવે તેનું આશ્ચર્ય થાય છે. સાચી સંસ્કારિતાનો અભાવ લાગે. મણિલાલે આત્મવૃતાન્ત પ્રકટ કરવાના ઈરાદે લખ્યું છે, તેથી તેમની સત્યપરાયણતા રાને નીડરતા પણ લાગે. છતાં તેમાં કાંઈક અહંકાર પણ હોય તે અસંભવ નથી. આવી આત્મકથા લખાઈ ન હોત કે પ્રકટ થઈ ન હોત તો કાંઈ નુકસાન ન હતું એમ લાગે, સિવાય કે માનસશાસ્ત્રીઓને માનવ મનનો કોયડો જાણવાની એક તક મળી અને એક દેહમાં બે વ્યકિતઓની રામકથાનો ઉકેલ શોધવા સાહિત્ય મળ્યું.

મૈત્રેયીદેવીનું પુસ્તક સર્વથા જુદા પ્રકારનું છે. આ પુસ્તકનો સાર આપવો અશકય છે. ભાષાની પ્રસાદી અને ભાષાનો વૈભવ રવીન્દ્રનાથની યાદ આપે. મૈત્રેયી દેવી પરમ રવીન્દ્ર ભકત છે. રવીન્દ્ર નાથના નિકટના પરિચયમાં હતા અને તેમના વિશે ત્રણચાર પુસ્તકો લખ્યા છે. માનવ મનના ગૂઢ, પરસ્પરવિરોધી, ઘડી ઘડી પલટાતા, ભાવોનું સૂક્ષ્મ વિશ્લેષણ અને નિરૂપણથી કોઈ પણ મનોવૈજ્ઞાનિકને બોધપાઠ આપે એવું આ પુસ્તક છે. મૈત્રેયી દેવી - મૂળમાં નામ [illegible] પતિ, પુત્ર, પુત્રીઓ, [illegible] સુખી સંસાર છે. કવિયત્રી છે. ૧૬ વર્ષની ઉમરે તેમનો કાવ્યસંગ્રહ રવીન્દ્રનાથની પ્રસ્તાવના સાથે પ્રકટ થયો હતો. સમાજસેવિકા છે. ૧૯૭૧ ના બંગલા દેશના યુદ્ધ સમયે તનતોડ સેવા આપી હતી. સન્માનિત સન્નારી છે.

આ પુસ્તકના વિષયના પરિચય માટે માત્ર થોડી હકીકતો Bare facts આપું છું.

વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞાની પિતા સુરેન્દ્રનાથ દાસગુપ્તાના [illegible] પરમેશ્વર માનવાવાળી,

અતિ સ્નેહાળ, વ્યવહારકુશળ, કુટુમ્બ સુધારક બ્રાહ્મો નહિ પણ પૂર્વ બંગાળના શાકત, જેને ત્યાં દુર્ગાપૂજામાં પાડાનો વધ થાય. અમૃતા માંસાહાર અને દારૂની સખ્ત વિરોધી. પિતા દુર્ગા, આપખુદ, સ્વાર્થી (Self Centered), વિદ્વતાના અભિમાનવાળા, પિતા સામે કોઈ એક શબ્દ ઉચ્ચારી ન શકે. આવા અધ્યાપકને ત્યાં અમૃતા ૧૬ વર્ષની હતી ત્યારે – ૧૯૩૦ માં – ગ્રીસનો ૨૩ વર્ષનો એક તેજસ્વી વિદ્યાર્થી આવ્યો. ગુરુએ પોતાના ઘરે રાખ્યો. અમૃતા અને મીર્ચા યુકલીડનો પરિચય વધતો ગયો. પ્રેમના અંકુર ફૂટ્યા, ચુંબન, આલિંગનથી આગળ વધેલ નહિ. અચાનક માતા-પિતાને ખબર પડી. માતાએ આશ્વાસન આપ્યું, પિતાનો રોષ ફાટી નીકળ્યો. મીર્ચાને તુરત ઘર બહાર કાઢયો. મીર્ચા રસ્તા ઉપર ઊભો છે. અમૃતાએ અગાસી ઉપરથી છેલ્લો તેને જોયો. મીર્ચા હિમાલય ગયો. સંન્યાસી થયો. પછી પોતાના દેશ ગયો. ભારતીય દર્શનોનો પ્રખ્યાત વિદ્વાન થયો. અનેક પુસ્તકો લખ્યા. ચાર વર્ષ પછી, અમૃતા ૨૦ વર્ષની થઈ ત્યારે, ૧૯૩૪માં, માતા પિતાએ ૩૪ વર્ષનો મુરતિઓ શોધી કાઢયો. અમૃતાએ માતા પિતાની આજ્ઞા સ્વીકારી. લગ્ન પહેલાં, વરવધૂ મળ્યા પણ નહિ. પતિ સજ્જનતાની મૂર્તિ. ઓછા બોલો, કેમિસ્ટ્રીનો ડોકટર. પતિ–પત્ની વચ્ચે પ્રકૃતિનું મોટું અંતર, પતિની નોકરી અંગે હિમાલયના જંગલમાં રહેવું પડયું. અમૃતાને નિર્જનતા ઘેરી વળી. ૨૦ વર્ષ એમ કાઢયા. મીર્ચા ભૂલાઈ ગયો. ૧૯૩૮થી ૪૧ના ત્રણ વર્ષોમાં કવિ રવિન્દ્રનાથ) ચાર વખત અમૃતા -ને ત્યાં ગયા. અમૃતાના જીવનના આ શ્રેષ્ઠ વર્ષો. તેનું પુસ્તક લખ્યું છે. ૧૯૫૩ પછી કલકત્તા આવી વસ્યા. પિતાને ત્યાં એક તેજસ્વી વિદ્યાર્થિની રમા, પી. એચ. ડી કરવા આવી હતી. ગુરુ-શિષ્યોનો સંબંધ આગળ વધ્યો. અમૃતાની માતાનું જીવન ઝેર થઈ પડયું. પિતાએ પ્રતિષ્ઠા ગુમાવી.

૧૯૫૩ પછી અમૃતા પતિ સાથે ત્રણ ચાર વખત યુરોપ જઈ આવી. મીર્ચાના સમાચાર અને તેની ખ્યાતિ સાંભળતી. એક વખત પેરિસમાં નજીકની હોટેલમાં હતા પણ મળી નહિ. પત્ર લખ્યો તેનો જવાબ ન આપ્યો. મીર્ચાએ પોતાની પ્રણયકથાનું પુસ્તક લખ્યું છે. અમૃતાને અર્પણ કર્યું છે. રોમાંચક નવલકથા છે. યુરોપમાં અમૃતા પ્રખ્યાત થઈ છે. એક ભાઈ અમૃતાને મળી કહ્યું: you are the first flame of Mercea અમૃતા કોઈ વખત મૂંઝવણમાં મૂકાય છે, પણ થોડો વખત જ. મીર્ચાના સંબંધની પતિને વાત કરી છે. પતિને લેશ ઈર્ષા નથી. સહાનુભૂતિ બતાવે છે. પેરિસમાં મીર્ચાને પત્ર લખ્યો તે પતિને બતાવીને મોકલ્યો. સાહિત્ય અને સેવાનું કાર્ય સતત ચાલુ છે.

અને આવ્યા અમૃતાનો જન્મદિન–પહેલી સપ્ટેમ્બર ૧૯૭૨, ૫૮ વર્ષ. ઘેર જન્મ દિવસનો ઉત્સવ છે. એક મિત્રનો ફોન આવે છે, અમૃતા, મીર્ચા યાદ છે? હા, થોડો થોડો, કેમ? તેનો એક વિદ્યાર્થી આવ્યો છે. તને મળવું છે, હું જ આવીશ. જાય છે. સેરગે અમૃતાને મીર્ચાની વાત કરે છે. તેના પુસ્તકનો ઉલ્લેખ કરે છે. અમૃતાએ હજી સુધી તે વાંચ્યું નથી. પૂછે છે તેમાં શું લખ્યું છે?

સરગેઈ વાતવાતમાં કહે છે, તેમાં લખ્યું છે કે અમૃતા રાત્રે મીર્ચાને તેના ઓરડામાં મળવા જતી. સત્યાનાશ, આવું જુદાણું, આવું હડહડતું અપમાન, અમૃતા સળગી ઊઠે છે. તેના અંતરમાં ઝંઝાવાત જાગે છે. સ્મૃતિના સાગર ઊલટે છે. બધા બંધ તૂટી જાય છે. અમૃતા, ૧૯૭૨ની ૫૮ વર્ષની પ્રૌઢા મટી, ૧૯૩૦ની ૧૬ વર્ષની યુવતી જીવતી થાય છે. ત્યાર પછી આઠ મહિના અમૃતા ભયંકર યાતના ભોગવે છે. અલ્પનિદ્રા, કૃશતા, દુર્બલ્યની વાતોથી દૂર થવું. લોક લજ્જા અંગે લાપરવાહી. ઉન્માદ, મૂર્છા, આ બધી અવસ્થાઓ અમૃતા ભોગવે છે. અતીત અને વર્તમાન એક થઈ ગયા છે. પુસ્તક-માંથી લોહી ટપકે છે. અમૃતાના તંતુએ તંતુમાં, રોમરોમમાં, ભૂતકાળ સજીવન થાય છે. આ પુસ્તક આ આઠ મહિનાની કથા છે. અસત્ય અને અપમાનનો વિરોધ કરવાના ઈરાદે શરૂ થયેલ વ્યથા, અંતે શરણા-ગતિ લે છે. મિર્ચા પ્રત્યે અણગમો, ઉપેક્ષા, ઘૃણા, બધા ભાવો ઊઠે છે પણ અંતરતમ્ ઊંડાણમાંથી અમૃતા મિર્ચા, મિર્ચા, પોકારી રહી છે. માનિની અમૃતા પોતાને કહે છે કે મિર્ચાએ આપેલો અપવાદ પણ હું માથે ચડાવું છું પૂત્રવધૂ પૂછે છે, મા, તમને શું થયું છે, તમારી વાત કોઈને નહિ કહો? પતિ પૂછે છે, તને થયું છે શું? પતિ અનોખી માટીનો માનવી છે. સદ્‌ભાવથી, સ્નેહથી પત્નીની માવજત કરે છે. અમૃતાને પતિ પ્રત્યે [illegible]

દેવ નથી જોતો, લોહીમાંસનો માનવી જોઈએ છીએ. અમૃતા કહે છે, હું લોહીમાંસની માનવી છું.

રવીન્દ્રનાથ, અમૃતાના મંગળમૂર્તિ હવે રહ્યા નથી. અમૃતાને મિર્ચાનો વિયોગ થયો ત્યારે, અજાણ્યા માણસ સાથે લગ્ન થયાં ત્યારે, જંગલની નિર્જનતામાં રવીન્દ્રનાથની મંગળમય છાયા હતી, આશ્વાસન હતું, માર્ગદર્શન હતું. મિર્ચાએ તેના પુસ્તકમાં કહ્યું છે, અમૃતા રવીન્દ્રનાથના પ્રેમમાં હતી. મિર્ચા તે સંબંધ સમજી શકતો નથી. વડીલ સત્યેન બાબુ એક દિવસ આ વાત બોલી નાખે છે. અમૃતા સળગી ઊઠે છે. એની મા સાંત્વના આપે છે. બધા પ્રેમ એક પ્રકારના નથી હોતા. રવીબાબુ પ્રત્યેની અમૃતાની ભક્તિ જોઈ અમૃતા એક દિવસ એના પતિને પૂછે છે, તમને ઈર્ષા નથી થતી પતિ કહે છે, તું મીરાં હોત તો હું શું કરત? અમૃતાએ એક સ્થે કહ્યું છે, રવીબાબુની પ્રેમની કવિતામાં અને ઈશ્વરને લગતી કવિતામ કશો ફેર જણાતો નથી.

પણ અમૃતા માણસના પ્રેમની ભૂખી છે. તેનો રોમરોમ મીર્ચા પોકારે છે. અંતે તેના પતિ તેને કહે છે. એક વખત જઈને મળી આવ તો જ તને શાન્તિ થશે. પતિ બધી સગવડ કરી આપે છે. અમૃતા જાય છે. મીર્ચાને મળે છે. મીર્ચા વૃદ્ધ થયો છે. તેણે લગ્ન કર્યા છે. મોટી લાયબ્રેરીના એક ખંડમાં, પુસ્તકોના કબાટો વચ્ચે, અગાઉથી ખબર આપ્યા વિના અમૃતા, મીર્ચા સામે જઈ ઊભી રહે છે. મીર્ચા પીઠ ફેરવી જાય છે. અમૃતા કહે છે, હે પ્રિયતમ, જાગ, જાગ, જાગ. હું કોઈ સીમ્બોલ નથી, મીથ નથી. રકત માંસનું માણસ છું. મીર્ચા ફર્યો પણ મોં ઊંચું કરતો નથી. અંતે ઊંચું જોયું તો આંખો પત્થરની બની ગઈ છે. અમૃતા કહે છે, એ આંખમાં હું હવે તેજ નહિ પૂરી શકું. અમૃતા પાછી ફરે છે. ચોપડીઓના ડુંગર વટાવતી જાય છે ત્યાં મીર્ચાએ કહ્યું, અમૃતા જરા થોભી જા. હું તારી પાસે આવીશ, અહીં નહિ, ત્યાં ગંગાને તીરે. અમૃતાનું આશાનું પંખી સજીવન થાય છે. અંતરમન કહે છે, અમૃતા, લગીરે ગભરાઈશ નહિ, તું જ તેની આંખમાં તેજ પૂરીશ. ક્યારે? જે દિવસે આકાશ ગંગામાં તમારો મેળાપ થશે ત્યારે, તેને હવે વાર નથી.

કથા અહીં પૂરી થાય છે. મીર્ચા સાથેના મિલાપ પછી એક મહિનામાં અમૃતાએ આ કથા લખી નાખી. ભાઈ ઉમાશંકર જોષીએ પુસ્તકની સુંદર પુસ્તાવના લખી છે. તેમણે કહ્યું છે, આ કથામાં કશુંય કૃતક નથી, બનાવટનો કયાંય પ્રયત્ન નથી, મહેતુ રજૂ કરવાનો છૂપો છૂપો પણ આશય જણાતો નથી. આખી કથા વાંચતા એક વધુને વધુ સાચો ચહેરો ઉપસતો આવે છે.

મેં પુસ્તક પહેલા વાંચ્યું, પ્રસ્તાવના પછી વાંચી. જે બે પ્રશ્નો મારા મનમાં ઉદ્‌ભવ્યા હતા તે જ બે પ્રશ્નો ભાઈ ઉમાશંકરે પ્રસ્તા-વનામાં રજૂ કર્યા છે.

પહેલો પ્રશ્ન ૬૦ વર્ષની પ્રૌઢા, સન્માનિત સંસ્કારી સન્નારીએ, પોતાની પ્રતિમા વિક્ષુબ્ધ કરે, પોતાની પ્રતિષ્ઠાને ભાંગી ભૂક્કો કરે એવો સોળમા વરસનો, પ્રણયાનુભવ લખવાનું કારણ શું?

બીજો અને તેથી વધારે અગત્યનો પ્રશ્ન આવી પ્રૌઢા ભારતીય નારી, ૪૨ વર્ષ પૂર્વેની સ્મૃતિથી આટલી અભિભૂત કેમ થઈ, સંયમ કેમ જાળવી ન શકી?

બન્ને પ્રશ્નોના જવાબ આપવા મુશ્કેલ છે. અમૃતા પોતે આ જ પ્રશ્નો પોતાની જાતને પૂછે છે. માત્ર કાલ્પનિક નવલકથા હોત તો કદાચ આ પ્રશ્નો ન ઊઠત. આ આત્મ-ચરિત્રાત્મક, જીવનમૂલક નવલકથા છે, વ્યકિત હયાત છે, તેથી પ્રશ્નો ઉઠે છે. અમૃતાએ નિષ્ઠુરતાથી પોતાનું મનોવિશ્લેષણ કર્યું છે. પોતે નિરૂપાય અને અવશ હતી તેમ લાગે છે. આ પુસ્તકને નવલકથા કહી છે એટલા માટે કે રોમાંચક અને રહસ્યમય છે, અને તેમાં કલાનું તત્ત્વ છે. નહિ કે તે કાલ્પનિક છે. ઉમાશંકરને ખાત્રી થઈ છે કે તેમાં કોઈ બનાવટ નથી. પુસ્તક વાંચતા પણ એ જ છાપ પડે છે, સત્યનો રણકાર છે.

હવે આ પ્રશ્નોના જવાબ કાંઈક જોઈએ. એક તો, અમૃતા-એ પોતાના મનનો ભાર હળવો કરવા આ લખ્યું હોય. પ્રતિષ્ઠા ગુમાવવાનો ભય ખરો, પણ અમૃતા કહે છે, એવું બન્યું નથી. "મારા આ અસામાજિક અને અસમયના મનોવિકારથી (લોકો, મારો ત્યાગ કરશે એમ માનેલું પણ શો અનુભવ થાય છે? મારા જીવનના સત્યના પ્રકાશને કારણે [illegible]

સત્ય યુગ છે. એક ઠેકાણે અમૃતા કહે છે, આ હિમત તેનામાં ગાંધીજીમાંથી આવી.

પણ આ પુસ્તકનો ખરો હેતુ જુદો છે. અમૃતાને કહેવું છે, સાચો પ્રેમ કદી મરતો નથી, તે અ-મૃત છે, આત્માનો અંશ છે, અમર છે, ન હન્યતે, સાચો પ્રેમ હણાતો નથી. અમૃતા કહે છે:

મારો અહં, મારો દર્પ, મારો સદાચારનો ગર્વ, મારી સંમાન સ્મૃતિ... બધો ભય ઓગળી ગયો છે. ભયની પાછળ જે નિશ્ચય ઉભો હતો તે પ્રેમ છે, અવિનાશી છે, મારા અંતરમાં એનો પ્રકાશ પથરાઈ ગયો છે.

ઉમાશંકરે કહ્યું છે. આ કૃતિ માત્ર ૧૯૩૦ના બે પ્રણયિઓની કથની નથી. ૧૯૭૨-૭૩માં એ પ્રણયની અમૃતાને થતી પુનર્ અનુભૂતિની કથા છે, પ્રેમની નહિ, પ્રેમના સ્વરૂપ (નેચર ઓફ લવ)ની. પ્રેમ એ આત્માનો અ-મૃત અંશ છે એવી પ્રતીતિની કથા છે, નાયિકા છે ૫૮-૬૦ વર્ષની અમૃતા, નાયક, કહેવો હોય તો કહો, સત્ય છે. અમૃતા પોતાના જીવનના સત્યની શોધમાં છે.

આ સત્ય છે કે Rationalisation તેની ચર્ચામાં હું અહીં ઉતરતો નથી. પૂર્ણ સત્ય તો નથી જ. સત્ય તો અંશ છે. અંશને પૂર્ણ માની લઈએ ત્યારે જીવનની સાચી દિશા ભૂલી જવાય છે.

બીજા પ્રશ્નનો અમૃતા પાસે જવાબ નથી. આ અદમ્ય આવેગને એ રોકી ન શકી. સંયમ ગુમાવી બેઠી. સારું થયું. મીર્ચાએ કાંઈ ઉત્તેજન ન આપ્યું. તેણે ઉત્તેજન આપ્યું હોત તો અમૃતાના જીવનનું શું થાત, તેના કુટુમ્બનું, પતિનું બાળકોનું શું થાત? શું તેમાં અમૃતાનું કલ્યાણ થાત? અમૃતા મીર્ચા સાથે પહેલા પ્રેમમાં પડી ત્યારે કવિએ તેને કહ્યું હતું, "અમૃતા, તારી ઉંમર નાની છે. મનને આટલું બધું ડહોળીશ નહિ. એ સ્વાસ્થ્ય માટે સારું નથી. મનને સ્વચ્છ નીતર્યા સરોવર જેવું રાખ."

મીર્ચાની વિદાય પછી કવિના સાંત્વન શબ્દો છે:

"દિવસે દિવસે વેદનાને બોધનાને સ્તરે લઈ જઈ, કઠોરને લલિતમાં, ખટાશને માધુર્યમાં પરિપક્વ કરવા એનું નામજ વિકાસ. પોતા પર શ્રદ્ધા રાખજે." લગ્ન પછી આશીર્વાદ લેવા અમૃતા ગઈ ત્યારે કવિએ કહ્યું: બીજું કાંઇ આપણા હાથમાં નથી. આપણે પોતેજ આપણા હાથમાં છીએ. પરિસ્થિતિ ગમે તેવી હોય, ભાગ્ય ગમે તેવું હોય, તારે તેના કરતાં મોટા થવાનું છે. જો તું સુખી નહિ થાય, જો તું ભાંગી પડી, તો હું માનીશ કે એ મારી જ હાર છે. જો તું એક સુંદર માળો રચી શકે, જ્યાં તારા આનંદના સંસારમાં સૌ કોઈ આનંદમાં રહેતા હોય, તો હું વચન આપું છું કે હું તારા તે ઘરમાં આવીશ."

અને કવિ એના ઘરે ગયા. અમૃતા નિર્જન એકાંતવાસથી પીડાતી હતી. કવિએ કહ્યું: શા માટે નકામી આત્મપીડન કરે છે? માણસ પોતાને જે આપી શકે છે તે દેશ કાળ માત્રથી મર્યાદિત છે. બધું આપી શકાતું નથી, પામી પણ શકાતું નથી, તેથી ન મળ્યું હોય તેની હાયવોય કરવાથી લાભ શો? જે મળ્યું છે તે જ શું પૂરતું નથી?

અને અંતે પહાડી રસ્તે જતા આવતા મજૂરો તરફ ધ્યાન ખેંચી એમણે સંજીવની ચીંધી; તો પછી તમે એકલા શાથી? આ લોકો શું માણસ નથી? એ લોકોને તારા ઘરમાં બોલાવ, એ લોકોની પાસે જા. એમના મિત્ર કેમ નથી થતા?

અને અમૃતા માટે માનવસેવા જડીબુટ્ટી બને છે. ૧૯૭૨માં, ભોંમાંથી ભાત્રા ઊઠ્યા અને અમૃતાનું હૃદય વીંધાયું ત્યારે આવી સંજીવની અને જડીબુટ્ટી આપનાર કવિ ન હતા. બધા બાંધ તૂટી ગયા. મીર્ચાની ઉપેક્ષા ન હોત તો અમૃતાનું જીવન છિન્નભિન્ન થાત. જે પ્રેમને એ અ-મૃત માને છે તે પ્રેમ જ તેના વિનાશનું કારણ બનત.

પ્રેમ વિષે લખવાનો મને કોઈ અધિકાર નથી. મને તેનો અનુભવ નથી. જીવનમાં જે મળ્યું તે નિભાવી લેવું અને અન્યથા વિચાર ન કરવો એવો મારો દૃઢ સંકલ્પ હતો. મનની ગાંઠ વાળી હતી તે તે ગાંઠને કોઈ દિવસ ઢીલી થવા દીધી નથી, મનને ભટકવા દીધું નથી. અગ્નિ સાથે રમત ન હોય એમ સમજ્યો છું. એમ કહેવાય છે, It is better to have loved and lost, them never to have loved at all.

મેં કાંઈ ગુમાવ્યું હોય એવું મને કોઈ દિવસ લાગ્યું નથી. બદલે જે મળ્યું છે તે બીજી રીતે નહિ મળત તેની ખાત્રી છે. હું એમ માનું છું કે Love is a creative force, it is also a destructive force. It appears to begin as a creative force. In most cases, it ends as a destructive force. મહાપુરુષો ગણાય એવી વ્યકિતઓના જીવનમાં ડોકીયું કરીએ છીએ ત્યારે, પ્રેમને નામે કામવાસનાની તૃપ્તિની શોધ જ હોય છે, એમ જણાય છે. આવો અનુભવ કેટલોક સમય ઉત્તેજક રહે છે, કોઈક ભાગ્યશાળીને લાંબો સમય પ્રેરક રહે છે. પણ મનની ચંચળતાને રોકી ન શકીએ તો બીજા કર્તવ્યો ભૂલી જવાય છે. Life is more than Love.

ચાર દાયકા પછી અમૃતા પૂર્વ રાગના આવેશમાં અવશપણે તણાય છે. એવું કેમ બન્યું તેનો ખુલાસો અને વાજબીપણું જોવાનું સરળ નથી. અત્યારના મનોવિજ્ઞાનીઓ તેનું કારણ અને ઉત્પત્તિ શોધી શકશે નહિ. ફ્રોઈડ તે જાણતો ન હતો. અવળે માર્ગે ખેંચી ગયો. પ્રેમની નવલકથાઓ લખવાવાળા જાણતા નથી. રજનિશ જાણતા નથી. જાણ્યું હતું બુદ્ધ અને મહાવીરે. જાણ્યું છે ઋષિઓ અને મનિષીઓએ, જેમણે સંયમનો માર્ગ બતાવ્યો છે. કાલીદાસે શાકુન્તલમાં બતાવ્યું છે, ટોલ્સ્ટોયે અના કેરેનીનામાં બતાવ્યું છે, રવીન્દ્રનાથે ચિત્રાંગદા અને વિદાય અભિશાપમાં બતાવ્યું છે. જે પ્રેમ સ્વાર્થી છે, પોતાની સામાજિક જવાબદારી ભૂલી જાય છે, જે મંગળમય નથી, કલ્યાણકારી નથી, તે પ્રેમ નથી. મોહ તે પ્રેમ નથી. કુમાર સંભવ અને શકુન્તલા ઉપરના એક લેખમાં રવીન્દ્રનાથે કહ્યું છે.

"બન્ને કાવ્યોનો વિષય એક જ છે. કવિએ બતાવ્યું છે કે મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગળમય થઈ કૃતાર્થ બને છે... જે સૌંદર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે... સંયમમાં જ સૌંદર્યની ખરી શોભા છે. ભારતવર્ષના પુરાતન કવિએ પ્રેમને જ પ્રેમના અંતિમ ગૌરવ તરીકે સ્વીકાર્યો નથી. કલ્યાણ એ જ પ્રેમનું પરમલક્ષ છે, એ પુકારીને કહ્યું છે. સ્ત્રી-પુરૂષનો પ્રેમ સુંદર નથી, સ્થાયી નથી, જો તે વંધ્ય હોય, જો તે પોતાનામાં જ મર્યાદિત થઈ રહે, કલ્યાણને જન્મ ન આપે અને સંસારમાં, પુત્ર-પુત્રીમાં, અતિથિમાં, પડપડોશીમાં, વિવિધ સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય.

"પુરૂષ સ્ત્રીના સંબંધને કામદેવના એકાએક આક્રમણમાંથી ઉદ્ધારીને, તપ કરીને પવિત્ર અને નિર્મળ એવા યોગાસન ઉપર કવિએ સ્થાપના કરી છે. ભારતવર્ષની સંહિતામાં પુરૂષ સ્ત્રીનો સંયત સંબંધ કઠણ આજ્ઞાઓથી આદેશેલો છે."

પ્રેમને નામે વર્તમાનમાં કામવાસનાનો વિસ્ફોટ છે. તે વિધ્વંસક છે.

આ લખાણ લાંબું થઈ ગયું છે. આ બે પુસ્તકોએ મને ઘણો વિચાર કરતો કરી મૂક્યો. મારા વિચારોમાં 'પ્રબુદ્ધ જીવન'નાં વાચકોને સહભાગી બનાવું એમ માની લખ્યું છે.

૧૩-૪-૮૦ – ચીમનલાલ ચકુભાઈ

શુભેચ્છાઓ

મારા ૭૯મા જન્મદિન નિમિત્તે મેં એક આત્મનિવેદન લખ્યું, તે સંબંધે મારા ઉપર ઘણાં મિત્રો અને શુભેચ્છકોના પત્રો આવ્યા છે. સૌએ નિવેદનની નિખાલસતા આવકારી છે અને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી છે તે માટે સૌનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. મેં એમ લખ્યું હતું, કે જીવનના રહસ્યનો તાગ પામવાનો મારો પ્રયત્ન છે પણ તેમાં સફળતા મળી નથી. વિશેષમાં મેં લખ્યું હતું કે મને પ્રભાવિત કરે એવા સત્પુરુષનો પરિચય થયો નથી. આ સંબંધે કેટલાક મિત્રોએ સૂચનાઓ મોકલી છે, માર્ગદર્શન આપ્યું છે, પુસ્તકોની યાદી મોકલી છે, સત્પુરુષોના નામો મોકલ્યા છે. પોંડીચેરીથી ભાઈ સુન્દરમે શ્રી અરવિંદ અને માતાજીનું સાહિત્ય અને આશીર્વાદ મોકલ્યા છે. શ્રી વિષ્ણુકુમાર પંડયાએ પુસ્તકોની યાદી મોકલી છે. શ્રી રસિકભાઈ નારીયાણીઆએ આત્મજ્ઞાની દાદા ભગવાનને મળવાની ભલામણ કરી છે. મારા મનને શાન્તિ થાય તે માટે કેટલાક ભાઈઓએ ધ્યાનના પ્રયોગો કરવા સૂચવ્યું છે. આ સદ્‌ભાવ માટે બહુ ઋણી છું. શ્રી કે. કા શાસ્ત્રીએ સ્વાનુભવ લખી શુભકામના વ્યકત કરી છે. કેટલાકે મારી પ્રશંસા કરી છે, અલબત્ત ઘણી વધારે પડતી.

આ સંબંધે મારે એટલું કહેવાનું કે હું ફીલસૂફીનો વિદ્યાર્થી હોવા છતાં મને Abstract thought માટે બહુ આકર્ષણ નથી. કૃષ્ણમૂર્તિના વિચારો કે શ્રી અરવિંદનો અતિ માનસ અવતરણનો યોગ ઉત્તમ છે પણ મને વ્યોમવિહાર લાગે છે. મારો રસ જીવનની વાસ્તવિકતામાં છે. Concrete Reality of life એ કઠોર છે. પણ તેમાંથી છૂટી જવાનું Escapism મારે માટે શક્ય નથી. જે વિચારોને વર્તમાન જીવનની સમસ્યાઓ સાથે સંબંધ નથી એવા વિચારો મને માત્ર બુદ્ધિના વ્યાપાર જેવા લાગે છે. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે કહ્યું છે. This world is full of suffering. I have never tried to with draw myself from that community of suffering I have had my full share of it. પહેલા બે વાક્યો હું સ્વીકારું છું. ત્રીજું વાક્ય I have had my full share of it હું મારા વિષે કહી શકતો નથી તેનું મને દુ:ખ છે. જે કાંઈ ચત્કિંચિત કરું છું તેથી સંતોષ નથી. સાગરમાં બિન્દુ સમાન છે. વિશેષ કરી શકતો નથી તેનો વિષાદ છે. શરીર હવે કામ આપતું નથી. મનોરથ ઘણાં કરું છું પણ અમલ થઈ શકતો નથી. આ બાબતમાં ગાંધીજી મારા આદર્શ છે.

He never withdrew himself from the realities of life. તેની વચ્ચે બેસી તેની આગમાં જલ્યા અને દેહનો ભોગ આપ્યો. એવું જ સોક્રેટીસનું.

મારી આ પ્રકૃતિ છે. આ મહાપુરુષો સમીપે હું અલ્પ છું. પણ મારું લક્ષ્ય એ છે. આત્મા અને મોક્ષની શુષ્ક વાતોમાં મને રસ નથી. એટલે કાનજી સ્વામી જેવાના વ્યાખ્યાનો મને આકર્ષતા નથી. જ્યાં માનવીના સુખદુ:ખના સહભાગી થવાનું નથી અને માત્ર શુષ્કજ્ઞાન છે ત્યાં મારું મન લાગતું નથી. તે જ કારણે ધ્યાન, યોગ, ભક્તિ વિગેરેની વાતોનું મને આકર્ષણ નથી.

આટલો ખુલાસો એટલા માટે કરું છું કે જે મિત્રોએ શુભેચ્છાથી મને સૂચનો મોકલ્યા છે તેઓ સમજે કે હું તેનો અનાદર કરતો નથી પણ મારી પ્રકૃતિ જુદી છે. મારી સાધના ચાલુ છે. હવે લાંબો સમય નથી. સાધના અધૂરી રહેશે. પુનર્જન્મ હોય (અને છે તેમ માનું છું.) તો આ સાધના પૂરી કરવાનું મને સદ્‌ભાગ્ય મળે એટલી પ્રાર્થના છે.

૧૩-૪-૮૦ ચીમનલાલ ચકુભાઇ

ઝાકળના ખોબા જેવડાં સરોવરમાં નખચિત્ર

અનિલના શબ્દની આંખથી કેટલાક લેન્ડસ્કેપ્સ જોવા જેવાં છે. બધાં તો ન જોઈ શકીએ, પણ એકને નિમિત્તે એના ગતિશીલ કવિક્રમને જાણીમાણી શકીએ. સવાર – ગામડાની સવાર – પ્રકૃતિથી વીંટળાયેલા ગામડાની સવારનું ચિત્ર કવિએ અન્યત્ર પણ આપ્યું છે. શબ્દના લાક્ષાગૃહમાં કાવ્યમાં એક પંક્તિ આવે છે :

"વડલા નીચે માખી અડતાં ઊભાં ગાયની ધ્રજે
ગામડી એમ કંપતી પડતી અહીં સવાર." (અગ્રંથસ્થ).

સવારનું આ ચિત્ર કેટલી બધી Unusual રીતે કવિએ આપ્યું પણ સવાર એટલે સમયનો એક તબક્કો, અને સમય સ્થળ સાથે, અને મનુષ્ય સ્થળ અને સમય બંનેથી બંધાયેલો છે.

અનિલે 'સવાર' કાવ્યમાં જે ચિત્ર આપ્યું છે તે જોઈએ–

ઝાકળભીનાં ઝાડ કનેથી વળાંક લઈને સવારનો
નીકળતો તડકો કૂદે પ્હાડના પ્હાડ !
મકાઈના ખેતર શેઢેથી જાગી ઊઠતું મન, જેમ કોઈ સુક્કા
ખડની સળી પવનને ટેકે ઊભી થાય.
પ્હાડ ઉપરથી ગણગણતી કેડીનો પડતો ધોધ દૂરથી ખોબા
સરખી ઝૂંપડીમાં બંધાય.
પાનપાનની વચ્ચે નભના વેરણછેરણ ટુકડાઓ વીંઝાતા લાગે-
આ તે કેવું ઝાડ !
ઝાકળભીના ઝાડ કનેથી વળાંક લઈને સવારનો નીકળતો
તડકો કૂદે પ્હાડના પ્હાડા (પૂ. ૬).

આ કાવ્ય ઉતાવળે જોઈ જઈએ તો એની સૂક્ષ્મતા કદાચ પહેલી નજરે એટલી હાથમાં ન પણ આવે. કાવ્યના પ્રારંભમાં જે ઝાડ છે. એ ઝાડ કાવ્યના અંતમાં નથી અને ઝાડનું આ નવું રૂપ જોઈને કવિને પણ વિસ્મય છે. અને એટલે જ કાવ્યના અંતે પૂછે છે કે 'આ તે કેવું ઝાડ!' કવિએ પહેલી પંક્તિમાં ચાડીખોર ચમત્કાર વિનાનો ચમત્કાર કર્યો છે. તડકો આકાશમાંથી પડે છે. પણ કવિએ જાણે કે એ ધરતીમાંથી પ્રકટયો હોય એમ બાજુના પ્હાડમાંથી કે પ્હાડની પાસેની ઝૂંપડીમાંથી નાના તોફાની ચંચળ કિશોરની જેમ કૂદતો કૂદતો આવતો હોય એ રીતે એને આલેખ્યો છે. સવારનો તડકો કોમળ તો હોય જ; પણ એને ઝાકળભીના ઝાડ કને મૂકીને એની કોમળતાને પણ વધુ મુલાયમ કરી આપી છે.

આ તડકાની નોંધ લેનાર કોઈક જીવ છે. મન જાગી ઊઠયું છે. સવાર છે. એટલે એ નિદ્રા પછીની જાગૃતિ છે કે પછી વિષાદની રાતમાંથી સવારનો ઉઘાડ જોતાં થતી આનંદની જાગૃતિ છે કાંઈ પણ હોય મન આ પહેલાં સુસ્ત હતું- સુપ્ત હતું. એ મન જાગ્યું તો ખરું પણ સુક્કા ખડની સળી પવનને ટેકે ઊભી થાય એ રીતે અહીં ઊભું છે. એક બાજુ કૂદતાં તડકો અને બીજી બાજુ પવનને ટેકે માંડ ઊભું રહેલું સુક્કા ખડની સળી જેવું મન. મકાઈના ખેતરનો શેઢો, ઝાકળભીનાં ઝાડ અને કેડીઓ. કેડીને કેડી કહે તો કવિ શાનો? એ તો કહે છે કે 'પ્હાડ ઉપરથી ગણગણતી કેડીનો પડતો ધોધ' આ કૂદતો તડકો, કેડીનો ધોધ અને બધી જ કેડીનો છેડો જ્યાં આવે તે, મનુષ્યના વસવાટનું સ્થળ ઝૂંપડી. આ ધોધ છેવટે ઝુંપડી -માં બંધાય છે. ગતિ ચિત્રિત કરવી. એને પાછી સ્થિતિ આપવી, મન અને ઝૂંપડીના ઉલ્લેખ દ્વારા પ્રકૃતિ અને મનુષ્યને અડખેપડખે ગોઠવી દેવાં અને એના વિસ્મયના આનંદને છેલ્લી પંક્તિમાં સ્તબ્ધ કરી દેવો, એ કાંઈ નાનું સૂનું કામ નથી. આપણી પાસે તૈયાર કાવ્ય છે. એટલે કદાચ કોઈ કહે કે એમાં શું? પણ' અહીં કાવ્યને આધારે મેં જે કહ્યું એ બધું પહેલાં આવું, પછી પણ આવું કોઈ કાવ્ય આવે છે. ખરું? આ ઝાડ એ જૂદું લાગે છે તે એના પ્રત્યેક પાનની વચ્ચે કવિએ મૂકેલા આકાશના વેરણ છેરણ ટુકડાઓને કારણે, ઝાકળની ભીનાશને કારણે, તડકાના ઉઘાડને કારણે આ કેડીઓ તો રાતના પણ હતી જ. પણ આ તડકાએ કેડીને કેડી તરીકે ઓળખાવી, એટલું જ નહીં, પણ કેડીના ધોધનું પણ દશ્ય આપ્યું. આ ધોધના ધોધમાર અવાજના જંગલમાં કવિનો સરવો કાન કેડીનો ગણગણાટ પણ સાંભળે છે. ક્યાંયે પંખીનું નામ નથી પાડયું અને પ્રકૃતિની કઈ સવાર એવી છે કે જ્યારે પંખીઓ ગણગણ્યાં ન હોય? વિવેચનમાં કોઈને રોમેન્ટિસિઝમ જેવું ભલે લાગે, પણ મને તો અનિલનાં આવાં નાજુક પ્રકૃતિચિત્રો જોઈને એમ કહેવાનું મન થાય છે કે કોઈકે ઝાકળના ખોબા જેવડા સરોવરમાં જાણે નખચિત્ર કરી ન આપ્યું હોય!

– સુરેશ દલાલ

અભ્યાસ-વર્તુળ

વક્તા : પ્રો. પુરુષોત્તમ ગણેશ માવળંકર
વિષય : વર્તમાન જીવન : મૂલ્યસંઘર્ષના પડકારો
સમય : તા. ૨૮–૪–૮૦ સાંજના–૬–૧૫
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

રસ ધરાવતા સૌ મિત્રો તેમ જ શુભેચ્છકોને પ્રેમભર્યું નિમંત્રણ.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ વર્તુળ

આસામ કોનું છે ? તેના ધરતીપુત્રો કોણ છે ?

આસામની પરિસ્થિતિને આપણા વડા પ્રધાને દેશની સૌથી વધુ ગંભીર સમસ્યા તરીકે ઓળખાવેલ છે. આપણે આશા રાખીએ કે છેવટે આ પ્રશ્ન સમાધાન થઈ જાય. જો ન થાય તો આ સામે વધુ અગ્નિસ્નાન અને રક્તસ્નાન કરવા પડે જે અતિ ગંભીર પણ હોય. કોઈ પણ પ્રદેશ કે રાજ્ય તેની ભૂમિ પર વસનારા ભૂમિપુત્રોનું જ છે અને બહારના લોકોને ત્યાં કમાવા કે રહેવાનો અધિકાર નથી, એવી ફિલસૂફી મુંબઈમાં શિવસેનાએ, કર્ણાટકમાં કન્નડ ચાલુવાનિગરે, આસામમાં આસામી પ્રજાના મોટા વર્ગે, તામિલનાડુમાં દ્રાવિડ કળગમ પક્ષે અને બીજા પણ કેટલાંક રાજ્યોમાં પ્રદેશવાદીઓએ ફેલાવી છે. અને બહારના લોકોને રંજાડયા પણ છે. જો આ ઝેરને ફેલાવા દેવામાં આવે તો આ રાષ્ટ્રની ઈમારત તૂટી પડશે.

પણ આંદોલન કરનારા આસામીઓ જ તેના ભૂમિપુત્રો છે ખરા ? ૩૫૦૦ વર્ષ પહેલા આર્યો આ દેશમાં આવવા લાગ્યા તે પહેલા આસામમાં ઉત્તર પૂર્વ અને દક્ષિણ પૂર્વમાંથી સમયે સમયે અનેક જાતિઓ આસામમાં આવી વસી હતી ને ગ્રીકો જેવી કેટલીક જાતિઓ જતી રહી. કેટલીક જાતિઓ બીજી સાથે સેળભેળ થઈ ગઈ અને કેટલીક જાતિઓ પોતાનું અલગ વ્યક્તિત્વ જાળવીને વસી ગઈ. અહીં આપણે આસામ અને સમગ્ર ઈશાન ભારત ગણી લઈએ છીએ. તળપદ આસામ તો ભૌગોલિક દૃષ્ટિએ બ્રહ્મપુત્રનો ખીણ-પ્રદેશ છે, જે વધુ-ઓછે અંશે મેદાન જેવો છે. પણ તેની વચ્ચે વચ્ચે તથા આસપાસ ડુંગરો પણ આવેલા છે. તે પછી આસપાસ ભૂટાન, અરૂણાચલ, મણિપુર, નાગપ્રદેશ, મિઝોરામ, મેઘાલય અને ત્રિપુરા આવેલાં છે. ત્રિપુરાને બાદ કરતા આ બધા પ્રદેશો ગિરિ-જનોથી એટલે અનુસૂચિત જનજાતિઓથી વસેલા છે. પરંતુ ખુદ આસામમાં પણ ઘણા પહાડી લોકો રહે છે. આસામીઓ અને આ બધા પહાડીઓ વચ્ચે ખટરાગ ચાલ્યો આવે છે. આસામીઓને જેમ તેની પશ્ચિમેથી આવેલા ભારતીઓ નથી જોઈતા તેમ આ અનુ-સૂચિત જનજાતિઓ પણ નથી જોઈતી. આસામમાં વસતા પહાડી લોકોએ મેદાનમાં વસતા પહાડી લોકોના નામે પોતાની જુદી સંસ્થા સ્થાપી છે.

આસામીઓ સહિત ઈશાન ભારતની આ કોઈ જાતિ આસામની મૂળ પ્રજા કે આદિવાસી પ્રજા નથી. આ બધી જાતિઓ બહારથી એટલે ઉત્તરે તિબેટમાંથી, પૂર્વે બ્રહ્મદેશમાંથી અને દક્ષિણપૂર્વે અગ્નિએશિયામાંથી આવેલી છે. આસામીઓ બહારથી એટલે કે નેપાળ, બંગલાદેશ અને ખુદ ભારતમાંથી આવેલા લોકોને પણ બહારના ગણે છે. આ આંદોલન આ બધા સામે છે, પરંતુ મુખ્યત્વે બંગાળીઓ અને નેપાળીઓ સામે છે. પછી બંગાળીઓ હિંદુ હોય કે મુસલમાન, બંગાળમાંથી આવ્યા હોય કે બંગલાદેશમાંથી.

અહીં વિવિધ જાતિઓની ભેળસેળ એટલી બધી થઈ છે, કે ખુદ આસામીઓ પણ નિર્ભેળ આર્યો નથી રહ્યા. તેમાં મોંગોલ-વંશી (મોંગોલોઈડ) લોહીનું મિશ્રણ થયું છે.

આશરે ૩,૫૦૦ વર્ષ પહેલા આર્યો ભરતખંડમાં આવ્યા પછી તેઓ ઝડપથી પૂર્વ તરફ આગળ વધવા લાગ્યા હતા. ગંગા-યમુનાનો પ્રદેશ ઓળંગીને તેઓ બ્રહ્મપુત્રના પ્રદેશમાં (આસામમાં) આગળ વધ્યા અને છેક મણિપુર સુધી ફેલાયા. આ પરિભ્રમણો દરમ્યાન અહીંની મોંગોલોઈડ જાતિ સાથે તેમના લોહીનું મિશ્રણ થવા લાગ્યું. મણિપુરની પ્રજા પણ મોંગોલવંશી છે, પરંતુ તેમાં આર્ય લોહી ભળ્યું છે. વળી મણિપુરની મેદાની પ્રજાએ શુદ્ધ વૈષ્ણવ ધર્મ સ્વી-કાર્યો છે. આશરે ૧૨૦૦ વર્ષથી મોંગોલવંશી અને આર્યવંશી મુસ્લિમ જાતિઓ ભારતમાં આવવા લાગી અને લગભગ આખા દેશમાં પ્રસરી ગઈ. તેમ છતાં આસામ તેમના માટે દૂરનો દુર્ગમ પ્રદેશ હતો આસામ જિતનાર પહેલો મુસ્લિમ બાદશાહ ઔરંગઝેબ હતો. પછી તો મુસ્લિમો છેક મણિપુર સુધી ફેલાયા. આજે ત્યાં તેમની વસતિ થોડી પણ વગદાર છે.

આસામીઓને સૌથી વધુ ઉગ્ર વાંધો બંગાળીઓ સામે છે. પછી તેઓ હિંદુ હોય, મુસ્લિમ હોય કે બંગલાદેશી હોય. બંગાળીઓ-માં વસતિવધારો ઘણો છે. બંગલાદેશમાં તેથી પણ વધારે આ વસતિ વધારો ઊભરાઈને આસામમાં આવે છે. પ્રકૃતિથી આસામીઓ સંતોષી અને પ્રમાદી છે, એમ કહેવામાં આપણે વાસ્તવિકતાનો જ સ્વીકાર કરીએ છીએ. પ્રકૃતિથી બંગાળીઓ પુરુષાર્થી, ધૂસણખોર (પુશિંગ નેચરના) અને મહત્ત્વાકાંક્ષી છે. આથી અવિભકત બંગાળ-માંથી જ્યારે તેઓ ઊભરાઈને આસામમાં આગળ વધવા લાગ્યા ત્યારે ખેતી, ઉદ્યોગો, નોકરીઓ અને સરકારી તંત્રમાં પણ આગળ પડતું સ્થાન મેળવવા લાગ્યા.

અર્વાચીન ઈતિહાસે પણ બંગાળીઓને અનુકૂળ થાય એવા વળાંક લીધા. બંગાળીઓનું રાષ્ટ્રીય આંદોલન કચડી નાખવા ૧૯૦૫માં બંગાળના ભાગલા પાડી પૂર્વ બંગાળને આસામ સાથે જોડી દીધું હતું. આ વિભાજન કોમી ધોરણે થયું હતું, કારણ કે પૂર્વ બંગાળમાં મુસ્લિમોની વસતિ વધુ હતી. આમ પૂર્વ બંગાળ અને આસામ એક થતા, ગીચ વસતિવાળા પૂર્વ બંગાળમાંથી બંગાળીઓ મુખ્યત્વે મુસ્લિમ બંગાળીઓ પાંખી વસતિવાળા આસામમાં ફેલાવા લાગ્યા.

ભૂતકાળમાં પૂર્વમાંથી બ્રહ્મીઓએ, નાગલોકોએ અને બીજી મોંગોલવંશી જાતિઓએ આસામી પ્રજાને ઘણી રંજાડી હતી. સૌથી વધારે કતલ અને લૂંટ બ્રહ્મદેશમાંથી આવેલા આક્રમણકારોએ ચલાવી હતી. આસામે અહોમ રાજાઓનાં શાસનમાં સુવર્ણયુગ પણ જોયો હતો. જ્યારે અંગ્રેજોએ બ્રહ્મદેશને હરાવીને અહોમ રાજ્યો પોતાના રક્ષણ અને કબજામાં લીધું ત્યારે આસામની પ્રજાને ગંભીર વિનાશ-માંથી પુનરુત્થાન પ્રાપ્ત કરવાની આશા હતી. પણ એ આશા ફળી નહિ. અંગ્રેજોને આસામમાં બે સ્વાર્થ હતા. ચાનાં વાવેતરમાં અને રંગૂનમાં સ્થપાયેલી શણની મિલો માટે કાચું શણ મેળવવામાં. બંગાળના ભાગલા સામે સમગ્ર દેશમાં અને ખાસ કરીને બંગાળમાં ઉગ્ર વિરોધ થયો. આખરે તે રદ કરવામાં આવ્યા. પરંતુ આસામ અને બંગાળ બંન્નેને નુકસાન થઈ ચૂકયું હતું. પૂર્વ બંગાળ મુસ્લિમ બહુમતી ધરાવતો પ્રદેશ છે. એવા કોમવાદી માનસનું વાવેતર થયું હતું અને વધુને વધુ બંગાળીઓનો પ્રવાહ આસામ તરફ વહેતો થયો હતો.

જ્યારે હિન્દના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન રાષ્ટ્રીય લડતને કચડી નાખવા અંગ્રેજો, મુસ્લિમ લીગના કોમવાદનો ઉપયોગ કરી રહ્યા હતા, ત્યારે આસામમાં સર સાદુલ્લાની કોમવાદી સરકાર આવી, તેણે વધુ અનાજ ઉગાડવાના બહાના નીચે બંગાળમાંથી મુસ્લિમોને આસામમાં વસાવવાની પ્રવૃત્તિ આગળ ધપાવી તેથી, વધુ અનાજ ઉગ્યું તેના કરતાં વધુ કોમવાદ ફેલાયો.

૧૯૪૭માં પાકિસ્તાન રચાયું ત્યારે ફરીથી બંગાળના ભાગલા પડયા, અને પૂર્વ બંગાળ પૂર્વ પાકિસ્તાન બન્યું. તે પછી ૧૯૭૧માં તે સ્વતંત્ર બંગલાદેશ બન્યું. આ ૩૩ વર્ષ દરમ્યાન બંગલા દેશમાંથી બંગાળી હિંદુઓનો અસ્ખલિત પ્રવાહ ભારતમાં ઠલવાતો રહ્યો છે. ગરીબી, મોંઘવારી અછત અને બેકારીને લીધે ત્યાંથી મુસ્લિમ બંગાળી -ઓ પણ ભારતમાં ધૂસતા રહ્યા છે. ૫. બંગાળ તો વસતિથી ઊભ-રાતો હોવાથી પૂર્વ બંગાળી હિંદુઓએ અનુસૂચિત જનજાતિઓની બહુમતી ધરાવનાર ત્રિપુરાને પોતાની વસતિથી છલકાવી દીધું. ચોરી-છૂપીથી ધૂસતા મુસ્લિમ પૂર્વ બંગાળીઓ આસામમાં ધૂસતા રહ્યા. હજારો કિ.મી. લાંબી વાંકીચૂકી સરહદ ધરાવતા અને કોઈ પણ જાત-ના નૈસર્ગિક અવરોધ વિનાના પૂર્વ પાકિસ્તાન (હવે બંગલાદેશ)-માંથી ગેરકાયદે ધૂસણખોરી અટકાવવાની દાનત હોય, તો પણ તેમાં સો ટકા સફળતા ન મળે. વળી રાજકીય નેતાઓ ધૂસણખોરીના જથ્થાબંધ મત મેળવવા માટે પોતાની લાગવગ વાપરીને તેમને નાગરિકો ગણાવી, મતદારોની યાદીઓ સુધી ધૂસાડી દેતા હતા.

બંગલાદેશીઓની ધૂસણખોરી સામે આસામી પ્રજા જે ભય અને વિરોધ ધરાવે છે તે વાજબી છે, આ પ્રજા બળ, કળ અને છળથી ધૂસીને પારકું પચાવી પાડવામાં કુશળ છે. વીસમી સદીના આરંભથી શરૂ થયેલી ધૂસણખોરી દરમ્યાન તેમણે આસામના સિલ્હટ જિલ્લામાં પોતાની બહુમતી કરી દીધી હતી. આથી ૧૯૪૭માં દેશના ભાગલા સમયે સિલ્હટ જિલ્લામાં લોકમત લેવાયો ત્યારે બહુમતી તરીકે તેમણે પૂર્વ પાકિસ્તાનમાં જવાનો મત આપ્યો તેથી સિલ્હટ જિલ્લો પૂર્વ પાકિસ્તાનને મળ્યો. હવે તેમની નજર કછાર જિલ્લા પર છે. ત્યાં હિંદુ અને મુસ્લિમ બંગાળીઓની બહુમતી હોવાથી કછાર જિલ્લો આસામી પ્રજાના આંદોલનથી વિમુખ રહ્યો છે. એટલું જ નહિ પણ આંદોલનકારોએ જ્યારે બાકીના આસામમાં લોકસભાની ચૂંટણી થવા ન દીધી, ત્યારે કછારમાં તેઓ ચૂંટણી અટકાવી શકયા

નહિ. આંદોલનના મહિનાઓ દરમ્યાન કછારમાં પરિસ્થિતિ તંગ રહી છે. ગયા માર્ચની આખરમાં અને એપ્રિલની શરૂઆતમાં અહીં હુલ્લડો પણ ફાટી નીકળ્યાં અને સરહદી સલામતી દળ ઉપરાંત લશ્કરને પણ બોલાવવું પડ્યું.

આસામના આંદોલનકારો સિલ્હટ કછાર અને ત્રિપુરાનો દાખલો ટાંકે છે તેમાં તેઓ સાચા છે. પરંતુ તેઓ પોતે જ ભૂમિપુત્રો છે અને આસામમાં કામ કરતા ભારતીયો પણ બહારના છે. અને તેમને કાઢી મૂકવા જોઈએ, એવી તેમની માગણી સ્વીકારી શકાય નહીં. પરદેશીઓને બાદ કરતા જે કોઈ ભારતીઓ આસામમાં આવી વસ્યા છે અને કામધંધા કરે છે, તેઓ પણ આસામના ભૂમિપુત્ર છે. તેમાં બંગાળીઓ ઉપરાંત ગુજરાતીઓ, રાજસ્થાનીઓ (મારવાડીઓ) બિહારીઓ, કેરાલિયનો વગેરે, ઘણા, રાજ્યોના લોકો છે. આસામીઓએ કેટલાક કામ કરવાનું પસંદ કર્યું ન હતું, તેથી આસામ બહારથી બીજા લોકો એ કામ કરવા આવ્યા. દા.ત. આસામીઓને મજૂરી કરવી નથી ગમતી તો તે કામ બિહારીઓ કરે છે. ગામડાઓ સુધી જીવનજરૂરિયાતની ચીજોની દુકાનો મારવાડીઓ ચલાવે છે. ચાના બગીચામાં મજૂરીનું કામ કેરાલી અને નેપાળી સ્ત્રીઓ કરે છે. તેલઉદ્યોગમાં પણ નિષ્ણાતો જોઈએ, જે સમગ્ર દેશમાંથી આવ્યા છે. જેઓ આ ભૂમિ પર કામ કરે છે, તે તેના ભૂમિપુત્રો જ છે, અને જેમ તેઓ બહારથી આવ્યા છે. તેમ એક જમાનામાં આસામીઓ પણ બહારથી જ આવ્યા છે. એ ખરું છે કે ૩૦ લાખ જેટલા પરદેશીઓ અહીં ઘૂસી આવ્યા છે. પરંતુ તે માટે આસામી પ્રજાની અત્યાર સુધીની નિષ્ક્રિયતા, વહીવટીતંત્રની શિથિલતા અને આસામી આગેવાનોની સ્વાર્થવૃત્તિ જવાબદાર છે. પૂર્વ બંગાળ, પૂર્વ પાકિસ્તાન મટી ગયું ત્યારે તેણે બંગલાદેશ બનવાને બદલે ફરીથી સંયુક્ત બંગાળ બનવાની જરૂર હતી. પરંતુ એવી નૈતિક હિંમત મુજિબની સરકારે કે આપણી સરકારે દાખવી નહીં. પરિણામે ૧૯૭૧ની લડાઈમાં આપણા વિજયથી જેઓ નાસિપાસ થયા હતા તે પાકિસ્તાન, ચીન અને અમેરિકાનોએ તક સાધીને ચળતો ફટકે માર્યો તેમાં મુજિબ અને તેમના સાથીઓ મરાયા અને આપણા વિરોધીઓએ આપણા પડખામાં પૂર્વ પાકિસ્તાન જેવું જ બીજું શૂળ પેદા કર્યું.

જે વિદેશીઓ સામે આસામીઓને વાંધો છે, તેમાં નેપાળીઓનો પણ સમાવેશ થાય છે. નેપાળ અને ભારત વચ્ચે ખૂલ્લી સરહદના કરાર છે. તેથી વસતિથી ઊભરાતા અને ગરીબી, બેકારી તથા અછતથી પીડાતા નેપાળમાંથી નેપાળીઓ ઊભરાઈને આપણા દેશમાં આવે છે. તેઓ આસામમાં અને આસામની આસપાસના પહાડી પ્રદેશોમાં ફરીવળ્યા છે.

બધા જાગ્યા ત્યારથી સવાર ગણીને હવે ઘૂસણખોરી અટકાવવાનાં મક્કમ પગલાં લેવાં જોઈએ પરંતુ જેઓ ઘૂસી આવ્યા છે તેઓ પરદેશી ઠરે તો પણ તેમને કાઢી શકાશે નહીં, કારણ બંગલા દેશ અને નેપાળ તેમને સ્વીકારશે નહીં.

–વિજયગુપ્ત મૌર્ય

મનની સ્વસ્થતા અને તટસ્થતા

મનની સ્વસ્થતા રાખવી એ ઘણી જ અઘરી વાત છે અને તેમ ન રાખવાથી આપણે શારીરિક તેમજ બીજી અનેક રીતે તેની આસરો ભોગવીને નુકસાન વહોરીએ છીએ; પરંતુ જાગૃત રીતે તેના વિષે વિચાર નથી કરતા હોતા. જો તેના વિષે જાગૃતિપૂર્વક વિચાર કરવામાં આવે તો તેને લગતા નુકસાનનો ખ્યાલ આવે અને જો નુકસાનનો ખ્યાલ આવે તો એના વિષેની જાગૃતિ વધે અને જો એમ થાય તો એના વિષે પ્રયત્ન કરવાનો નિર્ણય થાય અને એ નિર્ણય થયા બાદ તેના વિષેની દૃઢતા વધે. અને જે કામ દૃઢતાપૂર્વક થાય તેમાં સફળતા અવશ્ય પ્રાપ્ત થાય.

આપણે જીવન જીવીએ છીએ, એમ કહેવું કદાચ બરોબર નથી; પરંતુ આપણે જીવન જીવી નાંખીએ છીએ એમ કહેવું બરાબર ગણાશે. કારણ, આપણને ઈશ્વરે બુદ્ધિ એટલા માટે આપી છે કે આપણે સારું શું, ખોટું શું, વાસ્તવિક શું અને અવાસ્તવિક શું તેના વિષે તટસ્થ રીતે વિચાર કરી શકીએ. આપણે એવો વિચાર કરીએ છીએ જરૂર, પણ તે આપણો વિચાર ખંડનાત્મક વલણ ધરાવતો હોય છે. આપણે એમ વિચારીએ છીએ કે કોંગ્રેસે આમ કરવું જોઈએ, જનતા પક્ષે આમ કરવું જોઈએ. પ્રજામંડળે આમ કરવું જોઈએ, યુવક સંઘે આમ કરવું જોઈએ, 'પ્રબુદ્ધ જીવન"માં સામાજિક સુધારને લગતા લેખો આવવા જોઈએ વિ. આવા અનેક સંદર્ભોમાં આપણે સતત વિચારતા હોઈએ છીએ, તેને વિષે ટીકા કરતા હોઈએ છીએ. ચારે કોઈની તો એટલી બધી ઓછી ક્ષમતા હોય છે કે આવી ટીકાને લગતી દલીલો તેઓ અન્ય સાથેની વાતચીતમાં ઉછળી ઉછળીને કરતા હોય છે અને એનું પરિણામ હોય છે શૂન્ય. ફક્ત જીભાજોડી સિવાય કાંઈ જ નહિ રાને પરિણામે એ વ્યક્તિ નૈરાશ્યને ઉદ્વેગમાં સરી પડે છે. લાભ તો કાંઈ જ નથી થતો, પરંતુ પોતા પુરતું નુકસાન ઘણું આવી વ્યક્તિ વહોરી લ્યે છે. તો કહેવાનું તાત્પર્ય એ છે કે આપણને જે સારું લાગતું હોય તેના વિષે આપણા પોતાથી શરૂઆત કરવી જોઈએ. એવી પ્રવૃત્તિ સાથે સંલગ્ન થવું જોઈએ અને સમય કાઢીને તે પ્રવૃત્તિના વિકાસ માટે આપણા તરફથી તન-મન-ધનથી કાંઈક અંશમાં પ્રદાન થવું જોઈએ-અને તે પણ રચનાત્મક વૃત્તિથી. તો જ આપણા વિચારનું કાંઈક પરિણામ આવે અને આપણને કાંઈક કર્યાનો સંતોષ થાય. એથી આગળ વધીને કહું તો પ્રથમ આપણે આપણા મનને સ્વસ્થ રાખવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ અને એમ કરીને આપણું જીવનઘડતર કરવું જોઈએ. આપણી માન્યતા પ્રમાણે અન્ય જનો નથી કરતા હોમ વિચારીને તેના પ્રત્યે દ્વેષ કે અણગમો ચિન્તવવાને બદલે આપણી જાત વિષે જ આપણે વિચાર કરતા થઈએ તો આપણા માટે હિતની વાત થશે.

ઉત્તેજનાત્મક રીતે ટીકા કરવાની, શંકા-કુશંકાઓ દ્વારા અન્ય જનો બરાબર નથી કરતા એમ વિચારીને એમના પ્રત્યે અસહિષ્ણુતા દાખવવાની આપણી પદ્ધતિ આપણી જ જાતને નુકશાન કરતી હોય છે. માટે, માણસે જીવનના દરેક ક્ષેત્રે સૂક્ષ્મ વિચારસરણી સાથે સ્વસ્થ માનસથી ઊંડા વિચાર સાથે પગલું ભરવું જોઈએ અને એ રીતે જીવન જીવવાનો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. નિજાનંદનો આનંદ કેવો હોય છે તેનો તેના અનુભવ વિના ખ્યાલ નથી આવતો, આસ્વાદ નથી માણી શકાતો. માણસે સ્વ વિષે સતત વિચારવું જોઈએ. અન્યની નહિ પરંતુ પોતાની ખામીઓ કેટલી છે, ક્યાં ક્યાં છે, તેનું સતત ચિન્તન કરવું જોઈએ. તેને શોધીને તેને હટાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ. પોતે પોતાની જાતને ઓળખવાને માટે સતત પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ દુઃખની વાત એ છે કે આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ એ રીતે કરતા નથી હોતા. જેમ મૃગ, કસ્તુરીની શોધ માટે દોડાદોડ કરે છે; પરંતુ તે તેની પોતાની પાસે જ હોય છે. તે અંગેના તેના અજ્ઞાનને લીધે હજારો જોજનો દોડવાનો વ્યર્થ વ્યાયામ કરે છે. બરાબર આપણી સ્થિતિ પણ આવી જ છે. જે છે તે બધું આપણી અંદર જ છે. જો માણસ શાંત ચિત્તે, તટસ્થ ભાવે સ્થિર મનથી વિચારીને પોતાની જાતને પ્રશ્ન પૂછે કે આમાં ખોટું શું અને સાચું શું, તો તેનો સચોટ જવાબ તેને પોતાનું અંતર જ આપશે. તેને માટે કોઈને પૂછવા જવાની જરૂર નથી. પરંતુ માણસની વિચારસરણી એટલી બધી વિકૃત થઈ ગઈ છે કે જે સાચું છે તેને સમજવું નથી, જે સમજાય છે તેને આચરણમાં મુકવું નથી અને પેલા મૃગની માફક સાચું શું છે તેની તલાશ માટે અર્થહિન દોડાદોડ કરવી છે. તે શિબિરોમાં જાય છે, વ્યાખ્યાનો સાંભળે છે, પુસ્તકો વાંચે છે અને સત્યશોધન માટે કેટલા બધા પ્રયત્નો કરે છે. એમ જગતને દેખાડીને તેનું સૂક્ષ્મ મન તેને પોતાને જ છેતરતું હોય છે. મોટા મોટા બૌદ્ધિકો પણ એમ કહેતા હોય છે કે સાચું સમજાતું નથી; પરંતુ ખરી વાત એ છે કે એનો પોતાનો અહં-તેને જે સાચું છે તે સમજાતું હોવા છતાં, આચરવા દેતો નથી, તેની પ્રતિષ્ઠા તેને તેમ કરવા દેતી નથી. આ રીતે માણસ પોતે બૌદ્ધિક હોવા છતાં યુગોથી તે પોતે જ પોતાની જાતને છેતરતો આવ્યો છે અને સમગ્ર સંસારના માનવીઓને માટે આ કિમીયો કામયાબ નિવડ્યો છે. કારણ, તેની આવી અવાસ્તવિક વિચારસરણીને પણ બધા ટેકો આપે છે, તેની વાહવાહ કરી છે અને તેના અહંના કોશેટામાંથી બહાર નીકળવાના પ્રયત્નમાં આના કારણે તેને રોકે છે. સરવાળે વાત એ કહેવાની છે કે માણસે પોતે પોતાની જાત માટે દરરોજ થોડો સમય કાઢવો જોઈએ. પોતાના મનની સાથે રોજ ચર્ચા કરવાની ટેવ પાડવી જોઈએ. પોતાનું સ્વરૂપ ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમાં સુધારા કરતા રહેવું જોઈએ. આમ કરીને જીવનનો સાચો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ.

– શાંતિલાલ ટી. શેઠ

કથા એક ભારતીય ગ્રામનારીની અને શ્રીમતી હીધરવૂડની

ઉમાદેવી, બંગાળાના એક ગામડામાં રહેતી ગ્રામ્યનારી. નાની ઉમ્મરે એનાં લગ્ન થયેલાં અને પરંપરા તથા પ્રણાલિને કારણે, એને પતિના ઘરની બહાર ઝાઝું જવાનું થયેલું પણ નહિ. છતાં ભારતમાં આઝાદી પછી થયેલાં પરિવર્તનની વાતથી એ અપરિચિત નહોતી અને એથીજ "ધન ધાન્ય પુષ્પભરા આમાદેર વસુંધરા"ને નજરે નિહાળવાની પોતાને તક મળતી નહોતી એનો એને ઘેરો હતો. આખરે એને જ્યારે પોતાની મિલકતનો નિકાલ કરવાનો સમય આવ્યો (સંભવત: એને કોઈ વંશવારસ નહિ હોય) ત્યારે એણે પોતાની જમીન, નાણાં વગેરે ભારતીય રેલવેને ટ્રસ્ટ તરીકે આપી દીધાં અને એ નાણામાંથી ભારતીય રેલવેએ, પોતાના પરગણાના ગ્રામવાસી કિસાનોને, ભારતદર્શન કરાવવું એવી શરત મૂકી. ભારતીય રેલવેએ આ વાત સ્વીકારી લીધી અને હવે ઉમાદેવીના પરગણાના બંગાળી કિસાનો માટે ખાસ ડબ્બામાં ભારતદર્શન પ્રવાસ યોજાય છે. જે ગામડાંઓમાં એક નાનો સરખો પાણીનો પંપ પણ નથી, જે ગામડાંઓ કેટલીક વાર તો સ્ટેશનથી પણ દૂર હોય એવાં સ્થળોએ આવેલાં છે, તે ગામડાંના કિસાનોને ઉમાદેવીને કારણે હવે અદ્યતન કારખાનાંઓ અને બીજું એવું ઘણું જોવા મળે છે, જવાહરલાલે જેને અર્વાચીન મંદિરો તરીકે વર્ણવ્યા હતા, તેની યાત્રા કરવાની મળે છે.

આટલી પૂર્વભૂમિકા પછી હું મૂળ વાત પર આવું. ઘણાં વરસો પહેલાં કલકત્તામાં એક હીધરવૂડ કરીને ફેનેટિયન સન્નારી રહે. એમને ભારત જોવું હતું, ભારતના લોકહૃદયનો ધબકાર માણવો હતો, સાચું ભારત ગામડામાં વસે છે એટલે, તેમને તો ગ્રામજનોના સહવાસમાં રહેવું હતું. આ અંગે તપાસ કરવા તેઓ દિલ્હી ગયાં અને ત્યાં રેલવેના અધિકારીનો સંપર્ક સાધીને પોતાની યોજના તેમને સમજાવી. પેલા અધિકારીએ, ઉમાદેવીના દાનને લીધે નીકળનારી ટુરની વાત તેમને કહી અને શ્રીમતી વૂડને પોતાના કલકત્તાના નિવાસને કારણે બંગાળી આવડતું હોવાથી એ ટુરમાં જોડાવાનું સગવડભર્યું લાગ્યું અને તેઓ એ ટુરમાં જોડાઈ ગયાં.

અઠવાડિયાઓ તેમણે બંગાળી ગ્રામવાસી કિસાનોના સહવાસમાં ગાળ્યાં અને એ પછી કેનેડા જઈને તેમણે હમણાં જ એ પ્રવાસ અંગેનું એક હૃદયંગમ પુસ્તક બહાર પાડ્યું છે. પુસ્તકનું નામ છે: "થર્ડ ક્લાસ ટિકેટ." (જે સમયે ભારતીય રેલવેઓમાં થર્ડ ક્લાસ હતો તે સમયની આ વાત છે.) આ પુસ્તકની એક ઉધાર બાજુ એ છે કે એ ઘણું! મોંઘું છે- ૧૧૦ રૂપિયાથી પણ વધારે કિમ્મતનું એ પુસ્તકનું અવલોકન અને પુસ્તકનાં લેખિકા સાથેની મુલાકાત હમણાં જ બી. બી. સી.ના 'બુક પ્રોગ્રામ' માં પ્રસારિત થયાં હતાં અને એના પરથી જ આ લેખ તૈયાર કર્યો છે. પુસ્તકની જે વિગતો તથા, લેખિકાને પ્રવાસ દરમિયાન થયેલા અનુભવોની જે વિગતો ઉકત "બુક પ્રોગ્રામ"માં સાંભળવા મળી તે ઉપરથીજ મેં ઉકત પુસ્તક માટે "હૃદયંગમ" એવું વિશેષણ વાપર્યું છે. મિસ મેયોએ ગાંધીજીના સમયમાં, ભારતની ગટરો ઉલેચવાની પ્રવૃત્તિ સમું જે ગંધાતું પુસ્તક લખ્યું હતું તે અંગે ભારતભરમાં- અખબારોમાં અને અન્ય સ્થળે-ભારે હોહા થઈ હતી, તો ભારતની ગ્રામપ્રજાના સ્ફટિક જેવા નિર્મળ સ્વભાવનું આલેખન કરતું આ પુસ્તક આપણી નજર બહાર ન રહેવું જોઈએ. આ પુસ્તકની સોંધી આવૃત્તિ ભારતમાં પ્રસિદ્ધ થાય એવું હું તો જરૂર ઈચ્છું.

-તો હવે શ્રીમતી વૂડે પોતાને પ્રવાસ દરમિયાન જે અનુભવો થયા હતા તે વિષે થોડું.

શ્રીમતી વૂડે, પ્રશ્નકારને જણાવ્યું હતું કે એમના ખાસ પ્રવાસ-ડબ્બામાં ૪૮ કિસાનો હતા અને એમાંના જે ઉમ્મરમાં મોટા હતા. તેમણે તો શ્રીમતી વૂડને દીકરી તરીકે જ અપનાવી લીધાં હતાં. ભારતીય પ્રણાલી પ્રમાણે તેઓ શ્રીમતી વૂડને આગ્રહ કરી કરીને ખવરાવતાં હતાં અને કશી અગવડ નહિ પડે તેની કાળજી રાખતાં. એક વખત એક સ્ટેશન પર ગાડીમાં ચઢતાં પહેલાં ત્રીજા વર્ગના ઉતારૂઓનો એટલો બધો ધસારો થયો કે શ્રીમતી વૂડ પ્લેટફોર્મની નીચે પડી ગયાં. તરત જ એમના ડબ્બામાંના માણસોએ એમને બચાવી લીધા અને આ ધક્કામુક્કીમાં એમની ચંપલ ખોવાઈ ગઈ હતી, એટલે સ્ટેશનની બહાર નીકળીને નવી ચંપલ પણ આણી આપી. શ્રીમતી વૂડે આ કિસાનોનું વર્ણન કરતાં કહ્યું હતું: "ધે વેર રિઅલી વેરી વેરી કાઈન્ડ પીપલ."

શ્રીમતી વૂડે એક નરેન્દ્ર નામના સહ-પ્રવાસીનો પણ ઉલ્લેખ કર્યો હતો. અને આવા પ્રવાસોથી ગ્રામજનોને લાભ જ થાય છે. અને તેમની પ્રગતિ વધારે ઝડપી બને છે. એવા આ નરેન્દ્રના આશાવાદના ઉલ્લેખની સાથે પોતાનું પુસ્તક પૂરું કર્યું હતું.

નવરાશની વેળાએ રેડિયોની ચાવી ફેરવતાં ફેરવતાં અચાનક સાંભળવા મળેલો બી. બી. સી.નો આ બુક પ્રોગ્રામ મનને પ્રફુલ્લિત કરી ગયો અને મનમાં વિચાર પણ પ્રેરતો ગયો કે ઉમાદેવી ભલે ગ્રામવાસી રહી પણ તે કેટલી બધી સંસ્કૃત હતી! એને દેશાટણં પંડિત મિત્રતા વાળું સુભાષિત ભલે ખબર નહિ હોય પણ ભારતની ભૂમિમાં ઊગેલાં આ સુભાષિતની એ ભારતીય નારીને જાણે સ્વયંભૂ જાણ હતી!

અને ઉમાદેવીના ગ્રામવાસી કિસાનો પણ કેવા નિખાલસ, કેવા ઉદારહૃદયી! કુદરતી રીતે જ આજના રાજકારણના નકલી દેવતાઓ સાથે આ ગ્રામવાસીઓની માયાથી સરખામણી થઈ ગઈ.

પુસ્તક જ્યારે મારા હાથમાં આવશે- કોણ જાણે કયારે આવશે- કારણ કે આવાં પુસ્તકોને બદલે આપણે ત્યાં નકામાં પુસ્તકોની આયાત વધારે થાય છે-ત્યારે એ વાંચીને એને વિષે વધારે લખવાનું કદાચ પ્રાપ્ત થશે- ઈશ્વરની ઈચ્છા હશે તો!

[નોંધ: બી. બી. સી. પર આવો જ એક બીજો પણ સુંદર પ્રોગ્રામ અનાયાસ સંભળાઈ ગયો હતો. પ્રોગ્રામનું શીર્ષક હતું. "બોટમ રાઈટહેન્ડ કોર્નર." લંડનના ટાઈમ્સ અખબારના લીડરપેજ એટલે કે અગ્રલેખના પાના પર જમણા ખૂણામાં નીચેથી -એટલે કે લીડર પેજની વિશિષ્ટ જગ્યાએ, વિશિષ્ટ પ્રકારનાં ચર્ચા પત્રો છપાય છે. તે અંગેનો આ કાર્યક્રમ હતો. મગજમાં મંથમાળી ભરાઈ ગઈ હોય એવાં ચક્રમ જેવાં લાગતાં જે ચર્ચાપત્રો "ટાઈમ્સ" પર આવે તેમાંથી ચૂંટીને, આ "બોટમ રાઈટ હેન્ડ કોર્નર" પર એ લોકો પ્રસિદ્ધ કરે. દા.ત. એક વખત એક માણસે 'ટાઈમ્સના વાચકોને પૂછ્યું કે હમણાં શિયાળાની ઠંડી છે અને ખૂબ ઓઢીને જીવવું પડે છે. મને સૂતા સૂતા વાંચવાની ટેવ છે. તો આટલું બધું ઓઢીને વાંચવું કેવી રીતે તે કોઈ જણાવશે?"- અને આ ચર્ચાપત્રના જવાબમાં જાતજાતની સૂચનાઓ આવી, જેમાંની ઘણી વાંચીને આપણાથી હસ્યા-વિના રહેવાય નહિ. ઘણી પસંદ કરેલી સૂચનાઓ "ટાઈમ્સે' છાપી પણ ખરી. આપણા ઘર આંગણાના પ્રસ્થાપિત ચર્ચાપત્રીઓએ, બી.બી. સી. ના ઉકત વાર્તાલાપની નકલ મંગાવીને વાંચવા જેવી છે.]

—મનુભાઈ મહેતા

પ્રેમળજ્યોતિ

ગતાંકની આપીલને સારો આવકાર મળ્યો છે, પરંતુ જે ભેટો મળી છે તે, નામોની સંખ્યાની દૃષ્ટિએ જૂજ જ ગણાય. દરેક શુભેચ્છક મિત્રોને વિનંતિ છે કે " પ્રેમળ જ્યોતિ "ની પ્રવૃત્તિને હંમેશા નજરની સામે રાખે અને લક્ષ્યમાં રાખે. તેમજ પોતાને ત્યાં કોઈપણ જાતનો પ્રસંગ હોય ત્યારે ભેટ મોકલી પોતાનો પ્રેમાળ સહકાર આપવાનું ન ચૂકે. સહકાર માટે ખૂબ ખૂબ આભાર

પ્રેમળ જ્યોતિને ભેટ

રૂા.	
૧૦૦૦	ડૉ. દેવયાનીબેન જે. પરીખ તેમ જ શ્રી શૈલેષભાઈ, શ્રી પરીમલભાઈ તેમ જ શ્રી દિપકભાઈ (સ્વ. પી. વી. શાહના પુત્રો) તરફથી
૫૦૧	શ્રી કાંતાબેન પી. વી શાહ તરફથી (મેટ્રોપોલિટન સ્પ્રીંગવાળા સ્વ શ્રી પી. વી. શાહની મૃત્યુ તિથિ નિમિત્તે)
૫૦૧	શ્રી રમેશભાઈ વી. શેઠ
૫૦૧	,, ઈન્દ્રવદન આર. મહેતા
૫૦૦	,, રાયચંદ એન્ડ સન્સ
૧૧૧	,, વલ્લભદાસ એલ. શાહ
૩૧૧૪	

કાર્યાલયમંત્રી

જીવો અને જીવવા દો

આ જીવન આપણને મળ્યું છે તો તેને સારી રીતે જીવવું અને બીજાને પણ સારી રીતે જીવવાની તક આપવી એ આપણી ઉમદા ફરજ છે. માનવ જેવો ઊંચો જન્મ પામી સારી તે જીવન જીવવાની જો આપણને ખરેખર ધગશ હોય તો બીજાની પંચાત નિંદા, કુથલી, અર્થહીન વાતો અને વ્યવહારોનો ત્યાગ કરી આપણા જીવન ઘડતર તરફ ધ્યાન આપવું અને પ્રમાદ તથા આરામ છોડી સતત ઉપયોગી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવું. એ પાયાની વસ્તુ છે. એક કલાકાર જેમ કોઈ મૂર્તિને રાત-દિવસ કોરી કંડારીને સુરેખ બનાવે છે. તેમ જીવનને સુરેખ અને સુંદર બનાવવા માટે આપણે પણ ઘણો પ્રયત્ન કરવો પડે છે. અને જીવનના મૂળ સુધી પહોંચી ઉમદા અને ઊંચા તત્ત્વોને આપનાવવાં પડે છે. આ કાર્ય આપણે આપણી જાત પર બરાબર કેન્દ્રિત થઈ શકીએ તો જ થઈ શકે છે. માટે જ અર્થ વિનાની બાબતો, એવા વ્યવહારો, સંબંધો અને બીજામાં માથું મારવાની ટેવને છોડી આપણું સંભાળવાની વાત ઘણી અગત્યની બની રહે છે.

આપણને જેમ સ્વાતંત્ર્ય અને કોઈની રોકટોક અને પંચાત ન હોય એવું જીવન ગમે છે, તેમ બીજાને પણ એ સ્થિતિ ગમે છે. માટે આપણા વિચારો, માન્યતાઓ અને ખ્યાલો બીજા પર લાદવા એ વાજબી નથી. સંસારના સંબંધોમાં ક્યારેક આપણને બીજાને શિખામણ દેવાની પણ જરૂર રહે છે, પરંતુ વધુપડતી શિખામણ આપવી અને આપણી રીતે બીજા ચાલે એવો દુરાગ્રહ સેવવો એનો અર્થ એ થયો કે, આપણે બીજાને જીવવા દેતાં નથી. 'જીવો અને જીવવા દો' એનો અર્થ એ થયો કે, આપણે આપણા જીવન તરફ ધ્યાન આપીએ અને બીજાને જીવવા માટે વિકાસની તક આપીએ. ઘરમાં વડીલ તરીકે આપણે નાનો પેઢીને દોરવણી આપીએ ને પ્રસંગોપાત સલાહસૂચનો આપીએ એ જરૂરી રહે છે, પરંતુ વધુપડતી સલાહ શિખામણ આપવાથી તેમ જ આપણી માન્યતાઓ અને વિચારો લાદવાથી સામી વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ રુંધાઈ જાય છે. આવું વલણ રાખવું એનો અર્થ એ થયો કે, આપણે સામાને જીવવા દેતાં નથી. આપણે સૌએ એ ધ્યાનમાં લેવું જરૂરી છે. કે બીજાની વધુપડતી ડખલગીરી વ્યક્તિવિકાસને રુંધે છે, માટે કોઈ આપણા વિકાસને ન રુંધે તેમ આપણે કોઈના વિકાસને ન રુંધીએ એ બંને બાબતો ઘણી જરૂરી રહે છે.

જેમ ગૃહજીવનમાં આપણે એકમેક પ્રત્યે ઉદાર રહી 'જીવો અને જીવવા દો' સૂત્રને સાર્થક કરીએ તેમ આદેશ-પદેશના સંબંધોમાં તેમજ સગાંસંબંધીઓ અને સ્નેહી-મિત્રો સાથેના સંપર્કો અને વ્યવહારોમાં મોટી ડખલગીરી વણજોતી સલાહ અને સામાનું ઝીણું ઝીણું જાણવાની ઈંતેજારી વગેરે છોડી તેમને મોકળાશથી જીવવા દેવાની ઉદારતા બતાવી એ જરૂરી રહે છે. લોકો સરખી રીતે જીવે અને બીજાને સરખી રીતે જીવવા દે એટલું જો થઈ શકે તો માણસ માણસ વચ્ચેના કેટલાય વિખવાદો દૂર થઈ જાય, એકમેકની મનની શાન્તિ જળવાઈ રહે તથા એકબીજાના ભયને લીધે કેટલીક બાબતો જે પરાણે કરવી પડે છે તે દૂર થઈ વ્યક્તિનો સાચો અને સ્વતંત્ર વિકાસ થઈ શકે તેમ જ ઘણા ક્રાન્તિકારી ફેરફારો જે આપણે સમાજમાં ઈચ્છીએ છીએ તે થઈ શકે. લગ્ન અવસર વખતે સ્નેહી સગાંઓની કંઈ ને કંઈ ડખલગીરી હોય છે, એને લીધે આમુક રિવાજો આપણે ન ઈચ્છતાં હોઈએ તો પણ કરવા જ પડે છે એ આપણા અનુભવની વાત છે. કોઈને ત્યાં દીકરા-દીકરીનો લગ્ન અવસર હોય છે. ત્યારે સગાંઓ ટોળેમળીને વણમાગી સલાહ દેવા નીકળે પડે છે. કે તમારે લગ્નમાં આટલો ખર્ચ તો કરવો જ જોઈએ જમાણવારમાં આમુક આમુક વસ્તુઓ તો બનાવવી જ જોઈએ. આટલું સોનું ને આટલાં કપડાં લત્તાં તો કરતાં જ પડે. આમ કરશો તો સમાજમાં તમારું સારું ભોગાશે. અને આમ નહિ કરો તો ખરાબ દેખાશે. આવી ડખલગીરીને લીધે જે સુધારાઓ આપણે ઈચ્છીએ છીએ તે અમલમાં આવી શકતા નથી. બીજાના જીવનમાં આમ જાત જાતની ડખલગીરી કરવી અને સલાહશિખામણો આપ્યા કરવી એનો અર્થ વ્યક્તિસ્વાતંત્ર્ય પર તરાપ છે. 'જીવો અને જીવવા દો.' સૂત્રને જો આપણે ખરેખર આચારમાં લાવવા માગતા હોઈએ તો સલાહ આપવા જેવી બાબતમાં બીજાને સલાહ-શિખામણ આપવી, જાણવા જેટલું જ બીજાનું જાણવું, પૂછવા જેટલું જ બીજાને પૂછવું - બાકી આપણે આપણી રીતે જીવીએ અને બીજાને એમની રીતે જીવવા દઈએ એમાં જ એકમેકની ઉન્નતિ અને શાન્તિ છે. બીજામાં લેવાદેવા વિનાની ડખલગીરી કરીને આપણે મેળવતાં કંઈ નથી, ઊલટાના સંબંધો બગાડીએ છીએ, ઉપરાંત લોકો જ્યારે ઠાવકાઈથી બીજાને સલાહશિખામણ આપે છે તથા પોતાના વિચારો પ્રમાણે બીજા વર્તે એમ સજ્જડ રીતે ઈચ્છે છે ત્યારે એમને એમ લાગે છે કે, પોતે સાચા છે અને પોતે જ જે કંઈ કહી રહ્યા છે તે સામાના ભલા માટે છે. પણ હકીકતમાં ભલું થવાને બદલે કેટલીક વાર ઊલટું થાય છે અને આવળાં પરિણામો આવે છે. દા. ત. ચુસ્ત જૈનો ઘરમાં અન્ય સભ્યોને કાંદા બટેટા ખાવાની સખત મનાઈ ફરમાવે છે, ત્યારે એમને એમ લાગે છે કે, પોતે ધર્મનું એક સુંદર કાર્ય કરી રહ્યાં છે. અને સંતાનોને ધાર્મિક વારસો આપી રહ્યા છે. પરંતુ તેમનાં સંતાનો બહાર ચોરી છૂપીથી કાંદા બટેટા ખાતાં હોય એનું શું? ધર્મ પળાવવાનો આવો આગ્રહ રાખવા જતાં ચોરીછૂપીના આચરણને પોષણ મળતું હોય એ એટલા જ માટે ને કે આપણે આપણા વિચારો બીજા પર લાદીએ છીએ. અને બીજાને એમની રીતે જીવવા દેતાં નથી. વિચાર અને માન્યતાઓનો આવો બળાત્કાર જો બંધ થઈ જાય અને બીજાને રોમની રીતે જીવવા દેવામાં આવે તો આપણા કંઈક સંઘર્ષો, કંકાસ - કજિયા તથા ચોરી, જૂઠ અને છાનુંછપનું કરવા જેવી વિકૃતિઓ દૂર થઈ જાય. કોઈ વાત મન વગર પરાણે કરવી પડે છે. અને બીજાને એ રીતે રાજી રાખવાં પડે છે. ત્યારે વ્યક્તિ ઘણીવાર જૂઠું બોલવા કે છાનુંછપનું કરવા તરફ પ્રેરાય છે એ ઘણી ધ્યાનમાં લેવા જેવી વાત છે. આપણા વિચારો ગમે તેટલા સારા હોય, આપણી વાતો ગમે તેટલી વજૂદવાળી હોય, આપણે ગમે તેટલા આદર્શવાદી હોઈએ, છતાં પણ બીજા આપણી રીતે ચાલે અને આપણી બધી વાતોનો એ સ્વીકાર કરે એમ થઈ શકતું નથી બીજાને રોમની રીતે જીવવાની તક આપવી જરૂરી જ રહે છે!; તો જ લાંબા ગાળે આપણે ધારેલાં સારાં પરિણામો ઊભાં કરી શકીએ છીએ અને સામી વ્યક્તિ પર જીત મેળવી શકીએ છીએ.

જીવનમાં આપણે અનેક માણસો સાથે સંપર્કમાં આવવું પડે છે અને અનેક સગપણ - સંબંધો નિભાવવાં પડે છે માટે માણસ માણસ વચ્ચે મનમેળ સર્જવા તથા સૌને વિકાસની તક આપવા—બીજાને રોમની રીતે જીવવા દેવાની વાત ઘણી જરૂરી રહે છે. સૌમાં કંઈ ને કંઈ ગુણ - અવગુણ છે, ખામીઓ અને ખૂબીઓ છે સૌને પોતપોતાના સંજોગો છે, અનુ-કૂળતા અને પ્રતિકૂળતા છે, ગમા અને અણગમા છે, રસ - રુચિનું વૈવિધ્ય છે માટે આપણી રીતે જ બીજા ચાલે એવા દુરાગ્રહ છોડી દઈ આપણે આપણી રીતે જીવીએ અને બીજાને એમની રીતે જીવવા દઈએ. એવી દિલની મોકળાશ બતાવવી ઘણી જરૂરી રહે છે

—શારદાબેન ચીમનભાઈ શાહ

દત્તક બાળકો માટે પ્રેમળ જ્યોતિને મળેલી ભેટ

૪૦૦	શ્રી સી. કે. શાહ ચેરીટી ટ્રસ્ટ	
૪૦૦	,,	રમેશભાઈ તેજસી છેડા
૪૦૦	,,	શાંતાબેન સુંદરલાલ શ્રોફ
૪૦૦	,,	હસમુખલાલ હરખચંદના પૌત્ર શ્રી જસ્મિનકુમાર હસમુખલાલ દોઢીવાલાના પુત્ર ૨વ. વિનિતના સ્મરણાર્થે
૮૦૦	,,	તારાબેન ચંદુલાલ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ (બે બાળકો)
૨૪૦૦		

ઉપરની રકમો ભેટ તરીકે મોકલી જે મિત્રો અને શુભેચ્છકોએ પોતાની શુભેચ્છા દાખવી પ્રેમાળ સહકાર આપ્યો છે તે માટે અમો એમનો અંતકરણપૂર્વક આભાર માનીએ છીએ.

— કાર્યાલયમંત્રી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By. South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૩ અંક : ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ મે, ૧૯૮૦ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

ન્યાયતંત્ર અને સરકાર

આપણે ગૌરવ લઈએ છીએ, કે આપણું ન્યાયતંત્ર સ્વતંત્ર છે અને સરકારી અન્યાય સામે આપણું રક્ષણ છે. માત્ર સરકારી અન્યાય જ નહિ પણ પાર્લામેંટ કોઈ ગેરબંધારણીય કાયદો કરે તો તેની સામે પણ ન્યાયતંત્ર રક્ષણ છે.

ક્રિસ્સા ખુરસી કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો ત્યાર પછી કેટલાય લોકો પોતાની જાતને પૂછતા થયા છે, કે શું આપણું ન્યાયતંત્ર ખરેખર સ્વતંત્ર છે. અથવા રાજકીય પવનની તેને પણ અસર થાય છે ? શ્રીમતી ગાંધી અને સંજય ગાંધી સામેના ઘણાં કેસો પાછા ખેંચાયા છે, કેટલાક રદ થયા છે. તેમના સાથીઓ સામેના કેસોનું પણ એમ જ બન્યું છે.

આ વિષય સંબંધે લંડનના પ્રખ્યાત સાપ્તાહિક ઈકોનોમિસ્ટના તા. ૧૯ એપ્રિલના અંકમાં પ્રકટ થયેલ એક નોંધ વિચારણીય હોઈ અહીં ઉતારું છું :–

'ભારતના ન્યાયતંત્રે દેશના બંધારણના રક્ષક તરીકેનો પાઠ ભજવવાનો છે. પણ એમ લાગે છે, કે ટૂંક સમયમાં ઈન્દિરા ગાંધીનું એ કહ્યાગરું બની રહેશે. ન્યાયમૂર્તિઓએ હવે શ્રીમતી ગાંધી અને તેમના પુત્ર સંજયને આગલી સરકારે તેમની સામે માંડેલા ઘણા મુકદ્દમાઓમાં નિર્દોષ ઠરાવ્યા છે. શ્રીમતી ગાંધી સામેના બે કેસો–ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવા મોટી સંખ્યામાં જીપગાડીઓ પ્રાપ્ત કરવા અંગેનો તથા સંજયની મોટર કંપની વિશે તપાસ ચલાવી રહેલા અધિકારીઓની કનડગત અંગેનો – ઉઠાડી દેવામાં આવ્યા છે. અને શ્રીમતી ગાંધીના પરિવારને ઉપહાસને પાત્ર બનાવતા એક ચલચિત્રનો નાશ કરવા માટે સંજયને દોષિત ઠરાવતા નીચલી અદાલતના ચુકાદા સામેની તેની અપીલને વરિષ્ઠ અદાલતે માન્ય રાખી છે.

'દરેક નવા ફૂંકાતા રાજકીય પવનને વશ વર્તી રહીને નીચલી અદાલતો જો કે હંમેશા શાસનને અનુકૂળ બનતી હોય છે, પણ વડી અદાલતો અને વરિષ્ઠ અદાલતો વધુ મજબૂત કાઠની બનેલી હોય છે. શ્રીમતી ગાંધીના ૧૯૭૭ના કટોકટીના ગાળામાં આ અદાલતોએ ડઝનબંધી ચૂકાદાઓ સરકારની વિરુદ્ધના આપ્યા હતા. ૬૦થી વધુ ન્યાયમૂર્તિઓને અણગમતા સ્થાનો પર બદલી કરી વડાપ્રધાને પોતાનો પ્રતિભાવ દાખવ્યો હતો. ન્યાયતંત્રમાંથી પ્રતિકાર શકિતનો લોપ થયો છે એવાં ખેદજનક ચિહ્નો આજે જોવા મળે છે.

'શ્રીમતી ગાંધી, જાન્યુઆરીમાં મધ્યસત્ર ચૂંટણીઓમાં વિજેતા બન્યા તે પછી કટોકટીકાળના અતિરેકો માટે તેમની સામે કામ ચલાવવા સ્થાપવામાં આવેલી બે ખાસ અદાલતના ન્યાયમૂર્તિઓને એક જેટલી સુનાવણીઓ થઈ ગયા પછી એકાએક એવું ભાન થયું કે કેટલીક કાનૂની ક્ષતિઓને કારણે આ કેસો સાંભળવાની ક્ષમતા તેઓ ધરાવતા નથી. (કટોકટીના ગાળામાં ગેરકૃત્યો અને અતિરેકોની દસ્તાવેજી સામગ્રી પૂરી પાડતા શાહ, પંચના અહેવાલનું વેચાણ ઈન્દિરા ગાંધીની સરકારે હવે બંધ કર્યું છે.) નીચલી અદાલત સમક્ષના એક બીજા કેસમાં સંજય ગાંધીની મારુતિ કંપની સામે પાણી શુધ્ધ કરવા માટેનું રસાયણ પોતાની પાસેથી ખરીદવા દિલ્હી સુધરાઈ પર દબાણ લાવવાનો આરોપ હતો. આ રસાયણ પાછળથી ઝેરયુકત જણાયું હતું. આ મુકદમો પૂરો થવાની રાહ જોયા વિના જ ન્યાયમૂર્તિએ હવે સંજય ગાંધીને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા છે - એવી ટકોર સાથે કે વડાપ્રધાનના પુત્ર એક ઉત્સાહી ક્રિયાશીલ ઉત્પાદક છે, જેઓ અંગત લાભને ખાતર રાજકીય વગનો સંભવતઃ ઉપયોગ કરે નહિ.

'આ પ્રશંસા સરખામણીમાં ઝાંખી લાગે એવી અંજલિ તો, વડા પ્રધાનને વરિષ્ઠ અદાલતના એક ન્યાયમૂર્તિ પી. એન. ભગવતીએ આપી છે. તેમણે શ્રીમતી ગાંધી પર લખેલા એક પત્રમા, 'આજ સુધી ઘેરી હતાશામાં ડૂબેલા કરોડો ગરીબો, ક્ષુધાર્તોની આશા-આકાંક્ષાઓના પ્રતીકરૂપે' શ્રીમતી ગાંધીને વર્ણવ્યા છે. આ પત્ર જાન્યુઆરીમાં લખાયો હતો પણ એક સમાચાર સંસ્થાએ તાજેતરમાં તેને પ્રસિધ્ધિ આપી. આશ્ચર્યની વાત એ છે કે જનતા પક્ષની ભૂતપૂર્વ સરકારના ઘણા પ્રધાનો ન્યાયમૂર્તિ ભગવતી પ્રત્યે અહોભાવથી જોતા હતા તે પૈકી કેટલાક તો તેમને વડા ન્યાયમૂર્તિ બનાવવા ઈચ્છતા હતા.

'વર્તમાન વડા ન્યાયમૂર્તિ ચન્દ્રચુડ કટોકટી કાળના શ્રીમતી ગાંધીના કેટલાક ખૂબ દમનકારી કાયદાને બહાલી આપનારા ન્યાયમૂર્તિઓ પૈકીના એક છે. ત્યારે તેમણે એમ કહેલું, કે આ સત્તાઓનો કયારે ય ગેરઉપયોગ થશે નહિ એ વિશે હીરા જેવી પારદર્શી અને અતૂટ એવી પોતાને શ્રધ્ધા છે. અત્યારે વરિષ્ઠ અદાલતની ૧૮ પૈકી બે બેઠકો ખાલી છે. વળી આવતા જાન્યુઆરીમાં બીજા પાંચ ન્યાયમૂર્તિઓ નિવૃત્ત થવાના છે. એથી પોતાની પસંદગીના માણસોથી અદાલતને ભરી દેવાની અને એ રીતે ભવિષ્યમાં પોતે જે નવા કાયદાઓ ઘડવા માગતાં હોય તેમાં ન્યાયતંત્ર સાથે ઓછામાં ઓછી ટકરામણ થાય તેવી સ્થિતિ નિર્માણ કરવાની શ્રીમતી ગાંધી માટે સરસ અનુકૂળતા રહેલી છે.'

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રી શ્રી ગિરિલાલ જૈન આથી બે ડગલાં આગળ ગયા છે. ટાઈમ્સના તા. ૨૩મી એપ્રિલના અંકમાં તેમણે એક લેખ લખ્યો છે, જેનો કેટલોક ભાગ અહીં ઉતારું છું :–

It would have been an act of statesmanship on Mrs. Gandhi's part if she had not rewarded certain officials who had faced persecution along with her during the Janata rule and had not transferred some others whom she thought had endeared themselves to her predecessors. But her failure to act big cannot expose her to the charge of authoritarianism. Similarly, she cannot be blamed if in the wake of her victory one court after anothere has dismissed cases against her and Mr. Sanjay Gandhi. Indeed, even if we make the unwarranted assumption that in some of these cases the judges have been guided by extra-legal and extra-constitutional considerations, they should be commended for their commonsense and realism.

This statement is bound to invite the charge that I want to subordinate the judiciary to the executive and put Mrs. Gandhi and Mr. Sanjay Gandhi above the law. In fact all that I am saying is that in our infancy as an independent modern state and a democracy, our judges should as far as possible avoid a confrontation between the concepts of popular

sovereignty and an independent judiciary if only because they cannot hope to win it. They can turn down any number of executive decisions without provoking such a confrontation. They cannot imprison Mrs. Gandhi, nor for that matter even Mr. Sanjay Gandhi, without running such a risk.

'જનતા શાસન વખતે પોતાની સાથે સતામણીનો ભોગ બનનાર ચોક્કસ અમલદારોને શ્રીમતી ગાંધીએ બદલો ન આપ્યો હોત અને તેમને મતે જે અમલદારોએ તેમના પુરોગામીઓના (જનતા શાસકોના) માનીતા બની ગયા હતા એમની તેમણે બદલીઓ ન કરી હોત તો તે મુત્સદીનું કૃત્ય ગણાત ; પરંતુ તેમણે ઉદારતા ન દાખવી એથી તેમની ઉપર સરમુખત્યારીનો આક્ષેપ ન મૂકી શકાય. એવી જ રીતે એમના વિજય બાદ એક પછી એક અદાલતે તેમની અને શ્રી સંજય ગાંધી સામેના કેસો કાઢી નાખ્યા તે અંગે શ્રીમતી ગાંધીને દોષ દઈ શકાય નહિ. ખરેખર તો, આપણે જો અનાવશ્યક રીતે એવું ધારી લઈએ કે ન્યાયાધીશોએ કેટલાક કેસોમાં કાયદાબાહ્ય અને બંધારણબાહ્ય ગણતરીઓ લક્ષમાં લીધી છે તો આ ન્યાયાધીશોની સામાન્ય બુદ્ધિ અને વાસ્તવિકતાની તેમની સમજદારીની પ્રશંસા કરવી જોઈએ.

મારા આ નિવેદન અંગે કોઈ એવો આક્ષેપ મૂકશે કે ન્યાયતંત્રને કારોબારીના હાથ નીચે મૂકવાની હું હિમાયત કરું છું અને શ્રીમતી ગાંધી તથા શ્રી સંજય ગાંધીને કાયદાની ઉપર મૂકવા માગું છું. હકીકતમાં હું એટલો જ મુદ્દો રજૂ કરી રહ્યો છું કે એક સ્વતંત્ર રાજ્ય અને લોકશાહી તરીકેની આપણી બાલ્યાવસ્થામાં આપણા ન્યાયાધીશોએ શક્ય હોય ત્યાં સુધી ન્યાયતંત્રની સ્વતંત્રતા અને લોકોની સર્વોપરિતા વચ્ચે સંઘર્ષ થતો અટકાવવો જોઈએ. ન્યાયતંત્ર એવો સંઘર્ષ કરે તો પણ એ તેમાં ફાવે નહિ. આવો સંઘર્ષ ન થાય એ રીતે તેઓ સરકારના ગમે તેટલા નિર્ણયોને રદ કરી શકે છે ; પરંતુ તેઓ શ્રીમતી ગાંધીને કે શ્રી સંજય ગાંધીને પણ જેલમાં મોકલે તો આવું (સંઘર્ષનું) જોખમ ઊભું થયા વિના રહે નહિ.'

ગિરિલાલે પ્રતિપાદિત કરેલ વિચારો આશ્ચર્યજનક અને કેટલેક દરજ્જે આઘાતજનક છે. તેના કહેવા પ્રમાણે ન્યાયમૂર્તિઓએ વાસ્તવિકતા સમજવી જોઈએ અને સામાન્ય સમજ (Common Sense) ચાખવી જોઈએ. Popular sovereignty (લોકોની સર્વોપરિતા) જે, નેતામાં મૂર્તિમંત થાય છે, અને Independence of Judiciary (ન્યાયતંત્રની સ્વતંત્રતા) વચ્ચે સંઘર્ષ થવો ન જોઈએ એમ કહી ઉમેરે છે, કે ન્યાયતંત્ર એવો સંઘર્ષ કરે તો તેમાં ફાવે નહિ. સરકારે ખોટું કર્યું હોય અને ન્યાયતંત્ર તેને ખોટું ઠરાવે તો સંઘર્ષ નોતર્યો કહેવાય ? ન્યાયતંત્રે સત્તાધિશોને સદા અનુકૂળ રહેવું જોઈએ ? સરમુખત્યારી દેશોમાં એવું બને છે, એટલું જ નહિ, એમ હોવું જ જોઈએ એવી અપેક્ષા રાખવામા આવે છે. લોકશાહી કહેવાય એવા દેશોમાં આથી જુદી જ અપેક્ષા રાખવામા આવે છે.

'ટાઈમ્સ'ના તંત્રી જેવી વ્યક્તિ આવા વિચારો કરે અને જાહેરમાં તેની હિમાયત કરે ત્યારે દેશનું નાવ કઈ દિશામાં જઈ રહ્યું છે તે ખરેખર ચિન્તાનો વિષય બને. વર્તમાનપત્રો પણ સ્વતંત્ર હોવા જોઈએ એવું આપણે માનીએ છીએ : આ તો રહ્યું જ ક્યાં ? ન્યાયતંત્રે સત્તાને અનુકૂળ થવું જોઈએ એવું કહેનાર પત્રકાર સરકારને અનુકૂળ રહે જ ? તેનામાં વાસ્તવિકતાનું ભાન અને (Common Sense) ઘણાં પ્રમાણમાં છે એમ માની લેવું જોઈએ !

ગિરિલાલ જૈનના લેખનો સાર તો એ છે કે શ્રીમતી ગાંધી Authoritarian નથી, Indecisive છે. ગીરીલાલ ઈચ્છે છે કે શ્રીમતી ગાંધી પૂરા Authoritarian થાય અને Leadership Qualities દાખવે. ગિરિલાલ જૈન સબળ નેતૃત્વની કેટલાય સમયથી હિમાયત કરતા આવ્યા છે. એવા સબળ નેતૃત્વના તેમના વિચારો વધારે સ્પષ્ટ થતા જાય છે. આ નેતૃત્વ સબળ થાય તે માટે તેના ઉપર ન્યાયતંત્ર કે પત્રકારિત્વનું બંધન હોવું ન જોઈએ, બલ્કે બન્નેએ આવા સબળ નેતાને અનુકૂળ થવું જોઈએ.

૨૫-૪-૮૦ **ચીમનલાલ ચકુભાઈ**

પત્રચર્ચા

મુરબ્બી શ્રી ચીમનભાઈ,

તા. ૧૬-૪-૮૦ ના 'પ્રબુદ્ધ જીવન' માં આપનું આ રસપ્રદ કથન વાંચ્યું, "હું ફિલસૂફીનો વિદ્યાર્થી હોવા છતાં મને 'રોબસ્ટ્રેક્ટ થીટ' માટે બહુ આકર્ષણ નથી. કૃષ્ણમૂર્તિના વિચારો કે શ્રી અરવિંદનો અતિમાનસ અવતરણનો યોગ ઉત્તમ છે. પણ મને વ્યોમવિહાર લાગે છે. મારો રસ જીવનની વાસ્તવિકતામાં છે ... તેમાંથી છૂટી જવાનું 'એસ્કેપીઝમ' મારે માટે શક્ય નથી. જે વિચારોને વર્તમાન જીવનની સમસ્યાઓ સાથે સંબંધ નથી એવા વિચારો મને માત્ર બુદ્ધિના વ્યાપાર જેવા લાગે છે."

ઉપરના લખાણમાં આપનું વ્યવહારુ દૃષ્ટિવાદી (Prabmatist) વલણ જણાઈ આવે છે. આદર્શોને મૂર્તિમંત કરવા માટે આવું વલણ જીવનમાં ઉપકારક છે. પરંતુ અમૂર્ત વિચાર અથવા કોઈ દર્શનને 'વ્યોમવિહાર' તરીકે ઓળખવાનું આપનું વલણ મને સમજાયું નથી. આપ જેને વ્યોમવિહાર કહો છો તેને હું આદર્શવાદી કહું છું. ગઈ કાલે જે વ્યોમવિહાર જણાતો હતો તે આજે પૃથ્વી ઉપરની વાસ્તવિકતા બની હોય એવો અનુભવ માનવજાતિના ઈતિહાસમાં અજાણ્યો નથી. શ્રી અરવિંદના આદર્શની ભૂમિકા ઉપર કહેલા અતિમનસ અવતરણના 'ઉત્તમ' યોગને આપે વ્યોમવિહાર કહ્યો છે. અને આપનો રસ તો જીવનની કઠોર વાસ્તવિકતામાં રહ્યો છે. ઓટલે કે, આપના મતે શ્રી અરવિંદના યોગને જીવનની વાસ્તવિકતા સાથે સંબંધ નથી.

યાતનાપૂર્ણ આ વિશ્વમાંથી પલાયનવાદનો આશ્રય લઈ હિમાલયના કોઈ શિખર ઉપર શાંતિ શોધવાનો આપે કદી પ્રયાસ કર્યો નથી. એટલે કે, જીવનની વાસ્તવિકતાઓ વચ્ચે રહીને 'સાગરમાં બિંદુ સમાન' 'યત્કિંચત્' કર્મયોગ કરવાની આપે મથામણ કરી છે. આને હું શ્રી અરવિંદકથિત યોગ કહું તો કોઈને સરલીકરણ જેવું લાગશે. પણ મારા કથનમાં તથ્યાંશ રહેલો છે. વાસ્તવિક જીવનથી શ્રી અરવિંદનો યોગ અસ્પૃશ્ય નથી. શ્રી અરવિંદાશ્રમ વિશે સત્પ્રેમના શબ્દો આ સંદર્ભમાં વાંચો:

It is not a sort of exotic convent, still less a place of refuge and of peace. It is rather a forge. There are no protecting walls except the inner light one is immediately next — door to the bazaar.

શ્રી અરવિંદદર્શનને આપે કદાચ પરોક્ષ રીતે (જાણતાં કે અજાણતાં) 'જીવનની વાસ્તવિકતા'માંથી... છૂટી જવાનું એસ્કેપિઝમ' કહ્યું છે. આવી (સંભવિતા) ગેરસમજ વિશે શ્રી અરવિંદના શબ્દો સ્પષ્ટતા અર્થે નોંધું છું.

The spiritual life finds its most patent expression in the man who lived the ordinary life of men in the strength of the yoga. It is by such union of the inner life and the other that mankind will eventually be lifted up and become mighty and divine. ગાંધીજી તથા ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝરના જીવનકાર્યમાં આંતરિક તથા બાહ્ય જીવનનું આવું સુભગ એકત્વ જોવા મળે છે. અને આ અર્થમાં ઉર્ધ્વીકૃત બનેલું તે યોગજીવન હતું. શ્રી અરવિંદના નીચેના કથન હેઠળ ગાંધીજી તથા ડો. સ્વાત્ઝરે સંમતિની સહી કરી આપી હોત, એવું મારું માનવું છે."

This is a miracle that men can love God, yet fail to love humanity with whom are they in love then ?

માનવજાતિનો વિકાસ ઈતિહાસમાં પશુ અવસ્થા (Animalhood) માંથી માનવ અવસ્થા Manhood તરફની ગતિ જોવા મળે છે. આ Manhood માંથી Supermanhood. તરફનું આરોહણ અને પૃથ્વી ઉપર અતિમનસનું અવતાણ શક્ય છે, માનવ જીવનમાંથી એવી સંભાવ્યતા રહેલી છે, એવો વ્યોમ જેવો

વિશાળ આદર્શ રજૂ કરવામાં જીવનની વાસ્તવિકતાનો મને ઈનકાર જણાતો નથી. આખરે આદર્શો શું છે? શ્રી અરવિંદના શબ્દોમાં કહીએ તો, હજુ માનવી માટે સાકાર ન બનેલા સત્યો તેનું નામ આદર્શો; હજુ આપણા કર્મના વર્તમાન ક્ષેત્રમાં, જીવનની પાર્થિવ ભૂમિકા ઉપર ચરિતાર્થ ન થયેલી માનવ અસ્તિત્વના ઉચ્ચ સ્તરની વાસ્તવિકતાઓનું બીજું નામ તે આદર્શો, શ્રી અરવિંદ માર્મિક રીતે કહે છે: Man's greatness is not in what he is but what he makes possible.

આદર્શવાદનો પૂર્ણ દ્રષ્ટા જીવનની વાસ્તવિકતાઓનો નકાર કરતો નથી. એ જ રીતે વ્યવહારદૃષ્ટિવાદીએ આદર્શોના સેવનને જોમવિહાર તરીકે ઓળખાવવાની જરૂર નથી. આદર્શ અને વ્યવહાર વચ્ચે અવિયોજ્ય અંગાંગિભાવ રહેલો છે. પરસ્પરની અવહેલના એમાં પરવડે તેમ નથી. શ્રી અરવિંદ યથાર્થ રીતે કહે છે, જે સ્થળ અને કાળમાં કેવળ વ્યવહારદૃષ્ટિવાદીઓ પ્રભુત્વ ધરાવીને આદર્શ નિષ્ઠ વ્યક્તિઓને બહિષ્કાર કે નિરુત્સાહી કરે છે તે દેશ અને યુગમાં માનવજાતિની પ્રગતિ માટે મૂલ્યવાન ગણી શકાય તેવું ધાર્યું ઓછું કાર્ય થાય છે. બીજી બાજુએ, જ્યારે આદર્શનિષ્ઠ વ્યક્તિઓ અને દૃષ્ટિઓ મુકત રીતે આગળ આવી શકે છે ત્યારે પેલા વ્યવહાર દૃષ્ટિવાદીઓને નવી કાર્યદિશા સાંપડે છે; એમની કાર્યશકિત દસગણી અધિક બની જાય છે અને પહેલાં જે વસ્તુઓ સ્વપ્નસમી ગણાતી હતી તેને તેઓ આશ્ચર્યજનક રીતે સિદ્ધ કરી આપે છે.

આદર્શના (કોઈ દર્શનના) વ્યોમવિહારને જીવનની વાસ્તવિકતા સાથે અસંબંધિત પલાયનવાદ ન ગણી શકાય. અહીં સ્પષ્ટતા એ કરવાની કે, શેખચલ્લીના તુક્કાઓને આપણે આદર્શોમાં ગણતા નથી. વળી ખરા આદર્શવાદી અને મતાંધ માણસ વચ્ચે સ્પષ્ટભેદરેખા દોરી લેવી જોઈએ. આ પૃથ્વી ઉપર દ્રષ્ટા અને સૃષ્ટા હાથમાં હાથ મિલાવીને વધુ ને વધુ પ્રમાણમાં પ્રવૃત્ત થશે, એ આદર્શ જ્યારે ચરિતાર્થ થશે ત્યારે માનવજાતિનો આંતરિક તેમજ બાહ્ય ચહેરો-મહોરો સાવ બદલાઈ ગયો હશે. આવો આદર્શ સિદ્ધ કરવામાં આપણે સૌ સહાયભૂત થઈએ. પણ એવા આદર્શની શક્ય તેટલી વધુ સિદ્ધિ થાય ત્યાં સુધી નજરે દેખાય તેવી અને તેટલી જ વાસ્તવિકતાને પરમ સત્ય કે લક્ષ્ય ગણવાનું આપણે મોકૂફ ન રાખી શકીએ? માનવજાતિના વિકાસના આજના તબક્કાએ જે વાસ્તવિકતાઓ નજરે પડે છે તે કોઈ કાળે વ્યોમવિહાર સમી નહિ ભાસી હોય? કૃષ્ણમૂર્તિ કે શ્રી અરવિંદના 'વ્યોમવિહારને 'વર્તમાન જીવનની સમસ્યાઓ સાથે' 'જીવનની વાસ્તવિકતા' સાથે સંબંધ નથી, એવું કાંઈક આપનું કથન તેથી વધારે ઊંડો પરામર્શ માગી લે છે.

વલ્લભ વિદ્યાનગર — દિલાવરસિંહ જાડેજાના નમસ્કાર
તા. ૨૧-૪-૮૦

અભ્યાસ – વર્તુળ

વકતા: ડૉ. એમ. એમ. ભમગરા
વિષય: નિસર્ગોપચાર: મારી દૃષ્ટિએ
તારીખ: ૮-૫-'૮૦ ગુરુવાર સાંજના ૬-૧૫
સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

ડૉ. ભમગરા બહુ જ જાણીતા, નેચરોપથીના તજજ્ઞ છે અને તાજેતરમાં તેઓ દુનિયાના ઘણા દેશોનો પ્રવાસ કરી આવ્યા છે.

તેમના વ્યાખ્યાન બાદ સ્લાઈડો પણ દેખાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સૌને સમયસર ઉપસ્થિત થવાનું હાર્દિક નિમંત્રણ છે.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ – વર્તુળ

રાષ્ટ્રીય પરિસ્થિતિ: વસંત વ્યાખ્યાનમાળા

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘે દર વર્ષની જેમ આ વર્ષે પણ એપ્રિલની ૭-૮-૯-૧૦ તારીખો - એમ ચાર દિવસો દરમિયાન વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું હતું. વ્યાખ્યાનમાળાનો વિષય હતો 'રાષ્ટ્રીય પરિસ્થિતિ' (નેશનલ સીન). વ્યાખ્યાનમાળામાં પ્રથમ દિવસે પ્રો. રજની કોઠારીએ રાજકીય પરિસ્થિતિ વિશે, બીજે દિવસે ડો. ડી. ટી. લાકડાવાળાએ આર્થિક પરિસ્થિતિ વિશે, ત્રીજે દિવસે પ્રો. પી. એમ. કામઠે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે અને છેલ્લે દિવસે શ્રી રાજમોહન ગાંધીએ સામાજિક અને નૈતિક પરિસ્થિતિ વિશે વ્યાખ્યાનો આપ્યા હતા. આ વ્યાખ્યાનોનો મહત્ત્વનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે - તંત્રી]

[૧]

રાજકીય

દેશની વર્તમાન રાજકીય સ્થિતિને ૧૯૭૫ માં કટોકટી લાદવામાં આવી એ પહેલાંના દિવસો સાથે સરખાવી શકાય. આપણે અત્યારે ભારે વિષમ પરિસ્થિતિની પકડમાં છીએ. રાજકીય પરિસ્થિતિ સૌથી વધુ ગૂંચવાડાભરી છે. આ વર્તમાન સ્થિતિને કોઈ રાજકીય પક્ષની સફળતા કે નિષ્ફળતા સાથે સાંકળી શકાય નહીં. આપણી સમક્ષના પ્રશ્નો ઘણા વિશાળ અને વિવિધ પાસાં ધરાવતા છે. આઝાદી પછીના શરૂઆતના સમયની 'સિસ્ટમ' ની નિષ્ફળતાને આજની પરિસ્થિતિ માટે જવાબદાર ગણી શકાય.

આઝાદી પછી દેશમાં સામાજિક ન્યાય અને રાષ્ટ્રીય વિકાસ માટે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ યોગ્ય સાધન સાબિત થઈ. જો કે, એ ચોક્કસ હદ સુધી જ માફક આવે એવી હતી. એ વખતના વ્યાપક માળખાને અનુરૂપ એ 'સિસ્ટમ' દબાણ હેઠળ અસરકારક નીવડી શકે એમ નહોતી.

૧૯૬૭થી પરિસ્થિતિમાં પલટો આવ્યો. એક નવી પ્રક્રિયા શરૂ થઈ. આ પ્રક્રિયા એવી હતી, કે જ્યાં જૂની વ્યવસ્થા કામ લાગે એમ નહોતી. મધ્યમ વર્ગ અને નિર્બળ વર્ગના લોકો તેમના અધિકારો માટે વધુ ને વધુ સભાન બનતાં તેઓ વધુ ને વધુ માગવા લાગ્યા. એ સાથે આપણી 'સિસ્ટમ' પર દબાણ વધવા લાગ્યું. સામાજિક માળખું તૂટવા લાગ્યું. એટલા પ્રમાણમાં એક સાથે દબાણ આવે ત્યારે તેનો સામનો કરવાનું એક પક્ષ માટે મુશ્કેલ બની જાય છે. ખાસ કરીને આપખુદશાહી વલણ ધરાવતા પક્ષ માટે એ વધુ મુશ્કેલ બને છે. આપેલા વચનો પૂરાં કરવાની સરકારની શક્તિમાં ઘટાડો થતો ગયો.

આજે આપણે એવી પરિસ્થિતિમાં છીએ જ્યાં કોઈ રાજકીય પક્ષ નથી. આપણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનો વિકલ્પ શોધી શકયા નથી અને મૂળ કોંગ્રેસ હવે રહી નથી. વિરોધ પક્ષો વિકલ્પ તરીકે કામ કરી શકે એમ નથી. કોંગ્રેસનો વિકલ્પ ઊભો કરવામાં વિરોધ પક્ષો નિષ્ફળ નીવડ્યા છે.

આઝાદી પછી આપણે સમય જતાં પક્ષને પરિવર્તનના સાધન તરીકે વધુ ને વધુ દૂર ધકેલતા ગયા અને બ્રિટિશ રાજના વારસામાં મળેલી નોકરશાહી પર આધાર રાખવાનું વધારતા ગયાં. સામાજિક-રાજકીય આધાર વિના કોઈ 'સિસ્ટમ' પરિણામ આપી શકે નહીં. લોકો જ્યારે તેમના દરેક પ્રકારના અધિકાર માગતા ગયા ત્યારે આપણને ભાન થયું, કે આ 'સિસ્ટમ' ચાલી શકે નહીં. કોઈ પણ પક્ષ પરિવર્તનનું સાધન બનવાને બદલે સત્તા અને આપખુદીશાહીનું સાધન બનવાનું શરૂ કરે તથા સત્તા એક જ કેન્દ્રમાં કેન્દ્રિત થવા લાગે ત્યારે આ સિસ્ટમ ક્યારેય કોઈ પરિણામ આપી શકે નહીં. ૧૯૭૧, ૧૯૭૭, ૧૯૮૦ માં જંગી બહુમતી છતાં રાજકીય પક્ષો પરિણામ આપી શકયા નથી. આ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ તે તેઓ જાણતા નહોતા અથવા નથી. આપણી પાસે અસરકારક કેન્દ્ર નથી. અત્યારના પ્રશ્નો હલ કરવા સત્તાનું વિકેન્દ્રીકરણ ખાસ જરૂરી છે.

મધ્યમ વર્ગ અને નિર્બળ વર્ગના પ્રશ્નો સામે આવ્યા અને જાતિય ભાવનાએ જોર પકડ્યું ત્યારે તેનો ઉકેલ વર્તમાન રાજકીય

વ્યવસ્થાને બદલે ગલીઓમાં હિંસા અને આંદોલનો મારફતે દેખાયો. વડા પ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીએ પરિણામ આપવા જોઈએ અને તેઓ એ આપી શકે એવી સ્થિતિમાં પણ છે. તેમ છતાં એવું થશે નહીં. વર્તમાન કટોકટીનો ઉકેલ લોકશાહી વ્યવસ્થામાં જ મળી શકે. લોકશાહીને બાજુએ રાખીને પ્રશ્નો ઉકેલવાની પદ્ધતિ કદી સફળ થઈ નથી અને થશે પણ નહિ. શ્રીમતી ગાંધી સ્વભાવે ડેમોક્રેટ નથી એથી જ તેઓ આ પ્રશ્નો ઉકેલી શકશે કે નહીં એ શંકાસ્પદ છે. આ પ્રકારની કટોકટી ઉકેલવાની કોઈ ચાવી તેમની પાસે નથી. જો તેઓ એ ઉકેલી શકે તો તેમનું સ્થાન દૃઢ બની શકે. અત્યારની આ પરિસ્થિતિ વધુ વિકટ બનશે અને એક સમય એવો આવશે કે જ્યારે તેને સંભાળવી મુશ્કેલ બની જશે.

આઝાદીની શરૂઆતના સમયમાં આપણી રાજકીય વ્યવસ્થા ઘણા સ્તરે કામ કરી શકતી હતી. તેનું અસ્તિત્વ હતું. વર્તમાન સામાજિક કટોકટીનું એક અગત્યનું કારણ 'સત્તાના કેન્દ્રીકરણ' કરતાં 'ધર્ષણ' નું કેન્દ્રીકરણ વધુ જવાબદાર છે. પ્રશ્નો જ્યાં પેદા થતા હોય ત્યાં જ તેનો ઉકેલ મળે એ ખાસ જરૂરી છે.

"સેન્ટ્રલાઈઝ્ડ બ્યુરોક્રેટિક ઓર્ડર' પ્રશ્નો હલ કરી શકે એમ નથી. ગતિશીલ જનતા (ક્રામિક વર્ગ) અને ગતિશૂન્ય સમાજ વચ્ચેનું આ ધર્ષણ છે. જમીનવિહોણા કામદારોની ટકાવારી વધતી જાય છે. આ પરિસ્થિતિમાં નૈતિકતાની પ્રક્રિયા ભાંગી પડી છે. નજીકના ભવિષ્યમાં અંધાધૂંધી અને ધર્ષણ વધશે. તેમ છતાં, સાવ હતાશ થવાની જરૂર નથી. આ પ્રકારની પરિસ્થિતિમાંથી જ પરિવર્તન આવે છે. આ પરિવર્તનની પ્રક્રિયા અત્યારે પણ ચાલુ છે. સામાજિક બળોનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે. જો કે તેનું આખરી સ્વરૂપ કેવું હશે, એ આપણે જાણતા નથી.

ભારત માટે લોકશાહી એ માત્ર મૂલ્ય જ નથી, એ એક ઐતિહાસિક જરૂરિયાત છે. લોકશાહી વગર સામાજિક, આર્થિક પ્રશ્નો ઉકેલવાનું મુશ્કેલ છે. સામાજિક અન્યાય લોકશાહી મારફતે જ દૂર કરી શકાય. ૧૯૭૭ જેવું પરિવર્તન ફરીથી આવવું જોઈએ અને એવું પરિવર્તન આવશે એવી મને પૂરી શ્રદ્ધા છે. આ પરિવર્તન માટે આપણે તૈયાર રહેવાનું છે. ઈન્દિરા સરકારને ઉથલાવવાના વિરોધ પક્ષોના એક્સ્ચૂત્રી કાર્યક્રમને મેં ક્યારેય ટેકો આપ્યો નથી. વર્તમાન પ્રશ્નોનો ઉકેલ એમાં રહેલો નથી.

અત્યારની પરિસ્થિતિ એવી છે, કે કોઈ પક્ષ સાથે સંકળાળેલા ન હોય એવા લોકોને વધુ ને વધુ પ્રમાણમાં સામેલ કરવા જોઈએ. એમ કરવાથી રાજકીય વ્યવસ્થાને વધુ ભાંગી પડતી અટકાવી શકાય અને વ્યવસ્થાને વધુ ભાંગી પડતી અટકાવવાની ખાસ જરૂર છે. લોકશાહીનો એક અગત્યનો ભાગ છે, સ્વૈચ્છિક પ્રયાસો. ઉકેલની જવાબદારી સરકારને માથે મૂકી દેવાનો માર્ગ પ્રશ્નો ઉકેલવા માટેનો સાચો માર્ગ નથી. પ્રશ્નો ઉકેલવા સ્વૈચ્છિક અને વ્યક્તિગત પ્રયાસો પર વધુ આધાર રાખવો જોઈએ.

આઝાદી પછીના તાત્કાલિક કાળમાં હતા એવા કૉંગ્રેસ જેવા પક્ષની આપણને જરૂરિયાત છે. એ ખાસ નોંધપાત્ર વાત છે, કે લોકોએ હજી સુધી લોકશાહીમાં વિશ્વાસ ગુમાવ્યો નથી. છેલ્લી ચૂંટણીઓમાં મતદાન કેન્દ્રો પર લાંબી કતારો આ વાતની સાક્ષી આપે છે.

આપણી પાસે કાર્યક્રમની કોઈ અછત નથી. જરૂર છે પગલાંની, કાર્યક્રમના અમલની. બધા પક્ષોના ચૂંટણી ઢંઢેરા લગભગ સરખા જ દેખાય છે. એ પરથી એમ કહી શકાય કે દેશની જરૂરિયાતને રાજકીય પક્ષો વતેઓછે અંશે સમજી શકયા છે અને એ એક સારી બાબત છે.

છેલ્લા સાત મહિનાથી 'વિદેશીઓની હકાલપટ્ટી' ની માગ સાથે ચાલતા વિદ્યાર્થી આંદોલનને કારણે પેદા થયેલી આસામની વર્તમાન પરિસ્થિતિએ સરકાર અને દેશ સમક્ષ ગંભીર પડકાર ઊભો કર્યો છે. આ પ્રશ્ન વિદ્યાર્થીઓ સાથે સતત વાટાઘાટો દ્વારા લોકશાહી પદ્ધતિ મારફતે ઉકેલવો જોઈએ. કટોકટી લાદવામાં આવી એ પહેલાં શ્રીમતી ગાંધીની આ પ્રકારના પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા ઘણી સારી હતી. તેનું એક કારણ એ હતું કે એ સમયે તેમની પાસે સારા સલાહકારો હતા. તેમના વગર શ્રીમતી ગાંધી 'શૂન્ય' બરાબર છે.

રજની કોઠારી

[૨]

☆ આર્થિક ☆

ભારતનું રાજકીય ચિત્ર ગમે એવું ગુંચવાડાભર્યું હોય; પરંતુ આર્થિક મોરચાને સંબંધ છે ત્યાં ચિત્ર ઘણું સ્પષ્ટ છે. આ ચિત્ર અતિ અંધકારમય છે. આ અંધકાર લાંબા ગાળાનો છે કે ટૂંકા ગાળાનો, એ તો ભવિષ્ય જ નક્કી કરશે. તેમ છતાં, આ અંધકાર માટે મુખ્યત્વે ત્રણ બાબતો કારણભૂત હોવાનું કહી શકાય.

ગયા વર્ષે આપણે નકારાત્મક આર્થિક વિકાસ અનુભવ્યો. આ માટે મુખ્ય બે કારણો હતાં. ખેતીવાડી અને બિન-ખેતીવાડી. ખેતીવાડીના સંબંધમાં આપણે બે આશ્વાસનો મેળવી શકીએ. એક તો વર્ષ વરસાદને કારણે ખરાબ ગયું હતું અને બીજું ગયું વર્ષ ખરાબ ગયું, તો કદાચ આવતું વર્ષ સારું જશે, એ દ્વારા ગયા વર્ષની ખાધ આવતા વર્ષે પૂરી શકશું.

તેમ છતાં, બિન-ખેતીવાડી એટલે કે ઉદ્યોગોને સંબંધ છે ત્યાં નકારાત્મક વિકાસ માટેનો દોષ આપણો જ છે. ૧૯૬૫થી આપણો ઔદ્યોગિક વિકાસ દર જાળવી રાખવા આપણે ભારે પ્રયાસો કરવા પડે છે. આપણો ઔદ્યોગિક વિકાસ દર વર્ષે સાતથી આઠ ટકાથી ઘટીને બેથી પાંચ ટકા થઈ ગયો છે.

આપણા વિશાળ અર્થતંત્રને કારણે આપણને વિશ્વના મહાન ઔદ્યોગિક દેશોમાંના એક તરીકે ગણવામાં આવે છે. આ ગણતરી નિરક્ષરતાની ગણતરી જેવી છે. વસતિની દૃષ્ટિએ વિશ્વનું બીજું સ્થાન ધરાવતા દેશમાં બીજા કોઈ પણ દેશ કરતાં વધુ નિરક્ષર હોય એ રીતે છેલ્લા દાયકામાં ઘણા વિકાસ પામતા દેશના વિકાસ દર આપણા કરતાં વધુ રહ્યા છે એ ચિંતાજનક છે.

અત્યારે મારી પાસે આંકડા નથી. તેમ છતાં, ૧૯૭૯-૮૦નો આપણો વિકાસદર લગભગ શૂન્ય હશે. આ વર્ષ દરમિયાન દેશમાં કોઈ ઔદ્યોગિક વિકાસદર હશે તો એ સૌથી વધુ આશ્ચર્યજનક લેખાશે. પહેલાં જ્યારે વિકાસદર નીચો રહેતો ત્યારે એ માટે કેટલાક કારણો જવાબદાર હતાં. ૧૯૭૯-૮૦માં એવું કોઈ કારણ નહોતું એ વર્ષ દરમિયાન પૂરતો અન્ન પુરવઠો હતો, વિદેશી હુંડિયામણની પૂરતી અનામત હતી, માગ ઘણી સારી હતી અને પૂરતી ઉત્પાદન શક્તિ ઊભી કરવામાં આવી હતી. આ લગભગ શૂન્ય વિકાસદર માટે અપૂરતી ઉત્પાદન શક્તિ નહીં પરંતુ આપણે એ ઉત્પાદન શક્તિનો પૂરતો ઉપયોગ કરી શકયા નહોતા એ બાબત જવાબદાર છે.

આપણે સમાજવાદી સમાજની જેના આધારે રચના કરવા મથીએ છીએ એ જાહેર ક્ષેત્ર માટે આપણે ગર્વ અનુભવીએ છીએ. આ જાહેર ક્ષેત્ર ૧૯૭૯-૮૦ દરમિયાન નિષ્ફળ નીવડ્યું અને લગભગ શૂન્ય વિકાસદર માટે આ બાબત ઘણી જવાબદાર છે. ભાવોના વધારા માટે આ સમગ્ર વસ્તુસ્થિતિને જવાબદાર ગણી શકાય.

ભાવ નિર્દેશાંકમાં વધારો થયો હોવા છતાં અછતની પરિસ્થિતિનું અથવા ગ્રાહકોની મુશ્કેલીનું આ ભાવ નિર્દેશાંકમાં બહુ પ્રતિબિંબ પડતું નથી. જ્યારે વસ્તુ અંકુશિત હોય છે ત્યારે ભાવનિર્દેશાંક પર તેનું ભાગ્યે જ પ્રતિબિંબ પડતું હોય છે. એક રીતે તો આપણે એવા વિશ્વમાં જીવીએ છીએ જ્યાં ભાવોની દરેક ગોઠવણ ઉર્ધ્વમુખી થાય છે. આપણા દેશમાં ઘણી વખત ચોક્કસ વસ્તુના ભાવો માટેની કાયદા સ્થાપિત સમિતિઓની ભલામણ કરતાં વધુ ઊંચા ભાવો ગોઠવવામાં આવે છે. ભાવો જરૂર કરતાં વધુ ઊંચા ગોઠવવામાં ન આવ્યા હોય તો પણ એમ જ કરવામાં આવ્યું છે એવી લોકોને શંકા રહેશે. આ સંબંધમાં કોઈ આચારસંહિતા હોવી જરૂરી છે. જો રાજકારણીઓને ભાવો ગોઠવવાની સત્તા હોય તો તેઓ ચોક્કસ સ્થિતિમાં તેમના કામચલાઉ હિતને અનુરૂપ રહે એ રીતે ભાવો ગોઠવશે. જેની પ્રામાણિકતા બાબતમાં કોઈ શંકા ન જાગે એવી કાયદાસ્થાપિત સંસ્થાદ્વારા ભાવોની ગોઠવણી કરવી જોઈએ.

ફુગાવો એ માત્ર ભારતીય વિલક્ષણતા નથી. વિશ્વ આખું અત્યારે એ આંકડાના ફુગાવાના ચક્કરમાં સપડાયેલું છે. વિશ્વના ફુગાવા સાથે ભારતનો ફુગાવો સંકળાયેલો છે. આપણી જરૂરિયાતને પહોંચીવળવા જ્યારે આયાત કરવી પડે છે ત્યારે હંમેશા ભાવોમાં વધુ વધારો કરવો પડે છે, કારણકે વિદેશના ભાવ કરતાં સરખામણીમાં ભારતમાં ભાવ ઓછા હોય છે. આયાત કરેલી વસ્તુના આયાતી ભાવ સાથે સમાનતા જાળવી રાખવા અહીંના ઉત્પાદનના ભાવો

પણ વધારવા પડતા હોય છે. સિમેન્ટ, કોલસો અને સ્ટીલ તેના જીવંત ઉદાહરણ છે. એથી જરૂરિયાતને પહોંચીવળવા આયાત કરવી એ "સેફ્ટી વાલ્વ" નથી.

ગયા વર્ષે એડવર્સ પેમેન્ટ રૂ. ૮૦૦ કરોડથી વધીને રૂ. ૧,૬૦૦ કરોડ થઈ ગયું. આવતા વર્ષે તેમાં ઓર વધારો થશે. તેમ છતાં, પ્રતિકૂળ વ્યાપાર સમતુલા અંગે કોઈએ ચિન્તા કરવી જોઈએ નહીં. ખાસ કરીને આ સમતુલા જે ઝડપથી અને જે પ્રમાણમાં પ્રતિકૂલ થઈ એ ખાસ નોંધપાત્ર છે. વ્યાપાર સમતુલા જે ઝડપથી અને જે પ્રમાણમાં પ્રતિકૂલ થઈ તેનું કારણ જે વધારે ભાવે આપણે આયાત કરવી પડી છે એ છે. તેમાં ખનિજ તેલના ભાવોનો પણ સમાવેશ થાય છે. ખનિજ તેલના ભાવો હજી પણ વધવાનો સંભવ છે. ખાદ્ય તેલ જેવી બિન-વિકાસીય વસ્તુઓની ઘરઆંગણે અછત છે. ખાદ્ય તેલની આયાત કરવામાં કશું ખોટું નથી; પરંતુ આ આયાતથી વિકાસ પ્રવૃત્તિને કોઈ લાભ થતો નથી એ ધ્યાનમાં રાખવું જોઈએ.

ભારતીય અર્થતંત્ર મૂળમાં આત્મ-સંયમનું અર્થતંત્ર છે. ભારતીય અર્થતંત્રના આ અંધકારમય ચિત્ર અને સતત ઘટતા જતા વિકાસદરને ધ્યાનમાં લેતાં ભાવિ અંગે વિચારણા કરવી જોઈએ. હકીકતમાં, આ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ, એ કરતાં શું ન કરવું જોઈએ એ સમજવું વધુ મહત્ત્વનું છે.

કાયદો અને વ્યવસ્થા કથળી રહ્યા છે અને કામદાર- માલિક સંબંધો બગડી રહ્યા છે અને તેથી ઉત્પાદનમાં અવરોધ આવે છે, એની એક દલીલ છે. લાખો લોકોને અસર કરે એવો ધારો પસાર કરવાથી કંઈ બધું ઉકલી જવાનું નથી. આ સંબંધમાં બહુ સાવચેતીથી આગળ વધવાની જરૂર છે. સામાન્ય મતૈક્યની પ્રક્રિયાને આધારે મંજૂર થયેલા ધારા મારફતે ઔદ્યોગિક સંબંધો સુધરવા જોઈએ. એવી કોઈ પદ્ધતિ હોવી જોઈએ કે જેના આધારે કંઈક સર્વાનુમતે કહી શકાય એ રીતે કોઈ બાબત ઉકેલી શકાય. એક વખત જે ઉકેલ આવે તેને સામાજિક મતનું પીઠબળ મળવું જોઈએ.

ખાનગી તથા જાહેર ક્ષેત્રમાં ધંધાદારીઓની જરૂર છે. આ ધંધાદારીઓને ધંધા કરવાની પૂરી જવાબદારી આપી દેવી જોઈએ. તેની કામ કરવાની અને પરિણામ આણવાની શક્તિ જોવી જોઈએ. જો એ કામ પૂરું કરી શકે નહીં તો એ પતી ગયો. પ્રામાણિકતા અને અપ્રામાણિકતાને બાજુએ રાખીને કાર્યક્ષમતા પર ભાર મૂકવો જોઈએ

ત્રીજી ખાસ બાબત એ છે કે નાણાંકીય ખાધને બંધ કરવી જોઈએ. ખાધવાળું નાણાતંત્ર રોગનું લક્ષણ છે. સુધારેલી યોજનામાં આ વાત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. જાહેર ખર્ચમાં કાપ મૂકતી વખતે એ કાપની સામાજિક સ્તરે ઓછામાં ઓછી અસર થાય એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ.

બેરોજગારી અને ગરીબી આપણા અર્થતંત્રના મુખ્ય લક્ષ્યબિંદુ છે. બેરોજગારી અને ગરીબીને ઉત્પાદનને સ્તરે મૂકવા જોઈએ જ્યાં લોકો પોતાના પગે ઊભાં રહી શકે.

આપણે આજે અંધાધૂંધીની લગભગ સર્વઆયોજિત પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. દરેક જણ વધુને વધુ માટે દબાણ કરી રહ્યું છે. આપણી કેન્દ્ર સરકારનો તાલ પણ નિરાળો છે. એ ઉદ્યોગપ્રધાન મોટા ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં મશગુલ છે. માહિતી પ્રધાનને કલર ટી.વી. જોઈએ છે. રેલવે પ્રધાનને ડિલક્સ અને વધુ ઝડપી ટ્રેનોની ચિન્તા છે. કૃષિ પ્રધાનને કૃષિ ઉત્પાદનોના વધુ ભાવો જોઈએ છે અને નાણાં પ્રધાન સંપૂર્ણ અંદાજપત્રકને બદલે વચગાળાનું અંદાજપત્રક રજૂ કરે છે. વિવિધ ખાતાના દાવાઓ અંગે તેઓ કોઈ નિર્ણય લઈ શકતા નથી.

આપણી મુશ્કેલીઓ વધુ મૂળભૂત છે. વર્તમાન ખરાબી માટે જૂના વહીવટીતંત્રને દોષ દેવાની પ્રથા છે. શિસ્તની ખાસ જરૂર છે. વર્તમાન સાધનસંપત્તિ દ્વારા પણ આપણે ઘણું સારું કરી શકીએ એમ છીએ. બેરોજગારી અને ગરીબીને પ્રથમ અગ્રતા આપવાનું નક્કી નહીં કરીએ, તો આપણે વિકાસ સાધી શકશું નહીં. આપણે જેવું બનાવવા માગીએ એવું ભાવિ નિર્માણ કરી શકાય. આપણી પાસે શક્તિ છે; પરંતુ ગયા વર્ષે તેનો નબળો ઉપયોગ કર્યો.

— પ્રો ડી. ટી. લાકડાવાળા

[૩]

વિદેશનીતિ

ભારતની વિદેશનીતિ હવે અતિ કટોકટીભર્યા તબક્કામાં પ્રવેશી છે. રાષ્ટ્રસમાજમાં મુક્ત, સ્વતંત્ર, સાર્વભૌમ અને લોકશાહી સત્તા તરીકેનું સ્થાન ભારત ભવિષ્યમાં જાળવી શકશે કે નહીં એ ૧૯૮૦ અને એ પછીના વર્ષોમાં આપણી વિદેશ નીતિની શક્તિ અને નબળાઈ મુખ્યત્વે નક્કી કરશે. ભારત પ્રત્યે કોઈ દૃષ્ટિ કરશે કે તેને માન આપશે કે નહીં તેનો આધાર આંતરરાષ્ટ્રીય બાબતોમાં આપણા અવાજની વિશુદ્ધિ પર રહેલો છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણ પર આજે બે મહાસત્તાઓનું વર્ચસ છે. ૧૯૬૦ પછી ચીન પણ મહાસત્તા તરીકેનું સ્થાન પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ સંપૂર્ણપણે તેમાં તેને સફળતા મળી નથી. બે મહાસત્તાઓ વચ્ચેના ઠંડા યુદ્ધ ભણી વિશ્વ ફરી ધસડાઈ રહ્યું છે. ૧૯૭૨ના ડિટેન્ટનો લગભગ અંત આવી ગયો છે. મહાસત્તાઓ વચ્ચેના ઠંડા યુદ્ધના પુનરાગમનના ઘણા પુરાવા નજરે પડે છે. અમેરીકાએ તેના સંરક્ષણ અંદાજપત્રકમાં ભારે વધારો કરીને તે ૧૪૦ અબજ ડોલરનું કર્યું છે. આ ઉપરાંત, વિશેષ વધારા માટે માગણી થઈ રહી છે. અત્યારે થયેલો વધારો જ પાંચ ટકા જેટલો છે. સી. આઈ. એ. સામેના પગલાંની દરખાસ્તો પાછી ખેંચવામાં આવી રહી છે.

તેમ છતાં, ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાના ઠંડા યુદ્ધ કરતાં આ ઠંડા યુદ્ધમાં ઘણો ફેર છે. એ વખતે સોવિયેત સંઘ ત્યારના અમેરિકા કરતાં ઉતરતા દરજ્જાનું હતું. ટેક્નોલોજીમાં પણ અમેરિકા કરતાં ઊતરતી કક્ષાનું હતું. એથી એ વખતે તેને માત્ર પ્રતિક્રિયા જ કરવી પડતી હતી. ડિટેન્ટના કાળ દરમિયાન સોવિયેત સંઘે પોતાને લશ્કરની સર્વોપરિતા મેળવવાના પ્રયાસો આદર્યા. એંગોલાના બનાવે તેના મનોબળનું પ્રદર્શન કર્યું. અમેરીકાએ માત્ર પ્રતિક્રિયા જ કરી. ૧૯૪૫ પછી સોવિયેત સંઘે લશ્કરી ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ મહાન છે.

અમેરિકાની નબળાઈ ૧૯૭૫ અને ૧૯૮૦ના બે બનાવોની સરખામણી કરતાં છતી થાય છે. ૧૯૭૫માં કામ્પુચીઆએ અમેરિકાનું જહાજ-કબજે કર્યું ત્યારે અમેરિકાના પ્રમુખે તુરત જ લશ્કરી પગલાં લેવાનો હુકમ કર્યો હતો. ૧૯૮૦માં ૫૦ જેટલાં અમેરિકીઓને બાનમાં રાખનાર ઈરાન સામે હજી સુધી લશ્કરી પગલું લેવામાં આવ્યું નથી. ઈરાન સાથેના રાજદ્વારી સંબંધો પણ હજી હમણાં તોડવામાં આવ્યા. અમેરિકાએ હજી સુધીમાં જે પગલાં લીધાં છે તે આંતરરાષ્ટ્રીય રાજકારણને અનુલક્ષીને નહીં; પરંતુ આંતરિક રાજકારણને અનુલક્ષીને લીધા હોય એવી છાપ પડે છે. જો કે ૧૯૭૫ના પગલાં યોગ્ય હતા એવું નથી. ૩૯ બાન ખલાસીઓ માટે ૩૮ નૌકા જવાનોના જાન આપવામાં આવ્યા હતા. ૧૯૮૦મા અમેરિકાનું લશ્કરી પગલું અનિવાર્ય હોય એમ ઘણા માને છે. કાર્ટર ડોક્ટ્રિનનો કોઈ અર્થ સરે એવી સંભાવના ઓછી છે. પાકિસ્તાનને ૪૦ કરોડ ડૉલરની સહાય આપવાની દરખાસ્ત સિવાય ભાગ્યે જ કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા છે.

ભારતની વિદેશ નીતિ અંગે એમ કહી શકાય કે નહેરુના સમયથી અમેરિકા અને સોવિયેત સંઘ માટે ભારતે બે અલગ અલગ ધોરણ અપનાવ્યા છે. અમેરિકાએ જ્યારે પણ કોઈ દેશમાં દખલગીરી કરી હશે ત્યારે તેની ખુલ્લી ટીકા કરવામાં આવી છે અને તેનાં દળો તાબડતોબ પાછા ખેંચવામાં આવે એવી માગણી કરી છે. તેમ છતાં, સોવિયેત સંઘ માટે ભારતનો અવાજ હંમેશા દબાયેલો રહ્યો છે. હંગેરી કે ચેકોસ્લોવાકીઆ કે અફઘાનિસ્તાન જેવા પ્રસંગોએ સોવિયેત સંઘે તેના દળો તાત્કાલિક પાછા ખેંચી લેવા જોઈએ અવી ભારતે કદી માગણી કરી નથી.

ભારતે એ ખ્યાલ રાખવો જોઈએ, કે આ વખતે પરિસ્થિતિ પહેલાં કરતાં ઘણી જુદી છે. મહાસત્તાઓ વચ્ચેના ઠંડા યુદ્ધનો પુનઃજન્મ આપણા બીજા દરવાજે જ થયો છે. આ ઠંડુ યુદ્ધ આવતીકાલે સમગ્ર ખંડને ઝડપી શકે. અગાઉ જ્યારે એવા બનાવ બન્યા ત્યારે તેનો ભોગ બનેલા દેશો અલિપ્ત રાષ્ટ્ર નહોતા. અફઘાનિસ્તાન અલિપ્ત રાષ્ટ્ર છે. આપણું મિત્ર છે. ૧૯૭૧ના યુદ્ધ પછી ભારત એક વર્ચસ્વકારી રાષ્ટ્ર તરીકે બહાર આવ્યું છે. એવા દેશની પોતાની પણ કોઈ જવાબદારી હોય છે, અને ક્યારેક એ જવાબદારી દુઃખદ પણ હોઈ શકે.

શ્રી ચરણસિંહની રખેવાળ સરકાર સત્તા પર હતી ત્યારે અફઘાનિસ્તાનની ઘટના બની. આ ઘટના દ્વારા અફઘાનિસ્તાનની તટસ્થતા અને આઝાદી, ફ્રારસ જેવી બની રહેશે એમ તે સરકાર માનતી હતી એમ તેના ત્યારના નિવેદન પરથી કહી શકાય. 'યુનો'-માં ભારતના વલણને આધારે એમ કહી શકાય, કે શ્રીમતી ગાંધી એવું માનતા નથી. અફઘાનિસ્તાનમાંથી સોવિયેત દળોને પાછા હઠી જવાની માગણી કરતા 'યુનો'ના ઠરાવને મંજૂરી મળી; પરંતુ ભારત ગેરહાજર રહ્યું. ઠરાવ પર મતદાન કરનાર ૯૬ અલિપ્ત દેશોમાંથી ૬૮ દેશોએ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું. સોવિયેત સંઘની ખુલ્લી ટીકા કરવાથી દૂર રહેવાની શ્રીમતી ગાંધીની જૂની નીતિ છે. આ છાપ દૂર કરવાની સોનેરી તક તેમણે ગુમાવી.

માજી વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈ અને માજી વિદેશ પ્રધાન શ્રી. અટલબિહારી વાજપેયીની પશ્ચિમ તરફી છાપને કારણે પડોશી અને મિત્ર દેશો સાથેના આપણા સંબંધો સુધર્યા હતા. 'યુનો'ના બનાવને કારણે ભારતની છાપને ભારે ફટકો પડ્યો છે. આપણે આપણા પડોશી દેશોથી અલગ તરી આવ્યા છીએ. અફઘાનિસ્તાનની ઘટનાએ ખૂદ ભારતની રાષ્ટ્રીય સલામતી માટે ભય ઊભો કર્યો છે. સોવિયેત સરહદો આજે પાકિસ્તાન સુધી આવી ગઈ છે, કાલે તે ભારતના દરવાજા સુધી આવી શકે. અલિપ્ત રાષ્ટ્રોની હાવાના પરિષદમાં ક્યુબાના પ્રમુખ કાસ્ટ્રોએ સમાજવાદી બ્લોકના દેશો અલિપ્ત રાષ્ટ્રોના કુદરતી સાથી છે, એવું વલણ અપનાવ્યું હતું. 'યુનો'માં આપણું વલણ આપણે કાસ્ટ્રોના વલણને સ્વીકાર્યું છે; એવો નિર્દેશ કરશે.

અલિપ્ત રાષ્ટ્ર ચળવળ આજે ઠંડા યુદ્ધના પુનઃજન્મ પછી વધુ અનુરૂપ અને સુસંગત બની ગઈ છે. અલિપ્ત રાષ્ટ્ર ચળવળને બચાવવા ભારતે ૧૯૫૧ અને ૬૦ના દાયકામાં જ્યારે અલિપ્તતાની વ્યાખ્યા હળવી કરવામાં નહોતી આવી એ કાળમાં તેને ફરી લઈ જવી જોઈએ. ઈસ્લામી દેશોથી અલગ રહીને ભારતે ગંભીર ભૂલ કરી છે. પી. એલ. ઓ.ને માન્યતા આપવાનું પગલું લાંબે ગાળે બહુ ફાયદાકારક જણાશે નહીં. અફઘાનિસ્તાન સંબંધની આપણી નીતિથી આપણું વર્ચસ ઓછું થશે.

અફઘાનિસ્તાનમાં સોવિયેતની લશ્કરી દખલગીરીને મૂંગી અનુમતિ આપવાની લક્ઝરી ભારતને પરવડે એમ નથી. હંગેરી અને ચેકોસ્લાવાકીઆ વખતે પણ આપણે એમ જ કર્યું હતું. તેમ છતાં, વર્તમાન દખલગીરીને કારણે આપણી સલામતી માટે સ્પષ્ટ અને તાત્કાલિક ભય ઊભો થયો છે.

ભૂતકાળમાં સોવિયેત તરફી ઢળાણ માટે થોડુંઘણું પણ વાજબી-પણ સ્વીકારી શકાય કારણકે પશ્ચિમ તરફી અવિભાજીત પાકિસ્તાન ભારત માટે ભય ઊભો કરી શકે, અને એમ થયું પણ હતું. ૧૯૭૧નાં યુદ્ધ પછી પાકિસ્તાન ભારતના પાંચમા ભાગ જેટલું બની ગયું છે.

પાકિસ્તાનને હવે ભારતની સલામતી માટે ભયરૂપ ગણાવી શકાય નહીં. તેના બદલે, સોવિયેત ભય સામે ભારત અને પાકિસ્તાને સયુંકત અભિગમ લેવો જોઈએ. પાકિસ્તાને અમેરીકાની મદદને ઠુકરાવીને આ સયુંકત અભિગમ માટે ભારે સગવડ કરી આપી છે. સોવિયેત દળોને તાત્કાલિક અને બિનશરતે પાછા ખેંચી લેવા ભારત તરફથી સ્પષ્ટ હાકલ કરવામાં આવે એ આ તબક્કે ખાસ જરૂરી છે. એથી ખાસ કરીને આપણા પડોશીઓ અને અલિપ્ત રાષ્ટ્રોમાં એકરાગથી કામ કરવાના હેતુની એકતા સ્થાપી શકાશે. ભારતની સલામતી માટે અત્યારે એક માત્ર ભય સમાન ચીનના ભયનો પ્રશ્ન પણ આ પ્રકારની જાહેરાત દ્વારા ઉકેલી શકાશે. આ જાહેરાતથી ચીનને ખાતરી થઈ જશે કે આપણે સોવિયેત સંઘના કાયમી સાથી નથી.

આ પ્રકારના નક્કર પગલાં પછી અફઘાન-પાક અને અફઘાન-ઈરાન સરહદો પર મૂકવા 'યુનો'ના શાંતિદળની રચના કરવા ભારતે 'યુનો'મા તેની વગદાર સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારના દળોની હાજરીથી સોવિયેત સંઘને અફઘાનિસ્તાનમાંથી માનભેર પાછા હઠવા અને પાકિસ્તાનમાના અફઘાન નિરાશ્રીતોને સ્વદેશ પાછા ફરવાની તક મળશે. ઉપરાંત, હવે તો પાકિસ્તાન પણ અલિપ્ત રાષ્ટ્રો સાથે જોડાયેલું છે.

આણ્વ ક્ષેત્રે વર્તમાન સરકારની નીતિ સાવ સ્પષ્ટ છે અને રાષ્ટ્રીય હિત સાથે સુસંગત છે. જનતા સરકાર બાબતમાં એમ કહી શકાય નહીં. માજી વડા પ્રધાન શ્રી. મોરારજી દેસાઈ કહેતા હતા કે પાકિસ્તાન આણ્વશસ્ત્રો તૈયાર કરે અથવા ભારત પર આણ્વ હુમલો કરે તો પણ ભારત અણુ ધડાકો કરશે નહીં. કોઈ પણ દેશ તેના બધા વિકલ્પ પહેલેથી જ બંધ કરી શકે નહીં.

આપણે આણ્વ અખતરાઓ બંધ કરવા અંગેના કરારની હિમાયત કરીએ છીએ. મહાસત્તાઓએ તેમની ઉચ્ચ ટેકનોલોજીની સહાયથી વિનાશકારી કરતાં પણ વધુ શકિત પ્રાપ્ત કરી લીધી છે. ભવિષ્યમાં જો તેમણે એમ લાગશે કે હવે વધુ ભુગર્ભ આણ્વ અખતરાઓ કરવાની કોઈ જરૂર નથી ત્યારે તેઓ કદાચ આ પ્રકારના કરાર કરવા તૈયાર પણ થઈ જાય. આપણે જો એનો સ્વીકાર કરીએ તો તેનું પરિણામ આપણી આણ્વ જાણકારીને વર્તમાન સ્તરે સ્થગિત કરી દેવા બરાબર થશે.

વિશ્વનું રાજકારણ અહીં મહાસત્તાઓ ફરતે વીંટળાયેલું છે. સોવિયેત સંઘ અને અમેરિકા વચ્ચેનું ઠંડુ યુદ્ધ વ્યાપક છે કે હળવું એ અંગે બેમત જરૂર હોઈ શકે. તેમ છતાં, તેના પરિણામો સ્પષ્ટ છે. આપણે આપણી વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધો કેવી રીતે ગોઠવીએ છીએ તેના દ્વારા રાષ્ટ્રકુટુંબમાં આપણું ભાવિ નક્કી થશે. વર્તમાન પરિસ્થિતિ અંગે ટૂંકમા કહેવું હોય તો કાર્લ ડ્યુટસે કહ્યું હતું એમ આપણી માનવ વસતિ આવતા ૫૦ વર્ષમાં મોત પામવાની હશે તો એ મોત દુષ્કાળ કે પ્લેગ દ્વારા નહીં પરંતુ; વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નિષ્ફળતાને કારણે થશે.

[] પી. એમ. કામઠ

[૪]

સામાજિક–નૈતિક

આપણી રાષ્ટ્રીય નૈતિકતા કેવી છે? ભારત બહાર ઘણા એમ માને છે કે, નૈતિકતામાં આપણે બહુ ઊંચા સ્તરે છીએ. ખાસ કરીને આધ્યાત્મિક સત્યની ખોજમાં આપણા દેશમાં આવતા લોકોની એવી માન્યતા હોય છે. તેઓ એમ માનતા હોય છે કે, આપણો દેશ નૈતિકતા અથવા સદાચારના ક્ષેત્રે ઘણો સમૃદ્ધ છે. સદીઓ પહેલાં આપણા દેશ માટે જુદી જ માન્યતા પ્રવર્તતી હતી. ત્યારે લોકો ભારતને માત્ર જાદુ, તંત્રવિદ્યાના દેશ તરીકે જ ઓળખતા હતા. આજે પરિસ્થિતિ અલગ છે. હકીકત શું છે? આપણા દેશમાં રાજકીય નૈતિકતા કેવી છે? રાજકીય નૈતિકતાના કેટલાક નમૂના અહીં નોંધવા જેવા છે:

શ્રી મોરારજી દેસાઈ વડા પ્રધાન હતા ત્યારે સતત એમ કહેતા કે જનતા પક્ષ એક છે. જનતા પક્ષ અતૂટ છે. જનતા પક્ષમાં કોઈ તડાં નથી. તેમ છતાં, જ્યારે લોકસભાની ચૂંટણીમાં જનતા પક્ષનો પરાજય થયો ત્યારે શ્રી દેસાઈનું અખબારોમાં નિવેદન છપાયું: "દેસાઈ હેપી જનતા લોસ્ટ ઈલેક્શન'. બીજો દાખલો છે શ્રી કરુણાનિધિનો. તેમની સરકારને શ્રીમતી ગાંધીએ બરતરફ કરી હતી. તેમની સામે વિવિધ આક્ષેપો મૂકીને તપાસ પંચ નીમવામાં આવ્યું હતું. તેમની સામે એક આક્ષેપ હતો શ્રીમતી ગાંધીની હત્યા કરવાનું કાવતરું રચવાનો. આજે શ્રીમતી ગાંધી અને શ્રી કરુણાનિધિ એક જ છે. શ્રીમતી ગાંધીના હુકમ મુજબ તેમની સેવા કરવા શ્રી કરુણાનિધિ તૈયાર છે.

તમે ચિકમંગલુરનું નામ સાંભળ્યું છે? થોડા મહિના પહેલાં શ્રી વીરેન્દ્ર પાટિલ અહીંથી શ્રીમતી ગાંધીની વિરુદ્ધ ચૂંટણી લડ્યા હતા. આજે શ્રીમતી ગાંધીની ઈચ્છા મુજબ તેઓ દેશની સેવા કરી રહ્યા છે. એક દાખલો છે માજી વડા પ્રધાન શ્રી ચરણસિંહનો. એક વ્યકિતની મહત્ત્વાકાંક્ષાએ લાખો લોકોની આશાઓનો નાશ કરી દીધો. એક રીતે તેમનું નિવેદન ઘણું પ્રામાણિક અને ચિંતાકર્ષક હતું. તેમના મનની વાત સાચેસાચી કહી દીધી. આ બધા પાછળનું એક કારણ એ છે કે, વિશ્વના દરેક દંભને આપણે ઉત્તેજન આપતા આવ્યા છીએ. એ માનવસ્વભાવ છે. માનવસ્વભાવનો એક ગુણ છે, માનવ અહંકાર. જનતા પક્ષમાંના ભંગાણ આ માનવઅહંકાર પર આધારિત હતા. સ્વહિત ક્યારેક કલ્પનીય અહંકાર બની જાય છે.

આપણા સ્વભાવમાં એક બીજો ગુણ છે - ખૂર્ણગ્રહ. હું જબલપુરમાં લોકસભાની ચૂંટણીમાં પરાજિત થયા પછી મારા પરાજયના કારણોની શોધ કરતો હતો ત્યારે બીજા અનેક કારણોની સાથે એક કારણ એ રજૂ કરવામાં આવ્યું હતું, કે આમને શ્રી જગજીવન-

રામ વડા પ્રધાન બને એ પસંદ નથી, કારણ તેઓ હરિજન છે. શરૂઆતમાં મને એ એક પ્રચાર જણાયો, પરંતુ આપ્પા દેશમાં કેટલાક લોકોએ એ વાત રજૂ કરી ત્યારે તેના પર વિશ્વાસ આવ્યો. આ બાબત હરિજનો સામેના આપણા પૂર્વગ્રહને છતું કરે છે. એક 'ચમાર' વડા પ્રધાન કેવી રીતે થઈ શકે? આ સમગ્ર બાબત દુઃખદ અને શરમજનક છે.

કટોકટી લાદવામાં આવી તેને વ્યક્તિની લાલસાના કિસ્સા તરીકે ગણી શકાય. આપણા દેશ પર રાજ કરવાની લાલચનું એ પરિણામ હતું. આસામ અને ઈશાન ભારતની વર્તમાન પરિસ્થિતિ આપણા બેધ્યાનપણાનું પરિણામ છે. આસામ અને ઈશાન ભારતની પરિસ્થિતિને ખરેખર કેટલા જણ જાણે છે? આપણે માનીએ છીએ કે આપણે બધું જાણીએ છીએ. એ દ્વારા જ આપણે ગુંચવાડો ઊભો કરીએ છીએ. આપણે તેમને ભારતના રોક ભાગ તરીકે માનીએ છીએ; પરંતુ ભારતીય માનતા નથી. તેઓ જે કહે છે તેમાં મને સત્ય અને ન્યાય દેખાય છે. બંગાળીઓ જે કહે છે તેમાં પણ સત્ય અને ન્યાય દેખાય છે. કોણ સાચું અને કોણ ખોટું એ પ્રશ્ન નથી. હકીકત એ છે કે, આપણી કેટલીક મર્યાદા છે.

આપણે સફળતાના પુજારી છીએ આપણી ટીમ જીતીને આવે ત્યારે તેમનું ભવ્ય સન્માન કરીએ; પરંતુ હારીને આવે ત્યારે તેની વિરુદ્ધ થતાં વાર લાગે નહીં. આ વાત રાજકારણને પણ એટલી જ લાગુ પડે છે. જાણે કે, વિજય એ અદ્‌ભુત અને સુંદર હોય, પછી ભલે એ કામચલાઉ હોય. આ બાબતમાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતની પુત્રી શ્રીમતી રીટા ધરનો દાખલો જાણવા જેવો છે. તેઓ ઓબેરોય હોટેલ ચેનના જનસંપર્ક વિભાગનાં વડાં હતાં. થોડા મહિના પહેલાં તેમને પગાર વધારીને બઢતી પણ આપવામાં આવી. એ વખતે તેમની સામે કોઈ ફરિયાદ કે અસંતોષ નહોતાં. પરંતુ માર્ચની ૨૭ મીએ તેમને અચાનક નોકરીમાંથી છૂટાં કરવામાં આવ્યા કારણ, તેઓ વિજયી ટીમ સાથે નથી. હારતોરા પકડીને ઊભા ન રહો તો એવા હાલ થવાના જ.

બુદ્ધ અને મહાવીર, કૃષ્ણ અને રામ, ગીતા અને ઉપનિષદ્‌ની આ ભૂમિ પર સદીઓથી મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. આપણે માનવીના સ્વવિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા રહ્યા છીએ. આપણે માનવીના ભગવાન સાથેના સંબંધની કાળજી કરીએ છીએ. પરંતુ માનવીના માનવી સાથેના અથવા ભૂમિ સાથેના સંબંધની અવગણના કરીએ છીએ.

સમાંતર અર્થતંત્ર એ વ્યક્તિગત લાલસાનું પરિણામ છે. આ સંબંધમાં ચૂંટણી – કાયદા સહિત અનેક કાયદા બદલવા જરૂરી છે. નાણાં અને સત્તા વચ્ચે અવરોધ મૂકવાની જરૂર છે. પરવાના આપવાની સત્તા સ્વાયત સંસ્થાઓ પાસે જ હોવી જોઈએ. આખરી નિર્ણય લેવાનો અધિકાર પ્રધાનને હોય એ બરાબર નથી. એક બીજા વચ્ચે વહેંચી લેવાની ભાવના હોવી જોઈએ. આ માટે શક્ય એટલી બચત કરવી જોઈએ. જેમને જરૂર છે એના માટે આપણે પૂરતું બચાવીએ છીએ? બીજા માટે આપણે ભોગ આપીએ છીએ? બીજાઓ સાથે ભળી જવાની વૃત્તિની જરૂર છે. આપણા સ્વમાન અને મિથ્યાભિમાન પર અંકુશ મૂકવો જોઈએ.

આજે દેશમાં નેતાઓની અછત શા માટે દેખાય છે? નેતાઓની અછત માટે હું બંધારણને દોષ આપતો નથી. બંધારણ કંઈ નેતાઓ પેદા કરતું નથી. નેતાઓ તો માનવીની અંદરથી પેદા થતા હોય છે. મહાત્મા ગાંધી જેવા નેતા કંઈ સંહેલાઈથી પેદા કરી શકાય નહીં. એક સમય આવશે કે, જ્યારે દેશને કુશળ, વ્યવહારું અને મજબૂત નેતા મળશે. આ એક અનિવાર્ય છે અને એમ થશે એમાં મને કોઈ શંકા નથી.

સરકારને અસાધારણ સત્તા આપવાથી બધા પ્રશ્નો ઉકેલી શકાય એમ માનવું ભૂલભરેલું છે. સરકાર ચાહે તો પણ એવા સંજોગોમાં તટસ્થ અને પ્રમાણિકપણે સત્તાનો ઉપયોગ કરી શકે નહીં. લોકોમાં રહેલી ખામી રાજ્ય દ્વારા સુધારી શકાય એવી ભ્રમણામાં રહેવું યોગ્ય નથી. સરકાર કરતા જનતા પાસે વધુ સત્તા હોવી જરૂર છે. સરકારને અસાધારણ સત્તા સોંપવાથી પ્રશ્નો ઉકેલી શકાય એવો વિચાર ભલે જાગે, પરંતુ આ પ્રશ્નને ઊંડાણની અને ગંભીરતાથી વિચાર કરતાં તેમાં રહેલા ભયનો ખ્યાલ આવશે. ભારત જેવા દેશના પ્રશ્નો હોવા વિરાટ છે કે, સરમુખત્યાર કોઈ સ્વાર્થ વિના અને પ્રમાણિકપણે કાર્ય કરે તો પણ એ ઉકેલી શકે નહીં.

આસામની પરિસ્થિતિ: આસામની પરિસ્થિતિને અગાઉ કહ્યું એમ વધુ સમજવાની જરૂર છે. આસામીઓની ભાવનાને જાણીને તેને સમજવી જોઈએ. તેમની ભાવના વ્યક્ત કરવા સમાજે તેમને તક આપવી જોઈએ. આસામને અશાંતિગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરીને લશ્કરને સોંપવા અંગેનો સરકારનો નિર્ણય ડહાપણભર્યો નથી. તેમ છતાં આંદોલનના નેતાઓ સાથે વાટાઘાટો કરવાની શ્રીમતી ગાંધીની તૈયારી આવકારદાયક છે. શ્રીમતી ગાંધીનો એ ગુણ છે કે, તેઓ સંમત થતા હોય કે નહીં; પરંતુ તે સાંભળશે. જરૂર તેઓ અચ્છા નેતા છે. જનતા નેતાઓ માટે એમ કહી શકાય નહીં. આસામીઓ અને ઈશાન ભારતીઓના પ્રશ્નને આપણા પક્ષે સાચા રસદ્વારા ઘણા આશ્ચર્યજનક પરિણામો આવી શકે.

– રાજમોહન ગાંધી

(આ ચારેય વ્યાખ્યાનની નોંધ શ્રી કાન્તિભાઈ ધુલ્લાએ લીધી છે.)

સ્વમાન અને અભિમાન

આપણે કહીએ છીએ માણસે સ્વમાન જાળવવું પણ અભિમાન ન કરવું. સ્વમાન અને અભિમાન વચ્ચેની ભેદરેખા પાતળી છે. એકમાંથી બીજામાં સરી પડતા વાર લાગતી નથી. સ્વમાનને નામે અભિમાનને પોષતા હોઈએ તેની ખબર પડતી નથી.

ભર્તૃહરિએ એક શ્લોકમાં કહ્યું છે, કે કૂતરાને રોટલાનો ટુકડો નાંખવામાં આવે તો કૂતરો પૂંછડી પટપટાવે છે, જ્યારે હાથીને મહાવત કોઈક લાડ લડાવે ત્યારે મુસીબતે ઉપકાર કરતો હોય તેમ, કોળિયો લે છે.

ભર્તૃહરિએ બીજા એક શ્લોકમાં ચાતકને શીખામણ આપી છે. ચાતક મોં ફાડીને આતુરતાથી વરસાદના જળબિન્દુની રાહ જુએ છે. તેને કહ્યું છે. હે ચાતક, આકાશમાં ઘણાં વાદળ હોય છે, કેટલાક માત્ર ગડગડાટ જ કરે છે; જ્યારે કેટલાક વરસીને ધરતીને ભીંજવે છે, બધા સરખાં નથી હોતા, માટે માણસે પણ જે કોઈ મળે તેની પાસે પોતાના દુઃખના રોદણાં ન રોવા, દીનતા ન બતાવવી, યોગ્ય વ્યક્તિ હોય તેમને જ પોતાનું દુઃખ કહેવું.

કાલીદાસે મેઘદૂતમાં યક્ષ પાસે એક સરસ વાત કહેવડાવી છે. શાપથી યક્ષ ધરથી દૂર પડ્યો છે. અષાઢના પ્રથમ દિવસે પત્ની યાદ આવે છે. તેને સંદેશો મોકલાવે છે, મેઘ મારફત તે સંદેશો મોકલે છે. મેઘને કહે છે, તું ખાનદાન કુળનો છે તેથી તને વિનંતિ કરું છું, અધમ માણસને વિનંતિ કરી એક વખત સફળતા પણ મળે તેના કરતા ઉત્તમ પુરુષને કરેલ વિનંતિ નિષ્ફળ જાય તો પણ સારુ છે. અધમ માણસથી કોઈ દિવસ કામ ન લેવું.

આ બધામાં સ્વમાન કેવી રીતે ક્યારે જાળવવું તે બતાવ્યું છે.

અભિમાનમાં લઘુતાગ્રન્થિ છે. પોતાની ઊણપ સાલે છે એટલે તે ઊણપ ઢાંકવા અભિમાન કરે છે કે પોતે કેવો મોટો છે, ખાલી ઘડો અવાજ કરે છે, ભરેલો નહિ.

સ્વમાનમાં નમ્રતા સાથે ગૌરવ છે. અભિમાનમા લઘુતા સાથે હુંકાર છે. સ્વમાનથી સમાન ભાવે વર્તન થાય છે. અભિમાનમાં પતન છે.

બેની ભેદરેખા જાણવી અને જાળવવી અઘરું છે. અહીં વિવેકબુધ્ધિ હોય તો ક્યાં કેવું વર્તન કરવું તેની સૂઝ આપોઆપ આવે છે, નમ્રતા એ દીનતા નથી. સ્વમાની વ્યકિત સ્વસ્થ હોય છે, તેનું વર્તન સ્વાભાવિક હોય છે, અભિમાની અસ્વસ્થ હોય છે, તેના વર્તનમાં કૃત્રિમતા આવે છે.

અભિમાન, સામી વ્યક્તિમાં ઈર્ષા પ્રેરે છે, વિરોધ જગાવે છે સ્વમાન સામી વ્યકિતમાં આદર પેદા કરે છે, સહકાર પ્રેરે છે.

સ્વમાનમાં સહનશકિત છે, અભિમાનમાં અધીરતા છે. ગરીબાઈ કે પૈસાવાળા હોવું તેને સ્વમાન કે અભિમાન સાથે સીધો સંબંધ નથી. ગરીબ માણસ સ્વમાની હોય. પૈસાવાળા મોટા ભાગે અભિમાની હોય છે. સ્વમાનમાં સંતોષ છે, અભિમાનમા અસંતોષ છે. સ્વમાન આંતરજાગ્રતિથી પેદા થાય છે. અભિમાન અજ્ઞાનમૂલક છે. સ્વમાન શાન્તિ આપે છે, અભિમાન અશાંતિ પેદા કહે છે. સ્વમાની માણસ પોતાની ભૂલ થઈ હોય તો સમજી જાય છે, ગુસ્સે થતો નથી અભિમાની માણસ ભૂલ સ્વીકારતો નથી અને ગુસ્સો કરે છે ગાંધીજી સ્વમાનની મૂર્તિ હતા. સાથે નમ્રતાની મૂર્તિ હતા.

તા. ૧૨-૪-૮૦ **– ચીમનલાલ ચકુભાઈ**

ગીતામાં ત્રિવિધ આહારના વર્ણનનું ઔચિત્ય

ગીતાના સત્તરમા અધ્યાયના સાત, આઠ, નવ અને દસ-આ ચાર શ્લોકોમાં સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રિવિધ આહારનું વર્ણન છે. પ્રશ્ન થાય છે કે ગીતામાં આ ત્રિવિધ આહારના વર્ણનનું ઔચિત્ય શું? સાત્ત્વિક, રાજસ અને તામસ આહારની છણાવટનું પ્રયોજન શું? ગીતા કાંઈ આહારશાસ્ત્ર પરનો ગ્રંથ થોડો જ છે? ગીતા તો ધર્મગ્રન્થ છે. ધર્મ એટલે કર્મ. ગીતાનું લક્ષ્ય છે માનસિક રીતે ભાંગી પડેલા અર્જુનનું મનોબળ દૃઢ કરવાનું, તેને યુદ્ધકર્મમાં પ્રવૃત્ત કરવાનું કારણકે યુદ્ધ એ તો ક્ષત્રિયનો ધર્મ છે, એ જ ક્ષાત્રિય કર્મ છે. અર્જુનને માનસિક બળ આપી યુદ્ધકર્મમાં પ્રવૃત્ત કરવો એને અને ત્રિવિધ આહારના વર્ણનને કોઈ સંબંધ ખરો? ગીતાકારે ગીતાને 'યોગશાસ્ત્ર' કહી નવાજી છે તો એ યોગ અને આહાર એકબીજા સાથે સંબદ્ધ ખરા? માનવીના મનનો આહાર સાથેનો કોઈ સંબંધ ખરો? આ બધા પ્રશ્નોનો ઉત્તર છે - 'અવશ્ય'.

માનવજીવનમાં મન ઈચ્છા કરે છે, જ્ઞાન મેળવે છે, પરમેશ્વરની ભક્તિ કરે છે, પ્રેમ કરે છે કિંવા ઘૃણા કરે છે, ક્યારેક રાક્ષસી વૃત્તિને અનુસરે છે, ક્યારેક ભયથી થરથરે છે, વિચારમગ્ન બને છે, ચિકિત્સક કિંવા પ્રશંસક બને છે, ક્યારેક ભયંકર બની ઘોર કૃત્ય કરવા પ્રવૃત્ત બને છે. પરિસ્થિતિનું આકલન મન જ કરી શકે કિંવા ઉપાસના વેળા મન જ એકાગ્ર બની શકે.

શુકલ યજુર્વેદમાં મનવિષયી એક સૂક્ત છે કે જે મન મનુષ્યને જ્ઞાન, ચિંતનશક્તિ અને ધૈર્ય આપે છે, જે પ્રજાજનોમાં અમર જ્યોતિ સમાન પ્રકાશરૂપ છે અને જેના વિના મનુષ્ય કાંઈ જ કરી શકતો નથી તે મારું મન શિવસંકલ્પ કરનાર બનો. ઉપર્યુક્ત સૂક્તને આધારે મનુષ્યને 'મનુષ્ય' આ સંજ્ઞા 'મન' પરથી જ પ્રાપ્ત થઈ તેવું પંડિતવર્ય સાતવળેકરજીનું માનવું છે. માનવના સર્વ અંગ પર મનનું પ્રભુત્વ છે. માનવીનું મન જ માણસના બંધન અને મોક્ષનું કારણ છે.

ઋગ્વેદમાં મનવિષયક ક્યાંક ક્યાંક ત્રુટિત ઉલ્લેખ છે. તે વેદની એક ઋચામાં કહ્યું છે કે માનવ મન સુરક્ષિત હોય તો જ તેને જ્ઞાન, યોજકતા, કૌશલ્ય અને જીવનસત્ત્વ જેમાં છે તે પ્રાણનો ઉપભોગ કરતાં આવડશે. મન સુરક્ષિત હોય તો જ સંતતિ અને સંપત્તિનો લાભ લેતાં આવડશે.

પરંતુ માનવીના મનને સુરક્ષિત રાખવું, એને કાબૂમાં રાખવું અત્યંત કઠિન છે, દુષ્કર છે. યત્ન કરનાર, કાર્યાકાર્યવિવેકયુક્ત પુરુષના મનને પણ ઈન્દ્રિયો બળાત્કારે વિષયો ભણી ખેંચી જાય છે. (ગીતા ૨-૬૦)

યોગશાસ્ત્રની સમગ્ર પ્રવૃત્તિ ચિત્તવૃત્તિના નિરોધ માટે છે. ચિત્તની ચંચળ વૃત્તિઓ પર કાબૂ મેળવવો એ જ 'યોગ'ની વ્યાખ્યા છે. સર્વવૃત્તિના અભાવથી જેનું મન શાંત થયું છે. (પ્રશાન્ત મનસં) જેનો રજોગુણ - અર્થાત્ મોહ - માયા, મમતા, ક્રોધ, અહંકાર - નિવૃત્ત થયો છે (શાંતરજસં) તે યોગીને ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. (ગીતા ૬-૨૭)

પરમાનંદની પ્રાપ્તિ ઈચ્છતા યોગાભ્યાસી માટે ગીતાએ આહારાદિ નિયમોનું પ્રતિપાદન કર્યું છે. ગીતાના છઠ્ઠા અધ્યાયના સોળમાં શ્લોકમાં ગીતાકાર કહે છે, 'હે અર્જુન! અતિશય આહાર કરનારને તેમ જ કેવળ ભૂખ્યા રહેનારને, અતિશય ઊંઘનારને કે અતિશય જાગનારને યોગ સિદ્ધ થતો નથી. યોગ તેને જ સિદ્ધ થાય છે કે જે કર્મોમાં નિયમથી પ્રવૃત્ત હોય. નિયમથી આહાર-વિહાર કરનાર હોય અર્થાત્ મિતાહારી કિંવા યુક્તાહારી હોય.'

શાંડિલ્ય ઉપનિષદમાં મિતાહારની વ્યાખ્યા આપી છે. 'મિતાહારો નામ ચતુર્થાંશાવશેષક સુસ્નિગ્ધમધુરાહારઃ' એટલે કે પેટનો ચોથો ભાગ ખાલી રહે તે પ્રકારે ઘી, દૂધ, વગેરે મધુર પદાર્થોનો આહાર કરવો તેનું નામ મિતાહાર. પેટનો અડધો ભાગ અન્નથી, ચોથો ભાગ જળથી અને શેષ ચોથો ભાગ વાયુના ચલન માટે ખાલી રાખવો તેવું શાસ્ત્રવિધાન છે. તે જ રીતે આરુણિકોપનિષદમાં કહ્યું છે કે યોગીએ ઔષધની માફક આહારનું સેવન કરવું. 'ઔષધવદ્ગ્રહણમાચરેત' યોગીએ સ્વાદ માટે નહિ, સ્વારથ્ય ટકાવવા જ આહાર લેવો. ઉપવાસ કરીને દેહને દુર્બળ કે વ્યાધિયુક્ત ન કરવો તેવું શાસ્ત્ર પ્રમાણે છે. વરાહ ઉપનિષદ કહે છે - 'કાયાશોષણમાત્રેણ કા તત્ર હ્યવિવેકિનામ્ વલ્મીકતાડનાદેવ મૃતઃ કિં નુ મહોરગઃ?' અર્થાત્ જેમ રાફડા પર પ્રહાર કરવાથી તેની અંદર રહેલો સર્પ નાશ પામતો નથી તેમ આ સ્થૂલ દેહના શોષણ માત્રથી તેની અંદર રહેલો અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામતો નથી.

આથી કરીને યોગીએ પોતાની પ્રકૃતિનો વિચાર કરી અનુકૂળ અન્નનું ભક્ષણ કરવું. આયુષ્ય, સત્ત્વ, બળ, આરોગ્ય, સુખ, પ્રીતિવર્ધક, રસયુક્ત, ચીકાશવાળા સાત્ત્વિક આહારનું સેવન કરવું. અતિ કડવા, અતિ ખાટા, અતિ ખારા, અતિ તીખા, અતિ ઉષ્ણ હોવા રજોગુણી અને અર્ધપક્વ, રસવિહીન, ગંધાતા, રાત રહેલા, ઓઠા, અપવિત્ર, અપથ્ય એવા તામસ આહારનો ત્યાગ કરવો તેવો ગીતાનો પ્રતિપાદ્ય સિદ્ધાંત છે. (ગીતા ૧૭ ૮-૯-૧૦)

આહારસંબંધી આર્યોએ ઘણી જ સુંદર છણાવટ કરી છે. તેમણે આર્યઆહારને ધાર્મિક અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર સ્થિર કરેલો છે. આર્યોને શ્રદ્ધા હતી કે, 'આહારશુદ્ધૌ સત્વશુદ્ધિઃ સત્વશુદ્ધૌ ધ્રુવા સ્મૃતિઃ' અર્થાત્ આહારની શુદ્ધિથી સત્ત્વની (મનની) શુદ્ધિ થાય છે. મન શુદ્ધ થતાં સ્મૃતિ ને બુદ્ધિ નિશ્ચલ થાય છે. અશુદ્ધ આહારથી સત્ત્વ અને સ્મૃતિ અશુદ્ધ થાય છે. એટલે સુધી કે અન્નદોષથી આયુષ્ય પણ ઘટે છે. મનુસ્મૃતિમાં સ્પષ્ટ કહ્યું છે - 'આલસ્યાદન્ન દોષાચ્ચ મૃત્યુર્વિપ્રાંજિઘાંસતિ' - એટલે કે આલસ્ય અને અન્નદોષથી મનુષ્ય જલદી મૃત્યુ પામે છે.

આર્ય ભોજન ચાર કસોટીએ કસેલું હતું.

પહેલી કસોટી એ કે આહાર આયુષ્ય, કાન્તિ અને બુદ્ધિવર્ધક હોય. બીજી કસોટી એ કે અન્ન કોઈ પ્રાણીના જીવન અને ભોગોમાં વિઘ્ન પાડતું ન હોય. ત્રીજી કસોટી એ કે આહાર અનિન્દિત કર્મોથી ઉત્પન્ન થયેલો હોય અને ચોથી કસોટી એ કે તે મોક્ષપ્રાપ્તિમાં સહાયક હોય. આવા આહારને આર્યોની પરિભાષામાં સાત્ત્વિક આહાર કહે છે. આવો આહાર યોગાભ્યાસમાં સહાયક બને છે. આવા જ અન્નથી શરીરનું પોષણ થાય છે, માટે જ તો વેદાંતમાં શરીરને 'અન્નમય કોષ' ગણવામાં આવે છે.

છાન્દોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે 'અન્નમયં હિ સૌમ્ય મનઃ' એનું સ્પષ્ટીકરણ એવું કે મન અન્નમય હોઈને અન્નથી જ ઉત્પન્ન થયું છે. મનુષ્ય જે અન્ન ખાય તેનું ત્રણ પ્રકારે રૂપાંતર થાય છે. ઘટ્ટ ભાગનો વિષ્ઠા બને, મધ્યમ ઘટ્ટ ભાગનું માંસ બને અને સૂક્ષ્મ ભાગમાંથી મન બને. છાશ વલોવતાં માખણ ઉપર આવે તે પ્રમાણે ખાધેલા અન્નના મંથનમાંથી સૂક્ષ્મ અંશ ઉપર આવે છે, તે જ મન છે. મનોધર્મ, મનોબળ વિશિષ્ટ કિંવા સાત્ત્વિક અન્નના સેવનથી ઉત્પન્ન થાય છે. આવું સ્વીકાર્યા પછી ચિત્તશુદ્ધિ અને મનોબળવૃદ્ધિ માટે સાત્ત્વિક આહારનું જ સેવન શાસ્ત્રવિહિત છે, શાસ્ત્રપ્રમાણિત છે.

પાશ્ચાત્ય વિદ્વાન CICERO એ પણ કહ્યું છે. "Thou shouldst eat to live, not live to eat." લબ્ધપ્રતિષ્ઠિત આહારશાસ્ત્રજ્ઞ ડૉ. વસંત જાઈએ ઉપલા કથનનું આધુનિકીકરણ કરીને એક ઠેકાણે લખ્યું છે–

"Thou shouldst eat to live, *and live well,* but not live to eat. વધુમાં, Be awake of what and how much you eat, but do not develop a diet neurosis, (as in west). Fancy is bad enough, Fads are even worse."

શતપથ બ્રાહ્મણમાં પણ એક વિધાન છે. 'યદાત્મસંમિતમન્નં તધ્વતિ નહિનસ્તિ યદ્‌ભૂયો હિનસ્તિ તદાત્મનીયો ન તદવતિ' અર્થાત્ જે અન્ન પોતાને પૂરતું હોય છે તે રક્ષણ કરે છે, મારતું નથી.

મનપસંદ વાનગીઓ જરૂર કરતાં અધિક પ્રમાણમાં ખાવામાં આવે તો તે (overeating) વ્યક્તિને મારે છે અને અત્યંત અલ્પ આહાર શરીરનું રક્ષણ કરવા સમર્થ નથી. આ શ્રુતિવાક્યનું તાત્પર્ય એ કે ઉદરની પૂર્તિ થાય એટલું જ અન્ન ખાવામાં આવે તો તે અન્ન ખાનારનું રક્ષણ કરે છે, ધર્મનું નિર્વાહક બને છે તથા ઉદરમાં ધાતુનું વૈષમ્ય ઉત્પાદન કરી પુરુષનો નાશ કરાતું નથી, શૂલાદિ પીડા કરતું નથી. કિંતુ સ્વાદને ખાતર અતિશય અન્ન ખાવામાં આવે તો તે ઉપર મનુસ્મૃતિમાં કહ્યું

છે તેમ આયુષ્ય ઘટાડે, પુરુષનો નાશ કરે અને પ્રમાદ થવાથી ધર્મનો પણ નાશ કરે. ધર્મ એટલે કર્મ, અતિશય ખાવાથી પ્રમાદ કિંવા આળસ ઉત્પન્ન થાય. આ આળસ ધર્મ-કર્મ પ્રવૃત્તિમાં અવરોધક બને, માટે કર્મયોગની સિદ્ધિ અને મનની સુદૃઢતાની પ્રાપ્તિ માટે યુકતાહાર જ યોગ્ય છે. માનવીના મન અને આહારનો યોગ અને આહારનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. તેથી જ ભગવદ્‌ગીતાનો પ્રતિપાદ્ય સિદ્ધાંત છે :

'યુકતાહારવિહારસ્ય યુકતચેષ્ટસ્ય કર્મસુ,
યુકત સ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુ:ખહા."

હેમાંગિની જાઇ

પલ્લવીનાં પક્ષી

સ્મરણો સાદાં હોય છે. સ્મરણો નિર્મળ હોય છે. સ્મરણો પ્રસન્ન હોય છે. સ્મરણો હૃદયંગમ હોય છે અને સ્મરણો હળવાં હોય છે. સ્મરણો રડકણાં પણ હોય છે. સ્મરણો પ્રાચીન હોય છે, અર્વાચીન હોય છે. સ્મરણો જન્મનાં હોય છે. સ્મરણો ગત જન્મનાં હોય છે. સ્મરણો પુનર્જન્મનાં હોય છે. કરોડો ક્ષણોની કદી પણ ન પૂરી થતી સાંકળ એટલે સ્મરણો. આટલી લાંબીલચ સાંકળનું શું કામ? સાંકળનો ઉપયોગ અલંકરણ માટે કરવાનો હોય તો પછી નાની નાની સાંકળીઓ જોઈએ ! દેહને બસ થાય એવડી; ગળાને કોરે તેવડી! એટલું કે સાંકળી નાની જોઈએ. તેમાં કડીઓ કોઈ પણ ચાલે, જૂની નવી જન્મ–જન્માંતરની ચંદ્રચંદ્રાંતરની સ્પર્શ – સ્પર્શાંતરની', સૂર્યોદયની અને ચંદ્રાસ્તની...

કાલે પંચશીલ ટોકીઝ સામે ગયો. ગયો ખરો, પણ કંઈક ભૂલ કરી હોય એવું લાગ્યું. એકદમ પાછો આવ્યો. એક ખૂબ ઉજ્જડ વર્તુળ મારા પંચપ્રાણ પર ચાલતું આવ્યું. ત્યાંનું પ્રચંડ વૃક્ષ, રાહદારીને અડચણરૂપ થાય છે એ કારણે પાડી નાખવામાં આવ્યું હતું. દરેક મહિને કાંઈ નહીં તો એક સાંજ એવી આવતી કે સૂર્યનાં આથમતાં, શાલીન કિરણ સંચિતની ભોળી હાકથી મને એ વૃક્ષ પાસે બોલાવી જતાં. હું વૃક્ષ પાસે જઈ પહોંચું કે, શહેરનો તે ટુકડો દીવાનું રંગીન પાણી છાંટીને મૃદુ અને સુગંધિત થયો હોય, વૃક્ષ પાસે ઊભા રહેતાં જ, પક્ષીના બધા ભાસ નકારીને બધા આભાસ ઓળંગીને ફૂટતા હજારો અવાજ મને ઘેરી લેતા. તે એકરંગી અવાજ પર ઊભેલું આકાશ એક વાર પશ્ચિમ તરફ ને એક વાર પૂર્વ તરફ નમ્યા જેવું થતું... વૃક્ષ પર ઓછામાં ઓછાં સોથી દોઢસો પક્ષીઓનાં કટુંબ તો હશે. જ્યારે એક નિર્વિદના લયમાં એમના અવાજ ફૂટતા હોય ત્યારે પક્ષીઓના રડવા ને હસવા વચ્ચેની પૃથ-ગાત્મનાની વૈભવશાળી રેખા ખડી સાકરના બેટની જેમ ઓગળી જતી. પક્ષીનું રડવું ને હસવું એક વાર પરસ્પરમાં ભળી જાય કે મારી આંખોને એક અજાણ્યા પ્રદેશની સરહદો મળતી! હું મારી સ્મરણશાળાના બધા ઓરડા ઊંધા કરતો ત્યારે ક્યાંક પલ્લવીરાણીનો એ પછી તરત પિતા એકદમ અદશ્ય થયા. ક્યાં ગયા તે ખબર નથી. તે વૃક્ષ પરનાં પક્ષી ક્યાં ગયાં હશે? એક વિસ્તીર્ણ, મોકળાશ-વાળી જગામાં તેમની બંગલી હતી. તે નાનકડી બંગલીનો ઘેરાવ હતો પ્રચંડ વૃક્ષોનો! સૂર્યની અસ્તયાત્રાના ઘોડા થાકીને પાણી પર જાય એટલે પલ્લવી દરેક વૃક્ષની પાસે જઈને ઊભી રહેતી. પક્ષીઓના અવાજનો એક એક સંઘ ભેગો કરીને પાછી પોતાના ઓરડામાં આવતી. તે વીજળીના દિવસો હતા. પણ પલ્લવીએ રાતના અંધકારને મીણબત્તીની મંદ જ્યોતિ સિવાય બીજું કાંઈ જ દેખાડ્યું નહીં. મીણબત્તીના પ્રકાશમાં જ્યાં સુધી કીકીઓ પર પોપચાંની મરુભૂમિય ભીનાશ નમે નહીં ત્યાં સુધી પલ્લવી આરસા સામે ઊભી રહીને પોતાને જ સ્મરણોનું નિવેદન કરતી! પોપચાંનો મુદ્દો મારો નથી, તે પલ્લવીની શોધ છે. તેના મતે, ખ્રિસ્તની કીકી પરનાં પોપચાં એટલે મરુભૂમિય ભીનાશ હતી! બીજી મહત્ત્વની વાત એ કે, પલ્લવીના શબ્દોના અર્થ વિવક્ષિત હોય. તેના સંદર્ભ તેના જ હોય. તે કહેતી કે, વૃક્ષોને પાંખમાં ભેગાં કરીને થતો પક્ષીઓનો શોરબકોર જ્યોતિને મુકત કરીને પાતાળમાં સરકતા મીણબત્તી'ના અવશેષ અને ફરી ફરીને મગજની રસનામાં ઓગળી જતો આભાસમોગરો એટલે સ્મરણો! હજી પણ પલ્લવીના આત્મબોધનો એક પણ કાંઠો મને હાથ લાગ્યો નથી. ખૂબ પ્રયત્નોપૂર્વક, ઘણા દિવસ વાટ જોઈને પલ્લવી સાથે બોલવાનું બળ મેં ભેગું કર્યું ત્યારે પલ્લવીના નિર્વાણનું ફળ પૂરેપૂરું પાકી ગયું હતું! જવા અને આવવા વચ્ચેની વાટ પલ્લ-વીને મધ્યંતર લાગતી નહોતી. આવવું અને વચલી વાટ તેના મધુર નિર્વાણની તંદ્રા હતી! પક્ષીઓના અવાજ, મીણબત્તીનું ઓગળતું મીણ અને મગજની રસનામાં હંમેશાં સરકતો સ્મરણોનો આભાસ-મોગરો મેં ઘણાં અંગોથી ભોગવી જોયો; પલ્લવીની, ભૂતાળવીને નામે પ્રસિદ્ધ થયેલી, સાંજના ગૂઢ, વ્યાકુળ પડછાયાઓમાં આત્મ-મગ્ન થયેલી નિર્જન બંગલી મેં અનેકવાર હિમ્મત કરીને જઈને જોઈ... ટેબલ પર ઊભેલી મીણની ટેકરીઓ, ધૂળથી છવાયેલાં સ્મર-ણોના બિંબભારથી વૃદ્ધ થયેલા આરસા, હળવેથી આવતા પવનનું બિંબ પરની ધૂળમાં એક વિલક્ષણ લિપિ આલેખી જવું! ભીતિથી ફફડી ઊઠેલું મારું હૃદય બંને હાથમાં જેમ તેમ પકડીને આંગણાનાં વૃક્ષોના અરણ્યમાં હું આવતો કે તરત જ પક્ષીઓના કરોડો અવાજ મને ઘેરી વળતા...

પલ્લવીનું સ્મરણ હમણાંનું છે કે પહેલાંનું એ હું કેવી રીતે કહું? એટલે એમ કે તે પણ હું કહી શકતો નથી. ક્યારેક ક્યારેક લાગે છે, આ બધી મારા મનની રમત હશે, કલ્પનાથી વણેલું દુ:ખનું સંધ્યા-વસ્ત્ર હશે... પણ એય બરોબર નથી. આ શહેરમાં ઝાડનો કાંઈ તોટો છે? પછી અહીંનાં જ ઝાડ મને પલ્લવીરાણીના પક્ષીકાળ પાસે કેમ લઈ આવે છે? ખૂબ દુ:ખી મનથી ઘરે પાછો આવ્યો. આખી રાત નાના બાળકની જેમ ધોધમાર રડ્યો; અને ક્યારે થાકીને ઊંઘી ગયો તેની ખબર જ ન પડી. કદાચ મારી આંખ પર પણ પોપચાંની મરુભૂમિય ભીનાશ...

મારો દેહ સાગના ઝાડની જેમ એક સીધી રેખામાં કોઈકે ઊભો કર્યો હતો. કેસૂડાંની જ્વાલાગ્રાહી જ્યોતથી મારા પગની આંગળીઓ સળગી ઊઠી હતી. ઉત્તરાર્ધના પ્રહર અટકાવીને, ઘેનથી કરમાયેલા આભાસમોગરાની અંજલિભર પાંખડીઓ મારા વાળની વિગ ઉખે-ડીને કોઈ કે મારા મગજમાં બંધ કરીને મૂકયા. કેસૂડાંની જ્વાલાથી મારા અસ્થિની જ્યોત સળગવા માંડી... ધીમે ધીમે ચામડીના મીણની ટેકરીઓ આકાશભર ફેલાઈ; પર્ણહીન વૃક્ષો પર વિસામો લેતાં પલ્લવીરાણીનાં પક્ષીની સાંજ હાથીના બળથી વાગવા લાગી.

મૂળ લેખક : ગ્રેસ **અનુ : જયા મહેતા**

મુશ્કેલીઓનો સામનો

માણસ જાણે છે કે કયું કામ કરવું જોઈએ અને કયું નહિ. બીજા ઉપર ઉપકારક અને સહિષ્ણુતા ભરેલું વર્તન, એ દરેક માણસનું કર્તવ્ય છે; જ્યારે માણસ બૂરું કામ કરે છે, બીજાનાં સત્કર્મોમાં વિઘ્નો નાખે છે ત્યારે એ માણસાઈને ખોઈ બેસે છે, ત્યારે આમાં અને વસ્તુમાં કાંઈ ભેદ રહેતો નથી. એવા માણસો ઉપર ક્રોધ કરવો નકામો છે. એ તો બિચારા નિર્જીવ જેવા જ કર્યા ને!

મારા કામમાં જો કાંઈ અડચણો દેખાશે તો હું નિરાશ નહીં થાઉં, પણ બીજી રીતે કામ કરવાનું શરૂ કરીશ, અડચણોનો સામનો કર્યા વિના કોઈ પણ કામ સફળ ન થઈ શકે. વિઘ્નોને હડસેલીને પ્રગતિપંથ પર આગળ વધવાની શકિત આત્માને મળેલી છે.

* * *

દૈવી શકિતનો મહિમા જ એવો છે કે એ જગતની દરેક વસ્તુથી પોતાનું કામ કાઢી લે છે. એમાં બધી વસ્તુઓનો સમા-વેશ છે. તમારામાં શી વિશેષતા છે? રો પરમાત્માનો અંશ તમારામાં પણ છે, જેને લીધે તમે તમારું આ ભૌતિક જીવન આગળ ધપાવી રહ્યા છો.

અજંપો

આજે મનુષ્યને, હરેક ક્ષેત્રમાં કામ કરતાં મોટા ભાગનાં માનવને, વિવિધ રીતે અજંપો થાય છે. ઘરમાં હોય કે બહાર, આ કામ કરતું હોય કે પેલું કામ, ક્યાંય શાંતિ લાગતી નથી, ક્યાંય સંતોષ કે સુખનો અનુભવ થતો નથી. મોટા મોટા વિદ્વાન, વૈજ્ઞાનિક, સામાજિક કાર્યકર હોય કે રાજકર્તા, શિક્ષક હોય કે વિદ્યાર્થી, ક્લાર્ક હોય કે ઓફિસર; કોઈને અંદરથી પરમ આનંદનો અનુભવ થતો નથી. દરેકને એમ થાય છે કે કંઈક બદલાવું જોઈએ, કંઈક નવસર્જન થવું જોઈએ, જાણે જગતમાંથી પ્રેમ ઓસરતો જાય છે, માનવીને માનવી માટે આદર કે માન રહ્યું નથી.

આ પરિસ્થિતિ ફક્ત ભારતમાં જ નહીં, સારાય જગતમાં છે. કુટુંબ હોય કે સંસ્થા, પોતાની પાસે ઓછું હોય કે વધુ, ક્યાંય નિરાંતનો શ્વાસ ધબકતો જોવા મળતો નથી. જાણે આખુંય જગત દોડતું લાગે છે. ક્યાં? શા માટે? કેમ? તે એમાં વસતાં માનવને પણ ખબર નથી. કોઈને ઉભા રાખીને પૂછો કે આમ કેમ? તો જવાબ પણ ઉપરચોટિયો કે આધૂરો જ મળશે. મોટા ભાગના તો એનો જવાબ પણ આપી શકતાં નથી. કારણ? કારણકે એ પોતે જ જાણતાં નથી કે પોતે કેમ આટલા દોડે છે, એને કોણ આટલું જોરમાં ધુમાવે છે કે પછી સમજ્યા, જાણ્યા વગર દોડવાની હરિફાઈની જાણે આપણને ટેવ જ પડી ગઈ છે. ક્યાંક કંઈ પણ થયું; ક્યાંક કંઈ પણ જોયું, ક્યાંક કાંઈ પણ સાંભળ્યું કે દોડવા જ માંડયું; કોઈકને કાંઈક કહેવા કે સમાચાર આપવા અને કેમ જાણે એમાં જ જીવનનું સર્વ રહસ્ય આવી ગયું ન હોય તેમ એમાંથી જ જીવનની પરિપૂર્ણતા મેળવી લે છે.

પરંતુ આમ જીવન જીવતાં જીવતાં જો કદાચ આપણાં વિચારો, આપણી પરિસ્થિતિ, આપણાં સંજોગો કે આપણી જીવન જીવવાની રીતથી, પદ્ધતિથી કાંઈપણ વિપરીત થવા કે બનવા લાગ્યું કે તરત જ મનમાં અને હૃદયમાં એક જાતની બળતરા થવા લાગે છે – અંજપો શરૂ થઈ જાય છે. આ અંજપાને કારણે વિષાદ જન્મે છે અને વિષાદને કારણે મનન, ચિંતન.

ખૂબ જ સારી વાત છે. અજંપો, વિષાદ જો મનુષ્યને – મનના બનેલ માનવને – મનન, ચિંતન તરફ વાળે તો તો એમાંથી અદ્‌ભુત પરિણામ નિપજે, એ આપણને આધ્યાત્મિકતા તરફ લઈ જાય. સંસારનો ત્યાગ કરાવતી કે સંસારના પ્રશ્નોથી વિમુખ કરાવતી નહીં પરંતુ સંસારને, જગતને પ્રભુના દિવ્ય પ્રેમથી પરિપ્લાવિત કરતી, તેમ જ દરેક મનુષ્યમાં પ્રભુનાં દિવ્ય ગુણોને પ્રગટાવતી એવી આધ્યાત્મિકતા. આ માર્ગે જનાર વ્યક્તિ પોતે ઉર્ધ્વગામી બની, એ માર્ગે જવા ઈચ્છતી બીજી વ્યક્તિઓને પણ ઉર્ધ્વગામી બનવામાં સહાય કરી શકે છે, બનાવી શકે છે; પરંતુ જો મનુષ્યના મનમાં ઉઠતો અજંપો કે વિષાદ એને બીજી વ્યક્તિઓ પ્રત્યે ઘૃણા, તિરસ્કાર, ઈર્ષા, હિંસા કે આત્મહત્યા તરફ વાળે છે ત્યારે પરિણામો ભયાનક આવે છે.

જૈન દર્શનમાં આ કારણે જ મિથ્યા દર્શન, જ્ઞાન, ચારિત્ર ને દુઃખ, ભય અને નાશ કરાવનાર અને સમ્યક તેમ જ કેવળ દર્શન, જ્ઞાન, ચારિત્રને સુખ, અભય અને અમરત્વનો આનંદ આપનાર તરીકે દર્શાવેલ છે. સાચી દ્રષ્ટિએ જોઈએ તો સમ્યક તેમ જ કેવળ દર્શન મનુષ્યને સંસારથી વિમુખ કરનાર નહીં પરંતુ તેને અને સંસારને ઉર્ધ્વગામી બનાવનાર છે. જ્યાં સુધી આપણે મનમાંથી બહાર નીકળીશું નહીં, મનથી પર થવા પ્રયત્ન કરીશું નહીં ત્યાં સુધી આ અજંપો આપણને કોઈ કાળે પણ છોડશે જ નહીં એમ બરાબર સમજી લેવું જોઈએ. એનો ઉપાય, એનો રસ્તો, એની ચાવી હરેક ધર્મમાં, અનેક સંતોએ તથા ધર્મ ગુરુઓએ, તેમ જ યોગીઓએ બતાવેલ જ છે. આપણે દરેકે પોતાની પ્રકૃતિ પ્રમાણે જે માર્ગ અનુકૂળ આવે તે માર્ગે ચાલુ ક્રિયાકાંડ કરતાં કરતાં તેમાંથી ઉપર ઊઠી આપણે જે પરમ તત્ત્વનાં દિવ્ય તત્ત્વનાં બનેલા છીએ તેને શોધી લેવું જ જોઈએ, એટલું જ નહીં પરંતુ એની પરમ શક્તિ જ આપણા સર્વેના અંગોને હલાવી ચલાવી રહી છે અને એ શક્તિ જ દિવ્ય, મંગળમય છે એવી શ્રદ્ધા સાથે જીવતાં થવું જોઈએ.

આપણું મનુષ્યનું મન આ પરમ ચેતનાને, દિવ્ય ચેતનાને ઓળખતું થાય, તેનાથી ભરાય, તેમાં તરબોળ થાય તો જ આપણી અંદર શાશ્વત વસતા પરમ આનંદ વડે, હંમેશાં જ, એ આ જગતમાં, તેમ જ આપણી અંદર શાશ્વત સુખમાં, અબાધિત સુખમાં રહી શકે.

અજંપાનો તેમ જ વિષાદનો આધાર માનવના સંસ્કાર, પરિસ્થિતિ, સંજોગો અને મુખ્ય તો સંવેદનશીલતા પર છે. કોઈ મનુષ્યને બાળપણમાં જ આવો અનુભવ થાય છે, કોઈને યુવાન વયે કે કોઈને મોટી ઉમ્મરે. આ સંવેદનશીલતાને કારણે જ મનુષ્ય બીજા પ્રાણીઓ કરતાં જુદો પડે છે. એ ફક્ત સંવેદના જ નથી અનુભવતો પરંતુ તેમાંથી મંથન કરી, રસ્તો કાઢી, મનન–ચિંતન દ્વારા એ પોતે જે છે તેનાથી જુદો, બીજો, બની શકવાની સર્જનશક્તિ ધરાવે છે અને એટલા માટે જ પૃથ્વી પર ઉત્ક્રાન્તિમાં સૌ અગત્યનો ભાગ ભજવી શકે છે. પરંતુ, પક્ષીમાં આ શક્તિ નથી. એનો પોતે જ છે એનાથી પર થઈ બીજું કાંઈ બનવાની મનુષ્ય જેટલી શક્તિ ધરાવતાં નથી, અને જો કદાચ થોડી ધરાવતાં હોય તો પણ તેઓ બહુ જ ધીમી ગતિએ આગળ વધી શકતાં હોય છે. જ્યારે મનુષ્ય જો ધારે તો એક જ જન્મમાં કે થોડાં જ જન્મોમાં પોતાના પુરુષાર્થ તેમ જ પ્રભુની શક્તિ એમ બન્નેનો સમન્વય કરી, ઝડપથી આગળ વધી શકે છે. હા, આમ કરવા માટે, એણે પોતાના કાર્યમાં કે પ્રવૃત્તિમાં થોડો જરૂરી ફેરફાર કરી લેવો પડે છે.

હકીકતમાં આપણી દોટ આજ હોવી જોઈએ; પરંતુ આપણે જાણતા નથી એટલે સંસારમાં, સમાજમાં, વ્યવહારમાં, જાણ્યે–અજાણ્યે આપણે દોડયે જઈએ છીએ. વાસ્તવમાં તો દિવ્ય પ્રકૃતિ, દિવ્ય પુરુષનાં મિલન અર્થે સારાય જગતને, તેમાં વસતાં સર્વેને ઘુમાવી રહી છે, દોડાવી રહી છે. આ વાત જો આપણને બરાબર સમજાઈ જાય કે દરેક માનવ જ્યાં સુધી આ દિવ્ય મિલનમાં સભાન રીતે ભાગ નહીં લે ત્યાં સુધી એને આમ ઘૂમવું જ પડશે, તો, એ તરત જ સજાગ થઈ જાય. એને એના જીવનનો સાચો ઉદ્દેશ, સાચું ધ્યેય, સાચો માર્ગ મળી જાય. એને એનાં જીવનનું સાચુ કાર્ય, ઉત્તમ ઉદ્દેશ અને દિવ્ય ધ્યેય સમજાઈ જાય. પછી એને એનું પોતાનું જીવન અને બીજાઓનું જીવન જાણે, આપણે એ જ ધ્યેય પ્રત્યે ગતિ કરતું લાગશે. ફક્ત દરેકની પ્રકૃતિ પ્રમાણે એની જીવન જીવવાની રીતો તેમ જ પ્રવૃત્તિ અલગ અલગ હશે.

અને આમ અંતમાં આ પણ મોક્ષ જ છે. પોતાના મનના દ્વંદ્વોની પકડમાંથી, ચુંગાલમાંથી, નીચલી પ્રકૃતિમાંથી છુટવું અને દિવ્ય પ્રકૃતિમાં પ્રભુના પ્રકાશમાં, ગુણોમાં સ્થાપિત થઈ જવું, તેમના રંગે જ રંગાવું તેમ જ સત્, ચિત્, અને આનંદની ચેતનાથી જ સભર ભરાઈ સંસારમાં કાર્ય કરવું.

આશા રાખીએ કે જગતના સર્વેને, જીવનનો આ મર્મ, જલદીથી સમજાઈ જાય અને જેથી અજંપો, વિષાદ, અશાંતિ એવા શબ્દો આપણા તેમ જ સર્વેના વ્યક્તિત્વમાંથી સરી પડે. જીવ, શીવ બને અને આ પૃથ્વી સ્વર્ગમય, દિવ્ય આનંદમય બની રહે.

– દામિની જરીવાલા

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ્ મીપલ પ્રેસ, પ્લોટ. મુંબઈ ૪૦૦ ૦૦૫

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૩ : અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ મે, ૧૯૮૦ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫ પૈ.

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

વિધાનસભાઓની ચૂંટણી

નવ રાજ્યોની વિધાનસભાઓનું વિસર્જન કર્યું, ત્યારે, ટૂંક સમયમાં ચૂંટણી કરવી એવી જાહેરાત થઈ હતી. ચૂંટણી પંચે જણાવ્યું કે જૂન મહિના પહેલા ચૂંટણી થઈ શકે તેમ નથી, એટલે એમ લાગતું હતું કે ચૂંટણી વિલંબમાં પડશે. ચૂંટણીનું ગણિત જુદા પ્રકારનું છે. સંજોગો અનુકૂળ છે કે પ્રતિકૂળ, સમય જતાં વધારે અનુકૂળ થશે કે પ્રતિકૂળ, એવી બધી ગણતરી હોય છે. વર્તમાન સંજોગો ઈન્દિરા ગાંધી માટે બહુ અનુકૂળ છે એમ ન કહેવાય. ચાર મહિનામાં લોકોની અપેક્ષાઓ અલ્પાંશે પણ પૂરી થવાને બદલે, નિરાશા વધી છે. છતાં વિલંબ થતાં, પ્રતિકૂળતા વધવાની છે એમ માની, આ મહિનાની આખરે ચૂંટણી કરવાનો છેવટનો નિર્ણય લેવાયો હોય તેમ લાગે છે.

ચૂંટણીનું ચિત્ર કેવું છે? કોંગ્રેસ (આઈ) બધા રાજ્યોમાં વિજયી થશે અથવા બહુમતિમાં આવશે એવી સામાન્ય છાપ છે. આ માન્યતાને કારણે, કોંગ્રેસ (આઈ.)ની ટિકિટ મેળવવા ઉમેદવારોનો રાફડો ફાટ્યો અને મોટો ધસારો થયો. દરેક રાજ્યમાં, કોંગ્રેસ (આઈ) માં વિખવાદ, ફાટફૂટ અને સત્તાની ખેંચાતાણી રહી છે. તક-સાધુઓ અને નવા માણસો મોટા પ્રમાણમાં ઘૂસ્યા છે. રાજ્ય કક્ષાએ આવી પરિસ્થિતિ હોવા છતાં કોંગ્રેસ (આઈ)ની મધ્યવર્તી નેતાગીરીનું પૂરું વર્ચસ્વ છે એટલે, ગમે તેટલો ધૂંધવાટ હોવા છતાં, અંતિમ નિર્ણય દિલ્હીમાં થાય તે સ્વીકારવો પડે એવી સ્થિતિ છે. કેટલીક વ્યક્તિઓએ બળવો કર્યો છે તેમને દબાવી દેવામાં આવશે અથવા તેઓ નિષ્ફળ જશે. ઉમેદવારોની પસંદગીમાં કોંગ્રેસ (આઈ)માં સંજય ગાંધીનો અવાજ અસરકારક રહ્યો છે. તેમની યુવા કોંગ્રેસનાં ઉમેદવારો મોટા પ્રમાણમાં પસંદ થયા છે. લોકસભા પેઠે, દરેક રાજ્યમાં સંજય ગાંધીનું જૂથ સારી એવી સત્તા હાંસલ કરશે એમ લાગે છે. કોંગ્રેસ (આઈ)ને પણ વ્યવસ્થાતંત્ર નથી. પણ ઈન્દિરા ગાંધીના નામ ઉપર, અને અસરકારક વિરોધના અભાવે, વિજયી થવાની આશા રાખે છે. પૈસાનું જોર કોંગ્રેસ (આઈ) ને સૌથી વધારે છે. સરકારી તંત્રની તેમને સાનુકૂળતા રહેશે. વિજયનો વિશ્વાસ છે તેથી જુના આગેવાનોની છડેચોક અવગણના કરી શક્યા છે. ઉત્તર પ્રદેશમાં કમલાપતિ ત્રિપાઠી કે બહુગુણા, મહારાષ્ટ્રમાં વસંતદાદા પાટિલ કે મોહિતે, રાજસ્થાનમાં મોહનલાલ સુખડિયા, મધ્ય પ્રદેશમાં શુકલ ભાઈઓ, તથા પી. સી. શેઠી, ગુજરાતમાં રતુભાઈ અદાણી, આ બધા આગેવાનોને તેમનું યોગ્ય સ્થાન બતાવી દીધું છે. બહુગુણાને તો છેવટ કોંગ્રેસ (આઈ). છોડવી પડશે. પંજાબમાં સરદાર સિંહના પણ એ જ હાલ થયા છે. નવા માણસો, યુવકો, સંજય ગાંધીના ટેકેદારો, વગેરેની મોટા પ્રમાણમાં પસંદગી થઈ છે. સંજય ગાંધીને કોંગ્રેસ (આઈ)ના પ્રમુખ બનાવવા અથવા ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી બનાવવા એવી માંગણી થાય છે અથવા કરાવાય છે.

કોંગ્રેસ (આઈ)ની આ સ્થિતિ છે. તો વિરોધ પક્ષો છિન્ન ભિન્ન, હાલં-બેહાલ છે. કોંગ્રેસ (આઈ) સામે સંયુક્ત રીતે લડવા મોરચો રચવા પ્રયત્નો થયા પણ નિષ્ફળ ગયા. વિરોધ પક્ષોના આગેવાનોના પરસ્પરના વેરઝેર, સત્તાલાલસા, અણવિશ્વાસ, તેમને એક બીજાની નજીક આવવા દે તેમ નથી. આનો લાભ કોંગ્રેસ (આઈ)ને મળશે. ત્રિપક્ષી કે ચતુપક્ષી ચૂંટણી હશે ત્યાં કોંગ્રેસ (આઈ)ને લાભ થશે. જનતા પક્ષ, ભારતીય જનતા પક્ષ, અસ્સ કોંગ્રેસ, લોકદળ, સામ્યવાદી પક્ષો, અકાલી, દરેક પોતાનો ચોકો કરીને બેઠા છે અને પરસ્પરનો વિનાશ કરે છે. પ્રજાનો વિશ્વાસ બધા ગુમાવી બેઠા છે.

સમયનો અભાવ છે. સખત ગરમી છે દુષ્કાળ કેટલાક રાજ્યોમાં છે. લોકોમાં ઉત્સાહ નથી. મોંઘવારી વધતી જાય છે. કાયદો અને વ્યવસ્થા કથળતા જાય છે. કેટલાક રાજ્યોમાં પોલીસના જુલમો વધ્યા છે. પેટ્રોલ, ડીઝલની સખત તંગી અને મોંઘવારી છે. આ બધા સંજોગો, જોતાં, મતદાન ઓછું થવા સંભવ છે, જેનો લાભ કોંગ્રેસ (આઈ) ને મળશે.

છતાં, લોકમાનસ અકળ છે. આ ચાર મહિનામાં કોંગ્રેસ (આઈ) લોકોને લાભદાયી થાય એવા પગલાં લઈ શકી નથી. લોકમાનસમાં કાંઈ પલટો આવ્યો છે? લોકોની ખરી મૂંઝવણ એ છે કે મત આપવો કોને?

મારા ઉપર ધોરાજી તાલુકાના એક ગામડામાંથી એક નાનકડા ખેડૂતનો પત્ર આવ્યો છે જે લોકમાનસનું પ્રતિબિમ્બ પાડે છે. તે પત્ર આ અંકમાં પ્રકટ કરું છું. લોકો કેટલા સમજદાર છે તે આ પત્ર બતાવે છે. લેખકની ભાષામાં જ પત્ર પ્રકટ કરું છું, નામ ઠામ આપ્યાં છે પણ તે છાપ્યાં નથી.

ચૂંટણીના પરિણામની આગાહી કરવી શક્ય નથી. પણ એટલું કહી શકાય, કે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ (આઈ) ને જેવી બહુમતી મળી તેવી આ ચૂંટણીમાં મળવા સંભવ નથી. વિધાન સભાની ચૂંટણી સ્થાનિક પ્રશ્નો અને વાતાવરણ ઉપર વધારે આધાર રાખે છે. પક્ષ કરતાં વ્યક્તિગત ઉમેદવારની લાયકાત અથવા લાગવગ વધારે કામ લાગશે. આ ચાર મહિનાના ગાળામાં કોંગ્રેસ (આઈ)એ વિશ્વાસ કે એખલાસનું વાતાવરણ પેદા કર્યું નથી. ભૂતકાળને ભૂલી જઈ અને ઉદારતાથી કામ લેવાની ઈન્દિરા ગાંધીએ જાહેરાત કરી હતી તે પ્રમાણે બન્યું નથી. જૂના વેરઝેર તાજા કર્યા છે. જે અમલદારોએ જનતા શાસન દરમ્યાન પોતાની ફરજ બજાવી, ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીને નારાજ કર્યા છે તેમને વીણી વીણી દંડ્યા છે. જૂના સાથીઓને ફરી સત્તાસ્થાને મૂક્યા છે. દિલ્હીના લેફ્. ગવર્નર જગમોહન કે પોલીસ કમિશનર ભીંદર વેરવૃત્તિથી કામ કરે છે. જસ્ટીસ શાહને જે રીતે સંડોવવાનો પ્રયત્ન થયો તે તો હદ કરી છે. આ બધું ઈન્દિરા ગાંધીની જાણ બહાર થતું હશે એમ કહી શકાય નહિ, જો કે બધું જાણતા પણ ન હોય પણ જે લોકો આ બધું કરી રહ્યા છે તેઓ વ્યવસ્થિત રીતે કરે છે અને કેન્દ્રમાં જે બન્યું તે હવે રાજ્યોમાં પણ બનશે તેવી શંકા અસ્થાને નથી.

મતદાન માટે લોકોને શું માર્ગદર્શન આપવું? મોરારજીભાઈએ જાહેર કર્યું છે કે તેઓ ચૂંટણી પ્રચારમાં ભાગ નહિ લે. ભારતીય જનતા પક્ષ અથવા જનતા પક્ષ વચ્ચે પસંદગી કરવી તેમને માટે સહેલું નથી. આ ચૂંટણીમાં પક્ષ કરતાં ઉમેદવારને ધોરણે મતદાન થવાનો વધારે સંભવ છે અને તે યોગ્ય થશે. દરેક વિધાન સભામાં, વિરોધ પક્ષો સારા માણસો હોય તે જરૂરનું છે. વિરોધ પક્ષોમાં જે કોઈ ઉમેદવાર પ્રામાણિક હોય, સેવાભાવી હોય, લોકશાહીમાં શ્રદ્ધા રાખનાર હોય, નિર્ભયતાથી વર્તે તેવા હોય, એવા ઉમેદવારને મત આપવો યોગ્ય થશે. વિરોધ પક્ષો સાવ મરી ખૂટ્યા નથી. ઉત્તર પ્રદેશ અને કદાચ બિહા-

રમાં લોકદળ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં અને કદાચ ગુજરાતમાં, ભારતીય જનતા પક્ષ, મહારાષ્ટ્રમાં અર્સ કોંગ્રેસ, તામિલનાડુમાં રામચંદ્રનનો એડીએમકે પક્ષસાવ કંગાળ દેખાવ કરે એમ લાગતું નથી.

પરિણામ જે આવે તે. હકીકત એ છે, કે અત્યારે કોંગ્રેસ (આઈ) સિવાય કોઈ બીજો પક્ષ, સત્તા ભોગવી શકે તેમ નથી. આ હકીકતનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. જે લોકોને આવું પરિણામ અનિચ્છનીય લાગતું હોય તેમણે વિધાન સભા અને સત્તા ભૂલી જઈ, શાન્તિથી અને ધીરજથી લોકોની સેવામાં જોડાઈ જવું એ જ માર્ગ છે. લોકોની વચ્ચે બેસી તેમના સુખ-દુઃખના ભાગીદાર થવું, અન્યાય થતો હોય ત્યાં હિમત આપવી, ભ્રષ્ટાચાર ડામવો, સાચી પરિસ્થિતિથી લોકોને માહિતગાર રાખવા તે જ કામ છે. ગાંધીજીનો આ માર્ગ હતો. લડત નિષ્ફળ જાય કે પડી ભાંગે ત્યારે ૮-૧૦ વર્ષ ધીરજથી રચનાત્મક કામ કરી લોકોને તૈયાર કરતા. આવો સેવાભાવ હવે બહુ રહ્યો નથી. બધાને સત્તા જોઈએ છીએ. લોક સમિતિની અને સંપૂર્ણ ક્રાન્તિની વાતો, જે. પી.ને નામે થાય છે પણ તેને માટે ગામડામાં દટાઈ જવું પડે તેની તૈયારી ઓછી છે. ઈન્દિરા ગાંધી સામે, આર્થિક, રાજકીય, સામાજિક, ઘણાં વિકટ પ્રશ્નો પડયા છે તેનો અંશત: પણ ઉકેલ નહિ લાવે તો તે પણ લાંબો સમય ટકી નહિ શકે. ગામડાના નાના ખેડતે તેના પત્રમાં લખ્યું છે તેમ, છેવટ વહીવટ – પરિણામ – જોઈને લોકો મતદાન કરે છે. લોકો જાગ્રત છે. ઈન્દિરા ગાંધી, બીજું ગમે તે કરે, પણ લોકશાહી જીવતી રહેવા દેશે તો દેશનું ભાવિ અંધકારમય નથી. લોકશાહીનું દફન થશે તો કોઈ બચાવી શકે તેમ નથી. છેલ્લી બે ચૂંટણીઓએ બતાવ્યું છે કે આ દેશની પ્રજા હિમતથી નિર્ણય લઈ શકે છે. એ હિમત જીવતી રાખવી લોકસેવકોનું કામ છે.

૯-૫-'૮૦ – ચીમનલાલ ચકુભાઈ

કાર્ટર શું કરે?

સાડા પાંચ મહિનાથી અમેરિકન દૂતાલયના ૫૧ માણસોને ઈરાને બાન પકડી રાખ્યા છે અને તેમને અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસ ભોગવવો પડે છે. બહાનું એટલું જ હતું કે, શાહને અમેરિકાએ ઈરાનના હવાલે કરવો. હવે શાહ અમેરિકામાં છે નહિ. અને અમેરિકા ધારે તો પણ શાહને ઈરાનને શરણે મૂકી શકે તેમ નથી. ઈરાનનું આ પગલું આંતરરાષ્ટ્રીય નીતિ નિયમોથી વિરુદ્ધ છે અને ખોટું છે એમ દુનિયાનાં બધા દેશો નિરપવાદ કહે છે. છતાં દુનિયાના દેશોએ, ખાસ કરી યુરોપના દેશો તથા જાપાને ઢીલી નીતિ અખત્યાર કરી છે અને ઈરાન ઉપર દબાણ લાવવું જોઈએ તેથી દૂર રહ્યા છે. આ બધા દેશોએ કોઈ પણ પ્રકારના લશ્કરી પગલાં ન લેવા કાર્ટર ઉપર દબાણ કર્યું છે. કાર્ટરે ઘણી ધીરજ રાખી, એવી આશાએ કે ધીરજના ફળ મીઠા આવશે. કાર્ટરની ધીરજની પ્રશંસા થઈ. રશિયાએ અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કર્યું, પછી એમ લાગતું હતું કે, ઈરાન કંઈક નમતું મૂકશે અને અમેરિકા તરફનું વલણ બદલાવશે. અમેરિકાએ શાહને વર્ષો સુધી ટકાવ્યો અને શાહના જુલ્મોમાં આડકતરી રીતે નિમિત્ત બન્યું. પણ એનું તો દુનિયામાં થતું આવ્યું છે, તેનો બદલો આવા વેરથી ન લેવાય. ઈરાનમાં આંતરિક સંઘર્ષ છે. ઝનૂની મુલ્લાંઓ અને વિદ્યાર્થીઓ એક તરફ, તો બીજી તરફ ડાબેરી ક્રાન્તિકારી, લગભગ સામ્યવાદી જૂથો વચ્ચે મોટી અથડામણ છે. કાર્ટરને આશા હતી, કે અંતે વિનીત મતનો વિજય થશે અને ઈરાન સાચા રાહે આવશે. અમેરિકન પ્રજાનો રોષ વધતો ગયો. અમેરિકામાં પ્રમુખની ચૂંટણીનું આ વર્ષ છે. કાર્ટરને ફરી પ્રમુખ ચૂંટાવું છે. કાર્ટરની ધીરજ નિર્બળતામાં ખપાવા લાગી. તેના હરીફો રીગન અને કેનેડી. કાર્ટર ઉપર પ્રહાર કરતા રહ્યા. ઈરાન સામે આર્થિક નાકાબંધી કરી. દબાણ લાવવા કાર્ટરે યુરોપના દેશો અને જાપાનને જોરથી આગ્રહ કર્યો. યુરોપ અને જાપાન ઉપર અમેરિકાના ઘણા ઉપકાર છે અને અત્યારે પણ રશિયન આક્રમણ સામે અમેરિકાની મદદ વિના યુરોપ પોતાનું રક્ષણ કરી શકે તેમ નથી. પરંતુ તેલનો પુરવઠો મેળવવા અને વેપારના લોભે યુરોપના દેશો અને જાપાન, અમેરિકાને ટેકો આપતા નથી. 'દગોલના સમયથી ફ્રાન્સને અમેરિકાની ઈર્ષા રહી છે. છેવટ કાર્ટરે અલ્ટીમેટમ આપ્યું અને ૧૭મી મે પહેલા ઈરાન બાનને છોડે નહિ તો લશ્કરી પગલા લેવાની ધમકી આપી. યુરોપના મળીયારી બજારના નવ દેશોએ કચવાતે મને અને અનિચ્છાએ આર્થિક પગલાંને ટેકો આપવા સંમતિ જાહેર કરી. આર્થિક પગલાં બહુ અસરકારક થાય તેમ નથી એ હકીકત જાણીતી છે. રશિયા અને જાપાન ઈરાનને મદદ કરે તેમ છે. દક્ષિણ આફ્રિકા અને રહોડેશિયા સામે આર્થિક પગલાં નિષ્ફળ ગયા છે. યુરોપના દેશોએ ચોરીછૂપીથી વેપાર કર્યો છતાં તેની કાંઈક અસર થશે તેમ માની કાર્ટરે આર્થિક પગલાંનો આગ્રહ રાખ્યો. યુરોપના દેશોએ માની લીધું કે હવે કોઈ લશ્કરી પગલાં નહિ લેવાય. તેમાં અચાનક કાર્ટરે બાતને છોડાવવા હવાઈ હુમલાથી છાપો માર્યો અને દુર્ભાગ્યે નિષ્ફળ ગયો. વૈજ્ઞાનિક ટેકનોલોજીના શિખરે છે તેવા દેશના હેલીકોપ્ટરો આગીને સમયે તૂટી પડયા. હવે ખબર પડી કે, આ છાપો મારવા ચારપાંચ મહિનાથી તૈયારી ચાલતી હતી. ચૂનંદા માણસોને મૂકયા હતા અને પૂરી તાલીમ આપી હતી. કાર્ટરની પૂરી ફજેતી થઈ. કાર્ટરે બધી જવાબદારી પોતાના શીરે વ્હોરી લીધી. પણ જે કર્યું તે વ્યાજબી હતું અને ફરી જરૂર પડયે કરશું એમ જોરદાર બચાવ કર્યો. અમેરિકન પ્રજાએ એકંદરે કાર્ટરને સાથ આપ્યો છે. પ્રમુખ અને પ્રજા સમક્ષ કટોકટી હોય ત્યારે પ્રજા, પ્રમુખની પડખે ઊભી રહે તે સ્વાભાવિક છે, પણ નિષ્ફળતા માટે કાર્ટરની ભારે ટીકા તો થશે જ. દુનિયાનાં દેશોએ આ પગલાને વખોડયું. યુરોપના દેશોને લાગ્યું કે, કાર્ટરે દગો દીધો. કાર્ટરે કહ્યું, આ લશ્કરી પગલું નથી, પણ માનવતાનું પગલું છે. ઈરાન અને રશિયા નજીક આવ્યા. ઝનૂની મુલ્લાઓ અને વિદ્યાર્થીઓ વધારે વિફર્યા અને બાનોને જુદે જુદે સ્થળે ફેરવી નાખ્યા.

કાર્ટર ખૂબ મૂંઝવણમાં છે. કાર્ટર સજ્જન વ્યકિત છે. નૈતિક મૂલ્યોની તેને કીમત છે. આવી વ્યકિત નિર્દયતાથી અને લોખંડીપણે કામ કરી ન શકે. તેનામાં અસ્થિરતા લાગે, કારણકે જે પગલાં લે તે કોઈક અનિચ્છાએ લેવા પડે. અને તેથી પૂરા જોરથી લેવાય નહિ.

કાર્ટર શું કરે? The whole thing is utterly irrational. લશ્કરી પગલાં લેવા સહેલા નથી, તેમ કરવાં જતાં મોટું યુદ્ધ ફાટી નીકળે. ખોમેનીમાં ગાંડપણ અને ઝનૂન બન્ને છે. તે લાંબી ગણતરી કરે તેમ નથી. રશિયાને તક મળી છે. દુનિયાનો કોઈ દેશ યુદ્ધ ઈચ્છતો નથી. છતાં કાર્ટરે કાંઈક કર્યા વિના છૂટકો જ નથી. અમેરિકાની પ્રતિષ્ઠાનો સવાલ છે. કાર્ટરની પ્રતિષ્ઠાનો સવાલ છે. પચાસ માણસોના જાન જાય તે બહુ મોટી વાત નથી, પણ ઈરાન જેવો દેશ અમેરિકાને હાંસીપાત્ર બનાવે તે અસહ્ય છે. દુનિયાના બીજા દેશોએ ઈરાન પર દબાણ લાવવું જોઈએ, તે લાવતા નથી. આપણે પણ દેખીતી રીતે ઈરાનના પગલાંને અયોગ્ય કહ્યું છે. છતાં અમેરિકાની પૂરી ટીકા કરીએ છીએ. અમેરિકા અને કાર્ટર આ અપમાન ક્યાં સુધી સહન કરશે? અમેરિકામાં એક મોટો વર્ગ છે જે યુદ્ધ કરવું પડે તો ડરતો નથી, એટલું જ નહિ પણ યુદ્ધ કરવું જ જોઈએ એમ માને છે. અને કાર્ટર તેમ કરવામાં વિલંબ કરે છે, તેને કાર્ટરની નિર્બળતા માને છે. યુદ્ધ આમ જ અણધાર્યું ફાટી નીકળે છે. યુદ્ધને આરે ઊભા છીએ. ખરી રીતે રશિયાએ અફઘાનીસ્તાન પર આક્રમણ કર્યું તે વધારે ગંભીર બનાવ છે. પણ હાલ તે ઢંકાઈ ગયો છે. અમેરિકાની લશ્કરી તાકાત મોટી છે. કાર્ટરની જગ્યાએ નિક્સન હોત તો કદાચ વહેલા લશ્કરી પગલાં લીધા હોત. પણ જો ઈરાન બાનને નહિ છોડે તો કાર્ટરને પણ લશ્કરી પગલાં લીધા વિના છૂટકો નથી. પરિસ્થિતિ સ્ફોટક છે. કાર્ટરના વિદેશમંત્રી વાન્સે રાજીનામું આપ્યું તે કાર્ટરે સ્વીકારી લીધું છે. આ હકીકત કાર્ટરનો દઢ નિશ્ચય બતાવે છે.

કાર્ટર કોઈ લશ્કરી પગલાં લે અને તેમાંથી યુદ્ધ ફાટી નીકળે તો તે માટે કાર્ટરની જ જવાબદારી નહિ હોય, ખરી રીતે દુનિયાના બધા દેશોએ ઇરાન પર દબાણ લાવીને આ પ્રશ્ન ઉકેલવો જોઈએ. આવા પ્રશ્ને યુદ્ધ થાય તો મોટી કમનસીબી લેખાય. પ્રમુખપદની ચૂંટણી નજીક આવે છે તેમ કાર્ટર ઉપર દબાણ વધે છે. અલબત્ત, પ્રમુખપદ મેળવવા માટે યુદ્ધ ન થાય. પણ સાચી રીતે યુદ્ધ અનિવાર્ય હોય તો તેને ટાળી પણ નહિ શકાય. કાર્ટર શું કરે?

૭-૫-૧૯૮૦ – ચીમનલાલ ચકુભાઈ

સર્વોચ્ચ અદાલતનો ઐતિહાસિક ચુકાદો

આ મહિનાની નવમી તારીખે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. વરિષ્ઠ ન્યાયાલયની સ્વતંત્રતા વિષે, તાજેતરના કેટલાક બનાવોથી, લોકોના મનમાં શંકા પેદા થઈ હતી તે મહદંશે આ ચુકાદાથી દૂર થશે. આ ચુકાદાથી સુપ્રીમ કોર્ટે લોકશાહીના રક્ષણનો માર્ગ ખુલ્લો રાખ્યો છે અને લોકશાહીને ભયમુક્ત કરી છે. બંધારણમાં અને નાગરિક મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરવાની પાર્લામેન્ટને અબાધિત સત્તા નથી એવું જાહેર કરી, સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે સર્વોપરી બંધારણ છે અને પાર્લામેન્ટ નહિ. પાર્લામેન્ટ પણ બંધારણને આધીન છે અને તેટલે દરજ્જે ન્યાયતંત્રને આધીન છે.

કટોકટી દરમિયાન શાસક પક્ષે બંધારણમાં વ્યાપક ફેરફારો કર્યા તેમાં, ૪૨મો સુધારો કહેવાય છે તેનાથી પાર્લામેન્ટને બંધારણમાં અને મૂળભૂત અધિકારોમાં ગમે તેવા ફેરફાર કરવાની અમર્યાદ સત્તા છે એવો પ્રબંધ કર્યો. તે પહેલાં, કેશવાનંદ ભારતીના કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે બંધારણમાં પાયાના માળખામાં ફેરફાર કરવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર નથી. પાયાના માળખાની વ્યાખ્યા નહોતી કરી પણ બંધારણનું લોકશાહી સ્વરૂપ અને નાગરિકના મૂળભૂત અધિકારો પાયાનાં માળખાના અંગ છે એવું સ્પષ્ટ કર્યું હતું. પાર્લામેન્ટે કરેલ ૪૨મો સુધારો સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી વિરુદ્ધ હતો અને એક રીતે ન્યાયતંત્ર અને પાર્લામેન્ટ વચ્ચે સંઘર્ષ પેદા કરનાર હતો. ૪૨ મા સુધારાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો તેનો બે વરસે અત્યારે ચુકાદો આવ્યો.

૪૨મા સુધારાથી બંધારણમાં ઘણા ફેરફારો કર્યા હતા. લોકસભા અને ધારાસભાની મુદત વધારી હતી, ન્યાયતંત્રની સત્તા સારા પ્રમાણમાં ઓછી કરી હતી. પાર્લામેન્ટની સર્વોપરિતા, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની મૂળભૂત અધિકારો ઉપર સર્વોપરિતા, વગેરે સાંખ્યાબંધ ફેરફારો કર્યા હતા. જનતા પક્ષે તેના ચૂંટણી ઢંઢેરામાં જાહેર કર્યું હતું કે ૪૨મો સુધારો રદ કરવામાં આવશે. તે માટે જનતા સરકારે પાર્લામેન્ટમાં બિલ રજૂ કર્યું. લોકસભામાં પાસ થયું, પણ રાજ્યસભામાં જનતા પક્ષની બે તૃતીયાંશ બહુમતી ન હોવાથી અને કોંગ્રેસ (આઈ) ના વિરોધના કારણે, બીજા ફેરફારો સ્વીકારાયા, પણ બે મુખ્ય કલમો રદ્દ થઈ શકી નહિ. જનતા સરકાર જે ન કરી શકી તે હવે સુપ્રીમ કોર્ટે કર્યું.

આ બે કલમો સંક્ષેપમાં આ પ્રમાણે હતી: એક કલમ (૪) અને (૫) થી મુખ્ય કલમ ૩૬૮માં એવો ફેરફાર કર્યો હતો કે પાર્લામેન્ટ બંધારણમાં કોઈ પણ ફેરફાર કરે તેને કોર્ટમાં પડકારી શકાય નહિ.

No amendment of this Constitution (including provisions relating to fundamental rights) shall be called in question in any court on any ground.

પાર્લામેન્ટની સર્વોપરિતાને નામે આ કલમ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે આ કલમ રદ કરી છે અને કેશવાનંદ ભારતી કેસનો ચુકાદો, જેના પ્રમાણે પાર્લામેન્ટ પાયાના માળખામાં ફેરફાર કરી શકતી નથી, તે કાયમી કર્યો છે.

બીજી કલમ (૩૫) થી રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને મૂળભૂત અધિકારો ઉપર સર્વોપરિતા આપી હતી. બંધારણમાં પ્રબંધ છે કે મૂળભૂત અધિકારોને બાધ આવે એવો કોઈ કાયદો થાય તો સુપ્રીમ કોર્ટ તેને રદ કરી શકે છે. કારણ સ્પષ્ટ છે. મૂળભૂત અધિકારોના રક્ષણ માટે રાજ્ય શું ન કરી શકે તે બંધારણમાં જણાવ્યું છે. તેથી કોર્ટ મનાઈ હુકમ આપી તેનો અમલ કરી શકે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજ્યે શું કરવું. - પ્રાથમિક શિક્ષણ મફત કરવું, રોજગારી આપવી, યોગ્ય વેતન આપવું, ટૂંકમાં કલ્યાણ રાજ્ય બનાવવું - તે કોઈ રાજ્ય ન કરે તો સુપ્રીમ કોર્ટ હુકમ કરી તેનો અમલ કરાવી શકતી નથી. પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવામાં મૂળભૂત અધિકારોની રાજ્ય અવગણના કરી શકે નહિ - બન્નેનો સુમેળ સાધવો જોઈએ. ૧૯૭૨માં રચના સુધારાથી તેમાં એટલો ફેરફાર કર્યો હતો કે, આર્થિક સાધનોનું કેન્દ્રીકરણ અને ઈજારાશાહી અટકાવવા, મિલકતના મૂળભૂત અધિકારને ન્યૂન કરવા પડે તો પાર્લામેન્ટ કરી શકે છે. ૪૨મો સુધારો ઘણો વ્યાપક બનાવ્યો અને કોઈપણ માર્ગદર્શક સિદ્ધાંતના અમલ માટે, માત્ર મિલકતનો અધિકાર જ નહિ, પણ સમાનતા (equality before law) અથવા વાણી-સ્વાતંત્ર્ય, વ્યક્તિસ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત માનવીય અધિકારો પણ, ન્યૂન અથવા રદ કરી શકાય. બંધારણમાં ફેરફાર માત્ર પાર્લામેન્ટ જ કરી શકે. પણ આ ૪૨માં સુધારા પ્રમાણે કોઈ રાજ્યની વિધાનસભા પણ, કોઈપણ માર્ગદર્શક સિદ્ધાંતના અમલને નામે, આવા મૂળભૂત અધિકારો, ન્યૂન અથવા રદ કરી શકે. ટૂંકામાં, વાણીસ્વાતંત્ર્ય, વ્યક્તિસ્વાતંત્ર્ય, સમાનતા જેવા મુખ્ય મૂળભૂત અધિકારોની કોઈ સલામતી રહી ન હતી. જનતા સરકાર આ ફેરફાર રદ કરવા ઈચ્છતી હતી. પણ રાજ્યસભામાં કોંગ્રેસ (આઈ) ના વિરોધને કારણે રદ થઈ ન શક્યા. એવી દલીલ કરવામાં આવે છે કે સમાજહિત ખાતર વ્યક્તિના અધિકારોનો ભોગ આપવો જોઈએ. સામ્યવાદી દેશોમાં આવી માન્યતા ઉપર રાજ્ય ચાલે છે. ત્યાં સમાજ હિતને નામે વ્યક્તિનો ભોગ અપાય છે. લોકશાહીમાં સમાજ અને વ્યક્તિનાં હિતોનો સમન્વય થાય છે અને મૂળભૂત માનવીય અધિકારોનો સમાજહિતને નામે ભોગ અપાતો નથી.

સુપ્રીમ કોર્ટે હવે જાહેર કર્યું કે આ ફેરફાર બિનબંધારણીય હતો અને રદ કર્યો છે અને મૂળ સ્થિતિ કાયમ કરી છે.

સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનું મહત્ત્વ આંકી શકાય તેમ નથી. સરકાર—શાસક પક્ષ - હવે શું કરે છે તે જોવાનું રહે છે. સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય જાહેર કર્યો છે પણ તેના કારણો - જજમેન્ટ હજી આવ્યું નથી. સુપ્રીમ કોર્ટમાં બે મહિના વેકેશન છે તે દરમિયાન અનિશ્ચતતા ન રાખવા, પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. કારણો હવે પછી આપશે. પાંચ જજોમાંથી એક જસ્ટિસ ભગવતીએ એમ કહ્યું છે કે આવા મહત્ત્વના નિર્ણયનાં કારણો ન આપાય ત્યાં સુધી તેઓ તે નિર્ણય સાથે સંમત થઈ શકતા નથી. કાયદાપ્રધાન શ્રી શિવશંકરે કહ્યું છે કે જજમેન્ટ આવ્યા પછી સરકાર તેના ઉપર વિચાર કરશે - તે સાથે તેમણે એવો નિર્દેશ કર્યો છે કે, સરકાર કદાચ આ નિર્ણયની પુનર્વિચારણા કરવા ફુલ બેન્ચ રચવા સુપ્રીમ કોર્ટને વિનંતિ કરશે.

અત્રે એ યાદ આપવું જરૂરી છે કે અલાહાબાદ હાઈકોર્ટના ચૂંટણી ચુકાદા સામે ઈન્દિરા ગાંધીની અપીલ સુપ્રીમ કોર્ટમાં હતી ત્યારે કેશવાનંદે ભારતીના ચુકાદાની લંબાણુ વિચારણા થઈ હતી. અને ત્યારે તે વખતના એટર્ની જનરલ શ્રી નિરેન દેએ તે ચુકાદાની પુનર્વિચારણા કરવા, ફુલ બેન્ચની રચના કરવા સુપ્રીમ કોર્ટને અરજી કરી હતી.

તે મુજબ ૧૩ જજોની ફુલ બેન્ચની રચના થઈ હતી અને તે ફુલ બેન્ચ પાસે બે દિવસ દલીલો થયા પછી ચીફ જસ્ટિસ રેએ અચાનક તેનું વિસર્જન કર્યું હતું. હવે બીજી ફુલ બેન્ચ રચવાનો પ્રશ્ન રહેતો નથી.

આપણે આશા રાખીએ કે શાસક પક્ષ અને સરકાર સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને અંતિમ ચુકાદા તરીકે સ્વીકારશે અને શાસક પક્ષને લોકશાહીમાં શ્રદ્ધા છે તેની ખાતરી આપશે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

એક પત્ર

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, મુંબઈ

સૌરાષ્ટ્રના સર્જનહાર અને ખેડૂતો (જાતે ખેતી કરતા) ના તારણહાર શ્રી ઢેબરભાઈના કૈલાસવાસ પછી સૌરાષ્ટ્રની આમજનતા નેતાવિહોણી બની છે. અમારે મન એ નક્કી હકીકત છે. એક નાનામાં નાનો ગામડાનો માણસ શ્રી ઢેબરભાઈ પાસે બેસીને પોતાની મુશ્કેલી રજૂ કરી શકતો એ મારો જાતઅનુભવ છે. શ્રી ઢેબરભાઈ ભારત કૉંગ્રેસ પ્રમુખમાંથી છૂટા થયા પછી રાજકોટ વલ્લભ વિદ્યાનગરમાં ભક્તિબા દેસાઈને ત્યાં રહેતા. હું દર વરસે રાજકોટ ઢેબરભાઈ પાસે મળવા જતો અને બબ્બે ત્રણ ત્રણ કલાક ઢેબરભાઈ પાસે ચર્ચા કરતો ત્યારે કોઈ ગામડાનો ફાટેલ તૂટેલ કપડાવાળો તેની પાસે આવતો તો તેને મીઠો આવકાર આપી તેની વાત સાંભળી તેની મુશ્કેલી દૂર કરવા ઘટતે સ્થળે લખતા. આવો નેતા આજે સૌરાષ્ટ્રમાં જોવો જડે તેમ નથી.

હું એક નાનો ખેડૂત છું. મારી ઉમર ૭૩ વર્ષની છે. ત્રણ ગુજરાતી ભણેલ છું અને ફૂલછાબનો કાયમી વાંચક છું. ફૂલછાબ છાપામાં ક્યારેક ક્યારેક આપના લેખો આવે છે તે વાંચવાથી તમારા પ્રત્યે મારો પ્રેમ–ભાવ પ્રગટ થયો જેથી આજે આ પત્ર લખવા પ્રેરણા થવાથી આ પત્ર આપને લખ્યો છે.

ગુજરાતમાં ચીમનભાઈ પટેલની સરકાર વખતે નવ નિર્માણવાળાઓએ ચૂંટાયેલા ધારાસભ્યોને ઘેર ઘેરાવ કરી રાજીનામા દેવરાવ્યા. વિદ્યાર્થીઓને લડતમાં જોડી વગર પરીક્ષાએ પાસ કરાવ્યા નવ નિર્માણ વખતે નાના વેપારીની કેબિનો લૂટાણી-બાળી નાખવામાં આવી અને મોટી બહુમતીથી ચૂંટાઈ આવેલ વિધાન સભાને બરખાસ્ત કરાવી, બળજબરીથી સરકાર ઉથલાવી ત્યારે અમે રાજી થયા હતા કે હવે સારી સરકાર આવશે. એમ ધારી તે વખતે જનતા મોરચાને આમપ્રજાએ બહુમતી આપી અને નવ નિર્માણવાળા સત્તા ઉપર આવ્યા ત્યારે આશા બંધાણી કે હવે અમને રોજી રોટી મળશે. પણ એ અમારી આશા નિષ્ફળ નીવડી અને ખેતીની જમીન ટોચ મર્યાદાથી ખેત મજૂરને જમીન મળશે તે આશા ઠગારી નીવડી: મોરચા સરકારે સુખી ખેડૂતોનું ભૂમિપંચ નીમી જમીન ટોચમર્યાદાને મરણતોલ કરી નાખી. જનતા મોરચાની સરકાર આવી, ભાંગતોડ, લૂંટ કરનાર ગુનેગારો સામે કોર્ટમાં ચાલતા કેસો પાછા ખેંચી લીધા. જેથી ગુનેગારો, ચોર લૂંટારું, અસામાજિક તત્ત્વોને ઉત્તેજન મળ્યું અને ગામડાઓમાં ચોરી - લૂંટ - ઢોરચોરી, બળાત્કાર, છેડતીની પરંપરા સરજાણી. આવા ગુંડાઓ સામે ફરિયાદ કરનારના બુરા હાલ થવા લાગ્યા. આવા ગુંડાઓ સામે ફરિયાદીમાં પુરાવો થનાર ભગવાનના દરબારમાં જવા લાગ્યા.

સૌરાષ્ટ્રના એક ગામડેથી બીજે ગામ જતા રસ્તા જે આદો કદમીથી ૩૦–ત્રીસ ફૂટ પહોળા હતા તે રસ્તાઓ બંને બાજુએથી ખેડૂતોએ પેશકદમી કરી એટલા સાંકડા બનાવી દીધા કે એક ગામથી બીજે ગામ ગાડું જતું હોય અને સામું ગાડું મળે તો ગાડું તારવી શકાય નહીં. જેથી આવતા જતા પ્રવાસીઓને તકરારો થાય છે. ગૌચરોની બાજુના ખેતરોવાળાઓએ ગૌચરોમાં પેશ કદમી કરી ગૌચરો ખેડી નાખ્યા છે. ગામડાઓમાંના ખેડૂતો અને ખેતમજૂરો (હરિજન - કુંભાર - વાણંદ બાવા ફકીર) ને સહકારી મંડળીઓ કે બેંકોમાંથી ધીરાણ મળતું નથી. મોટા ખેડૂતોને મળે છે. ગામડાઓમાં ૮૦% એંશી ટકા વસતિ નાના ખેડૂતો અને ખેતમજૂરોની છે. આ એંશી ટકા ગામડાના મતદારોને કોઈ સુવિધા મળતી નથી જેથી લાંચ - રૂશ્વત દીધા વિના તેનું કોઈ કામ થતું નથી. સરકારી તમામ યોજનાઓનો વીશ ટકા સુખી ખેડૂતો લાભ લીયે છે. પરંતુ આ વીશ ટકા સુખી ઘરોમાં ત્રણ ભાગલા હોય છે. એક ભાગ કૉંગ્રેસ – જનતા પક્ષ તો એક ભાગ જનસંઘમાં હોય છે.

ચૂંટણી વખતે જે પક્ષોવાળા આવે તે આવા સુખી માણસોને મળે છે. આ સુખી માણસો ગામના આગેવાનો ગણાય છે. તે આવનાર પ્રતિનિધિઓને ચા પાણી પાય છે. આખું ગામ તમારા પક્ષમાં છે એમ હૈયાધારણ આપે છે. આવનાર પછી માને છે, કે ગામડાના બધા મત આપણને આવશે. પરંતુ મતદાનની તારીખે આ સુખી માણસોના ઘરના મતદાન કરવા ઓછા જાય છે, ત્યારે ગામડાના એંશી ટકા જે નાના ખેડૂતો, મજૂરો, હરિજનો, વસવાયા બધામળીને ૮૦ ટકા છે તે કોઈ છાપા વાંચતા નથી, કોઈ પક્ષના આગેવાનો તેને મળતા નથી, પરંતુ પાંચ વરસનો વહીવટ જોઈને મત આપે છે. અને મત પેટીઓ ખુલે ત્યારે સત્તાધારી પક્ષના મોટા મોટા આગેવાનો વિચારમાં પડી જાય છે કે જ્યાં જઈએ ત્યાં ગામડાં આપણા લાગતા હતા, આ શું થયું! પણ એને ખબર નથી કે ૮૦ ટકા મતદારો છે તે છાપા વાચતા નથી. તમારા ચૂંટણી ઢંઢેરાઓ પણ વાંચતા નથી, એ ચાલુ વહીવટ જોઈને મતદાન કરે છે. ગમે તે પક્ષ સત્તા ઉપર આવે પણ તે વહીવટ સુધારી શકે તેમ નથી. આજે નોકરશાહીનું રાજ્ય છે. ભારતના ન્યાય–તંત્રમાંથી પણ હવે આ એંશી ટકાનો વિશ્વાસ ઊઠી ગયો છે. પૈસાવાળાની ન્યાયની દેવડીએ જઈ લક્કદારોના હક મેળવવામાં વરસોની ઢીલો કરાવી છેવટ વીસ વીસ વરસ સુધી હાઈકોર્ટમાં નિકાલ આવતા નથી. આવી કોર્ટમાં ગરીબી નીચે જીવતા ન્યાય કેવી રીતે લઈ શકે – કોઈ ગરીબ માણસના છોકરાને પૈસા દીધા વીના નોકરી મળતી નથી. કૉલેજો, નિશાળોમાં છોકરાઓ ધરાર ચોરીઓ કરી, છરીઓ બતાવી પાસ થાય છે. આ બધું નવ નિર્માણની લડત થયા પછી ગુંડાગીરી ફૂલીફાલી છે, દારૂ, જુગાર, છેડતી, લૂંટફાટ બળાત્કાર આ બધું નવનિર્માણની લડત પછી વધુ ફાલ્યુંફૂલ્યું છે, જેથી મારા મત પ્રમાણે આ લોકશાહી નથી પણ લૂંટશાહી છે.

શ્રી ચીમનભાઈ, આપના લેખો વાંચ્યા પછી આપના વિચારો કંઈક અંશે ઢેબરભાઈ જેવા લાગતા આ પત્ર લખ્યો છે. આપણું સૌરાષ્ટ્ર રાજ્ય જુદું રચાય અને તેને તમારા જેવા નેતા મળે તો બધા દુઃખો દૂર થાય એમ મારું માનવું છે.

હું કોઈ રાજકીય પક્ષનો સભ્ય નથી. કોઈ પંચાયત કે સહકારીની ચૂંટણીમાં પણ ઊભો રહેલો નથી. પરંતુ હું એવું ઈચ્છું છું કે આપણા દેશની આઝાદી ટકાવવી હશે તો વહીવટ સુધારવો પડશે.

હું એક ગામડિયો જાતે કામ કરી મારું પેટ ભરનારો આપને આ પત્ર લખું છું તેમાં કંઈ અતિશયોક્તિ થઈ હોય તો દરગુજર કરી સલાહ કે હૈયાધારણ આપવા વિનંતિ.

લિ૦

આપનો ચાહક વિશ્વાસુ

પ્રેમળ જ્યોતિ

"પ્રેમળ જ્યોતિ" પ્રવૃત્તિનો વ્યાપ ખૂબ સારી રીતે વધારવો એવો નિર્ણય કરવામાં આવેલ છે. તેને માટે ફોલ્ડરો તૈયાર કરેલ છે. મિત્રોને વિનંતિ કરવામાં આવે છે કે આપના ખ્યાલમાં એવા ટ્રસ્ટો કે વ્યાપારી પેઢીઓના નામો હોય કે, જેઓ આવા કાર્યમાં રસ ધરાવતા હોય અને દાન આપતા હોય - તેવા નામો, સીરનામા તેમજ ફોનનંબર સાથે જણાવવા વિનંતિ, જેથી ફોલ્ડર તેમને મોકલીને 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિને લગતી માહિતી તેમને પૂરી પાડી શકાય, અને ત્યારબાદ તેમનો સંપર્ક સાધી શકાય - તો આવાં નામો સત્વર મોકલવા વિનંતિ.

'પ્રેમળ જ્યોતિ'ને મળેલી ભેટની યાદી તા. ૧૬-૪-૮૦ના અંકમાં પ્રગટ કરવામાં આવેલ, ત્યાર બાદ મળેલી રકમોની વિગત નીચે મુજબ છે.

દાતાઓનો અમો આભાર માનીએ છીએ અને પોતાના મિત્રોને પણ આવા દાનો મોકલવાની પ્રેરણા આપે એવી વિનંતિ કરીએ છીએ.

૫૦૦ ડૉ. ચારૂશીલાબહેન બી. બોધાણી
૫૦૦ મે. રાયચન્દ એન્ડ સન્સ
૨૫૧ શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૧ શ્રી રતિલાલ નાગરદાસ વોરા
(તેમના જન્મદિવસની ખુશાલી નિમિત્તે ભેટ)
૨૦૦ શ્રી કાન્તિલાલ લઘુભાઈ વસા
૧૫૧ એક બહેન તરફથી – સ્વજનોના સ્મરણાર્થે
૧૦૧ શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ
૫૧ શ્રી દિલીપ વિરેન્દ્રભાઈ કાકાબલીયા
૫૧ એક બહેન
૫૦ એક સદ્‌ગૃહસ્થ

૨,૧૦૬

કાર્યાલય મંત્રી

વર્તમાન જીવન : મૂલ્યસંઘર્ષના પડકારો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભ્યાસ વર્તુળમાં, આજે જ્યારે અભ્યાસ કરવાનો મહાવરો બહુ ઓછામાં જોવા મળે છે ત્યારે, એમાં પણ હું બોલી શકું એમ આપ માનો છો એ મારા માટે કાંઈક સંતોષની વાત છે. અભ્યાસવર્તુળ માટે મેં પસંદ કરેલો વિષય પ્રવર્તમાન પરિસ્થિતિ પરત્વેનાં ચિંતા–ચિંતનમાંથી સ્ફૂર્યો છે અને એ વિષે પ્રગટ ચિંતન કરવાની (thinkingu aloud) વૃત્તિથી બે શબ્દો કહેવાની સૌએ તક આપી એ માટે ખાસ આભાર માનું છું.

પ્રારંભમાં જ કહી દઉં કે મારા માનસપટ પર કોઈ જાતની નિરાશા કે હતાશા નથી, આમ છતાં, વાસ્તવિક જીવનમાં હું રોજ નિસાસા નાંખું છું ખરો! હમણાં જ હું જમશેદપુરથી કલકત્તા થઈને આવ્યો, ત્યારે કલકત્તાથી મુંબઈનું વિમાન યાંત્રિક ખરાબીના કારણે ખાસ્સું મોડું ઉપડ્યું. તાતા હાઉસની સરભરા હતી. ખર્ચની ચિંતા ન હતી ત્યારે વિચાર આવ્યો કે આવે વખતે આપણા પોતાના ખર્ચે સારી હોટેલમાં રહેવાનું હોય તો તેમ કરું ખરો? થોડા વખત પહેલાં હું સ્વિટ્ઝર્લેન્ડમાં જિનિવામાં હતો ત્યારે ત્યાંની એક આંતર-રાષ્ટ્રીય સંસ્થાના એક ઉચ્ચ અધિકારી ભારતીય મિત્ર બીજા એક ભારતીય મુલાકાતી સાથે મને જિનિવા શહેરની લટાર મારવા લઈ ગયા ત્યારે અનાયાસે એમણે ત્યાંની એક પ્રસિદ્ધ નાઈટ ક્લબ અમને બહારથી બતાવી અને કહ્યું કે યુરોપના અનેક ઉચ્ચકક્ષાના રાજપુરુષો, શ્રીમંતો, ચિત્રકારો વગેરે આ ક્લબની મુલાકાતે ક્યારેક જતા હોય છે. અહીં પ્રશ્ન હતો: Night Club માં જવું એ નૈતિક ગણાય કે અનૈતિક? એની પ્રવેશ ફિ ૭૫ સ્વિસ ફ્રાંક હતી. (આશરે રૂ. ૩૭૫). અલબત્ત અમે ક્લબમાં ગયા નહીં પણ, વિચાર આવ્યો. મોંઘું ગણાય. અહીં પણ પ્રશ્ન છે: મોંઘું છે માટે નથી જવું કે અનૈતિક છે માટે નથી જવું? આ જ વાતને જરા લંબાવીએ તો ત્યાં જવામાં કોઈની બીક-પત્ની, સ્વજનો કે સમાજની–છે માટે નથી જવું કે અનૈતિક છે માટે ન જવાય? માનવી સિફતથી પોતાની જાતને સારા લેબાશમાં રજૂ કરે છે એટલે, એને પોતાને પોતાની જાતની ખબર પડતી નથી અને દુનિયાને પણ એની ખબર પડતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે ઢોંગ અને દંભનો બાહ્ય આચાર બને તેટલો ઓછો હોય તો મૂલ્યોનાં સંઘર્ષનો સામનો યથાશક્ય સારી રીતે થઈ શકે.

કલકત્તાથી મુંબઈ આવવા માટે વિમાન બદલવાની થોડી મુશ્કેલી હતી. સદ્‌ભાગ્યે બીજું વિમાન મળી ગયું. મહારાષ્ટ્રની હાઈકોર્ટના માજી મુખ્ય ન્યાયાધીશ સાથે હું પ્રવાસ કરી રહ્યો હતો અને હું પોતે પણ માજી સંસદસભ્ય હતો! હું મારી જાતની આ રીતની ઓળખાણ ન આપું, પણ બીજી વ્યક્તિ એવી ઓળખાણ આપે કે માજી સંસદસભ્ય છે કે આપણી લોકસભાના પ્રથમ સ્પીકરના પુત્ર છે અને હું ચાલવા દઉં અને જરૂરી વ્યવસ્થા થઈ જાય તો એ પણ કેટલું યોગ્ય છે?

નિસાસા નાંખવાની વાત મેં આરંભમાં કહી, આપને કદાચ નવાઈ લાગશે કે વિશ્વમાં ભારતીય વિમાન પાયલોટ અતિ ઉચ્ચ-કક્ષાના છે. પણ મુંબઈ આવતાં જ જોયું તો વિમાનઘર (Air port) પર પ્રમાણમાં અંધારું હતું. તેમજ અંધેર પણ! ઉચ્ચકક્ષાના પાયલોટ હોય પણ ઉતારુઓ વિમાનમાંથી ઉતરે તે પછી ઉતારુઓને માંડ અડધો કિલોમીટર લઈ જવા માટે વાહનની કેમ વ્યવસ્થા કરવી તેની ખબર કે ફિકર વિમાનઘરના અધિકારીઓને, વ્યવસ્થાપકોને હોતી નથી! બસમાં ચડવાની ઉતારુઓની ઉતાવળ, સામાન મેળવવામાં થતી ઢીલ વગેરે બાબતો પરથી વિદેશી પ્રવાસીઓ શું વિચારે? અતિ ઉચ્ચકક્ષાના પાયલોટ હોવાના કારણે આ દેશના બૌદ્ધિક ઉચ્ચાંક માટે જે આદર થાય એ વ્યવસ્થાના અભાવે રોષ કે મશ્કરીમાં પલટાય ખરો કે નહિ?

આવી તો અનેક નાની-મોટી બાબતોથી ઘણીવાર નિસાસા નાખવા છતાંય હું ભારતના ઉજ્જવળ ભાવિ માટે સતત આશાવાદી રહ્યો છું.

એંસીના દાયકાની શરૂઆત હમણાં જ થઈ છે. એ સાથે જ આપણે અંધકારભર્યા અને અંધેરભર્યા બોગદામાં જાણે પ્રવેશ્યા છીએ. એ બોગદો જેમ લાંબો હોય એમ માનવીમાં અધિરાઈ આવે કે આનો અંત ક્યારે દેખાશે? લોકસભાની ચૂંટણીમાં હું બે વાર જીત્યો કે હમણાં ત્રીજીવાર હાર્યો એ તો અકસ્માત હતો. મારા ચિંતા-ચિંતનમાં અંગત સંદર્ભને અવકાશ નથી. પરંતુ રાષ્ટ્રીયકક્ષાએ વ્યક્તિ નિરપેક્ષ સ્તરે, એક જાતના વૈશ્વિક સ્તર ઉપર હું વિચારું છું અને વર્તમાન સંઘર્ષને જોઉં છું. એંસીના અંધકારભર્યા અને અંધેરભર્યા બોગદામાં આપણા પ્રવેશથી ચિંતા અને ચિંતન બંને છે! ચિંતા એ છે કે અંધારું અને અંધેરભર્યા યુગમાં આપણે પ્રવેશ્યા છીએ એની આપણામાંના ઘણાને ખબર જ નથી! વર્તમાન રાજ-કારણની વાત કરું તો ઘણાનો પ્રતિભાવ આવો છે: તમને લોકોને રાજ કેમ કરવું એની ખબર નથી! એનાં કરતાં તો...? એ જ રીતે જીવનનું કોઈપણ ક્ષેત્ર લ્યો.

સોક્રેટીસના જમાનાથી પ્રત્યેક મા-બાપ એમ કહે છે કે યુવાનો નકામા છે, વંઠી ગયા છે! Young generation is hopeless.

આમ છતાં ય દુનિયાની ગતિ ચાલુ જ છે. ખરો પ્રશ્ન એ છે કે ગતિશીલ દુનિયામાં સમાજની સ્થિતિ કેવી છે? સમાજ સ્થિતિચુસ્ત હોય એ નકામું છે; સમાજ પણ ગતિશીલ હોવો જોઈએ. ગતિશીલ દુનિયામાં સમાજની સ્થિતિ કેવી છે–ગતિશીલ છે કે સ્થિતિચુસ્ત? હકીકતમાં બન્ને ખરાબ છે અને નથી! ખરો પ્રશ્ન ખરાબ છે એ નથી, પણ ખરાબી ક્યાં છે એ જાણવું તે ખરો પ્રશ્ન છે, પણ આપણે એની ચિંતા કરતાં નથી! સનાતન મૂલ્યો અને બદલાતાં મૂલ્યો–એની પરસ્પર ગોઠવણી કરવાની આપણે ચિન્તા કરતાં નથી અને શૂન્યમનસ્ક બની રહીએ છીએ, અથવા यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ना न्यायે આપણા પોતાનાં અનુભવ કે કલ્પના બહારની વ્યક્તિ કે કોઈ ઉદ્ધારક, યુગપુરુષ કે દેવપુરુષ અવતરશે અને આ કામ, આ ભાંજગડ કરશે, આપણાથી એ થઈ શકવાનું નથી એમ માની બેફિકર રહીએ છીએ. Let us enjoy - આવી ઉપરછલ્લી વૃત્તિને કારણે સનાતન મૂલ્યો અને બદલાતાં મૂલ્યોની ગોઠવણીની ભાંજગડમાં આપણે પડતાં નથી.

રાજ્ય શું છે, રાજ્ય શેના માટે જોઈએ? એ ભાંજગડ શી છે, એની વિચારણા અને ચિન્તન કરીએ એટલે રાજ્યશાસ્ત્ર શરૂ થયું. માત્ર રાજકારણ શા માટે, શિક્ષણના ક્ષેત્રની વાત કરીએ તો રાજકારણીઓ શિક્ષણના ક્ષેત્રમાં પડ્યા છે માટે શિક્ષણ બગડ્યું છે એવી ફરિયાદ કરનાર શિક્ષણશાસ્ત્રીઓ જ કોલેજના મકાનનાં ખાતમુહૂર્ત કે ઉદ્‌ઘાટન માટે રાજપુરુષોને જ બોલાવે છે! રાજકારણી-ઓની લાત વાગે તો પણ એમને જ બોલાવીએ છીએ! શું આ વ્યાજબી છે?

સનાતન મૂલ્યો અને બદલાતાં મૂલ્યોની ગોઠવણીની,-adjustments ભાંજગડ નહિ કરીએ તો સનાતન મૂલ્યોનું સનાતનપણું ગુમાવશું અને બદલાતા મૂલ્યોને પામી શકશું નહિ. સનાતન મૂલ્યો શા છે? એ સમજાતું નથી તેથી પણ સંઘર્ષ છે. અંધારો અને અંધેરભર્યો બોગદો એ જ જીવનપથ છે અને અન્ય કોઈ વિકલ્પ નથી, એમ આપણે માની લીધું છે. હકીકતમાં આપણે શ્રદ્ધા, વિચાર અને આશા ગુમાવી બેઠાં છીએ એટલે ચિંતા છે.

જ્યાં ચિંતા નથી, ચિંતન નથી ત્યાં આવી પરિસ્થિતિ છે પણ જ્યાં ચિંતા અને ચિંતન છે ત્યાં સક્રિયતા નથી! વળી અશ્રદ્ધાનો ભાવ છે એટલે આપણે નિષ્ક્રિયતાથી લપેટાઈ ગયાં છીએ. હું આશાવાદી હોવા છતાં, વાસ્તવિક જીવનમાં આ કારણે નિરાશા છે. વ્યક્તિગત હાર-જીત મહત્ત્વની નથી. વ્યક્તિગત હાર-જીતની સાથે સમાજના તાણા-વાણા બાંધીએ તો એ તો મૂર્ખાઈ છે. પરંતુ જીવનમાં મૂલ્યોનાં સંઘર્ષ સમજવા માટે જીતવું અને હારવું પણ જોઈએ. જીતવાથી નાનું ધ્યેય સિદ્ધ થાય... પણ પછી શું? આ રીતે નાનું ધ્યેય સિદ્ધ થાય, પણ મોટું અને મુખ્ય ધ્યેય આઘું ને આઘું જ રહે તો તે પણ પરાજયનો એક પ્રકાર છે.

મૂલ્યોના જતનની વાત કરનારાં આપણે સગવડપૂર્વક ચાલે ત્યાં સુધી જ મૂલ્યોનું જતન કરીએ, પણ અગવડ થાય ત્યારે કોઈ ને કોઈ કારણ કે બહાના હેઠળ મૂલ્યોનું જતન કરતાં નથી! આ વાતની ભૂમિકા સમજવા માટે વર્તમાન જીવન એટલે શું? એ વિચારવું જોઈશે.

વર્તમાન જીવનની હું વાત કરું છું ત્યારે ઈ.સ. ૧૯૪૫થી આરંભાયેલ વર્તમાન જીવનની વાત કરું છું. બીજા વિશ્વયુદ્ધ પછીનું જીવન કેવું છે, એની એક ઝલક મારે આપની સમક્ષ મૂકવી છે. ૧૯૪૫ના ઓગસ્ટની છઠ્ઠી અને ૯મીએ જાપાનના નાગાસાકી અને હીરોશીમા પર બે બોમ્બ ઝીંકાયા એટલે યુદ્ધનો અંત આવ્યો. આ સંહારક શસ્ત્રોથી લાખો માણસોના જાન ગયા અને હજુ પણ જાપાનમાં જન્મતી પેઢી એની અસરથી, ખોડ-ખાંપણવાળી જન્મે છે! ૧૯૪૫થી ૧૯૮૦–૩૫ વર્ષના ગાળા દરમિયાન નવી પેઢી એમ કહે છે: We are born with contradictions. અમારા વડિલો શાંતિની વાતો કરે અને સંહારક શસ્ત્રોનું ઉત્પાદન ચાલુ રાખે, અને તે પણ પાછાં એક એકથી ચડિયાતા સંહારક શસ્ત્રોનું ઉત્પાદન! શા માટે? તો કહે, વિશ્વમાં કોની સરસાઈ રહે એ નક્કી કરવા! આવી સંહારકશક્તિ ધરાવનારા વિશ્વના નેતાઓ આવી શક્તિના ઉપયોગનું જરા જેટલું ગાંડપણ કરે તો? અડધી-પોણી દુનિયાનો સંહાર થાય! સ્વિટઝરલેન્ડ જેવા નાના અને તટસ્થ દેશને પણ યુદ્ધની ચિન્તા છે, પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ યુદ્ધની ચિન્તા! એ માટે એ દેશે નાગરિક સુરક્ષાની ભૂગર્ભ વ્યવસ્થા કરી છે.

વર્તમાન જીવનની ખૂબી, પડકાર જે કહો તે, એ છે કે યુદ્ધ બંધ થયું પણ શાંતિનો પ્રારંભ થયો નથી! There is no war, but there is no peace either! વર્તમાન જીવન આવું છે. સંઘર્ષ અને સહકારની ક્ષિતિજો– જેવી દેખાય છે– તે અભૂતપૂર્વ છે– Unprecedented in the History

વર્તમાનયુગમાં માહિતી અને જ્ઞાનનો, અલબત્ત, જ્ઞાનનો પ્રમાણમાં અલ્પ – જબરદસ્ત વિસ્ફોટ છે. આજના બાળકો માહિતીથી સુસજ્જ છે. ઉદાહરણ તરીકે તુકારામ અને નરસિંહ મહેતાની જીવનગાથા, વિશ્વની ગરીબાઈ, વગેરે વિષયો પર બાળકો માહિતીપૂર્ણ અને જ્ઞાનસભર નિબંધ લખી શકે. આજે આપણા બાળકોનું Home work વધ્યું છે; છતાં, Home work but no home life

વિજ્ઞાન અને ટેકનોલોજીની હરણફાળને લીધે ભૌતિક સાધન-સગવડો અસાધારણ વધ્યાં છે એ સાથે જ આખું જીવન દૈનિક, નૈમિત્તિક, વ્યક્તિગત, સાર્વજનિક અને સામાજિક જીવન–અસ્ત-વ્યસ્ત, પરિવર્તિત અને ન સમજી શકાય એવું થયું છે. વર્તમાન જીવન પચાવી ન શકાય એવું થયું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની હરણફાળથી આપણાં અભિગમો અને વલણો તથા વિચારોમાં ક્રાંતિ આવી છે. ઘરેડ અને પરંપરામાં અવનવા અનેક વળાંકો આવ્યા છે. વર્તમાન બાહ્યજીવનની ગતિશીલતા એટલી વધી છે કે એને કારણે મૂલ્યોને મૂલવવાની દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું છે. આપણા એક વખતના નાણાંપ્રધાન શ્રી. સી. ડી. દેશમુખે કહ્યું હતું એ મુજબ આજની માહિતી આવતી કાલે બિનઉપયોગી થવાની માત્રા વધતી રહી છે. આજે જાણ્યું તે કાલે વાસી થવાનું! આટલા ટૂંકા ગાળામાં એટલો ઉમેરો – માહિતીનો અને જ્ઞાનનો–થાય છે. આથી generation gap નહીં, પરંતુ generation gaps. ઊભા થયા છે.

મૂલ્યોની વાત કરીએ તો સૌ પહેલાં ભ્રષ્ટાચારની વાત કરું. સાર્વજનિક જીવનમાં ભ્રષ્ટાચાર એટલો વ્યાપક છે કે આપણે બધા જ એમાંથી બાકાત નથી; એમાં માત્રાનો ફરક છે. પરંતુ, એવો માત્રાનો ફરક પણ જો સૂચક રીતે અને બનતી મહત્તમ માત્રામાં ચાલુ રાખી શકીએ તો ગંગા નાહ્યા એવી સ્થિતિ છે! આવી પરિ-સ્થિતિમાં કેટલું રાખવા જેવું, કેટલું પરિવર્તન કરવા જેવું છે એનો ખ્યાલ, એની સભાનતા, એવી જાગરુકતા રહી નથી! હમણાં હું બિહારમાં, ત્યાંની કોલસાની કેટલીક ખાણ (Mines). જોવા ગયો હતો; ત્યાંની ગરીબાઈ અને પછાતપણા વચ્ચે પણ સરકારી અને સામાજિક-રાજકીય ભ્રષ્ટાચાર હતો. ત્યાંના લોકોનો પ્રધાનપણે સૂર એવો હતો કે તમારે ત્યાં– પશ્ચિમ ભારતમાં તો ભ્રષ્ટાચાર જ નથી. તુલનાત્મક દૃષ્ટિએ આ વાત હતી. બિહાર જેવા પ્રદેશોમાં ગરીબી અને શિક્ષણના અભાવનું ખતરનાક પરિણામ આવ્યું છે. પરંતુ આપણે ત્યાં પશ્ચિમ ભારતમાંય તક મળતી નથી એટલે વ્યાપક ભ્રષ્ટાચારથી કદાચ આપણે વિમુખ છીએ! એવું જીવન થાય તો આપણે પણ એનાથી અલિપ્ત રહી શકીએ કે કેમ એ પણ પ્રશ્ન છે. આમાંથી બહાર કેમ આવવું? દ્વિધા એ છે કે–

–પ્રામાણિક થઈએ છીએ તો અપ્રામાણિક સાથે મેળ ખાતો નથી. જીવન જ શક્ય નથી રહેતું.

–અપ્રામાણિક થઈએ છીએ તો વધુ સંઘર્ષ થાય છે. તો શું કરવું?

આ ખરી સમસ્યા છે, પડકાર છે.

આજે તો પ્રામાણિક થવું એ સવિશેષ ગાંડપણ છે! પણ એવું ગાંડપણ આપણે એકલાં હોઈએ તો પણ ચાલુ રાખવું રહ્યું. સંઘર્ષ અને પ્રતિકારની ભાવના જીવંત રાખવી જોઈએ, કારણ કે સનાતન મૂલ્યો અને બદલાતાં મૂલ્યોની ગેાઠવણીમાં સનાતન મૂલ્યોનું સનાતનત્વ, સનાતનપણું જાળવવા આપણે નવા પ્રકારના મરજીવા થવાનું છે, એ પ્રયાસ, એવી પ્રયોગશીલતા, એવો પુરુષાર્થ, એવો સંઘર્ષ અને પ્રતિકાર ચાલુ રહેશે તો જ માનવજાતને આપણે સામે કિનારે લઈ જઈ શકીશું. પરંતુ આપણે પ્રયાસ કરતા નથી, પ્રયોગશીલ નથી, અને આપણામાં પુરુષાર્થનું કૌવત નથી.

અંધકારભર્યા પરતંત્ર ભારતમાં, ભારતની ગણ્ય પ્રજા પાસે એક વિચાર હતો, આદર્શ હતો, પ્રયોગશીલતા હતી, પ્રયાસ હતો, પુરુષાર્થ હતો. એ'સીના દાયકામાં આપણે કેમ પાછી પાની કરીએ? માટે નવેસરથી પાનો ચડાવવા હું અહીં આવ્યો છું! વર્તમાનની યુવાન પેઢી તાકાતવાન છે, તેજસ્વી છે. એના પ્રયત્નોમાંથી એની, પ્રયોગશીલતાથી અને એના પુરુષાર્થથી એક દિવસ પ્રકાશ જરૂર આવશે. આપણી પ્રાર્થના એ રહે કે just light my path. મને સહેજ પ્રકાશ, ભગવાન, તું આપ! એવા પ્રકાશ વડે જીવનપંથ કાપતાં રહીએ ત્યારે કેટલાંક પરિણામો દશ્ય ન પણ હોય. બધાં જ પરિણામ દશ્ય હોતાં નથી. પણ આપણાં પ્રયાસ, પ્રયોગશીલતા પુરુષાર્થનું સુઘડ પરિણામ ભાવિપેઢી માટે નિર્માણ થવાનું હોય તો એ માટે પણ આપણે સક્રિય થવું જોઈએ. એવી સક્રિયતા, એવા પ્રયત્નો, એવી પ્રયોગશીલતા, અને સતત સંઘર્ષ તથા પુરુષાર્થ વડે વર્તમાન જીવનમાં મૂલ્યોના સંઘર્ષના પડકારોને આપણે થોડાક લોકો પણ ઝીલીશું તો કદાચ પહોંચીવળીશું એવી શ્રદ્ધાથી હું ચાલું છું ને વધુ આશાવાદી બનતો રહું છું.

– પુરુષોત્તમ માવળંકર

સંકલન: પન્નાલાલ રસિકલાલ શાહ

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભ્યાસવર્તુળના ઉપક્રમે સોમવાર, તા. ૨૮-૪-૧૯૮૦ના રોજ આપેલ વાર્તાલાપના આધારે].

☆

ચિત્ત આત્માને નામે ને શરીરને નામે અનેક પ્રકારની ઈચ્છાઓ કરે છે ને કર્મ પણ શરીરથી કરે છે. આત્મા સદા મુકત છે ને આત્મા કોઈ કર્મ કરતો નથી ને કંઈ ભોગવતો નથી. શરીર, ઈંદ્રિયો, મન ને બુદ્ધિ વગેરેથી આત્મા અસંગ છે તેથી આત્મા માટે ચિત્ત જે કરવાનું કહે તે ન કરવું. ખરું પૂછો તો ચિત્તને કશું કરવાનું રહેતું નથી. આત્મા નિત્ય ને મુકત છે, સુખદ:ખથી રહિત છે ને શરીરને મરતાં સુધી તેનું પ્રારબ્ધ ભોગવવાનું છે, તો ચિતને કરવાનું શું છે? ચિતે તો શરીરની પ્રકૃતિ પ્રમાણે ઈચ્છામાત્રથી રહિત પોતાનો પાઠ ભજવવાનો છે ને આત્મા તેનો સાક્ષી છે. હું સાક્ષી આત્મા છું. કર્તા નથી ને ભોકતા પણ નથી. જન્મ, જરા, મરણથી રહિત નિત્ય છું એ પ્રકારનું ચિંતવન કરવું.

★

આપણે શરીર થઈ કર્મ કરીએ છીએ તે મટી આત્મા થઈ શરીર વડે શરીરની પ્રકૃતિ પ્રમાણેનો પાઠ ભજવવાનો છે. અસંગ બુદ્ધિથી લાભહાનિ, હર્ષ, શોક, સુખ, દ:ખ સૌમાં સમાન ચિત્તે રહી પ્રકૃતિ પ્રમાણે કર્મ કર્યે જવાં.

– મગનભાઈ વ્યાસ

બંગલાદેશે આપણા માટે શૂળ ઊભું કર્યું છે.

ફરાક્કા બંધ પાસે ગંગા નદીના પાણીની વહેંચણી માટે ભારત અને બંગલા દેશ વચ્ચે આઠારમી વાટાઘાટ પણ નિષ્ફળ ગઈ છે, એટલું જ નહીં પણ બંગલાદેશે વધુ અસમાધાનકારી અભિગમ આપનાવ્યો. આ નિષ્ફળતા આપણને યાદ આપે છે કે પૂર્વ પાકિસ્તાન રચાયા પછી આપણા પડખામાં જે શૂળ ભોંકાયું હતું તે બંગલા દેશરૂપે ચાલુ રહ્યું છે. બંગલાદેશમાં નાગ અને મિઝો બળવાખોરોને તાલિમ આપવાનું મથક છે. તે આપણા ત્રિપુરા રાજ્યમાંથી આવેલા નક્સલવાદીઓને પણ તાલીમ આપે છે. બંગલાદેશનો ચટગાંવ જિલ્લો બિન-મુસ્લિમ બહુમતી ધરાવે છે, જેમાં મુખ્યત્વે ચકમા જાતિના બૌદ્ધો છે. આ જિલ્લો મુખ્યત્વે પહાડી છે. જમીન-ભૂખ્યા બંગલાદેશી મુસ્લિમોએ અહીંથી બૌદ્ધને અને ત્રિપુરી - ઓને હાંકી કાઢવાની પ્રવૃત્તિ આદરી છે જેથી તેમની જમીનો અને મિલકતો બંગલાદેશી મુસ્લિમોને મળી જાય. આપણા ઈશાન ભારતમાં મુખ્યત્વે આસામમાં, પૂર્વ પાકિસ્તાનની - બંગલાદેશી મુસ્લિમોની ઘૂસણનીતિ કંઈ નવી નથી. આ સદીના આરંભથી બંગાળી મુસ્લિમો જેમ આસામમાં ઘૂસતા રહ્યા છે તેમ તેઓ બ્રહ્મદેશમાં આરાકાનના કાંઠે પણ ઘૂસતા આવ્યા છે. બ્રહ્મીપ્રજા મુખ્યત્વે બૌદ્ધ છે પણ નાત - જાત કે કોમના વાડામાં નથી માનતી. વળી સમાજમાં સ્ત્રીઓ નોંધપાત્ર સ્વતંત્રતા ધરાવે છે. બીજી બાજુ મુસ્લિમો એક સાથે ચાર પત્નીઓ ધરાવી શકે છે એટલું જ નહીં પણ પરદેશ ગયા હોય ત્યાં કામચલાઉ લગ્ન પણ કરી શકે છે. આવી સામાજિક પદ્ધતિના કારણે આરાકાન કાંઠે ફેલાતા રહેલા મુસ્લિમો બ્રહ્મી સ્ત્રીઓ સાથે લગ્ન કરતા રહે, પરિણામે બૌદ્ધ બ્રહ્મદેશમાં આરાકન મુસ્લિમ બહુમતી ધરાવતો પ્રદેશ બની જાય છે. બ્રહ્મીઓને ભય છે કે જેમ પૂર્વ બાંગાળમાં અને સિલ્હટ જિલ્લામાં પોતાની બહુમતી કરીને પૂર્વ પાકિસ્તાને બંગલાદેશનું અલગ રાજ્ય મેળવી લીધું તેમ ચટગાવ જિલ્લામાંથી કોઈક દિવસ આરકાનની પણ માગણી કરશે.

ફરાક્કાની વાત કરીએ તો ગંગા નદી દર વર્ષે તેના પ્રવાહમાં કરોડો ટન કાંપ લાવે છે, જે તેનાં મુખોમાં પથરાતો જાય છે અને ટાપુઓ રચાતા જાય છે. ફરાક્કા પાસે ગંગાના બે ફાંટા પડે છે. મોટો ફાંટો પદ્મ નામે બાંગલાદેશમાં જાય છે અને નાનો ફાંટો હુગલીના નામે કલકતા પાસેથી પસાર થઈ બંગાળના ઉપસાગરમાં સમાઈ જાય છે. જો હુગલીમાં પૂરતા જથ્થામાં અને પૂરતા વેગથી પાણી વહેતું ન હોય તો તેનો કાંપ હુગલીમાં જામતો જાય, જેના પરિણામે કલકત્તા બંદર છીછરું થઈ નકામું બની જાય. કલકતા સમુદ્રથી આશરે સો માઈલ ઉતરે આવેલું છે; આથી સમુદ્રમાંથી આવતી સ્ટીમરોને કલકતા સુધી આવવા દેવી હોય તો આ જલમાર્ગને કાંપથી મુકત રાખવો જોઈએ તે માટે, ઓછામાં ઓછા ૪૦ હજાર ક્યુસેક (દર સેકંડે ૪૦ હજાર ઘનફૂટ પાણી) જેટલું વહેણ હોવું જોઈએ.

કલકત્તાને બચાવવા આપણે રૂા. દોઢ આબજના ખર્ચે ફરાક્કાનો બંધ બાંધ્યો છે. જેથી હુગલી નદીમાં ઓછામાં ઓછું ૪૦ હજાર ક્યુસેક પાણી વાળી શકાય. પૂર્વ પાકિસ્તાન હતું ત્યારથી આ બંધ સામે પાકિસ્તાનને વાંધો હતો અને હવે બંગલાદેશને છે. ૧૯૭૭માં જનતા સરકાર આવી ત્યારે પાડોશી દેશો પ્રત્યે ઈંદિરા સરકારની વલણ બિનજરૂરી આક્રમક હોવાના બહાને તેણે પડોશી દેશો સાથેના સંબંધ ઉદારતા વડે સુધારી લેવાની નીતિ અપનાવી. આ ઉદારતા કંઈ નહીં તો ફરાક્કા બંધના વિષયમાં વધુપડતી અને ભારતના હિતના ભોગે-બતાવવામાં આવી હતી. જગજીવનરામે ઢાકા જઈ પાંચ વર્ષ માટે જે કરાર કર્યો, તેમાં કલકત્તાના ભોગે બંગલા દેશની માગણી સ્વીકારી લીધી હતી. પરંતુ તેમણે એટલું શાણપણ દાખવ્યું કે આ સમજુતીના પરિણામે બેમાંથી કોઈ દેશને નુકસાન થતું હોય તો આ કરારની ફેરવિચારણા થઈ શકશે. વળી આ કરાર પાંચ વર્ષ માટે કામચલાઉ પાણી મળે એવી કોઈ કાયમી યોજના બન્ને દેશોએ સંમત થઈ ઘડી કાઢવી જોઈએ. દરમ્યાન ૧૯૮૦ ના નવેમ્બરમાં આ કામચલાઉ કરારની ફેરવિચારણા થઈ શકશે.

પરંતુ બંગલા દેશની દાનત ફેરવિચારણા નહીં કરવાની અને કાયમી ઉકેલ પોતાની ઈચ્છા પ્રમાણે શોધવાની છે. ગંગાના પાણીનો પ્રશ્ન માત્ર બંગલા દેશ અને ભારત વચ્ચેનો દ્વિપક્ષી પ્રશ્ન છે. તેમ છતાં ભારતના વિરોધની ઉપેક્ષા કરીને બંગલા દેશ બંને દેશોના સંયુકત નદીખંચમાં નેપાળને પણ સામેલ કરવા માગે છે. નેપાળ મોટાઈ મેળવવા અને ભારતનો કેસ સાંભળતા ન્યાયાધીશ બનવા રાજી છે. બંગલા દેશની દાનત નદીખંચમાં ચીનને પણ સામેલ કરવાની છે. પરંતુ ચીને ટલાપણ વાપરીને આ વિવાદમાં પડવાની આનિચ્છા દર્શાવી છે.

ગંગામાં દર વર્ષે અને બધી ઋતુમાં એકસરખો પ્રવાહ નથી હોતો. ગયા ચોમાસામાં ગંગાના ઢાળપ્રદેશમાં બહુ ઓછો વરસાદ પડવાથી આ વર્ષે ગંગા ઘણી ક્ષીણ થઈ ગઈ છે. આથી જનતા સરકારે કરેલા પંચવર્ષિય કરાર પ્રમાણે હુગલી નદીના ભાગે આશરે માત્ર ૧૧ હજાર ક્યુસેક પાણી આવે છે. ભારતની દરખાસ્ત એવી છે કે, બ્રહ્મપુત્રાનું પાણી બંગલા દેશ વાપરી શકે તેના કરતાં અનેકગણું વધારે છે અને તે વેડફાઈ જાય છે. આથી બ્રહ્મપુત્રમાંથી એક નહેર કાઢી ગંગામાં જોડી દેવી, જેથી બંગલા દેશની પદ્મા અને ભારતની હુગલીને - એમ બંનેને જોઈતું પાણી મળી રહે છે. પરન્તુ આ સૂચન બંગલાદેશને માન્ય નથી. આ યોજના માટે વિશ્વબેન્કની મદદ પણ મેળી શકે. પરંતુ બંગલા દેશની માગણી તો નેપાળમાં અને ભારતમાં જળાશયો બાંધવાની છે, જેથી ગંગામાં પાણી ઓછું હોય ત્યારે આ જળાશયોમાંથી પાણી મેળવી શકાય. ભારતને આ દરખાસ્ત માન્ય નથી. બંગલા દેશને જોઈતા પાણી માટે આપણે આપણા પ્રદેશનો ભોગ આપીએ અને તેમાં નેપાળને હંમેશ માટે માથું મારવાનો હક્ક આપીએ તેના કરતા ગંગા અને બ્રહ્મપુત્રાનું જોડાણ કરવામાં કોઈ દેશનું અહિત નથી થતું અને બંન્ને દેશને લાભ થાય છે. પરંતુ બંગલા દેશની નીતિ પાકિસ્તાન જેવી છે. ભારત સાથે કોઈ સમાધાન કરવું નહીં અને તેની સાથે કોઈ સહકાર કરવો નહીં.

બંગલા દેશને એક વધુ વિવાદ કરવાની તક મળવાની છે. જ્યારે આસામના વિદ્યાર્થી - આંદોલનમાં સમાધાન થશે અને બંગલા દેશમાંથી ઘૂસી આવેલા નાગરિકોને બંગલા દેશમાં પાછા મોકલવાનો પ્રસંગ ઊભો થશે, ત્યારે બંગલા દેશ તેમને સ્વીકારશે નહીં. તે કહેશે કે, આ લોકો આમારા નાગરિક છે નહીં અને હતા નહીં.

ઈશાન ભારતમાં ઘૂસી આવેલા બંગલા દેશીઓને ઓળખી કાઢી આપણે તેમને અલગ કરીએ તો પણ બંગલા દેશની ઘૂસણખોરી અટકવાની નથી. હજારો એકર લાંબી, વાંકી - ચૂંકી અને કુદરતી અંતરાય વિનાની સરહદ ઓળંગી આવતા બંગલા દેશીઓની ઘૂસણખોરી સદંતર અટકાવી દેવી એ લગભગ અશક્ય વાત છે. દુનિયામાં બંગલા દેશ સૌથી વધુ ગીચ વસતિ ધરાવે છે અને તેનું જન્મપ્રમાણ પણ બહુ વધારે છે. ઈસ્લામને આગળ કરી પ્રજા કુટુંબનિયોજનમાં માનતી નથી. આથી તેની વસતિ ઉભરાયા કરે છે અને ઉભરાઈને ભારતમાં ઘૂસે છે. એક ઠેકાણેથી ઘૂસતા બંગલા દેશીઓને અટકાવવામાં આવે તો તેઓ બીજે ઠેકાણેથી ઘૂસે છે. ઘૂસણખોરી માટે લાંચ પણ આપી શકાય છે અને દલાલ પણ રોકી શકાય છે. માનવી, કીડીયારાથી ખદબદતા બંગલા દેશમાં બેંધારત અને અછત એટલી બધી છે કે, બંગલા દેશીઓ કોઈ પણ જોખમ ખેડી ભારતમાં ઘૂસી આવવા માગે છે.

આમ બંગલા દેશ આપણા માટે માથાનો દુ:ખાવો છે અને રહેશે. ત્યાં જ્યારે રાજકીય ઊથલપાથલ થાય છે ત્યારે પણ નિરાશ્રિતોનો પ્રવાહ ભારતમાં ધસી આવે છે. તેના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે એક કરોડ બંગલા દેશીઓ ભારતમાં ભાગી આવ્યા હતા, તેમાંથી બધા કંઈ બંગલા દેશમાં પાછા ગયા નથી. તે પછી પણ મુજિબ અને તેમના સાથીઓની હત્યાઓ, લશ્કરી બળવા, રાજકીય ઊથલપાથલ વગેરે પ્રસંગે બંગલા દેશીઓ વધુ-ઓછી સંખ્યામાં ભારતમાં ભાગી આવ્યા હતા. બંગાળના ભાગલા પડયા તેને ૩૩ વર્ષ થયાં છતાં હજી પણ હિંદુઓની સલામતી જણાતી નથી. તેમની જમીનો અને ખોરડા આંચકી લેવામાં આવે છે. વેપાર - ધંધા અને નોકરીઓમાં તેઓને તક મળતી નથી. અને તેઓ બંગલા દેશ છોડી જાય તેવું દબાણ કરવામાં આવે છે, જેથી તેમની મિલકત મુસ્લિમોને મળી જાય. આપણા માટે

પણ એ ધર્મસંકટ છે. ૧૯૪૭ માં આપણા નેતાઓએ બંગાળના ભાગલા પાડવાની સંમતિ આપી હતી. હવે એ સંમતિના પરિણામે હજી પણ હિંદુઓ ભારતમાં આશરો લેવા આવે ત્યારે તેમને પાછા કાઢી મૂકવા એ નૈતિક દૃષ્ટિએ યોગ્ય છે? અને તેમને સ્વીકારીને પણ આપણે વધુ ઉપાધિ વહોરી લેવી પડે છે. દા. ત. દંડકારણ્યમાં તેમને વસાવવા આપણે અબજો રૂપ-યાનો ખર્ચ કર્યો. પરંતુ આ બંગાળી હિંદુઓને બંગાળમાં જ રહેવું છે, મધ્ય પ્રદેશમાં નહીં. આથી અહીં તેઓ ઉપદ્રવ કર્યા કરે છે. વળી બંગાળના ભાગલા પડયા ત્યારે ત્રિપુરાનું ભૂતપૂર્વ દેશી રાજ્ય અનુસૂચિત જનજાતિઓ (ગિરિજનો) ની બહુમતી ધરાવતો પ્રદેશ હતું. પૂર્વ પાકિસ્તાનમાંથી હિંદુ નિરાશ્રિતોનો અસ્ખલિત પ્રવાહ ચાલુ થયો અને તેમણે ત્રિપુરામાં પોતાની બહુમતી કરી લઈને શાન વહીવટી તંત્ર, જમીન, નોકરી - ધંધા પચાવી પાડયા. બિચારા ગિરિજનો પોતાના જ પ્રદેશમાં લાચાર લઘુ-મતી બની ગયા. આજે આસામીઓ ત્રિપુરાનો દાખલો આપી ફરિયાદ કરે છે કે, અમારી માંગણી મંજૂર નહીં કરવામાં આવે તો આસામમાં આસામી પ્રજાની અસ્મિતા રહેશે નહીં.

. . ।– વિજયગુપ્ત મૌર્ય

પુત્રવધુનું કન્યાદાન : એક અનોખું પુનર્લગ્ન

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧લી એપ્રિલનો અંક છેક તા. ૧૦મીએ મળ્યો. એમાં 'પુત્રવધૂનું કન્યાદાન' એવાં શિર્ષક હેઠળ શ્રી. શાંતિલાલ ટી. શેઠે લખેલા નાનકડા લેખે ઠીક ઠીક પ્રભાવિત કર્યો, તેથી આ લખવાને પ્રેરાયો છું. મુનશીજીએ તેમને 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે ઓળખાવેલા તે કવિ શ્રી નર્મદથી માંડીને આપણે ત્યાં સમાજ સુધારાની ઝુંબેશ ચાલી રહી છે. વિધવાઓના પુનર્વિવાહનું પણ એમાં આગળપડતું સ્થાન છે. આમ છતાં આપણા સમાજમાં વિધવા પુનર્વિવાહ હજી સામાન્ય બન્યા નથી ને સમાજનો ઠીક ઠીક વર્ગ એવા સમાજસુધારા પ્રત્યે સહિષ્ણુ પણ નથી. અલબત્ત, કાયદાએ એની જોગવાઈ કરી આપેલી હોઈ, અને એની સાથે છૂટાછેડાનો કાયદો પણ પ્રચલિત થતો રહ્યો હોઈ, એક કે બીજી રીતે સમાજમાં વ્યાપક બની રહેતાં અનિષ્ટોનો ભોગ બનેલી બહેનો પુનર્વિવાહ તરફ વળવા લાગી છે; જો કે આવા કિસ્સાઓ અપવાદ રૂપ જ છે.

શ્રી શાંતિભાઈએ જલગાંવ જિલ્લાના પાલઘી ગામે ઉજવાયેલા અનોખા લગ્ન પ્રસંગનો કિસ્સો રજૂ કર્યો છે. આ લગ્ન પ્રસંગ એક વિધવા યુવતીના પુનર્વિવાહનો હતો અને તેના સ્વર્ગસ્થ પતિના માબાપે એટલે કે તે યુવતીના સાસુ-સસરાએ પોતાની વિધવા પુત્રવધૂના લગ્નમાં કન્યાદાન આપી એક કોડભરી કન્યાને વિધવા-પણાની વેદી પર જીવન નષ્ટ કરતાં રોકીને તેના જીવનમાં સુખનો નવો સૂરજ ઉગાડી દીધો હતો! યુવતીના સાસુ-સસરાનું આ પગલું દરેક રીતે ધન્યવાદને પાત્ર બની રહે છે.

આવો જ, અથવા કહો કે, એના કરતાં પણ કંઈક અંશે વધારે કરૂણ એવો પ્રસંગ ૧૯૭૬ના વર્ષની શરૂઆતમાં બન્યો હતો અને તે વેળાએ નવવધુ હજી તો પરણીને શ્વસુર ગૃહે પદાર્પણ કરે તે પહેલાં તો તે વિધવા બની હતી. નવવધૂનાં સાસરિયાંથી આ દેખ્યું ગયું નહિ ને પાંચ દિવસમાં તેઓએ મરણ પામેલા પુત્રના નાનાભાઈ સાથે એનું વિધિસર લગ્ન કરીને તેને સૌભાગ્યવતી બનાવી. આ એક અનોખી અને અનુકરણીય ઘટના હતી. મેં એના પર 'મુંબઈ સમાચાર'માં અગ્રલેખ લખ્યો (૩-૨-૭૬). આજની ઘડીએ પ્રાસંગિક થઈ પડશે એમ માનીને એ અત્રે ઉતારું છું.

એ અગ્રલેખનું શીર્ષક હતું: 'એક અનોખું પુનર્લગ્ન'

"કયારેક એવી કરૂણ ઘટના બની જાય છે કે જ્યારે ગમે તેવા ધીરગંભીર માનવીનાં હૃદય પણ હચમચી જાય છે. પણ એવી વેળાએ પોતાના અંગત શોકને આનંદમાં ફેરવી નાખવાનો ચમત્કાર પણ કયારેક સર્જાઈ જાય છે! આવી એક ઘટના તાજેતરમાં બની ગઈ. કલ્પિત લાગે એવી એ સત્ય ઘટના છે. કોઈનાં પણ હૃદયને હલાવી નાંખે એવી એ કરૂણ ઘટના આખરે આનંદમાં પરિણમી અને સાથોસાથ આપણા સામાજિક સુધારાને ક્ષેત્રે એક અનુકરણીય અને અનોખું દૃષ્ટાંત પણ એ પૂરું પાડી રહી છે.

"એક નવવધૂનું હજૂ તો લગ્ન જ થયું ને લગ્ન થયું તેવી જ એ નવવધૂ વિધવા બની. લગ્ન થતાં જ વિધવા બનેલી આ આ નવવધૂ તો રૂઢિની શૃંખલામાં જ જકડાઈ રહી હોત તો એક અપશુકનિયાળ વિધવા લેખે તેનું આયુષ્ય, કોણ જાણે કેમ, પૂરું થાત! તેનાં આશા-અરમાનની શી દશા થાત તે પણ કહેવાની જરૂર નથી, પણ નવવધૂના સસરા-સાસુ ને બીજાં સાસરિયાં જાગૃત હતાં, તેમને પુત્રમરણનો ભારે આઘાત લાગ્યો હતો, પણ એ આઘાત કરતાં પણ કદાચ વધુ આઘાત તો તેઓને પોતાની નવવધૂ પરણ્યાં સાથે જ વિધવા થઈ તેનો લાગ્યો હતો. અને એ આઘાતના પ્રત્યાઘાત રૂપે તેઓને નવવધૂને તરત જ ફરી લગ્ન કરીને સૌભાગ્યવતી કરવાનો વિચાર સ્ફૂર્યો. વર શોધવા જવાની પણ જરૂર ન હતી. મરણ પામેલા પુત્રના નાનાભાઈને તેઓએ તૈયાર કર્યો ને વૈધવ્ય પછી પાંચ જ દિવસમાં પુત્રવધૂ સૌભાગ્યવતી બની ગઈ.

"હિંગણઘાટના સ્થાનિક વેપારીની પુત્રીનું સૌભાગ્ય આમ લગભગ અખંડિત રહ્યું. ગઈ તા. ૧૯મી જાન્યુઆરીની આ વાત. સ્થાનિક વેપારીની પુત્રીનું ડૉ. રવીન્દ્રનાથ ઝવેર સાથે ભારે દબદબાથી લગ્ન થયું. તા. ૨૦મીએ જાનને વિદાય આપવામાં આવી. તે જાન ઈન્દોર જવાને ઊપડી. પણ માર્ગમાં જ મોટરમાં પ્રવાસ કરી રહેલા ડૉ. રવીન્દ્રનાથે છાતીમાં દુઃખાવો થવાની ફરિયાદ કરી. અને તેનો કાંઈ ઉપચાર થાય તે પહેલાં તો તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. નવવધૂના શણગાર ઊતારે તે પહેલા તો વિધવા બની ગઈ.

"નવવધૂની આ હાલત તેના સાસુ-સસરાથી જોઈ જોવાઈ નહિ. એના ભયંકર ભાવિએ તેઓનાં અંગેઅંગમાં કંપારી વછૂટાવી. નવવધૂ "નવવધૂ જ" રહેવી જોઈએ એવો નિર્ણય તેઓએ કરી લીધો, ને ડૉ. રવીન્દ્રનાથના નાના ભાઈ સાથે ભારે ઉત્સાહથી તેનું ફરી લગ્ન કરી દીધું; ભારે હિંમતનું આ પગલું લેખાય, અને એવું પગલું લઈને એક તરૂણ સ્ત્રીનું જીવન સુખમય બનાવનારા એ માતા-પિતાને જેટલા અભિનંદન આપીએ તેટલાં ઓછાં લેખાય. સમાજસુધારાની દિશાનું આ એક અનોખું પગલું જ લેખાય.

"ને આવી ઘટનાઓ કવચિત જ બને છે. એટલે જ એ નોંધ માગે છે. આપણા ગુજરાતી સમાજમાં પણ કયારેક આવી ઘટના બની છે. એ ઘટના આજે અમારી સ્મૃતિએ ચઢે છે. ખડાયતા વણિક જ્ઞાતિમાં બનેલી એ ઘટના પર વર્ષોનો પડદો પડી ગયો છે ને આજે એ બહેન સુખી દાંપત્ય જીવન જીવી રહી છે. કાંઈક સંરક્ષક વૃત્તિના છતાં સુધારક વૃતિ તરફના ઝોકવાળા ઠીકઠીક સ્થિતિના મુંબઈના એક ઉદ્યોગપતિએ પોતાની પાલક પુત્રીનું ભારે હોંશથી લગ્ન કર્યું. તે લગ્ન પછીના થોડા જ દિવસમાં એ પુત્રીના પતિનું અકાળ અવસાન થયું. જે ઘરમાં એ પુત્રી પરણાવી હતી તે સુરતનું કુટુંબ સુધારક કુટુંબ હતું. એ કુટુંબના વડીલોથી પૂત્રવધૂનું દુઃખ ન જીરવાયું, ને થોડા જ સમયમાં પોતાના નાના પુત્ર સાથે એ પૂત્રવધૂનું રીતસરનું લગ્ન કર્યું. આજે આ દંપતી સુખચેનમાં સૂરતમાં જીવન ગુજરે છે. ખડાયતા વણિક જ્ઞાતિએ આ લગ્નને વધાવી લીધાનું સ્મરણ છે. આવી ઉદારવૃત્તિ આજે સર્વસામાન્ય બને તો વિધવાઓનો કોઈ પ્રશ્ન જ રહેવા ન પામે.'

('મુંબઈ સમાચાર': અગ્રલેખ: ૩-૨-૧૯૭૬)

આવી ઘટનાઓ જેટલી વધુ પ્રસિદ્ધિ પામે તેટલું વધુ સારૂં એમ માનીને આટલું લખવા પ્રેરાયો છું.

–યશેશ હ. શુકલ

શાસન કોનું ? લોકશાહીનું કે, દબાવ – જૂથોનું ?

"રોલ ઓફ પ્રેશર - ગ્રુપ્સ ઈન કોન્ટેમ્પોરરી પોલિટિક્સ- સમકાલીન રાજકારણમાં દબાવ જૂથોનો હિસ્સો" એ વિષય પર હમણાં જ લંડનમાં એક રસપ્રદ ચર્ચા થઈ ગઈ. ચર્ચામાં પાર્લામેન્ટના સભ્યો, જાણીતા પત્રકારો અને ઉદ્યોગપતિઓ વગેરેએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે લગભગ સર્વસમ્મત ગણાય એવા એક અભિપ્રાયે આકાર લીધો હતો. એ અભિપ્રાય એવો હતો કે, હવે આપણે પ્રેશરગ્રૂપ્સની - દબાવ – જૂથોની પકડમાંથી મુક્ત થઈ શકીએ એમ નથી. એ હવે આપણા રાજકારણનું એક અંગ બની ગયાં છે. આ અભિપ્રાયના સંદર્ભમાં પાર્લામેન્ટના સભ્ય મી. કોરીએ તો એવી સનસનાટીભરી જાહેરાત પણ કરી હતી કે હવે બ્રિટનમાં લોકોને પાર્લામેન્ટમાં વિશ્વાસ રહ્યો નથી. તેમનું કામ પાર્લામેન્ટ કરી શકે એમ નથી. તેમણે જો કામ કરાવવું હોય તો કોઈને કોઈ પ્રેશર ગ્રુપ પાસે જ જવું જોઈએ.

દબાવ–જૂથો કેમ કામ કરે છે તેના કેટલાક દાખલાઓ જે ચર્ચા દરમિયાન રજૂ થયા હતા તે પણ રસપ્રદ હતા. બ્રિટનમાં ટ્રાફિકની સમસ્યા વરસોથી જટિલ બનતી આવી છે. આ સમસ્યાને હલ કરવા ઠેઠ ૧૯૭૨ માં બ્રિટિશ સરકારે એક યોજના ઘડી હતી. એ યોજનામાં અમુક વિસ્તારનાં ચોક્કસ મકાનો તોડી પાડવાનાં પગલાંનો પણ સમાવેશ થતો હતો. હવે આ મકાનમાં રહેનારાઓએ પાર્લામેન્ટનાં ચોક્કસ સભ્યોનો સંપર્ક સાધીને એક દબાવ – જૂથ ઊભું કર્યું. "હોમ્સ, નોટ રોડઝ" - "અમારે મકાનો જોઈએ રસ્તાઓ નહિ" - એવું સોહામણું લાગતું સૂત્ર પોતાના મુદ્રાલેખ માટે પસન્દ કર્યું અને આન્દોલન શરૂ કર્યું. હવે બ્રિટનની સરકારની છેલ્લાં થોડાં વરસોની પરિસ્થિતિ એવી છે કે કોઈ ઝાઝી ઉહાપોહ ટાળી દેવાની જ એની વૃત્તિ હોય છે, એટલે એણે આન્દોલન સામે નમતું મૂક્યું, અને રસ્તા બાંધવાની યોજના ખોરંબે પડી. પેલા મકાનોમાં રહેનારાઓને લાગ્યું કે પાર્લામેન્ટ નહિ પરન્તુ તેમણે રચેલાં દબાવ જૂથે જ તેમને યારી આપી.

વળી પાછો ૧૯૭૪ માં બ્રિટિશ સરકારને ટ્રાફિક સુધારવા માટેનો કીડો સળવળ્યો અને આ વખતે તેમણે રસ્તાઓ પર જુદાં જુદાં વાહનો માટેની જૂદી જૂદી લાઈન રાખવા અંગેની પ્રવર્તમાન વ્યવસ્થામાં ફેરફાર સૂચવતી યોજના ઘડી. આ યોજના સામે વળી ટેક્સીવાળાઓનો અને બસવાળાઓનો વિરોધ ઊભો થયો અને આ લોકોના દબાવ–જૂથે આ બીજી યોજના પણ ખોરંભે પાડી. આજે બ્રિટનના ટ્રાફિકની પરિસ્થિતિ ૧૯૭૨ માં હતી તેના કરતાં પણ ખરાબ છે, કારણ કે દબાવ જૂથોના આ કે તે દિશામાંથી આવતાં દબાણને કારણે કોઈ પણ જરૂરી સુધારા બ્રિટિશ સરકાર કરાવી શકી નથી. અને દબાવ–જૂથોની લાગવગ હવે બ્રિટનમાં એટલી બધી-વધી છે કે, રોયલ સોસાયટી ફોર ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ - પ્રાણીઓ પ્રત્યે દાખવાતી ક્રૂરતા અટકાવવા માટેની શાહી સમિતિને પણ પાર્લામેન્ટ પાસે અને સરકાર પાસે પોતાનું કામ કઢાવવા માટે એક ખાસ પ્રચારક રાખવો પડ્યો છે! આ પ્રચારક પાર્લામેન્ટના સભ્યોને, સરકારના સભ્યોને મળે અને સમિતિની વધારે નાણાં માટેની કે એવી બીજી માગણીઓ માટે લાગતાવળગતાઓની સહાનુભૂતિ અને સહકાર મેળવવાનો પ્રયત્ન કરે. ટૂંકમાં એ પણ સમિતિની તરફેણમાં એક દબાવ–જૂથ ઊભું કરે.

વૃત્તપત્રો અંગે પણ આવાં દબાવ – જૂથો પ્રવૃત બને છે. અને ઉદ્યોગો અંગે તે ટ્રેડ યુનિયન રૂપી દબાવ–જૂથોનો પ્રભાવ ઘણો જ છે એવું પણ ચર્ચા દરમિયાન બહાર આવ્યું હતું. ચર્ચામાં ભાગ લેનાર લગભગ બધાઓએ કહ્યું હતું કે આ દબાવ-જૂથોની પેદાશ અમેરિકાની છે અને હવે લગભગ બધા જ દેશોમાં એની નિકાસ થઈ ચૂકી છે.

હા, સાચી વાત. મને તો લાગે છે કે, આપણા દેશમાં તો એની નિકાશ જ નહિ ડમ્પીંગ થયું છે. (ડમ્પીંગ એટલે ઢગલો બંધ માલ ઠાલવી દેવો તે) લાયસન્સો આપવા માટે તુલમોહન રાયે રચેલાં દબાવ જૂથની વાત તો જૂની થઈ ગઈ. આજે તો સંજય ગાંધી-જેના કેન્દ્રમાં છે તે એક મોટું દબાવ–જૂથ જ જાણે દેશનો કારોબાર ચલાવી રહ્યું છે. નહિ તો સંજય ગાંધી જેઓ એક સામાન્ય અને જૂનિયર સંસદ સભ્ય છે, તેઓ એમ કઈ હેસિયતથી કહી શકે કે મારી મુલાકાતથી જો આસામની પરિસ્થિતિ સુધરે એમ હોય તો હું આસામ જવા તૈયાર છું!

પણ દિલ્હીમાં જેમ સંજય ગાંધીનું એક વજનદાર દબાવ-જૂથ છે તેમ દરેકે દરેક રાજ્યમાં નાના મોટાં વજનના દબાવ–જૂથો છે. ગુજરાતમાં રતુભાઈ અદાણીનું એક દબાવ – જૂથ, તો માધવસિંહ સોલંકીનું બીજું દબાવ જૂથ મહારાષ્ટ્રમાં વસન્ત દાદા પાટિલનું એક દબાવ – જૂથ તો પ્રેમલાતાઈ ચલ્હાણનું બીજું. દબાવ જૂથ. ઝુંપડપટ્ટીઓ શહેરોના દેહને અનેક રીતે રોગિ બનાવે છે છતાં એ ઝુંપડપટ્ટીઓના મતો રાજકારણીઓને કામ લાગે છે. એટલે 'ઝુંપડપટ્ટી બચાવ - દબાવ–જૂથો' પણ ઠેર-ઠેર રચાયાં છે. મુંબઈમાં જે દબાવ–જૂથો પ્રવૃતિશીલ છે તેની જો ગણનરી કરીએ તો સારી જેવી સંખ્યા થાય. રસ્તાના નામો ન બદલવાના પ્રશ્નથી માંડીને થળ - વાઈશેટ ખાતે ખાતરનું કારખાનું ન નાખવાના પ્રશ્ન સુધી લાગતા વળગતાઓ પર દબાવ લાવવા માટેનાં દબાવ–જૂથો રચાયાં છે. અને કોઈ પણ પ્રશ્નનો નિર્ણય હવે રાષ્ટ્રિય હિતની દૃષ્ટિએ નહિ પણ આ કે તે બળવાન સ્થાપિત હિતની તરફેણ કરવાની દૃષ્ટિથી જ લેવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. આપણી પાર્લામેન્ટમાં આ કે તે ઉદ્યોગપતિની તરફેણમાં દબાવ નાખનારાં જૂથો હોવાની વાત ક્યાં બહાર નથી આવી?

અને તેથી જ પ્રશ્ન થાય છે કે, આ બધાં બિલાડીના ટોપના જેમ ફૂટી નિકળેલાં દબાવ–જૂથોના જંગલમાં બિચારી લોકશાહી ક્યાં ગુમ થઈ જશે? 'બ્રિટિશ પ્રજાએ પાર્લામેન્ટમાં વિશ્વાસ ગુમાવી દીધો છે." એનું દુનિયાની બધી પાર્લામેન્ટોની માતા ગણાતી બ્રિટિશ પાર્લામેન્ટ માટે જ, એ જ પાર્લામેન્ટના એક સભ્ય બોલે ત્યારે આપણામાંના લોકશાહી હિતચિંતકોને દુનિયાની ચિંતા થવી જોઈએ.

–મનુભાઈ મહેતા

મહાત્મા કબીરની વિચાર-સમૃદ્ધિ

સર્વધર્મસમભાવનો અર્થ બધા ધર્મમાં આપણને શ્રદ્ધા છે એવો નથી. કોઈ અન્ય ધર્મ તરફ આપણને વૈરભાવ- દ્વેષભાવ નથી એટલો જ થાય. નહિ તો આપણને આપણા ધર્મમાં અવિચલ અને સંપૂર્ણ શ્રદ્ધા છે એમ કેમ કહી શકાશે? 'પક્ષપાતો ન મે વીરે"- એનો સાર "મને ભગવાન મહાવીર સંબંધ પક્ષપાત નથી- ખોટો આગ્રહ નથી, પણ શુદ્ધ બુદ્ધિપૂર્વકનો સ્વીકાર જ છે" એવો છે.

અન્યમાં વિચારના કેટલાં અને કયા સારા અંશો છે એ જો આપણામાં સમભાવ હશે તો જોવામાં આવશે. એને આપણા ધર્મમાં જે અંશો છે તેની સાથે સરખાવતાં સામ્ય દેખાશે તો આપણને પ્રમોદ થશે. આવી રીતે તુલના કરતાં ધર્મ-ધર્મ વચ્ચેની ખાઈ ટૂંકી થશે અને વૈર-ઝેર ઘટશે. આપણા ધર્મ કરતાં બીજા બધા ધર્મો બધી જ રીતે ખરાબ છે, એવું કહેવું એ યુક્તિયુક્ત નથી. આપણે તો અનેકાંતવાદી એટલે એવું કહેવું એ આપણા પગ ઉપરજ કુહાડો મારવા સમાન છે. દરેક ધર્મને પાંચ-દસ સિદ્ધાંતો ભલે મૌલિક રહ્યા પરંતુ પછી એમાંથી નિષ્પન્ન થતી અન્ય વિચારધારાઓમાં ઘણી સમાનતા જોઈ શકાશે. ગુણ ગ્રાહિણી દૃષ્ટિ હશે તો એ પકડી પાડી શકાશે. કેવળ દોષ જ જોવો એ આપણા મનની જ વિકૃતિ બતાવે છે.

દરેક યુગે અને દરેક સ્થળે સમાન વિચારસરણી ધરાવનારા તત્ત્વચિંતકો પાકયા છે. કેન્ટ અને સ્પીનોઝા તથા શંકરાચાર્ય વચ્ચે અમુક સામાન્ય ભૂમિકા જે છે, તે ઉપર કરેલ વિધાનનું સમર્થન કરે છે. આવી સમાનભૂમિકા શોધવા પ્રયાસ કરવારૂપી બૌદ્ધિક વ્યાયામ કદી નિષ્ફળ નથી જતો. સદ્‌ગત ભારતરત્ન ડૉ. ભગવાનદાસે એક સુંદર પુસ્તક લખેલું છે, જે આ દિશામાં કરેલા ભગીરથ પ્રયત્નનું પરિપકવ ફળ છે.

પ્રસ્તુત લેખમાં કબીરવાણીના દિગ્દર્શનદ્વારા ભૂમિકા શોધવા થોડોક પ્રયત્ન કર્યો છે.

આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. કર્મના આવરણથી એનું એ સાચું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. વાદળો ખસી જતાં સ્વયંપ્રકાશી સૂર્ય દૃગ્ગોચર

થશે. ઘડો નિર્મળ હશે તો પાણી – ભલે પછી એ ગમે તે કૂવાનું હોય – નિર્મળ દેખાવાનું. અલબત્ત, પાણી પણ ગંદું ન હોવું જોઈએ. પાણી નિર્મળ હશે પણ ઘડો જ ગંદો હશે તો નિર્મળ પાણી પણ ગંદું લાગશે. કબીર કહે છે, આ બધી ભૂમિ કાશી જેવી પાવનકારી છે અને બધાં જ પાણી ગંગાના પાણી જેવા મળ વિનાના છે અને જ્ઞાનયુક્ત આત્મા રામ જ છે – અગર જો ઘટ નિર્મળ હોય. તાત્પર્ય કે જ્ઞાન પામેલો આત્મા – સમ્યક્‌જ્ઞાન મુકત આત્મા પોતે જ રામ છે અર્થાત "અપ્પા સો પરમપ્પા" એ જૈનાગમ – ભાષિત સૂત્ર સાથે કેટલો મેળ કબીરના એ પદનો છે એ જોઈ શકાશે. નિર્મળ ઘર અર્થાત દોષ વિનાનું, કષાયરૂપી મળ વિનાનું, નિષ્કામ મન, વાસનારહિત મન, પરમ તત્ત્વના દર્શનની પ્રથમ શરત છે. અને મન ચંગા તો ઘેર બેઠા ગંગા કે કથરોટમાં ગંગા એ વ્યવહારોકિતની ધડ પણ બેસાડી શકાશે. એટલે જ કબીરે ગાયું છે.

"સબ હી ભૂમિ બનારસી, સબ નીર ગંગા તોય;
જ્ઞાની આતમ રામ હૈ, જો નિર્મળ ઘટ હોય."

મન દોષ વિનાનું, નિષ્કલંક ન બને ત્યાં સુધી એમાં પરમાત્માનો વાસ ન થઈ શકે; અર્થાત આત્મા આત્મસ્વરૂપે વિલસમાન ત્યાં સુધી ન થાય જ્યાં સુધી અહં–અભિમાન, હુંપણું મનમાં હોય. કષાયની ચંડાળ-ચોકડી હોય એટલે ઈશ્વર અભડાય. જીવની વિભાવપરિણતિ અટકે તો એ આપોઆપ જ શિવ બની જાય અને શિવ બની ગયા પછી કોઈ ભ્રાંતિ, ભ્રમણા, અજ્ઞાન, અશ્રદ્ધા વગેરેનું પુનરાગમન શકય નથી. આત્મારામ એવી ઉચ્ચ દશાને પ્રાપ્ત કરે છે, કે એનું વર્ણન થઈ જ ન શકે. નેતિ, નેતિ દ્વારા એ નિજાનંદની સ્થિતિને વ્યકત કરવી હોય તો કરાય. કોઈના પણ માન્યામાં ન આવે એવી અસાધારણ આ સ્થિતિ છે. આ હકીકતનું સમર્થન કરતું કબીરનું નીચેનું પદ સરખાવો:

"આપા ખોયે હરિ મિલે, હરિ મિલત સબ જાય;
અકથ કહાની રામકી, કહે સો કોન પતિયાય?"

આપણે ખોવાઈ જઈએ તો પ્રભુ મળે. દીધા વિના પ્રાપ્તિ ન થાય, પૈસા ખર્ચીને ખરીદાય. અભિમાન છોડીને આત્મારામને મેળવાય. કંચન વેચી કોડી લેવાની નથી, કોડી વેચી કંચન લેવાનું છે. સોદો કરવા જેવો ખરો, અગર આવડે તો. વળી આ તો એવી બાબત છે કે શ્રીમંતાઈ પ્રાપ્ત થયા પછી દેવાળું કાઢવાનો વખત જ ન આવે. હરિ મળ્યા એટલે બધું દાળદર ગયું. મોક્ષ મળ્યા પછી મોક્ષ જ રહે. પુનરાગમનને અવકાશ નથી. આવી આ કહાણી છે. પણ વિશ્વાસ પડે તો ને? કબીર બળાપો કાઢે છે.

એકને સાધો એટલે બીજા કશાને સાધવાની જરૂરત નહિ રહે, મીંડા ગમે તેટલાં હોય પણ એ શું કામના? એકડો આગળ મૂકો તો એની કિંમત. આત્માને સાધો એટલે પરમાત્મા સધાયા જ છે. એ એકને સાધવાથી બીજી બધી જ ચીજ સધાઈ જ ગઈ છે. પણ એ 'એક'ને મૂકી બીજી પાછળ દોડવાથી કશું મળવાનું નથી. મૂળને પકડો–ડાળ, ડાંખળાંને નહિ. મૂળને પાણી પાવાથી આખું વૃક્ષ ફાલશે; ડાળ, પાંદડાં ફૂલ વગેરે આપોઆપ આવી મળશે. આ ભાવનું પ્રતિબિંબ કબીરના નીચેના પદમાં જોવા મળશે:

"એક સધે સબ કુછ સધા, સબ સાધે એક જાય;
જો તું સીંચે મૂલકો, ફૂલે ફૂલે અઘાય."

– અમૃતલાલ સ. ગોપાણી

અમ જીવનપંથ ઉજાળ....

વિનાશકાળ આવવાનો હોય ત્યારે માણસની બુદ્ધિ વિકૃત બને છે – ભ્રષ્ટ થઈ જાય છે, તેને સાચી વસ્તુ સમજાતી નથી. માનેલું સુખ મેળવવા માટે તે પોતાપણું ભૂલી જાય છે. કારણકે વિનાશકાળ આવવાનો છે તે તેને માટે નિશ્ચિત થઈ ગયેલી વાત છે એટલે તેને ભાવિ ભૂલાવે છે.

આ તો વ્યકિતની વાત થઈ, પરંતુ આજે આપણો સમગ્ર ભારત દેશ અને આપણા રાજકારણીઓ આ દિશાએ ચાલી રહ્યા છે. આંખ મીંચીને દોડી રહ્યા છે.

સત્તાના સુત્રો હાથવગા થયા પછી સારો વહીવટ કરવાને બદલે એશઆરામમાં ડુબે છે. જેને સત્તા નથી મળી તે અન્યને ખુરશી પરથી પગ ખેંચીને પાડવાની પ્રક્રિયામાં ગળાડૂબ છે. સતત આવી જ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. એક નેતા અન્ય નેતાને અને એક પક્ષ અન્ય પક્ષને જંપીને બેસવા દેતા નથી, કામ કરવા દેતા નથી.

હમણાં ચૂંટણી આવી રહી છે ત્યારે પગ ખેંચવાની વાત થોડો સમય એકબાજુ મુકીને સોદાબાજી શરૂ કરી છે. પક્ષાપલ્ટાઓ શરૂ થયા છે, જરા પણ શરમ કે સંકોચ વગર. પ્રજા ગળે આવી ગઈ છે. બધા જ પક્ષોમાંથી અને લગભગ બધા જ નેતાઓમાંથી તેનો વિશ્વાસ ઉઠી ગયો છે. ચૂંટણીમાં પણ પ્રજાને ખાસ રસ નથી રહ્યો. નેતાજીઓના નાટકના વિવિધ દાવો જોઈ જોઈને પ્રજા હવે ધરાઈ ગઈ છે. ચારે બાજુના અંધારામાં પ્રજા ઘેરાઈ ગઈ છે. કોઈ રસ્તો સૂઝતો નથી.

આ બધું ચાલી રહ્યું છે ત્યારે મન ગુંજવણ અનુભવે છે અને રાષ્ટ્રપિતા ગાંધીજીનું સ્મરણ થઈ આવે છે. તેમણે આ બધા તેમના અનુયાયીઓનું કેવું ઘડતર કર્યું હતું અને આજે શું જોવા મળે છે?

તેમના સિદ્ધાંતો અને વિચારસરણી તપાસીએ.

કાકાસાહેબ કાલેલકરે એક જગ્યાએ લખ્યું છે. "બાપુના ત્રણ શબ્દો સત્યાગ્રહ, અનાસકિત અને સર્વોદય. આ ત્રણ શબ્દો ગાંધીજીએ આપ્યા. ગીતામાં આસકિત શબ્દ છે, અનાસકિત નથી, તે ગાંધીજીએ યોજ્યો છે. હિંદમાં આવ્યા ત્યારે સત્યાગ્રહ શબ્દ લઈને આવ્યા, ગયા ત્યારે સર્વોદય શબ્દ આપતા ગયા અને જીવન અનાસકિતથી ચલાવ્યું. અનાસકિત એ જીવનનું વ્યાકરણ છે."

કબીરે કહ્યું હતું:

"ભગવાન તરફથી મળેલી ચાદર (મનુષ્ય-દેહ) સુરનર મુનિએ ઓઢી, પણ ગંદી કરી. દાસ કબીરે જેવી મળી હતી તેવી પાછી આપી."

જીવન માટે અનાસકિત કેળવવી એ જીવનસાફલ્યનો ઉપાય છે. તેથી જ અનાસકિત એ જીવનનું વ્યાકરણ છે.

આજે અસંખ્ય સંસ્થાઓ કામ કરે છે. એમાં પાપ પણ પેસતું જાય છે. એ પાપથી બચવું હોય તો સંઘશકિત કેળવવી જોઈએ અને તે સર્વોદય માટે જ વાપરવી જોઈએ. સર્વોદય એટલે અંત્યોદય. નાનામાં નાનાને ઊંચે લાવવાની વૃત્તિ તે સર્વોદય.

આજે આભ ફાટ્યું છે. માણસ નાસીપાસ થઈ જાય તેવી સ્થિતિ છે. તેમાંથી છૂટવાનો–પ્રાર્થના, એક જ ઉપાય છે. હૃદયની પ્રાર્થના અને પરિશ્રમ એ બે વસ્તુ તારશે. ઘેવાની બેંકમાં મૂડી વધારતા જવી, હાઝતો ઓછી કરવી, સેવાને માર્ગે સાત્વિકશ્રમ ખૂબ કરવો. દ્રવ્યની નહીં પણ શરીરની સેવા કરવી. એનાથી જ આપણે ટકી શકીશું.

'કાયદાથી ગુના ઓછા થવાના નથી. કાયદાથી સામા માણસને હેરાન કરી શકાય, પરંતુ તેથી લાભ નથી. હૃદયમાં ક્ષમાવૃત્તિ રાખીએ તો પોતાને પણ લાભ, સામાને પણ લાભ. આજે આપણા દેશમાં બહુ બગડયું છે. વિલાસમાં પડેલો રોગી, દાકતર બદલ્યા કરે તેથી રોગ નહીં મટે, તેણે તો પરહેજી પાળવી જોઈએ."

કાકાસાહેબનું કથન ઘણા સમય પહેલાનું છે. આજે તો બાજી સાવ વણસી ગઈ છે.

એક જગ્યાએ કાકાસાહેબે એમ કહેલું યાદ આવે છે કે "ગાંધીજી સૂર્ય હતા અને તેનું તેજ તેમના સેવકો પર પડતું હતું એટલે સાચા હીરા લાગતા હતા. ગાંધીજીના અવસાન સાથે તેમનું તેજ વિલિન થયું એટલે સેવકો જે ખરેખર તો કાચના ટૂકડા હતા તેનું ખરું દર્શન થયું..."

કાકાસાહેબની આ વાત કેટલી બધી સાચી છે!

છતાં, પણ આપણે તો પ્રાર્થનામાં શ્રદ્ધા રાખીએ. ખરા અંતકરણથી ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આમારા આગેવાનોને સાચો રસ્તો દાખવ. પ્રેમળ જ્યોતિ તારો દાખવી આમારો જીવનપંથ ઉજાળ.

શાંતીલાલ ટી. શેઠ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૩ : અંક : ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જૂન, ૧૯૮૦ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

* વિધાનસભાઓની ચૂંટણીના પરિણામો *

નવ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી થઈ ગઈ, પરિણામો આવી ગયા. જાન્યુઆરી ૧૯૮૦ની લોકસભાની ચૂંટણીનું મોટેભાગે પુનરાવર્તન થયું છે. સાત રાજ્યોમાં કોંગ્રેસ-આઈને સ્પષ્ટ બહુમતી મળી ગઈ છે, તેમાંથી બે રાજ્યો-ગુજરાત અને ઓરિસામાં ૩/૪ બહુમતી મળી છે. ત્રણ રાજ્યો, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ૨/૩ બહુમતી મળી છે. મહારાષ્ટ્રમાં લગભગ ૨/૩ બહુમતી મળી છે. પંજાબમાં પાતળી બહુમતી મળી છે. બિહારમાં બહુમતી મળી જશે તેમ ચોક્કસ લાગે છે. એક તામિલનાડુમાં ડી. એમ. કે. કોંગ્રેસ-આઈ જોડાણ નિષ્ફળ ગયું અને અન્ના ડી. એમ. કે.ને ૨/૩ બહુમતી મળી. તામીલનાડુનો અને કેટલેક દરજ્જે પંજાબનો દાખલો બતાવે છે કે જ્યાં પ્રાદેશિક પક્ષ મજબૂત છે ત્યાં કોંગ્રેસ-આઈ સફળ થઈ નથી. રામચંદ્રનનો ખરેખર ગૌરવભર્યો વિજય છે. તામીલનાડુની ધારાસભાનું વિસર્જન અયોગ્ય હતું તે પુરવાર થયું છે.

નવ રાજ્યોની વિધાનસભાઓનું વિસર્જન કર્યું ત્યારે જે નેમ હતી- આ રાજ્યોમાં કોંગ્રેસ-આઈની સત્તા સ્થાપિત કરવાની તે અસરકારક રીતે સફળ થઈ છે.

ચૂંટણીના પરિણામો આશ્ચર્યજનક કે અણધાર્યા નથી. જે પ્રકારનું વાતાવરણ છે તેમાં આવું પરિણામ સ્વાભાવિક લેખાવું જોઈએ કોંગ્રેસ-આઈને 'વિજય અપાવવામાં' સૌથી મોટો ફાળો વિરોધ પક્ષોના આગેવાનોનો છે. પ્રજાએ સંપૂર્ણપણે તેમનામાં વિશ્વાસ ગુમાવ્યો છે. કોને મત આપવો તે લોકોને મોટી મૂંઝવણ હતી. કોઈ વિરોધ પક્ષ બહુમતીમાં આવે તે સંભવ જ ન હતું. (તામિલનાડુની વાત જુદી છે.) લોકોએ એવી પરિસ્થિતિમાં શું કરવું? કેટલાક લોકોએ એમ માન્યું કે મત નિરર્થક જાય એવું શા માટે કરવું? તેથી કોંગ્રેસ-આઈના ઉમેદવારને મત આપ્યો. ઘણાં લોકોએ મતદાન ન કર્યું. કોંગ્રેસ-આઈના કમિટેડ મત હતા તે તો તેને મળ્યા જ. જેણે મતદાન ન કર્યું તેણે પણ આડકતરી રીતે કોંગ્રેસ–આઈને મદદ કરી. મતદાન ઓછું થયું તે પણ કોંગ્રેસ-આઈના લાભમાં હતું. ૪૦થી ૫૦ ટકા મતદાન. થયું. વિરોધ પક્ષો વિભાજિત હતા. એકબીજાને હરાવવામાં પોતાની પૂરી તાકાત લગાડી. પરિણામે બધા હાર્યા. એવી માન્યતા હતી કે લોકસભાની ચૂંટણી પછીના ચાર મહિનામાં, શ્રીમતી ઈન્દિરા ગાંધી, આર્થિક અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા કોઈ અસરકારક પગલાં લઈ શકયા નથી તેથી લોકસભાની ચૂંટણી જેટલી મોટી બહુમતી નહિ મળે. પણ લોકોને બીજો વિકલ્પ જ ન હતો. કોઈપણ વિરોધ પક્ષ વિકલ્પ તરીકે ગણાવી શકાય તેમ હતું જ નહિ. મોરારજીભાઈએ જાહેર કર્યું કે પોતે સાચું કહે તો કોઈ ઉમેદવાર ચૂંટાય નહિ. આ કથન જનતા પક્ષને અનુલક્ષી કહ્યું છે એમ લોકોએ માન્યું. પછી ખુલાસો કર્યો કે બધા પક્ષો માટે આ કથન હતું. ત્યાર પછી જનતા પક્ષને મત આપવા અપીલ બહાર પાડી. મોરારજીભાઈ જેવા આગેવાનના આવા અસંગત વલણથી લોકો શું વિચારે? વિરોધ પક્ષોના આગેવાનોથી લોકો કંટાળી ગયા હતા, ત્રાસી ગયા હતા. એટલે પવન બીજી દિશામાં વહે તેમાં આશ્ચર્ય નથી.

રાજકીય નિરીક્ષકો હવે વિશ્લેષણ કરશે. પણ એક હકીકત સ્પષ્ટ છે કે સમગ્ર દેશનું રાજતંત્ર સંભાળી શકે એવી કોઈ વ્યકિત હોય તો તે શ્રીમતી ઈન્દિરા ગાંધી છે. આ ઈષ્ટ છે કે નહિ તે જુદી વાત છે. જેઓ આ પરિસ્થિતિને ઈષ્ટ નથી માનતા તેમણે પણ વાસ્તવિકતા સ્વીકારવી પડે કે અત્યારે બીજો કોઈ વિકલ્પ નથી.

રાજકારણ નવો વળાંક લે છે. શ્રીમતી ઈન્દિરા ગાંધી હવે શું કરે છે તે ઉપર લોકો મીટ માંડી રહેશે. ઘણા વિકટ પ્રશ્નો તેમની સમક્ષ પડયા છે, તેમની આસપાસનું વર્તુળ તેમને બહુ સહાયરૂપ થાય તેવું નથી. મોટાભાગના, લગભગ બધા જ હજુરિયા છે. નેતા પ્રત્યેની વફાદારી એ એક જ ગુણ, પસંદગીનું ધોરણ રહ્યું છે. નહેરુનું વર્ચસ હતું. પણ તે સાથે કોંગ્રેસમાં અને વિરોધ પક્ષો સમર્થ આગેવાનો હતા. નહેરુ તેમને ઉત્તેજન આપતા. ઈન્દિરા ગાંધીની પ્રકૃતિ જુદી છે. તેમાં સંજય ગાંધી નવું તત્ત્વ ઉમેરાય છે.

લોકસભા પેઠે, આ વિધાનસભાઓનું સ્વરૂપ પણ જુદા પ્રકારનું છે. તેમાં ઘણા નવા અને અજાણ્યા માણસો છે. તેમાંના કેટલાય સંજય ગાંધીની પસંદગીના છે, ઘણાં યુવાન છે. જેમણે આઝાદીની લડતમાં ભાગ લીધો નથી, જેમને માટે ગાંધી-નહેરુ ભૂતકાળના અવશેષ છે. આ નવા સભ્યોના મૂલ્યો જુદા છે.

વર્તમાન વિરોધ પક્ષો–ભારતીય જનતા પક્ષ, જનતા પક્ષ, લોકદળ નામશેષ થયા છે. ભારતીય જનતા પક્ષ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં બહુમતી મેળવવાની આશા રાખતો હતો. બન્ને રાજ્યોમાં કોંગ્રેસ-આઈને ૨/૩ બહુમતી મળી. ઉત્તર પ્રદેશમાં ચરણસિંહ અને કેટલેક દરજ્જે બહુગુણા બહુમતીમાં નહિ તો પણ છેવટ સારી લડત આપશે એમ આશા હતી. તે પણ નામશેષ થયા છે. ગુજરાતમાં ખાસ કરી સૌરાષ્ટ્રમાં પટેલ જૂથ જોર કરશે એવી માન્યતા હતી. કેટલાક પટેલ આગેવાનો ચૂંટાયા છે પણ કોંગ્રેસ-આઈની બહુમતી જોતાં અસરકારક વિરોધ પક્ષ નથી. ગુજરાતમાં બાબુભાઈ પટેલ અને તેમના ઘણાં મંત્રીઓ, ઉત્તર પ્રદેશમાં બનારસીદાસ અને રામ નરેશ યાદવ, જેવા હારી ગયા. જનતા પક્ષના પ્રમુખે જ સ્વીકાર્યું કે તેનું કોઈ સ્થાન નથી રહ્યું. ચન્દ્રશેખર અને વાજપાઈ નિષ્ફળ ગયા છે. વિરોધ પક્ષો અને તેના આગેવાનોએ ઘણું અંતર નિરીક્ષણ કરવાની જરૂર છે. બિહારમાં જગજીવનરામની કોઈ અસર રહી નહિ. મોરારજીભાઈ નિવૃત્ત થયા છે. તેમ ચરણસિંહ અને જગજીવનરામે એ જ માર્ગે જવાનું છે. કોંગ્રેસ આઈમાં નવી આગેવાની શરૂ થઈ છે. વિરોધ પક્ષો પણ તે જ થવું જોઈશે.

આ વિજય કોંગ્રેસ-આઈ પક્ષનો નથી. આ વિજય ઈન્દિરા ગાંધીનો વ્યકિતગત છે. કોંગ્રેસ-આઈના ઉમેદવારો ઘણાં નવા હતા. તેની પસંદગીમાં ઘણો અસંતોષ હતો. કોંગ્રેસ-આઈના કાર્યકર્તાઓ વચ્ચે વિખવાદ હતો. છતાં તે પક્ષને આટલો વિજય મળ્યો છે, તે નિર્ણય લોકોનો ઈન્દિરા ગાંધીની આગેવાની માટે છે.

ઈન્દિરા ગાંધીએ વિકટ પ્રશ્નોને પહોંચી વળવું હશે તો ઘણાં આણગમતા અને કડક પગલાં લેવા પડશે. મોંઘવારી ફુંગાવો બેરોજગારી, ગરીબાઈ માઝા મૂકી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ શહેરોમાં જ કથળી છે તેમ નથી. શહેરનાં થતા ગુન્હાઓ છાપે ચડે છે. ગામડાંઓમાં અસામાજિક તત્ત્વોની ગુંડાગીરી પરાકાષ્ઠાએ પહોંચી છે. પોલીસ અને નીચેના અમલદારો આવા તત્ત્વોને પોષણ આપે છે. તેની પાસેથી સહાય મેળવે છે. તેનાથી ડરે છે. ચારે તરફ ભયનું વાતાવરણ છે, ભ્રષ્ટાચાર છે. આ મતદાનમાં પણ તેની અસર થઈ છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં ઘણી હિંસા થઈ છે.

આસામ અને પૂર્વાંચલનો મામલો ગંભીર છે જ. આ રાષ્ટ્રીય પ્રશ્ન છે. તેને હલ કરવા ઈન્દિરા ગાંધીને સમગ્ર દેશનો સાથ જોશે.

વિરોધ પક્ષો માત્ર વિરોધ ખાતર જરૂરના છે તેમ નથી. આટલા મોટા દેશમાં વિવિધ વર્ગો અને પ્રદેશોના પ્રશ્નોની નિર્ભય રજૂઆત થાય તે જરૂરનું છે. ધારાસભામાં કે પાર્લમેંટમાં મોટી બહુમતી

હોવી, એક રીતે ભયસ્થાન છે. પક્ષના સભ્યોમાં સ્વતંત્રતા ન હોય અને લોકશાહી વાતાવરણ ન હોય તો પક્ષનું દુર્ભાગ્ય લેખાય. સાચી હકીકત સત્તાવાળા સુધી પહોંચે નહિ. પક્ષના સભ્યો અમલદારોને દબાવે, પોતાના સ્વાર્થ માટે જ કામ કરે તો અંતે એવો પક્ષ ટકે નહિ. The legitimacy of a political party ultimately depends upon its performance. લોકોમાં જો નિર્ભયતા ટકી રહે તો આવા પરિણામ માટે અત્યારે બહુ ચિન્તાનું કારણ નથી. પણ શાસક પક્ષ, માત્ર અત્યારે પોતાની સત્તા ટકાવી રાખવા અને નિષ્ફળતા ઢાંકવા આપખુદી વાપરે અને સખત પગલાં લે તો, લોકો લાંબો વખત સહન નહિ કરે. વિરોધ પક્ષોના આગેવાનો અને કાર્યકર્તાઓનું સૌથી મોટું કામ એ છે કે સત્તાને ભૂલી જઈ, જીવંત લોકસંપર્ક સાધી, લોકોમાં નિર્ભયતા પેદા કરે અને જાળવી રાખે. કેન્દ્રમાં અને મોટાભાગના રાજ્યોમાં એક પક્ષનું શાસન થયું છે તેથી વ્યાકુળ થવાની જરૂર નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધીને લોકોનું કલ્યાણ કરવાની એક વધુ તક મળી છે. તેમનો આંધળો વિરોધ કરવાની જરૂર નથી. જાન્યુઆરી ૧૯૮૦થી અત્યાર સુધી જે રીતે કામ થયું છે તે બહુ આશા પેદા કરનાર નથી. પણ પોતાનો કાર્યક્રમ અને નીતિનો અમલ કરવામાં રાજ્યોનો સહકાર નથી એ બહાનું હવે શ્રીમતી ઈન્દિરા ગાંધી માટે રહેતું નથી. લોકોએ પૂરી તક તેમને આપી છે.

વર્તમાન ચૂંટણી પદ્ધતિ વિશે થોડું કહેવાનું રહે છે. ધારાસભાના નિર્વાચન ક્ષેત્રમાં ૮૦,૦૦૦થી એક લાખ મત હોય છે. આ વખતના મતદાનનું પૃથકરણ કરીએ તો ૪૦ થી ૫૦ ટકા મતદાન થયું છે. માનો કે એક નિર્વાચન ક્ષેત્રમાં ૪૫૦૦૦ મત પડ્યા. તેમાંથી ૨૦,૦૦૦ મત અથવા તેથી પણ ઓછા મત મળ્યા હોય તેવો ઉમેદવાર વિજયી જાહેર થયો છે. તેની સામે ૨૫,૦૦૦ કે તેથી વધારે મત પડ્યા છે, એટલે કે બહુમતી મતદાન તેની વિરૂદ્ધ ગયું છે. છતાં તે વિભાજિત હોવાથી સૌથી વધારે મત આ ઉમેદવારને મળે છે. કુલ મતોના ભાગ્યે જ ૨૫ ટકા અને થયેલ મતદાનના ૩૫-૪૦ ટકા મત મળ્યા હોય તેવી વ્યક્તિને તે નિર્વાચન ક્ષેત્રનો પ્રતિનિધિ કેમ કહેવાય? કોંગ્રેસ આઈના વિજયી જાહેર થયેલા ઘણા ઉમેદવારો આ પ્રકારના છે. મુંબઈમાં જ, લગભગ ૧૫ બેઠકમાં કોંગ્રેસ આઈને મળેલા મત કરતાં, વિરોધ પક્ષે કુલ મત વધારે પડ્યા છે. મુંબઈની જનતાએ કોંગ્રેસ–આઈને વિજયી બનાવી છે તેમ કહેવા કરતાં, વિરોધ પક્ષોએ પોતાની ફાટફૂટથી કોંગ્રેસ–આઈના ઉમેદવારોને જીતાડ્યા છે તેમ કહેવું વધારે યોગ્ય છે. કુલ મતોના નહિ તો, છેવટ મતદાનના ૫૧ ટકા ન મળે એવો ઉમેદવાર વિજયી ન ગણાય એવો કોઈક નિયમ હોવો જોઈએ. જો લોકશાહીને સજીવ બનાવવી હોય તો, સમગ્ર મતદાન પદ્ધતિ આમૂલ પરિવર્તન માગે છે.

૩–૫–૮૦ – ચીમનલાલ ચકુભાઇ

મૂર્તિભંજક વિદ્રોહી

બીજા મહાયુદ્ધ પછીના નવા યુરોપ પર સૌથી વધુ અસર પાડનાર મુત્સદ્દી અને ભડવીર યોધ્ધા તરીકે કોઈનું નામ પસંદ કરવાનું આવે તો મોટા ભાગના સમજુ યુરોપીયનો ટીટોનું નામ પસંદ કરે.

પણ એના કરતાંય ટીટોનું સાચું સ્થાન આ અર્ધીસદીના સૌથી મોટા વિદ્રોહી છતાં માનવીય મૂર્તિભંજક તરીકેનું છે.

સમાજના વિકાસમાં મૂર્તિપૂજા વિના ચાલતું નથી. દરેક જમાનો પોતાની મૂર્તિઓ ઉભી કરે છે અને તેની મારફત આદર્શની એકતા, ક્રિયાનો વેગ અને હાર વખતે શ્રદ્ધાજન્ય દઢતા કેળવે છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કે વૈશ્વિક સમગ્રતા અનુભવવા આવી મૂર્તિપૂજા અનિવાર્ય બની જાય છે.

પણ આ મૂર્તિપૂજા પોતે એક સ્થિતિસ્થાપક બળ બની આદર્શ, વિચાર કે હેતુની આડે એક સ્થાપિત હિત બને છે, પોતે સ્વયં આદર્શ, સ્વયં વિચાર કે સ્વયં હેતુ બની જાય છે. મોટા ભાગના મૂર્તિપૂજકોને આ સહજ લાગે છે અને મૂર્તિ એક પ્રતિક કે સ્વયં સત્ય નથી તે વાત સમજાતી નથી. મોટાભાગેથી તે સ્વીકારી શકાતી નથી. એવા બહુજ થોડા માણસો નીકળે છે જે મૂર્તિમાંથી જ્યારે સત્ય ચાલ્યું જાય ત્યારે તેને માટી માનીને પોતાના જ ઈષ્ટદેવને પાણીમાં પધરાવી દે.

જોસેફ બ્રોઝ-ટીટો આવા બહુ જ થોડા માણસોમાં હતા.' યુગોસ્લાવિઆને ચાર વર્ષ હિટલર સમા માંધાતા સામે ગેરિલ લડાઈ લડી સ્વતંત્રતા અપાવી એ સિદ્ધિ છે, પણ તેવી રીતે બીજા દેશો પણ સ્વતંત્ર થયા છે.

વિવિધ ભાષા, સાંકુચિત વલણો અને વારસો ધરાવતી છ પ્રજાઓને એક રાષ્ટ્રમાં પરિવર્તિત કરી જેમાં મોંટેનાગ્રો તો માત્ર ૪ લાખની વસતી ધરાવતું છે, જેમાં તુર્ક મુસ્લીમો પણ છે. રોજની મારામારીમાં સદીઓથી પાયમાલ થતાં ઘટકોમાંથી રાષ્ટ્ર નિર્માણ કર્યું તે જેવી તેવી સિદ્ધિ નથી, આજ બાલ્કન રાજ્યો પહેલા યુરોપીય યુધ્ધની જાપ્રગરી રૂપ નીવડ્યાં હતા - તે યાદ રાખવા જેવું છે અને તે પછીથી બીજા યુધ્ધના ગાળામાં પણ આ ઘટકોમાં વસતી સાંકુચિત, ઝનૂની પ્રજાઓએ એકબીજાની ઘૃણા ઉપજાવે તેવા એકબીજાની જાનવરી કતલો પણ આ ગેરીલા લડાઈ દરમિયાન પણ કરી હતી.

આમાંથી એક સંઘરાજ્ય - ન્યાયના પાયા પર અને વૈવિધ્યને આવકારીને ટીટોએ કર્યું, તે જેવી તેવી સિદ્ધિ નથી ખાસ કરીને જે પચ્ચીસીમાં હરેક મતભેદનો ઉપાય ભાગલા જ છે. તેવું થયું–કોરિયા, વૈયેટનામ, રોડેશિયા, જર્મની, કેટલા યાદ કરવા - તે વખતે ભાગલાને સાંધવાનું ટીટોએ કર્યું.

માર્શલ ટીટોએ પોતાના પ્રદેશમાં વસતા છ ઘટકોને સમાજવાદી મૈત્રી સંઘમાં સંગઠિત કર્યા તે તેને શુધ્ધ અર્થમાં મુત્સદ્દી અનન્ય રાજ પુરુષના સ્થાને બેસાડે છે, જર્મનીને એક કરનારો બિસ્માર્ક તેની પાસે ઝાંખો પડે છે. છતાં આ પણ તેની ચરમસિદ્ધિ નથી. તેની યશપતાકા તો એકલે હાથે રશિયાની આપખૂદ રાક્ષસી શક્તિને પડકારી પરાસ્ત કરવામાં, તેને હાર કબુલ કરાવી સમાજવાદના એકથી વધારે રાહ હોઈ શકે તેવો નવો રાજમાર્ગ આંકી દેવામાં છે. યુરોકોમ્યુનીઝમ, આફ્રિકામાં વિવિધ તબક્કે વિવિધ ગતિએ સમાજવાદ તરફ જતા નાના રાષ્ટ્રો. ટીટોની આ સિદ્ધિનાં સંતાનો છે. ક્યુબાથી માંડી બર્મા સુધી ટીટોની આ પ્રચંડ મૂર્તિ વિશાળ છત્રીની જેમ બધા સમાજવાદીઓ પર છવાયેલી છે. ભવિષ્યમાં તેનો પરીઘ વધતો જશે. એક મુખી–ઉન્મત્ત કમ્યુનીઝમના વિસ્તરતા સામ્રાજ્ય સામે હરેક સ્થળે ટીટોવાદ ખડો થશે.

ટીટો સ્ટેલીનનો ભકત, રશિયા તેને મન મકકા તેનો એક એક શબ્દ કુરાનની પવિત્ર આયત જેવો. તેના વેણમાં શકા કરવી તે ટીટોને મન મહાપાપ તેની નિંદા અક્ષમ્ય અપરાધ હતો. તેની ભૂલો પણ જગતના ભલા માટે હતી.

યુરોપના બધા કમ્યુનીસ્ટ આગેવાનો આજ માન્યતામાં ઉછર્યા અને જીવતા હતા. હા, યુરોપના લોકશાહી સમાજવાદીઓ કેટલાક સાહિત્યકો અને ચિંતકોએ રશિયાને 'ગોઠ પેટ ફેઈલ્ડ' 'દેવાળું કાઢેલ દેવતા' જાહેર કરેલ. રાજ્યને સુકવી નાંખવા નીકળેલા સામ્યવાદીઓ રાજ્ય સંસ્થાના પૂજકો અને જબ્બર સમર્થકો બની ગયા છે. સહુને સ્વતંત્રતા આપવા નીકળેલા સ્વતંત્રતાનું ગળું ઘુંટનારા ગુલામોનો દ્વીપસમૂહ રચનારા બની ગયા છે, તેમ બીજા વિશ્વ-યુધ્ધ પહેલાં જ સ્પેન્ડર, 'મધ બપોરે અંધારવાળા' કોસલર વિગેરે કહી દીધેલું. પણ એમાંના કોઈ માર્કસિસ્ટ કે કોમ્યુનિસ્ટ નહોતા. ટીટો તો પ્રતિબધ્ધ માર્કસિસ્ટ કમ્યુનીસ્ટ અને વળી આગેવાન રશિયા તેનું આરાધ્ય અને સ્ટેલિન તેનો રખેવાળ, તેની સામેનો વિરોધ ઓટલે ગર્ભાવસ્થામાં જ બાળકે મા સાથેનો નાળ સંબંધ કાપી નાખવા જેવી જીવન-મરણ વચ્ચેની પસંદગી.

રશિયા સાથેના ઝગડા વખતે યુગોસ્લાવિયાનો હજુ પૂરો જન્મ નહોતો થયો. પ્રસવ વેદના ચાલતી હતી. ભાગતા-નાસતા જર્મનો હજુ છુટા છવાયો સામનો કરતા હતા. નાનકડા દેશમાં ચાર વર્ષમાં ૧૭ લાખ સૈનિકોની ખુવારી થઈ હતી. પશ્ચિમના લોકશાહી દેશો બ્રિટન, અમેરિકા આ નવા રાષ્ટ્રને મદદ કરવા તૈયાર ન હતાં. હા, લડાઈ દરમિયાન ચર્ચીલે મદદ કરેલી, રશિયા કરતાં વધારે મદદ કરેલી, પણ આ નવા રાષ્ટ્રમાં નામનો પણ રાજા હોય, આણીની પળે નાસી છૂટેલો હતો તે રાજા કે તેનો રીજંટ પ્રતિનિધિ હોય તેવો તેનો આગ્રહ હતો. તે દાવપેચ પણ હોય.

દેશમાં આંતરવિગ્રહ હજુ શમ્યો નહોતો. રોમન કેથોલિકો, નાસ્તિક કમ્યુનિસ્ટો સામે તેના અનુયાયીઓને ઉશ્કેરી રહ્યા હતા.

આર્થિક રીતે ચાર વર્ષના ખૂનખાર સંગ્રામ પછી ચારેબાજુ ભંગાર–પાયમાલી હતા. ખેતી, ઉદ્યોગ, વેપાર, શિક્ષણ બધુ પાયાની પહેલી ઈંટથી શરૂ કરવાનું હતું અને તે પણ કોઈના ઓશિયાળા રહ્યા વિના.

ટીટોની રગેરગમાં એ બે મંત્રો પચી ગયા હતા. ઓશિયાળાપણાનો અભાવ. એ કોઈપણ પ્રજાની સ્વતંત્રતા–સ્વમાનનો પહેલો પાયો છે.

અને બીજો મંત્ર સમાજવાદ એટલે સાથે ચાલનારા હમરાહો વચ્ચે સમાનતા.

આ પાયા પર તેણે રૌન્ય ઊભું કર્યું હતું. સંગ્રામો ખેલ્યા હતા, જર્મનોને આ પહાડી મુલકમાં થકવીને પરાસ્ત કર્યા હતા.

સ્વમાન અને સમાનતા હવે સ્વતંત્રતાના પહેલા અરુણોદય વખતે જ રશિયન સામ્યવાદે, સ્ટેલીને તેની પાસે માંગ્યું હતું.

૧. રશિયા આખા યુગોસ્લાવીયાના તેલના ભંડારોનું સંશોધન ઉત્પાદન કરે તેને તે માટે ખાસ અધિકારો મળે, કરવેરાની રાહતો મળે અને પોતાની વસાહતોમાં સ્થાનિક કાનૂનોથી પર આંતરિક સ્વાતંત્ર્ય મળે. બરાબર આરંભના અંગ્રેજ ફ્રેંચ સામ્રાજ્યવાદીઓ જેવું.

૨. રશિયા યુગોસ્લાવીયાની બધી બેંકીંગ વ્યવસ્થા સંભાળે.

૩. યુગોસ્લાવીયામાં ખનીજો છે, તેને શોધી કાઢવા, શુદ્ધ કરવાની બન્નેની સંયુકત કંપનીઓ કરવી, આ કંપનીઓનો ઉત્પાદક કાર્યક્રમો રશિયાની અનુમતિ વિના હાથ પર ન લેવા.

૪. આ બધાં સાહસોની પેદાશ રશિયાને જરૂર હોય ત્યાં સુધી તેને કે તેની મારફત જાય.

બધી વિગતો નોંધવાની જરૂર નથી, પણ આ શરતોનો અર્થ એટલો જ હતો કે યુગોસ્લાવીયા રશિયાનું સંસ્થાન થઈ જાય અને તેનો વિકાસ રશિયાના અનુસંધાને જ થાય.

પોલાંડ, રૂમાનીયા, હંગેરી, ઝેકોસ્લાવીયા પૂર્વજર્મની – આવાં સંસ્થાનો બની ચૂકયાં હતાં, પણ એ બધાંને તો રશિયન લશ્કરોએ છોડાવ્યા હતા.

યુગોસ્લાવીયાને રશિયા-બ્રિટનની મદદ મળી હતી, પણ તેઓ લડયા હતા પોતાના પગ પર.

એટલે ટીટો માટે આ દરખાસ્તો માથા પરના મરણતોલ ફટકા સમાન હતી.

બ્રિટન–અમેરિકા જેવા મુડીવાદી સામ્રાજ્યવાદી રાષ્ટ્રો પણ આવી શરતો કરતાં નહોતાં. ખુદ રશિયાએ ઈરાન સાથેના તેલ કરારમાં આવી શરતો કરી ન હતી.

આ રશિયા? જેનું પોતે આજ સુધી ભજન-પૂજન-ઈશ્વર સમજીને કર્યું હતું. તે આ?

શોષણ નાબુદ કરી, સર્વના ભાતૃભાવ ફેલાવવાનો પયગંબરી સંદેશ લઈને નીકળેલ રશિયા અંદરથી આટલું બધું સામ્રાજ્યવાદી? આની સેવા-પૂજા પોતે કરી?

તે દિવસો અને રાતો ટીટો અને તેના સાથીદારો માટે તીવ્રતમ વેદના અને મંથનની હતી.

આ�ઠ ક્રોડની વસ્તીનું આખું પૂર્વ યુરોપ રશિયાએ સર કર્યું હતું, અને ઈગ્લાંડ, અમેરિકા તેને રોકવા આંગળી ઉંચી કરી શકયા નહોતા. યુગોસ્લાવીયા આ જબ્બર શકિત સામે વામનની જેમ લડવા જાય તો કેટલાં અઠવાડિયાં ટકે? તેને પડખે કોણ ઉભું રહે? ફરી એજ ડુંગરા, ગુફાઓ, જંગલો વચ્ચે રહી લડાઈ આપવી પડે તો?

પણ યુગોસ્લાવીયા જો પોતાની ઔદ્યોગિક વિકાસ પોતાની રીતે ન કરી શકે તો આ ૧૭ લાખ માણસોનો ભોગ આપ્યો શા માટે?

રશિયન પ્રતિનિધિ પેટ્રોવે તો તેમને સાફ કહ્યું હતું "તમારે ઔદ્યોગિક વિકાસ કરીને શું કામ છે? અમે યુરોપમાં ખૂબ ઔદ્યોગિક વિકાસ કર્યો છે, તેમાંથી તમને જોઈતું બધું મળી રહેશે."

સ્ટેલીને કુશ્ચેવને કહેલું હતું "મારી ટચલી આંગળી હલાવું અને ટીટો ખલાસ".

ટીટોએ મધ્યસ્થ સમિતિ બોલાવી, રશિયન દરખાસ્તો, સ્ટેલીન-મોલોટોવનો પત્ર તેમની સામે મૂકયાં. જેમાં ટીટો, જેલાસ, કાર્ડેની વિગેરે સામે માર્કસીટ, લેનીનીસ્ટ વિચારસરણીથી જુદા પડવાના આક્ષેપો હતા. ટીટોએ ઘડેલ પત્રમાં જવાબ આપ્યો જેમાં વિવેકપૂર્વક ઈન્કાર હતો, બધા જોખમોનો સ્વીકાર હતો.

બે સિવાયના બધા સભ્યોએ ટીટોના આણનમ વલણને ટેકો આપ્યો અને જે બે જણે વિરોધ કર્યો તે રશિયન જાસુસ બની ગયા હતા, તેમ પાછળથી જણાયું.

આ ચર્ચાના ગાળા દરમિયાનમાં એ પણ સ્પષ્ટ દેખાયું કે રશિયા અને યુગોસ્લાવીયાના માર્ગો–પદ્ધતિઓ જુદી હતી, એક એક હથ્થુ સાત્તામાં માનતું હતું. બીજુ લોકસમૂહ સાથે ભાગીદારો અને ચર્ચા વિચારણામાં. એક રાજ્યની સત્તા વધારવામાં માનતું હતું. બીજા રાજ્યની સત્તા ક્રમશ: ઘટાડી લોકોની સત્તા વધારવામાં. એક તાબેદારોમાં માનતું હતું. બીજા બિરાદરીમાં. જો ઊંડાણથી જોવામાં આવે તો બને માર્કસવાદી હોવા છતાં એક કમ્યુનીસ્ટ જાહેરનામા પછીના માર્કસમાં, અને બીજા કમ્યુનીસ્ટ જાહેરનામાં પહેલાંના માનવીય માર્કસમાં માનતા હતા તેવું દેખાય. એ ગાળા દરમિયાન એવું પણ બહાર આવ્યું કે રશિયનોએ વિવિધ ખાતાઓમાં પોતાના યુગોસ્લાવીયન જાસુસો મૂકયા હતા, એટલું જ નહિ, તે તેની લશ્કરી ટુકડીઓએ યુગોસ્લાવ સ્ત્રીઓ પર ૧૨૧૯ બળાત્કારો ૯૯૧ ખૂન સાથેના બળાત્કારો ૨૪૮ ખૂનના પ્રયત્ન સાથેના બળાત્કારોના કિસ્સા નોંધાયા હતા. ૧૨૪ હિંસાત્મક લૂંટના કિસ્સા બહાર આવ્યા, અને આ વિષે ફરિયાદ કરવા જતાં રશિયન સેનાપતિએ રશિયન લશ્કરની આવી નિંદા કરવા માટે વિરોધ કર્યો હતો.

ટીટોએ સ્પષ્ટ કર્યું કે યુગોસ્લાવીઆ મુડીવાદી રાહે જવા માગતું નથી, સમાજવાદી જ રહેવાનું છે. તે રશિયાનું પણ મિત્ર રહેવા માગે છે, પણ સંસ્થાન નહિ. સમાન દરજ્જે વ્યવહાર ન થઈ શકે તો યુગોસ્લાવીયા એકલું માર્ગ કાપશે. જર્મન સામ્રાજ્યવાદની લડત પૂરી થઈ હતી અને જાણે બીજી સંધ્યાએ જ એ અધુરી રહેલી લડાઈ રશિયન સામ્રાજ્યવાદ સામે શરૂ થઈ. વિમાસણનો પાર ન હતો, પણ સાચા માર્ગે ચાલનારા સૌનો પણ કોઈક રખેવાળ, કોઈક ભગવાન કયાંક છે. સ્ટોઈક લોકો તેને અણપ્રીછ્યો મિત્ર કહે છે. રશિયનોએ હુમલો કરવા હિમ્મત કરી નહીં, યુગોસ્લાવીયા સામે નિંદાની ઝુંબશ ચલાવી, કોમીફોર્મ સામ્યવાદી સંઘમાંથી કાઢી મૂકયું, એમાં જોડાયેલા બધા દેશો પાસે વિરોધ કરાવ્યો, આર્થિક કરારો નાબુદ કરી આર્થિક ભીંસ કરી, પોતાના તજજ્ઞોને પાછા બોલાવી વૈજ્ઞાનિક કોશલ્યની ખોટ ઊભી કરી, ટીટો વિગેરેને ભાગેડું ટ્રોહીનો શિરપાવ આપ્યો.

પણ આક્રમણ ન કર્યું કારણ કે યુગોસ્લાવીયાની પ્રજા ટીટોની પછવાડે લડી લેવા તૈયાર હતી, ઉપરથી અન્ય લોકશાહી રાષ્ટ્ર પણ સમજી ચૂકયાં હતાં કે સમાજવાદમાં પણ એક જ કેન્દ્ર ન હોય, તેમાં વિવિધ કેન્દ્રો, વિવિધ માર્ગો હોય તે લોકશાહી રાષ્ટ્રોના લાભમાં છે, એથી કોઈ રાજકીય શરતો લાધ્યા વિના ટીટોને મદદ કરવાની ખાત્રી આપી.

આમ ટીટોએ કોઈક જ કરી શકે તેવું કાંઈ કર્યું, પોતાને હાથે ઊભી કરેલ સ્ટેલીનની રશિયન સામ્યવાદની મૂર્તિનું ખંડન કર્યું.

અને સ્ટેલીનનાં મૃત્યુ પછી રશિયાની ૨૦મી સામ્યવાદી પરિષદમાં કુશ્ચેવે સ્ટેલીનના કુકૃત્યો ઉઘાડાં પાડી તેનું વિલીનીકરણ કર્યું ટીટો સાથે મેળ કરી જાહેર કર્યું કે "સમાજવાદ તરફ જવાના એકથી વધારે રસ્તા હોઈ શકે છે, હરેક રાષ્ટ્ર પોતાના સંજોગો પ્રમાણે તે રાહ ઠરાવી શકે છે? "આ જાહેર રીતે સ્વીકાર્યું ટીટોએ પોતેજ એક સંવાદદાતાને કહ્યું છે." ઈતિહાસનું કોઈપણ આંદોલન પોતાને કાયમી કરવાનો પ્રયાસ કરે છે ત્યારે પ્રત્યાઘાતી બની જાય છે."

સમયસરના મૂર્તિભંજકોની જગતને જરૂર છે.

મનુભાઈ પંચોળી–દર્શક

અભ્યાસ–વર્તુળ

વકતા : ડૉ. જયંત એસ. શાહ (પ્લાસ્ટીક સર્જન)
વિષય : પ્લાસ્ટીક સર્જરીના મારા અનુભવો
તારીખ : ૧૧–૬–'૮૦ બુધવાર સાંજના ૬–૧૫
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

ડૉ. જયંત એસ. શાહ જાણીતા પ્લાસ્ટીક સર્જન છે.

વાર્તાલાપ બાદ પ્લાસ્ટીક સર્જરીના કેસોની સ્લાઈડો બતાવવામાં આવશે.

સૌને સમયસર ઉપસ્થિત થવાનું હાર્દિક નિમંત્રણ છે.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર અભ્યાસ–વર્તુળ

☆ વિશ્વરૂપ આત્માની ખોજ ☆

[વિદેશ-પ્રવાસના પુસ્તક 'ગ્રૂસ ઘાઇન ગોટ'નું છેલ્લું પ્રકરણ]

જર્મની, ઈંગ્લેન્ડ અને કેનેડામાં મને કામ કરવા નિમંત્રણ મળ્યું હતું. બેથી અઢી હજાર ડોલર એટલે લગભગ એકવીસ હજાર રૂપિયા મહિનાનો દરમાયો થાય. 'માસ્તર'ની લહેરથી વાપરો તોય પાંચેક હજાર રૂપિયા મહિને બચાવી શકાય. ઉત્સુકતાથી ઓફર સાંભળી પણ મન ન થયું. ત્યાંની થીજાવી નાખે એવી ભૂખરી એકલતા ન જિરવાય. કામ તો અહીં આપણા રંક ભારતમાં ઢગલો ભરીને પડ્યું છે, ને એમાંય શિક્ષકને માટે તો આ દેશ છોડી જવો તે પાપ જ ગણાય, આત્મદ્રોહ ગણાય!

ક્યારેક યક્ષપ્રશ્નોત્તર મનમાં ચાલે છે. પૂછે છે કે બંધુ, આ દેશ, એટલે કયા દેશમાં રહેવા માગો છો? કલકત્તામાં સાયકલના પેડલ પર ઊંચો થઈ જઈ રિક્ષાવાળો શ્વાસની ધમણ પર પરસેવાની ધાર ઢોળતો–ઢોળતો એક ઘવાયેલી સંસ્કૃતિને ઊંચકીને લઈ જઈ રહ્યો છે એ દેશમાં? દિલ્હીમાં ખખડતી શરાબની પ્યાલીઓ વચ્ચે જે લોકો પક્ષાંતરની શતરંજ રમી રહ્યા છે તે દેશમાં? સ્વર્ગમાં વણાયેલી ઝળાંઝળાં સાડી પહેરીને મુંબઈની દરેક મહિલા એક ભિખારણને નગ્ન જોતી અવિહ્વળ ચાલી જાય છે તે દેશમાં? પાંવ-ઉસળને ભેળપુરીના ઊડતા કાગળના ડૂચાઓએ જે દેશના રસ્તેરસ્તાને ગંદકીની કચરાપેટીથી ભરી દીધા છે તે દેશમાં? ઘોડાગાડીવાળાઓ, રીક્ષા-ટૅક્સીવાળાઓ અને ભારખાનાંવાળાઓના સતત ભોં ભોં, કારખાનાનાં ભૂંગળાંઓના ધૂમાડાનાં પ્રદુષણો, ઉકરડા પર ઊભા ઊભા ગાળગલોચી ને મારામારી કરતા લોકોથી ખરડાતા દેશમાં? બેઈમાનીને બ્રહ્મસૂત્ર ગણાવવા ઊંચા કરેલા હાથોમાં પાટિયાં ઝાલી સૂત્રોચ્ચાર કરતી સરઘસાકારે ચાલી જતી પ્રજાના દેશમાં? દરેક સરકારી ટેબલ પર લાંચરુશ્વતની નોટ પર દબાતા કેન્સરની ગાંઠ જેવાં પેપરવેઈટોના દેશમાં? સત્ય અને પ્રેમના ચહેરાને યુક્તિ-પ્રયુક્તિ અને દાવપેચના ડામરથી-ખરડાવામાં આવે છે એ દેશમાં?

હા, એ જ દેશમાં. હું જાણું છું કે આ અભાગી દેશની યાતનાનો કોઈ અંત નથી. હું જાણું છું કે એના બુદ્ધિમાન અને સુખી દીકરા-દીકરીઓએ મમતાપૂર્વક એની ધૂળને માથે ચઢાવી નથી. દીન, હીન, અછૂત એની બસ્તીને ફરી ગાંધીની જેમ કોઈએ પસવાર્યો નથી. બુટપૉલીશ કરતા કે, હોટેલનાં કપ-બસી ખખડાવતા નાદાન લહેરી છોકરાઓને કોઈએ નિશાળે મોકલ્યા નથી. ભીખ માગતા દુર્ભાગીઓને માટે કોઈએ માનું કે બાપનું ઘર ખોલી આપ્યું નથી. કોઈ રવિન્દ્રનાથ, કોઈ વ્હિટમાનની જેમ એની પ્રજાનું ગીત ગાવા, એની પ્રજાની રાહ જોવા આજે કોઈ કવિ ઊભો નથી. ક્યાંક દૂર ઊભો ઊભો નિર્મમ ભાવે કવિ બેહાલ થતી જિંદગીને જોઈ રહ્યો છે પણ બોલતો નથી. વૈજ્ઞાનિક, મોટો દરમાયો લેવા એના સંશોધનોને વેચે છે. દિલ્હીના ચાંદની ચોકમાં તો કેટલાક લોકો માં ભારતીને જ છડેચોક વેચે છે. લીધા-દીધાના શેરબકોરમાં અહીં દરેક જણ હવે એકબીજાને ખરીદે છે અને વેચે છે. ક્યારેક નિરુદ્યમી બાવાઓના જંગલી ઝૂંડો આ ભોળી પ્રજાને મેલડી માતાની માનતા બંધાવે છે. ક્યારેક ઊંઠો ભણેલો મૂર્ખ જ્યોતિષી ચકલી પાસે આખી પ્રજાનું ભાગ્ય ભખાવે છે. સવા રૂપિયાના ગૌદાનમાં પુરોહિતો હજીયે આ દેશમાં વૈતરણી તરાવે છે.

એટલે તો આ દેશમાં રહેવું છે, એના પાંચ-પચ્ચીસ છોકરા-છોકરીઓને સત્ય કહેવું છે, પ્રેમ સમજાવવો છે. પ્રજાને કવિતામાં ઘૂંટાતા રસના બે ઘૂંટડા પિવડાવવા છે ને પીવા છે. કોઁક નાનકો ને કોઁક છગનો ભૂણતો ઊઠી જવાનો હોય તો એને નિશાળે મૂકવો છે. બીજાને પગની આંટી મારવાનું શીખતા જુવાનડાને પગ ઉઠાવી લેવા વિનવવાનો છે. એના હાથ ને પગ તો પ્રભુએ કોઈ આંધળાને ને લૂલાને દોરીને લઈ જવા આપ્યા છે એમ એને કહેવાનું છે. કોઈ ઉછાંછળી છોકરીને કૃષ્ણ કે ઈશુના જન્મની કથા કહેવાની છે. આખી પ્રજાની વચ્ચે પલાંઠીવાળીને માણ-ભટ્ટની જેમ હરિકથા કરવાની છે. આ વનની પેલી મેર નીકળી જવા પહેલાં તો થોડાંક અધૂરાં રહી ગયેલાં સપનાંને ઝટઝટ દાબડીમાં ભરી લેવાં છે. બધું ઝટઝટ આટોપી લેવું છે. ગીતાના અઢારે ય અધ્યાય પૂરા થતામાં તો સુદૂર આકાશના મંદિરમાં બજી ઊઠતા ઘંટનાદોમાં તલ્લીન થઈ જવાનું છે ને પોતાના જ કાનમાં કહેવાનું છે કે બંધુ, ચાલ સામે કાંઠેના ઉત્સવમાં... હવે પ્રેમને પ્રેમ સિવાય કોઈ અનુભવ નથી.

થાય છે કે ક્યારેક દટાઈ ગયેલી નગરીની ધૂળ ખંખેરીને કોણાર્કના અશ્વોનો હણહણાટ સાંભળશે. કોઈ રાજકુમારીના સ્વપ્ન જેવો રથ આવશે. કોઈ પાલખીમાં પ્રભુને પધરાવીને આગળ ચાલતાં ચૈતન્ય કે મીરાંનાં પદ સાંભળાશે. દૂરના આકાશમાં મહાવીર, બુદ્ધ અને શંકરના બુદ્ધવચનો સંભળાશે. તક્ષશીલા અને નાલંદાના સ્થવિરો વિચરતા દેખાશે. ઋષિમુનિઓ નદીતટે ઋચાઓ બોલતા હશે તેનો અવાજ આપણી શેરીઓમાં સંભળાશે. રામપાદુકા પાસે યુગોથી ઊભેલા ભરત હિમત કરતા ઊભા હશે. રામરાજ્યનો નકશો લઈ ઊભેલા જાનકી વગરના કરુણ-આર્દ્ર રાઘવ વસિષ્ઠ સાથે આખરી વિષ્ટિમાં બેઠા હશે. વિશ્વરૂપદર્શન કરતા અર્જુનની સન્મુખ ત્રિભુવન મનમોહન પરમ સખા શ્રીકૃષ્ણ પાર્થને શિરે પ્રેમસ્પર્શ કરતા હશે.

હું માનું છું કે બધું સારું થશે. સારું નહિ થાય તો તો હવે યંત્રવિજ્ઞાનયુગમાં મનુષ્યજાતિ બચવાની જ નથી. એટલે તો હું વધુ આશાવાદી છું. પૂર્વજોની પેઢીઓએ વેઠેલાં દુઃખોનાં ચિહ્નો સમુદ્રો અને જ્વાળામુખીના ડાઘમાં નવી પેઢી નહિ જોઈ શકે? બીજા વિશ્વયુદ્ધમાં તૂટેલાં ડુસેલડોર્ફ અને બર્લિનનાં દેવળો અને બર્લિનની દીવાલને પીંડાનાં અધ્યાય લેખે નહિ વાંચે? યુદ્ધ કરવું તે આકાશની ચામડી ચીરીને એના જોડા સીવવા જેવું દુષ્ટ કાર્ય છે, એ હવે કહેવું જરૂરી છે? શોષણ, ગુલામી અને રક્તપાતનાં પૃથ્વી પર પડેલા કલંકોને એ લોકો વરસાદની ધારામાં હવે નહિ ધોઈ નાખે? તાજો વરસાદ તો દરેક વર્ષા ઋતુએ વરસે છે. એમની એટલી સંવેદનાની માત્રા હવે નહીં વધે કે કોઈ પણને ભીખ માગતું જુએ તો પોતે માગે છે એવી ઘવાયેલી લાગણી અનુભવે? પીળી, કાળી કે ગોરી કોઈ પણ સ્ત્રી પર અત્યાચાર થાય તો એને મા યાદ આવવા જેટલી ય અનુભૂતિ નહિ થાય? દરેક પ્રસૂતિગૃહો પર હવેથી એ લોકો નહિ લખી રાખે કે અહીં હમણાં કૃષ્ણજન્મ થશે? એક નાનકડા પરિવર્તનની જેમ નવી પેઢી નહિ ઊઘડે? નવું વિશ્વ હરક્ષણે આપણી સન્મુખ ઉઘડી જ રહ્યું છે. પૃથ્વીને પ્રિયતમાની જેમ અનુભવવા જેવી છે. હરક્ષણે એ પર્ણની જેમ પ્રકટ થઈ રહી છે, હરક્ષણે એની મર્મરથી આપણા આત્માને મુદિત કરી રહી છે.

એક પગ જ ભારતમાં રાખવો છે; બીજો પગ તો મૂકવો છે સમગ્ર પરિબ્રહ્મના પરિધ ઉપર. મારી યાત્રાનો માર્ગ જ અયનવૃત્ત છે. અનેક સૂર્યપ્રદેશોની સફરે ઊપડવાનું છે. દરેક ગ્રહ-નક્ષત્રોનાં નવાં નવાં સત્યો જાણવાં છે. કૂમળા તૃણાંકુરોનું સત્ય જાણવું છે, ઋતુઓનું સત્ય જાણવું છે; ને જાણવું છે સત્ય વેદનાનું. પૃથ્વીનો કોઈ અંશ મારાથી ભિન્ન નથી–મારાથી વંચિત નથી. ભૂત, વર્તમાન કે અનાગત મારે કોઈ ખંડ નથી; હું અખંડ કાળ છું. એમ ન હોય તો મેં જોયેલું ડેલ્ફીનું દેવદ્વાર મેં નહોતું જોયું? 'બધું સપ્રમાણતામાં જ શોભે–ન વધુ ન ઓછું'–એ મેં જ દેવદ્વાર પર નહોતું લખ્યું? આકારનો દેવતા એપોલો તે હું જ નહિ? ને પ્રબળ લાગણીનો–ઉદ્રેકનો દેવતા ડાયોનિસસ પણ હું જ નહિ? રોમમાં મા મરીઆમના ખોળામાં સૂતેલો ઈશુ હું નથી તો કોણ છે બીજું? દેવળે-દેવળે અને ચિત્ર-વિથિકાઓમાં હું જ મેડોના અને હું જ પીએટા નથી? વિશ્વકરુણતા તે ય હું છું. એનો પ્રેમ-શૃંગાર પણ હું છું. હું જ દેવી ડીએના કે હું જ વીનસ છું. પ્રેમ કરું છું તેય હું છું; બળાત્કાર કરું છું તે ય હું છું અને બળાત્કારનો ભોગ બનું છું તેય હું છું. હું જ માયેસેનિયન બુરખાઓ છું. હું જ રાજાનો લહિયો છું. હું જ યહુદી પ્રજાનો આજ્ઞાલેખ છું. હું મોઝઝનો હાથ છું. મેં જોયેલી બિઝેન્ટાઈન, મોઝેઈક કે ગોથિક શૈલીઓ પણ હું છું. રુબેન્સ કે રેમ્બ્રાંનાં ચિત્રોની, માઈકેલેન્જેલો કે રોદાનાં શિલ્પોની હું જ સંવેદના છું. મારાથી ભિન્ન અને અપરિચિત કશું નથી. અરે, શૌનબ્રૂન બગીચાનું એક નાનકડું ગુલાબ પણ નહિ! પશ્ચિમમાં ગયો તો લાગ્યું કે તે કંઈ માત્ર પશ્ચિમ નથી; પૂર્વમાં પાછો આવ્યો તો લાગ્યું છે ક હવે તે માત્ર પૂર્વ જ રહ્યું નથી. બધું એકરસ થઈ ગયું છે. અખંડત્વ અને પાવનત્વની પ્રક્રિયા એ જ તો યાત્રાની ફલશ્રુતિ છે.

ખાબોચિયાનું કે બાલદીનું પાણી ગંધાઈ જાય છે, પણ નદી-સરોવરનાં હેલારા મારતાં પાણી તાજાં રહે છે. વળી જે પણ પર્વતોની ટોચ પર પ્રભુના મુગટમાં બરફનું મોતી બની જાય છે તે તાજું રહે છે અને ધૂસરલક્ષ્મીનું વરદાન પામે છે. આલ્પ્સની પર્વતમાળા પરના કે મોંબ્લોંના શ્વેતધૂસર બરફની પ્રસન્નતા અનુભવી છે. શ્યામ ખડકોના કરાળ બિહામણા સૌંદર્યની પડછે તાજી ફૂટેલી વનશ્રીના

નીલ-શ્યામ રોમાંચને અનુભવ્યો છે. વિયેના કે બર્લિનનાં, ફિલાડેલ્ફી-આનાં કે સાનફ્રાંસિસ્કોનાં બર્ર કે પાઈન વૃક્ષોના ડોલતા પડછાયા તમને જાણે પ્રેમસંવાદ કરતા લાગે: ઓક, સિડાર, ટિમ્બર અને વાંસનાં વન તો આકાશમાં તીરખાં ફેલાવીને પરીઓ નહાવા ઉતરે ત્યારે તેમનાં કપડાં અહીં મૂકે એવી જાણે દરખાસ્ત કરતાં લાગે છે! ઓલિવનું વૃક્ષ તો યુરોપની મા છે! એના તેલનું ઘાવણ જેણે ચાખ્યું નથી એ આ પૃથ્વીને ઓળખતો નથી! ને કેરડા-ગરમર કે બોળગુંદા જેવું ઓલિવના ફળનું અથાણું જેણે ખાધું નથી એને મંદ-કડછા સ્વાદમાં રહેલી અમરફળની મીઠાશની શી રીતે ખબર પડવાની છે? વળી પ્લાતાન વૃક્ષનું તો સત્ય જ નિરાળું છે! કહે છે કે 'બોડું અને રૂક્ષ હોય તેમાંય જોતાં આવડે તો લાવણ્ય નિખરે છે, મારા ભાઈ! તમારે જોવું હોય તો આવો જેનેવા સરોવર કને રહાઈન નદીને કિનારે! ને પૂછી જુઓ આ ગર્ટ્રુક ગર્ટ્રુક ગાતાં પારેવાંને! એ લોકો કંઈ માણસની જેમ જૂઠું નથી બોલતાં! એપલ, ઓરેંજ, પાઈનેપલ, સ્ટ્રોબેરીનાં ઝાડ તથા દ્રાક્ષનાં મંડપોની તો બલિહારી છે! એમની શોભા તો એમના આવસથીયે વધારે રતૂમડી છે! પ્રેમ કરવાનો પહેલો દિવસ યાદ આવે છે? એનો રોમાંચ તો આ વૃક્ષો પર દોડી જતી ચટાપટાવાળી ખિસકોલીઓને જુઓ તો ફરીથી અનુભવી શકો. રંગરંગના પોપટ એવી તો વાર્તાઓ કરે છે! રસબ્રુક્સાહેબ કચ્છના મહારાવ સાથે કચ્છનો ઈતિહાસ વાંચતા ત્યારે એ પોપટ રોજ આવી બેસતો ને સાંભળતો તે વાત યાદ આવી ગઈ. તો આ આટલા બધા પોપટ તો કેટલી બધી કાદંબરીની કથાઓ લઈને આવ્યા હશે! પોપટ ખરેખર મને આપણી વિશ્રંભકથાઓના સંગ્રહ જેવા જ લાગે છે! એથેન્સ, રોમ, લંડન—ક્યું એવું સ્થળ છે, જ્યાં પારેવાં નથી જોયાં? નાનપણમાં અમે ન્હાનલાંઓ કવિતાનો પાઠ ગોખતાં એમ ગર્ટ્રુક ગર્ટ્રુક ગાયા જ કરે! વાત સાચી છે કે પારેવાં પૂર્વ જન્મમાં બાળ-કવિઓ હશે! વૂડચક હોય કે બ્લ્યુબર્ડ હોય, ગાતી ચક્લી હોય કે લાલપંખાળું બુલબુલ—વાહ ભઈ, વાહ! બરફની શ્વેતધૂસરતા અને વનની નીલ-શ્યામ કેસરતામાં આ પંખીઓ તો ગજબની રંગતરાહોનાં ગીતો છે! સારું છે કે મેં સંરચનાશાસ્ત્રની કે ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ હજી એમનો અભ્યાસ આદર્યો નથી! તો તો બિચારાં ગાવાનું ય ભૂલી જશે! એટલે તો વારે વારે થાય છે કે મારું ચાલે તો હું પંખીઓની એક યુનિવર્સિટી બનાવું, જેમ ભારતમાં બાળકો માટે ડિઝનિલેન્ડ બનાવવી જોઈએ તેમ. તમે બતકોના ઊર્મિશીલ તરવરાટને કવિતાની પંક્તિઓ પર મૂકી જોયો છે? ઘનીભૂત નીલ-આકાશ જેવા બરફ તળે તમે પિકેરેલ કે જવેલ માછલીઓના પર-કાટનો સ્પંદ માણ્યો છે? લેઈક મિશિગન કે લેઈક ઓન્તારીઓ થર જલકુક્કુટનું હાસ્ય સાંભળ્યું છે? વૃક્ષો અને પંખીઓ મનુષ્યને મુક્ત કરાવે છે. ઊર્મિશીલતાને ધરબીને આપણે જે સંસ્થાઓ કે સ્મારકો બાંધીશું તે જ આપણાં કારાગાર બની જશે. નીલ-ધૂસર-કેસર આસમાની રંગોની ઝાંયમાં બધું જ પ્રકટ થવા દો. કષાયને રોકો નહિ! જો તમે આઈરિસ, અજેલિયા, ઓપિલોબિયમ, સાઈલિન ઈન્ક્લાટા, ડેફોડિલ્સ કે પીઓનીનાં પુષ્પો સાથે રમી ન શકો, એમને ઊંધા કરી તેમાં ફિલાડેલ્ફીઆનો મુકિતઘંટ કે ઈન્ગ્રિડની કે ઓડિથની હેટ ન જોઈ શકો તો એ તમારી સાથે વાતો નહીં કરે! મેથલની પાંદડાની ક્લાત્મકતા પર મોહીને તો કેનેડીઅનોએ તેને રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપ્યું છે. માન્યોલિયા અને ગ્લી ચીનીની ફૂલવેલ તળે આપણે ઢબુરાઈ જવાના ન હોઈએ તો પછી શું કરીશું? તો તો રોમમાં એટલા બધા મકબરા છે કે પૃથ્વીના દરેકે દરેક માણસ માટે હજીય તેના પોલાણોમાં જગ્યા છે. ભાતભાતના વાલુકા તટ પર પગલાં માંડવામાં કેટલો રોમાંચ છે! ધીરે ધીરે તમે પાણીનો પણ અનુ-ભવ કરો છો અને જાણો છો કે પૃથ્વીનું પ્રેમતત્ત્વ ઊર્મિશીલ થઈને તમને પરાવારી રહ્યું છે. અને એક ધન્ય ક્ષણે ખબરેય ન રહે તેમ આખા પરિબ્રહ્મનો મેપલના પર્ણની જેમ તમે સૌંદર્યાનુભવ કરો છો. સૂર્યમુખીનું ફૂલ જેમ સૂર્ય ભણી ઊઘડે છે એમ અંત:કરણ પરિબ્રહ્મ ભણી ઊઘડી રહ્યું છે. દરેક ક્ષણે હવે તેના ઉઘાડની પૂર્ણતા સંભળાય છે!

ન્યુયોર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગના પંચ્યાસીમે માળેથી જોયેલું ધુમ્મસમાં ઢંકાયેલું આકાશ; ધ વર્લ્ડ ટ્રેઈડ સેન્ટરમાંથી કે લિબર્ટી સ્ટેચ્યુ પરથી જોયેલા ધૂરાર પાણી; સ્વપ્નમય બ્રૂક્લીનનો રોપબ્રિજ; બ્રોડવે કે મેનહટનની અલકાપુરીનાં કલ્પ્યાં હોય તેવાં દશ્યો, હડસન અને ઈસ્ટ રિવરનાં જલરંગી ચિત્રશા પડછાયા; ફિલાડેલ્ફીઆનાં સ્વાતંત્ર્યઘંટનો ફેલાતો આવાજ, સુયુલકીલ; હાઈન, નેકાર કે ડાન્યુ-બની અમૃતા અસ્તિ અને તેનાં વૂડઝની ચિરંતન લીલાશ; વ્હાઈટ હાઉસના મેલોગની ટેબલમાં હજીયે સ્પંદનો અબ્રાહમ લિંકનના પ્રેમ-ઉદાર હસ્તનો સ્પર્શ; લોરાએ જીલીસની મુંબઈ સમી ચમકતી દીપ્તિ; ડિઝનિલેન્ડની શૈશવી આદિમ સૃષ્ટિનો રોમાંચ; સાનફ્રાન્સિ-સ્કો, સીઆટલ કે બોસ્ટન સેની વન અને પુકુરલક્ષ્મીઓનું સ્મિત; લેઈક મિશિગનનાં ભૂરાં પાણીમાંથી આળસ મરડીને બેઠાં થતાં શિકાગોના મહાલયો; સતત વહેવાનું સત્ય લઈ દોડયે જતાં નાયગ્રાનાં જલ અને વસંતના સ્વચ્છ બિલોરી આકાશમાંથી પ્રભુનો સંદેશો લઈ ઊડતાં આવતાં પંખીઓનો પેસિફિક સમુદ્ર પર પડતો પડછાયો મને દઢતાથી ચીંધે છે: "એ સર્વત્ર વ્યાપ્ત છે. તું એ વિશ્વરૂપ આત્માની ખોજ કર."

—યશવંત ત્રિવેદી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪મી જૂન, શનિવારે સાંજના ૫ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે. જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને બહાલી આપવી.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિનાં ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘના પેટ્રન—સભ્યો બનાવવા માટેની યોજનાની રજૂઆત અને મંજૂરી.

(૫) સંઘ તેમ જ વાચનાલય — પુસ્તકાલય માટે ઓડિ-ટરોની નિમણૂંક.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે, સંઘનો વૃત્તાંત તથા વાચ-નાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યા-લયમાં રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૬ વાગ્યા સુધીમાં કોઈ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

કોઈ પ્રશ્નો પૂછવાના હોય તો બે દિવસ પહેલા લેખિત મોકલવા વિનંતિ.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે સમયસર ઉપસ્થિત થવા વિનંતિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ.

કાર્યાલય:
૩૮૫, સરદાર વી. પી. રોડ,
વનિતા વિશ્રામ સામે,
મુંબઈ - ૪૦૦ ૦૦૪
ટે. નં.: ૩૫૦૨૯૬

દત્તક બાળકો માટે પ્રેમળ જ્યોતિને મળેલી ભેટ

૮૦૦/-	શ્રી ઉષાબેન હસમુખલાલ શેઠ (બે બાળકો માટે)	
૮૦૦/-	શ્રી મધુબેન હ. પરીખ (બે બાળકો માટે)	
૫૦૦/-	શ્રી કૈલાસબેન હસમુખલાલ	
૨૧૦૦/-		

પ્રેમળ જ્યોતિ

ગતાંકમાં પ્રગટ કરેલી યાદી પછી 'પ્રેમળ જ્યોતિ'ને નીચે પ્રમાણેની ભેટો મળી છે. દત્તક બાળકોની યોજનાને પણ સારો આવકાર મળી રહ્યો છે દાતાઓનો અમો અંત:કરણ પૂર્વક આભાર માનીએ છીએ.

કાર્યાલય મંત્રી

૫૦૦/-	શ્રી રાયચંદ એન્ડ સન્સ	
૨૦૧/-	,, મધુબેન હ. પરીખ	
૧૫૦/-	,, ઈન્દુબેન મુનસી	
૧૦૧/-	,, પુષ્પાબેન પી. કોઠારી	
૯૫૨/-		

હોસ્પિસ—મરણોન્મુખ દરદીઓ માટેની વિશિષ્ટ સંસ્થા

હોસ્પિસ ! હોસ્પિસ એટલે શું ?

હોસ્પિસ એટલે હોસ્પિટલ ? હા અને ના. હોસ્પિસ એક હોસ્પિટલ પણ છે અને એક વિશિષ્ટ સેવા કેન્દ્ર પણ છે. '૭૦ના દસકાની એ વિશિષ્ટ દેન છે.

હોસ્પિસની વિશિષ્ટતા એ છે કે એમાં જે દરદીઓને "ટર્મિનલી ઈલ" કહેવાય, એવાજ દરદીઓને રાખવામાં આવે છે. 'ટર્મિનલી ઈલ' એટલે કે જેમની આવરદાની 'ટર્મ' પૂરી થવામાં હોય એવા—જેમને થયેલા અસાધ્ય રોગને કારણે જેમની ઘડીઓ ગણાતી હોય એવા દરદીઓ. આવા દરદીઓને હોસ્પિટલના ઈમ્પરસનલ વાતાવરણમાં મરણની શાન્તિપૂર્ણ પ્રતીક્ષા કરવાનું ઘણીવાર બનતું નથી એ હકીકત ધ્યાનમાં લઈને આ હોસ્પિસની કલ્પના કરવામાં આવી છે. હોસ્પિસમાં મૃત્યુને આરે આવી પહોંચેલા દરદીઓને શારીરિક અને માનસિક બન્ને પ્રકારની શાન્તિ આપવાનો અને મરણના ભય કે મરણની ચિન્તાથી તેમને મુક્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ રાખવામાં આવેલો હોય છે. હોસ્પિસમાં દરદીની શારીરિક શાન્તિને માટે અનિવાર્ય એવા તબીબો અને નર્સો પણ હોય છે, અને દરદીના માનસિક ઉચાટને શાંત કરવા માટે માનસચિકિત્સકો પણ હોય છે. હોસ્પિસમાં કેવળ દરદીને જ નહિ પણ દરદીના સગાં વહાલાંઓ માટે પણ રહેવા-જમવાની વ્યવસ્થા રાખવામાં આવી હોય છે અને તબીબો તથા માનસચિકિત્સકોની સેવા તેમને પણ મળે છે. કારણકે પોતાનાં સ્વજનને મરતું જોઈને ઘણાના મન વિહ્વળ બની જાય છે અને તેમને શારીરિક અને માનસિક રીતે શાન્ત કરવાની જરૂર કેટલીકવાર પડે છે.

હોસ્પિસને "સ્પેશ્યલાઈઝ્ડ હેલ્થ કેર પ્રોગ્રામ" તરીકે ઓળખાવવામાં આવે છે અને ટર્મિનલ ઈલનેસ એટલે કે અસાધ્ય રોગના દરદીના આખરના દિવસોમાં જે દર્દ થતું હોય છે તે દર્દને કેમ વ્યવસ્થિત સપાટી પર રાખવું તે મુદ્દા પર હોસ્પિસમાં ખાસ ભાર મૂકવામાં આવે છે. અંગ્રેજીમાં આને માટે નીચે પ્રમાણે શબ્દ—પ્રયોગ કરવામાં આવ્યો છે :— હોસ્પિસ ઈઝ એ સ્પેશ્યલાઈઝ્ડ હેલ્થ કેર પ્રોગ્રામ, વીચ એમ્ફેસાઈઝીઝ ધી મેનેજમેન્ટ ઓફ પેઈન એન્ડ અધર સિમ્પટમ્સ એસોસિએટેડ વીથ ટર્મિનલ ઈલનેસ વ્હાઈલ પ્રોવાઈડીંગ કેર ફોર ધ ફેમીલી એઝ વેલ એઝ ધી પેશન્ટ—આનો અર્થ એ થયો કે દરદીના દર્દ ઉપરાંત રોગના સંદર્ભમાં જે કાંઈ બીજાં ચિહ્નો દૃષ્ટિગોચર થાય તેને પણ હોસ્પિસના કાર્યકરો લક્ષમાં લે છે અને એના નિકાલ માટેની વિચારણા કરે છે અને દરદીનાં સગાંવહાલાંઓની દેખભાળની પણ વ્યવસ્થા કરે છે. હોસ્પિસમાં આગળ જણાવાયું છે તેમ તબીબો, નર્સો અને માનસચિકિત્સકો તો હોય જ છે, પણ દરદીની ધાર્મિક જરૂરિયાતો પૂરી કરવા માટે ધર્મગુરુઓ પણ હોય છે. દા. ત. આપણા દેશમાં કોઈ હોસ્પિસ હોય તો તેમાં ગીતાપાઠ કરનાર પુરોહિત પણ રાખવામાં આવે. આ ઉપરાંત દરદી પોતે સમાજથી તદ્દન વિખુટો પડી ગયો છે એવી એકલતાની લાગણી ન અનુભવે એ માટે સામાજિક કાર્યકરો પણ હોસ્પિસને કાયમ પોતાની સેવા આપતા હોય છે. આ ઉપરાંત દરદીના મૃત્યુ પહેલાં અને મૃત્યુ પછી દરદીના કુટુંબીજનોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તાલીમ પામેલા સ્વયંસેવકોની એક ટુકડી પણ હોસ્પિસ સાથે સંલગ્ન હોય છે. આવી જરૂરિયાત સાઈકોલોજીકલ પણ હોય, ફિઝિકલ પણ હોય અને ક્વચિત ફાઈનાન્સિયલ પણ હોય (એટલે કે મનોવૈજ્ઞાનિક, શારીરિક અને નાણાંકીય જરૂરિયાતો પણ હોય). આવી બધી જરૂરિયાતોનો નિષ્ઠાપૂર્વક નિકાલ કરવા માટની પદ્ધતિસરની તાલીમ સ્વયંસેવકોને આપવામાં આવેલી હોય છે.

હોસ્પિસમાં "શાંતિથી અને સુખથી" મરણ પામનારાઓમાં મોટો ભાગ કેન્સરના દરદીઓનો હોય છે. કેન્સરના રોગની શારીરિક અને માનસિક વેદના દરદીને પોતાને અને એના આપ્તજનોને કેવી થાય છે તેનું વર્ણન કરતી ત્રણ કૃતિઓ ત્રણ પત્રકારોએ પ્રસિદ્ધ કરી છે, એ વાતનો ઉલ્લેખ મેં "પ્રબુદ્ધ જીવન"માં થોડા મહિના પહેલાં લખેલા એક લેખમાં કર્યો હતો. રાયન નામના એક પત્રકારે પોતાને થયેલા કેન્સરના રોગની વેદનાનું વર્ણન કરવા માટ પીડાશામક દવા પણ ન લીધી તથા ડોક્ટરોની સલાહને પણ અવગણી અને "ધી લાસ્ટ બેટલ" નામનું પુસ્તક લખ્યું. એ ઘટનાનું એ લેખમાં વર્ણન નું. આ "લાસ્ટ બેટલ" પુસ્તકના સંદર્ભમાં જહોન ગૉથરે પોતાના પુત્રના કેન્સર જેવા રોગમાં થયેલાં અવસાન અંગે "ડૅથ બી નોટ પ્રાઉડ" નામનું જે પુસ્તક લખ્યું હતું અને વિકટર ઝોર્ઝા તથા રોઝ મેરી ઝોર્ઝાએ પોતાની પચીસ વર્ષની પુત્રીના કેન્સરથી થયેલાં અવસાન અંગે "ડૅથ ઓફ એ ડૉટર" નામની જે નાનકડી પુસ્તિકા લખી હતી તેનો પણ મેં ઉલ્લેખ કર્યો હતો. આજે ઝોર્ઝા દંપતીની એ નાનકડી પુસ્તિકાએ, અમેરિકન સમાજમાં અને કેટલેક અંશે બ્રિટનના સમાજમાં પણ કેવો ખળભળાટ મચાવી મૂક્યો હતો તેની વાત હું કરવા માગું છું.

વિકટર ઝોર્ઝા એ દુનિયાના એક વિખ્યાત પત્રકાર છે. તેઓ અમેરિકાના "વૉશિંગ્ટન પોસ્ટ'માં અને બ્રિટનના "ગાર્ડિયન"માં આંતરરાષ્ટ્રીય રાજકારણ અંગે નિયમિત લખે છે. તેઓ રશિયાની આંતરિક પરિસ્થિતિના વિશ્લેષણ માટે ખાસ પંકાયેલા છે અને આવાં વિશ્લેષણ માટે જે માહિતી જોઈએ તે મેળવવા માટેના તેમના પોતાના સંપર્કો અને સાધનો પણ તેમણે ઊભાં કર્યા છે. એમનાં પત્ની રોઝ મેરી, માટીકામના કલાકાર છે અને એક પ્રસ્થાપિત લેખિકા છે.

આ દંપતીને એક પુત્ર અને એક પુત્રી. પુત્રનું નામ રિચાર્ડ, પુત્રીનું નામ જૅઈન. જૅઈન પચ્ચીસ વર્ષની થઈ ત્યાં સુધી તો એ હસતી રમતી યુવતી હતી અને શિક્ષિકા તરીકે કામ કરતી હતી. એક દિવસ એને કેન્સરની બિમારી લાગુ પડી હોવાનું નિદાન થયું અને થોડા માસમાં તો એ એક હોસ્પિસમાં મરણ પામી. આ થોડા માસ દરમિયાન જૅઈને ભોગવેલી યાતનાનું, એ યાતના જૅઈને ઝોર્ઝા દંપતીઓ વેઠેલી વેદનાનું, ચોક્કસ સ્થાપિત મંતવ્યોથી વિરુદ્ધ જઈને, જૅઈન શાન્તિથી મરે એટલા માટે મનોધૈર્યને સાબુત રાખીને લેવા પડેલા કઠોર નિર્ણયોનું વર્ણન કરતો એ દીર્ઘલેખ, જૅઈનના અવસાન બાદ ઝોર્ઝા દંપતીએ "વૉશિંગ્ટન પોસ્ટ"માં અને "ગાર્ડિયન"માં લખ્યો. બન્ને અખબારોએ મોટાં મથાળાં સાથે એ લેખ પ્રસિદ્ધ કર્યો અને ઈંગ્લેન્ડ અમેરિકાના સમાજમાં ખળભળાટ મચી ગયો. આ લેખનો પ્રત્યાઘાત એટલો જબરો હતો કે યુરોપ, અમેરિકાના અનેક અખબારોએ એ પુનર્મુદ્રિત કર્યો અને ઝોર્ઝા દંપતિને દસ હજારથી વધુ કાગળો, હજારો ટેલિફોનો અને તાર આ લેખ અંગે મળ્યા. આ લેખ પ્રસિદ્ધ થયો ત્યાં સુધી હોસ્પિસનું નામ ભાગ્યે જ કોઈ જાણતું હતું, પણ એ લેખ પ્રસિદ્ધ થયા પછી તો સેંકડો સામાજીક જૂથોએ પોતપોતાના વિસ્તારોમાં હોસ્પિસની સ્થાપના કરવાની પ્રવૃત્તિ આદરી દીધી. પોતાના લેખને મળેલા આવા ભવ્ય પ્રતિસાદથી પ્રભાવિત થઈને ઝોર્ઝા દંપતીએ એ લેખને એક પુસ્તિકાના રૂપમાં છપાવીને પ્રગટ કર્યો અને સાથોસાથ એક "કમિટિ ફોર હોસ્પિસ એક્શન" નામની સમિતિની સ્થાપના કરી. એ પછી તો અમેરિકામાં "નેશનલ હોસ્પિસ એસોસિએશન" એટલે કે રાષ્ટ્રીય હોસ્પિસ સંસ્થાની પણ સ્થાપના થઈ છે અને ઝોર્ઝા દંપતીએ સ્થાપેલી સમિતિ આ રાષ્ટ્રીય સંસ્થામાં ભળી ગઈ છે.

અમેરિકા અને ઈંગ્લેન્ડના રાજકારણમાં, કામદાર પ્રવૃત્તિમાં, વેપાર ઉદ્યોગમાં અને કલાના ક્ષેત્રમાં અગ્રગણ્ય ગણાય એવી વ્યક્તિઓ આજે આ હોસ્પિસ પ્રવૃત્તિને સક્રિય સહાય કરી રહી છે. અત્યારે અમેરિકાના ડેમોક્રેટિક પક્ષના પ્રમુખપદ માટેનું નોમીનેશન મેળવવા શ્રી કાર્ટર સાથે હરીફાઈમાં ઊતરેલા સેનેટર એડવર્ડ કેનેડીએ ઝોર્ઝા દંપતીએ લખેલા લેખ—કે પુસ્તિકા—અંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરતાં જણાવ્યું હતું કે "આ લેખે મારા અને મારા જેવા બીજા ઘણાઓના દિલમાં આશાનો દીપક પ્રગટાવ્યો છે અને આ દીપકનો તેજસ્વી પ્રકાશ બધે પથરાય તે માટે હું તો જરૂર ઈચ્છું કે કેન્સર અથવા તો એના જેવા બીજા કોઈ રોગથી મરણ પામેલા અથવા તો મરણોન્મુખ બનેલા બધા જ દરદીઓના બધાં જ આપ્તજનોએ આ લેખ વાંચવો જોઈએ. આપણા પોતાના મરણનો અથવા તો આપણા આપ્તજનના મરણનો વિચાર આપણે કરી શકતા નથી. મરણની અનિવાર્યતા તત્કાળ આપણે સ્વીકારતા નથી, મરણ સાથે હાથ મીલાવતાં આપણને સંકોચ થાય છે. આ બધાં તત્ત્વોથી દૂર રહેવા માટે આપણને જે નૈતિક હિમતની અને વિશિષ્ઠ પ્રકારનાં બળની જરૂર છે તે આ લેખ આપણને આપી રહે છે."

શ્રી કેનેડીએ સાચી વાત કહી. કારણકે જૅઈન જ્યારે મૃત્યુ પામી ત્યારે એના છેલ્લા શબ્દો હતા—"આઈ ઓમ ડાઈંગ હેપીલી.' હું સુખથી મરી રહી છું. બીજા "ટર્મિનલ" દરદીઓ પણ આવા સુખથી મરે અને એવી રીતે સુખથી મરનારના આપ્તજનો પણ મૃત્યુનો સ્વસ્થતાથી સામનો કરી શકે તે હેતુથી સ્થપાયેલી હોસ્પિસ સંસ્થા અદ્યતન સમાજનું એક આભૂષણ છે. આ આભૂષણને ટૂંકા-

યાની નજરે લાવનાર ઓઝા દંપતિ આ સમગ્ર વિષયને સ્પર્શતું એક વિસ્તારપૂર્ણ પુસ્તક અત્યારે લખી રહ્યાં છે. તેમના આ લેખન કાર્યમાં, અમેરિકાની રાષ્ટ્રીય હોસ્પિસ સંસ્થા સાથેના તેમના ગાઢ સંપર્કનો પણ તેમને લાભ મળી રહ્યો છે. એ દંપતિ સંસ્થાની સલાહકાર સમિતિના ઉપપ્રમુખો છે.

— મનુભાઇ મહેતા

અહિંસક હોસ્પિટલોની સ્થાપના કરો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભ્યાસવર્તુળના ઉપક્રમે ગુરુવાર તા. ૮-૫-૮૦ ના રોજ આપેલ વાર્તાલાપનો સારભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે.)

આપણા સંઘના અભ્યાસ વર્તુળના ઉપક્રમે ગયા ગુરુવાર તા. ૮ મી મેએ 'નિસર્ગોપચાર: મારી દૃષ્ટિએ' વિષય પર બોલતાં જાણીતા નેચરોપેથ ડો. ભમગરાએ જૈન સમાજને નિસર્ગોપચાર જેવી અહિંસક ચિકિત્સા પદ્ધતિ અપનાવવાની અને એની ઈસ્ટિટ્યૂટો, આરોગ્ય-મંદિરો, ખોલવાની અપીલ કરી હતી. એલોપેથી જેવી હિંસક દવા - પદ્ધતિ પાછળ જૈન સમાજ છૂટથી પૈસો વાપરે છે, અને એ રીતે હિંસાને પ્રોત્સાહન આપે છે તે બાબત એમણે ખેદ વ્યકત કર્યો હતો. એલોપેથીને એમણે એ દૃષ્ટિએ હિંસક ગણાવી હતી. એક તો નાનાં મોટાં પ્રાણીઓ પર પ્રયોગશાળાઓમાં ક્રૂર અખતરાઓ કરી દવાઓ શોધાય છે તે હિંસા, અને તે દવાઓ આપણે વાપરીયે તેથી એ હિંસામાં પરોક્ષ રીતે આપણી ભાગીદારી હોય છે જ. અને બીજું, એ દવાઓ રોગને માત્ર દબાવવાનું કાર્ય કરે છે, તેથી શરીર પર જે અત્યાચાર થાય છે તે હિંસા. જેમ 'બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી' આંદોલનને જૈન સમાજે પ્રોત્સાહન આપ્યું અને આર્થિક મદદ કરી, તેમ હેલ્થ વિધાઉટ ક્રુઅલ્ટી' આંદોલન ચલાવી તેને પણ જૈન સમાજે મદદ કરવી જોઈએ એમ ડો. ભમગરાએ અરજ કરી હતી. એમના આ સૂચનથી પ્રભાવિત થઈ સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે પ્રવચનને અંતે ડો. ભમગરાને આ આંદોલન ચાલુ કરવા આગ્રહ કર્યો હતો. અને શ્રોતાઓ વતી આશ્વાસન આપ્યું હતું કે એવા અહિંસક કાર્યમાં અમારા બધાનો પૂરો સહયોગ મળશે જ.

શરૂઆતમાં નિસર્ગોપચારના પાયાના સિદ્ધાંતો વિશે બોલતાં ડો. ભમગરાએ આરોગ્યના નિયમોના પાલન પર ભાર મૂક્યો હતો. જલ-સ્નાનની જેમ રોજ આપણે સૂર્ય-સ્નાન અને વાયુ-સ્નાન પણ કરવું જોઈએ. વળી રોજ વ્યાયામ કર્યા વિના પણ ન ચાલે; વ્યાયામમાં થાક લાગે, પરસેવો થાય, એવો, અને જેમાં પગનો ઉપયોગ કરાય એવો વ્યાયામ અવશ્ય હોવો જોઈએ. દા. ત. દોરી કૂદવી, દોડવું, તરવું, દાદરા ચઢવા, ઉઠબેસ કરવી વગેરે. એ ઉપરાંત આસનો પણ શરીરને વેગીલું રાખવા અને અને સંતુલન સુધારવા, કરતા રહેવું જોઈએ. કુલ એક કલાક રોજ કસરત કરવી જોઈએ. જેમને હૃદયની કે ઊંચાં બ્લડપ્રેશરની યા એવી કોઈ મોટી ફરિયાદ હોય તેમણે નિષ્ણાત પાસે તપાસ કરાવી મર્યાદિત કસરતો જ કરવી, પણ દરેકે કસરત કરવી તો ખરી જ! ગર્ભાવસ્થામાં પણ ઘણી કસરતો અને અમુક યોગાસનો કરી શકાય છે. ગર્ભવતી સ્ત્રીઓ આપણા સમાજમાં જડાપણાનો ભોગ બનતી જોવામાં આવે છે, કારણકે એ કસરત કરતી નથી. એની પ્રવૃત્તિ ખાટલેથી પાટલે જેટલી મર્યાદિત થઈ જાય છે, અને બે જીવ માટે ખાવાનું છે માટે બમણું ખાવું જોઈએ એવી ભ્રાંતિમાં આત્યાહારને કારણે એ ચરબી એકઠી કરતી રહે છે. Eat for two and you will become double!

શાકાહારીઓ ખાનપાનમાં ચાર નિયમો ધ્યાનમાં રાખે. (૧) વિશુદ્ધ કાર્બોદિત પદાર્થો (મેંદો, સાકર, પોલીશ કરેલા ચોખા) ન લેવા યા ન લેવા પ્રયત્ન કરવો. (૨) તળેલો ખોરાક ન લેવો, તેને બદલે વરાળથી કે પાણીથી રાંધેલા યા શેકેલો ખોરાક લેવો. (૩) મીઠું, મરચું ઓછું લેવું, (૪) કુલ ખોરાકનો અડધો ભાગ કાચાં કચૂંબર, ફળફળાદિ તરીકે લેવો. સાકાર વિશે બોલતાં એમણે કહ્યું હતું કે, ફકત ડાયાબીટીસમાં જ નહિ, પરંતુ લગભગ બધા જ રોગો (જેમકે હૃદયરોગ, પેટનું ચાંદું, કોલાઈટીસ, શરદી, દમ, સાંધિવા, ચામડીના રોગો વગેરે)માં સાકર અને રીફાઈન્ડ સ્ટાર્ચ વર્જિન ગણવાં જોઈએ. માંસાહાર મનુષ્યનો આહાર છે જ નહિ; એનાં વૈજ્ઞાનિક કારણો, શરીર - યંત્ર અને શરીર - તંત્રની દૃષ્ટિએ એમણે સમજાવ્યાં હતાં.

શવાસન, માનસિક શાંતિ અને યોગ - ધ્યાન વિષે બોલતાં એમણે કહ્યું કે, શિથિલિકરણ વિના આરોગ્ય ભોગવવું કે રોગમાંથી છૂટવું, નિસર્ગોપચારનાં દૃષ્ટિકોણમાં શકય નથી. દિવસ દરમ્યાન, દરેક પ્રવૃત્તિ દરમ્યાન, ખાતી વેળા, કામધંધા, કે ઘરકામ કરતી વેળાં, વાતચિતમાં કે વ્યાયામમાં, હંમેશા આપણે પોતાને અંદરથી જોતા રહેવાની જરૂર છે, કે આપણે શાંત સ્વસ્થ, સ્થિર છીએ કે તણાવ - ગ્રસ્ત છીએ. જો તણાવ હોય તો તે પર ધ્યાન કેન્દ્રિત કરી, ઊંડા શ્વાસ લઈ, એ તણાવને છોડતા જવું. તણાવ આપણને પકડતો નથી; આપણે તણાવને પકડીએ છીએ. અને જે આપણે પકડી શકીએ તે છોડી પણ શકીએ જ. શવાસન જરૂર કરવું, પરંતુ એટલાથી સંતોષ ન માનવો. જાગૃત હાલતના ૧૫ - ૧૬ કલાક દરમ્યાન પણ રીલેક્સેશન-મય આપણે રહેવું જોઈએ. ધ્યાન ધરવા (થવા) માટે પણ શિથિલિકરણ અંતિમ ચરણ છે. અને સૌ રોગોની સચોટ દવા પણ ધ્યાન છે. For what alls mankind today, meditation is the supreme meditation.

ડો. ભામગરાએ શ્રોતાઓના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા; સમયના અભાવે ઘણાના પ્રશ્નો એ લઈ ન શકયા, છેવટે, એમણે અમેરિકા, ઈન્ગ્લાંડ, જર્મની, સીંગાપોર, જાપાન વિગેરે દેશોનાં નિસર્ગોપચાર અને યોગ કેન્દ્રો તેમજ ઉરૂલી કાંચનની આકર્ષક રંગીન સ્લાઈડસ બતાવી હતી અને કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

થાય છે, વૃક્ષો જેવા જ

(મરાઠી કવિતા)

આભાર! વૃક્ષો આભાર!
મને ફૂલો આવ્યાં
એ તમારે લીધે જ મને ખબર પડી;
તમારે લીધે જ તો
મારી પોપટી કૂંપળો તરફ મેં પહેલી વાર જોયું...

હવે શબ્દોનાયે કંટાળો આવવા માંડયો છે.
થાય છે, વૃક્ષો જેવાં જ થવું.
વસંત મ્હોરી હોય અંદર ત્યારે કેવળ નિ:શબ્દ;
પાછાં ફરતાંયે ઉત્સવો બધા
હોય વૃક્ષો જેવા જ મૌન અસ્પૃષ્ટ...
વસ્તુઓને બદલે ચિહ્નો બાળવવાનું
હવે બંધ કરવું જોઈએ;
બધા જ પર્યાય કોઈક રમકડા જેવા
એ પણ હવે સમજાવું જોઈએ...

— ઢ. ભા. ધામણસકર

અનુ. જયા મહેતા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ – મુંબઇ

તા. ૩૧–૧૨–૧૯૭૯ દિવસનું સરવૈયું

ફંડો અને દેવું :		રૂ.	પૈ.	રૂ.	પૈ.
રિઝર્વ ફંડ					
ગયા સરવૈયા મુજબ બાકી		૩,૦૫,૮૦૯-૮૯			
ઉમેરો : વર્ષદરમિયાન આજીવન સભાસદ ફીના		૩૧,૬૨૬-૦૦			
સુવર્ણજયંતિ મહોત્સવનો વધારો		૨,૧૭,૩૭૪-૨૯			
શ્રી પ્રેમળજ્યોતિ રિઝર્વ ફંડ		૨૦,૦૦૦-૦૦			
પ્રબુદ્ધ જીવન કાયમી ગ્રાહક ફંડ		૬૦૦-૦૦		૫,૭૫,૪૧૦-૧૮	
શ્રી સંઘ હસ્તકના ફંડો					
શ્રી મકાન ફંડ					
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૦૧૯-૧૯			
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :					
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૨૭૩-૨૫			
શ્રી માવજત ખાતું :					
ગયા સરવૈયા મુજબ બાકી		૧૨૬-૪૮			
શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃતિ ખાતું :					
ગયા સરવૈયા મુજબ બાકી		૩૧,૯૧૨-૧૨			
ઉમેરો :					
ભેટ તથા વ્યાજના	૨,૧૪૨૪-૦૦				
હોમિયોપેથિના	૩,૬૦૦-૦૦	૨૫,૦૨૪-૦૦			
બાદ :		૫૬૯૩૬-૧૨			
વર્ષ દરમિયાન ખર્ચના રિઝર્વફંડમાં લઈ ગયા	૨૦,૦૦૦-૦૦	૪૧,૨૪૩-૬૫			
		૧૫,૬૯૨-૪૭			
શેઠ દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ :					
ગયા સરવૈયા મુજબ બાકી	૩૪,૧૦૫-૦૦				
ઉમેરો :					
ભેટ તથા વ્યાજના	૮,૮૭૧-૦૦	૪૨,૯૭૬-૦૦			
બાદ : ખર્ચના		૪,૫૩૯-૭૨			
		૩૮,૪૩૬-૨૮			
શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું ગયા સરવૈયા મુજબ બાકી	૯૩૪૫-૮૫				
ઉમેરો : વ્યાજના	૩૪૨૫-૦૦	૧૨,૭૭૦-૮૫			
બાદ : ખર્ચના		૨,૦૪૧-૯૦			
		૧૦,૭૨૮-૯૫			
જીવનઘડતર લક્ષી પ્રવૃત્તિ ફંડ ગયા સરવૈયા મુજબ બાકી.	૫,૦૦૦-૦૦				
ઉમેરો : વ્યાજના	૨૪૩-૦૦	૫,૨૪૩-૦૦			
બાદ : ખર્ચના		૨,૨૬૮-૨૦			
		૨૯૭૪-૮૦		૯૪,૨૫૧-૪૨	
દેવું : સ્ટાફ પ્રો. ફંડના		૧૩,૧૩૨-૧૩			
સ્ટાફ બેનીફીટ ફંડના		૧૬,૪૪૩-૪૦			
લવાજમના અગાઉથી અવેલા		૯૯૨-૦૦			
અન્ય દેવું		૧૦,૪૨૩-૩૨		૪,૦૯૯૦-૮૫	
				૭,૧૦,૬૫૨-૪૫	

મિલ્કત અને લેણું	રૂ.	પૈ.	રૂ.	પૈ.
બ્લોક (કરાર મુજબ)				
રસધારા કો.ઓ.હા.સો. લી. મુંબઈ			૧૩,૬૮૦-૦૦	
ઈન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)				
રસધારા કો. ઓ. હા. સો. લી.ના શેર રૂ. ૫ દરેક ૫૦ નો	૨૫૦-૦૦			
૨૦૦ ડીબે. દરેક રૂ. ૧૦૦નો તાતા ઓઈલ કું.	૨૦,૦૦૦-૦૦			
૧૫૦ ડીબે. દરેક રૂ. ૧૦૦નો બોમ્બે ડાઈંગ કું.	૧૫,૦૦૦-૦૦			
૧૫૦ ડીબે. દરેક રૂ. ૧૦૦નો ૧૫૦ ડીબે. વોલ્ટાઝ લી.ના દરેકના રૂ. ૧૦૦નો	૧૫,૦૦૦-૦૦		૫૦,૨૫૦-૦૦	
ફરનીચર અને ફીકચર (ચોપડા પ્રમાણે)				
ગયા સરવૈયા મુજબ બાકી	૮૪૫-૨૪			
ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદીના	૮,૮૧૫-૦૦			
	૯,૬૬૦-૨૪			
બાદ : કુલ ઘસારાના	૧,૬૧૯-૨૪		૮૦,૦૪૧-૦૦	
ડીપોઝીટ :				
પોસ્ટ ઓફિસમાં	૭૫-૦૦			
બી. ઈ. એસ. ટી માં	૧૮૦-૦૦			
ટેલીફોન અંગે	૩૬૦-૦૦		૬૧૫-૦૦	
લેણું :				
ઈન્કમટેક્ષ રીફંડ અંગે	૫૧૩-૫૦			
ખર્ચ અંગે અગાઉથી આપેલ	૩૭,૨૪૦-૨૦			
સ્ટાફ પાસે	૨૨,૧૪૨-૦૦			
શ્રી મ. મો. શાહ સા. વા. અને પુસ્તકાલય	૩૨,૩૮૮-૩૨			
ડીબેંચરો પર વ્યાજના બાકી	૨,૭૫૦-૦૦		૯૫,૦૩૪-૦૨	
રોકડ તથા બેંક બાકી :				
બેંક ઓફ ઈ.ના ચાલુ ખાતે	૯,૯૪૫-૦૬			
" " ના રીકરીંગ ખાતે	૧૦,૨૦૦-૦૦			
" " ના ફીક્સ ડીપોઝીટ ખાતે	૪,૯૯,૭૮૪-૬૬			
" ઓફ બરોડા ફીક્સ ડીપોઝીટ ખાતે	૯,૦૦૦-૦૦			
રોકડ પુરાંત	૫૨૬-૮૩		૫૨,૯૪૫૬-૫૫	
શ્રી જનરલ ફંડ (આવક -ખર્ચ) ખાતું :				
ગયા સરવૈયા મુજબ બાકી	૩,૦૯૯-૮૧			
ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો	૪,૫૫૫-૯૪			
શ્રી પ્રબુદ્ધ જીવનનો વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૫,૯૨૦-૧૩		૧૩,૫૭૫-૮૮	
			૭,૧૦,૬૫૨-૪૫	

ઓડિટરોનો રિપોર્ટ : અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુંબઈનું ૩૧-૧૨-૭૯ના રોજનું ઉપરનું સરવૈયું મજકૂર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા ૨૮ માર્ચ ૧૯૮૦.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ – મુંબઈ

તા. ૩૧-૧૨-૭૯ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.	ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
ભેટના		૩૦૮૬૭-૪૯	વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ		
સભ્ય લવાજમના	૫૨૮૨-૦૦		પગાર બોનસ વગેરે	૬૭૪૨-૫૦	
બાદ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુદ્ધજીવન'ની કોપી મફત મોકલવામાં આવે છે તેના	૨૭૧૦-૦૦		બ્લોક મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ	૮૩૫-૨૨	
			પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી	૩૭૧૨-૧૨	
	૨૫૭૨-૦૦		ટેલિફોન ખર્ચ	૧૮૮૭-૩૩	
૧૯૭૮ના લવાજમના વસુલ નહિ થતા બાદ	૪૨૦-૦૦		પોસ્ટેજ	૪૦૩૯-૦૦	
			સ્ટાફ પ્રો. ફંડને ફાળાના તથા વ્યાજ	૧૭૬૨-૪૦	
વ્યાજના :		૨૧૫૨-૦૦	પરચુરણ ખર્ચ	૫૪૬૨-૪૩	
ડિબેન્ચરોનાં	૪૫૬૪-૨૪		પુસ્તક ખરીદી અંગે	૩૪૩-૧૫	
બેંકના ખાતાઓનાં તથા ફીકસ ડીપોઝીટના	૩૫૪૧૩-૧૬		બેંક કમીશન	૨૪-૦૦	
			પરમાનંદ કાપડિયા સભાગૃહ અંગે માણસને મહેનતાણાના	૬૬૧-૦૦	
બાદ : લાઈફ મેમ્બરશીપ ફંડના વ્યાજના શ્રી પ્રબુદ્ધ - જીવનના લવાજમા ખાતે	૩૯૯૭૭-૪૦				૨૫૪૬૯-૧૫
	૧૨૪૬૦-૦૦		મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એડમીની-સ્ટ્રેશન ફંડને ફાળાના		૨૩૦૦-૦૦
		૨૭૫૧૭-૪૦	ઓડિટરોને ઓનરેરીયમના		૩૫૧-૦૦
સરવાયા ફેરના		૧૨-૮૦	ફરનીચર પર ઘસારાના		૮૯૪-૦૦
પરમાનંદ કાપડિયા સભાગૃહના ઘસારાના		૩૯૯૭-૦૦	વ્યાખ્યાનમાળાઓ અંગે ખર્ચ		૨૪૪૫૦-૪૮
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા		૪૫૫૫-૯૪	કાયમી ફંડો ને વ્યાજના : ચાલુ વર્ષના તથા અગાઉના વર્ષોના ૯ ટકા પ્રમાણે		૧૫૬૩૮-૦૦
		૬૯૧૦૨-૬૩			૬૯૧૦૨-૬૩

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા. ૨૮-૩-૮૦

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ – મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૭૯ના રોજ પૂરા થતાં વર્ષનો શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.	ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
વર્ષ દરમ્યાન લવાજમના આવ્યા ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રત મોકલવામાં આવે છે તેના લાઈફ મેમ્બરોને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રત મોકલવામાં આવી છે તેના તથા આજીવન સભાસદનાલવાજમ ફંડના વ્યાજમાંથી	૧૩૯૪૫-૨૫ ૧૫૧૭૦-૦૦		વહીવટ તથા વ્યવસ્થા ખર્ચ :		
			પગાર તથા બોનસ		૮૫૪૨-૫૦
			પેપર ખર્ચ		૧૧૩૨૭-૬૧
		૨૯,૧૧૫-૨૫	છપામણી ખર્ચ		૧૮૨૬૬-૦૧
ભેટના :					
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી	૧૨૫૦-૦૦		પોસ્ટેજના		૨૦૭૫-૨૬
પરમાનંદ કાપડિયા સ્મારકનિધિમાંથી	૫૦૦૦-૦૦		પુરસ્કાર ખર્ચ		૧૦૯૫-૦૦
અન્ય રોકડ ભેટના	૨૧-૦૦				
		૬૨૭૧-૦૦			
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા.		૫૯૨૦-૧૩			
	કુલ રૂ.	૪૧૩૦૬-૩૮			૪૧૩૦૬-૩૮

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા. ૨૮-૩-૮૦

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧-૧૨-૧૯૭૯ ના દિવસનું સરવૈયું

	રૂ. પૈ.	રૂ. પૈ.
ફંડો અને દેવું :		
સ્થાયી ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૫૭,૮૯૪-૦૦	
ઉમેરો : મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ભેટના	૫૦,૦૦૦-૦૦	
શ્રી પુસ્તક ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૫,૫૦૦-૦૦	
શ્રી ફરનીચર ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨,૪૦૦-૦૦	
શ્રી રિઝર્વ ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૧,૬૭૩-૪૨	
		૧,૪૭,૪૬૭-૪૨
દેવું :		
પુસ્તકો અંગે ડિપોઝીટ	૧૪,૫૦૧-૦૦	
સ્ટાફ પ્રો. ફંડના	૮,૨૭૮-૯૭	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં	૩૨,૩૮૮-૩૨	
નવભારત સાહિત્ય મંદિર	૨,૯૮૨-૦૦	
સુમન પ્રકાશન	૩,૬૧૦-૦૦	૬૧૭૬૦-૨૯
		૨૦૯૨૨૭-૭૧

ઓડિટરનો રિપોર્ટ :

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૭૯ના રોજનું ઉપરનું સરવૈયું મજકૂર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રીપોર્ટને આધીન બરાબર છે.

મુંબઈ તા. ૨૮મી માર્ચ ૧૯૮૦. સહી : શાહ મહેતા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ

	રૂ. પૈ.	રૂ. પૈ.
મિલકત અને લેણું :		
ઈન્વેસ્ટમેન્ટ (ચોપડા પ્રમાણે)		
બેંક ઓફ ઈ. ફી. ડિપોઝીટ		૬૦૦૦૦-૦૦
ફર્નિચર (ખરીદ કિંમતે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૦૬૯૫-૯૩	
બાદ : કુલ ઘસારાના ૪,૧૨૮-૯૩		
વર્ષ દરમ્યાન ઘસારાના ૬૫૭-૦૦		
	૪,૭૮૫-૯૩	
પુસ્તકો : (ખરીદ કિંમતે)		૫૯૧૦-૦૦
ગયા સરવૈયા મુજબ બાકી	૭૦૫૭૬-૨૦	
ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદીના	૧૧૨૬૨-૦૦	
	૮૧૮૩૮-૨૦	
બાદ : કુલ ઘસારાના તથા જૂના પુસ્તકોના લખીવાળ્યા	૨૪,૯૫૫-૬૭	૫૬૮૮૨-૫૩
લેણું :		
ઈન્કમટેક્ષ રીફંડના	૨૦૮-૦૦	
સ્ટાફ પાસે	૬૫૦-૦૦	
મ્યુનિસિપલ ગ્રાંટ	૧૦.૦૦૦-૦૦	૧૦,૮૫૮-૦૦
રોકડ તથા બેંક બાકી :		
બેંક ઓફ ઈ.ના બચત ખાતે	૧૫૫૦-૧૮	
બેંક ઓફ ઈ.ના રીકરીંગ ડી.	૨૦,૫૦૦-૦૦	
	૧-૯૯	
રોકડ પુરાંત		૨૨૦૫૨-૧૩
શ્રી આવક-ખર્ચ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૧,૧૨૮-૫૪	
ઉમેરો : વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો	૨૨,૩૯૬-૪૭	૫૩,૫૨૫-૦૧
		૨૦,૯૨૨૭-૭૧

તા. ૩૧-૧૨-૧૯૭૯ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

	રૂ. પૈ.	રૂ. પૈ.
આવક :		
વ્યાજના :		
બેંકનાં વ્યાજના	૨૯-૮૯	
મંથલી ઈન્કમ સર્ટિફિકેટનું	૬,૦૦૦-૦૦	
		૬,૦૨૯-૮૯
ભેટના :		૨૦૨-૦૦
પુસ્તક લવાજમના		૬,૨૫૦-૦૦
મ્યુનિસિપલ ગ્રાંટના		૧૦,૦૦૦-૦૦
પરચુરણ આવક :		
પસ્તી વેચાણના	૫૭૧-૬૫	
પાસ-બુક વેચાણના	૨૦૧-૧૦	
દંડના	૧૫૫-૩૦	
		૯૨૮-૦૫
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૨૨૩૯૬-૪૭
		કુલ રૂ. ૪૫૮૦૬-૪૧

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

મુંબઈ તા. ૨૮મી માર્ચ ૧૯૮૦ સહી : શાહ મહેતા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ

	રૂ. પૈ.	રૂ. પૈ.
ખર્ચ :		
વહીવટી તથા વ્યવસ્થા અંગે ખર્ચ		
પેપર લવાજમ	૫૭૫૧-૦૫	
પગાર તથા બોનસ વિગેરે	૨૪૭૫૫-૦૦	
બુક બાઈન્ડીંગ ખર્ચ	૧૧૩૧-૭૦	
પ્રોવિડંટ ફંડ ફાળાના	૧૦૩૯-૦૪	
પ્રોવિડંટ ફંડને વ્યાજના ૭ ટકા મુજબ	૨૦૮-૦૦	
વીમાના પ્રીમીયમના	૬૧૫-૦૦	
		૩૩૪૯૯-૭૯
વ્યવસ્થા ખર્ચ :		
મકાન મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ :	૨,૫૦૫-૬૧	
ટેલીફોન ખર્ચ	૧,૮૮૭-૩૨	
ઓડિટરોને ઓનરેરીયમના	૩૫૧-૦૦	
ગાડીભાડું, પાસ, યુનિફોર્મ	૫,૬૦૯-૬૯	
તથા સ્ટાફને ચા અને અન્ય ખર્ચ		
પોસ્ટેજ તથા છપામણી	૧,૨૯૬-૦૦	૧૧,૬૪૯-૬૨
ફરનીચર પર ઘસારાના ૧૦ ટકા		૬૫૭-૦૦
		૪૫,૮૦૬-૪૧

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૩ : અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ જૂન, ૧૯૮૦ સોમવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

☆ અમેરિકા એકલું પડતું જાય છે. ☆

છેલ્લા છ મહિનાના બનાવો, ખાસ કરી ઈરાન અને અફઘાનિસ્તાનના બનાવોને પરિણામે દુનિયાનું રાજકારણ નવો વળાંક લઈ રહ્યું છે.

પહેલા વિશ્વયુદ્ધમાં અને ખાસ કરી બીજા વિશ્વયુદ્ધમાં, અમેરિકાની સહાય વિના, મિત્ર રાજ્યોને વિજય મળ્યો ન હોત. બીજા વિશ્વયુદ્ધ પછી, અમેરિકાએ અઢળક આર્થિક સહાય કરી ન હોત તો યુરોપના દેશો ફરી આબાદીને પંથે જઈ શકત નહિ. પરિણામે અમેરિકાએ વિશ્વની આગેવાની લીધી અથવા આવી પડી. પણ બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં જ, અમેરિકા અને રશિયા વચ્ચે ઠંડુ યુદ્ધ શરૂ થયું. રશિયાએ, પૂર્વ યુરોપ અને બર્લિન સુધી યુરોપનો કબજો કરી લીધો. બીજા વિશ્વયુદ્ધમાં રશિયાએ અનહદ સહન કર્યું હતું જ્યારે અમેરિકા સમૃદ્ધ રહ્યું હતું. વિશેષમાં તે સમયે અમેરિકા પાસે જ આણુ બોમ્બ હતો એટલે આ ઠંડા યુદ્ધમાં અમેરિકાની આર્થિક અને લશ્કરી સરસાઈ ઘણી વધારે હતી. પણ ધીમે ધીમે રશિયા એ અંતર ઓછું કરતું ગયું અને અમેરિકાનું સમોવડિયું થયું. અંતે બે મહાસત્તાઓ પરસ્પરના પ્રતિસ્પર્ધી થઈ. હવે રશિયાની લશ્કરી તાકાત અમેરિકા કરતાં જરાક જ, કેટલીક બાબતમાં તેના કરતાં વધારે છે.

સાથે સાથે યુરોપના દેશો સમૃદ્ધ થયા અને અમેરિકાની તાબેદારી ખૂંચવા લાગી. અમેરિકાથી સ્વતંત્ર રીતે વર્તવાની દ'ગોલે શરૂઆત કરી, છતાં અમેરિકાનું વર્ચસ ઘણું રહ્યું. અમેરિકન લશ્કર યુરોપમાં સારા પ્રમાણમાં છે. નાટો સંધ, રશિયા સામે યુરોપનું રક્ષણ છે અને હજી રશિયાના આક્રમણને પહોંચી શકે તેટલું આણુ સાધન યુરોપ પાસે નથી.

આર્થિક રીતે દુનિયા આખી સંકળાયેલી છે, ખાસ કરી યુરોપ અને અમેરિકા. એક કહેવત છે, When America sneezes Europe gets Cold. અમેરિકાને છીંક આવે તો યુરોપને શરદી થાય છે. પણ યુરોપના દેશો હવે સંગઠિત થયા છે, યુરોપના નવ દેશોની મઝિારી બજારથી યુરોપની આર્થિક સ્વતંત્રતા વધી છે અને અમેરિકાની આર્થિક શકિત ઓછી થઈ છે.

નિકસન-કિસિન્જર જોડીએ અમેરિકાની વિદેશી નીતિમાં મોટો પલટો આણ્યો. મેકાર્થી અને ડલેસની સામ્યવાદના વિરોધની નીતિ છોડી, સહઅસ્તિત્વની નીતિ અપનાવી. ચીન સાથે સંબંધ બાંધ્યા અને રશિયા સાથે મૈત્રીભર્યા સંબંધો રચવા શરૂ કર્યા. આણુ શસ્ત્રોની મર્યાદા બાંધવાના અમેરિકા અને રશિયાએ કરાર કર્યા. તેટલા પ્રમાણમાં, યુરોપ ઉપરનો રશિયાનો ભય ઓછો થયો, યુરોપની સલામતી વધી.

અમેરિકાના વળતાં પાણી શરૂ થયા વિયેટનામના યુદ્ધથી. વિયેટનામ જેવા નાના દેશ ઉપર બધી લશ્કરી તાકાત લગાવવા છતાં, હાર સ્વીકારવી પડી. પછી વોટરગેટ આવ્યું અને નૈતિક પતન થયું. ૧૯૭૬થી કાર્ટરનું શાસન શરૂ થયું અને અનિશ્ચિતતા વધી. અમેરિકા પાસે પ્રતિભાશાળી આગેવાની ન રહી.

રશિયાએ આક્રમકતા વધારી. આફ્રિકા અને એશિયાના દેશોમાં લાગવગ ફેલાવી. અંગોલા, મોઝામ્બિક, ઈથિયોપિયા વિગેરે દેશોમાં રશિયન લાગવગ વધી. દક્ષિણ-પૂર્વમાં, વિયેટનામે રશિયાનો આશ્રય લીધો. આપણા દેશની વિદેશ નીતિ વધારે રશિયા તરફની થઈ. અમેરિકાની એક પછી એક પછડાટ થતી ગઈ.

અમેરિકાએ મધ્યપૂર્વમાં લાગવગ વધારવા, ઈરાનના શાહને અને ઈઝરાઈલને ટેકો આપ્યો. ઈજિપ્તના સદાતે પણ અમેરિકા તરફી વલણ અપનાવ્યું.

તેમાં ઈરાનના શાહનું પતન થયું અને ખોમેની આવ્યા. ૫૧ અમેરિકનોને બાન પકડયા. તેને લગભગ સાત મહિના થઈ ગયા. તેમને છોડાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. રશિયાએ અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કરી તેનો કબજો લીધો તેને પાંચ મહિના થઈ ગયા. અમેરિકા ખૂબ રોષે ભરાયું હોવા છતાં, કોઈ અસરકારક પગલાં હજી સુધી લઈ શકયું નથી. કાર્ટરની નેતાગીરી નબળી છે, અસ્થિર છે, એવી છાપ પડી છે. પશ્ચિમ યુરોપના દેશો કાર્ટરથી ઘણાં નારાજ છે અને તેમની અને અમેરિકા વચ્ચેનું અંતર વધતું જાય છે. પરિણામે જે કેટલાક બનાવો આ છ મહિનામાં બન્યાં છે તેથી વિશ્વનું રાજકારણ નવો વળાંક લેતું હોય તેમ જણાય છે.

સૌ પ્રથમ યુરોપના દેશોને એમ લાગે છે, કે કાર્ટરે અને અમેરિકન પ્રજાએ, અમેરિકન બાનના પ્રશ્નને વધારે પડતો ચગાવી દીધો છે. આવું જોખમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અસાધારણ નથી, તેને મોટું સ્વરૂપ આપવું ન જોઈએ. કાર્ટરને સાપે છછુંદર ગળ્યા જેવું છે. પ્રમુખની ચૂંટણીનું વર્ષ છે. સબળ નેતૃત્વ દાખવવું જોઈએ. ઈરાન ઉપર ઘણી જાતના દબાણ લાવવાનો પ્રયત્ન કરે છે પણ સફળતા મળતી નથી અને યુરોપના દેશો અને જાપાનનો સહકાર નથી. ઈરાન સાથે આર્થિક અસહકાર કરવાની કાર્ટરે માંગણી કરી. યુરોપના દેશો છેવટ અનિચ્છાએ સંમત થયા પણ કાર્ટરના સૌથી મોટા ટેકેદાર બ્રિટને જ પીછેહઠ કરી. બીજા દેશોએ, ૪ નવેમ્બર ૧૯૭૯, બાન પકડાયા ત્યારથી થયેલ વેપારી કરારોનો અમલ બંધ કર્યો જ્યારે બ્રિટિશ પાર્લમેંટમાં કન્ઝર્વેટિવ સભ્યોના બળવાને કારણે, હવે પછી નવા કરાર ન કરવા એમ નક્કી થયું. ઈરાન સાથે સૌને વેપાર કરવો છે મોટા નફા છે. આર્થિક અસહકાર અસરકારક થશે નહિ. ઈરાન તે જાણે છે તેથી તેને ખાસ ચિન્તા નથી. કાર્ટર હવે સમજી ગયા છે એટલે બાનના પ્રશ્નને ગૌણ કરતા જાય છે. પહેલા જાહેર કર્યું હતું કે બાન છૂટે નહિ ત્યાં સુધી કાર્ટર પોતે પ્રમુખપદની ચૂંટણીમાં ભાગ નહિ લે. હવે તે વાત છોડી દીધી છે.

અફઘાનીસ્તાન ઉપર રશિયન આક્રમણ વધારે ગંભીર પ્રશ્ન છે. કાર્ટરે પાકિસ્તાનને તે માટે તૈયાર કરવા પ્રયત્ન કર્યો, તેમાં બહુ સફળતા ન મળી. પાકિસ્તાનમાં મળેલ મુસ્લિમ રાજ્યોના વિદેશ મંત્રીઓની પરિષદે ઠંડો જવાબ આપ્યો છે. આપણા વિદેશની મંત્રી રશિયા ગયા. તેમની મુલાકાતનું સંયુકત નિવેદન બહાર પડયું તેમાં અફઘાનીસ્તાનનો કોઈ ઉલ્લેખ નથી. અમેરિકાને સૌથી વધારે આઘાત ફ્રાન્સના પ્રમુખે આપ્યો. અમેરિકાને જાણ કર્યા વિના, તેઓ બ્રેઝનેવને મળ્યા. અમેરિકાના નવા વિદેશ મંત્રી મસ્કી ધૂંઆંકૂંઆં થયા. ફ્રાન્સે એવો જ કડક વળતો જવાબ આપ્યો. યુરોપના દેશોની ફરિયાદ છે કે કાર્ટર વિદેશ નીતિના નિર્ણયો કરે છે તેમાં યુરોપના વડાઓ સાથે મસલત કરતા નથી અને એકપક્ષી હુકમ કાઢે છે. અમેરિકા યુરોપ ઉપર વધારે પડતું દબાણ લાવે છે તે સામે વિરોધ વધતો જાય છે. We are allies and not satellites, partners and not sub-ordinates. એવું વલણ વધતું જાય છે.

રશિયામાં વિશ્વ ઓલિમ્પિકનો બહિષ્કાર કરવા કાર્ટરે હાકલ કરી, તેને ઘણો નબળો જવાબ મળ્યો. ખુદ અમેરિકાના ખેલાડીઓ

પણ વિરુદ્ધ હતાં પણ દબાણને વશ થયા. No politics in sports. એવો નાદ જાગ્યો.

આરબ-ઈઝરાઈલ સંઘર્ષમાં, કાર્ટરે કેમ્પ ડેવીડ કરારો, ઈજિપ્ત અને ઈઝરાઈલ વચ્ચે કરાવ્યા તે કાર્ટરની સિદ્ધિ હતી પણ ઈઝરાઈલના વડા પ્રધાનની આક્રમકતાને કારણે આ કરારોનો અમલ થઈ શક્યો નથી. કાર્ટર ઈઝરાઇલ ઉપર જોઈએ તેટલું દબાણ લાવી શકતા નથી, કારણકે અમેરિકાની યહુદી લોબી ઘણી બળવાન છે અને આ ચૂંટણીનું વર્ષ છે. કાર્ટરની આ નિર્બળતાને કારણે હવે યુરોપના દેશો આરબ-ઈઝરાઈલ સંઘર્ષને મીટાવવા, સ્વતંત્ર નીતિ અખત્યાર કરવાની તૈયારી કરી રહ્યા છે. અલબત્ત, અમેરિકાના સહકાર વિના તેને પૂરી સફળતા ન મળે પણ અમેરિકા અને યુરોપ વચ્ચેનું અંતર વધતું જાય છે, તેની આ નિશાની છે.

જાપાન અમેરિકાના દબાણ નીચે હતું. તે હવે લગભગ સ્વતંત્ર થયું છે અને સ્વતંત્ર નીતિ, આર્થિક અને વિદેશની અપનાવે છે. જાપાન ઘણું સમૃદ્ધ થયું છે. તેનો વિદેશ વ્યાપાર ટોચ ઉપર છે. અમેરિકાની તાબેદારી હવે રહી નથી. સીધી રીતે રશિયા અને ચીન સાથે સંબંધો બાંધે છે.

રશિયાની સામે ચીનને ખડું કરવા, અમેરિકા ચીનને મોટી આર્થિક અને લશ્કરી સહાય આપવા તૈયાર થયું છે. અત્યારે ચીનને તે ફાવે છે. પણ ચીન અને રશિયા ક્યારે નજીક નહિ આવે તે કહેવાય નહિ.

આ બધું છતાં, યુરોપ અને અમેરિકાના સંબંધો ઝટ તૂટે તેમ નથી. યુરોપના કેટલાક દેશોમાં અમેરિકન અણુશસ્ત્રોના થાણાં નાખવા ગયા ડિસેમ્બર મહિનામાં સમજુતી થઈ છે. તેમાં પણ હવે બેલ્જિયમ અને હોલેન્ડમાં મતભેદ થયો છે. અમેરિકા મારફત અને તેના આધારે રશિયાના દબાણને પહોંચી વળવું, તેના કરતા સીધી રીતે રશિયા સાથે સંબંધો બાંધી, મૈત્રી કરવી એવી કોઈક નીતિ યુરોપના દેશોની થતી જાય છે. એટલો આત્મવિશ્વાસ આવ્યો છે.

રાજકીય અને આર્થિક પ્રશ્નો ખૂબ સંકળાયેલા છે. Political and economic problems are inter-twine તે વધારે જટિલ થતા જાય છે. રશિયાની આર્થિક સ્થિતિ બહુ સમૃદ્ધ ન ગણાય. યુરોપના દેશો ઉપર અને ખાસ કરી Sophisticated Technology ની મદદની બહુ જરૂર રહે. યુરોપના દેશોને રશિયા સાથેના વ્યાપારમાં મોટો લાભ છે. રશિયાના આક્રમણના ભય કરતા, આ આર્થિક લાભનું વધારે આકર્ષણ છે. અમેરિકાને રશિયા સાથે રાજકીય સત્તાનો-સંઘર્ષ વધારે છે. global power બીજા દેશોને એવી મોટી મહાત્વાકાંક્ષા નથી. અફઘાનીસ્તાન ઉપરનાં રશિયન આક્રમણને અમેરિકા જેટલું ગંભીર માને છે તેટલું બીજા દેશો માનતા નથી. રશિયા છેવટ પોતાનું લશ્કર પાછું ખેંચી લેશે અને આગળ નહિ વધે તેવી આશા સેવે છે.

આમ બધી રીતે અમેરિકા એકલું પડતું જાય છે. રશિયાને તેનો લાભ મળે છે. પરિણામે, રશિયા કેટલું આક્રમક થશે અથવા તેની લાગવગ દુનિયામાં કેટલી વધશે તે કહેવું મુશ્કેલ છે. But American isolation and frustration is increasing સમર્થ વ્યક્તિ પેઠે, સમર્થ દેશની છૂપી ઈર્ષા હોય છે. અમેરિકામાં નમ્રતા કે મુત્સુદ્દીગીરીનો અભાવ છે. આટલો વખત ભોગવેલ સત્તા અને આગેવાનીનું અભિમાન છે. કોઈ પ્રભાવશાળી વ્યક્તિ નથી. નવી ચૂંટણીમાં, કાર્ટર, કેનેડી કે રીગન, કોઈપણ આવે તે એવો પ્રભાવ પાડે તેમ નથી.

પરિણામે દુનિયાનું રાજકારણ નવો વળાંક લેશે તેમ લાગે છે.

૮-૬-૧૯૮૦ – ચીમનલાલ ચકુભાઇ

લોકશાહીનો મૂલ્ય-હ્રાસ: કારણો અને ઈલાજ

[૧]

નવ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો એક વાત સ્પષ્ટ કરે છે કે જેપી જે "રાષ્ટ્રીય જોખમ" સામે "રાષ્ટ્રીય કવચ" તૈયાર કરવા મથ્યા હતા એ પ્રયાસ સંપૂર્ણ નિષ્ફળ ગયો છે અને તે "વિરોધ પક્ષો"ની પોતાની નાદારીને જ કારણે. લોકસભાની ચૂંટણી વખતે જ આ નાદારી ખુલ્લી પડી હતી. પરંતુ એમાંથી બોધપાઠ લઈને પોતાનો કાયાકલ્પ કરવાને બદલે તેમણે આત્મહત્યાનો જ રાહ પસંદ કર્યો! હવે, એમણે ખરખરો કરવા જેવું કશું નથી. જેવું કર્યું હતું તેવું પામ્યા છે. પરંતુ દેશનું ભાવિ વળી પાછું એ જ હાથોમાં સોંપાયું છે જેમના થકી "રાષ્ટ્રીય જોખમ" જાગ્યું હતું!

આ પરિણામ પછી ય વિરોધપક્ષો ખરેખર કયું નવું શીખશે એવાં ઓંધાણ નથી.

આ પરિણામ પછી અનેક પ્રકારના પ્રત્યાઘાતો જાણવા મળે છે. તેમાંના કેટલાક ચિંતા અને ચિંતન કરવા જેવા છે.

(૧) એક વર્ગ એમ માનતો થયો છે કે ભારત જેવો દેશ હજી "લોકશાહી" ભોગવવા લાયક જ નથી. કમ સે કમ એ મહાન આદર્શને માટેની લાયકાત આવે તે દરમ્યાન એકહથ્થુ શિસ્તબદ્ધ શાસન જરૂરી હતું. અને તે ઈન્દિરાજીના નેતૃત્વમાં સ્થપાયું છે એ ઠીક જ થયું છે. આ પછી જ, આપણા દેશમાં, આજની લોકશાહી કરતાં કશુંક વધુ બહેતર, નવું શાસન-સ્વરૂપ પેદા થશે. ભાવિ વિકાસની આ અનિવાર્યતા નહીં સમજીને જૂનવાણી લોકો "લોકશાહી" પરંપરાને વળગી રહીને તેને બચાવવાની જેહાદમાં ઉલટા દેશને પાયમાલ કરશે.

(૨) બીજો મત એવો છે કે

આ દેશ લોકશાહીને લાયક નથી એવું નથી. પં. નહેરુના જમાનાથી ઈન્દિરાજીના શાસનના આરંભ સુધીની પહેલી પચીસી દરમ્યાન, આ દેશમાં લોકશાહીના દૂષણો ગમે તેટલા દેખાયા હોય તો પણ તે દૂર કરીને એનો છોડ પગભર થવાની સંભાવના દેખાતી હતી. એ આશા ઉપર જીવલેણ ફટકો પડયો, "કટોકટી શાસન સ્થપાતા" (૧૯૭૫) પરંતુ હવે, જ્યારે જનતા પક્ષનો આશાપ્રદ પ્રયોગ સંપૂર્ણ નિષ્ફળ ગયો જ છે અને ઈન્દિરાજીને છેલ્લી લોકસભાની તથા તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓમાં પ્રચંડ વિજય પ્રાપ્ત થયો જ છે, તે પછી તેમનામાં નવેસરથી વિશ્વાસ મૂકીને તેમને નવો પ્રયોગ કરવાની પૂરેપૂરી તક આપવી જોઈએ, કમ સે કમ પાંચ વર્ષની તેમની મુદત દરમ્યાન.

–વિરોધ પક્ષોએ પોતાના પાછલા પાપ ધોવાના કામમાં, અને એ રીતે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવાના કામમાં લાગી જવું જોઈએ.

–દેશના જાગૃત નાગરિકો અને બૌદ્ધિકોએ પણ નવા શાસનની ટીકા ટીપણી કરતા રહીને લોકોના મન ડહોળવાનું અને નવા શાસનને ગુંચવવા-મુંઝવવાનું બંધ કરવું જોઈએ.

–પ્રજા માટે આફત–આઘાત અસહ્ય બનશે તો તે એનો રસ્તો કાઢવા મથશે અને ત્યારે પ્રજાને ટેકો આપવા જે કરવા જેવું લાગે એ કરજો.

(૩) ત્રીજો મત એવો છે કે, ઈન્દિરાજી ૧૯૭૧થી સર્વસત્તા હાથ કરવાની પેરવીમાં આગળ વધી રહ્યા હતા. એ વખતથી જયપ્રકાશજી એમને વારવા મથ્યા હતા; અને સમજાવટના બધા પ્રયાસો નિષ્ફળ જતાં, લોકશાહીને માથે ગંભીર ભય દેખાયો ત્યારે જ તેમણે તેમની સામે શાંતિમય આંદોલન આરંભ્યું હતું. દેશભરમાં એ આંદોલન વ્યાપી જવાના ભયે–પોતાની એકહથ્થુ સત્તા છીનવાઈ જવાના ભયે જ ઈન્દિરાજીએ "કટોકટી" લાદી હતી. અને આંદોલન ઠંડું પડેલું જોયું તે પછી "ચૂંટણી દ્વારા" સર્વસત્તા હાસલ થતી જ હોય તો, તેમાં તેમને શાણપણ દેખાયું. અને જીતવાની પૂરી ખાત્રીએ લોકસભાની ચૂંટણી આપી (૧૯૭૭) તેમણે તેમાં ધાર ખાધી–જબરજસ્ત હાર ખાધી. પરંતુ એમનું મનોબળ તૂટયું નહિ. એમની વ્યૂહશક્તિ ઉલટી સતે જ બની. ઘોર પરાજયમાંય એમણે પોતાના ભાવિના વિજયની આશા જોઈ. "જનતા પક્ષ" નારંગીની પેસીની જેમ છૂટો પડી જશે..." ઈન્દિરાજીની આ ગણત્રી સો ટકા સાચી પાડી જનતા પક્ષે જ!

વળી, કેન્દ્ર અને મોટા ભાગના રાજ્યોમાં મળેલી જંગી બહુમતી પાછળ કેવળ ઈન્દિરાજીનો નહિ, સંજયકુમારનો ઘણો મોટો ફાળો છે. હવે એ પક્ષમાં ઈન્દિરા-સંજયની સહિયારી હાક અને ધાક કામ કરશે. જતે દિવસે, સંજય જ આગળ આવશે. એ પછી તો રહીસહી આશા પણ પૂરી થશે. માટે–

–ઈન્દિરાજીને ડગલે ને પગલે પડકારવા જોઈએ બને તેટલા વિક્ષોપો ઊભા કરવા જોઈએ. ભલે દમન થતું. પ્રજા એવા સંઘર્ષોમાં તવાઈને જ શક્તિશાળી બની બહાર આવશે, જે કાતિને રાહે ચઢાવશે?

(૨)

ઉપરની ત્રણે માન્યતા ચકાસીએ.

પહેલી માન્યતામાં સત્ય હોય તો એટલું જ કે "લોકશાહી એક મહાન આદર્શ છે." આ સિવાયના એમના મંતવ્યો નિરાધાર છે. જેમ કે–ખરેખર જો દેશ હજી લોકશાહીને લાયક જ હોય તો તેને લાયક બનાવવાના રસ્તા જ શોધવા જોઈએ. એને બદલે "લોકશાહી"થી સંપૂર્ણ વિરોધી રોકહથ્થુ શાસન એકવાર આવકારવું અને પછી એ આપખુદશાહી સત્તા દેશને લોકશાહી માટે તૈયાર કરશે એમ માનવું; અથવા લોકો પોતે ઠોકળાઈને લોકશાહી સ્થાપશે, એમ ધારવું એ અદ્યતન ઈતિહાસના પદાર્થ પાઠ અવગણવા બરાબર છે. (આપણા સાખ પડોશી બર્મા, પાકિસ્તાનના અનુભવ પછી તો વિશેષ) અને કોઈક નવું લોકશાહીથી બહેતર માળખું ઊભું થશે એમ, કશા નિશ્ચિત પ્રમેયના આધાર વિના, ધારવું એ તો અંધારામાં ભૂસકો મારવા બરાબર છે.

બીજા નંબરના મંતવ્યમાં દોષ એ છે, કે લોકશાહીને જીવંત રાખવા માટે સતત સતર્કતાનું મૂલ્ય ચૂકવવું અનિવાર્ય છે. (વિજિલન્સ ઈઝ ધ પ્રાઈસ ઓફ ડેમોક્રસી) એ પાયાની વાત જ ભુલાઈ ગઈ છે. લોકશાહીમાં 'વિરોધપક્ષ' જ ન રહે, મૂગો રહે, "પેસિવ" બની રહે એ લોકશાહીની મૂળભૂત વિભાવનાની વિરુદ્ધ છે. તેમાંય ઈન્દિરાજીની પાટી કોરી નથી જ. છેલ્લા દાયકા દરમ્યાન, જેણે આપખુદશાહી શાસનનો પરચો આપ્યો જ છે એ પક્ષ જંગી બહુમતીથી ફરી ચૂંટાઈને આવ્યો છે, માટે જ પલટાઈ ગયો છે એમ માનવું ભ્રામક છે. હજી એણે પોતાના વ્યવહારની એવી પ્રતીતિ કરાવવી બાકી છે. એ દરમ્યાન લોકશાહીની નિષ્ઠા ધરાવનારાઓ તકેદારી (વિજીલન્સ) જ છોડી દઈને, જાણે પ્રજાએ પાંચ વર્ષનો પટો લખી આપ્યો હોય એમ શાસકને ઠીક લાગે એ રીતે કરવા દે, તો એ તો, પ્રજા પ્રત્યેનો પોતાનો ધર્મ ચૂક્યા બરાબર છે. એવી નિવૃત્તિની વૃત્તિ તો આપખુદશાહીને જ અનુકૂળ થાય.

આનો અર્થ એ નથી કે ઈન્દિરાજી પોતાના હવે પછીના શાસનમાં કશું જ ડહાપણ નહીં બતાવે. ઈચ્છીએ કે બતાવશે જ. અને તો વિરોધ ખાતર વિરોધની નીતિ વિઘાતક છે. દેશદાઝભર્યા એમના દરેક પગલાને સૌએ વધાવવા જોઈએ. તેઓ ગંભીર રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સમસ્યા અંગે સહમંત્રણા માટે આમંત્રે ત્યારે, મતભેદ પ્રગટ કરવાની શરતે, શક્ય હોય તેટલો સહકાર આપવા તત્પર, રહેવું જોઈએ. (ગાંધી અને જેપીની નીતિનું આ મહત્ત્વનું લક્ષણ છે.)

હા, ઈન્દિરાજીને "નવેસરથી તક આપવી" રહી. પરંતુ એનો અર્થ એ કે જેમ જેમ તેઓ "જૂનેસર"ની આપખુદ રીતરસમો છોડતા જાય અને "નવેસર" લોકશાહી રીતરસમો અમલમાં મૂકતા જાય તેમ તેમ તેમનો માર્ગ મોકળો કરવામાં સૌએ મદદરૂપ બનવું જોઈએ. આમ કરતા, જો ઈન્દિરાજી લોકશાહીના રસ્તે એક પછી એક રાષ્ટ્રહિતના પગલા ભરતા રહેશે તો જતે દિવસે એમને વિશેની સકારણ આશંકા અકારણ બની જશે. એટલું જ નહીં, ઈન્દિરાજીની એકંદર શક્તિઓ જોતા, એમના હાથ મજબૂત બને અને રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય ભીંસમાં પડેલો દેશ એમના નેતૃત્વ નીચે બહાર આવે એનાથી રૂડું બીજું શું હોઈ શકે?

પરંતુ, લોકોએ આગુક નેતાને જંગી બહુમતીથી ચૂંટયો માટે જ એ મહાન લોકશાહી નેતા હોવો જ જોઈએ એવા ભ્રમથી બચવું જોઈએ. (મુસોલીની અને હિટલર સત્તા પર આવ્યા તે અન્ય રાષ્ટ્રીય પક્ષોને પરાજય આપીને લોકપ્રિય નેતા તરીકે જ ચૂંટાઈને આવ્યા હતા. એ પછી જ તેમણે પોતાની સત્તાનો દુરપયોગ કર્યો હતો.)

રાજાજીએ બરાબર જ કહ્યું છે, કે સર્વસત્તાવાદ ચૂંટાઈને આવે એથી કંઈ લોકસત્તાવાદ બની જતો નથી. એનું દૂષિત રૂપ બદલાઈ જતું નથી.

ટૂંકમાં લોકપ્રિયતા એ કંઈ લોકશાહી માટેની ગેરંટી નથી. જાગ્રત નાગરિકનો સ્વધર્મ પ્રજાને સમગ્ર પરિસ્થિતિથી સતત સચેત રાખવાનો છે. એ કર્તવ્ય મોકૂફ રાખ્યું એમાં જ "શરણાગતિ" (એપીઝમેન્ટ)નું બીજ રહેલું છે.

ત્રીજા મંતવ્યમાં ઈન્દિરાજી અંગે ૧૯૭૧થી શરૂ કરી છેલ્લે સુધીની જે માહિતી રજૂ કરી છે તે ઘણી મહત્ત્વની છે ને નજર અંદાજ થઈ શકે એમ છે જ નહીં. "(ફટોકટી" દરમ્યાન જેપી, રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ અને લાખો નાગરિકોને જે પ્રકારે ભોગ બનવું પડયું હતું એ કોઈ આકસ્મિક અને ક્ષુલ્લક ઘટના ન હતી. આજે ય એની યાદ હૈયાને હચમચાવી મૂકે છે.)

છતાં, એક પ્રકરણ તરીકે તે પૂરું થયું . હવે, તેને "ક્રાંતિ"ને નામે વાગોળી ધૂંટીને કેવળ ઉશ્કરણી કરવાનો રસ્તો તો નિર્દોષોને આગમાં હોમવા બરાબર છે. ઈરાદાપૂર્વકની ઉશ્કેરણી, તેની સામે સરકારી દમન, તેની સામે શહીદોની ખાંભીઓ એવા ઉધામાઓથી પ્રજાની શક્તિ વધતી નથી. એમાં તો પ્રજાની શક્તિનો હ્રાસ થાય છે અને અંધાધૂંધીનો વંટોળ ઊઠે છે. અને જરૂરસલાખ આપખુદ શાસનને જ તે નોતરે છે. ભલે પછી એ શાસન અમુક વ્યક્તિ, જૂથ, પક્ષ કે લશ્કરી જમાતનું હોય. એ રસ્તે ક્રાંતિનું સ્થાયી મૂલ્ય કદી પેદા થતું નથી. વાસ્તવમાં તો, આ વીરતાભર્યો દેખાતો રસ્તો, બાલિશ–આપકવ–અંધ સાહસખોરી (એડવેન્ચરિઝમ)નો બની રહે છે.

[૩]

ઉપર જણાવ્યા તે ત્રણેમાંથી પહેલા બે મંતવ્યો પાછળ મુખ્ય કારણ એ છે કે લોકશાહી અંગેની સાચી સમજ હજી શિક્ષિત નાગરિકને ય ગળે પૂરી ઊતરી નથી. એને મન તો આપણા દેશમાં બધા ક્ષેત્રે અને સ્તરે જે ત્રાસદાયી અને અંધેર તંત્ર ચાલી રહ્યું છે એ લોકશાહીને કારણે છે. વળી, લોકશાહીની મોટી મોટી વાતો કરતા થાકતા નથી એવા પક્ષોનો દોટળો વહીવટ પણ લોકશાહીનું અંગ છે, એમ પ્રજા માને છે. આથી કરીને, "જો આ જ લોકશાહી હોય તો એ એને નથી જ જોઈતી. એનાથી જુદું જે હોય તે સારું, કમસે કમ રાજ્યભાવના જેવું" એવો એનો ખ્યાલ દઢ થયો છે.

લોકશાહીમાંથી વિશ્વાસ ઉઠાડી મૂકે એવો એક વધુ મુદ્દો પણ સમજવા જેવો છે.

છેલ્લી બે ચૂંટણીઓ (લોકસભાની અને વિધાનસભાઓની) દરમ્યાન જે ઉમેદવારો ચૂંટાઈને આવ્યા છે, એમાંના અનેક જે તે પ્રદેશમાં સત્તાંધ, પક્ષાપલટુ, સ્વાર્થી, કાવાદાવાખોર તરીકે જાણીતા છે. બીજી બાજુ, જેઓ પરાજય પામ્યા છે એમાંના અનેક એવા છે જેમની નિ:સ્વાર્થ સેવાઓ અને શક્તિ માટે પ્રજાના દિલમાં આદર છે. આમ થતાં ઘણો મોટો પ્રત્યાઘાત પડે અને લોકશાહી માટે ઉદાસીનતા વ્યાપે તે સહજ છે. કેમકે, આજ સુધી આપણે પુખ્તવયને લોકશાહી મતાધિકારની જન્મસિદ્ધ લાયકાત ગણીને તેનું ગૌરવ કરતા રહ્યા છીએ. હવે, જે ઉપર જણાવ્યું તેનું વિકૃત પરિણામ જ આવવાનું હોય તો તેવી દૂષિત લોકશાહી શા ખપની? જે લોકશાહી ચૂંટણીમાં માણસની સચ્ચાઈ, દેશદાઝ કે સ્વાર્થ ત્યાગને બદલે ન્યાત-જાત-કોમ, હોદ્દો, સ્થાન, પૈસા તથા તરેહતરેહના પ્રલોભનો અને દબાણો જ કારગત નીવડવાના હોય તો એવી ભ્રષ્ટ લોકશાહી શા કામની? એવી મુંઝવણ જાગે જ.

વળી, જો ચૂંટણી થઈ ગયા પછી વિજયી પક્ષ મુખ્યત: પોતાને સલામત રાખવાની પેરવીઓમાં રચોપચ્યો રહે અને એ પછી જે સમય-શક્તિ બચ્યાં હોય તે જાહેર ફરજો માટે ખરચે અને જો એ પક્ષના નેતાઓ, પ્રધાનો અને આવાનો એમની સત્તાનો ઉપયોગ પોતાના પક્ષની અંદર પોતાના જૂથની પકડ વધારવા માટે જ કરતા રહે તો એવા પક્ષો અને એવી સરકારોવાળી લોકશાહીને ક્યાં સુધી નભાવવી? એવો સવાલ પણ ઉઠે જ.

અંતે, જો લોકશાહીમાં રાજકારણીઓ, ધંધાદારીઓ અને વહીવટદારો (નોકરશાહીતંત્ર) આ ત્રણે ભેગા થઈને લોકોના દમન-શોષણનું ચક્ર ચલાવવા શક્તિમાન બનતા હોય તો એવી લોકશાહી પડતી મૂકી નવો વિકલ્પ શોધવો રહ્યો,-એવી માન્યતા પણ જોર કરે જ. એમાંય જો દુનિયાના અનેક લોકશાહી ગણાતા નવોદિત દેશોમાં લગભગ આવી જ પરિસ્થિતિ જોવા મળતી હોય તો લોકશાહીમાં જ આસ્થા રાખવાનું શું પ્રયોજન? એ પ્રશ્ન ઊભો થાય જ?

[૪]

સમસ્યા ખૂબ જ પેચીદી છે. એના સીધા સરળ જવાબ માગવા કે આપવા એ નરી ધૃષ્ટતા બને. પરંતુ, સૌથી પહેલા તો આપણે એ વિચારવું જોઈએ કે ઉપર વર્ણવ્યા એ બધાં દૂષણો શું લોકશાહીના અંતરંગ લક્ષણો છે? આજ સુધીના લોકશાહી ચિંતકોનો જવાબ સ્પષ્ટપણે "ના" છે.

લોકશાહી એ કોઈ એક ક્ષેત્રની એક પદ્ધતિ નથી. એ સમગ્ર જીવનનો અભિગમ છે. સમાજ જીવનમાં વ્યક્તિ માત્રની "સમાનતા" (ક્રમસેક્રમ, "સમાનતક") અને વ્યક્તિમાત્રની "સ્વાધિનતા" (અન્ય વ્યક્તિ કે સમાજને વિઘાતક ન હોય તે મર્યાદામાં) એ લોકશાહીનો પ્રાણવાયુ છે.

આ મૂળભૂત લક્ષ્યનો સંપૂર્ણ અમલ કેવળ આદર્શ છે. છતાં, પશ્ચિમના જે દેશોમાં સૌકાઓ દરમ્યાન એના મૂળિયા વિકસ્યા છે ત્યાં આ છોડ ઠીકઠીક પાંગર્યો છે. જ્યાં આવા ક્રમિક અને ધીમા વિકાસ માટે પૂરતી ભૂમિકા નથી મળી ત્યાં તે ગુંગળાતો રહ્યો છે.

દેશ ગમે તે હો, ભૂમિકા ગમે તે હો, માનવ-માનવી વચ્ચેના હિતસંઘર્ષોનો ઉકેલ શોધવામાંથી જ લોકશાહીનો જન્મ થયો છે. એકનું માથું ઉડાવી દઈ બીજાના મસ્તક ઉપર મુગટ પહેરાવી દેવાની (વર્ગટ્રુપ અને વર્ગયુદ્ધની) પ્રક્રિયા દ્વારા ઉકેલ કરવો છે, કે તેને બદલે, એકબીજાના માથા અકબંધ રહે તે રીતે, સૌના હિતની વ્યવસ્થા શોધતા શોધતા, સૌએ સતત બાંધછોડ કરતા રહીને, સહકાર યુકત શાંતિ અને સુવ્યવસ્થાનું નિર્માણ કરવું છે? આ મથામણમાંથી જ લોકશાહી પ્રક્રિયાનો વિકાસ થયો છે. બીજી બાજુ તાજેતરના ઈતિહાસે એ પણ શીખવ્યું છે કે માથું ઉડાવવાની વાત એટલે કે એકહથ્થુ દમન દ્વારા શિસ્ત અને વ્યવસ્થા લાદવાની વાત તત્કાલ કારગત દેખાય છે. પરંતુ એવા તમામ સમાજોમાં છેક તળિયે જેટલો અને જેવો સડો ખદબદી રહ્યો છે તે કંઈ લોકશાહી ગણાતા દેશોના કરતા ઓછો ધૃણાસ્પદ નથી. ત્યાંની પ્રજાને તો એને બહાર આણવાની, જાહેરમાં પ્રગટ કરવાની પણ તક નથી! આના જેવું દુર્ભાગ્ય માણસ જાત માટે બીજું શું હોઈ શકે?

(સોલ્ઝેનિત્સિને આ સત્ય પ્રત્યે આખા જગતનું ધ્યાન વારંવાર અત્યંત વેધક રીતે ખેંચ્યું છે. આ સત્ય વિષે જ શંકા કરનારાઓની વાત જુદી છે. એમને ગળે કશું ઉતારવાનો અહીં પ્રયાસ નથી.)

ચર્ચિલે ઘણાં વરસો પહેલાં જે તારતમ્ય કાઢ્યું હતું તે આજે પણ મૂળભૂત મૂલ્ય દૃષ્ટિએ સાચું છે. તે એ છે કે દુનિયામાં લોકશાહી કનિષ્ઠ પ્રકાર હોવા છતાં, એની અવેજીમાં બીજો કોઈ વધુ સારો પ્રકાર પેદા થયો ન હોઈને એ જ બહેતર છે.

પરંતુ જો આપણે લોકશાહીને રાજ્ય શાસનના કેવળ એક પ્રકારને બદલે સમસ્ત સમાજના સમધારણ માટેની આંતરિક સ્વજનિત, ચેક એન્ડ બેલન્સવાળી એક નિષ્ઠા તરીકે સમજીએ, તો એ સત્ય અને અહિંસાની જેમ જ એક શાશ્વત મૂલ્ય બને છે; અને એના ભોગે મનુષ્યનું કલ્યાણ અશકય છે એવો વિશ્વાસ તે અંધશ્રદ્ધા નથી; એ તો મૂલ્ય-શ્રદ્ધા છે, એમ સ્વીકારવું રહ્યું.

[૫]

સવાલ લોકશાહી મૂલ્યનો વિકલ્પ શોધવાનો નથી. સવાલ લોકશાહીનાં વિવિધ માળખાઓમાં આપણા દેશને અનુકૂળ માળખું શોધવાનો છે. અગાઉ જણાવ્યું તેમ, એના બે પ્રાણ તત્વો છે. (૧) સર્વ નાગરિકોની સમાનતાની તક, (૨) સર્વ નાગરિકોની સ્વતંત્રતાની તક. આ બેઉ સુરક્ષિત રહે એટલી પૂર્વશરત છે.

દુનિયાના અનેક દેશોમાં સંસદીય (પાર્લામેન્ટરી) અથવા પ્રમુખીય (પ્રેસિડેન્સિયલ) માળખાંનો અથવા બંનેનો મિશ્ર પ્રયોગ પણ થતો રહ્યો છે. આપણે ત્યાં મુખ્ય સંસદીય પ્રકાર હોવા છતાં તેય મિશ્ર છે અને હવે, શ્રી પાલખીવાળા જેવા લોકશાહીના અઠંગ પુરસ્કર્તા પ્રમુખીય માળખાનો વિકલ્પ સૂચવી રહ્યા છે.

બીજી વાત "પક્ષ પદ્ધતિ"ની છે. આપણે ત્યાં પશ્ચિમી પરંપરામાં આ પ્રયોગ થતો રહ્યો છે. પરંતુ એના દૂષણોએ માઝા મૂકી છે. પક્ષો પોતે એટલી હદે વિકૃત બન્યા છે કે એનાથી ત્રાસી જઈને "પક્ષપદ્ધતિ" જ રદ કરવાનું વલણ જોર કરી રહ્યું છે.

વાસ્તવમાં, "રોયવાદી" અને "સર્વોદયી" વિચારકોએ, અને જેપીએ સુદ્ધાં "પક્ષરહિત લોકશાહી" માળખાનો વિચાર વારંવાર ઘૂંટ્યો છે. જો કે, એવું માળખું એક સુદૃઢ વિકલ્પ તરીકે કારગત નીવડવાની પ્રતીતિના અભાવે, એ વિચાર પાછો ઠેલાતો રહ્યો છે.

ત્રીજી વાત ચૂંટણી પ્રથાની છે. એના દૂષણો ઉપર આંગળી મૂકીને, જેપી પ્રસ્થાપિત તારકુંડે કમિટિએ, નક્કર સૂચનો કર્યાં છે. અને "લખલૂટ ખર્ચ" (કાળાં નાણા) અને "પક્ષપલટા" બંને મહાદૂષણો સામે વારંવાર જબરો ઉહાપોહ પણ થતો રહ્યો છે.

આ ઉપરાંત પણ ઘણા નવા સૂચનો થઈ શકે અને થવા જોઈએ એમાંથી જરૂર એવો વિકલ્પ નીકળી શકે જે, લોકશાહી મૂલ્યનો છેદ ઉડાવ્યા વિના, શકય એટલા દૂષણોને રોકવા શકિતમાન બને. ઓકંદરે, દેશમાં અને દુનિયાભરમાં "લોકશાહીની આવતી કાલ અંગે" ભારે વિવાદ ઉપડ્યો છે... નવા નવા નુસખા સૂચવાતા રહેશે જ (ભૂમિપુત્ર, તા. ૧-૬-૮૦ ના અંકમાં થોડાક અણસારા છે.)

લોકશાહીને સાચું રાષ્ટ્રકારણ અને સ્વસ્થ લોકકારણ બનાવવાની એક મહત્ત્વની ચાવી છે, "ત્રીજી શકિતનો વિકાસ. આ શકિત ધારાસભાઓના અંદર અને બહાર લોકશકિતને જાગ્રત કરીને, સત્તા અને સંપત્તિના નાટારંગને વશ રાખવા સમર્થ બનવી જોઈએ. જેપીએ આવો પ્રયોગ શરૂ કર્યો હતો. તેમના નિધન બાદ, લોકસભા તથા તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓના પ્રસંગે, "લોક ઉમેદવાર"ની દિશામાં બહુ જૂજ પરંતુ સાંન્નિષ્ઠ પ્રયાસો થયા છે. આ પ્રયોગવીરોની દૃઢ માન્યતા હતી કે લગભગ બધા જ પક્ષો નખાવટ નીવડ્યા હોઈને, લોકો પોતે એ બધાથી ત્રાસી ગયા હોઈને, તેઓ સાચા લોકઉમેદવારને હોંશે હોંશે વધાવશે. પરંતુ વાસ્તવિકતા ઊલટી જોવા મળી છે.

ગુજરાતમાં શ્રી માવલંકર જેવા સ્વતંત્ર ઉમેદવાર તરીકે સાંન્નિષ્ઠ નીવડેલાને પણ છેલ્લી લોકસભાની ચૂંટણી વખતે પરાજય મળ્યો હતો! અને વિધાનસભાના દસાડા વિભાગમાંથી આગાઉ ચૂંટાઈને આવેલ અને ઉમદા કામગીરી માટે લોકોનો પ્રેમ તથા આદર પ્રાપ્ત કરી ચૂકેલા, ભીમાભાઈ રાઠોડ આ વખતની ચૂંટણીમાં અધિકૃત લોક ઉમેદવાર તરીક ઊભા રહેલા. તેમના જેવા પણ ખાસા પંદર હજાર મતથી હાર્યા છે.

ટૂંકમાં, "લોકો"ની ચૂંટણી પસંદગી અંગેની વિલક્ષણતાનો લોકશાહી મૂલ્ય સાથે મેળ ખાધો નથી એ આઘાતજનક વાસ્તવતા છે.

આ બધા પછી ય પાયાની વાત તો ઊભી રહે છે. કેવળ લોકશાહી ગણાતા દેશોમાં જ નહીં, કોઈપણ શાસન પદ્ધતિ નીચે જીવતા દેશોમાંથી છેલ્લી પચીસી દરમ્યાન જે બન્યું તે ઓછું આઘાતજનક નથી! કેવળ રાજકારણ નહીં, સમાજ જીવનનાં દરેકે દરેક ક્ષેત્રમાં અર્થતંત્ર અને સમાજકારણ, ઉપરાંત શિક્ષણ, સંસ્કારિતા અને ધર્મના ક્ષેત્રે સુદ્ધાં – જે દુરાચારો વ્યાપક બન્યા છે, કહો ને કે ઘર કરી બેઠા છે – એમાં માનવીની "મનુષ્યતા" જ લોપાઈ રહી છે!

*આપણા આજના યુગની સમસ્યા "માનવીય" અને નૈતિક" ધોરણોનું જે ધોવાણ થયું તેની છે. ભારતમાં આ પ્રમાણ બીજા બધા દેશો કરતાં વધારે છે એમ માનવું હકીકતોથી વેગળું છે. પરંતુ ભારતમાં જે પ્રમાણ છે તે એની જીરવવાની શકિત કરતાં ઘણું **વિશેષ** છે, એ ભૂલવું ન જોઈએ. છતાં થોડુંક આશ્વાસન લેવું હોય તો એ છે કે ભારતમાં આ "મૂલ્યનાશ" માટે ઉદ્વેગ અનુભવવા જેટલું સંવેદન હજી ટક્યું છે – પરંતુ થોડાક વરસોમાં એ પણ કોઠે પડી ગયું નહીં હોય?

આશીષ નાન્દીએ તાજેતરમાં ઈન્ડિયન એકસપ્રેસમાં લખ્યા મુજબ, હવે કોઈ કહેતાં કોઈ મૂલ્યની વાત રહી નથી. મહાત્મા ગાંધી ને પં. નહેરુની પ્રણાલી સાથે કશું સરખાવાય તેવું નથી. સર્વત્ર દાદાગીરી, સત્તા અને સંપત્તિની બોલબાલા વધી છે. હવે તો "હીરો" ઈન્દિરા ય નહીં, સંજય છે. કોઈપણ ક્ષેત્રે કોઈપણ ઉપાયે કામ થયું કે નહીં – થાય કે નહીં – એટલું તપાસવું પૂરતું છે. "ફન્કશનલ" કસોટી બસ. રાજમોહન ગાંધીએ પણ પં. નહેરુના રાજનૈતિક "કલ્ચર" સાથે ઈન્દિરાજીના રાજનૈતિક કલ્ચરને સરખાવી, તેમના ય અતિ નીચા સ્તર માટે અફસોસ કર્યો છે.

ટિળક મહારાજે "સ્વરાજ"ની લાયકાત વિશે પ્રશ્ન કરનારી ગોરી અંગ્રેજ સલ્તનતને સંભળાવી દીધું હતું કે "સ્વતંત્રતા અમારો જન્મસિદ્ધ હક્ક છે." અને મહાત્મા ગાંધીએ "સ્વરાજ" એટલે જ ભૂલો કરવાનો પ્રજાનો અધિકાર એમ પણ કહ્યું હતું. પરંતુ, મહાત્મા ફરી ફરીને યાદ આપતાં કે "સ્વરાજ" સાચવવાની ચાવી

તો પ્રજાના—ખાસ કરીને નેતાઓના—નૈતિક આચાર-વિચારમાં જ રહેલી છે. આ પછી વિનોબાજીએ "વિજ્ઞાન અને અધ્યાત્મ"ના સુમેળનું સૂત્ર વહેતું કર્યું હતું. બાદ, જ્યારે લોકશાહીનાં જ મૂલ્યોની વિકૃતિ આસહ્ય બની ગઈ ત્યારે રાજાજીએ આ દેશનો ઉગાર "ધર્મનિષ્ઠ રાજકારણમાં છે" એવી બુલંદ ઘોષણા કરી હતી. જય-પ્રકાશજીએ પણ છેલ્લા દાયકા દરમ્યાન નૈતિક ધરી ઉપર જ રાજ-કારણની ઈમારત દૃઢ કરવા પોતાની સમગ્ર શકિત એકાગ્ર કરી હતી. આજે ય વિમલાબેન ઠકાર એવો જ પ્રયાસ કરી રહ્યાં છે.

આ બધું જ નિષ્ફળ જવાનું છે એમ માનવું અસ્થાને છે. પરંતુ બીજી બાજુ, કોયડો જે પ્રકારે ગુંચવાયો છે અને એ કેવી રીતે ક્યારે ઉકલશે એ વિશે નિરાંત રાખવાનું કે નચિંત બનવાનું પણ પાલવે એવું નથી.

ભોગીલાલ ગાંધી

વડોદરા, તા. ૧૫-૬-'૮૦

સર્જનહાર માનવ સર્જે છે પણ "સર્જન" ચમત્કાર સર્જે છે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના, અભ્યાસ વર્તુળના ઉપક્રમે તા. ૧૧-૬-૮૦ બુધવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, જાણીતા પ્લાસ્ટીક સર્જન, શ્રી જયંત એસ. શાહનો વાર્તાલાપ "પ્લાસ્ટીક સર્જરીના મારા અનુભવો" એ વિષય પર રાખવામાં આવ્યો હતો.

અભ્યાસ વર્તુળના કન્વીનર શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી જયંતભાઈને આવકાર આપ્યો હતો અને સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે તેમનો પરિચય કરાવ્યો હતો. તેમજ બીજા મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તેમને ચંદનનો હાર પહેરાવી તેમનું અભિવાદન કર્યું હતું.

ડો. જયંતભાઈ શાહની વ્યાખ્યાન-શૈલી એટલી સરળ અને સહજ હતી કે, જાણે કોઈ કુટુંબનો વડો પોતાના કુટુંબીજનો સાથે વાર્તાલાપ ન કરતો હોય! તેમણે નાનપણથી માંડીને અત્યાર સુધીના પોતાના જીવન પ્રસંગો કહ્યા અને પોતાનો વિકાસ ક્રમેક્રમે કેવી રીતે થયો તેનું દર્શન કરાવ્યું. તેઓની જે આટલી મોટી પ્રગતિ થઈ તેમાં તેમના વિચારની દૃઢતા અને જે કામ શીખવાનું શરૂ કર્યું તેની પાછળની નિષ્ઠા અને તલ્લીનતાએ મોટો ભાગ ભજવ્યો હતો, તેમ તેમને સાંભળ્યા બાદ લાગ્યું.

પોતે પ્લાસ્ટીક સર્જરી તરફ કેમ આકર્ષાયા એનો ખુલાસો કરતાં તેમણે જણાવ્યું કે, જ્યારે તેઓએ એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂરો કર્યો હતો અને સૌરાષ્ટ્રમાં પ્રેકટીસ કરતા હતા ત્યારે એક સુંદર યુવતી દાઝી ગયેલી-તેનો કેસ તેમની પાસે આવ્યો. આ ખૂબ જ સુંદર યુવતીની સુંદરતાનો તેના દાઝી જવાના કારણે નાશ થયેલો જોઈને તેમનું દિલ દ્રવી ગયું. એમને મનોમન પ્રશ્ન થયો કે શું આનો કોઈ ઉપાય જ નહિ? શું આપણે તેને માટે કાંઈ કરી ન શકીએ? આ તેમની મનની મુંઝવણે તેમને પ્લાસ્ટીક સર્જરી તરફ ખેંચ્યા એટલું જ નહિ તેનું ઘેલું લાગ્યું અને તેઓ પ્લાસ્ટીક સર્જરીનો અભ્યાસ કરવા માટે ઈંગ્લેન્ડ ગયા.

તેમના કહેવા પ્રમાણે પ્લાસ્ટીક સર્જરીનું પ્રાથમિક જ્ઞાન તેમને પરદેશમાં મેળવ્યું. કેમકે ત્યાં કોઈ ગંભીર મોટા કિસ્સા આવતા નહોતા. તેઓ એફ.આર.સી.એસ. થઈને ભારત પાછા આવ્યા. અહીં આવ્યા બાદ દાઝી ગયેલા કેસોનું કામ તાત્કાલીક તેમને મળતું નહોતું. એટલે લેપ્રેસીને લગતા કેસો અંગે તેમણે ટ્રીટમેન્ટ શરૂ કરી. થોડા સમય બાદ દાઝી જવાનો એક કેસ તેમની પાસે આવ્યો, તેમાં એક બહેનની બન્ને આંગળીઓ દાઝી જવાના કારણે ચોંટી ગઈ હતી, તેનું તેમણે સફળ ઓપરેશન કર્યું. ત્યારબાદ તો ખૂબ જ મોટા મોટા કેસો તેમની પાસે આવવા લાગ્યા. જેવા કે, માણસો દરેક જગ્યાએથી ફરીને થાક્યા હોય અને તેમને છેવટનો જવાબ મળી ગયો હોય કે હવે આના માટે કંઈ જ થઈ શકશે નહિ, જેવા કેસોને પણ પ્લાસ્ટીક સર્જરીદ્વારા સારા કરવાની તેમને સફળતા સાંપડી અને એવા દર્દીઓના તો તેઓ જાણે ભગવાન જ બની ગયા. આ રીતે કેટલાય ભયંકર કેસોવાળા દર્દીઓને તેમણે નવજીવન બક્ષ્યું.

એક છોકરીને આંખ ઉપર ટ્યુમર થયું હતું. તેની આંખ ઉપર ચામડી ઊતરી આવીને એવી ઢંકાઈ ગઈ હતી આંખ છે એવો ખ્યાલ જ ન આવે. આ છોકરીની આંખ ઉપર ત્રણ વખત અલગ અલગ સમયે ઓપરેશન કરીને ચામડીને કાઢી નાંખી અને છોકરી દેખની થઈ ગઈ. આ છોકરીને આપણા પ્રેમળ જ્યોતિના કન્વીનર શ્રી નિરૂબહેન વેવતમાલની આંખો માટેની શિબિરમાંથી અહીં લઈ આવ્યા હતા.

એક ભાઈની પેશાબની ઈન્દ્રીય કુતરાએ કરડી ખાધેલી. તેના પર પણ સફળ ઓપરેશન કરીને તેને ટુંક સમયમાં જ સાજો કર્યો. આજે તે લગ્નજીવન અને સંસારસુખ ભોગવી રહેલ છે.

તેમણે કહ્યું કે, તાતાની કેન્સર હોસ્પિટલના વડા ડો. બોંજિસે તેમને એકવાર કહ્યું કે "ભાઈ જયંત, સર્કેન્ર એ તો Surgery of Tears છે, જ્યારે તારી પ્લાસ્ટીક સર્જરી એ તો Surgery of cheers છે.

આ રીતે તેમણે પ્લાસ્ટીક સર્જરીથી સારા થયેલા અનેક દર્દીઓના દાખલાઓ ટાંક્યા તેમ જ સ્લાઈડો દ્વારા એ દર્દીની સારવાર પહેલાંની પરિસ્થિતિ અને સારવાર બાદની પરિસ્થિતિના શ્રોતાઓને દર્શન કરાવ્યા અને શ્રોતાઓ તેનાથી પ્રભાવિત થય-એટલું જ નહિ પરંતુ સૌ વાહ-વાહ પોકારી ઊઠ્યા અને આભારર વિધિ વખતે શ્રી ચીમનલાલ જે. શાહે યોગ્ય જ કહ્યું કે "સર્જનહા માને સર્જે છે અને "સર્જન" ચમત્કાર સર્જે છે."

સભાના અંતે મંત્રી તરફથી ડોકટરનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો. એ તો વિધિ હતી, પરંતુ દરેક શ્રોતાના અંતરે પણ તેમાં સાક્ષી પુરાવી. દરેકને એમ લાગ્યું કે ડો. જયંતભાઈ સૌના અંત:કરણના અભિનંદનના અધિકારી છે.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

ચિન્તન

પરમાત્મા સર્વત્ર છે, ને પરમાત્મામાં આ સર્વ જગત તેમની માયાથી ભાસી રહ્યું છે. જે જગત ભાસી રહ્યું છે તે મિથ્યા છે ને એક પરમાત્મા જ સત્ય છે એ વાત સાચેસાચી છે. જે પરમતત્ત્વ છે તે જ આપણે છીએ, એ ચિંતવન વારંવાર કરવું.

*

હું આત્મા છું ને શરીર, ઈંદ્રિયો, મન કે બુદ્ધિ હું નથી. તે સૌથી હું અસંગ છું. એ અભ્યાસ સિદ્ધ કરવા પ્રથમ તો ચિન્તા માત્ર ત્યજો. ચિન્તા અને ઉદ્વેગરહિત પ્રસન્ન મનથી સ્વકર્મ કર્યા જાઓ. તમારાથી શાંત મનથી બને તે કરો, પણ ચિન્તા ને બળાપો ન કરવાં કે જેનું કંઈ ફળ જ નથી.

—મગનભાઈ વ્યાસ

ફુટપટ્ટી

વીસ વરસ પછી આજે અમારા 'ક્લાસ-ટીચર' મળી ગયા
સ્હેજ વીંધું મોં, પ્રાણ વિનાના પગલાં
જૂનો કોટ,
શાળાની નોકરીએ એમને આટલો જ વૈભવ આપ્યો છે
હવે 'રીટાયર્ડ' થયા છે.
સિંહ જેવો એમનો રોફ હતો
એમનો અવાજ નહીં એમની ત્રાડ આખા ક્લાસને ધ્રુજાવતી
ઓ અમને ઊભા કરતા ને અમે પાટલૂનમાં થથરતા
એક દિવસ ખરાબ અક્ષર માટે
એમણે મને હાથ ઉપર ફૂટ મારેલું
તે હજી યાદ છે
મને ઢીલા અવાજે કહે,
"તને તો ખબર છે મારા અક્ષર સુંદર અને મરોડદાર છે,
અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું
તારી ફેકટરીમાં ... ..."

વિપિન પરીખ

જિજ્ઞાસુ અને ચિંતનશીલ લેખક શ્રી રતિલાલ મફાભાઈ શાહ

તે કાળે માંડળ શહેર નાસ્તિક લેખાતું. એ નાસ્તિકતામાં એનું ગૌરવ સમાયું હતું અને એ ખુમારીથી જીવતું હતું. ચેતનજડ બધાંયને પરિવર્તનના પડછાયા સ્પર્શી જાય છે, એવું જ આ શહેરને થયું. આજનું માંડલ પહેલાંનું માંડલ રહ્યું નથી.

ત્યારે જીવન વિકાસમાં આસ્તિકતાને ય ટપી જાય એવી આ શહેરની નાસ્તિકતા સમાજસુધારાની વાતમાં, મહાત્મા ગાંધીએ પ્રગટાવેલ રાષ્ટ્રીયતાની ઉપાસનામાં અને ધર્મના નામે પોષાતાં અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમ, ચમત્કાર ને જુનવાણીપણાની સામે જેહાદ જગાવવામાં જેવા મળતી હતી.

જે શહેર પૂજ્ય પંડિત શ્રી સુખલાલજીને પોતાના આંગણે નોતરીને એમના બળવાખોર વિચારોને આદરથી ઝીલી શકે, એટલું જ નહીં, તે સમયના ક્રાંતિકારી વીર શ્રી દરબારીલાલજી ન્યાયતીર્થ [પાછળથી "સ્વામી સત્યભક્ત" નામે જાણીતા થયેલા] ના બળબળતા વિચારોને ય આવકાર આપી શકે, એ શહેરનું વાતાવરણ કેવું પ્રગતિવાળું અને ઉદ્દામ હોવું જોઈએ!?

એ વખતે માંડળમાં જે યુવાનો અને પ્રૌઢો ક્રાંતિ અને પ્રગતિના મશાલધારી ગણાતા હતા, એમાં શ્રી રતિભાઈના પિતા શ્રી મફાભાઈનો પણ સમાવેશ થતો હતો, એટલું જ નહીં, તેઓની ગણના એક અગ્રણી તરીકે પણ થતી હતી. અને આખા માંડળનું વાતાવરણ રાષ્ટ્રીયતા અને રાષ્ટ્ર માટેના સમર્પણની ભાવનાથી ધમધમી રહ્યું હતું. પૂજ્ય પંડિત શ્રી સુખલાલજી માંડળ શહેરને અને શ્રી મફાભાઈને આ રૂપમાં જ પિછાનતા અને સંભારતા હતા.

નવીન વિચારો અને કાર્યોને ઉલ્લાસથી આવકાર આપતા આ શહેરમાં અને સુધારક પિતાના ઘરમાં, બેંશી વર્ષ પૂર્વે શ્રી રતિભાઈનો જન્મ થયો હતો, એટલે એમને સુધારક વિચારોનો સંસ્કાર-વારસો બચપણમાંથી જ મળ્યો હતો; ઉપરાંત એમાં એમના એવા ભાગ્યયોગનું બળ ઉમેરાયું, એમના મનનું વલણ સુધારાને આવકારવા તરફ અને પ્રગતિરોધક અજ્ઞાન અને અંધ-શ્રદ્ધાનો વિરોધ કરવા તરફ ઢળતું ગયું.

તેઓના આ વલણનો વિકાસ એમણે બે રીતે સાધ્યો હતો. એક તો, માંડળની રાષ્ટ્રીય શાળાના નિર્ભેળ રાષ્ટ્રવાદી શિક્ષક તરીકે. આ સ્થાનેથી તેમણે પોતાના પ્રગતિશીલ વિચારોને વધારે દૃઢ અને સમૃદ્ધ કર્યા; સાથે સાથે માંડળના તથા અન્ય સ્થાનોના એ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું એવું સંસ્કાર-ઘડતર કર્યું કે તેઓ આપમેળે જ સદાચારી, સાદાઈથી જીવનારા અને દેશભક્ત બની ગયા. આ માટે ઉપદેશ આપવાને બદલે પોતાના સાદા, સંસ્કાર અને સદાચારી જીવનથી એમણે વિદ્યાર્થીઓના જીવન ઉપર આવી ઊંડી છાપ પાડી હતી કે એમનાં જીવનને સારી રીતે ઉચ્ચાશયી બનાવ્યાં હતાં. માંડળ શહેર આજે પણ એમને "ગુરુદેવ" ના આદરભર્યા નામથી સંબોધે છે, એ બિના પણ તેઓ એક આદર્શ અને ઉત્તમ કોટિના શિક્ષક હતા, એનું સૂચન કરે છે. એમ કહેવું જોઈએ કે આ રીતે તેઓ માંડળના પ્રજાજીવન સાથે એકરૂપ અને એના શાણા સલાહકાર અને સુખ દુઃખના સાથી બની ગયા હતા.

પોતાના આંતરિક વિકાસ માટે એમણે અપનાવેલો બીજો માર્ગ હતો સત્યને પામવા માટે જુદા જુદા ધર્મો, જુદી જુદી સંસ્કૃતિઓ અને જુદા જુદા સાહિત્યના ઉત્તમ ગ્રંથોનું, પૂર્વગ્રહથી મુક્ત બનીને, ઉદાર દિલે, બને તેટલું વધુ વાચન અને અધ્યયન કરવું તે. આથી એમની જ્ઞાનોપાસનામાં તેમ જ જિજ્ઞાસામાં ઘણો વધારો થયો હતો. વળી આથી એમની વાચનની ભૂખ એવી ઊઘડી હતી કે તેઓ મોટાં મોટાં પુસ્તકોનું પણ ઝડપથી છતાં ઝીણવટભર્યું વાચન કરી શકતા. પાછલાં વર્ષોમાં જ્યારે પણ તેઓ અમદાવાદ આવતા ત્યારે, તબિયતની સરખાઈ ન હોવા છતાં, મોટા ભાગે, મારે ત્યાં આવતા અને જે પુસ્તકો એમને નવાં અને વાંચવા જેવા લાગે તે લઈ જતાં.

માંડળના જ એક સપૂત અને ક્રાંતિ અને સુધારાની ભાવનાના ઉપાસક અને પ્રસારક, પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ (ન્યાયવિશારદ, ન્યાયતીર્થ), જ્યારે પોતાની પાછલી જિંદગીમાં માંડળમાં જઈને રહ્યા ત્યારથી એમની અલગારીવૃત્તિ, અનાસક્તિ, પારગામી તથા સત્યલક્ષી વિદ્વત્તા, સાધુતા, સરળતા, હૃદયસ્પર્શી કાવ્યશક્તિ વગેરે ગુણોથી ગામ-પરગામની અનેક વ્યક્તિઓને માટે માંડળ જાણે તીર્થધામ બની ગયું હતું. શ્રી રતિભાઈને તો આ મુનિવરશ્રીમાં પોતાનાં માર્ગદર્શક ગુરુનાં જ દર્શન થયાં હતાં. પૂજ્ય ન્યાયવિજયજી મહારાજના સત્સંગથી શ્રી રતિભાઈની જ્ઞાન-પિપાસા વધી પણ ગઈ હતી અને સારી રીતે સંતુષ્ટ પણ થઈ હતી. એટલે થોડાં વર્ષ પહેલાં જ્યારે નિજાનંદમાં મસ્ત રહેનાર આ મુનિવરનો સ્વર્ગવાસ થયો ત્યારે શ્રી રતિભાઈને ઊંડો આઘાત લાગ્યો હતો; એમના ચિત્તમાં એક પ્રકારનો સૂનકાર વ્યાપી ગયો હતો.

શ્રી રતિભાઈનું જીવન જે રીતે પ્રસાર થયું અને વિકસ્યું એનો સાર સમજવો હોય તો એમ કહેવું જોઈએ કે, એક વિદ્યા-જીવી વ્યક્તિ તરીકે તેઓએ પોતાના જીવને વિમળ રીતે વિતાવ્યું હતું અને એક શિક્ષક તથા સાહિત્યોપાસક બનવાથી આગળ વધીને તેઓએ સાહિત્ય-સર્જનમાં પણ પોતાનો ફાળો આપ્યો હતો; અને એમ કરીને પોતાની વિદ્યા-સાધનાને વિશેષ ચરિતાર્થ કરવાની સાથે પોતાની સુધાર-પ્રિયતાને યાદગાર બનાવી હતી. તેમ જ સમાજની કીમતી સેવા પણ કરી હતી.

તેમણે કેટલીક ધ્યેયલક્ષી વાર્તાઓ લખી હતી. એમાંની આઠ વાર્તાઓ "અષ્ટ મંગલ" નામે ભાવનગરના "જૈન" સાપ્તાહિકના ભેટ પુસ્તક તરીકે પ્રગટ થઈ હતી. "ચમત્કાર અને વહેમ" નામનું પુસ્તક લખીને એમણે સમાજમાં પ્રવર્તતા વહેમની સામે ચેતવણી ઉચ્ચારીને ચમત્કારના છેતરામણા માર્ગથી દૂર રહેવાની હાકલ કરી કરી હતી. જૈનશાસ્ત્રોમાં માંસાહારનું સમર્થન મળતું હોવાના આક્ષેપનો પ્રતિકાર કરવા એમણે ખૂબ જ જહેમત લઈને એક પુસ્તક તૈયાર કર્યું. આ ઉપરાંત પોતાના નિવૃત્તિના સમયમાં એમણે બીજું પણ સાહિત્ય સારા પ્રમાણમાં રચ્યું હતું, જે પ્રકાશનની રાહ જોઈ રહ્યું છે.

માંડળ જેવા શાંત-એકાંત સ્થાનમાં જીવનભર વિદ્યાસાધના કરીને અને એ સાધનાનું ફળ સમાજને ભેટ આપીને, ૮૦ વર્ષની પરિપક્વ વયે નિવૃત્તિના સાચા અધિકારી બનીને, લાંબી માંદગીને અંતે તા. ૧૩-૫-૮૦ ના રોજ, શ્રી રતિભાઈ પરલોકવાસી બન્યા! આપણે એમના વિમળ જીવન અને એમની વિવિધ સેવાઓનું સ્મરણ કરીએ અને એમના પુણ્યમય આત્માને પ્રણામ કરીએ.

– રતિલાલ દીપચંદ દેસાઈ

નોંધ:

શ્રી રતિલાલ મફાભાઈના અવસાનના સમાચારથી મને ઘણો ખેદ થયો છે. તેમની સાથે ઘણાં વર્ષોનો મને પરિચય હતો. નિર્ભીક વિચારક તરીકેની મારા મન ઉપર તેમની છાપ છે. મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં તેઓ સારો રસ લેતા અને પરમાનંદભાઈ સાથે તેમને ગાઢ સંબંધ હતો. હજી થોડા દિવસ પહેલાં જ 'સત્યની સાધના' એવો તેમનો નાનો લેખ તેમણે મને મોકલ્યો હતો. શ્રી રતિલાલલ દીપચંદ દેસાઈ તેમના નિકટના પરિચયમાં હતા. તેમણે શ્રી રતિલાલ મફાભાઈ વિશે યથાર્થ લખ્યું છે. શ્રી રતિલાલ મફાભાઈના પવિત્ર આત્માને હું શ્રદ્ધાંજલિ અર્પું છું.

– ચીમનલાલ ચકુભાઈ

પરમાત્મા અને પરમતત્ત્વ

એક શ્રીકૃષ્ણ ભગવાન વૃન્દાવનમાં ગોપ બાળકો સાથે વાછરડાં ચારવા એક વખત ગયેલા ત્યારે બ્રહ્મા તેમની પરીક્ષા કરવા એક બાજુ સૌ વાછરડાંને હરી ગયા ને બીજી બાજુ સૌ ગોપ સખાને હરી ગયા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન તેમના સૌ સંબંધીઓને રાજી કરવા પોતે જ બધાં વાછરડાંરૂપે ને ગોપ બાળકોરૂપે, જે તે વેશે ન જે તે સાધનવાળા, જે તે વસ્ત્ર, લાકડી ને વાંસળીવાળા થયા. જડ, ચેતન, સૌ રૂપ થયા. તો અનંત કોટી બ્રહ્માંડના નાથ પરમાત્મા આ સ્થાવર-જંગમ રૂપ થયા તેમાં તને શી શંકા થાય છે?

પાછા પિંઢારા યુગ ભણી ?

જનતા પક્ષનો દાવો છે કે તેના શાસન દરમ્યાન ગુનાખોરી કાબૂમાં આવી હતી. ઈન્દિરા કોંગ્રેસ એવો પ્રચાર કરે છે કે જનતા શાસન દરમ્યાન ગુનાખોરી વધી ગઈ હતી, જે હવે અમે કાબૂમાં લાવી રહ્યા છીએ.

આ બેમાંથી સાચું કોણ છે? એમ કહેવાય છે કે આંકડા વડે કંઈ પણ સાબિત કરી શકાય. આથી અંગ્રેજીમાં સૌથી મોટા જુદાણા તરીકે આંકડાને ઓળખાવવામાં આવે છે. રાજ કોંગ્રેસનુ હોય કે બીજા કોઈ પક્ષનું હોય પણ ગુનાખોરી તો વધ્યા જ કરે છે તેનું કારણ દેશ અને દુનિયાનું વાતાવરણ અને બીજું કારણ સરકારની અને બીજા સત્તાધીશોની નિષ્ક્રિયતા છે. ગુનાખોરી ઘટી છે. એમ દર્શાવવા આંકડાનો ઉપયોગ કરવો તે જાણ્યે-અજાણ્યે પ્રજાને છેતરવા સમાન છે, કારણ કે આંકડા સાચા હોતા નથી, એટલું જ નહીં આંકડામાં વાસ્તવિકતાનું પ્રતિબિંબ પડતું નથી. ગુનાખોરીના બે પ્રેરક બળ છે: શહેરીકરણ અને ઔદ્યોગિકરણ. આ બંન્ને પરિબળ વધી રહ્યાં છે અને ફેલાઈ રહ્યાં છે. અપરાધ માનસ વિજ્ઞાનના અભ્યાસી એમ. એસ. સક્સેનાએ ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૭૫ વર્ષમાં ગુનાના સરકારી આંકડા આપ્યા છે, જે પહેલી જ નજરે ખોટા ઠરે છે. આ આંકડા પ્રમાણે ૧૯૦૫ થી ૧૯૧૪ સુધીના દાયકામાં દર લાખ માણસની વસતિ દીઠ ૩૩૬ ગુના થયા હતા. તે પછીના દાયકાઓમાં અનુક્રમે ૨૯૩, ૨૫૮ અને ૨૩૫ ગુના થયા હતા જે ઘટીને ૧૯૫૫-૬૦માં ૮૭ થઈ ગયા અને ૧૯૭૯માં આશરે ૨૧૦ થયાં. આપણે જાણીએ છીએ કે સ્વતંત્રતા પહેલા ઉત્તર પ્રદેશમાં કોઈ નોંધપાત્ર મોટા ઉદ્યોગો ન હતા અને મહાનગરો પણ ન હતાં. આ બન્ને સ્વતંત્રતા મળ્યાં પછી વધ્યાં છે. તે ગુનાખોરીના વિકાસ માટે જવાબદાર છે તો ૧૯૦૫-૧૪માં ગુનાના વાર્ષિક બનાવો ૩૩૬ હોય તો ૧૯૫૫-૬૦માં ૮૭ અને ૧૯૭૯માં ૨૧૦ કેમ હોઈ શકે?

પોલીસ ખાતાની કામગીરી તપાસવા નિમાયેલા પંચોએ કહ્યું છે કે ગુનાખોરીની ખરી પરિસ્થિતિ છુપાવવામાં આવે છે અને સાચા આંકડા આપવામાં આવતા નથી. પોલીસ, ગૃહખાતું અને રાજ્ય સરકારો હમેશા પોતાનો વહીવટ અને પોતાનું શાસન સારાં છે એમ બતાવવા માગે છે. થોડાક અઠવાડિયાં પહેલા કેન્દ્રના ગૃહપ્રધાન મુંબઈ આવ્યા ત્યારે અહીંના શાસનને સારું સર્ટીફિકેટ આપી ગયા. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે મહારાષ્ટ્રમાં, ખાસ કરીને મુંબઈ જેવા શહેરોમાં ગુનાખોરી વધતી રહી છે, પ્રજાના જાનમાલની સલામતી ઘટતી રહી છે.

પોલીસમાં ફરિયાદ કરવી અને કોર્ટે ચઢવું એ હેરાનગતિ નોતરી લેવા બરાબર છે. આથી જ્યાં સાધારણ શારીરિક ઈજા કે આર્થિક નુકસાન થયું હોય ત્યાં લોકો પોલીસમાં ફરિયાદ કરવાનું ટાળે છે. બીજી બાજુ પોલીસ ગંભીર ગુનાઓને બાદ કરતાં સાધારણ કે ઓછા ગંભીર ગુનાઓની ફરિયાદ સાંભળતી નથી. ગંભીર ગુના કોને ગણવા તે પણ સાપેક્ષ સવાલ છે. દા. ત. કાલબાદેવીના એક લત્તામાં ઘરફોડુઓએ છીતરીમાંથી દુકાનમાં પાછળથી ઘુસવાનો માર્ગ કરીને રાત્રે ૧૨,૦૦૦ રૂપિયા તફડાવી લીધા. પોલીસમાં તેની ફરિયાદ કરવામાં આવી પણ કશું વળ્યું નહીં. ગુનેગારોની ટોળી જાણીતી હતી. કદાચ પોલીસનો પણ તેમાં ભાગ હશે. આ ગુનો ગંભીર ગણાય કે નહીં તેની સરખામણીમાં એક બીજો કિસ્સો જોઈએ. સ્વ. વસંતરાવ નાઈક મુખ્યપ્રધાન હતા ત્યારે તેમના બંગલામાંથી ચોરી થઈ હતી. ચોર ચોરીના માલ સાથે બીજે દિવસે પકડાઈ ગયો. આમ ફરિયાદી કોણ છે તેનું મહત્ત્વ પણ હોય છે. કોની ફરિયાદ નોંધવી કે ન નોંધવી કે કેવા સ્વરૂપે નોંધવી તે પોલીસની મરજી પર આધાર રાખે છે. કોગ્નીઝેબલ એટલે પોલીસના અખત્યારના ગુનાને નોન-કોગ્નીઝેબલ એટલે અખત્યાર બહારનો ગુનો ઠરાવી દેવામાં આવે તો એ ગુનો પોલીસના અખત્યારના ગુનાના ચોપડે ચઢે નહીં. ગામડામાં ખૂન જેવા ગંભીર ગુનાને પણ અવગણી શકાય છે. તેને અકસ્માત કે આપઘાત તરીકે ગણાવી દેવામાં આવે એટલે પોલીસ ઉપર તપાસ કરવાની જવાબદારી આવે નહીં.

આપણે જાણીએ છીએ કે સ્વતંત્રતા મળી તે પહેલાના અને પછીનાં થોડાંક વર્ષો દરમ્યાન કોમી હુલ્લડો લૂંટફાટ ખૂબ વધી ગયા હતાં અને ઉત્તર પ્રદેશ તેમાં મોખરાનાં રાજ્યો ગણી એક રાજ્ય હતું. તેમ છતાં ૧૯૪૫-૫૪ના દાયકામાં દર એક લાખની વસતિમાં ગુનાની સરેરાશ વાર્ષિક સંખ્યા માત્ર ૧૧૫ બનાવવામાં આવી છે! તે પછીના પાંચ વર્ષમાં સરેરાશ માત્ર ૭૦! આપણે જાણીએ છીએ કે વધુમાં વધુ કોમી હુલ્લડો અને બીજા ગુનાઓ ઉત્તર પ્રદેશમાં અને બિહારમાં થતાં આવ્યા છે અને હજી થાય છે. જેમ શહેરીકરણ અને ઔદ્યોગિકરણ વધતું જાય છે. જેમ જેમ જમીનની ભૂખ અને સત્તાની લાલસા વધતી જાય છે, તેમ તેમ ગુનાખોરી પણ વધતી જાય છે. આમ ગુનાખોરીના આંકડામાં ઝડપી વધારો દેખાવો જોઈએ તેને બદલે ઘટાડો દેખાય છે!

ચોરી અને લૂંટના ઘણા કિસ્સા છુપાવી શકાય પણ ખૂનના આવા કિસ્સા છુપાવી શકાય નહીં. ૧૯૧૧માં ઉત્તર પ્રદેશની વસતિ ૪ કરોડ ૮૦ લાખ જેટલી હતી. ઉત્તર પ્રદેશના સીમાડાઓમાં કશો ફેરફાર થયો નથી. અત્યારે તેની વસતિ લગભગ ૧૦ કરોડથી વધુ હશે. ૧૯૭૭માં પણ આશરે ૯ કરોડ ૬૦ લાખ જેટલી હતી. જ્યારે તેની વસતિ બમણી થઈ ત્યારે ખૂનની સંખ્યા ૫૭૦માંથી વધીને ૪૫૫૬ થઈ એટલે કે વસતિ બમણી થઈ ત્યારે ખૂનની સંખ્યા આઠ ગણી કરતાં વધારે છે તે બનાવે છે કે ગુનાખોરી કેટલી ઝડપથી વધી રહી છે.

તપાસ પંચોએ તપાસ કરી જણાવ્યું છે, કે પોલીસ કેસોમાં ગુના છુપાવવામાં આવે છે અને ગંભીર ગુનાઓને હળવું સ્વરૂપ આપી દેવામાં આવે છે. પોલીસનું આ દરેક કૃત્ય ગંભીર ગુનો ગણાય. ઉત્તરોત્તર સરકારો પોલીસની આ ગુનાહિત પ્રવૃત્તિ જાણતી આવી છે. અદાલતોએ તેના વિષે ટીકા પણ કરી છે. તેમ છતાં કોઈ સરકાર ઉપર કે પોલીસ ઉપર તેની કશી અસર થતી નથી. આપણે સ્વતંત્ર, નીડર અને પ્રામાણિક ન્યાયતંત્ર ધરાવવાનો ગર્વ લઈએ છીએ; પણ જો પોલીસ ફરિયાદ સાંભળવા તૈયાર ન હોય, સાંભળીને કશું કરવા તૈયાર ન હોય અને કશું કરે તો તેની ગંભીરતા હળવી કરી નાંખતી હોય, તો નીડર ન્યાયતંત્ર ધરાવવાનો અર્થ શો છે? ઉત્તર પ્રદેશમાં બે-ત્રણ વાર કોઈ સારા ગૃહપ્રધાનો આવ્યા હતા અને તેમણે પોલીસ ખાતાને સૌની ફરિયાદો મુરતપણે નોંધવા હુકમ આપ્યો હતો, પરંતુ પ્રધાન બદલે એટલે પાછું બધું ભૂલી જવાય.

પોલીસ ફરિયાદીની ફરિયાદ ન સાંભળે ત્યારે ગુનેગારને ઉત્તેજન મળે છે અને ફરિયાદીને ન્યાયતંત્રમાંથી અને પોલીસ તંત્રમાંથી શ્રદ્ધા તૂટી જાય છે. ગુનેગારને જ્યારે એમ લાગે કે પોતે કશી રોકટોક વિના ગુના કરી શકે છે ત્યારે તે વધુ ને વધુ ગંભીર ગુના કરવા પ્રેરાય છે. ગુનેગારો એ પણ શીખી જાય છે કે પોલીસને હપતા ખવરાવવાથી સુરક્ષિત રહી શકાય. મહારાષ્ટ્ર અને ગુજરાત જેવાં પ્રગતિશીલ શાસનો ધરાવતાં રાજ્યોમાં પણ આવું ચાલે છે. જો મુંબઈ જેવાં, સૌથી વધુ કુશળ પોલીસ ધરાવતા શહેરમાં પણ આવું હોય, તો ઓરિસ્સા, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાં જ્યાં પોલીસ તંત્ર હંમેશા નપાવટ હોય છે અને પ્રધાનો મોટા ભાગે અપાત્ર હોય છે ત્યારે પ્રજાની કેવી દશા હશે? સરકાર ગમે તે પક્ષની હોય પણ વિરોધીઓના કે નબળી કોમોના મકાનો ઉપર સામુદાયિક આક્રમણ કરીને મકાનો મકાનો સળગાવી દેવાનો અને માણસોને બંદૂકવડે ઠાર કરવાના બનાવો હજી બને છે. તે ઠગ અને પિંઢારાના જમાનાની યાદ આપે છે.

કાયદા – પોલિસતંત્ર અને ન્યાયતંત્ર પ્રત્યે પણ ઘણા લોકો ઉપેક્ષા અને અવગણનાથી જોવા લાગ્યા છે. તેઓ જાણે છે કે પોલીસ સાથે કામ કેમ લેવું. અને કેસ કોર્ટમાં જાય તો વર્ષો સુધી તેનો અંત અંધાધૂંધીના જમાનામાં ઠગ, પીંઢારા, લૂંટારા, બહારવટીઆ, ડાકુ વગેરે વગેરે કરતા તેમ આજે પણ ટોળીઓ ગામડાં પર અને સમાજના નબળા વર્ગના લોકો પર કે જેમની સાથે અદાવત હોય તેમની પર ત્રાટકીને કતલ, આગ તથા લૂંટ ચલાવી કશી રોકટોક વિના જથ્થા રહે છે. ગઈ ચૂંટણીઓ દરમ્યાન આપણે જોયું કે લોકશાહીના પાયારૂપ ચૂંટણી પ્રસંગે પણ વિરોધ પક્ષના ઉમેદવારોની અને તેમના ટેકેદારોની યોજનાપૂર્વક હત્યાઓ થઈ.

ગુનાખોરોને ડામી દેવામાં કોઈને રસ નથી? આપણે પિંઢારા યુગ ભણી જઈ રહ્યા છીએ કે શું? રાજકર્તાઓ તેઓ ગમે તે પક્ષના હોય તેમને આપતી સાઠમારીમાં રસ છે. સમાજ સમક્ષ ડઝાડતા પ્રશ્નો પડયા છે તેમનું નિરાકરણ કરવામાં રસ નથી, તે માટે ફુરસદ પણ નથી.

– વિજયગુપ્ત મૌર્ય

☆ અમેરિકાના એક 'ચક્રમ' પક્ષની કરુણ-રંજક કહાણી ☆

અમેરિકામાં અત્યારે જાત જાતની ધમાલ ચાલે છે. એક તો ઈરાન અંગેની ધમાલ ચાલે છે, બીજી અફઘાનિસ્તાન પરના રૂસી આક્રમણની અને ઓલિમ્પિકના બહિષ્કાર અંગેની ધમાલ ચાલે છે અને ત્રીજી આવી રહેલી પ્રમુખપદની ચૂંટણી અંગેની ધમાલ ચાલે છે. પ્રમુખપદ માટે ડેમોક્રેટિક પક્ષ અને રિપબ્લિકન પક્ષ મુખ્યત્વે કરીને મેદાનમાં છે અને સમાચારમાં એમનાં જ નામો સંભળાય છે પણ તમને ખબર છે, કે અમેરિકામાં એ બેજ પક્ષો નહિ પરન્તુ બીજા અગિયાર પક્ષો છે એટલે કે કુલ તેર પક્ષો છે. અને એમાના કેટલાકે તો પ્રમુખપદ માટે પોતાના ઉમેદવારો પણ ઊભા રાખ્યા છે? આમાંનો એક પક્ષ છે "ધી લિબર્ટેરિયન પાર્ટી."આ પક્ષો, આટલાંટિક રિચફીલ્ડ કંપની નામની એક પેઢીના કાયદાના સલાહકાર એડ ક્લાર્કને પ્રમુખપદ માટે હરીફાઈ કરવા ઊભા રાખ્યા છે. ૧૯-૭૮માં અમેરિકાના વિવિધ રાજ્યોના ગવર્નરોની ચૂંટણી થઈ ત્યારે આ શ્રી ક્લાર્ક કેલિફોર્નિયાના ગવર્નરપદ માટે ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને આશ્ચર્યજનક બિના તો એ બની હતી કે તેમને ૩,૭૭,૯૬૦ મતો મળ્યા હતા. લિબર્ટેરિયનો આ પરિણામથી ઉત્સાહમાં આવી ગયા હતા અને "૧૯૮૦ પછીના વરસોમાં અમે અમેરિકાના પ્રમુખનું પદ પણ અમે જીતીશું." એવું કહેવા લાગ્યા હતા. એ લોકોની વ્યવ-સ્થિત આયોજના જોઈને, એ લોકોનો દાવો કેવળ ગપ્પાગોષ્ટિ જેવો છે એમ કહી શકાય એમ નથી. વળી ગમે તેવાં તૂતને ટેકો આપનારા અમેરિકામાં મળી જ આવે છે એ પણ આપણે ભૂલવું ન જોઈએ. હું આ કહે છું કારણ કે મારે મને તો આ લિબર્ટેરિયન પાર્ટી એક તૂત જ છે.

અમેરિકામાં બન્ને પ્રમુખ પક્ષોએ સભ્યો નોંધવાની પ્રથા રાખી નથી. (અને એથી ત્યાં બોગસ સભ્યપદનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી) એટલે કયા પક્ષના કેટલા સભ્યો છે એવું નહિ પણ કયા પક્ષના કેટલા ટેકેદારો છે. એવું જ ત્યાં પૂછવામાં આવે છે. એક ભારતીય નાગરિકે એક અમેરિકન પ્રોફેસરને આવો પ્રશ્ન પૂછ્યો ત્યારે તેણે કહ્યું કે દેશના ૨૧ ટકા જેટલા મતદારો રિપ-બ્લિકન પક્ષ તરફ અને ૪૨ ટકા મતદારો ડેમોક્રેટિક પક્ષ તરફ સહાનુ-ભૂતિ ધરાવે છે જ્યારે બાકીના ૩૭ ટકા "અનડિસાઈડેડ"–અનિર્ણિત હોય છે. આ "અનિર્ણિત" મતદારોમાં બાકીના નવ પક્ષોની અને બે પ્રમુખ પક્ષોની પણ– રમત ચાલે છે. (અલબત્ત, લિબર્ટેરિયન પક્ષો પોતાના પક્ષના સભ્યો નોંધવાની પ્રથા અપનાવી છે.- નાણાં માટે!)

લિબર્ટેરિયન પક્ષની જ જો વાત કરીએ તો એનો ચૂંટણી ઢંઢેરો જોઈને જ આપણી છાતી બેસી જાય છે. એ લોકોને કોઈપણ જાતના સરકારી નિયમનો ખપતાં નથી. એ લોકો પોતાને સિદ્ધાન્તવાદી પક્ષ કહેવરાવે છે. (અંગ્રેજી નામ "પાર્ટી ઓફ પ્રિન્સિપલ") પણ એ સિદ્ધાન્તો જ્યારે આપણે જોઈએ ત્યારે આપણને પ્રશ્ન થાય છે કે આ સિદ્ધાન્તોને આધારે સમાજ શાસન ચાલે કેવી રીતે? દા. ત. આ પક્ષ માગે છે કે પ્રજાને હિરોઈન, અફીણ, ચરસ વગેરે વાપરવાની સંપૂર્ણ છૂટ હોવી જોઈએ; સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ એ ગુનો ગણાવો ન જોઈએ, વેશ્યાવૃત્તિ પણ ગુનો ગણાવો ન જોઈએ, પરિ-સરને પ્રદૂષિત થતો અટકવવા માટેની જે સરકારી સંસ્થા છે તે નાબૂદ થવી જોઈએ કારખાનાઓમાં કામ કરતા કામદારોની સલામતી અને સ્વાસ્થ્યની નિગેહબાની કરતી સરકારી સંસ્થાઓ નાબૂદ થવી જોઈએ, ફેડરલ રિઝર્વ બોર્ડ અને બીજી એવી બધી જ સરકાર સંચા-લિત નિયામક સંસ્થાઓ સમેટી લેવી જોઈએ અને સામાજિક સલામતી તથા કલ્યાણ માટેના જે કાયદાઓ સરકારે કર્યા છે તે નાબૂદ થવા જોઈએ. તેઓ તો આણુશક્તિનો (એટલે કે આણુશસ્ત્રો ના જ ને?) વેપાર ખાનગી ક્ષેત્રમાં છૂટથી કરવા દેવાની પણ હિમાયત કરે છે!

અત્યારની અમેરિકન સરકારે નૈતિક, આર્થિક અને લશ્કરી ક્ષેત્રે જે કાંઈ નીતિવિષયક નિર્ણયો લીધા છે તે બધાનો લિબર્ટેરિયનો વિરોધ કરે છે! જુગાર અને આપઘાતને પણ ગુનો ન ગણવો જોઈએ એમ એ લોકો કહે છે! વળી પરદેશમાંના બધાં જ અમેરિકન દળોને પાછાં બોલાવી લેવાની પણ એ લોકો હિમાયત કરે છે.

અને ખૂબીની વાત તો એ છે કે અમેરિકાના સમાચાર માધ્યમો આ લોકોને ગંભીરતાપૂર્વક ગણતા નથી છતાં એ લોકોની બધી ઊટપટાંગ વાતોને પ્રસિદ્ધિ તો આપે જ છે. ગયા સપ્ટેમ્બરમાં લોસ એન્જેલીસ ખાતે જ્યારે પક્ષનું વાર્ષિક અધિવેશન મળેલું ત્યારે અમેરિકાના રાષ્ટ્રીય દરજ્જાના ગણાય એવા પત્રકારો એનો હેવાલ લેવા ગયા હતા. આ પત્રકારો ત્યાં ગયા તેનું એક કારણ તો એ હતું કે ૧૯૭૮માં જ્યારે ગવર્નરો અને સંસદ સભ્યોની ચૂંટણી થઈ ત્યારે લિબર્ટેરિયન પક્ષો ઊભા રાખેલા ૨૦૦ ઉમેદવારોએ કુલ તેર લાખ મતો મેળવ્યા હતા! એમના પર રાષ્ટ્રીય અખબારો નજર ન રાખે તો કેમ ચાલે!

લિબર્ટેરિયન પક્ષની સ્થાપના ૧૯૭૨માં થઈ હતી એટલે આજે એ પક્ષની ઉમ્મર માત્ર આઠ જ વર્ષની છે. આ આઠ વર્ષમાં તેમની પ્રગતિ ઠીક ઠીક થઈ છે અને ૧૯૭૮માં તો તેમને અલાસ્કાની ધારા-સભામાં એક બેઠક પણ મળી હતી. દેશની કોઈપણ ચૂંટણીમાં લિબ-ર્ટેરિયનોની આ પહેલ વહેલી જીત હતી.

"લિબર્ટેરિયનો માને છે કે દરેક માણસને, પોતાની જિંદગી ઉપર સંપૂર્ણ અખત્યાર છે અને એ જે રીતે જીવવા માગે તે રીતે એ જીવી શકે છે. એમાં બળજબરીપૂર્વક દખલ કરવાનો કોઈને અધિ-કાર નથી." આ એમના શાસકીય સિદ્ધાન્તોનું સત્ત્વ છે.

પ્રમુખપદ માટેના લિબર્ટેરિયન ઉમેદવાર એડ ક્લાર્ક તો જ્યાં કોઈ પણ જાતના શાસકીય નિયમનો હોય જ નહિ– (અંગ્રેજીમાં– વ્હેર ગવર્નમેન્ટ ઈઝ ઓલમોસ્ટ એલિમિનેટેડ)–એવા સમાજનું સ્વપ્ન સેવી રહ્યા છે.... અને આમ છતાં, વર્તમાન પ્રશ્નોના તેમણે કેટલાક ઉકેલો કલ્પ્યા છે તે તો એવા ઝગડા ઉત્પન્ન કરે એમ છે... એ ઝઘડાનો નિકાલ અદાલતી મુકદમા દ્વારા જ આવી શકે. લિબર્ટે રિયનો કહે છે કે સંક્રાન્તિ કાળમાં આવું થશે જ. એમાં કાંઈ હરકત નથી.

લિબર્ટેરિયનોએ આવા, ઝગડો ઉત્પન્ન કરે એવા જે વિકલ્પો કલ્પ્યા છે તે પણ જોવા જેવા છે. દા. ત. પ્રદૂષણ નો પ્રશ્ન લિબ-ર્ટેરિયનો કહે છે કે પ્રદૂષણના પ્રશ્નનો ઉકેલ સરકારથી આવે એમ નથી. કારણ કે સરકારે જ પ્રદૂષણ ઊભું કરેલું છે. બધી નદીઓ અને સરોવરો ઉપર સરકારની જ માલિકી છે અને તેથી જ પ્રદૂષણ ઊભું થયેલું છે. સરકારની આ માલિકી સાચી માલિકી નથી કારણ કે માલિક જે રીતે પોતાની મિલ-કતનો ઉપયોગ કરે તે રીતે સરકારી અમલદારો કરી શકતા નથી. પણ જો ખાનગી પેઢીઓને નદીઓ અને સરોવરો વેચી દેવામાં આવે તો પરિસ્થિતિ બદલાઈ જાય. એ નદીઓ અને સરોવરોની પવિત્રતા જળવાઈ રહે. કારણ એ જળાશયોને કોઈ ગંદકી વડે પ્રદૂષિત કર-વાનો પ્રયત્ન કરે તો એ જળાશયોના માલિક એના પર અદાલતમાં કેસ માંડી શકે, એની પાસે નુકસાની મેળવી શકે અને ફરી પાછું આવું ન કરવાની બાંહેધરી મેળવી શકે. (પણ કોઈ કંપની ઈરી સરોવર ખરીદીને પછી એમાં કચરો ઠાલવવાના હક્કો જુદી જુદી કંપની-ઓને વેચે તો શું થાય એ અંગે લિબર્ટેરિયન પક્ષ ચૂપ છે!)

હવાના પ્રદૂષણની વાત જરા જુદી છે પણ લિબર્ટેરિયનો પાસે એનો પણ ઉકેલ છે. પ્રદૂષિત હવા ફેફસામાં ભરનારા માણસો હવા પ્રદૂષિત કરનારાઓ પર કેસ માંડી શકે. પ્રદૂષિત હવાને કારણે કોઈનો પાક બગડે અથવા તબિયત બગડે તો તે હિંસાનો પ્રકાર થયો જેવો કે કોઈની મિલકતને આગ લગાડવી, અથવા તો કોઈને મહાવ્યથા પહોંચાડવી. આની સામે અદાલતમાં કેસ માંડી શકાય.

આ બધા ઉપરથી તો એમ લાગે છે કે લિબર્ટેરિયનોના સ્વર્ગમાં જે સમાજ રચાશે તેને તો લગભગ દરેકે દરેક વસ્તુ માટે અદાલતમાં લડ્યા જ કરવું પડશે એટલે વકીલો વચ્ચેની સાઠમારી એ લિબર્ટેરિયન સમાજનું એક મુખ્ય લક્ષણ હશે!

લિબર્ટેરિયનોના સ્વર્ગની રચના અંગે હજી અનેકાનેક પ્રશ્નો અદ્ધર લટકે છે. પરિણામે આજે તો વિચારવન્તોનો એક ઘણો મોટો વર્ગ લિબર્ટેરિયનોને "ક્રેઝી" (પાગલ) તરીકે વર્ણવે છે અને એ લોકોની ઠઠા મશ્કરો ઉડાવે છે. પણ એ હકીકત છે કે એ લોકોને સંસદ સભ્યોની ચૂંટણીમાં ૧૩ લાખ મતો મળ્યા હતા અને અલાસ્કાની રાજ્ય ધારાસભામાં એક બેઠક મળી હતી. અલબત્ત અમેરિકામાં જેને પોપ્યુલર વોટ કહે છે તેના કુલ મતદાર સંખ્યાના બેદશાંશ ટકા જ મતો (૦.૨ ૦/૦) લિબર્ટેરિયનોને મળ્યા છે પણ છતાં એમનો નંબર ૧૪ પક્ષોમાં હવે ત્રીજો રિપબ્લિકનો તથા ડેમોક્રેટોની પાછળ) આવ્યો છે અને તેથી એમને સંતોષ છે. એ લોકોના નેતાઓ તો કહે છે કે અમારી પાસે તો ચૂંટણી પ્રચાર માટેના પૈસા હોય તો અમે કરી દેખાડીએ. એ લોકોએ પૈસા ભેગા કરવાની જે આયોજના કરી છે તે દસ વર્ષમાં પૂરી થશે અને તેથી જ તેઓ ૧૯૮૦ પછી અમેરિકાનું પ્રમુખપદ હસ્તગત કરવાની આશા રાખે છે.

આ લિબર્ટેરિયન પક્ષની વાત કરતાં મને આપણા રાજનારાયણ યાદ આવી ગયા. કેમ તેને તો વાંચકો સમજી જ શકશે.

– મનુભાઈ મહેતા

[આ લેખની કેટલીક સામગ્રી "સેટરડે રિવ્યુ" અને "આટલાંટિક મન્થલી"માંથી લીધી છે. બીજી કેટલીક અમેરિકન રેડિયો પર આવેલા ચૂંટણી અંગેના વાર્તાલાપોની શ્રેણીમાંથી પ્રાપ્ત થઈ છે.]

કાગળની અછત કેમ ઊભી થઈ?

આજે દેશમાં કાગળની લગભગ ૯૦ મિલો છે. આપણું કાગળનું ઉત્પાદન વાર્ષિક ૧૦ લાખ ટન જેટલું અને વપરાશ ૧૧ લાખ ટન જેટલો છે. આમ ઉત્પાદન અને વપરાશ વચ્ચે લગભગ એક લાખ ટનનો ગાળો છે. આ ખોટ આપણે આયાતથી પૂરી કરીએ છીએ. ૧૯૭૭–૭૮ દરમિયાન આપણે ૮૧ કરોડ રૂપિયાની કિંમતનો ૧.૯૦ લાખ ટન જેટલો કાગળ આયાત કર્યો હતો. ૧૯૮૨-૮૩માં કાગળનું ઉત્પાદન ૧૪ લાખ ટન જેટલું અને વપરાશ ૧૫ લાખ ટન પર પહોંચવાની ધારણા છે. તાજેતરના ભવિષ્યમાં નવી ઉત્પાદનશક્તિ સ્થાપવાના સંજોગો બહુ ઊજળા જણાતા નથી.

ભારતીય અર્થતંત્રમાં ખાતર, પોલાદ અને વીજળી ઉદ્યોગ કરતાં કાગળ ઉદ્યોગ જેવાં કેટલાંક એવા ક્ષેત્રો છે કે જેમાં ઉત્પાદન શક્તિના અસરકારક ઉપયોગ કરતાં આપૂરતી ઉત્પાદનશક્તિ છે. આથી નવી ઉત્પાદનશક્તિની સ્થાપના મહત્ત્વની વાત બની જાય છે- કાગળ ઉદ્યોગમાં ઉત્પાદનશક્તિનો વપરાશ ૮૦ થી ૯૯ ટકાની વચ્ચે એટલે કે ખૂબ ઊંચો છે.. ઉત્પાદનશક્તિનો 'ખૂબ ઊંચો વપરાશ એમ સૂચવે છે કે હાલ અસ્તિત્વમાં હોય તેવી ઉત્પાદનશક્તિના ઉપયોગ દ્વારા ઉત્પાદન વધારવાનો બહુ અવકાશ નથી. એ સંજોગોમાં આપણી સામે બે વિકલ્પ છે. કાગળ ઉદ્યોગમાં મૂડીરોકાણ કરી ઉત્પાદનશક્તિ વધારવી અથવા વધુને વધુ કાગળની આયાત કરવી. વિશ્વબજારમાં પેટ્રોલના આસમાને ચડતા ભાવો અને આપણું ઘટતું જતું વિદેશી હૂંડિયામણ જોતાં સરકાર કાગળની માંગ લાંબા ગાળાની આયાતો દ્વારા પૂરી પાડવાની યોજના કરી શકે તેમ નથી. કાગળના વધુ ઉત્પાદન માટે નવી ઉત્પાદનશક્તિની સ્થાપના એ આમ તાકીદનો પ્રશ્ન બન્યો છે.

ફુગાવાની અસર કાગળ ઉદ્યોગ પર પણ પડી છે. કાગળ ઉદ્યોગનું મૂડી રોકાણ ૧૯૬૦ના દસકાનાં પાછળનાં વર્ષોમાં એક ટનની ઉત્પાદનશક્તિ માટે રૂપિયા ૪,૦૦૦ પરથી વધીને આજે રૂપિયા ૧૩,૦૦૦ જેટલું થયું છે. એટલે ત્રણગણાથી પણ વધુ વધારો થયો છે.

ભાવ નિયંત્રણોએ કાગળ ઉદ્યોગ પર શી અસર કરી છે તે જોઈએ. ભૂતકાળમાં અવારનવાર કાગળ ઉદ્યોગ પર ભાવ નિયંત્રણો મુકાતાં રહ્યાં છે. ૧૯૪૫નો પેપર પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર ૧૯૫૦માં પાછો ખેંચવામાં આવેલો. ભાવનિયંત્રણ વિનાના ૧૯૫૦થી ૧૯૫૮ના સમય દરમિયાન કાગળના ભાવોમાં કાગળ ઉદ્યોગે પાંચ વાર વધારો કરેલો. પરિણામે જાન્યુઆરી ૧૯૬૦થી સરકારે કાગળના ભાવ પર ફરી અંકુશો મૂક્યા. આ અંકુશો ૧૯૬૮માં દૂર થયા. તેમ છતાં, ૧૯૭૧ થી ૧૯૭૩ વચ્ચે કાગળનું ઉત્પાદન લગભગ સ્થગિત થઈ ગયું હતું. પરિણામે કાગળની અછત ઊભી થઈ અને ભાવો વધ્યા. આથી ૧૯૭૪માં મુકાયેલા અંકુશ મુજબ કાગળની મિલોને તેમના કુલ ઉત્પાદનના ૩૦ ટકા સફેદ છાપવાના કાગળના ઉત્પાદનનો અને બીજા ૨૭ ટકા ક્લ્યરલ કાગળ (જેવો કે ક્રીમ વોવ, ઓફસેટ, લીથો, છાપવાનો રંગીન કાગળ, ટાઈપ માટેના અને ડુપ્લીકેટિંગ) માટેના ઉત્પાદનનો આદેશ અપાયો. છાપવાના સફેદ કાગળનો ભાવ એક કરાર મુજબ ટનના રૂપિયા ૨,૭૫૦ જેટલો ઠરાવાયો હતો. આમાં મિલોને ટને રૂપિયા ૬૦૦ જેટલું નુકસાન જતું. જુલાઈ ૧, ૧૯૭૯થી આ ભાવ વધારીને ટનના રૂપિયા ૩,૦૦૦ કરવામાં આવ્યો છે. ક્લ્યરલ કાગળના ઓછામાં ઓછા ૨૭ ટકા ઉત્પાદનનો આદેશ સપ્ટેમ્બર ૧૯૭૬માં નાબૂદ કરવામાં આવ્યો. માર્ચ ૧૯૭૮માં ફરી તે પ્રમાણ વધારીને ૩૩ ટકા નક્કી કરવામાં આવ્યું છે.

આમ છાપવાના સફેદ કાગળ પરના ભાવનિયંત્રણ સિવાય હાલમાં કાગળ પર કોઈ જાતનાં ભાવ અંકુશો પ્રવર્તતા નથી. છાપવાના સફેદ કાગળની વહેંચણી પર અનૌપચારિક (ઈન્ફોર્મલ) અંકુશ છે. આ રીતે અવારનવાર કાગળના ભાવ પર અંકુશો અમલમાં રહ્યા જ્યારે કાગળ માટેના કાચા માલના ભાવો પર કોઈ જાતના અંકુશ ન હતા. આવી સ્થિતિ ક્યાં સુધી નભી શકે?

તમારા પ્રમુખશ્રીએ કાગળની મિલોને મળતા ન પોસાતા ભાવોનો ઉલ્લેખ કર્યો છે. કાળા નાણાના સર્જનની પ્રક્રિયાનું આ મુખ્ય કારણ છે. અંકુશો અનિવાર્ય છે. પણ હું લાંબા સમયના કે કાયમના અંકુશનો વિરોધી છું. અંકુશ બહુમાં બહુ તો કામચલાઉ ઉપાય ગણી શકાય. અંકુશ આ ઓસડ છે, ખોરાક નહીં. ભાવને તમે એ રીતે અંકુશમાં રાખો કે જેથી કાગળની મિલોને ઉત્પાદન કિંમત પણ ન મળી રહે તો બહુ અર્થ સરે નહીં. આવી સ્થિતિમાં ન સાચા અર્થમાં ભાવઅંકુશ અમલમાં રહે કે ન કાગળ યોગ્ય પ્રમાણમાં લોકોને મળી રહે. અત્યાર સુધી આમ જ બનતું આવ્યું છે. તમારા પ્રમુખશ્રીની સરકારની ખોટી ભાવનીતિ વિષેની ફરિયાદ આ સંદર્ભમાં જોવી જોઈએ. આ અંકુશોથી ગ્રાહકોને ભાગે તો વધુ મુસીબતો જ આવી અને બધો કાળાં નાણાંનો નફો ઉત્પાદકો અને વેપારીઓમાંનાં અસામાજિક તત્ત્વોના ગજવામાં ગયો.

અવારનવાર કાગળ ઉદ્યોગ પરના ભાવનિયંત્રણોને પરિણામે ચાલુ એકમોની સરખામણીમાં નવાં સ્થપાતાં એકમોને ગેરફાયદો થતો. કાગળ ઉદ્યોગમાં મૂડીરોકાણ પ્રત્યે ઉદ્યોગપતિઓની ઉદાસીનતાનું એક મુખ્ય કારણ આ હતું. આથી તાજેતરનાં વર્ષોમાં ઉત્પાદનશક્તિના વધારાનો દર ધીમો પડ્યો. ૧૯૬૭-૬૮થી ૧૯૭૪-૭૫ના ગાળામાં કાગળ ઉદ્યોગ પરના બધા અંકુશો ઉઠાવી લેવામાં આવ્યા હતા. તેને લીધે એ સમય દરમિયાન ઉદ્યોગની નફાક્ષમતા વધી. કુલ નફો મૂડી રોકાણના ૫.૮ ટકામાંથી વધીને ૧૭.૭ ટકા જેટલો થયો અને કર ભર્યા પછીનો નફો ૩.૭ ટકામાંથી વધીને ૧૬.૮ ટકા જેટલો થયો. ઉત્પાદન શક્તિના વધારાનો દર આ ગાળા દરમિયાન વાર્ષિક ૫.૩ ટકાનો હતો.

કાગળ મિલ તૈયાર થવામાં લાગતો લાંબો સમય અને ભારે મૂડીરોકાણ ઉદ્યોગના ધીમા વિકાસનું બીજું મહત્ત્વનું કારણ છે. કાગળ ઉદ્યોગની ૭૫ ટકા જેટલી ઉત્પાદનશક્તિ સાત મોટાં ઉદ્યોગ જૂથોના હાથમાં છે. ૧૯૭૩ની નવી ઔદ્યોગિક નીતિ પ્રમાણે કાગળ ઉદ્યોગ સ્થાપવા માટે મોટા ઉદ્યોગજૂથો પર કોઈ નિયંત્રણ ન હતાં. આમ છતાં વાસ્તવમાં ૧૯૭૦ના દાયકાનાં શરૂઆતના વર્ષોમાં મોટા ઉદ્યોગ જૂથોની કાગળમિલ સ્થાપના વિષેની અનેક અરજીઓ નવી દિલ્હીમાં અટવાઈ ગઈ હતી. ઉત્પાદનશક્તિના વિકાસના ધીમા દરનું આ પણ એક મહત્ત્વનું કારણ હતું.

તાજેતરના વર્ષોમાં કાગળ ઉદ્યોગની ઉત્પાદનશક્તિના વિકાસ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૧૯૫૦ના દાયકામાં વાર્ષિક ૧૨.૬ ટકાના દરમાંથી આ ઉત્પાદનશક્તિ ઘટીને ૧૯૬૦-૬૮ના ગાળામાં ૭.૮ ટકા જેટલી અને ૧૯૬૮–૭૯ના ગાળામાં છ ટકા જેટલી થઈ હતી. આ જ સમયગાળા દરમિયાન ઉત્પાદનના વાર્ષિક દરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો. ઉત્પાદનના વાર્ષિક વધારાનો દર ૧૧.૩ ટકામાંથી ઘટીને આઠ અને ૪.૨ ટકા જેટલો થયો હતો. અત્યારે કાગળ ઉદ્યોગમાં કેટલા કાળા નાણાનો ઉદ્‌ભવ થાય છે એની ધારણા કરવી મુશ્કેલ છે પણ અંકુશો અને સરકારી સહાય સમિતિ પાસે એવા નિર્દેશો આવેલા કે ૧૯૭૩–૭૪માં ૮ લાખ ટન કાગળના ઉત્પાદન પર ૮૦ કરોડ રૂપિયાનું કાળું નાણું સરજાયેલું. અંકુશો અને સરકારી સહાય સમિતિએ નોંધ્યું છે કે "જ્યારે પુરવઠા કરતાં માગ વધારે હોય ત્યારે વપરાશકારોના હિતમાં ભાવોને નિયંત્રણ કરવા કરાયેલા પ્રયત્નમાં એ ભય સમાયેલો છે કે નિર્ધારિત જૂથને ફાયદો કરવાને બદલે આ નિયંત્રણ કાળા નાણાના તેમ જ કરના માળખામાંથી બાકાત નફામાં પરિણમશે."

એક સામાન્ય માન્યતા એવી છે કે વેપારીઓ જ કાળા બજારિયા હોય છે. આ વાત કદાચ મોટા વેપારીઓ માટે સાચી હશે પણ નાના વેપારીઓ પાસે સંઘર્ષ કરવાની કોઈ આર્થિક શક્તિ નથી. એ વાત ખરી કે કેટલાક વેપારીઓ અછતની પરિસ્થિતિનો લાભ લેતા હોય છે. પણ આ સામે એ વાત પણ શું ખરી નથી કે અછતની પરિસ્થિતિનો સર્વપ્રથમ અને મોટો લાભ તો ઉત્પાદકો જ લઈ જતા હોય છે. કેમ હમણાં જે ૮૦ કરોડ રૂપિયાના કાળા નાણાની વાત કરી એ અંતે મોટા ઉત્પાદકોના ખિસ્સામાં ગયેલા એવી વેપારી વાયકા હતી. કાળા બજારના ભાવે ચીજવસ્તુઓ વેચવા વેપારીઓનો ઉપયોગ કરતા ઉદ્યોગપતિઓના હાથા નહિ બનવાનું તમારા એસોસિયેશને નક્કી કરવું જોઈએ. સામાજિક જવાબદારીનું જેમને ભાન નથી એવા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ વચ્ચેની કડી તોડવી જ જોઈએ.

તમારા પ્રમુખશ્રીએ મોનોપોલીઝ એન્ડ રિસ્ટ્રિક્ટિવ ટ્રેડ પ્રેક્ટિસિસ કમિશનને તમારા એસોસિયેશને આપેલા નિવેદનની વાત કરી.

મારા ખ્યાલ પ્રમાણે આ સવાલ આખી વેપારી કોમના અસ્તિત્વનો છે. મને એમ કહેવામાં આવ્યું છે કે એક-બે મિલોને બાદ કરતાં બધી મિલો ચાલુ વેપારી વ્યવસ્થા ચેનલને એક બાજુએ રાખીને પોતાના જ ડિસ્ટ્રિબ્યુટરો નીમે છે! કાગળ જેવી ચીજની અછત હોય ત્યારે કાગળની મિલોના માલિકો પોતાના જ માણસોને ડિસ્ટ્રિબ્યુટરો નીમે તો તેઓ કાળા નાણાની લાલચ સામે ઝૂકે એવો સંભવ વધારે રહે. પરંતુ આનાથી યે વધુ મહત્ત્વનો પ્રશ્ન વેપારી ચેનલોનો ઉપયોગ વધુ સારી, સસ્તી અને ભરોસાપાત્ર વહેંચણી કરવાનો છે. નોંધવા જેવી વાત છે, કે સરકાર તેમ જ મોટા ઉદ્યોગપતિઓ બન્ને વેપારીઓની અવગણના કરી રહ્યા છે. સરકાર હંમેશાં મોટા ઔદ્યોગિક એકમનો વ્યાપ અંકુશમાં રાખવા માટે મોનોપોલીઝ કમિશનનો ઉપયોગ કરવા તત્પર હોય છે. મારા ખ્યાલ પ્રમાણે કમિશનનું આ કામ ગૌણ ગણાવું જોઈએ. એનું મુખ્ય કામ તો એ જોવાનું હોવું ઘટે કે મોટું એકમ પોતે કે અન્ય મોટા એકમોની સાથે મળીને એવી નિયંત્રણકારી વેપારી રીતરસમો ન વાપરે જેથી બજારનો ૧૫ ટકા કે તેથી વધુ હિસ્સો તેમના અંકુશમાં રહે. આ પાયાના પ્રશ્ન પર પ્રહાર કરવાને બદલે સરકાર મોનોપોલી ઉદ્યોગગૃહો સામે બુમરાણ મચાવી રહી છે. મોટાં એકમો દ્વારા આપનાવાતી નિયંત્રણકારી રીતરસમો સામે વેપારી સંગઠનોએ એક થઈને નક્કર પગલાં લેવાનો સમય પાકી ગયો છે.

વેપારી આલમ સામાજિક જવાબદારી વિશે સભાન બનશે તો જ એનું અસ્તિત્વ ટકશે એ વાત વેપારી સંગઠ્ઠનોએ હવે સમજી લેવી જોઈએ. વેપારી સંગઠ્ઠનોની સામાજિક જવાબદારીની વાત કરતાં મને મુંબઈના ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્સ મર્ચન્ટસ એસોસિયેશને થોડાં વર્ષ અગાઉ દેખાડેલી સુંદર કામગીરીની વાત યાદ આવે છે. ૧૯૭૫–૭૬માં કઠોળ અને અનાજના ભાવો ઝડપથી વધી રહ્યા હતા ત્યારે આ એસોસિયેશને સરકાર સાથે મસલતો કરી વાજબી ભાવો ઠરાવ્યા અને એ ભાવોએ પાયાની જરૂરિયાતની ચીજવસ્તુઓ વેચવા પોતાના સભ્યોને જણાવ્યું. ૧૯૭૭માં તુવેરદાળના બજાર ભાવ કિલોના રૂ. ૫.૫૦ હતા ત્યારે આ એસોસિએશને તુવેરદાળ છૂટકમાં કિલોના રૂ. ૩.૭૫ના ભાવે વેચવાનું અને દરેક ગ્રાહકને પાંચ કિલો તુવેરદાળ આ ભાવે આપવાનું નક્કી કર્યું. આ પગલાએ અછતની આબોહવા હળવી કરવામાં ઘણી મદદ કરી. અન્ય વેપારી સંગઠ્ઠનોને આ ઉદાહરણને અનુસરવાનું કહેવું વધુપડતું છે?

હવે હું કાગળના નિવારી શકાય એવા બગાડા વિષે કંઈક કહેવા ઈચ્છું છું. આપણી સરકારી ઓફિસો ઓગણીસમી સદીના વહીવટી તંત્રના ઉદાહરણ સમાન છે. આ ઓફિસોમાં ઘણું કાગળ કામ થનું હોય છે જે કાર્યક્ષમતાને અસર કર્યા સિવાય ઓછું કરી શકાય. દાખલા તરીકે, કંપની લો ડિપાર્ટમેન્ટમાં ભરવા પડતા ફોર્મની હારમાળા વિષે એક તપાસ ઘણી રસપ્રદ થઈ પડે. રિઝર્વ બેન્કના ફોરેન એક્સચેન્જ કંટ્રોલ વિભાગમાં અને અન્ય બેન્કોના ધિરાણ વિભાગોમાં કાગળ કામ ઘણું ઓછું કરી શકાય. કાગળનો વપરાશ ઓછો કરવા એક રાષ્ટ્રીય ઝુંબેશની જરૂર છે.

કાગળની માગને પહોંચી વળવા આપણે દર વર્ષે લગભગ સો કરોડ રૂપિયાનો કાગળ આયાત કરવો પડે છે. આ આયાતમાંથી મુક્ત થવા આપણે બે ટૂંકા ગાળાના અને બે લાંબા ગાળાના પગલા લેવાની જરૂર છે. ટૂંકા ગાળાનાં પગલાઓમાં પહેલાં તો આપણે કાગળનો મોટો વપરાશ કરતી સરકારનો વપરાશ દસ ટકા ઘટાડવો જોઈએ. જાહેર અને ખાનગી ક્ષેત્રોના બધા જ કારખાનાઓએ આગલા વર્ષની સરખામણીએ કાગળનો વપરાશ દસ ટકા ઓછો થાય તે જોવું જોઈએ. આયાત ચાલું રહે તો આ પગલા વડે આપણે સફેદ છાપવાના કાગળનો છ મહિનાના વપરાશ જેટલો બફર સ્ટોક ઊભો કરી શકીએ. આમ થાય તો અછતની મનોદશા નિવારી શકાય તેમજ પેપર મિલો પોતાના જ અસ્તિત્વ ખાતર વધુ સફેદ છાપવાનો કાગળ બનાવવા માંડશે. ત્યારબાદ બીજું પગલું અંકુશોને લગતું છે. ભાવો પરના અંકુશો ઊઠાવી લેવા જોઈએ અને ઉત્પાદનશક્તિ વધારવા ઈચ્છતી મિલોને એ માટે છૂટ આપવી જોઈએ કારણ કે નવી મિલો સ્થાપવા કરતાં ચાલુ મિલોની ઉત્પાદકશક્તિ વધારવી ઓ વધુ સસ્તું પડે, તેમ જ એ કામ જલદીથી થઈ શકે

લાંબા ગાળાના પગલાઓમાં પહેલું પગલું નકામા કાગળનું રિસાઈકિલંગ કરવાનું છે ઔદ્યોગિક દેશોમાં તો આ મોટો ઉદ્યોગ છે કમકે ત્યાં કાગળનો વપરાશ ઘણો છે અને ઉત્પાદન લગભગ માગને પહોંચી વળે એટલું જ છે. મેં આગળ કહ્યું તેમ આપણે ત્યાં કાગળના માગ અને પુરવઠા વચ્ચે સારો એવો તફાવત છે. તે ઉપરાંત, આપણે કાગળ માટે જરૂરી કાચા માલની સમસ્યા પર પૂરતું ધ્યાન આપતા નથી તેથી કાચા માલની અછત થવાની સંભાવના રહે છે. આપણે એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે આપણે ત્યાં અક્ષર જ્ઞાનનું પ્રમાણ વધુ હોત અને આપણા પ્રકાશકો વધુ સાહસિક અને શક્તિશાળી હોત તો કાગળના માગ અને પુરવઠા વચ્ચેનો ગાળો, પણ વધુ હોત. એટલે આપણે માટે કાગળના ઉત્પાદનની શક્તિ પૂરેપૂરી વાપરવી અને નકામાં કાગળમાંથી પાછો કાગળ બનાવવો ખૂબ જ જરૂરી છે.

કમનસીબે આપણે ત્યાં આ પ્રશ્નનો ઊંડાણથી અભ્યાસ થયો નથી, જેને પરિણામે આ પાસા પર ખાસ આંકડાઓ પણ ઉપલબ્ધ નથી. આપણે ત્યાં નાની નાની કાગળની મિલો આવું રિસાઈકિલંગ કરી કાગળ બનાવે છે. પણ મને લાગે છે કે આ એટલી મહત્ત્વની પ્રવૃત્તિ છે કે મોટા ઉદ્યોગગૃહોને આવા રિસાઈકિલંગ એકમો સ્થાપવાની છૂટ આપવી જોઈએ. આ સંદર્ભમાં મોટા ઉદ્યોગગૃહો પર મોનોપોલી કાયદો લાગુ પાડવો જોઈએ નહીં.

લાંબા ગાળાનું બીજું પગલું કાગળના વેપારીઓની સહકારી મંડળીઓ દ્વારા કાગળનું ઉત્પાદન કરવાને લગતું છે. મારું એવું સૂચન છે કે કાગળના વેપારીઓએ ઔદ્યોગિક સહકારી મંડળીઓ રચવી અને ૧૯૮૫ સુધીમાં દેશના વિવિધ સ્થાનોમાં ત્રણ કે ચાર કાગળની મિલો નાખવી. કાગળના વેપારીના દીકરાને કદાચ કાગળના વેપારી થવું નહીં ગમે. આથી પોતાની બચતનો થોડો ભાગ કાગળના ઉત્પાદન કરવા તરફ વાળવો તે વેપારીઓ માટે સલાહભર્યું હશે. છેલ્લા બે દાયકાઓથી ન્યૂઝ પ્રિન્ટનું ઉત્પાદન પણ સ્થગિત રહ્યું છે. કાગળના વેપારીઓના સાહસિક સંગઠ્ઠનો આ ક્ષેત્રમાં પણ ઊતરી શકે.

વાડીલાલ ડગલી

(મુંબઈના પેપર ટ્રેડર્સ એસોસીએશનની ૩૯મી વાર્ષિક સભાનું ઉદ્‌ઘાટન પ્રવચન.)

જગતનો સૌથી વયોવૃદ્ધ માનવી

જગતના સૌથી વયોવૃદ્ધ માણસો પૈકી એક મહંમદ આલ્કોરનું ૧૫૨ વરસની ઉમરે હમણાં ઈજીપ્તમાં અવસાન થયું. તેમનો જન્મ ૧૮૨૮માં થયેલો. લાંબી જિંદગીના છેલ્લા દિવસ સુધી તેઓ પોતાની હાટડીમાં સિગારેટ-પિપરમીન્ટ વેચવાનું કામ કરતા હતા અને અચાનક આગ લાગતા તેમનું મૃત્યુ થયું. પોતાની પાછળ તેઓ જેને મૂકતા ગયા તે ૧૭૬ પુત્ર-પુત્રીઓ, પૌત્રો-પૌત્રીઓ મરહુમના અંતિમ સંસ્કાર વખતે હાજર હતા.

*

ભૌતિકક્ષેત્રે – એટલે કે પદાર્થ – વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે, પશ્ચિમના દેશોએ હરણફાળ ભરી છે. છતાં, તે દેશોને સાચું સુખ, સંતોષ કે શાન્તિ મળ્યાં નથી. ભારતે આ બાબતની ગંભીર નોંધ લઈને, તે ગાંડી દોટથી દૂર રહેવું જોઈએ.

– જ્યોર્જ વાલ્ડ

☆

* સ્વધર્મ પ્રત્યે પ્રેમ, પર ધર્મ પ્રત્યે આદર અને અધર્મ પ્રત્યે ઉપેક્ષા – આ બધું મળીને ધર્મ.

* અસત્યમાં શક્તિ હોતી નથી, એને ટકવા માટે પણ સત્યનો આશ્રય લેવો પડતો હોય છે.

* જાતે જલી જાણે, એ જ જગતને પ્રકાશ આપી શકે.

એક સભામાં કોઈએ મહાત્મા ગાંધીને પૂછ્યું : 'બાપુજી, આપના જીવનની શકિત અને સફળતાનું રહસ્ય શું છે?' તેઓએ કહ્યું કે "હું જે જીવન જીવ્યો છું તે જીવનના મુખ્ય આધાર છે સત્ય અને અહિંસા. તેની સાધનામાં મને નીચે પ્રમાણે વર્તવાથી સફળતા મળી છે.'

'શુદ્ધ હૃદય, શુદ્ધ અંતઃકરણ, ઠંડું દિમાગ, ઈશ્વરનું નિયમિત ધ્યાન, કામોત્તેજક ઈન્દ્રિય–સુખોનો ત્યાગ, મદિરા ધૂમ્રપાન અને મસાલાનો ત્યાગ, સર્વથા શાકાહારી ભોજન, સર્વ માનવબંધુઓ પર પ્રેમ."

વર્તમાનમાં આપણા દેશવાસીઓ જો ગાંધીજીના માર્ગે ચાલવાની ભાવના રાખતા હોય અથવા જો તેમનું શિષ્યત્વ સ્વીકારતા હોય, તો આમાંનું તેત્રીસ ટકા (પાસ ક્લાસ) પણ આચરવાથી આપણું જીવન મહાન, સફળ અને શાન્તિમય બની જાય.

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Phone : 35 02 96

"પ્રબુદ્ધ જીવન"



SHRI BOMBAY JAIN YUVAK SANGH

Shri Manilal Mokamchand Shah Sarvjanik Vachnalaya & Pustakalay

385, SARDAR VALLABHABHAIPATEL ROAD * PRARTHANA SAMAJ
OPP. VANITA VISHRAM * BOMBAY-400 004.

PRESIDENT :
Chimanlal Chakubhai Shah
Phone Office : 271319/271349
Resi, 814250
VICE-PRESIDENT :
Rasiklal M. Jhaveri
Phone Resi. : 351662
HON. TREASURER :
Pravinchandra K. Shah
Phone Office : 290026
Resi.: 816858 313645
JT. HON SECRETARIS:
Chimanlal J. Shah S. E. M.
Phone Office: 347539
Resi. 811008
K. P. Shah
Phone Office : 256761
Resi.: 364180 362364
Shantilal D. Nandu
Phone Office : 324234
Resi. : 472937

OUR ACTIVITIES :
Paryushan Vyakhyanmala.
(Series of 16 Lectures every year in August/Sept.)
Vasant Vyakhyanmala
(Series of 4 Lectures every year in March/April)
Publication of
"PRABUDDHA JIVAN"
Fortnightly in Gujarati
Editor : Shri C. C. SHAH
Free Reading Room & Sarvajanik Library.
Frec Medical aid
Vidhya Satra-Seminar on Subjects of Literary Values.
Study circle-Monthly question-answer meetings.
Premal Jyoti :
In service of Poor & Sick
by a band of social workers

સંઘના પેટ્રન મેમ્બરો બનાવવા અંગેની વિજ્ઞપ્તિ

સુજ્ઞશ્રી,

સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપ અને વિસ્તાર સારી રીતે વધતો ચાલ્યો છે તેના આપ સાક્ષી છો.

"પર્યુષણ વ્યાખ્યાનમાળા" તથા "વસંત વ્યાખ્યાનમાળા" ખૂબ ખૂબ લોકપ્રિય બની ગઈ છે અને આ વ્યાખ્યાનમાળાઓને અંતે, જ્ઞાનસાધનાનું પર્વ સારી રીતે ઉજવાઇ ગયું એવો સંતોષ થાય છે અને આનંદ પણ આવે છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં વ્યાખ્યાનમાળાઓ અંગેના ખર્ચનું પ્રમાણ કલ્પી ન શકાય એટલી હદે વધતું ચાલ્યું છે ખીરલા ક્રીડા કેન્દ્રમાં યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું ખર્ચ અંદાજે રૂપિયા ૧૬,૦૦૦ તથા તાતા ઓડીટોરિયમમાં યોજાતી વસન્ત વ્યાખ્યાનમાળાનું ખર્ચ અંદાજે રૂપિયા ૬,૦૦૦ જેટલું થાય છે આ બન્ને વ્યાખ્યાનમાળાઓના ખર્ચ માટે એક જુદું જ ફંડ કરી લેવા માટેનો સમય હવે પરિપકવ થઇ ગયો છે.

આ કાર્ય માટે પેટ્રન મેમ્બરો નોંધવા અને દરેક પેટ્રન સભ્ય પાસેથી રૂપિયા ૨,૫૦૦/- લેવા એવી ગણતરીએ સો જેટલા પેટ્રન-મેમ્બરો નોંધાઇ જાય તો આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવી જાય.

સંઘના જે આજીવન સભ્યો છે તેઓ પેટ્રન મેમ્બરો બને એવી અમારી વિનંતિ છે અને તેમણે રૂા. ૨૫૦૦ ને બદલે રૂા. ૨૨૫૦ જ મેમ્બરશીપના મોકલવાના રહેશે, તેની નોંધ લેવી.

સંઘના કાર્યક્રમ પરત્વે આપ મમત્વ ધરાવો છો એટલે સક્રિય પ્રેમાળ સહકાર આપી પેટ્રન-મેમ્બર તરીકે આપનું નામ જરૂર નોંધાવશો અને થોડા મિત્રોને પણ પેટ્રન-મેમ્બર તરીકે મેળવી આપશો એવી આગ્રહભરી વિનંતિ.

લે. આપના

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

★ સંઘના પેટ્રન મેમ્બરો બનાવવા અંગેનો ઠરાવ ★

તા. ૧૧-૬-૮૦ રવિવારના રોજ મળેલી સંઘની વાર્ષિક સામાન્ય સભાએ એવો ઠરાવ કર્યો છે કે 'પર્યુષણ વ્યાખ્યાનમાળા અને વસંત વ્યાખ્યાનમાળાનો વ્યાપ વધતો ચાલ્યો છે- અને એના ખર્ચમાં પણ મોટો વધારો થયો છે. બન્ને વ્યાખ્યાનમાળાઓનો ખર્ચ અત્યારે રૂા. ૨૨,૦૦૦ આવે છે. તે રૂા. ૨૫,૦૦૦ સુધી ભવિષ્યમાં પહોંચશે. એ ખર્ચનો કાયમી ઉકેલ આવે એ ઉદ્દેશથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન મેમ્બરો બનાવવા અને તેનું લવાજમ રૂા. ૨,૫૦૦/ રાખવું. સંઘના જેઓ હાલ આજીવન સભ્યો છે તેઓ પેટ્રન મેમ્બર બને તો તેમને રૂા. ૨૫૦/ મજરે આપવા - એટલે તેમની પાસેથી રૂા. ૨,૨૫૦/ લેવા.

ઉપરોકત ઠરાવ કર્યો તેને લગતો બંધારણમાં સુધારો કરી લેવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

હાજર રહેલા બધા જ સભ્યોએ આ યોજનાને આવકારી અને થોડા જ સમયમાં સો સભ્યો થઈ જશે એવો વિશ્વાસ વ્યકત કર્યો. જેમની ઈચ્છા હોય તેમને પેટ્રન મેમ્બરો તરીકે નામો લખાવવાની મંત્રીઓ તરફથી વિનંતિ કરવામાં આવી, તેનું પણ સુંદર પરિણામ આવ્યું. સંઘના પેટ્રન મેમ્બરો તરીકે નીચેના નામો અમોને મળ્યા છે, તેને સહર્ષ વધાવીએ છીએ અને આ રીતનો પ્રેમાળ સહકાર આપવા માટે તેમનો આભાર માનીએ છીએ અને સાથોસાથ સૌ સભ્યોને આ કાર્યમાં પ્રેમાળ સહકાર આપી અમારો કાર્યભાર હળવો કરવા વિનંતિ કરીએ છીએ.

પેટ્રન મેમ્બરોના નામો :

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ,
શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી,
શ્રી ચીમનલાલ જે. શાહ,
શ્રી કે. પી. શાહ
શ્રી એ. જે. શાહ,
શ્રી પ્રવિણભાઈ કે. શાહ,
શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ,
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ,
શ્રી વીસનજી લખમશી શાહ,
શ્રી જોરમલ ભંગળજી મહેતા,
શ્રી વીસનજી નરસી વોરા,
શ્રી સી. એન. સંઘવી.

ચીમનલાલ જે. શાહ, કે. પી. શાહ

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૩ : અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ જુલાઈ, ૧૯૮૦ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૧

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

શ્રી સંજય ગાંધીના અવસાનથી ઉત્પન્ન થતી નવી પરિસ્થિતિ

કુદરતની ગતિ ન્યારી છે, ઈશ્વરની યોજના અગમ્ય છે, માનવી તેની સમીપે પામર છે. સંજય ગાંધીનું આવી રીતે અકસ્માત કરુણ અવસાન થશે તેવું કોઈની કલ્પનામાં ન હોય. સંજય ગાંધીના મૃત્યુથી શ્રીમતી ઈન્દિરા ગાંધી અને તેમના કુટુંબ, ઉપર જે મોટી આફત આવી પડી છે અને તેમને ઊંડો આઘાત લાગ્યો છે તે પ્રત્યે સૌની અંતઃકરણથી દિલસોજી રહે છે. શ્રીમતી ગાંધીએ યુવાન પુત્ર ગુમાવ્યો છે. એટલું જ નહિ, પોતાનો આધાર-સ્તંભ ગુમાવ્યો છે. નાની ઉંમરમાં માતા ગુમાવી, યુવાન વયે પતિ ગુમાવ્યો, ત્યારપછી પિતા ગયા અને હવે યુવાન પુત્ર ગયો. ગમે તેવા મજબૂત મનના વ્યક્તિનું પણ દિલ ભાંગી જાય એવો પ્રસંગ છે. અત્યારે તો શ્રીમતી ગાંધીએ ધૈર્યથી આ ઘા ઝીલ્યો છે, પણ તે કેટલો ઊંડો અને કારમો ઘા છે, તે હવે જણાશે. શ્રીમતી ગાંધીમાં અદભૂત ધૈર્ય છે તો વીણ આ આઘાત તેમના મન ઉપર કેવા પ્રત્યાઘાત પાડશે તે કહેવું મુશ્કેલ છે. આમેય, ઈન્દિરા ગાંધી સદા એકલવાયા હતા. હવે વધારે એકલા પડશે. અંતર ખોલીને વાત કરી શકાય એવી વ્યક્તિ તેમને માટે સંજય ગાંધી એક જ હતા. ઈન્દિરા ગાંધી સાથે દેશનું ભાવિ જોડાયેલું છે. એટલે આ ગંભીર બનાવ સૌની ચિંતાનો વિષય છે.

સંજય ગાંધીએ ધૂમકેતુ પેઠે દેશના રાજકારણમાં પ્રવેશ કર્યો. વેગથી ઊંચે ચડ્યા, વેગથી ઘૂમ્યા, વેગથી નીચે પડ્યા. જે સાહસ વૃત્તિએ તેમને આટલી સફળતા અપાવી તે જ સાહસવૃત્તિ તેમના અવસાનનું નિમિત્ત બની. પાંચ વર્ષના ટૂંકા ગાળામાં દેશના પ્રથમ હરોળના આગેવાન બન્યા, જુના આગેવાનોને પાછળ મૂક્યા, નવા પરિબળો ઉભા કર્યા, કોંગ્રેસનું સ્વરૂપ પલટાવી નાંખ્યું, નવા મૂલ્યો પેદા કર્યા અને નજીકના ભવિષ્યમાં દેશના વડાપ્રધાન બનશે એવી હવા પેદા કરી. આ સિદ્ધિ નાનીસુની નથી. સંજય ગાંધી અતિવિવાદાસ્પદ વ્યક્તિ હતા. સંજય ગાંધીની શક્તિ અને દૃઢ મનોબળ વિષે શંકા રહે તેમ નથી. ઈન્દિરા ગાંધીના પુત્ર તરીકે જે સાનુકુળતાઓ તેમને સાંપડી તેનો પૂરો લાભ લીધો અને તેમાં પોતાની શક્તિથી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું. ઈન્દિરા ગાંધીનું તેમના પ્રત્યે એક માતાને પુત્ર પ્રત્યે મમતા હોય એટલું જ માત્ર ન હતું પણ ઊંડો રાગ અને વિશ્વાસ હતાઅને એવી છાપ પેદા થઈ હતી, અને તે સાવ પાયા વિનાની ન હતી. કે Sanjay is the power behind the throne કેટલાક માનતા કે ઈન્દિરા ગાંધી તો સંજયનો ભય છે અને સંજયની મરજી વિના ઈન્દિરા ગાંધી કાંઈ જ કરી શકે તેમ નથી. આટલું બધું નહિ હોય તો પણ સમાન્તર સત્તાઓ કામ કરતી હતી તે નિર્વિવાદ છે. સંજયે એટલી સત્તા પ્રાપ્ત કરી હતી કે સૌ કોઈ જેને કાંઈ કામ કઢાવવું હોય તેણે તેમના દ્વારે સલામી ભરવી પડતી. All roads led to Sanjay સત્તાનું એવું છે કે એક વખત અસરકારક રીતે હસ્તગત કરી પછી તે વેગથી વધતી જાય છે. It has a snow- ball effect.

દેશને નાની, સસ્તી મોટરગાડી આપવાના સ્વપ્નથી સંજયે જીવનની શરૂઆત કરી. મારુતિ કંપનીની જે રીતે સ્થાપના થઈ અને વિસ્તાર થયો અને તે સંબંધે ગુપ્તા કમીશને જે હકીકતો આપી છે તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે નિયમોનું કોઈ બંધન સંજયને માન્ય ન હતું. સરકારી નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરી, ગમે તે રીતે, પોતાનું કામ કરવાની તેમની રીત, આ કંપનીના વહીવટમાં અજમાવી.

અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાએ અને જયપ્રકાશના આંદોલને સંજયને રાજકારણમાં પ્રવેશવાની તક આપી. ઈન્દિરા ગાંધીની સત્તાને સીધો પડકાર થયો અને છ વર્ષ અને કદાચ કાયમ માટે વનવાસ ભોગવવો પડે એવો સમય આવ્યો. ઈન્દિરા ગાંધી દ્વિધામાં હતા. વડાપ્રધાન તરીકે રાજીનામું આપવા તૈયાર થઈ ગયા હતા. ગાંધી, નહેરુ અને કોંગ્રેસના મૂલ્યો હજુ સદંતર તેમણે તજ્યા ન હતા. તેવે સમયે સંજય તેમની મદદે આવ્યા. આ મૂલ્યો તેમને નડતા ન હતા. રાજીનામું આપવા ન દીધું અને કટોકટી જાહેર કરાવી. ગોખલે જેવા કાયદાપ્રધાન મળી ગયા. બંધારણમાં પાયાના ફેરફાર કર્યા. ત્યાર પછીના ૧૮ મહિનાનો ઈતિહાસ આપણે જાણીએ છીએ. સંજયની કામ કરવાની રીતરસમો જુદા પ્રકારની હતી. માણસ પોતે હોય તેવા અને પોતાને જોઈએ તેવા સાથીઓ મળી રહે છે. ગાંધીને નેહરુ, સરદાર, રાજેનબાબુ, રાજાજી જેવા મળ્યા. હીટલરને ગોરીંગ, ગોબલ્સ, હીમલર જેવા મળ્યા. સંજયને બંસીલાલ, વિદ્યાચરણ, ધવન, કપુર જેવા મળ્યા. ઈન્દિરા ગાંધીએ સંજયની સલાહ વિરુદ્ધ માર્ચ ૧૯૭૭માં લોકસભાની ચૂંટણી કરાવી અને હારી ગયા. જનતા શાસનના અઢી વર્ષમાં, ઈન્દિરા ગાંધી, સંજય ગાંધી, અને તેમના સાથીઓની સામે સંખ્યાબંધ પંચો નીમાયા અને કેસો થયા. ઈન્દિરા ગાંધી અને સંજયનું ખમીર તેમની સામેની આ કટોકટીમાં દેખાયું. જનતા સરકાર તેના આંતરિક વિખવાદો અને નિર્બળતાથી તૂટી પડી. ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીએ આ સમય દરમિયાન પોતાની બધી રાજકીય કુનેહ, મુત્સદીગીરી અને ધૈર્ય દાખવ્યા. જાનેવારી ૧૯૮૦ની લોકસભાની ચૂંટણીમાં તેનો પૂરો બદલો મળ્યો. ત્રણ રાજ્યો પક્ષ-પલટાથી કબજે કર્યા. આઠ રાજ્યોમાં ચૂંટણી કરાવી એમાંથી આઠમાં સત્તા મેળવી. આખો નકશો પલટાઈ ગયો. અવનતિની ખીણમાંથી ઉન્નતિના શિખરે પહોંચ્યા. તેમાં સંજયનો ફાળો ઘણો મોટો હતો. યુવા પેઢીની આગેવાની લીધી. મોટી સંખ્યામાં લોકસભામાં અને રાજ્ય વિધાનસભાઓમાં પોતાના માણસો મૂક્યા. રાજ્યોના મુખ્યમંત્રીઓની નિમણુંકમાં અસરકારક રીતે પોતાનું ધાર્યું કર્યું. એક એવી ઈમેજ ઊભી કરી કે નજીકના ભવિષ્યમાં સંજય ગાંધી વડાપ્રધાન થશે. લોકમાનસને આ બનાવ માટે તૈયાર કરવા, પ્રચાર, દરેક પ્રકારનો શરૂ કર્યો. સંજય વડાપ્રધાન થાય એ સ્વાભાવિક છે, એવી છાપ લોકોના મન ઉપર ઠસાવવાના પ્રયત્નો થયા. મોટા ઉદ્યોગો અને ખાનગી સાહસનેં સંજયનો ટેકો છે, સામ્યવાદ કે સમાજવાદના સખ્ત વિરોધી છે તેથી, ઉદ્યોગપતિઓનો અને મૂડીવાદીઓનો ટેકો મળતો ગયો.

દેશનું સુકાન હવે સંજય ગાંધીના હાથમાં છે અને દેશ એક જુદી દિશામાં જઈ રહ્યો છે, – જે દિશા વર્ષોથી કોંગ્રેસની રહી છે એવી લોકશાહી કે સમાજવાદની નહિ હોય, – એ હકીકત જાણકારો સમજી ગયા હતા. ક્યા માર્ગે અને શું સાધનથી સંજય ગાંધી પોતાનું ધાર્યું કરે છે, તેની તેમને બહુ પરવા ન હતી. Means did not matter to Sanjay. દેશની આવી પરિસ્થિતિમાં સંજય ગાંધીનું અચાનક અવસાન થયું. આ બનાવથી એક નવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. સંજય ગાંધીનું સ્થાન લે તેવું કોઈ નથી. તેમના સાથીઓ કે અનુયાયીઓ, આગેવાનવિહોણા થયા છે. તેમનું વલણ કેવું રહેશે તે કહેવું મુશ્કેલ છે. પણ બધો આધાર શ્રીમતી ઈન્દિરા ગાંધી ઉપર રહે છે. આ બનાવની અને તેના પરિણામની તેમના મન ઉપર શું અસર થાય છે અને કઈ દિશામાં તેમનું વલણ રહેશે તે પૂરી રીતે ખબર પડતાં વખત લાગશે. જુના સાથીઓને ફરી શોધે છે કે નવાને વળગી રહે છે તે જોવાનું છે. જુના સાથીઓમાં ચરણસિંહ અથવા જગજીવનરામનું કોઈ સ્થાન

નથી. ન હોય તે યોગ્ય છે. મોરારજીભાઈનો પ્રશ્ન નથી. તેઓ સત્તાના રાજકારણથી નિવૃત્ત છે. વિરોધ પક્ષનું વલણ પણ કેવું રહે છે તે જોવાનું છે. ઈન્દિરા ગાંધી પ્રત્યે વિરોધ ચાલુ રહે છે કે કોઈ સમાધાનની ભૂમિકા રચાય છે. ઈન્દિરા ગાંધીનું નેતૃત્વ રહે તે અત્યારે જરૂરનું છે. રહેશે જ કારણ કે તેમની આટલી મોટી બહુમતી છે. પણ ભૂતકાળ ભૂલી જઈ, બન્ને પક્ષે દેશનું હિત સર્વોપરિ થાય છે કે હજુ અંગત મતાગ્રહો અને સત્તાની ખેંચાતાણી રહે છે? રાજ્યોમાં પણ નવી પરિસ્થિતિ ઉભી થશે. જ્યાં મુખ્યમંત્રીઓ ઉપરથી લાદવામાં આવ્યા છે, ત્યાં સળવળાટ શરૂ થાય તેમ લાગે છે. વિરોધપક્ષો પણ પરસ્પરના વિરોધી રહે છે કે નવી ભૂમિકા રચે છે, તે ઉપર આધાર છે.

સંજય ગાંધીને કારણે જેઓ ઈન્દિરા ગાંધીથી વિમુખ થયા હોય તેઓ ફરી ઈન્દિરા ગાંધીનું નેતૃત્વ સ્વીકારે અને ઈન્દિરા ગાંધી તેમને આવકારે એવું બને? ઈન્દિરા ગાંધી અંતર નિરીક્ષણ કરી કાંઈ બોધપાઠ લે, પોતાની જૂની ભૂમિકા ઉપર પાછા આવે, લોકશાહી અને સમાજવાદને અપનાવવા ફરી તૈયાર થાય, આ બધા પ્રશ્નો છે. આ આઘાતમાંથી ઈન્દિરા ગાંધીનો નવો જન્મ થાય અને ઉદાર વલણ દાખવે તો ઈન્દિરા ગાંધીને ટેકો આપવો અને તેમને સબળ બનાવવા દેશના હિતમાં છે. તેમની શક્તિ વિષે બે મત છે જ નહિ. દેશમાં રાજકીય અને આર્થિક કટોકટી છે એવે સમયે, સૌને સદ્‌બુદ્ધિ સુઝે અને લોકકલ્યાણની ભાવના તેમને પ્રેરે એવી આશા રાખવી વધારે પડતી નથી. ઈશ્વરે અથવા કુદરતે આ તક આપી છે

૨૫-૬-૮૦ ચીમનલાલ ચકુભાઈ

'પ્રબુદ્ધ જીવન'ના સહતંત્રી

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સ્વીકાર્યા મને દસ વર્ષ પૂરા થયા. અચાનક માથે આવી પડ્યું અને એક પ્રયોગ તરીકે સ્વીકાર્યું, તે દસ વર્ષ ઠીક ચાલ્યું છે, તેનો મને સંતોષ અને આનંદ છે. મારી ઉમર અને તબિયત વિચારતાં, હવે લાંબો વખત હું આ બોજો ખેંચી શકું તેમ નથી, તેથી 'પ્રબુદ્ધ જીવન'ના ભાવિ વિષે મને અને મારા સાથીઓને ચિન્તા હતી. અમારા સૌની નજર ડો. રમણભાઈ શાહ ઉપર ઠરતી, પણ તેઓ સ્વીકારતા સંકોચ અનુભવતા. પર્યુષણ વ્યાખ્યાનમાળાનું કામ તેમણે ખૂબ સફળતાથી સંભાળ્યું છે. તેમનામાં સાહિત્ય અને જૈન દર્શનનો અભ્યાસીનો સુભગ સુમેળ છે. તેમની નમ્રતા અસાધારણ છે. તેમનાં પત્ની તારાબહેન તેમને આ કામમાં સહાયભૂત થઈ શકે તેમ છે. તે પણ પ્રોફેસર છે અને સાહિત્ય તેમજ જૈનદર્શનના અભ્યાસી છે. ડો. રમણભાઈને સાહિત્યકારો સાથે સારો સંબંધ છે. મારું કામ અત્યારસુધી મારા સાથીઓ અને ભાઈ ત્રંબકભાઈ મહેતાએ હળવું કર્યું છે. તે સૌના સહકાર વિના પ્રબુદ્ધ જીવનનું સંચાલન શક્ય ન હતું. મને જાહેર કરતાં આનંદ થાય છે કે ડો. રમણભાઈ શાહે હવે અમારા સૌના આગ્રહને વશ થઈ, 'પ્રબુદ્ધ જીવન'ના સહતંત્રી થવાનું સ્વીકાર્યું છે. આ અંકથી તેમનું નામ, મારા નામ સાથે જોડાય છે. 'પ્રબુદ્ધ જીવન'ના ભાવિ વિષે અમે સૌ આથી નશ્ચિત થયા છીએ. 'પ્રબુદ્ધ જીવ'ને જે વિશિષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે જળવાઈ રહેશે તેની મને ખાત્રી છે. ડો. રમણભાઈને હું મારી સર્વ શુભેચ્છાઓ આપું છું. મારા પોતાના વિકાસમાં 'પ્રબુદ્ધ જીવન'નો સારો ફાળો છે. ડો. રમણભાઈને પણ તે જ અનુભવ થશે.

૨૨-૬-૮૦

ચીમનલાલ ચકુભાઈ

સાહિત્યનું વાંચન

સાહિત્યનું મારું વાંચન બહુ ઓછું છે, ખાસ કરી નવલકથાઓ કે નાટકોનું. માહિતી અથવા કોઈ વિશિષ્ટ વિષયનું જ્ઞાન મેળવવા અંગેના સાહિત્યની અહીં વાત નથી કરતો. પણ જીવનલક્ષી ગણાય છે એવા સાહિત્ય વિષેની વાત છે. આ બાબત મારા કેટલાક ચોક્કસ વિચારો છે. તેને ટપકાવવાની એક તક મળી છે. તેથી આ લખું છું.

હેનરી મીલર નામે પ્રખ્યાત અમેરિકન લેખકનું હમણાં ૮૮ વર્ષની ઉંમરે અવસાન થયું. તેમણે ૫૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. મેં તેમાંના કોઈ વાંચ્યા નથી, પણ તેમને વિષે વર્તમાનપત્રો અને સામાયિકોમાં લખાણો આવ્યા છે તે ઉપરથી તેમના પુસ્તકો અને જીવન વિષે પૂરતું જાણવા મળે છે. મારે જે કહેવું છે તે માટે પર્યાપ્ત છે.

મીલરે ગરીબાઈ જોઈ અને જીવનમાં ઘણી યાતનાઓ ભોગવી. તેમના પુસ્તકો મોટે ભાગે આત્મકથાત્મક છે. ૧૯૩૪માં તેમનું પહેલું પુસ્તક 'ટ્રોપિક ઓફ કેન્સર' પ્રકટ થયું, ત્યારથી તેઓ પ્રખ્યાત થયા પણ અંત સુધી અતિ વિવાદાસ્પદ રહ્યા. શરૂઆતમાં બ્રિટન અને અમેરિકામાં તેમના પુસ્તકો ઉપર પ્રતિબંધ મુકાયા. તેથી છુપી રીતે વધારે વંચાયા. વર્ષો પછી કોર્ટે પ્રતિબંધ રદ કર્યો. મીલરના મુખ્ય પુસ્તકો અશ્લીલ, બિભત્સ અને કામોત્તેજક લેખાય છે. સહેતુક અને રસપ્રદ રીતે, જાતીય જીવનના તમામ વ્યવહારોને ખુલ્લે આમ તેમણે આલેખ્યા છે. તેમના પુસ્તકોમાં Sex in real life, sex in fantasies, sex at all times and in all kinds of places, sex in abrupt shocking four letter words ભરપૂર છે. મીલરનું પોતાનું જીવન sex life થી ભરપૂર હતું. સુરેશ દલાલે કહ્યું છે, સ્ત્રીઓના મહાસાગરમાં એ નૌકાની પેઠે મહાલતો. એક પછી એક, પાંચ પત્નીઓ કરી. પણ તે ઉપરાંત, ન્યુઝવીકમાં. કહ્યું છે, તેમના જીવનમાં સંખ્યાબંધ રખાતો અને વેશ્યાઓ myriads of mistresses and whores ને સ્થાન હતું. મીલરે પોતે કહ્યું છે :

I wrote about sex because it has such a big part of my life. Sex was always the dominant thing. My every day life was full of this objectionable or questionable material.

છતાં, કેટલાક ધુરંધર સાહિત્યકારોએ મીલરને મહાન સર્જક તરીકે નવાજ્યા છે. તેમના મૃત્યુથી સાહિત્ય જગતને વસમી અને ઊંડી ખોટ પડી છે, એમ કહ્યું છે.

જીવનનું અને સાહિત્ય સર્જનનું મીલરનું ધ્યેય શું હતું? મીલર માનતા કે જીવનનું એક જ લક્ષ્ય હોવું ઘટે અને તે જિંદગી જીવવાનું, સારી રીતે જીવવાનું, જીવવાથી વિશેષ કોઈ ઉત્તમ કલા નથી. જીવવું એ જ એમને માટે ઉત્સવ હતો.

સાહિત્ય સર્જનનો હેતુ વાસ્તવિક જીવનનું નિરૂપણ કરવાનો છે. જીવન છે તેવું તેના યથાર્થ સ્વરૂપમાં સ્વીકારવું જ રહ્યું. માણસમાં જે અધમ છે તેનો પણ પૂર્ણપણે આનંદથી સ્વીકાર કરવો. કામવૃત્તિનું નાટક એ તો માનવ આત્માની અંદર સતત રચાતા જતા મહાનાટકનો એક અંશ માત્ર છે.

આવા પ્રકારના સાહિત્યને અને તેના સર્જકને નિર્ભયતાની મૂર્તિ, પ્રતિષ્ઠાભંજક, સત્ય શોધક તરીકે બિરદાવવામાં આવે છે. મીલરે કહ્યું છે તેમની નવલકથાઓ આત્મમુક્તિ માટે છે; તેમાં પોતાની જાતને પામવાનો અને પોતાને જ પ્રકટ કરવાનો ઈરાદો છે અને તે જ તેમનો ધર્મ છે. તેઓ પોતાની રીતે ધાર્મિક થવા ઈચ્છે છે. મીલરે જે કહ્યું છે, મારા પુસ્તકો જાતીય જીવન માટે નથી પણ સ્વમુક્તિ માટે છે.

સુરેશ દલાલે કહ્યું છે, મીલર વાસનાના વાલ્મીકિ હતા. એનો અર્થ હું એમ સમજું છું કે વાલ્મીકિએ નિર્મળ દામ્પત્ય અને સુભગ કૌટુમ્બિક જીવનનું રામાયણ રચ્યું, મીલરે વાસનાનું રામાયણ રચ્યું.

કૃષ્ણવીર દીક્ષિતે મીલર વિષે કહ્યું. સમયની ક્ષિતિજને અતિક્રમી શકેલો મહાન સર્જક.

'ન્યુઝવીક'ના લેખકે કહ્યું, Vagabond of literature, Miller will always be disreputable and glorious.

Disreputable હોય તો Glorious શા માટે?

Glorious હોય તો Disreputable શા માટે?

કેટલાક લોકો એમ માને છે કે આવા લેખકો સમાજનો અને આપણા જીવનનો દંભ ઉઘાડો પાડે છે. માટે મહાન છે, આપણા જીવનમાં અને સમાજ જીવનમાં કેટલેક દરજ્જે દંભ છે તે હકીકત છે. પણ દંભ ઉઘાડો પાડતા, સંયમને સ્વચ્છંદમાં પલટાવવો અને મુક્તિને નામે દુરાચાર પોષવો એમાં સર્જકતા છે? નિર્ભયતા છે? સત્યની શોધ છે? દંભ ઉઘાડો પાડ્યા પછી પણ, જીવનનાં સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી, જીવનને ઉદાત્ત અને નૈતિક ભાવનાઓથી પોષવી એ સાચી સર્જકતાની નિશાની છે. વાસ્તવિકતાને નામે જીવનમાં માત્ર ઉકરડો જ છે એમ માની બેસવું અને તેનું જ નિરૂપણ કરવું એમાં શું સર્જકતા આવે છે? જીવનમાં વાસનાઓ છે, આસક્ત-

વૃત્તઓ છે, તે સાથે સદ્‌વૃત્તિઓ છે અને અંતે સદ્‌વૃત્તિઓનો વિજય થાય તેમાં જ જીવનની ધન્યતા છે એવું મંગલમય દર્શન જેને નથી તેને મહાન સર્જક કેમ ગણવો?

લેખક મોટે ભાગે પોતાના જીવનનું પ્રતિબિમ્બ પોતાના લખાણોમાં પાડે છે. જેનું જીવન સ્વચ્છંદ ભરપૂર હોય તેવા લેખક પાસેથી, જીવનને સાચા રાહ પર લઈ જતા માર્ગદર્શન કે જીવન દર્શનની અપેક્ષા કયાંથી રખાય? ભાષા ઉપર પ્રભુત્વ હોય તો ખોટી વસ્તુને લલચામણી રીતે રજુ કરી, વાચકને અવળે માર્ગે દોરી જાય.

સ્ત્રી-પુરુષ સંબંધ, સેકસ કે કામવાસના વિષે આવું ખાસ બને છે. મનુષ્યમાં કામવાસના છે તે હકીકત છે. તે અતિ પ્રબળ છે, તેનો અસ્વીકાર કરવાનો પ્રશ્ન જ નથી. પણ તે સાથે એ પણ સત્ય છે કે કામવાસનાને છુટો દોર આપવાથી જીવન નષ્ટ થાય છે. મીલરે કહ્યું, જીવન જીવવું એ જ જીવનનું લક્ષ્ય છે. બરાબર, પણ કેવા પ્રકારનું જીવન તે જ પ્રશ્ન છે. મહાન લેખકોએ સ્ત્રી પુરુષના આકર્ષણનો, પ્રેમનો અસ્વીકાર નથી કર્યો. પણ તેને જીવનનું સર્વસ્વ નથી માન્યું. કાલીદાસે શાકુન્તલમાં કે ટોલ્સ્ટોયે એના કરેનીનામાં પ્રેમનો સ્વીકાર કરતા છતાં, તેને સર્વસ્વ માની લઈએ તો, છેવટ તેનો દંડ ભરવો પડે છે તે બતાવ્યું છે. શાકુન્તલ વિષે રવીન્દ્રનાથે લખ્યું છે:

"જે પ્રેમને કોઈ બંધન નથી. કોઈ નિયમ નથી, જે એકદમ નરનારી ઉપર આક્રમણ કરી, સંયમ દુર્ગના તૂટેલા બુરજ ઉપર પોતાની વિજય પતાકા ફરકાવે છે, તેની શકિતનો કાલીદાસે સ્વીકાર કર્યો છે; પરંતું તેની આગળ તેઓ પ્રણિપાત કરતા નથી... આ શકિતને ચરણે જ તેઓ પોતાના કાવ્યનો સઘળો રાજકર ધરી દેતા નથી. જે અંધ પ્રેમ-સંભોગ માણસને પોતાના કર્તવ્યને વિષે પ્રમત્ત બનાવે છે, તે ભર્તાના શાપથી ખંડિત થાય છે, ઋષિના શાપથી અંતરાય પામે છે."

મહાન સર્જકો, જીવનની વાસનામય વાસ્તવિકતાનો સ્વીકાર કરતાં છતાં, જીવનના અંતિમ મંગલમય ધ્યેયને ક્ષતિ પહોંચવા દેતા નથી.

સાહિત્ય કેવા પ્રકારનું અને કેટલું વાંચવું તે પ્રશ્ન છે. જે કાંઈ વાંચીએ તેની થોડીઘણી અસર મન ઉપર થયા વિના રહેતી નથી. વિવેકપૂર્વક પસંદગી કરવી રહી. શ્રેષ્ઠ લેખકોની કૃતિઓ જ બનતા સુધી વાંચવી. વાંચવાનું પણ વ્યસન થઈ જાય છે. ઢગલાબંધ પુસ્તકો બહાર પડે છે. તેમાં વિવેક જાળવવો અથવા પસંદગી કરવી સહેલું નથી. મનોરંજન માટે કે સમય ગાળવા હળવું વાંચન કરીએ તે જુદી વાત છે. તેમાં પણ વિવેક જાળવવો રહ્યો. કેટલાક લોકોને ઉપરછલા, ઉપદેશાત્મક કે આધ્યાત્મિક દેખાય તેવા લખાણો વાંચવા ગમે છે. તેથી કાંઈ નુકસાન નથી થતું કદાચ મન પ્રસન્ન થાય. પણ જેમાં ઊંડાણ ન હોય, જીવનની સમસ્યાઓની તલસ્પર્શી મિમાંસા ન હોય તેવા લખાણોમાંથી ચિરકાળનું માર્ગદર્શન નથી મળતું. જે લખાણો, નવલકથાઓ અથવા વાર્તામાં કાંઈ અંશે માનવતાનું દર્શન હોય અને માનવીય મૂલ્યોનું સમર્થન હોય તે પણ સામાન્ય માણસ માટે આવકારદાયક છે. થોડું વાંચવું પણ તે વિષે ચિંતન અને મનન કરવું વધારે હિતકારી છે. કેટલાક મહાન ગ્રન્થો કાયમ પાસે રાખી મૂકવા. જ્યારે સમય મળે ત્યારે ફરી ફરીને વાંચવા.

બહુ નમ્રતાથી કહું તો, હેનરી મીલરના પુસ્તકો મેં નથી વાંચ્યા તેથી કાંઈ ગુમાવ્યું હોય તેવી મને લાગતું નથી. કદાચ વાંચીને તેના પ્રવાહમાં તણાઈ ગયો હોત તો મન કલુષિત થાત તેમ લાગે છે. હવે તો મારા વિચારો ચોક્કસ દઢપણે બંધાઈ ગયા છે. ગમે તે વાંચું તેનું મૂલ્યાંકન મેં સ્વીકારેલા મૂલ્યોથી કરું છું. મીલરને વાંચું તો પણ તેની ક્ષતિઓ જોઈ શકું એમ માનું છું. પણ એવું બધું વાંચીને શા માટે સમય ગુમાવવો? સિવાય કે એક અભ્યાસી તરીકે વિવેચન કરવું હોય, એવી મને કોઈ ઈચ્છા નથી.

શ્રેષ્ઠ લેખકો, જેને જીવનનું સમગ્રતાથી દર્શન છે તે સિવાયના મોટાભાગના લેખકોને પોતાના મનના વમળો, સંઘર્ષો, સમસ્યાઓ અને મુંઝવણો હોય છે. રોક અથવા બીજી રીતે તેમના લખાણોમાં તે પ્રતિબિંબિત થાય છે. તે બધું આપણા મનમાં ભરવાની શું જરૂર છે? તેનો નીરક્ષિર વિવેક કરતાં વાર લાગે, અથવા ભૂલ થાય એવો સંભવ છે. એટલો સમય પણ કયાં છે?

૨૨-૬-૮૦ **ચીમનલાલ ચકુભાઈ**

વેદવાક્ય

અદારसૃद् भवतु देव ।

(અથર્વવેદ ૧/૨૦/૧)

'હે દેવ! અંદર - અંદરની ફાટફૂટ દૂર કરવાનું કાર્ય થતું રહે.'

દાર = ફૂટ (દ = ફાટવું ધાતુ)
દાર–સત્ = ફૂટનો પ્રયત્ન, ફાટફૂટનું કાર્ય
અદાર–સૃત્ = ફાટફૂટ દૂર કરવાનું કાર્ય
અદાર સૃત્ ભવતુ = ફાટફૂટ દૂર કરવાનું કાર્ય થતું રહે.

આપણી કમનસીબી છે કે, આપણે કયારે ય વેદની પાસે જતા નથી. વેદ કેટલા સરળ છે તે ઉપરનું સૂકત વાંચતાં સહેજમાં સમજાય તેવી વાત છે. આ સૂકત વ્યવહારમાં જેટલું ઉપયોગી છે તેટલું જ આધ્યાત્મિક પ્રવૃતિ માટે પણ ઉપયોગી છે.

જીવનના દરેક ક્ષેત્રને માટેની મહત્ત્વની વાત અહીં કેટલા ઓછા શબ્દમાં કહી દેવામાં આવી છે. ભારતનો ઈતિહાસ જેણે વાંચ્યો છે ઓનાથી આ ફાટફૂટનું પરિણામ અજાણ્યું નથી. મહારાજાઓએ પોતાનાં રાજ્ય ગુમાવ્યાં છે. આ કુસંપને પરિણામે દેહમાં પણ ફાટફૂટ પડી શકે. કોઈ ઈન્દ્રિય કામ કરવાની ના પાડે તો? અને એટલે તો આપણે કહીએ છીએ કે, 'ઘરફૂટે ઘર જાય.' આપણા ઘરમાં પણ ત્યાં સુધી જ સુખ સમૃદ્ધિના નિવાસ રહે છે. જ્યાં સુધી આપણે હળીમળીને ચાલીએ એકબીજાનાં દુ:ખ દૂર કરીએ.

પણ જ્યારે અંદર અંદર હરીફાઈ કરી રોક બીજાને ઉતારી પાડવાની પ્રવૃતિ કરીએ છીએ; ત્યારે અશાંતિ, ક્લેશ અને પડતી સિવાય કાંઈ બચતું નથી.

માનવી જ્યાં સુધી એક બીજાને માટે પુરક બની રહે છે ત્યાં સુધી જ એનો વિકાસ થાય છે. અહીં દેહ હોય, કુટુંબ હોય, સંસ્થા હોય, રાજકીય પક્ષ હોય કે દેશ હોય પરિણામ એક જ આવે છે. આપણે જ્યારે જ્યારે સ્વતંત્રતા ગુમાવી છે ત્યારે ત્યારે આપણે કુસંપમાં ખદબદતા હતા અને એનું પરિણામ આપણે વર્ષો અને સૈકાઓ સુધી ભોગવ્યું જ છે.

રાગ - પરિહારસૂત્રમાં આજ વાત સહેજ જુદી રીતે મૂકી છે.

न वि तं कुणइ अमित्तो, सुट्ठु वि य विराहिओ समत्थोवि ।
जं दो वि अनिग्गहिया, करंति रागीय दोसो य ।।

'અંકુશમાં નહિ રાખવામાં આવેલા રાગ અને દ્વેષ જેટલું નુકસાન કરે છે; તેટલું અત્યંત તિરસ્કારને પામેલો બળવાન શત્રુ પણ નથી કરતો.'

રાગ અને દ્વેષ ને પરિણામે જ ફાટફૂટનો જન્મ થાય છે.

આપણે વેદવાકયને સત્યનું સ્વરૂપ કહીએ છીએ; કારણ કે એની વાણીમાં સનાતન સત્ય રહેલું છે, પછી ભલે એ સૂકત હજારો વર્ષ પહેલાં લખાયું હોય. આજે પણ એ એટલું જ સાચું છે ને જરૂરી છે સૌના વિકાસ માટે.

સુધીર દેસાઇ

સંઘની પેટ્રન મેમ્બરની યોજનાને આવકાર અને સ્વીકાર

ગતાંકમાં પેટ્રન મેમ્બરોના બાર નામો પ્રગટ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ નીચેના પાંચ નામો મળ્યા છે. પ્રેમાળ સહકાર માટે અમો તેમના આભારી છીએ.

(૧) શ્રી રજનીકાંત લક્ષ્મીચંદ વોરા
(૨) ,, ચીનુભાઈ છગનલાલ શાહ
(૩) ,, ડુંગરસી આર. ગાલા (નવનીત પ્રકાશન)
(૪) ,, એન. કે. કાપડિયા
(૫) ,, દેવચંદ રવજી ગાલા

સંઘના સભ્યો તેમ જ આજીવન સભ્યોને પોસ્ટ દ્વારા અલગ પરિપત્ર મોકલ્યો છે. તે મળ્યે સૌ પોતાના નામો મોકલી આપે અને મિત્રોમાંથી નામો મેળવી આપી અમારા સૌ સભ્યોના લક્ષ્યાંકને પહોંચીવળવામાં પ્રેમાળ સહકાર આપે એવી વિનંતિ.

શ્રી એન. કે. કાપડિયા તેમજ શ્રી દેવચંદ રવજી ગાલાનો સંપર્ક સાધ્યા વિના તેઓએ સીધા પોસ્ટ દ્વારા રકમો મોકલી આપી છે. આવા પ્રેમાળ સહકાર માટે ધન્યવાદ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

❋ નાનકડો ખારવો અને હાલરડાં[૧] ❋

હાલરડાં કોને ન ગમે? એનો રસાસ્વાદ કરીએ ત્યારે એની રચના જેટલી સહેલી લાગે છે તેટલું એ સહેલું કાર્ય નથી. ટોલસ્ટોયે કહ્યું છે તેમ "મહાનવલો અને મહાકાવ્યો ઘસડી કાઢવા સહેલાં છે, એકાદ પરિકથા, એકાદ હાલરડું આપવું સહેલું નથી." એનું જેટલું આકર્ષણ છે, એટલું જ એ મુશ્કેલ કાર્ય છે.

વ્યક્તિગત જીવનઘડતરનું અને એ દ્વારા સંસ્કૃતિના ઘડતરનું કાર્ય હાલરડું કરે છે. મરતકવિ હરગોવિંદ પ્રેમશંકરના હાલરડાં કવિશ્રી ઉમાશંકર જોષી લખે છે તેમ "સામંતશાહી સંસ્કૃતિવાળા સૌરાષ્ટ્રની આખીયે મૂર્તિ સુરેખ ઉપસાવે છે." દુશ્મન પ્રત્યેની અદાવત અને એ વેર લીધાથી જ બાપની આંતરડી ઠરે એવી માન્યતા મોરનાં ઈંડા ચીતરવા ન પડે એ ન્યાયે સિંહના વારસદારો સિંહ જેવા જ થાય એ સંસ્કાર ગળથૂથીમાં આપે એવા હાલરડાં છે. આજના વર્તમાનયુગના સંદર્ભમાં, એ સ્વીકાર્ય છે કે નહિ એ અલગ બાબત છે. પરંતુ ગમે તેવા બિહામણા સ્વરૂપ સામે ધીર, વીર, ગંભીર થવાની વાતો પણ આપણને આ હાલરડાંમાંથી મળે છે.

આ હાલરડાંની ભાષા આપણાં ગામને ગોંદરે બોલાતી ભાષા છે. તળપદી, ઘરગથ્થુ ભાષા અને સીધા મર્મસ્પર્શી વર્ણનો આપણને જાણે પારણાની દોરીએ ગૂંથે છે. વહાલસોયા દીકરાને હીંચકે ઝુલાવતી સુવડાવી દેવા મથતી, મોનો જીવ રસોઈ ગરમ કરવામાં કેવો પરોવાઈ રહે છે તેનું તાદશ્ય વર્ણન આપી કવિશ્રીરો આપણા ગૃહસંસારનું મધુરું શબ્દચિત્ર ખડું કર્યું છે. થાકયા-પાકયા કામેથી પાછા વળેલાં પતિની સંભાળ લેવા બાળકને સુવડાવી દેવા મથતી માનું શબ્દચિત્ર આપણને જકડી રાખે છે, જેમ કે.–

વાળુ વેળા તારા બાપુને થઈ
સૂઈ જા વીર! એને પીરસું જઈ
* * *
હાથ, પગ, મુખ આ ધોઈ કરી
તારા બાપુ ભાઈ! ઊભા જરી.
દૂરથી આવ્યા મજલું કરી
પીરસી વાળું આવું વળી.
કર ના ખોટી, થાકયા પાકયા એ
લાંબે દિ'એ આજ આવ્યા એ
હાલાં–વાલાં સૂઈ જાને વીર
તને જોતાં ટાઢો છે ઉર હીર.

આવું આવું તો કેટલું ય છે! શાર્દુલની ગગનભેદી ગર્જનાથી જાણે આખું વન ઘરમાં ન પ્રવેશતું હોય એવી કલ્પના લડાવી કવિએ તો હદ કરી છે. પીઠ પર પ્રીતમને લઈ આવતા ઘોડલાં અને એટલે ઘીની નાળ્યુંના અધિકારી અને સૌ સગાંથી વિશેષ એવા શબ્દચિત્ર વચ્ચે હળવા હાથે હીંચકા ખાતો નાનો તરવરિયો બાળ–ખારવો આપણી નજર સમક્ષ ખડો થાય છે.

છેલ્લું હાલરડું અને નાનકો ખારવો એકબીજાના પૂરક જેવાં લાગે છે. ખારવાને સાહસિક સ્વભાવના સંસ્કાર હાલરડામાં જ કેવાં મળે છે તે જુઓ:

નાનુડો ખારવો મોટો વીર
બાપની જેવી એને હૈયે ધીર.

આ બધું તાદશ્ય 'સાંભળીને' નાનકો ખારવો તૈયાર થાય છે ત્યાં જ દરિયાના ગાંડાતૂર તોફાનમાં એનો બાપ જળસમાધિ લે છે, તો ય ખારવણ તો હૈયે હિમત રાખી, મન મક્કમ કરી, એના એકના એક લાડકાને એ જ રસ્તે જવા હસતે ચહેરે વિદાય આપે છે તે આ રીતે:

તારો બાપુ પણ એવો હતો
વસમી વાટે તો માથું મૂકતો
એણે કર્યો છે જળમાં વાસ
ઉછળ્યું'તું તોફાન આપી ત્રાસ.

છતાં ય કેવી શ્રદ્ધા? દીકરાને વળાવતાં પણ એના મુખમાંથી સાહજિક રીતે શબ્દો સરી પડે છે:

એનો તું દીકરો, મારા બાપ!
યમની રખ્યા તને આપોઆપ.
વળાવી માત ટંડેલની ફરે
નાનકો ખારવો વહાણે ચડે.

આવું જ એક શબ્દચિત્ર સ્વ. ધૂમકેતુએ એમની એક વાર્તા "અવિરામ યુદ્ધ"માં દોર્યું છે. લેખક શિક્ષિત છે અને રોજ દરિયાકાંઠે સવાર-સાંજ ફરવા જતાં હોવાથી ટંડેલની જળસમાધિના સાક્ષી છે. ત્યારબાદ નાનકા ખારવાની વહાણે ચડવાની વાતના સાક્ષી થતાં, સલામતિ પહેલાં (સેફ્ટી ફર્સ્ટ) ના ન્યાયવાળું' એમનું મન 'નાનકા' ખારવાને રોકવા પ્રયાસ કરે છે, ત્યારે ખારવો ખુમારીથી કહે છે: "અમે દરિયાના દીકરા, દરિયો અમારો બાપ." એમ કહી હસતે મોંએ વિદાય લે છે, ત્યારે વાર્તા પૂરી કરતાં ધૂમકેતુ એક વિચારકણિકા મૂકે છે: "શું ગ્રામભરેલું જીવન અને રણમેદાન જ નિર્ભયતા આપતા હશે અને એમાંથી જ ચારિત્ર ઘડાતું હશે?"

વ્યક્તિના જીવનઘડતરના સંદર્ભમાં હાલરડાંની વાત વિચારી છે ત્યારે કવિદાદાના જીવનની ખુમારી દર્શાવતા બે એક પ્રસંગો રજૂ કરવાનો લોભ જતો કરી શકતો નથી. કહે છે કે વ્યવહાર બહુ કપરો છે!

મા ના પાડે છે એટલે ચાર ગુજરાતી પછી આગળ ભણવું નથી એવું કવિશ્રી મુખ્ય શિક્ષકને કહે છે, ત્યારે શિક્ષકે એમની પરિસ્થિતિ સમજી લઈ કહ્યું, "તારી માને કહેજે કે તને અંગ્રેજી નિશાળમાં દાખલ કરેલ છે."

છોકરાંએ ઘેર જઈ કમોદ ઓઘાવતી માને આ વાત કરી અને માએ સંમતિ આપી, પણ બીજે દિવસે શાળાએ જઈ ફી મુખ્ય શિક્ષકને આપી, ત્યારે મુખ્યશિક્ષકે કહ્યું: "હોંશિયાર તથા ગરીબ છોકરાંને માફી કરવાનો અધિકાર તેમને છે." તેના પ્રત્યુત્તરમાં કવિશ્રીના માતુશ્રીએ કહ્યું, 'છોકરાંને મોટા થયા પછી એમ ન થવું જોઈએ કે અમે નિરાધાર રાંડી-રાંડના છોકરા હતા, માટે માફીથી ભણ્યા. મારે દેવી છે એ ફી લઈ લ્યો."

માતાની આ ખુમારી એમણે જીવનમાં સાંગોપાંગ ઉતારી છે. ગમે તેવી મહાન વ્યકિતને પોતાને જે યોગ્ય લાગ્યું તે કહેતાં અને તે મુજબ અમલ કરાવતા. લાઠી નરેશ કવિશ્રી કલાપી સાથે માથેરાન ગયા ત્યારે બુલબુલ વેચનારા પાસેથી ખરીદી પીંજરે રાખ્યા. કવિ-દાદાએ કલાપીને ઉગ્રપણે કહ્યું, "તમારે લાઠીમાં બુલબુલ રહે એવું કરવું હોય તો એવો સરસ બાગ, એવું વાતાવરણ ઊભું કરો," અને કલાપીએ બીજે દિવસે પંખીઓને છોડયાં ત્યારે જ જંપ્યા. ત્યાં સુધી સહભોજનથી માંડીને બધી જ બાબતોનો બહિષ્કાર કર્યો. અત્રે એ નોંધવું જોઈએ કે કવિદાદાને કલાપીનો રાજ્યાશ્રય હતો.

આવી જ રીતે સ્વરાજ્ય મળ્યા બાદ સ્વ. શ્રી બળવંતભાઈ મહેતાએ માર્ગદર્શન આપવા જણાવ્યું ત્યારે કવિશ્રીએ કહ્યું, "મેં સાંભળ્યું છે કે તમે ભાવનગરમાં દીવાન થયા ત્યારે કેળવણી ખાતા મારફત શાળાઓમાં એવી સૂચના આપવામાં આવેલી કે કોઈ વિદ્યાર્થીને નાપાસ ન કરવો, એ ખરી વાત?"

બળવંતભાઈએ કહ્યું, "એવો હુકમ નો'તો. સંભવ છે કે સ્વરાજ્ય મળ્યું તેના આનંદમાં એમ કરવા સૂચન કરાયું હોય."

કવિએ આ બાબતનો જે પ્રત્યુત્તર આપ્યો તે નોંધવા જેવો છે. તેમણે કહ્યું "હું સૂચન જ કહું છું, પણ એવી સૂચના યે દેવાય? હવે આપણે સ્વતંત્ર થયા એટલે પ્રજાને વધુ સારી રીતે તૈયાર કરવા માટે કેળવણીનું ધોરણ સુધારવું પડશે. સ્વરાજ્ય મળ્યા પહેલાં આપણે લડવૈયા હતા. હવે આપણે દેશનો વહીવટ સંભાળવો છે. પીઠ થયા વગર નહિ ચાલે; ને એ કામ ભાષણખોરીથી નહિ થાય."

કવિના સર્જનમાં વ્યકત થતી ખુમારી એમના જીવનનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. એથી વિશેષ શું કહેવાનું હોય?

જન્નાલાલ રસિકલાલ શાહ

૧. રુબાઈયાત અને બીજા કાવ્યો: હરગોવિંદ પ્રેમશંકર, સંપાદક: નાથાલાલ દવે, ભાવનગર.

ફુગાવા સામેની લડત નબળી પડી છે

ભારત ફરી વાર કારમા ફુગાવાની પકડમાં સપડાયું છે. છેલ્લા વર્ષમાં ભાવો લગભગ ૨૦ ટકા જેટલા વધ્યા છે. જો કે આ આંકડાથી લોકોને ભાવવધારાથી ભોગવવી પડતી હાડમારી છતી થતી નથી. ખાંડ અને કેરોસીન માટે લાગતી કતારો પ્રજાની જે અસહ્ય મુશ્કેલી વ્યકત કરે છે તે આંકડામાં વ્યકત થતી નથી. ખાંડના ભાવ એક તબક્કે કિલોના સાત રૂપિયા અને મગફળીનું તેલ તો અગિયાર રૂપિયે કિલો પર પહોંચેલ. કેટલાંક શાકભાજી પણ મધ્યમવર્ગ માટે મિષ્ટાન્ન જેવા મોંઘાં થઈ ગયાં છે.

છેલ્લા એક વર્ષમાં ખાંડ અને ગોળના ભાવમાં ૮૨ ટકા, ખાવાના તેલના ભાવોમાં ૨૯ ટકા અને ખનિજ તેલના ભાવોમાં ૨૦ ટકા જેટલો વધારો થયો છે. એટલું જ નહીં, અનાજનો મબલખ જથ્થો સરકાર પાસે હોવા છતાં અનાજના ભાવો ૧૬ ટકા વધ્યા. કઠોળના ભાવો પણ ૧૩ ટકા જેટલા વધ્યા છે. તાજેતરમાં સરકાર દ્વારા વધારાયેલા પેટ્રોલ અને તેની પેદાશોના ભાવવધારાની સામાન્ય ભાવસપાટી પર વ્યાપક અસર પડશે. ચીજ-વસ્તુઓની હેરફેર મોંઘી બનવાથી આ પગલું ભાવવધારો વધુ અસહ્ય કરશે.

કમનસીબે, હમણાં રજૂ થયેલા ૧૯૮૦-૮૧ના અંદાજપત્રમાં પણ ફુગાવાને ડામવાની દિશામાં કોઈ નક્કર પગલાં લેવાયાં નથી. એ ખરું કે સામાન્ય માણસના વપરાશની ચીજવસ્તુઓ પર નવા કર લાદવામાં નથી આવ્યા. કેટલીક ચીજવસ્તુઓ જેવી કે સાબુ, ટૂથપેસ્ટ, સાયકલ, નિયંત્રિત ભાવનું કાપડ, જીવનરક્ષક દવાઓ પરની આબકારી જકાત નાબૂદ કરાઈ છે અથવા તો ઘટાડાઈ છે, પણ ફુગાવા વિષે પહેલાં જેવી જ નીતિ રહી છે.

અંદાજપત્ર વેળાના ભાષણમાં નાણાંપ્રધાને કહ્યું હતું કે અર્થતંત્રમાં ફુગાવાનાં પરિબળો મોજુદ છે અને અંદાજપત્રનો મુખ્ય ઉદ્દેશ ભાવોની સ્થિરતા આણવાનો છે. ભાવવધારા માટે ખાધપૂરક નાણાંનીતિ જ જવાબદાર છે. અંદાજપત્રની ખાધ અર્થતંત્રની ક્ષમતાની મર્યાદામાં મર્યાદિત કરવી પડશે. આ વાત પણ સ્પષ્ટ ઉચ્ચારાઈ. આમ છતાં ૧૯૮૦-૮૧ના વર્ષમાં રૂપિયા ૧૪૧૭ કરોડની રાક્ષસી ખાધ વણપૂરી રખાઈ છે. આમ છેલ્લાં ત્રણ વર્ષથી અંદાજપત્રની ભારે ખાધના બોજા નીચે અર્થતંત્ર કચડાઈ રહ્યું છે. ૧૯૭૮-૭૯માં રૂપિયા ૧,૫૦૦ કરોડની ખાધ અને ૧૯૭૯-૮૦માં તો ત્રીસ વર્ષમાં સૌથી મોટી એવી રૂપિયા ૨,૭૦૦ કરોડની ખાધ હતી. આ ખાધને લીધે નાણાંના પુરવઠામાં ઉત્પાદનની સરખામણીમાં ઘણો મોટો વધારો થાય છે. નાણાંના પુરવઠાનો આવો વધારો ભાવોની સ્થિરતાને માટે મોટા જોખમરૂપ છે.

૧૯૭૯-૮૦ દરમિયાન ભાવો ૧૭ ટકા જેટલા વધ્યા. આઝાદી પછીનાં ૩૨ વર્ષમાં, આ પહેલાં, ત્રણ વર્ષોમાં જ ભાવવધારો ૧૭ ટકાથી વધુ થયેલો. ૧૯૭૯-૮૦નો ભાવવધારો આઝાદી પછીનો સૌથી મોટો ચોથો વાર્ષિક ભાવવધારો હતો. આ વર્ષ દરમિયાન કોલસા, પોલાદ, સિમેન્ટ અને પેટ્રોલના અંકુશિત ભાવો પણ વધારાયા હતા. સામાન્ય ભાવવધારાને કારણે આ પગલું લેવું પડેલ. તો આ જ ભાવવધારાને લીધે અનેક ચીજવસ્તુઓના ભાવો પાછા વધ્યા. આમ આ વિષચક્ર ચાલુ રહે છે.

ફુગાવાના સંદર્ભમાં ૧૯૭૯-૮૦ના વર્ષને ૧૯૭૪-૭૫ સાથે સરખાવી શકાય. ૧૯૭૪માં સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના ૯ જેટલા હપ્તા ચૂકવવા પડેલા. એટલે કે લગભગ દર મહિને મોંઘવારી ભથ્થું વધતું જ રહેલું. છેલ્લા નવ મહિનામાં પણ સરકારે મોંઘવારી ભથ્થાના ત્રણ હપ્તા મંજૂર કર્યા છે. એક વધુ હપ્તો મે માસની પહેલી તારીખથી મંજૂર કરવો પડશે.

ભાવો કેમ વધે છે? અર્થતંત્રના સાદા નિયમ પ્રમાણે કોઈ પણ ચીજવસ્તુની માંગ તેના પુરવઠા કરતાં વધે એટલે તે વસ્તુના ભાવ વધે. આ જ નિયમ સામાન્ય ભાવસપાટીને પણ લાગુ પડે છે. અર્થતંત્રમાં ચીજવસ્તુઓના પુરવઠા કરતાં તેની માંગ જો વધુ હોય તો ભાવો વધવાના. આ સંજોગોમાં લોકોની સંઘશાખોરી પણ વધવાની. પરિણામે ભાવો વધુ વધતા રહે છે. ટૂંકા ગાળામાં પુરવઠો વધારવાનું કામ એટલું સરળ નથી. એટલે ચીજવસ્તુઓની માંગ મર્યાદિત કરવાનાં પગલાં લેવાં જોઈએ. ખરી રાષ્ટ્રીય આવકનો આંક ચીજવસ્તુઓના પુરવઠાની સ્થિતિ દર્શાવે છે અને નાણાંના પુરવઠાનો આંક તેની માંગ દર્શાવે છે. લાંબા ગાળામાં તો ઉત્પાદન વધારીને પણ પુરવઠો વધારી શકાય. ટૂંકા ગાળા કરતાં, લાંબા ગાળામાં નાણાંના પુરવઠા, ખરી રાષ્ટ્રીય આવક અને ભાવવધારા વચ્ચેનો સંબંધ વધુ ગાઢ જોવા મળે છે.

૧૯૭૯-૮૦માં પૂરાં થતાં છ વર્ષ દરમિયાન નાણાંનો પુરવઠો વાર્ષિક ૧૪ ટકાના દરે વધ્યો. જ્યારે ખરી રાષ્ટ્રીય આવક માત્ર ૪ ટકાના દરે વધી. નાણાંના પુરવઠા અને રાષ્ટ્રીય આવક વચ્ચેનો આ તફાવત ગાળો સંપૂર્ણપણે ભાવવધારામાં પ્રતિબિંબિત થતો નથી. પણ આ ગાળા દરમિયાન ૮ ટકાના વાર્ષિક દરે જે ભાવવધારો થયો તેના મૂળમાં આ અસમતુલા જ ગણી શકાય.

પણ જો છેલ્લા ત્રણ દાયકાની વાત કરીએ તો આ પ્રક્રિયા સરળ રીતે સમજી શકાય. ૧૯૭૯-૮૦'માં પૂરાં થતાં ત્રીસ વર્ષ દરમિયાન નાણાંનો પુરવઠો એટલે કે ચીજ-વસ્તુઓની માંગ ૯ ટકાના વાર્ષિક દરે વધી. જ્યારે ખરી રાષ્ટ્રીય આવક એટલે કે ચીજ-વસ્તુઓનો પુરવઠો કેવળ સાડા ત્રણ ટકાના વાર્ષિક દરે વધ્યો. આમ ચીજવસ્તુઓની માંગનો વાર્ષિક દર તેના પુરવઠાના વાર્ષિક દર કરતાં સાડા પાંચ ટકા જેટલો વધારે હતો. આ અસમતુલાને કારણે જ ભાવો આ સમય દરમિયાન દર વર્ષે સરેરાશ સાડા પાંચ ટકા જેટલા વધ્યા અને આર્થિક વિકાસનાં સારાં પરિણામો ધોવાઈ ગયાં.

મેં હમણાં જ કહ્યું તેમ નાણાંનો પુરવઠો વધારવામાં અંદાજપત્રની ખાધ મુખ્ય ભાગ ભજવે છે. આથી જ અંદાજપત્ર પહેલાં નાણાં ખાતા તરફથી સંસદ સમક્ષ પેશ થતાં "ઈકોનોમિક સર્વે"માં ખાધપૂરક પદ્ધતિ વિશે ચેતવણી આપવામાં આવી હતી. સર્વેએ કહ્યું: "૧૯૭૯-'૮૦માં અંદાજપત્રની ખાધને કારણે જ નાણાંનો પુરવઠો વધ્યો. આથી ૧૯૮૦-'૮૧ના અંદાજપત્રમાં ખાધ પર નિયંત્રણ રાખવામાં આવે તો જ નાણાંનો પુરવઠો કાબૂમાં રહે." આ ચેતવણીની ગંભીરતા સમજવા આપણે છેલ્લાં બે વર્ષ પર નજર નાંખીએ. ૧૯૭૭-'૭૮માં રાષ્ટ્રીય આવક આઠ ટકા વધી પણ નાણાંનો પુરવઠો ૧૯ ટકા વધ્યો. ૧૯૭૯-૮૦માં રાષ્ટ્રીય આવક ત્રણ ટકા ઘટી. આમ છતાં નાણાંના પુરવઠામાં દસ ટકા જેટલો વધારો થયો. આજે આપણે જે ફુગાવામાં સપડાયા છીએ તેની પાછળ આ બીન-જવાબદારી છે એમ "ઈકોનોમિક સર્વે"નું કહેવું છે.

મોટી યોજનાના નામે પણ અંદાજપત્રની ખાધ ભાવ-વધારા પ્રેરક છે. મોં ભરાઈ જાય એટલી મોટી યોજના જાહેર કરવી અને પછી ભાવવધારો એ યોજના ધોઈ નાખે આવું છેલ્લાં વીસ વર્ષની બનતું આવે છે. આથી સરકારી "ઈકોનોમીક સર્વે"એ આ મુજબ સલાહ આપી હતી. મોટી યોજનાને ફુગાવો આડેધડ છિન્ન-ભિન્ન કરી નાખે એ કરતાં યોજનાના વાસ્તવિક લક્ષ્યાંકો રાખવામાં વધુ ડહાપણ છે. પણ કમનસીબે આ સલાહને આયોજનપંચે અને નાણાંપ્રધાને અવગણી છે. નાણાંપ્રધાને એમના અંદાજપત્ર-પ્રવચનમાં કહ્યું: ફુગાવાથી પીડિત અર્થતંત્રમાં ૨૭૦૦ કરોડ જેટલી અંદાજપત્રની ખાધ શ્રી ચરણસિંહના અંદાજપત્રે રાખી એ હકીકત આજના ભાવવધારા પાછળનું એક અગત્યનું કારણ છે. પણ શ્રી વેંકટરામને શું કર્યું? તેમણે પણ અંદાજપત્રમાં ૧૪૦૦ કરોડની જંગી ખાધ રાખી ફુગાવાનાં બળોને છૂટો દોર આપ્યો છે. શ્રી વેંકટરામનનું અંદાજપત્ર એકંદર શાણપણ ભર્યું છે. પણ આ ખાધ એમણે પોતે અને "ઈકોનોમિક સર્વે"એ આપેલી ચેતવણીની અવગણના કરે છે. આમ ફુગાવા સામેની લડાઈ નબળી પડી છે.

ફુગાવા સામેની લડત એ આખરે તો રાષ્ટ્રીય સાદગીની લડત છે. જો સરકાર પોતે રાષ્ટ્રીય આવકનો ત્રીજો ભાગ ખર્ચતી હોય તો આ દિશામાં શરૂઆત પણ સરકારે જ કરવી જોઈએ. આ માટે છ પગલાં તરત લેવાં જોઈએ.

૧. એક રાષ્ટ્રીય સાદગીનો કાર્યક્રમ શરૂ કરવો જોઈએ. રાષ્ટ્રપતિ, કેન્દ્રના પ્રધાનો, ગવર્નરો, રાજ્યોના પ્રધાનો, ઉદ્યોગપતિઓ, વ્યવસાયીઓ, ધનિક ખેડૂતો અને શહેરી કામદારોએ આની શરૂઆત કરવી જોઈએ.

૨. સરકારે એના ખર્ચામાં દસ ટકાનો એવી રીતે કાપ મૂકવો જોઈએ કે નાણાંકીય ખર્ચઘટાડા સાથે સિમેન્ટ, કાગળ,

પોલાદ, કાપડ જેવી વસ્તુઓના સરકારી વપરાશમાં દસ ટકા ચાલુ નાણાંકીય વર્ષમાં ઘટે.

૩. સરકાર ગજા બહારનો ખર્ચ ન કરે તે માટે એમ નક્કી કરવું જોઈએ કે ખરા ઉત્પાદનના વાર્ષિકવધારા કરતાં નાણાં-પુરવઠાનો સરેરાશ વાર્ષિકવધારો ત્રણ ટકા કરતાં વધુ ન હોવો જોઈએ. જરૂર જણાય તો આ જોગવાઈ બંધારણમાં દાખલ કરવી જેથી લોકોને માનવસર્જિત ફુગાવાનો માર સહન કરવો ન પડે.

૪. મૂડીની અછતવાળા અર્થતંત્રમાં વ્યાજનો દર એવી રીતે ઠરાવવો જોઈએ કે જેથી મૂડીનો દુરુપયોગ ન થાય. નાણાંકીય અસ્કયામતો આકર્ષક બનવી જોઈએ. આથી બેન્કમાં લોકોની અનામતો પરનો વ્યાજનો દર ફુગાવાના દર કરતાં બે ટકા ઊંચો હોવો જોઈએ અને બેન્કના ધિરાણનો દર ફુગાવાના દર કરતાં ૫ ટકા વધુ હોવો જોઈએ. દર વર્ષે આગલા વર્ષનો ફુગાવાનો દર લક્ષમાં લઈ વ્યાજના આ દરમાં સુધારાવધારા કરવા જોઈએ.

૫. પંચવર્ષીય યોજનાઓમાં અનાજ, તેલીબિયાં, કઠોળ અને દૂધ જેવી જીવનની પાયાની જરૂરિયાતો માટે એવા સ્પષ્ટ લક્ષ્યાંકો નક્કી કરવા જેથી એના માથાદીઠ વપરાશમાં વર્ષે ઓછામાં ઓછો બે ટકાનો વધારો થાય.

૬. અનાજ, કઠોળ, તેલ, ગોળ, ખાંડ, ચા અને નોટબુકો જેવી પાયાની જીવનજરૂરિયાતની વસ્તુઓ કામદારો અને નોકરિયાતોને જાન્યુઆરી, ૧૯૮૦ના ભાવે આવતાં ત્રણ વર્ષ સુધી કંપનીઓ પૂરી પાડે અને એમને આ અંગે ખોટ આવે તો કંપનીઓને કરવેરાની રાહત મળે એવી જોગવાઈ કરવી જોઈએ. આવી વ્યવસ્થા કર્યા પછી આવતાં ત્રણ વર્ષ સુધી હડતાળો અને તાળાબંધી પર પ્રતિબંધ મુકાવો જોઈએ.

આ છ પગલાંમાં કશું ક્રાન્તિકારી નથી. પશ્ચિમના સમૃદ્ધ દેશોમાં પણ સાદગીની ચળવળ શરૂ થઈ છે અને સરકારી ખર્ચમાં સારો એવો કાપ મૂકાઈ રહ્યો છે. આપણે ત્યાં તો આની પહેલ થવી જોઈએ કેમ કે આપણે ગાંધીજીની સાદગી વિષે વાત કરતાં થાકતાં જ નથી.

વાડીલાલ ડગલી

(આકારવાણીના સૌજન્યથી)

ચહેરા પાછળ છુપાયેલો ચહેરો

કવિતા જ્યારે કવિના મનમંદિરનું પગથીયું ઉતરીને કાગળ ઉપર આવે છે ત્યારે કવિતા ત્યાંજ ખતમ થાય છે. કાવ્ય કાગળ ઉપર જીવતું નથી કાવ્ય જ્યાં સુધી કવિના મનની ગુફાઓમાં ગૂંચ-વાતી હોય છે ત્યારે જ ખરા ધબકારા સાથે જીવે છે. એ ગુફામાં ગુંથાતી હોય ત્યારે તેનો આકાર સ્પષ્ટ હોતો નથી. મનમાંથી પ્રગટ થતાં પહેલાં કવિતા, આશા અને ઉમંગોથી ભરેલી હોય છે. કવિતાને જ્યાં ઘાટઘુટ આપીને પૂરી કરવામાં આવે છે. ત્યારે ખરેખર જ પૂરી થાય છે. ખતમ થઈ જાય છે. કવિતા જ્યાં સુધી અક્ષરોમાં લખાતી નથી ત્યાં સુધી જ શ્રેષ્ઠ કવિતા રહી શકે છે.

એટલે જ કવિને સતત લખવાની યંત્રણામાંથી પસાર થવું પડે છે. એનો પૂર્ણવિરામ આવતો જ નથી. સર્જનમાં હંમેશા કંઈક અપૂર્ણતા લાગ્યા જ કરે છે. કંઈક હજી કરવાનું બાકી છે. કશું સિદ્ધ કરવાનું રહી ગયું છે તેમ લાગ્યા કરે છે. એવા ઘણા મનોભાવ છે જે શબ્દોના પીંજરમાં પુરાવા માગતા નથી. જાણે અમુક લાગણીઓને વ્યકત કરવા માટે શબ્દોનું અસ્તિત્વ જ નથી તેમ લાગ્યા કરે છે.

લેખકનું સુખ એ કડવા સ્વાદવાળું સુખ છે. કારણ કે સર્જન પુરું થયા પછી એની છાયામાં કયાંક નિરાશા છુપાયેલી દેખાય છે. મારી દષ્ટિએ કોઈ પણ કાર્ય પુરું કર્યા પછી ભયની લાગણી થાય જ છે. મને પોતાને આવો ડર બહુ સતાવ્યા કરે છે એટલે જ હું ઘણી વખત વાચાળ બની જાઉં છું અને સર્જનને અધુરું રાખીને તે સર્જન પ્રક્રિયાના પરમઆનંદને કે કાવ્યાનંદને લંબાવ્યા કરું છું. કાવ્યના બાંધારણીય માળખાને પૂર્ણ કરવાની વાતથી હું છેટે રહું છું. મને એકમેકથી અલગ લાગે તેવા કાવ્યો લખવા ગમતાં નથી. હું નવલ-કથાના પ્રકરણોની માફક કાવ્યો લખાય તેમાં માનું છું. એક કાવ્યને બીજા કાવ્ય સાથે સંબંધ હોય, એવી નવલકથા મુકત કવિતા હોય જેમાંના વધારાના હપ્તામાં વાર્તાના હીરોને મારી નાંખીને તેના અંગોનું મનફાવે તેમ પૃથ:કરણ કરી શકાય એ નવલકથાના હપ્તા એવા હોય કે જેમાં વાચકની કોઈ માગણી ન હોય કે તંત્રીઓના વાંધા વચકા ન હોય કોઈ વાચકે કવિની છૂટક છૂટક કવિતા વાંચીને કવિને સમજવા કરતાં તે કવિના કાવ્ય સંગ્રહો વાંચીને જ તેને સમજવો જોઈએ. એ દષ્ટિએ હું કવિતાને સાહિત્યકારોના વિવેચનથી અભડાવા ઈચ્છતો નથી. પણ તેનો અર્થ એમ નથી કે કવિઓ નિરસ કાવ્યોનું સર્જન કરે.

વાચકો પોતાને ગમે તે કવિતા ઉપર જરૂર આફરીન થઈને તેના ઉપર નિશાની કરી શકે છે પણ તે સાથે એક પછીએક કવિતા તેણે હૃદયથી વાંચવી જોઈએ. જાણે તે સમુદ્ર કે પર્વત ખેડવાનું સાહસ કરતો હોય તે રીતે તેણે એક કવિતાથી બીજી કવિતા વાંચવી જોઈએ.

હું જે કવિતા સંગ્રહ પ્રગટ કરું છું તેમાં ભૌગોલીક અગર તો માનસ શાસ્ત્રીય પરિસ્થિતિનું ચિત્રાણ હોય છે છતાં તેમાં હીરો માત્ર એક જ હોય છે. અને તે હીરો છે કવિ પરંતુ જો વાચક એમ માની લે કે કવિ તરીકે હું–યુજીન યેવતુશેન્કો જ હીરો છે તો તે ભૂલ કરે છે. અલબત મારા કાવ્યોનાં હું હીરો છું જ પરંતુ હું માત્ર મારી જાત પૂરતો જ બની રહું તે પુરતું નથી જો તમારે ખરેખર તમારો સ્વત્વને ખીલવવું હોય તો તમારામાં અનેક જણ સમાયેલા હોવા જોઈએ. તમારે દર્પણમાં જોવું જોઈએ. દર્પણમાં જોશો તો લાગશે કે તમે માત્ર એક વ્યકિત નથી પણ અનેક વ્યકિતના બનેલા છો ત્યાં તમને તમારા ઘણા ચહેરા દેખાશે. આવા અનેક ચહેરા વગર ખરેખરા તમે તમને પામી નહી શકો. મારું પણ હું આવું જ માનું છું. મારી અંદર એક માછીમારનો ચહેરો પણ છુપાયેલો છે; મારામાં એક જાપાનીય કલાકારનો ચહેરો સમાયેલો છે. પેબ્લો નેરૂદાપણ મારામાં છે. હાથમાં ફાનસ પકડીને ઉભેલી કોઈ બાળાનો ચહેરો પણ મારા ચહેરામાં અંકીત છે. આ બધા વિવિધ હીરલાઓ મારા પુસ્તકમાં અનેકરૂપે હોય છે છતાં પણ તે એક રૂપે છે માત્ર સમય અનુસાર તેઓ ચહેરા બદલે છે છતાં તે એક જ છે.

માનવી આ જગતમાં સાવ એકલો અટુલો છે તેમ આપણે કહીએ છીએ પણ તે એકલતા મર્યાદિત છે કારણ કે માનવી પોતે આંતરીક એકલતાની જોખમકારક ઓશ ભાગવી શકે નહિ. જો કે હું બહારથી લદાયેલા સમુહવાદને ધિક્કારું છું. સમુહમાં તો માનવના ચહેરાને સાવ ભૂંસી નંખાય છે. આપણા બધાના ચહેરા એકમેકને કેટલા મળતા આવે છે અને એક ચહેરો બીજાના ચહેરાથી કેટલો ભિન્ન અંગ જેવો છે. માત્ર મહોરાં જ એક બીજાને ધિક્કારતા હોય છે. આપણા ચહેરા એકબીજાને ધિક્કારી શકે નહિ. પરંતુ આપણા ચહેરા, મહોરાઓથી ઢંકાયેલા છે. એટલે જ મેં મારા આ કાવ્ય સંગ્રહનું નામ "ચહેરા પાછળનો ચહેરો" એમ રાખ્યું છે.

માનવ જાત એ અન્યોન્ય આશ્રયથી જોડાયેલું એક જીવંત ઘટક છે, એક જ શરીર છે, એક જ આત્મા છે. પણ જો એક શરીરના નાના નાના ટુકડા કરવામાં આવે તો તે જીવતું રહી શકે ખરૂં? કોઈપણ શરીર આવું જાનવર જેવું કૃત્ય સહન કરી શકે ખરૂ? આમ છતાં માનવજાત આવા ત્રાસને સહન કરે છે. માનવ જાતના ટુકડે ટુકડા થઈ જાય છે છતાં કોઈને કોઈ અગમ્ય કારણને લઈ તેનું અસ્તિત્વ ટકી રહ્યું છે.

એક ભાષાના સાહિત્યનો બીજી ભાષામાં અનુવાદ થાય છે તેના થકી જગતના વિવિધ ટુકડાઓને જોડીને એક માત્ર શરીર રચવાનું મહાન કાર્ય થાય છે. આ અનુવાદની પ્રક્રિયાને હું બ્લડ ટ્રાન્સફયુઝન કહું છું. જો આમ ન થાય તો માનવ જાત જીવી શકે નહિ. અહીં હું થોમસ વુલ્ફનું એક વાકય ટાંકીશ. "યુ કાન્ટ ગો હોમ અગેઈન" નામના પુસ્તકના ૪૭મા પ્રકરણમાં આ વાકય છે:– "દુષ્ટ યૌવન આપણે સૌ સરખી રીતે ધીક્કારીએ છીએ. પણ દુષ્ટને દૂર કરવા માટે તેના પ્રત્યે માં મચકોડવાથી કે નિસાસા નાંખવાથી કે તેના પરત્વે મોં ફેરવી લેવાથી નહિ ચાલે. આમ કરવું ડહાપણ ભર્યું નથી. કારણ કે જ્યારે આપણે દુષ્ટ કે અનિષ્ટ સામે પ્રતિકાર કરવાને બદલે પીછેહઠ કરીને સરેરાશ માનવીની લાચારીને સ્વીકારી લઈશું તો દુષ્ટ અને અનિષ્ટ વધુ બહાદુર બનીને આપણી મજાક ઉડાવશે. જો આપણે એમ જ માન્યા કરીશું કે એક અનિષ્ટ કાપશું તો નવું અનિષ્ટ ઉભું થશે જ તો પછી એ માન્યતા દ્વારા જ આપણે કાયમ માટે આપણા વચ્ચે દુષ્ટોને ઉભા કર્યા કરીશું."

મૂળ લેખક: યુજીત યેવતુશેન્કો અનુ. : ક્રાન્તિ ભટ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક-વૃત્તાંત ૧૯૭૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તેની ગૌરવયુક્ત કારકીર્દિનું એક વધારે વર્ષ પુરું કર્યું છે અને બાવનમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અમને એ જણાવતા આનંદ થાય છે કે સંઘના આજીવન સભ્યોની સંખ્યા આજ સુધીમાં ૧૨૫૦ સુધી, સામાન્ય સભ્યોની સંખ્યા ૨૮૨ સુધી અને પ્રબુદ્ધજીવનના ગ્રાહકોની સંખ્યા ૯૩૨ સુધી પહોંચી છે.

હવે, અમો આપની સમક્ષ ગત વર્ષનો, એટલે કે ૧૯૭૯ના વર્ષનો વૃત્તાંત રજુ કરીએ છીએ.

આ વૃત્તાંત, વહીવટી દૃષ્ટિએ તા. ૧-૧-૭૯ થી ૩૧-૧૨-'૭૯ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૧૬-૬-૭૯ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો, એટલે તા. ૧૪-૬-૮૦ સુધીનો છે.

"પ્રબુદ્ધ જીવન"

"પ્રબુદ્ધ જીવન" આજે પ્રથમ હરોળના વૈચારિકપત્રોમાં આગવું સ્થાન ધરાવે છે તેનું કારણ તેના વિદ્વાન તંત્રી શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના ચિન્તનાત્મક લખાણો છે. ભારતના આગેવાન બૌધિકોની તે પ્રશંસા પામી શક્યું છે અને તેણે એક આગવું સ્થાન પ્રાપ્ત કરીને સંઘની પ્રતિભાને ઉજ્જવળ બનાવી છે.

"પ્રબુદ્ધ જીવન"ની આર્થિક બાજુ

વર્ષ દરમિયાન "પ્રબુદ્ધ જીવન"ને રૂા. ૩૫૩૮૬-૨૫ની આવક થઈ (જેમાં પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી ભેટ તરીકે મળેલા રૂા. ૫૦૦૦ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટ તરીકે મળેલા રૂા. ૨૫૦૦નો સમાવેશ થાય છે.) અને રૂા. ૪૧૩૦૬-૩૮નો ખર્ચ થયો. પરિણામે વર્ષાન્તે રૂા. ૫૯૨૦-૧૩ની ખોટ આવી છે.

આપણા આ પ્રકાશનને, પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ તરફથી દર વર્ષે રૂા. ૫૦૦૦ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી દર વર્ષે રૂા. ૨૫૦૦ ભેટના મળે છે, તે માટે આપણે તેમના ખૂબ-જ આભારી છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલય

પુસ્તકાલયમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૧૧૨૬૨ના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૪૫૮૦૬-૪૧નો ખર્ચ થયો છે અને આવક રૂા. ૨૩૪૦૯-૯૪ની થઈ છે. (જેમાં મ્યુનીસીપાલીટીની રૂા. ૧,૦૦૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે વર્ષાન્તે રૂા. ૨૨૩૯૬-૪૭ ની ખોટ ઊભી રહે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન, વાચનાલય પુસ્તકાલયને રૂા.૧૦૦૦૦ની ગ્રાન્ટ આપે છે તે માટે અમો તેમના આભારી છીએ. એ વાત જણાવતા અતિ હર્ષ થાય છે કે આગામી વર્ષ માટે મ્યુનીસીપલ કોર્પોરેશને રૂા. ૧૦૦૦૦ને બદલે રૂા. ૨૦૦૦૦ની ગ્રાન્ટ મંજુર કરી છે અને તેનો યશ આપણી કાર્યવાહક સમિતિના સભ્ય અને ઘાટકોપર વિભાગના કોર્પોરેટર શ્રીયુત હરિલાલ ગુલાબચંદ શાહને ફાળે જાય છે. આને માટે આપણે તેમના આભારી છીએ.

પુસ્તકાલયનું ફંડ રૂા. ૫૭૮૯૪નું છે. હાલ, પુસ્તકાલય પાસે ૧૨૦૦૦ પુસ્તકો છે. પુસ્તકો વાંચવા માટે ઘેર લઈ જનાર પાસેથી રૂા. ૧૫, ડિપોઝીટ અને વાર્ષિક લવાજમના રૂા. ૧૦ તેમજ છ માસિક લવાજમના રૂા. ૫ લેવામાં આવે છે.

આ વાચનાલયમાં એકંદર ૧૦૫ સામયિકો આવે છે. તેમાં ૬ દૈનિક, ૩૨ સાપ્તાહિક, ૧૪ પાક્ષિક, ૪૪ માસિક, અને ૯ વાર્ષિક આવે છે. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ૭૨ ગુજરાતી, ૧૩૪ હિન્દી* અને ૨૦ અંગ્રેજી સામયિકો આવે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૯-૮-૭૯ થી તા. ૨૭-૮-૭૯ સુધી-એમ નવ દિવસ માટે ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવી હતી. જગ્યાની વિશાળતાને કારણે ઘણા જ વધારે શ્રોતાઓ તેનો લાભ લઈ શક્યા હતા. આ સ્થળ બદલવાના કારણે ખર્ચમાં સારો એવો વધારો થયો છે, પરંતુ આ સ્થળમાં શ્રોતાઓ માટે વધારે સુવિધા રહે છે.

આ વખતની વ્યાખ્યાનમાળાના ખર્ચ પેટે મે. એશિયન પેઈન્ટસ (ઈન્ડિયા લી.) વતી તેના ડીરેક્ટરો શ્રી ચંપકલાલ ચોકસી, શ્રી સૂર્યકાન્ત દાણી, શ્રી ચીમનલાલ ચોકસી અને શ્રીમતી વીણાબહેન વકીલ તરફથી રૂા. ૧૧,૦૦૧ની રકમ ભેટ મળી હતી, તે માટે અમો તેમના ઋણી તેમ જ આભારી છીએ. વ્યાખ્યાનમાળાનો એકંદર ખર્ચ રૂા. ૧૬,૧૪૮-૯૮ નો થયો હતો.

આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન દર વખતની માફક, ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું અને તેમણે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચેના વક્તાઓને નિમંત્રવામાં આવ્યા હતા. તેમના વ્યાખ્યાન-વિષયો તેમના નામોની સામે નીચે આપવામાં આવ્યા છે.

વ્યાખ્યાતા	વ્યાખ્યાનનો વિષય
ડૉ. રમણલાલ ચી. શાહ	નવકારમંત્ર
પ્રો. ચન્દ્રકાંત બક્ષી	ઈતિહાસ : મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ
ડૉ. નેમિચંદ્ર જૈન	જૈનધર્મ : કિતના વૈજ્ઞાનિક, કિતના વ્યાવહારિક
ડૉ. કુમારપાળ દેસાઈ	મોતની મીઠાશ
પ્રો. રજનીબહેન ધ્રુવ	સમાજ અને ધર્મ
આ. જયેન્દ્રભાઈ ત્રિવેદી	ક્રોધ અને કરુણા
ડૉ. મૃદુલાબહેન મારફતિયા	ગીતા અને આપણું જીવન
શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)	ટોલ્સ્ટોય : કલાકાર અને શ્રેયસાધક
શ્રીમતી દામિનીબહેન જરીવાલા	શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનું જીવનદર્શન
આચાર્યશ્રી યશવંત શુક્લ	સાહિત્યનો સમાજસંદર્ભ
ડૉ. મધુસૂદન પારેખ	જીવનનો મર્મ
શ્રી આગરચંદજી નહાટા	તિર્થંકરકી સાક્ષાત ઉપાસના
શ્રી દેવેન્દ્રવિજયજી	ભક્તિસંગીત
ફાધર વાલેસ	ધર્મ : ભગવાનની દૃષ્ટિએ
પ્રા. પુરુષોત્તમ માવળંકર	હેરોલ્ડ લાસ્કી-અનોખા લોકશિક્ષક
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	ચાર પુરુષાર્થો
શ્રી પુરુષોત્તમદાસ ઝાલોટા	ભક્તિ-સંગીત
ડૉ. રમણલાલ ચી. શાહ	આલોચણા
શ્રી પીનાકીન શાહ તથા બી. કમલેશકુમારી	ભક્તિ-ગીતો

વસન્ત વ્યાખ્યાનમાળા

છેલ્લા બાર વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ "વસન્ત વ્યાખ્યાનમાળા" ફ્લોરા ફાઉન્ટન પાસે આવેલા "તાતા ઓડિટોરિયમ"માં આપણા સંઘના પ્રમુખ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની તા. ૭-૮-૯-૧૦, સોમ, મંગળ, બુધ, ગુરુ, એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી, જેમાં "રાષ્ટ્રીય પરિસ્થિતિ" (નેશનલ સિન) એ વિષય ઉપર નીચેના વક્તાઓના ચાર વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા.

વક્તા	વિષય
પ્રો. રજની કોઠારી	રાજકીય
ડૉ. ડી. ટી. લાકડાવાળા	આર્થિક
પ્રો. પી. એમ. કામટ	આંતરરાષ્ટ્રીય
શ્રી રાજમોહન ગાંધી	સામાજિક અને નૈતિક

વૈદ્યકીય સહાય

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ બહેનોને કશા ભેદભાવ વગર, દવાઓ અને ઈન્જેક્શનો આપવામાં આવે છે. જૈન ક્લિનિકવાળા ડૉ. સાંઘાણી સાહેબને આ કામ સોંપવામાં આવ્યું છે. આ કામમાં સહકાર આપવા માટે અમો તેમના આભારી છીએ. આ પ્રવૃત્તિ અંગે ખર્ચાતી રકમનો પ્રેમળ જ્યોતિના એકંદર ખર્ચમાં સમાવેશ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને ખંભાત નિવાસી સ્વ. મહાસુખભાઈ શાહ પ્રેરિત-

"પ્રેમળ જ્યોતિ"

આ પ્રવૃત્તિ સંઘે તા. ૨૧-૧૦-૭૬ના રોજ શરૂ કરી. તેના કન્વીનર-તરીકે શ્રીમતી નીરુબહેન સુબોધભાઈ શાહ ખૂબ જ સારી રીતે કામ

ગીરી બજાવી રહ્યા છે અને તેમને સહકાર્યકર તરીકે શ્રીમતી કમલ-બહેન પીસપાટીનો તેમજ અન્ય બહેનોનો સારો સહકાર સાંપડી રહ્યો છે. એટલે દિવસાનુદિવસ આ પ્રવૃત્તિને લોકોનો પણ સારો એવો સહકાર સાંપડી રહ્યો છે.

આ પ્રવૃત્તિમાં થોડા પાસાઓ આપણે ઉમેર્યા છે. તેમાં ખાસ કરીને બાળકોને દત્તક લઈને તેમને વિદ્યાભ્યાસમાં મદદરૂપ બનીએ છીએ. વિવિધ સંસ્થાઓની મુલાકાતો લઈને તેમની તાત્કાલિક જરૂરિયાતોમાં પણ આપણે આપણી શક્તિ પ્રમાણેનું પ્રદાન કરીએ છીએ. આ પ્રવૃત્તિને લોકોનો સારો સહકાર સાંપડી રહ્યો છે.

આ ખાતામાં આગલે વર્ષે રૂા. ૩૧,૯૧૨-૧૨ની પુરાંત હતી. હોમિયોપથી સારવાર રીઝર્વ ફંડમાં જે રૂા. ૩,૬૦૦ની રકમ હતી તેનો ઉપયોગ થતો નહોતો એટલે તેનો હવાલો "પ્રેમળ જ્યોતિ" પ્રવૃત્તિમાં નાંખ્યો એટલે તેમાં એટલો વધારો થતા રૂા. ૩૫,૫૧૨-૧૨ થયા. વર્ષ દરમિયાન ભેટના રૂા. ૧૭,૮૨૪-૦૦ મળ્યા. એકંદર રકમ રૂા. ૫૩,૩૩૬-૧૨ની થઈ. તેમાંથી, આ પ્રવૃત્તિને માટે પ્રથમ ભેટ મળેલી તે રૂા. ૨૦,૦૦૦ રીઝર્વ ફંડમાં લઈ ગયા, એટલે રૂા. ૩૩,૩૩૬-૧૨-ની રકમ રહી. તેમાં આજસુધીના વ્યાજના રૂા. ૩,૬૦૦ ઉમેરતા તે રકમ રૂા. ૩૬૯૩૬-૧૨ની થઈ. તેમાંથી વર્ષ દરમિયાન થયેલ ખર્ચ રૂા. ૨૧,૨૪૩-૬૫ બાદ કરતા વર્ષની આખરે આ ખાતામાં રૂા. ૧૫,૬૯૨-૪૭ની પુરાંત રહી.

શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ

ઉપરોકત ટ્રસ્ટમાં આગલા વર્ષના રૂા. ૩૪,૧૦૫, જમા હતા. વર્ષ દરમિયાન રૂા. ૫૦૧ ભેટના આવ્યા અને પ્રથમથી આજ સુધીના વ્યાજના એકંદર રૂા. ૮,૩૭૦ જમા આવ્યા એટલે એકંદર રકમ રૂા. ૪૨,૯૭૬-૦૦ની થઈ, તેમાંથી ચાલુ વર્ષના ખર્ચના રૂા. ૪,૫૩૯-૭૨ બાદ જતાં વર્ષની આખરે આ ખાતામાં રૂા. ૩૮,૪૩૬-૨૮ની પુરાંત રહી.

(આ યોજનાના અનુસંધાનમાં "મહાવીર વાણી" નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. તેનો એકંદર ખર્ચ રૂા. ૬,૬૦૪-૭૨ થયો અને તેનાં વેચાણના રૂા. ૨,૦૬૫-૦૦ આજ સુધીમાં આવ્યા તે બાદ કરતાં ખર્ચ પેટે રૂા. ૪,૫૩૯-૭૨ રહ્યા તે ઉપર મૂળ રકમમાંથી બાદ કરેલા બતાવ્યા છે.)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રસ્તિ–

"વિદ્યાસત્ર" પ્રવૃત્તિ

ગયે વર્ષે આ ખાતામાં રૂા. ૯,૩૪૫-૮૫ જમા હતા. તેમાં વિદ્યાસત્ર વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૨૦,૪૧-૯૦ થયો તે બાદ કરતા વર્ષની આખરે આ ખાતામાં રૂા. ૭,૩૦૩-૯૫ બાકી રહે છે. તેમાં આજ સુધીના વ્યાજના રૂા. ૩,૪૨૫-૦૦ ઉમેરતા વર્ષની આખરે ૧૦,૭૨૮-૯૫ ની પુરાંત રહે છે. આ પ્રવૃત્તિ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહી છે.

વિદ્યાસત્રની ચોથા વર્ષની વ્યાખ્યાનમાળા જાન્યુઆરી માસની તા. ૭-૮-૯ તારીખોએ ધી ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી.

"જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય" એ વિષય ઉપર ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ત્રણ વ્યાખ્યાનો આપ્યા હતાં.

ત્રણે દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી. ત્રણે દિવસના વ્યાખ્યાનો ખૂબ જ રસપ્રદ નિવડ્યાં હતા.

જીવનઘડતર લક્ષી પ્રવૃત્તિ

શ્રી ચુનીલાલ ધરમશી આનંદપરા તથા તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૫,૦૦૦નું દાન મળેલું, તેના અનુસંધાનમાં "જીવન ઘડતર લક્ષી" પુસ્તકો અલગ એક કબાટમાં વસાવવામાં આવ્યા છે. તેનો લાભ લેવા જિજ્ઞાસુઓને વિનંતિ કરવામાં આવે છે. રૂા. ૫,૦૦૦માં વ્યાજના રૂા. ૨૪૩-૦૦ ઉમેરતા એકંદર રકમ રૂા. ૫,૨૪૩-૦૦ થઈ. તેમાંથી ખર્ચના રૂા. ૨,૨૬૮-૨૦ બાદ કરતાં રૂા. ૨,૯૭૪-૮૦ વર્ષની આખરી પુરાંત રહી.

વર્ષ દરમિયાન થયેલાં સંમેલનો

(૧) વકતા : કવિશ્રી નાથાલાલ દવે
વિષય : કાવ્યપઠન
તારીખ : ૨૪-૭-૭૯

(૨) વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય : સાંપ્રત રાજકીય પ્રવાહો
તારીખ : ૨૫-૭-૭૯

(૩) વકતાઓ : ડૉ. આલુ દસ્તુર, શ્રી હરીન્દ્ર દવે, અને શ્રી યશવંત દોશી
વિષય : આગામી ચૂંટણી અંગે પરિસંવાદ
તારીખ : ૧૬-૧૨-૭૯
સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર

(૪) વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય : વર્તમાન રાજકીય પરિસ્થિતિ
તારીખ : ૨૪-૧-૮૦

અભ્યાસ વર્તુળ

સંઘની આ પ્રવૃત્તિ પણ સારી રીતે ચાલી રહી છે. આ વર્તુળના કન્વીનર તરીકે શ્રી સુબોધભાઈ રોમ. શાહ સંચાલન કરી રહ્યા છે. આ માટે અમો તેમના આભારી છીએ.

ગત વર્ષના વાર્ષિક વૃત્તાંતમાં તા. ૨૬-૪-૭૯ સુધીના આયોજનોની માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ નીચે પ્રમાણે સભાઓ થઈ હતી.:

(૧) વકતા : શ્રીમતી કુમુદબહેન પટવા
વિષય : આપણા યુવાનોને થયું છે શું!
તારીખ : ૧૨-૭-૭૯

(૨) વકતા : શ્રી. એન. એન. શેવડે
વિશય : યોગ દ્વારા આરોગ્ય
તારીખ : ૧૪-૭-૭૯

(૩) વકતા : પ્રા. બકુલ રાવળ
વિષય : નવી નેતાગિરી અને આપણે
તારીખ : ૨૪-૯-૭૯

(૪) વકતા : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
વિષય : દેહાધ્યાસમાંથી મુકિત
તારીખ : ૯-૧૧-૭૯

(૫) વકતા : શ્રીમતી ઉષા શેઠ
વિષય : મૃત્યુ મરી ગયું
તારીખ : ૧૧-૧-૮૦

મોરબી રેલ રાહત ફંડ

મોરબીમાં મચ્છુ નદીનો બંધ તૂટવાને કારણે રેલ આવી અને મોટા પ્રમાણમાં જાનહાનિ તેમજ ખાનાખરાબી થઈ, તેના અનુસંધાનમાં સંઘ દ્વારા એક રેલ રાહત ફંડ શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં રૂા. ૩૮,૫૭૪ની રકમ પ્રાપ્ત થઈ હતી, જે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવી હતી.

વ્યાખ્યાનોની કેસેટો

સંઘ દ્વારા યોજાતા, પર્યુષણ વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનોની કેસેટો આપણે તૈયાર કરાવીએ છીએ. સભ્યો તે વ્યાખ્યાનો પોતાને ઘેર સાંભળી શકે તે માટે એ કેસેટો નજીવું ભાડું લઈને ઘેર આપવાની વ્યવસ્થા આ વર્ષે સંઘ દ્વારા કરવામાં આવી હતી.

શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નિયમ પ્રમાણે, આ સભાગૃહ વિવિધ સંસ્થાઓને નામના ભાડાથી આપવામાં આવે છે. આ કારણે ઘણી સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે છે. વિશેષ કરી બહેનોની સંસ્થાઓ આનો લાભ લ્યે છે. લગ્નબ્યુરો ચલાવતી સંસ્થા "સુમંગલે" આખું વર્ષ મોટા પ્રમાણમાં લાભ લીધો. એટલે નાની સંસ્થાઓ માટે આ સભાગૃહ આશિર્વાદરૂપ બની રહ્યું છે. વર્ષ દરમિયાન સભાગૃહ અંગેની આવક રૂા. ૩,૯૯૭ની થઈ હતી.

વિશેષ સમાચાર

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંદર્ભમાં ડૉ. રમણલાલ ચી. શાહના સન્માન માટેનું એક આયોજન તા. ૩૦-૯-૭૯ ના રોજ શ્રી ટોકરસી કે. શાહના નિવાસસ્થાને રાખવામાં આવ્યું હતું.

(૨) પ્રેમળ જ્યોતિના કાર્યકર બહેનોમાં જેઓ નીરૂબહેનની સાથે સમકક્ષ રીતે કાર્ય કરી રહ્યા છે તે શ્રી કમલબહેને પીસપાર્ટીને મહારાષ્ટ્ર સરકારે (S.E.M.)ની પદવી એનાયત કરી તેના અનુસંધાનમાં, પ્રેમળ જ્યોતિની કાર્યકર બહેનો તરફથી શ્રી કમલબહેન પીસપાટીનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં સંઘના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

(૩) આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ૭૯મા વર્ષમાં પ્રવેશ કર્યો તેના અનુસંધાનમાં તા. ૧૧-૩-૮૦ના રોજ થોડાક મિત્રો તરફથી તેમને અભિનન્દન આપવાને લગતો સિમિત આકારનો એક સમારંભ, ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યો હતો.

સંઘની કાર્યવાહી તેમજ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૮ સભાઓ બોલાવવામાં આવી હતી.

સંઘને ગત વર્ષમાં રૂા. ૬૪,૫૪૬-૬૯ની આવક થઈ હતી અને રૂા. ૫૩,૪૬૪-૬૩નો ખર્ચ થયો હતો. સરવાળે રૂા. ૧૧,૦૮૨-૦૬નો વધારો રહ્યો હતો.

સંઘના જનરલ ફંડમાં ગયા વર્ષે બાકી દેવા ખાતે રૂા. ૩,૦૯૯-૮૧ની રકમ ઉભી રહી હતી. તેમાં આ વર્ષે બધા ખાતાઓને અત્યાર સુધીના વ્યાજની ચોકંદર રકમ રૂા. ૧૫,૬૩૮-૦૦ ચૂકવ્યા અને પ્રબુદ્ધ જીવનની ખોટના રૂા. ૫,૯૨૦-૧૩ ઉમેર્યા એકંદર રકમ ૨૪,૬૫૭-૯૪ ની થઈ, તેમાંથી સંઘનો વધારો રૂા. ૧૧,૦૮૨-૦૬ બાદ કરતા વર્ષની આખરે રૂા. ૧૩,૧૭૫-૪૪ જનરલ ફંડ ખાતે બાકી દેવા ઉભા રહ્યા.

આપણું રીઝર્વ ફંડ ગયા વર્ષે રૂા. ૩૦૫૮૦૯-૮૯નું હતું, તેમાં આ વર્ષે આજીવન સભ્યોના લવાજમના રૂા. ૩,૧૬૨૬ તથા સુવર્ણ જયન્તી મહોત્સવના રૂા. ૨,૧૭,૩૭૪-૨૯ આ બન્ને રકમનો સરવાળો રૂા. ૨,૪૯,૦૦૦-૨૯ થાય તે; તેમાં ઉમેરતાં, આપણું રીઝર્વ ફંડ વર્ષની આખરે રૂા. ૫,૫૪,૮૧૦-૧૮નું રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨,૨૭૩-૨૫નું હતું. તે તેમજ રહે છે. આપણી પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિનો સારો વિકાસ થઈ રહ્યો છે અને તે વધારે વિકસે તે માટે અમારા પ્રયત્નો ચાલુ છે.

સંઘના કાર્યક્રમોને સારી પ્રસિદ્ધિ આપવા માટે ગુજરાતી દૈનિકો તેમજ "જૈન" પત્રોનો અમો આભાર માનીએ છીએ.

કાર્યવાહક સમિતિના સૌ સભ્યોનો અમને જે પ્રેમભર્યો સહકાર આપ્યો છે એ માટે અમો તેઓ સૌના ખૂબ જ આભારી છીએ. સૌનો સહકાર-પ્રેમ અમને કામ કરવાની પ્રેરણા અને જોમ આપશે અને અમારા ઉત્સાહમાં વધારો કરશે.

અંતમાં, આપણા સંઘની પ્રવૃત્તિઓ હજુ વધારે વેગ પકડે અને તેનો વધારે ને વધારે વિકાસ થતો રહે-એમ કરવાનું અમને બળ મળે એવી અમારી ઈશ્વરને પ્રાર્થના છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૪-૬-'૮૦ના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભા તા. ૧૬-૬-'૭૯ની મિનિટસ વાંચવામાં આવી હતી અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

ત્યારબાદ નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

સંઘનો વાર્ષિક વૃત્તાંત અને સંઘ તેમજ શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયના ૧૯૭૯ના વર્ષના ચોકિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા અને તેના પર ચર્ચાવિચારણા થયા બાદ તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

ત્યારબાદ ૧૯૮૦ના વર્ષ માટેનાં અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યા અને તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

ત્યારબાદ ચાલુ વર્ષ ૧૯૮૦ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીને લગતું કામ હાથ ધરવામાં આવ્યું.

ચૂંટણીનું પરિણામ

ગયા વર્ષે કાર્યવાહક સમિતિના ૨૫ સભ્યો હતા, તેમાંથી પાંચ અધિકારીઓની ચૂંટણીનું કામ હાથ ધરતા, ગયા વર્ષે જે અધિકારીઓ હતા તેમને જ ચાલુ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ, બાકીના ૨૦ સભ્યો ગયા વર્ષે હતા તેમના નામો વાંચવામાં આવ્યા અને નવા નામો સૂચવવાનું જણાવવામાં આવ્યું, તેથી બે નવા નવા નામો સૂચવાયા. હાજર સભ્યોને બેલેટ પેપરો આપવામાં આવ્યા અને એકંદર ૨૨ નામોમાંથી ૧૫ સભ્યોને ચૂંટવાનું કહેવામાં આવ્યું.

જેનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું. એટલે હવે ૧૯૮૦ના વર્ષ માટે કાર્યવાહક સમિતિ નીચેના સભ્યોની રહેશે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, – પ્રમુખ
શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી, – ઉપપ્રમુખ
શ્રી પ્રવિણચન્દ્ર કે. શાહ, – કોષાધ્યક્ષ
શ્રી ચીમનલાલ જે. શાહ, – મંત્રી
શ્રી કે. પી. શાહ, – મંત્રી
ડૉ. રમણલાલ ચી. શાહ, – સભ્ય
શ્રી સુબોધભાઈ એમ. શાહ, – ,,
શ્રી એ. જે. શાહ, – ,,
પ્રો. તારાબેન આર. શાહ, – ,,
શ્રીમતી નીરુબહેન એસ. શાહ, – ,,
શ્રી અમર જરીવાલા, – ,,
શ્રીમતી કમલબહેન પીસપાટી, – ,,
શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ, – ,,
શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી, – ,,
શ્રી ટોકરસી કે. શાહ, – ,,
શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, – ,,
શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, – ,,
શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ, – ,,
શ્રી દામજીભાઈ વેલજી શાહ, – ,,
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, – ,,

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૧૯૮૦ના વર્ષ માટેની ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા તા. ૨૦-૬-'૮૦ના રોજ સાંજના સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી ત્યારે, નિયમ પ્રમાણે પાંચ સભ્યોમાંથી હાલતુરત નીચેના ચાર સભ્યોની કાર્યવાહક સમિતિનાં સભ્યો તરીકે પૂરવણી કરવામાં આવી હતી. પાંચમા સભ્યની નિમણુંક હવે પછી કરવામાં આવશે.

(૧) શ્રી ધીરજલાલ કૂલચંદ શાહ
(૨) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
(૩) શ્રી વસનજી લખમશી શાહ
(૪) શ્રી પન્નાલાલ આર. શાહ

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય સમિતિ

તા. ૨૦-૬-૮૦ના રોજ મળેલી સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક

સમિતિની પ્રથમ સભાએ નીચે પ્રમાણે ચાર સભ્યોને લાયબ્રેરી સમિતિના સભ્યો તરીકે ચૂંટ્યા હતા.

(૧) શ્રી શાંતિલાલ દેવજી નન્દુ, – મંત્રી
(૨) શ્રી ગણપતભાઈ મ. ઝવેરી, – સભ્ય
(૩) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, – ,,
(૪) શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ, – ,,

ઉપરના ચાર સભ્યો ઉપરાંત નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ વાચનાલય-પુસ્તકાલય સમિતિના સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
(૪) ,, ચીમનલાલ જે. શાહ
(૫) ,, સુબોધભાઈ એમ. શાહ

આ રીતે વાચનાલય–પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે.

આ સમિતિના મંત્રી તરીકે શ્રી શાંતિલાલ દેવજી નંદુની નિમણૂંક કરવામાં આવી છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

જીવન જીવીએ : સ્વચ્છ અને સ્વસ્થ

માણસ નાનો હોય કે મોટો–તે ઉપરથી દેખાતો હોય છે તેવું તેનું આંતરીક જીવન નથી હોતું. તે હંમેશા પીઢતાના ભાર નીચે દબાઈને જીવન જીવતો હોય છે. ખરી રીતે માણસે બાળક જેવું જીવન જીવવું જોઈએ. નહિ રાગ-દ્વેષ, નહિ મારું-તારું, નહિ ખોટાં શરમ-સંકોચ, એવું નિર્દોષ જીવન. પરંતુ આજે તો ડોળ-દમામને દેખાવ ખૂબ જ વધ્યા છે. માણસ હોય એનાં કરતા વધારે સારો, વધારે મોટો દેખાવા હંમેશા પ્રયત્ન કરતો હોય છે. તેનો 'અહં' તેને વાસ્તવિકતાથી દૂર ધકેલતો હોય છે, અને હું પણ કંઈક છું એવું સમાજને તેમજ સ્નેહીઓને ઠસાવવાનો તેનો સતત પ્રયત્ન ચાલતો હોય છે, એટલે જીવનની વાસ્તવિકતાથી તે દૂર ને દૂર ધકેલાતો હોય છે.

દુ:ખમાં પણ તે આંસુ સારી નથી શકતો. આઘાતો પણ તેણે મૂંગે મોઢે જ જીરવવાના હોય છે. પોતાની અંતરની વાત કોઈને કહીને, નથી પોતાનું દિલ હળવું કરી શકતો અને નથી હોતી આઘાતો સહન કરવાની તેની ક્ષમતા. તે હંમેશા મુરઝાતો હોય છે અને મોઢે તમાચો મારીને ગાલ લાલ રાખવાનો પ્રયત્ન કરતો હોય છે. આવા કેટલાય મિત્રોના સાંભળેલા અને સાક્ષી થઈને જોયેલા હૃદયદ્રાવક પ્રસંગો તેમજ અંગત જીવનમાં પણ બનતા અને બનેલા પ્રસંગોને વાગોળતા વાગોળતા જે ચિત્રપટ નજર સમક્ષ ખડું થયું તેને કાલીઘેલી ભાષામાં કાવ્ય રૂપે રજૂ કરવાનો વિચાર સ્ફૂર્યો અને કાવ્યરચનાના કોઈ જ નિયમનો કંઈ જ ખ્યાલ નહિ હોવા છતાં તેને માટે બાલ-સુલભ પ્રયત્ન કર્યો. એ કારણે તે વાંચતા એમ લાગે કે આવી રચના તે કાવ્યની હોય? તો દરગુજર કરશો. આ તો ફક્ત ભાવ રજૂ કરવાનો જ પ્રયત્ન છે. માણસ સહન કરવાની ક્ષમતાથી વધારે પડતો ભાર મનમાં સમેસમીને વેંઢારતો હોય છે, એવે સમયે જો છાને ખૂણે પણ તે મુક્ત રીતે રડીને આંસુ દ્વારા અંદરનો ભાર–અંદરનું ઝેર-નીચોવી નાંખે તો તે હળવો ફૂલ જેવો બની જાય. આમ કરવાથી કદાચ હાર્ટના દર્દો ઓછા થાય. એટલે આ કાવ્યમાં જે કહ્યું છે કે "મને રડવા દો" તે **સમગ્ર માનવસમાજનો પ્રતિનિધિ** કહે છે. આ વાંચીને, તેનો ભાવ સમજ્યા પછી વાંચનાર જો થોડીક પણ હળવાશ અનુભવશે તો આ મહેનત સાર્થક નીવડશે. ચાલો આપણે વાંચવાનું શરૂ કરીએ:

મને પેટ ભરીને રડવા દો

ડૂમો ભર્યો છે વર્ષોનો
મને લાગે છે ભાર આદર્શોનો
પીઢતાનો આડંબર ત્યજવા દો
મને ધ્રુસકે ધ્રુસકે રડવા દો.
હું દુનિયાની દૃષ્ટિએ મોટો છું
પણ અંતર કહે છે, સાવ ખોટો છું
મારી ભીરુતાને પ્રગટ કરવા દો
મને પોક મુકીને રડવા દો.
હું અહંના ગરદુંથી દબાયો છું
સૌની વાહવાહમાં ફસાયો છું
આત્મશ્લાઘામાં હું સલવાયો છું
મને મુક્તિના–શિખર સર કરવા દો
મને બાવરો બનીને રડવા દો.
આ સંસારીઓ પણ કેવા છે!
જેની સાથે નહિ લેવા દેવા છે,
તેને ગિરિ–શિખરે ચઢાવે છે
અને ત્યાંથી સીધો ખીણમાં પાડે છે.
આવા નિમિત્તમાંથી મુકત બનવા દો
મને હિબકે હિબકે રડવા દો.

* * * *

શું તમે સ્વીકારી મારી વાત?
એથી મારી જાત બની સાક્ષાત!
આજે હળવું ફૂલ છે મારું મન
થયું સ્ફટીક સમ મુજ જીવન.
હવે હું આદર્શોમાં નહિ રાચું
કોઈનો નથાવ્યો હું નહિ નાચું
મારે નાના થઈને જીવવું છે
મુક્તિનું સોપાન સર કરવું છે.
હવે! જીવીશ નિર્મળ, ઝરણા જેવું જીવન
તેમજ વિભૂને નહિ વિસરું આજીવન
મને ગીરધરનું સંગીત ગાવા દો
ગાંગા મુક્તિના પંથે જવા દો.

શાંતિલાલ ટી. શેઠ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
"અભ્યાસ વર્તુળ"
આગામી કાર્યક્રમ

વકતા :– શ્રીમતી કમળાબહેન પટેલ.

વિષય :– મૂળ સોતાં ઉખડેલાં.

(ભારત–પાકિસ્તાનનું વિભાજન થયું તે સમયનો સામૂહિક સ્થળાંતર સમયનો પ્રજાનો વેદનાનો હૃદયભેદક ચિતાર.)

સમય :– શનીવાર, ૧૨–૭–'૮૦ સાંજે ૭–૩૦ વાગે.

સ્થળ :– પરમાનંદ કાપડિયા સભાગૃહ.

સૌને સમયસર ઉપસ્થિત થવાનું આમંત્રણ.
"કુમકુમ પ્રકાશન" દ્વારા સપ્ટે. ૧૯૭૯માં પ્રગટ થયેલું લેખિકાનું ઉપરોકત નામાભિધાનવાળું પુસ્તક જોઈ જવા રસજ્ઞોને વિનંતી.

લી.
સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ વર્તુળ

૩૦–૬–'૮૦

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૧, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટમ પીપલ પ્રેસ, લેટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ જુલાઈ, ૧૯૮૦ બુધવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ
સહતંત્રી : રમણલાલ ચી. શાહ

☆ યુવા પેઢી ☆

કોઈ પણ ક્રાન્તિ અને સામાજિક ઉન્નત્તિની સફળતાનો આધાર લોકોની ત્યાગ અને બલિદાનવૃત્તિ પર રહે છે. કોઈ ઉચ્ચ આદર્શ માટે અથવા ઉજ્જવળ ભાવિની આશાએ, વર્તમાનમાં લોકો હાડમારી, સંકટ અને કષ્ટ સહન કરવા તૈયાર થાય છે. એવે સમયે ઉત્સાહ અને આનંદ હોય છે અને સંકટોને હર્ષપૂર્વક આવકારે છે. સખ્ત પરિશ્રામ કરવો, સાદાઈનું જીવન જીવવું, પ્રમાણિક રહેવું જેને Spartan life કહે છે, એવો જીવનનો અભિગમ હોય છે, યુવાન સ્ત્રી પુરૂષોમાં આ વૃત્તિ વધારે હોય છે. કારણ, યુવકમાં શકિત છે. સાહસ છે, તેની દૃષ્ટિ ભૂતકાળ કરતાં ભવિષ્ય તરફ વધારે હોય છે. જે સમાજ કે પ્રજાના યુવક વર્ગમાં આવી ત્યાગવૃત્તિ રહી ન હોય. નિરાશા, સ્વાર્થ અને વિફળતા -Cynicism, selfishness and disillusionment થી . મન ઘેરાઈ ગયું હોય, તેવો સમાજ કે, પ્રજા અવનતિને પંથે છે એમ સમજવું. આવા લોકો . જો તેમની પાસે પૈસો હોય તો માત્ર મોજશોખમાં પડી જાય અથવા જીવનમાં કડવાશ ભરાઈ જાય, ભવિષ્ય અંધકારમય લાગે અને શ્રદ્ધા રહે નહિ, જીવન ધ્યેયહીન અને ભટકતું થઈ જાય.

રશિયામાં યુવક જીવન વિષે 'ન્યુઝ વિક'ના તા. ૭ જુલાઈના અંકમાં એક લેખ છે. તેનું મથાળું છે. A youthquake in રશિયામાં યુવક જીવનનો ધરતીકંપ, આ લેખ મનનીય છે. આવી દશા લગભગ દુનિયાભરના દેશોમાં છે. આપણા દેશમાં પણ છે. તેથી તે વિષે થોડું લખું છું.

રશિયાની ક્રાન્તિ થઈ - અને તે મહાન ક્રાન્તિ હતી - તેમાં લોકોએ અનહદ હાડમારીઓ અને યાતનાઓ ભોગવી, લાખો કરોડો લોકો ખુવાર થયા, ભયંકર દમન સહન કર્યા, પણ એક અતિ ઉજ્જવળ ભાવિની આશા હતી. એટલે તે બધું સહન કર્યું. સામ્યવાદ એક નવી માનવતાનું સર્જન કરશે, એક વર્ગવિહીન, સમાનતાના ધોરણ ઉપર રચાયેલ સમાજ રચાશે એવી શ્રદ્ધાના બળ ઉપર ત્યાગ અને બલિદાનનો યજ્ઞ આદર્યો.

સામ્યવાદ વિષે લખતા સિડની વેબે લખ્યું હતું કે, એક નવી સંસ્કૃતિનો ઉદય થાય છે, જેમાં માનવીનું ગૌરવ હશે, લોભ અને મિલકતના મોહને તિલાંજલી આપી હશે, અને શોષણહીન સમાજ હશે. સામ્યવાદનું આકર્ષણ તેના આદર્શમાં રહ્યું છે. યુવકોમાં અદમ્ય ઉત્સાહ હતો. એટલી હદ સુધી કે તેમના વડીલો સામ્યવાદ વિરોધી કાંઈ ટીકા પણ કરે તો તેમને ઉધાડા પાડતા ખચકાતા નહિ. લોભ અને પરિગ્રહમોહ છૂટી જાય એટલે આધ્યાત્મિક જીવન વિકસે, માર્કસે એમ કહ્યું કે, સામ્યવાદમાં માનવી એટલો નિઃસ્વાર્થ બનશે કે, તેને રાજ્ય દંડની-પોલીસ કે લશ્કર કે કોર્ટની જરૂર નહિ રહે. દરેક માનવી પરહિતનો વિચાર કરી વર્તશે અને રાજ્ય વિલીન થશે. State will wither away દરેક વ્યકિત વધુમાં સમાજને આપશે અને પોતાની જરૂરિયાત પૂરતું જ લેશે.. from each according to his ability, to each, according to his need. માર્કસે ધર્મનો વિરોધ કર્યો, પણ તે સંપ્રદાય Established Church નો માર્કસની કલ્પના પ્રમાણે સામ્યવાદમાં સાચી માનવતાની પ્રતિષ્ઠા થાય, આ ભવ્ય આદર્શ છે અને આ જ તેનું આકર્ષણ રહ્યું છે.

૧૯૨૩ માં લેનીનના અવસાન પછી સ્ટેલીન સત્તા પર આવ્યો. તેણે દમન અને અન્યાચારો કરવામાં મણા રાખી ન હતી. બીજા વિશ્વયુદ્ધમાં રશિયાની સૌથી વધારે ખુવારી થઈ. હીટલરે, પોતાની બધી શકિત, રશિયાને કચડવા વાપરી, છતાં હીટલર ફાવ્યો નહિ. પ્રજાના સાથ વિના માત્ર દમનથી આવા યુદ્ધમાં સફળતા ન મળે. રશિયાની પ્રજા દમનથી ત્રાસી ગઈ હોત અને તેની સામે લોકકલ્યાણનું કાંઈ કામ ન હોત તો, ૧૯૧૭ માં ઝારને ઉથલાવ્યો તેમ, ૧૯૪૨ - ૪૩ માં સ્ટેલીનને ફેંકી દેવાની પ્રજાને ઉત્તમ તક હતી. હીટલર કરતાં સ્ટેલીને ઓછા અત્યાચારો કર્યા ન હતા, છતાં હીટલર હારી ગયો. કારણ નાઝીવાદમાં માત્ર દમન હતું. પ્રજા, કલ્યાણનો અંશ ન હતો. જ્યારે સામ્યવાદમાં દમન સાથે પ્રજા કલ્યાણ પણ હતું. એટલે પ્રજાએ સહન કર્યું.

રશિયન ક્રાન્તિને ૬૦ થી વધારે વર્ષ થયા. હવે શું સ્થિતિ છે? તેના ભવ્ય આદર્શની સિદ્ધિમાં કોઈ પ્રગતિ થઈ છે? સોલ્ઝેનિસ્તિને સામ્યવાદનું ભુંડું સ્વરૂપ પૂરી રીતે ઉઘાડું પાડયું છે. માનવીની પ્રકૃતિમાં પરિવર્તન થવાને બદલે, દમનની માત્રા વધી છે. એક નવા માનવનું સર્જન કરવું હતું, તેને બદલે માનવીની પાશવતાનું દર્શન થાય છે. આ સંજોગોમાં બળવો કેમ થતો નથી? યોગ્ય સમયે કદાચ તે થશે. તેની પૂર્વભૂમિકા રૂપે, યુવક માનસનું પરિવર્તન જોવા મળે છે.

યુવકોમાં હવે શ્રદ્ધા, ઉત્સાહ કે ત્યાગવૃત્તિ રહી નથી. શકય તેટલા પ્રમાણમાં મોજશોખની વૃત્તિ વધી છે. ડીસ્કો કલબોમાં, દારૂ, નાચ, સ્વચ્છંદ વધ્યો છે. હિંસક બનાવો વધ્યા છે. લગ્નવિચ્છેદનું પ્રમાણ વધ્યું છે. લગભગ અરધોઅરધ લગ્નોનો વિચ્છેદ થાય છે. ન્યુઝ વીકના લેખ મુજબ, ૧૪ વર્ષથી નાની ઉંમરના યુવક યુવતીઓમાં દારૂની બદી ૧૨ ટકા છે. ૧૭ વર્ષ સુધીમાં ૪૭ ટકા નિયમીત પીવાવાળા છે. દારૂની વ્યાપકતાના કારણે, યુવક યુવતીઓમાં તોફાનો Juvenile delinquency or hooliganism ફેલાયા છે. ચોરીઓ થાય છે. તેમાં ૫૯ ટકા, બળાત્કારોમાં ૪૯ ટકા અને ખૂનના ૧૨ ટકા કિસ્સાઓમાં વીસ વર્ષથી નીચેની ઉંમરના ગુન્હેગારો છે.

યુવકોને મહેનત કરવી ગમતી નથી. કાળા બજારનો વેપાર વ્યાપક છે. લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર મોટા પ્રમાણમાં ફેલાયો છે. કારખાનાઓમાં કામ લેવું મુશ્કેલ થતું જાય છે. ગામડાઓમાં રહેવું અથવા જવું ગમતું નથી. બધા શહેર તરફ ધસે છે અને રહેઠાણનો પ્રશ્ન અતિ વિકટ બન્યો છે. માબાપોનો સંતાનો ઉપર કાબુ નથી. પ્રમાણમાં કમાણી વધી છે તેમ મોજશોખ વધતા જાય છે.

Prosperity has created the paradox of rising expectations amongst the young

પશ્ચિમનાં સમૃદ્ધ દેશોનું અનુકરણ વધતું જાય છે. રાજકારણમાં યુવકોને રસ નથી.

with no revolution to inspire them many young people find Soviet politics dull and irrelevant and its leaders remote.

જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર વધ્યું છે. રશિયાના નેતાઓ દુનિયા સર કરવા માગે છે. લશ્કરી ખર્ચ અનહદ વધ્યો છે. ખોરાક અને જીવન જરૂરીઆતની વસ્તુઓની અછત છે. અર્થતંત્ર કથળેલું છે. યુવકોને ભાવિમાં શ્રધા રહી નથી.

સંભવ છે આ ચિત્રમાં થોડી અતિશયોકિત હોય, પણ બહુ અતિશયોકિત હોવાનો સંભવ નથી.

રશિયાની જ આ સ્થિતિ છે એમ નથી, પશ્ચિમનાં સમૃદ્ધ દેશોની પણ આ સ્થિતિ છે. એશિયા-આફ્રિકાના ગરીબ દેશોની પણ આ સ્થિતિ છે. શિક્ષણસંસ્થાઓમાં અને યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના તોફાનો અને અશિસ્ત બધા દેશોમાં વ્યાપક છે. એશિયા-આફ્રિકાના મોટા ભાગના દેશોમાં અરાજકતા, હિંસા અને ભ્રષ્ટાચાર વ્યાપેલ છે.

આપણા દેશમાં સ્વતંત્રતા પછી, સૌથી વધારે કમનસીબ ઘટના કોઈ હોય તો શિક્ષણના ક્ષેત્રે સરિયામ નિષ્ફળતા અને પરિણામે વિદ્યાર્થીઓના જીવનની બરબાદી. તેમનામાં નિરાશા અને નિષ્ફળતા ન આવે તો બીજું શું થાય? શિક્ષકો પણ તોફાનો કરે, હડતાળો પાડે, ભાડૂતી પગારદારો પેઠે વર્તે ત્યાં વિદ્યાર્થીઓ પાસેથી વધારે સારી આશા કયાંથી રખાય? જૂની પેઢીના આગેવાનોએ દેવાળું કાઢ્યું. નવી પેઢીને સન્માર્ગે દોરી શકે એવા રહ્યા નહિ. એવા સંજોગોમાં સંજય ગાંધીએ યુવકોની આગેવાની લીધી. એ આગેવાની કેવા પ્રકારની હતી?

સંજય ગાંધીના અવસાન પહેલા 'India to-day'ના ૧૬ જૂનના અંકમાં એક વાચક, પીટર સંતોષનો કન્યાકુમારીથી એક પત્ર પ્રકટ થયો છે તેમાં લખ્યું છે.

I am really disturbed by the build up you are giving to Sanjay Gandhi. Rest assured Sanajy will never achieve grass root popularity. His youth congress is nothing but a state sponsored volunteer force. I am not a communist but I will any day prefer it to Sanjay's illconcealled fascism.

સંજય ગાંધી હવે છે નહિ-આ યુવકો કયા માર્ગે જશે? સંજયની નીતિ ચાલુ રાખવી છે?

ગાંધીએ એક મહાન આદર્શ માટે ત્યાગ-બલિદાનની ભવ્ય ગાથા રચી હતી. લાખો યુવક - યુવતીઓએ તેમાં પ્રેમપૂર્વક આહૂતિ આપી. હવે સ્વાર્થ અને સત્તા સિવાય કાંઈ રહ્યું નથી. યુવા પેઢીમાં એ ત્યાગ-બલિદાનની ભાવના ફરી જાગે નહિ ત્યાં સુધી ઉજ્વળ ભાવિની આશા રાખી શકાતી નથી.

કોણ જગાડે?

૧૩-૭-૮૦

ચીમનલાલ ચકુભાઇ

સહતંત્રીપદ સ્વીકારતાં

તા. ૧ લી જુલાઈ ૧૯૮૦ નાં 'પ્રબુદ્ધ જીવન'ના અંકથી એના સહતંત્રી તરીકે જોડાવાનું સદ્‌ભાગ્ય મને સાંપડયું છે તે મારે મન હર્ષની વાત છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ સ્થાન મને આપવાનું ઠરાવ્યું તે માટે સંઘના પ્રમુખ, મંત્રીઓ અન્ય હોદ્દેદારો અને સમિતિના સભ્યોનો હું ઋણી છું. આ સ્થાન મને અપાયું છે તેમાં મારી પોતાની પાત્રતા કરતાં સંઘની સમિતિના સભ્યોનો મારા પ્રત્યે રહેલો પ્રેમભાવ હું વિશેષ જોઉં છું.

આ પ્રસંગે જે વડીલો, મિત્રો, શુભેચ્છકો અને વાચકોના અભિનંદનના પત્રો કે સંદેશા મારા ઉપર આવ્યા છે તે માટે તે બધાંનો હું આદરભાવપૂર્વક આભાર માનું છું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે એની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ત્રીસ કરતાં વધુ વર્ષોથી હું સતત, સંકળાયેલો રહ્યો છું. એનું મુખપત્ર 'પ્રબુદ્ધજૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' થયું તેનો હું સાક્ષી છું. ત્રીસેક વર્ષ પહેલાં મારાં લેખનકાર્યના આરંભમાં સ્વર્ગસ્થ મુરબ્બી શ્રી પરમાનંદભાઈએ 'રાજકપુર' વિષેનો મારો લેખ એમાં છાપેલો ત્યારથી આ મુખપત્ર સાથે મારે આત્મીયતા બંધાઈ ગઈ છે.

મારા અધ્યયન અને અધ્યાપનનો વિષય તો સાહિત્યનો રહ્યો છે. પરંતુ સામાજિક અને ધાર્મિક વિષયોમાં વ્યાખ્યાનો કે લેખનદ્વારા પરમાનંદભાઈએ મને રસ લેતો કર્યો એ માટે એમના હું અત્યંત ઋણી છું. તેમનો હસમુખો, નિખાલસ અને વડીલપણાનો જરા પણ ભાર ન જણાવા દે એવો મિત્ર તુલ્ય સ્વભાવ મારે માટે હંમેશા પ્રેરણારૂપ રહ્યો છે.

મુ. શ્રી પરમાનંદભાઈ વિદેહ થતાં યુવક સંઘનું સુકાન પૂજ્ય શ્રી ચીમનલાલ ચકુભાઈના હાથમાં આવ્યું. એમણે પૂરા વાત્સલ્ય અને શ્રદ્ધા સાથે પર્યુષણ વ્યાખ્યાનમાળાની જવાબદારી મને સોંપી. આ રીતે ધર્મના વિષયમાં સજ્જ થવાની મને એક સોનેરી તક એમણે આપી. જૈન ધર્મ વિશે આફ્રિકા, ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં વ્યાખ્યાનો આપવા માટે મારી અને મારાં પત્નીની એમણે ભલામણ કરી. પિતાતુલ્ય શ્રી ચીમનભાઈનો આ રીતે આપણા ઉપર ઘણો ઉપકાર છે. એમના સાન્નિધ્યમાં આપે હંમેશાં શીલ અને સંયમની અનેરી સુવાસ અનુભવી છે.

શ્રી ચીમનભાઈએ 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ હાથમાં લીધું તે પછી એમણે 'પ્રબુદ્ધ જીવન'ને એક નવું પરિમાણ આપ્યું છે. ધાર્મિક અને સામાજિક વિષયો ઉપરાંત રાજકારણના પણ તેઓ પ્રખર અભ્યાસી અને અનુભવી છે. વર્તમાન રાજકીય પ્રવાહો ઉપર એમની માર્મિક અને તલસ્પર્શી નોંધ વાંચવા માટે આપણા કેટલા બધા ચિંતનશીલ મહાનુભાવો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે! 'પ્રબુદ્ધ જીવન'ની આ એક આગવી સિદ્ધિ છે.

શ્રી ચીમનભાઇ છેલ્લાં ચારેક વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'માં જોડાવા માટે મને આગ્રહપૂર્વક કહેતા હતા. પરંતુ આ જવાબદારી જેટલી મોટી આવી પડે તેટલું સારું એમ મારા મનમાં રહેતું હતું. કારણ કે શ્રી ચીમનભાઈ જેટલી યોગ્યતા અને અનુભવ માગમાં નથી. વળી રાજકારણ એ મારો માત્ર વાંચનનો વિષય રહ્યા છે, અભ્યાસનો નહિ. પરંતુ આ વખતે સૌના આગ્રહને વશ થઈ સહતંત્રીપદ મેં સ્વીકાર્યું છે.

મારી આ નવી જવાબદારીમાં પૂ. શ્રી ચીમનભાઈ, યુવક સંઘના કાર્યકર્તાઓ, લેખકો અને બીજા સર્વેનાં સાથ અને સહકાર મને મળી રહેશે એવી શ્રદ્ધા સાથે સહતંત્રીપદ સ્વીકારતાં ફરીથી આભારની લાગણી વ્યકત કરું છું.

રમણલાલ ચી. શાહ

સંઘના પેટ્રન મેમ્બરો

'પ્રબુદ્ધ જીવનમાં' પેટ્રન મેમ્બરો અંગે અપીલ પ્રગટ કરવામાં આવેલ તેની સાથે એ અરસામાં થયેલા પેટ્રન મેમ્બરોના નામો પ્રગટ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ થયેલ પેટ્રન મેમ્બરોના નામો નીચે સહર્ષ પ્રગટ કરીએ છીએ. મિત્રોના આવા પ્રેમાળ સહકાર માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી રજનીકાંત લક્ષ્મીચંદ વોરા	શ્રી ધીરજલાલ કેશવલાલ કાપડિયા
,, ચીનુભાઈ છગનલાલ શાહ	,, પિયુષચંદ્ર શાંતિલાલ કોઠારી
,, ડુંગરશી આર. ગાલા	,, જિતુભાઈ ખાટડિયા
,, એન. કે. કાપડિયા	,, રસિકભાઈ યુ. અજમેરા
,, દેવચંદ રવજી ગાલા	,, પ્રવિણચંદ્ર પ્રાણલાલ મહેતા
,, વીરુબહેન સાગર	,, વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાળા
,, શામજી ટોકરસી વોરા	

"સૌરાષ્ટ્રની રસધાર" સસ્તી કિંમતે

પ્રેમ-શૌર્ય-સ્વાર્પણની જ્વલંત કથાઓ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ જેમાં આલેખી છે એ પુસ્તક-સંપુટ 'સૌરાષ્ટ્રની રસધાર' આજે અરધી સદીથી હજારો વાંચકોને ઘેલું લગાડયું છે. 'રસધાર' મેળવેલી વ્યાપક લોકચાહના બહુ ઓછા ગુજરાતી પુસ્તકોને સાંપડી છે. 'રસધાર'ના પ્રકાશનને પચાસ વરસ પૂરાં થયાં એની ઊજવણી રૂપે લેખકના કુટુંબ તરફથી તેની સુવર્ણ જયંતી આવૃત્તિ આવતી મેઘાણી જયંતીએ તા. ૨૮ ઓગસ્ટે બહાર પડશે. 'રસધાર'ના પાંચ ભાગોમાં સંગ્રહાયેલી એકસો કથાઓ આજના વાંચકોને પણ રસ-તરબોળ બનાવી શકે તેમ છે. 'રસધાર'ના વધુમાં વધુ ચાહકો પોતાનાં એ પ્રિય પુસ્તકો વસાવી શકે એ માટે તૈયાર થયેલી યોજના મુજબ તા. ૧૦-૮-૮૦ સુધીમાં અગોતરા ગ્રાહક બનનારને એ માત્ર પચ્ચીસ રૂપિયામાં મળશે. (આજના બજાર-ધોરણે આના પંચોતેર રૂપિયા થાય.) ટપાલમાં ઘેરબેઠાં મેળવવા રૂા. ૨૯ મોકલી શકાય, પણ એકી સાથે દસ કે વધુ સંપુટ માટે સંપુટદીઠ રૂા. ૨૪ મોકલવાના રહે; રેલવે-પારસલ ખર્ચ પ્રકાશક ભોગવશે. અગોતરી રકમ મોકલવાનું સરનામું છે: પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ ઓવન્યુ, ભાવનગર-૩૬૪૦૦૨.

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં પણ નામો નોંધાવી શકાશે]

સદ્‌ગત શ્રી ભૃગુરાય અંજારિયા

શ્રી ભૃગુરાય અંજારિયાનું સોમવાર તા. ૭ મી જુલાઈએ બપોરે બે વાગે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું. ભૃગુરાય જતાં ગુજરાતી સાહિત્યને એક સંનિષ્ઠ અને સજાગ વિદ્વાનની ખોટ પડી છે.

ભૃગુરાયનો અવાજ હજુ મારા કાનમાં ગુંજ્યા કરે છે. એમની તેજસ્વી મુખમુદ્રા નજર સામે તરવરે છે. એમના અવાજમાં શુદ્ધ નાગરી ઉચ્ચારણનો રણકો સંભળાય. એમની મુખમુદ્રામાં દૃઢ ની ઉંમરે એમના તમામ કાળા મુલાયમ વાળ અને એમનાં માર્મિક નયનો આપણું ધ્યાન ખેંચે. ભૃગુરાય એટલે પારદર્શી વ્યકિતત્વ. દંભનો પડછાયો પણ એમને ન અડે.

એમના નામથી પહેલવહેલો હું પરિચિત થયો ૧૯૪૪ માં, ઝેવિયર્સ કૉલેજમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયો ત્યારે. કૉલેજના ગુજરાતી સામયિક 'રશ્મિ' માં કવિ કાન્તની કવિતા વિશે એમનો લેખ છપાયો હતો. એ વાંચતાં જ નાની વાતની પણ ઝીણવટપૂર્વક ચકાસણી કરનાર આ કોઈ વિદ્વાન વ્યકિત છે એવી છાપ પડેલી. પછીથી તો અમારા પ્રોફેસર ગૌરીપ્રસાદ ઝાલાના મુખેથી એમના વખાણ પણ સાંભળેલા.

ભૃગુરાયે આખી જિંદગી કાન્ત વિશે અભ્યાસ કર્યો. કાન્ત વિશે ગુજરાતી સાહિત્યમાં એમના જેટલી કોઈની જાણકારી નહિ. સુલભ ગ્રંથો તો સહુ કોઈ વાંચી શકે, પણ જૂનાં છાપાં, ચોપાનિયાં, વ્યકિતઓના સ્થળોની રૂબરૂ મુલાકાત દ્વારા એમણે કાન્ત વિશે ઝીણી ઝીણી ઘણી રસિક માહિતી એકઠી કરેલી. મુંબઈમાં કયે દિવસે કેટલા વાગે સાઈનગોગમાં કોઈ યહૂદીને મળીને કાન્તે શી ધર્મચર્ચા કરી હતી તે ભૃગુરાય જાણે. કાન્તની કડીબદ્ધ વિગતો એમની પાસેથી સાંભળવા બેસીએ તો જલદી પાર ન આવે.

માત્ર કાન્ત નહિ, પંડિત યુગના તમામ સમર્થ સર્જકો વિશે ભૃગુરાય આપણને ખબર ન હોય એવી વિગતો તારીખવાર કહે. એમને તારીખો અને સાલ આપણને છક કરી નાખે એટલી યાદ હોય. કોઈ પુસ્તકમાં કોઈ એક સાલ છપાઈ હોય અને ભૃગુરાય એના કરતાં જુદી સાલ મોઢેથી આપણને કહે તો ભૃગુરાય સાચા હોય અને પુસ્તકમાં મુદ્રણદોષ અથવા લેખકની સરતચૂક હોય. ભૃગુરાયની એટલી ચોકકસાઈ. હમણાં થોડા વખત પહેલાં મળ્યાં ત્યારે મને કહેલું, "હું આટલાં વરસ કહી કહીને થાકયો કે મણિલાલ દ્વિવેદી ... સાલમાં જામનગર ગયેલા, પણ કોઈ માનતું નહોતું. હવે મણિલાલનો આત્મવૃત્તાન્ત પ્રગટ થયો છે. એમાં પોતે લખ્યું જ છે કે, એ સાલમાં તેઓ જામનગર ગયા હતા. "ભૃગુરાયને સાહિત્યકારોના સાહિત્યમાં જેટલો રસ તેટલો જ એમની જીવનપ્રવૃતિઓમાં રસ. ઝટ લખવા બેસવું નહિ એવી એમની પ્રકૃતિ, પણ લખ્યો હોત તો ભૃગુરાયને હાથે ગુજરાતી સાહિત્યનો સરસ ઈતિહાસ આપણને સાંપડયો હોત.

ભૃગુરાયે લખ્યું ઓછું પણ વાંચ્યું ઘણું. જ્યારે જુઓ ત્યારે કોઈને કોઈ ગુજરાતી કે અંગ્રેજી પુસ્તક કે સામયિકનું વાંચન ચાલતું હોય. રાતના સૂઈ જાય ત્યારે એમના પડખામાં છસાત પુસ્તકો તો પડેલાં જ હોય – ઘણું ખરું એક જ વિષયનાં – અને તેમાં કોણે એ વિષયને કેટલો ન્યાય આપેલો છે, એનું તુલનાત્મક તારતમ્ય ચિંતવતાં એ નિદ્રાધીન થાય. ભૃગુરાય એટલે ગ્રંથગૃહ્ત જીવ પુસ્તક. પસંદગીમાં તેઓ બે અંતિમ કોટિ સુધી પહોંચે. મુંબઈમાં સ્ટૂડન્ટ, ન્યૂ બુક કંપની, ઈન્ટરનેશનલ બુક ડિપો, ત્રિપાઠી, નવ ભારત વગેરેમાં જઈને છેલ્લામાં છેલ્લું વ્યાકરણ, ભાષાવિજ્ઞાન, કવિતા, વિવેચન વગેરેનું કયું પુસ્તક આવ્યું છે તે જોઈને ત્યાં ઊભા ઊભા અડધું વાંચી લે અને બહાર ફૂટપાથ ઉપર જૂનાં પુસ્તકો વેચનારા પાસે છેલ્લું કયું અપ્રાપ્ય પુસ્તક વેચાવા આવ્યું છે તે પણ જોઈ લે. પોતાની એટલી શકિત નહિ છતાં દર મહિને ઘણાં પુસ્તકો ખરીદીને વસાવે. નિવૃત થયા એટલે ખરીદીની પ્રવૃતિ મંદ કે બંધ પડી. થોડા વખત પહેલાં મને કહે, "મુંબઈ યુનિવર્સિટિની લાયબ્રેરીનો પાસ મને કઢાવી આપો. મારે નવાં નવાં પુસ્તકો વાંચવા રોજ આવવું છે."

ભૃગુરાયે પોતે આરંભમાં ઠીક લેખન કાર્ય કર્યું. પરંતુ પછીથી એમનો ઉત્સાહ ઘટયો. 'કાન્ત' વિશે શોધ – પ્રબંધ લખવો શરૂ કર્યો, પણ પછીથી કેવી નજીવી વાતમાં એમણે આરે આવેલું કામ અધૂરું મૂકયું! ડિગ્રી કે પ્રસિદ્ધિનો મોહ તો એમને હતો નહિ. પોતાનો ફોટો પડાવવાનું પણ એમને ગમતું નહિ. કોઈકે પાડી લીધેલા એમના ફોટા પણ કેટલા ઓછા મળે છે!

ભૃગુરાયની ચોકકસાઈ માટેની ચીવટ ઘણી. એમની સૂક્ષ્મ નજરમાંથી કશું છટકે નહિ. ગુજરાતી વિષયના કોઈ સારા અધ્યાપકને જેમાં એક પણ છાપભૂલ ન જણાય એવું પુસ્તક ભૃગુરાયને આપ્યું હોય તો તેમાં પચીસ ભૂલ બતાવે – અનુસ્વાર, અલ્પવિરામ, અર્ધવિરામ, હ્રસ્વ કે દીર્ઘ ઈ કે ઉ, ઊંધી માત્રા અને સીધી માત્રા, જોડાક્ષર અને ખોડાક્ષર, ડેશ અને હાઈફન, કોંસ અને પાદનોંધ, ખોટા ટાઈપ અને મોટા ટાઈપ ... આ તો માત્ર મુદ્રણની; અને શબ્દ પસંદગી અને વાકયરચનાની તો વળી જુદી.

ભૃગુરાયનો સ્વભાવ અત્યંત નિખાલસ, ક્યારેક બીજાને માઠું લાગે એટલા સ્પષ્ટવકતા પણ ખરા. પરંતુ એમના સ્પષ્ટવકતૃત્વમાં અસત્ય, પૂર્વગ્રહ, દંશ કે દ્વેષ ન હોય. હોય તો હિતચિંતા માત્ર. વ્યવહારદક્ષતાની એમને ખબર પડી જતી, પણ પોતે એનાથી દૂર ભાગતા. પોતે નાગર હતા, છતાં ખુશામતખોરીનો કહેવાતો નાગરી ગુણ એમણે મેળવ્યો નહોતો તો કેળવ્યો ક્યાંથી હોય? એટલે શોભાસ્થાન, સત્તા, પૈસા કે પ્રસિદ્ધિ માટે તેઓ ક્યારેય યાચક બનતા નહિ. તેઓ ધૂની હતા, પણ તરંગી નહિ. આવેગપૂર્વક કોઈ વાત કહેવી હોય તો તેઓ હોઠ બીડી, મૂઠીવાળીને બંને હાથ જોરજોરથી છાતી પાસે હલાવે; પરંતુ ત્યારે એમની એક મૂઠીમાં તર્ક હોય અને બીજીમાં હોય ઔચિત્ય. એમના રોષમાં પણ સાત્વિકતા ઉપર તરતી દેખાઈ આવે. ભૃગુરાય વિદ્યાર્થીવત્સલ હતા. અંગ્રેજીના અધ્યાપક પણ કોલેજમાં સ્વેચ્છાએ બી. એ. ના ગુજરાતી વિષયના વર્ગ લે અને બી. એ. ના વિદ્યાર્થીને પોતાના અધ્યાપનના વિષયમાં એમ. એ. જેટલા સજજ કરે; પૂરતો સમય આપે અને ઘરે પણ બોલાવે. ઘરે ભણવા આવેલા વિદ્યાર્થીને બે દાદર ઊતરી બસ સ્ટેન્ડ સુધી ક્યારેક વળાવવા જાય. એમની સાથે વાત કરતા હોઈએ ત્યારે એમના ચહેરા ઉપર ક્યારેય સમયની સભાનતા કે અન્યમનસ્કતા જોવા નહિ મળે. એમનાં પત્ની સુધાબહેન જાણે કે ભૃગુરાય કોઈની સાથે વાત કરવા ઊભા હશે તો દોડીને ઘરે નહિ આવી પહોંચે. ભૃગુરાયની આ પ્રકૃતિનો લાભ મને ઘણીવાર મળ્યો છે. ક્યારેક ફાર્બસ સભા પાસે, ક્યારેક યુનિવર્સિટીના દરવાજા પાસે કે ક્યારેક ત્રિપાઠી કંપની આગળના સિગ્નલ પાસે કલાકો ઊભા રહીને અમે વાતો કરી હશે. એ ત્રણ ચાર કલાકમાં એમની પાસેથી ઘણું બધું જાણવા મળે. જ્યારે હું સાંજે ઘરે ધાર્યા કરતાં બેત્રણ કલાકથી વધુ મોડો પહોંચ્યો હોઉં તો મારાં પત્નીનો પહેલો પ્રશ્ન હોય; "કેમ આટલું બધું મોડું થયું? રસ્તામાં ભૃગુરાય અંજારિયા મળ્યા હતા કે પ્રવીણભાઈ મંગળદાસ?" આ બંને વડીલ મિત્રો રસ્તામાં મળે એટલે અમારી સાહિત્યગોષ્ઠિ ચાલે. હું પ્રિન્સેસ સ્ટ્રીટમાં રહેતો હતો ત્યારે ૧૯૬૩ માં એક દિવસ ઝેવિયર્સ કૉલેજમાંથી ઘરે જતો હતો, પાંચેક વાગ્યા હશે. ત્રિપાઠી પાસે ભૃગુરાય મળી ગયા, ઊભા રહ્યા. લગભગ બે કલાક વાતો ચાલી. મેં કહ્યું, 'ઘરે પહોંચતાં તમને મોડું થશે, મારે ઘરે જમીને જાવ. આવ્યા, જમ્યા નહિ ફકત અડધો કપ ચા પીધા. ડાયાબિટિસને લીધે પરેજી ઘણી પાળે. વાતવાતમાં દસ વાગી ગયા. નીકળતાં પ્રશ્ન કર્યો, "તમારાં આ બંને બાળકોને કઈ સ્કૂલમાં દાખલ કરવાના છો?" મેં કહ્યું, "એની જ ચિંતા છે. અમે હવે ચોપાટી તરફ રહેવા જવાનાં છીએ અને ન્યૂ એરા સ્કૂલમાં બંનેને દાખલ કરવાં છે, પણ ત્યાં તો એડમિશન જલદી મળે એમ લાગતું નથી." એમણે કહ્યું, "તો અત્યારે જ ચાલો મારી સાથે પ્રિન્સિપાલ કાન્તિભાઈ વ્યાસને ત્યાં. "મોડું તો ઘણું થયું હતું, પણ આગ્રહપૂર્વક મને લઈ ગયા. બને બાળકોના એડમિશનનું નક્કી કરાવી દીધું અને રાત્રે સાડા અગિયાર વાગે ગ્રાન્ટ રોડથી એમણે ગાડી પકડી.

ભૃગુરાયનું જીવન સાદું અને સંયમી હતું. હાથે ધોયેલાં ખાદીનાં વસ્ત્ર તેઓ પહેરતા. ઈસ્ત્રી કરવાની પરવા નહિ. બહાર નીકળે તો હાથમાં ખાદીની થેલી હોય અને અંદર એકબે પુસ્તકો હોય. થેલી એક હાથે ખભે ચડાવી ધૂનમાં તેઓ ચાલ્યા જતા હોય. કોઈ વાર રાત્રે એમને ઘરે મળવા જાઉં તો પાયજામો પહેરી ઉઘાડા શરીરે પંખા નીચે આરામ ખુરશીમાં બેઠા બેઠા વાંચતા હોય. હું જાઉં એટલે પહેરણ હાથમાં લે. હું કહું, "એવી ઔપચારિકતાની જરૂર નથી. પહેરશો તો તમને વધારે તાપ લાગશે." કોઈ વાર પહેરણ પહેરવાનું માંડી વાળે અને કોઈ વાર કહે, "હાથમાં લીધું છે એટલે પહેરીશ, પણ તમે કહ્યું છે એટલે બટન નહિ બીડું."

ભૃગુરાય છેલ્લાં કેટલાક વખતથી મારા લેખનકાર્યમાં સતત રસ લેતા હતા. કંઈ નવું લખ્યું હોય તો તરત એમને બતાવતો. એના ઉપર એમની નજર ફરી જાય એટલે મારો આત્મવિશ્વાસ વધતો. તેમનાં સૂચનો, માર્મિક અને મૂલ્યવાન રહેતાં 'Buddhism' વિશેની મારી અંગ્રેજી પુસ્તિકા ચીવટપૂર્વક વાંચી જઈને સરસ સૂચનો કર્યાં હતાં. 'પાસપોર્ટની પાંખે' નામની મારી પ્રસંગ કોણી વાંચીને કહે, "એમાં અંગ્રેજી શબ્દો જે ગુજરાતી લિપિમાં લખાય છે, તેની જોડણી બરાબર નથી હોતી. જોડણીકોશમાં પણ કેટલીક જોડણી ખોટી આપેલી છે. તમે મને એની ઓફપ્રિન્ટ્સ આપો એટલે હું સુધારી આપું." મેં ઓફપ્રિન્ટ્સની ફાઈલ આપી અને એમણે એ આખી તપાસીને આપી. હજુ બે અઠવાડિયાં પહેલાંની આ વાત.

છેલ્લાં કેટલાંક વર્ષથી જૈન ધર્મના અભ્યાસ તરફ હું વળ્યો છું એથી તેઓ બહુ પ્રસન્ન થયા હતા. એક વખત કહે, "તમે જૈન ધર્મ વિશે લેખો તો લખો છો, પણ એની તાત્ત્વિક છણાવટ થાય એવી એક નવલકથા ન લખી શકો? આ પ્રકારની આપણી સર્વોતમ નવલકથા 'સરસ્વતીચંદ્ર' ગણાય. પણ હું એને 'હિંદુ' નવલકથા કહું. એમાં મુસલમાન પાત્રો આવે છે. પણ લેખકે એમાં કોઈ જૈન પાત્ર - ગૃહસ્થ કે સાધુ સાધ્વીનું મૂક્યું છે? લેખકે એમાં જૈન ધર્મ કે બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ કંઈ છણાવટ કરી છે? એટલે અંશે 'સરસ્વતીચંદ્ર' ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ ધરાવવામાં ઊણી ઊતરે"

ભૃગુરાય વ્યાકરણ અને છંદના અઠંગ અભ્યાસી. ગુજરાતીના અધ્યાપકોમાં એનો અભ્યાસ ઘણો ઘટી ગયો છે. તેનું એમને દુઃખ હતું. મને કહે, "તમે એમ. ઓ. ના અભ્યાસક્રમમાં એને મહત્ત્વનું સ્થાન આપો તો પરિસ્થિતિ કંઈક સુધરે." એમની ભલામણથી એમ.એ. માં વ્યાકરણનો એક આખો પેપર દાખલ કરવા નક્કી કર્યું. એની રૂપરેખા તૈયાર કરી આપવાનું બોર્ડે ભૃગુરાયને જ સોંપ્યું અને કેટલા બધા ઉત્સાહથી ઘણા બધા ગ્રંથો જોઈ જઈ એમણે એ કામ પૂરું કરી આપ્યું.

એમની તબિયત સારી રહેતી હતી. ડાયાબિટિસ અને બ્લડપ્રેસર એમને હતાં, પણ સાચવતા ઘણું. એને વિશેનું પુષ્કળ સાહિત્ય વાંચી ગયા હતા. એકાદ મહિના પેલાં યુનિવર્સિટીની એક મિટિંગમાં આવેલા ત્યારે એમના ચહેરા ઉપર તાઝગી અને પ્રસન્નતા તરવરતાં હતાં. મારાં પત્નીએ એમને કહ્યું, "આટલી ઉંમરે પણ તમે યુવાન જેવા દેખાઓ છો. તમારો એકે વાળ હજુ સફેદ થયો નથી." જવાબમાં એમણે કહ્યું "એ બહુ ખોટું થયું છે. વાળ સફેદ નથી થયો એનો અર્થ એ કે હું હજુ અપરિપક્વ છું. હું અંદરથી હજુ ઘણો કાચો છું. પુખ્તતાના પ્રકાર હિમાયતી ભૃગુરાય અપરિપક્વતાને કેમ સહન કરી લે?

ભૃગુરાય જતાં એક મિત્ર જેવા ગુરબ્બીની મને વસમી ખોટ પડી છે!

રમણલાલ ચી. શાહ

સંઘના પેટ્રન સભ્યો અંગે નમ્ર વિજ્ઞપ્તિ

સંઘના શુભેચ્છકો અને સંઘ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર વિશાળ મિત્રવર્તુળ સંઘને મળ્યું છે, તે માટે સંઘ ગૌરવ અનુભવે છે.

પેટ્રન સભ્યોની યોજના કરી, તેનું લવાજમ રૂપિયા ૨૫૦૦) રાખ્યું. હજુ તો તેની જાહેરાત કરી ત્યાં જ અત્યારસુધીમાં ૨૬ પેટ્રન મેમ્બરો સંઘને મળી ગયા. લક્ષ્યાંકને પહોંચીવળવા માટે ફક્ત ૭૪ મેમ્બરો મેળવવાના બાકી રહે છે.

બે ગૃહસ્થોએ તો, તેમનો સંપર્ક સાધ્યા વિના સીધાં જ સંઘના કાર્યાલયમાં લવાજમો મોકલી આપ્યા. એક ગૃહસ્થ આજીવન સભ્યમાંથી પેટ્રન બન્યા અને તેમનાં ભાઈને પણ પેટ્રન બનાવ્યા. આના અનુસંધાનમાં આપને નમ્ર વિનંતી છે કે આપ પણ પેટ્રન મેમ્બર બનો અને તેનું લવાજમ કાર્યાલયમાં મોકલી આપી આપનો પ્રેમાળ સહકાર આપો.

અમારું લક્ષ્યાંક ૩૦ પેટ્રન બનાવવાને લગતું છે. સંઘ પ્રત્યે વિશાળવર્ગની સદ્‌ભાવના છે. અમારી અંતરની ઈચ્છા એવી છે કે આપની પાસે અમો આવીએ તે પહેલાં જ આપ આપનું નામ મોકલી આપી અમને પ્રોત્સાહિત કરો.

...આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન જ આ લક્ષ્યાંકને આંબી શકાય એવી પરિસ્થિતિ ઊભી કરવામાં આપનો સક્રિય-પ્રેમાળ સહકાર અમને આપો એવી અમારી નમ્ર છતાં આગ્રહભરી વિનંતિ છે.

પરદેશના પેટ્રન સભ્યો માટેનું લવાજમ રૂા. ૩૫૦૦) નક્કી કરેલ છે.

મિત્રવર્તુળમાંથી પણ પેટ્રન સભ્યો મેળવી આપવા વિનંતી છે.

ચેક "Bombay Jain Yuvak Sangh"ના નામનો મોકલવા વિનંતિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

પ્રેમળ જ્યોતિ

ભેટ મળેલી રકમોની યાદી સ્થળસંકોચને કારણે આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

રક્તદાન શિબિર

"પ્રેમળ જ્યોતિ" અને "ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સ ક્લબ"ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ઓગસ્ટના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સવારના ૯ થી ૧ વાગ્યા સુધીના સમયના ગાળામાં એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તો ભાઈ બહેનોને વિનંતી કરવામાં આવે છે કે જેઓ રક્તદાન કરવા ઈચ્છા ધરાવતા હોય તેઓ પોતાનું નામ સરનામું તથા ફોન નંબર સંઘના કાર્યાલયમાં જણાવે.

સરનામું :

૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, પ્રાર્થનાસમાજ
મુંબઈ – ૪૦૦૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬

રક્તદાન એટલે જીવનદાન

ઓપરેશન વખતે વધારે પ્રમાણમાં લોહી વહી ગયું હોય એવા દર્દીને તાત્કાલીક લોહીની જરૂર પડે છે, રોગને કારણે માણસને વધારેપડતી નબળાઈ આવી જાય ત્યારે તેને લોહીની જરૂર પડે છે. પ્રસૂતાવસ્થા વખતે અને ત્યાર બાદ જે બહેનો નબળી હોય તેને લોહીની જરૂર પડે છે. લડાઈમાં ઘવાયેલા સૈનિકોને તો પુષ્કળ પ્રમાણમાં લોહીની જરૂર પડે છે.

મોટી હૉસ્પિટલોમાં રક્ત-બેંકો હોય છે, ત્યાં લોહીનો સ્ટોક રાખવામાં આવે છે અને જે વ્યક્તિને જે ગ્રુપનું લોહી જોઈતું હોય તે ત્યાંથી મળી શકે છે.

આપણે રક્તદાન કરીએ એના કારણે અન્ય વ્યક્તિને જીવનદાન મળે છે.

૧૭ થી ૫૫ વર્ષ સુધીની વ્યક્તિઓ રક્તદાન કરી શકે છે. રક્તદાન પહેલાં ડૉક્ટર એ વ્યક્તિને તપાસીને પછી જ રક્તદાન સ્વીકારે છે.

રક્તદાન કર્યા પછી તરત જ માણસ પોતાના કામધંધે જઈ શકે છે. તેને કોઈ જાતની નબળાઈ આવતી નથી. અને દાન આપેલું લોહી ૨૪ કલાકની અંદર જ કુદરતી રીતે માણસના શરીરમાં આવી જતું હોય છે. એટલે રક્તદાનથી, રક્તદાન કરનારને કોઈ જ નુકશાન થતું નથી. દર ત્રણ મહીને રક્તદાન આપનાર વ્યક્તિઓ પણ છે. અને જેમણે ચાલીસ કે બેતાલીસ વખત રક્તદાન કર્યું હોય અને એમ છતાં સંપૂર્ણ તંદુરસ્તીભર્યું જીવન જીવતી વ્યક્તિઓના દાખલા પણ છે.

રક્તદાન કરનાર વ્યક્તિને એક કાર્ડ આપવામાં આવે છે. અને એ વ્યક્તિને પછી ગમે ત્યારે પોતાને કે તેમના સ્નેહીને રક્તની જરૂર પડે ત્યારે તે કાર્ડ બતાવવાથી તેમને વિનામૂલ્યે ગમે તે રક્તબેંકમાંથી રક્ત મળી શકે છે. રક્તદાન કરનારને માટે આ એક લાંબાગાળાનો ફાયદો પણ છે જ.

રક્તદાન કરવું એ ખરેખર માનવતાનું કામ છે.

મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ

* એક રાજકુળનો અસ્ત *

[સંજય ગાંધીના ઘાતક ઉડ્યને ભારતના ભાવિ માટે તેની માતાની યોજનાઓને ધૂળધાણી કરી નાખી.]

કેટલાક અકસ્માતો ઈતિહાસ બદલી નાખતા હોય છે. ૨૩મી જૂન સોમવાર સવારના દિલ્હીના આકાશમાં સંજય ગાંધીએ માંડેલા ઉડ્યનખેલ એક આવા અકસ્માતમાં પરિણમ્યા-તેમના અવસાને ભારતના હવે પછીના નેતા વિશેના જ નહિ, વર્તમાન વડા પ્રધાન સંબંધેના વિરામ પામી ચૂકેલા પ્રશ્નોને ફરી સજીવન કર્યા છે. કારણ, ઈન્દિરા ગાંધીના પુત્ર વારસદાર તરીકે પળોટવામાં આવી રહેલા એક રાજવંશના નબીરાથી વિશેષ હતા. ૬૩ વર્ષની વયની મહિલા માટે આ પુત્ર મહત્વનો રાજકીય અને મનોવૈજ્ઞાનિક ટેકો બની રહ્યો હતો. પુત્રના મૃત્યુ પૂર્વે આ મહિલાને વય અને અસ્વસ્થતા સંઘર્ષનો થાક જણાવા લાગ્યો હતો. શોકાકુલ વડા પ્રધાનની પડખે ખડા રહેલાં ભારતીય નાગરિકોના મનમાં એવો પ્રશ્ન જરૂર ઊઠતો હશે કે, દૃઢ મનોબળ અને ધૈર્ય દાખવી શકતાં આ મહાન નારી આવા કારી ઘાની વેદનામાંથી બહાર આવી શકશે કે કેમ અને ભારતને આજે જેની તાકીદની જરૂર છે એવું નેતૃત્વ પૂરું પાડી શકશે કે કેમ.

યુવાન સંજય ગાંધી જેમ જીવ્યા તેમ જ નિયમોનું ઉલ્લંઘન કરતાં મૃત્યુને વર્યા. હજી હમણાં જ નાગરિક ઉડ્યન વિભાગના વડાએ શહેરી વિસ્તારો પર કે ૫૦૦૦ ફૂટથી નીચી ઊંચાઈએ ઉડ્યન નહિ કરવા તેમને જણાવ્યું હતું. સંજયે નિયમોનું પાલન કરવાને બદલે એ વડાને જ એમના હોદ્દા પરથી દૂર કરાવ્યા. ૨૩ મીની સવારે સંજયે નીચી ઊંચાઈએ વિમાનને ત્રણ ગુલાંટો ખવરાવી અને ચોથી ગુલાંટ લેવા જતાં વિમાન પરનો અંકુશ ગુમાવ્યો અને વિમાન તૂટી પડ્યું. જાહેર કરવામાં આવેલી સત્તાવાર તપાસ બીજે દિવસે મંગળવારે રદ કરવામાં આવી, કારણ, એમ મનાય છે કે, એવી તપાસમાં નિયમોના તેના દ્વારા થયેલા ઉલ્લંઘનની વાતો બહાર આવે એવો ડર હતો.

જન્મજાત રાજકારણી તરીકે સંજય ગાંધીને માતાના કુનેહ અને કડકાઈના ગુણ વારસામાં મળ્યા હતા. માતામહ નહેરુનાં વિશાળ દૃષ્ટિ કે લોકશાહી શિષ્ટાચાર માટેની ખેવનાનો એ ગુણોને પાશ લાગ્યો ન હતો. ચૂંટણી નિયમોના ઉલ્લંઘનનાં ગૌણ ગુના માટે રાજકારણી ગેરલાયકાતનું જોખમ વહોરી લેવાને બદલે માતાને ૧૯૭૫ના જૂનમાં દેશ પર કટોકટીનું શાસન લાદવા એ સમજાવી શક્યા. એ કટોકટીના ગાળાએ સંજયને રાજકારણમાં પોતાનું સત્ત્વ બતાવી આપવાની ભૂમિકા રચી આપી. તેની પ્રેરણા હેઠળ શરૂ થયેલી નસબંધી - કુટુમ્બ નિયોજનની આક્રમક ઝુંબેશે ૧૯૭૭ના માર્ચમાં માતાની રાજકીય કારકિર્દીને લગભગ ખતમ કરી નાખી. અલબત્ત, એ મહિને પુત્રની સલાહને અવગણીને તેમણે ચૂંટણીઓ યોજી તે કારણે આમ બન્યું. સંજય ગાંધીએ એ પછી ઈન્દિરા ગાંધીના રાજકીય પુનરાગમન માટે જે વ્યૂહબાજી ખેલીબતાવી તેનાથી પોતાના એકમાત્ર વિશ્વાસુ સલાહકાર તરીકે તથા પોતાની જાતના જ એક પ્રતિરૂપલેખે પોતાના આ નાના પુત્ર પર શ્રીમતી ગાંધી વધુ આધાર રાખતાં થયાં.

ગયે મહિને નવ રાજ્યોની વિધાન સભાઓની ચૂંટણીઓ પૈકી આઠ રાજ્યોમાં કૉંગ્રેસ પક્ષનો વિજય સંજય ગાંધીની વ્યૂહરચનાને આભારી હતો. માતાને માટે સંજયનું એ છેલ્લું રાજકીય મિશન બની ગયું હતું. રાજ્ય સરકારો પર, ખાસ કરીને ઉત્તરના હિન્દીભાષી વિસ્તારમાં કૉંગ્રેસ પક્ષનું વર્ચસ જમાવવા તથા પક્ષ પર ગાંધી પરિવારનો અંકુશ દૃઢ બનાવવા આ ચૂંટણીઓનો પાસો નાખવામાં આવ્યો હતો. સંજયે બન્ને ઉદ્દેશો કુશળતાપૂર્વક સિદ્ધ કર્યા અને પરિણામે ચૂંટણીઓ પછી બહાર આવેલા કૉંગ્રેસ પક્ષ પર સંજયની જ મુદ્રાવાળા ઘણીવાર મનસ્વી જણાતા ક્રિયાશીલ એવા યુવાનોનું વર્ચસ જમ્યું છે. ઈન્દિરા ગાંધીને માટે બે ધારા આશીર્વાદ સમાન આ કદાચ પુરવાર થશે.

તરતના ગાળામાં સંજયના આ માણસો પક્ષમાં તથા સંસદમાં શ્રીમતી ગાંધી તરફ પોતાની વફાદારી વાળશે. પણ સંજય ગાંધી જેનો પોતાના લાભમાં વિનિયોગ કરી શકતા હતા તે કાર્યશૈલી અને દૃષ્ટિ-વિચારનું બે પેઢી વચ્ચેનું અંતર તેમને ભિન્ન માર્ગે જવા પ્રેર્યા વિના રહેશે નહિ. સંજયની આ 'શ્વેતશર્ટ' સેના પછી કદાચ છૂટી પડે અને રાજકારણના જમણેરી પ્રવાહમાં એક અકળ એવું નવું બળ બની રહે.

સંજયની સલાહથી વંચિત બનેલાં ઈન્દિરા ગાંધી, પુત્રે જેમને સ્થાનભ્રષ્ટ કરેલા એવા કેટલાંક પીઢ કૉંગ્રેસીઓ તરફ વળે. તેમ વળી સંજયની મુક્ત સાહસની ભાવના કરતાં પોતાને માટે જે વધુ સહજ છે તે ડાબેરી લોકપ્રિય (પોપ્યુલિઝમ) નીતિઓનો કદાચ આશ્રય લે. પરંતુ સાથી રાજકારણીઓ પ્રત્યેની દાહક શંકાની તેમની પ્રકૃતિ શ્રીમતી ગાંધીને રાજ્યોના નવા મુખ્ય પ્રધાનોને વધુ મજબૂત બનાવવાને માર્ગે કદાચ લઈ જાય. મોટા ભાગના આ મુખ્ય પ્રધાનો નથી પીઢ જૂથના કે નથી સંજયની યુવાન ટોળીના. છેલ્લા છ મહિના દરમિયાન માતા અને પુત્રના હાથોમાં વધુ ને વધુ સત્તા કેન્દ્રિત થતી હોય તેવું વલણ પ્રત્યક્ષ થવા પામ્યું છે. તેથી ઊલટી રીતે આ નવી પરિસ્થિતિ નીતિ - નિયમોની પ્રક્રિયાનું આવકારપાત્ર વિકેન્દ્રીકરણ સરજે.

પણ ખરેખરો ભય એ છે કે, ઈન્દિરા ગાંધીના હૃદયમાં જે શૂનકાર વ્યાપ્યો છે તે કદાચ ભારતીય રાજકારણના કેન્દ્રમાં સત્તાનો શૂન્યાવકાશ સર્જશે. દિશાદોર વિના ઘસડાવાની લાગણી એ સત્તા પર એમના પુનરાગમનના આ છ મહિનાનું આગળ તરી આવતું લક્ષણ રહ્યું છે. સંજય ગાંધી જ્યારે કૉંગ્રેસ પક્ષનો નવો ઢાંચો ઘડવામાં મશગુલ હતા ત્યારે ઈન્દિરા ગાંધી કોઈક પ્રકારની અંત:પ્રેરણાની ખોજમાં ડઝનબંધ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં સમય ગાળતાં હતાં. દિલ્હીમાં જી-હજૂરિયાઓથી ભરેલી સરકાર નિષ્ક્રિય, લગભગ લકવાની સ્થિતિમાં જણાતી હતી. ચૂંટણી ટાણે અપાયેલાં વચનો વિસરાઈ ગયાં, ભાવો વધતા રહ્યા, ઔદ્યોગિક ઉત્પાદન નીચું જતું ગયું. સ્થાપિત શક્તિ કરતાં ઓછું ઉત્પાદન કરતાં વીજળી બોર્ડોના શિથિલ વ્યવસ્થાતંત્રોને આંચકો આપવા જેવાં સરકારી પગલાં જ્યાં ત્વરિત પરિણામ સર્જે એવી અપેક્ષા રહે ત્યાં પણ કશું જ થતું નથી. એક ખુલાસો એવો થાય છે કે રાબેતા મુજબ રાજકારણ પર સર્વ લક્ષ કેન્દ્રિત કરવામાં આવી રહ્યું હતું. અને તેથી રાજ્યોની ચૂંટણીઓ પતી ગયા પછી હવે સરકાર ખરેખરું શાસન શરૂ કરશે. એક બીજી વાત એવી પણ છે કે શ્રીમતી ગાંધી શાસનની ચિંતાઓનો ઊંડો થાક અનુભવી રહ્યાં છે અને શાસનનાં સૂત્રો સંજયના હાથોમાં સોંપી દેવા તેઓ અનુકૂળ ક્ષણની રાહ જોતાં હતાં.

ભારતનું હિત જેને હૈયે છે તેવું કોઈ શ્રીમતી ગાંધી અત્યારે હોદ્દા પરથી ઉતરી જાય એ જોવા ઈચ્છે નહિ. પણ, સંજયની સાથે શ્રીમતી ગાંધીની ઈચ્છાશક્તિ લોપ પામી હોય તો ભારતના વડા પ્રધાનપદના તેમના તેરમા વર્ષમાં તેમને ઘસડાતી સ્થિતિમાં આગળ ધપતાં જોવાને આ પુત્રવિયોગે દુ:ખી માતા પ્રત્યે જેમને સહાનુભૂતિ છે તેવું કોઈ ઈચ્છશે નહિ. સિદ્ધાંતોને નેવે મૂકીને છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન જે કાવાદાવા ખેલાયા તે માટે ભારતના રાજકારણીઓએ, કૉંગ્રેસ પક્ષમાંના અને બહારના ઉભય રાજકારણીઓએ ઘણો જવાબ આપવાનો રહે છે. ગાંધી પરિવાર સામે રચનાત્મક વિકલ્પો રચવાનું આરંભીને તેમની પોતાની પરિપક્વતા અને ભારતીય લોકશાહીની પુખ્તતા દાખવવાનો તેમને માટે આ સમય છે.

– ઇકોનોમિસ્ટ, લંડનનો અગ્રલેખ

ભૂદાન

ભૂદાન પ્રવૃત્તિ માણસના મનને ઉદાર અને ઉદાત્ત બનાવે છે.

આપણામાં કહેવત છે કે જમીન, જોરુ અને જર એ ત્રણ કજિયાનાં ઘર. જમીનના કજિયાઓમાં મારામારી અને ખૂન થયાં છે. કોર્ટ, કચેરી અને વકીલોની ફીમાં કુટુંબો બરબાદ થઈ ગયાં છે.

જમીનની માલિકી વિશેનો આવો અભિગમ બદલી તેને દાનવૃત્તિમાં ફેરવવો એ ભગીરથ કાર્ય ભૂદાન પ્રવૃત્તિ કરે છે અને એ સફળ થાય તો મનુષ્ય સ્વભાવમાં ભારે પલટો આવી જાય એટલે ભૂદાન જેવો સારો વિચાર સફળ નથી થતો એ વિશે વિચાર કરવાની જરૂર છે.

સારા વિચારો તો ઘણાય હોય છે, પણ જ્યાં સુધી તેનો આચાર કરી શકાય નહીં ત્યાં સુધી તે વંધ્ય ગણાય.

ગાંધીજી જે વિચાર કરતાં તેને અમલમાં મૂકવા એક વ્યક્તિને પસંદ કરી, તેને તૈયાર કરી તેને કાર્યાન્વિત બનાવતા. જેમકે શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીને ખાદીના રાજા કહી બિરદાવ્યા ને પોતાના માર્ગદર્શન નીચે તેમની પાસે ખાદી કાર્ય કરાવ્યું.

ગાંધીજીના પણ બધા વિચારો અને સૂચનો સફળ થયાં જ છે એવું નથી. એમનું સૂત્ર કાંતે તે પહેરે અને પહેરે તે કાંતે–એ વિશે એમના આગ્રહ છતાં સમાજે સ્વીકાર્યું નહીં અને ખાદી પહેરનારા તો રહ્યા પણ કાંતે તે જ પહેરે એ બન્યું નહીં.

આ દૃષ્ટિથી ભૂદાન પ્રવૃત્તિનો આપણે વિચાર કરીએ. વિનોબાજીની સૂચનાથી અને ભૂદાન અને ગ્રામદાનના કાર્યકર્તાઓના આગ્રહથી મુંબઈ સરકારે તેમની સૂચનાને અનુકૂળ થાય એવો ગ્રામદાન કાયદો પસાર કર્યો, તે ધારાસભામાં પસાર થયો, પણ તેની નીચે એક પણ ગ્રામદાન થયું નથી. ભૂદાન પ્રવૃત્તિ સંપૂર્ણ સફળ ન થઈ એનું એક કારણ એ છે કે તેને વ્યવહારમાં ઉતારવાની સામગ્રી, વ્યવસ્થા અને મનુષ્યબળ શોધી તેને યોગ્ય રીતે ગોઠવ્યાં નહીં. ભૂદાનમાં કેટલાક લોકોએ પોતાની હલકી પ્રતની જમીન આપી એમ કહેવાય છે પણ જમીન આપી તો ખરી ને. એટલો જમીન પરનો મોહ છોડયો એ એક સિદ્ધિ છે.

આ રીતે ભૂદાનમાં મળેલી જમીન કોને આપવી, એને માટે કાયદેસર વિધિ શું કરવી, કોણે કરવી એનો કોઈએ વિચાર કર્યો નહીં. જમીનનો માલિકી હક્ક બદલાય ત્યારે તેનો દસ્તાવેજ થવો જોઈએ, તેની ઉપર કિંમતના પ્રમાણમાં સ્ટેમ્પ લગાડવો, દસ્તાવેજ રજિસ્ટર કરવો અને જેને સાતબારનો ઉતારો કહે છે તેમાં તેના મોંબદલાની નોંધણી કરવી જોઈએ. આ બધું કોઈએ કર્યું નહીં, વિચાર્યું નહીં તેને પરિણામે સમાજને ઉન્નતિપથ પર લઈ જવાનો જે એક માર્ગ હતો તે માર્ગ ઉપર કોઈ ગયું નહીં.

તા. ૧ જુલાઈ ૧૯૮૦ના 'ભૂમિપુત્ર'ના અંકમાં બીજા પાન ઉપર "વિનોબા-નિવાસે"થી એ મથાળા નીચે બહેન કુસુમે લખ્યું છે તેમાં નીચે પ્રમાણે છે:

"એમના એક ભારતી સોબતીએ એક પ્રશ્ન પૂછયો: ભૂદાનનું કાર્ય અધૂરું કેમ રહ્યું? સફળ કેમ ન થયું?"

બાબા: અધૂરા કામને તમારે પૂરું કરવાનું - તમારે માટે એ બાકી રહ્યું છે, જો એ પૂરું થઈ જાત તો તમારે માટે કશું કામ જ ન રહેત."

વિનોબાજીનો આ ઉત્તર સમર્થક નથી. કાર્ય અધૂરું રહ્યું અને સફળ ન થયું એનો જવાબ ન આપતાં જુદી જ વાત કહી કે અધૂરા કામને પૂરું કરવાનું ..... જો પૂરું થઈ જાત તો તમારે માટે કામ ન રહેત. આ ઉત્તરનો પાછલો ભાગ યોગ્ય નથી.

ભૂદાન ગ્રામદાનમાં મળેલી જમીનનું સંચાલન કરવાનું રહેત જ એટલે એ કેમ અધૂરું રહ્યું એનો વિચાર કરવો જોઈએ.

મારા મત પ્રમાણે ભૂદાનનો વિચાર પ્રજાએ સ્વીકાર્યો પછી તેને વ્યવહારમાં ઉતારવાની તૈયારી, સાધનો અને માણસો વિનોબાજીએ તૈયાર કર્યા નહીં અને પરિણામે જે એક વિચાર જે ઉચ્ચ કોટીનો, મનુષ્યના મનને ઉદાર અને ઉદાત્ત બનાવે છે તે સફળ ન થયો. એ વાતનો મને અફસોસ છે.

તેથી મારી વિનોબાજી અને એમના શિષ્યોને વિનંતી છે કે ભૂદાનને સફળ બનાવવા માટે જે ક્ષતિઓ મને દેખાઈ તે મેં ઉપર જણાવી છે. તે ને તેવી બીજી ક્ષતિઓ દેખાય તો તેને દૂર કરવા ઉપાય કરવો તે તેમનો ધર્મ છે.

એમ કહી શકાય કે મારા જેવી વ્યકિત જેણે ભૂદાનમાં કઈ ભાગ લીધો નથી તેને આવી ટીકા કરવાનો શો અધિકાર છે? તેનો ઉત્તર એટલો કે આ પ્રવૃત્તિ સફળ થાય તેવા શુભેચ્છકોમાં હું મારી જાતને ગણું છું તેથી આ લખું છું.

તા. ૮-૭-૮૦

ખાર

– શાંતિલાલ હરજીવન શાહ

આગામી પર્યુષણ

વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વખતે તા. ૬-૯-૮૦થી ૧૪-૯-૮૦ સુધી એમ નવ દિવસ માટે યોજવામાં આવી છે. નક્કી થયેલા વકતાઓનાં નામો નીચે પ્રમાણે છે. સંપૂર્ણ કાર્યક્રમ હવે પછી પ્રગટ કરવામાં આવશે.

★

શ્રી મોરારજી દેસાઈ
પરમપૂજ્ય સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
ફાધર વાલેસ
પ્રો. પુરુષોત્તમ માવળંકર
ડૉ. રમણલાલ ચી. શાહ
આચાર્ય શ્રી ચીનુભાઈ નાયક
ડૉ. સુરેશ દલાલ
શ્રીમતી મૃણાલિની દેસાઈ
ડૉ. મધુસૂદન પારેખ
પ્રો. રમેશભાઈ ભટ્ટ
ડૉ. કાન્તિલાલ કાલાણી
વ્યાસ શ્રીપ્રકાશ ત્રિપાઠી
પ્રો. તારાબહેન ર. શાહ
ડૉ. કુમારપાળ દેસાઈ
શ્રીમતી અંજનાબહેન સોનાવાળા
શ્રી જગદીશભાઈ પી. શાહ
શ્રી શશિકાન્ત મહેતા

આ વર્ષે પણ વ્યાખ્યાનમાળાનું સ્થળ ચોપાટી ઉપર આવેલ બિરલા ક્રીડા કેન્દ્રનું સભાગૃહ રહેશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

રશિયાની મનોવૈજ્ઞાનિક જેલમાં ડોકિયું

અફઘાનીસ્તાનમાં રશિયાએ આક્રમણ કર્યું એની સામે, સ્વાતંત્ર્ય પ્રેમી અફઘાનોનો એવો વિરોધ જાગ્યો છે કે રશિયાને માટે તો સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે. અલબત્ત, જે સમાચારો આવે છે તેમાં અતિશયોક્તિ પણ હશે પરંતુ રશિયામાં થનારી ઓલિમ્પિકની સ્પર્ધા માટે અફઘાનીસ્તાને મોકલેલી બાસ્કેટબોલ ટીમ લગભગ આખે-આખી પાકિસ્તાનમાં રાજકીય આશ્રય માગી રહી છે, એ અફઘાન પ્રજાનું રશિયન આક્રમણ પ્રત્યે કેવું માનસ છે તે બતાવે છે. બબરાક કરમાલને પણ રશિયનોએ કઠપૂતળી હાલતમાં મૂક્યા છે એવા સમાચાર આવ્યા છે. અલબત્ત, આ લેખનો હેતુ, રશિયન અફઘાન પરિસ્થિતિની ચર્ચા કરવાનો નથી પરંતુ અફઘાન પ્રજાના વીરોચિત વિરોધના સંદર્ભમાં ખુદ રશિયાના કેટલા ભડવીરો પણ કેવો વિરોધ કરી રહ્યા છે, માનવીય અધિકારોને કચડી નાખવાની રશિયાની નીતિ સામે કેવો પોકાર પાડી રહ્યા છે અને એવો પોકાર પાડનારાઓને રશિયન જુલ્મગારો કેવી પૈશાચી યાતના પહોંચાડી રહ્યા છે તેનું નિરૂપણ કરવાનો છે; અ.. પૈશાચી યાતના પહોંચાડવાના એક સાધન તરીકે તેઓ વિજ્ઞાનનો કેવો કારમો ઉપયોગ કરી રહ્યા છે તે વર્ણવવાનો છે; વિજ્ઞાન જેમ ઉપકારક બની શકે એમ છે તેમ સંહારક પણ બની શકે એમ છે તે નિરૂપવાનો છે.

વાતનો પ્રારંભ આપણે વિશ્વવિખ્યાત ગણિતશાસ્ત્રી-અને કવિ-પણ-એલેકઝાંડર યેસેનીન વોલ્પીનની યાતના-કથાથી કરીએ. આ વોલપીન માટે અને બીજા એક વિજ્ઞાની પ્લ્યુશ, જેની કથા પાછળ આવે છે તેને માટે દુનિયાભરના હજાર જેટલા અગ્રગણ્ય ગણિતજ્ઞોએ ભેગા મળીને અવાજ ન ઊઠાવ્યો હોત અને ઠેઠ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા સુધી એ અવાજ ન પહોંચાડયો હોત તો વોલ્પીન અને પ્લ્યુશ આજે હયાત હોત કે કેમ એ શંકા છે.

વોલ્પીન એક સોહામણો, ભૂરી આંખવાળો યુવાન. "કવિતાનો એને શોખ, પણ એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ તો મળી એની મેથેમેટિકલ લોજીક" ઉપરનાં પુસ્તકો અને સંશોધનોથી. પચ્ચીસ વર્ષના આ સોહામણા યુવાને એક દિવસે પોતાના સમાનધર્મા મિત્રોને ભેગા કર્યા અને એમની સમક્ષ, સ્તાલિનની નીતિનો કટાક્ષ કરતું એક કાવ્ય વાંચ્યું. એ કાવ્ય પ્રસિદ્ધ તો થઈ શકે એમ હતું જ નહિ, કેટલા બધા મિત્રોએ એ કાવ્ય મોઢે કરી લીધું અને એ રીતે એનો પ્રચાર કર્યો. (રશિયામાં ઘણાં વિરોધી કાવ્યો આ રીતે જ મુખપાઠથી જ જળવાઈ રહ્યાં છે.)

વોલ્પીનના કાવ્યને યાદ રાખી લેનારાઓમાં એક એવો પણ નીકળ્યો જેણે જઈને એ કાવ્ય રશિયાની છૂપી પોલીસ (કે. જી. બી.) ને સંભળાવ્યું. અને બીજે જ દિવસે વોલ્પીનને એના યુક્રેનના વતનમાંથી પકડીને મોસ્કો લઈ જવામાં આવ્યો. એને એક કહેવાતી તબીબી સંસ્થા-સરબાસ્કી ઈન્સ્ટિટયુટમાં મોકલી આપવામાં આવ્યો, ત્યાં એની "તપાસ" થઈ. એ પાગલ છે એવું જાહેર કરવામાં આવ્યું અને લેનીનગ્રાડના તુરંગની માનસ-ચિકિત્સા હોસ્પિટલમાં એની ભરતી કરવામાં આવી.

એ સ્તાલીનના દિવસો હતા અને વોલ્પીને કર્યો હતો તેવો "ગુનો" કરનારને તો સાઈબેરિયામાં પચ્ચીસ વર્ષની સખત મજૂરીની સજા થતી, પણ વોલ્પીનને લેનીનગ્રાડ તુરંગની માનસ ચિકિત્સા હોસ્પિટલમાં મૂકવામાં આવ્યો એટલે પોતે નસીબદાર છે એમ વોલ્પીન માનવા લાગ્યો. એ વખતે તો લેનીનગ્રાડના આ તુરંગમાં માનસ-ચિકિત્સાના બહાના હેઠળ કોઈ વૈજ્ઞાનિકને ત્રાસ આપવામાં આવતો નહોતો. ૧૯૫૦માં તો, એક કમીશને, "વોલ્પીન ભયંકર માણસ હોવા છતાં એને જેલમાં રાખવાની જરૂર નથી." એમ કહીને છોડી મૂકાવ્યો હતો.

પણ વોલ્પીન જેનું નામ, એણે તો છૂટયા પછી પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી. એટલે ૧૯૫૭માં જ્યારે મોસ્કોમાં વિશ્વ યુવક ઉત્સવ ઉજવાયો ત્યારે, વોલ્પીનને વિદેશી પ્રતિનિધિઓ સાથે ભળતો અટકાવવા માટે એક દિવસ અચાનક જ પકડી લેવામાં આવ્યો હતો અને મોસ્કોની ગાનુસ્કીન માનસ ચિકિત્સા હોસ્પિટલમાં મૂકી દેવામાં આવ્યો હતો.

મહિના પછી એને છોડયો તો વળી પાછું એણે ઉભાડિયું કર્યું અને ફરી એને ૧૯૬૦માં લેનિનગ્રાડની માનસ ચિકિત્સા હોસ્પિટલમાં મૂકી દેવામાં આવ્યો. અહીં એના પર તબીબી વિજ્ઞાનના "ઉપચારો" શરૂ થયા. વોલ્પીનનું લોહીનું દબાણ, રાબેતા મુજબના દબાણ કરતાં પણ ઘણું ઓછું રહેતું છતાં એને લોહીનું વધારે દબાણ છે એવું કહીને એને રિસર્પિન નામની લોહીનું દબાણ ઓછું કરવાની દવા આપવા માંડી. (આ દવા ભારતમાં પણ જાણીતી છે) આને કારણે એને પ્રસંગોપાતે ખૂબ ઠંડી ચઢતી, અંગો અકડાઈ જતાં અને એ અકળાઈ જતો. આમ છતાં વોલ્પીન છાતીવાળો માણસ હતો. એણે લખેલાં કાવ્યોની નકલ ચોરીછપીથી રશિયા બહાર મોકલવામાં આવી હતી અને એ પશ્ચિમનાં દેશોમાં પ્રસિદ્ધ થઈ હતી એ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ રશિયાના સરકારી વાજીંત્રોએ એને દેશદ્રોહી તરીકે અને "ઝેરી છોડ" તરીકે વર્ણવવા માંડયો, અને જેલમાં એને એવી દવાઓ આપવા માંડી જેથી એનું શરીર ભાંગી જાય, જાત જાતની યાતનાઓ થાય, શરીરનું કોઈ અંગ સ્થિર ન રહે એવું પણ થાય અને બીજું ઘણું થાય.

આ બધી યાતનાઓ છતાં વોલ્પીનનું મન ભાગ્યું નહિ તે નહિ જ. એને દવા આપવા આવતા ડોકટરને એ કહેતો "સાલા તમે તો બધા ઊંટવૈદ્યો છો. તમને તો બધાને અદાલતમાં ખેંચવા જોઈએ.' વોલ્પીન, હિમ્મતથી બીજા રાજદ્વારી કેદીઓ સમક્ષ ભાષણ કરતો અને તેમને તેમના હક્કો શું છે તે સમજાવતો. આ બધી કારવાઈ માટે તેને, સંપૂર્ણત: પાગલ એવા માણસોના વોર્ડમાં મૂકવામાં આવ્યો.

અને રશિયન સરકારનાં આ પગલાંથી દુનિયાભરમાં ઉહાપોહ મચી ગયો. વોલ્પીનની કૃતિઓ ખૂદ રશિયન એકાદમી ઓફ સાયન્સીસે ગૌરવભેર પ્રસિદ્ધ કરી હતી અને આંતરરાષ્ટ્રીય ગણિત પરિષદોમાં વોલ્પીનને આમંત્રણ પણ મળતાં હતાં. આથી ખુદ રશિયાના ૯૫ જેટલા વિખ્યાત વિજ્ઞાનીઓએ વોલ્પીનને છોડી મૂકવાની અપીલ કરી અને રશિયન સરકારને આખર એને મુક્ત કરવો પડયો... અને એને રશિયા છોડવાની રજા આપવી પડી!

રશિયા છોડીને એ કાયમને માટે જતો હતો ત્યારે મોસ્કોના સ્ટેશન પર એને વિદાય આપવા વિજ્ઞાનીઓનું એક મોટું ટોળું જમા થયું હતું. એ ટોળામાં રશિયન છૂપી પોલીસ (કે. જી. બી.)ના પણ ઘણા માણસો હતો. એમને ઉદ્દેશીને વોલ્પીને પોતાના રેલના ડબ્બાની બારીમાં ઊભા ઊભા માનવીય અધિકારો અંગ્રેનું એક ભાષણ ઝાડી કાઢયું હતું. કેવી હિમત!

આજે વોલ્પીન અમેરિકાના બોસ્ટનમાં રહે છે!

હવે વોલ્પીન જેવા જ એક બીજા વિખ્યાત ગણિતશાસ્ત્રી લિયોનિડ પ્લ્યુશની વાત કરીએ. આ વિજ્ઞાનીની સામ્યવાદમાંની માન્યતા હજી અફર છે. એણે "સાચા સામ્યવાદી સમાજની રચના" એ નામનું પુસ્તક પણ લખ્યું છે. આ પુસ્તકમાં એણે "જકરની પ્રાથમિક જરૂરિયાતોની પકડમાંથી માનવીના આત્માને મૂકિત અપાવવાની" વાત કરી છે. આવી માન્યતાઓને કારણે જ એણે માનવીય અધિકારો માટેની ઝૂંબેશ ખુદ રશિયામાં ઉપાડી હતી. મોસ્કોમાં ચાલેલા એક રાજદ્વારી મુકદ્દમા સામે એણે ખુલ્લો પત્ર લખ્યા પછી એને પકડી લેવામાં આવ્યો હતો અને જેલના "માનસ ચિકિત્સકો' એ એને તપાસીને એ "સુધારાવાદી ભ્રમણા" સેવી રહ્યો છે અને એને સ્કીઝોફ્રેનિયા નામનો માનસ રોગ થયો છે એવું નિદાન કર્યું હતું. ત્રણ ત્રણ વાર એની આવી રીતે તપાસ કરવામાં આવી હતી અને ત્રણે વાર એને પાગલ ઠરાવવામાં આવ્યો હતો. અને એને નિઝ્રોપ્રેટોવ્સ્કના પાગલ ખાનામાં મોકલવામાં આવ્યો હતો. ત્યાં પહોંચતાં જ એને, માણસના મનોબળને તદ્દન નિર્બળ બનાવી દે એવા ન્યુરોલેપ્ટિકસ નામનાં ઔષધો મોટા પ્રમાણમાં આપવા માંડયા હતા. થોડા જ દિવસે એક નર્સે, એનું મનોબળ નબળું પડી ગયું હશે એમ માનીને, પોતે પાગલ છે અને દેશને નુકસાન કર્યું છે એવું કબુલ કરી દેવાનો આગ્રહ કર્યો હતો. પણ પ્લ્યુશ ડગ્યો નહોતો. એટલે એને પૂરા પાગલોના વોર્ડમાં મૂકવામાં આવ્યો હતો (આપણે ત્યાં મૂણાલ ગોરે સાથે કરવામાં આવ્યું હતું તેમજ સ્તો!) આ વોર્ડમાં કેટલાક કેદીઓ જોરશોરથી બૂમો જ પાડયા કરતા હતા. બીજા કેટલાકને, શરીરમાં ખૂબ દર્દ થાય એવી દવા અપાઈ હોવાથી, દર્દમાં આમ તેમ તરફડિયાં મારતા હતા એવા લોકોની જીભ કૂતરાની જીભની જેમ બહાર લટકતી હતી. બીજા કેટલાકને આંચકીઓ આવતી હતી.

પ્લ્યુશ ડગતો નહોતો એટલે એની યાદદાસ્ત નાબૂદ થઈ જાય એવાં ઔષધો આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આવા ઔષધોની

અસર હેઠળ આવીને પોતાના અંતરાત્માને દગો દેવાને બદલે, પોતાનો જાન દઈ દેવો એવો પાકો નિશ્ચય પ્લુશે કરી રાખ્યો હતો.

રોજેરોજ ભયંકર નિર્દય રીતે જે માર કેદીઓને મારવામાં આવતો હતો તેનો પ્લુશ સાક્ષી હતો.

પ્લુશ, મનોવિજ્ઞાન, સ્ટ્રકચરલ સાયન્સ વગેરેનાં પુસ્તકો વાંચીને પોતાની હિમ્મત ટકાવી રાખતો હતો એ જોઈને એના મનને નિર્બળ બનાવનારાં ઔષધોનું પ્રમાણ ઘણું વધારી દેવામાં આવ્યું હતું. આ ઔષધોની અસર હેઠળ એનાં અસ્થિર બનતાં મનની સાક્ષી એના અસ્પષ્ટ કાગળો (કુટુંબ પર લખાયેલા) પૂરતા હતા.

પ્લુશના વોર્ડની એક સ્ત્રી ડૉક્ટર તો ખાસ કરીને ક્રૂર હતી. એ કેદીઓને સલ્ફર એટલે કે ગંધકના ઈન્જેક્શન આપતી જે કેદીઓનાં શરીરને ભયંકર આંચકો લાગે અને એ નિશ્ચેષ્ટ બની જાય.

પ્લુશને હેલોપેરીડોલ નામનું સ્મૃતિનાશક અને સ્નાયુનાશક ઔષધ શરૂ કરવામાં આવ્યું તે પછી તો એને જોનાર એની પત્ની પણ એને ઓળખી શકી નહોતી. પત્ની સન્મુખ આવતાં એ એની સાથે બોલી પણ શકયો નહોતો, એ હાંફવા માંડયો હતો અને હવા મેળવવા માટે બદન પરના કપડાના બટન કાઢવાનો એણે પ્રયત્ન કર્યો હતો પણ બટન પણ એનાથી નીકળી શકયાં નહોતાં. પત્ની અને પુત્રને માનસિક ત્રાસ આપવા માટે જ આ બધું કરવામાં આવ્યું હતું પણ પ્લુશે, મુલાકાત, નિર્ધારિત સમય કરતાં વહેલી પતાવીને પોતાનું દુ:ખ પોતાના પત્ની બાળકોની નજરે નહોતું પડવા દીધું.

પ્લુશને કલાકો સુધી પલંગ સાથે બાંધી રાખીને ઈન્સ્યુલીનના શોક આપવામાં આવતા હતા. (માનસિક રોગમાં આવા ઈન્સ્યુલીનના શોકનો ઉપચાર મુંબઈની હાસ્પિટલોમાં પણ થાય છે.)

પછીનો એક સમય એવો આવ્યો જ્યારે પ્લુશ વાંચી પણ નહોતો શકતો અને લખી પણ નહોતો શકતો. પ્લુશની પત્ની ટાટિયાનાને આની જાણ હતી અને એણે બ્રિટન, અમેરિકા અને યુરોપના ઘણા વિજ્ઞાનીઓને એની જાણ કરી હતી, આ દેશોના હજારો ગણિતશાસ્ત્રીઓએ એક અરજી ઘડી કાઢી અને રશિયન સરકાર પર મોકલી.

...અને રશિયાએ પ્લુશને મુક્ત કર્યો, એને એક દિવસ બોલાવીને કહેવામાં આવ્યું! આ સારાં કપડાં, આ ટાઈ વગેરે પહેરી લે અને તારી પત્ની તને ઈઝરાઈલ લઈ જવા માગે છે ત્યાં જા. પ્લુશે પોતાના ફાટેલાં ગંદા કપડાં માગ્યાં પણ એવાં કપડાં પહેરીને પ્લુશ ઈઝરાએલ જાય તો લોકો શું ધારે? એટલે એણે સારાં કપડાં અને ટાઈ પહેરવી એવો આગ્રહ કરવામાં આવ્યો. પ્લુશ કહે: મેં જીંદગીમાં ટાઈ નથી પહેરી અલબત્ત, એ ટાઈ વિનાનો છતાં નવો સુટ પહેરીને ટ્રેન મારફત વિયેના ગયો. ત્યાં લાંબી સારવાર પછી એ સારો થયો અને અત્યારે એ અને એનું કટુંબ પેરીસમાં સ્થિર થયું છે. પ્લુશ ભાષણો આપીને માનવીના અંતરાત્માને જગાડવા અને ગણિતનાં સંશોધનો કરવાની પ્રવૃત્તિમાં ઘણો વ્યસ્ત રહે છે.

– મનુભાઈ મહેતા

(ન્યુયોર્ક ટાઈમ્સ માં પ્રગટ થયેલી મુલાકાતોને આધારે)

'નર્તન કરતી વર્ષા આવી'

આકાશમાં વાદળોની વણઝાર ચાલી જાય છે; મેઘાડંબર ગાજી રહ્યા છે; પવન ભમરાની જેમ ભમી રહ્યો છે; વિજળી લક્ષ્મણ-રેખાઓ દોરી રહી છે; ઘનઘોર ઘટા છવાઈ છે. આ જોઈને સ્વ. કવિબોટાદકરની પંકિત યાદ આવે છે:–

અભ્રો અનેક સમરાંગણ ઘેરી ઊભાં.
સેનાનીના રણનિદેશની વાટ જોતાં;

આકાશ જાણે સમરાંગણ, મેઘ સેનાધિપતિ અને ધરતી પર તૂટી પડવા 'આગેકુચ' હુકમની રાહ જોઈ રહેલાં વાદળાંરૂપી સૈનિકો. કેવી સુંદર ઉપમા?

આવા વાતાવરણને અવલોકીને મહાકવિ કાલિદાસે 'મેઘદૂત'નું અમર કાવ્ય રચ્યું અને કહ્યું:

(ભાવાર્થ: "અષાઢ માસના પ્રથમ દિવસે પર્વત–ઢાળ પર આક્રમણ કરતા મદોન્મત્ત હાથી જેવા મેઘ (વર્ષાના વાદળો) દેખાયાં. વળી, વર્ષાઋતુમાં જેમના પ્રિયજનો પાસે જ હોય છે- એટલાં નિકટ કે જાણે કંઠે આલિંગન કરી રહેલાં હોય – તેઓ પણ વ્યાકુળ થઈ જાય તો જેમનાં પ્રિયજનો દૂર-સુદૂર હોય તેઓની શી દશા થતી હશે?")

વસંત જેમ કોયલની ઋતુ, તેમ વર્ષા છે મોરની મોસમ. તૃષાતુર ધરાનો દૂત બનીને મોરલો મેઘને 'મે આવ, મે આવ'ના મીઠાં આમંત્રણ આપે અને મેઘ અમીધારા વડે વસુધાનો અભિષેક પ્રારંભે. 'ચાંચમાં વાદળનો ટુકડો લઈને સારસ આવે'ને વર્ષાનો આરંભ થાય.

વર્ષાઋતુનું ક્રમાનુસાર વર્ણન કરતી શ્રી કનૈયાલાલ દવેની એમનાં લોકપ્રિય "વર્ષા" કાવ્યની કેટલીક મનમોહક પંકિતઓ માણીએ :–

'આથમતા ઉનાળાનો ઉકળાટ જરા ઓસરતો'તો,
કારણ, ધરતીના ધણી તણા અનુચરનો પદ સંચરતો'તો;
ધીમો ધીમો ઠંડો ઠંડો, વાયુ લ્હેરી લ્હેરાતી'તી
સ્વાતિ બિંદુ સમ ઝીણી ઝીણી છાંટ જરા વેરાતી'તી,
કરે ડોકિયાં આમતેમ, ઝબકારા કરી શરમાતી'તી,
ઘડી આભને, ઘડી આંખને આંજી, ઊડી જાતી'તી.
તેમજ, "સુરજ સંધ્યામાં સરતો'તો, મેઘ વરસું વરસું કરતો'તો
થોડો અમીરસ ઝરતો'તો" ('પાન' કાવ્ય)

આમ, વર્ષાની સુમંદ ધારા, પંખીના પીંછાની જેમ હાલક ડોલક થતી આકાશમાં ઉતરી રહી હોય તેને પાકિસ્તાનના મશહૂર શાયર 'કતીલ શફાઈ' કેવા અંદાજથી પેશ કરે છે:

ગુનગુનાતી હુઈ આતી હૈં ફલક્સે બુંદે,
જૈસે કોઈ બદલીતેરી પાજેબસે ટકરાઈ હૈ."
(ફલક=આકાશ પાજેબ=ઝાંઝર. બદલી=વાદળી.)

જ્યારે કવિ હરીન્દ્ર દવે મેઘને આમ પ્રાર્થે છે. "તમે વરસાવો અમૃતની ધારે વરસાદ" તથા "ચાલ વરસાદની મોબમ છે, વરસતા જઈએ."

આવી રસીલી ઋતુમાં, એક દિવસ કૃષ્ણ કનૈયો રીસાઈ જવાના ઢોંગ રચે છે ત્યારે...

'ઝરમર ઝરમર મેહૂલો વરસે
વચ વચ ઝબૂકે વીજ,
બહાવરી ગોપીઓ આંખ ભરી વિનવે,
કૃષ્ણ! હવે તો રીઝ!'

જગપ્રસિદ્ધ આંગ્લ કવિ શેકસપીયર એમની અમર નાટયકૃતિ 'મર્ચન્ટ ઓફ વેનિસ'માં, વર્ષાની રસધારાને 'દયા'ના સંદર્ભમાં સુંદર રીતે આમ વર્ણવે છે.

(ભાવાર્થ = માનવહૃદયમાંથી દયા (અનુકંપા)ની સરવાણી પરાણે કંઈ ફૂટતી નથી. એ તો પ્રગટે છે સહજપણે આકાશમાંથી ધરતી પર સરી પડતી વર્ષાની સુકોમળ ધારાની જેમ).
એવામાં તો.

ઘનન ઘનન ઘનઘોર ઘટા, ગર્જે તર્જે, બાદલ ઊમટે,
ગડગડાટ, થડથડાટ, ગડગડ ઉમડ ઉમડ લપટેઝપટે;
સૂમ સનનન સૂમ સનનન વાયુ વીંઝણો ના અટકે,
ખડખડ ખખડે ઝાડ ઝાંખરા ઊડે કાંકરા, મીટ મટકે.

અને પછી

વ્યોમ વંટોળે, વીજ કડાકે, મૂશળધારે વરસ્યો જોયો,
આણું આણુંમાં ધરપત થઈ ગઈ, તોય પપૈયો તરસ્યો જોયો.

(કવિ કનૈયાલાલ દવે)

જોતજોતામાં, બારે મેઘ તૂટી પડે છે. આભ અનરાધાર વરસે છે.

છે. પરિણામે, વિરાટકાય પહાડો નખશીખ સ્નાન કરીને સ્વચ્છ થાય છે. શોષાઈ ગયેલાં જળાશયો જળસભર બને છે. તૃષાતુર ધરતીમાતા રસતરબોળ બની મ્હાલે છે. કવિ આગળ કહે છે:–

પર્વત પરથી ધૂધ્ ધૂધ્ કરતો જળધોધ ધરા પર પડતો'તો

અને આવા મદ મસ્ત વાતાવરણમાં

સોળ કળાએ મસ્ત મયૂરને થન થન નૃત્ય કરંતો જોયો,
દાદરનો દેકારો, ચાતક ચકવી સંગ ચરંતો જોયો.

કવિ લાભશંકર ઠાકર આ પંક્તિઓ દ્વારા મનોહર વર્ણન કરે છે

જલ ભીંજેલી, જોબનવંતી, લથબથ ધરતી
અંગ અંગથી, ટપકે છે કંઈ રૂપ મનોહર.

અતિ વર્ષાની અવદશાનું કવિ શ્રી બોટાદકરે કેવું સચોટ ચિત્રણ કર્યું?

ના વારિને વસુમતિ અવકાશ આપે.
ના સંઘરે જલનિધિ ઉરમાં લગારે;
મુંઝાઈ બે સદનના અતિથિ સરીખું
જ્યાં જ્યાં પડ્યું સલિલ, ત્યાં બની શાંત સૂતું.

'આદિલ મન્સૂરી' આ દશ્યને કેવી રીતે નિહાળે છે તે જોઈઓ.

ભલે ઉનાળે હૈયું બાળે
ચોમાસે મનહરતી પૃથ્વી,
ચારે બાજુ પાણી પાણી
વચ્ચે એકલ તરતી પૃથ્વી.

આમ, 'ચોમાસું એવું તે બેઠું કે ચીતરેલી નદીઓ ય છલકાવા માંડી" હવે ધરા જલદાનથી ધરાઈ ગઈ છે. સુધારસથી સંતૃપ્ત થઈ ગઈ છે. મેઘ વરસી વરસીને આખરે થાકે છે. ત્યારે કવિ બોટાદકર પુનઃ પોતાની કલમ આગળ ચલાવે છે:

રેડી મહા પ્રલય તૂલ્ય અચિંત્ય વારિ
ભૂમિ અને જલધિનો દૃઢ ભેદ ટાળી
સંતપ્ત ઊર્વિ ઉરને રસથી રીઝાવી
લેતો વિરામ નભમાં ઘડી મેઘ થાકી.

આમ જ્યારે મેઘ આરામ લે છે ત્યારે આછો-પાતળો તડકો નીકળી પડે છે. તેને કવિ કેવા કોમળ શબ્દોથી વર્ણવે છે!

ને તડકાનો ટુવાલ ઘોળો
ફરી રહ્યો છે ધીમે ધીમે

(લાભશંકર ઠાકર)

હવે 'મનભાવન સાવન' માસ આવે છે. મેઘરાજાએ પોતાની જાદુઈ વર્ષા પીંછી વડે ભૂખરી ધરતીને લીલીછમ રંગી નાંખી છે. આંખને ઠારે એવો લીલો સ્પર્શ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. એટલે જ કવિ કહે છે "લીલી પૃથ્વી સૂર્યોદયથી નીલમ સમ આલેખાતી'તી" પરંતુ, વિયોગી પ્રેમીજનો માટે આ શ્રાવણ મહિનો શાપ સમાન નીવડે છે. જેમ કે:–

સાવન આયે નિયોગી કો તન
આલી અનંગ લગે અતિ તાવન!

એવી જ રીતે, એક વિરહીણી મેઘને સંબોધીને પોતાની હૃદયવ્યથા આમ ઠાલવે છે.

બરસો રે ... બરસો રે,
કારે બાદરવા!
પિયા પર બરસો...
જૈસે મોરી અંખિયાં બરસે ..... બરસો રે.

વર્ષાઋતુ એટલે

સૃષ્ટિના નવસર્જન–નવચેતનની ઋતુ
વિશ્વલીલાના વૈભવને માણવાની ઋતુ
છલકાતાં સરોવરો ને હસતાં ખેતરોની ઋતુ
વિયોગીજનોના પુનર્મિલનની ઋતુ

મેઘરાજાને પોતાનું Orchestra –વિરાટ વાદ્યવૃન્દ હોય છે. જેમાંથી વિશ્વ–સંગીત ઉદભવે છે. જેમકે:

ઝાડપાન પર ઝરતી બુંદાબાંદીનો મંજૂલ ધ્વનિ
વનપ્રદેશમાં પડતી મૂશળધાર વૃષ્ટિની ગંભીર ગર્જના
આકાશમાં એકબીજા સાથે સંઘર્ષતા વાદળોનો દુંદુભીનાદ
ગગનચૂંબી ઈમારતોની અગાશી પર ટપકતી વર્ષાનો ટુપૂર
ટુપૂર અવાજ
આસ્ફાલ્ટના રાજમાર્ગો પરની લયબદ્ધ વર્ષાધારા
ગામડાંના કીચડથી લથબથ કાચા રસ્તામાં સમાઈ જતો
વરસાદનો બોદો અવાજ
કાચની બારીઓ પણ અથડાતી વરસાદની ઝાપટો
મોટરના હૂડ પર પડતા વર્ષાના તાલબદ્ધ ઠપકારા
પવનના સૂસવાટા સાથે દોસ્તી કરીને પડતા વરસાદનો ઘેરો
નાદ.

આ બધું કેવું વૈવિધ્યપૂર્ણ છતાં તાલબદ્ધ ને લયબદ્ધ? જાણે જોઈ લો તબલા તરંગ અથવા મૃદંગ અને પખવાજની જૂગલ-બંધી. કદિ સુગમ સંગીતની સૂરાવલિ તો કવચિત શાસ્ત્રીય સંગીતની તરજો. કદિ વિલંબિત તો કવચિત દ્રુત લય કદી વાદી તો કવચિત સંવાદી સૂરો. કદીક કર્ણમધુર સંગીત તો કવચિત કર્કષ ધ્વનિ.

અને વર્ષારાણી ઝાંઝર પહેરીને ઝમઝમ નર્તન કરતી આવે ને આ વાદ્યસૃષ્ટિ સપ્ત સૂરોમાં ગૂંજી ઊઠે. સાથે સાથે સમસ્ત પ્રકૃતિ પણ નૃત્યે ચઢે પછી એ નૃત્ય તાંડવ હોય કે લાસ્ય હોય.

ભાદરવો મહિનો બેસે ત્યારે અખિલ સૃષ્ટિ લીલો પોશાક ધારણ કરે છે. આ માસની મહિમા જૂદી જ હોય છે. ભાદ્રપદ એટલે સાધુસંતો માટે સ્થિરતા અને ચાતુર્માસનો સમય. તપશ્ચર્યા, સાધના ને આરાધનાનો મહિનો. વિવિધ વ્રતો અને અલ્પાહારની ઋતુ. ચિંતન-મનનની મોસમ.

સકળ પ્રાણી જગતના કલ્યાણ માટે વર્ષાઋતુનું અનેકવિધ પ્રદાન ખૂબ જ અમૂલ્ય અને આવકાર્ય છે. મહાસાગર-સમુદ્ર, મેઘ, વાદળ, વીજળી, વર્ષા, ધરતી છે. આપણને કેવો અંતબોધ આપે છે? મેઘ સમુદ્ર પાસેથી જે કંઈ મેળવે છે તે ધરતીને સમર્પણ કરે છે. ધરતી મેઘ પાસેથી પ્રાપ્ત કરીને જગ સમસ્તને ચરણે ધરે છે. બન્ને કેવા અપરિગૃહી? વળી મેઘ તો સ જ્જન પણ છે. કારણ...

क्षारं जलं वारिमुचः पिवन्ति तदेव कृत्वा मधुरं वमन्ति ।

પોતે ખારાં પાણી પી જઈને મીઠાં જળ વરસાવે છે!

વર્ષાના આગમનપૂર્વે પશ્ચિમાકાશમાં રંગબેરંગી વાદળોની ચિત્તાકર્ષક રંગલીલા જોઈ છે? જાણે સુંદર કાવ્ય પંક્તિઓ અંકાઈ હોય! વળી એ વાદળોની આકૃતિઓનું વૈવિધ્ય પણ કેવું હૃદયંગમ? છતાં, આ મેઘધનુષી રંગો અને રચનાઓ અલ્પજીવી તથા પરિવર્તન-શીલ હોય છે: એ જ પ્રમાણે વિદ્યુત (વીજળી)ના ઝબકારા અને ચમકારા પણ ક્ષણજીવી હોય છે અને કશું પણ બદલામાં લેવાની વૃત્તિ વિના વર્ષા તો દાનનો પ્રવાહ જ વહાવે છે ને?

આવી રીતે સાગર પાસેથી ઉદારતા અને અપરિગ્રહ, મેઘ તથા વર્ષા પાસેથી સજ્જનતા અને પરોપકારવૃત્તિ, વાદળ ને વીજળી પાસેથી જીવનની ક્ષણભંગુરતા અને અનાસક્તિનો બોધપાઠ લઈએ અને શક્ય એટલું આચરણમાં મૂકીએ. વર્ષાને વંદન કરીએ અને એ આપણને પણ નવપલ્લવિત કરે એવી પ્રાર્થના કરીએ.

– ગુણવંત મ. ઝવેરી

★ સકળ તીરથ તેના તનમાં રે.... ★

વિશ્વ વિવર્તશીલ છે, સંસાર સર્પણશીલ છે, કાલચક્ર પરિવર્તનશીલ છે, ઋતુચક્ર બદલાય છે, યુગ બદલાય છે, યુગે યુગે માણસ બદલાય છે, વિચાર બદલાય છે, આચાર બદલાય છે, યુગધર્મ પણ બદલાય છે તેમ યુગે યુગે શબ્દોના અર્થ પણ બદલાતા રહે છે.

યુગપરિવર્તન, વિચારોમાં ક્રાંતિકારી પરિવર્તનની સાથે સાથે શબ્દોના અર્થઘટનમાં પણ પરિવર્તન થતું રહે છે. ઉદાહરણત: વૈદિક કાળમાં યજ્ઞયાગનો અર્થ હતો દેવતાને ઉદ્દેશીને અગ્નિમાં કરેલો દ્રવ્યત્યાગ અથવા હોમ. કુળની તૃષ્ણા સાથે કરેલ યજ્ઞકર્મ ઉપનિષદ વાઙ્મયને સ્વીકાર્ય ન હતું. ઉપનિષદના કાળથી ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. ઉપનિષદનું અમૃત જેમાં છે તે ગીતામાં યુગાંતરે ગીતાકારે 'યજ્ઞ'નું આધ્યાત્મિક સ્તરે અર્થઘટન કર્યું. યજ્ઞયાગ એટલે ત્યાગ. ત્યાગ શેનો કરવાનો? ફળતૃષ્ણાનો, નિષ્કામ કર્મનો હરગિઝ નહીં. યજ્ઞ એટલે Sacrifice આપણે Sacrifice શ કરવાનું? ત્યાગ શેનો કરવાનો? અગ્નિમાં હોમવાનું શું? ગીતા કહે છે–

"સર્વાણીન્દ્રિય કર્માણિ પ્રાણકર્માણિ ચાપરે
આત્મ સંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે" (૪.૨૭)

વધુમાં–'શ્રેયાન દ્રવ્યમયાદ્યયજ્ઞાજ્જ્ઞાનયજ્ઞો પરંત' (ગીતા ૪.૩૩)

આમ ગીતામાં વ્યાપક અર્થમાં યજ્ઞ શબ્દ વપરાયો છે. યજ્ઞ એટલે ફળની આશારહિત કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને કરેલું કર્મ.

અર્થઘટનના પરિવર્તનની આટલી પૂર્વભૂમિકા રચવાનું તાત્પર્ય એ જ કે યુગ બદલાતાં યુગધર્મ બદલાય છે. ધર્મની પરિભાષા બદલાય છે. પ્રજાનું બૌદ્ધિક સ્તર ઊંચું જતાં જેમ યજ્ઞનું આધ્યાત્મિક સ્તરે અર્થઘટન થયું તેવું જ 'તીર્થ' સંબંધી થયું.

તીર્થ શબ્દનો લૌકિક અર્થ છે પવિત્ર સ્થાન. પછી તે દેવાલય હોય, જલસ્થાન હોય કે ઋષિમુનિઓએ સેવેલું સ્થાન હોય. તીર્થ શબ્દની વ્યાખ્યા છે 'તરતિ પાપાદિકં યસ્માત' જેના યોગથી પાપ વગેરેમાંથી તરી જવાય તે તીર્થ. શાસ્ત્રો પણ કહે છે:

'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થ–ક્ષેત્રે વિનશ્યતિ.
તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ.'

પ્રાચીન કાળથી મનુષ્ય પાપનાશન, શાંતિની પ્રાપ્તિ અને જીવનની સાર્થકતા માટે મોક્ષદાયક પવિત્ર સ્થાનોએ તીર્થાટન કરતો આવ્યો છે.

જેમ યજ્ઞસંબંધી ક્રાંતિકારી પરિવર્તન ધાર્મિકક્ષેત્રે આવ્યું તેમ તીર્થ સંબંધી પણ બન્યું. તેનો આદ્યપ્રણેતા મનુ, મનુસ્મૃતિમાં વિધાન છે 'વેદ પારગં બ્રાહ્મણં તીર્થમ્' કિંવા 'તીર્થરૂપા હિ સાધવ:' એટલે કે જ્ઞાની મનુષ્ય, સાચા અર્થમાં સાધુસંતોને મનુસ્મૃતિમાં જીવંત તીર્થસ્વરૂપ ગણ્યા છે.

'તીર્થ'નો વ્યાપક અર્થ કરતાં સ્કંદ પુરાણમાં એક ઠેકાણે લખ્યું છે કે તીર્થ એટલે કેવળ પવિત્ર સ્થાન નહિ, તીર્થ એટલે કર્મભૂમિ, ધર્મકૃત્ય, ધર્મચિંતન. માતા તીર્થ છે, પિતા તીર્થ છે (તેથી જ તો ગણપતિએ પાર્વતીની પ્રદક્ષિણા કરેલીને!) યમનિયમ તીર્થ છે.

"તીર્થ શબ્દો વરારોહે ધર્મકૃત્યેષુ વર્તતે.
ધર્મસ્થાનેષુ સર્વેષુ તત્ત્વં શૃણુ સમાગમ:
માતાતીર્થં પિતાતીર્થં તીર્થ સાધુસમાગમ:
ધર્માનુ ચિંતનં ચૈવ તથૈવ નિયમો યમ:"
(સ્કંદપુરાણ ૬.૧૦૮ .૧૧)

એથી યે આગળ વધીને સ્કંદપુરાણ (૧.૧.૩૭) કહે છે. 'તીર્થાનામુત્તમં તીર્થં વિશુદ્ધર્મનસ: પુન:' અર્થાત મનના સંસ્કાર, મનની વિશુદ્ધિ એ સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ છે. માનવીનું મન, એનું તન સર્વોત્તમ તીર્થ છે.

આમ તીર્થ શબ્દની પ્રાચીન કાળથી આધ્યાત્મિક સ્તરે અર્થઘટનની જે ઘટમાળ શરૂ થઈ તેને નરસિંહ, અખો, જેવા ભક્ત કવિઓએ પણ તેમના કાવ્યોમાં વણી લીધી છે. 'સકળ તીરથ તેના તનમાં રે.'

(નરસિંહ મહેતાનું 'વૈષ્ણવ જન' જે ગાંધીજીને અતિશય પ્રિય હતું, તેની એક પંક્તિ છે.)

માનવીનું તન, માનવીનું મન એ જ મંદિર છે. એની પવિત્રતા, એની નિર્મળતા એની વિશુદ્ધિ અડસઠ તીર્થમાં આથડવા કરતાં કંઈક અદકેરી છે. એ જ ભાવને પુષ્ટિ આપતાં નરસિંહ મહેતાએ ગાયું છે–

"શું થયું તપ ને તીરથ કીધાં થકી?
શું થયું ગંગજળ પાન કીધે?
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના
રત્નચિંતામણિ જન્મ ખોયો."

લોકેષણાના વેગથી ડહોળાઈ ગયેલા જળમાં ડૂબકી મારવા કરતાં ધ્યાન કિંવા તત્ત્વજ્ઞાનના નિર્મળ સરોવરમાં નિમજ્જન કરી વિમલ બનનાર ઈશ્વરની વધુ નિકટ પહોંચી શકશે. તનનો મેલ ધોવો આવશ્યક છે તો મનનો મેલ ધોવો અનિવાર્ય છે. ધર્મશાસ્ત્ર પણ એ જ કહે છે, 'મન: પૂતં સમાચરેત.'

મહાભારતમાં પણ વિધાન છે કે તીર્થાટન ફળ તેને જ મળે છે કે જે સંતુષ્ટ છે, સત્યશીલ છે, અહંકાર રહિત છે, અક્રોધી છે, વિદ્યાવાન છે અને ખાસ કરીને તો જેનું મન સુસંયત છે.

અન્યત્ર પણ કહ્યું છે–

"તીર્થં પરં કિંકમ? સ્વમનો વિશુદ્ધં. શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે. પરમ તીર્થ કયું? એનો ઉત્તર આપતાં ગુરુ કહે છે, પોતાના મનની શુદ્ધિ તે જ પરમ તીર્થ છે.

સંપૂર્ણતાના ઉચ્ચતમ શિખરે પહોંચવા માટે નો તન, મન, અંતર ત્રણેનો સુમેળ સાધવો પડે. એકના ભોગે બીજાનો વિકાસ કરવા જતાં તો જીવનમાં પક્ષાઘાત સમી વિષમતા આવી પડે. સમગ્ર જીવનવિકાસ કુંઠિત બની જાય છે, પ્રગતિ રૂંધાઈ જાય છે. માનવીએ ઈશ્વરની આરાધના અર્થે મંદિરો, મસ્જિદો' દેવળો અને દેરાસરો સર્જ્યાં. અવનવી કળાએ એને શોભાવ્યાં. પૂજન-અર્ચનથી સોહાવ્યાં. જીવનમાં થતા અને થવાના પાપભારનો બોજ હળવો કરવા તે આવાં તીરથે તીરથે આથડયો. કર્યા કર્મમાંથી છૂટવા મનાવી પાછો સંસારની ઘટમાળમાં ગૂંથાઈ ગયો!! પણ તેથી એ પામ્યો શું? ઈશ્વરનું સાચું સ્થાન તો જીવમાત્રનું એનું પોતાનું ખોળિયું છે. આતમરામને વસવાનું એ જ સાચું મંદિર છે. દેહમાં વસતા દેહીને ઓળખવાની સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય તો અડસઠે તીર્થ માનવીની નજર સમક્ષ એની પોતાની અંદર જ છે.

પ્રખર વેદાંતી કવિ અખાએ પણ એ જ ભાવને પોષક છપ્પા લખ્યા છે.

"તન તીરથનું આતમ દેવ, સદા સનાતન જાણે ભેદ.
અડસઠનું અધિદૈવત સદા, તે જાણે ટળે કોટિ આપદા.
તીરથ માર્જન કીધું અખે, જન્મ-મરણ નહીં તેને વિશે."

પરંતુ મનમંદિરિયાને તિમિર-પટે આવરી લેતા ષડરિપુઓ માનવીને પ્રભુના પંથેથી ડગાવી મૂકે છે. કોઈ જવલંત વિભૂતિ જ માત્ર આ આત્મવિકાસ રૂંધી નાખતા ષડરિપુઓ સામે વિજય પ્રાપ્ત કરે છે. અવનિ પર ધારેલા મનખા–દેહને પ્રભુનું પવિત્ર મંદિર બનાવે છે. એવી જવલંત, જીવંત વિભૂતિઓમાંની એક તે ભગવાન મહાવીર. જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર. તીર્થંકર એટલે 'જેના યોગથી સંસાર-સાગર તરી શકાય તે તીર્થ-તીર્થ ઉત્પન્ન કરનાર, જીવંત તીર્થસ્વરૂપ મહામાનવ તે તીર્થંકર.'

આવા તીર્થંકરોનાં પુનિત પગલે આપણે આપણા મનને, આપણા તનને તીર્થ સમા બનાવવાનો શું પ્રયાસ પણ ન કરી શકીએ?

–હેમાંગિની જાઈ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : શ્રી મટેરિયા પ્રિન્ટિંગ પ્રેસ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ઓગસ્ટ, ૧૯૮૦ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ
સહતંત્રી : રમણલાલ ચી. શાહ

દારૂબંધી

આ વિષય ઉપર હું લખું છું ત્યારે ઘણાંને એમ લાગશે કે પિષ્ટપેષણ છે, કેટલાકને લાગશે કે આ વિષયે જેટલું કહી શકીએ તે બધું અનેક વખત કહેવાયું છે, નવું કાંઇ કહેવા જેવું નથી. વાત સાચી છે, પણ જે વસ્તુ કરવા જેવી છે, થવી જોઇએ તે ન થતી હોય તો તેને વિષે ફરી ફરી લખવું જોઇએ. આપણી જાતને યાદ દેવડાવવું જોઈએ કે કરવાનું આપણે કરતા નથી.

મોટા ભાગના લોકો આ વિષયે ઉદાસીન છે અથવા તેમને શ્રદ્ધા નથી. ઘણાં લોકો માની બેઠા છે કે, સંપૂર્ણ દારૂબંધી શક્ય નથી. દારૂબંધીથી નિપજતાં અનિષ્ટો છાપરે ચડી પોકારવામાં આવે છે, વધારેપડતા બતાવવામાં આવે છે. વર્તમાનપત્રો ખાસ કરી અંગ્રેજી વર્તમાનપત્રો એક અથવા બીજી રીતે દારૂબંધી, વિરુદ્ધ સતત પ્રચાર કરી રહ્યા હોય છે. દારૂબંધીની વાત કરે તેમને, કાં તો શેખચલ્લી ગણવામાં આવે છે અથવા તેમની મશ્કરી થાય છે.

ગાંધીજીએ સ્વતંત્રતાની લડત કરી તે માત્ર રાજકીય સ્વાતંત્રતા મેળવવા નહિ પણ સારું સ્વરાજ–સુરાજ્ય, જેને ગાંધીજીએ રામરાજ્ય કહ્યું, જેમાં લોકોની આર્થિક આબાદી અને નૈતિક ઉન્નતિ હોય એવું સ્વરાજ્ય મેળવવા લડત કરી હતી. તે માટે તેમણે રચનાત્મક કાર્યક્રમ આપ્યો. ખાદી, ગ્રામોદ્યોગ સાથે દારૂબંધી અને અસ્પૃશ્યતાનિવારણને અગ્રતા આપી. એટલું જ નહિ પણ દેશના બંધારણમાં, રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં તેને સ્થાન આપ્યું અને તેનો અમલ કરવાની રાજ્યની ફરજ બનાવી:

Directive principles of state policy are fundamental in the governance of the state.

દારૂના વ્યસનથી આર્થિક અને નૈતિક ભાંકરે વિનાશ થાય છે તે વાતનો કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી. દારૂથી માણસના મન, બુદ્ધિ અને શરીરનો વિનિપાત થાય છે, કુટુમ્બનું સત્યાનાશ વળે છે, ગુન્હાઓ વધે છે, એ હકીકતો કોઈ પણ સહૃદયી વ્યક્તિને, સમાજનું હિત હૈયે હોય, લોક કલ્યાણની ભાવના હોય, તેને ભારે આંચકો આપ્યા વિના રહે નહિ. આપણું હૃદય નઠોર થઈ ગયું છે, બુદ્ધિ બહેર મારી ગઈ છે, ઉઘાડું અધઃપતન આપણે જોઈ શકતા નથી.

સંપૂર્ણ દારૂબંધીની કોંગ્રેસની નીતિ, વર્ષો સુધી રહી છે. ઘણાં રાજ્યોએ તે વિષે કાયદાઓ કર્યા છે. તેનો નિષ્ઠાપૂર્વક અમલ થયો નથી. તેને નિષ્ફળ બનાવવામાં પોલીસનો સૌથી મોટો ફાળો છે. પોલીસનો ભ્રષ્ટાચાર મુખ્ય કારણ રહ્યું છે. તેનો અમલ કરનાર મેજીસ્ટ્રેટને તેમાં શ્રદ્ધા નથી, રાજ્યકર્તાઓને શ્રદ્ધા નથી. તેમાંના કેટલાય પોતે દારૂના વ્યસની હોય છે. શિક્ષિત સમાજ આ વ્યસનનો ભોગ બનેલો છે. મોટા વકીલોને મેં એવું કહેતા સાંભળ્યા છે કે અમને ઉપદેશ આપનાર તમે કોણ? અમારાં હિત અમે નથી જાણતા?

કેટલાક એમ કહે છે કે, મનુષ્ય સ્વભાવ જ એવો છે, તેને તમે સુધારી શકવાના નથી. આ પ્રયત્ન મિથ્યા છે.

સંપૂર્ણ દારૂબંધીનો અમલ કરવો સહેલો નથી એ વાત સાચી છે. મનુષ્યની નિર્બળતા જાણીતી છે: He has to be helped against himself કોઈપણ આદર્શનો સંપૂર્ણ રૂપે અમલ કરી ન શકીએ તેથી તેને પૂરો છોડી દેવો તેમાં માનસિક નિર્બળતા છે, મનુષ્યની શુભવૃત્તિમાં અશ્રદ્ધા છે. તેને માટે પૂર્ણ પુરુષાર્થ કરવો જોઈએ, સમયે સમયે કરવો જોઈએ, સતત કરવો જોઈએ. તેમ થાય તો ! મહદંશે સફળતા મળે એવો અનુભવ છે.

કોંગ્રેસ (ઈ) ના ચૂંટણી ઢંઢેરામાં જાહેર કર્યું છે કે દારૂબંધીની નીતિ વ્યવહારુ બનાવવામાં આવશે. આ વ્યવહારુ એટલે શું તેની કોઈ સ્પષ્ટતા નથી, પણ તેનો અર્થ એમ છે કે તેને એવી ઢીલી બનાવવામાં આવશે કે લગભગ રદ થાય. વ્યવહારુતાને નામે Pragmatism ઘણાં પાપ કરી શકાય છે.

હવે ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ (ઈ) ની સરકાર છે. તેણે તેના ચૂંટણી ઢંઢેરા મુજબ દારૂબંધીની નીતિ વ્યવહારુ બનાવવા જાહેરાત કરી છે. પરિણામો તપાસવા એક સમિતિ નીમવામાં આવશે એમ કહેવાયું છે. દારૂબંધી સફળ કેમ ન થઈ તેના કારણો શોધવાને બદલે, દારૂબંધીના પરિણામો શોધવા નીકળ્યા છે. જેમણે દારૂબંધીને નિષ્ફળ બનાવી છે તેમણે આ પરિણામોને જગજાહેર કર્યા છે. મોટા પાયા ઉપર ગેરકાયદેસર દારૂ ગાળવાનું, ગુન્હાઓ વધવાનું, પોલિસનો ભ્રષ્ટાચાર વધવાનું, કાયદાની હાંસી થાય એવી પરિસ્થિતિ સર્જવાનું, કરોડોની આવક ગુમાવવાનું, આ બધું જગજાહેર છે. માટે સમિતિ નીમવાની જરૂર નથી. આ બધું અટકાવવું કેવી રીતે તે શોધવાની જરૂર છે, પણ તે કરવું નથી. માણસને દારૂના વ્યસનમાંથી મુકત કરાવી શકીએ તો સમસ્ત સમાજને આર્થિક અને નૈતિક લાભ કેટલો થાય તેનો વિચાર કરવો નથી. આ વિષયે જે જે કોઈ કહેવા જેવું છે તે જસ્ટીસ ટેકચંદની સમિતિએ મોટા ગ્રન્થો આપી કહ્યું છે, હવે તો પ્રશ્ન એટલો જ છે કે આ કરવું છે કે નથી કરવું ?

માણસની નિર્બળતા નવી વસ્તુ નથી. યાદવ કુળનો વિનાશ દારૂથી થયો. દારૂનો વ્યવહાર હવે દુનિયામાં વ્યાપક થતો જાય છે. યુવાન પેઢીમાં વધતો જાય છે. ગરીબોમાં વધતો જાય છે. સ્ત્રીઓમાં વધતો જાય છે. દારૂપીવામાં શરમ નથી માનતા એવા દેશોમાં પણ એટલો બધો વ્યાપક થયો છે કે, તે દેશો પણ ચિન્તિત છે. કહેવાતા શિક્ષિત વર્ગે તેને પ્રતિષ્ઠા આપી છે.

માણસ, દારૂના વ્યસનમાં પડે છે તેના અનેક કારણો છે. દેખાદેખીથી શરૂ થાય. દુઃખ ભુલવા તે તરફ વળે. પ્રતિષ્ઠા ગણીને તેમાં પડે. કેટલોક વખત થોડી ઉત્તેજના મળે છે તેથી તે તરફ આકર્ષાય. દારૂથી માણસ પોતાની જાતને ભૂલી જાય છે અને થોડો વખત લહેરમાં આવી જાય છે. પોતાના મન ઉપરનો સંયમ–કાબૂ ગુમાવે છે. નશો ઉતરી જાય પછી થતા વિષાદ અને વ્યથા, કોઈક વખત તેને રોકે છે, પણ વ્યવસનનો એટલો ગુલામ બને છે કે વખત થતાં તે ફરી ધકેલાય છે. ઇચ્છા શકિત ગુમાવી બેસે છે, વ્યસન વધતું જાય છે. કેટલાક એવી સુફયાણી દલીલ કરે છે કે અમો મર્યાદિત રીતે પીએ છીએ તેથી કોઇ નુકસાન થતું નથી અને એમ પણ કહે છે કે શરીરને ફાયદો રહે છે, શકિત આપે છે. પોતાની જાતને છેતરવામાં માણસ જેવું કુશળ પ્રાણી કોઈ નથી. ભગવાને તેને બુદ્ધિ આપી છે, પોતાના દોષોનો બચાવ કરવા તેનો ઉપયોગ કરે છે.

માત્ર કાયદાથી દારૂબંધી પૂરી સફળ થાય એવું કોઈ કહેતું નથી. લોકમત જાગ્રત ન હોય, તેના પ્રત્યે નફરત પેદા ન થાય, ધૃણા ન થાય, પ્રતિષ્ઠા ગુમાવાય નહિ, ત્યાં સુધી માણસને શરમ આવે નહિ. કાયદો અમુક અંશે અટકાવી શકે. માણસ ચોરી કરે છે, કાયદો હોવા છતાં ચોરી થાય છે, તેથી કાયદો રદ કરતા નથી, તેને અખત બનાવીએ છીએ. તેનો બરાબર અમલ કરીએ છીએ. ચોરી કરવાની જરૂર ન રહે, ચોરી કરવાની તક ન મળે એવું કરીએ છીએ. ઘરબાર કે કબાટો ઉઘાડા મૂકી જતા નથી. ઉઘાડા હોય તો લાલચ વધે. તેને ગુન્હો ગણવામાં આવે તો ભય રહે. તેમ દારૂનું પીઠું ઘરઆંગણે હોય તો દારૂ પીવાનું મન થાય. દારૂ મેળવવો આઘરૂં હોય, ગુન્હો હોય તો માણસ મનને વાળી લે. દારૂબંધીના કાયદાનો સર્વ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક અમલ થાય તો ઘણાં અંશે અંકુશમાં લાવી શકાય. દારૂબંધી સંપૂર્ણપણે સફળ કરવા કાયદાની જરૂર છે.

પણ કાયદા સાથે લોકમત કેળવવાનું મોટું કામ રહે છે. નિષ્ઠાવાન, સેવાભાવી, સામાજીક કાર્યકર્તાઓ, સમર્પણની ભાવનોપૂર્વક આ કામ ઉપાડી લે તો વધારે સફળતા મળે. સરકારની માત્ર ટીકા કરવાથી આ કામ થશે નહિ, ૯૦ ટકા લોકશિક્ષણથી જ થાય, કાયદો ૧૦ ટકા મદદ કરી શકે. સામાજીક વાતાવરણ એવું ઉત્પન્ન થવું જોઈએ કે દારૂ પીવામાં શરમ લાગે, તેથી થતી હાનિની પ્રતીતિ થાય, તેના કારણો દૂર કરવામાં આવે; આ મહાન કાર્ય લોકોએ પોતે કરવાનું છે. હું દઢપણે માનું છું કે આ દિશામાં સૌથી અસરકારક કાર્ય ધર્મગુરૂઓ અને સાધુસંતો કરી શકે. આપણા દેશમાં આ વર્ગનું જે સ્થાન છે તે બીજા કોઈનું નથી. ગીતા પ્રવચનો કે ભાગવત કથાઓ કરતાં આ કામ ઓછા મહત્ત્વનું નથી. સહજાનંદ સ્વામીએ વ્યાપક રીતે તે કરી બતાવ્યું. આપણા દેશમાં બીજા દેશો કરતાં દારૂબંધી કરવી, પ્રમાણમાં સહેલું છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કાર, દારૂનો નિષેધ કરે છે. ઈસ્લામ દારૂનો નિષેધ કરે છે. જૈનધર્મ દારૂનો નિષેધ કરે છે. ખાસ કરી ગુજરાતમાં, જૈન, વૈષ્ણવ અને સ્વામીનારાયણ સંપ્રદાયોની પ્રબળ અસર છે, તે જાગ્રત કરવી જોઈએ. જૈન સાધુ સાધ્વીને હું બહુ આગ્રહથી કહી શકતો નથી. કારણ, આવી પ્રવૃત્તિ કરવી તેમનાં લોહીમાં, પરંપરામાં નથી. મંદિરો અને ઉપાશ્રયોની બહાર તે કદી નીકળ્યા નથી. હવે સમય બદલાયો છે. વિદેશમાં જઈને જૈન ધર્મનો પ્રચાર કરવાની મહાત્વાકાંક્ષા કરતાં આ દેશમાં સંયમધર્મને ચરિતાર્થ કરવાનો સમય આવી પહોંચ્યો છે. મુની સંતબાલે થોડું કરી બતાવ્યું. સર્વોદય અને રચનાત્મક કાર્યકર્તાઓ સંમેલનો કરી સરકારી ટીકા કરવા કરતાં સમર્પણપૂર્વક આ કામમાં લાગી જાય તો સરકાર શું કરે છે તેની બહુ ચિન્તા કરવાની જરૂર નથી. સહજાનંદ સ્વામીને સરકારની મદદની જરૂર નહોતી પડી. હું અંત: કરણપૂર્વક માનું છું કે માણસને આ વ્યવસનનો ભોગ બનતા બચાવી શકીએ અને તે લોકકલ્યાણનું સૌથી મોટું કામ છે.

૨૭-૭-૮૦ ચીમનલાલ ચકુભાઇ

દેવું માફ નીતિ, સાફ તો નહિ કરે ને?

મહારાષ્ટ્ર સરકારે નાના અને સીમાન્ત ખેડૂતોનું સહકારી મંડળીઓનું દેવું માફ કરવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકાર પણ કંઈક આ દિશામાં વિચારે છે એમ છાપાં બોલે છે. આજીવિકાના ટૂંકા સાધનોવાળા કે સાવ સાધનવિરોણા ગરીબ લોકોને મદદ કરવાની સરકારની આ નીતિ અભિનંદનને પાત્ર છે. રેલ, કમોસમો વરસાદ, અતિવરસાદ, અછત, દુષ્કાળ હોમ, જીવાત રોગ વગેરે કુદરતી આફતોથી ખેતીને થતું નુકસાન તેમજ ખેતપેદાશના અતિ નીચા ભાવો અને વ્યાજનો ભારે બોજ ખેડૂતને દેવાદાર બનાવે છે. આવા ખેડૂતો અવશ્ય મદદને પાત્ર છે. પરંતુ મદદ કરવાની આવી રીત સરવાળે અને લાંબે ગાળે ફાયદો કરશે કે કેમ? અથવા ફાયદાને બદલે નુકસાન કરશે? એવો સવાલ વિચારવા જેવો છે.

દેવું થવામાં કુદરતી અને સંજોગાધિન આવાં કારણો સિવાય, બીજા કારણો પણ હોઈ શકે છે કે જે કારણો દેવું કરવા માટે કે દેવું બાકી રાખવા માટે વ્યાજબી ન પણ હોય.

વ્યકિતગત ગુણદોષ ન જોતાં એક સમાટે સમૂહમાં તમામનું દેવું માફ કરવાથી લીધા પછી પાછું નહિ આપવાની વૃતિને ઉત્તેજન મળવાનો સંભવ વધુ છે. એટલે દેવું માફ કરવાની જે રાહત મળશે તેના રૂપિયા આના પાઈમાં ફાયદા કરતાં લીધેલું તો દૂધે ધોઈને પાછું આપવું જ જોઈએ એવી લોકમાનસમાં દઢ થયેલી નીતિ ઢીલી પડશે તેથી તેનું નુકશાન ઘણું મોટું હશે.

ખરેખર તો કુદરતી આફતોમાં ખેડૂતને ખેતીમાં થતું નુકસાન સરકારે ભરપાઈ કરી આપવાની કંઈક વ્યવસ્થા કરવી જોઈએ. પણ એનો તો કોઈ સરકાર વિચાર જ કરતી નથી.

બે વરસ પહેલાં સાબરમતી નદીના વધારાના છોડાયેલા પાણીથી ભાલનળકાંઠાની ખેતીને કરોડ રૂા. જેવું નુકસાન થયું હતું. ખૂબ ઉહાપોહ થયા પછી પ્રશ્નનું વાજબીપણું સ્વીકારીને સરકારે એક તપાસ સમિતિ નીમી પણ છેવટે તો એ બધું જ અભરાઈ પર ચડાવી દેવામાં આવ્યું. ખેડૂતોને એક પૈસાની પણ મદદ ન કરી.

દેવું માફ કરવા જેવા રાહતના ટૂકડા ફેંકીને ખેડૂતને લાચાર પાંગળો અને માગણ મનોવૃત્તિનો બનાવવાનો નહિ, પણ દેવું જ ન થાય એવી સદ્ધર અને સ્વમાનભરી સ્થિતિમાં ખેડૂત આવે અને ખેડૂતના સાચા હક્કનું છે તે એને મળે એવી નીતિ અપનાવવા માટેના સરકારે આયોજન અને ભાવનીતિમાં મૂળભૂત પરિવર્તન કરવાની જરૂર છે.

અંબુભાઇ શાહ

નોંધ:

મહારાષ્ટ્ર સરકારે, નાના ખેડૂતોનું લગભગ ૪૯ કરોડનું કોઓપરેટીવ સોસાયટીનું ધીરાણ અને દેવું માફ કરવાની જાહેરાત કરી છે. આ દેવું પોતે ભરી દેશે. એમ કહ્યું છે. રીઝર્વ બેંકે આ સામે સખ્ત વાંધો લીધો છે. આ બાબત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે. તેના આર્થિક અને નૈતિક બન્ને પાસા વિચારવા જેવા છે.

તે સંદર્ભમાં અંબુભાઈ શાહનો આ લેખ મનનીય છે. મુનિશ્રી સંતબાલજીના ભાલનળકાંઠા સંઘના મુખપત્ર પ્રયોગ દર્શનમાં આ લેખ પ્રકટ થયો છે. શ્રી અંબુભાઈ ઘણાં અનુભવી અને નિષ્ઠાવાન કાર્યકર છે. ગામડાઓના ખેડૂતોનો તેમને વિશાળ અનુભવ છે. તેમણે આર્થિક અને નૈતિક બંને દૃષ્ટિથી સરકારના આવા પગલાનું પરિણામ સંક્ષેપમાં સરસ રીતે બતાવ્યું છે. માત્ર, લોકપ્રિય થવા માટે સરકાર આવું પગલું ભરે ત્યારે લોકહિત જેને હૈયે છે એવા સેવાભાવી સામાજિક કાર્યકર શું વિચારે છે તે જાણવા જેવું છે.

–ચીમનલાલ ચકુભાઇ શાહ

જોયેલું અને જાણેલું : મફત ગુંથણ વર્ગ

જન કલ્યાણ એક પબ્લિક ટ્રસ્ટ છે. તેના મુખ્ય સંચાલક શ્રી કે.કે.મોદી છે. સંસ્થા પછાત રાને મધ્યમ વર્ગ માટે અને આદીવાસી ગામને દત્તક લઈ માર્ગદર્શન આપી વધારે ઉત્પન્ન કરતા સ્વાશ્રયી બનાવે છે.

થોડા સમયથી તેઓ તરફથી એક ગુંથણનું શિક્ષણ આપતો નાના હાથ મશીનથી ચાલતો મફત વર્ગ ચાલે છે. જેમાં મધ્યમ વર્ગની બહેનો ૪૦ દિવસનો કોર્સ શીખીને આશરે રૂા. ૪૦૦ થી રૂા. ૧૦૦૦ સુધી પણ કમાઈને પોતાના કુટુંબને મદદગાર થવાની લાયકાત મેળવે છે એવો શ્રી મોદીનો દાવો છે. તેઓની જાતી દેખરેખ નીચે બે શિક્ષિત બહેનો વર્ગનું સંચાલન કરે છે. હંમેશા ત્રણ બેચમાં વર્ગ ચલાવાય છે.

રવિવારસિવાય વર્ગનો સમય બપોરે ૧૨-૩૦ થી ૨-૦૦, ૨-૦૦ થી ૩-૩૦, અને ૩-૩૦ થી ૫-૦૦ છે.

ઠેકાણું: માટુંગા (સેં) સ્ટેશન નજીક ચંદાવરકર રોડ, નપુ હોલની બાજુમાં માતુશ્રી વેલબાઈ સભાગૃહની ઉપર ત્રીજે માળે.

આ સંસ્થા રસ ધરાવતી સુખી વ્યકિતઓના દાનથી ચાલે છે અને મધ્યમવર્ગના મોંઘારતમાં પીડાતા કુટુંબને કંઈક અંશે મદદગાર થવાના આશયથી ચલાવાય છે અને કામ શીખી લીધેલને જરૂર હોય તો બેંક પાસેથી મશીન અને ઉન વગેરે સાધન વસાવા લોન આપવાની વ્યવસ્થા અને તૈયાર કરેલ માલને વેચવા માટે સગવડ કરી આપે છે.

મશીન ઉપર સહેલાઈથી, સુંદર-ફેન્સી વસ્તુઓ બને છે. જે શ્રી મોદી દેખાડે છે અને જોઈતું માર્ગદર્શન આપે છે.

મેં આ વર્ગનું કામ જાતે જોયું છે. અને બીજા ઈંગ્લિશ પત્રના રીપોટરે તેમના ડેઈલી પત્રમાં નોંધ લીધેલ છે.

હું જરૂરતમંદ ભાઈ-બહેનોને આ-સંસ્થાના સંચાલકોને કામ જોવા અને તેનો લાભ લેવા વિનંતી કરું છું.

રામદાસ પ્રેમજી કાચરીયા

શુમાકરનું ચિંતન

આધુનિક વિશ્વના પ્રાણપ્રશ્નોને વાચા આપવાની જીવનભર જેહાદ ઉપાડનાર મહાન અર્થશાસ્ત્રી શુમાકરનું વલણ તેમના જીવનના, અંતિમ દિવસો સુધી ઔદ્યોગીકરણની વિરુદ્ધ અને સાદગીભર્યા મધ્યમ પ્રકારના જીવન તરફી રહ્યું હતું. તેમણે લખેલું છેલ્લું પુસ્તક 'ગૂડ વર્ક' (શુભ કાર્ય) તેમના મૃત્યુ બાદ પ્રકાશિત થયું છે. તેમાં પણ તેમણે "નાનું તેમ જ સુંદર"નો વિચાર વધુ વેગપૂર્વક રજુ કર્યો છે. તેમાં તેમણે આ વાતને વધુ તાત્ત્વિક પાશ્ચાદ્ ભૂમિ સાથે રજુ કરી છે અને તેમાં ઠેર ઠેર હાસ્યના છાંટણા છે. તેમની 'માનવીય યંત્રવિજ્ઞાન'ની વાતને તેમણે ખૂબ સાદી છતાં અસરકારક સરખામણી દ્વારા સમજાવી છે.

તેમના નામના ઉચ્ચાર 'શુમેઈકર' ને 'મોચી' સાથે જોડીને કહે છે - "મારા જેવા નામવાળા - એટલે કે મોચીએ સારા મોચી બનવા માટે પગરખાં વિષે બહુ જાણવાની જરૂર નથી પણ પગ વિષે તેને સારું જ્ઞાન હોવું આવશ્યક છે. મોટા શરીરવાળા માણસ માટે બનાવેલા પગરખાં નાના શરીરવાળા માણસને ફીટ થતા નથી. નાના પગને જુદા પ્રકારના, નાના જોડાંની જરૂર પડે છે. નહિ કે, નીચા પ્રકારના. જો કે આધુનિક યંત્રવિજ્ઞાન ખરેખર તો મોટા માણસો માટે જ જોડાં બનાવે છે. તેને માત્ર મોટાં પ્રમાણમાં ઉત્પાદન થાય તેની સાથે સંબંધ છે.

ઔદ્યોગિક એકમો, શુમાકરના મતે, વધુ ને વધુ મોટાં બનતા જાય છે. તેમના મત મુજબ આનાં બે કારણો છે – એક પ્રમાણમાં જૂનું છે અને બીજું વધુ નજીકના વર્તમાનનું.

આપણે ૧૯મી સદીના અનુભવથી 'બ્રેઈનવોશ્ડ' થયા છીએ આ સદીની યંત્રવિજ્ઞાનની અપરિપકવતાને કારણે એવું મનાતું હતું કે મોટું તે જ સારું અને મોટાં પાયાના ઉત્પાદનથી જ અર્થતંત્ર સદ્ધર બને છે. પરંતુ હવે આપણી પાસે વધુ ટેકનોલોજીકલ અને વૈજ્ઞાનિક જ્ઞાન છે. જેના વડે આપણે કાર્યક્ષમતાનો ભોગ લીધાં વિના વસ્તુઓને નાની બનાવી શકીએ છીએ.

હકીકતમાં તો યોગ્ય પ્રકારના સ્તરની વસ્તુઓ બનાવવા માટે આપણે પ્રાપ્ત જ્ઞાનને કામે લગાડવાનું છે. છતાં સૌકાથી મોટાં તરફની જે ગતિ શરૂ થઈ છે તે ઓછી થઈ નથી અને વસ્તુઓ વધુ ને વધુ જટિલ બનતી જાય છે, વધુ ને વધુ મૂડીની જરૂર પડે છે. આ વલણ એક ઐતિહાસિક અકસ્માતને કારણે વધુ પ્રબળ બન્યું છે. આ અકસ્માત છે - મધ્યપૂર્વમાંથી મોટા પ્રમાણમાં મળી આવતું સસ્તું અને પુષ્કળ ખનિજ બળતણ. આ બનાવ જ છેલ્લા ત્રણ દાયકાની ખોટી યંત્ર વૈજ્ઞાનિક પસંદગી માટે જવાબદાર છે. આને જ કારણે બીજી કેટલીક બાબતોમાં પણ મોટી વિકૃતિઓ સર્જાઈ છે.

ખેતીવાડી, વિકસિત દેશોમાં તો મોટા પ્રમાણમાં ખનિજ તેલ, પર નિર્ભર છે. જૈવિક અને યોગ્ય રીતે પાકની ફેરબદલી કરવાની સાચી કૃષિ રીતોએ તો સાવ વિદાય લીધી છે. શુમાકર કહે છે "અર્થશાસ્ત્રીય રીતે કહીએ તો આપણે હવે તેલ જ ખાઈએ છીએ."

સસ્તા તેલની રેલમછેલને કારણે વાહનવ્યવહાર અત્યંત સસ્તો રહ્યો અને ઉત્પાદનના મોટા પાયાના એકમોના વિકાસને પોષણ મળ્યું. અમેરિકામાં શકિતશાળી ખનિજ-તેલ સંચાલિત યંત્રોની મદદથી મોટાં મોટા ફાર્મ બનતા ગયા છે. આ જ વસ્તુ મોટા મોટા ઔદ્યોગિક એકમોને પણ લાગુ પડે છે. ગામડાંની વસતિ આવા રાક્ષસી શહેરો તરફ ઘસડાયે જાય છે. મહાનગરો વધુ ને વધુ મોટા બનતા જાય છે. જ્યારે નાના અને મધ્યમ કદના શહેરો - નગરોમાંથી ચેતન ઓસરતું ચાલ્યું છે.

શુમાકર કબૂલે છે કે દરેક વસ્તુ નાના પાયા પર ન બની શકે. બોઈંગ વિમાનને અને ચંદ્ર પર જનારા અવકાશયાનોને તેઓ દેખીતી રીતે જ અપવાદ ગણે છે, પણ માણસને જેની ખરેખર જરૂર છે તે નાના પાયા પર ન બની શકે તેમ તેઓ સ્વીકારતા નથી. તેઓ માને છે કે, આવી બધી વસ્તુઓ સાદી કરેલી ટેકનોલોજીની મદદથી ઓછી મૂડી વડે ખૂબ સીધી સાદી રીતે, કાર્યક્ષમ રીતે આત્મનિર્ભર સ્થિતિમાં બનાવી શકાય. આનો લાભ નાનાં માણસોને પણ મળી શકે.

મોટાપણા પાછળની દોડને કારણે કેટલો બધો બગાડ થાય છે તેનાં કેટલાંક રસપ્રદ ઉદાહરણો આપતા કહે છે. બિસ્કીટની ઢગલાબંધ લોરીઓ લંડનથી ગ્લાસગો અને તેવી જ રીતે ગ્લાસગોથી લંડન જાય છે. બીજાં ઉપગ્રહના કોઈક જોનારને તો એવો નિર્ણય પર આવવું પડે કે સ્વીકાર્ય ગુણવત્તા પર પહોંચવા માટે ઓછામાં ઓછાં છસો માઈલની મુસાફરી બિસ્કીટોએ કરવી પડતી હશે. નાનાં એકમો યોગ્ય સ્થળે રચવામાં આવ્યા હોય તો કાર્યશક્તિ વાહનવ્યવહાર અને અન્ય ખર્ચનો બચાવ થાય છે.

આજ બાબત ઈંટ-કામ સિમેન્ટ, પોટરી અને બીજા ઘણાં માલના ઉત્પાદનને લાગુ પડે છે. ૧૯મી સદીમાં સપ્રમાણ ઈંટોનું કારખાનું દર અઠવાડિયે ૧૦ હજાર ઈંટો ઉત્પન્ન કરતું. સદીના અંતે આ ઉત્પાદન અઠવાડિયે લાખ ઈંટોએ પહોંચ્યું. આજના આવા એકમનું ઉત્પાદન અઠવાડિયે ૧૦ થી ૨૦ લાખનું હોય છે. ઈરાનના શાહે તો અઠવાડિયે ૫૦ લાખ ઈંટો ઉત્પન્ન થાય તેવું આયોજન કર્યું હતું. આમ આ 'મહાકાય- વાદ' (જાયઈન્ટઈઝમ) પોતે જ ઘણીં વખત સાધ્ય બની જાય છે.

બીજો દાખલો લઈએ તો ખાંડ - ઉદ્યોગમાં જો શેરડી અને તૈયાર થયેલાં ખાંડ બન્ને લાંબા અંતરેથી લાવવાની - લઈ જવાની હોય તો આવા પ્લાન્ટનો કોઈ આર્થિક દૃષ્ટિએ અર્થ નથી. શુમેકરની દૃષ્ટિએ ભારત સ્થિત નાના પાયાના ખાંડના પ્લાન્ટ વિકાસશીલ દેશો માટે સાચો જવાબ પૂરો પાડનારા છે.

ખેતીવાડી અને શહેરીકરણની રીત પણ મૂળભૂત વિચારણા માગે છે. હકીકતમાં, એમના મતે પુનઃ વિચારણા ગતિમાન પણ થઈ ચૂકી છે. શુમાકર તેની શરૂઆતની ચોક્કસ તારીખ આપે છે. દંઠ્ઠી ઓકટોબર, ૧૯૭૩ જ્યારે ચોથું આરબ - ઈઝરાયલી યુદ્ધ થયું અને તેલના ભાવ ચારગણા થઈ ગયા હતા. આનંદથી શુમાકર બોલી ઊઠયા હતા - "હવે એ ફરીથી પહેલાંની જેમ નહિ જ થાય." શુમાકર આજીવન આધુનિક યંત્રવિજ્ઞાન અને મોટા ઉત્પાદનની ઊંદરદોડના સખત ટીકાકાર રહ્યા હતા. ૧૯૫૮થી તેમણે સસ્તા મધ્યપૂર્વ દેશોના ખનિજ તેલ પર વધતા જતાં પરાવલંબનની કડક આલોચના કરી હતી. અણુશકિતને, ઉર્જા શકિતના પ્રશ્નને હલ કરતી જડીબુટ્ટી ગણનારાની ટીકા કરીને તેમણે તેમનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ૧૯૭૭માં અપાયેલા તેમના અંતિમ ભાષણોમાંના એક ભાષણમાં તો તેમણે કહ્યું હતું કે, ખનિજતેલના ભાવો વધુ ઊંચા જશે. જ્યારે ઓપેક દ્વારા પૂરવઠામાં વધુ ને વધુ કાપ આવતો જશે. આપણે જાણીએ છીએ કે આ આગાહી સાચી પડી છે.

શુમાકરે ભારપૂર્વક કહ્યું હતું કે, ધનિક દેશોને નવા યંત્ર વિજ્ઞાનની અત્યંત જરૂર છે જે કાર્યક્ષમ, નાના પાયા પર અને મૂડી બચાવનાર હોય અને વાતાવરણને દુષિત કરનાર ન હોય. આને કારણે તેઓ બેકારી, ફુગાવો, કંટાળાજનક કામને કારણે વધતો જતો મજદૂરોનો અસંતોષ અને પ્રકૃતિની સંપત્તિનો દુવ્યય વિ. પ્રશ્નો સહેલાઈથી હલ થશે.

'ગૂડ વર્ક'માં શુમાકરે સુંદર વિચાર આપ્યો છે. આધુનિક જગત આજે જે વસ્તુને અવગણે છે. તેના તરફ ધ્યાન દોરતા શુમાકર લખે છે કે, કામની શી અસર કારીગર પર થાય છે તે જોવું જરૂરી છે. શુમાકરના મતે સારું કામ તેને કહી શકાય જે આ ત્રણ શરતો પૂરી કરે:

(૧) આ કામ દ્વારા જરૂરી અને ઉપયોગી માલ અને સેવા પેદા થતી હોય.

(૨) દરેક કારીગરને તેની શકિત અને નિપૂણતા ઉપયોગવાની અને વિકસાવવાની તક મળે.

(૩) આપણને તેના દ્વારા સેવા કરવાનો, સહકાર આપવાનો મોકો મળે.

સ્વાભાવિક રીતે જ આ નાના પાયાના એકમોમાં જ થઈ શકે. શુમાકરના વિચારોનો વધુમાં વધુ સંદર્ભ મૂડીની દૃષ્ટિએ ગરીબ, વધુ વસતિવાળા અને વિકાસશીલ દેશો માટે છે

એક જગ્યાએ બ્રિટનની ખેતીની આલોચના કરતા તેમણે કહ્યું - "બ્રિટનને ખેતી પોસાય ખરી?" આ ક્ષેત્રમાંના લાંબા

અનુભવના નિચોડ રૂપે તેમણે કહ્યું, "ના, બ્રિટનને ખેતી નહિ પણ માત્ર બાગાયત પોષાય" આ બાબત તરફ ભારતે પણ ધ્યાન આપવા જેવું છે. ભારતમાં આપણને ઓછું ઉત્પાદન આપતી, પર પરાગત ખેતીને આધુનિક વિજ્ઞાનના ઉપયોગવાળા બાગાયતમાં પરિવર્તિત કરવાની આવશ્યકતા છે. થુમાકરના વિચારો નિ:શંકપણે સર્જનાત્મક અને નવીન છે. એમણે પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે. તેના કરતાં ય વધારે પ્રશ્નો ઊભા કર્યા છે. આ પ્રશ્નોના ઉત્તરો ખોળવાની આપણા બધાંની જવાબદારી છે. તેમના વિચારો અને માર્ગદર્શનની ખોટ આપણને વધુમાં વધુ આ સદીના અંતમાં જણાશે.

પ્રો. ખી. એસ. નિમાવત

પત્નીઓ

યુનીલીવર (**Unilever**) ઈંગ્લાંડની એક માતબર બહુરાષ્ટ્રીય કંપની છે. એના ઉચ્ચ અધિકારીઓ વિચારક, બાહોશ અને દૂરદર્શી હોય છે.

હિન્દુસ્તાન લીવર, એ કંપનીની આપણા દેશની આવૃતિ છે. એના વડા શ્રી થોમસે ગયા જૂનમાં કંપનીની વાર્ષિક સભામાં જે ભાષણ કર્યું તેનો મોટો ભાગ તો ધંધાદારી છે, પણ તેમાં તેમણે એક ઠેકાણે પત્નીઓ વિશે ઉલ્લેખ કર્યો છે તે જાણવા જેવો છે. "પત્નીઓનો હિસ્સો' એ મથાળા નીચે એમણે લખ્યું છે તે આ પ્રમાણે છે.

"અમારી કાર્યપ્રણાલીમાં એક અગત્યનો ભાગ તે પત્નીઓના સ્થાન વિશે છે. તમે કોઈ જ અમારી પત્નીઓને મળતા નથી અને તેમને કોઈને તમે પગાર આપતા નથી. પણ હું તમને ખાત્રી આપું છું કે, જે તમારા બોર્ડના સભ્યો છે, તેમની કાર્યકુશળતામાં તેમની પત્નીઓનો મોટો હિસ્સો છે. અમે કાંઈ મોટા સમાજધુરંધરો નથી. અમે અમારું ગૃહજીવન, બીજા માણસો જેવું જ સામાન્ય જીવન જીવીએ છીએ. તેમના પતિ ઘણા લાંબા કલાકો કામ કરે તે તેમને સહી લેવું પડે છે. તે ઉપરાંત પુરુષો પોતાનાં બાળકો તથા ઘરસંસારની ઘણી બાબતોમાં પોતાની જોખમદારી તેમની પર નાખી દે છે અને સૌથી મોટું તે એ છે કે, પત્ની જ એક એવી વ્યકિત છે કે તેની સાથે તે નિષ્ફળતાઓ, ચિંતાઓ, દુ:ખની લાગણીઓ અને ભાવી આશાઓના આનંદની વાત કરી શકે છે. છતાં આ દેખાતી શાંત નારી, જેને ઘણી જોખમી માહિતી અને લાગણીઓ સહજમાં જાણવા મળે છે તે જો આને આધારે કાંઈ કરે અથવા કરી બેસે તો પતિને પસ્તાવાનો વખત આવે. પણ પોતાના મનની શાંતિ અને સ્વસ્થતા ખાતર એને પોતાની લાગણીઓ પત્નીને કહેવી પડે છે. તેથી પત્ની પર ઘણો બધો બોજો અને જોખમદારીઓ આવી પડે છે.

"આ ઉપરાંત કેટલાંક ઉંમરલાયક સંતાનો સિવાય પત્ની જ એક એવી વ્યકિત છે કે જે પતિને મનદુ:ખ લગાડયા સિવાય તેની પણ શું ત્રુટિઓ છે તે કહી શકે. કારણકે પતિ પણ પોતાના અંતરના ઊંડાણમાં સમજે છે કે, પત્ની પોતાના પતિને પૂજે છે અને તે આનંદમાં રહે અને સફળતાઓ મેળવે એમ જ ઈચ્છે છે.

"તેથી આપણે સૌએ આ વાત સમજી લેવી જોઈએ કે પત્ની એ પતિનો સબળ આધારસ્તંભ છે. ચાલુ પુસ્તકો ગમે તે લખે કે કહે પણ જેમ જેમ પતિ સમાજમાં આગળ વધતો જાય તેમ તેમ પત્નીની બુદ્ધિ અને શકિત પર તેને વધુ ને વધુ આધાર રાખવો પડે છે. સમાજના સમજુવર્ગ સાથે કામ પાડવામાં પત્નીના સ્થાનનો સ્વીકાર એ ઘણી અગત્યની વાત છે."

ખાર: ૨૪-૭-૮૦ – શાંતિલાલ હ. શાહ

સંઘના પેટ્રન મેમ્બરો

ગતાંકમાં શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન મેમ્બરોના ૨૫ નામો સુધીની જાહેરાત કરવામાં આવી હતી. ત્યાર બાદ થયેલા પેટ્રન મેમ્બરોના નામો અમો સહર્ષ નીચે પ્રગટ કરીએ છીએ.

સંઘ પ્રત્યે આદર ધરાવતી વ્યકિતઓની સંખ્યા મોટી છે અને તેમાંથી જે વ્યકિતઓનો અમોને પ્રેમળ સક્રીય સહકાર મળી રહ્યો છે તેમનો અમો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

અમોને પૂરી શ્રદ્ધા છે કે અમારા સો પેટ્રન મેમ્બરોના લક્ષ્યાંકને બને તેટલો જલ્દી પૂરો કરવામાં અન્ય વ્યકિતઓનો પણ અમોને સહકાર મળી જ રહેવાનો છે. મિત્રોને વિનંતિ છે કે આપ પેટ્રન મેમ્બર તરીકે આપનું નામ મોકલી આપી તેમ જ આપના વર્તુળમાંથી પેટ્રન મેમ્બર મેળવી આપી આપનો પ્રેમાળ સહકાર આપો.

પેટ્રન મેમ્બરોના નામો

૨૬ શ્રી ટોકરસી કે. શાહ
૨૭ શ્રી ટોકરસી ભુલાભાઈ વીરા
૨૮ શ્રી રમેશભાઈ શેઠ
૨૯ શ્રી લીલાધર પાસુ શાહ
૩૦ શ્રી ચન્દ્રકાન્ત દીપચંદ શાહ
૩૧ શ્રી મહીપતરાય જાદવજી શાહ
૩૨ શ્રી સી. યુ. શાહ
૩૩ શ્રી જયંતિલાલ પ્રેમજી સાવલા
૩૪ શ્રી કાન્તિલાલ છગનલાલ શાહ
૩૫ શ્રીમતી કંચનબહેન ઓલીવર દેસાઈ
૩૬ શ્રી વિનુભાઈ ઉમેદચંદ દોશી
૩૭ શ્રી યશવંતભાઈ દાદભાવાળા

☆ પ્રેમળ – જ્યોતિ ☆

તા. ૧-૬-૮૦ના અંકમાં પ્રગટ કરેલા નામો પછી પ્રેમળ જ્યોતિને નીચેની વિગતે રકમો ભેટ મળી છે. આ પ્રેમાળ દાતાઓનો અમો આભાર માનીએ છીએ.

દત્તક બાળકો અંગે :

૪૦૦ શ્રી આશીતાબેન કે. શેઠ
૪૦૦ એક ભાઈ તરફથી.

પ્રેમળ જ્યોતિને મળેલી ભેટ

૧૦૦૧ શાહ લીલાચંદ કકુચંદ પરિવાર–પુંધરા
૫૦૦ શ્રીમતી કાંતાબહેન ક. ઝવેરી, અમદાવાદ
૫૦૦ મે. રાયચંદ એન્ડ સન્સ
૨૫૧ શ્રી હીરાલાલ ત્રંબકલાલ ડગલી
૨૫૧ „ દેવચંદ રવજી ગાલા
૨૫૦ „ શાંતિલાલ ગોકલદાસ જરીવાલા
૧૦૧ સ્વ. શાંતિલાલ કસ્તુરચંદ કોઠારીના સુપુત્ર અનિલકુમારના લગ્ન પ્રસંગે.
૫૧ „ એક સન્નારી
૫૦ „ જયમતિબેન રતનચંદ પારેખ
૧૧ „ શકુંતલાબહેન શાહ

તા. ૧લી જૂનના અંકમાં રૂા. ૮૦૦ બે દત્તક બાળકોના અને રૂા. ૨૦૧) પ્રેમળ જ્યોતિના ભેટના જે શ્રીમતી મધુબહેન હ. પરીખના પ્રગટ કરવામાં આવેલ તે "પરીખ"ને બદલે શ્રીમતી મધુબહેન હ. "પારેખ" વાંચવું.

કપડાંની જરૂર છે

સાડીઓ તેમ જ ધોતિયાની, ખાસ કરીને સાડીઓની, ખૂબ જ જરૂર છે, તો સંઘના કાર્યાલયમાં સાડીઓ મોકલવા વિનંતી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

આપણે હિમાલયને પણ મૂંડી રહ્યા છીએ

રાજકારણના ક્ષેત્રે આપણા દેશમાં એવી ધાંધલ થાય છે કે આપણા જીવનને સ્પર્શતા બીજા મહત્ત્વના બનાવો બને છે તેમના તરફ પણ આપણું ધ્યાન નથી ખેંચાતું. ગયે મહિને ગઢવાલ હિમાલયમાં ઉત્તર કાશી પાસે એક ભૂપ્રપાત થયો જેમાં એક નાના ગામના લગભગ બધા માણસો દટાઈ મર્યા. દિવસોના પરિશ્રમ પછી જેટલાં શબ હાથ આવ્યાં તેમને બાળવાં માટે લાકડાં નહતાં આથી તેમને ભાગીરથીમાં જલદાહરૂપે પધરાવી દેવામાં આવ્યાં. માર્ગમાં પ્રવાહે કેટલાંક શબને કાંઠે ચડાવી દીધાં. ત્યાં કૂતરાં તેમને ખાતાં હતાં. તેથી કેટલાક લોકોએ તેમને પાછા પ્રવાહમાં હડસેલી દીધાં.

હિમાલયમાં ભૂપ્રપાત થાય (ડુંગર ધસી પડે) એ કંઈ નવી ઘટના નથી. (એકવાર હું મારા સાથીઓ અને બીજા પ્રવાસીઓ બે ભૂપ્રપાત વચ્ચે અતિ ઠંડીમાં ફસાઈ પડ્યા હતા. હિમાલય આપણા દેશના બીજા ડુંગરો અને પહાડોથી જુદા પ્રકારનો છે. તે આશરે સાડા છ કરોડ વર્ષ પહેલાં ટીથીસ (ભુમધ્ય) નામના છીછરા સમુદ્ર-માંથી ભૂકંપોની પરંપરા વડે, એટલે કે પૃથ્વીના બે પોપડા સામસામા અથડાઈને એકબીજા સામે દબાણ કરવાથી સમુદ્રના તળિયેથી ઉચકાયો હતો. તેથી તેમાં બેસાલ્ટ (અગ્નિકૃત ખડકો) અને ગ્રેનાઈટના ખડકો બહુ ઓછા છે. અને સમુદ્રના કાંપના ખડકો (ચૂનાના ધોડા પથ્થર, રેતીના પથ્થર, સ્લેટના પથ્થર વગેરે પોચા પથ્થરો) ઘણા છે તેમને હવામાન (વરસાદ, હિમ, પવન, ઠંડી, ગરમી, વગેરે)નો ઘસારો વધુ લાગે છે. હિમાલયમાંથી લાખો નદી-નાળાં વહે છે, વળી હિમપ્રપાત (એવેલે ન્કે) થાય છે, હિમસરિતાઓ (ગ્લેસિયર્સ) વહે છે. આ બધી કુદરતની ઘટનાઓ હિમાલયને ઘસી નાંખીને સપાટ બનાવી દઈ શકે. પરંતુ કુદરતે તેને વૃક્ષો, વેલા અને બીજી વનસ્પતિનું રક્ષણ આપ્યું છે. તેમનાં મૂળની જાળ ગુંથાઈને હિમાલયની સપાટીને અને તેની અંદરના ખડકો, માટી, રેતી, ચુનો વગેરેને જકડી રાખે છે. આથી ડુંગરો તૂટી પડે નહિ. તેમ છતાં હિમપ્રપાત, ભૂપ્રપાત અને ધોવાણ તો થતાં જ હોય છે. પરંતુ એ તો કુદરતની લીલા છે. આ પૃથ્વીનો ભૂસ્તરીય ઈતિહાસ વાંચો તો જણાશે કે ડુંગરો રચવા, તેમને તોડીફોડીને ઘસી નાખવા, પહાડમાંથી ડુંગર, ડુંગરમાંથી ટેકરા, ટેકરા ઘસી નાંખીને ટીંબા અને ટીંબા ઘસી નાખીને મેદાન બનાવી દેવું અને પછી બીજે વળી નવા ડુંગર રચવા એ તો પૃથ્વીની સતત પ્રવૃત્તિ છે. ડુંગરો ભાંગી, તોડી, ઘસીને ધોઈ નાખવા અને તેમના કાંપ સમુદ્રમાં પાથરીને નવી તળભૂમિ બનાવવી એ પૃથ્વીની પ્રકૃતિ અને પ્રવૃત્તિ છે. તળ ગુજરાતનું મેદાન, સિંધુ-ગંગા-યમુના-બ્રહ્મપુત્રનું મેદાન વગેરે એ રીતે સમુદ્ર પુરાઈને બન્યાં છે. સુંદરવનના ટાપુઓ એ ક્રિયાને વર્તમાન કાળમાં બતાવે છે.

પરંતુ કુદરતે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળનાં વિસ્મય-કારક પરિવર્તનો કર્યા. ત્યારે મનુષ્યનું અસ્તિત્ત્વ ન હતું. જો અત્યારે આવી ઉથલપાથલ થાય તો આપણું આવી બને. પણ ખેદની વાત એ છે કે આપણે મૂર્ખાઈભરેલા સ્વાર્થને વશ થઈને ટૂંકી દૃષ્ટિ રાખી કુદરતની આવી ઉથલપાથલને નોતરી રહ્યા છીએ. તેની સજા ઉત્તરકાશીના ગામના ઉપરોક્ત માણસોએ દટાઈ મરીને ભોગવી. એ ભોગવવામાં તેઓ પહેલા નથી, અને છેલ્લા પણ નહિ હોય. આવી હોનારતો દર વર્ષે બને છે. પણ રાજકારણના કાદવમાં લડી રહેલા કોઈ નેતાને તેની ચિંતા છે ખરી? હેમવતીનંદન બહુગુણા ગઢવાલ હિમાલયમાંથી આવ્યા છે. આ કરુણ દુર્ઘટનાથી તેમની ઊંઘ બગડી છે ખરી?

મેદાનના જંગલ કરતાં ડુંગરના જંગલનું રક્ષણ કરવું એ બહુ જ મહત્ત્વનું છે. આથી બ્રિટિશ જમાનામાં જંગલના રક્ષણ માટે ખાસ કાયદા કરવામાં આવ્યા હતા. પણ તે વખતે વસતી ઓછી હતી. ખેતી માટે જમીનની અને બળતણ તથા ઈમારતી બાંધકામ માટે લાકડાંની ભૂખ ઓછી હતી. જેટલાં વૃક્ષો કપાય તેટલાં ફરીથી વાવીને ઉછેરવામાં આવતાં હતાં.

સ્વતંત્રતા મળ્યા પછી આપણે સૌથી વધુ 'પ્રગતિ' કરી હોય તો તે વસતિ વધારામાં. આપણે દર વર્ષે ૧ કરોડ ૩૦ લાખ માણસોનો વધારો કરીએ છીએ. એકલા ઉત્તર પ્રદેશમાં વસતિ ૧૦ કરોડ પર પહોંચી ગઈ છે. આજે ઈમારતી લાકડાંની અતિ ઊંચી કિંમત ઉપજે છે. ખેતીની ઊપજના ભાવ અનેક ગણા વધી જવાથી ખેતી માટે જમીનની ઝુટાઝૂટ છે. આથી હિમાલયની તરાઈથી ટોચ સુધી વૃક્ષો કપાઈ રહ્યાં છે. કેન્દ્ર સરકારે નવી જંગલનીતિ ઘડીને ધરતીના ૩૩ ટકા ધરતી પર જંગલ હોવું જોઈએ એમ ઠરાવ્યું છે અને ખેતીના રક્ષણ માટે જંગલ જરૂરી છે એમ પણ ઠરાવ્યું છે. હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તર પ્રદેશ બિહાર વગેરે રાજ્યોએ જંગલના રક્ષણ માટે કાયદા પણ કર્યા છે. પરંતુ ખુદ પ્રધાનો અને રાજકીય નેતાઓ તથા કહેવાતા સામાજિક કાર્યકરો મોટાભાગે લાલચુ અને ભ્રષ્ટાચારી પણ છે. જંગલ અધિકારીઓને લાંચ જોઈએ છે. જંગલના કોન્ટ્રેક્ટરો લાંચ આપી રક્ષિત જંગલના વૃક્ષો પણ કાપી જાય છે. વાવવાનો ખર્ચ અને તકલીફ કોણ ભોગવે? નેતાઓને મત જોઈએ છે તેથી તેઓ પોતાના ટેકેદારોને ખેતી માટે જંગલની જમીન અપાવે છે. રાજકીય આગેવાનો આવી રીતે પોતાના ટેકેદારોને જંગલોનો નાશ કરવા દે છે. પછી પ્રધાનો સોંઘી લોકપ્રિયતા મેળવવા આ ગેરકાયદે પેશકદમીને પણ કાયદેસર બનાવી. આપે છે દા.ત. મુંબઈ નજીક થાણા જીલ્લામાં આવું બની રહ્યું છે. ઉત્તર કાનરાનું દાંડેલી જંગલ બતાવતાં એક જંગલ અધિકારીએ મને કહ્યું કે પાંચ-સાત વર્ષ પછી તમે અહીં આવશો તો આ સઘન જંગલ પણ કપાઈ ગયું હશે. રાજકીય આગેવાનોને ચૂંટણીમાં મતો જોઈએ છે તેથી તેઓ પોતાની લાગવગ વાપરીને પોતાના ટેકેદારોને જંગલની જમીન અપાવી રહ્યા છે.

આપણે પાછા હિમાલય જઈએ. ગઢવાલ હિમાલયમાં એટલાં બધાં વૃક્ષો કાપીને ઉત્તર પ્રદેશના કોન્ટ્રેક્ટરો લઈ જાય છે કે જંગલની સુરક્ષા અને પેદાશપરથી નભતા ગ્રામિણ લોકોએ પંડિત સુંદરલાલ નામના એક આગેવાનની દોરવણી નીચે સત્યાગ્રહ કર્યો. ઝાડ કાપવા કોન્ટ્રેક્ટરના માણસો કુહાડા લઈને આવે ત્યારે ગામ લોકો વૃક્ષોના થડને ચીપકીને વીંટાઈ વળે. આથી આ સત્યાગૃહ "ચીપકો સત્યાગ્રહ" તરીકે ઓળખાયો. સમગ્ર દેશનાં અખબારોમાં તેને પ્રસિદ્ધિ મળી. પણ પ્રધાનો પર તેની ખાસ કઈ અસર ન થઈ. આથી વૃક્ષો હજી કપાય છે. વધુ ને વધુ વૃક્ષો કપાય છે.

આપણે હિમાલય જેવા નગાધિરાજને મૂંડી રહ્યા છીએ! આપણે વંડાલો (વેન્ડલ્સ) છીએ? તેમના કરતાં પણ બદતર છીએ? ઈસ્વી સનના આરંભ પછી ઉત્તર યુરોપમાંથી વંદાલ નામની ટ્યુરોનિક જાતિ ઉતરી આવી હતી જે જે કંઈ સારું અને સુંદર જુએ તેનો નાશ કરતી હતી. છઠ્ઠી સદીમાં તેણે રોમ અને રોમન સામ્રાજ્યમાં પુસ્તકો અને કળાનો મહાવિનાશ કર્યો.

આપણે વંદાલો કરતાં પણ બદતર છીએ, કારણ કે વંદાલો આત્મઘાતક ન હતા. તેઓ બીજાની સંસ્કૃતિનો નાશ કરતા હતા. આપણે આપણા દેશની સંસ્કૃતિ, સમૃદ્ધિ અને આપણી પોતાની સલામતીનો નાશ કરી રહ્યા છીએ. મુંડાઈ ગયેલા હિમાલયની જે તસ્વીરો અખબારોમાં પ્રગટ થાય છે એ હિમાલયના જખમો જોઈને અરેરાટી ઉપજે છે. પણ કસાઈને જેમ ગાયને કાપતાં આંચકો લાગતો નથી તેમ આ લાલચું સ્વાર્થીઓને વૃક્ષો કાપતાં સંકોચ થતો નથી. પરિણામે ભૂપ્રપાતમાં અબુધ ગ્રામવાસીઓ મરે છે.

પરિણામની સજા મેદાનના માણસોએ અને સમગ્ર દેશની પ્રજાએ પણ ભોગવવી પડે છે. વૃક્ષો કપાતાં જાય છે તેમ હિમાલય કપાતો, ઘસાતો અને ધોવાતો જાય છે. દર વર્ષે અબજો ટન કાંપ હિમાલયમાંથી તણાઈને નદીઓમાં મેદાનમાં ઉતરે છે. તેથી નદીઓ છીછરી બને છે અને પૂર આવે છે ત્યારે નદીઓ ઉભરાઈને ખેતરો અને ગામડાં પર ફરી વળે છે. દર વર્ષે તેમાં સેંકડો હજારો ઢોર તણાઈ જાય છે. અબજો રૂપિયાનું નુકસાન થાય છે. જાન-માલની ખુવારી દર વર્ષે વધતી જાય છે.

અખબારો, સેંખકો, વિજ્ઞાનીઓ, ઈજનેરો વગેરે વર્ષોથી પુણ્ય-પ્રકોપ ઠાલવી રહ્યા છે. પરંતુ તેમનું અરણ્યરૂદન કોણ સાંભળે છે? જો રાજકારણમાં અને સમાજમાં વંદાલો કોઈ જાતની રોકટોક વિના પોતાનું ધાર્યું કરી શકતા હોય તો આ દેશનું શું થશે આપણા દેશમાં રેઈન ફોરેસ્ટ વર્ગનું છલ્લું જંગલ હવે કેરલમાં છે જે સાઈલન્ટ વેલી તરીકે ઓળખાય છે. કેરલ સરકારે તેનો પણ નાશ કરીને ત્યાં જળવિદ્યુત પેદા કરવા બંધ વડે તેને ડૂબાવી દેવાનું નક્કી કર્યું છે! અને કેરળે તેને જોઈએ તેના કરતાં વધુ વીજળી પેદા કરે છે છતાં!

વિજયગુપ્ત મૌર્ય

卐 મૂળ સોતાં ઉખડેલાં 卐

'અભ્યાસ વર્તુળ'ના ઉપક્રમે શનિવાર, તા. ૧૨-૭-૮૦ને દિને સાંજે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રીમતી કમળાબેન પટેલનો, એમની તાજેતરમાં જ પ્રકાશિત થયેલી પુસ્તિકા "મૂળ સોતાં ઉખડેલાં" વિશે એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ વખતે હંમેશા કરતાં બહેનોની હાજરી વધુ હતી.

શ્રી સુબોધભાઈ શાહે સૌને આવકાર આપ્યો અને શ્રીમતી કમળાબેન પટેલનો ટૂંક પરિચય આપતાં કહ્યું કે "૧૯૪૭માં હિન્દુ-સ્થાનના ભાગલા પડયા એ વખતે આદેશ મળતાં તેઓ દિલ્હી ગયા અને સ્વ. કુ. મૃદુલાબેન સારાભાઈના આદેશાનુસાર તેમને લાહોર જવું પડયું. આમ તો કમળાબેન વર્ષોથી ગાંધીવાદી અને કર્મઠ કાર્યકર્તા હતા જ, પરંતુ ભાગલા વખતના પંજાબના વાતાવરણ, ભાષા અને કાર્યવાહીથી તદ્ન અપરિચિત હોવા છતાં કમળાબેન, લાહોર, અમૃતસર જલંધર ઈ. કોમી આગથી બળતા શહેરોમાં પાંચ પાંચ વર્ષ સુધી રહ્યા અને તે દરમિયાન તેમણે અન્ય સહકાર્યકરોની મદદથી લગભગ ૨૦-૨૨ હજાર અપહૃત સ્ત્રીઓ ને બાળકોની શોધખોળ કરીને તથા કેટલાંકને સમજાવી-પટાવીને એમનાં કુટુંબી-જનોને સુપ્રત કર્યા. આ ભગીરથ કાર્ય જેટલું માનવતાભર્યું હતું તેનાંથી વધારે સાહસપૂર્ણ હતું. એમની આ પુસ્તિકામાં એમણે આ કાર્યની જટિલતા, જોખમ અને ભયંકરતાનો સંક્ષિપ્તમાં ખ્યાલ આપ્યો છે. જે વાંચીને આપણું માથું નમી પડે છે. આવી એક બહાદુર બેનને આજે વકતા તરીકે મેળવીને આપણે ધન્ય બન્યા છીએ."

ત્યાર બાદ શ્રીમતી કમળાબેને યુ. જે. યુ. સંનો તથા સર્વેનો હાર્દિક આભાર માનતાં કહ્યું છે કે મને આજે આપ સૌને મળવા તથા થોડીક વાતો કહેવાની જે તક આપવામાં આવી છે તે માટે હું કાર્યકર ભાઈઓની ઋણી છું. હું કંઈ લેખિકા નથી, મને ભાષણ કરવાની ટેવ નથી. જીવનભર સામાજિક કાર્ય કરતી રહી છું. છતાં દેશના ભાગલા વખતે મને એક અસાધારણ કામ સોંપવામાં આવ્યું તે મારી બુદ્ધિ અને શકિત પ્રમાણે મેં પાર પાડવાનો પ્રયત્ન કર્યો. એમાં જે કંઈ સફળતા મળી તેનો મોટાભાગનો શ્રેય સ્વ. મૃદુલાબેન સારાભાઈને જાય છે. પરમેશ્વરની કૃપા અને એમની પ્રેરણાથી જ આ શક્ય બન્યું છે." ત્યાર બાદ એમણે કેટલાંયે ભયાનક, વિચિત્ર અને કરુણભર્યા સ્વાનુભવના ઉદાહરણો તથા વિતકકથાઓનો ઉલ્લેખ કર્યો. જે સાંભળીને શ્રોતાજનો હેબતાઈ ગયાં. એમણે કહ્યું કે યુદ્ધો કે આંતરવિગ્રહો થોડાંક સત્તાલાલચુ આગેવાનોના સ્વાર્થ માટે ખેલાય છે પણ એમાંથી પણ સૌથી વધુ સહન કરવું પડે છે સ્ત્રીઓને. આ વિકટ કાર્ય હું કેમ કરી શકી એનો વિચાર કરતાં આજે મને પોતાને આશ્ચર્ય થાય છે.

ત્યાર બાદ શ્રી ગુણવંતભાઈ ઝવેરી, જેમણે પણ આ પુસ્તક વાંચેલું તેમણે બોલતાં કહ્યું કે "મૂળ સોતાં ઉખડેલાં" એ પુસ્તક નથી પણ ઈતિહાસ છે. હજારો-લાખો માનવોની કરુણોત્તમ કથા છે. આ નાની પુસ્તિકામાં સેંકડો પાત્રો અને અનેક ઘટનાઓનો ઉલ્લેખ આવે છે. ક્રૂરમાં ક્રૂર પાશવતાના ઘણાં બધા દાખલાઓમાં મહોરતી માનવતાના પણ થોડાંક પ્રસંગો વર્ણવાયાં છે. શ્રીમતી કમળાબેને જેટલું જોયું, જાણ્યું અને અનુભવ્યું તેનો દશમો ભાગ પણ આ પુસ્તિકામાં છપાયો નથી. અને જેટલો છપાયો છે તેના ભાગ્યે જ એક ટકા જેટલું તેઓ આજે બોલ્યા છે. પડછંદ ખુલ્લી તલવારધારી પંજાબી પુરુષો અને કદાવર તથા બિહામણાં બંદૂકધારી અફઘાનો વચ્ચે એકલા ને અટૂલા આ ખાદીધારી ગુજરાતી બહેને જે હિમત અને કુનેહપૂર્વક કામ કર્યું છે, એ વાંચતાં વાંચતાં હૃદય ધ્રૂજી ઊઠયું અને એમને મનોમન સેંકડો વંદન થઈ ગયા. આ પુસ્તકની ભાષા શિષ્ટ છતાં સરળ છે અને શૈલી પ્રાસાદિક છે. આ પુસ્તકમાં શ્રીમતી કમળાબેનને અંજલિ આપતાં શ્રીમતી આલુબહેન દસ્તુરે કહ્યું છે કે "ભાગલાએ જગાડેલી આગમાં કૂદી પડનાર આપણા દેશની બહાદૂર નારીઓ પૈકીનાં એક શ્રીમતી કમળાબેન પટેલ છે." એમનાં અનેરાં સાહસ, હૈયાસૂઝ, સમયસૂચકતાં, ધીરજ અને કાર્યનિષ્ઠા માટે હું શ્રીમતી કમળાબેનને બિરદાવું છું ને વંદું છું. એમના નારી જીવનની સફળતાને." ત્યારબાદ શ્રોતામાંથી એક ભાઈ શ્રી દોલતરાય ખુશાલદાસ ઝાંગલાએએ આ પુસ્તક વિષેનાં પોતાનાં પ્રતિભાવો રજૂ કર્યા અને શ્રીમતી કમળાબેનને એમની નિર્ભિકતા અને આપહૃતાઓની સેવા માટે ખૂબ ધન્યવાદ આપ્યા. ત્યાર બાદ અમૂક પ્રશ્નો પૂછવામાં આવ્યાં જેનાં યોગ્ય ઉત્તરો કમળાબેને આપ્યા.

પ્રમુખ શ્રીમાન ચીમનલાલ ચકુભાઈ શાહે ત્યાર બાદ ગંભીર સ્વરે બોલતાં કહ્યું કે ૧૯૪૭માં દેશના જે ભાગલા પડયા એ એક ધરતીકંપ હતો. ૫૦ લાખ જેટલાં સ્ત્રીપુરુષોને વિભાજન નિમિત્તે સ્થળાંતર કરવું પડયું હોય તેવો ઈતિહાસમાં એ પહેલો પ્રસંગ હતો. માણસ ક્યારે શું કરી બેસે એ કળવું અશકય છે. મનુષ્ય એકલો કંઈ કરે અને સમૂહમાં જે કરે એ ભિન્ન હોય છે. સમૂહમાં એ ઉત્તમ કામ પણ કરી શકે અને અધમમાં અધમ કૃત્ય પણ આચરી શકે. આ Human Psycology છે. માણસની સહનશકિત પણ ગજબની હોય છે. સર્વસ્વ લૂંટાયા પછી પણ એ સ્થિર થઈ જીવી શકે છે. ગઈ ગૂજરી ભૂલી જઈ શકે છે. એ, માનવીની એક આશ્ચર્યજનક માનસિક પ્રક્રિયા છે. કમળાબેને ખરેખર અદ્ભુત કામ કર્યું છે. હું એમને ધન્યવાદ આપું છું.

અંતે યુવક સંઘના મંત્રી શ્રી. કે. પી. શાહે શ્રીમતી કમળાબેન તથા સર્વેનો આભાર માન્યો હતો.

સંકલન : ગ. મ. ઝવેરી

વિશ્વદર્શનનું મોડેલ: "ઘર"

એકબીજાના સહયોગથી ગોઠવેલા લાગણીઓના તણખલાનો સંબંધની ડાળી પર બાંધેલો હૂંફાળો માળો એટલે ઘર. જેની દીવાલોમાં પ્રેમ, મમતા અને પોતિકાપણા-આત્મૈકયનો ભાવ ચણાયેલા-વણાયેલા છે. સુખ-દુઃખના ટૂારની જ્યાં ઉઘાડવાસ છે, સ્વતંત્રતા અને સહજ-તાનું મિલન છે.

ઘર, કોઈ પૃથ્વીનો છેડો નથી કિન્તુ વિશ્વફલક પરનું કેન્દ્ર-બિન્દુ છે, જ્યાંથી સબંધોના વર્તુળો રચાય છે, વ્યવહારની રેખાઓ અંકાતી જાય છે, સહાનુભૂતિ ઘૂંટાતી જાય છે, વિશ્વ પરિઘને આંબવા માટેની ત્રિજ્યાનું ઉદ્ગમ સ્થાન છે.

આપણા વેદ અને ઉપનિષદોના આદર્શ પર રચાયેલો શ્રેષ્ઠ આશ્રમ છે. દીવાલોથી બંધાયેલું-ઘેરાયેલું ભૌતિક સ્થળ કે મિલકત નથી, વૈભવ કે વિલાસ દર્શાવતું પ્રદર્શન-કેન્દ્ર નથી, પરંતુ મનની આંતરિક અને શુદ્ધ શાંતિ મેળવવાનું મંગળમય-કલ્યાણકારી મંદિર છે. નિરાંતની એ મિરાત છે.

ઘર એટલે દીવાલોની જડતા નહીં, પત્થર કોંકરેટની આ કઠોરતા નથી. ધબકતું, શ્વસતું ચેતના-તંત્ર છે. શુદ્ધ-વ્યવહાર-સદાચારની કરોડરજ્જુ છે. લાગણીઓના ધબકારને અનુભવતું કાર્ડિયોગ્રામ-યંત્ર છે. દિવ્ય ચેતનાનું સંચાલક કેન્દ્ર છે. સમગ્ર ભાવોનું વાહક છે.

દીવાલો પર ભૂતકાળ છબીઓમાં પૂજાય છે, જેઓના-અરમાનોનો વર્તમાન તેના પર ફૂલ ચઢાવે છે, વારસાનાં મૂલ્યને જાળવવાના સંકલ્પ લેવાય છે. વર્તમાન માથું નમાવે છે ભૂતકાળના ચરણોમાં, સંતોષ અને આશિષની ધૂપસળી સારાયે ઘરમાં મહેંકી ઉઠે છે. ખાન-દાનીનાં સ્તોત્ર આંતર જગતમાં ઘૂંટાય છે.

ઘરની દીવાલોમાં ભૂતકાળ શ્વસે છે, જેના આંગણામાં વર્તમાન પા... પા પગલીઓ માંડે છે, ભવિષ્ય મહેમાન બનીને 'બારણે ટકોરા' પાડે છે. ત્રણેય કાળના ત્રિવેણી સંગમ પર અક્ષય-તીર્થની સ્થાપના થાય છે. આદર, સત્કાર અને આવકારની ત્રિગુણી શકિતનું આહ્વાન થાય છે.

જ્યાં વડીલોની આમન્યા, સમવયસ્ક સાથે છૂટછાટ, નાનેરાઓની મર્યાદાની સહજતા છે. દરેક તારાઓ પોતપોતાનો પ્રકાશ અને અસ્તિત્વને માણે છે. જેના ઉપર વડીલો વાદળા બની છવાઈ જતા નથી, કોઈના ય વ્યકિતત્વને રોકતા નથી. નિર્ભયતાનો ખુલ્લો અવકાશ છે.

વર્તમાન ખોળાને ખુંદે છે, યુવાની મસ્તી માણે છે, સાહસ ખેડે છે, વૃદ્ધાવસ્થા વર્તમાનના ટેકે ટેકે (સહારે) ભવિષ્યને આવકારવા મૃત્યુના દ્વાર તરફ હળવું પ્રયાણ કરે છે.

ઘર કે જ્યાંથી સંસ્કાર, શ્રદ્ધા અને સંસ્કૃતિનું ઉદ્ઘાટન થાય છે, વિશ્વ-વ્યવહારનું અનુસંધાન સધાય છે, વ્યવહારનો વિકાસ થાય છે. ઘર ભાવનાઓનું- પ્રસારણ કેન્દ્ર છે, લાગણીઓનો જ્યાં સહવાસ છે. ઘર એટલે ભાવાભાવોનો ભાતીગળ ચંદરવો-ચાકળો. વિવિધ રંગોની બૂટ્ટા ભાતની રંગોળી.

ઘર એટલે વિશ્વ-દર્શનનું મોડેલ.

ભુપતરાય મો. ઠાકર-'ઉપાસક'

માનવ ભોગના કિસ્સા

આપણને એમ લાગે છે કે આપણે દિનપ્રતિદિન સુધારા ભણી ગતિ કરી રહ્યા છીએ, પરંતુ ધરતીના છાને ખૂણે માનવ, માનવ પર કેવા અત્યાચારો ગુજારે છે એ તો જ્યારે જાણીએ ત્યારે જ ખબર પડે. તા. ૧૭મી ફેબ્રુઆરીના 'ઈન્ડિયન એકસપ્રેસ'માં આ જમાનો વિજ્ઞાન અને પ્રગતિનો હોવા છતાં મોટા ભાગના માણસો અંધશ્રદ્ધાથી પ્રેરાઈ માણસનો કેવી ક્રૂર પદ્ધતિથી ભોગ લે છે એ વિષેનો એક ચોંકાવનારો લેખ હતો. આ લેખ મુજબ આદિકાળની જેમ આજે પણ માણસનો ભોગ લેવાય છે અને આવા હિચકારા કૃત્ય પાછળ દેવદેવીઓને પ્રસન્ન રાખવા, સંતાન પ્રાપ્તિ કરવી, પોતાનું ધાર્યું કંઈ ફળ મેળવવું, રાગ યાતના દૂર કરવા વગેરે કારણો રહેલ છે. વળી, કેટલાક અંધશ્રદ્ધાળુ લોકોનું એવું માનવું છે કે ધરતીની અંદર જે કંઈ ખજાનો કે બીજી વસ્તુઓ છે, તેના પર સર્પ તથા અમુક દૈવી તાકાતનું વર્ચસ્વ છે, માટે આ ખજાનો પ્રાપ્ત કરવા માણસનો ભોગ આપવો જરૂરી છે કે જેથી દૈવીશકિત તુષ્ટમાન થાય. એ જ રીતે જળદેવતાને રીઝવવા કોઈ મોટી નદી પર પૂલ બાંધવામાં આવે છે ત્યારે માણસનો ભોગ લેવાય છે. આ સિવાય કોઈ જગ્યાએ નવું બાંધકામ થાય છે ત્યારે પણ એ કામની સફળતા માટે આરંભમાં માણસનું બલિદાન આપવામાં આવે છે. થોડાં વર્ષો પહેલાં રાજસ્થાનના એક ગામમાં આ રીતે એક કોન્ટ્રાકટરે બાર વર્ષના કુમળા છોકરાનો ભોગ લીધો હતો. બાંધકામ વાળી જગ્યાએ તો એવો રિવાજ થઈ ગયો છે કે 'કામ થઈ ગયું, ખતમ કર્યો' આ ઉદ્‌ગારો ન સંભળાય ત્યાં સુધી કારીગરો અને મજૂરો કામ શરૂ કરતા નથી. દેખીતી વાત છે કે આવા કિસ્સામાં મૃતદેહને પથ્થર નીચે દાટી દેવામાં આવતો હોવાથી તેની કોઈ ભાળ મળતી નથી.

માણસનો ભોગ લેવાની એક બીજી પદ્ધતિ એ છે કે એમાં જેનો ભોગ લેવાનો હોય તે માણસને અથડાવીને કે માર મારીને બેભાન બનાવવામાં આવે છે. ત્યારબાદ તેના ડોળા ખેંચી કાઢી શરીરને કાપવામાં આવે છે અને અંદરથી આંતરડા કાઢી લઈ ઝાડની ડાળી પર માળાની જેમ લટકાવવામાં આવે છે. પછી મૃતદેહમાંથી નીકળેલા લોહીમાં, ભોગ લેનાર વ્યકિત પોતાના હાથનો પંજો બોળી તેનું ઝાડ પર નિશાન કરે છે. વાંચતાં કમકમા આવે એવી આ કરુણતા છે. નજરે તો આપણે જોઈ જ ન શકીએ. પ્રગતિશીલ જમાનામાં ભલેને આપણે વસીએ, પરંતુ માણસ માણસ વચ્ચે ત્રાસ અને અત્યાચારના આવા બનાવો ખરેખર આપણને શરમિંદા બનાવી દે છે.

બલિદાનની ત્રીજી રીતમાં માનવી કુરતા અને અંધશ્રદ્ધાનો ભોગ બનનાર વ્યકિતને તેનું માથું કેવળ બહાર રહે એ રીતે જમીનમાં દાટવામાં આવે છે. ત્યાર પછી તેના માથા પર સળગતો દીવો મૂકવામાં આવે છે અને તેની આસપાસ સ્ત્રીઓ અને પુરુષો નાચગાન કરે છે. માણસ મરી જાય ત્યા સુધી આ પાશવી લીલા ચાલે છે. અંધશ્રદ્ધા અને અજ્ઞાન શું નહિ કરી શકે?

જલંદરમાં ત્રણ વર્ષના કુમળા છોકરાનો ભોગ લેવાયો હતો. એ કહાણી પણ અતિ કરુણ છે. છોકરાની કાકીએ પ્રથમ તેને સજ્જડ પકડી રાખ્યો, અને કાકાએ પછી શિરચ્છેદ કર્યો અને છોકરાના પિતાએ મૃતદેહના સત્તાવીસ ટુકડા કર્યા. આ બધું લોકોના ટોળાં સમક્ષ થયું અને આવી રીતે ભોગ લેવાનો ઈરાદો કુળના વડવાઓને પ્રસન્ન કરવાનો હતો! જડતા અને અંધશ્રદ્ધા પાસે લોહીના સગપણ એળે જાય છે.

આ ઉપરાંત બાજુ એક સ્થળે શકિતદેવી મંદિરમાં એક ચૌદ વર્ષના છોકરાનો ભોગ લેવાયો તેની પાછળનું કારણ દુર્ગાદેવીને પ્રસન્ન કરવાનું હતું કે જેથી પ્રસન્ન થએલી દેવી ધરતીમાં દટાયેલા કોઈ ખજાનાની પ્રેરણા આપે! આ કિસ્સામાં છોકરાનું ગળું અણીદાર હથિયારથી કાપી નાખવામાં આવ્યું. અને તેને ધીમા પરંતુ અતિ કષ્ટદાયક મોતે મરવા દેવામાં આવ્યો કે જેથી ધાર્મિક ક્રિયાવિધિઓ ચાલે ત્યાં સુધી તેનું લોહી વહેતું રહે.

નાગપુર બાજુ એરનગામમાં ૨૪ વર્ષના એક આશાભર્યા યુવાનને ખૂબ ત્રાસ આપી તેના નાક કાન કાપી નાખવામાં આવ્યાં, અને પછી તેને કુવામાં ધકેલી દેવામાં આવ્યો. આ બલિદાન પાછળનું કારણ એ હતું કે ગામમાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો, અને આવા બલિદાનથી દેવી રીઝે અને રોગચાળો દૂર થાય એવી લોકોની જડ માન્યતા હતી. તબીબી વિજ્ઞાન ગમે તેટલું વિકસ્યું હોય પરંતુ રોગચાળા પાછળ અગોચર શકિત કે દેવીનો હાથ હોય એમ માનનારા અંધશ્રદ્ધાળુ લોકોનો આપણા દેશમાં તોટો નથી.

યુ. પી.ના રાયપુરમાં એક સોનીએ ધાર્મિક શ્રદ્ધાથી એક પૂજા ગોઠવી હતી, જેમાં તેણે પોતાના મા-બાપને તથા ભાઈ-ભાભીને મારી બલિદાન આપ્યું. આવી લોહિયાળ પૂજાથી તેનું કેટલું ભલું થશે એ તો આપણે સમજીએ છીએ, પણ અંધશ્રદ્ધાને કોણ પહોંચી શકે?

માનવ બલિદાનના બીજા એક કિસ્સામાં એક બાઈ માંદી રહેતી હતી તેના કારણમાં તેને કોઈ નડતું હતું એમ માનવામાં આવેલું અને આ નડતર દૂર કરી બાઈને સાજી કરવા તાંત્રિકની સલાહથી બે વર્ષના બાળકને મારી નાખવામાં આવેલું કે જેથી આ અગોચર તત્ત્વ રાજી થાય. તો બીજા એક કિસ્સામાં એક સ્ત્રીએ પોતાને બાળકો થાય એ હેતુથી કાલીમાતાને પ્રસન્ન કરવા છ વર્ષના છોકરાનો તથા પોતાની ચાર વર્ષની બહેનનો ભોગ લીધો હતો. જેણે ખૂબ ચકચાર જગાવી હતી એ મહારાષ્ટ્રના માનવાત કેસમાં પણ એવું જ હતું કે અગોચર ખજાનાની પ્રાપ્તિ માટે એક વંધ્યા સ્ત્રી અને તેના સાથીદારોએ '૭૨ના નવેમ્બરથી '૭૪ના જાન્યુઆરી સુધીમાં અગિયાર નિર્દોષ માણસોના ભોગ લીધા હતા.

માનવ બલિદાનના થોડા કિસ્સાઓની ઉપર નોંધ લીધી છે. આવા તો કેટલાય કિસ્સાઓ છાને ખૂણે બનતાં હશે જે વિષે આપણને જાણ પણ ન હોય. કરુણતા એ વાતની છે કે આપણે પ્રગતિશીલ જમાનામાં વસીએ છીએ પરંતુ બલિદાનના આવા કિસ્સાઓ અટકતાં નથી અને વાંકુ ખૂચે તેવી વાત એ છે કે કાયદામાં આને માટે જે કડક સજા છે તેનો અમલ થતો નથી. આ પ્રકારના મોટા ભાગના કિસ્સાઓની ઝીણવટથી છણાવટ થતી નથી એટલે ગુનેગારને છટકબારી મળી જાય છે. ઉપર ઉલ્લેખ છે તે એરનગામના કિસ્સામાં ૪૪ માણસોને અટકાયતમાં લેવામાં આવ્યાં હતાં, જેમાંથી પાંચને જન્મટીપની અને દસ જણને પાંચ વર્ષ કેદની સખત સજા કરવામાં આવી, પરંતુ હાઈકોર્ટે તેમને છોડી મૂકયા. માનવાત કેસમાં પણ ૧૧ ખૂનો પાછળ જેનો મુખ્ય હાથ હતો તે રૂક્ષ્મણિબાઈ અને બીજા બે જણને મૃત્યુની સજા થયેલી, પરંતુ મુંબઈ હાઈકોર્ટમાંથી તેઓ છૂટી ગયાં અને ત્યારપછી સુપ્રિમ કોર્ટની અપીલમાં પણ છૂટી ગયાં.

માનવ હત્યાના કેસોનો યોગ્ય અને જલ્દી ચુકાદો થાય એ જરૂરી છે; કારણ કે આ પ્રકારના કેસોમાં પુરાવા બહુ ઓછા આવે છે અને જે પુરાવા આવે છે તે કોર્ટની મુદતો પડવાથી ગોટાળાભર્યા થઈ જાય છે. આવા કેસોમાં તો કડક સજા હોવી જોઈએ કે જેથી માણસનો ભોગ લેવાની ક્રૂર પ્રવૃત્તિ આગળ વધતી અટકે. અંધશ્રદ્ધા, વહેમ અને જડ ધાર્મિક ખ્યાલો સાથે સંકળાયેલી આવી માનવતા વિરોધી પ્રવૃત્તિઓને બંધ કરવા કાયદામાં નિયમો તો છે, પરંતુ તાંત્રિકો તથા ભુવા બાવા જેવાં સમાજવિરોધી તત્ત્વોની જન માનસ પર એટલી તો દ્રઢ પકડ છે કે લોકોને સુધારાના માર્ગ પર લાવવાનું અતિ કઠિન છે. સાધુ બાવાઓની આ જમાત પર કાયદાનો સખત અંકુશ રહેવો જરૂરી છે. આ દિશામાં સૌથી વધુ અસરકારક ઉપાય તો સમાજ સુધારા દ્વારા લોકમાનસને એવી રીતે કેળવવાનું છે કે લોકો ધર્મ વિષેના જડ ખ્યાલો, અંધશ્રદ્ધા તથા જાતજાતના વહેમમાંથી છૂટે.

('ઈન્ડિયન એકસપ્રેસ'માંથી) —શારદાબેન ભાણુભાઈ શાહ

અભ્યાસ-વર્તુળ

વકતા : શ્રી પ્રવીણભાઈ કામદાર
(ડેપ્યુટી મ્યુ. કમિશ્નર)

વિષય : આપણા નગરનાં પ્રાણપ્રશ્નો

સમય : ૧૨-૮-'૮૦ મંગળવાર, સાંજના ૬-૧૫

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ

સૌને સમયસર ઉપસ્થિત થવાનું હાર્દિક નિમંત્રણ.

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસ-વર્તુળ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી, શનિવાર તા. ૬-૯-'૮૦થી રવિવાર તા. ૧૪-૯-'૮૦ સુધી–એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી ઉપર આવેલા "બિરલા ક્રીડા કેન્દ્ર"ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૩૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. છેલ્લે દિવસે ભક્તિ-સંગીત છે તે દિવસે ૧૦-૩૦ થી ૧૧-૧૫ સુધી ભક્તિ-સંગીત રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

તારીખ		વ્યાખ્યાતા	વ્યાખ્યાન-વિષય
તા. ૬-૯-૮૦	શનિવાર	શ્રી શશિકાન્ત મહેતા	જીવનમુક્તિનો મંત્ર–નમસ્કાર
		પૂજ્ય સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી	—
તા. ૭-૯-૮૦	રવિવાર	શ્રી જગદીશભાઈ શાહ	ધર્મ અને વિજ્ઞાન
		પ્રો. પુરુષોત્તમ માવલંકર	અસત્યમેવ કરતે
તા. ૮-૯-૮૦	સોમવાર	શ્રીમતી અંજનાબહેન સોનાવાલા	ગીતાનો સંદેશ
		ડૉ. કુમારપાળ દેસાઈ	મૌનની વાણી
તા. ૯-૯-૮૦	મંગળવાર	વ્યાસ શ્રીપ્રકાશ ત્રિપાઠી	રામચરિતમાનસ
		શ્રીમતી મૃણાલિની દેસાઈ	જ્યોર્જ વૉશિંગ્ટન કાંવર–એક કર્મયોગી
તા. ૧૦-૯-૮૦	બુધવાર	ડૉ. મધુસૂદન પારેખ	સુખની શોધમાં
		પ્રો. રમેશભાઈ ભટ્ટ	પૂજ્યશ્રી મોટાનું જીવનકાર્ય
તા. ૧૧-૯-૮૦	ગુરુવાર	ડૉ. કાન્તિલાલ કાલાણી	નિષ્કામ કર્મયોગી
		ડૉ. સુરેશ દલાલ	હરમાન હેસ
તા. ૧૨-૯-૮૦	શુક્રવાર	આચાર્યશ્રી ચીનુભાઈ નાયક	કર વિચાર તો પામ
		ફ્રાધર વાલેસ	દક્ષિણ આફ્રિકામાં પ્રવાસમંથન
તા. ૧૩-૯-૮૦	શનિવાર	પ્રો. તારાબેન શાહ	સામાયિક
		શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મહાવીર, કૃષ્ણ અને ગાંધીજી
તા. ૧૪-૯-૮૦	રવિવાર	ડૉ. રમણલાલ ચી. શાહ	ચાર શરણાં
		શ્રી મોરારજીભાઈ દેસાઈ	ધર્મ અને વ્યવહાર
		શ્રી ભરત પાઠક અને કલાવૃંદ	ભક્તિ સંગીત

આ દરેક વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો, સભ્યો, શુભેચ્છકો તથા સૌ મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

વ્યાખ્યાનસ્થળ: બીરલા ક્રિડા કેન્દ્ર – ચોપાટી

સમય: દરરોજ સવારના ૮–૩૦ થી ૧૦–૩૦

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

આત્મીયતાભર્યો પ્રોત્સાહિક આવકાર

તાજેતરમાં એક સુંદર પ્રસંગ બની ગયો. પેટ્રન સભ્યો નોંધતા નોંધતા જે સુખદ અનુભવ થાય છે તેનું આ બ્યાન છે. પ્રબુદ્ધ જીવનમાં પેટ્રન મેમ્બરોની જાહેરાત વાંચ્યા બાદ એક સદ્‌ગૃહસ્થે રૂા. ૨૫૦૦/-નો ચેક ટપાલમાં અમને મોકલી આપ્યો. ત્રીજે દિવસે તેમનાં ભાઈનો ફોન આવ્યો કે પેટ્રન મેમ્બરશીપ અંગેનો મારો ચેક તૈયાર છે, તો સવારે સાથે ચા પીવા આવો. તે ચેક પણ મળ્યો. ત્યારબાદ તેમનો આભાર માનવા માટે ફોન કર્યો– તેમણે કહ્યું કે, આના માટે આભાર માનવાની કોઈ જ જરૂર નથી, તમો વ્યાખ્યાનમાળા અને પ્રબુદ્ધ જીવન જેવી, લોકોને સાત્વિક ભાથું મળે એવી, પ્રવૃત્તિઓ ચલાવો છો તેમાંથી જીવનનું ભરપૂર પાથેય સૌને મળે છે. આમોએ પેટ્રન સભ્ય તરીકેનું લવાજમ મોકલ્યું તે તો અમો આમારું ઋણ અદા કરી રહ્યા છીએ. સાથે સાથે બીજા બે ચાર પેટ્રન મેમ્બરો મેળવી આપવાનું પણ વચન આપ્યું.

આ સદ્‌ગૃસ્થના, પ્રસંશનીય આત્મીયતા, સહ્રદયી સદ્‌ભાવ અને બેનમુન સરળતાના તેમની વાણી દ્વારા ફોનમાં દર્શન થયા. આવા તેમના સક્રિય પ્રેમળ સહકાર માટે ખૂબ ખૂબ આભાર અને ધન્યવાદ.

ધનપતિઓ તો ઘણા હોય છે, પરંતુ એ ધનનો સદુપયોગ કરવાની જાગૃતિ તેમ જ તત્પરતા જ્યારે ધનિકોમાં જોવામાં આવે છે ત્યારે આનંદ થાય છે.

સંપત્તિનો સદુપયોગ એ જ માનવજીવનની સાર્થકતા છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમેન પ્રીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ઓગસ્ટ, ૧૯૮૦ શનિવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ
સહતંત્રી : રમણલાલ ચી. શાહ

રાષ્ટ્રીય સમસ્યાઓ

આ ૧૫મી ઓગસ્ટે દેશને આઝાદી મળ્યા ૩૩ વર્ષ પુરા થયા. ત્યારે દેશ સમક્ષ શું અને કેવી સમસ્યાઓ ઊભી છે તેનો વિચાર કરવાનો પ્રસંગ છે.

લાલબહાદુર શાસ્ત્રીના શાસન કાળનો દોઢ વર્ષ અને જનતા પક્ષના શાસનકાળના અઢી વર્ષ મળી ચાર વર્ષ બાદ કરીએ તો લગભગ ૨૯ વર્ષ નહેરુ કુટુમ્બનું શાસન રહ્યું છે, જવાહરલાલ નહેરુના શાસનના ૧૭ વર્ષ અને તેમના પુત્રી ઈન્દિરા ગાંધીના શાસનના ૧૨ વર્ષ. આ કૌટુમ્બિક શાસન ચાલુ રહેશે એવી ધારણા સંજય ગાંધીના આકસ્મિક અવસાનથી, હાલ તુરત, મોકૂફ રહી છે. કાયમ માટે મોકૂફ રહી છે એમ હજી નહિ કહેવાય. કારણ, એ વંશવેલો ચાલુ રાખવાના પ્રયત્નો નહિ થાય એમ નિશ્ચિત કહેવાય તેમ નથી.

છેલ્લા પાંચ વર્ષમાં સારી એવી ઉથલપાથલ થઈ. ૨૫મી જૂન ૧૯૭૫ને રોજ ઈન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરી ત્યાર પછી ૧૮ મહિના વિષમકાળના ગયા. માર્ચ ૧૯૭૭માં જનતા પક્ષનું શાસન થયું ત્યારે ઘણી મોટી આશાઓ બંધાઈ. અઢી વર્ષમાં તે બધી આશાઓ ભાંગીને ભુક્કો થઈ ગઈ. જાનેવારી ૧૯૮૦માં ઈન્દિરા ગાંધી ફરી સત્તા પર આવ્યા અને મા-દીકરાનું સંયુકત શાસન શરૂ થયું. સંજય ગાંધીના અવસાનથી નવી પરિસ્થિતિ ઘેદા થઈ.

ઈન્દિરા ગાંધી સત્તા પર આવ્યાથી એક મજબૂત અને સ્થિર શાસન મળશે એવી અપેક્ષા અત્યાર સુધી અપૂર્ણ રહી છે. જનતા પક્ષના શાસનને ગમે તેટલો દોષ દેવામાં આવે તો પણ, આ સાત મહિનાની ઈન્દિરા ગાંધીની નિષ્ફળતા ઢાંકી શકાય તેમ નથી.

અત્યારે દેશ સમક્ષ સૌથી મોટી સમસ્યા એ છે કે દેશનું ભાવિ એક જ વ્યકિત ઉપર અવલંબી રહ્યું છે એમ લાગે છે. એ અવલંબન કાચા સુતરનો તાંતણો છે એમ કેટલાક લોકો માનતા થયા છે. દેશનો સૌથી ચિન્તાનો વિષય એ છે કે ઈન્દિરા ગાંધી હવે શું કરશે. સંજય ગાંધીના અવસાનને લગભગ દોઢ મહિનો થયો પણ ઈન્દિરા ગાંધીના વલણનો કોઈ આણસાર મળતો નથી. અફવાઓ અટકળો અને અનુમાનોનો રાફડો ફાટયો છે. ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધી તેમના બધા વિરોધીઓને મહાત કરવામાં સફળ થયા. પણ એ સફળતા જ તેમની સૌથી મોટી નિષ્ફળતા બની રહેશે એમ લાગે છે. આમેય ઈન્દિરા ગાંધીનું મન અકળ રહેતું. હવે એકલા અટુલા શું વિચારે છે તે કોઈ જાણતું નથી. મન્દિરોમાં અને સાધુ સંતો પાસે જાય છે. કેટલાક લોકો માને છે કે ઈન્દિરા ગાંધી ભાંગી પડયાં છે. જ્યોતિષીઓ ખૂબ કામે લાગી ગયા છે. કોઈ છ-બાર મહિનાની મહેતલ આપે છે. આ બધી અનિશ્ચિતતામાં રાજતંત્ર તુટી પડે છે. ઈન્દિરા ગાંધીની ધાક હતી તે હવે રહી નથી. એમના સાથીઓમાં કેબીનેટના કે બીજા-કોઈ એવા સમર્થ નથી કે જે નિર્ણય લઈ શકે અથવા ઈન્દિરા ગાંધીને નિર્ણય લેવાની ફરજ પાડી શકે અથવા નિર્ણય લેવામાં મદદ કરી શકે. તેમનું અંતરંગ મંડળ—યશપાલ કપૂર, ધવન, ધીરેન્દ્ર બ્રહ્મચારી-ચોટલી નાંચો કોટિનું છે કે એમની સલાહ મુજબ જો કાંઈ થવાનું હોય તો દેશનું દુર્ભાગ્ય લેખાય. જવાહરલાલ નહેરુના છેલ્લા બે વર્ષ ચીનો આક્રમણ પછીના નિષ્ક્રિયતાના રહ્યા—ડ્રોફટ – ઈન્દિરા ગાંધીનું એવું થશે?

એક જ વ્યકિતને માથે દેશના સમસ્ત રાજકારભારનો તેમ જ કોંગ્રેસનો સંસ્થાકીય બધો બોજો રહે તે કોઈપણ શકિતશાળી વ્યકિત માટે અસહ્ય છે. રાજતંત્રના પ્રશ્નો ઓછા મુંઝવનારા નથી. તેમાં કોંગ્રેસ (ઈ)ના આંતરિક કલહો ઉમેરો કરે છે. ઈન્દિરા ગાંધીને પોતાના પક્ષના સભ્યોને ગંભીર ચેતવણી આપવી પડી કે આ ફાટફુટ અને સત્તાની ખેંચતાણીમાંથી ઉપર નહિ આવો તો જનતા પક્ષ જેવા હાલ થશે. કોંગ્રેસ (ઈ) સત્તા પર છે તે દરેક રાજ્યમાં વિખવાદો છે. મુખ્યમંત્રીઓ ઉપરથી લાદવામાં આવ્યા છે. તેમને પ્રજામાં કે પક્ષમાં પાયો નથી. આન્ધ્ર પ્રદેશથી શરૂઆત થઈ છે. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કોઈ રાજ્ય બાકી નથી. ઈન્દિરા ગાંધીની સ્થિતિ, કદાચ, કહેવાય નહિ અને સહેવાય નહિ એવી છે.

લોકશાહીમાં એકપક્ષને બદલે બીજો પક્ષ, એક નેતાને બદલે-બીજા નેતા, તેનું સ્થાન લેવા તૈયાર હોય એવી પરિસ્થિતિ હોય છે. લાચારી નથી હોતી. આપણે ત્યાં અત્યારે એવી પરિસ્થિતિ નથી. કેન્દ્રના મંત્રીમંડળમાં ઈંદિરા ગાંધી પછી નિશ્ચિતપણે નંબર બે કહી શકાય, ઈન્દિરા ગાંધીના અનુગામી કહેવાય, એવી એક પણ વ્યકિત નથી. વિરોધપક્ષો છિન્ન ભિન્ન છે. તેના આગેવાનો – યશવંતરાવ ચવ્હાણ, જગજીવનરામ, ચરણસિંહ, વાજપાયી—બધા મૌન છે અથવા નિરાશાથી નિષ્ક્રિય થયા છે અથવા કોઈ વ્યૂહ રચે છે, કાંઈ સમજાતું નથી. પાર્લામેન્ટમાં અને રાજ્ય ધારાસભાઓમાં ધાંધલધમાલ, સભાત્યાગો અને આક્ષેપબાજી સિવાય કાંઈ કામ થતું નથી. વિરોધ પક્ષો અતિ લઘુ સંખ્યામાં હોવાથી નિષ્ફળતાની હતાશા અનુભવે છે અને તેથી શાસક પક્ષ અને વિરોધ પક્ષો બિનજવાબદારપણે વર્તે છે.

આ બાબત ઉપર મેં ઘાટલો ભાર મૂક્યો છે કારણ કે જો રાજકીય અસ્થિરતા હશે અને તે ચાલુ રહેશે તો બીજા બધા ક્ષેત્રોમાં અસ્થિરતા રહેવાની.

આર્થિક સમસ્યાઓ ઉત્તરોત્તર વિકટ બનતી જાય છે. ચીજવસ્તુઓના ભાવો અસાધારણ વધતા જાય છે. આ સાત મહિનામાં લગભગ ૨૦ ટકા વધ્યા, કેટલીક વસ્તુઓમાં ૫૦ ટકા જેટલા વધ્યા છે. સામાન્ય મધ્યમ વર્ગ અને ગરીબોનો મરો છે. કાળા નાણાંનો વ્યાપ અનહદ વધ્યો છે. માત્ર ધમકીથી કે કેટલોક ધાડો પાડવાથી આ અનિષ્ટ કાબુમાં આવે એમ નથી. આવકની સામાનતા ઓટલી બધી વધી ગઈ છે કે લોકો બળવો કેમ નથી કરતા તેનું આશ્ચર્ય થવું જોઈએ. સમાજવાદની વાતો કરવી હાંસીપાત્ર છે. રૂપિયાનું મૂલ્ય ઓટલું ઘટી ગયું છે કે આવકની કીંમત નથી રહી. એક સારું ચિન્હ છે કે આ વર્ષે અત્યાર સુધી ચોમાસું સારું છે—જો કે નદીઓના પૂરથી કેટલાક રાજ્યોમાં સારો પેઠે નુકસાન થયું છે. પણ આર્થિક પરિબળો કાબુ બહારના થયા છે. શીગડાં મારવાથી આભ ફાટયું છે તે રોકી શકાય તેમ નથી. સંગીન અને અસરકારક પગલાં લેવાની શકિત નથી એમ લાગે છે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસતી જાય છે. પોલીસના જુલ્મો અને અત્યાચારો માઝા મૂકે છે. આસામાજિક તત્ત્વોનું જોર ખાસ કરી ગામડાઓમાં વધતું જાય છે. લોકમાનસ ઓટલું બધું ઉત્તેજીત છે કે નાની બાબતમાં તોફાનો થઈ પડે છે. શહેરોમાં, મજૂરો અને નોકરીયાત વર્ગના મોરચાઓ અને કારખાનાઓમાં હડતાળો અને તાળાબંધી સામાન્ય થઈ પડયા છે. રાજ્યોમાં મંત્રીમંડળોની કોટિ ઓટની સામાન્ય છે કે તેનો કોઈ પ્રભાવ નથી. નોકરશાહી પ્રધાનોની હાંસી અથવા અવગણના કરે તેમાં આશ્ચર્ય નથી.

આસામ અને પૂર્વાંચળમાં આંદોલન સ્થગિત થતાં, હાલ તુરત શાન્તિ થઈ છે પણ આસામનો પ્રશ્ન અતિવિકટ છે. તેનો સંતોષ-

કારક ઉકેલ નથી. વિદેશી કોને કહેવા તે નક્કી કરવું અશક્ય છે. આ દેશના વતનીઓ, ગમે તે ભાગમાંથી આવ્યા હોય તેને વિદેશી ન જ લેખાય, નહિ તો દેશના ટુકડા થઈ જાય. જે બંગાળી, હિન્દુઓ અને મુસ્લીમો, આસામમાં કે ત્રિપુરા મણિપુરમાં છે તેમાંના કોણ પશ્ચિમ બંગાળમાંથી આવ્યા છે અને કોણ પૂર્વ બંગાળ કે બંગલા-દેશમાંથી, તે નક્કી કરવું અશક્ય છે. બધા બંગાળી છે. વિદેશીઓ નક્કી કરવાની પ્રક્રિયા વરસો સુધી ચાલે તો પણ તેનો નિર્ણય થઈ શકે તેમ નથી અને દરમિયાન લાખો માણસો ઉપર લટકતી તલવાર રહે અને તે લાંબો સમય સુધી રહે તેને કારણે અશાન્તિ અને અસંતોષ સળગી ઉઠે તે ગંભીર વિચારણા માગે છે. પૂર્વાંચળના અન્ય પ્રદેશો નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા મણિપુરમાં ખ્રિસ્તી મીશનરીઓ, સામ્યવાદીઓ, આદિવાસીઓ, કદાચ વિદેશી સત્તાઓ, વગેરે તત્ત્વો અશાન્તિ પેદા કરવામાં સારી પેઠે ભાગ ભજવે છે.

કાશ્મીરનો પ્રશ્ન ફરી સળવળ્યો છે. શેખ અબદુલ્લાને કોઈ ટેકો ન હતો ત્યારે ઈન્દિરા ગાંધીએ તેમને ફરી ગાદી પર બેસાડયા. તેમણે પોતાની નેશનલ કોન્ફરન્સ સજીવન કરી. કોંગ્રેસ (ઈ) નો તેમની સામે વિરોધ થયો ત્યારે શેખ અબદુલ્લા વિફર્યા અને ઘણાં ભિન્-જવાબદાર અને ઉશ્કેરણીભર્યા પ્રવચનો કર્યા. દિલ્હી આવી ફેરવી તોળ્યું. પણ કાશ્મીરમાં પાકિસ્તાનતરફી બળો માથું ઊંચકી રહ્યા છે. ઈસ્લામનો ઝંડો ફરકાવવાની ધારણા રાખે છે. ભારત અથવા કાશ્મીરના બંધારણને ખુલ્લો પડકાર કરે છે. અને ઈસ્લામી કોન્ફરન્સ બોલાવી છે. કાશ્મીરને ભારતથી મુકત કરવાની જેહાદ પોકારી છે. ફરી રાષ્ટ્ર-સંઘના નેજા નીચે લોકમતની માગણી કરી છે. ભારત સરકારે સખત પગલાં લેવા જ પડશે.

આ બધી મુંઝવણભરી પરિસ્થિતિનું ચિત્ર મેં રજૂ કર્યું છે છતાં હું નિરાશાવાદી નથી. આ દેશના ઉજ્જવળ ભાવિમાં મને અખૂટ શ્રદ્ધા છે. એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના બધા દેશોમાં આપણો દેશ દરેક રીતે મોખરે છે. બીજા દેશોમાં અંધાધુંધી છે તેના પ્રમાણમાં આપણે ત્યાં વ્યવસ્થિત તંત્ર છે. આપણી શકિત, માનવીય અને ભૌતિક, વિપુલ છે. રાજકીય અસ્થિરતા ચિન્તા કરાવે તેવી છે, પણ તેને પાર કરવાની આપણામાં શકિત છે. લોકશકિત જાગ્રત થાય અને સ્વાર્થવૃત્તિ કાંઈક ઓછી થાય તો આપણી પ્રગતિ અને ઉન્નતિ કરવી મુશ્કેલ નથી. એક રીતે જોઈએ તો દુનિયામાં બધે અશાન્તિ છે. સમૃદ્ધ ગણાતાં દેશો પણ ભારે વિમાસણામાં છે. આપણી સમસ્યાઓની વિકટતા ઓછી ન આંકીએ તો પણ તેને પહોંચી વળવાની આપણી શકિત છે. ૩૩ વર્ષ પ્રજાના ઈતિહાસમાં લાંબો ગાળો નથી. હજારો વર્ષોથી અનેક ઝંઝાવાતો વચ્ચે આપણી સંસ્કૃતિનું સાતત્ય આપણે જાળવી રાખ્યું છે. એ સંસ્કૃતિમાં પાયાના નૈતિક મૂલ્યોનું બળ છે તે આપણને ટકાવી રાખે છે અને ટકાવી રાખશે.

૬-૮-૮૦ — ચીમનલાલ ચકુભાઇ

અમેરિકાના પ્રમુખની ચૂંટણી

અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં સીધી રીતે ભાગ લેવાનો અને મતદાન કરવાનો અધિકાર અમેરિકાના લોકોને જ છે; પણ કોણ વ્યકિત ચૂંટાય છે તે જોવા અને જાણવામાં દુનિયાના બધા દેશોને રસ અને હિત છે. રાજકીય અને આર્થિક રીતે, દુનિયાના લગભગ બધા દેશો સાથે અમેરિકા ગાઢ રીતે સંકળાયેલ છે. અમેરિકાની લશ્કરી તાકાત અને આર્થિક સમૃદ્ધિની અસર બધા દેશો ઉપર પડે છે. દુનિયાની બે મહાસત્તાઓમાંની એક મહાસત્તા તરીકે, બીજી મહાસત્તા સાથે અમેરિકાના કેવા સંબંધો રહે છે તેના ઉપર દુનિયાની શાન્તિ અને હવે, અણુશકિત યુગમાં, અસ્તિત્વનો આધાર છે. અમેરિકાના પ્રમુખને ઘણી વિશાળ સત્તાઓ છે. અમેરિકાનો પ્રમુખ, દુનિયાભરમાં ઉથલપાથલ કરી મૂકે એટલી શકિતનો અધિકારી છે. વિશ્વશાન્તિનો આધાર આ એક વ્યકિત ઉપર રહે છે. તેથી આ વ્યકિત કોણ આવે છે. તેના વિચારો અને નીતિ શું છે તે ઉપર દુનિયા મીટ માંડી રહે છે.

આવતા નવેમ્બર માસમાં થવાની આ ચૂંટણી, આ વખતે, કાંઈક અંશે વિચિત્ર છે. સામાન્ય રીતે, એક વખત પ્રમુખ થાય તેને, એક બીજી વખત ચૂંટવામાં આવે એવી પરંપરા છે. આ વખતે આ પરંપરા સચવાય એ વિષે ભારે શંકા છે.

અમેરિકામાં બે જ રાજકીય પક્ષો છે. દરેક પક્ષ, દેશભરમાં અને અમેરિકાના દરેક રાજ્યમાં પ્રાથમિક ચૂંટણી કરી, પોતાનો ઉમેદવાર નક્કી કરે છે. આ પ્રાથમિક ચૂંટણી, મહિનાઓ સુધી ચાલે છે અને તેમાં કરોડો ડૉલરનો ખર્ચ થાય છે. આ પ્રાથમિક ચૂંટણીમાં પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાવા, તીવ્ર હરીફાઈ હોય છે રીપબ્લિકન પક્ષના ઉમેદવાર તરીકે રોનલ્ડ રીગન ચૂંટાઈ આવ્યા છે. ડેમોક્રેટિક પક્ષનાં ઉમેદવારની પસંદગી, આ લખાણ પ્રસિદ્ધ થાય તે પહેલાં, થઈ ગઈ હશે. પ્રાથમિક ચૂંટણીમાં ડેમોક્રેટિક પક્ષના પ્રતિનિધિઓની ચૂંટણી થઈ છે તેમાં વર્તમાન પ્રમુખ કાર્ટરની બહુમતી છે. પણ એ બહુ-મતી તોડવા તેમના હરીફ એડવર્ડ કેનેડી ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. કાર્ટરનાં પ્રતિષ્ઠા તળીયે બેઠી છે. એક અસ્થિર અને નિર્બળ વ્યકિત તરીકે તેમની છાપ છે. તાજેતરમાં એક બનાવ બન્યો જેણે આ પ્રતિષ્ઠાને છેલ્લો ધક્કો આપ્યો છે. કાર્ટરના ભાઈ બીલી કાર્ટરે લિબિયા પાસેથી ૨,૨૦,૦૦૦ ડૉલરની "લાંચ" લીધી તે હકીકત જાહેર થઈ છે અને બીલી કાર્ટરે સ્વીકાર કર્યો છે. તેમાં કાર્ટર કેટલે દરજ્જે જવાબદાર છે તે કહેવું મુશ્કેલ છે પણ આખી વાત ચકડોળે ચડી છે. કાર્ટર વિશે અમેરિકાના આગેવાન અખબાર વોશિંગ્ટન પોસ્ટે લખ્યું છે.

A President and candidate for re-election who seems almost determined to demonstrate every day that he can do things that make his record and reputation look worse.

એડવર્ડ કેનેડીને ઉમેદવાર તરીકે પસંદગી મળે એવી શકયતા નથી. પણ ડેમોક્રેટિક પક્ષના ઘણાં આગેવાન સભ્યો માને છે કે કાર્ટર યોગ્ય અને લાયક વ્યકિત નથી. કોઈ ત્રીજી વ્યકિતની છેલ્લી ઘડીએ પસંદગી થાય તો આશ્ચર્ય પામવા જેવું નથી.

પણ જો આવું બને તો, ડેમોક્રેટિક પક્ષ પ્રતિષ્ઠા ગુમાવે અને તેનો કોઈ પણ ઉમેદવાર હોય તેને સફળ થવાના ચાન્સ નજીવા ગણાય. ઉમેદવાર તરીકે કાર્ટરની પસંદગી થાય તો તેમને સફળ થવાના ચાન્સ પણ અત્યારે બહુ ઓછા લાગે છે. તેમની પ્રતિષ્ઠાને અંગત રીતે તો ધક્કો પહોંચ્યો જ છે પણ ડેમોક્રેટીક પક્ષમાં એટલો તીવ્ર મતભેદ છે કે તેમના પક્ષના જ મતદારો કાર્ટરને મત આપે તે વિષે ભારે શંકા રહે છે

પણ આશ્ચર્યની વાત તો એ છે કે રિપબ્લિકન પક્ષના ઉમે-દવાર રીગન પણ મોટી પ્રતિષ્ઠા ધરાવતા નથી. આમ તો વર્ષો સુધી ફિલ્મ એકટર હતા. રીગન કોઈ પ્રતિભાશાળી વ્યકિત નથી. તેમના પ્રવચનોમાં કોઈ આદર્શ કે ઉચ્ચ ભાવનાઓ જોવા મળતા નથી. કાર્ટર કરતા વધારે લાયક ઉમેદવાર છે તેમ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. તેમનો સૂર એક જ રહ્યો છે કે અમેરિકાની પ્રજા મહાન છે, કાર્ટરને કારણે દેશની પ્રતિષ્ઠા દુનિયામાં ઝાંખી પડી છે. ફરી એક સમર્થ મહાસત્તા તરીકે અમેરિકાને બનાવવાની તેઓ મહેચ્છા ધરાવે છે. રિપબ્લિકન પક્ષ કન્ઝર્વેટીવ પક્ષ છે. ખાનગી ઉદ્યોગને અને મૂડીવાદને ટેકો આપવા સાથે, રશિયા સાથે સખ્તાઈથી કામ લેવાની રીગને જાહેરાત કરી છે. પ્રમુખ તરીકે ઉમેદવાર ચૂંટાય તે વ્યકિત, પોતાના સાથી ઉપ-પ્રમુખની પસંદગી કરે છે. રીગને ઉપપ્રમુખ માટે પસંદગી કરી તેમાં એક નાટક ભજવાઈ ગયું. પ્રમુખપદ માટેની ઉમેદવારીના તેમના જ હરિફ જેમણે પ્રાથમિક ચૂંટણી દરમિયાન, રીગનની આકરી ટીકા કરી હતી તે જ વ્યકિત - બુશને તેમણે પસંદ કરી અથવા પસંદ કરવી પડી. વિશેષમાં રીગનની ઉંમર, સામાન્ય રીતે અમેરિકાના પ્રમુખોની હોય છે તે કરતાં, ઘણી વધારે – ૬૯ વર્ષની છે.

હકીકત એવી છે કે અમેરિકાને અત્યારે કોઈ લાયક ઉમેદવાર મળતો નથી. બેમાંથી એકેય પક્ષ પ્રજાને માન્ય હોય એવો ઉમેદ-દવાર રજૂ કરી શકતાં નથી. પસંદગી કરવી પ્રજા માટે બહુ અઘરું થઈ પડે એવી પરિસ્થિતિ છે

રાજકીય પક્ષોની અધોગતિ અને શકિતશાળી ચારિત્ર્યવાન વ્યકિતઓનો અભાવ, આપણા દેશની વિશેષતા જ નથી. જાપાનમાં પણ તાજેતરમાં આવું જ બન્યું. ભ્રષ્ટાચાર માટે જાણીતો અને આંત-રિક મતભેદોથી ખદબદતો પક્ષ ફરી, બહુમતીથી ચૂંટાયો. તેના નેતાની પસંદગીમાં કાંઈક કાવાદાવા થયા. પણ અમેરિકા અને જાપાન સમૃદ્ધ દેશો છે તેમને આ બધું પોસાય. આપણાં જેવા ગરીબ દેશને આવી લોકશાહી પોસાય નહિ.

કાર્ટર ચૂંટાય કે રીગન, અથવા એક ત્રીજો અપક્ષ ઉમેદવાર, એન્દર્સન ઊભો છે, તે અથવા કોઈ નવી જ વ્યકિત ડેમોક્રેટિક પક્ષ ઊભી કરે તે, અમેરિકન પ્રજાને સંતોષ થાય એવી કોઈ વ્યકિત તેનો પ્રમુખ થવાની નથી અને દુનિયાને પણ આવી વ્યકિત સાથે પનારો પડશે. અમેરિકા અને રશિયા વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થઈ ગયું

છે. દુનિયાના કેટલાય દેશોમાં અરાજકતા, અસ્થિરતા અને અશાન્તિ છે. આર્થિક આંધી છે. તેવે સમયે, બે મહાસત્તાઓમાંની એક મહાસત્તાની આગેવાની માટે પ્રભાવશાળી વ્યક્તિનો અભાવ, દુનિયાનું દુર્ભાગ્ય લેખાવું જોઈએ. વૉશિંગ્ટન પોસ્ટે લખ્યું છે:

Whomever the Democrats nominate, the result of the refusal to do intellectually honest and politically hard work will plague them. Sometimes we wonder what Ronald Reagan did to deserve all this.

'વૉશિંગ્ટન પોસ્ટ' પેઠે, આપણને પણ આપણા દેશ માટે આશ્ચર્ય થાય તેવું છે કે જે વ્યક્તિઓ સત્તા પર આવે છે તેમની શું લાયકાત છે?

૧૧-૮-૮૦ ચીમનલાલ ચકુભાઇ

નોંધ: આ લખાણ લખાયા પછી, ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર તરીકે કાર્ટરની ચૂંટણી થઈ છે. ડેમોક્રેટિક સંમેલનને મુક્ત સંમેલન બનાવવાના એડવર્ડ કેનેડીના પ્રયત્નો નિષ્ફળ થયા પછી કેનેડીએ ઉમેદવારી પાછી ખેંચી લીધી. છતાં, ઉમેદવારની ચૂંટણીમાં કેનેડીના અનુયાયીઓએ લગભગ ૪૦ ટકા, કાર્ટરની વિરુદ્ધ મતદાન કર્યું. એટલે, કાર્ટરને આખરી ચૂંટણીમાં, પોતાના પક્ષનો કેટલો ટેકો મળશે તે વિશે શંકા છે. ઔપચારિક રીતે કેનેડીએ જાહેર કર્યું છે કે તેઓ ચૂંટણીમાં કાર્ટરને ટેકો આપશે પણ ડેમોક્રેટિક પક્ષના ઘણા મતદારો કાર્ટર વિરુદ્ધ મત આપે અથવા મતદાન ન કરે એવો સંભવ છે. હવે આખરી પરિણામની રાહ જોવી રહી.

—ચીમનલાલ ચકુભાઇ

અમેરિકાના ડેમોક્રેટિક પક્ષનું પ્રતીક ગધેડો કેમ?

આ લેખકે, પત્રકારત્વની તાલિમની શરૂઆત ૧૯૩૫માં રણછોડદાસ લોટવાળાના "હિન્દુસ્તાન પ્રજામિત્ર" માં કરેલી. તે વખતે, આત્યારના જેવી, પત્રકારત્વનું શિક્ષણ આપતી શાળાઓ કે મહાશાળાઓ તો હતી નહિ એટલે ડીકન્સ તેમ લંડનની શેરીઓની "યુનિવર્સિટી" માં "ભણી"ને મોટો લેખક થયો હતો તેમ પત્રકાર બનવા ઈચ્છનારાઓએ કોઈ વર્તમાપનત્રમાં નોકરી લઈને જ તાલીમ મેળવવી પડતી.

"હિન્દુસ્તાન પ્રજામિત્ર"નો એક વખતે ડંકો વાગતો પણ રણછોડદાસભાઈ ગાંધીજીના વિરોધી અને એક વખતે એમણે એક કટાક્ષ ચિત્રમાં ગધેડાનું પ્રતીક ચીતરાવીને એને ગાંધીજીનું નામ આપ્યું. બસ થઈ રહ્યું! એ સમયે ગાંધીજીની લોકપ્રિયતા ટોચ પર હતી અને ગાંધીને ગધેડા સાથે સરખાવવાની વાત બરદાસ્ત કરવા પ્રજા હરગીઝ તૈયાર નહોતી કારણ કે આપણે ગધેડાને મૂર્ખાતાનું, આડોડાઈનું પ્રતીક ગણીએ છીએ અને કોઈને ગધેડો કહેવો એ ખરાબ ગાળ દેવા સમાન છે.—અને લગભગ રાતોરાત "હિન્દુસ્તાન પ્રજામિત્ર"નો ફેલાવો ઓછો થઈ ગયો અને આખરે ૧૯૪૦ના ઓક્ટોબરની ૩૧ મી તારીખે છેલ્લો અંક કાઢીને 'હિન્દુસ્તાન—પ્રજામિત્ર'ની લીલા સંકેલી લેવાઈ.

કોઈને ગધેડો કહેવો એ એનું અપમાન કરવા બરાબર છે એવી માન્યતા કેવળ આપણે ત્યાં જ છે એવું નથી. પશ્ચિમમાં પણ ગધેડાને જક્કીપણાનું, મૂર્ખાઈનું પ્રતીક ગણવામાં આવે છે અને કોઈ આડોડાઈ કરતું હોય તો એને એમ પણ કહેવાય છે કે: "ડોન્ટ બી એન એસ." તો આવી પરિસ્થિતિમાં, અમેરિકાનું પ્રમુખપદ પ્રાપ્ત કરવા માટે જે બે પક્ષો, એક ડેમોક્રેટિક પક્ષ અને બીજો રિપબ્લિકન પક્ષ, જીવન મરણનો જંગ ખેલી રહ્યા છે તેમાંથી ડેમોક્રેટિક પક્ષે, અમેરિકાના વર્તમાન ઈતિહાસના પ્રારંભ કાળમાં જ પોતાના પ્રતીક તરીકે ગધેડાને શા માટે પસંદ કર્યો હશે તેનું આશ્ચર્ય જેમ મને થયા કરતું હતું તેમ ઘણાને થતું હશે. આ અંગે સંશોધન કરતાં ખરેખર રસપ્રદ રીતે અમુક રીતે તો વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ જાણવા જેવી કેટલીક માહિતી પ્રાપ્ત થઈ.

ગાંધીજી અને ગધેડાને સાંકળતું કાર્ટૂન જે 'હિન્દુસ્તાન-પ્રજામિત્ર'ના પતન માટે કારણભૂત બન્યું તો અમેરિકાના ડેમોક્રેટિક પક્ષે એમના પક્ષ ચિહ્ન તરીકે ગધેડાને અપનાવ્યો એને માટે પણ ગધેડા અંગેનું એક કાર્ટૂન જ કારણભૂત બન્યું હતું. અમેરિકા પરનું બ્રિટનનું સાંસ્થાનિક શાસન ખતમ થયા પછી અમેરિકામાં, દક્ષિણનાં રાજ્યો અને ઉત્તરનાં રાજ્યો વચ્ચે આંતર યુદ્ધ ફાટી નીકળ્યું હતું. આ આંતર યુદ્ધમાં ઉત્તરના રાજ્યોનાં જે તત્ત્વો દક્ષિણના રાજ્યો તરફ સહાનુભૂતિ બતાવતાં તેમને માટે કોપરહેડ્ઝ જેવો ગાળ ગણાય એવો શબ્દ વાપરવામાં આવતો (કોપર હેડ એક પ્રકારનો સાપ છે) અને આવા કોપરહેડ વર્ગને ટેકો આપનાર અખબારોને "કોપર હેડ પ્રેસ" એવું કહેવામાં આવતું. હમણાં જ બંધ થયેલું "હાર્પર્સ મેગેઝિન" એ આવું કોપરહેડનું અખબાર હતું અને એમાં ૧૮૭૦ના જાન્યુઆરીની ૧૫ મી તારીખે એક એવું કાર્ટૂન છપાયું હતું જેમાં કોપરહેડ રૂપી ગધેડો એ મરેલા સિંહ રૂપી એડવર્ડ સ્ટેન્ટન (રિપબ્લિકન પાર્ટીના નેતા) ને લાત મારતો બતાવવામાં આવ્યો હતો. આ કાર્ટૂન ટોમસ નાસ્ટ નામના કાર્ટૂનિસ્ટે દોર્યું હતું. આ કાર્ટૂનને મળેલી લોકપ્રિયતાને કારણે પછી તો નાસ્ટે આખા ડેમોક્રેટિક પક્ષ માટે પણ ગધેડાનાં ચિહ્નનો ઉપયોગ કરવા માંડ્યો હતો અને આ ચિહ્નનો કાર્ટૂનો દ્વારા એટલો બધો પ્રચાર થયો હતો કે ડેમોક્રેટીક પક્ષે આખરે ગધેડાને પોતાના ચિહ્ન તરીકે અપનાવી લીધો હતો.

નાસ્ટે ગધેડાના ચિહ્નનો ઉપયોગ શરૂ કર્યા, પછી ચાર વર્ષે, રિપબ્લિકન પક્ષ માટે દોરેલાં એક કાર્ટૂનમાં, પક્ષ ઘણો વધારે પડતો મોટો થઈ ગયો છે અને ખૂબ શિથિલ તથા આળસુ થઈ ગયો છે એવું બતાવવા માટે હાથીનું પ્રતીક વાપર્યું હતું અને તે સમયે હાર્પર્સ મેગેઝિન તથા ટોમસ નાસ્ટની લોકપ્રિયતા એવી હતી કે આ હાથીનું પ્રતીક રિપબ્લિકન પક્ષે પણ અપનાવી લીધું હતું! આજે અલબત્ત, કોઈ અમેરિકન ડેમોક્રેટને તમે પૂછો કે: "તમે ગધેડાનું પ્રતીક કેમ અપનાવ્યું છે" તો એ કહેશે: "ગધેડો કેવું પ્રામાણિક, ઘરના બધાં જ કામમાં ઉપયોગમાં આવે એવું પ્રાણી છે!" જ્યારે કોઈ રિપબ્લિકનને પૂછો કે: "તમે હાથીને તમારું ચિહ્ન તરીકે કેમ અપનાવ્યો છે?" તો તે તમને કહેશે: "હાથી કેટલું બળવાન અને બુદ્ધિશાળી પ્રાણી છે?"

શાહી સવારી માટે વપરાતા હાથીની વાત તો આપણા દેશ માટે નવી નથી. મહીસુરમાં, રાજાઓના વખતમાં દશેરાની જે સવારી નીકળતી તે જોવા માટે તો વિદેશથી પણ માણસો આવતા. પણ ગધેડાનો અને ખચ્ચરનો પણ એક જમાનામાં શાહી સવારી માટે ઉપયોગ થતો એની વાત ઘણાને ખબર નહિ હોય. ઈસુના જન્મ પહેલાં હાલના મધ્ય પૂર્વના વિવિધ પ્રદેશોના જે રાજાઓ હતા તેમની સવારી ગધેડા પર નીકળતી. ગધેડાનું ત્યારે એટલું બધું માન હતું! હકીકતમાં તો ગધેડો એ માનવ જાત માટે એક ખૂબ જ ઉપયોગી પ્રાણી છે અને છેલ્લાં ૩૦૦૦ વર્ષથી એ માનવ જાતની સેવા કરતો આવ્યો છે એટલે જ મને પ્રશ્ન થાય છે કે ગધેડાનું અપમાન આપણે શા માટે કરવા માંડ્યું હશે? કોઈ પણ માનવીનું અપમાન કરવા માટે પણ એને ગધેડે બેસાડીને ગામમાં ફેરવવાની પ્રથા કેમ પડી હશે?

પણ આ તો જરા આડી વાત થઈ. અમેરિકાના આર્થિક વિકાસ અને ગધેડા વચ્ચેના સંબંધની વાત કરવા જતો હતો ત્યાં ગાડી પાટા પરથી ઊતરી ગઈ.

ડેમોક્રેટીક પક્ષે ગધેડાને પોતાના ચિહ્ન તરીકે અપનાવ્યો છે. પછી, ૧૯ મી સદીના અંત ભાગમાં ડેમોક્રેટીક પક્ષના વિરોધીઓ ટીકા કરતા કે, "ડેમોક્રેટિક પક્ષ તો ગધેડા જેવો પણ નથી—એ તો ખચ્ચર જેવો છે. એનાં વંશ વેલાનું એ અભિમાન લઈ શકે એમ નથી અને એની ભાવિ પ્રજાની તો એ વાત જ કરી શકે એમ નથી." ખચ્ચર એક વર્ણસંકર પેદાશ છે અને નર ખચ્ચર પ્રજોત્પત્તિ પણ કરી શકતો નથી એ હકીકતને અનુલક્ષીને વિરોધીઓએ ડેમોક્રેટીક પક્ષને ખચ્ચર સાથે સરખાવ્યો હતો.

પરંતુ આ તુલના કેવળ અર્થહીન છે, કારણ કે અમેરિકામાં બ્રિટનથી ભાગેલા માણસો (પિલગ્રિમ ફાધર્સ) પહેલ વહેલા જઈને વસ્યા તે પછી અનેકાનેક વર્ષો સુધી જો ગધેડા તથા ગધેડા એ ઉત્પન્ન કરેલાં ખચ્ચરની સહાય અમેરિકાને નહિ મળી હોત તો અમેરિકાનો વિકાસ વિલંબમાં પડી જાત. નર ગધેડો અને ઘોડીના સંગમમાંથી પેદા થતું ખચ્ચર એ એક એવું પ્રાણી છે કે જે ગમે તેવા ડુંગરાળ પ્રદેશમાં કે બરફાળ પ્રદેશમાં કે રેતાળ પ્રદેશમાં, ભારે યાતના સહન કરીને પણ તમને સેવા આપે છે. ખચ્ચર કેટલીક વાર આડોડાઈ કરતું જણાય છે. પણ એ આડોડાઈ એને ઉછેરનારાઓની ખામીના કારણે એનામાં આવી જાય છે. બાકી ખચ્ચરનો જો વૈજ્ઞાનિક રીતે ઉછેર થાય તો એની પાસે જે વિશેષ કામ કરાવવું હોય તેઓ કરી

આપે એવી તાલીમ એને આપી શકાય છે. ૧૮મી સદીમાં સ્પેન, ઈટાલી અને ફ્રાંસમાં તો ખચ્ચરની પેદાશનો મોટો ઉદ્યોગ ચાલતો. અમેરિકન રાષ્ટ્રના પિતા જૅર્જ વૉશિંગ્ટન એ, અમેરિકાએ ખચ્ચરોનો ઉપયોગ કરવો જોઈએ એવી હિમાયત કરનારા પહેલા અમેરિકન નાગરિક હતા. પછી તો કાળે કરીને અમેરિકાના પૂર્વ કિનારા અને પશ્ચિમ કિનારા વચ્ચે ખચ્ચરોથી ચાલતી ટ્રેનોનો રીતસરનો વ્યવહાર શરૂ થયો હતો. વીસ વીસ ટન માલ ભરેલાં બે વેગનોને ૪૦ ખચ્ચરો જોડવામાં આવતાં અને આ "મ્યુલ ટ્રેન" – ખચ્ચર ગાડી - પૂર્વ કિનારાનો માલ પશ્ચિમ કિનારે પહોંચાડતી. આ ખચ્ચર ગાડી માટે જોઈતાં ખચ્ચરો ઉછેરવા માટે ખાસ જાતવાન ગધેડા મોંકોની સંખ્યામાં સ્પેનથી આયાત કરવામાં આવતા. એક વર્ષમાં દોઢગી બે લાખ ખચ્ચરો ગધેડાની સહાયથી પેદા કરવામાં આવતાં અને આ ખચ્ચરો અમેરિકાના આર્થિક વિકાસમાં સહાયભૂત થતાં. ખચ્ચર પેદા કરવા માટે કોઈ નામી ગધેડાની સહાય અંગેની જાહેર ખબરો પણ તે વખતના અમેરિકન અખબારોમાં છપાતી. બ્રિટિશરોએ પણ ભારતને જીતવામાં ખચ્ચરોનો મોટા પાયા પર ઉપયોગ કર્યો હતો અને દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં સંશોધન કરતાં ફસાઈને માર્યા ગયેલા કેપ્ટન સ્કોટની શોધ માટે જે ટુકડી મોકલવામાં આવી હતી તે ટુકડીની સરકણ ગાડી (બરફ પર સરકે એવી પૈડા વિનાની ગાડી જેને અંગ્રેજીમાં "સ્લેજ" કહે છે) ખેંચનાર ખચ્ચર હતાં. જે બ્રિટિશ લશ્કરે ભારતમાં ઉછેર્યા હતાં!

ખચ્ચર એક બળવાન પ્રાણી છે. ખાસ કરીને એની પીઠ અને પાછળના થાપાનો ભાગ ખૂબ મજબૂત હોય છે. ખચ્ચરની લાત વાગે તો માણસ મરી પણ જાય. આમ છતાં ખચ્ચરને બરાબર ઉછેરીને – પ્રેમપૂર્વક ઉછેરીને – કેળવ્યું હોય તો એ શાનમાં સમજી જાય એવું પ્રાણી છે. ઘોડાને ચાલતો કરવા માટે મોટો ચકારો બોલાવવો પડે પણ સારી રીતે કેળવાયેલું ખચ્ચર તો જરાક સિસકારે કરો એટલે ચાલવા માંડે. આ લેખકને ખચ્ચરની ગાડીની સવારીનો અંગત અનુભવ છે. વરસો પહેલાં નાસિકથી ૧૦ માઈલ દૂર ગોદાવરી નદી પર આવેલાં એક મોટાં ફાર્મ પર એ રજા ગાળવા ગયો હતો. (ફાર્મના મેનેજર વિજ્ઞાન શાખાના અભ્યાસમાં સહાધ્યાયી હતા એટલે અને મેનેજરને મોટો બંગલો રહેવા મળ્યો હતો એટલે) ફાર્મથી નાસિક શહેર સુધી લગભગ રોજ જવાનું થતું અને એને માટે ખચ્ચરની ગાડી વપરાતી. પથરાળ અને ચઢાણ ઉતરાણવાળા રસ્તા છતાં ખચ્ચર જરા પણ હાંફ્યા વિના કે ઝડપ ઓછી કર્યા વિના એ ૧૦ માઈલનો પટ કાપી જતા. આ ખચ્ચર ફાર્મના માલિકે લશ્કર પાસેના "સરપ્લસ સ્ટોક" માંથી ખરીદ્યાં હતાં. એ ખચ્ચરો એ કોઈ દિવસ આડોડાઈ કરી હોય એવું યાદ નથી.

નર ઘોડો અને ગધેડીના સંસર્ગમાંથી પેદા થતું વર્ણસંકર પ્રાણી પણ આપણે તો ખચ્ચર જ કહીએ છીએ પણ અંગ્રેજીમાં ગધેડા અને ઘોડીના સંસર્ગમાંથી પેદા થતાં પ્રાણીને "મ્યુલ" કહેવાય છે. જ્યારે ઘોડો અને ગધેડીના સંસર્ગમાંથી પેદા થતાં વર્ણ સંકર પ્રાણીને "હીન્ની" કહેવાય છે. મ્યુલ કરતાં હિન્ની વધારે જીવે છે અને સવારી માટે એ સારાં છે પણ સામાન્ય ઉપયોગમાં "મ્યુલ" ની કિમ્મત વધારે છે.

એક જમાનો એવો હતો કે ખચ્ચરને કેવી રીતે ઉછેરવાં અને કેવી રીતે તાલીમ આપવી તે અંગેનાં વૈજ્ઞાનિક પુસ્તકો લખાતાં. આજે તો હવે વિશિષ્ટ ભૂમિ પ્રદેશો સિવાય ખચ્ચરનો ઝાઝો ઉપયોગ રહ્યો નથી કારણ કે જીપ, ટ્રક વગેરેએ ખચ્ચરનું સ્થાન લઈ લીધું છે. પરંતુ તેલની જે તંગી ઊભી થઈ રહી છે તે જોતાં ખચ્ચરનો જમાનો પાછો આવે –આજે નહિ તો વર્ષો પછી – તો નવાઈ નહિ.

ગધેડા ન હોત તો ખચ્ચર ન હોત અને ખચ્ચર ન હોત તો અમેરિકાએ જે વિકાસ સાધ્યો તે વિલંબમાં પડત.

આમ અમેરિકાના રાજકીય અને આર્થિક ઈતિહાસમાં ગધેડાનું સ્થાન વિશિષ્ટ છે. હવે આવતા નવેમ્બરમાં અમેરિકન પ્રજા ગધેડાના પ્રતીકને બહુમાન આપે છે કે કેમ તે જોવાનું રહે છે.

– મનુભાઈ મહેતા

ધર્મ : પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં

મહાભારતમાં યુધિષ્ઠિર કહે છે, जानामि धर्मम् न च मे प्रवृत्तिः जानामि अधर्मम् न च मे निवृत्तिः ।। ધર્મને જાણવાં છતાં તેમાં હું પ્રવૃત્ત થઈ શકતો નથી, અધર્મને જાણવા છતાં તેમાંથી હું નિવૃત્ત થઈ શકતો નથી. યુધિષ્ઠિર જેવી જ દશા શું આપણી બધાની નથી? શું કરવું સારું? અને શું ન કરવું સારું? એ જો નક્કી કરતાં આવડી જાય તો? બધી કેળવણી, બધા શિક્ષણનો સાર આપણે ગ્રહણ કરી લીધો ગણાય. धृ ધાતુ ઉપરથી ઉતરી આવેલો શબ્દ ધર્મ પણ આપણને એ જ શીખવે છે ને! ધારણ કરવું, ટકી રહેવું. શી રીતે? યોગ્યની પ્રવૃત્તિ અને અયોગ્યની નિવૃત્તિથી.

ધર્મની પ્રવૃત્તિ - ધાર્મિક પ્રવૃત્તિ એટલે શું? મંદિર, મસ્જિદ, ચર્ચ કે અપાસરામાં જવામાં જ શું ધર્મ સમાઈ જાય છે? ના. ધર્મ એટલે ફરજ. નૈતિક ફરજ. સાચું બોલવું એ ધર્મ, ખોટું બોલવું એ અધર્મ. સાચું બોલવામાં પ્રવૃત્ત થવું. અને ખોટું બોલવામાંથી નિવૃત્ત થવું–એ થયો ધર્મ. સત્ય બોલવુંનો કેવળ શબ્દાર્થ નથી લેવાનો. 'સત્ય બોલવું' ને 'સત્ય આચરવું' એ અનુસરવું પડશે. તો જ પેલા પ્રવૃત્તિમય ધર્મમાં તે જ આવશે અને નિવૃત્તિમય અધર્મ અંધકારમાં ધકેલાઈ જશે. જેમ બોલવાને આચરણ અનુસરે છે તેમ બોલવાનો – શબ્દનો જન્મ વિચારણામાંથી થાય છે. તો 'સત્ય વિચારવું' એ પણ પ્રવૃત્તિમય ધર્મ થયો. એમ, વિચાર, આચાર અને આચરણ પણ સત્યમય હોવાં ઘટે. સામાન્ય રીતે, સામાન્ય સંજોગોમાં તો માણસ સત્ય બોલતાં અચકાતો નથી. પણ જ્યારે મુશ્કેલીમાં મૂકાય છે, ત્યારે અસત્ય બોલતાં અચકાતો પણ નથી! તો આવા કપરા સંજોગોમાં નુકશાન વેઠીને પણ શ્રીમદ્ રાજચંદ્રની જેમ સત્યને વળગી રહેવામાં ધર્મ છે. ત્યજી દેવામાં અધર્મ છે.

જ્યારે આપણે ધર્માધર્મની વાત કરીએ છીએ, ત્યારે Show values અને Real values પણ આપણને નડે છે. ધાર્મિક હોવું એ એક વાત છે. ધાર્મિક દેખાવું એ બીજી વાત છે. ઘણાં માણસો ધાર્મિક હોવાનો દંભ કરે છે. જ્યારે બીજાં ઘણાં માણસો ખરેખર ધાર્મિક હોય છે. અહીં ધર્મની બાબતમાં તો વ્યક્તિએ સમાજ ઉપરાંત પોતાની જાતને જ વફાદાર રહેવાનું છે. ઘણાં સામાન્ય માણસોમાં ઉચ્ચ ધાર્મિક વૃત્તિ - પ્રવૃત્તિ નજરે પડે છે. જ્યારે બીજાં ઘણાં માણસો ધર્મનો ઉપયોગ વ્યક્તિગત હેતુ – આજીવિકા અર્થે પણ કરતા દેખાય છે. આ અર્થમાં ધર્મને હૃદય, મન આત્માદિની કેળવણી સાથે સંબંધ છે. બાહ્ય દેખાવ સાથે નહિ. ધર્મનો ઈજારો કે એજન્સિ કોઈ લઈ શકે નહીં કેમકે એ વ્યાપારની બાબત આ અર્થમાં નથી! 'Nobody can be an agent of God.' આ અર્થમાં વ્યક્તિ ધારે તો સીધી ધાર્મિક પ્રવૃત્તિ દ્વારા અને અધાર્મિક નિવૃત્તિ દ્વારા પ્રભુના દરબારમાં પેસી શકે. તેને માટે વકીલ રાખવાની જરૂર જણાતી નથી. તાજેતરમાં જ ગુરુના આગ્રહી એવા એક સજ્જન સાથે આ બાબતમાં ઊંડી ચર્ચા થઈ. તેમનો આગ્રહ હતો કે ગુરુ વગર જ્ઞાન મળતું નથી મેં કહ્યું, "એ સાચું" પણ અમુક પગથિયાં સુધી જ. ઈનીશીયલ સ્ટેજમાં ગુરુ જરૂરી ખરા. પણ પછી તો – અંતે તો શિષ્ય પોતે જ ખોવાઈ જઈ, ગુરુ બની પરમ તત્ત્વની પ્રાપ્તિ કરે એ ઈચ્છવા યોગ્ય ખરું.

અખાએ પણ કહ્યું છે ને કે,
'બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર'
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી?

આ અર્થમાં ધર્મ કે ઈશ્વર એ અંતરની અનુભૂતિનો વિષય છે. ભક્ત પ્રહલાદ કે ભક્ત ધ્રુવને બાળપણમાં જ ઈશ્વર મળે છે. શંકરાચાર્ય કે કવિ કલાપી જીવનના અંતિ ટુંકા ગાળામાં પણ પરમ તત્ત્વની ઝાંખી મેળવી લે છે,

પ્રશ્ન સંકલ્પનો છે. શું કરવું? અને શું ન કરવું? ઘણી વાર આપણું જીવન વેડફાઈ જતું જોવામાં આવે છે. કરવા જેવું થતું નથી અને ન કરવા જેવું કરવામાં – કરતાં કરતાં તો જીવન સંધ્યાના રંગો દેખાવા લાગે છે. કાળનો કોળીયો બની જવાની ક્ષણ તદ્દન નજીક આવી પહોંચે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

– હરજીવન થાનકી

☆ મહાન સજ્જન સ્વ. બચુભાઈ રાવત ☆

'કુમાર'ના તંત્રીશ્રી પૂજ્યશ્રી બચુભાઈ રાવતનું તા. ૧૨ મી જુલાઈએ ૮૨ વર્ષની વયે અવસાન થયું. બચુભાઈ વિદેહ થતાં આપણે આપણા એક સંનિષ્ઠ, દીર્ઘોપાસક સંસ્કારપુરુષ ગુમાવ્યા છે. અંગત રીતે તો હું એક શિરછત્ર ગુમાવ્યાની લાગણી અનુભવું છું.

બચુભાઈ આજીવન 'કુમાર' ને વરેલા હતા. 'કુમાર' ના પર્યાય રૂપ બની ગયા હતા. એમણે પોતાની સમગ્ર શકિત 'કુમાર' ને આપી. 'કુમાર' ને ભોગે એમણે બીજી કોઈ પ્રસિદ્ધિ કે અર્થપ્રાપ્તિ માટેની પ્રવૃત્તિ આદરી નહોતી. મોટાં પ્રલોભનો જતાં કર્યાં હતાં. પરિણામે 'કુમાર' માત્ર માસિક ન રહ્યું, આપણી એક સંસ્કાર સંસ્થા જેવું બની ગયું. આપણાં સામયિકોમાં 'કુમાર'નું સ્થાન અદ્વિતીય છે અને એને અદ્વિતીય બનાવવામાં બચુભાઈનું સ્વાર્પણ રહેલું છે.

બચુભાઈના અત્યંત નિકટના સંપર્કમાં આવવાની મને તક મળી એને હું મારું પરમ સદ્‌ભાગ્ય સમજું છું. એમનો પાર્થિવ દેહ વિલીન થયો, પણ નજર સામે હજુ એમનું ચિત્ર તરવરે છે.- સવારે સમય થતાં કુમાર કાર્યાલયમાં હળવે પગલે તેઓ દાખલ થાય છે. પોતાની બેઠક પાસે પહોંચી લાઈટ અને પંખો ચાલુ કરે છે ખાદીનો લાંબો કોટ અને ટોપી ઉતારી ખીંટીએ ભેરવે છે. રિવોલ્વિંગ ખુરશીમાં બેસી ડેસ્ક ખોલે છે. આવેલી ટપાલ જુએ છે. પેન્સિલ અને ચપ્પુ લે છે. પોતાના પહેરણનો છેડો પહોળો કરી ખોળામાં છોતરાં પડે એ રીતે પેનસિલ છોલે છે. સરસ ધાર કાઢે છે. ચીવટપૂર્વક બધાં છોતરાં એકઠાં કરી લઈ, કચરાની ટોપલીમાં નાખે છે. 'કુમાર' માટે આવેલી સામગ્રી વાંચવાનું, પ્રૂફ તપાસવાનું, ટપાલના જવાબ લખવાનું કામ ચાલુ થાય છે. બચુભાઈનો કાર્યાલયમાં દિવસ ચાલુ થાય છે. કાર્યાલયમાં આવતાં પહેલાં કેટલુંક કાર્ય ઘરેથી સવારે તૈયાર કરીને તેઓ લાવ્યા હોય છે.

પથારીવશ થયા ત્યાં સુધી બચુભાઈનેએ કાર્યાલયમાં જવાનું ચાલુ રાખ્યું. છેલ્લાં પાંચ સાત વર્ષમાં વૃદ્ધાવસ્થાને કારણે, તબિયતને કારણે પ્રથમ તેમણે રાતના બેસવાનું બંધ કર્યું. પછી અડધો દિવસ બેસવાનું રાખ્યું. પછી અઠવાડિયામાં ત્રણ દિવસ, બે કે એક દિવસ જવાનું રાખ્યું. જીવનના અંત સુધી તેમણે કાર્યાલયમાં જવાનું ચાલુ રાખ્યું. અને ઘરે રહીને પણ આખો વખત 'કુમાર'નું કાર્ય કર્યા કર્યું. બચુભાઈની કુમાર-નિષ્ઠા અજોડ હતી. એમણે 'કુમાર' ૧૦૦ મો, ૨૦૦ મો, ૩૦૦ મો ૪૦૦ મો ૫૦૦ મો, ૬૦૦ મો, અંક વિશિષ્ટ દૃષ્ટિથી તૈયાર કર્યો હતો. 'કુમાર'નો ૬૭૯ મો અંક છપાવો શરૂ થયો હતો. એમ હતું કે, પથારીવશ થવા છતાં બચુભાઈ ૭૦૦ મો અંક જોઈને જશે, પરંતુ તે પહેલાં એમણે દેહ છોડયો. કુદરતની લીલા અકળ છે. બચુભાઈ ૭૦ મો અંક જોવા રહ્યા નહિ, પણ એ પ્રગટ થશે એવી શ્રદ્ધા સાથે તેઓ ગયા છે કારણ કે એમણે ભાઈ બિહારીલાલ ટંકને વર્ષોથી સરસ તાલીમ આપી સજ્જ કર્યા છે. બિહારીલાલ પણ બચુભાઈની જેમ નેપથ્યમાં રહેવાની પ્રકૃતિના છે.

'કુમાર' પોતાને ઓળખાવે છે. 'આવતી કાલના નાગરિકોના માસિક' તરીકે, પણ આજના નાગરિકોમાં પણ એ એટલું જ વંચાય છે. શાળા અને કૉલેજમાંથી પસાર થયેલો ભાગ્યે જ કોઈ એવો ગુજરાતી યુવાન હશે જેણે એક વાર 'કુમાર' વાંચ્યું ન હોય. 'કુમારે ભિન્નરુચિવાળા વાચકોની રસવૃત્તિને પોષી અને સંસ્કારી છે. કવિતા, વાર્તા, નિબંધ નાટિકા, જીવનચરિત્ર, ઈતિહાસ, પુરાણ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલા, ફોટોગ્રાફી, શરીર વિજ્ઞાન, ટિકિટ અને સિક્કા, પ્રાણીઓ અને વનસ્પતિ યોગ અને આયુર્વેદ, રમત-ગમત અને આકાશદર્શન - કેટકેટલા વિભાગો 'કુમાર'ના પ્રત્યેક અંકમાં જોવા મળે. 'કુમાર' ના ટાઈપ ઝીણા અને સ્થળની કરકસર. હાથમાં સીધો ઝાલીને આખો 'કુમાર'નો અંક વંચાય નહિ; ખૂણો વાંચવા માટે આડો, ઊંધો કરવો પડે. ઝીણા ટાઈપથી આંખો બગડે નહિ પણ સુધરે એ વૈજ્ઞાનિક સત્યની પ્રતીતિ પછી જ 'કુમારે' ઝીણા ટાઈપ વધુમાં વધુ સામગ્રી આપવા માટે ચાલુ કરેલા, 'કુમાર' ના પ્રૂફ બચુભાઈ પોતે બધાં વાંચી જાય અને એક પણ મુદ્રણ-દોષ, ભાષાદોષ, ન રહે તેની જાતે કાળજી રાખે. 'કુમાર' માટે આવેલ' લખાણો પોતે વાંચી જાય, પસંદ કરે, સુધારે અને 'કુમાર' ના ધોરણને જાળવી રાખે. સત્તાવન વર્ષ સુધી 'કુમાર'માં ક્યારેય એવું કંઈ છપાયું નથી જે બચુભાઈએ પોતે પહેલાં એ વાંચ્યું ન હોય. એટલે તો 'કુમાર' નો અંક પસ્તીમાં વેચાણો જોવા ન મળે. જૂના અંકો માટે ખરીદનારાઓની હાર લાગે.

'કુમાર' નું ધોરણ જાળવી રાખવા માટે બચુભાઈ હંમેશા બહુ ચીવટ રાખતા. ગમે તેવા મોટા લેખકનું નબળું લખાણ આવ્યું હોય તો તે તરત પરત કરતા. પોતે યુવાન હતા ત્યારે તે સમયના વડીલ ગણાતા લેખકોની નબળી કૃતિઓ પાછી મોકલતા તેઓ અચકાતા નહિ. એક વખત બળવંતરાય ઠાકોરની કવિતા એમણે પાછી મોકલી એટલે બળવંતરાય અમદાવાદ આવ્યા ત્યારે ધૂંઆપૂંઆ થતા કુમાર કાર્યાલયમાં ગયા. બચુભાઈએ એને શાંત પાડયા અને નબળી કવિતા ન છાપવી એ 'કુમાર' ના તથા બળવંતરાયના હિતની વાત છે. એમ પ્રેમથી સમજાવ્યું. આવું તો બીજા કેટલાયે લેખકોની બાબતમાં બન્યું છે. ચુનીલાલ મડિયાની એક વાર્તા બચુભાઈએ પાછી મોકલાવી તો મડિયાએ 'કુમાર' માં વાર્તા લખવાનું બંધ કર્યું. એક વખત બીજા એક પ્રતિષ્ઠિત વાર્તાકારની વાર્તા પાછી આવી. એટલે એમણે પોતાના મિત્ર દ્વારા ધમકી આપી કે, 'અમે લેખકો કુમારનો બહિષ્કાર કરીશું' બચુભાઈ પાસે આ વાત આવી ત્યારે એમણે કહ્યું, "તમારા મિત્રને કહેજો કે હું કોઈ દ્વેષ ઈર્ષ્યા, કે જૂથબંધીને કારણે કૃતિ પાછી મોકલાવતો નથી. કુમારના ધોરણને અનુરૂપ ન હોય એવી કૃતિ ગમે તેવા મોટા કવિ–લેખકની હોય તો પણ તે પછી મોકલાવું છું. તેમ છતાં બહિષ્કાર કરવો હોય તો કરે; એક હાથે આખી જિંદગી 'કુમાર' નિયમિત ચલાવી શકું એટલો મારામાં મને વિશ્વાસ છે."

બચુભાઈ પોતે પણ 'કુમાર'માં લખતા. શરૂઆતમાં તેઓ પોતાના નામથી લખતા. પછી ઉપનામ 'ઈ. ત.' થી લખતા - બચુભાઈનો છેલ્લો અક્ષર 'ઈ' અને રાવતનો છેલ્લો અક્ષર ત. પછીથી 'ઈ.ત' ઉપનામ પણ મૂકવાનું છોડી દીધું, 'કુમાર' માં નામ વગરનું જે લખાણ હોય તો તે બચુભાઈનું રહેતું.

બચુભાઈએ નવા નવા લેખકો, કવિઓ, ચિત્રકારો વગેરે તૈયાર કરવામાં કેટલો બધો ફાળો આપ્યો છે! કાચાં લખાણો સુધારી મઠારીને તૈયાર કરવામાં તંત્રી તરીકે બચુભાઈએ જેટલું કાર્ય કર્યું છે. એટલું ભાગ્યે જ કોઈએ કર્યું હશે! પરિણામે કેટલા બધા કવિ લેખકોએ પોતાનું પુસ્તક બચુભાઈને અર્પણ કર્યું છે! સાધન સામગ્રીની પસંદગીમાં આટલા બધા કડક છતાં સામયિકના કોઈ એક તંત્રીને વધુમાં વધુ પુસ્તકો અર્પણ થયાં હોય તો તે બચુભાઈને! ગુજરાતના કવિ-લેખકોની ત્રણ પેઢીને તૈયાર કરવામાં બચુભાઈનો હિસ્સો ઘણો મોટો છે. તંત્રીને બદલે માત્ર લેખક બન્યા હોત તો બચુભાઈ પાસેથી વિવિધ વિષયોનાં સંખ્યાબંધ પુસ્તકો મળ્યાં હોત.

કેટલા બધા વિષયોની બચુભાઈ પ્રમાણભૂત જાણકારી ધરાવે! અભ્યાસ તો મેટ્રિક સુધીનો હતો. પણ વાંચનનો ભારે શોખ. પુસ્તકો વસાવે અને વાંચે. પછી તો 'કુમાર' ને નિમિત્તે પણ ઘણું ગ્રંથો અને સામયિકો દેશ વિદેશનાં - વાંચે. એમનો અસાધારણ જાણકારીને લીધે તો એમને કેટલાક 'વૉકિંગ એન્સાઈકલો પીડિયા' તરીકે ઓળખતા. બચુભાઈ એટલે જાણે પોતે જ એક શૈક્ષણિક સંસ્થા વન - મેન ઈન્સ્ટિટ્યૂશન જેવા!

મેટ્રિક થયા પછી બચુભાઈ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' માં જોડાયા. ત્યાં વિવિધ પ્રકારની કામગીરી બજાવી. નામ સરનામાં કરી, પુસ્તકોનાં પારસલો તૈયાર કરી, ખભે ઉંચકીને પહોંચાડવાનું કાર્ય પણ તેમણે કરેલું. 'કુમાર'માં પાછળથી એમણે વહીવટી જવાબદારી પણ સંભાળી ઘણા ઓછા વેતનથી એમણે કામ કર્યું. બીજે ગયા હોત તો 'કુમારે આપ્યું એથી ઘણું બધું વેતન મેળવી શકયા હોત. પણ 'કુમાર' સાથેની એમની પ્રેમની ગાંઠ એવી હતી કે, બીજે જવાનો કયારે વિચાર સુદ્ધાં નથી કર્યો. પોતે કરકસરથી કુટુંબજીવન નભાવતા અને ઓટલા જ નિસ્પૃહ રહેતા. અર્થપ્રાપ્તિ માટે બચુભાઈએ કયાંય નબળાઈ દર્શાવી નથી. પચીસ વર્ષ પહેલાંનો એક પ્રસંગ મને યાદ છે. ન્યુ યૉર્કમાં યુનાઈટેડ નેશન્સમાં કામ કરતાં 'કુમાર' અને બચુભાઈના ચાહક એક ગુજરાતી યુવાન એમને ઘરે મળવા આવેલા. હું તે વખતે બચુભાઈ પાસે બેઠેલો. એ યુવાને બચુભાઈને દોઢસો ડોલરની કુપન આપી. જેથી પોતાની ઈચ્છા પ્રમાણે બચુભાઈ અમેરિકાથી પુસ્તકો મંગાવી શકે. બચુભાઈએ એનો પ્રેમથી અસ્વીકાર કર્યો.

કુમાર કાર્યાલયમાં બચુભાઈનો ઘણો ખરો સમય વહીવટી કાર્ય અને મુલાકાતોમાં પૂરો થઈ જતો. એમનું ખરું કામ સાંજના સાત

પછી ચાલુ થતું. બધા કર્મચારીઓ ચાલ્યા જાય અને કાર્યાલયનો ડહેલા જેવો મોટો દરવાજો બંધ થાય તે પછી બચુભાઈ પોતે એકલા કાર્યાલયમાં બેઠા બેઠા રાતના દસ કે અગિયાર સુધી કામ કરતા હોય. કામ પતે એટલે દરવાજાની ડોકાબરીમાંથી સાઈકલ ઊંચકી બહાર કાઢે. બચુભાઈને સાઈકલના પેડલ ઉપર પગ મૂકી સાઈકલ ઉપર સવાર થવાનું આવડતું નહિ. ફાવતું નહિ. પાછલા પૈડાની ધરી ઉપર પગ મૂકીને તેઓ સવાર થતા. નીકળતાં પહેલાં તેઓ સાઈકલનો લેમ્પ સળગાવી લેતા. ખિસ્સામાં દિવાસળીની પેટી રાખે. રસ્તામાં લેમ્પ ઓલવાઈ જાય તો નીચે ઉતરીને પાછો સળગાવી લે. કોઈ વખત દિવાસળીની પેટી ભૂલી ગયા હોય અને લેમ્પ ઓલવાઈ જાય તો સાઈકલ પરથી નીચે ઊતરી જાય અને બે હાથે સાઈકલ પકડી ચાલતા ચાલતા પાલડી પાસેના ઘરે પહોંચે. કોઈ વખત આવું બને અને એલિસબ્રિજ પાસે ફરજ પરનો પોલિસ પૂછે. "કેમ સાહેબ પંકચર પડ્યું છે!" બચુભાઈ કહે, "ના ભાઈ, આ તો લેમ્પ ઓલવાઈ ગયો છે. એટલે ચાલતો જાઉં છું." પોલિસ કહે, કશો વાંધો નહિ. સાહેબ હવે બેસી જાઓ હું રજા આપું છું." બચુભાઈ કહે, ના ભાઈ. તમારી મહેરબાની, પણ મારાથીએમ બેસાય નહિ. કાયદાને પૂરેપૂરું માન આપવું જોઈએ. 'આવતી કાલના નાગરિકોનું ઘડતર કરવા ભેખ લેનાર બચુભાઈની આ પ્રકૃત્તિ હતી.

કાર્યાલયમાં પોતે રાત્રે કામ કરતા તેમાંથી એક દિવસ - બુધવારનો દિવસ બચુભાઈ કવિઓને આપતા. સાતથી અગિયાર સુધી નવી નવી કવિતાનું વાંચન થાય અને પછી એના ઉપર ચર્ચા ચાલે, વખત જતા આ કાવ્યગોષ્ઠીની બેઠકનું નામ જ 'બુધસભા' પડી ગયું. પૂરી નિયમિતતાથી બચુભાઈ હંમેશા બેઠા હોય. શિયાળાની કડકડતી ઠંડી હોય અને કોઈ જ કવિ આવ્યા ન હોય ત્યારે પણ બચુભાઈ સગડી સળગાવી ને ત્યાં એકલા બેઠા હોય અને વખત થાય એટલે ઘરે જાય.

૧૯૫૫માં હું એક વર્ષ માટે અમદાવાદમાં રહ્યો હતો ત્યારે હું બુધસભામાં નિયમિત જતો. કોઈ વાર મારી પાસે સાઈકલ ન હોય તો બચુભાઈ કહે, "ચાલો, આપણે ચાલતા ચાલતાં ઘરે જઈશું. હું તેમને આગ્રહપૂર્વક વિનંતી કરું, તમે તો વડીલ છો અને હજુ જમવાનું બાકી છે. તમે જલદી સાઈકલ ઉપર ઘરે પહોંચો. પરંતુ કોઈપણ વખત મને એકલો મૂકીને બચુભાઈ ઘરે વહેલા પહોંચ્યા નથી. બચુભાઈનાં ધર્મપત્ની એમની રાહ જોતાં રાત્રે ઘરમાં એકલાં જાગતાં બેઠાં હોય. છોકરાઓ ક્યારના ઊંઘી ગયા હોય. બચુભાઈ ઘરે પહોંચીને જમી લે તે પછીજ એમના પત્ની જમવા બેસે. બચુભાઈ એમને 'બાઈ' કહીને બોલાવતા. બાઈની, પતિ પરાયણતા આર્ય નારીને ગૌરવ અપાવે એવી હતી.

લગભગ સિત્તેરની ઉંમર સુધી બચુભાઈ સાઈકલ ઉપર કાર્યાલયમાં જતા. પછી બસમાં અથવા ક્યારેક રિક્ષામાં જવાનું ચાલુ કર્યું. રાયપુરથી રાત્રે છેલ્લી બસ પકડવાની હોય એટલે બુધસભાનો કાર્યક્રમ ત્યાં સુધી ચાલતો. કોઈ વાર બસ ચૂકી જાય તો ઘરે ચાલતા પહોંચે જો સાથે કવિમિત્રો હોય તો. નહિ તો રિક્ષામાં જતા. ભર ઉનાળાના ધખતા તાપમાં તેઓ કાર્યાલયથી ઘરે કે ઘરેથી કાર્યાલય જતા. 'કુમાર' માટે એમની તપશ્ચર્યા ઘણી આકરી હતી.

બચુભાઈના નિકટ સંપર્કમાં આવવાનો મને વધુ તક મળી જ્યારે તેઓ મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે નિયુક્ત થયા અને વખતોવખત મુંબઈ આવતા ત્યારે. કોઈક વખત મારે ઘરે પણ ઊતરતા. અમદાવાદ પાછા ફરતા હોય ત્યારે બોરબે સેન્ટ્રલના સ્ટેશન ઉપર ગાડી ઉપડતાં પહેલાં એક કલાક અચૂક મળવાનું ગોઠવાતું. લેખન માટે પ્રેરણા અને માર્ગદર્શન મને એમના પાસેથી સતત મળતાં. અમારા કુટુંબ માટે તેઓ વત્સલ વડીલ હતા. એમના પ્રત્યેક પીળા રંગના પોસ્ટકાર્ડમાં કુટુંબના બધા સભ્યોની–પ્રવૃત્તિ પ્રગતિ માટે પૃચ્છા રહેતી.

બચુભાઈને જ્યોતિષમાં શ્રદ્ધા ઘણી હતી. પરંતુ એને કારણે થોડો વખત એમને વેઠવું પણ પડેલું. કોઈ સારા જોષીએ એમની કુંડળી જોઈને કેટલીક આગાહી કરેલી એમાંની ઘણી સાચી પડી હતી એટલે એ જોષીના ભવિષ્ય કથન ઉપર એમને વિશ્વાસ બેસી ગયો હતો. વર્ષો પહેલાં એ જોષીએ એમને કહેલું કે "તમારું આયુષ્ય ૬૪ વર્ષનું છે." ૬૪મા વર્ષને તો હજુ ઘણીવાર હતી એટલે કંઈ ફિકર નહોતી પરંતુ બાસઠમા વર્ષથી બચુભાઈ પોતાના મૃત્યુ વિશે વધુ પડતા સભાન બની ગયા હતા. ૬૪મું આખું વર્ષ ચિંતામાં કાઢ્યું. અલબત્ત, કામ તો બધું બરાબર રોજ કરતા, પણ માથે ભાર રહેતો. પરિણામે તબિયત પણ થોડી બગડી. અંતે ૬૪મું વર્ષ પૂરું થયું ત્યારે એમની ચિંતા ટળી. પછી તો એ જ ઉત્સાહથી એમનું કામ ચાલ્યું.

બચુભાઈને વિદેશ જવાની તક મળી એ એમના જીવનનો અનેરો ઉલ્લાસનો પ્રસંગ હતો. જે જે સ્થળો, સંગ્રહાલયો, કલાકૃતિઓ વિશે વર્ષોથી પોતે 'કુમાર'માં પરિચય આપતા રહ્યા હતા એ બધું નજરે જોવાની એમને તક સાંપડી. એને પરિણામે ઘણું બધી નવી સામગ્રી તેઓ 'કુમાર' માટે ત્યાંથી લેતા આવ્યા. ૧૯૭૭માં બીજી વાર તેઓ લંડન ગયા ત્યારે હું ત્યાં એમને મળ્યો હતો. પરંતુ ઉંમર, ઠંડી અને અવરજવરની પરતંત્રતાને કારણે પહેલાં જેવી તેમને મજા આવી નહોતી.

એક વખત અમદાવાદ થઈને પાલીતાણા શત્રુંજયની જાત્રાએ હું જતો હતો. બચુભાઈને મળવા ગયો. વાત નીકળી. શત્રુંજયનાં મંદિરો પોતે હજુ જોયા નથી એમ કહ્યું. શત્રુંજય વિશે 'કુમાર'માં આટલું બધું લખનાર એના કલામર્મજ્ઞ તંત્રીને અમદાવાદથી આટલું પાસે હોવા છતાં ત્યાં જવાની તક નહોતી મળી. મેં ત્યાં લઈ જવા માટે દરખાસ્ત મૂકી, એમણે ના પાડી. કારણ કહ્યું કે પોતાને પ્રોસ્ટેટ ગ્લાન્ડની તકલીફ છે. એટલે રસ્તામાં વારંવાર બાથરૂમ જવું પડે. વળી, ઠંડી પણ સખત હતી વાત મુલતવી રહી. બીજી વાર મારાં પત્ની સાથે હું અમદાવાદ ગયો હતો ત્યારે ખાસ ગાડીની વ્યવસ્થા કરી બચુભાઈને અને એમનાં પત્નીને શત્રુંજયની યાત્રા કરાવી. એમને બહુ આનંદ થયો. પાછાં ફરતાં વાત નીકળી. એમને મહુડીનાં ઘંટાકર્ણ વીરમાં ઘણી શ્રદ્ધા છે. પણ ઘણાં વર્ષોથી ત્યાં જવાની તક મળી નથી. અને હવે તબિયતને કારણે ખાસ વ્યવસ્થા હોય તો જ ત્યાં જઈ શકાય. બીજી વખત અમે મહુડીની જાત્રા પણ એમને કરાવી. જાત્રા પછી બચુભાઈએ જણાવ્યું "મહુડીની જાત્રા મને તો સરસ ફળી છે. ઘણા બધા અણધાર્યા લાભ થયા છે." બચુભાઈના અંતિમ વર્ષોમાં એટલું કર્તવ્ય કર્યાનો અમને સંતોષ થયો.

બચુભાઈ વિશે લખતાં એમના જીવનના કેટલા બધા પ્રસંગો નજર સામે તરવરે છે!

શાળામાં પોતે અભ્યાસ કરતા હતા ત્યારે એમના વાંચવામાં એક અંગ્રેજી વાક્ય આવ્યું. હતું : "બધા જ માણસો મહાન નથી થઈ શકતા પણ બધાજ માણસો સજ્જન જરૂર થઈ શકે છે." બચુભાઈએ આ વાક્યને પોતાના જીવનના આદર્શ તરીકે સ્વીકારી લઈ સજ્જન બનવાનો પુરુષાર્થ ખેડ્યો. પરિણામે આપણને 'મહાન-સજ્જન' સાંપડ્યા.

આવા 'મહાન- સજ્જન' સ્વ. બચુભાઈને આપણી વિનમ્ર શ્રદ્ધાંજલિ હો!

– રમણલાલ ચી. શાહ

સૂનું આ ધામ

આ નાનકડા ઘરને ખૂણે ખૂણે
તારી સ્મૃતિનાં ચિહ્નો વેરાયેલાં પડ્યાં છે, મારા લાલ!

તારી સેકલ, ૧ તારી પપમ, ૨ તારાં અગડાં ૩
તારાં અધૂરાં ડઝન બૂટ ચંપલની આ હાર-
– બધું જ તારી વાટ જુવે છે, દીકરા!

તારી પાપા પગલી વિનાનો,
તારી કલીંઘેલી બોલી વિનાનો
આ શૂનકાર હવે સહેવાતો નથી.

બહાર અષાઢનો મેઘ વરસી રહ્યો છે. મુશળધાર
અહીં મારી આંખો પણ વરસી રહી છે અનરાધાર

સ્નેહનું આ ધામ તારાં વિના સૂનું થઈ ગયું છે, બેટા!

– સુબોધભાઈ એમ. શાહ

૧ સાઈકલ, ૨ મોટર ૩ રમકડાં

☆ આમને સામને–પતિ અને પત્ની ☆

એક ઘર છે. એને દિવાલ છે. સુખની, પ્રેમની. બહારથી મજબૂત ને અચલ દેખાતું આ ઘર કોઈ પણ પવનની સામે ટકી શકે અને છતાં એક ફૂંક ....., ના એક ફૂંક નહીં, ધીમે ધીમે ઊધઈ અંદરથી ઘરને કોરી ખાતી હોય છે. હસતા ચહેરાની ભીતર જ્વાળામુખી તૈયાર થતો રહે છે ને એક દિવસ બધું જ પોતાના મહેલનો જેમ કડડભૂસ થઈ જાય છે. જેમ તેડ ક્રેમરનું ઘર હચમચ્યું ગયું. .....

પણ વિચાર કરો એક પણ જણ ચાલી જતા પછી ઘર ઘર રહે છે કે? અને આવતી કાલ ઘરમાં એક વ્યકિત નહીં હોય એની કલ્પના આપણે ક્યારે પણ કરીએ ખરા? કરવી ગમે ખરી? તેડ ક્રેમરે ક્યાં કરી? એ જ સુખી ઘર, ટી.વી., ફ્રીજ, પત્ની બાળક, વ્યવસાયનો નશો! એ જ તંદ્રા જે આપણને સૌને ગુલાબી નિદ્રામાં જાણે હેમખેમ રાખે છે! પણ existance કહો, જીવન કહો એમ લાંબો સમય આપણને નિદ્રામાં રહેવા નથી દેતું. ક્યારેક દોડી જતી ગાડીને અચાનક બ્રેક લાગે છે. છાતીમાં કયાંક દુ:ખાવો થઈ આવે છે. કયાંક મિત્ર બેવફા નિકળે છે. કયાંક સ્વજન હાથતાળી દઈ આંખ મીંચી જાય છે અને There is a jolt, એક ક્ષણ જિંદગીના રથની ગતિ અટકી પડે છે. તેડ ક્રેમરના રથને પણ આમ જ દોડતા થંભવું પડયું છે.

સફળ માણસ છે આ તેડ ક્રેમર. અને સફળ માણસની પત્નીનાં જેમ એની પત્ની જોઆના ગુંગળાય છે. આ જોઆના હિંદુસ્તાનની પચાસ વરસ પહેલાંની આર્યનારી નથી. એને પોતાનું અલગ વ્યકિતત્વ જોઈએ છે. નોકરી કરવી છે. ટેનિસ રમવાની છૂટ જોઈએ છે. પોતાનો વિકાસ સાધવો છે. એટલે જ એક સવારે પતિને કહે, "તેડ, હું તને છોડીને જાઉં છું."

પત્ની એક વહેલી સવારે આવી રીતે કહી શકે તે સાંભળવા માનવા કોઈ પણ પતિ કેવી રીતે તૈયાર હોય? કદાચ એ મજાક તો નથી કરતી? પૂછે છે: સમસ્યા કોના જીવનમાં નથી હોતી? આપણાં બે વચ્ચે એવા ઝઘડા પણ કયા થયા છે?

ત્યારે જોઆના કહે, 'આપણી વચ્ચે કશું સામ્ય નથી. જે હોય તો માત્ર થોડાંક મિત્રોનું, પાર્ટીઓનું અને સંભોગનું.

તેડ સમજાવે, મનાવે કોઈને વાત કરીએ. પણ જોઆના એકની બે નથી થતી. કહે, આટલી સાદી સીધી વાત તું કેમ નથી સમજતો? હું તને છોડી, ઘર છોડી, ચાલી જવા માગું છું. તું સ્વીકારે, ન સ્વીકારે તને ગમે ન ગમે પાંચ મિનિટમાં જ હું અહીંથી ચાલી નીકળીશ.

એને તો એની પોતાની સ્વતંત્ર જિંદગી બનાવવી છે. વિચાર કરો: બે જણ પ્રેમના, આનંદના ઓચ્છવની ચરમ સીમા સુધી પલાંઠી જાય અને કંટાળાની, થાકની ઊધઈ પોતાનું કામ શરુ કરે. આનંદની ઓટ કયારે આવે ખબર નથી પડતી. જે બે જણ ક્ષણ ક્ષણ, "હું અને તું એક જ છે, આપણા દેહ જ માત્ર ભિન્ન ભિન્ન." એમ કહેતા ત્યાં એક જણ કહેવાનું શરુ કરે છે, 'મારું પણ એક અલગ વ્યકિતત્વ છે. મારી પણ અલગ પસંદગી, સ્વતંત્ર વિચાર. મને પણ મારા સ્વપ્નો છે." "કયારે પણ છૂટા નહીં પડીશું." – એ ભ્રમમાં રાચતા બે જણ એકમેકથી કેમ જલ્દી છૂટા થવાય તેના બહાના ને રસ્તા શોધે છે. એકબીજાને ગૂંગો ત્રાસ આપતા આપતા એક દિવસ તેઓ કોર્ટના ઊંબરા સુધી પહોંચી જાય છે. કેટકેટલાં રીતે પોતાની લાગણીઓ વ્યકત કરી હતી? તેડ કહે તેમ: "આંખથી સ્પર્શથી, શબ્દોથી અને હવે ડાઈવોર્સ–છૂટાછેડાની ડિકીથી." એક દિવસ કહેતા હતા Thank you, for being in my life. "તું આવ્યો ને મારું જીવન ઝળાંહળાં થઈ ગયું. તું અત્યાર સુધી કયાં હતો?" અને પછી એ જ વ્યકિત કહે છે, "હું ગુંગળાઉં છું. તારી પાછળ મેં મારી જિંદગીના કોષ્ઠ વરસો બરબાદ કર્યા, ગુમાવ્યાં છે."

એટલે જ એક વખત તેડ બોલે છે. પણ ખરો, Jesus, the things we have done to eachother. આ એકબીજાને આપણે શું કર્યું? શું શું ન કર્યું? પણ આવી સમજણ આવે તે પહેલા ધરતીકંપ થઈ ચૂકયો હોય છે. ત્યારે જોઆના એની બેગને લઈને તૈયાર થઈ ગઈ હોય છે.

'બીજાને મરતા જોઉં મૃત્યુ મને પણ એક દિવસ લઈ જશે? મારા બારણા ખટખટાવશે?' એ વિચાર માણસને નથી આવતો. એમ જ લગ્નજીવનનો વિચ્છેદ બીજાને સ્પર્શે, પત્ની કોઈ બીજાની ચાલી જાય, મારી પત્ની ચાલી જાય, મારું ઘર વેરાન થઈ જાય, આવી કલ્પના કયા પતિને હોય? તેડને પણ કયાં હતી? એટલે જ પૂછે, 'મેં કયાં ભૂલ કરી?' અને એટલે જ વિચારે "કદાચ ... ... કદાચ ... કદાચ આ પત્ની, આ જોઆનાને બદલે કોઈ બીજી નારીને પરણ્યો હોત, તો ... તો આ થતે? તો એને કેટલા સંતાન હોત? હોત તો એ વધુ સુખી થયો હોત?"

પણ જોઆના એને વિચારવાનો સમય કયાં આપે છે? એ નિયતિની જેટલી જ નિષ્ઠુર છે, આફર છે. ઠંડી ક્રૂરતાથી કહી શકે છે, "હવે એક દિવસ, એક ક્ષણ વધુ અહીં નહીં રહી શકું."

તેડ વિચાર કરે: "કદાચ આ ઉભરો, ઉકળાટ શમી જશે. જોઆના એકાદ કલાકમાં પાછી આવશે."

એવું બનતું નથી. રથના ચક્ર અટકી પડયા છે. તેડ એક સરસ વાકય કહે છે. "એ એનાં કપડાં લઈ ગઈ છે. એના પડઘા પાછળ મૂકી ગઈ છે."

અને પાછળ મૂકી ગઈ છે. બાળકને પણ ... ચાર વરસના બીલીને પણ! એમ નહીં કે તેડને, પતિને બાળક વ્હાલો છે ગમે છે ... ના પત્ની બાળકને એના માથા પર ઝીંકીને સૂતેલો મૂકીને ચાલી નીકળી છે.

આવા આઘાત પછી એ ઓફિસે કેવી રીતે જશે? થાય છે. બસ સૂઈ રહું. ઓફિસે ન જવા માટે કશુંક તો બહાનું આપવું જોઈએ. પણ તેડને ખોટું બોલવું ગમતું નથી. તો પછી શું કોઈ પુરુષ ઓફિસે એમ ફોન કરશે, "મારી પત્ની મને છોડીને ચાલી ગઈ છે એટલે હું આજે ઓફિસે નહીં આવું?"

હવે અનેક લોકોની આંખોને જવાબ આપવા પડશે. અનેક આંખોને ટાળવી પડશે. ચર્ચાનો વિષય બનવું પડશે.

પહેલાં હંમેશા બીજા 'ગોસીપ'નું કેન્દ્ર રહેતા. હવે પોતે બને છે. જવાબ આપવા મુશ્કેલ પડે છે. સાસરિયા કહે છે 'અમારી દીકરી કેટલી સરસ, સારી! તમે એને શું કર્યું?' અથવા 'અમે કેટલી કાળજીથી જતનથી ઉછેરેલી. અને ...?' તેડના મા-બાપ કહે "તું શું કહેવા માગે છે. તારી પત્ની તને છોડીને ચાલી ગઈ?" "તેં અલ્યા, તારી પત્નીને જવા દીધી?" માતાપિતાને માટે, (પતિ માટે નહીં?) આ નાકનો સવાલ છે. પતિ ચાલી જાય, બીજી પત્ની કરે. પત્ની ચાલી જાય? જવા દેવાય?'

કેવી કેવી સલાહ આપે છે? "છોકરાને સંભાળી શકશે? બાઈ રાખી છે? જાણે છે: બાઈઓ છોકરાને ઉપાડી જાય છે. ખૂન કરે છે! છાપામાં નથી વાંચ્યું? ઓહ ગ્રેટ! પીપરમીંટ? નાના છોકરાના દાંત માટે ખાંડ બહુ સારી નહીં. ખબર નથી બારીઓ બરાબર વાસી છે?" તેડ જવાબ આપે પણ સાંભળે કોણ?

એ પોતે વિચારે છે, મુંઝાય છે. દીકરાને હું ઉછેરી શકીશ? છતી માએ આ પુત્ર નમાયો થઈ ગયો છે. બધા એને વિના કારણે ભેટે છે, બકી ભરે છે. બાળક બીલી સમજી નથી શકતો: વડીલોના આ વર્તનનું કારણ શું હશે? એ ટી.વી. જોવામાં મશગૂલ છે. નાદાન છોકરું છે. આવતી કાલે બધું ભૂલી જશે. પણ અત્યારે તો એ બન્નેને બાપ – દીકરાને બાંધતી એક ઘટના છે. બન્નેના જીવનમાંથી એક મહત્ત્વની વ્યકિત સરી ગઈ છે.

તેડ બાળકને સાચવી શકે છે. વાતવાતમાં ઓતપ્રોત થઈ જાય છે :. એને વાર્તા કરવી, તૈયાર કરવો, નિશાળે મૂકવો. એટલે સુધી કે માની જેમ જ ચિંતા કરે છે, બાળક બરાબર બોલતો નથી કે? બીજા બાળક સાથે વધુ તોફાન કરે છે, આક્રમક છે? પોતાને જ ચિંતા થાય છે. (Is he all right? Am I watching him too closely?)" વધુ પડતું ધ્યાન તો નથી આપાતું?

સમજણ આવતા, બીલી સહેજ મોટો થાય છે ત્યારે પિતાને પૂછે છે, "મમ્મી ચાલી ગઈ?" "મમ્મી બીજા લગ્ન કરશે?" "તમે બીજી વાર પરણશો?" "તમે અને મમ્મી ફરીથી લગ્ન કરશો."

ત્યારે તેડ કહે "ના, હવે પપ્પા અને મમ્મી કયારે એક નહીં થાય!"

અને એક દિવસ દીકરો પૂછે, "તમારા વખતમાં ટી. વી. હતું?" પપ્પા કહે, "ના, ત્યારે ટી. વી. ની શોધ નહોતી થઈ."

"સફરજનનો રસ ત્યારે હતો."

"હા, હતો."

"તમારે વખતે બીજું શું શું નહોતું?"

પપ્પા કહે, "અમારા વખતમાં અવકશયાત્રી નહોતા. આઈસક્રીમ કોન નહોતા." અને એક વેદનાથી સભર વાકય કહે, "અમારા વખતમાં પોતાના પતિ અને દીકરાને મૂકીને ભાગી જાય એવી મમ્મીઓ નહોતી."

બાપ છે પણ કેટકેટલી ચિંતા થાય છે? એક વખત બીલી પડી ગયો. સખત વાગ્યું. મોં ઉપર બીલીને દસ ટાંકા આવે છે. એ ઘા એના ચહેરાને કદરૂપો તો નહીં બનાવે ને? મિત્ર તો કહે, "તું નાહક આ ઘાને મહત્ત્વ આપે છે. અર્ધા તૂટેલા દાંતની જેમ આવા નાના ઘા પ્રત્યે કોઈની નજર નથી જતી. મને જ ખબર ન પડી હોત, તે કહ્યું ન હોત તો!" પણ ચિંતાતુર બાપને આશ્વાસન નથી મળતું એ તો કહે, "ઘા મને દેખાય છે. હું આંખ બંધ કરું તો પણ મને દેખાય છે!"

પણ આ અકસ્માતમાં એક પાઠ છે. પોતાનો દીકરો પૂર્ણ અને સુંદર છે, એવો જ રહેશે, એને કયાંય ઘા નહીં પડે, ડાઘ નહીં લાગે એ ભ્રમણા પર મોટો ઘા, મોટો ફટકો પડયો છે. પોતાનો વ્હાલો દીકરો પણ નાશવંત છે, અપૂર્ણ છે એ એક સત્ય છતું થયું છે અને એ સત્ય પર એનો કોઈ કાબુ નથી.

આટલા ઓતપ્રોત થઈ ગયા, બાપ દીકરો, એકમેકમાં વણાયા ત્યાં જેઆના ન્યુયોર્ક પાછી ફરે છે. દીકરો જોઈએ છે. હવે તે દીકરાને છોડી શકે એમ નથી. ખૂબ માયા બંધાઈ ગઈ છે. ના પાડે છે. જેઆના કોર્ટનો આશરો લે છે. કોર્ટ માને બાળક સોંપવાનો હુકમ કરે છે. તેડ આકોશ કરે છે. "I lost him મારો બાળક છીનવાઈ ગયો છે."

લાચાર થઈને તેડ હુકમનો સ્વીકાર તો કરે છે. બાળકના ડબ્બા, પુસ્તકો, રમકડા બેગ તૈયાર કરે છે. વિચારે છે એક બાળકનું જીવન આટલાં ખોખાંમાં સમાઈ ગયું?

બાળક તો પોતાની રીતે જ વિચારે છે: બીજા ઘરે એની સગવડો સચવાશે? એની રૂમ હશે? રમકડાં હશે?

પરંતુ જેઆનામાં દેવ પ્રવેશે છે. પિતા બાળક સાથે ખૂબ મમતાથી બંધાયો છે, બાળકને પણ એની જ જરૂર છે. એ એની માની આંખ સમજી જાય છે. હયાનો હિમાળો પીગળે છે. કોર્ટનો હુકમ છતાં, જીત્યાં છતાં અંતિમ ક્ષણે એક સરસ ગૌરવયુકત Sacrifice આપે છે. કહે, "તું જ બાળકને રાખ, ઉછેર. હું તો જીવનમાં એક નાકામયાબ નીવડેલી વ્યકિત છું."

અને એક કરૂણ પ્રશ્ન પણ પૂછે છે. "તું મને કયારેક એને મળવા તો દેશેને?

એક માને બાળકને મળવા માટે આજીજી કરવી પડે એ કેટલું કરૂણ લાગે?

દીકરો મા ચાલી ગઈ હતી તેનું ગાંભીર્ય નહોતો સમજ્યો. કોર્ટના ઓર્ડર પછી પિતાને બદલે મા સાથે રહેવાનું છે તેનું પણ નહીં, અને હવે અંતે ફરીથી પિતા પાસે જ રહેવાનું છે, તેનું પણ નહિ! પહેલાંની જેમ જ અત્યારે પણ આનંદથી ખુશ ખુશ નથી થઈ જતો. એના તો બાળસહજ ચિંતા ને બાળસહજ પ્રશ્નો છે. મમ્મી કે પપ્પાની સાથે તેને રહેવાનું છે. તેની એને બહુ ચિંતા નથી. નાનો છે એટલે જ અંતે આ જ પ્રશ્નો ફરીથી પૂછે છે:

"હું મારા રૂમમાં જ સૂઈશ?"

મારા રમકડાં અહીં જ રહેશે? મારા પુસ્તકો?

અને પપ્પા, તમે આજે કામ પર નહીં જાઓ?

ના? તો પછી આપણે મેદાનમા રમવા જઈએ?

ધરતીકંપ થયો છે. જે અસ્થિર હતું તે તૂટી પડયું છે. પ્રેમ અને હૂંફ ગુમાવ્યા છે. તેનું બાળકને જ્ઞાન નથી, સમજ નથી. બાળકની લીલા ક્રૂર છે. મમ્મી હતી ત્યારે, પપ્પા છે ત્યારે પણ એની દુનિયા એટલે એના રમકડાં, એની વાર્તા, એના નાના નાના મિત્રો.

હિરોશીમા પર એટમ બોમ્બ પડે અને તોય લીલું ઘાસ ફૂટે જીવન ચાલુ રહે છે. બાળક મોટું થાય છે. કયારેક પપ્પા વિના, કયારેક મમ્મી વિના. લીલાનો લય એનો ક્રમ સાચવે છે. જીવનનો રથ આગળ ચાલે છે.

—વિપિન પરીખ

('ક્રેમર (વર્સિસ) સામે ક્રેમર' નવલકથા અને ફિલ્મના આધારે)

સંઘ સમાચાર

સોવિયેટ રશિયાની સફર

શ્રી. ડો. રમણલાલ ચી. શાહ, તાજેતરમાં સોવિયેટ રશિયાની સફરેથી પાછા ફર્યા છે. ત્યાંની ઓલિમ્પિક રમતો જોવાની એમને તક મળી છે. તેઓશ્રીનો આ પ્રવાસનો વાર્તાલાપ શ્રી પરમાનંદ કાપડિયા સભા ગૃહમાં,

ગુરુવાર, તા. ૨૧-૮-'૮૦

સાંજના ૬-૧૫ વાગે

રાખવામાં આવેલ છે. સૌને પ્રેમભર્યું નિમંત્રણ

સંઘના પેટ્રન મેમ્બરો

ગતાંકમાં અનુક્રમ ૩૭ સુધીના નામો પ્રગટ થઈ ગયા છે. ત્યાર બાદ ત્રણ નામ મળેલા છે. અમો તેમના ખૂબ જ આભારી છીએ.

નવા પેટ્રનો

૩૮ શ્રી હસમુખભાઈ સી. શાહ
૩૯ શ્રી ખેતસી નરસી શાહ
૪૦ શ્રી ચન્દ્રકાન્ત સી. આનંદપરા

સંઘ પ્રત્યેની લોકોની મમતા અને શુભેચ્છાનો ઝરો વહેતો રહ્યો છે. સંપર્ક સાધ્યા વિના રૂ. ૨૫૦૦ જેવી રકમ મોકલનાર વ્યકિતઓનો સંઘ પ્રત્યે કેટલો બધો સદભાવ હશે? તેના વિચારથી આનંદની લાગણી અનુભવાય છે.

આ વખતે પણ એક સદ ગૃહસ્થે સરકયુલર વાંચીને જ પેટ્રન મેમ્બરના લવાજમનો ચેક મોકલી આપ્યો. તેમના અમો ખૂબ જ આભારી છીએ.

અન્ય શુભેચ્છક ગૃહસ્થોને પણ આનાથી પ્રેરણા મળે અને અમારો ૧૦૦ સભ્યોનો લક્ષ્યાંક સત્વર સિદ્ધ કરવામાં અમોને મદદરૂપ બની તેમનો પ્રેમાળ સહકાર આપે એવી નમ્ર વિનંતિ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાનમાળા અંગેનો સમગ્ર કાર્યક્રમ ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો, એટલે આ અંકમાં તે પ્રગટ કર્યો નથી. તેમાં નજીવો ફેરફારો થયા હશે તે સાથેનો સમગ્ર કાર્ય મ ૧ લી સપ્ટે. મ્બરના અંકમાં પ્રગટ કરવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચના અનુસંધાનમાં રૂ. ૧૧૦૦૦/ ની રકમ મે. હિન્દુસ્તાન મિનરલ પ્રોડકટસ પ્રા. લી. વતી તેના ડાયરેકટરો, શ્રી ચંપકભાઈ ચોકસી, શ્રી ગીરીશ-ભાઈ ચોકસી, અને શ્રી અતુલભાઈ ચોકસી દ્વારા પોતાનાથી બને તેટલી સમાજ પ્રત્યેની ફરજ અદા કરવા, સંઘને મળેલ છે.

આ જ્ઞાનપરબને આવું પ્રોત્સાહન આપી, આ ભાઈઓએ સંઘ પ્રત્યે જે પ્રેમાળભાવ દાખવ્યો છે તે અન્ય સૌ માટે માર્ગદર્શક બની રહે.

સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

૧૯૮૦ ના વર્ષના ઘણા સભ્યોના લવાજમો હજુ બાકી છે લવાજમના રૂ. ૨૦/- સંઘના કાર્યાલયમાં સત્વરે મોકલી આપવા અને છેવટે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તો અવશ્ય લવાજમો ભરાય જાય તેવી કાળજી રાખવા નમ્ર વિનંતિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

☆ માણસનું પહેલું શસ્ત્ર : બાવળની કાંટાળી ડાળ ! ☆

રોજ આપણે વર્તમાન પત્રોમાં નવી નવી જાતનાં શસ્ત્રોની વાતો વાંચીને હેરત પામીએ છીએ. દા. ત. બે મહાસત્તાઓ, અમેરિકા અને રશિયા એવા દૂરગામી સ્વયં સંચાલિત આંતરખંડિય રોકેટો ધરાવે છે કે જેમાં લગભગ અડધો ડઝન આણ્વ શસ્ત્રો હોય. આ રોકેટોને પોતાનું 'મગજ' હોય છે. તેમના કોમ્પ્યુટરમાં માહિતી ભરેલી હોય છે અને તેઓ આપમેળે દિશા શોધ તથા નિશાનશોધ કરી લે છે. તેમને ભૂગર્ભમાં તેમનાં ભોંયરામાંથી છોડવામાં આવે ત્યારે તેઓ આકાશમાં અને અવકાશમાં ચઢી જાય છે અને દુશ્મનના દેશ ભણી વળી જાય છે. હવે આ બન્ને દેશો પાસે રોકેટ વિનાશક રોકેટો પણ છે.

શસ્ત્રોનું આ ગાંડપણ આપણને ખેદ પમાડે છે પણ વૈજ્ઞાનિક અને ટેકનિકલ સિદ્ધિઓ આપણને હેરત પમાડે છે. હવે જ્યારે માણસ આવાં શસ્ત્રો બનાવી શકે છે અને એક અવકાશી ઉપગ્રહનો બીજા અવકાશી ઉપગ્રહ વડે નાશ કરી શકે છે, ત્યારે વિચાર આવે છે કે આદિમાનવ જંગલી દશામાં હતો ત્યારે તેનું પહેલું શસ્ત્ર કેવું હતું?

ઉત્ક્રાંતિનો ઉદબોધક ચાર્લ્સ હાવિન 'મનુષ્યનું અવતરણ' નામનું પુસ્તક લખી રહ્યો હતો ત્યારે તેને વિચાર આવ્યો કે ૩૫ લાખ વર્ષ પહેલા વામણો આદિમાનવ તે સમયના ભયંકર પશુઓ સામે પોતાનું રક્ષણ કેવી રીતે કરતો હતો? તેના અશ્મીભૂત અવશેષો બતાવે છે કે તેની ઊંચાઈ માત્ર ૧૨૦ થી ૧૪૦ સે. મી. ૮ને૪૮ થી ૫૬ ઈંચ) હતી. આવો ટચુકડો માણસ શસ્ત્ર તરીકે ભારે લાકડું વીંઝી શકે નહીં. હજી તેનું મગજ એવું નહોતું ખીલ્યું કે જે બુદ્ધિપૂર્વક વિચારીને પથ્થરનાં શસ્ત્રો પણ બનાવી શકે. આટલી સમજણ પણ આવતા માટે તેને બીજા દસ લાખ વર્ષ લાગ્યા હતાં.

આદિમાનવ પૂર્વ આફ્રિકામાં પ્રગટયો હતો, જ્યાં અસંખ્ય હિંસક પ્રાણીઓ હતા. આદિમાનવોની સંખ્યા તો ગણીગાંઠી હતી તો હિંસક પ્રાણીઓ તેને ખાઈ કેમ ન ગયાં? આ વિચાર નેધરલેન્ડની આમ્સ્ટર્ડામ યુનિવર્સિટીના પ્રાણી વિજ્ઞાની આડ્રીઆન કોર્ટલાન્ડને આવ્યો. તેણે સંશોધન કરીને લખ્યું છે કે આ પ્રાચીન જંગલી માણસો બાવળની કાંટાળી ડાળો પોતાના રક્ષણ માટે વાપરતા હતા અને પોતાનાં રહેઠાણની આડે કાંટાળી કિલ્લેબંધી કરતા હતા.

કોર્ટલાન્ડ ઈથિયોપિયામાં ઈતિહાસ પૂર્વેના એક સ્થળે ખોદકામ કરી રહ્યો હતો ત્યારે એક બાવળની નીચે આરામ કરતાં કરતાં તેના મનમાં આ પ્રશ્ન જાગ્યો, અને તેનો ઉત્તર પણ તેણે વિચારી લીધો. આ ઉત્તરની કસોટી માટે તે કેન્યા ગયો અને સિંહોના રક્ષિત વનમાં જઈને માંસના મોટા ટુકડાઓનો ઢગલો કરીને તેમને કાંટાળી ડાળીઓ વડે ઢાંકી દીધો. સિંહના બચ્ચાને ઉછેરીને છેવટે તેને મુક્ત કરી તેની ઉપર "બોર્ન ફ્રી" નામનું પ્રખ્યાત પુસ્તક લખનાર જ્યોર્જ એડમસનો બાર મુક્ત સિંહોનું એક ટોળું પાળ્યું હતું. તેમને કોર્ટલાન્ડે આ માંસ વડે આકર્ષ્યા. સિંહો માંસની ગંધથી આકર્ષાઈને આવ્યા અને કાંટાથી રક્ષાયેલું માંસ કેમ કાઢવું તેના ફાંફાં મારવા લાગ્યા પણ પગ વડે કે મોં વડે કાંટા ખસેડવાની કોઈએ હિંમત ન કરી.

તે પછી કોર્ટલાન્ડે બીજો પ્રયોગ કર્યો. તેણે એક જાળીવાળા પાંજરામાં એક જીવતું ઘેટું મૂકયું અને પાંજરાને કાંટાળી ડાળો વડે લપેટી લીધું. આ વખતે જીવતા શિકારથી લલચાઈને કેટલીક સિંહણો આવી અને પગ વડે કાંટા ખસેડવા લાગી પરંતુ પગમાં કાંટા લાગ્યા પછી તેઓ પોતાનાં જખમ ચાટવા લાગી, અને વધુ કાંટા ખસેડીને ઘેટાંનો શિકાર કરવાનું માંડી વાળ્યું. આથી કોર્ટલાન્ડ એવા નિર્ણય ઉપર આવ્યો કે હિંસક પશુઓ સામે પ્રાચીન માણસો પોતાનું રક્ષણ કાંટાળી ડાળો વડે જ કર્યું હશે. પરંતુ માણસ કાંટાળો કિલ્લો રચીને તેની અંદર બેસી જાય અને હિંસક પ્રાણીઓ તેને ઘેરો ઘાલે તો તે કયાં સુધી ટકી શકે? તેના જવાબ એ છે કે કાંટાળી ડાળો તરફ ચોતરફ વીંઝાવા લાગે તો જંગલી જનાવરો ભાગી જાય. આ માન્યતા સિદ્ધ કરવા તેણે એક ઠેકાણે માંસના ટુકડા ગોઠવ્યા તે પછી એક ઈલેકટ્રીક મોટર વડે ચાલતું યંત્ર કાંટાળી ડાળોને વીંઝી શકે એવી યુક્તિ કરી. જ્યારે સિંહો માંસ ખાવા આવ્યા ત્યારે દૂરથી ચાંપ દાબીને કોર્ટલાન્ડે યંત્ર ચાલુ કર્યું અને કાંટાળી ડાળીઓ વીંઝાવા લાગી આથી માંસ ખાવા માટે આવેલા સિંહો ભાગી ગયા.

હજી એક વધુ પ્રશ્ન ઊભો થયો કે ગોળીથી ઘવાયેલો સિંહ પણ સામો થાય છે તો તે કાંટાથી કેમ ડરે છે? તેનો જવાબ શેઢાઈ અથવા શાહુડી આપે છે. ઉંદર અનેખિસકોલીના કર્તરી (રોડન્ટ) વર્ગનું આ પ્રાણી વાળને ઠેકાણે લાંબા ટૂંકા પણ તીક્ષ્ણ અણીવાળાં પીછોડિયાં ધરાવે છે. હજી જંગલ જીવનની પાઠ નહીં શીખેલો કે વધુ પડતી હિંમતવાળો સિંહ, વાઘ કે દીપડો શાહુડીનો શિકાર કરવા જાય તો તેનાં પીછોડિયાં શિકારને વીંધી નાખે, એટલું જ નહીં તેની જિંદગી બગાડી નાખે. જે શિકારી પ્રાણીના શરીરમાં શાહુડીનાં પીછાં ઘૂસી ગયા હોય તેણે સતત વેદના અનુભવવી પડે. તેની દરેક હલચલ ખૂબ પીડા કરે અને તેની સ્થિતિ ખૂબ દયાજનક થઈ જાય. કદાચ આ પાદાર્થપાઠથી પ્રેરાઈને કે કૂદરતી પ્રેરણાથી હિંસક પ્રાણીઓ કાંટાથી ડરતા હશે.

આ આખતરા રસપ્રદ છે પણ તેની સામે શિકારીઓના એવા અનુભવ પણ છે કે જેમાં મરણિયાં હિંસક પ્રાણીઓ કાંટાળી વાડ ઠેકીને કે તેમાંથી માર્ગ કરીને પણ ઘૂસી આવ્યા હોય. જ્યારે આ સદીના આરંભમાં મોમ્બાસાથી નૈરોબી સુધીની રેલવે બંધાતી હતી ત્યારે અંગ્રેજી ઈજનેર, હિંદી ઓવર સિયર અને આફ્રિકી તથા હિંદી મજૂરો આ રેલવે બાંધતા હતા તે સમયે ત્સાવો નામની નદીના પ્રદેશમાં માણસખાઉ, સિંહોની વસતિ હતી. તેઓ રાતે મજૂરોની છાવણીઓ પર છાપા મારતા હતા અને મજૂરોને ઉઠાવી જતા હતા. મજૂરો પોતાની રક્ષા માટે કાંટાળી કિલ્લેબંધી પણ કરતાં હતા છતાં સિંહોને રોકી શકાતા ન હતા. આખરે આ સિંહોને શોધી શોધીને ઠાર મારવામાં આવ્યા ત્યારે જ રેલવેનું બાંધકામ પૂરું થયું.

– વિજયગુપ્ત મૌર્ય

મુંબઈ શહેરના પ્રાણપ્રશ્નો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત 'અભ્યાસવર્તુળ'ના આશરે મુંબઈ મ્યુનિસિપાલિટીના ડેપ્યુટી કમિશ્નર શ્રી પ્રવિણભાઈ કામદારનું પ્રવચન - મુંબઈ શહેરનાં પ્રાણપ્રશ્નો' એ વિષય ઉપર તા. ૧૨-૮-૮૦ ના રોજ સાંજના ભાગમાં શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું.

પ્રથમ અભ્યાસ વર્તુળના કન્વીનર શ્રી રૂબોધભાઈ શાહે, શ્રી પ્રવિણભાઈને આવકાર આપ્યો હતો, તેમજ તેમનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ શ્રી પ્રવિણભાઈએ તેમના વકતવ્યમાં મુંબઈ શહેરના નાના - મોટા સામાન્ય તેમ જ જટિલ પ્રશ્નોની વિશદ સમીક્ષા કરી હતી. એ રીતે તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓને ઘણી બધી જાણકારી પ્રાપ્ત થઈ હતી.

નાનકડી ઉંમરમાં તેઓએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે અને શહેરના નાના - મોટા પ્રશ્નો પ્રત્યે જેમણે જે જાગૃતિ બતાવીને તેના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહ્યાં છે. એવી તેમની રજુઆત દ્વારા અને તેમની સરળતા ભરી તેમ જ સૌમ્યવાણી દ્વારા શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા.

તેમના પ્રવચન બાદ સારી એવી પ્રશ્નોત્તરી થઈ હતી અને તેના તેમણે ચોક્કસ પ્રકારના જવાબો આપ્યા હતા. શહેરના પ્રશ્નો વિશેની તેમની જાગૃતિ અને કાર્યપ્રણાલિની જાણકારી બાદ શ્રોતાઓના મનમાં એવી છાપ ઉપસી કે જો આવી જાગૃતિ તેમજ કામની ધગશવાળા પાંચ - પચીશ અધિકારીઓ જો કોર્પોરેશનને મળે તો ઘણા બધા પ્રશ્નોનો ઉકેલ આવી જાય. તેમના વકતવ્યમાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ હાજર રહ્યા તેને માટે શ્રી પ્રવીણભાઈએ તેમનો અંતઃકરણપૂર્વક તેમનો આભાર માન્યો હતો.

પ્રવચનના અંતે શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે સંઘે પ્રકાશિત કરેલા પુસ્તકોનો સેટ તેમને ભેટ આપ્યો હતો. અને ચંદનની માળા દ્વારા તેમનું અભિવાદન કર્યું હતું.

અને છેલ્લે સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે શ્રી પ્રવિણભાઈનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

સંકલન: શ્રી શાંતિલાલ ટી. શેઠ

વૈદિક યજ્ઞનો પ્રતિપાદ્ય સિદ્ધાંત – 'અહિંસા'

વૈદિક યજ્ઞ અને અહિંસા!! વાચકોને સકારણ આશ્ચર્ય થશે. વૈદિક યજ્ઞ સાથે અહિંસાને સાંકળવી એ તો અંધકાર અને સૂર્યને કિંવા અગ્નિ અને શીતસ્પર્શને સાંકળવા જેવું વિધાન થયું. જ્યાં સૂર્ય હોય ત્યાં અંધકારને સ્થાન ન હોય, ઉષ્ણસ્પર્શ ન હોય તો અગ્નિ ન હોય તેમ હિંસા ન હોય તો વૈદિક યજ્ઞ ન હોય તેવી પરંપરાગત સાર્વત્રિક કલ્પના છે. યજ્ઞોમાં થતી હિંસા તો જૈન અને બૌદ્ધ ધર્મોની સ્થાપનાનું પ્રમુખ કારણ હતું. આ સર્વ છતાંયે વૈદિક ધર્મ અહિંસા નિષ્ઠ હતો એમ કહેવાની આ ધૃષ્ટતા?

નહીં, નહીં. આ ધૃષ્ટતા નથી. સત્ય છે, નગ્ન સત્ય, કિંતુ સત્ય. વૈદિક ધર્મ, સત્યનો ભોર આરુણ અસત્યના ઘોર અંધકારના અંચળાથી આચ્છાદિત થઈ ગયો છે. ઉપનિષદના દ્રષ્ટાંઓનું અંતર વલોવાઈ વલોવાઈને, કોરાઈ કોરાઈને સરી પડેલા આ આર્તનાદ છે– 'ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયામ્' કિંવા 'નહિ સુજ્ઞેયમણુરેષ ધર્મ:' અથવા તો– 'હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્.

તત્ત્વં પૂષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે." (ઈશોપનિષદ)

યજુર્વેદમાં એક મન્ત્ર છે–

"પશૂન્ પાહિ, ગાં મા હિંસી:, અજાં મા હિંસી:, અવિં મા હિંસી: .....મા હિંસ્યાત સર્વભૂતાનિ."

પ્રશ્ન મને એ ઉદ્ભવે છે કે 'મા હિંસ્યાત સર્વભૂતાનિ' એ સૂત્રથી અહિંસાનું પ્રતિપાદન કરનાર, અહિંસાનું પોષણ કરનાર વૈદિક ધર્મમાં, વૈદિક યજ્ઞમાં આ હિંસા ઘુસી ગઈ ક્યાંથી? પગ નીચે કીડી-મંકોડા જેવા ક્ષુદ્ર જીવજંતુઓ પણ મરી ન જાય તે માટે રહૂગણ રાજાની પાલખી ઉપાડતી વેળા ઠેબે ઠેબે ને જતા જડભરત જેવા ઋષિઓ જે ધર્મના અનુયાયીઓ હતા તે ધર્મમાં હિંસાને સ્થાન હોઈ જ કેવી રીતે શકે?

આ બધાથી યે પર અહિંસાને માટે જ જ્યાં યજ્ઞોમાં અધ્વર્યુની નિયુક્તિ થતી હતી, (સંસ્કૃતમાં ધ્વરનો અર્થ હિંસા, અધ્વર એટલે અહિંસા) જ્યાં યજ્ઞોમાં અધ્વર્યુ કાયિક, વાચિક, માનસિક કોઈ પ્રકારની હિંસા થવા દેતો ન હતો તે યજ્ઞપશુહિંસાપરસ્ત હોઈ જ કેમ શકે?

અહિંસામાં ચુસ્તપણે માનનાર વૈદિક ધર્મમાં પશુહિંસા ઘુસી ક્યાંથી તે સમજવા વિષયાન્તર કરી લઈએ. સીતા રૂપરૂપનો અંબાર હતાં. આ રૂપ જ રાવણ દ્વારા તેમના હરણનું નિમિત્ત બન્યું તો પછી સીતાના રૂપને ગુણ ગણીશું કે દોષ? સંસ્કૃત ભાષાનો ગુણ ગણો કે દોષ, વૈચિત્ર્ય ગણો કે વૈશિષ્ટય કે સંસ્કૃતમાં એક શબ્દના અનેક અર્થ થાય છે. આ શબ્દલીલાને કારણે આસુરી વૃત્તિવાળા, માંસાહારી એવા સંસ્કૃતિના રાવણોએ જાણીબુઝીને અર્થભેદ કરી પ્રજામાં બુદ્ધિભેદ જન્માવ્યો. વેદનું twisted interpretation કરી વૈદિક ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અત્યંત વિકૃત સ્વરૂપમાં પ્રજા સમક્ષ મૂક્યા.

ઉદાહરણત: 'અજ' શબ્દ. અજનો એક અર્થ થાય છે આત્મા, જે જન્મરહિત છે. બીજો અર્થ થાય છે બકરો. અત્રે એ નોંધપાત્ર છે કે પશુયાગમાં બલિ બહુધા બકરાનો જ અપાતો. સંસ્કૃતમાં એક પ્રખ્યાત શ્લોક છે–

"અશ્વં નૈવ ગજં નૈવ વ્યાઘ્રં નૈવ ચ નૈવ ચ.
અજાપુત્રં બલિં દદ્યાત દૈવ: દુર્બલ ઘાતક:"

અજ શબ્દનો ત્રીજો અર્થ છે જેમાં જનનશક્તિ નથી તેવું ધાન્ય. 'અજસંજ્ઞાનિ બીજાનિ.'

વૈદિક આર્યોનું જીવન મુખ્યત્વે પશુપાલન અને ખેતી પર અવલંબિત હતું. વર્ષો વર્ષ સારું બિયારણ તેઓ ભરી રાખતા. તેમાંથી ખપ પૂરતું દર વર્ષે લે, બાકીનું પડી રહે. વર્ષો જતાં પડી રહેલા આ ધાન્યની જનનશક્તિ ક્ષીણ બને ત્યારે આ અન્નનું કરવું શું? પાણીમાં નાખે તો તે દૂષિત થાય. આર્યોની વિચક્ષણ બુદ્ધિએ આનો ઉપાય શોધ્યો. અગ્નિ પ્રગટાવી યજ્ઞકુંડમાં હોમવાનો (આ યજ્ઞ એટલે સ્વદેશી ડી.ડી.ટી કે પેસ્ટ કન્ટ્રોલ જ!) આમ યજ્ઞોનો સૌથી મોટો લાભ હતો સાર્વજનિક આરોગ્યનો).

'અજ' શબ્દના આ અર્થભેદને કારણે જે મતભેદ પડ્યા તે સંબંધી કથા મહાભારત અને હેમાદ્રિ-રામાયણમાં છે. પૂર્વકાળમાં અનાર્યોના સંસર્ગથી પતિત થયેલો પર્વતક નામનો બ્રાહ્મણ વસુરાજાનો ઉપાધ્યાય હતો. તે પર્વતકની દીર્ઘકાલીન સંગતથી વસુરાજા પણ આસુરી બુદ્ધિવાળો થયો. વૈદિક ઋષિઓ આ હકીકતથી અજાણ હતા. એકવાર અસુરો અને ઋષિઓ વચ્ચે 'અજ' શબ્દના અર્થ પર વિવાદ થયો. અસુરો કહેતા હતા કે અજ એટલે બકરો તેથી પશુમાંસથી યજ્ઞ કરવો જોઈએ. ઋષિઓ કહેતા હતા અજએટલે જેનામાં જનનશક્તિ નથી તેવું ધાન્ય. માટે ધાન્યથી જ યજ્ઞ કરવો ઘટે. બન્ને પક્ષો ગયા રાજા વસુ પાસે. આસુરી વૃત્તિવાળા વસુએ ઋષિઓની વિરુદ્ધ ચુકાદો આપ્યો. તે દિવસથી ઋષિઓનો પક્ષ હારી ગયો અને યજ્ઞમાં માંસ હોમાવા લાગ્યું.

આ વિવેચનનો સાર એટલો જ કે અનાર્યો માંસાહારી હતા જ. જ્યારે તેમણે આર્યોમાં પ્રવેશ કર્યો ત્યારે વેદોના દ્વિઅર્થી શબ્દોને કારણે માંસહવનનું વિધાન કરી પશુમાંસથી યજ્ઞો કરવા લાગ્યા. મહાભારત એ જ કહે છે–

'ધૂર્તૈ: પ્રવર્તિતં યજ્ઞે નૈતદ્વેદેષુ કલ્પ્યતે' અર્થાત્ માંસથી યજ્ઞ કરવાનો પ્રચાર ધૂર્તોએ કર્યો છે, વેદોમાં તેની કલ્પના સુદ્ધાં નથી. પરન્તુ ખરો વૈદિક ધર્મ મતમતાંતરોની ગડબડમાં હડપ થઈ ગયો. માંસ યજ્ઞનો પ્રચાર આર્યોમાં પણ થયો તેમાં સંદેહ નથી પણ તે પ્રચાર સર્વ સંમતિથી સ્વીકૃત થયો નહીં.

પંચતંત્રમાં વિષ્ણુ શર્માએ સુષ્ઠુ જ કીધું છે–

"વૃક્ષાંશ્છિત્વા પશૂન્ હત્વા કૃત્વા રુધિર કર્દમમ્.
યદ્યેવં ગમ્યતે સ્વર્ગે નરકે કેન ગમ્યતે?" અર્થાત–વૃક્ષો કાપવાવાળા, પશુ હિંસા કરી લોહીનાં કર્દમ કરવાવાળા જો સ્વર્ગે જશે તો ભલા નરકમાં કોણ જશે?

આમ પશુહિંસા મૂળ વૈદિક ધર્મમાં ન હતી તેના સર્વોત્કૃષ્ટ સાક્ષી તે ભગવાન બુદ્ધ. સુત્તનિપાતમાં ભગવાન બુદ્ધે કહ્યું છે–

"અન્નદા બલદા ચેતા વણ્ણદા સુખદા તથા
એતમત્થવસં ગત્વા નાસ્સુગાવો હનિંસુતે.
ગાવો એળક સમાના સોરતા કુંભ દૂહના
તા વિસાણે ગહેત્વાન રાજા સત્થેન ઘાતયિ."

એનો અર્થ એ કે પૂર્વકાલીન બ્રાહ્મણો અન્ન, બળ, કાંતિ અને સુખ આપનાર ગાયની ક્યારેય હિંસા કરતા ન હતા. પરંતુ આજે બકરી જેવી બિચારી ગાયને ગોમેધમાં મારી નાખે છે.

આમ વૈદિક ધર્મનો મૂળભૂત અને પ્રતિપાદ્ય સિદ્ધાંત છે, 'અહિંસા'. લાંબા કાળ લગી વૈદિક ધર્મએ કરેલા અહિંસાના સિદ્ધાન્તના પ્રતિપાદન, પાલન અને પરિરક્ષણના ભગવાન બુદ્ધ સર્વોત્કૃષ્ટ સાક્ષી છે.

આપણે ભોળા! જગતની શબ્દલીલા સમજી ન શકીએ. જગતના મુત્સદ્દીઓ જગતના રક્ષણાર્થે ધર્મની ટહેલ નાખે છે. એ જ ધર્મના નામે હિંસક, વિકરાળ અને ક્રૂર યુદ્ધો ખેલે છે. ઘણીવાર ધર્મની વાતો ડમરુ જેવી બની જાય છે. ડમરુની જેમ એ બંને બાજુ વાગે છે. એમાંથી બંને ધ્વનિ નીકળે છે. એક અહિંસાનો ધ્વનિ બીજો હિંસાનો ધ્વનિ. જેવો વગાડનાર તેવો પ્રતિધ્વનિ. માણસ જ ધર્મનો રક્ષક અને માણસ જ ધર્મનો ભક્ષક!

– હેમાંગિની જાધ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ સપ્ટેમ્બર, ૧૯૮૦ સોમવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

કટોકટી : ઉકેલ નથી

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના તા. ૨૩-૮-૮૦ના અંકમાં પુનાથી તેમના ખબરપત્રીના સમાચાર છે કે તા. ૨૨મીએ રજનિશે રોમ ફરતું કે હિંસક બનાવો અને કોમી રમખાણો જોતા, ઈન્દિરા ગાંધીએ, પહેલાનાં કરતાં વધારે સખત કટોકટી લાદવી જોઈએ અને તે સમય દરમિયાન કોઈ ચૂંટણી કરવી નહિ. વિશેષમાં કહ્યું કે ૧૫ વર્ષ સુધી દેશને લોકશાહીની જરૂર નથી, કારણ કે દેશને લોકશાહીની સમજણ નથી. બે હજાર વર્ષથી દેશ ગુલામીમાં રહ્યો છે અને સ્વતંત્રતા પચાવતા દેશને આવડતું નથી; ૧૫ વર્ષ સુધી કટોકટી રહેશે તો દેશને સ્વતંત્ર રીતે જીવતા આવડશે. વિશેષમાં કહ્યું કે વિરોધ પક્ષોએ ચૂંટણીમાં ગુમાવેલ સત્તા પ્રાપ્ત કરવા, તેઓ લોકશાહીનો નાશ કરી રહ્યા છે અને તે માટે દેશભરમાં તોફાનો જગાવે છે.

રજનિશના આવા બિનજવાબદાર અને વાહિયાત અભિપ્રાયની સામાન્યપણે હું નોંધ ન લેતે. ઈન્દિરા ગાંધી તથા કોંગ્રેસ (ઈ)ને ખુશ કરવા રજનિશના પ્રયત્નો અને કારણો જાણીતા છે. પણ મને ખાત્રી છે કે ઈન્દિરા ગાંધી આવો ખુશામતથી દોરવાઈ જાય તેવા નથી.

પણ, કટોકટી અને મીસા આવી રહ્યા છે એવા ઉચ્ચારણો વિરોધ પક્ષના કેટલાક આગેવાનો પણ કરી રહ્યા છે અને લોકોમાં પણ એવી એક ભ્રમણા છે કે વર્તમાન પરિસ્થિતિ જોતાં કટોકટી જાહેર કર્યા વિના છૂટકો નથી. આવું કહેવાવાળા કટોકટી શું છે તે પુરું સમજતા નથી અને તેના પરિણામોનો બરાબર વિચાર કરતા નથી.

જૂન ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરી તે દેશમાં ઉદ્‌ભવેલી કોઈ વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા નહિ પણ પોતાની સત્તાને, અલાહાબાદ હાઈકોર્ટના ચુકાદાથી અને જયપ્રકાશના આંદોલનથી પડકાર થયો હતો તેને પહોંચીવળવા, જાહેર કરી હતી. અલાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો કાયમ રહે તો, છ વર્ષ પોતે ચૂંટણીમાં ઊભા રહી શકે નહિ અને જયપ્રકાશે, વડાપ્રધાન તરીકે તેમના તાત્કાલિક રાજીનામાની જોરદાર માંગણી કરી હતી તેને પહોંચી વળવાનો આ માર્ગ શોધ્યો હતો. કટોકટી જાહેર થાય ત્યારે વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને વાણી-સ્વાતંત્ર્યના તેમજ સમાનતાના મૂળભૂત અધિકારો રદ થાય છે અને કાયદા પ્રમાણે કહેવાય એવી સરમુખત્યારી પેદા થાય છે. મૂળભૂત અધિકારોના અમલ માટે કોર્ટોને કોઈ અધિકાર રહેતો નથી.

આવી કટોકટી જાહેર કરવાથી વર્તમાન પરિસ્થિતિનો કાંઈ ઉકેલ આવવાનો નથી. ઈન્દિરા ગાંધીની સત્તા આત્યારે અબાધિત છે. વિરોધ પક્ષોની કોઈ અસર રહી નથી. વિરોધ પક્ષોએ સંપૂર્ણપણે પ્રતિષ્ઠા ગુમાવી છે. ઈન્દિરા ગાંધીના સખત ટીકાકારો પણ આત્યારે ઈન્દિરા ગાંધી સત્તાભ્રષ્ટ થાય એવું ઈચ્છતા નથી. બલ્કે, ઈન્દિરા ગાંધીને કાંઈ થાય તો દેશને ખતરો છે, એવું માનવાવાળો મોટો વર્ગ છે. સમજદાર વર્ગ એમ પણ માને છે કે વર્તમાન સંજોગોમાં ઈન્દિરા ગાંધીને રચનાત્મક રીતે ટેકો આપવો જોઈએ અને એવો ટેકો તેમને મળી રહે તે માટે, ઈન્દિરા ગાંધી સમાધાનકારી વલણ અપનાવે એમ ઈચ્છે છે પ્રજાની ચિંતાનો વિષય એ છે કે રખે ઈન્દિરા ગાંધી કોઈ ભૂલ કરી બેસે અને તેમના સલાહકારો, જો કોઈ હોય તો, તેમને ખોટી સલાહ આપી, ચાવળી દિશામાં લઈ જાય. આજે ઈન્દિરા ગાંધી સામે અંગત વિરોધ નથી. આજે વિરોધ છે તેમના સાથીઓ સામે અને ચિંતા છે તેમની દેખીતી નિષ્ક્રિયતા વિષે.

વર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવા માટે, આત્યારના કાયદાઓમાં પૂરી જોગવાઈ છે, અને ઈન્દિરા ગાંધીને કેન્દ્રમાં અને રાજ્યોમાં, અસરકારક બહુમતી છે, જરૂર છે સક્ષમ અને અસરકારક પગલાંઓની. વર્તમાન પરિસ્થિતિ શિથિલ રાજતંત્રને કારણે છે; કાયદાની જોગવાઈના અભાવને કારણે નહિ. ઈન્દિરા ગાંધીના સાથીઓ, કેન્દ્રમાં અને રાજ્યોમાં, નબળા, કેટલાક ભ્રષ્ટાચારી અને મોટા ભાગના બિન-અનુભવી છે. ઈન્દિરા ગાંધીએ હિંમતથી તેમાં વ્યાપક ફેરફાર કરવાની જરૂર છે. કુશળ અને પ્રમાણિક વ્યક્તિ-ઓનો સાથ લઈ, પ્રજાનો વિશ્વાસ મેળવવાની જરૂર છે.

વર્તમાન પરિસ્થિતિની સમસ્યાઓ આર્થિક તેમજ કાયદા અને વ્યવસ્થાની છે. જે તોફાનો થાય છે તે કોમી રમખાણો નથી. કેટલેક ઠેકાણે વિરોધપક્ષોની શેહી ઉશ્કેરણી હશે. પણ કારણો છે-મોંઘવારી, ફુગાવો, વધતી જતી બેકારી, પોલીસનો ભ્રષ્ટાચાર અને ત્રાસ, તેમ જ મુસલમાનોનું બદલાયેલું વલણ. કટોકટી લાદવાથી આ સમસ્યાઓનો ઉકેલ આવે તેમ નથી, તેથી પરિસ્થિતિ વધારે વણસશે.

આર્થિક ક્ષેત્રે, આવક અને સંપત્તિની વાસમાનતા અનહદ વધતી જાય છે, સામાન્ય ઉકિત છે પણ તે સાચી છે કે જે ગરીબો છે તે વધુ ગરીબ થયા છે અને તવંગર છે તે વધારે તવંગર થયા છે. કાળાબજારે માઝા મૂકી છે, ભ્રષ્ટાચાર, કરચોરી, વગેરે વ્યાપક છે. આ માટે સખ્ત પગલાં લેવા પડે તો કાયદામાં પૂરી જોગવાઈ છે. પ્રશ્ન એટલો છે કે તેનો પ્રમાણિકપણે અમલ કરવો છે કે નહિ. અટકાયતી ધારો કરવો પડે તો પણ મૂળભૂત અધિકારોને આંચ આપ્યા વિના, વર્તમાન માળખામાં રહી થઈ શકે તેમ છે. અટકાયતી ધારો કોઈ સંજોગોમાં ન જ હોવો જોઈએ એવી મારી માન્યતા નથી. અસામાજિક તત્ત્વો અને અસાધારણ પરિસ્થિતિને તત્કાળ પહોંચી વળવા થોડો સમય, એવા ધારાની જરૂર પડે, તેનો દુરુપયોગ થવાનો પૂરો સંભવ છે અને રાજકારણીય હેતુથી તેનો ઉપયોગ થાય તેવો ભય છે, તેથી તેનો વિરોધ છે. અત્યારે જેના હાથમાં સત્તા છે તેનો પ્રજાને વિશ્વાસ નથી એ પણ વિરોધનું એક કારણ છે.

આર્થિક ક્ષેત્રે ગરીબી હટાવવાની અને સમાજવાદની વાતો ઘણી કરી છે. બધી પોકળ પુરવાર થઈ છે. તેને માટે ક્રાંતિકારી પગલાં લેવા પડે તેવા પગલાં લેવાની કોંગ્રેસ (ઈ) નો કે કોઈ રાજકીય પક્ષની તૈયારી કે દાનત નથી. આવક અને મિલ્કતની મર્યાદા બાંધવા પડે અને તે સાથે પ્રમાણિક અને કાર્યક્ષમ રાજતંત્ર હોય તો જ આ સમસ્યાઓનો અલ્પાંશે પણ ઉકેલ આવે. આ દિશામાં સરકારની આર્થિક નીતિ કોઈ કદમ ઊઠાવતી નથી, તેવો ઈરાદો પણ જણાતો નથી. વર્તમાન વિષમતાઓ અસહ્ય છે. વિના વિલંબે અસરકારક પગલાં નહિ લેવાય તો પરિસ્થિતિ સ્ફોટક થશે. હિંસક બળવાનો સંભવ અવગણી શકાય નહિ. આપણી પ્રજાની ધીરજ ઘણી છે પણ તેને હદ હોય છે. કટોકટી લાદવાથી આ સમસ્યાઓ હલ થાય તેમ નથી. સામાન્ય અને નિર્દોષ માણસોનું વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણી-સ્વાતંત્ર્ય જોખમાય એવા કોઈ પગલાં સહન થાય જ નહિ. અસામાજિક તત્ત્વોને પહોંચીવળવા, વર્તમાન કાયદાના માળખામાં અટકાયતી ધારો થાય તે સહી લેવાય. વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યના રક્ષણ માટે કોર્ટોનો આશ્રય અને અધિકાર રહે ત્યાં સુધી સહન થાય.

મોરાદાબાદ, અલાહાબાદ, અલીગઢ અને કાશ્મીરના તોફાનો કોમી રમખાણો નથી. મોંઘવારી સામેના આંદોલનોને મોટું સ્વરૂપ આપવાની જરૂર નથી. દેશનો અમુક વર્ગ અને કદાચ કોઈ વિદેશી તત્ત્વો, દેશમાં અરાજકતા ફેલાવવા પ્રયત્ન કરે તેને ડામવા સરકાર સખત પગલાં લે તો પ્રજાનો ટેકો રહેશે. ગમે તે કારણે, એક કોમ આક્રમક થતી દેખાય છે તે સહ્યું ન લેવાય. કેટલીક વિદેશી સત્તાઓ અને આપણાં પાડોશી દેશોનું વલણ ચિંતાજનક છે. આઝાદ દિનના પ્રવચનમાં ઈન્દિરા ગાંધીએ આ વાતનો નિર્દેશ કર્યો હતો.

કટોકટી લાદવાથી આ પરિસ્થિતિનો ઉકેલ થાય તેમ નથી. આવી પરિસ્થિતિને પહોંચીવળવા પ્રજાના પૂરા સાથ અને વિશ્વાસની જરૂર છે. કટોકટી કે મીસા જેવા પગલાંથી પ્રજાનો સમજદાર વર્ગ પણ તંત્રથી વિમુખ થશે. પ્રજાનો સહકાર મેળવવાની ઈન્દિરા ગાંધી માટે હજી પણ તક છે. તેમના પક્ષના વિખવાદો તેમનો સમય બરબાદ કરે તે પહેલાં, પક્ષથી પર થઈ, દેશહિતની દૃષ્ટિએ ત્વરિત અને નિશ્ચયાત્મક પગલાં લેવાની તેમની શક્તિ હજી નષ્ટ નથી થઈ એવી આશા રાખીએ તો વધારે પડતું નહિ લેખાય.

તા. ૨૬-૮-'૮૦

— ચીમનલાલ ચકુભાઈ

લેનિનસ્કી ગેરુ ઉપરથી

રશિયન ભાષામાં 'સ્કી' એ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે. લેનિનસ્કી રોટલે લેનિનની ગેરુ Gory નો રશિયન ઉચ્ચાર ગેરુ છે) રોટલે ટેકરી. લેનિનસ્કી ગેરુ રોટલે લેનિનની ટેકરી—

રશિયામાં, સમગ્ર સોવિયેટ યુનિયનમાં પર્વતો અને ટેકરીઓ, યુરોપના અન્ય કેટલાક દેશોના પ્રમાણમાં ઘણાં જ ઓછાં છે. મોસ્કોમાં ટેકરી જેવો બહુ ન લાગે એવા એક ઊંચાણવાળા વિસ્તારને લેનિનસ્કી ગેરુ તરીકે ઓળખવામાં આવે છે. મોસ્કવા નદીના કિનારે આ લેનિનસ્કી ગેરુ છે. એની એક બાજુ મોસ્કો યુનિવર્સિટીની ઓગણીસ માળની ગગનચુંબી ભવ્ય ઈમારત છે. એની બીજી બાજુ નદીના સામે કાંઠે વિશાળ ભવ્ય લેનિન સ્ટેડિયમ છે. મોસ્કોમાં મોસ્કો યુનિવર્સિટી જેવાં સાત મકાનો છે. બીજા વિશ્વયુદ્ધ પછી સ્તાલિનના સમયમાં ૧૯૫૦થી ૧૯૫૮ના ગાળામાં આ ભવ્ય મકાનો બંધાયાં— વિદ્યાર્થીઓ માટે, સરકારી કચેરીઓ માટે, સરકારી અમલદારોના રહેઠાણ માટે, પ્રવાસીઓ માટે એ બધાં મકાનોની ડિઝાઈનમાં જરા જરા ફરક રાખ્યો છે. એ જો ખબર ન હોય તો એવા કોઈપણ મકાનને આપણે મોસ્કો યુનિવર્સિટીના મકાન તરીકે માની બેસીએ. યુનિવર્સિટી માટે આટલી મોટી ઈમારત દુનિયાના બીજા કોઈ દેશમાં નથી. મોસ્કો યુનિવર્સિટીના મકાનના એક વિભાગમાં જ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ છે. ઓલિમ્પિક—૧૯૮૦ માટે ભારત, ન્યૂઝિલેન્ડ વગેરે ત્રણ ચાર દેશોના તમામ પ્રવાસીઓને લેનિનસ્કી ગેરુમાં આવેલી આ હોસ્ટેલમાં ઉતારવામાં આવ્યા હતા. અમારો રૂમ નવમે માળે હતો. પરંતુ બહારથી ત્યાં પહોંચતાં સુધીમાં અમારે પ્રત્યેક વખતે ત્રણ ચેક-પોસ્ટ વટાવવાં પડતાં, વિસા બતાવવા પડતા.

આમ પણ સોવિયેટ યુનિયનની (રશિયા સોવિયેટ યુનિયનનાં પંદર રિપબ્લિક રાજ્યોમાંનું એક મોટું રાજ્ય છે એટલે સમગ્ર સોવિયેટ યુનિયન માટે દુનિયાના ઘણા લોકો માત્ર 'રશિયા' શબ્દ વાપરે છે એ સોવિયેટ યુનિયનની રશિયા સિવાયનાં બીજાં રાજ્યોની પ્રજાને ગમતું નથી.) રીતરસમ દુનિયાના બીજા કેટલાક સામ્યવાદી દેશો કરતાં કંઈક જુદી છે. ૧૯૧૭ના ઓક્ટોબરની ક્રાન્તિ પછી આ પહેલી વાર સોવિયેટ યુનિયનમાં એક જ સમયે એક સાથે ત્રણ લાખથી વધુ વિદેશીઓ દાખલ થયા. આટલા બધા વિદેશીઓ સમક્ષ પોતાની પ્રજાને expose કરવાની સોવિયેટ યુનિયનની ગજબની હિંમત કહેવાય!

સોવિયેટ યુનિયનમાં આપણે જઈ આવ્યા છીએ એવું આપણા પાસપોર્ટના આધારે કોઈને બેધડક કહી શકીએ નહિ, પાસપોર્ટમાં તેઓ વિસાનો સિક્કો મારતા નથી કે નથી સિક્કો મારતા જતી કે આવતી વખતે. પોતાની સરકારને ખબર પડવા દીધા વગર બીજા દેશના માણસો ચૂપચાપ સોવિયેટ યુનિયનમાં જઈ આવી શકે. વિસા માટે તેઓ પોતાના જુદાં કાગળિયાં તૈયાર કરીને આપે છે જે જતાં આવતાં પાછાં લઈ લે છે

અને સોવિયેટ યુનિયન વહેમી પણ કેટલું બધું! કોઈ ભળતો માણસ ધૂસી ન જાય એટલે કસ્ટમ્સમાં ઓફિસરો પ્રવાસીને બે ત્રણ મિનિટ સુધી તાકી તાકીને વારંવાર જોયા કરે. એની ટગર ટગર જોતી, જાણે ત્રાટક કરતી કડક ધારદાર આંખો જોઈને નબળા મનનો માણસ ઢીલો પડી જાય. દુનિયાના બીજા કોઈ દેશોમાં આવું ચેકિંગ નથી. પાસપોર્ટમાં ફોટો પાંચદસ વર્ષ જૂનો હોય અને મૂછ-દાઢી, માથાના વાળ કે ચશ્માની ફ્રેમમાં ફરક પડ્યો તો ત્રણ ચાર ઓફિસરો સાથે મળીને ચેકિંગ કરે.

મોસ્કો એ વિશાળ, રળિયામણું, શાંત શહેર છે. રશિયન લોકો મોસ્કો નહિ પણ મોસ્કવા બોલે છે. ઝારના વખતનાં એનાં પથ્થરના પાકાં મકાનો આજે પણ શોભે છે. બીજા વિશ્વયુદ્ધ પછી એના કેટલાક રસ્તાઓ અત્યંત વિશાળ બનાવાયા છે. પરંતુ એની વિશાળતાને ટ્રાફિકનું બોજણ મળ્યું નથી. એક રીતે કહીએ તો મોસ્કોમાં રસ્તાઓ મૂડીવાદી છે અને ટ્રાફિક સામ્યવાદી છે. એટલા માટે મોસ્કોમાં ક્યાંય 'No Parking'નું પાટિયું વાંચવા નહિ મળે. ટ્રાફિક-જામનો કે પ્રદૂષણનો ત્યાં પ્રશ્ન નથી. ઉચ્ચ સરકારી અમલદારોની, દૂતાવાસના સભ્યોની જૂજ મોટરગાડીઓ કે થોડીક ટેક્ષીઓ સિવાયતમ જોવા મળે તે જ, બાકી બધે બસ, ટ્રામ અને અંડરગ્રાઉન્ડ રેલવે.

મોસ્કોમાં માણસની જેટલી વસતી છે તેના કરતાં ઘટાદાર ઊંચાં ઊંચાં વૃક્ષોની વસતી વધારે છે. દરેક રસ્તા ઉપર બેય બાજુ વૃક્ષોની સંખ્યાબંધ હાર હોય. કોઈ કોઈ ઠેકાણે તો આપણે શહેરમાં છીએ કે વનમાં છીએ એવો ભ્રમ થાય એટલાં બધાં વૃક્ષો જોવા મળે. મોસ્કોથી કિરોવ ટ્રેનમાં જઈએ તો લગભગ ૯૦૦ કિલોમિટરના રેલવેના પાટાની બંને બાજુ પુષ્કળ વૃક્ષોની હાર ચાલ્યા જ કરે. મોટાં શહેરોમાં રસ્તાની બંને બાજુ લોકોને ચાલવા માટેની વૃક્ષોની હારવાળી પગદંડી જુદી. જાણે કોઈ હિલ સ્ટેશન ઉપર ચાલતા હોઈએ એવી તાજગી અનુભવાય.

સોવિયેટ યુનિયને પોતાનું અર્થતંત્ર બરાબર જાળવી રાખ્યું છે. આખી દુનિયાને ભાવવધારો સતાવે છે. સોવિયેટ યુનિયનમાં કોઈ ભાવવધારો નથી. વર્ષો—જના ભાવ ઘણી ચીજવસ્તુના હજુ ત્યાં ચાલ્યા કરે છે. પાંચ કોપેક (આપણા સાડા પૈસા)ની ટિકિટ લઈ મેટ્રોમાં —અંડરગ્રાઉન્ડ રેલ્વેમાં—મોસ્કોનાં બસો સ્ટેશનોમાંથી કોઈપણ એક સ્ટેશનેથી બીજા સ્ટેશને જઈ શકાય છે. દસ-પંદર વર્ષ પહેલાંનો એ દર આજે પણ એ જ પ્રમાણે ચાલુ છે. તેવી રીતે બસ, ટ્રૉલી બસ, ટ્રામ વગેરેમાં એ જ સસ્તા દરો છે. ત્રણ કોપેકમાં ટ્રામમાં આખા મોસ્કોમાં ગમે ત્યાં ફરી શકાય છે.

સોવિએટ યુનિયનમાં લોકજીવન સ્વચ્છ, સાદું અને સંયમી છે. ત્યાં યુરોપ, અમેરિકા કે જાપાનમાં હોય છે તેમ ભપકાદાર ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, દુકાનો, રેસ્ટોરાં વગેરે ખાસ જોવા નહિ મળે. દારૂનાં પીઠાં—Pub Houses, નાઈટ ક્લબ, વેશ્યાગૃહો વગેરે સદંતર પ્રતિબંધિત છે. સિગારેટ, લિપસ્ટિક કે કોસ્મેટિક્સનું વ્યસન પણ નહિ જેવું, પરિણામે ચોરી, ખૂન, લૂંટ, બળાત્કાર વગેરેના ગુનાઓ જવલ્લે જ બને. અડધી રાતે સ્ત્રીઓ પોતાની રાતની ફરજ પરથી રસ્તામાં એકલી નિર્ભયતાથી જતી હોય. ત્યાં વ્યક્તિગત માલિકીનો કોઈ ધંધો નથી એટલે જાહેરખબરનાં કયાંય પાટિયાં કે નિયોન સાઈન જોવા નથી મળતાં. સિનેમા, નાટક, બેલેનાં મોટાં પોસ્ટર્સ બીજાં મકાનો કે રેલવેમાં તો નહિ પણ એના ખુદ થિયેટર ઉપર પણ ખાસ જોવા ન મળે.

સોવિયેટ યુનિયને શહેરોને બહુ વધવા કે વિકસવા દીધાં નથી. મોસ્કો, લેનિનગ્રાડ, કિએવ, મિન્સ્ક જેવાં આઠ દસથી વધુ શહેરો સોવિયેટ યુનિયનના આવડા મોટા વિસ્તારમાં નથી. અમેરિકાની વાત બાજુ પર રહી, ઈંગ્લેંડ, ફ્રાન્સ, જર્મની જેવા દેશોમાં સોવિયેટ યુનિયન કરતાં મોટાં શહેરો વધુ સંખ્યામાં છે. સોવિયેટ યુનિયને પોતાનું અર્થતંત્ર બરાબર જાળવી રાખ્યું હશે. પણ પ્રજાની બાહ્ય સમૃદ્ધિ ખાસ વધેલી દેખાતી નથી. વૈજ્ઞાનિક ક્ષેત્રે, લશ્કરી ક્ષેત્રે અને કેટલાક ઉદ્યોગોના ક્ષેત્રે એણે અસાધારણ સિદ્ધિ મેળવી છે, પણ સામાન્ય પ્રજા સાધારણ કક્ષાનું જીવન જીવે છે. બે ચાર મોટાં શહેરો બાદ કરતાં બધાં ગામડાંઓમાં જૂનાં ઘરો, કાચા રસ્તા વગેરેમાં કયાંય રોનક દેખાતી નથી. જાણે ક્રાન્તિ પછીનાં ૬૩ વર્ષમાં સોવિયેટ યુનિયને આમ પ્રજા માટે ખાસ કંઈ કર્યું જ નથી એવી છાપ પડે.

સોવિયેટ યુનિયનમાં આપણે સાંભળીએ છીએ એટલી સખતાઈ સરકાર તરફથી પ્રજા ઉપર નથી. લોકો છુટથી હરીફરી શકે છે, સ્વેચ્છાએ નોકરી બદલી શકે છે, વિદેશીઓ સાથે ભળી શકે છે. પોતાના

વિચારો વ્યક્ત કરી શકે છે. માત્ર કેટલીક બાબતોમાં તેઓ મૌન સેવવાનું પસંદ કરે છે. સ્તાલિન, ક્રુશ્ચેવ, કે સોલ્ઝેનિત્શિન વિશે અમારા જે જે ગાઈડને મેં પ્રશ્ન કર્યો તે દરેકે એક જ જવાબ આપ્યો, "મહેરબાની કરીને એ વિશે મને પ્રશ્ન ન પૂછશો."

સોવિયેટ યુનિયનની પ્રજા ઘણી ખડતલ અને કામગરી છે. બસ, ટ્રામ, ટ્રેન સ્ત્રીઓ ચલાવે છે અને રેલવેના પાટા ઉપર ખોદકામની કાળી મજૂરીનું કામ ઘરડી સ્ત્રીઓ કરે છે. ગામડાંઓ વચ્ચે બસ-વ્યવહાર ઓછો છે એટલે પાંચદસ માઈલનું અંતર પગે ચાલીને જનારા લોકો ત્યાં જોવા મળે છે. આર્થિક દૃષ્ટિએ પણ એમને માટે એ જરૂરી હશે! પ્રજામાં ગરીબ-તવંગરના ભેદો નથી. સ્લમ્સ વિસ્તાર-ગીચ, ગંદા વિસ્તારો નથી. પ્રદૂષણનો કોઈ પ્રશ્ન નથી. ખાધીધી તમામ પ્રજા સુખી છે. ખાવાપીવાની ચીજો ઘણી સોંઘી છે; લોકોનું આરોગ્ય ઘણું સારું છે; શિક્ષણ અને દવાદારુનાં ખર્ચનો ખાસ કંઈ બોજો નથી. તેમ છતાં પ્રજામાં તરવરાટ અને ઉલ્લાસ પ્રમાણમાં ઓછાં જણાય છે. સોવિયેટ યુનિયનની બહારની દુનિયાની જાણ ઓછા લોકોને છે. ખુદ સોવિયેટ યુનિયન વિશે પણ સામાન્ય માણસની જાણકારી ઘણી ઓછી છે. પ્રજાને હરવા ફરવાની છૂટ છે, પણ તક ઓછી મળે છે. પ્રજાજીવન બહુ અનુભવસમૃદ્ધ નથી. અમારે તોલ્સ્તોયના નિવાસસ્થાન યાસ્નાયા પોલિયાના જવાનું હતું, પરંતુ મોસ્કોથી એ સ્થળ કેટલા કિલોમીટર દૂર છે એની પાકી ખબર અમારા ઉતારાના માહિતી વિભાગના કોઈ કર્મચારીને નહોતી અને કોઈએ જાતે એ સ્થળ જોયું પણ નહોતું. મોસ્કોથી ૧૯૧ કિલોમીટર એ દૂર, પણ ત્યાં જવાનો પ્રસંગ એ કોઈને સાંપડયો નહોતો.

લેનિનસ્કી ગેરુ ઉપરથી મોસ્કવા નદીના સામા કિનારે વિશાળ લેનિન સ્ટેડિયમ દેખાય. યુનિવર્સિટીના મકાનથી સીધા અંતરે ઘણું પાસે, પણ પૂલ ઉપરથી જતાં અંતર વધી જાય. સ્ટેડિયમના એક છેડે ઓલિમ્પિકની જ્યોત દિવસરાત સતત સળગ્યા કરે. એક સાથે દોઢ લાખથી વધુ પ્રેક્ષકો બેસી શકે એટલું વિશાળ સ્ટેડિયમ, વ્યવસ્થા પણ ઘણી સરસ. બંને બાજુ ઊંચે મોટા પરદા ઉપર સ્કોર બતાવાય; થઈ ગયેલી રમતની ફિલ્મ ફરીથી ધીમી ગતિએ બતાવાય. માઈક ઉપર અવાજ સ્પષ્ટ અને કર્ણપ્રિય; જરા પણ પડઘો ન પડે. પરિણામો તરત જાહેર થાય અને રશિયન, જર્મન, ફ્રેંચ અને અંગ્રેજીમાં એનાઉન્સરોની બોલવામાં ક્યારેય ભૂલચૂક ન થાય. બધો કાર્યક્રમ મિનિટે મિનિટ પ્રમાણે ચાલે, કાર્યક્રમના આરંભ પહેલાં અને રમતો વચ્ચેના સમયમાં ગીતોની રેકર્ડ વાગે. દુનિયાભરનાં લોકપ્રિય ગીતોની રેકર્ડ રશિયાએ અગાઉથી મેળવી રાખેલી. અમને અતિશય આનંદ તો એ વાતનો થયો કે બ્રાઝિલ અને હંગેરી વચ્ચે સ્ત્રીઓની વૉલિબૉલ રમત શરૂ થઈ તે પહેલાં ગુજરાતી ગીત વાગતું હતું: "હાલોને રમવા જઈએ, રાજાના કુંવર" આખા સ્ટેડિયમમાં ગુજરાતી પ્રેક્ષકો બે જ હતા– હું અને મારા ભાઈ પ્રમોદભાઈ પરંતુ મોટા મધુર અવાજે આખું સ્ટેડિયમ ગુંજતું હતું આ ગીતથી. એ દૃશ્ય જોઈને અમે ખરેખર અનેરી ધન્યતા અનુભવી.

ઓલિમ્પિકની રમતો એક સાથે મોસ્કો, લેનિનગ્રાડ, કિએવ અને મિન્સ્કમાં ચાલે. મોસ્કોમાં પણ લેનિન સ્ટેડિયમના ગ્રાન્ડ એરેના, માઈનરુ એરેના, ડાયનેમો વગેરે જુદાં જુદાં વિભાગોમાં રમતગમતના બધા કાર્યક્રમો ચાલે. સોવિયેટ યુનિયનને દુધર્ટનાની ઘણી ધમકીઓ મળી હતી એટલે એણે સાવચેતી એટલી જ કડક રાખી હતી. દરેક સ્ટેડિયમમાં નીચે પહેલી વર્તુળાકાર હારમાં પોલીસો અડોઅડ બેઠા હોય. ત્રણથી પાંચ હજાર પોલીસ રમતવીરોને સાચવે. દરેક દરવાજે અને દર ચાર પાંચ હારે સંખ્યાબંધ પોલીસ ફરજ પર ઊભા હોય અને પ્રેક્ષકોનું સતત ધ્યાન રાખે. સ્ટેડિયમમાં દાખલ થતાં પહેલાં ત્રણ ઠેકાણે ચેકિંગ થાય. લેન્ડબેગ, થેલી વગેરે સ્ટેડિયમમાં લઈ જવાની મનાઈ. સિગારેટ પીવાની પણ મનાઈ. સાવચેતી એટલી કડક હતી કે મારામારી તો શું પણ બે પ્રેક્ષકો વચ્ચે બોલાચાલીનો પણ સંભવ નહોતો.

સોવિયેટ યુનિયને રમતવીરો અને લાખો પ્રેક્ષકો માટે રહેવાની, ખાવાપીવાની, જવા-આવવાની, રમતો જોવાની જે સરસ વ્યવસ્થા કરી હતી તે એની કુશળ આયોજન શકિતને આભારી છે.

ઓલિમ્પિકની રમતો યોજવી એ ગમે તે દેશના ગજાની વાત નથી. તેમાંયે અમેરિકા સહિત ઘણા દેશોના વિરોધ, બહિષ્કાર અને અવળા પ્રચાર પછી પણ સફળતાપૂર્વક યોજવી એ તો સોવિયટ યુનિયન જ કરી શકે.

—રમણલાલ ચી. શાહ

પર્યુષણનો સ્વાધ્યાય

હમણાં શ્રી દાદા ધર્માધિકારીનું પુસ્તક 'વિચારક્રાન્તિ' વાંચતો હતો, એમાં એમણે સર્વોદય-સિદ્ધાંતનું ખૂબ જ સ્ફૂટ અને વિશદ વિવેચન કર્યું છે. સર્વોદયની નિષ્ઠા અને એની પુરોગામી નિષ્ઠાઓની અપૂરપ વિશે એમણે સરસ રજૂઆત કરી છે. એમનું સંકલન આવું છે: ૧. ડાર્વિનની વસ્તુનિષ્ઠા, ૨. ટોમસ હક્સ્લેની સમાજનિષ્ઠા અને ૩. સર્વોદયની માનવનિષ્ઠા.

ડાર્વિને કહ્યું કે જે સમર્થ હોય તે જ જીવી શકે. દાદાએ આ Survival of fittest નાં મૂળ, આપણે ત્યાંના મત્સ્યગલાગલ ન્યાયમાં ચોટલે કે 'જીવો જીવસ્ય જીવનમ્' માં જોયાં છે.

હક્સ્લે, ડાર્વિનથી એક ડગલું આગળ જાય છે. એ કહે છે: બીજાને જે જીવવા દે છે તે જ જીવી શકે છે. હું ધારું છું કે આનું જ નામ સમાજવાદ છે. વ્યકિતએ જીવવું હશે તો સમાજનાં એક અંગ તરીકે જીવવું પડશે અને સમાજ જીવશે તો જ વ્યકિત જીવશે, માટે વ્યકિતઓ સમાજને જીવવા દેવો જોઈશે. સમાજને કે તેનાં અંગભૂત બીજી વ્યકિતને ખતમ કરવાની વૃતિથી દૂર રહેવું પડશે.

ડાર્વિનવાદ પ્રમાણે લાથી કે તેવાં બળવાન પ્રાણીને જ જીવવાનો અધિકાર મળી શકે છે અને હક્સ્લેના મતે સૌએ - જેને જીવવું હોય તેણે - પોતાને જીવવાની વ્યવસ્થા પોતે જ કરી લેવાની રહે છે. સર્વોદયને આ પસંદ નથી. એને આમાં ન્યૂનતા દેખાય છે.

એ કહે છે કે બીજાને જીવવા દો અને ખતમ ન કરો, એટલું જ પર્યાપ્ત નથી, એ અધૂરી નિષ્ઠા છે. સાચી નિષ્ઠા એની ગણાશે કે જે પોતે જીવશે તો ખરો, પણ બીજાને જીવાડશે પણ ખરો. જેનું જીવન બીજાને જીવાડવા માટે હશે (જીવો જીવસ્ય જીવનમ્) નો ઉપયોગ જે બીજાને મારીને જીવવું એવા અર્થમાં નહિ, પણ બીજાને જીવાડવા માટે જીવવું એવા અર્થમાં કરશે. બીજાના જીવનના એણે માત્ર મૂક પ્રેક્ષક નથી બનીરહેવાનું. એણે તો પોતાનાં જીવનની માફક જ બીજાનાં જીવનના પણ સૂત્રધાર કે કર્તાભર્તા બનવાનું છે. આને કહે છે, 'માનવનિષ્ઠ સર્વોદયનો સિદ્ધાન્ત.'

સર્વોદયનો અહીં સુધીનો રસ્તો તો બરાબર છે. પણ એ જો અહીં જ અટકી જશે તો ખોટું થશે અને એ 'ખોટાં'નો આણસાર આપણને 'માનવનિષ્ઠ સર્વોદય' શબ્દમાં મળી પણ રહે છે. 'સર્વોદય' શબ્દ સ્વતઃ સંપૂર્ણ છે. જ્યાં સુધી સર્વોદયની ભાવના સાથે સંબંધ છે, ત્યાં સુધી એકલા 'સર્વોદય' શબ્દના પ્રયોગ સામે કોઈ વાંધો ન લોઈ શકે. પણ જ્યારે એને 'માનવનિષ્ઠ' એવું વિશેષણ આપીએ છીએ, ત્યારે જરાક ખટકો થાય છે. 'માનવનિષ્ઠ' અને 'સર્વોદય' નો મેળ જ નથી બેસતો. સર્વોદય પણ હશે અને વળી તે માનવનિષ્ઠ હશે, એ શી રીતે સંભવે? હા, એને 'સર્વોદય એવી સંજ્ઞા આપવી હોય તો ખુશીથી આપો, પણ એનો અર્થ તો માત્ર 'માનવોદય' જ થશે. અને આ જ અર્થ 'સર્વોદય'ના હાર્દ સાથે કેટલી હદે સુસંગત છે, તે વિચારવા જેવી બાબત લાગે છે.

મને લાગે છે કે અહીં ભગવાન મહાવીરનો આદર્શ આપણને મદદ કરી શકે. ભગવાન મહાવીર નહોતા વસ્તુનિષ્ઠ, નહોતા સમાજનિષ્ઠ કે નહોતા માનવનિષ્ઠ. એ તો પ્રાણીનિષ્ઠ હતા. એમની નિષ્ઠા અહિંસાને વરેલી હતી અને એ અર્થમાં તેઓ અહિંસાનિષ્ઠ હતા.

'સર્વોદય'ના ખરા હાર્દને લાગેવળગે છે ત્યાં સુધી તો, જે સિદ્ધાંત સર્વનો - આ દુનિયામાં જે કોઈ તત્ત્વ સચેતન છે તેનો ઉદય, તેનું કલ્યાણ વિચારે છે, તે જ વસ્તુતઃ 'સર્વોદય' છે. ભગવાન મહાવીર જ્યારે કહે છે કે 'સવ્વે પાણા ન હંતવ્યા' કોઈ પણ સચેતન પદાર્થને ત્રાસ, ભય, વધ, પરિતાપ ન આપવા, ત્યારે તેમાં 'સર્વોદય'નું જ પ્રતિબિંબ દેખાય છે.

કેટલાકે આમાં પણ ન્યૂનતા જોઈ છે. એમનું કહેવું છે કે આમાં 'બીજાને ન હણવા' એટલું જ છે, પણ જેને હણવા નહિ, એને જીવાડવા માટે શું કરવું, એ તો કયાંય દેખાતું જ નથી! તો શું માત્ર 'ન હણવું' એ જ અહિંસા? એવી અહિંસા બાકી ન ગણાય? કેમકે આમાં હણાતાં અટકાવવા માટેની વ્યવસ્થા છે, પણ જીવાડવા માટેની વ્યવસ્થા નથી. બીજા અર્થમાં, આ વ્યવસ્થા સીધી હિંસામાં ન માનતી હોય તો ય રીબાવીને મારવામાં તો માને જ છે ને!

પણ અહીં જ ભૂલ છે. મહાવીરને પૂરા સમજ્યા વિના આવો ગોટાળો ઘણાએ કર્યો છે. મહાવીરની અહિંસાને પૂરેપૂરી સમજવા માટે ઉપરનાં સૂત્ર જેવું જ બીજું એક સૂત્ર લઈએ: 'सव्वभूयप्पभूयस्स'–સર્વ પ્રાણીઓને તું તારા જેવાં જ સમજ.' અર્થાત્ તને સુખ વહાલું છે તો બીજા જીવમાત્રને પણ એ જ વહાલું છે, માટે તને જે ન ગમે તે બીજાને માટે ન આચર અને એથી ય આગળ વધીને તને જે ગમે છે ને જે તું તારી જાત માટે આચરે છે, તેવું જ તું બીજાને માટે પણ આચરજે. આનું જ નામ છે 'સર્વભૂતાત્મભૂતતા' અને આ જ છે સર્વોદય.

બીજાને - પછી તે મનુષ્ય હોય કે મનુષ્યેતર - ન હણવા એ અહિંસાની એક બાજુ - નેગેટિવ સાઈડ થઈ' અને બીજાને જીવાડવા પોતાની જેમ જ - જીવવાની ને સુખની અનુકૂળતા કરી આપવી, એ અહિંસાની બીજી બાજુ - પોઝીટિવ સાઈડ' થઈ. બન્ને બાજુ ભેગી કરીએ ત્યારે જ પૂરી અહિંસા સધાય છે. જે અહિંસાની પહેલી બાજુ આચરી શકે છે, તે જ તેની બીજી બાજુ પણ અમલમાં મૂકી શકે છે અને તેને જ ભગવાન મહાવીરે પૂર્ણ અહિંસક કહ્યો છે: 'सव्वभूयप्पभूयस्स' કહ્યો છે. વસ્તુતઃ સર્વોદયનિષ્ઠ પણ એને જ ગણવો જોઈએ.

અને આ સંદર્ભમાં 'માનવનિષ્ઠ' સર્વોદય થોડો અધૂરો લાગે છે. જો કે એની આ અધૂરપ પણ હાલના તબક્કે તો એક જરૂરિયાત છે, કેમકે વિનોબાના વિચારોથી જે પરિચિત છે તે સર્વોદયની માનવનિષ્ઠાને એકાંગી અને છીછરી માનીલેવાનું સાહસ ભાગ્યે જ કરી શકશે. સર્વોદયનું ધ્યેય તો સર્વનો ઉદય અને સર્વનું કલ્યાણ જ છે અને એ જ હોવું જોઈએ. પણ માનવનિષ્ઠા તો તેની હાલની - વચગાળાની જરૂરિયાત છે અને એ જરૂરિયાત પણ આમસ્તી જ નથી ઊભી થઈ. એ ઊભી થઈ એનું યે કાંઈ કારણ તો હોવું જ જોઈએ. લાગે છે કે એક માનવદ્વારા બીજા માનવનું શોષણ આચરવાનું શરૂ થયું ત્યારે સર્વોદયે માનવનિષ્ઠાની ખાસ પેટા શાખા ખોલવાની જરૂર ઊભી થઈ. એક માનવ બીજા માનવનું પોષણ કરે એ વાત તો કદાચ બધા વખત ને બધી રીતે શક્ય ન પણ બને, પરંતુ આ તો વાત આગળ વધી, એક માનવ બીજા માનવનું શોષણ જ કરવા મંડ્યો! આને અટકાવવા માટે જ જો સર્વોદયે માનવનિષ્ઠાને અગ્રિમતા આપી હોય તો તે તરછોડવા જેવી બાબત નથી જ.

પણ આપણે એ વાત નિઃશંકપણે સમજી લેવી જોઈએ કે આ માનવનિષ્ઠા એ સર્વોદયની માનવનિષ્ઠા છે. સર્વોદયની પેટા શાખા છે. સર્વના ઉદયમાં માનવનિષ્ઠા સમાઈ શકે, પણ માનવનિષ્ઠા એ જ સર્વોદય એમ માનવાની કે મનાવવાની કોશિશ કરીએ તો તે સર્વોદયનાં મૂળમાં જ ઘા કરવા જેવું થશે.

સર્વોદયની માનવનિષ્ઠા એ ભારતની પોતીકી પેદાશ છે. ભારતીય સંસ્કારિતાનું એમાં આસંદિગ્ધ પ્રતિબિંબ છે. એ માનવનિષ્ઠાને પશ્ચિમમાંથી આયાત થયેલી માનવતા સાથે કશો જ મેળજોળ નથી, ન હોઈ શકે.

હા, પશ્ચિમમાંથી એક માનવતાવાદ આપણે ત્યાં આવ્યો છે. એને આવ્યાનેય દાયકાઓ વીતી ગયા છે અને હવે તો એ આપણે ત્યાં સ્થાયી જ બની ગયો છે. ભારતીય સંસ્કૃતિના એક અંગ રૂપે એણે લગભગ અહીંની નાગરિકતા જ સ્વીકારી લીધી છે. આ માનવતાવાદનું એક માત્ર લક્ષ્ય છે, 'માનવ અને તેનું સુખ'. માનવ સુખી થાય તો પછી એને બીજા કશાની પરવા નથી, ગમે તે ભોગે પણ માનવ સુખી થવો જોઈએ. તમે વનસ્પતિનો નાશ કરો. પ્રાણીસૃષ્ટિનો ભોગ લ્યો અને માનવેતર સચેતન કોઈ પણ પ્રકારે ઉપયોગ–ઉપભોગ કરો; શરત માત્ર એટલી જ કે એ બધું સુખી કરવામાં મદદરૂપ થવું જોઈએ.

આપણો કવિ કહે છે કે 'સબાર ઉપર માનુષ સત્ય, તાહાર ઉપર નાહીં'. ત્યારે હવે તેમાંથી, આ, પશ્ચિમમાંથી આયાત થયેલા માનવતાવાદની ગંધ આવે છે. કવિતા એ કવિનું હૃદય જ નહિ, પણ હાર્દ છે. કવિહૃદયનો અનુભવ જ્યારે પરિપક્વ બને છે ત્યારે તે કવિતારૂપે વહેવા લાગે છે. આપણા કવિનો કોઈક પરિપક્વ અનુભવ જ ઉપરની પંક્તિમાં પ્રતિફલિત થાય છે, એની ના નહિ, પરંતુ એ અનુભવનો ઉપયોગ જ્યારે પશ્ચિમના એકાંગી માનવતાવાદના સંદર્ભમાં કરાય ત્યારે એને જરાક ડાઘ લાગ્યાની દહેશત જાગે છે. એમાંની સર્વોદય તરફી માનવનિષ્ઠા ધવાતી હોવાનું લાગ્યા કરે છે.

પશ્ચિમનો માનવતાવાદ, ખ્રિસ્તી ધર્મગુરુ પોપ પોલનાં મોઢે 'મર્સી કિલિંગ, દયાપ્રેરિત હત્યા'નું સમર્થન અને તેનો બચાવ કરાવી શકે છે. માનવતાનો જ્યારે અતિરેક થાય છે ત્યારે જીવતા માણસને ઝેરી ઈન્જેક્શન આપવાનું કૃત્ય પણ - માનવતાનું જ એક ઘોરણ મનાય છે અને કદાચ હવે તો, એ ઈન્જેક્શન આપવાનો વિરોધ એક પ્રાશ્ચવી કૃત્ય કે નાદાનિયત લેખાય એવાં ચિહ્નો દેખાવા માંડ્યાં છે. કોઈ માણસ, કોઈ પણ કારણસર, જીવનથી કંટાળી જઈને આપઘાત કરતો હોય તો તેને તેમ કરતાં અટકાવવાની ચેષ્ટા પણ, માનવતાના આ સંદર્ભમાં, હવે તો ગેરમાનવતાભર્યું કૃત્ય ગણાવું જોઈએ! કેમકે માનવતા માત્ર સુખી કરવામાં જ સમાયેલી છે. અથવા તો દુઃખીને દુઃખમુક્ત કરવો તે જ માનવતા છે. આ સ્થિતિમાં આપઘાત કરીને દુઃખમુક્ત થવા ઈચ્છનારને રોકવાની ચેષ્ટા પણ, તેને દુઃખમુક્ત થવાના પ્રયત્નમાં રુકાવટ હોઈ, અમાનવીય, કૃત્ય જ લેખાવું ન જોઈએ? ટૂંકમાં, આપઘાત પણ હવે મર્સી કીલિંગનો જ એક સ્વતંત્ર પ્રકાર સમજાવો જોઈએ અને આવું પશ્ચિમના સમાજમાં ન થાય એમ માનવાને કોઈ જ કારણ નથી. જે સમાજનો ધર્મગુરુ મર્સી કીલિંગ જેવી બાબતને માન્યતા આપી શકે, એ સમાજમાં આપઘાત પણ વ્યક્તિના મૂળભૂત અધિકારોમાંનો એક અધિકાર ન ગણાય તો જ નવાઈ.

પણ આવી બાબતને પણ જો માનવતાના નામે ઓળખવામાં આવે અને તેને પણ ક્રમશઃ ભારતીય સંસ્કૃતિની માનવનિષ્ઠા સાથે જોડી દેવાનો પ્રયત્ન થાય, ત્યારે તે આપણા જ હાથે આપણા પગ ઉપર આપણે કુહાડો મારવા જેવું થશે.

સર્વોદયની માનવનિષ્ઠાને આ મંજૂર નથી, ન હોઈ શકે. જો મંજૂર રાખે તો તે સર્વોદય નહિ, પણ સર્વનાશ કહેવાશે. સર્વોદયની માનવનિષ્ઠા ભગવાન મહાવીરની અહિંસકતા સાથે વધુમાં વધુ નૈકટ્ય ધરાવનું તત્ત્વ છે. બીજા શબ્દોમાં, એને મહાવીરની પ્રાણિનિષ્ઠાને જ એક પેટા વિભાગ ગણવામાં ઔચિત્ય છે. પણ સતત ધ્યાનમાં રાખવાનું છે કે 'માનવનિષ્ઠ સર્વોદય' માત્ર વચગાળાની જરૂરિયાત છે અને તે જ સંપૂર્ણ સર્વોદય કે સર્વોદયનું આખરી ધ્યેય નથી. સર્વોદયનું આખરી ધ્યેય તો છે, જીવમાત્રનું કલ્યાણ. માનવ જ નહિ, સૃષ્ટિનું એક એક પ્રાણમય તત્ત્વ જ્યારે નિરાપદ રીતે રહી શકશે; ખાસ કરીને માનવતાવાદી માનવ તરફથી માનવેતર જીવસૃષ્ટિ ઉપર સતત ઝળુંબી રહેલો ભય દૂર થશે ત્યારે જ સર્વોદય સધાયો શક્ય બનશે.

સર્વોદયનો આ સંદેશ લઈને જ જાણે પર્યુષણ પર્વ આવી પહોંચ્યું છે. પર્યુષણને જ્યારે કોઈ સાંપ્રદાયિક તહેવાર તરીકે ઓળખાવે છે ત્યારે ગ્લાની ઉપજે છે. મારા હિસાબે પર્યુષણ એ સર્વોદયનું પર્વ છે. એવું સર્વોદય પર્વ જે માત્ર મહાવીર જ શોધી અને ઉપદેશી શકે. જો કે મહાવીરે ઉપદેશ્યું માટે તે સાંપ્રદાયિક એમ સમજનાર પ્રત્યે રોષ કે નફરત કરતાં વધુ તો અનુકંપાનો જ ભાવ જાગે છે અને વસ્તુતઃ પર્યુષણની પાયાની પ્રેરણા પણ આ જ નથી?

– મુનિ શીલચંદ્રવિજય

પ્રેમળ જ્યોતિ

પ્રેમળ જ્યોતિ અને ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સ ક્લબનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ઓગસ્ટના રોજ પરમાનંદ હૉલમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે નવ વાગે કાંદાવાડી જૈન કિલનિકનો બ્લડ બેંકના અધ્યક્ષ ડૉ. શ્રીમતી સાંગોરામ તેમના સહકાર્યકરો અને સાધનસામગ્રી સાથે આવી પહોંચ્યા હતા અને થોડી જ વારમાં રક્તદાતાઓનો પ્રવાહ ચાલુ થઈ ગયો હતો. અને બપોરના દોઢ વાગ્યા સુધીમાં ૬૮ બાટલી રક્તદાનમાં મળ્યું હતું.

રક્તદાન શ્રેષ્ઠ દાન છે. કોઈ પણ સંસ્થા, યા ભાઈ–બેન ૧૫ દાતાઓનાં નામ ભેગા કરીને પ્રેમળ–જ્યોતિનો સંપર્ક સાધશે તો બાકીની બધી વ્યવસ્થા અમે સંભાળી લઈશું.

સંયોજક –પ્રેમળ જ્યોતિ

ભૂલ સુધાર

પ્રબુદ્ધજીવનના તા. ૧૬–૮–૮૦ના અંકમાં શ્રી થાનકીનો લેખ છે જેમાં જનામિધર્મમ... શ્લોક ટાંકયો છે જે યુધિષ્ઠિરે કહ્યો એમ જણાવ્યું છે. આ શ્લોક દુર્યોધને કહ્યો છે. શ્રી થાનકીની આ ભૂલ પ્રત્યે પ્રબુદ્ધજીવનના બે વાચકોએ અમારું ધ્યાન દોર્યું છે તે માટે તેમના આભારી છીએ.

આપણે શું કરીએ?

આપણે હાઈવે પર કારમાં ઝડપથી જઈ રહ્યાં હોઈએ, જ્યાં જવું છે ત્યાં જલદી પહોંચવાની ઈચ્છા છે તેથી કારની ઝડપ વધારી રહ્યા હોઈએ, ત્યાંજ રસ્તામાં કોઈક અકસ્માત થયો છે તે જોઈએ તો શું કરીએ? કાર થોભાવીને જોઈએ? જોઈએ પછી મદદ કરવા દોડી જઈએ? કોણ લફરામાં પડે તેમ વિચારીને કાર ચલાવી જઈએ? અને ધારો કે માણસાઈ જરા જાગે, લફરાનો વિચાર ન કરીએ, પરન્તુ મદદ કરવામાં જાનનું જોખમ છે તે જાણ્યા પછી પેલા અકસ્માતમાં સપડાયેલાને મદદ કરવા દોડી જઈએ ખરાં?

અકસ્માત થયો છે, સમય હશે લગભગ સાંજનો, ૨૧ વર્ષનો યુવાન, નામ એનું એલન માર્ટીન, ઘેર જઈ રહ્યો હતો, રસ્તે સખત ભીડ હતી, વરસાદને કારણે રસ્તા ભીના હતા, ધૂમ્મસ હતું, પરન્તુ યુવાન માર્ટીનને કંઈ બહુ દુર જવાનું ન હતું, માન્યું કે જરા સ્પીડ વધારીને ઘેર પહોંચી જાઉ, વરસાદ વધુ પડે તે પહેલાં. સામેથી લોરી આવી, જોઈ, એ ટ્રકમાં ૨૫૦ લીટર તેલના ડ્રમ્સ (પીપ) હતા, માર્ટીને પોતાની કાર બાજુ લેવા ધારી, કારની ગતિ વધુ હતી જ, અને બાજુ લેવા જતા બીજી કાર આવી, એણે હેડલાઈટ ફેંકી, અને માર્ટીન કંઈ પણ કરે તે પહેલાં પેલા પીપવાળી ટ્રક સાથે એની કાર અથડાઈ, અને જ્યારે દરેકની સ્પીડ ખૂબ હોય ત્યારે અથડાતા શું થાય તે તો કલ્પી શકાય છે ને?

ગંભીર અકસ્માત સર્જાયો, માર્ટીનની કાર ઊંધી વળી ગઈ અને એજ વખતે પેલા તેલના પીપમાંથી એક પીપ તૂટ્યુ તેલ આંખે રસ્તે ઢોળાયું અને સળગી ઉઠ્યું, માર્ટીન એની કારમાંથી બહાર ફેંકાઈ ગયો હતો, બેભાન હતો, અને પેલી સળગતી આગ નજીક હતી, એટલું જ નહિ બીજા પીપ પણ નજીક હતાં.

આ વખતે તેજ રસ્તેથી એક કારમાં નાઓમી ક્લીન્ટન નામની સ્ત્રી જેની ઉમ્મર લગભગ ૩૧ વર્ષની, તે કાર ચલાવીને જઈ રહી હતી, એની કારમાં એક પ્રૌઢ વ્યકિત બેઠી હતી, જે હાર્ટના દરદને કારણે કાર ચલાવવા અસમર્થ હતી.

આ નાઓમીને જલ્દી ઘેર પહોંચવું હતું, કારણકે એ છ દિવસે ઘેર જઈ રહી હતી જ્યાં એનો પતિ તથા એના ત્રણ બાળકો એની રાહ જોઈ રહ્યાં હતાં.

એણે અકસ્માત જોયો, સમજી કે અકસ્માત ગંભીર છે, આગના ભડકા જોયા, આગનો એને ભારે ડર, કારણ કે નાનપણમાં આગમાં જ એનું ઘર એણે બળતું જોયું હતું અને મા-બાપ માંડ બચ્યા હતા પરન્તુ આગમાં નાનોભાઈ ભડથું થઈ ગયો હતો.

એણે એ આગથી દૂર ભાગવા પ્રયત્ન કર્યો, એક્સીલેટર પર પગ દાબી દીધો, પરન્તુ માણસોની ભીડ અને ત્યાં જ દડી રહેલા પેલા પીપ, એ જોયું, થયું કે આ સળગી ઉઠે તો? કાર રોકી, નીચે ઉતરી, માણસોનું ટોળું હતું. પરન્તુ જોવા, શું છે તે જોવા, કોઈ જ મદદ કરવા જવા રાજી નહોતું, નાઓમીએ એકને પૂછ્યું ભાઈ પેલી કારનો ડ્રાઈવર તો બચી ગયો છે ને? જવાબ મળ્યો કે ના, એ અંદર જ લાગે છે, અને આ જવાબ મળતાની સાથે એની નજર પેલા આગના ભડકા તરફ ગઈને જોયું તો એક માનવીના બે હાથ, મદદની યાચના કરતા દેખાયા.

Oh my God! ક્લીન્ટને બૂમ મારીને પાસે ઉભેલાને કહ્યું ચાલો મદદ કરીએ, અને એમ કહેતાં જ એ તો દોડી ગઈ, એની કારમાં પાછળ બેઠેલો એનો બોસ હતો, બિચારો લાચાર હતો, એણે બૂમ મારી "ક્લીન્ટન ગાંડી ન થા, જાનનું જોખમ છે," પણ જ્યાં દયાનો શ્રોત વહેવા લાગે ત્યાં આ અવાજ સંભળાય ખરો?

આગ હતી, ધૂમાડો મૂંઝવી મારે એવો હતો, પેલા પ્રૌઢે ટોળાને વિનંતી કરી કે કોઈક તો મદદે જાઓ, એકલી સ્ત્રી શું કરી શકશે? પરંતુ મોતનો ડર હતો, અને અજાણ્યા માટે કોણ મોતના મોંમાં જવા તૈયાર થાય?

પેલી બહાદુર નારી ત્યાં પહોંચી, માર્ટીન તે વખતે ઊંધો પડ્યો હતો, આગથી થોડો જ દૂર હતો, અને સાપ જેમ ખસીને આગથી દૂર જવા પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યાં જ એક દયામઈ નારીનો અવાજ સંભળાયો, પ્રયત્ન ચાલુ રાખો, હું આવું છું.

ગમે તેમ કરીને એ એની પાસે પહોંચી, દરમ્યાન ઘાસમાં આગ લાગી ગઈ હતી, એનું પાટલુન બળવા લાગ્યુ હતું, અને એની પાસે પહોંચી ત્યાં તો એના જાકીટને પણ આગ લાગી ચૂકી હતી. શું કરવું એ વિચારવાનો પણ સમય નહોતો, એ તો એને આગથી દૂર ખેંચવા જ લાગી અને હજી થોડોજ ખેંચ્યો ત્યાં જબ્બર ધડમ કરતો ધબાકો થયો, પેલા સરતા પીપમાંનું એક બીજુ પીપ ફાટ્યુ હોય એમ લાગ્યું અને જો એમ હોય તો તો... પરંતુ સદ્‌ભાગ્યે એમ નહોતું, ટાયર ફાટવાનો અવાજ હતો. અને એ ફાટેલા ટાયરનું ગરમ ગરમ રબ્બર એના હાથને ગરદનને ચીટકી રહ્યું હતું, વેદના થતી હતી.

આ વખતે માર્ટીન કંઈક કહેવા મથતો હતો, કદાચ કહેવું હશે કે તું ચાલીજા, શા માટે તારો જીવ જોખમમાં મૂકે છે, પરંતુ હોઠ ફફડ્યા, શબ્દો ન જ નીકળ્યા અને એ બેભાન થઈ ગયો.

ક્લીન્ટનને જાણે કે ઈશ્વરે જ શકિત આપી, એ દુબળી પાતળી બાઈ પેલા બળતા યુવાનને દૂર સુધી ખેંચી જ લાવી, અને પછી આગ બુઝાવવા, પોતેજ આખી એના દેહ પર સૂઈ ગઈ અને એણે પહેરેલ ભારે કોટ વગેરેનું દબાણ આવતા આગ બુઝાણી, અને તે સમયે ટોળાએ પણ એમને જોયાં, અને થોડા મદદે પહોંચી ગયા, થોડીવારમાં જ એમ્બ્યુલન્સ આવી અને એ બન્નેને હોસ્પિટલમાં લઈ ગયા.

ક્લીન્ટન પણ બેભાન થઈ ગઈ હતી, દાઝી તો હતી જ, જ્યારે હોસ્પિટલમાં ભાનમાં આવી ત્યારે પહેલો પ્રશ્ન એણે એ જ પુછયો કે પેલા યુવાનને કેમ છે? નામ બામ તો જાણતી જ નહોતી.

પેલાને તો બીજી હોસ્પિટલમાં લઈ ગયા હતા, એટલે ક્લીન્ટનને એના કંઈજ ખબર મળ્યા નહિ, બે ચાર દાડા પછી ક્લીલ્ટનને ઘેર જવા દીધી, એણે છાપા ઊથલાવ્યા પરન્તુ એમાંયે કોઈ ખબર હતા નહિ, એના ખબર તો જ્યારે માર્ટીનની માં, દાદી એમના દીકરાને બચાવનારને ઘેર આવ્યા ત્યારે જ મળ્યા.

ખબર મળ્યા કે એની હાલત ગંભીર છે, હજી તો ઈન્ટેન્સીવ-કેરમાં છે, આખી પીઠ ને પગ સળગી ગયા છે, સ્કીન ગ્રાફ્ટીંગ કરવું પડશે, પરન્તુ હજી તો લગભગ બેભાન જ છે, અને હાલત ગંભીર છે. ખબર મળ્યા પછી ક્લીન્ટન એની ખબર કાઢવા અવારનવાર જતી, ધીરે ધીરે માર્ટીનની હાલત સુધરવા લાગી અને અકસ્માતને આઠમે દા'ડે ડોક્ટરોએ કહ્યું કે Now he is off the danger list.

આ અકસ્માતના ખબર છાપામાં છપાયા, અને તે પણ એ રીતે કે એક કોમળ નારીએ જાનના જોખમે, એક યુવાનની જીન્દગી બચાવી લીધી. આ ખબર છપાતા, ઘણાએ ક્લીન્ટનને ધન્યવાદ આપ્યા, અને "કાર્નેગી હીરોફન્ડ" કમીશને માનચાંદ આપવા ઉપરાંત ક્લીન્ટનના કુટુંબ માટે આઠ હજાર ડોલરનો એક ચેક પણ મોકલ્યો.

એ ચેક ન લેવા માટે ક્લીન્ટને ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ લેવોજ પડ્યો. ત્યારે એ નારીએ બીજીવાર માનવતા બતાવી, એણે એમાંથી અર્ધા નાણા માર્ટીનના કુટુંબને આપ્યા, અર્ધા જ પોતે રાખ્યા. છેને આવા પણ માનવી?

આ બધા માનચાંદ, રીવોર્ડઝ, કરતાં ક્લીન્ટનને બીજો જે રીવૉર્ડ મળ્યો તેની કિમત વધુ હતી. એ માર્ટીનને જોવા જતી હતી, એક દા'ડો જ્યારે ગઈ ત્યારે માર્ટીનની માતાએ ક્લીન્ટનનો હાથ પકડી લીધો ને કહ્યું દીકરી, એ ભાનમાં આવ્યો છે, અને ભાનમાં આવતાં જ તને જ જોવા અધીરો બની ગયો છે, એની આંખ તને જ શોધી રહી છે. અને એ એના બીછાના પાસે ગઈ, એના નામની ધીરેથી બૂમ મારી, માર્ટીને આંખો ખોલી, એને જોઈ, પોતાના બે હાથ લંબાવ્યા, એના બે હાથ પોતાના હાથમાં પકડી લીધા, ચુંબી લીધા ને શબ્દો સરી પડ્યા, God bles you. આગળ શબ્દોની શી જરૂર હતી! શબ્દો નહોતા, હતી આંસુની ધારા...

ક્લીન્ટને સ્નેહથી એના બન્ને હાથ બીછાના પર મૂકી દીધા, ચાદર ઓઢાડી, અને મોં ફેરવી ગઈ, કારણકે એ આંસુ સારી રહી છે તે બતાવવું નહોતું, છતાં કોનાથી એ પવિત્ર દ્રશ્ય અજાણ્યું હતું! ત્યાં ઊભેલી માતા, દાદી, ક્લીન્ટન અરે નર્સ પણ એકબીજાને જોઈ રહ્યાં હતાં અશ્રુના પડદાની આડશે, જ્યાં શબ્દો ઓછા પડતા હતા.

આટલું લખ્યા પછી ફરી ફરી પ્રશ્ન જાગે છે કે આવી પરિસ્થિતિમાં આપણે કે જે જીવનદાન એ મોટામાં મોટું દાન છે તેમ માનનારા આપણે શું કરીએ?

મુળ લેખક: ટ્રેવર આર્મ બ્રિસ્ટર

અનુ.: રંભાબેન ગાંધી

"અપ્પા સો પરમપ્પા"

સંત પુરુષોના જીવનચરિત્રોથી આપણે ઘણે ભાગે અંધારામાં જ હોઈએ છીએ. એમના જન્મ, શિક્ષણ, બાલપણું, યૌવન, કુટુંબ વગેરે સંબંધની માહિતી જ્યાં ત્યાંથી ભેગી કરી એક સમગ્ર ચિત્ર ઊભું કરવાનું રહે છે. સંતો પોતે પણ પોતાના વિશે સાચી વાત કોઈને કહેતા હોતા નથી એ પણ એક મુખ્ય કારણ છે. એટલે આપણે કર્ણોપકર્ણ જે કંઈ સાંભળ્યું હોય છે એના ઉપર મોટે ભાગે મદાર બાંધવો પડે છે.

મહાત્મા કબીર પણ આ બાબતમાં અપવાદરૂપ નથી. એટલે જ, એ હિંદુ હતા કે મુસલમાન એ સંબંધમાં છાતી ઠોકીને કોઈ વિધાન કરી શકાતું નથી. એ મહાત્માઓમાં મૂર્ધન્ય સ્થાને છે એટલે હિંદુઓ અને મુસલમાનો એમને પોતાની જાતિના ગણવામાં ગૌરવ અનુભવે છે. છતાં એક વાત નિશ્ચિત છે કે તેમનો ઉછેર એક મુસલમાન વણકરના કુટુંબમાં થયો હતો અને તેમના ગુરુ રામાનંદજીએ તેમને સર્વ તરફ સમભાવ કેળવવાની શિખ આપી હતી.

તેમનો જન્મ ૧૩૯૮માં અને મૃત્યુ ૧૫૧૮ માં થયું હતું. એમ કબીરપંથીઓ માને છે. એ હિસાબે તેમણે ૧૨૦ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું. ત્રીસેક વર્ષની ભરયુવાનીમાં તેમની સાથે લોઈ નામની કોઈ સ્ત્રી રહેવા આવી હતી. લોકોએ તો પોતાની કુટેવ મુજબ એ બંનેને એથી કરી પતિ-પત્ની માની લીધા એટલું જ નહિ પણ કમાલ અને કમાલી જેમને એમણે કેવળ ઉછેરેલા તેમને પણ તેમનાથી ઉત્પન્ન થયેલા બાળકો તરીકે ખપાવવા લાગ્યા. આવી ઊલટી-સૂલટી બાબતોને જવા દેવી એ જ ઠીક છે. એક વાત મુખ્ય છે કે તેઓ નિજાનંદમાં મસ્ત એવા એક આત્મપરાયણ, સીધા, સાદા, ભલા, ભોળા, સંત હતા. જેમણે બાહ્ય ક્રિયાકાંડમાં અટવાઈ નહિ રહેવાનો અને દરેક ઈશ્વરનું જ રટાન છે એમ માનવાનો ઉપદેશ આપ્યો છે. હિંદુ-મુસલમાનની એકતાની હિમાયતથી ચીડાઈ પડેલા એ વખતના ધર્માંધ મુસલમાનોએ બાદશાહ સીકંદર લોદીની કાન ભંભેરણી કરી કબીરજીને સતાવવા, પજવવામાં મણા મેલી નો'તી, પરંતુ ખૂબ તવાઈ તવાઈને કબીરજી તો શુદ્ધ કંચન બનીને જ બહાર આવ્યા.

કબીરજીના જીવનનો મોટો ભાગ વારાણસીમાં વીત્યો હતો. પરંતુ અંત સમયે વારાણસી છોડી મગહર જવા એ નીકળ્યા ત્યારે લોકોએ "અંત સમયે જ્યારે બીજાઓ આ પવિત્ર ધામમાં આવે છે. ત્યારે તમે તો, ઉલટું, એ છોડીને જાઓ છો." કહ્યું ત્યારે કબીરજીએ 'રામની સત્તાને કોઈ સીમા - બંધન નથી' એવો સ્પષ્ટ જવાબ આપ્યો હતો. મગહર જઈ, ચાદર અને ફૂલ મગાવી એ તો મઠમાં સૂઈ ગયા અને બારણાં બંધ કરી દીધાં. લોકોએ આવીને દ્વાર ખોલી જોયું તો ત્યાં કબીરજી કે કોઈ નો'તું, માત્ર ચાદર અને ફૂલ ભાળ્યાં. હિંદુઓએ ફૂલ બાળી ત્યાં સમાધિ ચણાવી અને મુસલમાનોએ ફૂલોને દાટી કબર બનાવી.

* સમગ્ર જીવન દરમ્યાન આ સંત પુરુષ કોઈ એકલાનો નહિ પણ બધાનો હતો અને અંતક્ષણે પણ એ કોઈ એકલાનો નહિ પણ બધાનો જ રહ્યો - એનું જીવન સમભાવને પ્રબોધતા એક મહાગ્રંથ સમું હતું.

વણકરનું કામ કરતાં કરતાં અધ્યાત્મ પદો લલકારવાની એમને ટેવ હતી. જેમાંના થોડાંક આત્મતત્વને લગતાં હવે જોઈએ :-

આ જગતની કોઈ પણ સ્થૂલ વસ્તુ કે બનાવ વિશે આપણે વિગત મેળવી જાણકારી કરી શકીએ એ શક્ય છે. પરંતુ પરમાત્માનો બોધ ગ્રંથોદ્વારા કે કોઈ અન્યને પૂછીને પણ આપણે કરી શકીશું નહીં, એનો ખરો ખ્યાલ તો અનુભવદ્વારા જ આવી શકે. એનું વર્ણન ગમે તેટલું સાંગોપાંગ હોય છતાં ભાષા પણ આખરે તો મર્યાદિત જ છે. એટલે કે અસીમ તત્ત્વને - પરમાત્મા તત્ત્વને-વાગ્જાળ દ્વારા પકડી શકાતું નથી. - પકડવા જતાં એ છટકી જાય છે. ભવોભવ આપણે આ પ્રમાણે કર્યું અને ફેરા ટાળવાને બદલે વધાર્યા, ધર્મગ્રંથો વાંચ્યા, વિચાર્યા અને ગુરુઓનો ઉપદેશ એક વખત નહિ પણ અનેક વખત સાંભળ્યો. છતાં સરવાળે કંઈ જ પ્રાપ્ત ન થયું. ઉલટું, ભૂલભૂલામણીમાં પડી ગયો. ઉપદેશમાં વાણી શકાય એનું જ્ઞાન ગુરુએ જરૂર આપ્યું પણ ઉપદેશ - બાહ્ય જે પરમાત્મ તત્ત્વ છે એનું શું? આ દુનિયાને ભેદતી કબીરજી ગુંજી ઊઠે છે:

કબીર હદકા ગુરુ મિલે બેહદકા ગુરુ નહિ:
બેહદ આપે ઊપજે અનુભવ કે ઘર માંહિ.

સંતનું વર્ણન કરનાર, જ્ઞાન, આપનાર ગુરુ જરૂર મળી જાય પણ અનંતની જાણકારી કરાવનાર કોઈ મળે ખરે? કોઈ ન મળે તો! તો શું મેળવ્યા વિના રહી જવું? તો કબીરજી કહે છે. "ના; મળે જરૂર મળે. પણ કઈ રીતે?" જવાબ મળ્યો. "અનુભવથી" ઈશ્વર - પરમાત્મા અનુભવગમ્ય છે. સાક્ષાત્કાર થઈ ગયા પછી કોઈ અહીં આવીને આપણાં પાસે વર્ણન કરી શકતો નથી. એ તો એમ જ કહે કે, એ અવર્ણનીય છે; એ સ્વાનુભવ ગમ્ય છે. હૃદય સો એ સો ટકા શુદ્ધ હશે - આપણા અનુભવ-ઘરને વાળી ઝૂડીને સાફ કરી નાખ્યું હશે તો બેહદ-અસીમ-હદ વિનાનું મર્યાદા વિનાનું, અપરિમેય તત્ત્વ આપોઆપ જ પ્રકટ થશે. વાતો કરવાથી કાંઈ જ નહિ વળે. પોપટની માફક 'રામ, રામ' કરવાથી કાંઈ નહિ વળે એ માટે તો અનુભવની સરાણે ચડવું પડશે. આ ઉપરથી આપણને સૌ'જે જ લાગવું જોઈએ કે, કબીરજી શુષ્ક વિધિ - વિધાનો અને જડ ક્રિયાકાંડની તરફેણમાં બિલકુલ નો'તા; એ હતા જ્ઞાનને ક્રિયાન્વિત બનાવવાના પક્ષકાર. સ્વાનુભવની કિતાબમાં જ કિરતારને વાંચવો - નર્યું જ્ઞાન કે કેવળ ક્રિયા - બન્ને એકાંતો અને એટલે જ ત્યાજ્ય. બન્નેનો સુભગ સુમેળ - સમુચ્ચય. નાણકિરિયાહિ મોક્ખો' જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ; અને તો જ મોક્ષ. પરમેશ્વરનું સ્વરૂપ કેવું છે એ સંબંધમાં કબીરજીનું શું કહેવું છે એ હવે જોઈએ.

પરમેશ્વરનો નથી કોઈ આધાર અને નથી કોઈ આકાર. તો પછી એ કેવા છે? કબીરજી કહે છે એ 'નિજરૂપ' છે. 'અપ્પા સો પરમપ્પા' -આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. જીવ જ શિવ છે. કર્મનું આવરણ હોઈ, અજ્ઞાનનો પડદો એના ઉપર પડેલો હોઈ એનું શુદ્ધ સ્વરૂપ આપણને દેખાતું નથી. હું ઈશ્વર સ્વરૂપ છું. હું બીજું માનું છું. એ મારું અજ્ઞાન છે." - આવી ભાવના-સતત ભાવવાથી જીવ શિવ બની જાય છે: બાહ્ય છોડી દઈ પોતે આંતરદૃષ્ટિ બની જાય તો એને સર્વ જગત્ ઈશ્વરમય જ દેખાશે. એનામાં જે કોઈ વિભાવ જાગે છે એ ખોટા છે અને એનો પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદસ્વરૂપ છે. આવી સતત જાગૃતિ પ્રવર્તમાન થાય: ત્યારે એ પરમાત્મસ્વરૂપને પામે છે. એમ કહેવા કરતાં એનું શુદ્ધ સ્વરૂપ આપોઆપ પ્રકટ થાય છે એમ કહેવું વધારે સાચું છે. માટે જ એમણે કહ્યું છે, "બેહદ આપે ઊપજે" અર્થાત બેહદ (સીમામર્યાદા હદ વિનાના અર્થાત્ પરમેશ્વર) પોતાની મેળે જ પ્રકટ થાય છે. દેખાય છે. કબીરજીએ આ સમગ્ર વકતવ્યને નીચેના પદમાં ગાઈ બતાવ્યું છે:

"નિરાધાર સૌ સાર હૈ, નિરાકાર નિજરૂપ;
નિશ્ચલ જા કો નામ હૈ, એસા તત્ત્વ અનૂપ".

વળી કબીરજી કહે છે;

"સૂરતમેં મૂરત બસે, મૂરત સોહી'તત્;
તત્ત્વ બિચારો આપ હી, તત્ત્વ તત્ત્વ સો'તત્"

ઈશ્વરનું સ્વરૂપ અન્યત્ર જોવા ફાંફાં મારવા એ વ્યર્થ છે. પત્થરમાં કંડારેલી પરમેશ્વરની મૂર્તિ એનું સાચું સ્વરૂપ નથી. એ તો ધ્યાનમાં, સમાધિમાં ભાવાવેશમાં એના ખરે સ્વરૂપે દેખાય છે. દેવળો, મંદિરો, અને આશ્રમોમાં ભગવાનની મૂર્તિ પધરાવી એને નામે જે કૌભાંડ ચલાવવામાં આવે છે એ સામે આ પદમાં કબીરજીનો બળાપો છે. બાકી એમને જે કહેવાનું છે તે એ જ છે, "ઓમ્ તત્ સત્'ની એમણે સાચી વ્યાખ્યા કરી આપી છે. 'તત્ એટલે ધ્યાનમાં દેખાયેલું પરમાત્માનું સ્વરૂપ એ સ્વરૂપ જ સાચી મૂર્તિ બીજી બધી ખોટી - સૂરત' 'સમાધિ' લાગી જવી જોઈએ; તાદાત્મ્ય સાધવું જોઈએ. "તત્ત્વ વિચારો આપ હી" તમે જ વિચાર કરો; તો જ ભાવના ભાવો - બીજા પાસેથી છીનવી લીધેલી ભાવના નહિ ચાલે - તમારા પોતાના દિલમાં જ એ 'તત્' ની પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે તમને એની ખબર નથી. આ જાણો અને જુઓ કે તમે પોતે જ પરમાત્મા છો, શિવ છો, પરમેશ્વર છો.

—અમૃતલાલ ગો. પાણી

જૈન સોશ્યલ ગ્રુપોદ્વારા યોજાયેલી

પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

શ્રી. ગુજરાતી કેળવણી મંડળ તથા શ્રી માનવસેવા સંઘની સાથે જૈન સોશ્યલ ગ્રૂપ–માટુંગાના સંયુક્ત ઉપક્રમે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

	તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
શનિવાર	૬-૯-૮૦	ડૉ. વી. એન. બગડિયા	સાંસ્કૃતિક મૂલ્યો અને મનોવિજ્ઞાન.
રવિવાર	૭-૯-૮૦	શ્રી સુરેશ દલાલ	મારી પ્રિય કવિતા
સોમવાર	૮-૯-૮૦	આચાર્યશ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી	"પ્રેમચંદજીનું સાહિત્ય"
મંગળવાર	૯-૯-૮૦	આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક	આપણા કુટુંબજીવનનું માધુર્ય કેમ વધે?
બુધવાર	૧૦-૯-૮૦	શ્રી પુરૂષોત્તમ ગણેશ માવલંકર	કલ્યાણરાજ્યની મજા અને સજા.
શુક્રવાર	૧૨-૯-૮૦	શ્રી મનુભાઈ ગઢવી	સત્ય અને અહિંસાના પરિમાણો.

વ્યાખ્યાનસ્થળ : શ્રી સવાણી સભાગૃહ (શ્રી માનવ સેવાસંઘ-શીવ)
સમય : રાત્રિના ૯ વાગે.

"જનસેવા સમિતિ" તથા "જૈન સોશ્યલ ગ્રુપ-મલાડ"ના સંયુક્ત ઉપક્રમે

પર્યુષણ વ્યાખ્યાનમાળા

	તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
શનિવાર	૬-૯-૮૦	શ્રી પુરૂષોત્તમ ગણેશ માવલંકર	નૈતિક અને ધાર્મિક જીવન એટલે શું?
રવિવાર	૭-૯-૮૦	શ્રીમતી મૃણાલિની દેસાઈ	"ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન."
સોમવાર	૮-૯-૮૦	પ્રો. તારાબહેન આર. શાહ	"સામાયિક"
મંગળવાર	૯-૯-૮૦	આચાર્ય શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી	"શિક્ષણનો લીલો દુકાળ"
બુધવાર	૧૦-૯-૮૦	પ્રો. રમેશભાઈ ભટ્ટ	"ધર્મતત્ત્વ"
ગુરૂવાર	૧૧-૯-૮૦	ક્ષુધર વાલેસ	"પુરુષાર્થ"
શુક્રવાર	૧૨-૯-૮૦	ડૉ. મધુસુદન પારેખ	"સુખની શોધમાં"

વ્યાખ્યાનસ્થળ : શ્રી. એમ. ડી. શાહ મહિલા કોલેજ આદર્શ સોસાયટી રોડ, મલાડ-વેસ્ટ
સમય : રાત્રિના ૯ થી ૧૦-૩૦

જૈન સોશ્યલ ગ્રુપ-બોરીવલીના ઉપક્રમે

પર્યુષણ વ્યાખ્યાનમાળા

	તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
સોમવાર	૮-૯-૮૦	પ્રો. ચન્દ્રકાન્ત બક્ષી	
સોમવાર	૯-૯-૮૦	બકુલભાઈ રાવળ	જીવનમાં ધર્મનું સ્થાન
મંગળવાર	૧૦-૯-૮૦	પ્રો. યશવંત ત્રિવેદી	સત્ય અને સૌંદર્યની ખોજમાં
બુધવાર	૧૧-૯-૮૦	આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક	ધર્મ અને કુટુંબ વ્યવસ્થા
ગુરૂવાર	૧૨-૯-૮૦	પ્રા. જ્યોત્સનાબહેન ત્રિવેદી	મીરાંબાઈ

વ્યાખ્યાનસ્થળ: મ્યુનીસીપલ શાળા સભાગૃહ, સોડાવાલા લેન, મંડપેશ્વર રોડ, બોરીવલી–વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૨.
સમય : રાત્રીના ૯ થી ૧૦-૩૦

શ્રીમાન શેઠ મણિલાલ મગનલાલ શાહ મેમોરિયલ ટ્રસ્ટ–પૂનાના ઉપક્રમે

પર્યુષણ વ્યાખ્યાનમાળા

	તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
સોમવાર	૮-૯-૮૦	શ્રી પુરુષોત્તમ ગણેશ માવલંકર	રાજનીતિ અને લોકકલ્યાણ
મંગળવાર	૯-૯-૮૦	શ્રી દલસુખભાઈ માલવિણયા	આજનો યુગ અને અનેકાન્તવાદ
બુધવાર	૧૦-૯-૮૦	શ્રી મૃણાલિની દેસાઈ	"ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન"
ગુરૂવાર	૧૧-૯-૮૦	શ્રી. અગરચંદજી નાહટા	જૈન ધર્મનો સાર અને મોક્ષસાધના.
શુક્રવાર	૧૨-૯-૮૦	પ્રો. યશવંત ત્રિવેદી	"સત્ય અને સૌંદર્યની શોધમાં"

વ્યાખ્યાનસ્થળ : પૂના ગુજરાતી બંધુ સમાજ હોલ, રવિવારપેઠ-પુના-૨
સમય : સવારના ૯-૩૦ થી ૧૦-૩૦

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

તારીખ	વ્યાખ્યાતા	વિષય
રવિવાર તા. ૭–૮–૮૦	આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી	શિક્ષણનો લીલો દુકાળ
સોમવાર તા. ૮–૮–૮૦	પ્રો. યશવંત ત્રિવેદી	પ્રેમધર્મનું જાગરણ
મંગળવાર તા. ૯–૮–૮૩	પ્રો. ધીરૂભાઈ પરીખ	નિષ્કામ કર્તવ્ય
બુધવાર તા. ૧૦–૯–૮૦	પ્રો. તારાબેનઆર. શાહ	સામાયિક
ગુરૂવાર તા. ૧૧–૯- ૮૦	શ્રી દેવેન્દ્ર વિજય તથા શ્રી પ્રકાશ દેવેન્દ્રવિજયજી	ભક્તિરસ
શુક્રવાર તા. ૧૨–૯–૮૦	ડૉ. વી. એન. બાગડીયા	સાંસ્કૃતિક મૂલ્યો અને મનોવિજ્ઞાન
શનિવાર તા. ૧૩–૯–૮૦	શ્રી મનુભાઈ ગઢવી	ભક્તામર સ્તોત્ર

વ્યાખ્યાન સ્થળ : ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં
સમય : રાત્રિના ૯ થી ૧૦–૩૦

સંઘના પેટ્રન સભ્યો

ગતાંકમાં અનુક્રમે ૪૦ સુધીના નામો પ્રગટ થઈ ગયા છે. ત્યારબાદ મળેલા નામો નીચે પ્રગટ કરતા અમો હર્ષ અનુભવીએ છીએ. પેટ્રન સભ્ય થઈને અમોને નીચેના ગૃહસ્થોએ પ્રેમાળ સહકાર આપ્યો તે માટે અમો તેમના ખૂબ જ આભારી છીએ.

(૪૧) શ્રી વિરેન્દ્રભાઈ હિંમતલાલ શાહ
(૪૨) શ્રી વિનિતભાઈ રમણલાલ શાહ
(૪૩) શ્રી વસંતલાલ જી. ઝવેરી
(૪૪) શ્રી ડી. એલ. શાહ
(૪૫) શ્રી ચિતરંજનભાઈ દામોદર શાહ
(૪૬) શ્રી અમરચંદભાઈ શામજી ગાલા
(૪૭) શ્રી શામજી કોરશી
(૪૮) શ્રી અનંતરાય એલ. સંઘવી
(૪૯) શ્રી એક ગૃહસ્થ
(૫૦) શ્રી મનસુખલાલ ચીમનલાલ શાહ

જે મિત્રોને સંઘની અન્ય પ્રવૃતિઓ તેમજ વ્યાખ્યાનમાળા પ્રત્યે આદર હોય અને સાથે સાથે જેઓ આર્થિક રીતે પહોંચતા હોય એવા મિત્રોને નમ્ર છતાં આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે અમો તેમનો સંપર્ક સાધીએ તેની રાહ જોયા વગર પોતાનું નામ મોકલી આપે, તેમ જ પોતાના વર્તુળમાંથી તેમ જ મિત્રોમાંથી એકાદ બે સભ્યો મેળવી આપી અમારું કામ સહેલું બનાવવામાં પોતાનો પ્રેમાળ સહકાર આપે. જો એમ બનશે તો અમોને પૂરી શ્રદ્ધા છે કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન જ અમારા ૧૦૦ સભ્યોના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે અમો ભાગ્યશાળી થઈશું.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર તા. ૬-૯-'૮૦ રવિવારથી તા. ૧૪-૯-'૮૦ રવિવાર સુધી એમ નવ દિવસની વ્યાખ્યાન-સભાઓ ચોપાટી પર આવેલા "બિરલા ક્રિડા કેન્દ્ર"ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૩૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. છેલ્લે દિવસે ભક્તિ-સંગીત છે તે દિવસે ૧૦-૩૦ થી ૧૧-૧૫ સુધી ભક્તિ-સંગીત રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન-વિષય
શનિવાર તા. ૬-૯-૮૦	શ્રી શશિકાન્ત મહેતા	જીવનમુક્તિનો મંત્ર : નમસ્કાર
,,	પૂજ્ય સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી	સાધનાસિદ્ધિનું સોપાન : સરણું પવજ્જામિ
રવિવાર તા. ૭-૯-૮૦	શ્રી જગદીશભાઈ શાહ	ધર્મ અને વિજ્ઞાન
,,	પ્રો. પુરુષોત્તમ ગણેશ માવલંકર	અસત્યમેવ જયતે
સોમવાર તા. ૮-૯-૮૦	શ્રીમતી અંજનાબેન સોનાવાળા	ગીતાનો સંદેશ
,,	ડૉ. કુમારપાળ દેસાઈ	મૌનની વાણી
મંગળવાર તા. ૯-૯-૮૦	વ્યાસ શ્રીપ્રકાશ ત્રિપાઠી	રામચરિતમાનસ
,,	શ્રીમતી મૃણાલિની દેસાઈ	જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર : એક કર્મયોગી
બુધવાર તા. ૧૦-૯-૮૦	ડૉ. મધુસૂદન પારેખ	સુખની શોધમાં
,,	પ્રો. રમેશભાઈ ભટ્ટ	પૂજ્યશ્રી મોટાનું જીવનકાર્ય
ગુરૂવાર તા. ૧૧-૯-૮૦	ડૉ. કાન્તિલાલ કાલાણી	નિષ્કામ કર્મયોગ
,,	ડૉ. સુરેશ દલાલ	હરમાન હેસ
શુક્રવાર તા. ૧૨-૯-૮૦	આચાર્યશ્રી ચીનુભાઈ નાયક	કર વિચાર તો પામ
,,	ફાધર વાલેસ	દક્ષિણ અફ્રિકામાં પ્રવાસમંથન
શનિવાર તા. ૧૩-૯-૮૦	પ્રો. તારાબહેન શાહ	સામાયિક
,,	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મહાવીર, કૃષ્ણ અને ગાંધીજી
રવિવાર તા. ૧૪-૯-૮૦	ડૉ. રમણલાલ ચી. શાહ	ક્ષમાપના
,,	શ્રી મોરારજીભાઈ દેસાઈ	ધર્મ અને વ્યવહાર
,,	શ્રી ભરત પાઠક અને કલાવૃંદ	ભક્તિ-સંગીત

પર્યુષણ વ્યાખ્યાનમાળાને આવકાર

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચના અનુસંધાનમાં રૂા. ૧૧,૦૦૦)ની રકમ મેસર્સ હિન્દુસ્તાન મિનરલ પ્રોડક્ટસ પ્રા. લિ. વતી તેના ડાયરેક્ટરો શ્રી ચંપકભાઈ ચોકસી, શ્રી ગિરીશભાઈ ચોકસી અને શ્રી અતુલભાઈ ચોકસીદ્વારા, પોતાનાથી બને તેટલી સમાજ પ્રત્યેની ફરજ અદા કરવા, સંઘને મળેલ છે.

આ જ્ઞાનપરબને આવું પ્રોત્સાહન આપી, આ ભાઈઓએ સંઘ પ્રત્યે જે પ્રેમાળ ભાવ દાખવ્યો છે તે અન્ય સૌ માટે માર્ગદર્શક બની રહે.

દરેક વ્યાખ્યાનોનો લાભ લેવા, સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો, સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

★ સંઘના પેટ્રન સભ્યો અંગે વિજ્ઞપ્તિ ★

સંઘસંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળા તેમજ વર્ષાંત વ્યાખ્યાનમાળાનો ખર્ચ વધતો જાય છે. ગયા વર્ષે બન્નેનો મળીને ત્રેવીસ હજાર રૂપિયા ખર્ચ આવેલો, ભવિષ્યમાં ખર્ચ પચ્ચીસ હજાર સુધી પહોંચવાનો સંભવ છે. ઉપરોકત ખર્ચના કાયમી ઉકેલ માટે સંઘના પેટ્રન સભ્યોને લગતી યોજના કરી છે. તેમની સભ્ય-ફી રૂપિયા ૨૫૦૦/ નક્કી કરી છે. સો પેટ્રન સભ્યો બને તો રૂપિયા અઢી લાખ મળે - તેના વ્યાજના રૂપિયા પચ્ચીશ હજાર મળે - તો બન્ને વ્યાખ્યાનમાળાઓના ખર્ચનો કાયમી ઉકેલ આવી જાય. આજ સુધીમાં ૫૦ પેટ્રન સભ્યો થયા છે. અમારા સો સભ્યોના લક્ષ્યાંકને નજીકના ભવિષ્યમાં પહોંચીવળાય એ માટે આપ સૌના પ્રેમાળ, સક્રિય સહકારની અતિ આવશ્યકતા છે.

આવી સુંદર પ્રવૃતિના કાયમી નિભાવ માટે પેટ્રન મેમ્બર તરીકે આપનું નામ નોંધાવવા અને મિત્રવર્તુળમાંથી પણ પેટ્રન સભ્યો મેળવી આપવા નમ્ર છતાં આગ્રહભરી હાર્દિક વિનંતિ છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

[નોંધ:- સંઘના આજીવન સભ્યોને પેટ્રન થવું હશે તો તેમણે રૂા. ૨૨૫૦)જ ભરવાના રહેશે.]

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 34
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ સપ્ટેમ્બર, ૧૯૮૦ મંગળવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ
સહતંત્રી : રમણલાલ ચી. શાહ

☆ સામ્યવાદમાં તિરાડ ☆

છેલ્લા એક મહિનામાં પોલેન્ડમાં ઈતિહાસ સર્જાયો છે. સામ્યવાદના અભેદ્ય દુર્ગમાં મોટી ફાટ પડી છે. વાત નાની શરૂ થઈ. માંસના ભાવમાં વધારો કર્યો. સામ્યવાદી દેશોમાં જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ, સરકારી નિયમનથી, નીચા રાખવામાં આવે છે. આવક અને ભાવની સમતુલા જાળવવામાં આવે છે. આવક અથવા ભાવને કાબુ બહાર વધવા દેવામાં આવતા નથી. ફુગાવો ન થાય, મોંઘવારી પણ ન થાય. પણ તેના પરિણામે સરકાર પર ઘણો મોટો બોજો આવે. સરકારે કરોડોના ખર્ચે ભાવ નીચા રાખવા પડે. તેથી પોલેન્ડનું અર્થતંત્ર તૂટી પડયું છે. Poland's economy is a genuine wreck. અબજો ડોલરનું વિદેશી દેવું થઈ ગયું છે. માંસના ભાવવધારાની નાની વાતમાંથી ભડકો થયો. લાખો મજૂરોએ હડતાળ પાડી. પછી તો માગણીઓ વધી. સ્વતંત્ર કામદારસંઘો રચવા અને કામદારો તેના આગેવાનોની ચૂંટણી કરે એવી મૂળભૂત માગણી થઈ. સામ્યવાદના મૂળમાં આ ઘા થયો. સામ્યવાદી સરકાર મજૂરોની સરકાર ગણાય છે અને મજૂરોનું રક્ષણ બીજા કોઈ કરી શકે એવી વાત સામ્યવાદ માટે અશક્ય છે. મજૂરોનું આંદોલન શાન્ત પણ અત્યંત સંગઠિત હોવાને કારણે પોલેન્ડની સરકારે નમતું મૂકવું પડયું. સામ્યવાદી પક્ષ કે તંત્ર મજુરો પાસે નમતું મૂકે અને સ્વતંત્ર કામદાર સંઘો રચવા દે એ ચમત્કાર છે તેમ જ સફળ બળવો છે. ગાર્ડીયન લખે છે:

It has changed the face of Eastern Europe without bloodshed, without riots, a supposedly omnipatent Communist regime, commanding in extremis all the firepower of Warsaw pact, has been forced to concede what it thought it could never concede, the right of workers to organise freely and independly. This is a tidal wave.

અલબત્ત, પોલાન્ડનો કિસ્સો કાંઈક વિશિષ્ટ પ્રકારનો છે. પોલેન્ડ સદા બળવાખોર રહ્યું છે. રાષ્ટ્રભાવના Nationalism ઘણી પ્રબળ છે. ઈતિહાસમાં, પોલેન્ડ ઉપર ઘણાં આક્રમણો થયા અને દર વખતે પ્રજાએ બળવો કર્યો છે. બીજા વિશ્વ યુદ્ધમાં, શરૂઆતમાં હિટલર અને સ્ટેલીને મળી, પોલેન્ડના ભાગલા કર્યા. પણ પછી હિટલરે રશિયા ઉપર આક્રમણ કર્યું ત્યારે પરિસ્થિતિ પલટાઈ ગઈ. છેવટ જર્મની હાર્યું ત્યારે સમસ્ત પોલેન્ડ રશિયાની હકુમત નીચે આવ્યું અને સામ્યવાદી તંત્ર થયું.

પોલાન્ડની બીજી એક વિશિષ્ટતા છે. પ્રજાનો મોટો ભાગ રોમન કેથલિક છે અને સામ્યવાદી સરકાર નીચે પણ ધર્મભાવના પ્રબળ છે. તેમાં, પોલેન્ડની એક વ્યકિત, પોપની પદવી પામી અને પોપ થયા પછી, તેઓ પોલેન્ડ પાછા ગયા ત્યારે લાખો માણસોએ તેમને ચરણે ઝૂકાવ્યું અને ત્યારથી પોલેન્ડની પ્રજાને લાગે છે કે ધર્મજગતમાં, તેનું વિશિષ્ટ સ્થાન છે. ૩૦ કરોડ રોમન કેથલિકના ધર્મગુરૂ પોલેન્ડના વતની છે. આ એક હકીકતે સામ્યવાદી વિચારસરણીને જબરજસ્ત ધક્કો આપ્યો છે.

પોલાન્ડના મજૂરોના આ બળવામાં બીજી નોંધપાત્ર હકીકત બની છે. હંગેરી અને ચેકોસ્લોવાકિયામાં સામ્યવાદી તંત્ર સામે આવા બળવા થયા ત્યારે, તુરત રશિયન લશ્કર ગયું અને સખ્તાઈથી બળવો દાબી દીધો. આ વખતે રશિયા, દરમ્યાનગીરી કરવાની હિમત કરી શકયું નથી. બ્રેઝનેવ બહુ શકિતશાળી નેતા ગણાય છે. અને રશિયાની લશ્કરી તાકાત અનેકગણી વધી છતાં રશિયા આ બનાવનું મૂક સાક્ષી જ રહ્યું છે.

પોલાન્ડની સામ્યવાદી સરકારે ઘણું નમતું મૂકયું છે છતાં હજી અમુક વિસ્તારમાં હડતાલ ચાલુ છે. સામ્યવાદી પક્ષના નેતા ગેરકને રાજીનામું આપવું પડયું. તેમને સ્થાને આવેલ નવા નેતા, કણિયાએ ગેરકે આપેલ વચનો સ્વીકાર્યા છે અને તેનો અમલ કરવાની ખાત્રી આપી છે. છતાં મજરોને અંતોષ થયો નથી અને આંદોલન ચાલુ છે.

આ એક ઐતિહાસિક બનાવ છે. તેના દૂરગામી પરિણામો આવવા સંભવ છે. સામાન્યપણે, સામ્યવાદી તંત્રમાં, ભિન્ન મતવાળી વ્યકિતઓ dissidents ને મજબૂત હાથે દબાવી દેવામાં આવે છે. રશિયામાં આવા હજારો સ્વતંત્ર વિચારકોને ફાંસીએ ચડાવ્યા છે અથવા દીર્ઘકાળના કારાવાસમાં ધકેલ્યા છે. પણ સમસ્ત પ્રજા જાગી ઉઠે તેને દબાવી દેવી સહેલું નથી. પોલાન્ડનો સામ્યવાદી પક્ષ કાંઈ કરી ન શકયો. રશિયા કાંઈ કરી ન શકયું, પણ હજી અંતિમ વિજય ન ગણાય. સામ્યવાદી પક્ષ દમન કરવામાં કોઈ બાકી રાખે નહિ. રશિયા કયાં સુધી મૂક સાક્ષી રહેશે? અત્યારે અફઘાનિસ્તાનમાં સખ્ત રીતે ભેરવાઈ પડયું છે એટલે બીજે ક્ષેત્રે લડતા બહુ વિચાર કરે.

પણ વાત એટલેથી અટકતી નથી. મજૂર આગેવાનો જ્યારે વાટાઘાટ શરૂ કરશે ત્યારે તેમને જણાશે કે અર્થતંત્ર તદ્દન પડી-ભાંગ્યું છે અને રાજ્યની તિજોરી ખાલી છે. ત્યારે તેમને ભાન થશે કે આ પરિસ્થિતિ માટે કોઈ એક વ્યકિત કે પક્ષ જવાબદાર નથી.

It is the system itself which promised progress but has failed to deliver. સામ્યવાદના ભવ્ય સ્વપ્નો ભાંગીપડયા છે. સામ્યવાદ આબાદી લાવવા ક્ષમતા ધરાવતો નથી. સામ્યવાદનું વિસર્જન પોલાન્ડથી શરૂ થશે? રશિયા તે સહન કરશે? પશ્ચિમના દેશોને આ તક છે. તેઓ શું કરશે? પોલાન્ડને વ્યાપક મદદ કરી, ઊભું રાખી, સામ્યવાદમાંથી છોડાવશે કે રશિયાથી ડરી જઈ, દૂર રહેશે અને પોલાન્ડની પ્રજાની સ્વતંત્રતા માટેની લડતને નિષ્ફળ થવા દેશે? અત્યારે પશ્ચિમના દેશો અને અમેરિકા, રશિયાથી ભયભીત છે. રશિયાની લશ્કરી તાકાત અમેરિકા, કરતા પણ વધારે છે એમ માને છે. તેથી પશ્ચિમના દેશો અમેરિકાથી જુદા પડીને પણ રશિયા સાથે સમાધાન શોધે છે. રશિયાના અફઘાનિસ્તાનના આક્રમણ પ્રત્યે નમતું તોળ્યું છે, સામ્યવાદના વિસર્જનની પોલાન્ડની પ્રજાએ દુનિયાને આ તક આપી છે તે તક, કહેવાતા સ્વતંત્ર દેશો ઝડપી લેશે? પૂર્વ યુરોપના બીજા દેશો રોમાનિયા, બલ્ગેરિયા, હંગેરી, ચેકોસ્લોવાકિયા, યુગોસ્લાવિયા–તક મળે તો કદાચ રશિયાની સરમુખત્યારશાહીમાંથી છૂટવા આ તકનો લાભ લે. જો પશ્ચિમના દેશો પૂરો સાથ આપે તો, સરમુખત્યારી તંત્ર પોલાદી જણાતું હોય ત્યારે તેમાં એક તિરાડ પડે તો, ક્ષણમાત્રમાં ભાંગી ભૂક્કો થઈ જાય છે. લોકશાહીતંત્રમાં એવું નથી બનતું.

આ મહાન બનાવના પરિણામો, દુનિયા આતુરતાથી નિહાળી રહી છે.

૧૧-૯-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

ન્યાયતંત્ર અને સહકાર

આપણાં દેશમાં વિચિત્ર ઘટનાઓ બની રહી છે. આપણું ન્યાયતંત્ર સ્વતંત્ર લેખાય છે. તેના કામકાજમાં સરકારની કોઈ દખલગીરી ન હોય. વળી ન્યાયાધિશોએ કેવી રીતે પોતાનું કામકાજ કરવું તે તેમણે પોતે નક્કી કરવાનું છે. તાજેતરમાં બે બનાવો બન્યા જે એમ બતાવે છે કે સરકારને ન્યાયતંત્રમાં વિશ્વાસ નથી અથવા ન્યાયાધિશોની કામ કરવાની પદ્ધતિ સરકાર બદલાવવા ઈચ્છે છે.

સુપ્રિમ કોર્ટે પૂર્વે ચૂકાદા આપ્યા છે કે બંધારણમાં ફેરફાર કરવાની પાર્લામેન્ટની સત્તા અબાધિત નથી. હમણાં બીજા એક કેસમાં, સુપ્રિમકોર્ટે આ ચુકાદાનું સમર્થન કર્યું. આ કેસ હતો મિનરવા મીલ્સનો. પાંચ જજોની બેંચમાંથી ચાર જજોની બહુમતિથી પૂર્વેનો કેશવાનંદ ભારતીનો ચુકાદો કાયમ રાખ્યો. કટોકટી દરમ્યાન ૪૨મા સુધારાથી, પાર્લામેન્ટે કેશવાનંદ ભારતીનો ચુકાદો રદ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ૪૨મા સુધારામાં આંશિક ફેરફાર જનતા સરકારે કર્યો હતો પણ રાજ્યસભામાં ૨/૩ બહુમતી ન હોવાને કારણે ૪૨મા સુધારાનો કેટલોક ભાગ કાયમ રહ્યો હતો. મિનરવા મીલ્સના કેસમાં આ બાકી રહેલ ભાગને સુપ્રિમ કોર્ટે ગેરબંધારણીય ઠરાવી, પૂર્વેની સ્થિતિ કાયમ કરી.

વર્તમાન સરકારને આ સ્થિતિ અસ્વીકાર્ય છે. પાર્લામેન્ટને બંધારણના મૂળભૂત અધિકારોમાં પણ ગમે તે ફેરફાર કરવાની અબાધિત સત્તા હોવી જોઈએ અને પાર્લામેન્ટ સર્વોપરી હોવી જોઈએ, એટલે કે પાર્લામેન્ટ બંધારણમાં કોઈપણ ફેરફાર કરે તે અંતિમ લેખાય અને સુપ્રીમ કોર્ટ તેને કદી ગેરબંધારણીય ઠરાવી ન શકે, તેમ આ સરકાર ઈચ્છે છે. એવો ફેરફાર હવે પાર્લામેન્ટમાં કરી શકે તેમ નથી. તેમ કરવા જાય તો પાર્લામેન્ટ અને સુપ્રિમ કોર્ટ વચ્ચે મડાગાંઠ ઉભી થાય.

મિનરવા મીલ્સ કેસના ચુકાદાની પુનઃવિચારણા કરવા સરકાર સુપ્રિમ કોર્ટને અરજી કરી શકે, પણ તેમ કરવાનું કોઈ કારણ નથી. હવે સરકારે એક વિચિત્ર કારણ શોધી કાઢ્યું છે.

મિનરવા મીલ્સ કેસમાં જસ્ટીસ ભગવતીએ બહુમતી કરતાં જુદો ચુકાદો આપ્યો છે. આમાં કાંઈ નવાઈ નથી. સુપ્રિમ કોર્ટના ઘણાં ચુકાદાઓ, બહુમતિથી અને કેટલીક વખત પાતળી બહુમતિથી, અપાયેલ છે. પણ જસ્ટીસ ભગવતીએ પોતાના ચુકાદામાં એક આશ્ચર્યજનક વાત કરી છે. તેમણે કહ્યું છે કે આ કેસમાં ચુકાદો આપતાં પહેલાં, પાંચ જજો વચ્ચે વિચારવિનિમય થવો જોઈતો હતો તે થયો નથી તેથી બહુમતિનું જજમેન્ટ તેમને વાંચવા મળ્યું ન હતું અને તેથી જજો વચ્ચે સામુહિક મંત્રણાઓ થવી જોઈએ તે થઈ નથી. એમ સાંભળ્યું છે કે જસ્ટીસ ઊંટવાળીયા, જેઓ બહુમતિ ચાર જજોમાંના એક જજ હતા અને જેઓ પછી નિવૃત્ત થયા છે. તેમણે એક નોંધ લખી મોકલી છે કે જસ્ટીસ ભગવતીએ કહ્યું છે તે સાચું નથી અને આ નોંધ ચીફ જસ્ટીસ પાસે પડી છે.

પણ સરકારને બહાનું મળી ગયું. જસ્ટીસ ભગવતીના કથનને આધાર બનાવી, બહુમતિ ચુકાદો કાયદેસર ન ગણાય એમ કહી, સાત જજોની નવી બેન્ચ પાસે મિનરવા મીલ્સ કેસની ફરી સુનાવણી કરવા સરકારે અરજી કરી છે. સુપ્રિમ કોર્ટના ઈતિહાસમાં આવો આ પહેલો પ્રસંગ છે.

સરકારની આ અરજીની તા. ૧૦-૯-૮૦ને રોજ સુનાવણી થઈ ત્યારે શ્રી પાલખીવાળાએ સરકારની આ અરજીને અભૂતપૂર્વ જણાવી, સખ્ત ઝાટકણી કાઢી. શ્રી પાલખીવાળાએ કહ્યું કે સુપ્રિમ કોર્ટના જજોએ પોતાનો ચુકાદો કેવી રીતે આપવો અને કેવા પ્રકારની મંત્રણા કરવી તે બાબત સરકાર સુપ્રિમ કોર્ટને શીખવવા માંગે છે. કોઈ બીજી વ્યક્તિએ આવી વાહિયાત અરજી કરી હોત તો એક ક્ષણમાં તેને ફેંકી દીધી હોત. આવી અરજી કરવાની ધૃષ્ટતા કરવા માટે શ્રી પાલખીવાળાએ સરકારને ઠપકો આપ્યો. થોડી સુનાવણી પછી, અરજી મુલતવી રહી છે, કારણકે એક જજ બીજે દિવસે નિવૃત્ત થવાના હતા તેથી નવી બેન્ચ પાસે આ અરજી હવે આવશે. સુપ્રિમ કોર્ટના ગૌરવની વાત છે. જોઈએ સુપ્રિમ કોર્ટ શું કહે છે.

બીજો એથી પણ વિચિત્ર બનાવ, ગુજરાત સરકાર અને ગુજરાત હાઈકોર્ટ સંબંધે બન્યો છે. ગુજરાત સરકારે, અશાંત વિસ્તાર કાયદા હેઠળ કેટલીક વ્યક્તિઓની ધરપકડ કરી છે. તે સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજીઓ થઈ. આ બધી અરજીઓ જે બેંચ પાસે સુનાવણી માટે આવી તેમાંના એક જજે તેમાંની કેટલીક અરજીઓ સાંભળવા અંગત કારણસર અનિચ્છા દર્શાવી એટલે બીજી બેન્ચ પાસે આવી. તેમાં પણ એક જજ, આ બધી અરજીઓમાંથી એક અરજી સાંભળી શકે તેમ ન હતું એટલે તે એક અરજી બીજી બેન્ચને મોકલવા તેમણે ચીફ જસ્ટીસને જણાવ્યું. એક જ અરજી બીજી બેન્ચ સમક્ષ મોકલવા કરતાં, ચીફ જસ્ટીસે બધી અરજીઓ પોતાની સમક્ષ, બીજા જજ સાથે, સુનાવણી માટે રાખી. રોમ કહેવાય છે કે બધી અરજીઓ ખેંચી લેતાં પહેલાં જજ થોડા નાખુશ થયા. ગુજરાત સરકારે, ચીફ જસ્ટીસ પાસેથી પોતાને ન્યાય નહિ મળે એવો આક્ષેપ કરી, આ બધી અરજીઓ સુપ્રિમ કોર્ટમાં અથવા બીજી કોઈ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા, સુપ્રિમ કોર્ટમાં અરજી કરી. પછી પોતાની મૂર્ખાઈ સમજાતાં આ અરજી પાછી ખેંચી લીધી. પણ તે સાથે, બધી અરજીઓ પોતાની સમક્ષ મૂકવા, ચીફ જસ્ટીસના ઓર્ડરને પડકારતી અરજી સુપ્રિમ કોર્ટને કરી. અરજીની સુનાવણી વખતે, સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ચંદ્રચૂડે આવી અરજી કરવા માટે ગુજરાત સરકારની સખત ઝાટકણી કાઢી. એમ પણ કહ્યું કે હાઈકોર્ટના જજો વચ્ચે તંગદિલી કરવાનો આ પ્રયત્ન છે. કયો કેસ કયા જજની સમક્ષ સુનાવણી માટે મૂકવો અને તેની શું વ્યવસ્થા કરવી, એ ચીફ જસ્ટીસનો અબાધિત અધિકાર છે. ગુજરાત સરકારે છેવટ આ અરજી પણ પાછી ખેંચી લીધી. ચીફ જસ્ટીસ ચંદ્રચુડે તે માટે ગુજરાત સરકારનો આભાર માન્યો (કટાક્ષ હશે!) અને ગુજરાત સરકારના વકીલને આ આભાર ગુજરાત સરકાર સુધી પહોંચાડવા વિનંતી કરી!

એક રાજ્ય સરકાર, પોતાના રાજ્યની હાઈકોર્ટના ચીફ જસ્ટીસમાં પોતાને વિશ્વાસ નથી એવું જાહેર કરે તે કેટલી ખેદજનક ઘટના છે? મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અંતુલેએ કહ્યું કે વરિષ્ઠ અદાલતોની સત્તા ઉપર અંકુશ મૂકવા જોઈએ. સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે તંગદીલી વધતી જાય છે.

શું થવા બેઠું છે?

નોંધ: આ લખ્યા પછી, અટકાયતીઓની અરજીઓની સુનાવણી, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અને બીજા જજની બેન્ચ સમક્ષ થઈ ગઈ અને બધી અરજીઓ મંજુર રાખી, અટકાયતીઓને છોડી મૂકવાનો હુકમ થયો છે. ગુજરાત સરકારને લાગશે કે પોતાને ન્યાય નહિ મળે તેવો ભય સાચો પડ્યો છે! પણ સાચો ભય હતો કે ખરેખર ન્યાય થયો છે તે તો ગુજરાત સરકાર, સુપ્રીમ કોર્ટ સુધી જાય તો ખબર પડે.

૧૧-૯-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરથી રવિવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૮૦ સુધી એમ નવ દિવસ સુધી બીરલા ક્રિડા કેન્દ્ર (ચોપાટી)ના સભાખંડમાં યોજવામાં આવી હતી. પ્રત્યેક દિવસે બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં. એ પ્રમાણે નવે દિવસ છપાયેલા કાર્યક્રમ પ્રમાણે બધા જ વ્યાખ્યાતાઓ સમયસર ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે શ્રોતાઓની ભીડ અસાધારણ હતી. સવારે સાડા આઠ વાગ્યાના વ્યાખ્યાન માટે સાડાસાત વાગે આવનારને સભાખંડમાં બેસવાની જગ્યા ન મળતી. કેટલાક દિવસે તો સવારે સાડા છ વાગે એટલે કે લગભગ બે કલાક અગાઉ શ્રોતાઓ આવીને બેસી ગયા હતા. સભાખંડમાં જેટલા શ્રોતાઓ બેસતા. તેટલા શ્રોતાઓ સભાખંડની બહાર પણ બેસતા. શ્રોતાઓના આવા વિશાળ સમુદાયનાં શાંતિ અને શિસ્ત ખરેખર પ્રશસ્ય કહેવાય. વ્યાખ્યાતાઓ પોતે એનાથી પ્રભાવિત થતાં.

સંઘના કાર્યકર્તાઓ અને કર્મચારીઓ પોતે પણ બે કલાક અગાઉ ઉપસ્થિત થતાં અને સમગ્ર કાર્યક્રમના આયોજન માટે પૂરતી ચીવટ રાખતા. નવે દિવસ કાર્યક્રમ પ્રાર્થના અને ભક્તિ-ગીતોથી શરૂ થતો. છેલ્લે દિવસે વ્યાખ્યાનો પછી શ્રી ભરત પાઠક અને એમના કલાવૃંદનો ભક્તિ-સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો.

પર્યુષણના પ્રથમ દિવસે, શનિવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે સવારે શ્રી શશીકાન્ત મહેતાએ પ્રથમ વ્યાખ્યાન 'જીવનમુક્તિનો મંત્ર– નમસ્કાર' એ વિષય ઉપર આપ્યું. એમણે કહ્યું કે મંત્રાધિરાજ

'નવકારમંત્ર'માં આંતરશત્રુ ઉપર વિજય મેળવનાર પદને નમસ્કાર છે. એમાં કોઈ સાંપ્રદાયિક કે વ્યકિતની વાત નથી, માટે જ તે વિશ્વપ્રાર્થના છે. એનો જાપ આપણા કોષોને ભેદીને આપણા શુદ્ધ સ્વરૂપની આપણને પ્રતીતિ કરાવે છે. એમાં મૈત્રિ, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાની પરાકાષ્ઠા છે અને તેમાં તીર્થંકરના ચાર અતિશય રહેલા છે. નવકારમંત્ર એ સાધકોની સાધના છે, ધ્યાનીઓનું ધ્યાન છે અને યોગીઓનો યોગ છે. નવકાર મંત્રની સમ્યક આરાધના સારૂપ્ય, સામીપ્ય, સાદશ્ય અને સાયુજ્ય એ ચાર પ્રકારની મુકિત અપાવનાર છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'સાધનાસિદ્ધિનું સૂત્ર—સરણું પવજ્જામિ' એ વિષય ઉપર પરમ પૂજ્ય મહાસતીજી શ્રી દિવ્યપ્રભાશ્રીજીનું હતું. એમણે કહ્યું કે 'સરણું પવજ્જામિ' એ માત્ર સૂત્ર નથી, મંત્ર પણ છે. શરણની વાત જગતના બધા ધર્મોમાં છે. શરણ વિના પરમ તત્ત્વ સાથે અનુસંધાન શકય નથી. જૈન ધર્મમાં શરણે જાઉં છું—ગચ્છામિ એમ કહેવાને બદલે શરણ સ્વીકારું છું—પવજ્જામિ એમ કહ્યું છે. જૈન ધર્મમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ સ્વીકારવાનું હોય છે. એ ચાર શરણ તે ચાર મંગલ પણ છે અને ચાર ઉત્તમ પણ છે. સંસારમાં સ્થિતિ અને ગતિ એ બે મુખ્ય અને મહત્ત્વનાં તત્ત્વો છે. તેમાં અરિહંત ગતિના, સિદ્ધિ સ્થિતિના, સાધુ ગતિના અને ધર્મ સ્થિતિના પ્રતિક છે. ઈશ્વરપ્રીતિ અને પાપભીતિ વિના ધર્મ નથી, પરંતુ ધર્મમાં શ્રદ્ધા અને ભાવના ઉપરાંત સમર્પણનો ભાવ ભળે છે ત્યારે જ તેનું પરિણામ તાત્ત્વિક અને ફળવાળું બને છે.

રવિવાર, તા. ૭મી સપ્ટેમ્બરે સવારે પ્રથમ વ્યાખ્યાન શ્રી જગદીશભાઈ શાહે 'ધર્મ અને વિજ્ઞાન' એ વિષય ઉપર આપ્યું. એમણે કહ્યું કે માનવને સુખી બનાવવા માટે વિજ્ઞાને પિતાનું કાર્ય કર્યું છે. પ્રાચીન સમયમાં માણસ ધાર્મિક હતો તે વૈજ્ઞાનિક પણ હતો અને જે વૈજ્ઞાનિક હતો તે ધાર્મિક પણ હતો. બધાં ભૌતિક શાસ્ત્રો ધર્મશાસ્ત્રનું સમર્થન મેળવતાં, વિજ્ઞાનમાં પ્રયોગનિષ્ઠા, પ્રમાણનિષ્ઠા વસ્તુનિષ્ઠા અને સત્યનિષ્ઠા છે છતાં પણ ધર્મશાસ્ત્રનો માણસના મન ઉપર જેટલો કબજો હોય છે તેટલો વિજ્ઞાનનો હોતો નથી. વિજ્ઞાનમાં તર્કને પ્રાધાન્ય હોય છે તો ધર્મમાં શ્રદ્ધાને. વૈજ્ઞાનિકો પોતાની અપૂર્ણતા કબૂલ કરતા હોય છે અને જ્યાં ભૌતિકવિજ્ઞાન પહોંચી શકતું નથી ત્યાં ધર્મના ક્ષેત્રને અને તત્ત્વને વૈજ્ઞાનિકો પણ માન્ય રાખે છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય માનવજાત માટે ઉપકારક છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી પુરુષોત્તમ માવલંકરનું 'અસત્યમેવ જયતે' ઉપર હતું. એમણે આ શીર્ષકની પસંદગી પાછળનું કારણ સમજાવી વર્તમાન પરિસ્થિતિનું યથાર્થ કરણ કરતાં કહ્યું હતું કે સર્વકાળ માટે, સર્વત્ર કેવળ સત્યનો જ જયજયકાર છે. ઉપનિષદકારે કહ્યું છે કે સત્ય અને સત્ય એકલું જ વિજય પામે છે, અસત્ય કયારેય નહિ. ટ્રૂથ અલોન ટ્રાયમ્ફસ આજે જાહેરજીવનમાં ખટપટ, ખેંચતાણ, ખુશામતખોરી, અંધાધૂંધી, અંધકાર અને અંધેર પ્રવર્તે છે. અસામાજિક તત્ત્વોનો છૂટથી ઉપયોગ થાય છે. ખોટા માણસોને ઝળવતા આપણે જોઈએ છીએ ત્યારે અસત્ય ઘડીભર જીતી જતું આપણને લાગે છે, કયારેક અસત્યના વિજયની ઘડી આપણને લંબાયેલી લાગે છે. પરંતુ છેવટે તો સત્યનો જ વિજય થાય છે. સત્યનો માર્ગ એ જ રાજમાર્ગ છે. અસત્યનો ઘડીભર પણ વિજય ન થાય એ માટે શ્રદ્ધાપૂર્વક, વિચારપૂર્વક, વિશ્વાસપૂર્વક અને ભાવનાપૂર્વક વ્યકિતગત, અંગત પુરુષાર્થની આવશ્યકતા છે, જેથી આપણાં સાશ્વત મૂલ્યોની ટકાઉ વ્યવસ્થા આપણે ઊભી કરી શકીએ.

સોમવાર, તા. ૮મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન શ્રીમતી અંજનાબહેન સોનાવાલાનું હતું. એમનો વિષય હતો 'ગીતાનો સંદેશ.' એમણે કહ્યું કે શ્રીમદ્ ભગવદ્ગીતા એ તો આપણી માતા છે. એ વૈશ્વિક ગ્રંથ છે. એમાં બધા વેદોનો અને બધા ઉપનિષદોનો સાર છે. ગીતા ફકત ધાર્મિક ગ્રંથ નથી, જીવનગ્રંથ પણ છે. એમાં હૃદયની દુર્બળતા ત્યજીને પોતાનો ધર્મ બજાવવાની વાત છે. ગીતા આપણી સુષુપ્ત શકિતઓને જાગ્રત કરે છે અને આપણું કર્તવ્ય કરવાની પ્રેરણા આપે છે. માણસે અકર્મણ્યતા અને અહંકાર દૂર કરીને કાર્ય કરવાનું છે. પુરુષાર્થ વગર સિદ્ધિ નથી. કર્યા વગર કશું મળતું નથી અને કરેલું કાર્ય ફોગટ જતું નથી. પરંતુ એમાંથી કર્તૃત્વનો ભાવ જતો કરવાનો છે. એમ કરીને જે કર્મયોગમાં લીન બને છે તે સ્થિતપ્રજ્ઞની કોટિ સુધી પહોંચે છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. કુમારપાળ દેસાઈનું હતું. 'મૌનની વાણી' એ એમનો વિષય હતો. એમણે ભગવાન બુદ્ધનો એક પ્રસંગ ટાંકીને મૌન એ જ પ્રવચન છે એમ દર્શાવ્યું. મૌનમાં જે તાકાત છે તે ભાષામાં નથી. મૌન એ સર્વોત્તમ ભાષા છે. મૌનનો મન સાથે સંબંધ છે. પોતાની જાતને સમજવા માટે મૌનની બહુ જરૂર છે. કારણ કે મૌન વડે માણસ અંતર્મુખ જલ્દી બની શકે છે. એકાંત એ મૌનની પહેલી શરત છે. મૌન સ્વાભાવિક હોવું જોઈએ. મન જ્યાં સુધી બહારની વાતોમાં અટવાયેલું અને ક્રિયાશીલ રહ્યા કરે છે. ત્યાં સુધી મૌનની સાધના થતી નથી. મૌનમાં નિષ્ક્રિયતા નથી. મૌન અસીમ છે. આધ્યાત્મિક ઉર્ધ્વગમન માટે મૌન અનિવાર્ય છે. એટલા માટે જ ભગવાન મહાવીર બાર વર્ષ સુધી મૌન રહ્યા હતા. વર્તમાન સમયમાં શ્રી અરવિંદ, રમણ મહર્ષિ વગેરે ઘણા મહાપુરુષોએ મૌનની અને મૌન વડે સાધના કરી છે.

મંગળવાર, તા. ૯મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન વ્યાસ શ્રીપ્રકાશ ત્રિપાઠીનું 'રામચરિતમાનસ' ઉપર હતું. 'રામચરિત માનસ'ના બેએક પ્રસંગો લઈને એનું અર્થઘટન કરતાં એમણે કહ્યું કે દરેક માણસ પોતાનું શિવ એટલે કલ્યાણ ઈચ્છે છે, પરંતુ સત્યને છોડી કોઈ માણસ પોતાનું કલ્યાણ કરી શકતો નથી, શિવ અને સત્યને એવો ગાઢ સંબંધ છે. કલ્યાણ માટે સ્વનિષ્ઠા, ઈષ્ટનિષ્ઠા, તત્ત્વનિષ્ઠા અને જ્ઞાનનિષ્ઠા અનિવાર્ય છે જેમ માણસ વધારે દક્ષ બનતો જાય છે, ચતુર રાને પાકો થતો જાય છે. તેમ સત્ય સાચવી શકતો નથી. સત્યની સાથે જ્યારે દક્ષતા ભળે છે ત્યારે તે રોને શિવ સુધી પહોંચાડતાં નથી.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રીમતી મૃણાલિની દેસાઈનું હતું. એમણે 'જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર—એક કર્મયોગી' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું. અમેરિકન હબસી નેતા કાર્વરનો પરિચય કરાવતાં એમણે કહ્યું કે આ એ મહાવિભૂતિ છે જેમની સાથે ગાંધીજીએ પત્રવ્યવહાર કરી કેટલુંક માર્ગદર્શન માગ્યું હતું. કાર્વરની કથા એટલે એક હબસી ગુલામના શારીરિક નિર્બળતાવાળા સંતાનની અભૂતપૂર્વ સિદ્ધિઓની કથા. કાર્વરે વિવિધ ક્ષેત્રે કાર્ય કર્યું. તેમને સરસ ખેતી આવડે, ચિત્રકલા આવડે, વિવિધ પ્રકારની રસોઈ આવડે. રંગ અને રસાયણ વિશે નવી નવી શોધો કરી માનવજાતને ચરણે ધરી. તેના બદલામાં કયારેય પૈસાની અપેક્ષા રાખી નહિ. એમણે અમેરિકાનાં દક્ષિણના રાજ્યોની ધરતીને ફળદ્રુપ બનાવી અને હબસી લોકોમાં અસ્મિતા જગાવી. કાર્વરનું જીવન નિ:સ્પૃહતા, નમ્રતા અને માનવસેવાથી સભર હતું.

બુધવાર, તા. ૧૦મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન 'સુખની શોધમાં' એ વિષય ઉપર હતું. વ્યાખ્યાતા હતા ડૉ. મધુસૂદન પારેખ. એમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે જીવ માત્ર સુખની શોધમાં છે. દુ:ખ કોઈને ગમતું નથી. સુખ શબ્દનો યૌગિક અર્થ છે સારું આકાશ. આપણું હૃદય આકાશ જેટલું વિશાળ છે એમ ઉપનિષદમાં કહ્યું છે. એવી વિશાળતા આપણે અનુભવી શકીએ ત્યારે આપણને સાચા સુખની અનુભૂતિ થાય. પરંતુ માણસ એ સુખ મેળવવાને બદલે ભૌતિક પદાર્થોના સુખની પાછળ ભટકવા લાગે છે, યંત્રવિજ્ઞાનદ્વારા માણસ ભૌતિક પ્રગતિ કરે છે, પરંતુ એમાંથી ઘણા સંઘર્ષો જન્મે છે. યંત્રવિજ્ઞાન દૈત્યની જેમ માણસને અને માણસાઈને ભરખી જાય છે. ભૌતિક સુખથી માણસને યયાતિ રાજાની જેમ સંતોષ નથી થતો. સંયમ વિના સુખ નથી. સંયમથી જ સંસ્કૃતિ ટકે છે. સંયમનું બંધન એ બંધન નથી, મુકિત અપાવનારું અમોઘ સાધન છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન પ્રો. રમેશભાઈ ભટ્ટે આપ્યું. એમનો વિષય હતો 'પૂજ્યશ્રી મોટાનું જીવનકાર્ય.' એમણે આશારામ ભગતના દીકરા ચુનીલાલ ભગત પટાવાળા તરીકે, તોલાટ, તરીકે, ઈંટો પકવનાર તરીકે, ખેતરોમાં ધરુ રોપનાર તરીકે કામ કરતાં કરતાં, ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી, નર્મદામાં આપઘાત કરવા જતાં બચી જઈ 'પૂજ્ય મોટા' કેવી રીતે બને છે એની રૂપરેખા આપી પૂજ્ય મોટાના જીવનકાર્યનો પરિચય કરાવ્યો હતો. પ્રજાજીવનમાં ઈશ્વરીય ગુણો કેવી રીતે પ્રગટ થાય તેની યોજના પૂજ્ય મોટા કરવા લાગ્યા હતા. ૧૯૬૧થી એમનું મિશનકાર્ય વેગથી ચાલ્યું હતું. એમણે 'હરિ ઓમ' આશ્રમોની સ્થાપના સાધકો તૈયાર કરવા માટે કરી. એમણે સામાજિક ઉત્થાન માટે વિવિધ યોજનાઓ કરી અને એ માટે પુષ્કળ ભંડોળ એકઠું થયું. શરીરમાં ઘણા બધા રોગો હોવા છતાં પૂજ્ય મોટાએ ગુજરાતના સામાજિક, સાંસ્કારિક અને આધ્યાત્મિક ક્ષેત્રે કેવું સંગીન કાર્ય કર્યું તેનો સવિગત પરિચય વ્યાખ્યાતાએ કરાવ્યો.

ગુરુવાર, તા. ૧૧મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન ડૉ. કાન્તિલાલ કાલાણીનું હતું. એમનો વિષય હતો 'નિષ્કામ કર્મયોગ,' એમણે કહ્યું કે કર્મની ગતિ અતિ ગહન છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, કૃષ્ણ અને રામના જીવનનાં અહિંસાના કેટલા પ્રસંગો જોવા મળે છે. ધર્મનું રક્ષણ કરવા માટે જીવનપ્રવૃત્તિઓમાં ક્યાંક ભેદરેખા દોરવી પડે છે. જગતમાં કર્મની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. કર્મ પાછળ માણસનો લાભાલાભનો કંઈક આશય રહેલો હોય છે. માણસ પોતાના કર્મના ફળ માટે આતુર હોય છે. પરંતુ ફળની ઈચ્છા સાથે કરાયેલું કર્મ તે સકામ કર્મ છે. એમાં આનંદ કરતાં ભાર વધુ હોય છે. નિષ્કામ કર્મમાં નિષ્ઠા અને ચિત્તની એકાગ્રતા હોય છે અને એનો આનંદ અનેરો હોય છે. સમત્વ બુદ્ધિથી કરેલું કર્મ તે ઉત્તમ કર્મ છે. એવું કર્મ કરવા માટે કર્તૃત્વનો ભાવ છોડી દેવાનો હોય છે. વાસનાઓ ઉપર વિજય મેળવવાનો હોય છે. ચિત્તને શુદ્ધ અને શાંત કરવાનું હોય છે. જાત ઉપર ચોકી કરવાની હોય છે. આવો નિષ્કામ કર્મયોગ એ જીવનની આધારશીલા છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન ડૉ. સુરેશ દલાલનું હતું. એમનો વિષય હતો 'હરમાન હેસ.' નોબેલ પારિતોષિક વિજેતા આ જર્મન નવલકથાકાર, કવિ, ચિત્રવેંધક અને તત્ત્વચિંતકના જીવનકવનને સમજવા માટે એમના શૈશવને અને યૌવનને સમજવાની જરૂર છે એમ જણાવી વ્યાખ્યાતાએ હરમાન હેસના કિશોરાવસ્થાના અને યુવાવસ્થાના કેટલાક પ્રસંગો ટાંક્યા હતા. હરમાન હેસ ઉપર જર્મન ચિંતક નિત્શેનો ઘણો બધો પ્રભાવ પડ્યો હતો. હેસના માતામહ મિશનરી હતા અને ભારતમાં રહ્યા હતા. હેસે પણ ૧૯૧૧માં ભારતનો પ્રવાસ કર્યો હતો. ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો, જેની અસર એમની 'સિદ્ધાર્થ', ધ વૉન્ડરિંગ' જેવી નવલકથાઓ ઉપર પડી છે. હેસને માનવીય સંબંધોની યાંત્રિકતા ગમતી નહોતી. તેઓ ક્રિશ્ચિયાનીટીમાં માનતા હતા, પણ ચર્ચમાં નહિ. પ્રત્યેક મનુષ્યનો પોતાનો જુદો આત્મા છે અને તે નિત્યનૂતન છેએમ તેઓ માનતા હતા. હેસે સ્વેચ્છાએ દેશવટો સ્વીકારી, જર્મની છોડી સ્વિત્ઝરલેન્ડમાં વાસ કર્યો હતો. ૮૫ વર્ષની ઉંમરે કવિતા લખતાં લખતાં અને કવિતા જીવતાં જીવતાં એમણે શાંતિથી દેહ છોડ્યો.

શુક્રવાર, તા. ૧૨મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન ડૉ. ચીનુભાઈ નાયકનું હતું. એમનો વિષય હતો 'કર વિચાર તો પામ.' એમણે કહ્યું હતું કે વિચાર એ આચારનો પાયો છે. સંસ્કૃતિકનો પાયો તે થિંકિંગ, ડુઈંગ અને હેવિંગમાં છે. પરંતુ આજે જ્ઞાન વિજ્ઞાનની અનેક શાખાઓમાં પ્રગતિ થઈ હોવા છતાં માણસ છિન્નભિન્ન જણાય છે. એ શિક્ષણ લે છે, પરંતુ જીવનનો મર્મ પામ્યો હોય તેવું ઓછું લાગે છે. તેનું કારણ નિષ્ઠાનો અભાવ છે. વિદ્યાર્થીને જેટલું શાળામાંથી મળવું જોઈએ તેટલું તેના કુટુંબના વાતાવરણમાંથી મળવું જોઈએ. ઐહિક પ્રગતિમાંથી આધ્યાત્મિક પ્રગતિ તરફ ગતિ કરવી જોઈએ અને એ માટે પોતાના આત્માને સાચો ગુરુ બનાવવો જોઈએ કારણ કે The soul of the progress is the progress of the soul

એ દિવસે બીજું વ્યાખ્યાન ફાધર વાલેસનું હતું. ફાધર વાલેસ થોડા વખત પહેલાં જ દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરીને આવ્યા હતા એટલે એમણે વિષય રાખ્યો હતો 'દક્ષિણ આફ્રિકામાં પ્રવાસમંથન.' પોતાના પ્રવાસના વિવિધ અનુભવો વર્ણવતાં એમણે કહ્યું કે દક્ષિણ આફ્રિકા સરકાર ગોરા લોકોની છે. ત્યાં લાંચરુશ્વત નથી. ભ્રષ્ટાચારનું નામનિશાન નથી. સ્વચ્છતા બધે નજરે પડે એવી છે. કાર્યદક્ષતા અને પ્રમાણિકતા માટે આપણને માન થાય. પરંતુ ત્યાંની રંગભેદની નીતિ રો એની મોટામાં મોટી શરમ છે. ગોરાઓ, એશિયનો, આફ્રિકનો, ચીનાઓ બધાના રહેવાના વિસ્તારો જુદા જુદા. ટ્રેનમાં, બસમાં દુકાનોમાં, રેસ્ટોરાંમાં, બગીચામાં, સ્વીમિંગ બાથમાં બધે જ રંગભેદ. ત્યાંના કૂતરાઓ પણ રંગભેદથી ટેવાઈ ગયા છે. એથી આફ્રિકન લોકોને પણ ગોરાઓ પ્રત્યે એટલો જ તિરસ્કાર છે. ગાંધીજીના સમયમાં હતી તેથી પણ ખરાબ સ્થિતિ અત્યારે ત્યાં પ્રવર્તે છે. દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન થયેલા મંથનનું નવનીત એ હતું કે અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત વિના જગતમાં શાંતિ નથી. ફાધરે રેડિયો મુલાકાતમાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ભારત જગતમાં શાંતિની નિકાસ કરે છે.

શનિવાર, તા. ૧૩મી સપ્ટેમ્બરે પ્રથમ વ્યાખ્યાન હતું પ્રો. તારાબહેન શાહનું એમનો વિષય હતો. 'સામાયિક'. એ વિશે બોલતાં એમણે કહ્યું કે સામાયિક એ જૈનોની છ આવશ્યક ક્રિયાઓમાં પહેલી અને સૌથી મહત્ત્વની ક્રિયા છે. ભગવાન મહાવીરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તરત મહત્ત્વનો ઉપદેશ સામાયિકનો આપ્યો. સમ એટલે સમત્વ અને આય એટલે લાભ જેના દ્વારા થાય તે સામાયિક. સામાયિક શબ્દનાં બીજાં પણ અર્થઘટનો છે. સામાયિક એ ગૃહસ્થ માટે બે ઘડીનું સાધુપણું છે, કારણ કે સામાયિકમાં એટલા સમય માટે એક આસને બેસી, પાપયુક્ત ક્રિયાઓથી રહિત થઈને, મૌન ધારણ કરીને, એકાગ્રચિત્તે સ્વાધ્યાય, જપ ઈત્યાદિ કરવાનાં હોય છે. વ્યાખ્યાતાએ તદુપરાંત સામાયિકની ક્રિયા માટેનાં ઉપકરણોનું અને સામાયિક લેવા તથા પાળવા માટેનાં સૂત્રોનું સૂક્ષ્મ રહસ્ય સમજાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈનું હતું. એમણે 'મહાવીર કૃષ્ણ અને ગાંધીજી' વિશે બોલતાં કહ્યું હતું કે મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભાગવત એ ત્રણેમાં શ્રીકૃષ્ણનું વિવિધ પાસું જોવા મળે છે. મહાભારતના કૃષ્ણ મહામાનવ, યુગપુરુષ અને ક્ષાત્રધર્મના પુરસ્કર્તા છે. ગીતાના કૃષ્ણ યોગેશ્વર કૃષ્ણ છે અને ભાગવતના રસેશ્વર કૃષ્ણ છે. અર્જુનને કૃષ્ણ જે ઉપદેશ આપે છે તે એનો મોહ દૂર કરવા. અર્જુનને વૈરાગ્ય નહોતો, મોહ થયો હતો. વૈરાગ્ય હોત તો તે યુદ્ધ ન કરત. શ્રીકૃષ્ણની જગ્યાએ ભગવાન મહાવીર હોત તો એમણે યુદ્ધનો ઉપદેશ આપ્યો ન હોત. ભગવાન મહાવીરે 'અહિંસા પરમો ધર્મ'નો ઉપદેશ આપ્યો. અહિંસાનો ઉગમ અનુભવમાંથી છે. માણસ પોતાના સુખ માટે બીજા જીવોની હિંસા ન કરી શકે. દરેક પ્રાણીને પોતાનો જીવ વહાલો છે અને દરેકને જીવવું ગમે છે. ભગવાન મહાવીરે સાધન શુદ્ધિ ઉપર, અહિંસા, સંયમ અને તપ ઉપર સૌથી વધુ ભાર મૂક્યો. ગાંધીજીએ ભગવાન મહાવીરની અહિંસા અને ગીતાના અનાસક્ત યોગનો સમન્વય કર્યો. ગાંધીજી અહિંસાને સમાજવ્યાપી ભૂમિકાએ લઈ ગયા અને અહિંસક સમાજની કલ્પના આપી. સંસારને સુધારવા માટે ગાંધીજીએ પણ સાધનશુદ્ધિ ઉપર ભાર મૂક્યો.

રવિવાર, તા. ૧૪મી સપ્ટમ્બરે પ્રથમ વ્યાખ્યાન મારું હતું. વિષય હતો. 'ક્ષમાપના.' મારા વ્યાખ્યાનમાં બતાવાયું હતું કે જગતના તમામ ધર્મોમાં ક્ષમાના તત્ત્વ ઉપર ભાર મુકાયો છે, પરંતુ જૈન ધર્મે તો એને પર્વનું રૂપ આપ્યું છે. ક્ષમા વગર જગતમાં શાંતિ નથી. મૈત્રી, પ્રેમ, કરુણા, અહિંસાની ભાવના હૃદયમાં ન હોય ત્યાં સુધી સાચી ક્ષમા પ્રગટ થતી નથી. હૃદયમાં રહેલી ક્ષમાની ભાવના કુટુંબ, સગાંસંબંધીઓ, સમાજ અને બધા માનવોથી વિસ્તરીને સમસ્ત જીવો સુધી પહોંચવી જોઈએ. દ્રવ્યક્ષમાથી અટકો ન જતાં ભાવક્ષમા સુધી અને તેમાં પણ 'સહજ ક્ષમા' સુધી પહોંચવું જોઈએ. સાંવત્સરિક ક્ષમાપના જે કરતા નથી તેના કષાયો અનંતાનુબંધી થાય છે અને સમ્યક્ત્વ જો પ્રાપ્ત થયું હોય તો તે ચાલ્યું જાય છે. આરાધક જીવો માટે ક્ષમાની પ્રથમ આવશ્યકતા છે. જે ક્ષમા માગીને અને ક્ષમા આપી ને શાંત નથી થતા તેઓ સાચી આરાધના નથી કરી શકતા. ક્ષમા માગવી સહેલી છે પણ અપરાધીને સાચા દિલથી ક્ષમા આપવી એ ઘણી અઘરી વાત છે. આત્મબળવાળા વીર પુરુષો એ કરી શકે છે. માટે ક્ષમાને વીરના ભૂષણ તરીકે ઓળખાવવામાં આવે છે.

એ દિવસે બીજું વ્યાખ્યાન ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈનું હતું. એમનો વિષય હતો 'ધર્મ અને વ્યવહાર.' એમણે કહ્યું હતું કે ધર્મ માણસના જીવનમાં માર્ગદર્શન ન કરે ત્યાં સુધી માણસ માણસ બનતો નથી. સર્વ પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ કહેવાયો કારણ કે એની પાસે બુદ્ધિ છે અને વિવેક છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહ્યા છે અને તેમાં ધર્મને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ધર્મ પ્રમાણે જે આચરણ થાય તો વ્યવહાર સારામાં સારો બને. પરંતુ માણસ ધર્મને નામે વ્યવહારમાં સોદાબાજી કરે છે અને બુદ્ધિનો દુરુપયોગ કરે છે. શુભ અને અશુભ, સત્ય અને અસત્યના દ્વંદ્વમાંથી પુરુષાર્થ કરીને માણસે નીકળવાનું છે અને શુભ તથા સત્યને પામવાનું છે. ભારતમાં ધર્મની પકડ ઘણી મોટી છે, પરંતુ દુર્બળતાને લીધે માણસો ધર્મનું સાચું આચરણ વ્યવહારમાં કરી શકતા નથી. ભારતમાં ત્યાગની જેવી ભાવના છે, ભારતમાં જેવા સાધુસંતો છે તેવા દુનિયામાં બીજે નથી. માટે જ ભારતનું ભાવિ ઉજ્જવળ છે અને ભારત જ દુનિયાને બચાવવાવાળો દેશ થશે એવી મારી અચલ શ્રદ્ધા છે.

આમ, નવ દિવસ સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વિવિધ વિષયનાં વ્યાખ્યાનો દ્વારા આત્મચિંતન કરવાની સુંદર તક સાંપડી હતી. આયોજકોએ એનું કાળજીપૂર્વક આયોજન કર્યું હતું. આ પ્રસંગે વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેવાની મને જે તક આપવામાં આવી અને મારા કાર્યમાં સંઘના સભ્યો, સમિતિના સભ્યો, હોદ્દેદારો, કર્મચારીઓ, સંગીતકારો, શ્રોતાઓ અને વ્યાખ્યાતાઓ તરફથી મને જે પ્રેમભર્યો સહકાર સાંપડ્યો તે માટે તે બધાનો અંતઃકરણપૂર્વક હું આભાર માનું છું. —રમણલાલ ચી. શાહ

પંચમઢી

[૧]

"અરે બાપ રે, રાતના સાડાબાર થઈ ગયા!" પંચમઢીના સૂમસામ બસ–સ્ટેશને ખોંચતાં પહોંચતાં મારા મોંમાંથી પ્રથમ ઉદ્‌ગાર તો આ જ સરી પડે છે.

ગરમીના દિવસો અને લાં...બી-ધીમી ગતિના સમાચાર જેવી–મુસાફરીનો થાક ને કંટાળો તો શરીરમાં ભર્યો જ છે. એમાં આ મધરાતને સમયે અજાણ્યા સ્થળે ચક્લું પણ ન ફરકે ત્યાં ઉતર્યા છીએ. બસ-સ્ટેશનથી ત્રણેક કિલોમીટર આવેલી અમારી ન્યુ હોટેલ પર આટલા સામાન સાથે પહોંચવું છે- પણ કોઈ વાહન કે મજૂર વગર જવું કેવી રીતે? મુસાફરોમાં પણ અમે છ જ છીએ. બીજા બેત્રણ ત્યાંના સ્થાનિક લોકો છે.

પણ હાશ, ડ્રાઈવરને સમજાવતાં એ વળી મા'ન્યો અને એક બીજી મીની બસમાં અમને બેસાડીને છેક હોટેલ પર ઉતાર્યા. આખી બસ અમારી, પણ ભાડું માત્ર જણ દીઠ આઠ આના! "સસ્તું ભાડુને સિદ્ધપુરની જાત્રા!" પંચમઢીની આંતરિક અવરજવરમાં વાહનોની ખેંચ, તેમજ તે નિવારવાના માનવતાભર્યા પ્રયાસોના સુખદ્ અનુભવે અમારો પંચમઢી–પ્રવેશ શરૂ થાય છે.

આ પ્રથમ દર્શને પંચમઢી તો ગાઢ અંધારામાં આવરેલું છે અને આંખોમાં પણ ઊંઘનાં થર પર થર ઊતરી આવે એમ છે. એટલે આ નવા ને ક્રમ-પ્રતિષ્ઠિત ગીરિમથક અંગેનું કૌતુક મનમાં સમાવીને અમે વ્હેલામાં વ્હેલી તકે ઊંઘમાં ડૂબી જઈએ છીએ.

આછી મીઠી ઠંડક સાથે સવારનાં કુમળાં કિરણો મારાં પોપચાં ઊંચકે છે ત્યારે આંખોમાં કૌતુક ને તાજગી ભર્યાં છે. નવું સ્થળ પ્રથમવાર જોઈએ ત્યારે જે રહસ્યોના પડદા એક પછી એક ઊંચકાય છે તેનું સંવેદન કેવું મધુર હોય છે! એટલે જ જ્યારે પ્રવાસમાં જઈએ ત્યારે હું નવા સ્થળે જવાની આગ્રહી હોઉં છું.

પંચમઢી જવાનું વિચાર્યું ત્યારે અમને ત્યાં કેમ જવાય એ પણ ખબર ન હતી. મુંબઈના એક મિત્રે જણાવ્યું કે કાશી-એક્સપ્રેસ અથવા કલકત્તા મેલમાં મુંબઈથી ભૂસાવળ થઈને પિપરિયા પહોંચો. ને પિપરિયાથી બસમાં લગભગ બે કલાકે પંચમઢી પહોંચો. પણ અમે તો અમદાવાદમાં એટલે નકશો લઈને બેઠાં અને નક્કી કર્યું સાબરમતિ એક્સપ્રેસમાં ભોપાળ પહોંચવાનું. આમ તો ૧૯ કલાકે સીધ્ધા ભોપાળ પહોંચાય. પણ એક્સપ્રેસ ટ્રેન લોકલ જેવી, અને વળી ચાર કલાક મોડી. ભોપાળમાં ત્રણેક કલાક કાઢ્યા બાદ પંચમઢીની બસ મળી. એણે પણ (એટલા જ પૈસામાં!) વધુ કલાક બેસાડ્યાં અને અમે સાત કલાકે–આગળ જણાવ્યું તેમ મધરાતે–પંચમઢી પહોંચ્યાં–૩૫૦૦ ફીટની ઊંચાઈ પર!

મધ્યપ્રદેશમાં હોશંગાબાદ જિલ્લામાંથી પસાર થતી સાતપુડા પર્વતમાળામાં એક "પ્લેટો" (સમથલ ભૂમિ) પર પંચમઢી એક વખતે મધ્ય પ્રદેશની રાજધાની હતી. અત્યારે એ ગીરિમથક છે. લઘુ પ્રતિષ્ઠિત હોવાને લીધે એ અન્ય ગિરિમથકોથી ઓછું વિકસેલું છે.– છતાં સામાન્ય રીતે જરૂરી ગણાય એવી બધી સગવડો સચવાય એવી હોટેલો, ધર્મશાળા તથા બંગલાઓ ત્યાં છે. નથી માત્ર પ્રવાસીઓનો ધસારો! અને હા, એટલે જ ત્યાં કેવી સુંદર શાંતિ અનુભવાય છે! ત્યાંનું જીવનધોરણ પણ મધ્યમ કક્ષાનું હોવાથી ખર્ચાળ નથી. અમે ઉતર્યા છીએ તે હોટેલમાં એક મોટો રૂમ, સાથે એક નાનો રૂમ, બાથરૂમ, જાજરૂ તથા મોટો વરંડો. એવા એક બ્લોકના રોજના માત્ર રૂા. ૫/૨૫ લે છે. જમવાના એક થાળીના રૂા. ૩/૫૦ છે. અને જમવા-રહેવાનું એકંદરે સારું જ છે આથી વધુ સગવડોવાળી હોટેલ, બંગલા, ધર્મશાળા વગેરે પણ રહેવા માટે મળે છે.

આ પંચમઢીનો વધારે ઉપયોગ લશ્કરી તાલીમ માટે થયો છે ને થાય છે. પ્રવાસીઓને ગીરિમથક તરીકે પંચમઢી ભલે શોધવું પડે, પણ આપણા પાંડવોએ મહાભારતના સમયે એ શોધી કાઢેલું! એમના ગુપ્તવાસમાં તેઓ આ સ્થળે પાંચ ગુફાઓમાં (પંચ-મઢીમાં) રહેલાં એટલે પૌરાણિક દૃષ્ટિએ પંચમઢી મહત્ત્વનું છે. અમારી ન્યુ હોટલના વરંડામાંથી થોડે દૂર આવેલી એક ટેકરી ને એની પાંચ ગુફાઓ દેખાય છે. આ પાંચ ગુફાઓ એ જ "પંચમઢી." અંગ્રેજોએ આ નામને બગાડીને "પછમઢી" (Pachmarhi) કર્યું છે! પણ વળી પાછું એ નામ તેમ જ પંચમઢીના વિવિધ સ્થળોમાં નામોનું સંસ્કૃતિકરણ થયું છે અને પંચમઢીને સુંદર નામોનો લાભ મળ્યો છે. આ "પંચ-મઢી"ની ગુફાઓ ટેકરીની અધવચ્ચે છે. અને કોતરકામની દૃષ્ટિએ તદ્દન સાદી છે. પણ ટેકરીની ટોચ પર આવેલી બેઠકો પર બેસીએ ત્યારે પર્વતોના ખોળામાં આવેલું આ ગામ તથા આસપાસનાં દશ્યો જોવાની મઝા આવે છે. છેલ્લું ચોમાસું શુષ્ક જવાથી આ વખતે હરિયાળી થોડી ઝાંખી છે. છતાં આખા દશ્યમાં પ્રસરેલી લીલાશ આંખને ટાઢક આપે છે. એમાં વળી આથમતાં સૂર્યની સોનેરી સુંવાળપ એ પર પથરાય છે ત્યારે મનમાં મધુર શાંતિ છવાઈ જાય છે. જાણે કે પરમ પિતાની વત્સલ દૃષ્ટિ માણતી સૃષ્ટિ પણ પૂર્વાના સ્વરોમાં તરી ના રહી હોય!

પ્રવાસનો થાક ઉતારતાં ઉતારતાં પહેલે દિવસે તો આ પાંડવગુફા, જાહેર બાગ-બગીચા, ફાલ્ટેરિયા વગેરે જોઈને અમે સંતોષ માન્યો. આ વિસ્તારમાં એક સંગીત-સાધના મંદિર, ચર્ચ, લશ્કરી તાલીમ-કેન્દ્રો વિગેરે શહેરી વાતાવરણ સર્જે છે. પણ એની શુષ્કતા બાગનાં રંગબેરંગી ફૂલો તથા જ્યાં ત્યાં કલરવતાં પંખીડાં મનને પ્રફુલ્લિત કરે છે. અમારા પક્ષીપ્રેમી બહેન ચારુને બટુકભાઈ (અને એની અસરમાં અમે પણ) અવનવાં પક્ષીઓને જોયાં જ કરે છે. બાયનોક્યુલર એમને ઝાડ પર પણ "ચઢાવી" દે છે ને ઢાળ પર પણ "ઉતારી" દે છે! આ જાહેર બાગમાં એક સરકારી દુકાન છે કે જ્યાં શાકભાજી તેમ ફળફળાદિ વ્યાજબી કિંમતે વેચાય છે.

છતાં બાગ-બગીચાનો વિસ્તાર વધારે તો માનવસર્જિત સૌંદર્ય માણવા દે છે, નૈસર્ગિક નહીં. આવી સુંદરતામાં પણ "અભિસાર કુંજ" (Honeymoon huts) ધ્યાન ખેંચે એવા છે. નાનકડા કળામય ઘુમ્મટના આકારના આ મકાનોની બહારની ભીંત પર માટીનું સ્તર કરીને ઘાસ ઉગાડ્યું છે. એના નાના કદમાં પણ ઘરને જરૂરી બધી સગવડો છે. બહાર નાનકડો બાગ, કુંડ ને કુંડમાં બતકો; દરવાજે પણ જાણે કે રમકડાનો. અહીં 'હનીમુન' પર ન આવ્યાં હોય તેવા લોકો પણ રહી શકે છે, પણ ભાડું રોજના રૂા. ૩૦/- એના આકર્ષક દેખાવે હનીમુન પર આવનારા જરૂર આકર્ષાય તો ખરા! હંમેશા માટે રહી ન જાય તે જ જોવાનું! પરંતુ નિસર્ગ સૌંદર્યના ખરા શોખીનોને આ વિસ્તારથી પૂરો સંતોષ તો ના જ થાય! અમારી આંખો પણ દૂર દૂરનાં શિખરો પર ઘૂમવા માંડી છે. આ સ્થળોના અંતરને લીધે બધે સહેલાઈથી પહોંચાય એવું નથી. પણ "ટૂરિસ્ટ બ્યુરો"એ ત્રણ યાત્રાઓ Guided towns ગોઠવી છે. અહીં બસ લગભગ નિયમિત રીતે જાય છે તેમ જ ટેક્ષી અને જીપમાં પણ જઈ શકાય છે. આમાં અગાઉથી રિઝર્વ કરાવો તો સારું પડે. કોઈ વાર ક્મનસીબે ધસારો વધી જતાં તકલીફ પડે. પંચમઢીમાં આંતરિક વાહનવ્યવસ્થાને અભાવે આ ગોઠવણી સારી લાગે છે. આ સિવાયનાં સ્થળોએ જવા માટે તો પદયાત્રા જ કરવાની. અને પગ એ માટે તૈયાર થાય પછી તો આનંદ જ છે. આવી યાત્રાઓ આકરી લાગે પણ એના થાકને વિસરાવી દે એવી વનશ્રી ચોગરદમ વિવિધરૂપે પથરાયેલી છે.

આવાં પરિભ્રમણોમાં યાદ રહી ગયાં એવાં કેટલાંક સ્થળોની વાત કરું?

અપ્સરા–વિહાર અને રજતપ્રપાત તથા રસ્તામાં આવતું સૂદૂર-દર્શન અને Rock-paintings (કોતરોમાં ચિત્રકામ) અમારા પહેલા પરિભ્રમણના લક્ષ્ય હતાં. અરે આ નામો તો જ જુઓ! કેવાં સંસ્કૃતમય અને કલ્પનાપ્રેરક છે! વનશ્રી–વિહાર, ધૂપગઢ, શૈલાંજલિ, પ્રિયદર્શિની, એકાંતગીરી, વાત્સલ્ય, પાવસ-પ્રપાત, જટાશંકર–આવાં કેટલાં નામો અને એને અનુરૂપ સૌંદર્ય ધરાવતાં ધામો છે.

અમારી પહેલી પદયાત્રા અમારી હોટલથી લગભગ ચાર કિ.મી. દૂર આવેલા અપ્સરા-વિહાર માટે શરૂ થઈ ત્યારે ઉત્સાહપૂર્વક કદમ માંડ્યાં. પણ આ રસ્તે ચઢાણ ને ઉતરાણ જ વધારે છે. લગભગ આખો રસ્તો રાળ-વૃક્ષો તથા આંબા વગેરેનાં વૃક્ષો સાથે આપે છે. એનાં પહોળાં લીલા પાન આપણને તડકો ચાળી ચાળીને આપે છે એટલે ગરમી નથી લાગતી. પણ એ પાન સૂકાઈ સૂકાઈને નીચે પડતાં રસ્તો લપસણો કરી દે છે. અહીં અમારી સાથે ભોમિયો કે કેડો નથી – "ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા" જ માણવાનું છે. અને નાનામોટા પથ્થરો તથા પાંદડાઓમાં સમતુલા જાળવવી મુશ્કેલ છે. કેડો નથી પણ એનો અણસાર મળી રહે છે. પણ પગને ટેકવતાં ગોટલાં (પગના, ફોનના નહીં!) કઠણ થતાં જાય છે. સૂર્યકાન્તને આ ઉતરાણ આકરું લાગતાં કંટાળે ને ફરિયાદો પણ કરે છે, વળી

બધાને વાદે વાદે ચાલવા માંડે છે અને ચારુ ને બટુકભાઈ પક્ષીઓ જોવાને નામે થાક પણ ખાઈ લે છે–એક કાંકરે બે પક્ષી મારે નહીં, પણ માણે છે! આશિષ આગળ આગળ રસ્તો શોધે છે ને ક્યાંક Rock-paintingsનો ફાંટો ચૂકાય નહીં તેનું ધ્યાન રાખે છે. (જો કે ઓ તો પછી બાકી જ રહે છે) હું ને દર્શન બધો "ખેલ" જોતાં જોતાં આગળ વધીઓ છીઓ.

આમાં વચ્ચે રસ્તો ડાબી બાજુઓ ફંટાયો અને અમે એ દિશામાં ગીચ ઝાડી વચ્ચે આગળ વધ્યા. ઠીક ઠીક ચાલ્યાં ત્યાં કેડીઓ એક બાજુએથી ઓનો વનકીનો પડદો એકદમ ખોલી કાઢયો! અને નજીકની ખીણો સાથે સાથે દૂરના ને સુદરના પર્વતોની હારમાળા સામટી દેખાઈ–અરે, આ તો સુદૂર દર્શન છે! આંખો જોતાં ધરાય નહીં ચોવું આ વિરાટદર્શન ઓના નામને યોગ્ય જ છે! વળી બાઈનોક્યુલરથી દૂરના પહાડ પણ નજીક આવી જાય છે. જાણે કે આપણી સાથે વાત કરવા ના માંગતા હોય! (અને હા, ઊંધી બાજુથી જોતાં નજીકના દૂર પણ થઈ જાય છે.!)

પણ અહીં કંઈ બેસી રહેવું નહીં પાલવે! આપણે તો વગર પાંખે અપ્સરા–વિહાર કરવો છે. કરો આગેકૂચ–થોડી મજા, થોડો કંટાળો ને થાક પણ ખરો! છતાં નીચે ઉતરતાં ગયાં–ક્યાંય પાણીનો ધોધનો–અવાજ સંભળાય છે ખરો? અને હા ... અંતે એ અવાજ આમારા કાનને ને હૈયાને પુલકિત કરતો સરી આવ્યો! અને એ તાલબદ્ધ અવાજને પગલે પગલે આવ્યું ઝરણું,–કાળી ઊંચી ભેખડો વચ્ચે દૂધ જેવું ધોળું હસતું કલ્લોલતું ઝરણું–ઉમાશંકરને "રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી–પણ આ ઝરણાને એવી વેદના નથી. એ તો હવે શિશુવયમાંથી કૌમાર્યમાં કૂદવા પણ માંડયું છે. અને એવે સમયે તો ઓના ધોધ-સ્વરૂપનો થનગનાટ છે. પચ્ચાસેક ફૂટ ઊંચી ભેખડેથી ઝંપલાવતાં આ ધોધના આનંદમાં અમે પણ ભીંજાઈઓ જ ને? આ પાણીનો જે ઊંડો કુંડ સર્જાય છે તે જ અપ્સરા-વિહાર! અમે ઓને સામે છેડે ઊભાં ઊભાં આ સ્થળને માણીઓ છીઓ. ચારે તરફથી ઝૂમી રહેલી હરિયાળીનો લીલો, ઓ પાછળ ડોકાતી ભેખડોનો કાળો, ઉપરથી નિહાળી રહેલા આકાશનો ભૂરો અને એ બધામાં અદ્‌ભૂત દીપી ઉઠતા ધોધનો દૂધિયો રંગ–

"યે કોન ચિત્રકાર હૈ? યે કોન ચિત્રકાર?"–ઓવો પ્રશ્ન ગૂંજાવે જ ને?

આમ આ ચિત્રને ધરાઈને માણતાં હોવા છતાં મનને કશીક અધૂરપ બાકી રહી છે. આ ધોધ દૂર ઊભાં ઊભાં જોવાથી શું વળે? આમારે તો વચ્ચેનો કુંડ તરીને ધોધ સુધી પહોંચવું છે ને ઓની ઝાપટો ઝીલવી છે. કુંડમાં એક-બે જણાં તરી રહેલાં. એ સાથે આશિષે તો ઝંપલાવી દીધેલું. મને ક્ષોભ આડો આવતો હતો, પણ ચારૂએ પહેલ કરી અને પછી તો પહેર્યે કપડે મેં પણ ઝંપલાવ્યું અને મારી સાથે દર્શને પણ. કુંડમાં ઊંડા પાણી પણ હતાં. પણ મને ઓનો વાંધો નહોતો. બલ્કે ઘણાં ઘણાં વખતથી તરવાની ઈચ્છા અધૂરી રહેલી તે મન ભરીને પૂરી કરવા મળી. દર્શનનો વિશ્વાસ જરા ઓછો હતો, પણ મેં ઓને જરા ટેકો આપ્યો તેથી એ પણ છેક પહોંચ્યો–આહા! તરવામાં ને ધોધ નીચે ઓની મસ્તી માણવામાં જે આનંદ આવ્યો છે તે આખા પ્રવાસમાં સૌથી યાદગાર બન્યો છે. ધોધ સાથેનું તાદાત્મ્ય પણ ત્યારે જ લાગે કે જ્યારે ઓનાં નર્તતા નીર આપણાં શરીર પર તાલની થાપટો મારે–અને ઓને મધુરઘેરો ઘુઘવાટનું સંગીત પણ ત્યારે જ પૂરું માણી શકાય ને?

અપ્સરા–વિહારથી ઘેરાઈને ભીંજાયાં પછી બહાર તો નીકળ્યા પણ બદલવાનાં કપડાં કોણ લાવેલું? પણ સૂર્ય અને પવનની મદદ તો હતી ને? થોડે ઉપર ચઢતાં ચઢતાં જ કપડાં આપોઆપ કોરાં પડી ગયાં. માત્ર મનની 'ભીનાશ' જ બાકી રહી. પણ એ સ્વાદ તો દાઢમાં પણ સંઘરી રાખવો હતો?

ઉપર ચઢતાં ચઢતાં આશિષે કહ્યું કે અહીંથી દસ જ મિનિટને સીધ્ધે રસ્તે રજત–પ્રપાત આવશે. મોઢું તો થયું હતું, પણ આ તક કેમ જવા દેવાય? અને અમે દિશામાં ફંટાયાં.

રજત-પ્રપાત એટલે કે "ચાંદીનો ધોધ"–આ નામ જ આમને આકર્ષવા પૂરતું હતું. અપ્સરા–વિહારનો આનંદ વાગોળતાં વાગોળતાં આમારો રસ્તો ઘડીકમાં પૂરો થયો અને અમે આવીને ઊભા પર્વતોના એક નવા ઊઘાડ પાસે–મોટા મહાલયોમાં જેમ ઝરૂખા હોય છે તેમ આવા ઊઘાડ આપણને બહારની ને દૂરની સૃષ્ટિનું અવનવું દર્શન કરાવે છે. પણ અહીં તો સામેના પર્વતો જ નથી. અહીં જમણી બાજુએ તો જુઓ! ઊંચા પહાડ પરથી લગભગ ૩૫૦ ફીટની ઊંચાઈએથી કેવો રૂપેરી ધોધ એક સરખો નીચે સરકયે જાય છે, પડયે જ જાય છે! આખો ધોધ અહીંથી સળંગ જોવા મળે છે. એ છે તો પાતળો પણ કેવો સુંવાળો, રૂપાળો છે! ઓની રૂપેરી શીકરો ઊડે છે–ચારે બાજુ ફેલાય છે. જાણે કે પેલી અપ્સરાઓ નાહીને વાળ સૂકવતી હોય. એની અલકલટો! આ ધોધને લીધે પહાડના એ ભાગના ખડકોનો રંગ ભૂખરો ને કાળો હોવાનો બદલે કેવો લાલ-લીલો લાગે છે! કઠોર પર કોમળના પ્રેમાક્રમણથી પાષાણને પ્રપાતનું નવું સૌંદર્ય ધરે છે કે શું! અને ઓના પ્રવાહ પર સૂર્યકિરણો સ્પર્શતાં તો સૌંદર્યની પરાકાષ્ઠા સર્જાય છે. પાણી પર થતી ઈંદ્રધનુનાં ઓ રંગોળીઓ પર તો નજર જામી જ જાય ને?

બીજા વિશાળ ધોધ પણ મેં જોયા છે, પરંતુ આ પાતળા ધોધનું કોમલાંગી સૌંદર્ય મનને ખૂબ પુલકિત કરી દે છે. ઓનાં પ્રેરક સ્મરણો સાથે પાછાં વળતાં ચાર કિ.મી.નું ચઢાણ–એવી જ કપરી કેડીઓ છે, પણ આકરું નથી લાગતું. કંઈક અદ્‌ભૂત જોયાની સાર્થકતા મનને નિતનવીન તાજગીથી ભર્યાં કરે છે.

અને ઘેર પહોંચ્યા પછી જ ખ્યાલ આવે છે કે પગનાં ગોટલાં એવા જામ્યા છે કે રહેવાના ખાંડથી નીચે ઉતરીને જમવા જવું પણ અઘરું લાગે છે.

એટલે બીજા દિવસનો પ્રવાસ અમે પંચમઢીની ગાઈડેડ ટૂરમાં મહાદેવ જવાનો ગોઠવ્યો. અમે રાતે રિઝર્વ તો કરાવેલું. છતાં બસ જ્યારે ન્યુહોટેલ આવી ત્યારે પૂરી ભરેલી. આમને તો જેમતેમ ચઢીને ઊભાં ઊભાં ગોઠવાયાં. વળી આમને બેઉ બહેનોને બેઠકના હેન્ડલ પર બેસવા મળ્યું. આમારી સાથે આગલી રાતે "રિઝર્વ" કરાવનાર બીજા પ્રવાસીઓને તો બસ બહાર જ "રિઝર્વેશન" મળ્યું! રસ્તા પર! (ત્યાંના વાહનવ્યવહારની આ જ તો બલિહારી!)

આમારી બસ પંચમઢીના વૃક્ષાચ્છાદિત માર્ગો વીંધવા માંડી ત્યારે નવાં દશ્યોના નવ-આનંદમાં પાછાં લીન થઈ ગયાં. પર્વતના ગોળ, અર્ધગોળ ઉતરાણો ને ચઢાણોમાં મન પણ ઉતરચઢ કરવા માડયું, અને અમે ચાલીસેક મિનિટ બાદ આવીને ઊભાં એક મોટી ગુફાની નજીક! મહાદેવ! મેં ધારેલું કે અહીં મોટું શીવલીંગ હશે અને લોકો સ્નાનપૂજા વગેરેથી પોતાની શ્રદ્ધા સંતોષતા હશે. હા, ઓ તો અહીં છે જ! ઓમાં મને રસ નથી. પણ અહીં ઓથી વિશેષ કંઈક છે. મોટી પહોળી ગુફાના દરવાજાથી મોટો કુંડ શરૂ થાય છે. આ કુંડ તથા ગુફામાં ઠેરઠેર ઝમતા (શંકરના શીર પર ટપકે તેમ) કંડાગાર ટીપાઓથી ગુફામાં જોરદાર એર-કંડિશનિંગ કર્યું હોય તેવી શીતલ હવા છે. કુંડ ફરતી જગ્યામાંથી ચાલતાં ચાલતાં ગુફાના છેક ઊંડાણમાં જાઓ ત્યારે મહાદેવનું લિંગ આવે. ઓનું સ્થાન ઓના વિશિષ્ટ વાતાવરણને લીધે ગૂઢ લાગે છે. અને આ કંઈ માનવની રચના નથી, પણ કુદરતની કરામત છે.

પણ આ કરામતની વધુ વિશેષતા જોઈ-ગુપ્ત મહાદેવમાં! મહાદેવથી લગભગ પોણા કિ.મી.ના અંતરે મહાદેવ પેલા પાંડવો જેમ ગુપ્તવાસમાં જાય છે કે શું? ખરેખર આ ગુપ્તવાસને લીધે મહાદેવ ઘણા રહસ્યમય લાગે છે. આ સાંકડી ગુફામાં ખડકની બે દિવાલો વચ્ચે માંડ બે ફૂટ પહોળો ને સો-દોઢસો ફૂટ લાંબો રસ્તો છે. આ "વન–વે ટ્રાફિક" અંધારિયો તો ખરો જ, અને એક સાથે એક માણસ પસાર થઈ શકે એવો સાંકડો છે. બેટરી વગર તો આંધળા જ થઈ જવાય. સૂર્યકિરણો માટે પણ જાણે અહીં જગ્યા નથી! શંકર ભગવાનને સ્થૂળકાય ભકતો પસંદ નહીં હોય, એટલે અહીં ઓછા ઘેરાવાવાળાને જ અવકાશ છે. બહુ મુશ્કેલીઓ છેક ઉંડાણમાં પહોંચીએ ત્યારે દીવાને અજવાળે શીવલીંગ દેખાય. ગુફાની આવી આગવી રચનામાં લીંગ સ્થાપનાર ને પૂજનાર બેઉને ધન્યવાદ આપીને અમે પાછાં ફર્યા–મનમાં કોઈક નૈસર્ગિક રહસ્ય ઉકેલ્યાની તૃપ્તિ સાથે–આમારી બસ પાછી પેલા સાપોળીયા જેમ વળાંકો ચઢવા માંડી. [ક્રમશઃ]

–ગીતા પરીખ

ઘા પર રૂઝ લાવે છે : પ્રાર્થના

હું કેન્ટીનમાં પ્રવેશ્યો ત્યાં જ ત્યાંની હોસ્ટેસ મારી પાસે દોડતી આવી, કહે સારું થયું તમે આવ્યા તે ફાધર, ક્યારની હું તમારી જ વાટ જોતી હતી.

એવું તે શું કામ પડ્યું તુ મારું?

તમારું જ કામ છે, તમેજ કરી શકશો, જુઓ સામે દૂર બેઠેલો પેલો યુવાન, ક્યારનો એ જ ખૂણામાં ચૂપચાપ બેઠો છે, આંખો બંધ છે, અનહદ દુ:ખના ભારથી દબાયેલો લાગે છે, હાથની મુઠ્ઠીઓ બંધ છે, અમે એને બોલાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ જવાબ જ આપતો નથી, આવ્યો છે ત્યારથી આમ જ બેઠો છે, સુનમુન...

હોસ્ટેસની વાત સાંભળતા લાગ્યુ કે યુવાનને કોઈ જબરો આઘાત લાગ્યો હોવો જોઈએ, હું એની પાસે ગયો, ધીરેથી એના ખભાને સ્પર્શ કર્યો એણે આંખો ન જ ખોલી, બેઠો જ રહ્યો એક પુતળા જેમ જ, હું ત્યાં બેઠો, થોડીવારે એને બોલાવવાનો પ્રયત્ન કર્યો, કશો જ જવાબ નહિ છતાં હું બોલ્યે જ ગયો, ક્યાંથી આવ્યો છું? અહીં પહેલી જ વાર આવ્યો લાગે છે, અહીં કોઈને જાણતો નથી કે શું? હું ઓળખાણ કરાવું ? એમ જાત જાતના પ્રશ્નો પૂછ્યા પરન્તુ એણે મહામુસીબતે જવાબ આપ્યા, એક જ શબ્દમાં, હા કે ના... હું જોઈ શક્યો કે એ કોઈ સાથે વાત કરવાને રાજી નહોતો.

રાત વીતતી જતી હતી, નૃત્ય કરનારા જવા લાગ્યા હતા, હોલ લગભગ ખાલી થઈ ગયો હતો, અમે બે જ બેઠાં હતા, મેં કહ્યું, જુવાન તું આમ કેમ બેઠો છે? કેમ કંઈ બોલતો નથી! શું કારણ છે તારા મૌનનું! લાગે છે કે તું અસંખ્ય વેદનાનાં ભાર નીચે દબાઈને બેઠો છે, જો કે તારી, અંગત વાતમાં મારે પડવું ન જોઈએ છતાં મને લાગે છે કે તું કંઈ કહે, તારી વાત જાણું તો કદાચ હું તને સહાયભૂત થઈ શકું. તારા મોં પરથી લાગે છે કે તું ઘણા દાડાથી આ ભાર સહી રહ્યો છે, નથી કંઈ ખાધુપીધુ કે નથી ઊંઘી શક્યો.

મારી વાત સાચી છે?

હા ખરું છે.

કારણકે તારા દિલમાં દુ:ખ ભર્યું છે, વેદના છે, અશાન્તિ છે, જો કોઈને કહે તો તારા હૈયાનો ભાર જરા હળવો થાય, કદાચ તને થોડુ સારું લાગે, જો હવે તો આ હોલમાં તારા અને મારા સિવાય બીજું કોઈ નથી, તારી મુશ્કેલી મને ન જણાવશે?

અને મારી કેટલી સમજાવટ પછી એણે એની વાત કહી તે વાત આ છે. એણે કહ્યું કે "હું અમુક જગ્યાનો રહેવાસી છું, ત્યાંજ મોટો થયો, ત્યાંજ ભણ્યો અને ત્યાંજ પાડોશમાં રહેતી એક છોકરી જેનું નામ લુઈ એની સાથે પ્રેમ થયો, સદ્‌ભાગ્યે બન્નેના મા-બાપ પણ મિત્રો, તેથી સંબંધમાં આડખીલીરૂપ ન બનતા સંમત થયા અને અમારો વિવાહ નક્કી થયો."

"દરમ્યાન યુદ્ધ થયું, હું શીપ પર ગયો, ત્યાંથી લુઈને પત્ર લખતો હતો, લગ્નને હવે થોડા જ દિવસો બાકી હતા, તેથી શીપ પરથી રજા લઈને હું ગામ આવ્યો, લગ્ન થઈ ગયા, અને એની ખુશાલીમાં એના મા-બાપ મોટી પાર્ટીનું આયોજન કર્યું. બીજે જ દાડે અમે હનીમુન પર જવાના હતા, પરન્તુ ફરજ પહેલી, અને તે ફરજ એ કે હું ગામમાં આવ્યો છું, તે ખબર મારે એડમીરેલીટીમાં આપવાના હતા તે ખબર આપવા ગયો અને થોડીજ વારેમાં પાછો આવ્યો, ત્યાં મેં જે જોયું તે..."

આ વખતે વાત કરતા એ અટકી ગયો, એણે હૃદયભેદક ચીસ મારી, અને સાથે જ રોકી રાખેલા અશ્રુની ધાર ચાલી, એ ડૂસકા ભરતાં બોલ્યો ફાધર મનાતું નથી, ફાધર એ દશ્ય ભૂલાતું નથી.

આવા વખતે હું શું બોલું! જાણતો નથી કે એણે શું જોયું, પરન્તુ એટલું તો જાણી શક્યો છું કે એણે એવું કંઈક જોયું છે કે એના દુ:ખનો ઓથાર હજીયે એવોને એવો જ છે, ઉપરાંત એ સમય પણ યુદ્ધનો હતો, તેથી ગમે તે બની શકે અને હું કંઈ આગળ વિચાર કરું તે પહેલા એણે કહેવાનું શરૂ કર્યું.

એણે કહ્યું કે "ફાધર જ્યાં મીજલસ જામી હતી, પાર્ટી હતી, રંગરાગ હતા, આનંદપ્રમોદ હતાં, જ્યાં મારા અને લુઈના માતાપિતા હતા, ત્યાં ફાધર ત્યાં હું ગયો ત્યારે કોઈ જ નહોતું, ફાધર, ત્યાં હતો ખાડો ત્યાં નહોતી મારી લુઈ મારા મા-બાપ ઘરબાર કે કોઈ સગું-વહાલું. ત્યાં હતા આગના ભડકા, મોટા ખાડા, છૂંદાયેલા અર્ધા બળેલા શબો, ફાધર, કોઈનું આખું શરીર પણ રહ્યું નહોતું.

ફરી એજ કારમું રૂદન, આને તે કઈ રીતે આશ્વાસન આપવું? બોમ્બે તારાજી સર્જી હતી, એની આખી દુનિયા સળગાવી દીધી હતી, આવા દુ:ખમાં ક્યા શબ્દો એને આશ્વાસન આપી શકે? હું મૂંઝાયો, ચૂપ રહ્યો, એ આંસુ સારતો બેઠો હતો અને હું વિચાર કરતો, લગભગ પંદર મિનિટ એમ જ વીતી ગઈ હશે, આખરે મેં કહ્યું યુવાન, તું મારે શેર આવીશ? મારો દીકરો પણ આર્મીમાં છે. શેર નથી, તું અમારા પુત્ર જેવો જ છે, એનો રૂમ ખાલી છે, તારી વાટ જુએ છે, મારી પત્ની પણ તને જોઈને ખુશ થશે આવીશ?

ના, આભાર.

પણ શા માટે નહિ? જો તું કહેતો હો તો આ ફાધરના વાઘા ઉતારી નાંખુ, સાદો વેષ ધરી લઉં, તું કહેતો તારી સાથે ફરવા આવું, તું કહે તો પીક્ચર જોવા જઈશું, મારી કાર નીચે છે, ચાલ તારું મન બીજે વળે તે માટે...

ના. આભાર.

ફરી એટલા જ શબ્દો, મેં કહ્યું ચાલ ડ્રાઈવ પર જઈએ, તને સારું લાગશે, પછી તું કહીશ ત્યારે તને તારા શીપ પર પહોંચાડી દઈશ, કદાચ ઠંડી હવાથી ખુલ્લા વાતાવરણથી તને સારુ લાગે.

ના, આભાર.

આને શું કહેવું! થોડીવાર હું ચૂપ રહ્યો, પછી પૂછ્યું યુવાન, તને ધર્મમાં, ઈશ્વરમાં શ્રદ્ધા છે?

હતી, હવે નથી.

સમજી શકાય છે, પણ તું નાનો હતો ત્યારે ચર્ચમાં જતો હતો ખરો?

હા, અને ગાતો પણ હતો.

ઓમ! મજાનું, તો તો તને કોઈ હીમ્સ યાદ હશે જ.

બધી જ.

મજાનું, તારી ખાસ ફેવરેઈટ હીમ કઈ.

Lead kindly light :—

અત્યારે એ ગાઈ શકે?

ખબર નથી.

પ્રયત્ન તો કરી જો, ચાલ આપણે સાથે ગાઈએ.

અને એક મેં ક્ષણ જ સાથ આપ્યો, એ જ ગાતો હતો. પરન્તુ બેઠો હતો તેમ સ્થિર બેસીને જ કશાય હલનચલન વિના. લાગે કે મોંઓ જ ગાતો હતો, હૃદયથી નહિ જ, પરન્તુ ધીરે ધીરે ઓના અવાજમાં પરિવર્તન આવ્યું, દેહમાં ચેતન આવ્યું, મોં પરના ભાવ બદલાયા, ને અંદરથી શબ્દો સરવા લાગ્યા. "Lead kindly light amid the encircling gloom, The night is dark and I am far from home

અને એ ગાતા આંખો ખોલી, દૂર દૂર ક્ષિતિજમાં જોઈ રહ્યો અને ગણગણ્યો I have no home, કરતા રડી પડયો. જરા શાન્ત થતાં મેં ફરી હીમ શરૂ કરી, અને એણે ખુલ્લા દિલે જાણે કે ઉપરવાળાને, ઈશ્વરને સંભળાવી રહ્યો હોય તે રીતે ગાવા માંડ્યુ દિલથી, હૃદયથી, પૂરા ભાવથી અને એક હીમ પૂરી થતાં બીજી શરૂ કરી "Abide with me" અને મેં પણ સાથે ગાવા માંડ્યું એક યુવાનનો અવાજ, એમાં પ્રૌઢનો અવાજ ઉમેરાયો, હીમ પર હીમ ગવાવા લાગી "Keepers fail and comforts free, help of the helpless abide with me."

અને આમ કલાકો વિત્યા, અમને સમયની ખબર જ ન રહી, અને જ્યારે અમે ઉઠ્યા ત્યારે પ્રભાતના સોનેરી કિરણો ફૂટી રહ્યા હતા, યુવાનમાં જામેલો નિરાશાનો અંધકાર હટીને ત્યાં પ્રકાશ છવાઈ રહ્યો હતો, મોં પર શાન્તિ હતી, અને એ કહી રહ્યો હતો ફાધર, લાગે છે કે આજે હું ઊંઘી શકીશ, અને એ શબ્દોથી ખુશી થતાં અમે બન્ને ઘોર નિરાશાના અંધકારમાંથી નીકળીને પ્રકાશ તરફ પગલા માંડી રહ્યાં હતાં.

—લે. ફાધર પિટર : અનુ. રંભાબેન ગાંધી

સંઘના પેટ્રન સભ્યોની યોજનાને અભૂતપૂર્વ આવકાર

[પચ્ચાસની સંખ્યા સુધીના નામો ગતાંકમાં પ્રગટ થઈ ગયા છે. ત્યાર બાદ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન થયેલા સભ્યોના નામો નીચે પ્રગટ કરતા અમો હર્ષ અનુભવીએ છીએ અને અમોને જે રીતનો અભૂતપૂર્વ કહી શકાય એવો પ્રેમાળ સહકાર સાંપડયો એથી અમારા હૃદયો ગદ્‌ગદીત થયા છે અને સૌ પેટ્રન સભ્યોનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. મંત્રીઓ]

૫૧ શ્રી અમૃતલાલ આર. શાહ
૫૨ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા
૫૩ શ્રી વિનોદરાય મણિલાલ શેઠ
૫૪ શ્રી ગુણવંતલાલ મગનલાલ ઝવેરી
૫૫ શ્રી શશીકાન્ત રતનચંદ શાહ
૫૬ શ્રી સેવંતીલાલ શેઠ
૫૭ શ્રી કાન્તિલાલ કેશવલાલ શેઠ
૫૮ શ્રી વી. કે. છાપીઆ
૫૯ શ્રી પ્રવિણચંદ્ર ટી. શાહ
૬૦ શ્રી એક બહેન
૬૧ શ્રી હીરાલાલ ત્રંબકલાલ ડગલી
૬૨ શ્રી ચંદ્રકાન્ત તારાચંદ દોશી
૬૩ શ્રી દામજી મૂળજી દેવશી
૬૪ શ્રી જે. આર. શાહ
૬૫ શ્રી બિપિનભાઈ
૬૬ શ્રી પોપટલાલ ભારમલ
૬૭ શ્રી સનતભાઈ પી. મહેતા
૬૮ શ્રી રતનશી ભીમશી નાગડા
૬૯ શ્રી જમનાદાસ હીરાચંદ વોરા
૭૦ શ્રી ઊર્મિબહેન ડોકટર
૭૧ શ્રી એસ. વી. લાઠિયા
૭૨ શ્રી યોગેશ એસ. લાઠિયા
૭૩ શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી
૭૪ શ્રીમતી રમાબહેન નરેન્દ્ર કાપડિયા
૭૫ શ્રીમતી નિર્મળાબહેન રસિકલાલ માણેકલાલ
૭૬ શ્રીમતી પુષ્પાબહેન જયંતિલાલ ઝવેરી
૭૭ શ્રીમતી ઈન્દુબહેન ઉમેદભાઈ દોશી
૭૮ શ્રી આર. આર. ગાલા
૭૯ શ્રી બિપિન કે. જૈન
૮૦ શ્રી વસન્ત કલ્યાણજી ગડા
૮૧ શ્રી પ્રાગજી વેલજી શાહ
૮૨ શ્રી સુન્દરજી લાલજી ભેદા
૮૩ શ્રી મનહર પ્રેમજી ભેદા
૮૪ શ્રી બાબુભાઈ જયંતિલાલ શાહ
૮૫ શ્રી એક બહેન
૮૬ શ્રીમતી સદ્‌ગુણાબહેન સૂર્યકાન્ત દલાલ
૮૭ શ્રી શ્રી ધનેશભાઈ બી. ઝવેરી
૮૮ શ્રી સેવન્તીલાલ સી. પરીખ
૮૯ શ્રીમતી નંદિનીબહેન કારિયા
૯૦ શ્રી માણેકલાલભાઈ સંઘવી
૯૧ શ્રી શૈલેષ એસ. કોઠારી
૯૨ શ્રીમતી શકુંતલાબહેન અરવિંદભાઈ
૯૩ શ્રીમતી રેખાબહેન હર્ષદભાઈ કાપડિયા
૯૪ શ્રીમતી વિમળાબહેન દમણિયા
૯૫ શ્રી ખીમજી શીવજી
૯૬ શ્રી નવનીતભાઈ અમૃતલાલ મણિયાર
૯૭ શ્રીમતી વિણાબહેન શાહ
૯૮ શ્રી સિદ્ધાર્થ કીર્તિલાલ ભણશાલી
૯૯ શ્રીમતી સૂરજબહેન કોઠારી
૧૦૦ શ્રી અજય જોરમલ મહેતા
૧૦૧ શ્રીમતી નિર્મળાબહેન સુબોધભાઈ શાહ
૧૦૨ શ્રી અમૃતલાલ સી. કામદાર
૧૦૩ એક સદગૃહસ્થ
૧૦૪ એક સદગૃહસ્થ
૧૦૫ શ્રી ચીમનલાલ પી. શાહ
૧૦૬ શ્રી મહેન્દ્રભાઈ ગફુરચંદ
૧૦૭ શ્રી મુકુન્દભાઈ સચદે
૧૦૮ શ્રી કેતન જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧૦૯ શ્રીમતી સ્નેહલત્તાબહેન ચન્દ્રકાન્ત દલાલ
૧૧૦ શ્રીમતી દક્ષાબહેન પ્રમોદભાઈ ઝવેરી
૧૧૧ શ્રીમતી સુવર્ણાબહેન જીતુભાઈ દલાલ
૧૧૨ શ્રી રામજી મૂળજી દેવશી
૧૧૩ શ્રીમતી નિર્મળાબહેન ચોકસી
૧૧૪ શ્રી શૈલેષભાઈ મહાદેવીઆ.
૧૧૫ શ્રીમતી જ્યોત્સનાબેન શેઠ
૧૧૬ શ્રી ધીરજલાલ મોહનલાલ

"પ્રેમળ-જ્યોતિ"ના કાર્યકરોને થયેલા ડૉ. સાંધાણીની માનવતાનાં દર્શન

મધ્યમ વર્ગના એક સામાન્ય કુટુંબના પતિ-પત્નિને ત્રણ નાના બાળકો છે—તેમનું સૌથી નાનું બાળક દસ મહિનાનું છે અને તેને "કુલીઝ એનીમીયા"ની તકલીફ છે. તેને દર મહિને બ્લડ આપવું જ પડે—તેનો ખર્ચ આવા સામાન્ય કુટુંબને કયાંથી પોસાય?

આપણી રકતદાન શિબિરની વિગત તેમ જ એ અંગેની અપીલ એ લોકોના વાંચવામાં આવી. તેમણે 'પ્રેમળ-જ્યોતિ'ના કાર્યકરોનો સંપર્ક સાધ્યો, તેમની ગુશ્કેલી રજુ કરીને વિનંતી ભર્યો પ્રશ્ન કર્યો કે આપ કઈ રીતે મદદરૂપ બની શકો?

પ્રેમળ જ્યોતિના કાર્યકરો એ બહેનને ડૉ. સાંધાણી પાસે લઈ ગયા—વિગત જણાવી. તે સાંભળીને ડૉ. સાંધાણીએ તરત જ કહ્યું કે હૉસ્પિટલ તરફથી જ્યારે જરૂર હશે ત્યારે એ બાળકને વિનામૂલ્યે બ્લડ આપવામાં આવશે.

ડૉ. સાંધાણીના આવા માનવતાસભર નિર્ણયથી શ્રી નીરૂબહેન પ્રભાવિત થયા—તેમના મનમાં આનંદનો ફૂવારો ઉછળ્યો અને મનોમન ડૉ. સાંધાણીને નમન કર્યું—ધન્યતા અનુભવી.

ડૉ. સાંધાણીએ તો તેમની ફરજ બજાવી, પરંતુ સામે આપણી ફરજ આપણને સાદ પાડે છે કે દર મહિને એક વ્યકિત પેલા બાળક માટે જૈન ક્લીનીકમાં જઈને બ્લડ આપી આવે. જેમની આવી ઈચ્છા હોય તેઓ સંઘના કાર્યાલયમાં નામો નોંધાવે.

બીજું, દર મહિને ત્રીશ બાટલી બ્લડની જૈન ક્લીનીકમાં જરૂર છે તેના માટે આપણે અપીલ કરેલી જ છે—તેનો પણ પ્રતિસાદ મળવો જોઈએ. સેવાભાવી અને માનવતાસભર વ્યકિતઓને વિનંતી કરવામાં આવે છે કે બ્લડ ડોનેશન માટે પોતાના નામો સંઘના કાર્યાલયમાં સત્વર નોંધાવીને પ્રેમળ જ્યોતિના કાર્યમાં પ્રેમભર્યો સહકાર આપે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સંગ તેવો રંગ

* અધમ, મધ્યમ ને ઉત્તમ—એ ગુણો સંગાતથી જ મળે છે.
* જો પાણીનું બિંદુ ગરમ લોખંડ ઉપર પડે તો તે નાશ પામે છે.
* તે જ બિંદુ કમલ પત્ર પર પડે તો મોતીના દાણા સમાન શોભાયમાન લાગે છે.
* જો તે સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છાપમાં પડે તો તે સાચું મોતી બને છે.
* માણસને પણ ઉત્તમ ગુણો કેળવવા હોય તો મિત્રોએ પ્રકારના જ પસંદ કરવા જોઈએ.
* જ્ઞાનમાં અભિમાન એ મુખ્ય દોષ છે.
* જ્ઞાની મનુષ્યે અભિમાનથી સાવધ રહેવાની ખાસ જરૂર છે.
* ઉત્તમ માણસ—હસતા હસતા સહન કરતો હોય છે અને જે
* સહન કરવાનું આવે તે સહન કરતા કરતા પણ હસતો રહેતો હોય છે.

* પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિઓને મળેલી ભેટ *

પર્યુષણ વ્યાખ્યાનમાળાને ભેટ

રૂ.

૧૧૦૦૦ મેસર્સ હિન્દુસ્થાન મીનરલ્સ પ્રોડક્ટ્સ પ્રા. લિ. વતી તેના ડાયરેક્ટરો શ્રી ગિરીશભાઈ ચોકસી અને શ્રી આતુલભાઈ ચોકસી ટ્રાસ
૨૫૦૦ એક સદ્‌ગૃહસ્થ
૨૦૦ શ્રી લીનાબેન વી. શાહ
૧૫૧ ,, તારાબેન ચીમનલાલ શ્રોફ
૧૫૧ ,, પુષ્પાબેન કે. ભણશાળી
૧૨૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ ,, મીનાબેન કોઠારી
૧૦૧ ,, અમીચંદ ર. શાહ
૧૦૧ ,, રમણિકલાલ મુલજી પાસર
૧૦૧ ,, ચંપાબેન સરાઈ શેઠ
૫૧ ,, મોહનલાલ ટી. કોઠારી
૫૧ ,, કોકિલાબેન જ. શાહ
૫૧ ,, રાજેન્દ્ર અમૃતલાલ
૫૧ ,, રમણિકલાલ પુરુષોત્તમ
૫૧ ,, નિર્મળાબેન આર. શાહ
૫૧ ,, સુશીલાબેન રજનીકાંત શાહ
૫૧ ,, હસમુખ શાહ
૫૦ ,, દિનકર નંદલાલ પારેખ
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫ ,, ,,
૨૫ ,, ,,
૨૫ ,, માલતીબેન એલ. શાહ
૨૫ ,, રાજુલ જે. શાહ
૧૨૫ ,, પચીસથી નીચેની રકમો

૧૧૨૧૩

પ્રેમળ-જ્યોતિને ભેટ

૧૧,૪૧૮-૭૫ જોળીમાં આવ્યા.
૨૫૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૧૫૦૧ લાયકા લેબ્સ
૧૦૦૧ શ્રી સોનલની અઠ્ઠાઈની તપશ્ચર્યા નિમિત્તે શ્રી મફતલાલ ભીખાચંદ શાહ તરફથી
૫૦૧ ,, નિર્મળાબેન એચ. દોશી
૫૦૧ ,, કુસુમબેન દેસાઈ
૫૦૧ ,, અરૂણભાઈ ઝવેરી
૫૦૦ ,, રાયચંદ એન્ડ સન્સ
૫૦૦ ,, કાંતાબેન ક. ઝવેરી
૪૦૧ ,, શેઠ હિરાલાલ લાલચંદ તલસાણિયાના સુપુત્ર, મનિષના શુભ લગ્ન પ્રસંગે
૪૦૦ ,, અ. સૌ. ગીતા રોહિતકુમાર નંદલાલ વોરાના સોળ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે
૩૦૧ ,, સ્મૃતિ કલબ-પાલનપુર
૨૫૧ ,, જનાર્દન નાનાલાલ ભટ્ટ
૨૫૦ ,, મનસુખલાલ ચીમનલાલ શાહ
૨૫૦ ,, મહેન્દ્ર એ. શર્મા
૨૦૧ ,, મૂળચંદભાઈ એન. શાહ
૧૫૧ ,, હસમુખલાલ એચ. દોઢીવાળા
૧૫૧ ,, ભૂપેન્દ્ર એચ. શાહ
૧૫૧ ,, પ્રવિણચંદ્ર મંગળદાસ શાહ
૧૫૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૨૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૧૧ ,, શાન્તાબેન માણેકલાલ પારેખ
૧૦૧ ,, દેવજી રાઘવજી નન્દુ
૧૦૧ ,, પાનબાઈ શાહ
૧૦૧ ,, એક સદ ગૃહસ્થ
૧૦૧ ,, રમણિકલાલ એન. વોરા
૧૦૧ ,, ચુનીલાલ કે. દેઢિયા
૧૦૧ ,, રમણિકલાલ પુરુષોત્તમદાસ
૧૦૧ ,, નીરૂ એન્ડ કંપની
૧૦૧ ,, શારદાબેન બાબુભાઈ
૧૦૧ ,, નરેશભાઈ તુરખિયા
૧૦૧ ,, પ્રેમચંદ પોપટચંદ
૧૦૧ ,, બિહારી બી. મહેતા
૧૦૧ ,, કમલબેન પીસપાટી
૧૦૧ ,, એક બહેન તરફથી
૧૦૧ ,, ગુણવંતભાઈ ગોપાણી
૧૦૧ ,, નરભેરામ મોરારજી ઝાટકિયાના સ્મરણાર્થે
૧૦૧ ,, રસિકલાલ ભોગીલાલ ઝવેરી
૧૦૧ ,, બી. કે. શાહ
૧૦૧ ,, વિનુભાઈ ગંભીરભાઈ મહેતા
૧૦૧ ,, ચંદ્રકાબાઈ પ્રવીણચંદ્ર શાહ
૧૦૧ ,, રમણિકલાલ મુળજી પાસડ
૧૦૧ ,, કે. એન. શાહ
૧૦૧ ,, સોહનરાજ એમ. વર્ધન
૧૦૧ ,, સુનિતાબેન શેઠ
૧૦૧ ,, રમેશભાઈ વીમલભાઈ શેઠ
૧૦૧ ,, ઉષાબેન જે. મહેતા
૧૦૧ ,, શાંતિલાલ ભ. પટેલ
૧૦૧ ,, સુંદરજી ભેદા
૧૦૧ ,, મણિબેન સવચંદ કાપડિયાની પુણ્યસ્મૃતિમાં
૧૦૦/- શ્રી દિલિપભાઈ દીપચંદ શાહ
૧૦૦/- ,, દિપચંદ કેશરીમલ શાહ
૧૦૦/- ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૦/- ,, ચુનીલાલ સાલિયા
૧૦૦/- ,, મયાભાઈ ભોગીલાલ શાહ
૧૦૦/- ,, કેશરબેન ચંદુલાલ પરીખ
૮૦/- ,, આનુભાઈ આ. ઝવેરી
૫૧/- ,, ગુણવંતીબેન ચોકસી
૫૧/- ,, ગુણવંતીબેન ચોકસી, સ્વ. ગીતાના સ્મરણાર્થે
૫૧/- ,, મોહનલાલ જરીવાલા
૫૧/- ,, રેખાબેન કાપડિયા
૫૧/- ,, વિનોદ બી. શેઠ
૫૧/- ,, કિરણ શેઠ
૫૧/- ,, તારાબેન સી. શ્રોફ
૫૧/- ,, મુકતાબેન એલ. સંઘવી
૫૧/- ,, વીરૂબેન ઝવેરી
૫૧/- ,, ઈન્કલાબ હિમતલાલ વોરા
૫૧/- ,, રાજેન્દ્ર અમૃતલાલ
૫૧/- ,, ચંચળબેન જે. તલસાણિયા
૫૧/- ,, પુષ્પાબેન ભણશાળી
૫૧/- ,, પલ્લવીબેન સુરેન્દ્ર શાહ
૫૧/- ,, હીરાબેન દીપચંદ શાહ
૫૦/- ,, ધરમચંદ એન. શાહ
૫૧/- ,, નિરંજન એચ. ભણશાળી
૫૧/- ,, રેખાબેન શાહ
૫૦/- ,, રતનચંદ પારેખ
૩૧/- ,, સુધાબેન આર. તોલાટ
૨૫/- ,, એક બહેન
૨૫/- ,, મોહનલાલ ટી. કોઠારી
૨૫/- ,, માલતીબેન એલ. શાહ
૨૫/- ,, સુશીલાબેન અરવિંદકુમાર
૨૫/- ,, રાજુલ જે. શાહ
૨૫/- ,, એક બહેન તરફથી
૨૫/- ,, હસમુખ શાહ
૨૫/- ,, ગજેન્દ્ર આર. કપાશી
૨૫/- ,, ચાવલા નેમીચંદ શાહ
૨૫/- ,, જયવંતીબેન એન. પારેખ
૧૧૫/- ,, ૨૫ થી નીચેની રકમો

૨૬૫૮૮-૭૫

દત્તક બાળક અંગે ભેટ

૪૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી
૪૦૦/- શ્રી કેશરબેન ચંદુલાલ પરીખ
૪૦૦/- ,, એક સદ્‌ગૃહસ્થ
૪૦૦/- ,, એક બહેન તરફથી
૪૦૦/- ,, એક સદ્‌ગૃહસ્થ

૨૦૦૦

'પ્રબુદ્ધ જીવન'ને ભેટ

૧૦૧/ શ્રી રમણિકલાલ પુરુષોત્તમ
૫૧/ ,, રાજેન્દ્ર અમૃતલાલ
૨૫/ ,, માલતીબેન એલ. શાહ
૨૫/ ,, હસમુખ શાહ
૫૧/ ,, એકવીસથી નીચેની રકમો

૨૫૩

વાચનાલય-પુસ્તકાલયને ભેટ

૫૧/ શ્રી રમણિકલાલ પુરુષોત્તમદાસ
૫૦/ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫ ,, માલતીબેન એલ. શાહ
૨૫/ ,, હસમુખ શાહ
૩૦/ ,, ૨૫ થી નીચેની રકમો

૧૮૧

સંઘને ભેટ

૨૦૦/ શ્રી સારાલાલ નગરશેઠ ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૧/ ,, સુબોધભાઈ એમ. શાહ
૧૫૧/ ,, મફતલાલ બી. શાહ
૧૫૧/ ,, વિશા પ્રિન્ટરી
૧૫૧/ ,, હસમુખલાલ એચ.દોઢીવાલા
૧૦૧/ ,, શાન્તિલાલ દેવજી નન્દુ
૧૦૧/ ,, અમૃતભાઈ સોનાવાળા
૧૦૧/ ,, કમલબેન પીસપાટી
૧૦૧/ ,, વિજ્યાબેન પરીખ
૧૦૧/ ,, દુર્લભજી પરીખ
૧૦૧/ ,, મુકતાબેન એલ. સંઘવી
૧૦૧/ ,, વિનોદ મ. મહેતા
૧૦૧/ ,, ગજેન્દ્ર આર. કપાસી
૧૦૦/ ,, નીરૂબેન એસ. શાહ
૫૧/ ,, રમણિકલાલ પુરુષોત્તમદાસ
૫૧/ ,, પ્રવિણચંદ્ર મફતલાલ શાહ
૫૧/ ,, સુખલાલ મનસુખલાલ શાહ
૫૦/ ,, હીરાબન દીપચંદ સંઘવી
૫૧/ ,, નિરંજન એચ ભણસાળી
૩૧/- ,, જશવંત સી. શાહ
૨૫/- ,, હસમુખ શાહ
૨૫/- ,, માલતીબેન એલ. શાહ
૨૧/- ,, વસુમતીબેન સી. પારેખ
૨૧/- ,, કુમુદબન જી. ગોસલિયા
૨૧/- ,, મહેશભાઈ એમ. નાણાવટી
૨૧/ ,, વસુમતીબેન સી. પારેખ
૨૧/ ,, ચંદ્રકાન્ત ય. મહેતા
૫૧/- એકવીસથી નીચેની રકમો

૨૨૦૩

★ તપશ્ચર્યા : સૂર્યતાપકારિકા કે શાન્તિની ચન્દ્રિકા ? ★

તત્ત્વજ્ઞાનનાં દર્શન અને વ્યાવહારિક જીવન વચ્ચે આસમાન–જમીનનું અંતર નહીં, જીવ અને શિવ જેવો અદ્વૈત સંબંધ છે. ઘણીયે વાર તત્ત્વજ્ઞાનનાં ગહન રહસ્યોનો ઉકેલ વ્યાવહારિક જીવન કે રસોઈ કરતાં કરતાં જ જડી જાય છે. એકવાર હું દહીંવડાં બનાવવા વડાં તળતી હતી. સરતચૂકથી તેલ તપ્યા વિના જ ખીરાનો ગોળો અંદર મૂકી દીધો. અને પરિણામ શું આવ્યું? ખીરું છૂટી ગયું અને તેલ તળવા લાયક ના રહ્યું. આ જોઈને મારા મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો, 'તપ વિના, તપ્યા વિના કે તવાયા વિના જીવન પણ જીવવા લાયક ક્યાંથી બને?'

વડાંને પરિપક્વ થવા તપ્ત તેલમાં જ તળવું પડે, માટીના કાચા ઘડાને પરિપક્વ કરવા અગ્નિમાં તપાવવો પડે, સુવર્ણ જેવા સુવર્ણને ય વિશુદ્ધ બનવા તપવું પડે તો જ તેનામાં ચળકાટ આવે. તો પછી માણસના માનસને પરિપક્વ, વિશુદ્ધ અને મજબૂત બનાવવા તપ અને તિતિક્ષાના અગ્નિમાં મૂકવું પડે કે નહીં?

તપ એટલે શું? દેહ દંડનાત્મક અને કાયાક્લેશરૂપ ક્રિયાઓ એટલે તપ? નહીં, નહીં. દેહ અનિત્ય, નાશવંત અને વિનાશી છે છતાં યે નિત્ય અવિનાશી અને અમર એવા આત્માને કે પછી ધર્મને પામવાનું એકમાત્ર સાધન છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મ-સાધનમ્', એ દેહનું દમન કરે શો અર્થ સરે? ભગવાન બુદ્ધે શરૂશરૂમાં ઉગ્ર તપ કરી દેહને અસ્થિપંજર કરી નાંખ્યો. પછી તેમને પ્રતીતિ થઈ કે આવા આત્મક્લેશથી જ્ઞાન પ્રાપ્ત થાય નહીં, માટે તેમણે શરીર સુસ્થિત કરી એકાંતમાં ચિંતનનો માર્ગ સ્વીકાર્યો, તેમાંથી જ તેઓ 'બુદ્ધ' થયા. તપને નિહાળવાનો બુદ્ધનો દૃષ્ટિકોણ આના પરથી સમજાશે.

ગીતામાં (૧૭.૬) પણ કહ્યું છે, 'દંભ, અહંકારથી યુક્ત, અશાસ્ત્રવિહિત ઘોર તપ કરીને શરીરને અને વિશેષતઃ અંતરાત્માને જે કૃશ કરે છે તેને હે અર્જુન, તું આસુરી બુદ્ધિવાળા જાણ.' અન્યત્ર પણ કહ્યું છે–

"યે પાપાનિ ન કુર્વન્તિ મનોવાક્કાયકર્મભિઃ
તે તપન્તિ મહાત્માનો ન શરીરસ્ય સોષણમ્."

–અર્થાત્ જેઓ મન-વચન-કર્મથી પાપ કરતાં નથી તે મહાત્માઓ જ તપસ્વી છે. શરીરનું શોષણ કરવું તપ નથી.

તો પછી તપ શું છે? તપ એ ભારતીય સંસ્કૃતિનો મેરુદંડ છે. મહાવીર, બુદ્ધ, શંવ, ભગીરથ વગેરેના જીવનમાં તપનું અર્થાત્ જ્ઞાનાગ્નિનું સૌંદર્ય છે, તપનું તેજવલય છે. તપથી જ ચિંતન શક્તિમાન અને રસમય બને છે. જ્ઞાનની વૃદ્ધિ તપથી જ થાય છે. વિશ્વામિત્રએ કઠોર તપ કરીને અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત કરીને જ ક્ષત્રિયમાંથી બ્રહ્મર્ષિનો ઉપાધિ પ્રાપ્ત કરી.

કહેવાય છે કે બ્રહ્માએ દિવ્યશતવર્ષ તપ કર્યું ત્યારે સૃષ્ટિનું સર્જન થયું. ભગીરથે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવવા (કેટલાકને મતે ગંગાનો પ્રવાહ બદલવા) ઉગ્ર તપ કર્યું. વ્યાસે પ્રચંડ તપથી જ, આયુષ્યભરની સાધનાથી જ તત્કાલિન સર્વવાઙ્મયનું સંપાદન કર્યું. બ્રહ્માએ, ભગીરથે વ્યાસમુનિએ તપ કર્યું એટલે કાયાને ક્લેશ આપ્યો? નહીં, બિલકુલ નહીં. દેહને કે આત્માને ક્લેશ આપવાથી સૃષ્ટિનું સર્જન થાય? ભગીરથ કે મહાભારત કાર્યો પાર પડી શકે?

આપણે ત્યાં શબ્દપ્રયોગ છે, 'તપ કરાવવું'. એનો અર્થ એ કે રાહ જોવડાવવી, લાંબા ગાળા સુધી મનને સંતાપ થાય ત્યાં સુધી પરિશ્રમ કરવો, પોતાનાં કાર્યો પાર પાડવાં, મનુસ્મૃતિમાં સાચું જ કહ્યું છે કે બધી જાતની કળા, વિદ્યા, ચિકિત્સા તપથી જ સિદ્ધ થાય છે. પોતાના અસ્તિત્વ, જ્ઞાન તથા આનંદ માટે યત્ન કરવો તે જ તપ છે.

મારા મતે કાર્યમાં લગન, કરવી યાતનાઓને સહન, ઈન્દ્રિય-નાથન, સ્વાધ્યાય અને પ્રવચન, ચિંતન અને મનની પ્રતિદિન પરિચર્યા તેનું નામ તપશ્ચર્યા.

તપનાં જુદી જુદી અનેક વ્યાખ્યાઓ ધર્મમાર્તંડોએ આપી છે. મહાનારાયણ ઉપનિષદમાં ઋત, શ્રુત, સત્ય આદિને તપ કહ્યાં છે. તમિળવેદ 'કુરળ'માં કહ્યું છે કે યાતનાઓને ધીરજપૂર્વક સહન કરવી અને જીવહિંસા ન કરવી તેમાં સમગ્ર તપનો સમાવેશ થાય છે. કામનાવાળાની સંખ્યા જગતમાં ઘણી છે, કારણ તપ કરવાવાળા જૂજ છે. ભાગવતમાં પણ એ જ કહ્યું છે "કામત્યાગસ્તપઃ સ્મૃતમ્'. જેમ તપ્ત તવા ઉપર પાણીનાં બિંદુઓ બળી જાય તેમ તપનો અગ્નિ સર્વ કામના અને પાપને બાળી નાંખે છે. કામના, વાસના કે ઈન્દ્રિયોનો વિવેકહીન વ્યાપાર મનુષ્યના આધ્યાત્મિક, નૈતિક, સામાજિક પતનનું કારણ છે. માણસના માનસને આ પતનમાંથી જે બચાવે તેનું નામ તપ.

જીવન અને ધર્મના વિવિધ પાસાઓમાં–પછી તે કર્મયોગ હોય, ભક્તિયોગ હોય, જ્ઞાન, ધ્યાન, યજ્ઞ, તપ કાંઈ પણ હોય–ગીતાનું મૌલિક, વ્યાવહારિક અને આગવું પ્રદાન છે. ગીતાએ તપના કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકાર કહ્યાં છે. દેવ, દ્વિજ, ગુરુ કે બ્રાહ્મણની પૂજા, શુદ્ધિ ઋજુત્વ, બ્રહ્મચર્ય અને અહિંસાકાયિક તપ છે. ઉદ્વેગ ન આણનાર વાણી, સત્ય અને પ્રિય વાણી ઉપરાંત સ્વાધ્યાય એ વાચિક તપ છે. મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, આત્મનિગ્રહ અને ભાવસંશુદ્ધિ માનસિક તપ છે. તે જ રીતે તપના ગુણભેદથી થતા સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકાર ગીતાકારે વર્ણવ્યા છે. ફળની આશારહિત અને શ્રદ્ધાપૂર્વક કરેલું તપ તે સાત્ત્વિક; સત્કાર, માનપાન ઈત્યાદી હેતુથી દાંભિકપણે કરેલું તપ તે રાજસ અને મૂર્ખપણાથી બીજાને ત્રાસ આપવા અને શરીર કૃશ કરવા કરેલું તપ તે તામસ.

ગીતામાં તપને યજ્ઞ કહ્યું છે. (ગીતા ૪.૨૮) યજ્ઞમાં અગ્નિમાં આહુતિ આપવાની હોય. તપોયજ્ઞમાં સંયમાગ્નિમાં મન સહિત સર્વેન્દ્રિય અને ઈન્દ્રિયવિષયોની આહુતિ આપવાની હોય.

કવિ કુલગુરુ કાલિદાસે તપોધન કિંવા તપસ્વીનું સુંદર વર્ણન કર્યું છે.

"શમપ્રધાનેષુ તપોધનેષુ ગૂઢં હિ દાહાત્મકમસ્તિ તેજઃ
સ્પર્શાનુકૂલા ઇવ સૂર્યકાન્તાસ્તદન્યતેજોઽભિભવાદ્ વમન્તિ."

એનો અર્થ એ કે જેમ સૂર્યકાંતમણિનો સ્પર્શ શીતલ હોય છે પણ જો એ સૂર્ય જેવા તેજસ્વી પદાર્થના સંસર્ગમાં આવે તો તેજનું વમન કરે છે તેમ તપોધન એ શમપ્રધાન છે છતાંયે તેનામાં રહેલું ગૂઢ તેજ દાહાત્મક હોય છે.

આ શ્લોક વાંચીને મને એક પ્રશ્ન ઉદ્‌ભવ્યો. શમપ્રધાનેષુ તપોધનેષુ એનો અર્થ શો? આમ જોઈએ તો શમ અને તપ વિરુદ્ધાર્થી શબ્દો છે. તપ એટલે તાપ. સૂર્યના જેવો આકરો તાપ, આકરી સાધના તે તપ અને શમ એટલે શાંતિ-ચંદ્રની ચાંદની જેવી શીતલ. આ બે વિરુદ્ધાર્થી શબ્દો વચ્ચે સંવાદનું દર્શન કરવું કેવી રીતે?

આ પ્રશ્નનો ઉત્તર મને વૃક્ષ પાસેથી જડી ગયો. વિચાર કરતી હતી ઉનાળાના ઘોમધખતા તાપમાં યે વૃક્ષ લીલુંછમ કેમ રહી શકે છે? કારણ એજ કે તે જેમ સૂર્યનો તાપ સહન કરે છે તેમ ધરતીની અંદરથી રસ કે શીતલ જલ પણ ચૂસે છે. મનુષ્યના જીવનમાં પણ હરિયાળી ત્યારે જ છવાય જ્યારે એનો દેહ તપના સૂર્ય સમા આકરા તાપને, યાતનાઓને સહન કરે અને અંતરથી, અંદરથી, એના આત્મામાંથી ભક્તિરસનું પાન કરે. અને તો જ શાન્તિ પ્રાપ્ત થાય.

વેદોમાં તપને અગ્નિ કહ્યું છે. 'તપો અગ્નિઃ' ધૂપસળીને અગ્નિ સ્પર્શે તો જ તેમાંથી પરિમલ પ્રસરે, સૂર્યના તાપથી ધરણીતલ તપે ત્યાર પછી જ વર્ષાનાં શીતલ જલ વરસે. દિવસભર સૂર્યનો ઘોમ-ધખતો તાપ સહન કરીએ તો જ રાત્રિની ચંદ્રની શીતલ જ્યોત્સનાની અનુભૂતિ થાય તેમ આકરી તપસાધના પછી જ, જીવનમાં તપાયા પછી જ કાર્ય સિદ્ધિ અને જીવનની પરમશાંતિ પ્રાપ્ત થાય.

આમ તપશ્ચર્યા તો છે–

મન વિશુદ્ધિકારિકા
પાપસકલ હારિકા
દુઃખ દારુણદારિકા
સૂર્ય શી દાહાત્મિકા
છતાં યે શાંતિચંદ્રિકા.

–હેમાંગિની જાઈ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૯,૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ઓકટોબર, ૧૯૮૦, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

તપશ્ચર્યા – ઉપવાસ

બધા ધર્મોએ, આત્મકલ્યાણ માટે, વધતે ઓછે અંશે, તપશ્ચર્યાની આવશ્યકતા સ્વીકારી છે. છતાં તપ અને તે પણ ઉગ્ર તપ– જૈન ધર્મની વિશેષતા છે એમ કહેવામાં અતિશયોકિત નથી. ભગવાન મહાવીરે અહિંસા અને તપ, આત્યંતિક કોટિના સ્વીકાર્યા છે અને આચરણમાં મૂકયા છે. ભગવાન મહાવીરે પોતે સાડાબાર વર્ષની અતિ ઉગ્ર તપશ્ચર્યા કરી. ભગવાન બુદ્ધે પણ ઉગ્ર તપશ્ચર્યા કરી, ત્યાર પછી, ઉગ્ર તપશ્ચર્યા છોડી દઈ, મધ્યમમાર્ગ સ્વીકાર્યો. शरीर माद्यं खलु धर्मसाधनम् । શરીર એ ધર્મસાધનાનું મુખ્ય સાધન છે અને તેનું જતન કરવું જોઈએ એમ કહેવાયું છે. બુદ્ધે બધી બાબતમાં મધ્યમ માર્ગ લીધો છે.

જૈનધર્મમાં તપ, બાહ્ય અને આભ્યંતર, બતાવ્યું છે અને તેનાં ઘણાં પ્રકારો છે. અહીં હું ઉપવાસનો મુખ્યપણે વિચાર કરું છું અને તે વિષે જ લખું છું.

પર્યુષણમાં, જૈનો મોટા પ્રમાણમાં ઉપવાસ કરે છે. ૮, ૧૬, ૩૦, ૬૦ અને તેથી પણ વિશેષ ઉપવાસો કરે છે. સાધુસાધ્વીઓ તેનો સતત ઉપદેશ આપે છે અને જેમ વધુ ઉપવાસ થાય તેમ ધર્મનો અભ્યુદય ગણાય છે. આશ્ચર્યની વાત છે, પણ હકીકત છે, કે વર્તમાનમાં આવી તપશ્ચર્યાનું પ્રમાણ વધ્યું છે. યુવાન ભાઈઓ અને બહેનો પણ ૮, ૧૬ કે ૩૦ ઉપવાસ કરે છે. જૈનોના ઉપવાસ અતિ કઠીન છે. માત્ર પાણી લેવાય અને તે પણ દિવસે જ. આવા ઉપવાસોનો ઘણો મહિમા થાય છે. તે નિમીત્તે લ્હાણાં, વરઘોડા વગેરે થાય છે.

ભાઈશ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહે આ વિષયે મને એક નોંધ મોકલી છે, જેમાં કહ્યું છે કે, આવા ઉપવાસની અતિશયતાનાં ગુણગાન કરવા કે ધર્મને નામે એની વાહવાહ કરવી એ યોગ્ય નથી. ખાસ કરી, ઉપવાસ દરમ્યાન–કદાચ ઉપવાસને કારણે ન હોય– બે ત્રણ મરણ થયાના સમાચાર વર્તમાનપત્રોમાં આવ્યા તેથી તેમને ખેદ થયો છે અને તે વિષે મારે 'પ્રબુદ્ધ જીવન'માં કાંઈક લખવું એવી તેમણે મને સૂચના કરી છે. તેમણે મોકલેલ નોંધ આ અંતમાં અન્યત્ર પ્રકટ કરી છે.

મંગળવાર, ૨૩મી સપ્ટેમ્બરને દિને, અમારા વાલકેશ્વર ઉપાશ્રયે, એક બહેને ૬૦ ઉપવાસ કર્યા તેમનું બહુમાન હતું. પ્રમુખસ્થાને ડોકટર રમણભાઈ શાહ તા. તપશ્ચર્યા સંબંધે તેમણે મનનીય પ્રવચન કર્યું. આ વિષયમાં તેઓ મારા કરતા વધારે અધિકારી છે. તેથી તેમનું પ્રવચન, કાંઈક વિસ્તારથી લખી મોકલવા મેં તેમને વિનંતિ કરી. જે તેમણે સ્વીકારી છે અને એક લેખ લખી મોકલ્યો છે, જે આ અંકમાં અન્યત્ર આપ્યો છે. આ વિષય ઉપર આ લેખ સારો પ્રકાશ પાડે છે. તેમાં તેમણે તપશ્ચર્યાનો હેતુ અને તે સાથે તેની મર્યાદા સરસ રીતે બતાવ્યા છે. તપશ્ચર્યાના હેતુ વિષે બહુ મતભેદ નથી પણ, જૈન ધર્મમાં ઉગ્ર તપશ્ચર્યા સ્વીકાર્યા છતાં તેની પણ મર્યાદા છે અને તેના હેતુ પ્રત્યે દુર્લક્ષ થાય તો વિપરીત પરિણામ આવવા સંભવ છે તે બાબત ડો. રમણભાઈએ સારી રીતે સમજાવી છે. તેથી આ વિષે હું વધારે લખતો નથી. તપમાં આત્મજાગ્રતિ સતેજ થવી જોઈએ. ઈન્દ્રિયોની ચેતના ક્ષીણ થઈ જાય, ચિત્તની સ્વસ્થતા ન રહે, મૃતપ્રાય થઈ જવાય તો એ તપની અતિશયતા છે.

ગાંધીજીએ ઉપવાસને ઘણું મહત્ત્વ આપ્યું છે તે જાણીતી હકીકત છે. તેથી ઉપવાસ ઉપરના ગાંધીજીના લખાણો ફરીથી વાંચી ગયો અને તેનો સાર બને ત્યાં સુધી તેમના શબ્દોમાં અહીં આપીશ.

ઉપવાસનો એક હેતુ આરોગ્યનો છે. તે વિષે વધારે લખવાની જરૂર નથી.

તેનાં બીજા મુખ્ય હેતુ (૧) ઈન્દ્રિયનિગ્રહ, (૨) આત્મશુદ્ધિ, (૩) પ્રાયશ્ચિત, (૪) કર્મનિર્જરા, (૫) બીજાનું હૃદયપરિવર્તન.

કર્મનિર્જરા અર્થે ઉપવાસ તે જૈન ધર્મની વિશેષતા છે. કદાચ આત્મશુદ્ધિ અને ઈન્દ્રિયનિગ્રહમાં તેનો સમાવેશ થતો હશે પણ જૈન ધર્મે કર્મનિર્જરા અર્થે તપશ્ચર્યાને વધારે સ્પષ્ટતાથી આગળ કરી છે. તપશ્ચર્યાના અગ્નિમાં કર્મો બળી જાય તે માન્યતા જૈન ધર્મે વિશેષપણે પ્રકટાવી છે.

પોતાના દોષના પ્રાયશ્ચિતરૂપે તપશ્ચર્યા તે આત્મશુદ્ધિનું અંગ છે. પણ બીજાના દોષ માટે પોતે ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરવું એ વાત ગાંધીજીએ કાંઈક નવી કરી છે. તેમજ પોતે ઉપવાસ કરી, બીજાનું હૃદયપરિવર્તન કરવું એ ગાંધીજીની વિશેષતા છે.

આશ્રમમાં અથવા અન્યત્ર પોતાના કોઈ સાથીઓ કોઈ દોષ કરે તો તેને માટે કેટલેક દરજજે પોતાની જવાબદારી છે એમ કહી ગાંધીજીએ પોતે પ્રાયશ્ચિતરૂપે તે માટે ઉપવાસ કર્યા છે. આવા ઉપવાસ કોણ કરી શકે અને કયારે કરાય તે વિષે ગાંધીજીએ સ્પષ્ટતા કરી છે. કોઈ પણ વ્યકિતએ અને ગમે ત્યારે, આવા ઉપવાસ કરી ન શકાય. તેની વિગતમાં અહીં ઉતરતો નથી.

બીજાનું હૃદયપરિવર્તન કરવા ઉપવાસ કરવા તે સત્યાગ્રહનું એક અંગ છે એમ હું સમજયો છું. કોમી રમખાણ શમાવવા, હરિજનોના હકોના રક્ષણાર્થે, ગાંધીજીએ આવા ઉપવાસ કર્યા છે. તે વિષે ઘણો વિવાદ પણ થયો છે. ગાંધીજીએ ભારપૂર્વક તેનો બચાવ કર્યો છે. સ્વપિડન નોતરી, બીજાનું હૃદયપરિવર્તન કરવું, એ અન્યાયનો પ્રતિકાર કરવાની અહિંસક રીત છે, જે ગાંધીજીએ શોધી, એમ કહેવામાં અતિશયોકિત નથી. આવું નૈતિક દબાણ કેટલીક વખત અસહ્ય થઈ પડે છે. કોઈ વખત તેનાં વિપરીત પરિણામ પણ આવે. આવો અનશન, (ગાંધીજી, અનશન અને ઉપવાસ શબ્દો પર્યાયવાચક અર્થમાં વાપરે છે) ત્રાગુ અથવા પાશવી બળાત્કાર નથી એમ ગાંધીજીએ કહ્યું છે, પણ બધાને એમ લાગ્યું નથી. આથી વિશેષ ચર્ચામાં અહીં ન ઉતરું. જીજ્ઞાસુએ ગાંધીજીનાં લખાણો જોઈ જવા.

હવે તપશ્ચર્યાના મુખ્ય હેતુ ઉપર આવું. ઈન્દ્રિયનિગ્રહ અને આત્મશુદ્ધિ ગાંધીજીએ કહ્યું છે:

"જો આત્મા દેહથી ભિન્ન છે તો દેહને કષ્ટ આપીએ છતાં આત્મા પ્રસન્ન રહે. અન્ન શરીરનો ખોરાક છે, જ્ઞાન અને ચિંતન આત્માનો, આ વસ્તુ પ્રસંગોપાત, દરેકે પોતાને સારૂ સિદ્ધ કરવી રહે છે.

"તપ વિના મારૂં જીવવું અશકય હતું."

"આખી દુનિયામાં ઈન્દ્રિયનિગ્રહ, આત્મવિકાસને સારૂ આવશ્યક મનાયો છે. અનશનનો વિશાળમાં વિશાળ અર્થ કરીએ તો અનશન વિના પ્રાર્થના અશકય છે. સંપૂર્ણ અનશન એટલે સંપૂર્ણ આત્મનિગ્રહ.

"અનશન એટલે આપણી બધી ઈન્દ્રિયોને પોષણ આપવાની ક્રિયા ઓછે વત્તે અંશે બંધ કરવી. પ્રાર્થના, હૃદયગત વસ્તુ છે. પ્રાર્થના કરતો મનુષ્ય આંખે બીજું જોતો નથી, નથી કાને બીજું સાંભળતો; નથી બીજી ઈન્દ્રિયોનો વ્યાપાર કરતો; વિચાર સુદ્ધાં પણ કેવળ પ્રાર્થનામાં જ રોકાઈ રહેલા હોય છે. તો પછી ખાવાની ક્રિયા એ વખતે હળવી થાય અથવા સાવ બંધ પડે તેમાં શી નવાઈ હોય?

"આધ્યાત્મિક દૃષ્ટિએ થયેલા અનશન એ નિચોવાઈ ગયેલા હૃદયનો નાદ છે. એમાં આત્માની પરમાત્મામાં લીન થઈ જવાની તીક્ષ્ણ વૃત્તિ રહેલી છે.

"ઉપવાસ એ આત્મશુદ્ધિનું એક જબરદસ્ત સાધન હોવાથી, માનવકુટુંબના વિશાળ જીવનમાં, એને ખાસ અગત્યનું સ્થાન હોવું જોઈએ.

"ઉપવાસનો ઉપયોગ તો પાપનું પુનરાવર્તન ન થાય એ માટે છે. ઘણુંખરા પાપો,—અથવા બધાં જ પાપો એમ કહીએ તો ચાલે, દેહની સાથેની આપણી આસક્તિમાંથી ઉત્પન્ન થાય છે. તેથી જો દેહદમન કરવામાં આવે, જો ઈન્દ્રિયોનો નિગ્રહ કરવામાં આવે, તો એ આસક્તિ ઓછી થવાનો ઘણો સંભવ રહે છે. આ પરિણામનો આધાર ઉપવાસ કયા હેતુથી કરવામાં આવે છે એના ઉપર અવલંબે છે, એ વાત સાચી છે.

"માણસ દેહનો દાસ થઈને રહે છે, દેહના ભોગની ખાતર અનેક વ્યવસાયમાં પડે છે, અનેક પાપો કરે છે, તેથી જ્યારે પાપ થાય ત્યારે દેહને દંડે; દેહના ભોગોમાં પડેલો માણસ મૂર્છામાં હોય છે. આહારરૂપી ભોગનો થોડો ઘણો ત્યાગ પણ તેની મૂર્છા મોળી કરવામાં મદદગાર થાય એ સંભવે. ઉપવાસ એટલે પોતાના કે બીજાના આત્માની શુદ્ધિઅર્થે કરેલું બધી ઈન્દ્રિયોનું દમન. એકલો આહાર-ત્યાગ ઉપવાસ નથી.

"મેં એ પણ અનુભવ્યું છે કે ઉપવાસ હાલતાંચાલતાં થાય તો તેની અસર મોળી પડશે. આનું કારણ તો એ જણાય છે કે વારંવાર થતા ઉપવાસ યાંત્રિક ક્રિયા જેવા થઈ જાય છે. તેની પાછળ પેલી વિચારગૂંથણી નથી હોતી. એટલે પ્રત્યેક ઉપવાસની પાછળ, ગેમેર જાગૃતિની આવશ્યકતા રહે છે.

"ઉપવાસથી જે શુદ્ધિ મેળવી શકાય છે, એ શુદ્ધિ બીજી કોઈ રીતે મેળવી શકાતી નથી. પણ પ્રાર્થના વિનાનો ઉપવાસ શુષ્ક છે અને તેનું પરિણામ રોગીને નિરોગી કરવામાં આવી શકે, અથવા તો નિરોગીને નકામું દુઃખ સહન કરવા જેટલું આવે. પોતાની જ ઉપર અસર કરવાને સારુ, પ્રાયશ્ચિતરૂપે થયેલા, પ્રાર્થનાયુકત ઉપવાસ એ જ ધાર્મિક ઉપવાસ ગણી શકાય."

ગાંધીજીના લખાણોમાંથી મેં વિસ્તૃત ઉતારાઓ આપ્યા છે તે ઉપવાસનો હેતુ—ઈન્દ્રિયનિગ્રહ અને આત્મશુદ્ધિ કેમ સફળ થાય તે બતાવવા. આ હેતુનો અભાવ હોય ત્યાં ઉપવાસ લાંઘણ છે. જૈન ધર્મગ્રન્થોમાં આવા લખાણો પુષ્કળ મળી આવે છે. આ હેતુ એવી વ્યકિત સમજી શકે કે જેને દેહ અને આત્મા ભિન્ન છે તેની પ્રતીતિ થઈ હોય અને તેથી આત્મશુદ્ધિ અર્થે દેહદમન આવશ્યક છે તેવી શ્રદ્ધા હોય. અંતે, ઉપવાસ આત્મશુદ્ધિનું એક સાધન છે એ ભૂલવું ન જોઈએ. તેથી જ ગાંધીજીએ કહ્યું છે:

"જો તપાદિની સાથે શ્રદ્ધા, ભકિત, નમ્રતા ન હોય તો તપ એ મિથ્યા કષ્ટ છે. તે દંભ પણ હોય. એવા તપસ્વી કરતાં, સુખપૂર્વક ખાનાર પ્રભુભકત હજારગણા સારા છે."

તપ કર્યા પછી, જીવનમાં કાંઈક પરિવર્તન ન આવે, અંતરમાં કાંઈક પ્રકાશ ન પડે, થોડી પણ કષાયની મંદતા ન થાય તો તપનો હેતુ સફળ નથી થયો એમ સમજવું."

૨૫-૯-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

* જૈન દૃષ્ટિએ તપશ્ચર્યા *

પર્યુષણ પર્વના દિવસો આવે એટલે જૈનોમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ ચાલુ થાય. સંવત્સરીને દિવસે પૂર્ણાહૂતિ થાય એવી રીતે ત્રીસ દિવસ અગાઉથી કેટલાક લોકો ઉપવાસ ચાલુ કરે છે. એક મહિનાના આ ઉપવાસ 'માસખમણ' તરીકે ઓળખાય છે. કેટલાક એકવીસ દિવસના, સોળ દિવસના, ચૌદ કે અગિયાર દિવસના ઉપવાસ કરે છે. એથી વિશેષ પર્યુષણના આઠે આઠ દિવસના ઉપવાસ—અઠ્ઠાઈ—કરનારાઓની સંખ્યા ઘણી હોય છે. કેટલાક છેવટે સંવત્સરીને દિવસે ઉપવાસ કરે છે. પર્વના દિવસો પૂરા થાય એટલે દરેક સંઘ પોતાને ત્યાં અઠ્ઠાઈ સુધીની કેટલી મોટી તપશ્ચર્યા થઈ તેની યાદી બહાર પાડે છે. તપસ્વીઓનું સન્માન થાય છે. પ્રભાવના થાય છે. તપસ્વીઓના ઘરે ઉજવણું થાય છે.

દર વર્ષે કોઈક કોઈક વ્યકિતઓ ત્રીસ ઉપવાસ કરતાં વધુ તપશ્ચર્યા કરે છે. ૪૫ દિવસ, ૬૦ દિવસ, ૭૫ દિવસ, ૯૦ દિવસ. ૧૧૦ દિવસના ઉપવાસ—એમ તપશ્ચર્યા થાય છે. જૈનોનો એક ઉપવાસ એટલે બાર કલાકનો નહિ પણ છત્રીસ કલાકનો. ઉપવાસ કરનાર આગલી સાંજથી બીજા દિવસે સવારે સૂર્યોદય સુધીના છત્રીસ કલાકમાં અન્નનો એક દાણો પણ મોંઢામાં ન નાંખે. દિવસ દરમિયાન કેટલાક ઉકાળેલું પાણી પીએ, કેટલાક બિલકુલ પાણી ન પીએ. એક દિવસનો ઉપવાસ કરવો એ સહેલી વાત નથી, ઉપવાસ ઉપરાંત એકાસણું, આયંબિલ, કોઈ એક જ ધાન્ય કે વાનગીનો આહાર વગેરે વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ થાય છે. આ બધી બાહ્ય પ્રકારની તપશ્ચર્યાઓ ગણાય છે. બાહ્ય અને આભ્યંતર તપશ્ચર્યાઓ મુખ્યત્વે બાર પ્રકારની બતાવવામાં આવી છે: (૧) અનશન (ઉપવાસ), (૨) ઉણોદરી, (૩) વૃત્તિ સંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલીનતા એ છ પ્રકારનું બાહ્ય તપ છે. (૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) કાઉસગ્ગ (કાયોત્સર્ગ) એ છ પ્રકારનું આભ્યંતર તપ છે. બાહ્ય તપ કરતાં આભ્યંતર તપ ચડિયાતું મનાય છે.

ભગવાન મહાવીરે બાહ્ય અને આભ્યંતર એમ ઉભય પ્રકારનું તપ સાડા બાર વર્ષ સુધી કર્યું. એક વખત એમણે સળંગ છ મહિનાના ઉપવાસ કર્યા હતા. બીજી એક વખત એમણે છ મહિનામાં પાંચ દિવસ ઓછા—એટલા દિવસ સુધી સળંગ ઉપવાસ કર્યા હતા. સાડા બાર વર્ષમાં એમણે ખાધું હોય એવા દિવસ ઘણા ઓછા-લગભગ એક વરસ જેટલાં જ છે, ભગવાન મહાવીરે જેટલી આકરી તપશ્ચર્યા લાંબા સમય સુધી કરી છે એટલી ઈતિહાસમાં બીજી કોઈ વ્યકિતના જીવનમાં જોવા મળતી નથી, એટલા માટે એમને દીર્ઘતપસ્વી તરીકે ઓળખાવવામાં આવે છે.

જૈન માન્યતા પ્રમાણે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના સમયમાં વધુમાં વધુ ઉપવાસ એક વર્ષના થતાં. બીજા તીર્થંકરથી તે તેવીસમાં તીર્થંકર સુધીના સમયમાં વધુમાં વધુ ઉપવાસ આઠ મહિનાના થતા અને છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીના સમયમાં છ મહિનાના થતા. ભગવાન મહાવીરે વધુમાં વધુ છ મહિનાના ઉપવાસ કર્યા હતા.

શરીરના પોષણ માટે આહારની જરૂર છે. એક ટંક ખાવાનું ન મળતાં માણસને નબળાઈ વરતાય છે. એક દિવસ ખાવાનું ન મળતાં માણસ ઢીલો થઈ જાય છે, માથું દુઃખે છે, ઉબકા અને ઊલટી શરૂ થાય છે, ચક્કર આવવા લાગે છે. આઠ દસ દિવસ ખાવાનું ન મળતાં માણસ બેભાન થઈ જાય છે., મૃત્યુ પણ પામે છે. સળંગ એક મહિના સુધી ખોરાક ન લેનાર માણસ માટે જીવવાની શકયતા ઘણી ઓછી રહે છે.

ભગવાન બુદ્ધે નિર્ગ્રાંથપુત્ર (તીર્થંકર ભગવાન મહાવીર)ની ઘોર તપશ્ચર્યાની વાત સાંભળી હતી. તેમણે પણ તપશ્ચર્યાનો માર્ગ લીધો અને ઘોર તપશ્ચર્યા શરૂ કરી હતી. એથી એમનું શરીર એકદમ અત્યંત કૃશ બની ગયું હતું. બૌદ્ધ ગ્રંથોમાં વર્ણન છે તે પ્રમાણે એમનું શરીર સુકાઈને એવું થઈ ગયું હતું કે એ ચાલતા ત્યારે હાડકાંનો ખડખડ અવાજ આવતો, પેટની ચામડી પીઠની ચામડીની લગોલગ થઈ ગઈ હતી. હાથપગ દોરડી જેવા થઈ ગયા હતા. આંખો ઊંડી ઊતરી ગઈ હતી અને બાકોરા જેવી લાગતી હતી. શરીરની નસો બહાર નીકળીને લબડતી હતી. આવી ઘોર તપશ્ચર્યાને કારણે તેઓ વારંવાર બેભાન થઈ જતા. એક વખત એવી રીતે બેભાન બની એક વૃક્ષ નીચે તેઓ પડયા હતા. તે સમયે ત્યાંથી

પસાર થઈ રહેલા ગાયિકાના ઓક વૃંદે મજીકમાં આરામ માટે મુકામ કર્યો ત્યારે પોતાની વીણાને સજ્જ કરવા માટે મુખ્ય ગાયિકાએ બીજીને સૂચના આપી કે 'સોના તાર વધારે પડતા ખેંચીને મજબૂત ન કરતી, નહિ તો તાર તૂટી જશે અને ઢીલા પણ ન રાખતી, નહિતો સંગીતની મધુરતા જન્મશે નહિ, તાર મધ્યમસર રાખજે. ભગવાન બુદ્ધે જાગ્રત થતાં આ શબ્દો સાંભળ્યા અને તરત એમને થયું કે તપશ્ચર્યાની બાબતમાં પણ પોતે મધ્યમ માર્ગ સ્થાપનાવવો જોઈએ. પછી તો સાધનાની પ્રત્યેક બાબતમાં એમણે મધ્યમ માર્ગ અપનાવ્યો.

એમ કહેવાય છે કે ભગવાન બુદ્ધ જો ભગવાન મહાવીરને મળ્યા હોત તો તપશ્ચર્યા માટે કદાચ જુદો જ અભિગમ એમણે અપનાવ્યો હોત. ભગવાન બુદ્ધ તપશ્ચર્યાને ઈન્દ્રિય ઉપરના સંયમ રૂપે મનની નિર્મળતા માટે સ્વીકારી, પરંતુ ભગવાન મહાવીરે તદુપરાંત કર્મની નિર્જરા માટે પણ સ્વીકારી છે.

દુનિયાના બધા ધર્મોમાં બાહ્ય તપ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને ત્યાં તેનો હેતુ દેહની શુદ્ધિ, ઈન્દ્રિયો ઉપર સંયમ અને ચિત્તની નિર્મળતાનો છે. ગીતાના સત્તરમાં અધ્યાયમાં શારીરિક, વાચિક અને માનસિક તપના સાત્ત્વિક, રાજસ અને તામસ એવા પ્રકારો બતાવવામાં આવ્યા છે.

તપથી દેહશુદ્ધિ થાય છે એ નિર્વિવાદ વાત છે. ઓપરેશન કરવું હોય તો ડોકટરો પણ આગલી સાંજથી ખાવાની અને ઓપરેશન પછી બાર કે ચોવીસ કલાક પાણી પીવાની પણ મનાઈ કરે છે. એકાસણું, આયંબિલ કે ઉપવાસથી કબજિયાત, અજીર્ણ વગેરે રોગો દૂર થાય છે એમ વૈદો કહે છે. અમુક સમય સુધી સ્વેચ્છાએ આહાર ન લેતાં ઈન્દ્રિયો શાંત પડે છે અને આનુકમે ચિત્ત પણ શાંત થાય છે. ચિત્તમાં સદ્‌વિચારો સ્ફૂરે છે. માણસ પ્રસન્નતા અનુભવે છે. ગીતા કહે છે. વિષયા વિનિ વર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ આહારનો ત્યાગ કરનાર વ્યકિતની ઈન્દ્રિયોના વિષયો નિવૃત્ત થઈ જાય છે.

તપનો આ મહિમા તો છે જ, પરંતુ જૈન ધર્મ વિશેષ એમ માને છે કે તપ વડે કર્મની નિર્જરા થાય છે. જ્યારે શુભ કે અશુભ કર્મ બંધાય છે ત્યારે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ આત્માને ચોંટે છે અને એ કર્મ ઉદયમાં આવી જ્યારે ભોગવાય છે ત્યારે એ પુદ્‌ગલ પરમાણુઓ ઉખડી જાય છે, નીકળી જાય છે, ખરી પડે છે. આત્માના આઠ રુચક સિવાયના પ્રદેશોને કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓ ચોંટવાની અને ખરી પડવાની આ પ્રકિયા સતત ચાલ્યા કરે છે. ઉપવાસ વગેરે તપશ્ચર્યાથી દેહમાં એવી એક પ્રકારની તપ્તતા ઉદ્‌ભવે છે જેથી કાર્મણ વર્ગણાના કેટલાક પુદ્‌ગલ પરમાણુઓ ખરી પડે છે. આમ તપથી કર્મની નિર્જરા થાય છે. તેમાં પણ સ્વેચ્છાએ ભાવોલ્લાસપૂર્વક તપ કરીને શરીરને કષ્ટ આપ્યું હોય તો કર્મની નિર્જરા વિશેષ થાય છે. એમાં માત્ર આ જન્મનાં જ નહિ, પણ જન્મજન્માન્તરના કર્મોની નિર્જરા થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે : भवकोडी संचियं, तवसा निज्जरिज्जइ । (કરોડો ભવનાં સંચિત થયેલાં કર્મો તપથી નિર્જરિત થાય છે.) આવશ્યકની ટીકામાં કહ્યું છે : तापयति अस्टप्रकारं कर्म इति तपः (આઠ પ્રકારનાં કર્મોને જે તપાવે છે તેનું નામ તપ છે.) ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું છે: तवेण पोहाणं जणयइ (તપથી વ્યવદાન અર્થાત્ કર્મોની શુદ્ધિ થાય છે.) તપથી કર્મની નિર્જરા દ્વારા અશુભ લેશ્યાઓનો પરિહાર થાય છે અને સમ્યક્ દર્શન નિર્મળ થાય છે.

આમ જૈન દર્શનમાં તપશ્ચર્યા ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. જેમ અહિંસાની બાબતમાં તેમ તપશ્ચર્યાની બાબતમાં પણ જૈન ધર્મ અન્ય ધર્મોની અપેક્ષાએ અંતિમ કોટિની વાત કરે છે. એટલે જ જેટલી ઉગ્ર તપશ્ચર્યા જૈન લોકોમાં જોવા મળે છે એટલી દુનિયાના બીજા કોઈ ધર્મના લોકોમાં જોવા મળતી નથી. મુસલમાનો રમઝાનના દિવસો દરમિયાન એક મહિના સુધી રોજ રોજ કરે ત્યારે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પાણીનું ટીપું પણ મોઢામાં નાખતા નથી, પરંતુ રાત્રે તેઓ ખાઈ શકે છે. તેમની આ તપશ્ચર્યા જૈનોનાં ઉપવાસની સરખામણીમાં ઘણી હળવી તપશ્ચર્યા છે.

છ પ્રકારની બાહ્ય તપશ્ચર્યામાં આત્માના અનાહરી પદનો અનુભવ કરાવનાર અનશન–ઉપવાસ–ને શ્રેષ્ઠ ગણી છે. ઉણોદરીમાં પેટ ઉણ –અધૂરું રાખીને ખાવાનું વ્રત હોય છે. વૃત્તિસંક્ષેપમાં નિશ્ચિત કરેલી વાનગીઓ જ ખાવાની હોય છે. કર્મની નિર્જરા સાથે, આ પ્રકારની બાહ્ય તપશ્ચર્યા સાથે અહિંસાની ભાવના સંકળાયેલી છે. કારણકે ન ખાવાથી કે ઓછું ખાવાથી એટલી ઓછી જીવહિંસા થાય છે. ગાંધીજી હંમેશા પાંચ જ વાનગી જમવામાં લેતા. એક વખત કોઈકે એમને પૂછ્યું કે પાંચ વાનગી જ ખાવાથી શો લાભ? ગાંધીજીએ કહ્યું, "આપણી જમવાની પાંચ વાનગી નિશ્ચિત થઈ જાય અને આપણે હવે છઠી વાનગી ખાવામાં લેવાના નથી જ એવો આપણો નિયમ હોય તો તેથી બાકીના બધા જીવોને આપણા તરફથી અભયદાન મળે છે." ગાંધીજીના આ ઉત્તરમાં જૈનોની અહિંસાની ભાવના બરાબર વ્યકત થઈ છે, કારણકે અન્નમાં પણ જીવ છે અને એ બધા જીવોની હિંસા ઓછામાં ઓછી થાય એ અહિંસાની ભાવના છે. ઉપવાસમાં આ ભાવના સૌથી વધુ પોષાય છે. વાઘ આપણને ખાઈ જવા માટે ધસી આવે અને એના મુખમાંથી આપણે બચી જઈએ તો આપણને કેટલો આનંદ થાય! વાઘ પાંજરામાં પુરાયેલો હોય તો આપણે કેટલી નિર્ભયતાથી આનંદપૂર્વક આમતેમ ફરી શકીએ છીએ. એવી જ રીતે ઉપવાસ કરીએ છીએ ત્યારે આપણે આપણી જાતને પાંજરામાં પૂરી દઈએ છીએ જેથી બીજા જીવોને આપણા તરફથી અભયદાન મળે છે. બધા જ, વનસ્પતિ ફળફૂલ વગેરેમાં પણ જીવો છે એમ જે સમજે છે અને શ્રદ્ધાપૂર્વક માને છે એમને માટે આ વાત છે. ભગવાને આ સૃષ્ટિમાં આપણા ખાવા માટે બધા જીવો ઉત્પન્ન કર્યા છે એમ માનવાવાળાને આ સૂક્ષ્મ વાત સહેલાઈથી નહિ સમજાય.

ઉપવાસ વગેરે બાહ્ય તપશ્ચર્યામાં પણ વિવિધ પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. ખાવું હોય અને છતાં ખાવાનું ન મળે અને ઉપવાસ થાય એ એક સ્થિતિ છે અને ખાવાનું મળતું હોય અને છતાં સ્વેચ્છાએ પ્રેમભાવથી, જ્ઞાનથી, શ્રદ્ધાથી ખાવાનું ન ખાવું એ બીજી સ્થિતિ છે, બંને સ્થિતિમાં દેહને કષ્ટ પડે છે પરંતુ એકમાં એ કષ્ટ તીવ્ર લાગે છે, બીજામાં એ એટલું તીવ્ર લાગતું નથી. પોતે ભૂખ્યા રહી બાળકને ખાવાનું ખવડાવતી માતાને ભૂખ્યા રહેવાનું કષ્ટ ખાસ લાગશે નહિ, બલ્કે એને બહુ આનંદ થશે. બાહ્ય તપમાં પણ આવું જ છે. એ ભાવોલ્લાસપૂર્વક કરવાનું હોય છે. ઉપવાસ કરનારને આનંદ થવો જોઇએ.

તપમાં અભ્યાસથી આગળ વધી શકાય છે. એકાસણું પણ ન કરી શકનાર ક્રમે ક્રમે અભ્યાસથી માસખમણ સુધી પહોંચી શકે છે. માસખમણ કરેલા માણસોને હરતા ફરતા અને બધું કાર્ય કરતાં આપણે જોઈ શકીએ છીએ. તપશ્ચર્યા સાથે ચિત્તની પ્રસન્નતા રહેવી જોઈએ. ચિત્તની પ્રસન્નતા ટકે નહિ એટલી હદ સુધી તપશ્ચર્યા કરવાનો નિષેધ છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે :

बलं थामं च पेहाए सद्धामारोग्गमप्पणो।
खेत्तं कालं च विन्नाय तहप्पाणं निजुजए।।

(દરેકે પોતાની શકિત, દૃઢતા, શ્રદ્ધા, આરોગ્ય, તથા ક્ષેત્ર અને કાળ પ્રમાણે સમજી વિચારીને પોતાના આત્માને તપમાં જોડવો જોઇએ).

ભગવાન મહાવીરે આથી સ્પષ્ટ જ કહ્યું છે કે પોતાની શકિતની ઉપરવટ જઈને તપશ્ચર્યા કરવી ન જોઈએ. આરોગ્ય સારુ ન હોય તેવી વ્યકિતએ પણ તપ ઉપવાસ વગેરે પ્રકારની કઠોર તપશ્ચર્યા કરવાની નથી હોતી. ગર્ભવતી સ્ત્રી, બાળકને સ્તનપાન કરાવતી માતા કે રોગીષ્ઠ સ્ત્રી-પુરુષને આવી તપશ્ચર્યા કરવાની સખ્ત મનાઈ શાસ્ત્રકારોએ ફરમાવેલી છે. તપ ત્યાં સુધી જ કરવાનું હોય છે જ્યાં સુધી ઇન્દ્રિયો જાગૃત હોય છે અને ચિત્ત સ્વસ્થ અને નિર્મળ હોય છે. ઉપાધ્યાય યશોવિજયજીએ તપના અષ્ટકમાં કહ્યું છે:

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत।
येन योगो नं हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणिच ।।

(ચિત્તમાં દુર્ધ્યાન ન આવી જાય, યોગોને હાનિ ન પહોંચે અને ઇન્દ્રિયો ક્ષીણ ન થઇ જાય ત્યાં સુધી જ તપ કરવું જોઇએ).

આમ, જૈન ધર્મે તપશ્ચર્યામાં સરળ મધ્યમ માર્ગ ન સ્વીકારતાં ઉગ્ર તપશ્ચર્યા ઉપર ભાર મૂકયો છે, પરંતુ તે મનના ભાવો ન બગડે અને ઇન્દ્રિયો અસ્વસ્થ ન બને ત્યાં સુધી. અલબત્ત, ઉગ્ર તપશ્ચર્યા કરનારે વિશેષ સાવધ રહેવાની જરૂર છે. જેમ વધુ પડતું જ્ઞાન

જો પચાવ્યું ન હોય તો અહંકાર જન્માવે છે તેમ વધુ પડતું તપ જો આત્મસાત ન થાય તો ક્રોધ જન્માવે છે. વધુ પડતા તપથી ક્યારેક જડતા અને યાંત્રિકતા આવે છે. તપથી દેહ શુદ્ધ થવો જોઇએ અને આત્મા પવિત્ર બનવો જોઇએ. પરંતુ ભાવવિહીન યંત્રવત્ તપ કરનારમાં કેટલીક વાર ખાસ કંઇ પરિવર્તન દેખાતું નથી. એવું તપ? ફળ આપે છે ખરું, પણ ઘણું ઓછું. ભગવાન મહાવીર સ્વામીના પૂર્વેના સમયમાં તામલી નામનો તાપસ થઈ ગયો. તે ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરતો. માસખમણના પારણે માસખમણ કરતો અને પારણામાં જે આહાર લેતો તે વારંવાર ધોઈને રસકસહીન બને પછી લેતો. આટલી બધી ઉગ્ર તપશ્ચર્યા તે કરતો, પરંતુ તે ભાવોલ્લાસ વગર, યંત્રવત્ કરતો. એટલે તેને કેવળજ્ઞાન થયું નહિ. માત્ર દેવગતિ મળી. ભાવોલ્લાસ સાથે એથી ઘણી ઓછી તપશ્ચર્યા એણે કરી હોત તો પણ એને કેવળજ્ઞાન પ્રાપ્ત થાત. બાલ તપશ્ચર્યા એટલે કે ભાન વગર, અજ્ઞાતપૂર્વક કરેલી તપશ્ચર્યા મુક્તિ અપાવતી નથી. માટે જ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે ને હું

તો પછી પ્રશ્ન થયો કે શું તપશ્ચર્યા કરવી જ નહિ? માત્ર લાંઘણ કરતા હોય એવી તપશ્ચર્યાથી ફાયદો શો? એનો જવાબ એ છે કે તપશ્ચર્યા બિલકુલ ન કરતા હોય અને ભોગ વિલાસ તથા પ્રમાદમાં સમય વીતાવતા હોય તેના કરતાં લાંઘણ જેવી તપશ્ચર્યા પણ સારી. આજે એવી કરતા હશે તો કાલે ભાવપૂર્વક કરશે. જે તપશ્ચર્યામાં કર્મની નિર્જરા કરતાં કર્મનો બંધ વધારે થતો હોય, તેવી તપશ્ચર્યા ન કરવાથી એટલો કર્મનો બંધ વધારે થતો હોય, તેવી તપશ્ચર્યા બિલબત્તા, ન જ કરવી જોઈએ. સામાન્ય રીતે અજ્ઞાનપૂર્વક તપ કરનારાઓનો વર્ગ જેમ મોટો હોય છે તેમ તપની આજ્ઞાનંતાપૂર્વક ટીકા કરનારો વર્ગ પણ મોટો હોય છે. ખાધે પીધે સુખી હોય અને એને લીધે તપ કરવાની જેમને બિલકુલ રુચિ થતી ન હોય તથા તપનો જરા પણ મહાવરો ન હોય તેવા લોકો બાલ-તપ કરનારા થોડા લોકોનો ખોટો દાખલો આગળ ધરી તપ કરનારા બધા લોકોને આવરી મંડી જતા હોય છે. એમની ટીકા કેટલીક વાર આસપ્રેરણાત પણ એમની અશક્તિમાંથી પ્રગટ થતી હોય છે. જેમણે થોડી પણ ભાવપૂર્વક તપશ્ચર્યા કરી છે એવી વ્યક્તિ સામાન્ય રીતે તપશ્ચર્યાની વિરોધી હોતી નથી.

બલબત્ત, બાહ્ય તપ કરતાં આભ્યંતર ચડિયાતું છે એ નિઃસંશય છે. પરંતુ એથી બાહ્ય તપનો નિષેધ કરવામાં નથી આવ્યો. ખુદ ભગવાન મહાવીરે બાહ્ય અને આભ્યંતર એમ બંને પ્રકારની તપશ્ચર્યા કરી છે. સંસારમાં બધા જીવો એક સરખી રુચિ, કક્ષા અને શક્તિવાળા નથી હોતા. એટલે જ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના તપમાં પટા પ્રકારો બતાવાયા છે, અને દરેકે પોતાની રુચિ, કક્ષા અને શક્તિ અનુસાર તપની પસંદગી કરવાની હોય છે અને તેમાં પોતાના આત્માની શક્તિને ફોરવીને ઉચ્ચત્તમ તપશ્ચર્યા સુધી પહોંચવાનું હોય છે

એવી તપશ્ચર્યા વર્તમાન જીવનમાં માણસને માટે શ્રેયસ્કર નીવડે છે અને આત્મા માટે મોક્ષપથગામિનો બની શકે છે!

રમણલાલ ચી. શાહ

ઉપવાસ

રાજકારણીય હેતુથી ઉપવાસ કરી મૃત્યુ પામનાર બે નામ જાણીતાં છે. આયર્લેન્ડના શ્રી. ટેરેન્સ મેકસ્વીની અને હિંદુસ્તાનમાં શ્રી જતીનદાસ ૬૦ દિવસના ઉપવાસ કરી મૃત્યુ પામ્યા.

ગાંધીજીના ઉપવાસ મોટે ભાગે નૈતિક ભૂમિકા પર આધારીત હતા. તેમણે વધુમાં વધુ ૨૧ ઉપવાસ કર્યા. આ ઉપવાસ દરમિયાન પાણી સાથે સોડા બાઈકાર્બ લેતા અને શ્રી. સુશીલા નય્યર વગેરે એમની તબીયતની સંભાળ રાખતાં. એમણે આમરણ ઉપવાસ આદર્યા તે એક જ વખત હરિજનો (Scheduled Caste)ને જુદાં ચુનાવ-મંડળ (Separate Electorate) આપવાની અંગ્રેજ સરકારની દરખાસ્તના વિરોધમાં. આનો ઈતિહાસ "The Epie Fast"માં નોંધાયો છે.

આજે ધર્મલાભની દૃષ્ટિથી પર્યુષણપર્વ દરમિયાન ઘણાં શ્રાવક ભાઈ-બહેનો ૩૦-૪૦ કે તેથીય વધુ ઉપવાસ કરે છે. એમાંની બે બહેનોના મૃત્યુની ખબર વાંચી મન ખિન્ન થયું અને આવા ઉપવાસ શા માટે-એ વિષે ફરીથી વિચાર કરવા જેવો છે એમ મને લાગે છે.

દેહ એ આત્માનું આ ભવમાં નિવાસસ્થાન છે. દેહ છે તો આત્મા જીવન જીવે છે અને કર્તવ્ય કરી શકે છે. તો દેહનું દમન શા માટે કરવું જરૂરી બને છે? દેહને લાંઘ લડાવવાનું હું કહેતો નથી, પણ જીવન છે ત્યાં સુધી દેહને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખવો જરૂરી છે.

જીવ સૌને વહાલો છે. અને ઉપવાસ કરનારા પણ મૃત્યુ ઈચ્છતા નથી અને ઉપવાસોમાંથી પાર ઉતરી જવાની શ્રદ્ધા રાખે છે.

શરીરના આરોગ્ય ખાતર ઉપવાસ કરવા જરૂરી હોય તો તે જુદી વાત છે અને કુદરતી ઉપચાર પદ્ધતિનો સ્વીકારેલો માર્ગ છે.

મને લાગે છે કે આ ધાર્મિક ઉપવાસની અતિશયતાનાં ગુણગાન કરવાં કે ધર્મને નામે એની વાહવાહ કરવી એ યોગ્ય નથી.

આ વિષે વધુ ચર્ચા થાય એમ ઈચ્છું છું.

ખાર-મુંબઈ — શાંતિલાલ હ. શાહ
તા. ૧૭-૯-૮૦

ભક્તિ

ભક્તિ, એ શુદ્ધ પ્રેમ કે દિવ્ય પ્રેમનો જ બીજો પર્યાય શબ્દ છે. ભક્તિ, એ એના વિશુદ્ધ સ્વરૂપમાં, આત્માનો, આત્મા માટેનો જ પ્રેમ હોઈ, એમાં શારીરિક, માનસીક કે પ્રાણીક એવી કોઈ જ અપેક્ષાને અવકાશ રહેતો નથી.

ભક્તિ, એ મનુષ્યના અંતરતમ ભાગમાંથી ઉઠતો પ્રભુ પ્રત્યેનો પોકાર છે. પ્રભુ સાથે એકતા, એકત્વ કે અદ્વૈત પ્રાપ્ત કરવા માટે, મનુષ્યના અંતરાત્મામાં રહેલ પ્રકાશ સ્વરૂપ તણખો, જે પ્રભુના પોતાના જ દિવ્ય પ્રકાશનો સ્ફુર્લીંગ છે, તે પોતાનું સ્વાસ્વ ન્યોછાવર કરી નાંખવાનાં અદભૂત પોકાર વડે પ્રભુ-પ્રેમને પોકારે છે, અને એના બદલામાં પ્રભુપ્રેમે સીંચેલ, અમૃતરસ વડે એ સ્વાં તણખામાંથી જ્યોતિ, જ્યોતિમાંથી જ્વાલા અને જ્વાલામાંથી સારાય બ્રહ્માંડને વિસ્તરતો પ્રેમરસના મહાસાગર બનયે જાય છે; અને એટલે જ ભક્તિ-રસમાં તરબોળ થનાર મનુષ્ય, અંતે મનુષ્ય મટી જઈ દિવ્યરસથી ભરપૂર, દિવ્યરૂપ બની જાય છે.

'પ્રેમ' એ મનુષ્યને મળેલું પ્રભુનું વરદાન છે. એ વરદાન વગર મનુષ્ય શુષ્ક, રસહીન બન જાય છે. એ પારસમણીના સ્પર્શે વનસ્પતિ, પ્રાણીઓ, મનુષ્યો ભાવવિભોર' બની સારાય જગતને દિવ્ય વસંતથી પરિવિત કરી દે છે, શરત માત્ર એટલી જ કે શુદ્ધ પ્રેમ કે દિવ્ય પ્રેમને કયારેય વાસના કે અપેક્ષા સ્વરૂપે જો આવકારવામાં આવે તો ત્યાં તે હાજર રહી શકતો જ નથી. કારણ એ પોતે તદન નિર્મળ, પવિત્ર વિશુદ્ધ એવો અદભૂત, સાક્ષાત પરમાત્માની પોતાની જ કરૂણા દૃષ્ટિમાંથી વહેતો, અમૃતરસ છે. જે એને પામે છે તે ધન્ય ધન્ય બની જાય છે.

— દામિની જરીવાલા

દેશ

ભાવા જેવાં ગામડાં ને કુબેર જેવાં શહેર;
દેશ, અરે આ દેશ!
જમીન ફ જંગલ - પહાડ ખસે ના,
અહીં ચખે ના આભ,
અહીંનાં પાણી અહીં રહે આ;
પ્રભુનો માનો પા'ડ!
લાલ - સુનેરી થયા હજી ના;
રહ્યા જ કંજજલ કેશ!-
દેશ, અરે આ દેશ!
એક જ પરભાષાનો રથ અહીં
રાજમારગે દોડે,
અહીં હાટનો માલ વિદેશી
ધાઈ - ધાઈ સો વ્હોરે;
બાન - પાનની ઢબ પરદેશી,
પરદેશીનો વેશ!-
દેશ, અરે આ દેશ!
પિકચર - પિકચર ફૂલ્લ રહે, ને
હોટલ - હોટલ કાઉડ;
રોજ સ્ટ્રાઈક - ઘેરાવ ધમે છે; -
કોણ થાય ના પ્રાઉડ!
દંગલ મંગલ - મંગલ; અહીંના
ફિકર કોઈને લેશ!
દેશ, અરે આ દેશ!
નાના ઘરનાં ગામડાં ને મોટા ઘરનાં શહેર;
દેશ, અરે આ દેશ!

— હસિત બૂચ

પંચમઢી

[૨]

પાંચ કિલોમીટરને અંતરે આવેલો ચૌરાગઢ અમને દૂરથી પૂછે છે– "કેમ, અહીં આવવું નથી?" શું કરીએ, ભાઇ, એ દસ કિ.મી. માટે પગ ને ઘડિયાળ તૈયાર થતા નથી. નહિતર તો.. ! હા, બાયનોકયુલરે અમને ચૌરાગઢની ટોચ પર લઈ જઈને ત્યાંની વિશાળ શીવમૂર્તિના દર્શન કરાવ્યા ખરા!

પાછી એ જ ઝાડી વટાવતાં વટાવતાં એક બોર્ડ પાસે બસ ઊભી રહી. બોર્ડ પર લખ્યું છે. હાંડી ખોં ! એટલે કે, હાંડી જેવી મોટી વિશાળ ખાઈ હશે. બસમાંથી ઉતરતાં ખ્યાલ નથી, પણ અહિંથી આઠદસ ડગલાં દૂર જ રસ્તાની જમણી બાજુએ આવી મોટી ખાઈ આવે છે. ત્યાંના Point–સૂચક સળીયા ને બાંકડા પાસેથી નજર સીધ્ધી ઊંડી ખીણમાં જ કૂદી પડે છે. ખીણનું ઊંડાણ એક સાથે જોવા મળતાં આ હાંડી ખોંનું સૌંદર્ય પણ સ્પર્શી જાય છે. શીખરથી તળેટી ને તળેટીથી શીખરની ચડઉતર મન ઝડપભેર કરે છે. ત્યાં વળી એની પાછળની દંતકથાનો રસ ભળે છે. સાંભળો તો ખરા. કહેવાય છે કે પંચમઢી તો એક વિશાળ તળાવ હતું અને એક રાક્ષસી કાયાવાળો નાગ એની રક્ષા કરતો હતો. મહાદેવના પવિત્ર મંદિર પર યાત્રિકો દર્શનાર્થે આવતાં જતાં હતાં. આ નાગે પાછળથી એ યાત્રિકોને રંજાડવા માંડયા. તેથી મહાદેવ થયા ગુસ્સે; અને આ.. ખું તળાવ સૂકાવી દીધું. અને એમણે આ નાગને કઠણ ખડકોની વચ્ચે કેદ કરી દીધો. ત્યારે આ ખડક પર મહાદેવના ત્રિશૂલના ઘા પડવાથી અહીં એક ઊંડી ખીણ સર્જાઈ ગઈ–એ એ જ આપણી હાંડી ખોં !

હાંડી ખોંની શાંત સુંદરતા છોડવી ગમતી નથી, છતાં પાછા ફરવું પડે છે. જો કે પંચમઢીમાં આવાં દ્રશ્યો ઘણાં છે. છતાં દરેક દશ્ય પોતાની વિશિષ્ટ રીતે સ્પર્શી જાય છે.

આ જુઓ ને-શૈલાંજલિ! પર્વતના ઢોળાવ પર રચાયેલા આ સ્થળેથી આસપાસના ખાડો કેવા ગોળાકારે ગોઠવાઈ ગયેલા દેખાય છે! નીચે લીલીછમ ખીણ છે, ને ઉપર ચોકખું ભૂરું આકાશ છે. અને આ ખાડો તો જાણે કે ધરણીએ પર્વતોરૂપી હાંથદ્વારા આકાશવાસી દેવને અંજલી ધરી હોય એવા જ આકારમાં દેખાય છે. નામ જ કહે છે ને કે શૈલાંજલિ, એટલે કે શૈલો (પર્વતો)ની અંજલિ! આ અંજલિમાં છે રાળ, લીમડા, આંબા વિગેરેનાં પાનોનો લીલોછમ અર્ઘ્ય! અંજલિ ધરનાર થાકતું નથી ને એ સ્વીકારનારની કૃપા પણ ઓછી નથી વરસતી. આ ભરઉનાળે પણ એની વનશ્રીની લીલાશ ઓછી નથી.

આ વનશ્રી-વિહારમાં તો પરમ સુંદર રૂપે વિલસે છે. પત્થરચટ્ટી અને વનશ્રી-વિહારનો પ્રવાસ સાથે કરવાનો હોય છે. એક સાંજે અહિંનાં "ટુરિસ્ટ બ્યુરો"માં અમે ગયાં ત્યારે ત્યાંના ડિરેક્ટર મી. સેન્ગરનો વાક્‌પ્રવાહ ચાલુ હતો. એણે આ પ્રવાસ-એના શબ્દોમાં "પિકનિક"ની વાત કરી. એની બોલવાની મીઠાશ ને ખુશામત અમને પણ ઘડીભર આંજી ગઈ–

"અરે મૈં તો સબકો કહતા હું કી ગુજરાતી જૈસે બનો-વે લોગ પૈસા ખર્ચને મેં કભી ના નહીં કહતે હૈ." એવી ખુશામત સાથે અમારી પાસે વનશ્રી વિહારની પિકનિકના જણ દિઠ રૂા. ૧૫/- "પડાવી" લીધા. એમાં એણે અમને એની લકઝરી બસમાં ઘેરે સુધી પહોંચડવાની વ્યવસ્થા કરી અને વનશ્રી વિહાર પર ચા તથા પરોઠાં-શાક કરાવી આપ્યા. બાકી મુખ્ય કામનું ને આકરું કામ અમારે જાતે કરવાનું છે (એના રૂા. ૧૦/- એણે અમને આપવા જોઇએને? એણે વાત એવી રીતે કરેલી કે આ પ્રવાસ બહુ આરામભર્યો છે- તેથી ઉપરનો પ્રશ્ન થાય છે. એણે આ પ્રવાસની આકરી હાડમારી ને જોખમનો ખ્યાલ આપ્યો હોય તો જરા પણ ફાચાપોચા ના ટકી શકે. અને તો આ વેપાર ક્યાંથી ચાલે?,

સવારે પાંચ વાગે એમની બસ "ન્યુ હોટેલ" લેવા આવવાની હતી. એને બદલે આગલી રાતે કહેવરાવી દીધું કે તમે ટુરિસ્ટ ઓફિસ પાસે આવી ચ્હોંચજો. એટલે સવારે સાડાચારના ઘોર અંધારામાં અંધારકૂચ પહેલી કરાવી. ખાસ્સો પા કલાકનો રસ્તો ખરો!

એમની રૂપાળી મજાની લકઝરી બસ અમને ગમી ગઇ. પણ એમાં વીસેક મિનિટ બેઠાં ને ઉતરવાનું આવ્યું.

"બસ, અહીંથી માંડો ચાલવા!" રૂચન થયું. સદ્‌ભાગ્યે એમણે એક જેવો તેવો ભોમિયો આપ્યો છ કે જેને માટ અમારા ચાલિસેક જણા પાસેથી રૂપિયો રૂપિયો ગણાયો. મને થયું કે ગુજરાતીઓના વખાણ કરનાર પોતે ગુજરાતીથી પણ ચડે એવો વેપારી છે–અરે "અમદાવદી"થી પણ!

ગેડું ચાલ્યાં બાદ "માઈલસ્ટોન" આવ્યો–પત્થરચટ્ટી ૪ કિ.મી. અને વનશ્રી વિહાર ત્રણ કિ.મી. આ રસ્તો ત્રિકોણાકાર છે.

આમાં 'પત્થરચટ્ટીથી વનશ્રી વિહારનો પોણો કિ.મી. આખો પાણીમાં જ ચાલવાનો છે જે ભલભલાની કસોટી કરી દે એમ છે, એટલે એ ચાર કિ.મી. જેવો લાગે છે. આ "માઈલસ્ટોન" જોઈને જ અમારામાંના કેટલાક ત્યાંથી જ પાછા ફરી જાય છે– "પૈસા પાણીમાં પડી ગયા"ના દુ:ખ સાથે. અમારી સાથેના બીજા કેટલાક લોકોને લેવા બસ પાછી જઈને આવે છે એટલે ભોમિયો એમની સગવડ સાચવવા રહ્યો અને અમે માંડયા ઉતરવા ("ભોમિયા વિના" મારે...)

અપ્સરા–વિહાર જેવી જ કપરી કેડીઓ શરૂઆતમાં છે. પણ પછી તો એ Post Graduate Course જેવી ભારે થાય છે.

કહેવાય છે કે કુદરતમાં ને જીવનમાં ઉતરાણ કરતાં ચઢાણ વધુ મુશ્કેલ છે. પણ અહીં તો એથી ઊંધું છે. એ જ છેતરામણાં પાંદડા ને ધારદાર પત્થરાઓ આપણી સમતુલા રાખવી ઘણી જ મુશ્કેલ કરે છે. જો કે નીચે ઉતરતાં જઈએ એમ ઝાડી, કોતરો અને ખીણની સુંદરતા–કોઈ શાસ્ત્રીય રાગની જેમ જામતી જાય છે. શ્વાસ ખાવાને નામે એ સૌંદર્યથી આંખો ભરી લઈએ છીએ. પણ એ નિરાંતે માણવાનું ક્યાંથી બને? હજી તો ઘણું ઉતરવાનું છે. અપ્સરા–વિહાર જેવા અનુભવો અહીં પણ થાય છે, પણ આ કસોટી વધુ વિકટ છે. પગ તો લાકડા જેવા થવા માંડે છે. પણ ઉતરાણ પૂરું થતું નથી. છે...ક ધીરજ પૂરી થાય છે ત્યાં એક રૂમઝૂમતું ઝરણું અમારા પગ પાસે રમવા માંડે છે. એનાં કલ્લોલતાં શીતલ જલે અમારા પગનો થાક ધોવા માંડયો. અને અમે હા...શ કરીને એમાં પગ બોળીને બેસી પડીએ છીએ. ચાલો, આટલા શ્રમને ન્યાય આપે એવું પત્થરચટ્ટી છે તો ખરું! અહીં ઝરણાએ કોતરો વચ્ચે કુંડ સર્જી દીધા છે. કાળાં પત્થરોની આ ચટાઈ (પત્થરચટ્ટી) પર ઢૂબિયા ઝરણાની મુલાયમતા કેવો મીઠો વિરોધ (Happy Paradox) સર્જે છે! ચાલો, પાણીની દોસ્તીને કલબલિયા ગોષ્ઠિથી તાજાં થઈ જઈએ! પણ હજી તો...

હજી તો શું બાકી છે તે જ ખબર નથી. એ ખબર હોત તો અમારામાંથી ઘણા લોકો હજી પણ પાછાં ચાલી જાત! સેન્ગરે જાણી જોઈને અમને અજ્ઞાત રાખ્યાં હશે કે?

સેન્ગરની ભાડે મળેલી કૃપા જેવો પેલો ભોમિયો અમને ચાલીસ જણને રસ્તો બતાવવા આવેલો છે. એ બીજી ટુકડી સાથે છે. એટલે એની કૃપા તો ભાગ્યે જ ને થોડાંને જ મળે છે. એ પત્થરચટ્ટી આમારા પછી પહોંચ્યો એટલે પાછા એની પાસે હવે પછીનો રસ્તો સમજીને અમે આગળ વધ્યાં. પણ અરે, આ "રસ્તો" એટલે પગરસ્તો નથી, આ તો જળમાર્ગ જ છે. એટલે કે હવે લગભગ પોણો કિલોમીટર સુધી માત્ર ઝરણામાં ને ઝરણામાં જ ચાલવાનું છે! અહીંથી સીધાં વનશ્રી વિહાર જવાય છે અને એ જ ટૂકું પડે. પણ આ ટૂંકો જળમાર્ગ દમ કાઢે એવો છે. સમતુલા માટે–ચંપલ – બુટ તો કાઢવા જ પડે. અને નીચેની સપાટી તો ઠેકાણા વગરની છે. ક્યાંક રેતી, ક્યાંક લીલવાળા લપસણા પથ્થરો તો ક્યાંક ધારદાર પથ્થરો. અને પાણીનું ઊંડાણ પણ કેટલું છે તેની સમજ ન પડે. શરૂઆતમાં છીછરું તો આગળ જતાં કમ્મર પણ ડૂબવા માંડી છે. સૂર્યકાન્તને ખ્યાલ ન રહ્યો તે ઝબ્બાના નીચલા ખીસ્સામાં મૂકેલું પાકીટ અંદરની નોટ ને કાગળીયાં સાથે "સ્નાન" કરવા માંડયું. પણ, અરે, અહીં તો પાણી માથોડાંથી પણ વધું ઊંડું છે! આશિષ વગેરે આગળ હતા. એણે આ જગ્યાનું જોખમ સમજી લીધું ને પોતે પાણી પાસેની ભેખડની ધાર પર ઊભો રહ્યો–અરે આ ધાર પણ કેવી? પગનું પૂંઠું તળીયું પણ ગોઠવાય નહીં એવી. એની પર શરીર ને સમતુલા બેઉ સાચવીને બધાએ આગળ વધવાનું- જો સ્હેજ પણ પગ સરક્યો તો તો ઝરણાં સાથે "સંપૂર્ણ ઓકત્વ" જ માણવું રહ્યું! (તરતાં આવડે તેની વાત જુદી) આમારો પેલો

ભોમિયો તો પાછળ રહ્યો રહ્યો કોઈનો સામાન ઊંચકવા પૂરતી મદદ કરતો હતો. પણ આશિષે આ વિકટ માર્ગ ઘણાંખરાંને હાથ પકડીને પાર કરાવ્યો. સૌએ એને આશિષ આપી હશે જ.

આ સેન્ગરે આમને વાસ્તવિકતાથી અજાણ રાખીને કેવા મોટા સાહસ તરફ ધકેલ્યાં હતાં. એનો વ્યાકૂળ વિરોધ એકકેએક જણના મનમાં હતો. ગુજરાતીને વખાણનારો તો સૌથી ચડે એવો વાણિયો એ પોતે નીકળ્યો! આ પ્રવાસ નાનાં બાળકો, શારીરિક તકલિફો તથા દર્દોવાળા, તેમ જ વૃદ્ધોએ બિલકુલ કરવા જેવો નહોતો. પણ જણ દીઠ રૂા. ૧૫/- મેળવવા માંગનારે એ વિચાર્યું જ નહીં. સારા નસીબે અમે બધાં હેમખેમ પાર ઉતરી શક્યાં એટલી ભગવાનની કૃપા! હા , મેં માત્ર મારા ચશ્મા (હાથપગ નહીં) પાણીમાં પડી જતાં–તોડ્યાં.

આવો ઓછોવત્તો વિકટ જળપ્રવાસ માંડમાંડ પૂરો કરીને અમે અંતે વનશ્રી–વિહાર પહોંચીએ છીએ. "વનશ્રી-વિહાર" નામ પ્રમાણે આ સ્થળ તો ખરેખર અદ્‌ભૂત જ છે. તનના આટલા આકરા શ્રમ પછી એનું ફળ તો એવું જ મનને ભરી દે છે. ધાર્યે મુકામે પહોંચતાં બધાંનો અદ્ધર થયેલો શ્વાસ હેઠો બેસે છે અને ચૌતરફ પ્રસરેલી લીલા રંગની લીલા તરફ નજર ફરે છે. રાળનાં મોટાં મોટાં વૃક્ષોની છાયા ઝીલતું આ લીલુંછમ વન, કાળી કોતરો ને એ વચ્ચે ધરણીના ખોળામાં મોટા કુંડના સ્વરૂપે ગોઠવાઈ ગયેલું પેલું તોફાની ઝરણું અને વળી એ બધાં ઉપર ઈશ્વરની આશિષ વરસાવતું ઘેરું ભૂરું ગગન. આવાં દશ્યના સૌંદર્યનો અનુભવ શબ્દાતિત્ છે. વર્ણનના વાક્યોમાં એ પૂરું નહીં ઝીલાય. બસ આંખોની ખાલી ભરી ભરીને સૌંદર્યરસ પી લો!

વળી અહીં ટ્રષ્ટિ જેમ ભૂખ પણ સંતોષવાની વ્યવસ્થા સેન્ગરે કરાવેલી છે (આભાર એનો!) એના માણસોએ પેલા રાળવૃક્ષનાં મોટાં મોટાં પાનમાં અમને બધાંને બે બે પરોઠાં ને શાક આપ્યું, અને આસપાસથી ભેગા કરેલા લાકડાં સળગાવ્યાં. અને પછી તો ડબ્બાના દૂધની ચા તૈયાર થવા માંડી. અહાહાહા–આજ તો આટલું ભોજન પણ બ્રહ્મભોજન જેવું લાગે છે! એ પર તૂટી જ પડવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પણ...

પણ મને ને ચારુને બીજું પ્રલોભન વધું આકર્ષી લે છે. અહીં બે ભાગમાં વેંચાયેલો કુદરતી કુંડ છે. જાણે કે એનું પાણી નાસી જવાનું ન હોય, એમ અમે તો એમાંથી બહેનો માટેના ભાગમાં જઈને ઝંપલાવીએ જ છીએ- અલબત્ત, ધ્હેર્યે કપડે જ! અમારું જોઈને બીજાં બેચાર બહેનો પણ તૈયાર થયાં છે. ભાઈઓ એમના વિભાગમાં તરવા માંડેલા–મને એ છતાં થોડો ક્ષોભ થતો હતો અને અપ્સરા–વિહારના અનુભવે મનને જલ્દી ક્ષોભમુકત કર્યું. હા, આ પાણીનું ઊંડાણ એથી વધારે છે. પણ અમને તરવામાં કોઈ ભય નથી. ખરૂં કહો તો અમારે તો ડૂબવું મુશ્કેલ છે! પછી તો આ તક કેમ જતી કરાય? ઝંપલાવવા સાથે કંડનું તળીયું પગથી દૂર થવા માંડયું. જેમ વિમાનના પૈડાંને આગળ વધે તેમ ધરણીનો સ્પર્શ દૂર થાય અને પછી એ અદ્ધર થઈ જાય, તેમ અમારા પગ પણ પાણીમાં ઊંચકાઈ ગયાં. અને અમે પાણીમાં "ઊંડવા" લાગ્યાં. આખા કૂંડમાં ઊંધા તેમ જ, થાકીએ ત્યા ચત્તાં તરવામાં પાણી આત્મીય દોસ્તી થઈ જાય છે. આ આત્મીયતા હ્રદય ભરીને માણ્યા પછી અમે પાછા ભેખડો પર ચડી જઈએ છીએ. આહા, આવા હરિયાળા વનશ્રી વિહારમાં માણેલી આ સર્વોત્તમ સમય માનસપટે કેટકેટલા સમય સુધી અંકાઈ જશે! તડકામાં બેસતા શરીર ને કપડાં તો કુદરતે સૂકવી દીધાં, પણ મન તો અત્રે એ ક્ષણોને વાગોળતું ભીંજાયાં જ કરે છે. એને લીધે કરેલી કોફી ને પરોઠાં શાક પણ વધું મીઠાં લાગે છે. અને એ તાજગીથી થાક ક્યાંય ઓસરી જાય છે. અને અમે પાછાં ત્રણ કિ.મી.નું ચઢાણ ચઢવા કટીબદ્ધ થઈ ગયાં છીએ. મનની કૃતાર્થતાએ આ ચઢાણ ધાર્યા કરતાં ઘણું સહેલું લાગ્યું. અને અંતે અમે "હા...શ" અનુભવતાં પાછાં ટોચ પર ધ્હોંચીને રસ્તે ઊભેલી અમારી લકઝરી બસમાં ગોઠવાઈ જઈએ છીએ. હા, સેન્ગર માટેનો રોષ તો મનમાં હજી પણ છે ખરો, અને એ વ્યકત કરતાં કરતાં પાછા ન્યુ હોટેલમાં ધ્હોંચી જઈએ છીએ.

પંચમઢીનાં અન્ય રમ્ય સ્થળોમાં ધૂપગઢ પણ જાણીતું છે. આ એક જ સ્થળેથી બે બાજુએ સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવા જેવા ખરા. ત્યાં બહુ વિશેષતા નથી પણ એકવાર જોવા જેવું ખરૂં. અહીંથી બીજા શીખરો ઓળખવાની પણ મજા છે. અહીં છેક સુધી (Four wheeler) જીપમાં જઈ શકાય છે. અલબત્ત, ખર્ચ જણ દીઠ રૂા. ૯/. અમારી સંખ્યા મુજબ દઈને. અને તળેટી સુધી રૂા. ૫/ માં બસમાં જવાય છે.

–અગાઉથી રિઝર્વ કરાવીને પછી જાતે ચઢી જવાય છે. અમે આ વખતે જીપ કરી છે. આ ધૂપગઢમાં ટોચ પર એક નાનું આરામગૃહ છે. અગાઉથી જણાવ્યું હોય તો ત્યાં ખાવાનું પણ કરી આપે. એટલે એક જ યાત્રામાં સાંજે સૂર્યાસ્ત, રાતે ત્યાં રહેવાનું ને સવારે સૂર્યોદય જોઈને પાછા ફરવાનું બની શકે. ખરી મજા એમાં જ આવે.

અને હા, ધૂપગઢ જતાં જતાં એક નાનું પણ સુંદર સ્થળ આવે છે– જલગલ્લી –અહીં પાણીએ પ્હાડને કોરી કોરીને કેવી ગલીગૂંચી સર્જી છે અને તેય પાણીની ગલી! પ્હાડ ને પાણીની રમતો ને કરામતોવાળા આ સ્થળનો દૂરથી ખ્યાલ જ નથી આવતો. ધૂપગઢ જવાના પાકકા રસ્તા પર એક નાનું ગરનાળું આવે છે. એની જમણી બાજુથી આ કેડી ફૂંટાય છે. ત્યાંથી નીચે ને નીચે સાંકડા પોલાણમાંથી જાણે કે પાતાળપ્રવેશ કરતાં હોય તેમ ઉતર્યે જ જવાનું છે. કાળા કોતરોમાં પાણીનાં જોશથી જે આકારો સર્જાયા છે તે જોતાં માણતાં અમે દસેક મિનિટમાં છેક નીચે પહોંચીએ છીએ. અહીં ઝરણાનો કલ્લોલતો આરંભ જોવાની મજા આવે છે. આ ઉતરાણ સ્હેલું છે ને ચઢાણમાં પણ શ્રમ નથી લાગતો. પણ આટલી આસાનીથી જોવા મળતી જલગલી, કુજગલી જેમ યાદગાર થશે.

હજી તો બીજા સ્થળો પણ બાકી છે. પણ બધું લખવામાં ઘણું લાંબુ ને પુનરાવર્તનભર્યું લાગે-છતાં હજી એક સ્થળ–જટાશંકરની વાત કરી લઉં. જટાશંકર નામ પરથી તો લાગે કે શંકરની મૂર્તિવાળું કોઈ મંદિર હશે. આ મૂર્તિની જટામાંથી ગંગાવતરણ થતું બતાવ્યું હશે, અને લોકો એને પૂજતાં હશે. હા, અહીં એ તો છે. પણ એથી પણ કૈંક વધું છે, વધું સુંદર છે. આ જલગલીથી ઘણું વિશાળ ને ઊંડું સ્થળ છે. પર્વતની ટોચ પરથી નીચે ઉતરવા માટે પગથિયાં, પગથી, કઠેરા વિગેરે સગવડો છે. ઉતરાણ આથી સરળ બને છે, પણ એની નૈસર્ગિક સુંદરતા ઓછી થાય છે. છતાં ઉતરતાં ઉતરતાં જરા ઊંચે ને આસપાસ તો જુઓ. ફરતાં ખડકોના આકાર કેવા લાગે છે! જાણે કે શંકરની જટાના એકએક ગૂંચળાં જ જોઈલો ને! ચારે બાજુ આ શીલાઓનો ગોળાકાર "જટાશંકર" નામની યથાર્થતા સમજાવી દે છે. આ જટાઓ જાણે કે રહસ્યના એકએક પડદા હોય અને એ હટાવતાં હટાવતાં છેક નીચે જઈએ ત્યાં વિશાળ કુંડ આવે છે. એ કુંડ ઓળંગવા માટે બેટરી તો જોઈએ જ. એના અજવાળે ઘૂંટણબૂડ પાણીમાં સામે છેડે ચાલી લીધું. એક બાજુ અહીં શંકરનું નાનું શીવલિંગ છે ને તે પૂજાય છે. લોકો કુંડના ઠંડા ને છીછરા પાણીમાં નિશ્ચિતપણે ન્હાય છે, તરે છે. મન તો થાય છે તરવાનું, પણ આ વખતે કોરાં રહીએ છીએ. મોડું ઘણું થાય છે એટલે.

આ જટાનાં રહસ્યો અને આસપાસની હરિયાળી ફરીથી માણતાં માણતાં અમે ઉપર ચઢી જઈએ છીએ. આ સ્થળે ધર્મશ્રદ્ધાળુઓ પૂજા કરે છે અને ત્યાં ખાય, ન્હાય ને સ્થળને અસ્વચ્છ પણ કરી દે છે. જો એ ન કરવા દેવાય તો આ સ્થળનું મૌલિક સૌંદર્ય ઓર સ્પર્શી જાય છે.

આમ પંચમઢીની અનેકવિધ રમણીયતા સ્મરણપટે સંધરીને એક વહેલી સવારે અમે પાછાં ભોપાળની બસમાં ગોઠવાંયાં છીએ. અહીં આવતી વખતે જે તકલીફ થયેલી તે ખ્યાલમાં રાખીને હોટલથી બસ-સ્ટેશન પહોંચવા માટે જીપની વ્યવસ્થા અગાઉથી ટુરિસ્ટ બ્યુરોદ્વારા કરાવેલી. એટલે નિરાંત હતી.

પાંચ વાગે અમારી બસ ઉપડી (અડધો કલાક મોડી) ઘાટના એક એક ઢોળાવ ઉતરતાં ઉતરતાં પૂર્વાકાશ નજરને પકડી રાખે છે. ત્યાંથી ચોમેર પ્રસરતાં કૂણાં કૂણાં રશ્મિઓ ધરણી પર નવી તાજગી પ્રસરાવે છે. વાદળની આડશમાં ફૂટી નીકળતા ફૂવારા જેવાં કિરણો એમની ચેતનાને પણ નવ-પલ્લવિત કરે છે. પેલા વનશ્રી-વિહારના પરમ-આનંદની ક્ષણો જ જાણે કે એ કિરણો બનીને ચોમેર રેલાઈ રહી છે! અને એના સુરીલ ઉજાશમાં જાગી રહ્યું છે–માત્ર પંચમઢી જ નહીં, પણ આખું જગત– બહારનું તેમ જ અંદરનું પણ! જાણે કે સમગ્ર અસ્તિત્વ રવિન્દ્રનાથ ટાગોરનું ગીત રણકાવી રહ્યું છે.

"આનંદધારા વહે છે ભુવને
દિન રજની કો તો અમૃતરસ
ઉછલી જાય અનંત જીવને!"

–સમાપ્ત

– ગીતા પરીખ

સ્વર્ગસ્થ જ્યોતીન્દ્ર દવે

ગુજરાતના અદ્વિતીય હાસ્યરસિક લેખક શ્રી જ્યોતીન્દ્ર હ. દવેનું ૭૯ વર્ષની વયે અવસાન થયું. ગમે તેટલી મોટી ઉંમરે માણસ વિદેહ થાય ત્યારે તેના વિયોગ સ્વજનોને વસમો લાગતો હોય છે. શ્રી જ્યોતીન્દ્ર દવેની તબિયત છેલ્લા કેટલાક સમયથી અસ્વસ્થ તો રહેતી હતી, પરંતુ તેઓ આટલા વહેલા આપણને છોડીને ચાલ્યા જશે એવી કલ્પના નહોતી.

અલબત્ત, સ્વ. જ્યોતીન્દ્ર દવે આટલું લાંબું જીવન કેવી રીતે જીવી શકયા એ જ ઘણાંને મોટી આશ્ચર્યની વાત લાગતી હતી. 'દેહ મારો દાતણ સરિખડો અને મન મર્કટના સમું' એમ કહેનાર જ્યોતીન્દ્રને જન્મથી જ નબળો દેહ સાંપડયો હતો. 'આ છોકરો બહુ જીવશે નહિ.' એમ એમની તબિયત જોઈને કહેનાર સાત ડૉકટરો ચાલ્યા ગયા પણ પોતે હજુ જીવે છે એમ તેઓ ઘણીવાર સભાઓમાં કહેતા. પોતે લાંબું જીવ્યા તેનું કારણ તેમનું હાસ્ય તો ખરું જ, પણ નાની વયથી જ નબળી તબિયતને કારણે તેમણે પોતાના શરીરને બરાબર પારખી લીધું હતું અને તેને ટકાવવા માટે કેવી કેવી ઔષધીની જરૂર છે એ તેમણે સમજી લીધું હતું. રોગનું નિદાન અને ઔષધોપચાર વિશેની તેમની જાણકારી એટલી બધી હતી કે કોઈક વૈદ્ય કે ડૉકટરને પણ શરમાવે. આયુર્વેદ, હોમિયોપથી, યુનાની અને એલોપથી–બધા વિશે તેઓ જાણે, તે વિશે પુષ્કળ વાંચે તથા દાકતરો સાથે ચર્ચા કરે. પોતાની તબિયત માટે તેઓ સતત ઉપચાર પણ કરતા રહેતા અને કોઈક વખત મજાકમાં કહેતા કે 'મારા શરીરમાં ખાવાનું જેટલું જાય છે એથી વધારે દવાઓ જાય છે.'

જ્યોતીન્દ્ર દવેએ પોતાની કારકિર્દીની શરૂઆત કરી અધ્યાપક તરીકે, મુંબઈની કબીબાઈ સ્કૂલમાં અને સૂરતની કૉલેજમાં, પરંતુ તે છોડી, મુંબઈમાં આવીને થોડો વખત કનૈયાલાલ મુનશી સાથે કામ કર્યા પછી ઓરિએન્ટલ ટ્રાન્સલેટરની ઓફિસમાં જોડાયા. સરકારના ઓરિએન્ટલ ટ્રાન્સલેટર તરીકે નિવૃત્ત થયા તે પછી ફરી એમણે કૉલેજના અધ્યાપક તરીકે મુંબઈમાં અને માંડવી (કચ્છ)માં કાર્ય કર્યું. જ્યોતીન્દ્રને ગંભીર વાંચવું અને વિચારવું બહુ ગમે, પરંતુ ગંભીર બોલવાનું એમની પ્રકૃતિને ઓછું રુચે પછી તો એમના વ્યકિતત્વની હવા જ એવી જામી ગયેલી કે એ બોલવા ઊભા થાય અને લોકો હસી પડે. કોઈ શોકસભામાં પોતે ગયા હોય અને બોલવા ઊભા થાય અને લોકો હસી પડે તો તરત પોતે ટકોર કરતા, "આ શોકસભા છે, જોકસભા નથી.' અને લોકો ફરી પાછા હસી પડતા. કૉલેજના વર્ગમાં પણ તેઓ ગંભીર બનીને ભણાવે ત્યારે વિદ્યાર્થીઓ એમને જોક કહેવા કહે અને જ્યોતીન્દ્ર અગંભીર હસ્યા વગર રહી ન શકે.

હાસ્યરસ વિરલ ગણાયો છે. તેમાં પણ લેખનમાં અને વકતવ્યમાં બંનેમાં હાસ્યરસ બહુ ઓછા લેખકો સિદ્ધ કરી શકે છે. સ્વૈરવિહારી સ્વ. રામનારાયણ પાઠક લેખનમાં હળવા થઈ શકે પણ કોઈ સભાઓને ભાગ્યે જ હસાવે. સ્વ. નવલરામ ત્રિવેદી સભાઓને ખડખડાટ હસાવ્યા કરે, પણ લેખનમાં એટલા હળવા નહોતા થઈ શકતા. પરંતુ જ્યોતીન્દ્રની કલમ અને જિહવા બંને હાસ્યરસથી સભર હતાં. એ બંને ઉપર એમનું પ્રભુત્વ અસાધારણ હતું. કોઈ ઊંઘમાંથી ઉઠાડી જાહેર સભામાં એમને બોલવા લઈ જાય તો સભામાં આપેલા વિષય ઉપર જ્યોતીન્દ્ર બે કલાક સુધી સતત બોલી શકે. કોઈ લેખ લેવા આવે અને બે કલાકમાં લેખ જોઈતો હોય તો જ્યોતીન્દ્ર લખી આપી શકે.

એમણે 'ગુપ્તાની નોંધપોથી' દ્વારા ગુજરાતી વાચકવર્ગનું ધ્યાન ખેંચ્યું. પણ વધુ પ્રસિદ્ધિ પામ્યા 'રંગતરંગ' દ્વારા અને ધનસુખલાલ મહેતા સાથે લખેલી નવલકથા 'અમે બધાં' દ્વારા રંગતરંગના પાંચ ભાગ ઉપરાંત એમણે બીજા કેટલાક લેખસંગ્રહો આપ્યા, પણ જે ચમક 'રંગતરંગ'ના પાંચ ભાગના લેખોમાં જોવા મળી તે પછી એટલી જોવા ન મળી. પરંતુ એકંદરે હાસ્ય નિબંધોના ક્ષેત્રે એમણે જેટલી સિદ્ધિ દાખવી છે એટલી એમના કોઈ પુરોગામી લેખકમાં જોવા મળતી નથી. એમના પછી પણ વર્તમાન સમયમાં હળવા નિબંધના ક્ષેત્રે એટલું ચિરસ્થાયી અને સંગીન કાર્ય હજુ જોવા મળતું નથી.

આજથી ચાર દાયકા પહેલાં શાળામાં હું અભ્યાસ કરતો હતો ત્યારે મારા બે પ્રિય નિબંધકારો હતા. એક કાકા કાલેલકર અને બીજા જ્યોતીન્દ્ર દવે. કૉલેજમાં આવ્યો ત્યારે પ્રથમ વર્ગમાં એમના 'રંગતરંગ'નો પહેલો ભાગ અમારે પાઠયપુસ્તક તરીકે ભણવાનો હતો. એમના મિત્ર બાદરાયણ ઝેવિયર્સ કૉલેજમાં અમને રસથી ભણાવે. એક દિવસ તેઓ વર્ગમાં જ્યોતીન્દ્ર દવેને લઈ આવ્યા. ત્યારે મેં એમને પહેલીવાર જોયેલા. જ્યોતીન્દ્રનો પરિચય આપતાં બાદરાયણે મજાક કરતાં કહ્યું. "જ્યોતીન્દ્રને જોતાં આપણને થાય કે ક્યાંક દુકાળ પડયો હશે તેવી જગ્યાએથી તેઓ આવ્યા લાગે છે." પછી જવાબમાં જ્યોતીન્દ્રે કહ્યું, "બાદરાયણની વાત સાચી છે. હું દુકાળવાળા પ્રદેશમાંથી આવ્યો છું, પરંતુ ત્યાં દુકાળ પડવાનું કારણ બાદરાયણ પોતે છે એ તમે એમના ઊંચા, પડછંદ રુષ્ટપુષ્ટ શરીર પરથી સમજી શકશો." પછી તો જે કોઈ જાહેર સભામાં બાદરાયણ અને જ્યોતીન્દ્ર સાથે હોય ત્યાં આ એમની પેટન્ટ રમૂજ રજૂ થતી.

મુંબઈના જાહેર જીવનમાં જ્યોતીન્દ્રને વકતા તરીકે આગવું સ્થાન મળ્યું હતું. એમને જોવા અને સાંભળવા લોકો ટોળે મળતા. ક્યારેક નવરાત્રિના દિવસોમાં એક કાર્યક્રમમાંથી બીજા કાર્યક્રમમાં જતાં એમને મોડું થતું તો લોકો રાત્રે બેચાર કલાક પણ એમની રાહ જોઈને બેસી રહેતા કવિ સંમેલનો અને મુશાયરાઓનું સંચાલન તેઓ સફળતાપૂર્વક કરતા. એમની રસિક વાણીથી સાધારણ જનસમુદાય અને વિદ્વદ્ વર્ગ બંને પ્રસન્ન થતાં.

રાતના કાર્યક્રમોમાં વારંવાર જવાને લીધે રાતે જાગવાની એમને ટેવ પડી ગઈ હતી. એક વખત એક કાર્યક્રમ માટે અમે એમને નિમંત્રણ આપવા ગયેલા ત્યારે સવારે અગિયાર વાગે પણ તેઓ ઊઠયા નહોતા. વ્યવસાયમાંથી નિવૃત્ત થયા પછી તો સવારના બાર વાગ્યે ઊઠવાનો એમનો કાર્યક્રમ થઈ ગયો હતો. એક વખત એક કાર્યક્રમ માટે સૂરતમાં અમે સાથે હતા અને હોટેલમાં અમને ઉતારો આપવામાં આવ્યો હતો, પરંતુ મચ્છરના ત્રાસને લીધે મને બિલકુલ ઊંઘ ન આવી સવારે મેં તેમને પૂછયું "રાત્રે મચ્છર કેવાક કરડયા?" એમણે કહ્યું, "મને કરડયા જ નથી, હું રાતના ઊંઘી જાઉં તો કરડેને? સવારે ચાર પાંચ વાગ્યા સુધી મને ઊંઘ આવતી જ નથી હું ઊંઘી ગયો ત્યારે મચ્છરોનો જવાનો ટાઈમ થઈ ગયો હતો."

રાત્રે અનિદ્રાની ટેવ પછી તો એમને વ્યાધિ જેવી થઈ ગઈ હતી. એક વખત મેં એમને પૂછેલું કે 'આખી રાત તમે શું કરો?" તો કહે, "બેઠો બેઠો કે સૂતો સૂતો વાંચ્યા કરું વાંચવાનું ન હોય તો ચેન ન પડે. જે હાથમાં આવે તે વાંચું, પણ શિકારકથાઓ હોય તો મને મઝા પડે."

જ્યોતીન્દ્રનો સ્વભાવ સરળ અને નિરભિમાની હતો. કોઈ પણ કાર્યક્રમ માટે તેમને નિમંત્રણ મળે અને જે અનુકુળ હોય તો તરત સ્વીકારે એમાં ક્યારેય અક્કડ કે વાંકા ન બને, બહારગામ બોલાવનાર સંસ્થાએ સરખી સગવડ ન કરી હોય તો હસી કાઢે. એક વખત સૂરતની એક સંસ્થાએ એક કાર્યક્રમ માટે પ્રમુખ તરીકે જ્યોતીન્દ્રને નિમંત્રણ આપ્યું. સંસ્થાના બીજા કોઈ કાર્યકર્તા ચંદ્રવદન મહેતાને પ્રમુખ તરીકે પધારવા નિમંત્રણ આપી આવેલા, બંને કાર્યક્રમમાં પહોંચ્યા ત્યારે ગોટાળાની ખબર પડી. કાર્યકર્તાઓ મૂંઝાયા. જ્યોતીન્દ્ર અને ચંદ્રવદને તોડ કાઢયો કે અડધું વાકય ચંદ્રવદન બોલે અને બાકીનું પૂરું કરે જ્યોતીન્દ્ર. પછી જ્યોતીન્દ્ર અડધું વાકય બોલે અને ચંદ્રવદન પૂરું કરે આ રીતે અડધો કલાક પ્રમુખ તરીકે બંનેએ બોલીને, લોકોને ખડખડાટ હસાવ્યા કરીને કાર્યક્રમને વધુ રસિક બનાવ્યો બીજા એક પ્રસંગે એક સભામાં પ્રસ્તાવની તરફેણમાં જ્યોતીન્દ્રને બોલવાનું હતું અને વિરુદ્ધમાં બીજા એક લેખકને બોલવાનું હતું. પરંતુ એ લેખક આવ્યા નહિ એથી કાર્યકર્તાઓ મૂંઝાયા, જ્યોતીન્દ્ર પ્રથમ તરફેણમાં બોલ્યા. પછી બીજી બાજુ જઈ બીજા માઈક ઉપરથી એ પ્રસ્તાવની વિરુદ્ધમાં બોલ્યા. પોતે પ્રથમ કરેલી દલીલોને વિરુદ્ધમાં બોલીને એવી સરસ રીતે ઉડાવી કે શ્રોતાઓને એમ થયું કે સારું થયું કે પેલા લેખક આવ્યા નહિ, આવ્યા હોત તો આટલી મઝા આવત નહિ. જ્યોતીન્દ્ર બહુ બુદ્ધિશાળી અને પ્રત્યુત્પન્નમતિવાળા હતા. શબ્દો પરનું એમનું પ્રભુત્વ એટલું હતું કે બીજાના ગળે તે શબ્દમાંથી તે હાસ્ય નિપજાવી શકતા. જ્યોતીન્દ્રના હાસ્યમાં દંશ કે દ્વેષની ગંધ ન આવે. તેઓ પોતાની જાત ઉપર સૌથી વધુ હસતા. પોતાની અકાળે પડેલી ટાલ, ખડબચડી દાઢી, નબળું શરીર, શરદી વગેરે રોગો, આ બધાંને તેઓ ઉપહાસપાત્ર બનાવતા. જાહેર કાર્યક્રમોમાં પણ તેઓ દ્વેષપૂર્વક કોઈના

ભોગે બીજાને હસાવે એવું બનતું નહિ. એમનામાં એક પ્રકારની અજાતશત્રુતા પણ હતી. પોતે કોઈ વાડાબંધી, જૂથબંધી, બીજાનો બહિષ્કાર વગેરેમાં માનતા નહિ. એને લીધે બધાંને એમના પ્રત્યે આદર રહેતો. ગુજરાતી સાહિત્ય પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીના હાથમાંથી લઈ લેવા માટે ગુજરાતભરમાં લેખકોની સહી મેળવવા માટે ઝુંબેશ ચાલી ત્યારે જ્યોતીન્દ્રે એમાં સહી આપી નહોતી. લેખકોની સભાઓ થતી અને કોની કોની સહી બાકી છે એમ પુછાતું, ત્યારે જ્યોતીન્દ્રનું નામ નીકળતાં વડીલ લેખકો એમ બોલતા કે, "જ્યોતીન્દ્રને આપણે દબાણ ન કરવું જોઈએ. એમની સહી નથી, પણ એ આપણી સાથે જ છે." જ્યોતીન્દ્ર પ્રત્યે બીજા લેખકોને કેટલો આદર હતો તેની ત્યારે પ્રતીતિ થતી.

જ્યોતીન્દ્ર અંદરથી ગંભીર પ્રકૃતિના હતા. તેઓ હળવું લખતા પણ તેમને ગમતું ગંભીર વાંચવાનું. સંસ્કૃત ભાષા, વ્યાકરણ અને છંદ, ધ્વનિ અને રસ વગેરે વિશે તેમનો અભ્યાસ ગહન હતો અને તેમને એ વિશે કશુંક માર્મિક કહેવાનું રહેતું. મુંબઈ યુનિવર્સિટીમાં રસસિદ્ધાન્ત વિશે એમણે આપેલાં ઠક્કર વસનજી વ્યાખ્યાનો એનાં સચોટ ઉદાહરણરૂપ છે. તેમની વિવેચક દૃષ્ટિ પણ ઓટલી જ કૃશાગ્ર હતી. પરંતુ એકંદરે જામેલી હાસ્યકાર તરીકેની હવામાં એમની ગંભીર વિદ્વત્તાપૂર્ણ વાતો વિસરાઈ જતી.

જ્યોતીન્દ્રના સ્વર્ગવાસથી આપણને એક વિરલ હાસ્યકારની ખોટ પડી છે.

– રમણલાલ ચી. શાહ

એક પત્ર

સ્નેહીશ્રી ચિમનભાઈ ચ. શાહ,

'શ્રીજીવન' માસિકના ઓગસ્ટ, ૧૯૮૦ના અંકમાં 'પ્રબુદ્ધ જીવન' માંથી ઉદ્ધૃત 'પ્રેમ' નામે લેખ પા. (૧૪૧–૧૪૫ પર) જોયો. આમ તો તમે વર્ષોથી મને 'પ્રબુદ્ધજીવન' નિયમિત મોકલો છો. અવારનવાર મારી કૃતિઓ આપ તેમાં છાપો છો. પરંતુ કોણ જાણે આ લેખવાળો અંક મારા હાથમાં કેમ નહિ આવ્યો હોય તે આશ્ચર્ય છે. ખેર! ભલે એ અંક નથી મળ્યો (કોઈ પણ કારણે) છતાં યે તેમાં તમે ઊભા કરેલા પ્રશ્નો વિશે ચર્ચા - વિચારણા થાય એ મને જરૂરી લાગે છે.

'ન હન્યતે' નવલકથા એ બંગાળી લેખિકા શ્રી મૈત્રેયી દેવીની પ્રખ્યાત અને સચ્ચાઈના રણકારથી ભરેલી સુંદર કૃતિ છે. જેને ભારતીય સાહિત્ય અકાદમીએ શ્રેષ્ઠ કૃતિ તરીકે પુરસ્કાર પણ આપેલો છે. ડૉ. ઉમાશંકર જોશી જેવા આપણા મૂર્ધન્ય કવિ અને વિવેચકે એની પ્રસ્તાવનાયે લખી છે. આપે આ પુસ્તક અને તેની લેખિકા વિશે ઠીક ઠીક પરિચય કરાવ્યો છે.

આપે પહેલાં પુસ્તક વાંચ્યું, પ્રસ્તાવના પછીથી વાંચી અને જે બે પ્રશ્નો આપના મનમાં ઉદ્‌ભવ્યા તે આપે પ્રસ્તુત કર્યા છે, જેમાંથી આપની નિખાલસતા, સરળતા અને નિર્ભયતા પ્રગટ થાય છે. 'પહેલો પ્રશ્ન સાઠ વર્ષની પ્રૌઢા, સન્માનિત સંસ્કારી સન્નારીએ પોતાની પ્રતિમા (Image) વિક્ષુબ્ધ કરે, પોતાની પ્રતિષ્ઠાને ભાંગીને ભૂક્કો કરે એવો સોળમા વરસનો, પ્રણયાનુભાવ લખવાનું કારણ શું?

તદુપરાંત! બીજો અને તેથી વધારે અગત્યનો પ્રશ્ન એ કે આવી પ્રૌઢા ભારતીય નારી, બેતાલીસ વર્ષ પૂર્વેની સ્મૃતિથી આટલી અભિભૂત કેમ થઈ, સંયમ કેમ જાળવી ન શકી?

આવા પ્રશ્નો કોઈ પણ વાચકને અને તેમાંયે તમારા જેવા અભ્યાસી ભાવુકને થાય એ સ્વાભાવિક છે. એમાંથી આપણે પ્રથમ પ્રશ્ન લઈએ. લેખક યા સર્જકને માટે સમસ્ત વિશ્વ એ ઉપાદાન દ્રવ્ય છે. સર્જક અનેક બાબતો, ચીજો, પદાર્થો ઘટનાઓ વગેરે ખુલ્લી આંખે અને ખુલ્લા દિમાગે જુએ છે, સાંભળે છે, અનુભવે છે, માણે છે અને પાળે છે. આ ઉર્મિઓ, લાગણીઓ અને સંવેદનો તેનું મન–હૃદય ઝીલે છે અને એમાંથી જે ઉત્કટ સંવેદનો હોય છે તેની આસરોને સાહિત્યપિંડ–કૃતિ મારફતે પ્રગટ કરે છે. આપ સમજી શકશો કે શ્રી મૈત્રેયીદેવીના દિલમાં સાઠેક વર્ષની વયે સોળ વર્ષની ઉંમરનું પ્રણયાનુભવનું તીવ્ર સંવેદન ઉત્કટ રીતે પ્રગટ થયું છે, જેને લેખિકાએ એ અત્યંત ઉત્કટ હોવાથી ઝીલ્યું છે અને નવલકથા રૂપે અભિવ્યક્ત કર્યું છે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. લેખક જેમ અન્યની અનુભૂતિઓને આત્મસાત કરીને સાહિત્યકૃતિ મારફતે પ્રગટ કરે છે તેમ જ એ પોતાની અનુભૂતિઓને પણ કૃતિદ્વારા વ્યક્ત કરે એમાં કશું જ અસ્વાભાવિક કે આશ્ચર્યજનક નથી. આશ્ચર્ય તો આપને વિશેષે થયું છે લેખિકાની આ સત્યાનુભૂતિને સચ્ચાઈથી, હિંમતથી અને નિર્ભયતાથી વ્યક્ત કરવાની ભારે શક્તિથી. "સાહિત્ય એ તો," રવિન્દ્રનાથ કહે છે તેમ, "શબ્દદ્વારા સત્યં શિવં સુન્દરમ્‌ની ઉપાસના છે." લેખિકા સચ્ચાઈથી પોતાના સૌંદર્યાનુભવને કલાત્મક રીતે પ્રગટ કરી શક્યાં છે એ જેવીતેવી બાબત નથી. આપના મનમાં કદાચ એમ થતું હશે કે, સાઠ વર્ષની વયે જુવાનવયના પ્રણયાનુભવો લખીએ કે વ્યક્ત કરીએ તો લોકો આપણા વિશે શું ધારે? આપણી સામાજિક પ્રતિમા (Image) નું શું? પ્રતિષ્ઠા ભાંગીને ભૂક્કો થઈ જાય તેનું શું? ખરેખર તો જુની પઢીના લોકોને માટે આ પ્રતિષ્ઠા - કીર્તિ એ જ મોટો પ્રશ્ન છે. પણ સંસ્કૃત લોકમાં કવિઓ ગાયું છે. कीर्तिरेव अनिच्छन्ना कीर्ति तो चंचळ છે. આજે મળે તે કાલે ચાલી જાય તેવાં છે. રવિન્દ્રનાથ પણ એમના એક કાવ્યમાં ગાય છે ને?" "आमार कीर्तिरे आमि करी रे विश्वास" મને મારી કીર્તિનો વિશ્વાસ નથી. અલબત્ત, જે કીર્તિ અને પ્રતિષ્ઠાની ખેવના કરતા હોય છે તે મોટે ભાગે સત્ય પ્રગટ કરી શકતા નથી. પરંતુ ખુશીની વાત તો એ છે કે મૈત્રેયીદેવીએ કીર્તિ અને પ્રતિષ્ઠાની લેશમાત્ર પરવા કર્યા સિવાય આ 'ન હન્યતે' નવલકથા લખી છે. જેમાં પોતાને જે કાંઈ ભીતરમાં અનુભૂતિઓ થઈ છે તે એક કલાકારને શોભે તેવા ઢબે નિર્ભયતાથી રજૂ કરી છે. આપે આ લેખમાં લખ્યું છે તે પ્રમાણે, લેખિકા પોતે જ કહે છે, "મારા આ અસામાજિક અને કસમયના મનોવિકારથી લોકો મારો ત્યાગ કરશે એમ માનેલું ... પણ મારા જીવનના સત્યના પ્રકાશને કારણે હું એમને વધારે પ્રિય થઈ પડી. અમારા જમાનામાં આવું ન બનત. હું આ યુગને વંદન કરું છું.." આ શબ્દો જ દાખવે છે કે લેખિકાએ પોતાના પ્રણયાનુભવને નવલકથા સ્વરૂપે પ્રગટ કરવાથી એમને આજના નવા સમાજે ઉતારી પાડ્યાં નથી. બલ્કે સાહિત્ય અકાદમીએ પુરસ્કાર દઈને સન્માન્યાં છે. એ જ બતાવે છે કે ગઈ પેઢી કરતાં યે આજની પેઢી વધારે ખુલ્લી, નિખાલસ અને સચ્ચાઈની કદર કરનારી છે. જૂની પેઢીમાં (Conditioning of the mind) અર્થાત્‌ મનની બદ્ધતા વિશેષે હતી. જેને કારણે કેટલીક ભીતરી વાતો ગુપ્ત રખાતી હતી, જ્યારે આજની પેઢીમાં Sex of love — લૈંગિકતા અથવા પ્રેમ વિશે મોકળાશથી વાત, વિચાર કે ચર્ચા કરવાની ક્ષમતા વિશેષે છે, એ અર્થમાં આજનો યુગ ખરેખર 'સત્ય યુગ' છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં લેખાય.

આપનો બીજો પ્રશ્ન જોઈએ. આવી સંસ્કારી પ્રૌઢા ભારતીય નારી બેંતાલીસ વર્ષ પૂર્વેની સ્મૃતિથી કેમ આટલી બધી અભિભૂત થઈ ગઈ? સંયમ કેમ ન જાળવી શકી? આ સવાલ કોઈ પણ સંયમધર્મી (જૈન ધર્મી - હિન્દુ ધર્મી - સ્વામીનારાયણ ધર્મીને) થાય એ સહજ છે. અઠ્ઠાવન વર્ષની લેખિકા જાણે સોળમા વર્ષમાં વિચરતી હોય એવું અનુભવાય છે, જ્યાં આગળ અતિત અને વર્તમાન - એક તત્સત - તદ્રૂપ થઈ ગયાં છે. સરગેઈ, યુક્લિડ મીર્યાનો શિષ્ય છે, જે અમૃતાને પુનઃ મીર્યાની યાદ આપે છે. અને તેણે લખેલા પુસ્તકમાં, અમૃતા રાત્રે મીર્યાને તેના ઓરડામાં મળવા જતી. આ હકીકતનું જુઠાણું તેના અંતરમાં ભારે તુમુલ જગાડે છે. આ ઝંઝાવાતમાં એક બાઈના શબ્દો (Your are the claim of Mircha) રોને હલબલાવી મૂકે છે. જેથી પૂર્વસ્મૃતિનો વિરાટ સાગર ઉલટે છે અને બધા (નૈતિક) બંધો તૂટી જાય છે. આવી સ્થિતિમાં ૧૯૭૨ની ૫૮ વર્ષની પ્રૌઢા માટી, તે ૧૯૩૦ની ૧૬ વર્ષની યુવતી સ્વરૂપે સજીવન થાય છે. ખરેખર તો અમૃતા અને મીર્યા એકમેકને નિબિડભાવે ચાહતાં હતાં, જેને કારણે ચુંબન - આલિંગન સુધી સહજભાવે પહોંચ્યાં હતાં. આવી સ્થિતિમાં, પિતાના વિરોધને કારણે અમૃતા યુક્લિડ મીર્યાને પરણી શકી નહીં. મનની ઝંખનાઓ મનમાં જ રહી ગઈ, જે લેશ કૃતાર્થ ન થઈ શકી. કવિ કલાપી કહે છે તેમ, પ્રેમીઓને માટે બાહ્યવિધિઓ, ઉપચારો વગેરે ગૌણ હોય છે, "પ્રેમ જ મુખ્ય બાબત છે." પ્રેમને કારણો સાથે સંબંધ કાંઈ યે નથી.

પ્રીતિનું કારણ પ્રીતિ: પ્રેમીની લક્ષ્મી એ બધી." પ્રેમ એ જ પ્રેમીની એકમાત્ર લક્ષ્મી - સમૃદ્ધિ છે અને જો એ ન મળે તો કલાપી કહે છે તેમ.

"ઝૂરી ઝૂરી મરવામાં સ્નેહ–સંતોષ માને" એ ઉક્તિ એકમેકને માટે ઝૂરી ઝૂરીને પ્રેમીઓ મરણને શરણ થાય છે. આ બાબતે શ્રી ચુનીલાલ વર્ધમાન શાહે વિશ્વંભર અને ચંદ્રાવલીની સત્ય ઘટનાને આધારે 'જિગર અને આમી' નવલકથા લખી છે. જેમાં લેખકે પોતાના તરફથી લેશમાત્ર અતિશયોક્તિ કરી નથી. બલ્કે સત્ય હકીકતોને મૂર્ત કરી છે. ચંદ્રાવલી અને વિશ્વંભરને એકમેક માટે ભારોભાર પ્રેમ છે પરણ્યાં છે, છતાં યે સમાજ એમને સુખી થવા દેતો નથી. છેવટે ચંદ્રાવલિ ઝેરવાળો દૂધનો પ્યાલો સામે ચડીને પી જાય છે. અને મૃત્યુશરણ થાય છે. વિશ્વંભર જૈનમુનિ થઈને ખૂબ ખૂબ ભટકે છે અને સોળેક વર્ષ બાદ આકસ્મિક રીતે જૈન ઉપાશ્રયમાં જ ચંદ્રાવલીને મળે છે. ચંદ્રાવલી પોતાના પ્રિયતમ જિગરને - વિશ્વંભરને ઓળખે છે, પણ સમાજ એમને ભેગાં જીવવા દેતો જ નથી. જેને કારણે ફરીથી બીજીવાર ચંદ્રાવલી આત્મઘાત કરે છે. આમ બબ્બે જન્મ સુધી પ્રણયની આ ઉત્કટતા અનુભવાય છે. એવું જ કલાપી અને શોભનાને વિશે ય થયેલું છે. રાજા અને ખવાસની છોકરી લગ્ન શી રીતે થઈ શકે? સમાજના વિરોધ વચ્ચે કલાપી સામે થઈને શોભનાની સાથે લગ્ન કરે છે. પણ અનેક આઘાતો - પ્રત્યાઘાતોથી શીર્ણવિશીર્ણ થયેલા કલાપી માત્ર છવ્વીસ વર્ષની વયે મૃત્યું પામ્યા. આ પ્રેમની ઉત્કટતા, અમૃતામાં મીર્ચા માટે છે. તેનું હૈયું રાતદિન મીર્ચા મીર્ચા પોકારે છે. અમૃતાને દેવ જોઈતો નથી. લોહી માંસનો માનવી જોઈએ છે. પિતાની ઈચ્છાને કારણે વીસ વર્ષનાં અમૃતાએ છેવટે ચોત્રીસ વર્ષની ઉંમરવાળા ધનિક ડોક્ટર સાથે લગ્ન કર્યા છે. આ લગ્નથી પતિની ઉદારતાને કારણે તેને સુખસગવડો અને તમામ સુવિધાઓ મળી છે. છતાં યે એનો યૌવનકાળનો Suppressed love કુંઠિત થયેલો પ્રેમ એને ઝંઝાવાતોથી ભરી દે છે. બેતાલીસ વર્ષ પૂર્વેની પ્રેમની સ્મૃતિથી એ અભિભૂત થઈ જાય છે, હલબલી ઊઠે છે. એ સમજવા જેવું છે કે, દિલની ઉત્કૃષ્ટ લાગણીઓને દબાવવાથી એ હજાર ગણી તાકાતથી ઉછળે છે. જેટલી વધુ દબાવીએ તેટલા વધુ પ્રત્યાઘાતો ઉઠે છે. જે મનુષ્યને છિન્નભિન્ન કરી નાખે છે. આ Suppression ચિત્તકુંઠન એ ખતરનાક બાબત છે. બહારથી માણસ ગંભીર રીતે જીવે છે, પરંતુ અંતરમાં તો ઉત્કૃષ્ટ લાગણીઓનો દરિયો પછડાટા ખાતો ઉછળતો હોય છે. આ લાગણીઓ - પ્રણયનાં સંવેદનો પ્રત્યક્ષ અનુભવ સિવાય કૃતાર્થ થતાં નથી. ભલે અમૃતાને ડોક્ટર પતિ મળ્યો હોય, જેણે એને ધન, માલમિલકત, સુખસુવિધા વગેરે પૂરાં પાડ્યાં હોય; પરંતુ યૌવનકાળ દરમ્યાન પુષ્કલ મીર્ચા પ્રત્યે પ્રગટ થયેલી એની પ્રણયની લાગણીઓને કૃતાર્થ થવાનો અવકાશ મળ્યો નથી. રવીન્દ્રનાથે તેને આત્મપીડનથી મુક્ત થવા માટે" વેદનાને બોધના સ્તરે લઈ જઈ કઠોરને લલિતમાં, ખટાશને માધુર્યમાં, પરિપક્વ કરવા" માટે સેવાનો માર્ગ દાખવ્યો હતો. પણ એ ભૂલવા જેવું નથી કે, Without fulfiment of love, everything is useless.

પ્રેમને માણ્યા વગર, બીજા બધા ઉપચારો નિરર્થક નિવડે છે. અમૃતા મીર્ચાને, લોકામાંસથી છલકતા માનવીને ઝંખે છે, એ માનવીના પ્રેમની ભૂખી છે, જે એને ન મળવાથી એ તરફડે છે. અને મીર્ચા પાસે દોડી જાય છે. ઠેઠ ફ્રાન્સ સુધી, ડોક્ટર પતિની સંમતિ લઈને. પ્રણયની કૃતાર્થતા - Fulfillment - સિવાય, માત્ર બહારથી ઠોકી બેસાડેલા સંયમ ફળીભૂત થતો નથી. ઉર્મિઓ, ભાવનાઓ કે લાગણીઓની કૃતાર્થતા પછીથી જે બોધન - અનુભવનમાંથી સંયમ સધાય છે તે જ ચિરસ્થાયી કે ચિરંજીવી નીવડે છે. બળજબરીથી (પછી તે સમાજની માબાપોની કે પરિસ્થિતિની), દબાણથી આણેલો સંયમ પ્રતિક્રિયાત્મક (Reactionary) નીવડે છે એ એક તદ્દન સાદું મનોવૈજ્ઞાનિક સત્ય છે. અમૃતા વડીલોની ઈચ્છાથી લગ્ન કરીને પોતાના પ્રણયના ઉત્કટ સંવેદનને કવિતા, વાર્તા, જ્ઞાનના ગ્રંથો લોકસેવાના કાર્યો વગેરેથી દબાવવા માટે યા (Sublimate) ઊર્ધ્વીભૂત - ઉદાત કરવા માટે જરૂર મથી છે. પરંતુ એ પ્રણય સંવેદનની એટલી બધી ઉત્કટતા છે કે બાહ્ય સંયમ યા વિધિનિષેધો અને તમામ બંધનો તૂટી પડે છે. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર અને કુમુદના પ્રેમસાયુજ્ય માટે સૌમનસ્ય ગુફામાં એકાદ સપ્તાહ માટે સાધુ - સાધ્વીઓની સંગતિમાં આ પ્રેમીઓનું મુક્ત મિલન યોજ્યું છે. સ્વપ્નલોકમાં બન્ને વચ્ચે લગ્ન કરાવ્યું છે અને આપ્તજનોની છાયાઓ મારફતે તેને આશીર્વાદ અપાવ્યો છે. આ બધું સૂક્ષ્મ અનુભૂતિ રૂપે છે. અલબત્ત! આજના નવા સમાજે આવાં પ્રેમીઓને માટે સાથે મળીને સહજીવન જીવવા માટે માર્ગ ખુલ્લો કરવો જોઈએ. કદાચ પ્રકરણ પુરાણમતવાદી - નૈતિકતાવાદીઓને આનાથી જરૂર આઘાત થશે. પણ આ પ્રત્યક્ષ પ્રણયાનુભૂતિ સિવાય પ્રેમીઓ કૃતાર્થતા અનુભવી શકતા નથી અને આપઘાત કરીને અથવા ઝૂરી ઝૂરીને મરે છે ત્યારે આવાં પ્રેમીઓ માટે સપ્રેમ સહજીવનનો માર્ગ મોકળો કરી આપવો એમાં ઉદારતા અને ઉદાત્તતા તો છે જ પણ માનવતા જ વિશેષે છે.

આપણે ભૂલવા જેવું નથી, પ્રણયમાં પ્રેમ - કામ = સપ્રેમ છે. કામવાસના કહીને પ્રણયની ઉપેક્ષા કરીશું કે અનાદર કરીશું તે બરાબર નથી. દાંપત્યજીવનના અનુભવથી જ કામ ઉત્તરોત્તર ક્ષીણ થતો જાય છે અને પ્રેમ વિશેષને વિશેષ પ્રગટતાં જાય છે. આપના મતે, (Life is more than love) જીવન એ પ્રેમ કરતાં કંઈક વિશેષ છે. પણ એ ભૂલવા જેવું નથી કે, એ 'વિશેષ' ને પામવા માટે ય પ્રેમ આવશ્યક છે. એટલું જ નહિ અનિવાર્ય છે. એટલે જ કહેવાયું છે ને?" Life is love and love is life " જીવન એ પ્રેમ છે અને પ્રેમ એ જીવન છે. જીવનની સાર્થકતા પ્રેમની નિબિડ અનુભૂતિમાં છે. પ્રેમ સિવાયનું જીવન ક્યારેક તો ગુનેગારી, નશાખોરી, સિનેમાખોરી, વિઘાતક પ્રવૃત્તિઓ અને સમાજવિરોધી તેમ જ હિંસક પ્રવૃતિઓ તરફ દોડી જાય છે. એક અમેરિકન મનોવિજ્ઞાનિક મિ. મેનિન્જરે તો (Love is not enough) અર્થાત પૂરતા પ્રેમનો અભાવ એ પુસ્તકમાં અનેક કેસોનો અભ્યાસ કરીને આજની અશાન્તિભરી વિષમ પરિસ્થિતિના મૂળમાં આ પૂરતા પ્રેમના અભાવને કારણરૂપ લેખ્યો છે. પ્રણયના પ્રત્યક્ષ અનુભવથી મનુષ્યમાં શાંતિ, સ્વસ્થતા અને સમાધાન પ્રગટે છે એટલું જ નહિ પણ અનેક સર્જકશક્તિઓ અને પ્રતિભાઓ ફોરી ઊઠે છે. એટલું નહિ આધ્યાત્મિક ઉન્નતિ પણ થતી હોય છે.

પોતાના આંતર જીવનને સચ્ચાઈ અને નિર્ભયતાથી આવી મહાન નવલકથા 'ન હન્યતે' સ્વરૂપે આલેખવા માટે મૈત્રેયીદેવીને હજાર હજાર અભિનંદન! અને આપે જે બેએક સવાલો કર્યા તેને માટે આપને ય ધન્યવાદ!

કુશળ હશો. સપ્રેમ નમસ્કાર

સ્નેહાંકિત

– હરીશભાઈ વ્યાસના જયજગત્

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમો

(૧)

વિષય :– "૬૦ કલાકમાં જીવન–પરિવર્તન : EST – એક અનુભવ."

વક્તાઓ :– શ્રી વિપીન પરીખ
શ્રી રસિક શાહ

સમય :– તા. ૯–૧૦–૮૦ ગુરુવાર,
સાંજના ૬–૧૫

(૨)

વિષય :– જીવન, ગતિ અને પ્રગતિ

વક્તા :– શ્રી ચીમનભાઈ દવે :–
ભૂતપૂર્વ પ્રિન્સીપાલ,
એન. એલ. હાઈસ્કૂલ–મલાડ.

સમય :– તા. ૧૬–૧૦–૮૦ ગુરુવાર,
સાંજના ૬–૧૫

સ્થળ :– પરમાનંદ કાપડિયા સભાગૃહ,
વનિતા વિશ્રામ સામે, પ્રાર્થનાસમાજ.

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમાગ્રહભર્યું નિમંત્રણ છે

સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર.
અભ્યાસ વર્તુળ

વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઈ શાહનું અભિવાદન

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિ અંગે વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ૦ રમણલાલ સી. શાહનું અભિવાદન અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના તાજેતરમાં થયેલાં આશ્રયદાતા સભ્યોનો મિલન સમારંભ રવિવાર, તા. ૨૮-૯-૧૯૮૦ના રોજ સાંજના ૫-૩૦ કલાકે નવનીત પ્રકાશન કેન્દ્ર, દાદર ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ હતા.

નવનીત પ્રકાશન વતી તેના માલિક શ્રી ડુંગરશીભાઈ ગાલાએ સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી શારદાબહેન અને કલાવૃન્દના ભજનો બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સમારંભની ભૂમિકા સમજાવતાં કહ્યું કે "ડૉ૦ રમણભાઈનું અભિવાદન અને પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિના આનંદની અભિવ્યક્તિ માટે આપણે મળ્યા છીએ અને વ્યાખ્યાનમાળા અંગે મિત્રો પ્રતિભાવ વ્યક્ત કરશે." વધુમાં તેમણે જણાવ્યું કે "આટલી બધી સંખ્યામાં છેક દાદર સુધી આપ સૌ સંઘના શુભેચ્છકો અત્રે પધાર્યા છો એથી આનંદ થાય છે અને મને ખાત્રી છે કે આવો જ સક્રિય સાથ અને સહકાર આપ સૌનો મળી રહેશે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ચાર આધારસ્તંભ – શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, ડૉ૦ રમણલાલ સી. શાહ, અને શ્રી રસિકભાઈ ઝવેરી છે, એનું અમને ગૌરવ તો છે જ, પરંતુ આ વ્યાખ્યાનમાળાના શ્રોતાઓનું પણ એટલું જ ગૌરવ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપનામાં પાયાની વ્યક્તિ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે "શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાહિત્યિક પ્રવૃત્તિમાં મોખરે છે. વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને પં. સુખલાલજી અને પ્રા. ઝાલા-સાહેબ બાદ ડૉ૦ રમણભાઈએ ગૌરવભરી રીતે આ સ્થાનને દીપાવ્યું છે. તેઓ સર્વધર્મોનો સમુચિત સમન્વય કરે છે.' વધુમાં તેમણે જણાવ્યું હતું કે "શ્રી ચીમનભાઈની રાહબરી હેઠળ, દેશની વર્તમાન પરિસ્થિતિની તુલનામાં, આપણે ઘણા આગળ છીએ, અને જૈનોમાં તેમ જ ભારતભરમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે નામના કાઢી છે. એના સર્જનનો આનંદ સૌથી વિશેષ મને છે." ડૉ૦ રમણભાઈ વિષ એમણે કહ્યું કે "મારા સાથી છે, અંગત સ્નેહ છે. એમની મહત્તા શબ્દોથી પર છે. એમનો અભ્યાસ, મનન અને નમ્રતા આવકાર્ય છે અને વિદ્વતા સાથે આ ગુણોના સમન્વયથી એમણે દેશ-પરદેશમાં સારામાંસારી નામના મેળવી છે."

પર્યુષણ વ્યાખ્યાનમાળાની નિયમિત નોંધ રાખતાં શ્રી ગુણવંતભાઈ ઝવેરીએ કહ્યું કે, "૪૩ વર્ષથી ચાલતી આ વ્યાખ્યાનમાળાની પ્રતિવર્ષ કોઈ ને કોઈ વિશેષતા હોય છે. આ વર્ષની વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતાઓની વય ૪૧ વર્ષથી ૮૨ વર્ષની હતી. તેમાં અધ્યાપકો, વ્યાપારીઓ, કવિઓ અને ચિંતકો હતા. બહારગામથી આવેલાં આઠ વ્યાખ્યાતાઓ પૈકી ૬ વ્યાખ્યાતાઓ અમદાવાદના હતા. સતત ૪૩ વર્ષથી વ્યાખ્યાતા તરીકે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ (ક્રિકેટની પરિભાષામાં ૪૩ નોટ આઉટ) પધારે છે એ પણ એક વિશિષ્ટતા છે." તદુપરાંત વ્યાખ્યાતાઓમાં જૈનો કરતાં જૈનેતરો વિશેષ હતા, એનો આનંદ વ્યક્ત કરતાં એમણે કહ્યું કે, "પ્રતિ વર્ષ વધતી જતી વિવિધતા – વિષયોની – વિવિધતા છતાં ય ડૉ૦ રમણભાઈનું ન્યાયયુક્ત પણ સંક્ષિપ્ત અને સમતુલિત સમાપન વ્યાખ્યાતાના વિષયને શ્રોતાઓ માટે સુલભ બનાવે છે. આ વ્યાખ્યાનમાળાની અભૂતપૂર્વ શાંતિ અને અનુકરણીય શિસ્ત અમારા ઉત્સાહમાં ઓર વધારો કરે છે." તેમણે વધુમાં જણાવ્યું કે "સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે આગામી વર્ષની વ્યાખ્યાનમાળામાં ક્લોઝ ટી. વી. સર્કિટ મૂકવાનું આપેલું વચન સાકાર થશે એવી મને શ્રદ્ધા છે."

અભ્યાસ વર્તુળના કન્વીનર શ્રી સુબોધભાઈ એમ. શાહે જણાવ્યું કે "વ્યાખ્યાનમાળા સતત વિકાસ પામતી જાય છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા વક્તાઓ અને આર્થિક દૃષ્ટિએ પણ સફળ રહી છે અને એટલે જ આપણી જવાબદારી વધે છે." વ્યાખ્યાનમાળા અંગે સૂચન કરતાં એમણે કહ્યું કે, "સ્વ. પરમાનંદભાઈએ એક વ્યાખ્યાનમાળામાં મહિલા વક્તાઓ અને એકાદ વ્યાખ્યાનમાળામાં યુગલ વક્તાઓને નિમંત્રી વિશિષ્ટ ભાત પાડી હતી, તેમ આગામી વ્યાખ્યાનમાળા બધા ધર્મોના સંતો જેમ કે કબીર, મીરાંબાઈ, આનંદઘનજી, શ્રીમદ્ રાજચંદ્ર-એમ નવ જોડકાંની વ્યાખ્યાનમાળા યોજશે તો મને વધુ આનંદ થશે. વ્યાખ્યાનમાળાનું મહત્ત્વ પર્વના દિવસોના કારણે છે." એમ એમણે ઉમેર્યું હતું.


સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ કે. શાહે જણાવ્યું કે, "આ વ્યાખ્યાનમાળામાં આપ સૌ પેટ્રન સભ્યો સ્વેચ્છાએ થયા છો એનો મને આનંદ અને ગૌરવ છે." વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની ઓળી લઈને ઊભા રહેતા શ્રીમતી નીરુબહેનને થયેલા અનુભવો ટાંકતાં એમણે જણાવ્યું કે, "એક ભાઈ એક દિવસે સંઘના પેટ્રન થયા, પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ માટે પણ રૂા. ૨૫૦૦/- આપ્યા અને સંઘને પણ એટલી જ રકમની ભેટ આપી. બીજા એક દિવસે એક ભાઈએ પોતાનું આખું ય પાકીટ ખાલી કરી દીધું – ચાલતા ઘેર જવાની તૈયારી સાથે. આ બધી બાબતો આપ સૌની સદ્‌ભાવનાનાં પ્રતીક છે." તેમણે વિશેષમાં જણાવ્યું કે, "ડૉ૦ રમણભાઈ અને હું બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં સાથે ભણતાં, ત્યારથી એમની સાદાઈ અને નમ્રતા મારા મનમાં ચિત્રાંકિત છે. તેઓ મારાથી એક વર્ષ આગળ હતા. એમનું એટલે ૧૯૪૪નું સહાધ્યાયી ગણે તેજસ્વી હતું." વ્યાખ્યાનોની સમાલોચના અંગે એમણે સૂચન કર્યું કે, "બીજા વ્યાખ્યાનની સમાલોચના બીજા દિવસે પ્રારંભમાં કરી શકાય તો સારું."

જૈન સોશ્યલ ગ્રુપ, મુંબઈ (દક્ષિણ)ના મંત્રી અને ફેડરેશનના કોષાધ્યક્ષ શ્રી વનેચંદભાઈ ઘેલાણીએ જણાવ્યું કે, "પ્રત્યેક જૈન વ્યાખ્યાનમાળામાં ફિરકાના ભેદ ભૂલીને અચૂક હાજર રહે છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા યોજાતી વસંત વ્યાખ્યાનમાળા અને વિદ્યાસત્ર – એ બધામાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ટોચ ઉપર છે. ડૉ૦ રમણભાઈની પસંદગી અને આયોજન સરસ છે. એમના આયોજનથી ઉપનગરની પર્યુષણ વ્યાખ્યાનમાળાને પણ સુગમતા રહે છે, એનો લાભ મળે છે."

લોકસાહિત્યના અગ્રણી શ્રી મનુભાઈ ગઢવી વ્યાખ્યાનમાળામાં નિયમિત હાજરી આપતા હતા. એક શ્રોતા તરીકે પ્રતિભાવ આપતાં તેમણે જણાવ્યું કે, "હું વ્યાખ્યાનમાળામાં જ્ઞાનપિપાસુ વિદ્યાર્થી તરીકે, જિજ્ઞાસુ તરીકે આવું છું. ડૉ. રમણભાઈના વ્યક્તિત્વે પણ મને આકર્ષ્યો છે. તેમની સમાલોચના જળમાંના કમળની માફક તટસ્થ હોય છે. વ્યાખ્યાતાઓ પ્રત્યેના અનુરાગથી પર રહીને, પરમ હંસની ગતિ – નીરક્ષીર દૃષ્ટિ રાખીને તેઓ સમાલોચના કરે છે. એમના વક્તવ્યમાં વ્યાખ્યાતા પ્રત્યેનો પ્રેમ કે નારાજી તારવી શકાતી નથી, એવી એમની તટસ્થતા છે." વધુમાં એમણે જણાવ્યું કે, "વ્યાખ્યાનમાળામાં આવતા પ્રેક્ષક – શ્રોતાગણમાં જિજ્ઞાસાવૃત્તિ છે, પ્રતિક્ષાનો ભાવ છે અને એટલે જ વ્યાખ્યાનમાળાની સફળતામાં એનો હિસ્સો મુખ્ય છે. શ્રોતાઓના અંતરંગ પ્રવાહોથી એક વાતાવરણ બંધાય છે, એક હવામાન ઊભું થાય છે. આજથી ૪૩ વર્ષ પહેલાં સ્વ. પરમાનંદભાઈને વ્યાખ્યાનમાળાનો વિચાર સ્ફૂર્યો એ અદૃશ્ય દુનિયામાં, અંતરિક્ષમાં સ્વીકૃત થયો અને વિચારોની એ વેવ લેન્થ બધામાં સંક્રાંત થતાં વ્યાખ્યાનમાળા સફળ થાય છે, એમાં ઈશ્વરી સંકેત હું જોઉં છું." અંતમાં એમણે ઉમેર્યું કે "શ્રોતાઓની દ્વિધા, શંકા, કુશંકામાં મદદ કરે એવા વક્તાઓ શ્રોતાઓને જોઈએ છે અને એવા ચારિત્રબળ ધરાવતાં વક્તાઓથી વ્યાખ્યાનમાળા સફળ થાય છે."

પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું કે, "શ્રી મનુભાઈ ગઢવીની વાત સાચી છે. આપણે ઈશ્વરી પ્રેરણા જોઈ શકતા નથી, પણ એનો અનુભવ થાય છે. છેલ્લાં દસ વર્ષમાં સંઘની પ્રવૃત્તિઓ વિકસી છે, એની પાછળ એક તત્ત્વ છે. આપણે જોઈએ છીએ કે સત્કાર્યને આણધારી રીતે ટેકો મળે છે. ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે ક્યાં મૌલાના આઝાદ, ક્યાં મોતીલાલ નહેરુ અને ક્યાં બીજા મહાનુભાવો. આમ છતાં આ બધાય મહાનુભાવો ગાંધીજીના શરણે બેઠાં. કારણ, ગાંધીજી આચરણ દ્વારા કાર્ય કરે છે એમાં મદદ કરવી જોઈએ એવી ઈશ્વરી પ્રેરણા એમને થાય છે. મારી મર્યાદા હું જાણું છું. હું કાંઈક કરું એવી પ્રેરણા મને આપોઆપ થાય છે. મહાન વસ્તુ સાથે જાતને જોડવાથી એની મહત્તાનો આનંદ મળે છે. 'હું શ્રોતા છું, હું વક્તા છું.' એ રીતે પ્રત્યેક વ્યક્તિ "Attaches himself with the great work"

વ્યાખ્યાનમાળાના પ્રમુખનું સન્માન



પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહુતિના સંદર્ભમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત સ્નેહમિલન અને અભિવાદન–સમારંભમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ડૉ. રમણલાલ ચી. શાહનું ચંદનની માળાથી અભિવાદન કરે છે.

પોતાની જાતને શૂન્ય કરી દે તો કોઈ પણ કાર્ય સફળ થયા વિના રહે નહિ. યજમાન તરીકે શ્રી ડુંગરશીભાઈનો આનંદ પણ એ રીતે અનોખો છે. શ્રદ્ધાપૂર્વક થતાં કાર્યનો આનંદ અનોખો જ હોય છે.

શ્રોતાઓની અપેક્ષા વિષે એમણે કહ્યું કે, "મનના વમળો, સમસ્યા, મૂંઝવણનું સમાધાન થવું જરૂરી છે. ગાંધીજી એક વાત કહે અને હું એક વાત કહું એમાં આસમાન જમીનનો ફરક છે. ગાંધીજીના શબ્દો પાછળ ચારિત્ર્યનું બળ-વજન હતું અને એટલે જ લખાયેલા શબ્દો કરતાં બોલાયેલાં શબ્દો વધુ શક્તિશાળી છે. સંયુકત રાષ્ટ્ર સંઘના મહામંત્રી દાગ હેમરશીલ્ડ બહુ જ મિતભાષી હતા. દુનિયાની દૃષ્ટિએ તેઓ સફળતાની ટોચ ઉપર હતા. એમને અમેરિકા તરફી ગણીને રશિયાએ એમને હઠાવવા કાવાદાવા કર્યા હતા. વિશ્વ રાજકારણના કાવાદાવાઓની વચ્ચે હોવા છતાં અંગત રીતે તેઓ તદ્દન અલિપ્ત હતા. એમણે લખેલી નોંધપોથી - છૂટા છવાયા વિચારો-વિચારોના ટાંચણમાં આવી બાબતોનો કશો જ ઉલ્લેખ નથી. આખી ડાયરીમાં એક જ ભાવ–ઈશ્વરની સમીપતાનો. એક ક્ષણની પણ ફુરસદ ન હોય એવા દાગ હેમરશીલ્ડ આંતરિક રીતે એકલતા અનુભવે છે. એમણે આ ડાયરી પ્રગટ કરવાના ઈરાદાથી લખી નથી; પરન્તુ અંતિમ પળોમાં મિત્રને પત્ર લખ્યો. 'આ ડાયરી એ મારી જાત સાથેનો સંવાદ છે, મારી જાતનો ઈશ્વર સાથેનો એ સંવાદ છે. અહીં એ બળ આવવાની વાત છે, અને યોગ્ય લાગે તો મૃત્યુ બાદ ડાયરી પ્રગટ કરવાનું લખ્યું છે.

શ્રોતાઓ વિષે એમણે કહ્યું કે, "દરેક શ્રોતા આલોચક છે અને બીજે જાણવાનું જે શકય ન હોય તે જાણવા-માણવા અત્રે વ્યાખ્યાનમાળામાં આવે છે." નાની વસ્તુ પણ કેટલી અસર કરે છે એ અંગે ટોલસ્ટોયની એક વાર્તા ટાંકતા એમણે કહ્યું કે, "એક ખેડૂતને ચાર દીકરા. એક પછી એક મોટા થતાં એમને નાવિક થવાની ભાવના થાય છે. એમણે દરિયો જોયો નથી. ત્રણ દીકરા નાવિક થાય છે ત્યારે એક ડાહ્યા માણસને પૂછે છે : 'મારો એક દીકરો નાવિક ન થાય તો સારું. પણ એમને નાવિક થવાની કેમ ભાવના થઈ તે સમજાતું નથી." એમના ઘરમાં રહેલું સાગર અને એના પર સડસડાટ દોડતી નાવનું ચિત્ર ડાહ્યા સજ્જનની નજરમાં આવે છે. કલા અને સંગીતની કેટલી ઊંડી અસર થાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. નાનપણથી આ ચિત્ર જોનારનું લક્ષ્ય નાવિક થવાનું બને એ સ્વાભાવિક છે."

"પ્રબુદ્ધ જીવન" મારા વિકાસનું માધ્યમ થયું છે. ડૉ૦ રમણભાઈ યોગ્ય અને અધિકારી વ્યક્તિ છે. વ્યાખ્યાનમાંથી મળેલી તકનો લાભ શકિત હોય તો લઈ શકાય. તક અને શકિતનો સુભગ સમન્વય એમનામાં થયો છે એ પરમ સદ્‌ભાગ્ય છે. એમનામાં ચારિત્ર્યની ઉજ્જવળ ભૂમિકા છે."

સન્માનનો પ્રત્યુત્તર આપતાં ડૉ૦ રમણભાઈએ જણાવ્યું કે "શ્રોતાઓને લક્ષમાં રાખી વ્યાખ્યાનતાની પસંદગી બાબત વિચારતાં મને બૌદ્ધભિક્ષુ એકુદાન યાદ આવે છે. તેઓ જંગલમાં રહે, એકની એક વાત અંગે વ્યાખ્યાન આપે અને તે પૂરું થાય ત્યારે વાતાવરણમાંથી પડઘો પડે, "સાધુ! સાધુ! શું સરસ વ્યાખ્યાન!!" એક વખત ત્યાંથી પસાર થતાં આચાર્યોને પિટ્ટક ગ્રન્થો કંઠસ્થ હતા. એમણે આપેલાં વ્યાખ્યાન બાદ વાતાવરણમથી કોઈ પડઘો પડયો નહિ. એકદાન ભિક્ષુનું વ્યાખ્યાન સીધું, સાદું અને સરળ હતું. હંમેશ મુજબ એના વ્યાખ્યાનનો પડઘો પડયો. આ અંગે એ આચાર્યોના શિષ્યોએ કુતૂહલથી ભગવાન બુદ્ધને આખો પ્રસંગ કહી એનું કારણ પૂછયું ત્યારે ભગવાન બુદ્ધ કહ્યું, "એના પાપ ક્ષીણ થયા છે, તે અવૈરી છે, આનો પ્રતિભાવ જંગલના દેવ પાડે છે. વ્યાખ્યાતામાં જ્ઞાન હોય, પરન્તુ ચારિત્રબળ ન હોય તો સમગ્ર જીવનમાં એનો પડઘો ન પડે. આપણે આવા એકુદાન ભિક્ષુ જેવાં વ્યાખ્યાતા લાવવાનાં છે."

એમણે વધુમાં જણાવ્યું કે, "શિષ્યોને ઘણા સંશય થાય. પરન્તુ એના સમાધાન અર્થે ગુરુ પાસે આવે અને સંશય ટળી જાય. પૂછવાની જરૂર જ ન રહે. ગુરુના સમગ્ર વ્યકિતત્વથી આવું વાતાવરણ ઘડાય. પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજનમાં સમતુલા જાળવવી જોઈએ. વ્યાખ્યાનમાળાની પ્રશંસામાં ખોટું તારતમ્ય ન નીકળે એ માટે મૌનનો આશરો લીધો છે; એમાં કંજુસાઈનો ભાવ નથી. આમ છતાં વ્યાખ્યાતાનો પૂરો સાથ મળે છે. એમને લેવા - મૂકવા જતા નથી, પુરસ્કાર પણ આપતા નથી. આમ છતાં તેઓ ટેકસી ભાડા વિ.નો પણ વિનયપૂર્વક અસ્વીકાર કરે છે. એ જ રીતે સંઘના કાર્યવાહકો વગેરેના સહકારથી કામ સારી રીતે થાય છે. હું તો માત્ર નિમિત્ત છું."

જૈન સાધુના વ્યાખ્યાનની ભૂમિકા સમજાવતાં એમણે કહ્યું કે "સાધુઓ સ્વકલ્યાણ માટે વ્યાખ્યાન આપે છે, પોતાની જાતને સંબોધન કરવા વ્યાખ્યાન આપે છે. સ્વકલ્યાણ જ મુખ્ય આશય છે.

સ્વ-પર કલ્યાણ સ્વાભાવિક – આપોઆપ થાય. સ્વકલ્યાણના ભોગે પર-કલ્યાણ માટે વ્યાખ્યાન ના થાય, એવી જૈન સાધુની ભૂમિકા છે, અને એટલે જ વ્યાખ્યાનની પ્રશંસા કરવાની પણ જૈન સાધુ ના પાડે છે. મારે આ બધી બાબતો વ્યાખ્યાનમાળા દ્વારા શીખવાની છે."

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકભાઈ શાહે ડૉ૦ રમણ-ભાઈનું સુખડના હારથી સન્માન કર્યું હતું. જ્યારે આભારવિધિ શ્રી ચીમનલાલ જે. શાહે કરી હતી. નવનીત પ્રકાશન તરફથી પ્રગટ થયેલાં પુસ્તકોનો સુંદર Display પણ આ પ્રસંગે મોજવામાં આવ્યો હતો.

સંકલન: પન્નાલાલ રસિકલાલ શાહ

આ શું ધર્મ છે?

આપણા જીવનની કેટલીક વાતો એવી હોય છે કે જેની ચર્ચા અવારનવાર કરવા છતાંય એમાં સુધારો દેખાતો નથી. સુધારો નથી દેખાતો એટલે લોકોને તેની યાદ આપવી પડે છે અને થઈ ગયેલી વાતો ફરી ફરીને લખી લોકોને જાગૃત કરવા પડે છે. દા. ત. પર્યુષણની વાત લઈએ. આમ તો પર્યુષણ પતી ગયા છે, પરંતુ એ હર સાલ આવવાના છે એટલે એ વિષે આપણે લખીએ છીએ. પર્યુષણમાં લોકો ધર્મધ્યાન કરે કે લાંબા ઉપવાસ કરે એની જાહેરાત આપવાની કશી જરૂર નથી, કારણકે જે કંઈ તપ અને ક્રિયાકર્મો થાય છે તે પોતાના આત્મકલ્યાણ માટે વ્યક્તિ કરે છે, છતાં પણ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવે છે, અને તેને જાહેરાતનું સ્વરૂપ આપવામાં આવે છે. આ શું આરંભસમારંભ નથી? નવાઈની વાત તો એ લાગે છે કે સાંસારિક બાબતોની જેમ છાપામાં તેની મોટા અક્ષરે જાહેરાત કરવામાં આવી હોય છે. પરીક્ષામાં જેમ ઝાઝા ગુણાંક મેળવી પાસ થનાર વિદ્યાર્થીના યશની જેમ છાપામાં જાહેરાત થાય છે તેમ લાંબા ઉપવાસ કરનાર તપસ્વીઓની નામાવલી અને તેણે જેટલા દિવસના ઉપવાસ કર્યા હોય તેનો ઉલ્લેખ છાપાં–પત્રિકા-ઓમાં કરવામાં આવે છે. દેખીતી વાત છે કે આવા આરંભસમારંભ હોય ત્યાં સંસારનું ચિત્ર જોવા મળવાનું. આ બધું જોઈ કોઈ પણ વિચારશીલ વ્યક્તિને વિચાર આવ્યા સિવાય રહે નહિ કે આ તે સંસાર છે કે ધર્મ? ચાંલ્લા સાથે, લહાણી સાથે અને ઝાઝા આરંભ સમારંભ સાથે કશી લેવા દેવા નથી, છતાં પણ ધર્મની ગંભીરતા અને શાન્તિને બદલે ડોળદમામ, ભપકા અને ઉપલક બાબતોમાં જ લોકો રાચે છે અને ધર્મ કર્યાનો સંતોષ અનુભવે છે. જૂજ અપવાદ સિવાય મોટા ભાગના લોકો ધર્મના હાર્દને સમજતાં નથી અને આંતરનિરીક્ષણ અને આંતર-બુદ્ધિને બદલે આવી બધી ઉપલક બાબતોમાં ફસાય છે.

અઠ્ઠાઈ નિમિત્તે સાંજીનાં ગીતો રાખવાં એ તો જાણે ચુસ્ત રિવાજ થઈ ગયો છે. એ નિમિત્તે ઘણી ધમાલ થાય છે. પૈસાદારોને આવા ખર્ચ પોસાય છે, પરંતુ મધ્યમ અને ગરીબ વર્ગને તો તપ-સ્યાની ઉજવણી કરવી એ ભારે પડી જાય તેમ છે. તપસ્યા કરનાર બેન, લગ્ન, અવસર હોય એમ કપડાંલત્તાં અને આભૂષણો ધારણ કરે છે, આમંત્રિત બહેનો પહેરી ઓઢીને આવે છે, બધાં ભેગાં મળી વાતોચીતો અને ગોષ્ટિ કરે છે, નાસ્તા પાણી થાય છે અને પછી લહાણી લઈ વિદાય થાય છે. સાંજીના ગીતોમાં બેનોની ઘણી મોટી હાજરી હોય છે, કારણ કે એમાં વાસણ કે અન્ય ચીજવસ્તુઓની લહાણી રાખવામાં આવી હોય છે. આવી લહાણી જો બંધ કરવામાં આવે તો સાંજીનાં ગીતોમાં આમંત્રિતોની કેટલી હાજરી હોય એ આપણે જ કલ્પના કરવી રહી! લહાણી એ એક જાતનું પ્રલોભન છે. જૈન ધર્મમાં પ્રલોભનને ઉત્તેજન આપવું, ધર્મ અને તપ નિમિત્તે કાર્યક્રમો ગોઠવવા, કંકોત્રીઓ છપાવવી, સૌને ભેગાં કરવા, ચાંલ્લાની લેવડ દેવડ કરવી, આ બધું શું ધર્મ સાથે સુસંગત છે? ખરેખર, લગ્ન પછી રીસેપ્શન રાખવામાં આવે છે અને આપણે એનો વિરોધ કરીએ છીએ તેમ તપસ્યા પછી મોટા પાયા પર જે ઉજવણી અને ઉત્સવો થાય છે તેનો વિરોધ કરવો જોઈએ . કારણકે મધ્યમ અને ગરીબ વર્ગને ઉજવણીના આવા ખર્ચ પોસાઈ શકે તેમ નથી, માટે તેમને તપસ્યા કરવાની ભાવના હોય છે, છતાં તપસ્યા બંધ રાખવી પડે છે. અઠ્ઠાઈ કરી એટલે સાંજીનાં ગીતો જો ન રાખીએ તો લોકો આપણી વાતો કરશે એ ભય લોકોના મનમાં હોય છે. બે સાલ પહેલાં એક કુટુંબે આવી ટીકાના ભયથી દોરવાઈને જ શકિત નહોતી છતાં ગમે તેમ કરીને પણ સાંજીનાં ગીતો રાખેલાં. સમજાતું નથી કે અઠ્ઠાઈ અને સાંજીના ગીતોને શું સંબંધ છે? ભગવાન મહાવીરે આટલી ઉગ્ર તપસ્યા કરી તેની શું ઉજવણી કરી હતી? તેમને માટે શું માન બહુમાનનો સમારંભ ગોઠવાયો હતો? બાહ્ય ક્રિયાકર્મો અને તપસ્યામાં રાચતા લોકોએ ખરેખર આ વિચારવા જેવું છે. આ તો એવું થયું છે કે સાંસારિક જીવનનો ધર્મ સાથે સમન્વય સાધવાને બદલે ધર્મને આપણે સંસારથી વિકૃત કર્યો છે. નહીંતર આપણને માન-બહુમાનના કાર્યક્રમો, વરઘોડા, તપસ્યાની ભપકાદાર ઉજવણી, કંકોત્રી કાઢવી, ચાંલ્લા અને ચીજ વસ્તુઓની લેવડ દેવડ કરવી, ફોટા પડાવવા, તપસ્વીઓના ગુણગાન ગાવાં, આ બધું સૂઝે નહિ. ખરેખર સાપ ગયા અને લીસોટા રહ્યા જેવી દશા આપણે ધર્મની કરી મૂકી છે. આમાંથી બહાર કેમ નીકળવું અને ધર્મના મૂળ સિદ્ધાંતોની કેમ રક્ષા કરવી એ તો સૌના હાથની વાત છે.

શારદાબેન બાબુભાઈ શાહ

"જરૂર છે–વિજ્ઞાનયુગે ધર્મની...."

વિજ્ઞાનનો અર્થ છે: જ્ઞાનનું વિભાજન અને વિશ્લેષણ કરી તેની સત્યાર્થતાને ચકાસવી, હર કોઈ બાબતમાં રહેલાં "સત્ય"ને તેના પૂરેપૂરા રૂપમાં જોવું – ઝાંખવું. એ વિજ્ઞાનનો મૂળભૂત મર્મ છે.

વિજ્ઞાન એ માહિતીનો સંગ્રહ નથી, પરંતુ પ્રવૃત્તિઓનો સરવાળો છે, એટલું જ નહીં પરંતુ પ્રવૃત્તિ – સંશોધન – શોધખોળ અને સમસ્યાઓમાંથી જ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. જરૂરિયાત (નેસેસીટી)ને જો વિજ્ઞાનની જનની ગણીએ તો પ્રવૃત્તિ એ તેનો પાલક પિતા છે.

વસ્તુ કે વિચારનાં હૃદય સુધી પહોંચીને ત્યાં કામ કરતાં સિદ્ધાંતનો જ્યાં સુધી પૂર્ણરૂપમાં સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી વિજ્ઞાનને વિમાસણ થયા કરે છે અને એમ થતાં થતાં જ વિજ્ઞાનની વિવિધ વિભાવનાઓ (Concepts) પ્રગટ થાય છે.

તર્કશુદ્ધવિચાર અને ગ્રંથિરહિત માનસ જ વિજ્ઞાનનો આરપાર જોઈ શકે છે. વર્ષો સુધી રાત અને દિવસ જોયા વગર; સ્વના ભાનવગર; પોતાના અસ્તિત્વની સમગ્ર ધૂનનો કોઈ એક સમસ્યાનાં ઉકેલ પાછળ ખર્ચનાર અને સમગ્ર માનવજાતને ચાહનાર પાગલ જેવા મહા-માનવોને દુનિયા "વૈજ્ઞાનિકો" કહે છે અને તેથી જ એમ કહી શકાય કે, પરિશ્રમનાં એક-એક બુંદથી વિજ્ઞાન-વિકાસનાં ઈતિહાસની પ્રત્યેક અંકિત પ્રગટે છે. માટે જ વિજ્ઞાન એ માત્ર વિચાર નથી, પણ આચાર છે. યુદ્ધ નથી પણ તેનો ઉપચાર છે અને આશ્ચર્ય એ વિજ્ઞાનનું દ્વાર છે.

ધૈર્યની ધરતી પર ઊભેલા, જીજ્ઞાસાનાં છોડ પર જ વિજ્ઞાનનાં ફૂલો ખીલે છે. વિજ્ઞાને તો મનુષ્યના હૈયામાં હંમેશા હેતપૂર્વક સુખ અને સંપથી રહેવાના કાયમી શમણાં મૂક્યા છે; એટલું જ નહીં પરંતુ એ શમણાંઓને સાકાર કરવાની જરૂરી સિદ્ધિ-બુદ્ધિને પણ સજાવી છે. તેમ છતાં પણ તેનાં ભેજામાંથી યુદ્ધશસ્ત્રો સર્જવાની વિચારહારમાળાઓ પ્રગટે તો ત્યાં વિજ્ઞાનનો વાંક નથી, પરંતુ સત્તાલોલુપ શાસકોનું વિધ્વંસક અને વ્યાપારિક વલણ જ દોષાંકિત છે.

વિજ્ઞાને માણસને વૈભવ અને વિલાસ; ત્વરિતતા અને તાકાત; સગવડતા અને સૌંદર્ય, સંપત્તિ અને કહેવાતી શાંતિ જરૂર આપ્યા હશે, પરંતુ જ્યાં સુધી તેના હૃદયમાં વૈભવની આકાંક્ષા સાથે વત્સલતાનાં ઝરણ નહીં વહે; સંપત્તિ અને શાંતિ સાથે સ્નેહની સૌરભ નહીં ભળે; તો તેનો સઘળો વિકાસ રકાશમાં પલટાશે. દુન્યવી દેખાવો પાછળની તેની સઘળી દોટ દરિદ્રતાને ભેટશે; ત્વરિતતા અને તાકાત માટે તડપતા તરુણો માત્ર માનસિક તનાવમાં જ રગદોળાતા રહેશે.

આમ વિજ્ઞાનને જેમ તેનાં ઉજળા ઓજશ છે તેમ ધુંધળું–કારમું–બિહામણું અને વરવું ભાવિ પણ છે; અને માટે જ વિજ્ઞાન સાથે આધ્યાત્મિકતાના અંજનની ભયાનકતાના નાશ માટે ભગવાનની ભક્તિની અને દુન્યવી દોટને દાબવા માટે દરિદ્રો પ્રત્યેની દયાની અત્યંત અનિવાર્ય આવશ્યકતા છે અને ત્યારે જ આપણે વિજ્ઞાનને વ્યક્તિ અને સમષ્ટિનાં હિતોનાં સરવાળાનો પર્યાય માનીશું, પરંતુ તે માટે જરૂર છે વિજ્ઞાનયુગે ધર્મની...

પ્રા. અનિરુદ્ધ એમ. ઠક્કર

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ઓકટોબર, ૧૯૮૦, બુધવાર
મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ
સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ઘેરાતાં વાદળો

લોકશાહીમાં લોકોને રાજી રાખવા પડે. યોગ્ય અથવા હિતકર હોય કે ન હોય, પણ ટૂંક સમય માટે લોકો રાજી રહે એવા પગલાં લેવાય. આને પોપ્યુલીઝમ કહે છે. ખેડૂતોનું દેવું માફ કરવું, સંજય ગાંધી નિરાધાર ટ્રસ્ટ કરી, ગરીબ અથવા અપંગ લોકોને રોકડ સહાય આપવી, આવી રીતે રાજ્યના કરોડો રૂપિયા ખરચી નાંખવા. બીજું લોકોનું મન જીતી લેવું અથવા થોડા સમય માટે પોતાના તરફ વાળવું. ખરી રીતે સારા કામ કરવાથી આ બને. પણ કામ ન થાય ત્યાં વચન આપી વિશ્વાસ મેળવવો એ જાણીતી રીત છે. ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવનું સૂત્ર આપ્યું, લોકોનું મન તાત્કાલિક જીતી લીધું અને મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા. પછી છ વર્ષ ભલે ગરીબી હટાવવા કાંઈ ન કર્યું, લોકોનો ભ્રમ ભાંગી ગયો અને વિકટ પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે છેવટ કટોકટી જાહેર કરી, સત્તા જાળવી રાખી. જનતા પક્ષ નિષ્ફળ ગયો અને જાનેવારી ૧૯૮૦ની ચૂંટણી આવી ત્યારે નવું સૂત્ર આપ્યું. રાજ્ય કરે એવી સરકાર ચૂંટવો. તેમાં પણ સફળ થયા. તે વાતને નવ મહિના થયા અને હવે લોકોનો ભ્રમ ભાંગતો જાય છે. કેટલીક વખત બહાનું ચાલ્યું કે જનતા પક્ષે એટલું બધું બગાડી મૂકયું છે કે તેને સુધારતા વખત લાગશે. ડગલે પગલે, જનતા પક્ષના દોષો આગળ કરી, કથળતી સ્થિતિનો લુલો બચાવ રજૂ કર્યો. પણ આ બધું લાંબુ કયાં સુધી ચાલે ?

જાનેવારી ૧૯૮૦ની ચૂંટણી પછી કોંગ્રેસ તેમજ રાજ્યતંત્રની લગામ, મોટે ભાગે સંજય ગાંધીના હાથમાં રહી હતી. તેમની કામગીરી કરવાની રીત અને તેમના સાથીઓ પ્રત્યે સમજદાર માણસોમાં ભારોભાર અણવિશ્વાસ હતો. પણ તેમની સત્તા એટલી બધી વધી ગઈ હતી કે કોઈ બોલી શકે તેમ ન હતું. રાજ્યોની ચૂંટણીમાં અને મુખ્યમંત્રીઓની નિમણૂંકમાં, સંજય ગાંધીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. આવી જ પરિસ્થિતિ ચાલુ રહી હોત તો શું પરિણામ આવત તે કહેવું મુશ્કેલ છે. લોકો ચિન્તાથી પણ અસહાયપણે આ બધું જોઈ રહ્યા હતા. અચાનક બધું પલટાઈ ગયું. સંજય ગાંધીના અધૂરાં કામો પૂરા કરવાનું અને સંજય ગાંધીની પ્રતિમાઓ અને સ્મારકો કરવાનું કામ જોરથી ચાલ્યું છે પણ લાંબો વખત ટકે તેમ નથી. તેમાં સત્ત્વ નથી. તણખલાને પકડવાની વાત છે. ઈન્દિરા ગાંધી આ બધું ચાલવા દે છે, ઈરાદાપૂર્વક કે દેખાવ પૂરતું તે કહેવું મુશ્કેલ છે. સંજય ગાંધીને સ્થાને મેનકા ગાંધીને લાવવાના બાલિશ પ્રયત્નો થયાં. ઈન્દિરા ગાંધીએ પોતે તેને દફનાવ્યા. રાજીવ ગાંધીને લાવવાના પ્રયત્નો જોરશોરથી થયા. ગાંધી વંશ ચાલુ રાખવાની મહેચ્છા કેટલાક લોકોને જાગી. ધારાસભ્યો અને ઈન્દિરા કોંગ્રેસના સભ્યોનાં ડેપ્યુટેશનો લઈ જવાની અને સહી ઝુંબેશની હરીફાઈ થઈ. રાજીવની પોતાની પ્રકૃતિને કારણે કે બીજા કોઈ કારણે, આ વાત ઉપર હાલ છેવટનો પડદો પડયો છે તેમ ઈન્દિરા ગાંધીએ પોતે જાહેર કર્યું છે.

હવે શું ? રાજ્ય કરી શકે એવી સરકાર રહી નથી. કોઈ કહે છે ઈન્દિરા ગાંધીની નિર્ણયશકિત ક્ષીણ થઈ છે. થોડો વખત એમ માન્યું કે સંજય ગાંધીના અચાનક અવસાનથી આઘાત લાગ્યો અને શૂન્યાવકાશ પેદા થયો, તેને ભરતા થોડી વાર લાગશે. આ વાતને ચાર મહિના થવા આવ્યા. પણ દેશનું નાવ, સુકાન અને સુકાની વિનાનું ઘસડાતું ચાલ્યું છે. ઈન્દિરા ગાંધી કાયમ માટે નિશ્ચયાત્મકતા ગુમાવી બેઠા છે ? દરેક ક્ષેત્રમાં અસ્થિરતા અને અરાજકતા વધતી રહી છે. મોંઘવારી માઝા મૂકે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી જાય છે. ટ્રેનો લૂંટાય છે, ધોળા દિવસે મુંબઈ કે દિલ્હી જેવા શહેરમાં લોકો લૂંટાય છે, ઘરમાં ઘૂસી જઈ ખૂન થાય છે. પોલીસના જુલ્મો વધતા જાય છે. હુલ્લડો—આ કોમી હુલ્લડો છે એમ નિશ્ચિતપણે કહેવાય એમ નથી—ચારે તરફ ફાટી નીકળ્યા છે. કાશ્મીર હોય કે ગુજરાત, મોરાદાબાદ કે અલીગઢ, આન્ધ્ર કે ઓરિસ્સા, ચારે તરફ અરાજકતા વધતી જાય છે. પૂર્વાંચળનો ભારેલો અગ્નિ કયારે ફરી ભભૂકશે તે કહેવાય તેમ નથી.

ધારાસભાઓમાં તોફાનો વધતા જાય છે. જમ્મુ-કાશ્મીર હોય કે બિહાર, ઉત્તરપ્રદેશ કે ઓરિસ્સા, ધારાસભા જેવું રહ્યું નથી. ઘણાં રાજ્યોમાં કોંગ્રેસ (આઈ)ની મોટી બહુમતી હોવા છતાં, શિસ્ત જેવું નામ નથી. તેના આંતરિક વિખવાદો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. આન્ધ્રમાં જે બન્યું તે આઘાતજનક છે. ૨૮૫માંથી ૨૫૫ સભ્યો કોંગ્રેસ—આઈના છે. તેમાંથી ૨૦૦ સભ્યો અને મોટા ભાગના પ્રધાનો ચેન્ના રેડ્ડીની જ વિરુદ્ધ હોવા છતાં, તેમના અનુગામીની પસંદગી કરતાં, બે મહિના ગયાં. છેવટ પસંદગી, આન્ધ્રના ધારાસભ્યોએ નથી કરી. ઉપરથી નિર્ણય થયો છે. તે કયાં સુધી ટકશે ?

સૌથી કરુણ ઘટના એ છે કે આવી અંધાધૂંધી ભરી પરિસ્થિતિમાં પણ એક જ વ્યકિત તરફ મીટ માંડીને જોવાનું રહે છે. બીજી કોઈ વ્યકિત નથી, રહેવા દીધી નથી. કેન્દ્રમાં તેમજ રાજ્યોમાં, હાલ છે તેવા નબળા મંત્રી મંડળો કોઈ સમયે ન હતા. ઈરાદાપૂર્વક રચાયેલ આ ઘટના માટે ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધી, જવાબદારીનો ઈન્કાર કરી શકે તેમ નથી. ઈન્દિરા ગાંધી કોઈનો વિશ્વાસ કરી શકતા નથી. તેમનું મન કોઈ જાણતા નથી. જ્યોતિષીઓ અને તાંત્રિકો જાણતા હોય તો જુદી વાત છે. ઈન્દિરા ગાંધીને, કોંગ્રેસ (આઈ)ના સભ્યો, ધારાસભ્યો, પાર્લામેંટના સભ્યો, રાજ્યોના મુખ્ય મંત્રીઓ, આ બધા સાથે સંપર્ક રહ્યો નથી. મોટા ભાગના સભ્યોનો તેમને પરિચય નથી કારણ એ બધા સંજયની પસંદગીના છે. આ અંતરને કારણે તેમના પક્ષના વિખવાદોનું નિવારણ કરી શકતા નથી. થોડો વખત દાબી દે એટલું જ બને છે.

ભ્રષ્ટાચાર ફૂલતો ફાલતો છે. હવે કોઠે પડી ગયો એમ લાગે. કેન્દ્રના મંત્રીમંડળમાં અબ્દુલ ગની જેવા ચાલુ રહે એ સુચક બનાવ છે. ઉપરથી નીચે સુધી લાંચરુશ્વત ઘર કરી બેઠી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અસાધારણ સત્તાઓ ધારણ કરી છે. નેશનલ સીકયુરીટી ધારો, અટકાયતી ધારાઓ વગેરે દાખલ થઇ ગયા છે. મીસા જેટલા બુરા નથી પણ તેમાં ફેરફાર કરતા કેટલીવાર લાગે ? મીસા પણ ૧૯૭૧માં કર્યો હતો અને પછી ૧૯૭૭માં જરૂર પડી ત્યારે તેમાં વ્યાપક ફેરફારો કર્યા.

થોડો વિચાર કરીએ તો ઘડીભર એમ લાગે કે જે વિસ્ફોટક સ્થિતિ પેદા થઈ છે તેને પહોંચી વળવા, રાજ્ય પાસે આવો વિશાળ સત્તાની જરૂર છે. ચાલુ કાયદાઓ પ્રમાણે કામ લેવું હોય તો અસામાજિક તત્ત્વોને ઝડપથી પહોંચી શકાય તેમ નથી. તેથી, વાત શરૂ થઈ છે કે આ દેશ લોકશાહી જીરવી શકે તેમ નથી. લોકશાહી પદ્ધતિની સખ્ત ટીકા શરૂ થઇ છે. સંસદીય લોકશાહી નિષ્ફળ ગઇ છે અને રાજ્યને વિશાળ સત્તા હોવી જોઇએ એવું માનતા એક વર્ગે પ્રચાર શરૂ કર્યો છે. લોકશાહી પેઠે ન્યાયતંત્ર ઉપર પણ આક્રમણ ફરી શરૂ

થયું છે. વરિષ્ઠ અદાલતોની સત્તાને મર્યાદા હોવી જોઇએ અને પાર્લામેંટ સર્વોપરિ મનાવી જોઇએ, મૂળભૂત અધિકારો, રાજ્યના નિર્દેશક સિદ્ધાંતોને આધિન હોવા જોઇએ જેથી પાર્લામેંટ કે ધારાસભા, નિર્દેશક સિદ્ધાંતને નામે, કોઇ કાયદો કરે તેને, મૂળભૂત અધિકારના નામે પડકારી શકાય નહિ. ટૂંકામાં કટોકટી દરમ્યાન જે પરિસ્થિતિ હતી તે ફરી લાવવી જોઈએ. એવો પ્રચાર ઈન્દિરા ગાંધીથી માંડી અંતુલે અને કાયદા પ્રધાન શિવશંકર તથા તેમના ટેકેદાર વકીલો તરફથી જોરશોરથી શરૂ થયો છે.

આ ઘસડાતી પરિસ્થિતિ ઈન્દિરા ગાંધીના અવશપણે ઊભી થઈ છે કે ઈરાદાપૂર્વક એવી ઉભી કરાય છ, તે સમસ્યા છે. કેટલાક રાજકીય નિરીક્ષકો એમ માને છે કે આવી ગંભીર પરિસ્થિતિ ઊભી કરી, લોકો સામે ચાલી એમ કહે કે લોકશાહી નહિ ચાલે અને કટોકટી હતી તેવી વ્યાપક સત્તા રાજ્યને સોંપવી જોઈએ એમ કરવું છે. સામ્યવાદીઓ જેમ માને છે કે એકવાર અંધાધૂંધી ઊભી કરવી જેમાંથી અમર્યાદ સત્તા હાંસલ કરી શકાય તે જ પ્રમાણે ફાસીસ્ટ બળો પણ એવી જ માન્યતા ધરાવે છે.

આંતરિક પરિસ્થિતિ એટલી ગંભીર છે કે એક તરફથી સરમુખત્યારીની હિમાયત થાય તો બીજી તરફ લોહિયાળ ક્રાન્તિની શકયતા પણ લોકો માનતા થયા છે. આર્થિક અસમાનતાની ખીણ એટલી ઊંડી થતી જાય છે કે તેમાંથી ભડકો થાય તો આશ્ચર્ય નહિ. ગરીબો વધારે ગરીબ થયા છ અને પૈસાવાળા વધારે પૈસાવાળા થયા છે તે સામાન્ય ઉકિત સાચી છે. રાષ્ટ્રપતિએ સ્વાતંત્ર્યદિન પ્રવચનમાં તેનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો.

દેશ બહારની સ્થિતિ પણ કથળતી છે. ઈરાક-ઈરાનના યુદ્ધની ગંભીર અસર આપણને પહોંચશે. પાકિસ્તાન અને કેટલેક દરજ્જે બંગલા દેશમાં ભારત વિરોધી વાતાવરણ વધતું જાય છે. કમ્યુચિયાને સ્વીકૃતિ આપી ચીન અને અમેરકાની નારાજી વહોરી છે.

અતિશયોકિત ભર્યું કે નિરાશાજનક ચિત્ર દોરવાનો ઈરાદો નથી. પણ વાસ્તવિકતાની અવગણના થઇ શકે તેમ નથી. વાદળો ઘેરાતા છે અને પરિસ્થિતિ હજી પણ વણસે તે અસંભવ નથી. લોકમાનસ ઉત્તેજિત તેમજ ચિન્તા તથા ભયથી ઘેરાયેલ છે.

પરંતુ હતાશ થવે આપો નથી. ઓંસીનો દાયકો અંધકારમય છે એમ કહી હાથ જોડી બેસી રહેવાય નહિ. આ પરિસ્થિતિમાં જીવવાનું છે એમ સમજી તેનો માર્ગ કર્યા વિના છુટકો નથી. કોઈ રાજકીય પક્ષ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. બધા છિન્નભિન્ન અને વામણા છે. લોકજાગૃતિ અને લોકશકિત એક જ ઉપાય છે. અંધકારમાં પ્રકાશ પ્રકટાવવાનો છે.

૧૨-૧૦-૮૦ — ચીમનલાલ ચકુભાઈ

અહિંસાનું શાશ્વત રૂપ : વૃત્તિમાં અહિંસા

અહિંસા વિશે આજ સુધીમાં જેટલું લખાયું છે અને કહેવાયું છે, ભાગ્યે જ બીજા કોઈ વિષય પર આટલું લખાયું હશે અથવા કહેવાયું હશે. પણ એની સાથે જ જેટલા ભ્રમ અહિંસા વિશે ઊભા થયા છે, એટલા ભ્રમ બીજા કોઈ વિષયમાં નથી થયા. આ વિરોધાભાસી સ્થિતિનું એક સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક કારણ છે. હું એ કારણ વિશે સ્પષ્ટતા કરવા ઈચ્છું છું.

અહિંસાનો આત્મા :

જે સૂક્ષ્મ છે, એને જો સ્થૂળ બનાવી દેવામાં આવે, તો એનો આત્મા સમાપ્ત થઈ જાય છે. આ જ વાત અહિંસાના સંબંધમાં થઈ છે. અહિંસા માત્ર બાહ્ય વ્યવહારનું સ્થૂળ વિધિ નિષેધ નથી, પરંતુ આંતર ચેતનાનો એક સૂક્ષ્મ ભાગ છે. પરંતુ કમનસીબે સ્થિતિ કંઈક એવી બનતી ગઈ છે કે અહિંસાનો સૂક્ષ્મ ભાવ નિરંતર ક્ષીણ થતો ગયો અને તેને સ્થૂળ વ્યવહારનું, બોધબુદ્ધિથી માત્ર દેખાડવાના વિધિ નિષેધોનું રૂપ આપી દેવામાં આવ્યું. પરિણામે અહિંસાની ઊર્જા (શકિત) અને આત્મા નષ્ટ પામ્યાં. જ્યારે કોઈ સિદ્ધાંતની ઊર્જા અને આત્મા સમાપ્ત થઈ જાય છે ત્યારે તે નિષ્પ્રાણ તત્ત્વ જીવનને તેજસ્વી બનાવી શકતું નથી. તે જીવનની સમસ્યાઓના સાચા સમાધાન નથી શોધી શકતા. તે પોતે જ એક દિવસ એક સમસ્યા બની જાય છે. શું સ્થૂળ વ્યવહાર સાથે સંકળાયેલી અહિંસા વિશે પણ આવું નથી થયું? છેલ્લા કેટલા યે સૈકાઓથી આપણે અહિંસાની મહાન ધર્મના રૂપમાં જાહેરાત કરી છે. અહિંસાને જીવનનું પરમ સત્ય માની એની ઉપાસના કરી છે. સામાજિક, આધ્યાત્મિક અને રાજનૈતિક જીવનની સુરક્ષાનો આધાર અહિંસાને માનેલ છે, વિશ્વવ્યાપી સિદ્ધાંતના રૂપમાં હજારો વર્ષોથી અહિંસાને માન્યતા આપી છે. હજારો વર્ષોથી પેઢી દર પેઢી એની ચર્ચા વિચારણા થતી આવી છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે કયાં છે એ બધાંની ફલશ્રુતિ? આપણે આજ સુધી અહિંસક સમાજની રચના શા માટે નથી કરી શકયા? આ પ્રશ્નના બે જ જવાબ હોઈ શકે. (૧) જે અહિંસાતત્ત્વની આપણે વાત કરીએ છીએ, તે માત્ર બૌદ્ધિક વ્યાયામ બનીને રહી ગયું છે. (૨) એવું લાગે છે કે અહિંસા એ જાણે કે કોઈ કાલ્પનિક દુનિયાનું કોઈ અલૌકિક તત્ત્વ છે, જેને આ સાંસારિક જગત સાથે કોઈ વાસ્તવિક સંબંધ જ નથી. આમ, ખોટા પ્રશ્નની આસપાસ હજારો મસ્તક નકામા અટવાઈ ગયાં છે. અને આજે પણ અટવાતાં રહ્યાં છે. અથવા એનો બીજો જ વિકલ્પ છે. તે એ કે અહિંસા પોતે તો એક જીવંત જાગ્રત તત્ત્વ છે, જનકલ્યાણકારી છે, પણ એને આપણે સાચા અર્થમાં સમજ્યા નથી. એવું બન્યા કરે છે કે, કયારેક કયારેક ઘણા લાંબા સમય પછી સારામાં સારા સિદ્ધાંત પણ ધૂંધળા (અસ્પષ્ટ) થઈ જાય છે. અથવા એને ધૂંધળા કરી દેવામાં આવે છે. હું આ પ્રશ્નનો બીજો ઉત્તર વિચારું છું.

અહિંસાનો સંબંધ હૃદયની સાથે

ખરેખર અહિંસાનો સંબંધ મસ્તક (બુદ્ધિ) સાથે નથી, પણ મનુષ્યના હૃદય (લાગણી) સાથે છે; તર્ક-વિતર્ક સાથે નથી, કોઈ બાંધિયાર વિવેકશૂન્ય વિશ્વાસ સાથે નથી; જાતજાતના શબ્દોની જાળમાં બંધાયેલ અને અટવાયેલ ભાષા સાથે પણ નથી, પરંતુ આંતરજીવન સાથે છે, અંદરની ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ સાથે છે. અહિંસાની ભૂમિ જીવન છે. જ્યારે ધરતીથી વૃક્ષનો સંબંધ કપાઈ જાય છે, ત્યારે તે લીલુંછમ અને વિકસીત નથી રહી શકતું. પ્રવકતાએ પોતાની વાત સાફ કહેવી જોઈએ, હું સાફ અને સ્પષ્ટ કહી રહ્યો છું કે અહિંસા પણ જીવનથી કપાઈ ચૂકી છે. મૂળમાંથી અલગ રાખીને એને કઈ રીતે પલ્લવિત રાખી શકાય? એ જ કારણે અહિંસા આજે માત્ર સ્થૂળ વ્યવહારની સંકુચિત સીમાઓમાં બંધાઈ ગઈ છે. જન-જીવનમાં એનો રસ-સંચાર ક્ષીણ અને ક્ષીણ થતો જાય છે. આ રીતે અહિંસાના પ્રાણ હણાઈ રહ્યા છે.

જો અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા કરવી હોય, તો જરૂર છે, અહિંસાને આપણે સ્થૂળ વ્યવહારના સાંકડા વાડામાંથી મુકત કરી વ્યાપક બનાવીએ. જીવનની સૂક્ષ્મ અનુભૂતિ અને હૃદયના ઊંડાણ સુધી એને ઊતારીએ.

વૃત્તિમાં અહિંસા એ જ અહિંસાનું સ્થાયી રૂપ

નિવૃત્તિ અને પ્રવૃત્તિની વચ્ચે વૃત્તિ છે. વૃત્તિનો અર્થ થાય છે ચેતનાનો ભાવ. આ જ ભાવ મનને ઝંકૃત કરે છે. અહિંસા આ ઉદાત્ત અને કલ્યાણકારી તરંગોના આધાર પર જીવનના સ્થૂળ વ્યવહારો અને વિધિ-નિષેધોના રૂપમાં પ્રગટ થાય છે. એને જ આપણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ કહીએ છીએ.

સંસારના બધા આધ્યાત્મિક દર્શનો વ્યવહારના સ્થૂળ વિધિ નિષેધની સાથે અહિંસાનો સંબંધ સ્થાપતાં નથી; માનવ મનની ગૂઢ પવિત્ર વૃત્તિની સાથે જ અહિંસાને સાંકળે છે. એ જ વૃત્તિ જીવન છે. એ જ અહિંસાનું બીજ છે.

એ જ બધું છે. એ નથી તો કંઈ નથી અહિંસાના કાંતદૃષ્ટા ઋષિ આ બીજની જેટલી ચિંતા કરે છે, એટલી અહીંતહીંના વિધિ-નિષેધરૂપ ફળ-ફૂલ કે ડાળીની ચિંતા નથી કરતા. બાહ્ય વ્યવહારના આધાર પર ઊભા કરેલ અહિંસાના વિધિ-નિષેધ સ્થળ, કાળ તથા વ્યકિતની સ્થિતિ અનુસાર બદલાયા કરે છે, પણ મૂળ બીજ નથી બદલાતું. મધ્યકાલના સામાજિક વ્યવસ્થાપકો, ભલે તે ધાર્મિક હોય કે રાજનૈતિક પણ અહિંસાને એની મૌલિક સૂક્ષ્મતાથી નથી પકડી શકયા. નિવૃત્તિ અને પ્રવૃત્તિના સ્થૂળ વાતાવરણમાં જ અહિંસાને માનવા અને મનાવવાના સરળ ઉપાય અપનાવતા રહ્યા અને યથાપ્રસંગ તાત્કાલિક સમાધાન શોધતા રહ્યા. પરંતુ હિંસાનો પ્રશ્ન એવો ન હતો, જે ચીલાચાલુ પરંપરાના સ્થૂળ ચિંતનથી અને વિધિ નિષેધના ભાવહીન વિધાનોથી સમાધાન મેળવી લે. તે નવા નવા સ્વરૂપે પ્રગટ થતી રહી અને માનવજીવનના બધા

ભાગોને દૂષિત કરતી રહી એ જ કારણે હજારો વર્ષોથી સમસ્યા માત્ર સમસ્યા જ રહી ગઈ. કોઈપણ બાંધછોડ ઊઠતા પ્રશ્નોને સમાવી ન શકી. જો આપણે અહીં તહીંના વિકલ્પોમાં અટવાયા વગર અહિંસાની મૂળ ભાવનાને સમજવા પ્રયત્ન કરીએ, તો આજે પણ અહિંસાના મૂળ કેન્દ્રસ્વરૂપ આંતરિક વૃત્તિ પર અહિંસક સમાજની રચના થઈ શકે છે. હું સ્પષ્ટરૂપે કહી દેવા માગું છું કે અહિંસાના આધાર પર પરસ્પર સહયોગી સમાજની રચના માટે નિવૃત્તિ અને પ્રવૃત્તિના પ્રચલિત વ્યામોહના એકાન્તિક આગ્રહને આપણે છોડવો પડશે, ત્યારે જ આપણે માનવની આંતરિક વૃત્તિને સંબંધિત અહિંસાના વાસ્તવિક રૂપને સમજી શકીશું.

ભય અને પ્રલોભન પર આધારિત અહિંસા કાયમી નથી

અહિંસાનો મર્મ સમજાવતાં ઘણા લોકોને મેં સાંભળ્યા છે. 'કોઈને કષ્ટ ન આપો, કોઈના જીવનો ઘાત ન કરો, કોઈને સંતાપો નહિ. જો તમે બીજાને કષ્ટ આપશો, તો તમને પણ કષ્ટ ભોગવવાં પડશે; જો કોઈને મારશો તો તમને કોઈ મારશે. જો બીજાને સંતાપશો તો તમારે પણ સંતાપ સહેવો પડશે.' પોતાને થનાર દુઃખોનો વિચાર એમને બેચેન બનાવે છે અને એ વિચારે બીજાને દુઃખ પહોંચાડવામાં પોતાને બચાવવા કોશિશ કરે છે. આ ઉપદેશે મનુષ્યના મનમાં એક ભયની હવા ઊભી કરી છે, જે પોતે જ એક હિંસા છે. આવી પરિસ્થિતિમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિના સ્થૂળ સ્તર પર અહિંસા દેખા દે છે અને આપણે એટલેથી અટકી સંતોષ માની લઈએ છીએ. પણ બીજા કોઈ ખાસ પ્રસંગે એમ સમજાવવામાં આવે છે કે, 'તમારા શત્રુઓનો નાશ કરો; તમને સ્વર્ગ મળશે.' યજ્ઞમાં પશુઓનો બલિ આપો; દેવતાઓ પ્રસન્ન થઈ તમને સુખ સમૃદ્ધિ આપશે. લડતા હરીફોને હરાવી દો; તમને સન્માન મળશે, સંપત્તિ મળશે, પદ મળશે.' ઈતિહાસનો દરેક વિદ્યાર્થી જાણે છે કે, આ પ્રલોભનોએ માણસને કેટલા ક્રૂર અને ભયાનક કામો કરાવ્યાં છે. પ્રશ્ન થાય છે કે, આ બધું કયા કારણે થયું! કારણ સ્પષ્ટ જ છે કે ભયના માધ્યમ દ્વારા હિંસાનો ત્યાગ કરાવવામાં આવ્યો હતો. ભયની જગ્યાએ પ્રલોભન આવ્યું કે માણસ લથડી ગયો. પ્રલોભને હિંસાને ફરીથી ઉત્તેજિત કરી દીધી. પ્રલોભન હિંસાને એ કારણે ઉત્તેજિત કરી શક્યું કે, આપણે અંતઃકરણમાં વૃત્તિની હિંસાને છોડવામાં પૂરતું ધ્યાન નહોતું દીધું. અગર વૃત્તિની અહિંસા જાય, તો દુનિયાના કોઈપણ ભય કે પ્રલોભન હિંસાને જન્મ ન આપી શકે. જે અહિંસા માત્ર સ્થૂળ પ્રવૃત્તિ-નિવૃત્તિમાં છે, વિધિ-નિષેધમાં છે, એને તો નાનું આમથું વિરોધી વાતાવરણ પણ નષ્ટ કરી દે છે. જન-જીવનમાં એનાં મૂળ સ્થાયી નથી થતાં.

વૃત્તિમાં અહિંસાનો અર્થ :

વૃત્તિની અહિંસાનો અર્થ થાય છે – જીવનના ઊંડાણમાં અહિંસાની ભાવ-ધારાનું સતત પ્રવાહિત હોવું. જે અંદરની વૃત્તિથી અહિંસક છે, તે કોઈને મારી નથી શકતો, કોઈને કષ્ટ આપી શકતો નથી, કોઈ જીવનો ઘાત કરી શકતો નથી, અર્થાત્ વૃત્તિના અહિંસક હોવામાં હિંસાની યોગ્યતા જ નિર્મૂળ થઈ જાય છે. આ અહિંસા મરણોત્તર (મરણ પછીના) સ્વર્ગને માટે, સામાજિક અને કૌટુંબિક સુખ-સંગવડને માટે અથવા માન-પ્રતિષ્ઠાને માટે નથી હોતી. વૃત્તિના અહિંસકની પોતાની મેળે જ આ સહજ અવસ્થા થઈ જાય છે કે તે હિંસા કરી જ નથી શકતો, ભલે એણે મેળવેલ પ્રતિષ્ઠા કાં ન ગુમાવવી પડે, જીવનને હોડમાં કાં ન મૂકી દેવું પડે. એને માટે અહિંસા સ્વાભાવિક થઈ જાય છે. મારે શત્રુને પણ ચાહવો જોઈએ, એ એનો સિદ્ધાંત નથી હોતો, એનાથી ઊલટું દુનિયામાં એનો કોઈ શત્રુ જ નથી હોતો. તે એમ નથી કહેતો કે અહિંસાના શિક્ષણથી આપણે બધા તરફ દ્વેષ નહીં, પ્રેમ કરવો જોઈએ, ખરી રીતે તો પ્રેમને બદલે એની પાસે બીજું કંઈ કરવા જેવું છે જ નહીં. આ છે વૃત્તિમાં અહિંસા, જે અહિંસાનું શાશ્વત અને સર્વવ્યાપી રૂપ છે.

અહિંસાની નિષ્ઠા અને ભાવનામાં તફાવત :

વૃત્તિમાં અહિંસા હશે, તો અહિંસાની નિષ્ઠા હશે. એ જ એનું સર્વગ્રાહી રૂપ છે. અહિંસા, કરુણા અને સત્યની ધારાઓ તો આપણા જીવનમાં વહેતી રહે છે. ભાવનાઓ ઊભરાતી ચાલી જાય છે, પણ જ્યાં સુધી અહિંસા અને કરુણાની નિષ્ઠા જાગૃત નથી હોતી, ત્યાં સુધી દર્શન નથી બનતું.

એક માતાના હૃદયમાં પુત્રને માટે જે કરુણા અને પ્રેમનો પ્રવાહ વહ્યા કરે છે, એમાં અહિંસાની ચરવાણી છુપાયેલી ભલે હોય, પરંતુ એને આપણે અહિંસાની નિષ્ઠા નહીં કહી શકીએ. એની કરુણા સાથે મોહનો અંશ જોડાયેલો છે, વ્યક્તિવાદ (પુત્ર માટે જ) જોડાયેલ છે, એ માટે અનંત કાળથી કરુણાનો, પ્રેમનો પ્રવાહ એના હૃદયમાં વહ્યા કરે છે છતાં એના આત્માનો વિકાસ ન થઈ શક્યો, ઉત્થાન ન થઈ શક્યું.

બિલાડી જ્યારે પોતાના બચ્ચાંને દાંત વચ્ચે દબાવી લઈ જાય છે, ત્યારે એક પણ દાંત શરીરમાં ખૂંચતો નથી, શું વાત છે કે જ્યારે એ જ દાંત ઉંદર પર દબાય છે, ત્યારે લોહીની ધાર છૂટે છે, તે ચીં ચીં કરી ઉઠે છે. આમાં શું તફાવત પડયો? ભાવનાનું તો અંતર છે! ભાવનામાં એક સ્થળે છે પ્રેમ અને મમતા, બીજે સ્થળે છે ક્રૂરતા. ખૂંખાર સિંહણ પણ પોતાના બચ્ચાંને પ્યારથી રમાડે છે, બુચકારે છે, તેમને ધાવણ ધવડાવે છે. પરંતુ આ પ્રેમની ભાવના દયા અને અહિંસાના રૂપમાં ત્યાં નથી વિકસી. એટલે બિલાડી અને સિંહણની મમતાને અહિંસાનો વિકાસ ન કહી શકાય, કારણ કે ત્યાં અહિંસાની દૃષ્ટિ નથી. જ્યાં અહિંસા, નિષ્ઠા અને શ્રદ્ધાના રૂપમાં નથી, ત્યાં તે બંધનમાંથી મુક્તિ દેનાર નથી બન શકતી. અહિંસાનો આદર્શ ત્યાં જાગૃત નથી થઈ શકતો. અહિંસાની ભાવના અને સંસ્કાર હોવા એક વાત છે અને એમાં નિષ્ઠા હોવી જુદી જ વાત છે.

તેથી અહિંસાના બાહ્ય પક્ષમાં ન અટવાઓ. એના હૃદય-પક્ષ તરફ જુઓ! મગજમાં ઉત્પન્ન થયેલા તર્કને હૃદયની સહજ-સરળ આંતરિક ભાવનાઓના વારિથી સીંચો. પછી જે અહિંસાનું રૂપ પાંગરશે, તે જ યથાર્થ અને ચિરસ્થાયી પણ હશે

મૂળ લેખક : ઉપાધ્યાય અમરમુનિ

અનુવાદક : ગુલાબ દેઢિયા

ધર્મશ્રદ્ધા : ધર્મનિર્માણ

પ્રશ્ન : તમે ઘણી વાર કહો છો કે દુનિયામાં ધર્મ-શ્રદ્ધા નિર્માણ થઈ છે, ધર્મ - નિર્માણ નથી થયો. તો એ સમજાવશો?

વિનોબા : સામાન્યપણે સત્ય, અહિંસા વગેરેના વિચાર સમાજમાં માન્ય થઈ ગયો છે. પરંતુ કોઈ પણ હાલતમાં, ગમે તે થાય, કોઈ પણ કારણસર જૂઠું ન જ બોલવું, યુદ્ધ ન જ કરવું,–આવી નિષ્ઠા હજુ નિર્માણ નથી થઈ. દાખલા તરીકે, બસવ કહે છે,– 'કાય-કવે કૈલાસ' – શરીરકામ જ કૈલાસ છે. આને એક સારા વિચાર તરીકે સૌએ સ્વીકાર્યો. પરંતુ પોતાની દીકરીને માટે વર શોધતી વખતે બરાબર ધ્યાન રાખવામાં આવે છે કે દીકરીને બહુ કામ ન કરવું પડે. આનો અર્થ એ કે શરીરકામ હજી ધર્મ નથી મનાયો. નિષ્ઠાના રૂપમાં હજી એને પ્રતિષ્ઠા નથી મળી. અહિંસા શ્રદ્ધા-સ્વરૂપે માન્ય, પણ યુદ્ધને વર્જ્ય નથી માન્યું. સંગ્રહ ન કરવો જોઈએ એવી અપરિગ્રહ માટે શ્રદ્ધા પેદા થઈ પણ ચોરીની જેમ સંગ્રહ દંડનીય ગુનો નથી મનાયો. ચોરી સહન નથી કરાતી, સંગ્રહ સહન કરાય છે. આ બધાનો અર્થ એ છે કે શ્રદ્ધા પેદા થઈ છે, પણ નિષ્ઠા હજી બંધાઈ નથી.

આજે દુનિયાભરમાં ધર્મ - ગ્રંથો ફેલાયા છે. બાઈબલ દુનિયા આખીમાં પથરાઈ ગયું છે, પરંતુ એની સાથોસાથ શસ્ત્રાસ્ત્રો પણ એટલાં જ વધ્યાં છે. સત્ય ન બોલવું જોઈએ, તેવું તો કોઈ કહેશે કે શીખવશે નહીં, પરંતુ ઘર બાંધતી વખતે, ભીંત કે છાપરું ચણતી વખતે નિયમાનુસાર જ બધું કરીએ છીએ કારણ કે આપણે જાણીએ છીએ કે નહીંતર ઘર પડી જશે. તેમાંએ નિયમોની અફરતા પર જેવી શ્રદ્ધા આપણી બેઠી છે તેવી શ્રદ્ધા સત્ય જેવા નીતિ - ધર્મો પર આપણી શ્રદ્ધા બેઠી નથી.

વિનોબા ભાવે

મહાભારતના પાત્રોની અભિવ્યકિત અને અર્થઘટન

વિશ્વ સાહિત્યના પ્રદેશમાં મહાભારતને આપણા સાંસ્કૃતિક વારસાના પ્રતિનિધિરૂપ ગ્રંથ ગણી શકાય. એની વિશિષ્ટતા અને ખૂબી એવી છે કે એમાંથી યુગે-યુગે, ભિન્ન-ભિન્ન સ્વરૂપે, પ્રેરણા મળ્યા જ કરે. કાળના પ્રવાહમાં, તત્કાલીન સમયને અનુરૂપ, એમાંથી નવું અર્થઘટન થાય છે – થઈ શકે છે, એ સાથે જ એના સનાતન મૂલ્યોને, વર્તમાનના સંદર્ભમાં સમજવાની ચાવી પણ એમાંથી જ મળે છે.

મહાભારતની કથા વાંચવી, સાંભળવી અને શ્રોતાઓને એનો લાભ આપવો એ પૂરતું નથી. પરંપરાથી એ ચાલ્યું જ આવે છે. પરંતુ એનું રસદર્શન કરાવવું, એ કથાના પ્રસંગો, આજના નવયુગને અનુરૂપ આબાદ બંધબેસતા કરવા એ એટલું જ જરૂરી છે. આવા અર્થપર્યાયો અને અર્થઘટનથી નવી પેઢીને એનું મૂલ્ય સમજાશે. એમાંય એના પાત્રોનું માનસ, એનું પૃથક્કરણ, એની તરકીબો અને યુકિત-પ્રયુકિતઓ સમજાવી અને એ દ્વારા નીપજતા પરિણામોનો ખ્યાલ આપવાથી, એ ગ્રંથ પ્રત્યેનો અભિગમ જ બદલાઈ જાય. આજના યુગમાં લખાતી નવલિકા કે નવલકથાઓમાં મનોવિશ્લેષણની ભૂમિકા સાથે થતાં પાત્રાલેખન જેમ વાચકને-ભાવકને જકડી રાખે છે, તેમ મહાભારતનાં મુખ્ય પાત્રો, એનું માનસ અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ એનું અર્થઘટન કરવામાં આવે તો યુવાન પેઢી માટે એ ગ્રંથ માર્ગદર્શક થઈ પડે. આ દૃષ્ટિને નજર સમક્ષ રાખી, એના કેટલાંક મહત્ત્વનાં પાત્રોની વિચારણા કરીએ.

સૌ પ્રથમ આપણે દુર્યોધનનું પાત્ર તપાસીએ.

દુર્યોધનની વાત કરીએ એટલે રામાયણનો રાવણ અને મિલ્ટનનો શયતાન યાદ તો આવે જ. આમ છતાં આપણે એવું માની લેવાની જરૂર નથી કે દુર્યોધન એટલે દુષ્ટ અને કૂડ-કપટનો અવતાર. એનામાં સારાસારનો વિવેક છેક જ નથી એવું માનવાની પણ જરૂર નથી. પાંડવોની સચ્ચાઈનો એને ખ્યાલ તો હતો જ, અને પોતે કોઈપણ કાર્ય કરે ત્યારે એ અયોગ્ય છે કે કેમ એની પણ એને સૂઝ હતી. આમ છતાં એનું આચરણ એની આ બધી સમજ અને સૂઝથી વિરુદ્ધ હતું. એ કહે પણ છે: "ધર્મ શું છે એ હું જાણું છું, પણ આચરી શકતો નથી, અને અધર્મ શું છે એ જાણું છું, પણ છોડી શકતો નથી."

અહીં પ્રશ્ન એ છે કે એની નબળી કડી કઈ છે? એના અંતરમાં એક પ્રબળ વાસના છુપાયેલી છે. એ હતી સામ્રાજ્યપદની વાસના. તદુપરાંત એના થયેલા અપમાન – ખાસ કરીને દ્રૌપદીથી થયેલાં અપમાનનો બદલો લેવાની વૃત્તિ એના અજ્ઞાત મનમાં પ્રબળ રીતે ભરેલી હતી. ઘવાયેલા અહમ્ અને વાસનાના દ્વિગુણિત અદમ્ય જોશથી જ એની પ્રવૃત્તિ દોરવાયેલી રહે છે. આ પ્રકારની એના મનની સ્થિતિથી, સારાસારની સમજ હોવા છતાં ય, આચરણમાં અધર્મ છોડી ન શકે એટલી હદે, એની મર્યાદાઓ એના પર સવાર થાય છે. આથી જ આપણા શાસ્ત્રકારો આપણને વાસના અને અહમ્ ના ત્યાગનો ઉપદેશ ભારપૂર્વક વારંવાર આપે છે; એને નિર્મૂળ કરવાનું કહે છે એ સૂચક છે.

દુર્યોધનની એક વિશિષ્ટતા પણ હતી. કોઈપણ વ્યકિત પાસેથી કામ કઢાવવાની રીત છે: (૧) વ્યકિતની પ્રશંસા કરીને અને (૨) એની નબળાઈ પર ઘા કરીને – એના મર્મસ્થાનો પર પ્રહાર કરીને એને કડવા વેણ કે મહેણાં મારીને પણ કામ લઈ શકાય છે. દુર્યોધને, મોટે ભાગે, બીજી રીત જ અપનાવી છે. ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય કે ભિષ્મ પિતામહ, ગમે તે હોય, એ બધાંને એણે આ તરકીબથી વશ કર્યા છે. "પાંડવો પ્રત્યે તમને પક્ષપાત છે, એટલે તમે મન મૂકીને લડતાં નથી," એવું યુદ્ધના મેદાન પર ભિષ્મ પિતામહને કહીને કડવાં ઝેર જેવાં શબ્દો – કટાક્ષબાણથી વીંધીને, દુર્યોધને જ ભિષ્મ પિતામહને પાનો ચડાવ્યો અને વળતે દિવસે પાંડવસેનાનો ક્રચરઘાણ નીકળ્યો ત્યારે શિખંડીને વચ્ચે રાખી, પાર્થસારથિ ભિષ્મ-પિતામહને શરશય્યા પર સુવરાવી શકે છે! એ જ રીતે મહાભારત યુદ્ધના ચૌદમા દિવસે, દુર્યોધનની આ યુકિતને વશ ગુરૂ દ્રોણાચાર્ય સાક્ષાત્ કાળ જેવા બનીને લડ્યા, ત્યારે ધર્મરાજાએ પણ "અશ્વત્થામા હણાયો – "નરો વા કુંજરો વા" એવું કહ્યું – કહેવું પડ્યું.

દુર્યોધનની આ યુકિત સફળ કેમ થઈ? એનું કારણ એ છે કે કોઈપણ વ્યકિત પોતાની નબળાઈ છતી થવા દેવા માગતો નથી, તેમ જ બને ત્યાં લગી કોઈને – ખાસ કરીને સત્તાસ્થાને બિરાજેલી વ્યકિતને – નાખુશ કરવાં માગતો નથી. એમાં ય જ્યારે એની નબળાઈ પર ઘા કરવામાં આવે અને વફાદારી કે વિશ્વાસ-ઘાતની વાત કરવામાં આવે ત્યારે એ વ્યકિત પોતાની મહત્તા પુરવાર કરવા, પોતાની વફાદારી – નિષ્ઠા બતાવવા, બમણા વેગથી મરણિયો પ્રયાસ કરે છે. દુર્યોધનને સંતુષ્ટ કરવા ભિષ્મપિતામહ અને ગુરૂ દ્રોણાચાર્યે પાંડવસેનાનો એક જ દિવસમાં વાળેલો કચ્ચર-ઘાણ પાંડવોના શિરતાજને ઘડીભર શંકાસ્પદ બનાવી ગયો હતો. એ બાબતને આ દૃષ્ટિકોણથી ચૂલવીએ તો મારી વાત યથાર્થ જણાશે.

દુર્યોધન જેવી મહત્ત્વાકાંક્ષા ધરાવતી વ્યકિતઓ આજે આપણી આસપાસ નજરે પડે છે અને તેઓ દુર્યોધન જેવી નીતિ-રીતિ અપનાવે પણ છે. સમાજ, રાજકારણ અને સંસ્થાઓમાં એવા પુરૂષો અગ્રસ્થાને બિરાજે છે, એ જાણવા છતાંય અને દુર્યોધન જેવી નીતિ-રીતિ અપનાવાતી હોવા છતાંય ભિષ્મપિતામહ અને ગુરુ દ્રોણાચાર્યની માફક, મોટા ભાગના લોકો એમની સામે આંગળી ઊંચકી શકતા નથી. કારણ, આપણે અર્થના પૂજનની જગ્યાએ અર્થના દાસ બન્યા છીએ અને બીજું, "सर्वे गुणाः कांचनमाश्रयन्ते"નો ન્યાય આપણે સ્વીકાર્યો છે. જાણે કે એ જ સાચો વ્યવહાર છે! દુર્યોધનને મામા શકુનિ અને દુઃશાસનની ઓથ પણ હતી. "જેવો સંગ એવો રંગ"ની આપણી લોકોકિતને સાર્થક કરે છે.

મહાભારતકારે આપેલા ધૃતરાષ્ટ્રના પાત્રને આપણે ચકાસીએ તો જણાશે કે એની આજુબાજુ દેવી ગાંધારી અને વિદુરકાકા હોવા છતાં ય ધૃતરાષ્ટ્ર હંમેશા દુર્યોધનને જ સહકાર આપતા. એની પાછળ રાજગાદી કૌરવકુળમાં રહે અને તેઓ એના આદ્યપુરુષ તરીકે જગપ્રસિદ્ધ થાય એવી લાલસા એમનામાં હોય એ શકય છે. દુર્યોધનને મહત્ત્વની બધી બાબતોમાં સહકાર આપીને એમણે ન્યાયયુકત વલણ આચરણ દાખવ્યું નથી જ, એટલું જ નહિ પરંતુ પાંડવો પર પોતાને અસીમ પ્રેમ છે એવા દંભ દ્વારા, એવા નાટક દ્વારા, ચોર આબાદ હોય, પરંતુ પકડાય નહિ ત્યાં સુધી ગુનેગાર નથી એવી મનોવૃત્તિને વિકસાવી છે. આજના સમાજમાં, કરચોરી અને અન્ય ક્ષેત્રે દાખવાતી આવી મનોવૃત્તિનાં મૂળ અહીં છે. પાંડુ રાજાની ચિર વિદાય પછી પાંડવો એની છત્રછાયામાં ઉછર્યા, છતાં પક્ષપાત તો દુર્યોધન પરત્વે જ હતો અને રહે એ સ્વાભાવિક છે અને એ દ્વારા 'આંગળીથી નખ વેગળાં એટલાં વેગળાં, કહેવતને સાર્થક પણ કરી છે. આમ છતાં એણે દુર્યોધનનો દેખીતી રીતે ઉઘાડો પક્ષ ક્યારેય કર્યો નથી. પાંડવો પર જાણે અપાર હેત ન હોય એવો વર્તાવ જાહેરમાં એમણે દાખવ્યો છે. લાક્ષાગૃહમાં પાંડવો બળી ગયાની વાત આવી, ત્યારે ધૃતરાષ્ટ્રને સૌથી વિશેષ આનંદ થયો, પરંતુ એ પ્રકટ કરવાને બદલે એણે પાંડવોના બળી જવાથી પોતાને અસીમ દુઃખ થયું હોય એવો દેખાવ કર્યો, શા માટે?

દરેક માનવમાં એક ઊંડો ઊંડો ભય હોય છે. પોતે રાજા છે અને ન્યાયી રીતે ન વર્તે અને દુર્યોધન વગેરેને ઉઘાડે છોગે પોતે ટેકો આપે તો પ્રજાની દૃષ્ટિમાં એનું મૂલ્ય ન રહે અને પ્રજાનો તિરસ્કાર વહોરી લેવો પડે. એને બદલે પાંડવો પરત્વે જાહેરમાં અપાર મમતા દાખવી હોય તો પ્રજા એની મલિનતાને પિછાની ન શકે અને પ્રજા એની ન્યાયપ્રિયતા અંગે શંકાશીલ ન બને એટલું જ નહિ પરંતુ દુર્યોધનના હેતુ ક્રમશઃ સિદ્ધ થાય એવી ગણતરી સાથેનું વર્તન એમણે દાખવ્યું. આવી નરી આત્મવંચનાનું પાત્ર મહર્ષિ વ્યાસે આપણી સમક્ષ મૂકયું છે.

ધૃતરાષ્ટ્રે દાખવેલો દંભ, એણે દાખવેલી આત્મવંચના અને જાતની છેતરપિંડી આજે આપણને ચોતરફ જોવા મળે છે. સિદ્ધાંત અને આદર્શના અંચળા હેઠળ, કેવો સ્વાર્થી સધાય છે એ કયાં અજાણ્યું છે? પોતાની જાતને આદર્શ તરીકે ખપાવી, નબળી-સ્વાર્થી વાતોને આદર્શનો ઓપ આપી–ગીલેટ લગાવી પોતાની ઊભી થયેલી આદર્શ વ્યકિત તરીકેની (mage) પ્રતિભાને કેવી વટાવાય છે! ધૃતરાષ્ટ્રના પાત્રાલેખનદ્વારા મહાભારતકાર આ બાબત વેધક રીતે સ્પષ્ટ કરે છે!

સમસ્ત આર્યાવર્તના પિતામહ દેવવ્રત–ભિષ્મ પિતામહનું પાત્ર થોડુંક આશાસ્પદ છે, થોડુંક આજના યુગનું પ્રતિનિધિત્વ કરે છે. એમાં જે આશાસ્પદ ચિત્ર છે એ આજે વાસ્તવિક જગતમાં ક્યાંય ગોત્યું હાથ આવે એવું નથી. જ્યારે જે ધૂંધળું ચિત્ર છે, તે આજના સમાજમાં ખૂબ જ ઉપસ્યું છે, વધુ સ્પષ્ટ બન્યું છે. પોતાના પિતા મહારાજા શાન્તનું મત્સ્યગંધા સતી સાવિત્રી સાથે લગ્ન કરી શકે એ માટે રાજ્યનો અધિકાર જતો કરવા તૈયાર થયા અને માછીમારે એનો વારસો કદાચ રાજગાદીના હક્કની માંગણી કરે એવો સંશય દાખવતાં જ ગંગામૈયાના પુત્રે આજીવન બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા લીધી, એવું ચિત્ર આજે ક્યાં જોવા મળે? એ પ્રતિજ્ઞા ભિષ્મ પ્રતિજ્ઞા તરીકે ઓળખાણી. એવી ભિષ્મ પ્રતિજ્ઞા લે અને પાલન કરે એવા આર્ય સંસ્કાર ધરાવતી વ્યક્તિ દીવો લઇ શોધવા જવું એ આજના જગતની વાસ્તવિકતા છે. મહારાજા શાન્તનુની ઈચ્છાની માફક, વૃદ્ધ પિતા યયાતિની યુવાન બનવાની ઈચ્છાને માન આપનાર શર્મિષ્ઠાના પુત્રની યાદ આવા પ્રસંગે સ્વાભાવિક જ આવે.

એ જ ભિષ્મ પિતામહનું તેજ દુર્યોધનને મહાત કરી શક્યું નથી! એ જ અનુપમ શક્તિ ધરાવનાર ભગવાન શ્રીકૃષ્ણ, ગુરુ દ્રોણાચાર્ય અને દેવી ગાંધારી તેમ જ વિકર્ણની 'ડાહી ડાહી વાતો' ને દુર્યોધન ઠોકરે મારે છે. ભગવાન શ્રીકૃષ્ણ, પાંડવો વતી વિષ્ટિ માટે આવ્યા અને માત્ર પાંચ ગામ પાંડવોને આપી, સમાધાન માટે દુર્યોધનને સમજાવે છે, એ વેળા ભિષ્મ પિતામહ અને ગુરુ દ્રોણાચાર્ય 'દુર્યોધન સમજતો નથી' એમ કહી પોતાનો પુણ્યપ્રકોપ રજૂ કરે છે ખરા; દેવી ગાંધારી પોતાના પુત્રને યુદ્ધ માટે આશિષ આપ્યા વિના જ યુદ્ધ માટે રવાના કરે છે, પણ દુર્યોધનને સમજાવી કે વશ કરી મહાભારત યુદ્ધ કોઈ અટકાવી શકતું નથી. કારણ, એમાં થોડીક પરિસ્થિતિની પરવશતા છે. ગુરુ દ્રોણાચાર્ય અને ભિષ્મ પિતામહ દુર્યોધનનો ત્યાગ કરી શકયા હોત, પણ આજ સુધી એના સહારે ટકેલાં એ પરિસ્થિતિની પરવશતાને લઈને તેમ કરી શકતા નથી અને પાંડવોના પક્ષે–ન્યાયના પક્ષે રહી શકતા નથી.

દુર્યોધન સમાધાન સ્વીકારતો નથી. એની પાછળ દુશ્મનને પાંચ ગામડાં પણ આપી, ટકવા દેવો, મજબૂત થવા દેવો અને સમર્થ થયા બાદ પોતાના માટે કાયમી દુશ્મન ઊભો રહેવા દેવો એના કરતાં મહાભારત યુદ્ધ આવકારી લેવું અને કાયમને માટે જે ફેંસલો આવે તે લાવવો એવી દૃષ્ટિ કામ કરી રહી છે. એથી અલબત્ત, એની જીત થઈ નથી, પરંતુ પાંડવો પણ મહાભારતનું યુદ્ધ જીત્યા પછી શાંતિ મેળવી શકયા નથી. આ વાત યુધિષ્ઠિરને સવેળા સમજાઈ હતી, પરંતુ દ્રૌપદી આદિને યુદ્ધે સર્જેલા વિનાશના હૃદયદ્રાવક દશ્યો નિહાળ્યા બાદ આ વાતની પ્રતીતિ થઈ હતી. વિનાશક બૉમ્બ ના સર્જક વિજ્ઞાનીને હીરોશીમા અને નાગાસાકીમાં બૉમ્બથી થયેલાં સંહાર બાદ એના સર્જનની ભૂલ સમજાઈ હતી એ આ બાબતના સંદર્ભમાં સૂચક લેખાય.

અનિષ્ટ તત્ત્વને મૂળમાંથી જ ડામવું જોઈએ એ બાબત દેવી ગાંધારી સ્પષ્ટપણે જોઈ શકયાં હતાં. જો આમ ન થાય તો એ ફૂલે-ફૂલે-ફાલે ત્યાર બાદ એને અટકાવી શકાતું નથી. આથી જ દુર્યોધનના જન્મ સમયે જ્યોતિષીઓએ ભાખેલાં ભવિષ્યના આધારે પોતાના પુત્રોનો અને છેવટે પાટવીકુંવર દુર્યોધનનો પણ ત્યાગ કરવા તત્પર હતા, પરંતુ પોતાની એ વાત એના પતિ ધૃતરાષ્ટ્ર સ્વીકારી શકયા નહિ– સમજી શકયા નહિ. અહીં ધૃતરાષ્ટ્ર ચક્ષુવિહીન છે, એ માત્ર શારીરિક સંદર્ભને બદલે, આવા પ્રકારની પરિસ્થિતિમાં પણ, વૈચારિક ભૂમિકાએ, દૃષ્ટિવિહીન છે એમ કહી શકાય. ધૃતરાષ્ટ્ર દુર્યોધનાદિનો ત્યાગ તો કરી ન શકયા, પરંતુ દુર્યોધનના વલણને બહેકાવવામાં ઈંધણરૂપ બન્યા. બીજી બાજુ, ગુરુ દ્રોણાચાર્ય અને ભિષ્મ પિતામહ પણ અનિષ્ટને મૂળથી જ ઉચ્છેદવા તનતોડ પ્રયત્નશીલ તો નથી જ રહ્યા, અને દુર્યોધન-વૃત્તિ અમર્યાદ વિકસી અને મહાભારત યુદ્ધમાં પરિણમી. "હશે! "એ તો એમ કરતાં જ સુધરશે" એવી નીતિ સંતાનોના ઉછેર અને સંસ્કારસંવર્ધનમાં કેવી ખતરનાક નીવડે છે એ અહીં જોઈ શકાય છે.

ભિષ્મ પિતામહની એક વાત–એમણે બાણશય્યા પર કહેલી વાત–આજના વડીલો અને અનુભવીઓએ સમજવા જેવી છે. એ વાત આજના રૂઢિચુસ્ત પરિબળો સમજે તો પ્રગતિશીલ અને રૂઢિચુસ્ત વચ્ચેના અંતરને ઘટાડી શકાય અને સમન્વય સાધી શકાય. અર્જુન જ્યારે ભિષ્મ પિતામહની સામે લડવું પડશે એથી લાચાર થાય છે, ત્યારે ભિષ્મ પિતામહ જે કાંઈ કહે છે એ સમજવા જેવું છે. વડીલો-મુરબ્બીઓ પોતાના અનુભવના જોરે ટકી રહેવા માગતા હોય અને નવી પ્રજાને દોર સોંપવા જ ઇચ્છતા ન હોય તો વહેલા મોડાં એમની જ પ્રજા એમને પરાણે નિવૃત્ત થવાની ફરજ પાડે છે. ભિષ્મ પિતામહને પણ બાણશય્યા કરવી પડી. એને બદલે નવી આશાનો, નવા ધબકારનો સંચાર થાય અને નવા યુગના પ્રાંગણમાં થનગનતા યુવાનો સવાર થવા તત્પર બને ત્યારે પોતાનું યુગકાર્ય સંપૂર્ણ થયું છે એમ સમજી, દોર નવી પ્રજાને સોંપે તો એમની મહત્તા ઓટલી જ રહે, બલકે જીવનમાં આવતી મુશ્કેલીઓ અને આંટીઘૂંટીના સામના વખતે એ જ યુવાનો એમની સલાહ માટે તુરત જ દોડી જાય એવું સંવાદી વાતાવરણ રહે. આમ ન થાય તો નાછૂટકે લીધેલી નિવૃત્તિ બાણશય્યા જેવી નીવડે. એક વ્યક્તિની શક્તિ એક કાળ પૂરતી મર્યાદિત છે. એમના અનુભવોના આધારે થયેલી સત્યની શોધ એ કાળના સંદર્ભમાં, એમના સમયની સમાજ-વ્યવસ્થા અને રાજકીય પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં, યથાયોગ્ય જ હોય, પરંતુ પરિવર્તન પામેલ સમાજના સંદર્ભમાં એ જ બાબત Out dated અયોગ્ય હોય એ બનવાજોગ છે. આર્ય સંસ્કૃતિમાં ચાર આશ્રમની કલ્પના છે અને એમાં ય સન્યાસાશ્રમનો આદર્શ આ રીતે કેવો ઓજબી છે એ સ્પષ્ટ થાય છે. એટલે જ ભિષ્મ પિતામહ અર્જુનના હાથે શરશય્યા પર પોતાની પથારી થાય એને પસંદ કરે છે, આવકારે છે.

ગુરુ દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્ને કરેલા અપમાનથી અને રોષી ઉદ્ભવેલા વેરથી હસ્તિનાપુર આવીને વસે છે. અહીં આવીને પણ તેઓ એક ચક્રમાંથી બીજા ચક્રમાં ફસાય છે. જીવનનિર્વાહ અને રોજિંદી જરૂરિયાત માટે તેઓ જ્ઞાનના દ્વાર સદાને માટે–રાજપુત્રો સિવાય–બંધ કરે છે. થયેલાં અપમાન સામે સ્વતંત્રપણે જીવવું હોય–ટકવું હોય તો રાજ્યાશ્રય વિના, ઋષિ-મહર્ષિઓની માફક, નિર્ભયપણે જીવવાનું અને સમાજને ઉપકારક થાય એ રીતે વિદ્યાદાન કરવાનું એમણે સ્વીકારવું જોઈએ, અને વેરની ભાવના ભૂલી અવૈરથી સૌને જીતવાની દૃષ્ટિ અપનાવવી જોઈએ. એને બદલે હસ્તિનાપુર આવી, રાજ્યાશ્રય સ્વીકાર્યો એની પાછળ ઊંડેઊંડે ધૃષ્ટદ્યુમ્ન પર વેર લેવાની, આગ કયારેક તક મળશે એવી સ્પષ્ટ-અસ્પષ્ટ ગણતરી પણ હતી. ભીલકુમાર એકલવ્યને વિદ્યાદાનનો ઈન્કાર કરીને અને એણે (એકલવ્યે) એક ચિત્તે ગુરુની મૂર્તિ સમક્ષ બેસીને, પ્રાપ્ત કરેલી વિદ્યાને નિરર્થક બનાવવા ગુરુ દક્ષિણામાં અંગૂઠો માંગી લે છે! જીવનનિર્વાહ અર્થે જ આજની ઉચ્ચ કેળવણી પ્રતિ વળેલી સમાજ-વ્યવસ્થામાં એ સિવાયના જ્ઞાન અને સંસ્કારનું મૂલ્ય થોડાંક અપવાદો બાદ કરતાં–કેટલું? જ્ઞાન તો સાર્વજનીક અને સમાજોપયોગી હોવું ઘટે. આ પાયાની બાબતનો જ અહીં હ્રાસ થયો છે. આજિવિકા માટે ખાનગી શિક્ષણ (Tution) ને ઉત્તેજન આપતાં આજના શિક્ષકો પણ ગુરુ દ્રોણાચાર્યના માનસનું પ્રતિબિંબ પાડતા નથી શું?

હવે અર્જુન, દ્રૌપદી અને ભીમની મનોદશા જોઈએ. મહારાજા યુધિષ્ઠર તો દરેક પ્રસંગે ઉદારતા દર્શાવી કૌરવોની ભૂલને માફ કરે છે. એ પરત્વે દ્રૌપદી અને ભીમને કેવો રોષ છે? મહારાજા યુધિષ્ઠરની ક્ષમાની વાતો એમને, અર્જુનને સુદ્ધાં, દરેક વખતે નિર્બળતાની નિશાની જેવી, કાયરોની અહિંસા જેવી જણાય છે. આવા પ્રસંગોએ દ્રૌપદીનો ગુસ્સો પણ ગજબનો હોય છે. યુદ્ધને અટકાવવા થતી સમાધાનની વાતો પર પણ તેઓ કેવાં હસે છે! માત્ર યુદ્ધને અનિવાર્ય ગણીને એ દ્વારા સામ્રાજ્ય મેળવવું, દ્રૌપદી પણ એ રીતે જ સામ્રાજ્ઞીપદ પ્રાપ્ત કરી શકે એવી ગણતરીમાં તેઓ રાચે છે. આમ છતાં એમને ગુસ્સો ગમે તેટલો હોય તો પણ મહારાજા યુધિષ્ઠિરને પૂછ્યા વિના પાણી પીએ એવો અર્જુનનો સ્વભાવ તો નથી જ નથી! આ એક એની વિશિષ્ટતા છે.

મહાભારતના અર્જુન, દ્રૌપદી અને ભીમનાં પાત્રોની હકીકત ઉપર આજની આપણી સમાજવ્યવસ્થા નિહાળીએ તો હજુ ગઈ પેઢી સુધી કુટુંબના વડીલોની આમન્યા હતી, સાથેસાથ એ વડીલોમાં નવા યુગ અને સાધનોના પરિણામને જોઈ શકવાની–યુગના પ્રવાહને વીંધીને આરપાર જોઈ શકવાની ક્ષમતા હતી. મહારાજા યુધિષ્ઠિર યુદ્ધની અનિવાર્યતા સમજતા હતા છતાં એના ભયાનક પરિણામો પણ આરપાર જોઈ શકયા હતા. યુદ્ધદ્વારા મેળવેલાં રાજ્યમાં આંતરિક શાંતિ નહિ હોય એ એમણે સમજી લીધું હતું અને એટલે જ એમણે ક્ષમા અને શાંતિની સબળ વાતો કરી હતી. એમની એ દૃષ્ટિમાં વિશ્વાસ રાખીને અર્જુન અને ભીમ એમનું કહ્યું સ્વીકારે છે. આજના જમાનાની તાસીર જ અલગ છે. નવા જમાનાની

તાસીરને વડીલો આરપાર જોઈ શકયા નથી– સમજી શકયા નથી, તો યુવાનોની મનોવૃત્તિમાં પણ આવશ્ય ફરક પડયો છે. સનાતન મૂલ્યોના જતનની બાબતમાં તો બન્ને પેઢી નિરાશ કરે છે. યુધિષ્ઠિરની વાત યુદ્ધથી થયેલી ભયંકર ખાનાખરાબી બાદ જ યથાસ્વરૂપે સમજાય છે એ મુદ્દો, એ હકીકત વર્તમાનના સંદર્ભમાં, ખાસ નોંધવા જેવો છે!

ભગવાન શ્રીકૃષ્ણ તો આર્ષદષ્ટા અને યુગદષ્ટા હતા. સામાન્ય રીતે એમની પ્રત્યેક વાતો વિરોધાભાસી જણાય. પણ વિશાળ દષ્ટિએ જોતાં, એ વાતો પણ, ન્યાયપુરઃસર અને તર્કસંગત જણાતી. યુદ્ધને નિવારવાના એમના પ્રયત્નો અને વેરવૃત્તિના વિનાશ માટે શસ્ત્રોના ત્યાગની એમની વાત પ્રેરણાદાયી હતી. પરંતુ એ માટે સમય પરિપકવ થયો ન હતો. એ આદર્શને લોકો પચાવી શકશે નહિ એ એમણે પારખી લીધું હતું. એટલે તો અર્જુનને મહાભારત યુદ્ધ માટે પ્રેર્યા. વેરવૃત્તિના નાશ માટે ઊલટું એ જમાનામાં યુદ્ધ અનિવાર્ય ગણ્યું; તે એ અર્થમાં કે યુદ્ધના ભયાનક પરિણામો નજરોનજર નિહાળ્યા વિના, પ્રજા શાંતિની વાતો સમજી શકે નહિ. એમના પછીના પાંચ હજાર વર્ષના ગાળામાં ઈતિહાસમાં નોંધાયેલ હિંસક અને ભીષણ યુદ્ધો અને રમખાણો દ્વારા એની ભયાનકતા સ્પષ્ટપણે લોકમાનસમાં અંકિત થઈ ત્યારે પૂ. ગાંધીજીના અહિંસક સત્યાગ્રહને સફળતા મળી. એક વિચાર-એક દષ્ટિ ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં ઉદ્‌ભવી પણ એ લગભગ અંતર્ગત જ રહી. એ વિચારનું વહેણ સમાજમાં પ્રજ્ઞાન્યુ અને અનુભવના આધારે એ બાબત આત્મસાત થઈ. એ પ્રયોગમાંથી હજુ સમસ્ત વિશ્વને એ દિશા તરફ વાળવાનું છે.

આ રીતે મહાભારતના પાત્રોના મનોવ્યાપાર ચકાસવાથી, એના આંતરપ્રવાહના અભ્યાસથી તુલસીના કથનાનુસાર, 'भात भातके लोग' ની પ્રતીતિ થાય છે એટલું જ નહિ પરંતુ મહર્ષિ વેદ વ્યાસે, આર્ષ-દષ્ટા લેખે, એમના પછીના આવી રહેલાં સમયના માનવીના માનસનો ચિતાર આપી, મહાભારતના ગ્રંથ દ્વારા, વ્યક્તિની વિશિષ્ટતા અને મર્યાદા, શક્તિ અને નબળાઈ, આંતર અને બાહ્ય ભૂમિકાની ભિન્નતા અને એ બન્ને ભિન્ન ભૂમિકા વચ્ચેના સંઘર્ષ અને વ્યક્તિતત્વના અમર્યાદ વિકાસ–પૂર્ણત્વની પ્રાપ્તિ સુધીના–ની તાત્ત્વિક બાબત પણ "मा फलेषु कदाचन,'ના મંત્ર દ્વારા, યુદ્ધભૂમિ પર, આપણને ગજબ કૌશલ્યથી વારસામાં આપી છે, આવા સમૃદ્ધ અને વૈભવી વારસાનું યુગે યુગે પરિમાર્જન અને પરિશીલન થાય એ અત્યંત જરૂરી છે.

પન્નાલાલ ૨. શાહ

પ્રાયશ્ચિતની પાવન ગંગાનું અવતરણ

'૭૯ની નવેમ્બરની ૧૧મી તારીખનો એ ગોઝારો દિવસ, "બચાવો, બચાવો"ની બૂમો સાથે વાડજના ઘરમાંથી ભડકા ઉઠયા ને દેવયાની ભડથું થઈ ગઈ. મૃત્યુ સમયના નિવેદનમાં એણે જાહેર કર્યું "રાજુએ મને સળગાવી દીધી છે."

વિવેકબુદ્ધિની પકડ ઢીલી થતાં જ માનવ પરિસ્થિતિનો કેવો ગુલામ બની જાય છે એનો જીવતો-જાગતો કરૂણ દાખલો એટલે રાજુ.

માનભર્યો ધંધો ખેડતો ને આશાસ્પદ ભાવિનાં સોણલાં જોતો એક યુવાન વિવેકબુદ્ધિ ગુમાવી બેસતાં એવાં સંયોગોમાં મૂકાઈ ગયો કે હાલ સાબરમતી મધ્યવર્તી તુરંગમાં નીચલી કોર્ટના ચૂકાદાથી ખૂન અને જન્મટીપની સજા ભોગવી રહ્યો છે, તે ઉના નિઃશ્વાસ નાંખી રહ્યો છે, "રે નંદનવન જેવું જીવન કેવું રોળાઈ ગયું?"

રાજુનો ઉછેર મુંબઈમાં જ થએલો. લગ્ન અમદાવાદની સુસંસ્કારી અને સુશીલ રેણુકા સાથે થયાં. રેણુકા પરણીને સાસરે ગઈ. સંસાર રંગે-ચંગે ચાલવા લાગ્યો. સુખની જાણે પરાકાષ્ટા આવી ને રેણુકા સિમંતોની બની. સુવાવડ માટે પિયર, અદામવાદ આવીને સોહામણા દિકરાને જન્મ આપ્યો.

ત્યારે એનો આનંદ આસમાને પહોંચ્યો હતો.

પણ ના, એનો આનંદ ઝાઝો ટકવાનો ન હતો.

પત્ની પિયર જતાં રાજની તેનાં બહેન-બનેવીને ત્યાંની બેઠક-ઉઠક વધી ગઈ. ને બેનની નણંદ દેવયાની સાથે મોહમાં અટવાયો. દેહનું આકર્ષણ એટલું બધું વધી ગયું કે બેય ઉઘાડે છોગે સાથે રહેવા લાગ્યાં... પણ સગાંઓને સમાજની ઈતરાજી સહી ન શકતાં મુંબઈ છોડી અમદાવાદ રહેવા આવ્યાં ને નિરંકુશ જીવન જીવવા લાગ્યાં.

રાજુની પત્ની રેણુકા બાળકને લઈ મુંબઈ સાસરે ગઈ. ત્યાં આઠેક મહિના વીતાવ્યા પણ પતિની બેવફાઈથી સ્તબ્ધ બની હતાશા સેવતી રેણુકાને પતિ-વિહોણું સાસરું હૂંફ આપનારું ન જણાતાં પિતુગૃહે અમદાવાદ પાછી ફરી.

પેલાં રાજુ-દેવયાની પણ અમદાવાદમાં જ રહેતાં હતાં. રાજુનાં માત-પિતાની ઈચ્છા હતી કે રાજુ ભલે દેવયાનીને લઈને પણ તેમની પાસે જ રહે રાજુને પણ ત્યાં જવાની ઈચ્છા થતી હતી. પણ દેવયાનીને તે મંજુર નહોતું.

આ અને આવાં બીજાં કારણોસર બેયની વચ્ચે બોલાચાલી થવા માંડી ને મન જુદાં પડવા માંડયાં. એક દિવસ સિનેમા જોવા જવાનું નક્કી થયું, એક મિત્ર પણ સાથે આવવાનો હતો. મિત્ર આવ્યો એની હાજરીમાં જ રાજુ-દેવયાની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ને રાજુએ ગુસ્સામાં દેવયાનીને તમાચો મારી દીધો.

પરિસ્થિતિ શાંત પડે તે માટે સૌ પડોશમાં બેસવા ગયાં. પણ થોડીવારે ઘેર પાછા ફરતાં વેંત જ દેવયાની અગનઝાળમાં લપેટાઈ ગઈ. "રાજુએ મને સળગાવી મારી" એવું મૃત્યુ નિવેદન કરી દેવયાની અનંતની સફરે ઉપડી ગઈ.

ને એના ખૂનમાં સંડોવાઈને રાજુ જન્મટીપની સજા ભોગવવા જેલમાં આવ્યો.

જેલમાં પૂરાયા પછી રાજનું મન ચિંતનના ચકરાવે ચઢ્યું... "રે કેવું થઈ ગયું? દેવ, બ્રાહ્મણ ને અગ્નિની સાક્ષીએ જેની સાથે જીવન જોડયું હતું એ રેણુકાને છેહ દીધો ન હોત તો આ હાલત થાત?!... ને, રેણુકાની ઉદારતા કેટલી બધી છે? મેં તેને રઝળાવી મારી તોયે એણે મારા પ્રત્યે તિરસ્કાર સેવ્યો નથી... કોર્ટમાં કેસ વખતે ને જેલમાં મારી મુલાકાતો લઈને મને હિંમત ને હૂંફ આપ્યાં છે. એણે ધાર્યું હોત તો મારી નાલાયકી માટે મારી પાસેથી છૂટાછેડા મેળવી બીજા સાથે સુખી જીવન જોડવાનો પ્રયત્ન કર્યો હોત પણ તેના બદલે મેં મૂકેલી નિરાધાર દશામાં રહીને પણ મારા બાળકને ઉછેરવા મથતી. ઓ હું વીસ વરસની સજા ભોગવીને પાછો ફરું ત્યારે પણ મારી સાથે જ જીવવા ઝંખે છે. રે રેણુકા, તું તો દેવી છે. તારી સાથે જીવવા જેટલી મારી લાયકાત નથી છતાં તું મારી જેવા ને અપનાવવા ચાહે છે એ તારી ઉદારતા છે."

આવો માનસિક પરિતાપ ચાલતો હતો ત્યાં રક્ષાબંધનનું પાવન પર્વ આવ્યું. રક્ષાબંધન નિમિત્તે સદ્‌વિચાર પરિવારના કાર્યકરો સાથે મેળાપ થયો. ઓમના સદ્‌ભાવ પ્રયોગની વાતો જાણી ઓના દિલ જેનો ભયંકર દ્રોહ કર્યો છે એ પોતાની ધર્મપત્નીની ઉદારતાને વંદન કરવાની અને પોતે કરેલા અન્યાય માટે જાહેરમાં માફી માગવાની ઝંખના જાગી ને તે કામમાં મદદ કરવાની એણે સદ્‌વિચાર પરિવારને વિનંતિ કરી.

સદ્‌વિચારે રેણુકાબહેનનો સંપર્ક સાધ્યો. રતનપોળની એક નાનકડી ઓરડીમાં ભાઈઓ, બહેનો ને વિધવા મા સાથે રહેતી ને સુખી સંસારના સંભારણા જેવા દિકરાને ઉછેરતી મહામના રેણુકા રોજ પતિમુક્તિ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. "ગમે તેવો હોય તોય રાજુ મારો પતિ છે. ઓની સાથે જ જીવન પૂરું કરવું છે. એક ભવમાં બે ભવ નથી કરવા" એવી આર્યનારીને શોભે એવી ઊંચી વિચાર-સરણી ઓના હૈયામાં બેઠી છે.

રક્ષાબંધનના સદ્‌ભાવદિને પોતાના પતિ પોતાની જાહેરમાં માફી માગે એ વાત એના જેવી આર્યનારીને પસંદ નં જ હોય એ સાવ સ્વાભાવિક છે, છતાં એમ કરતાં પતિનું હૈયું હળવું થતું હોય ને પતિનું હિત થતું હોય તો એ મહામના નારીએ આ વધારાનું દુઃખ સહી લેવાની પણ તૈયારી દાખવી છે.

ને એ રીતે સાબરમતી જેલની ધરતી પર આજે રાજની પશ્ચાતાપગંગાને રેણુકાની ક્ષમાગંગાનું અવતરણ અને મિલન થઈ રહ્યું છે.

– સંકલિત

E S T – એક અનુભૂતિ

[અભ્યાસ વર્તુળનાં ઉપક્રમે તા. ૯-૧૦-૮૦ના રોજ ઉપરોકત વિષય ઉપર એક વાર્તાલાપ ગોઠવાયો હતો. તેમાં શ્રી વિપિન પરીખ અને શ્રી રસિક શાહ, બે મિત્રોએ આ EST ટ્રેનીંગ શું છે ને એ લેવાથી પોતાને શું લાભ થયો છે તે વિષે ખૂબ રસપ્રદ વાતો કરી હતી. શ્રોતાઓથી હોલ ભરાઈ ગયો હતો અને વાર્તાલાપને અંતે સૌનાં મુખ પર સંતોષ અને આનંદની લાગણી પ્રવર્તતી હતી. બંને વકતાઓએ પોતાનાં વકતવ્યની ટૂંક નોંધ લખી મોકલી છે, તેમાંથી વિપિન પરીખની નોંધ અહીં આ સાથે સાભાર પ્રગટ કરવામાં આવે છે. રસિક શાહની નોંધ આવતા અંકે પ્રગટ થશે.]

હું પહેલા ત્રણ સવાલો પૂછી મારું વકતવ્ય શરૂ કરીશ:

(૧) Where is in all this enormous room is there a door? અહીં આ વિશાળ ખંડમાં મુકિતનું દ્વાર કયાં છે?

(૨) You had your lunch but did you taste your lunch? સવારે તમે ભોજન લીધું પણ તમે ભોજન વખતે હાજર હતા?

(૩) You take your tea: What was the texture of the cup? તમે ચા તો પીધી. તમારા હાથને, તમારી ત્વચાને ચાના કપનો સ્પર્શ થયો હતો ખરો?

આપણે જે જીવન જીવીએ છીએ તેમાં બધું જ છે, જીવન નથી – પ્રાણ નથી. ટી. એસ. ઈલિયટ પૂછે છે, "Where is the life? we have lost in living?" અથવા હેનરી જેમ્સ કહે છે, So much life and so little living. જીવન જીવાય છે પરંતુ યંત્રવત્!

EST શું છે? વસ્તુત: E S T આપણા જ સંસ્કૃત શબ્દ 'અસ્તિ' પરથી આવ્યો છે: એટલે કે 'હોવું' અને ફ્રેન્ચમાં પણ તેનો અર્થ થાય છે- 'to be'. આપણે હર હંમેશ જે નથી તે થવાનો – બનવાનો સતત કરુણ પ્રયત્ન કરતા હોઈએ છીએ. એના સંદર્ભમાં આપણી પોતાની જાતને – the natural self — the real self પામવાનો આ પ્રયત્ન છે.

E S T એટલે 'એરહાર્ડ સેમીનાર ટ્રેનિંગ' જે નામ એના પ્રણેતા અર્નેસ્ટ એરહાર્ડ પરથી આવ્યું છે. અલબત્ત એના વ્યકિતત્વ જોડે આ તાલિમને કોઈ નિસ્બત નથી. અમેરિકામાં સાનફ્રાન્સીસ્કોમાં એનો ઉદ્‌ભવ છે. ૧૯૭૧ માં પહેલી તાલિમ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૨૫૦,૦૦૦ માણસોએ આ તાલિમ લીધી છે અને હિંદુસ્તાનમાં અત્યાર સુધી ૯ ટ્રેનીંગ થઈ છે, જેમાં ૨૩૦૦ માણસોએ લાભ લીધો છે.એમાં સ્ત્રી–પુરુષ ઉપરાંત બાળકોએ પણ તાલિમ લીધી છે. એમાં પારસી છે, મુસલમાન છે, હિંદુ છે ને નાસ્તિકો પણ છે. બાળકથી માંડી ૭૦-૮૦ વર્ષના વૃદ્ધોએ પણ આ તાલિમ લીધી છે. ૬૦ કલાક એટલે કે બે શનિ-રવિ પર આ તાલિમ ફેલાયેલી હોય છે. આ તાલિમમાં એકી સાથે એક હૉલમાં ૨૫૦થી ૩૦૦ માણસો ભાગ લે છે. સવારે ૮-૩૦ થી શરૂ થતી આ તાલિમ રાતે છેક એક, બે, ત્રણ કે ચાર વાગે પૂરી થાય છે, જ્યારે ટ્રેનરને પોતાનું કાર્ય પૂરું થયાનો સંતોષ થાય.

આખા દિવસમાં ત્રણ વિરામ અપાય છે જેમાં પહેલાં બે બાથરૂમ – બ્રેક કે ટી – બ્રેક કહી શકાય, જેમાં તમે ફળોનો રસ કે ચા કોફી લઈ શકો, પરંતુ કશું ખાઈ શકો નહીં. રાત્રે એક જ વાર જમવા માટે ડીનર – બ્રેક અપાય છે. ત્યાં સુધી તમે કશું ખાઈ શકતા નથી. આ ત્રણ છૂટ્ટીના સમય દરમિયાન જ તમે બાથરૂમ જઈ શકો. બીજા કોઈ સમયે કે વચ્ચેથી નહીં.

હૉલમાં તમને પાણી પીવાની, કશું ચાવવાની, ચૂસવાની કે ખાવાની છૂટ નથી. દવાદારૂ કે સીગરેટની છૂટ પણ નથી. દરમિયાન તમને ઘડિયાળ પહેરવાની છૂટ નથી. હોલમાં તમારે બોલવાનું ન હોય તે સિવાય તમે તમારી જગ્યા પરથી ઊઠતા નથી. EST તમને જીવન જીવવાની એક અનુભૂતિ આપે છે જે મળ્યા પછી તમે જે સંજોગો વેઠી રહ્યા છો કે બદલવાનો પ્રયત્ન કરતા રહ્યા છો તે સંજોગો જીવન જીવવાની પ્રકિયામાં જ વિખરાઈ જાય છે.

એટલે કે આ દર્શન થયા પછી તમે જૂનો ઘરેડ પ્રમાણે જીવનનો ઢસરડો નથી ઉંચકતા પરંતુ એ દર્શન પછી તમે જીવનને નવી જ આંખે જૂઓ છે સંજોગોનો મુકાબલો કરો છો, અલબત્ત, EST તમારા સંજોગો, નોકરી, કે સંબંધીઓને કશું બદલતું નથી બધું એનું એ જ રહે છે. તમારી સ્થિતિ તમારી દૃષ્ટિ બદલાય છે, તમારી માન્યતાઓ, વિચારો ને આ તાલિમને પડકાર છે. EST કહે છે જીવનમાં સંજોગોનું મહત્ત્વ નથી, તમે સંજોગોને કઈ રીતે જુઓ છો, સ્વીકારો છો તેનું મહત્ત્વ છે. એ દૃષ્ટિ જ તમારી જીવનનું પોત વણે છે.

EST શું છે તે કરતાં EST શું નથી તે કહેવું ઠીક રહેશે. EST કોઈ નવો ધર્મ નથી. કોઈ નવો વાદ કે પ્રણાલિકા નથી. એમાં કોઈ ગુરુ-શિષ્ય નથી, એનું કોઈ બાઈબલ કે શાસ્ત્ર નથી. એ ઓટો સજેશન કે સંમોહન નથી. એક ટ્રેનરે તો બહુ સરસ કહેલું કે EST એક Training નથી એ Detraining છે. તમે તમારી જાતને અનેક ગ્રંથિ માન્યતાઓ, વિચારોથી સંમોહિત, મૂર્છિત કરો છે. EST આ ગ્રંથિઓ, માન્યતાઓના ભૂક્કા કરવાની વાત છે.

આ ટ્રેનીંગ કેવી રીતે આપવામા આવે છે? તમે ચારે દિવસ હોલમાં, થિયેટરમાં જ બેઠા છો, આ હૉલની બહાર તમે કયાંય જતા નથી. ત્યાં ટ્રેનર જે અમેરિકાથી આવતા હોય છે તે તમારી સાથે વિચારોનીઆપ-લે કરે છે. આખી તાલિમ દરમ્યાન વાતચીત અંગ્રેજીમાં થાય છે. પરંતુ ભાષા આ દર્શનમાં અવરોધ રૂપ નથી બનતી એટલું જ નહીં તમે અંગ્રેજી ન જાણતા હો ને કશું બોલો નહીં તો પણ ટ્રેનીંગની અસર તમે અનુભવી શકશો. એક ટ્રેનરે તો એટલે સુધી કહેલું કે કૂતરાં અને બિલાડા પણ જો હૉલમાં બેસે તો એમને પણ આ ટ્રેનીંગ મળે છે.

આ તાલિમના ત્રણ ભાગ પાડવામાં આવે છે.
(૧) Data –હકીકત (૨) Sharing – આપ—લે (૩) Process તાલિમ.

પ્રથમ ભાગ - Data -દરમ્યાન ટ્રેનર પોતે બોલે છે અને વિધાનો કરે છે, સમજાવે છે, તેમાં તમને વચ્ચે પ્રશ્નો પણ પૂછે! તમને ન સમજાય તો તમે પણ પૂછી શકો.

બીજા ભાગ દરમ્યાન Sharing એટલે કે વિચારો – અનુભવો, અનુભૂતિની આપ-લે કરાય છે. અને આ આપ – લેનું E S T માં ખૂબ મહત્ત્વ અંકાય છે.આ આપ-લે ફરજિયાત નથી હોતી. તમે બોલો જ એવો આગ્રહ નથી રખાતો. તમે ન બોલો તો પણ ટ્રેનીંગનો ફાયદો તમને મળે જ છે. હા, એક ટ્રેનરે સરસ કહેલું કે If you don't want to share tell that you don't want to share અને આટલું કહેતાં જ તમે બોલતા થઈ જશો.

આ આપ - લેમાં માણસો પોતાના જીવનની વાતો કરે છે. પોતાના મ્હોરા છોડી અનેક લોકો સમક્ષ અંગત વાત કરવી એ ખૂબ હિમત માગી લે છે અને બોલવા માત્રથી પણ એ હિંમત આવે છે. આ મ્હોરા ઉતારીને કરેલી વાતો તમને સ્પર્શી જાય છે. બીજા શું ધારશે એ ભીતિ અહીં એક વખત ભૂલી જાઓ છો.

Sharingમાં એક સત્ય સમજાય છે કે બોલવા માટે જ્ઞાનના ખજૂટ ભંડારની કે બુદ્ધિશાળી હોવાની જરૂર નથી. એમાં શબ્દોનું કે વ્યાકરણનું મહત્ત્વ નથી. મોટી મોટી વાતોનું મહત્ત્વ નથી. જીવનની નાની નાની, ક્ષુલ્લક લાગતી ઘટનાની વાત તમે કરો ને તમે બીજાના હૃદયની નજદીક આવો છો.

એક અપેક્ષા રખાય છે કે તમે પોતે જે અનુભવ્યું હોય – That which you really experienced તે જ કહો.– બોલો. કોઈના ઉછીના પાછિતાઈ ભરેલા જ્ઞાનનો દેખાવ ન કરો. ટ્રેનર વારે-વારે ટકોર કરે છે "તમે બોલો છો તે બધું જ ઉધાર લીધેલું છે. What do you feel really?

આ Sharing દરમ્યાન કેટલાકની વાત સાંભળી આપણી આંખ ભીની થાય છે. તો ત્યારે બીજું એ પણ જ્ઞાન થાય છે કે જુદા જુદા વર્ગોમાં આપણા બધાના જ Problems ગ્રંથિ વિ.

કેટલા બધા એક સરખા છે? ત્યારે ખબર પડે છે. જીવનના પ્રશ્નો ઊભા થાય છે ત્યારે શ્રીમંત ગરીબ, હિંદુ મુસ્લીમ કોઈ ભેદ રહેતા નથી. આપણે બધા જ એક સરખા છીએ.

ત્રીજો ભાગ તાલિમનો (Process) છે. જેમાં આંખ બંધ કરી તમને કલ્પના કરવાનું કહેવામાં આવે છે. જેમ કે તમે દરિયા કાંઠે રેતીમાં રમો છો. આ દરમ્યાન ભૂતકાળમાં ન જીવાયેલી ક્ષણો ફરીથી જીવાય છે, અનુભવાય છે. ત્યારે કેટલાંક માણસો હસે છે, રડે છે ચીસ પાડે છે અને આમ એક પ્રકારની ગ્રંથિ કે સમસ્યાથી મુક્તિ મેળવે છે. જીવનની ભૂતકાળની ન જીવાયેલી કે અર્ધી જીવાયેલી ક્ષણો જ્યારે તમે ફરીથી ઉત્કટતાથી જીવો ત્યારે એક પરિવર્તન, એક દર્શન, એક હળવાશ અને મુક્તિનો અનુભવ થાય છે.

આ સાઠ કલાકમાં તમે જુદા જુદા અનુભવોમાંથી પસાર થાઓ છો, થાકી જાઓ છો, Bore થાઓ છો. ખુશખુશાલ થઈ નાચવાનું મન કરો છો, કયારેક ચૂઈ પણ જાઓ છો. તમને સુવાની છૂટ છે અને કહે છે. તમારી આંખો મીંચાયેલી રહે તો પણ તમને લાભ મળે જ છે EST કહે છે તમારા થાકને, કંટાળાને પણ પૂરે પૂરો અનુભવો. સાધારણ રીતે તમે એ બધાથી દૂર ભાગતા હો છો.

એક જણે સરસ કહેલું "EST is a living theatre" there are doses of shock , humour and drama.

EST ની વાત કરીએ ને ટ્રેનરની વાત ન કરીએ તો વાત અધૂરી ગણાય. આ ટ્રેનરો આકરી તપશ્ચર્યા પછી આવ્યા હોય છે. સતત ઊભા ઊભા પંદર કલાક બોલ બોલ કર્યા છતાં તેઓ થાકતા નથી. ખૂબ પ્રેમથી શાંતિથી સમજાવે છે, વાતો કરે છે, કયારેક દુર્વાસાની જેમ ક્રોધ પણ કરે છે. તમારા કોઈ પ્રશ્નનું સમાધાન ન થાય ત્યાં સુધી પાછો છોડતાં નથી. ચાર દિવસને અંતે તમે એના પ્રેમમાં પડો તો નવાઈ નહીં. એક ભાઈએ તો એટલે સુધી કહ્યું, તમે મારા ગુરુ છો, તમે મારા વહાલા છો, બુદ્ધ છો. છતાં આ ટ્રેનર કહે છે હું કોઈ ગુરુ નથી, EST ને કોઈ પંથ બનાવશો નહીં. ગુરુ કહો તો હું તમારાથી ઊંચો, જ્ઞાની થાઉં, આપણે સમાન-સરખા જ છીએ.

'EST' માંથી શું મળે છે?' Aliveness – જીવંતપણું. તમે તમારી જાતને પહેલી વાર મળો છો. અને એ મિલનથી અવરોધોને સમજવાનું શકય બને છે.

આપણને આત્મવિશ્વાસ મળે છે, ઘણાના સંબંધો સુધરે છે. પતિ-પત્ની, બાપ-દીકરો લગ્નથી પાછા મળ્યાના દાખલા છે. તમે તમારા જીવનની સ્થિતિ કે કોઈ પણ સંજોગ માટે બહાના કાઢતાં અટકી જાઓ છો.

EST તમારી ધર્મની માન્યતાઓને બદલવાની કોશિશ નથી કરતું. નીતિ-અનીતિ ધર્મ-અધર્મના કોઈ ખ્યાલ EST આપતું નથી. પરંતુ EST પછી લોકોનો અનુભવ છે કે પોતાનો ધર્મ પોતાની ગીતા, બાઈબલને વધુ ઊંડાણથી સમજી શકાય છે. તેમની પ્રાર્થના, આધનાને ઊંડાણ મળ્યું છે, કારણ તેમનું મન શાંત થયું છે, સતાવતી ગ્રંથિઓ દૂર થઈ છે તેથી. એક ભાઈએ કહ્યું કે હું જૈન છું પરંતુ જૈન ધર્મ શું એ હવે અનુભવું છું, પહેલા માત્ર નકરી માહિતી જ હતી.

૬૦ કલાકમાં પરિવર્તન – શકય ખરું? એ શંકા થાય અને છતાં એ હકીકત છે. આ સાઠ કલાક છસ્સો કલાક છે, કારણ સતત ૬૦ કલાક તમે તમારી જાત જોડે બેસતા નથી હોતા.

બીજો પ્રશ્ન થાય કે આ પરિવર્તન, ઉત્સાહ, આનંદ મળે છે તે ટકે છે ખરો? એ માહિતીનો ભંડાર નથી કે જે ખૂટી જાય. એ તો તમારી બારી ખોલી આપે છે. એક પ્રક્રિયા શરૂ કરી આપે છે અને તે પછી તમે જીવનની પલટાતી ઘટનાઓનો તે ક્ષણે મુકાબલો કરી શકો છો.

EST સિવાય પણ આ પરિણામ ન મળે એવું નહીં, વર્નર તો એમ પણ કહે છે કે ESTની પણ જરૂર નથી. EST is not necessary you are perfect as you are. પરંતુ આપણને એટલું સમજવા ટ્રેનિંગની જરૂર પડે છે.

(૧) પહેલું, આજે તમે મને અત્યારે જે જુઓ છો તે હું અહીં હોત જ નહીં. અમુક કારણોસર મન ઉપર ખૂબ ટેન્શન હતું અને EST પહેલાં એ Tension ને કારણે હું કોઈ પણ સંજોગોમાં બોલવા તૈયાર ન થાત. એ Tension ભલે હો It is there તમે એને લીધે રોકાતા, અટકતા નથી. તમારી જવાબદારી ચૂકતા નથી.

(૨) બીજું, એક આખો દિવસ થાકયા વગર હું બેસી શકયો હોઉં, બેસી શકું, ખાધા વિના, ચા કૉફી વિના ચલાવી શકું એ હું પોતે ન માની શકું, મારા મિત્રો પણ ન માને. અને છતાં રાત્રે ૧ વાગે કે ચાર વાગે સહજ થાકનો અણસાર નહોતો. બીજે દિવસે રોજ કરતા અનેક ગણી સ્ફૂર્તિ અનુભવી. ત્રીજું એ પછી કામ પર કે ઓફિસ પર પણ રાબેતા મુજબ જ જવાનું છે.

(૩) લોકો જીવતા થયા છે. લોકો જોડે અનેક વાતો કરવાનું Share કરવાનું મન થાય છે.

(૪) પત્ની સાથેના સંબંધમાં મેં કહ્યું હતું કે એમ નહીં કે પહેલાં પ્રેમ નહોતો પરંતુ હવે મારો પ્રેમ એક ઊંડાણને પામ્યો છે. આ પ્રક્રિયા ચાલુ જ રહી છે.

(૫) તમારું શરીર કે તમારું મન તમને અવરોધ રૂપ નથી બનતું. I am that એ મારું પ્રિય પુસ્તક છે. શ્રી નિસર્ગદત્ત મહારાજની અનેક વાતો તેમાં ખાસ You are neither your body nor your mind એ ખૂબ આસાનીથી હવે સમજાતું જાય છે.

(૬) જીવનની ઘટનાઓ ભૂતકાળ માટે તેમ જ વર્તમાન માટે પોતાની જવાબદારી સ્વીકારવાની એક સહજતા આવી છે. પોતાના જીવન માટે મા-બાપ, પત્ની, મિત્રો, કોઈ જવાબદાર નથી પરંતુ આપણે જ આપણા વિશ્વના સર્જક છીએ એ સભાનતા નમ્રતા સાથે એક Relaxation પણ આપે છે.

(૭) ટેલિફોન ઉપર કે તે સિવાય પણ લોકોને આવકારવામાં ફરક અનુભવું છું. 'Helo' કહેતાની સાથે એક પ્રેમ ને આનંદ પણ વણાય છે. એ આનંદ અમુક લોકો માટે હવે મર્યાદિત નથી રહ્યો.

(૮) મને માનસશાસ્ત્રમાં હંમેશા રસ રહ્યો છે. Trainingમાં અનેક લોકોના સુખ, દુ:ખ, સંઘર્ષ આનંદ વિ. દ્વારા તેમની પાસે પહોંચવામાં એક આનંદની અનુભૂતિ થઈ છે તમે બાળક મટી જાઓછો ને પરિપકવતાને પામો છો.

(૯) બીજા જ્યારે કવિતા/ લેખનું Criticism કરે ત્યારે હવે It's OK, It's fine, I got it કહી એને પસાર થઈ જવા દેવાયા છે.

તમે બીજાને એના વિચારો – અભિપ્રાયો માટે Space આપો છો. તમારા પરિવર્તન આગળ EST અટકતું નથી. તમારા પરિવર્તન સાથે સમાજના સંદર્ભો ધરમૂળથી બદલાય જાય છે.

લોકોના મ્હોરાને ભૂલી, તેની પાર જઈ સૌ વ્યકિતમાં જે સનાતન વ્યકિત છે તે ભાળી EST અંગુલીનિર્દેશ કરે છે, દ. આપે છે અને કહે છે: જીવન માત્ર તમારાં માટે જ નહિ, સૌને માટે કામયાબ નીવડે.

ગમે તેવા સંજોગો હોય, જીવન બંધન કે ભાર રૂપ ન રહેતાં જીવન આનંદનો ઓચ્છવ બની જાય છે.

એક ટ્રેનરે કહે તે કહી પૂરું કરું. The training has ended the process has begun "તાલિમ પૂરી થઈ છે, પ્રક્રિયા શરૂ થઈ છે."

□ વિપિન પરીખ

ચિંતન

* સુખ કે દુ:ખ માટે આપણે ઈશ્વરને દોષ દેતા હોઈએ છીએ, પરંતુ સૂક્ષ્મ રીતે વિચાર કરતા સાચી વાત એ લાગે છે કે માણસ પોતે જ પોતાનો તારક છે અને વિઘાતક પણ છે – પોતાના કર્મોમાં માણસે સતત જાગૃતિ રાખવી જોઈએ. એ મોટું બંધન છે.
* ભણતર અને કેળવણી એ બે સાવ અલગ ચીજો છે. ભણતર કમાવાની કળા શીખવે છે – કેળવણી જીવવાની.
* વર્તનમાં બાળક થાઓ, સત્યમાં યુવાન થાઓ; જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

– સંકલિત

સાહિત્ય વાંચનની અસર

[૧]

પહેલી ઑગસ્ટના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં 'સાહિત્યનું વાંચન' એ શ્રી ચીમનલાલ ચકુભાઈએ લખેલો લેખ વાંચ્યો હું એ અંગે લખવા પ્રેરાયો છું. શ્રી ચીમનભાઈ લખે છે: "હેનરી મીલર નામે પ્રખ્યાત અમેરિકન લેખકનું હમણા ૮૮ વર્ષની ઉંમરે અવસાન થયું. તેમણે ૫૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. મેં તેમાંનાં કોઈ વાંચ્યા નથી, પણ તેમને વિશે વર્તમાનપત્રો અને સામયિકોમાં લખાણો આવ્યાં છે તે ઉપરથી તેમનાં પુસ્તકો અને જીવન વિશે પૂરતું જાણવા મળે છે. મારે જે કહેવું છે તે માટે પર્યાપ્ત છે."

સામાન્યત: કોઈપણ વ્યક્તિ પુસ્તક વાંચ્યા વિના તે અંગેનો અભિપ્રાય આપે તેને હું અયોગ્ય જ ગણું. એટલે ચીમનભાઈએ પુસ્તક વાંચ્યા વિના અભિપ્રાય આપવા તત્પર થયા તેનું મને આશ્ચર્ય થયું. પણ જે પુસ્તક 'ટ્રોપિક ઓફ કેન્સર'ને કેન્દ્રમાં રાખી શ્રી ચીમનભાઈએ લખ્યું છે તે પુસ્તક મેં વાંચ્યું છે. વાંચ્યા પછી મારા મનમાં જે પ્રતિભાવો જાગ્યા હતા અને મારા ચિત્તમાં સચવાયા હતા તેવો જ અભિપ્રાય શ્રી ચીમનભાઈએ વ્યકત કર્યો તેનું મને વિશેષ આશ્ચર્ય થયું- સાનંદાશ્ચર્ય થયું. શ્રી ચીમનભાઈના લેખે પંદરેક વર્ષ પહેલાંનો એક અવિસ્મરણીય પ્રસંગ બનેલો તે મારા ચિત્તમાં સજીવ થયો. એ પ્રસંગે જ હેનરી મીલરનું તે વખતે 'પ્રતિબંધ' થયેલું પુસ્તક 'ટ્રોપિક ઑફ કેન્સર' વાંચવા મને પ્રેર્યો હતો. મારી કૉલેજ (મીઠીબાઈ)માં બનેલો પ્રસંગ મારી સામે આબેહૂબ ખરો થયો.

આમારી કૉલેજમાં અંગ્રેજી વિભાગમાં સાહિત્યના અધ્યાપકો ઘણા હતા. સર્જક, સાહિત્યવિદ અને કુશળ અધ્યાપક તરીકે જેમની નામના દેશ-પરદેશ સુધી હતી તે નિરસમ એઝિકિયલ અંગ્રેજી વિભાગના પ્રમુખ હતા. પ્રા. આર. પાર્થસારથિ અને પ્રા. પ્રધાન જેવા નામાંકિત સાહિત્ય શિક્ષકો હતા. ૧૯૬૪માં એક વાર તેઓ બધા મને મળ્યા અને કહ્યું, "આપણી કૉલેજના અંગ્રેજી વિભાગ તરફથી અમે એક સામયિકનું પ્રકાશન કરવા ઈચ્છીએ છીએ. તે માટે અમે તમારી પરવનગી માગીએ છીએ. અલબત્ત, અમે માત્ર પ્રાણાલિગત સાહિત્ય-કૃતિઓ કે વિવેચન નહીં, પણ વૈચારિક દષ્ટિએ નવીન ગણાય તેવી કૃતિઓ એમાં પ્રગટ કરીને સાહિત્ય વિશેનો અદ્યતન અભિગમ સમજાવવા ઈચ્છીએ છીએ. અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓ તેમ જ અભ્યાસીઓને તેમાંથી નવો પ્રકાશ મળશે..."

હું રાજી થયો. મેં જવાબ આપ્યો, "તમે કૉલેજના અંગ્રેજી વિભાગ તરફથી આવા સામયિકનું પ્રકાશન કરો તેથી હું રાજી થાઉં છું. પણ કૉલેજ નવી શરૂ થયેલી હોવાથી આર્થિક જવાબદારી તેની નહિ પણ તમારી હોય તો જ સામયિક પ્રસિદ્ધ કરવું એવા મારા અભિપ્રાયને તમે સમજી શકશો..."

આર્થિક જવાબદારી કૉલેજની નહીં રહે એવી સ્પષ્ટતા કર્યા પછી તેમણે સામયિક શરૂ કરવાનું નક્કી કર્યું. વ્યકિતગત રીતે હું આર્થિક મદદ અલ્પાંશે કરીશ એવું પણ મેં કહ્યું. તેમણે જોરશોરથી કામ ઉપાડ્યું. થોડા મહિનાઓ પછી 'બૉમ્બે ડક' નામ રાખી સામયિક તૈયાર થઈ ગયું છે એમ મને જણાવ્યું. તેનો પ્રકાશન વિધિ મારે કરવો- કૉલેજમાં વિદ્યાર્થી અને શિક્ષકની હાજરીમાં-એવું તેમનું સૂચન મેં સ્વીકાર્યું. એ સામયિકના તંત્રી તરીકે પ્રા. પાર્થસારથિ અને પ્રા. પ્રધાન રહ્યા હતા અને પ્રા. એઝિકિયલનું માર્ગદર્શન હતું. મેં સામયિક વાંચ્યું જ નહોતું. કૉલેજમાં મેં પ્રકાશનવિધિ કર્યો. વાર્ષિક ચાર અંક અને તેનું લવાજમ બે રૂપિયા રાખ્યું હતું. મારા પ્રકાશન-વિધિના પ્રવચનમાં મેં કહ્યું: "આ સામયિક રૂઢિગ્રસ્ત નહીં પણ વૈચારિક સ્વાતંત્ર્ય આપે તેવું (નૉન કોન્ફોર્મિસ્ટ) રહેશે તેનો મને આનંદ છે. વિદ્યાનો વહેતો પ્રવાહ પ્રગતિશીલતા દાખવે છે. 'બૉમ્બે ડક'માં કેવાં લખાણો છે તે હું શું જાણું? હું જે બોલી રહ્યો હતો તેનો કયો ધ્વનિ કળાય તેની પણ મને કલ્પના ક્યાંથી હોય? આ સામયિકની પ્રત મને ભેટ મળી હતી. બીજે દિવસે મારે પૂના યુનિવર્સિટીની ગુજરાતીની અભ્યાસ-સમિતિની સભામાં જવાનું હતું એટલે રસ્તામાં વાંચીશ એમ વિચાર્યું હતું અને એ સામયિક સાથે લઈ ગયો હતો.

ડૉ. હરિવલ્લભ ભાયાણી પણ અભ્યાસ સમિતિમાં હતા. અમે પૂના જવા સાથે નીકળ્યા. ગાડીમાં આ સામયિકની મેં વાત કરી. ડૉ. ભાયાણીએ ઉત્સુકતાથી કહ્યું "મને એ સામયિક વાંચવા આપશો?" મેં 'બૉમ્બે ડક' એમને આપ્યું અને હું વર્તમાનપત્ર વાંચતો હતો. થોડીવાર પછી ડૉ. ભાયાણીએ મને પૂછ્યું. "તમે આ વાંચી ગયા છો?" ડૉ. ભાયાણીના મુખ ઉપર અને આંખમાં ભયશંકાનું આશ્ચર્ય હતું. એટલે મેં જવાબ આપ્યો "ના, એ સામયિક મેં હજી ઉઘાડ્યું જ નથી. કારે પ્રકાશનવિધિ હતો અને આજે ગાડીમાં વાંચવા લઈ આવ્યો છું. તમે માગ્યું એટલે તમને આપ્યું. તમારા મુખ અને અવાજ કેમ ચિંતિત છે?'

ડૉ. ભાયાણીએ કહ્યું, "આ સામયિકના લેખો ભયાનક છે. હેનરી મીલરના 'ટ્રોપિક ઓફ કેન્સર' ઉપર પ્રતિબંધ મૂકાયો છે તે પુસ્તકમાંથી તમારા સામયિકના લેખમાં ઉતારા છે. અશ્લીલ વિગતોવાળી એક વાર્તા છે. તમે હેરાન થઈ જશો! તમારી મને ચિંતા થાય છે. આવું સામયિક કૉલેજ પ્રકાશિત કરે? ભારે થઈ!..."

મારી આંખો ઊઘડી અને તેમાં ભય પથરાયો! હું અસ્વસ્થ અને વ્યાકુળ ચિત્ત બની ગયો. ડૉ. ભાયાણીએ 'બૉમ્બે ડક' મારા હાથમાં મૂક્યું. મેં લખાણ વાંચ્યાં અને મારા દુ:ખનો પાર ન રહ્યો! મારી વિદ્યા સંસ્થામાં ચારિત્ર્ય સંસ્કારને હું કેન્દ્રમાં રાખું છું. ત્યાં જ આવું બિભત્સ અને વિલાસી શૃંગારની ચેષ્ઠા અને લીલા વર્ણવતું લખાણ! હું મારી મનોવેદનાને શાન્ત કઈ રીતે રીતે કરી શકું? હું પ્રકાશન વિધિ પ્રસંગે બોલ્યો હતો તે યાદ આવ્યું. પ્રણાલિકાગત નહીં એવાં લખાણો અશ્લીલતાવાળાં હશે તે મેં ક્યાંથી કલ્પ્યું હોય? હું બેચેન બની ગયો. પૂનાથી પાછો ફર્યો કે તરત જ હું અમારા સંચાલક મંડળના સેક્રેટરીને મળ્યો. 'બૉમ્બે ડક'નાં લખાણો અંગે જણાવતાં મેં તેમને કહ્યું, "ઊગતાં મુગ્ધ ચિત્તવાળાં વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓના હાથમાં આ સામયિક જાય તો તેના પરિણામનો વિચાર કરતાં હું ચિત્તમાં વ્યાકુળતા અનુભવું છું. હું બધી જ પ્રતો પાછી ખેંચી લઉં છું અને બાળી નાખું છું. પચાસેક પ્રતો વિદ્યાર્થી-ઓના હાથમાં ગઈ હશે, બાકીની છે એવું મારી તપાસમાં જાણવા મળ્યું છે. મારો દષ્ટિકોણ મેં અધ્યાપકોને કહ્યો છે અને આવું સામયિક કૉલેજના નામ સાથે પ્રસિદ્ધ થયું છે જેથી હું શરમ અનુભવું છું. હું ક્ષમા માગું છું. કૉલેજના અધ્યાપકો પશ્ચિમી 'પ્રગતિશીલતા'થી દોરવાયા છે અને આવાં લખાણો કર્યાં છે. અધ્યાપકો શિક્ષક તરીકે ખૂબ કુશળતા ધરાવે છે અને તેમના વર્તનમાં કશું જ અઘટિત નથી. તમને મારે હકીકત જણાવવી જોઈએ એટલે હું આવ્યો છું..." સેક્રેટરીને મારામાં વિશ્વાસ હતો અને કૉલેજના કામથી સંતોષ હતો. મને નિશ્ચિત રહેવાનું આશ્વાસન આપ્યું.

મેં લગભગ બધી નકલો ભેગી કરીને તેનો અગ્નિ સંસ્કાર કર્યો. છતાં બેચાર નકલો બહાર રહી ગઈ હતી. ત્યાં તો ચારેક દિવસ પછી આચાર્ય અત્રેના 'મરાઠા' વર્તમાનપત્રમાં દુનિયાનો જાણે મહાન બનાવ બન્યો હોય તેવા મોટા અક્ષરથી મુખ્ય શિર્ષક (બેનર હેડ લાઈન) તરીકે લખ્યું હતું: "પાર્લે મીઠીબાઈ કૉલેજાંત વ્યભિચારાંચા ઊધઢ પુરસ્કાર!" નીચે ઉપશિર્ષકમાં લખ્યું હતું:

"બોંબીલ' (બૉમ્બે ડકનું મરાઠી) માસિકના સંપાદક પ્રા. પ્રધાન અને પ્રા. પાર્થસારથિને નાગા કરી ચૌટામાં ફટકા મારવા જોઈએ!" (મરાઠીનું ગુજરાતી મેં કર્યું છે– 'મરાઠા', તા. ૬ઠ્ઠી ફેબ્રુ. ૧૯૬૫.)

પછી એ વિશે લખ્યું: "મુંબઈના ઉપનગર વિલેપાર્લે (પશ્ચિમ)માં મીઠીબાઈ કોલેજ ઑફ આર્ટસ અને ચૌહાણ ઈન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ નામની એક કૉલેજ છે. આ કૉલેજના અંગ્રેજી વિભાગ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'બૉમ્બે ડક' (અર્થાત્ 'બોંબીલ') સામયિકનો પહેલો જ અંક પ્રસિદ્ધ થયો છે. આ અંકનાં લેખકે તેના મજકૂર ઉપર માત્ર નજર નાખીએ તો તેમાં સંભોગ અને અભિરુચિનું, ગલીચ, અશ્લીલ અને બિભત્સ લખાણ અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધિ થયેલું જોઈને કોઈ પણ માણસની સદ્‌ભિરુચિને આઘાત લાગશે. એટલે આવા વેશ્યાવૃત્તિનો, વ્યભિચાર અને સંભોગનો પુરસ્કાર કરનારું સામયિક પ્રસિદ્ધ કરવા માટે મીઠીબાઈ કૉલેજના પ્રિન્સિપાલ, અંગ્રેજીના પ્રાધ્યાપક પાર્થસારથિ અને પ્રધાન અને તે માસિકના લેખક અને સંચાલક ઉપર ઈન્ડિયન પીનલ કોડની ૨૯૨

ક્રમ પ્રમાણે કેસ કરવાનું આચાર્ય અત્રેએ ઠરાવ્યું છે. આવતા સોમવારે આચાર્ય અત્રે તેમના સોલિસીટર સામંત ઍન્ડ કંપની અને વકીલ વસંતરાવ મેંગદેની સલાહ પ્રમાણે તેમ કરશે."

હું તો વાંચીને સડક થઈ થયો! જાહેરમાં કૉલેજની નાલેશી થઈ એ તો ઠીક, પણ કોર્ટનો મામલો ઊભો થાય તો જે સ્થિતિ ઊભી થાય તેનો વિચાર કરતાં મારું ચિત્ત અત્યંત ક્ષુબ્ધ બન્યું. શું કરવું તે મને સૂઝતું નહોતું. કૉલેજનો હું આચાર્ય હતો, એટલે કેઈસ મારા ઉપર થાય તે દેખીતું હતું. વિદ્યાર્થીઓમાં, સમાજમાં, યુનિવર્સિટીમાં, સરકારી કેળવણી ખાતામાં આના તીવ્ર પ્રત્યાઘાત પડે તે દીવા જેવી ચોખ્ખી વાત હતી. આ ઉપરાંત સંચાલક મંડળ પણ મારી સામે પગલાં ભરી શકે. હું ક્ષણભર વિચારમૂઢ બની ગયો. આંખે અંધારાં આવ્યાં. શું કરવું એ સૂઝતું નહોતું. 'મરાઠા'માં આવ્યું એટલે અંગ્રેજી, ગુજરાતી આદિ વર્તમાનપત્રોમાં પણ આ સમાચાર આવવાના. કૉલેજની બદનામી જાહેરમાં પ્રસરી તેનો વિચાર મને અસહ્ય રીતે અકળાવતો હતો. કૉલેજમાં સંસ્કાર અને ચારિત્ર્ય-મૂલક કેળવણી આપવાની વાત કરનાર હું હતો, અને મારી જ કૉલેજમાં આવું સામયિક પ્રસિદ્ધ થયું! મેં તેનું ઉદઘાટન કર્યું! મારી અંતર્વ્યથા કોને કહું?

(વિશેષ આવતે અંકે)

— અમૃતલાલ યાજ્ઞિક

રાજાજીની ભવિષ્યવાણી

રાજાજી ૨૧ મી ડિસેમ્બર ૧૯૨૧ થી ૨૦ માર્ચ ૧૯૨૨ સુધી વેલોર જેલમાં હતા ત્યારની એમની ડાયરીમાં ઘણી મહામુલી વાતો વાંચવા મળે છે. જે લોકો એમ માને છે કે શોખ ખાતર વાંચવું એ સમયનો દુર્વ્યય છે એમાં રાજાજીને ગણી શકાય અને જો વાંચવા વિષે એમનો આવો મત હોય તો લખવામાં તો એ કેવા સાવધાન રહેતા હશે.

આજે પચાસ વરસ પછી પણ એમની જેલ ડાયરી વાંચવામાં રસ પડે એવી છે.

પહેલે પાને જ એમનાં રંગીન ભૂરાં ચશ્માં વિષે એમણે ચોખવટ કરી છે. મારી દૃષ્ટિ ઓટલી બધી ટૂંકી હતી કે ૫-૬ ફૂટને અંતરે ઊભેલા મિત્રને પણ હું ઓળખી શકું નહીં– મારાં ચશ્માં વિના. અને મારી દૃષ્ટિ સુધારવાના ખાસ કાચનું ઓટલું જબ્બર પરાવર્તન થતું કે મારાં ચશ્માંને રંગીન ભૂરા રંગનાં કરવાં પડ્યાં.

૨૪ જાન્યુઆરી ૧૯૨૨ની નોંધમાંની રાજાજીની ભવિષ્ય-વાણી વાચકની નજરે ખાસ ચડે છે.

એ લખે છે, "ચૂંટણીઓ, તે અંગેની કૃશ્વત, પૈસા વડે કરાતો અન્યાય અને બળજબરી અને સરકારી તંત્રની ક્ષમતાની ખામી એ બધાંને પરિણામે સ્વાતંત્ર્ય મળશે કે તરત જ જીવન નરક જેવું થઈ પડશે. સમાજ કાંઈક અફસોસ સાથે ભૂતકાળનું રાજ્ય જેમાં પ્રમાણમાં ન્યાય હતો સરકારી તંત્ર કાર્યક્ષમ, શાંતિમય અને ઓછું વધતું પ્રામાણિક હતું તે યાદ કરશે.

મળશે ફકત એટલું જ કે આપણે અપમાન અને તાબેદારી-માંથી ઉગરીશું.

આશાનું કિરણ સામુદાયિક કેળવણીમાં છે – જેમાં સદાચાર, પાપ ભીરૂતા અને પ્રેમ એ ગુણો નાગરિકોમાં બચપણથી જ ખીલ-વાય. આપણે આટલું કરી શકીએ તો જ સ્વરાજનો અર્થ સુખ થશે નહીં તો એનો અર્થ ઘોર અન્યાય અને પૈસાદારનું રાજ્ય એવો થઈ જશે. જો દરેક માણસ ન્યાયી, પાપભીરૂ હોય અને સમાજની બીજી વ્યકિતઓને પ્રેમ કરતાં શીખે તો હવે આ દુનિયા કેવી સુંદર થઈ જાય! આ આદર્શની છેવટની સફળતાની વ્યવહારુ આશા બીજા કોઈ દેશ કરતાં ભારતમાં વધુ છે.

ભારત અને ભારતની પ્રજાના ભાવિ સંરક્ષણ માટે એ જરૂરી છે કે ભવિષ્યની પ્રજાના વર્તનના પાયામાં સદ્‌વ્યવહાર, પાપભીરૂતા અને પ્રેમ પ્રગટે. આ માટે જ રાજાજીએ પોતાનાં રામાયણ, મહા-ભારતના સંક્ષેપો અને બીજાં પુસ્તકો લખ્યાં.

* * *

વિદ્વાન અને બુદ્ધિમાન લોકોએ શરીર શ્રમ કરવા વિષે ઘણા વખતથી ચર્ચાઓ ચાલી રહી છે.

જ્યારે જેલમાં એમને કાંતવાનું થતું ત્યારે રાજાજીએ પોતે આ પ્રશ્ન વિચાર્યો અને પોતાની આગવી વિચારધારાની સ્પષ્ટતાથી પોતે જ જવાબ આપ્યો.

હું જ્યારે કાંતું છું ત્યારે મને વિચાર આવે છે કે ઘણાય મિત્રો જો મને કાંતતો જુએ તો નવાઈ પામે કે હું આ કામ જે નાનાં છોકરાંઓ કે અભણ માણસો પણ કરી શકે તેમાં મારો વખત શા માટે બગાડું છું. આ કામ કાંઈ બુદ્ધિમાન અને વિદ્વાન પુરુષોનું નથી.

ઘણાંય પુસ્તકો મેં વાંચ્યાં નથી જો હું એ બધાં વાંચું તો કોઈ એમ નહીં કહે કે હું મારા વખતનો દુરુપયોગ કરું છું પણ આ વિષે ગંભીરતાપૂર્વક વિચાર કર્યા પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે મારી આ ઉમરે – જ્યારે હું જાણું છું કે વધુ વાચનથી તમે મૃત્યુ વખતે વિદ્વાન હશો પણ જનસમાજને ઉપયોગી થઈ શકો એવું કાંઈ કરવાની શકિત મળશે નહીં. તમારી વર્તણુકમાં સમાજને ઉપયોગી એવો સુધારો નહીં કરી શકો ત્યારે પુસ્તકો વાંચ્યા કરવા એ આત્મવંચના છે. આવે વખતે તમે જો તમારો સમય કાંઈક ઉત્પાદન કરવામાં અથવા સમાજને ઉપયોગી કોઈ કામમાં ગાળો તો વધુ સારું. આ સંજોગોમાં એક વાર કાપડ ઉત્પન્ન કરવું અથવા એક મૂઠી અનાજ ઉગાડવું વધારે યોગ્ય અને હિતકારી છે. ભલે એમાં અક્ષર જ્ઞાનનો ઉપયોગ ન હોય. એ જ્ઞાન તો વંધ્ય છે અને તમે જ્યારે જીવનને આરે પહોંચશો ત્યારે તમારા દેહ સાથે નાશ પામવાનું છે.

જેઓ વાંચી કે વિચારીને કાંઈક નવું ઉત્પન્ન કરી શકે છે તેમની વાત જુદી છે પણ મારે હમેશાં વાંચ્યા જ કરવું શા માટે? ભણેલા આવું કરવા ટેવાયેલા છે. એટલા જ ખાતર? હું તેટલામાં થોડુંક કાંતું અને મારા દેશના ઉત્પાદનમાં થોડોક ઉમેરો કરું તો શું ખોટું છે.

(ભવન્સ જર્નલના ઓગસ્ટ
અંકમાના લેખ ઉપરથી)

— શાન્તિલાલ હ. શાહ

સંઘના પેટ્રન સભ્યોને

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘના પેટ્રન સભ્ય થઈ જે ભાઈબહેનોએ અમોને પ્રેમળ સહકાર આપ્યો, તે માટે અમો તેમના ઋણી છીએ.

કોઈ કોઈ કિસ્સામાં એવું બન્યું છે કે કોઈની મારફતે પૈસા મોકલ્યા હોય અને નામ સરનામું પૂરું ન લખાયું હોય – તે કારણે અથવા તો અધુરું સરનામું લખાયું હોય તે કારણે જે પેટ્રન સભ્યોને "પ્રબુદ્ધ જીવન" ન મળતું હોય તેઓ ફોન નંબર ૩૫૦૨૯૬ દ્વારા કાર્યાલયનો સંપર્ક સાધે અથવા તો પત્રદ્વારા તેમનું નામ-સરનામું તરત જ જણાવે એવી વિનંતિ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ નવેમ્બર, ૧૯૮૦, શનિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ગાંધીજી અને ગીતા

ગાંધીજી વિષે કેટલીક હકીકતો નિર્વિવાદપણે કહી શકાય તેમ છે.

(૧) ગાંધીજી ધાર્મિક પુરુષ હતા. ધર્મ તેમનાં જીવનનો પ્રાણ હતો. આત્મકથાની પ્રસ્તાવનામાં ગાંધીજીએ કહ્યું છે કે મારી સઘળી પ્રવૃત્તિ મોક્ષ અર્થે જ છે.

(૨) ગાંધીજીને મન ધર્મ એટલે સત્ય અને અહિંસાનું આચરણ. સત્યાન્નાસ્તિ પરો ધર્મ: ગાંધીજીએ કહ્યું છે, સત્ય એ જ ઈશ્વર છે. આત્મદર્શન અથવા ઈશ્વરદર્શન એટલે સત્યનું દર્શન. પણ સત્ય સાથે ગાંધીજીએ અહિંસાને જોડી, મહાવીરના અહિંસા પરમો ધર્મને પૂર્ણપણે સ્વીકાર્યો. ગાંધીજીએ કહ્યું, સત્ય અને અહિંસા એક ચકરડીની બે બાજુ છે. સત્ય વિના અહિંસાનું આચરણ શક્ય નથી, અહિંસા વિના સત્યનું આચરણ શક્ય નથી. બધા ધર્મોએ સત્ય સ્વીકાર્યું છે પણ એટલે જ દરજ્જે અહિંસા સ્વીકારી નથી, હિન્દુ ધર્મે પણ નહિ. ગાંધીજીએ બન્નેને સમાન સ્થાન આપ્યું.

(૩) ગાંધીજીએ ધર્મ અને વ્યવહારમાં ભેદ કર્યો નથી. તેમણે કહ્યું છે, જે ધર્મ વ્યવહારમાં લાવી ન શકાય તે ધર્મ નથી. ધર્મને સ્થાને ધર્મ અને વ્યવહારને સ્થાને વ્યવહાર એવો ભેદ ગાંધીજીને માન્ય નથી. તેથી સત્ય અને અહિંસાનું આચરણ જીવનના બધા વ્યવહારમાં વ્યાપેલું હોવું જોઈએ અને ગાંધીજીએ કહ્યું છે, તે શક્ય છે અને તે જ સાચો વ્યવહાર છે, બીજો વ્યવહાર બધો વર્જ્ય છે, સાચો સુખ અને શાન્તિનો આ જ માર્ગ છે.

(૪) સત્ય અને અહિંસા આધારિત બધો વ્યવહાર થાય તે માટે સમાજનું આમુલ પરિવર્તન થવું જોઈએ. સમાજજીવનમાં અસત્ય અને હિંસા ભર્યા હશે તો વ્યક્તિ માટે સમાજમાં રહી, સત્ય અને અહિંસાનું આચરણ વિકટ બને.

It is difficult for a man to lead a moral life, living in the Society, if the Society as a whole is immoral.

તેથી ગાંધીજીને અહિંસક સમાજની રચના કરવી હતી. ગાંધીજી મોટા ક્રાન્તિકાર હતા. ખાદી ગ્રામોદ્યોગ, વિકેન્દ્રિત અર્થરચના, વિકેન્દ્રિત રાજ્યસત્તા, ગ્રામ સ્વરાજ વગેરે અહિંસક સમાજના અવિભાજ્ય અંગ છે. આવા જ હેતુથી પ્લેટોએ આદર્શ સમાજની રચના કલ્પી છે.

(૫) શ્રમણ સંસ્કૃતિ, જેણે અહિંસાને પરમ ધર્મ તરીકે સ્વીકાર્યો, તેણે એમ માન્યું છે કે સંસારમાં રહી અહિંસાનું આચરણ શક્ય નથી. તેણે મુખ્યત્વે સંસારત્યાગનો નિવૃત્તિમાર્ગ સ્વીકાર્યો છે. ગાંધીજીને સંન્યાસ માન્ય નથી. ગાંધીજી કર્મયોગી છે.

(૬) શ્રમણ સંસ્કૃતિએ અન્યાયનો પ્રતિકાર કરવાનું માન્યું નથી પણ ઉપસર્ગો અને પરિસહો સહન કરવાનું સ્વીકાર્યું છે. વ્યક્તિગત જીવનમાં આ શક્ય છે. સામૂહિક જીવનમાં શક્ય નથી. ગાંધીજીએ અન્યાયનો પ્રતિકાર કરવાનું સ્વીકાર્યું છે, પણ તે અહિંસક માર્ગે અને તે માર્ગ એટલે સત્યાગ્રહ એટલે અસહકાર.

(૭) ક્રાઈસ્ટે કહ્યું, Resist not evil. એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરજે. દુનિયાદારી વ્યવહારમાં આપણે અન્યાય સહન કરી શકતા નથી. તેનો પ્રતિકાર કરીએ છીએ પણ તેનો સામનો અન્યાય થીજ કરીએ છીએ. હિંસાનો પ્રતિકાર હિંસાથી, ક્રોધનો ક્રોધથી, વેરનો વેરથી – એટલે દુનિયાદારી વ્યવહારમાં We resist evil. ગાંધીએ કહ્યું, Resist evil but by good. બુદ્ધ અને મહાવીરે કહ્યું હતું, વેરને અવેરથી, ક્રોધને અક્રોધથી, હિંસાને અહિંસાથી જીતો. આ જ સનાતન ધર્મ છે. પણ વ્યક્તિગત જીવન પૂરતો આ ઉપદેશ મર્યાદિત હતો. ગાંધીજીએ કહ્યું, સામાજિક જીવન માટે પણ આ જ માર્ગ છે અને તે શક્ય છે. દુનિયાના ઈતિહાસમાં આ નવો માર્ગ છે. ટૂંકમાં સામૂહિક ક્ષેત્રે જીવનવ્યવહારમાં સાધનશુદ્ધિનો આગ્રહ નવો ધર્મ છે. બેવડી નીતિ - વ્યક્તિ જીવનની એક અને સામાજિક જીવનની બીજી-ગાંધીજીને માન્ય નથી.

(૮) ગાંધીજીએ ગીતાને આધ્યાત્મિક નિદાન ગ્રન્થ કહ્યો છે. તેમણે કહ્યું છે, "જ્યારે આધ્યાત્મિક મુંઝવણ થાય ત્યારે ગીતાજીનું શરણ લીધું છે અને કોઈ વખત નિરાશ થયો નથી. ગીતા હું જેમ સમજ્યો છું તેવી રીતે તેનું આચરણ કરવાનો મારો અને મારા સાથીઓનો સતત પ્રયત્ન છે."

પણ ગીતામાં અહિંસાનો ઉપદેશ ક્યાં છે? સ્વામી આનંદે ગાંધીજીને કહ્યું કે છૂટાછવાયા શ્લોકમાંથી અહિંસાદિ ઘટાવો તે બરાબર લાગતું નથી. પરિણામે ગાંધીજીએ પોતાની રીતે ગીતાનો સળંગ અનુવાદ કર્યો અને તેને અનાસક્તિયોગ કહ્યો. પણ અનુવાદમાં તો જે મૂળમાં હોય તેને જ વળગી રહેવું પડે. તેમાં પોતાના મનમાન્યા અર્થ ન થાય. એટલે ગીતાનો પોતે સમગ્રપણે શું અર્થ કરે છે તે અનાસક્તિ યોગની પ્રસ્તાવનામાં સમજાવ્યું. પ્રસ્તાવના બહુ લાંબી નથી, બાર પાના છે. પણ એટલી અર્થગંભીર છે કે તેના ઉપર ભાષ્યો લખી શકાય. ગીતા ઉપર ઘણાં ભાષ્યો લખાયા છે પણ ગીતાનો આવો અર્થ હજુ સુધી કોઈએ કર્યો નથી. વર્તમાનમાં ગીતા ઉપર ઘણાં પ્રવચનો થાય છે. પણ ગાંધીજીએ ગીતાનો જે અર્થ કર્યો છે તેના ઉપર કોઈએ પ્રવચન કર્યું હોય એવું મારી જાણમાં નથી.

ગીતામાં જ્ઞાનયોગ છે, ધ્યાનયોગ છે, ભક્તિયોગ છે, કર્મ યોગ છે, સંન્યાસમાર્ગ છે, સાંખ્યદર્શન છે, વિશ્વદર્શન છે, સ્થિતપ્રજ્ઞના લક્ષણો છે, ભક્તના લક્ષણો છે, ઈશ્વરસમર્પણ છે, અને બીજું ઘણું છે. જેને જે રુચે તે તેમાંથી શોધે છે અને લે છે. પણ એક હકીકત છે કે અર્જુનને વિષાદ થયો, યુદ્ધ કરવાની ના પાડી, ત્યારે શ્રીકૃષ્ણે તેને ઉપદેશ આપી યુદ્ધમાં પ્રવૃત્ત કર્યો. આમાં અહિંસા ક્યાં આવે?

તો હવે ગાંધીજીએ શું અર્થ કર્યો છે તે જોઈએ. જિજ્ઞાસુએ અનાસક્તિ યોગ અને તેની પ્રસ્તાવના વાંચવી, મનન કરવી. ગાંધીજીએ એટલે સુધી ઇચ્છા વ્યક્ત કરી હતી કે અનાસક્તિ યોગ એક સ્વતંત્ર ગ્રન્થ તરીકે લેખાય અને વંચાય, જેમ મૂળ બાઈબલ હિબ્રુમાં છે પણ તેનો અધિકૃત અંગ્રેજી અનુવાદ સ્વતંત્ર રીતે સ્વીકારાયો છે. ગાંધીજીએ કહ્યું છે, આ અનુવાદ પાછળ ૩૮ વર્ષના (૧૯૨૯ માં લખાયેલ – પછી તો બીજા ૧૯ વર્ષ ગયા) આચારના પ્રયત્નનો દાવો છે. આ કારણે હું એમ ઇચ્છું ખરો કે પ્રત્યેક ગુજરાતી ભાઈ - બહેન, જેમને ધર્મને આચરણમાં

મૂકવાની ઈચ્છા છે તેઓ, આ વાંચે, વિચારે અને તેમાંથી શક્તિ મેળવે."

પ્રથમનો ગાંધીજીએ કહ્યું છે. ગીતા ઐતિહાસિક ગ્રન્થ નથી પણ તેમાં ભૌતિક યુદ્ધનાં વર્ણનને નિમિત્તે પ્રત્યેક મનુષ્યના હૃદયની અંદર નિરંતર ચાલતા દ્વન્દ્વ યુદ્ધનું જ વર્ણન છે. ગીતાના શ્રીકૃષ્ણ મૂર્તિમંત શુદ્ધ સંપૂર્ણ જ્ઞાન છે પણ કાલ્પનિક જ છે. મનુષ્યને ઈશ્વર રૂપ થયા વિના સુખ વળતું નથી, શાંતિ થતી નથી. આત્માર્થીને આત્મદર્શન કરવાનો એક અદ્વિતીય ઉપાય બતાવવાનો ગીતાનો આશય છે. આ અદ્વિતીય ઉપાય છે – કર્મફળત્યાગ. દેહ છે ત્યાં સુધી કર્મ છે, અને કર્મ માત્રમાં કાંઈક દોષ છે. ત્યારે કર્મબંધનમાંથી કેમ છૂટાય? જવાબ છે, નિષ્કામ કર્મથી, કર્મફળત્યાગ કરીને. આ કર્મફળત્યાગ થાય કેવી રીતે? કેવળ બુદ્ધિનો પ્રયોગ નથી. હૃદયમંથન, ત્યાગ, જ્ઞાન અને ભક્તિ. ભક્તિ વિનાનું જ્ઞાન વિફરે. જ્ઞાન વિનાની ભક્તિ વેવલાપણું છે. આ જ્ઞાન અને ભક્તિ આસક્તી સ્ત્રી-પુરુષને વિષે સંભવે નહિ. અહીં, સાધન અને સાધ્ય સાવ એક જ નહિ તો લગભગ એક જ વસ્તુ છે. સાધનની પરાકાષ્ઠા તે જ મોક્ષ. પણ જ્ઞાન અને ભક્તિએ કર્મફલત્યાગની કસોટીએ ચડવાનું રહ્યું. કર્મ વિના કોઈ સિદ્ધિ પામ્યા નથી. એક તરફથી કર્મમાત્ર બંધનરૂપ છે તો બીજી તરફથી દેહી ઈચ્છા અનિચ્છાએ પણ કર્મ કર્યા કરે છે. તેના ઉકેલ રૂપે ગીતા કહે છે, ફલાસક્તિ છોડીને કર્મ કરો.

ફલાસક્તિ છોડવી એટલે શું?

તેનો અર્થ પરિણામ વિષે બેદરકારી એવો નથી. તેમ ફલત્યાગ એટલે ત્યાગીને ફળ મળતું નથી એવો પણ અર્થ નથી. ફલત્યાગ એટલે ફળને વિષે આસક્તિનો અભાવ. પરિણામનું ચિન્તવન કરનારની સ્થિતિ વિષયાન્ધતા જેવી થઈ જાય છે અને છેવટે તે વિષયીની જેમ, સારાસારનો, નીતિ-અનીતિનો વિવેક છોડી દે છે અને ફળ મેળવવા સારુ ગમે તે સાધનનો ઉપયોગ કરે છે અને તેને ધર્મ માને છે.

ગાંધીજીએ ગીતાનો જે અર્થ કર્યો છે તેનું આ હાર્દ છે. ફલત્યાગ એટલે ફલાસક્તિનો ત્યાગ; આસક્તિનો ત્યાગ એટલે ગમે તે ભોગે અને ગમે તે સાધનથી ફળ- પરિણામ- લાવવાની લાલસાનો ત્યાગ. એટલે સાધનશુદ્ધિનો આગ્રહ. શુદ્ધ સાધન વિના શુદ્ધ પરિણામ શક્ય નથી. શુદ્ધ સાધનથી કર્મ કરીએ ત્યારે તાત્કાલિક ધાર્યું પરિણામ ન આવે તો પણ સારું પરિણામ આવશે જ એવી શ્રદ્ધા એનું નામ ઈશ્વર ઉપરની શ્રદ્ધા. અંતે સત્યનો જય છે શ્રદ્ધા.

ગાંધીજીએ કહ્યું છે, ગીતાજીના શિક્ષણને અમલમાં મૂકનારને સહેજે સત્ય અને અહિંસાનું પાલન કરવું પડે છે. ફલાસક્તિ વિના મનુષ્યને નથી અસત્ય બોલવાની લાલચ થતી, નથી હિંસા કરવાની. ગમે તે હિંસાનું કે અસત્યનું કર્મ આપણે લઈએ તો એમ જણાશે કે તેની પાછળ પરિણામની ઈચ્છા રહેલી જ છે."

સ્થિતપ્રજ્ઞને ઐહિક યુદ્ધની સાથે સંબંધ ન હોય એવું તેન લક્ષણમાં જ છે, એમ મને તો ભાસ્યું છે. સામાન્ય કૌટુંબિક ઝઘડાની યોગ્યતા–અયોગ્યતાનો નિર્ણય કરવાને સારૂ ગીતા જેવું પુસ્તક ન સંભવે."

ભક્તના લક્ષણો – જે સ્થિતપ્રજ્ઞના લક્ષણો જેવા જ છે – પણ બતાવે છે કે સાચા ભક્તમાં હિંસા કે અસત્ય સંભવે નહિ. તે કરુણાનો ભંડાર છે, શત્રુ–મિત્ર પ્રત્યે સમભાવી છે, કોઈનો દ્વેષ કરતો નથી.

ગાંધીજી જાણે છે કે ગીતાનો આવો અર્થ કરવામાં તેઓ ગીતાના અર્થને વિસ્તારે છે. તેથી તેમણે કહ્યું છે કે અહિંસાનું પ્રતિપાદન ગીતાનો વિષય નથી. કેમકે ગીતાકાળની પૂર્વે પણ અહિંસા પરમ ધર્મરૂપે મનાતી હતી. ગીતાને અનાસક્તિનો સિદ્ધાંત બતાવવો હતો. ગાંધીજી પોતે જ સવાલ કરે છે:

જો ગીતાને અહિંસા માન્ય હતી અથવા અનાસક્તિમાં અહિંસા સહેજે આવી જાય છે તો ગીતામાં ભૌતિક યુદ્ધને ઉદાહરણ રૂપે પણ કેમ લીધું?

ગાંધીજી જવાબ આપે છે:

(૧) ગીતાયુગમાં અહિંસા ધર્મ મનાતા છતાં ભૌતિક યુદ્ધ સર્વસામાન્ય વસ્તુ હોઈ ગીતાકારને એવા યુદ્ધનું ઉદાહરણ લેતાં સંકોચ ન થયો, ન થાય.

(૨) ફલત્યાગના મહત્ત્વનું માપ કાઢતાં ગીતાકારના મનમાં શા વિચાર હતા, તેણે અહિંસાની મર્યાદા કયાં બાંધી હતી તે આપણે વિચારવાપણું નથી રહેતું. કવિ મહત્ત્વના સિદ્ધાન્તો જગતની આગળ મૂકે, તેથી તે હંમેશા પોતે આપેલા સિદ્ધાન્તોનું મહત્ત્વ સંપૂર્ણપણે ઓળખે જ છે અથવા ઓળખ્યા પછી, બધું ભાષામાં મૂકી શકે છે, એમ નથી હોતું, એમાં કાવ્યનો અને કવિનો મહિમા છે. કવિના અર્થનો અંત જ નથી. જેમ મનુષ્યનો તેમ જ મહાવાક્યના અર્થનો વિકાસ થયા જ કરે છે.

(૩) ભૌતિક યુદ્ધ સંપૂર્ણ કર્મફલ ત્યાગથી થઈ શકે એવું ગીતાકારની ભાષાના ચોકઠામાંથી ભલે નીકળતું હોય, પણ ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યંત સતત પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફલ ત્યાગ મનુષ્યને વિષે અસંભવિત છે.

(૪) ગીતામાં જ્ઞાનનો મહિમા જળવાયો છે. છતાં ગીતા બુદ્ધિગમ્ય નથી, એ હૃદયગમ્ય છે. તેથી તે અશ્રદ્ધાળુને સારું નથી.

ગાંધીજીએ ગીતામાં અહિંસા દર્શન કર્યું અને એવો અર્થ કરવા માટે તેમણે આપેલા ઉપર જણાવેલ સંક્ષેપ કારણો ઘણાં મહત્ત્વના મુદ્દાઓ અને જીવન વિષે પાયાના પ્રશ્નો ઉભા કરે છે. તે વિષે હવે પછી લખીશ.

તા. ૧૯-૧૦-૮૦ – ચીમનલાલ ચકુભાઇ

'ધર્મ–બોધકથાઓ' અને 'મારી લેખનયાત્રા'

ડૉ. અમૃત ગોપાણી અર્ધમાગધીના પ્રસિદ્ધ વિદ્વાન છે. એમણે પોતાનું સમગ્ર જીવન એક નિષ્ઠ વિદ્યોપાસનમાં–અધ્યયન અધ્યાપનમાં અને વાચન મનનમાં ગાળ્યું છે. પંડિત સુખલાલજી અને મુનિશ્રી જિનવિજયજીના જેવા વિદ્વન્મણિઓનું સાન્નિધ્ય સેવવાનું અને મુનિશ્રી જિનવિજયજીના સહયોગમાં ઑટોસ્ટાઈન કૃત જિનિસ્ટ સ્ટડીઝનું સંપાદન કરવાનું સૌભાગ્ય એમને સાંપડ્યું છે. એમણે ગુજરાતી અને અંગ્રેજી, બન્ને ભાષાઓમાં કાર્ય કર્યું છે. એમણે તૈયાર કરેલાં સંશોધન ગ્રંથો, સંપાદનો, અનુવાદો અને મૌલિક ગ્રંથોમાંથી પચ્ચીસ તો પ્રકટ થઈ ગયાં છે અને બે ગ્રંથો અત્યારે તૈયાર થઈ રહ્યા છે.

ડૉ. ગોપાણીએ મુખ્યત્વે જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં અને તે પણ સંશોધન સંપાદનના ક્ષેત્રમાં કાર્ય કર્યું છે. સંશોધન-સંપાદનના વિશિષ્ઠ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે લેખકમાં સજ્જતા પણ જોઈએ અને પરિશ્રમ લેવાની તાકાત પણ જોઈએ પણ, આ ઉપરાંત ઉપલબ્ધ હકીકતોમાંની એકેએકની શ્રદ્ધેયતાનો નિર્ણય કરી, શ્રદ્ધેય હકીકતોનું તારતમ્ય વિતરાગ બુદ્ધિથી નિર્મમભાવે તપાસી, માત્ર એ હકીકતોને જ આધારે સત્યનું અનુમાન કરવાની ને તેને પ્રમાણપુરઃસર અને પ્રતીતિકર રીતે સ્થાપવાની શક્તિ પણ જોઈએ. આ શક્તિ આ ક્ષેત્રમાં કામ કરનારા બધા લેખકોમાં હોય જ એવું નથી અને હોય ત્યાં પણ સૌમાં એક સરખી હોય એવું પણ નથી. કૃતિમાં જેટલા પ્રમાણમાં લેખકની સજ્જતા અને સાવધાન પરિશ્રમનું તેમ જ સત્યૈક નિષ્ઠા અને સત્ય શોધનની આવડતનું દર્શન થાય તેટલા પ્રમાણમાં તેને એ ક્ષેત્રની સદસદ્ વ્યક્તિ અને પ્રમાણભૂત વિદ્વાનોનો પરિતોષ પ્રાપ્ત થાય અને, અન્તતોગત્વા, માત્ર સંપાદન સંશોધનના જ ક્ષેત્રમાં નહિ પણ સર્જન અને વિવેચનની પણ સમગ્ર પ્રવૃત્તિમાં પૃથક્‌જનોનો નહિ પણ વિદ્વાનોનો પરિતોષ એ જ મોટી વસ્તુ છે ને નિર્ણાયક પણ, લાંબે ગાળે, એ જ બનતો હોય છે.

ડૉ. ગોપાણીનું વિદ્યા કાર્ય આજ સુધી ઉત્સાહપૂર્વક ચાલુ રહ્યું છે તે જોઈ મને લાગે છે કે પોતાનું કાર્ય અભીપ્સિત રીતે પૂરું થાય તેનો જે સંતોષ મનુષ્યમાત્રને થાય તે તો તેમને થતો જ હશે. પણ વધારામાં એમના વિશિષ્ટ ક્ષેત્રના ઉત્તમાધિકારી વિદ્વાનોની પ્રીતિ પ્રાપ્ત થતાં એમને કૃતકૃત્યનો અનુભવ પણ થતો હશે.

ડૉ. ગોપાણીએ એમના વિશિષ્ટસ્વાધ્યાય ક્ષેત્રમાં વિદ્વદ્‌ભોગ્ય

સ્તરે જે સંશોધન સંપાદન અને અનુવાદનું કાર્ય કર્યું છે તે ઓછું મૂલ્યવાન નથી. પણ તેઓ એટલેથી અટકયા નથી. તેમણે ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજવિદ્યા આદિ બીજા વિષયોમાં પણ રસ લીધો છે ને એ વિષયોના પોતાના વાચનમનનને બહુજન સમાજ સુધી પહોંચાડવાને પણ તેઓ વર્ષોથી કાર્યરત રહ્યા છે. જેને વિશિષ્ટ અર્થમાં સાહિત્ય કહી શકાય તેવાં કાવ્ય નાટકાદિ કે વાર્તા નવલકથાદિ સાથે કે સાહિત્યના સર્જન ભાવન આદિના અત્રત્ય કે પાશ્ચાત્ય સિદ્ધાન્તો સાથે એમનો પરિચય, અલબત્ત, સજીવ કે ઘનિષ્ઠ ન ગણાય. પણ જેને વિશિષ્ટ અર્થમાં સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે તેના પરિઘની બહાર પણ એક વિશાળ વાંડ્મયક્ષેત્ર વિસ્તર્યું છે, જેમાં શું ગુજરાતમાં કે ભારતમાં કે શું વિદેશોમાં કાર્ય થતું આવ્યું છે ને તેમાંનું સત્ત્વશીલ હોય તે કાર્ય માનવ સંસ્કૃતિ, માનવ વિચાર અને માનવના જીવન પ્રત્યેના અભિગમને પણ, ક્યારેક નવો વળાંક આપી દેતું હોય છે.

લોકભોગ્ય કક્ષાએ ડૉ. ગોપાણીએ જે કાર્ય કર્યું છે તેમાંનું ઘણું ખરું કાર્ય, મને લાગે છે તે પ્રમાણે, એ વિશાળ ક્ષેત્રના કેટલાક ભાગમાં થયેલું છે. આજે જે બે ગ્રંથોનું વિમોચન કે અનાવરણ થયું છે તે ગ્રંથો ડૉ. ગોપાણીના લોકસંગ્રહની વૃત્તિથી થયેલા લેખન-કાર્યના પ્રતિનિધિ છે. એ બે ગ્રંથો છે 'ધર્મબોધ કથાઓ' અને લેખનયાત્રા."

આમાંની 'ધર્મબોધ કથાઓ'માં છપ્પન નાની નાની વાર્તાઓ કહેવામાં આવી છે. તેમાંની કેટલીક બોધકથાઓ છે. કેટલીક બોધકથાઓ પણ બધી જ વાર્તાઓ ધર્મ બોધકથાઓ કહી શકાય તેવી છે. કારણ કે બધી જ વાર્તાઓમાં ધર્મનો—ધર્મનો એટલે કોઈ સંપ્રદાય વિશેષનો નહિ, પણ દેશકાલાતીત સર્વ સામાન્ય નીતિ ધર્મનો બોધ આપવામાં આવ્યો છે. એ રીતે જોઈએ તો આ કથાઓ જેમ એક તરફથી લોકકથાઓ અને પંચતંત્રહિતોપદેશ આદિમાંની ઘણી કથાઓથી જુદી પડે છે તેમ જેને આપણે કલાકૃતિ કહીએ તેવી ટૂંકી વાર્તાઓથી પણ જુદી પડે છે.

આ કથાઓ નર્યું વ્યવહાર જ્ઞાન પણ નથી આપતી; ને વાચકની કલ્પનાને સ્પર્શીને, તેને લોકાન્તર સંક્રમણ કરાવી. તેનો ચેતો વિસ્તાર સાધી આપવાનું કાર્ય પણ નથી કરતી. આ કથાઓ મનુષ્યનો મનુષ્યને શોભે તેવું ઉચ્ચ નૈતિક સ્તર પરનું જીવન જીવવાનો બોધ કરે છે. આ બોધ ક્યાંક ખુલ્લી રીતે કરવામાં આવ્યો છે; ક્યાંક વ્યંજિત રીતે.

આમાંની કોઈ વાર્તા ડૉ. ગોપાણીની કલ્પનાનું સંતાન નથી. બધી જ વાર્તાઓ કોઈ ને કોઈ સ્વરૂપે વર્ષોનાં વર્ષોથી પ્રજાના હૃદયની સર્વ સામાન્ય સમૃદ્ધિ બની ગઈ છે. એટલે જે વાર્તાઓ એકવાર સારી અને સચોટ રીતે કહેવાઈ ગઈ હોય તેને શબ્દાન્તરે ફરીથી કહેવાનો શો અર્થ? આવો પ્રશ્ન કોઈને કદાચ થાય. પણ આપણે ભૂલવું ન જોઈએ કે જેણે આપણા ચિત્તને વશ કરી લીધું હોય તેવાં કાવ્યો, નાટકો, નવલકથાઓ, વાર્તાઓ આપણને વારંવાર વાંચવાં ગમતાં હોય છે. આપણાં પ્રિય ગીતો ફરીફરીને ગાતાં કે સાંભળતાં આપણે થાકતાં જ નથી હોતાં. આ તો કોઈ એક જ લેખકની એક જ કૃતિની વાત થઈ. પણ એકના એક વસ્તુ પર દાખલા તરીકે, મહાભારત, રામાયણ કે ભાગવત પર કે એમાંની કોઈ વિશિષ્ટ કથા વસ્તુવાળા અંશ પર—જુદા જુદા લેખકોએ લખેલી કૃતિઓ, સારી રીતે લેખાઈ હોય તો આપણને વાંચવી ગમતી જ હોય છે. આપણા રસશાસ્ત્રીઓએ કાવ્યનું વસ્તુ પ્રસિદ્ધ, ઉત્પાદ્ય કે મિશ્ર, ત્રણમાંના કોઈપણ પ્રકારનું હોઈ શકે એવું વિહિત કર્યું છે. ગુજરાતી ભાષાનું પ્રાચીન અને મધ્યકાલીન સમગ્ર સાહિત્ય—જૂજ અપવાદોને બાદ કરીએ તો— પ્રાસિદ્ધ કે મિશ્ર કથા વસ્તુવાળું જ છે.

દેશ, કાળ, નિમિત્ત આદિને ભેદે, એકના એક કથાવસ્તુ પર નવી નવી કૃતિઓ લખાતી જતી હોય છે. કેટલીક વાર લેખક પરંપરાથી પ્રાપ્ત થયેલા વસ્તુમાં પોતાની કે પોતાના સમયની પ્રિય માન્યતાઓ, ભાવનાઓ કે સમસ્યાઓ વગેરેનું દર્શન નિરૂપણ કરતો હોય છે. તો કેટલીક વાર મૂળ લેખકને અભિપ્રેત ન હોય તેવું રહસ્ય પણ તેમાંથી તારવતો હોય છે. આ યોગ્ય ગણાય કે કેમ તેની ચર્ચા અહીં આપ્રસ્તુત છે. અહીં તો આપણે એટલું જ નોંધીએ કે મનુષ્યને જેમ નવા નવા અદૃષ્ટપૂર્વ બાહ્ય તેમ જ આભ્યંતર પ્રદેશોમાં વિહરવાનું આકર્ષણ હોય છે તેમ પરિચિત, સુપરિચિત, ચિરપરિચિત પ્રદેશોમાં વિહરવાનું આકર્ષણ પણ હોય છે. એટલે એવો વિહાર કરતી વેળા ક્યારેક પૂર્વાનુભૂત ભાવ સંવેદનો ફરીથી માણવાનો આનન્દ અનુભવાતો હોય છે: ક્યારેક એકાએક ને અણધાર્યાં નવાં નવાં સૌન્દર્યસ્થાનો પ્રકટ થતાં ચિત્ત ચમત્કારક આહ્લાદ અનુભવાતો હોય છે. ઉપરાંત, આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે સમયે સમયે ભિન્ન ભિન્ન લેખકોને હાથે રચાતી પ્રસિદ્ધ કથા વસ્તુવાળી કૃતિઓમાં પ્રસિદ્ધ માત્ર વસ્તુ જ હોય છે. એનું નિરૂપણ તો પ્રત્યેક લેખક પોતપોતાની મતિ, શક્તિ અને દૃષ્ટિ અનુસાર જ કરતો હોય છે, અને આસ્વાદ્ય તો નિરૂપણ પણ ઓછું હોતું નથી.

ડૉ. ગોપાણી માને છે કે વાર્તાની ભાષા, શૈલી અને નિરૂપણ રીતિ દેશ કાલાનુસાર બદલાય ભલે; બદલાવાં જોઈએ પણ ખરાં; પણ મૂળકથાનો સંદેશ વિકૃત કે બસૂરો ન થવો જોઈએ. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને ડૉ. ગોપાણીએ આ ધર્મ-બોધકથાઓ લખી છે. સરળ, નિરાડંબર શૈલીમાં કહેવાયેલી આ સુવાચ્ય કથાઓ જેમ 'જન્મ-ભૂમિ'ના અને 'સમર્પણ'ના વાચકોને રોચક નીવડી છે તેમ બીજા વાચકોને પણ રોચક નીવડશે.

'મારી લેખનયાત્રા' જુદા પ્રકારનું પુસ્તક છે. તેમાં લેખકે પોતાના લેખક જીવનનાં મહત્ત્વનાં સીમા ચિહ્નો વિશે કે સારામાઠા અનુભવો વિશે વાત નથી કરી. પણ જુદાં જુદાં સામયિકોમાં છેલ્લાં આઠ-નવ વર્ષ દરમ્યાન પ્રકટ થયેલા તેમના લેખોમાંથી ૩૮ લેખોનો સંચય કર્યો છે. આમાંના ઘણાખરા લેખો નાના, બલ્કે ત્રણ ત્રણ કે ચચ્ચાર પાનાંના છે. થોડાક લેખો છછ—સાત સાત પાનાંના છે. તો લાંબામાં લાંબો લેખ 'વિજ્ઞાન અને આપણો અભિગમ' ચૌદ પાનાંનો છે. બહુ જનસમાજ માટે લેખાયેલા લેખો માટે આમ હોવું આવશ્યક છે.

આ પુસ્તકનાં પાનાં ફેરવતાં જ ઊડીને આંખે વળગે તેવી એક વસ્તુ લેખોનું વિષય વૈવિધ્ય છે. તેમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, યોગ અને અધ્યાત્મવાદ પર પણ લેખો છે; ને શિક્ષણ, સંસ્કૃતિ, સમાજ વિજ્ઞાન અને જીવન પર પણ લેખો છે. પંડિત સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી, ડૉ. આદિનાથ ઉપાધ્યે અને લેખકનાં ભાભી પર ના લેખોમાં કેટલાંક હૃદયસ્પર્શી સ્મૃતિ ચિત્રો અને સંવેદનો પણ છે; શ્રીમદ્ રાજચંદ્ર અને હેમચંદ્રાચાર્ય પર પણ લેખો છે ને સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યની કોઈ કોઈ કૃતિને આધારે તેની રમણીયતાની ઝાંખી કરાવતા લેખો અને વોલ્ટેક, રખીનોઝા અને શોપનહાર જેવા તત્ત્વમીમાંસકો પર ના લેખો પણ છે. ડૉ. ગોપાણીએ ભારતીય વિદ્યા-ભવન અને તેની કોલેજ જેવી સંસ્થાઓમાં પોતાના આયુષ્યનો સમગ્ર કાર્યકાલ ગાળ્યો હોવા છતાં, ગુજરાતી સાહિત્ય તેમના રસ-વિશ્વની મર્યાદામાં પ્રવેશી શક્યું નથી. લેખકોમાં પણ મુનશીજી અને બોટાદકર, એ બે જ લેખકો પર તેમણે લખ્યું છે ને તેમાં પણ એ લેખકો વિશે સાધારણ રીતે રૂઢ થઈ ગયેલા અભિપ્રાયોનું જ ઉચ્ચારણ કર્યું છે. બોટાદકર એમની જન્મભૂમિના અને મુનશી એમની કર્મભૂમિના—કર્મભૂમિના જ નહિ, કર્મ ક્ષેત્રના—નામાંકિત વ્યક્તિ-વિશેષ હોવાથી ડૉ. ગોપાણી એમના પ્રત્યે આકર્ષાયા હોય તે બનવા-જોગ નથી એમ નથી. આને, અલબત્ત, ડૉ. ગોપાણીની મર્યાદા ગણવાની જરૂર નથી. ડૉ. ગોપાણીનાં અધ્યયન, અધ્યાપન અને રસનાં ક્ષેત્રો બીજાં છે ને તેમની અભિરતિ યાવદાયુષ્ય તેમાં જ રહી છે.

'મારી લેખનયાત્રા'ના બધા લેખોને ઝીણવટથી તપાસવાનું કે લેખકના મહત્ત્વના વિચારોની છણાવટ કરવાનું અહીં શક્ય નથી. પણ આ લેખો પણ, ધર્મબોધકથાઓની જેમ લોકસંગ્રહની વૃત્તિથી લખાયેલા હોવાથી તેમાં વિદ્વત્ચર્ચા, શાસ્ત્રીય, ઊહાપોહ કે ખંડન-મંડનની પ્રવૃત્તિને સ્વાભાવિક રીતે જ અવકાશ રહ્યો નથી. દૃષ્ટિની કે અભિગમની અપૂર્ણતા કે નવીનતા અહીં ભલે ન હોય; પણ ડૉ. ગોપાણીએ આ વિવિધ વિષયો પર જે કંઈ વાંચ્યું છે ને વિચાર્યું છે તે બધું બરાબર પચાવીને તર્કશુદ્ધ જ્ઞાન વ્યવસ્થિત રીતે અને કોઈ કોઈ સ્થળે વ્યાકરણ દુષ્ટ પ્રયોગો મળી આવતા હોવા છતાં અકંદરે સરળ અને અનલંકૃત ભાષામાં અહીં રજૂ કર્યું છે. અહીં પાંડિત્યનું પ્રદર્શન નથી; આગ્રહ કે અભિનિવેશ નથી; તર્કચ્છળ કે ચબરાકી નથી; પિષ્ટપેષણ કે પુનરુક્તિ નથી; વાચકને આંજી દેવાનો આયાસ નથી. અહીં જે કંઈ લખાયું છે તેમાં નમ્રતા, નિખાલસતા, સહૃદયતા અને સ્વસ્થતા પદે પદે પ્રતીત થાય છે.

ડૉ. ગોપાણી જેવા આજન્મ વિદ્યા-ઉપાસંગીએ બહુજન સમાજને લક્ષમાં રાખીને લખેલા લેખોના આ બે સંચયો સંસ્કારવાંછુ ગુજરાતની પ્રીતિને પાત્ર હો!

મનસુખલાલ ઝવેરી

---

૧. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ડિસેમ્બર ૧૯૭૯, પૃ. ૨૨૩ કિંમત રૂા. ૧૫-૦૦

૨. પ્રકાશક: પ્રા. અમૃતલાલ સવચંદ ગોપાણી, ૩, 'મેઘધનુ' ૫૨, દાદાભાઈ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૬. ઈ.સ. ૧૯૭૯. પૃષ્ઠ ૨૦૬, કિંમત રૂા. ૨૦-૦૦.

સત્યનો સ્વપ્નદ્રષ્ટા

ઘણીવાર આવતી કાલની ઘટનાના પડઘા માણસને આજે જ સંભળાઈ જતા હોય છે. કદાચ આવા પડઘા સાંભળીને જ એક સંવેદનશીલ આત્માએ લખ્યું હતું:

"કાલે આમે મળીશું-
મૃત્યુ અને હું.
ને મારામાં જે જગતો બેઠો છે
એના ઉપર મોતની તલવાર ઝીંકાશે.
પણ એ પહેલાં
અગાઉ વહી ગયેલી ક્ષણોની
આ કેવી વિષાદમ સ્મરણ્ય ખંજરી!"

સંવેદનાના સાગર સમા આ જાગતા જીવ ઉપર થોડા જ સમયમાં મોતની તલવાર વીંઝાણી ને એક ભયંકર વિમાની અકસ્માતમાં એ માર્યો ગયો. મોતની લટકતી તલવાર વચ્ચે પણ એની સંવેદના તો જાગૃત જ હતી. લગભગ આ જ સમયમાં એણે લખ્યું હતું:

"હજુ પણ પેલો પ્રશ્ન તો ઊભો જ છે:
શું હું મારા લક્ષ્ય શિખરે પહોંચી શકીશ?
જ્યાં જિંદગીના પડઘા પડે છે, જ્યાં મૌનમાં વિશુદ્ધ સરગમો જાગે છે,
એ મારું લક્ષ્ય-"

આવા જાગૃત સંવેદનતંત્રના માલિકનું નામ દાગ હેમરશીલ્ડ. યુનોના એ ભૂતપૂર્વ મહામંત્રી રાજકારણના ગંદવાડમાં અનેક પથરાઓ પૂજાઈને મ્હાલતા હોય છે ત્યારે પુષ્પ જેવા કોમળ હૃદયવાળા આ માણસે એક નવો જ માપદંડ ઊભો કરી આપેલો. વંઠી ગયેલા વાતાવરણ વચ્ચે વસીને એણે એક નવો ચીલો પાડેલો. કોઈ પણ વાદનાં ગાણાં ગાયા વગર એણે ઊંચા આદર્શવાળું જીવન જીવી બતાવ્યું. રાજનીતિનો નિષ્ણાત હોવા છતાં એ પોતાને માનવતાનો સેવક માનતો. એના આચારવિચાર એકરૂપ હતા. એની ચિંતનધારા સતત વહે જતી:

"નિયતિને આપણે પોતાની અંદર જ ગોઠવીને ભમતા હોઈએ છીએ.
ગઈકાલે આત્મપ્રશંસા કરેલી ને?
આજે અંતર ડંખે છે,
એ એનું જ પરિણામ ના હોય?"

પોતાના વ્યવહારો અને ખાસ તો ભોમ ભીતરના પ્રવાહોનું આવું જલદ્ પૃથક્કરણ કોઈ ભાગ્યે જ કરતું હશે. પૈસા અને પ્રતિષ્ઠાની વિરુદ્ધમાં બોલીને એ બેયના ઢગલા પોતાને આંગણે કરવા માટે હોડ લગાવનારા માણસોનો પાર નથી ત્યારે આ માણસે એ બેમાંથી કશાનીય ખેવના રાખ્યાવિના પોતાને મળેલી કામગીરી બજાવ્યે રાખી. આંતરરાષ્ટ્રીય રાજકારણનાં વહેમી ને વરવાં વમળો વચ્ચે એણે શકય એટલી ભીંક ઝીલી. અનેક સંઘર્ષોમાં એ ટટ્ટાર ઊભો રહ્યો. એ કહે છે જ:

"તમારી પાસે છે
એના કરતાં વધારે તાકાતની અપેક્ષા
જિંદગી તમારી પાસેથી નથી રાખતી.
આપણા માટે હદમાં હદ આ જ શકય છે:
મેદાન છોડીને આપણે નાસી ના જઈએ."

એની આ સાચી વાત આપણે સહેજે માની શકતા નથી. જ્યારે પણ કોઈ તોફાન આવે ત્યારે આપણે જાતને બાજુમાં તારવી લઈએ છીએ અથવા પારોઠનાં પગલાં ભરીએ છીએ. એ સાચું છે કે આપણને સર્વત્ર વિજય ના મળે. સંજોગો આપણા કરતાં બળિયા ભાસે. આપણે એકલાએ જ અનેક મોરચે લડવાનું હોય એવો અનુભવ આપણે બધા જ કયાં નથી કરતા? પણ એથી ડરીને કાંઈ ભાગી જવાનું હોય? દાગ આ મક્કમતાથી જ મરતાં સુધી ઝૂઝતો રહેલો. એ પોતાને કહેતો:

"પગલું ભર્યા પહેલાં જ
રસ્તાની નક્કરતા ચકાસશો નહીં.
જેની નજરો દૂરની ક્ષિતિજે નોંધાયેલી છે
એને જ સાચો રસ્તો જડવાનો."

કુદરતે ભાવિને આપણે ત્યાં ગીરો નથી મૂકયું કે જિંદગીની જ નહીં, આખા જગતની ચોપાટ આપણી ઈચ્છા મુજબ ગોઠવાય. દૂધના દાઝેલાને છાશ ફૂંકીને પીવાનું મન થાય એ સાચું છે. ગણતરીઓ કરવાના લાભ પણ છે. ધસીને જોખમમાં ના દોડી જવું જોઈએ એ પણ સાચું. પણ બધા જ માણસો એમ ગણતરીમાં જ સાવચેતી શોધ્યા કરે તો પેલા સાહસની વરમાળા કોના કંઠમાં આરોપાશે? કદીક સાવ અજાણી કેડીએ ચાલવાનો આનંદ પણ લેવો જોઈએ. પગ સામેના પહેલા કાંટાને જોઈને જે ખમચાઈ જાય એને ક્ષિતિજોનો સાદ શી રીતે સંભળાવાનો હતો? જે ઘરના ઊંબરની ઊંચાઈ માપવા માગે એ દૂરના ડુંગરે કેમ ચઢી શકે? દાગને એવાં શિખરોના સાદ સંભળાયેલો:

"મને નિરંતર, કોઈ
અદશ્ય ભોમકા તરફ
ધકકેલી રહ્યું છે. ચઢાણનો ઢોળાવ વધારેને વધારે કઠીન થતો જાય છે.
મારી અદશ મંઝિલમાંથી આવતો વાયરો
મારી ઝંખનાના તારને રણઝણાવે છે."

દાગ બહુ નસીબદાર. અહીં તો જે સાવ નજર સામે છે એ પણ દેખાતું નથી, પોતાના હૃદય ધબકાર પણ અજાણ્યા રહી જાય છે, જિંદગીની ધડકનો વણસાંભળી જ વહે જાય છે. મનના માનેલા મૃગજળની પાછળ ભમવામાં આપણે એટલા બધા વ્યસ્ત અને ત્રસ્ત પણ હોઈએ છીએ કે ઘરઆંગણનાં ઝરણાં, જીવનની ગુપ્તગંગા કાળના રણમાં એમ જ અટવાયા કરે છે.

દાગ નસીબદાર હતો કે એ ઈન્દ્રધનુષના રંગોનેય ઓળખી શકયો ને પોતાની બારીમાંથી ડોકિયું કરતાં ગુલાબને પણ માણી શકયો. વિશ્વના ઉપવનમાં એણે પોતાના જીવન છોડનો ભાઈચારો જોયો ને પોતાના જીવનમાં એણે વિશ્વચેતનાનું પ્રતિનિધિત્વ પારખ્યું. એની પાસે એ દૃષ્ટિ હતી જે ઘરના ઊંબર ઉપર ઊભીને દૂરના ડુંગરનાં દર્શન કરાવે ને શિખરાનાં આરોહણ પછી પણ પેલા ઊંબરને પોતાનાથી ઓઝલ ના થવા દે.

આશ્ચર્ય અને ઈર્ષ્યા થાય છે કે દાગના સંઘર્ષો જેમ વધતા ગયા તેમ એ વધારે સંવેદનશીલ, જાગૃત અને કૃતનિશ્ચય બનતો ગયેલો. જુઓ, એણે દોરેલું એક સ્વપ્નશિલ્પીનું ચિત્ર:

"પોતાની નિષ્ફળતાઓને એણે
જાતદયા ખાધા વગર ઝીલી લીધી.
અને સફળતાઓને એણે
આત્મપ્રશંસા વગર પચાવી દીધી."

એ વિશ્વશાન્તિનો ઉપાસક હતો. યુનોના મહામંત્રી જેવી જવાબદાર જગાએ નિમાયા પછી એ સ્વપ્ન દ્રષ્ટા પૂરી ગંભીરતાથી માનતો હતો કે આગની જવાળાઓમાં ભૂંજાઈ રહેલા વિશ્વને પોતે બહાર કાઢી શકશે. યુદ્ધ ને અશાન્તિથી ત્રાસેલી માનવજાતને વિશ્વ શાન્તિમાં લહેરાતી કરવાના એને કોડ હતા. પણ મીઠી વિશ્વ સત્તાઓએ શરૂ કરેલી શેતરંજની આંટીઘૂંટીઓ ઉકેલવામાં એ નિષ્ફળ ગયો. અલબત્ત, તો પણ એના પ્રયત્નો ચાલુ જ રહ્યા. ને જ્યારે પણ સફળતા મળી ત્યારે કૃતજ્ઞતાના આનંદની વરમાળા એણે કોઈના જ કંઠમાં શોભતી કરી. જમાના ખાધેલ રાજકારણીઓએ એને સદંતર નિષ્ફળ જાહેર કરેલો. પણ એ માનતો કે:

"પ્રત્યેક બાબતનું આખરી મૂલ્ય
પોતે ચૂકવ્યું છે એની પ્રતીતિ
જો પોતાને બરાબર હોય તો,
બીજા માણસો શું ધારે છે
એનો કોઈ અર્થ રહે છે ખરો?"

આ કાંઈ આત્મસંતોષની વાત નથી. એમાં પોતે દિલથી કાંઈક કર્યાની તૃપ્તિનો ઓડકાર છે. પોતાના જ ત્રાજવે તોળવામાં ખેવે પડી ગયેલા આ જગતને તમે તમારા તમામ વ્યવહાર શી રીતે સમજાવી શકવાના હતા? આરંભથી જ શંકાશીલ બની રહેવાને ટેવાયલા જગતને તમે માંડીને બધું સમજાવોને ધારો કે એ બધું એના ગળે ઉતરે તો પણ શું? એવા નપાવટ જગતની બનાવટી ફૂલમાળાઓની સુગંધી શા કામની? ઉપટેલા મનથી એણે કરેલો ન્યાય અને પ્રશંસાના પોચા શબ્દોનું મૂલ્ય પણ કેટલું?

એક વિનંતી કરું? સમય મળે તો દાગ હેમરશીલ્ડનું 'માર્કિંગ્સ' નામનું પુસ્તક વાંચી જોજો. એના મરણ પછી પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં ફિલસૂફી છે, કવિતા છે, એક જીવંત હૃદયના ધબકારા છે, જિંદગીના ટુકડા છે, શમણાંની રાખ છે. પણ મને જે સ્પર્શી ગયું છે એ તો એનું ભાવતંત્ર. એમાં એક એવો સૂર સતત વહ્યા કરે છે જે તમારા સમગ્ર ચિત્તતંત્રને રણઝણાવી નાખશે. એમાં ભારોભાર વિષાદ છે જ. પણ દાગની ખૂબી એ છે કે એ વિષાદ દ્વારા જ તમને જીવનની આનંદમય ઉપાસનાનો માર્ગ મળી રહેશે. એની

છેલ્લી વાત:

થાક, ભયંકર થાક.
અને એકલતાના આ ઓથાર...
હૈયામાં અસહ્ય વેદના...
અને જલબિંદુ તો ઝર્યે જાય છે.
આંગળીઓ ઠીંગરાઈ ગઈ છે.
પગ લડથડે છે.
પણ અત્યારે જ, આ પળે જ
તું મીણો ના ભણી જાય,
તું મેદાન ના છોડી જાય...
બીજાઓના રાજપથને કિનારે તો
મનોહર વિશ્રામશાળાઓ છે.
ધગધગતા સૂરજતાપથી બચવા
ને સ્વજનોને મળવા માટેનાં
સુરમ્ય સ્થાન છે એમના માટે.
પણ આ તો તારી કેડી છે.
હવે તારે પાછા હઠવાનું હોય નહીં.
રડી શકે તો રડ.
પણ હવે ફરિયાદ ના કરીશ.
કેડીએ તને પસંદ કર્યો છે.
તારે આભાર માનવો જોઈએ.

તમને કોઈ મનોહર વિશ્રામશાળાઓ મળી હોય તો આનંદ માનજો. તો એટલું સ્મરણમાં રાખજો કે પુલ પરથી પસાર થવાનું હોય છે એના ઉપર ચિરંતન નિવાસ કરવાનો ના હોય! પેલા કવિએ ગાયેલું:

"આપણે તે દેશ કેવા,
આપણે વિદેશ કેવા!
આપણું પ્રવાસી પારાવારના હો જી."

– પ્રકાશ ગજજર

પ્રેમળ જ્યોતિ

પ્રેમળ જ્યોતિના ઉપક્રમે કુટુંબ રાહત યોજના આકાર લઈ રહી છે-મધ્યમ વર્ગના કુટુંબને આર્થિક મદદ કરવા માટે.

કાંદાવાડી જૈન કલિનિકમાં એક દરદી બેન સાથેની વાતચીતમાં જણાયું કે તેઓ કુટુંબમાં એકલાં જ છે. ઉપર આભ અને નીચે ધરતી-કોઈ સગુંવહાલું સ્નેહી નથી. પાડોશીને પોતાની મુશ્કેલી જણાવી ગાલીમાંથી કોઈ પાડોશી તેમને હોસ્પિટલમાં દાખલ કરી ગયું. શ્વાસનો-દમનો વ્યાધિ છે. ફિકર તેમને એ વાતની છે કે ઘેર જઈને પોતે શું કરશે. તેઓ શારીરિક શ્રમ કરીને પેટ પૂરતું રળી લેતાં હતા. હવે શું કરીશ એની ચિંતામાં એમનો વ્યાધિ વધતો હતો. હોસ્પિટલમાં થોડા દિવસ વધુ ખેંચાય તો થોડી શકિત મળે, પરંતુ એમનો સમય પૂરો થતો હતો. પચીશ રૂપિયાનું દેવું કરીને દવા લીધેલી અને એ પૈસા કેમ ભરાશે અને ભરણપોષણ કેમ થશે એ વિચારે હતાશ થઈ ગયેલા.

આવી એક જ વ્યકિતના ઘણા કુટુંબો છે જેમને માત્ર સહાનુભૂતિની નહીં પણ પોષણની જરૂરિયાત છે. આવા દર્દીઓને દર્દની રાહત બાદ પોષણ આપીને ઉભા કરવાની અને પોતાના જીવન વ્યવહારમાં પુનઃ સ્થાપિત કરવાની જરૂર છે. પ્રેમળ જ્યોતિ દ્વારા આવી પ્રવૃત્તિનું આયોજન વિચારાઈ રહ્યું છે.

નીરૂબેન શાહ
કન્વીનર, પ્રેમળ જ્યોતિ

સાહિત્યવાચનની અસર

[૨]

આચાર્ય અત્રેએ 'મરાઠા' માં 'બોમ્બે ડક' વિશે લખ્યું અને કોલેજના પ્રિન્સિપાલ તેમ જ સામયિકના તંત્રીઓ અને લેખકો સામે કોર્ટમાં કામ ચલાવવાનું જાહેર કર્યું, તેથી મારા મનમાં તો ખળભળાટ મચ્યો, પણ તેના તંત્રીઓ તેમ જ પ્રા. એઝિકિયલ વગેરેના મનમાં અકથ્ય ભય પ્રગટ થયો. ખરી જવાબદારી તંત્રીઓ તેમ જ લેખક ઉપર આવી પડી હતી, કારણ આ કંઈ કોલેજનું સામયિક નહોતું. કોલેજે પરવાનગી આપી હતી એટલે તાંત્રિક દૃષ્ટિએ જ જવાબદારી મારી ગણાય. સામયિકનાં લખાણો છપાયાં તે મેં વાંચ્યાં નહોતાં, મને વંચાવ્યાં નહોતાં અને તેમ કરવાની જરૂર નહોતી. આચાર્ય અત્રેની ધારદાર કલમે લખાયેલી ચેતવણીથી તેઓ ધ્રુજી ઊઠ્યા હતા. તેઓ પોતાની ભૂલ હવે સમજી શકયા હતા. કોલેજમાં ભણતા મુગ્ધ હૈયા અને ચિત્તવાળા વિદ્યાર્થીઓનાં મન ઉપર આ લખાણની કેવી અસર થાય તેનો ખ્યાલ આચાર્ય અત્રેએ આપી દીધો હતો. 'હવે શું થશે?' એવી બીક તેમને ધ્રુજાવી રહી હતી. મેં તેમને સાંત્વન આપતાં કહ્યું, "તમને તમારી ભૂલ સમજાઈ એથી હું રાજી થયો છું. કોર્ટમાં જશે તો તે સ્થિતિ હું સંભાળી લઈશ. બીજો ઉપાય પણ શું છે? પણ તમે કરેલી ભૂલ માટે મને માફીપત્ર લખી આપો. તમારી સ્થિતિ હું સમજી શકું છું. હું જલ્દી આચાર્ય અત્રેને મળવા ઈચ્છું છું અને આ બાબતનો પ્રચાર થતાં અટકે તેમ કરવા વિનંતિ કરીશ ... હવે સામયિક તો પાછું ખેંચી લઈને અગ્નિને સ્વાધીન કર્યું છે...."

અધ્યાપકોએ મારી વાત માની અને તરત માફીપત્રો લખી આપ્યા. પ્રા. પ્રધાન મરાઠીભાષી હતા. એટલે 'મરાઠા'નું લખાણ વાંચીને તેમને કેટલાકે જાહેરમાં હડધૂત કર્યા એમ જાણ્યું. હું પણ મનમાં સમસમી રહ્યો હતો. કારણકે જાહેર ઉહાપોહ થાય તો કોલેજને અનિવાર્ય નુકસાન થાય. આચાર્ય અત્રે સાથે મારે સંહેજ પરિચય હતો, પણ મારા મિત્ર પ્રા. ડો. જગદીશચંદ્ર જૈન સાથે તેમનો નિકટનો સંબંધ હતો. મેં ડૉ. જૈનને ટેલિફોન કર્યો, પરિસ્થિતિ જણાવી અને જલ્દી આચાર્ય અત્રેને મળવાનું નક્કી કર્યું. ડૉ. જૈન અને હું આચાર્ય અત્રેને ઘેર ગયા. મેં તેમને કહ્યું: "તમે 'મરાઠા'માં લખ્યું તેમાં હું તમારું દૃષ્ટિબિન્દુ અને ક્રોધ સમજી શકું છું..." પછી મેં બધી વાત કરીને કહ્યું, "અમે બધી પ્રતો પાછી મેળવી છે અને બાળી નાખી છે. તમારો ઉદ્દેશ હતો તેને મેં જ પરિપૂર્ણ કર્યો છે! હવે આગળ વાત વધારવાથી કોને ફાયદો થવાનો છે?" અધ્યાપકોએ પ્રગતિશીલ બનવાની ધૂનમાંથી હેનરી મીલરના અવતરણો અને અન્ય લેખો સામયિકમાં લખ્યાં. તેમને ભૂલ સમજાઈ. 'મરાઠા'એ તે માટે અનન્ય સેવા કરી છે. તમારો અર્થ સર્યો છે...."

આચાર્ય અત્રે હસી પડ્યા. મને કહ્યું, "તો હું શું કરું તેવી તમારી ઈચ્છા છે?" જવાબમાં મેં કહ્યું, "એ સામાયિકની કોઈક રદીખદી કર્યાક નકલ રહી ગઈ હોય તો જુદી વાત છે. તમારા જેવો જ વિચાર મને આવ્યો કે તરત 'મરાઠા' માં પ્રસિદ્ધ થયા પહેલાં જ મેં પગલાં લીધાં છે. હવે નાહક વિદ્યાસંસ્થાને નુકસાન થાય તેવું તમે શિક્ષણહિતચિંતક છો એટલે કર્યું ન કરો એવી મારી અપીલ છે. તમારા હાથમાં એ સામાયિકની નકલ કેવી રીતે આવી તેનું મને આશ્ચર્ય થાય છે. 'મરાઠા' માં પરિસ્થિતિની વિચારણા બાદ આ પ્રકરણ બંધ થાય છે એવું સંપાદક તરીકે તમે લખો ..."

આચાર્ય અત્રેને મારી વાત ગળે ઉતરી. તેમણે કહ્યું, "ભલે હવે કાલ એ વિશે 'મરાઠા' માં પ્રકરણ બંધ કર્યાની નોંધ લખીશ પણ મને એ સામાયિકની નકલ આપનાર તમારી કોલેજના જ અધ્યાપક હતા!..." એમ બોલી હસ્યા. હું થોડોક શાન્ત થયો અને તેમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. બીજે દિવસે તેમણે મારી સાથેની વાતચીતનો ઉલ્લેખ કરી એ વાત ઉપર પડદો પાડવાની જાહેરાત કરી. પછી બીજા કોઈ વર્તમાનપત્રમાં એ વિશે કશું ન આવ્યું તેથી મને શાન્તિ મળી. આચાર્ય અત્રેનો અંતઃકરણપૂર્વક આભાર મનથી માન્યા વિના હું ન રહી શકયો. મારો ભાર હળવો બન્યો.

પરંતુ છૂટેલું બાણ ક્યાંક પણ વાગ્યા વિના રહે? યુનિવર્સિટીમાંથી આ અંગે પૂછપરછ થઈ તેનો મેં ઘટતો જવાબ આપ્યો. અનેક મિત્રો, આચાર્યો અને પ્રાધ્યાપકો પૂછપરછ કરવા લાગ્યા તેમને પણ મેં સમજાવ્યા. પોલિસ ખાતાની તપાસ થઈ તેમને પણ હકીકત કહી અને નિવેદન આપ્યું. છેવટે ધારાસભામાં આ પ્રશ્ન પૂછવાનો હોવાથી પોલીસ કોલેજમાં તપાસ કરવા આવી અને મેં વિગતો આપી અને નિવેદન કર્યું. અમારી કોલેજમાં પણ શરૂઆતમાં થયેલો ઉહાપોહ શમી ગયો. પણ અમારા સંચાલકમંડળમાં એક સભ્યને સંતોષ ન થયો. અમારી મીટીંગ થઈ ત્યારે તેમણે આ મતબલનું કહ્યું: 'આપણે બધાં ગાંધીજીનાં જીવનમૂલ્યોને સ્વીકારનારા છીએ. આપણી કોલેજમાં જે સામાયિક નીકળ્યું. તેનો 'મરાઠા' માં અહેવાલ આવ્યો. આપણી કોલેજ બદનામ થઈ. એ સામયિક ભલે પાછું ખેંચ્યું અને તેની બધી નકલો બાળી દીધી, પણ આવા અશ્લીલ લેખો લખનાર પ્રોફેસરોને આપણી કોલેજમાં કેમ રખાય? આપણે ત્યાં જુવાન છોકરા-છોકરીઓ ભણે ત્યાં આવા પ્રોફેસરોનું સ્થાન હોય? એ સામયિકના તંત્રીને કે પ્રોફેસરોને કોલેજમાંથી છૂટા કરવા જોઈએ. આ વાત ઉપર ઢાંકપિછોડો ન થાય....."

મેં બધી હકીકત કહી. પછી મેં મારો અભિપ્રાય કહ્યો; "આવું સામયિક અને આવાં લખાણો આપણી કોલેજના અધ્યાપકોએ કર્યાં તે કમનસીબ ઘટના છે. પ્રોફેસરોએ લેખિત માફી માગી છે. પશ્ચિમી સાહિત્યની અસરથી દોરવાઈને કંઈક નવું કે પ્રગતિશીલ કરવાના ઉત્સાહમાં તેઓ ભાન ભૂલી ગયા અને આંચકો આપીને કંઈક બહાદુરી કર્યાની ખુમારીમાં આવા લેખો લખ્યા. પરંતુ આ અધ્યાપકો બહુ જ સારા શિક્ષકો છે. તેમનું વર્તન કે ચારિત્ર્ય નિષ્કલંક છે. આપણા વિદ્યાર્થીઓમાં વિદ્યારસ ઉત્પન્ન કરવાની તેમનામાં શક્તિ છે. પણ દુનિયામાં કાંઈક નવું કરી બતાવવાનો તેમને ચેપ લાગ્યો અને ભૂલ કરી બેઠા! હવે માફી માગે છે. તેમના વિશે કદી કથી ફરિયાદ નથી આવી. આવા સારા શિક્ષકો આપણી કોલેજનાં પ્રતિષ્ઠાગૌરવ વધારે છે એટલે હવે તેમની સામે પગલાં ન લેવાં ... છતાં તેમને છૂટા કરવા હોય તો મને પણ છૂટો કરવો જોઈએ. તેમને પરવાનગી મેં આપી હતી. મેં પણ અજાણતાં ભૂલ કરી કહેવાય." સમિતિમાં થોડી ચર્ચા વિચારણા પછી એ પ્રકરણ બંધ કરવું. અને બીજું કશું ન કરવું એમ નક્કી કર્યું. 'તેમને શિક્ષા કરવી હોય તો પહેલી શિક્ષા મને કરવી જોઈએ, કારણ કે એ સામયિક પ્રગટ કરવાની મેં રજા આપી હોવાથી હું જવાબદારીમાંથી મુકત ન થઈ શકું.' એ મારી દલીલે શિક્ષકોને છૂટા કરવાની વાત બંધ કરી. એ પ્રકરણ બંધ થયું, પણ એ અંગેના મારા વિચારો વિશેષ ગતિમાન થયા.

આ આખોય પ્રસંગ શ્રી ચીમનભાઈના લેખે મારા ચિત્તમાં સજીવ બનાવ્યો. હેનરી મીલરની 'ટ્રોપીક ઓફ કેન્સર' કૃતિ ઉપર પ્રતિબંધ હોવાથી ક્યાંયે તેની નકલ મળતી ન હતી. પણ આવું ઉહાપોહ કરનારું અને પ્રતિબંધ થયેલું પુસ્તક કેવું હશે તે વાંચવાની જિજ્ઞાસા મારા મનમાં થઈ. એક મિત્રે એ પુસ્તક મેળવી આપ્યું. પચાસેક પાનાં વાંચ્યા પછી વધુ વાંચવાનું મને મન ન થયું. આપણે છાપીએ નહિ એવી અશ્લીલ ગાળો અને કામુકતાનું વર્ણન વાંચીને મારા મનમાં ઉદ્વેગ થયો, વાંચવાની જિજ્ઞાસા અને રસ ચાલ્યાં ગયાં. એ વખતે મને થયું કે, સાહિત્યનું કલા - સૌંદર્ય રસાત્મક સત્ય પ્રગટ કરવામાં રહ્યું છે; માત્ર વાસ્તવિકતાને નામે અશ્લીલ જુગુપ્સા ચિત્રો દોરાય તેમાં સૌંદર્ય કયાંથી હોય? ખરાબ વસ્તુને ખરાબ ચીતરવામાં કલા દ્વારા ખરાબ પ્રત્યે જુગુપ્સા ઉપજે તે સત્ય છે, પણ ખરાબને સુંદર તરીકે ચીતરવામાં કસબ હશે પણ કલાત્મક સૌંદર્ય અસત્યનાં કેમ પ્રગટે? 'ટ્રોપિક ઓફ કેન્સર'માં મને જરા પણ રસ નહોતો પડયો તે મને બરાબર યાદ છે. 'સાહિત્યની અસર' માં ચીમનભાઈએ વગર પુસ્તક વાંચ્યે જે હેનરી મીલર જેવાનાં પુસ્તકો વિશે લખ્યું છે, તેવો જ પ્રતિભાવ એ પુસ્તક વાંચીને મને થયો હતો. એ પુસ્તક વાંચ્યા પછી મારા મનમાં જે વિચારો ઉત્પન્ન થયા હતા, તેવા જ વિચારો વગર પુસ્તક વાંચ્યે શ્રી ચીમનભાઈના મનમાં કઈ રીતે જાગ્યા હશે તેનું આશ્ચર્ય હજી પણ શમતું નથી. શ્રી ચીમનભાઈએ લખ્યું છે:

"કેટલાક લોકો એમ માને છે કે આવા લેખકો સમાજનો અને આપણો દંભ ઉઘાડો પાડે છે માટે મહાન છે. આપણા જીવનમાં અને સમાજમાં કેટલેક દરજજે દંભ છે તે હકીકત છે. પણ દંભ ઉઘાડા પાડતા, સંયમને સ્વચ્છંદમાં પલટાવવો અને મુકિતના નામે દુરાચાર પોષવો એમાં સર્જકતા છે? દંભ ઉઘાડા પાડયા પછી પણ, જીવનનાં સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી, જીવનને ઉદાત્ત અને નૈતિક ભાવનાઓથી પોષવી એ સાચી સર્જકતાની નિશાની છે. 'વાસ્તવિકતાને નામે જીવનમાં માત્ર ઉકરડો જ છે એમ માની બેસવું અને તેનું જ નિરૂપણ કરવું એમાં સર્જકતા આવે છે? જીવનમાં વાસનાઓ છે, અસદ્વૃત્તિઓ છે, તે સાથે સદ્વૃતિઓ છે અને અંતે સદ્વૃત્તિઓનો વિજય થાય તેમાં જ જીવનનો ધન્યતા છે એવું મંગલમય દર્શન નથી તેને મહાન સર્જક કેમ ગણવો? ... ભાષા ઉપર પ્રભુત્વ હોય તો ખોટી વસ્તુને લલચામણી રીતે રજૂ કરી વાચકને અવળે માર્ગે લઈ જાય." ('સાહિત્યની અસર' : 'પ્રબુદ્ધ જીવન: તા. ૧-૭-'૮૦)

શ્રી ચીમનભાઈએ છેલ્લું વાકય લખ્યું તેમાં ઉમેરો અને ફેરફાર કરીને મને પણ કહેવાનું મન થાય છે: 'બુદ્ધિશકિત, સંવેદનક્ષીલ કલ્પનાસમૃદ્ધ અને ભાષા ઉપર પ્રભુત્વ હોય તેથી અસત્ય વસ્તુને સુંદર વસ્ત્રો પહેરાવવાથી સત્યનું કલાસૌંદર્ય ઝાંખું પડે છે, સાચો પ્રકાશ પડતો નથી કલાની અંતિમ કસોટી તો સત્યના તેજ ઉપરથી સૌંદર્યનું મૂલ્યાંકન થાય તે છે. સર્જક કલ્પના સંવેદનશીલ ભાષા, બુદ્ધિ તેજના ચમકારા એકરૂપ બની જ્યારે સત્યમૂલક વસ્તુને નિરૂપતા સૌંદર્ય પ્રકટાવે છે તેમાં જ કલાની સાર્થકતા છે. જગતની મહાન સાહિત્યકૃતિઓમાં સત્યઆધારિત સૌંદર્ય જ ચિત્તાકર્ષક બન્યું છે. રસવિશ્વમાં લઈ જવાનું સામર્થ્ય ધરાવે છે અને માનવીને પ્રકાશખંડે દોરે છે. (સંપૂર્ણ)

અમૃતલાલ યાજ્ઞિક

★

મિત્રો બનાવવાનો સૌથી સારો સમય તેમની જરૂર પડે એ પહેલાંનો છે. — એથેલ બેરીમોર

પ્રાણનો નાશ કરવાની ઈચ્છા ખોટી ઈચ્છા છે—પ્રાણનો નાશ કર્યા પછી શરીર બચશે નહિ અને શરીર નહિ હોય તો સાધના થઈ શકશે. — શ્રી અરવિંદ

મને લાગે છે કે વૃક્ષ જેવું સુંદર કાવ્ય બીજું કદી મને જોવા મળવાનું નથી.

કવિતાઓ તો મારા જેવા મૂર્ખાઓ પણ રચી શકે; પણ વૃક્ષ તો માત્ર ઈશ્વર જ રચી જાણે. — જોઈસ કિલ્મર

ત્રણ કલાક વહેલા હોવું વધું સારું, પણ એક મિનિટ મોડા પડવું ખરાબ. — શેકસપિયર

પેટનો પૂજારી કદી ભગવાનનો પૂજારી ન બની શકે. —સાદી

સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ

ગ્રંથશ્રેણી - ગ્રંથ બીજો

"નિહ્નવવાદ"

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૪.

મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર
મુંબઈ-૨ * અમદાવાદ-૧

મૂલ્ય : રૂા. ૭-૦૦

EST : એક અનુભવ

[અભ્યાસ વર્તુળના ઉપક્રમે EST વિષે આપેલા વ્યાખ્યાનનો સાર]

તમારા કુતુહલ અને જ્ઞાન મેળવવાની ઈચ્છાથી સર્જાએલા તમારા અવકાશમાં પ્રવેશતા આનંદ અનુભવું છું. EST ની તાલીમ લેવાની અમારી તૈયારીથી અને તાલીમ લીધા પછી સર્જાએલા અમારા નાનકડા અવકાશમાં તમને સૌને પ્રેમપૂર્વક આવકારું છું.

'અવકાશ' એ ESTની પરિભાષા છે પણ એની વિશિષ્ટતા નથી. આપણા કવિએ પણ કયાં નથી કહ્યું. 'નાનકડાં ફૂલને ઊગવા માટે કેટલા મોટા અવકાશ (આકાશ)ની જરૂર પડે છે?'

સામાજિક સંસ્થાઓ યોજેલા સેમીનારમાં (કે સમારંભમાં) અને EST.ના તાલીમ-સેમીનારમાં એક પાયાનો ભેદ છે. સંસ્થાની કે સમાજની પ્રતિષ્ઠિત, પૂજ્ય કે આદરણીય વ્યકિત ચાલુ સમારંભે સભાખંડમાં પ્રવેશ કરે કે તરત જ વ્યાખ્યાનકારના વ્યાખ્યાનને અવગણીને પણ સંસ્થાના કાર્યકર્તાઓ એ પૂજ્ય વ્યકિતને આવકારશે, મોભાના સ્થાને બેસાડશે. પૂજ્યભાવ પ્રગટ કરશે. ESTમાં સામાજિક મોભાનો, આદરનો અવાજ, છડેચોક પ્રદશનનો અભાવ તરત જ દેખાઈ આવે છે સામાજિક મોભાના આદરનાં ઓઠા નીચે, આપણે અન્યોન્યનું આવું ગેરવર્તન વગર વિરોધે ચલાવી લેતા હોઈએ છીએ. 'તેરી બી ચૂપ, મેરી બી ચૂપ'ની પરસ્પર સંમતિ આપણા સામાજિક વ્યવહારનું લક્ષણ બની ગયું છે. 'સંમતિ' કે agreement ના પાયા પર વિશ્વ ચાલી રહ્યું છે અને ચાલી શકે એ EST નો એક પાયાનો વિચાર છે અને તાલીમની શરૂઆત agreement ને જવાબદારીપૂર્વક પાળવાના મહત્ત્વ વિશે તાલીમ લેનારને સજાગ કરવાથી થતી હોય છે.

EST સાઈઠ કલાકમાં જીવન પરિવર્તન કરવાનો દાવો કરે છે અથવા EST ની તાલીમ લેવાથી બધી ગ્રંથિઓ ખરી પડે છે એવું નિતાંત વિધાન કોઈ કરે તો એ યોગ્ય નથી. EST આવો કશો દાવો કરતું નથી. આપણે ઈશ્વર છીએ, જે સ્વરૂપે આપણે છીએ તે સ્વરૂપે આપણે સંપૂર્ણ છીએ. EST આ વાતની આપણને ફરી ફરીને યાદ દેવડાવે છે. પરંતુ આપણા આ સ્વરૂપને આપણે ઓળખતા નથી. આપણા સમાજે, વ્યવહારે, વર્તને, આપણે માની લીધેલા મને આપણી સજાગતા અને આપણા 'સ્વ'રૂપની આડે અનેક અવરોધો (barriers) સર્જ્યા છે. આપણી ઈશ્વર-દત્ત (એટલે કે માનવી હોવા પણાને લઈને સાહજિક રીતે આપણામાં રહેલી) બક્ષીસોને આપણે માણી શકતા નથી. પિછાની શકતા નથી. આપણે સર્જેલા અવરોધોના કારણે તાલીમની શરૂઆતમાં અને તાલીમ દરમિયાન સતત આપણને સ્વસર્જિત અવરોધોને ઓળખવા માટે ઉદ્યત કરે છે.

ભૌતિક વિજ્ઞાનમાં એક નાનકડું દષ્ટાન્ત રજૂ થાય છે: કાચના ટુકડા પર વેરવિખેર લોખંડનો વ્હેર (ભૂકો) વેરવામાં આવ્યો છે. એની નીચે લોહચુંબકનો ટૂકડો મૂકવાથી એ વ્હેરમાં એક ભાત (Pattern) પડી જાય છે. એમાં એક નવી વ્યવસ્થા આવી જાય છે. EST ની તાલીમમાં મને કશોક આ પ્રકારનો અનુભવ થયો. જીવન દરમિયાન અનુભવનાં જ્ઞાનનાં અનેક નાનાં મોટાં કણ એકઠા કર્યા હતા. કયાંક એ બધાનું અભિમાન હતું. કયાંક ગૌરવ હતું. કયાંક ઓ વિશે મુસ્તાકી હતી, કદિક કોઈ ચોક્કસ વિચારસરણીની તાર્કિક નક્કરતા વિશેની ખાત્રી હતી. કયાંક અનેક બૌદ્ધિક વિરોધો વિશે મૂંઝવણ હતી. કયાંક એ કારણે નમ્રતા હતી. કયાંક ઉન્નતભ્રૂની પરિસ્થિતિ પણ હતી. EST ની તાલીમના અનુભવે લોહચુંબકની અસર સારી અને પેલા બધા અનુભવ કણો અને જ્ઞાન-અજ્ઞાનના કણોને એક વિશિષ્ટ ભાત પ્રાપ્ત થઈ. સામાન્ય રીતે આપણા અનુભવની અથવા એના અભાવની અને એના પરિણામોની જવાબદારી આપણે માબાપ પર, પરિચિત-અપરિચિત વ્યકિત પર, ભૂતકાળ પર, ઈતિહાસ પર, સમાજ પર, રાજકીય વ્યવસ્થા કે પરિસ્થિતિ પર ઠાળી દેતા હોઈએ છીએ અને આપણી જરૂરિયાતોમાંથી ઊભું કરેલું મનોવિજ્ઞાન Psycho - therapy મનોચિકિત્સાના નામે આ વિચારને દઢ કરતું હોય છે. EST ની તાલીમ દરમિયાન આપણને પ્રતીતિ થાય છે કે આપણે જીવન દરમ્યાન કેટલાંક દષ્ટિબિન્દુ (Points of view)ને અપનાવી લઈએ છીએ, એ વિશે સાચા હોવાનો દાવો કરીએ છીએ. સાચા ઠરવાનો મરણતોલ પ્રયત્ન કર્યા જ કરતા હોઈએ એ અને 'સ્વરૂપની અનુભૂતિને દૂરની દૂર ઠેલ્યા કરતા હોઈએ છીએ. EST માં આપણને પ્રતીતિ થાય છે કે આપણે સાચા હતા કે ખોટા હતા એનું મહત્ત્વ એટલું નથી જેટલું આપણે જે કંઈ કરીએ છીએ તે શા માટે કરીએ છીએ એ જાણવાનું, એ શોધી કાઢવાનું હોય છે. EST enables you to know the truth aboutyourself. તમારા વિશેનું સત્ય જાણવા EST તમને શકિતમાન કરે છે. આ જાગૃતિ આવી એટલે આપણાં કાર્યની, વર્તનની વ્યવહારની સંપૂર્ણ જવાબદારી આપણી છે એની પ્રતીતિ થાય છે. EST ની તાલીમ સતત આ દિશામાં પ્રવૃત્ત થયેલી તાલીમ છે.

આવી પ્રતીતિ થવા માટે ESTની તાલીમની કોઈને જરૂર નથી. EST થી એ આવી શકે એવો એનો દાવો પણ નથી. Creative Arts સર્જનાત્મક કલાઓ આ જ કરતી હોય છે. સંપ્રજ્ઞતા (Consciousness)ના વિકાસની કોઈપણ પ્રવૃત્તિ સર્જનની જીવનની વિશાળતાની દિશાની બારી ખોલી આપે છે. આપણને સંકુચિત જીવનના બંધિયારપણામાં એક છિદ્ર પાડી આપે છે. તાલીમ આપણાં જીવનની ભવ્યતાનું દ્વાર ખોલી આપવામાં આપણને પ્રવૃત્ત કરે છે. એ દ્વાર હંમેશ માટે ખોલવું કે નહિ, એને ઓળંગીને આગળ જવું કે નહિ એનો નિર્ણય ત્યાર પછી આપણે કરવાનો હોય છે. EST આપણને સુખી જીવનની, પુણ્યની કશી લાલચ નથી આપતું. આપણો હાથ પકડીને આગળ નથી ખેંચતું, ધક્કો નથી મારતું. જ્ઞાનનાં માર્ગે પણ કોઈક જીવનનાં દ્વાર ખોલવા સુધી આવી પહોંચે છે. પરંતુ જ્ઞાનનાં ઘણાં પુસ્તકોમાં, બૌદ્ધિક દલીલો કરતાં કરતાં લેખક કે વિચારક ઉપદેશક બની જતો હોય છે, એની ભેદરેખા બહુ સૂક્ષ્મ હોય છે. ઉપદેશ વિધેયાત્મક સ્વરૂપનો (Positive) હોઈ શકે અને બીજાનાં દષ્ટિબિન્દુ વિશે ખંડનાત્મક સ્વરૂપનો નકારાત્મક (Negative) પણ હોઈ શકે. EST આ બન્ને પ્રલોભનોથી દૂર રહી બહુ તટસ્થ રીતે આપણને પેલાં દ્વાર પાસે લાવી મૂકે છે. જવાબદારીનું પ્રબળ ભાન કદાચ જીવનમાં પહેલી જ વાર આપણને એ પળે અને એ પળથી થાય છે.

EST વ્યકિતની સમસ્યાઓનું નિરાકરણ કરવાનું માથે નથી લેતું, એવી ચેષ્ટા પણ નથી કરતું. અનુભૂતિને કશાય અવરોધ વગર અનુભવો એટલે એને આંગે કશી સમસ્યા રહેતી નથી. જે રહે છે એની સંપૂર્ણ જવાબદારી તમારી છે. આ વિશેની સતત જાગૃતિ એજ EST ની તાલીમની સાચી ઓળખ છે અને EST ના ટ્રેનર તાટસ્થ્યનું જીવતું જાગતું દષ્ટાન્ત છે. સતત જાગૃતિની તાલીમ એણે એવી રીતે આત્મસાત કરી હોય છે કે તમારી રમતમાં એ કદિ ફસાતા નથી, કદિ ઉપદેશક બનતા નથી. તમારી સમસ્યાનો ઉકેલ આપતા નથી, તમારી દયા ખાતા નથી, તમારી વહારે ધાતા નથી. એણે ગુરુપદનો કોઈ ઝંડો ઉપાડયો નથી અને છતાંય તમારી મદદથી તમારી જાગૃતિની વાટને સતત સંકોરવાનો પુરુષાર્થ એ કર્યા કરે છે અને તમારી અનુભૂતિના ઉદ્‌ગમ સુધી પહોંચવાની તમારી સૂઝને અને ક્ષમતાને વધારે વિશદ અને પ્રબળ કરવા તત્પર રહે છે.

સામાન્યત: આપણે જેને અનુભવસમૃદ્ધિ કહીને કદિક ગૌરવ અનુભવીએ છીએ એ વિશ્વના બાહ્ય ઘટકોના કારણે થતી અસરરૂપ સંવેદનાની સમૃદ્ધિ હોય છે. સાચી અનુભૂતિ ભીતરમાંથી આવતી હોય છે અને 'સ્વ' જ એનું કેન્દ્ર હોય છે, એનું ઉગમસ્થાન હોય છે. અનુભૂતિ સ્વયં કારણ હોય છે, કશાની અસર નહિ. પોતાનું 'સ્વ'રૂપ સમજવાની પામવાની મથામણ એજ માનવની મોટી ગૌરવગાથા છે. એ 'સ્વ'રૂપની આગળ રહેલા અવરોધોને હું ન ઓળખી શકું તો મારું જીવન વ્યર્થ છે. ESTની તાલીમનો આવી પ્રતીતિ કરાવવાનો અનુભવ છે.

જીવનમાં મેં બે ધરતીકંપો અનુભવ્યા છે. માતાના ગર્ભમાં સહીસલામતીથી ઉછર્યા પછી, અંદરના ધરતીકંપથી થયેલા જન્મનો અનુભવ મહદંશે એ અનુભવ અજાગ્રત મનમાં ઢબુરાઈ ગયો છે. બીજો ધરતીકંપ બૌદ્ધિક હતો. એ મેં અનુભવ્યો ESTની તાલીમ દરમિયાન આપણા જ્ઞાન અને અનુભવના પ્રેર્યા આપણે જે વર્તન-વ્યહવાર કરતા હોઈએ છીએ એ મહદંશે કશાંક માન્યતાના સંદર્ભના માળખામાં રહીને કર્યા કરતા હોઈએ છીએ એ વાત ESTની તાલીમની શરૂઆતના કલાકો દરમિયાન થઈ ત્યારે કશુંક હલી ઊઠ્યું. એ આવનાર ધરતીકંપનો અણસાર હતો. છેલ્લા દિવસે 'મન' એટલે શું એનું સતત આઠથી દસ કલાક વિવરણ ચાલે છે. પ્રશ્નોત્તરી થાય

છે. શંકાઓને દૂર કરવાના પ્રયત્નો થાય છે, આપણા અનુભવને ઓળખીને સમૂહની હાજરીના સંકોચને સહેજે અતિક્રમી જઈ રજૂ કરવાના હિમતભર્યા સાહસિક પ્રયત્નો થાય છે અને આપણને પ્રતીતિ થાય છે કે જે મન સાથે આપણે 'સ્વ'નું સમીકરણ માંડતા હતા અને જેને અકબંધ જાળવી રાખવાનો આનંદ અને વેદના માણતા હતા એ મન કેટલું મોટું યંત્ર છે. મનની યાંત્રિકતાની EST ની તાલીમ દરમ્યાન થતી પ્રતીતિ એ મેં અનુભવેલો બીજો ધરતીકંપ ભીતરમાં દૃષ્ટિ કરવાની તકમળ્યા પછી, અંદર દૃષ્ટિ કરવાથી પાછા પડતા હોઈએ તો એ અવરોધથી પણ આપણે પરિચિત થઈએ છીએ. સતત જાગૃતિ એ મારું લક્ષણ નથી એટલે અનેક વિરોધોના ભારને ઢસડતા આપણે ખોડંગાતા ખોડંગાતા ચાલ્યા જતા હોઈએ છીએ. 'સ્વ'રૂપની સમૃદ્ધિનો પરિચય પામીને સતત જાગૃતિની અવસ્થા પર આવવું એ EST ની તાલીમની ફલશ્રુતિ છે.

માનવી 'સ્વ'રૂપને કેવી રીતે પામી શકે એનો કોઈ રાજમાર્ગ નથી. કોઈ જ્ઞાનના માર્ગે, કોઈ ભક્તિના માર્ગે કોઈ કર્મના માર્ગે, કોઈ દેખીતી નરી નિષ્ક્રિયતાના માર્ગે, કોઈ ધર્મના માર્ગે એ પામી શકે છે. જીવનનું મોટામાં મોટું સાર્થક્ય છે. 'સ્વ'રૂપની અનુભૂતિને પામવું. ૨૫૦૦ વર્ષ પહેલાં બુદ્ધે પણ આ જ વાત કરી હતી. તીર્થંકરો અને પયગંબરોએ આવી જ વાત કરી છે. વાત નવી નથી. આજની વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંસ્કૃતિના સંદર્ભમાં; વગર ઉપદેશે આ વાત આધુનિક માનવ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય, આજની Consciousness expansion પ્રવાહોએ ઉપાડ્યું છે. છેલ્લા નવ-દસ વર્ષથી અસ્તિત્વમાં આવેલા EST એ એની તાલીમ વડે આ દિશામાં ગણના યોગ્ય કાર્ય કર્યું છે. એની તાલીમના ભિન્ન ભિન્ન અંશોને તપાસીએ તો વિદ્વાન તરત કહેશે. આટલું EST એ ફ્રોઈડના મનોવિશ્લેષણમાંથી લીધું છે, આટલું એણે બુદ્ધમાંથી લીધું છે. આટલું એણે સૂફીવાદમાંથી, અમુક એણે જૈનમાંથી, અમુક એણે Scientology માંથી અમુક એણે Mind Dynamics માંથી અને અમુક એણે Maslow માંથી અને અમુક Gestalt Therapy માંથી લીધું છે. વાત તદ્દન સાચી છે. EST ના પ્રણેતા વર્નર એહાર્ડ આવી અનેક વિદ્યાઓનો અભ્યાસ કરીને, પ્રાપ્ય હતી એની તાલીમ લઈ દરેકના પોતાને લાગેલા અગત્યના અંશોને અપનાવી લઈને પોતાની EST ની તાલીમને ઉપજાવી છે. વર્નરની મૌલિકતા ભિન્ન ભિન્ન અંશોની મૌલિકતા નથી. એ અંશોને એક અનન્ય ભાત (Pattern) માં ઢાળવાની સમગ્રતાની સર્જક મૌલિકતા છે. એનું મૂલ્ય આજે આંકો બતાવવાની ધૃષ્ટતા કવેળાની ગણાય. વળી EST કોઈ પ્રદેશ નથી કે એની Guided Tour પર કોઈને લઈ જઈને એના જોવાલાયક સ્થળોનું કે તબક્કાઓનું દર્શન કરાવાય. EST ની તાલીમ ખુદ એક સાહસિક અનુભવ છે.

કોઈક કહેશે, આચાર્ય રજનીશ, ગુર્જિયેફ, કૃષ્ણમૂર્તિ પણ આ જ વાત કહે છે. વાત સાચી છે. EST ની તાલીમને અન્તે જે પ્રાપ્તિ થાય છે તે Nothing ની છે. તાલીમ દરમિયાન આ વાત દોહરાવાતી હોય છે અને ધીમે ધીમે જેમ જેમ ઉઘાડ થતો આવે છે એમ એમ Nothing સમસ્ત વિશ્વને સમાવી લેતું અનુભવાય છે. Doing Nothing અને પ્રવૃત્તિ વચ્ચે પછી કશો વિરોધ રહેતો નથી દોરડા પર સમતુલા જાળવીને ઊભો રહેલો નટ દેખીતું કશું કરતો નથી, એક ડગ પણ માંડતો નથી. He is apparently doing nothing. પરંતુ સમતુલા જાળવીને ઊભા રહેવા માટે કરવી પડતી પ્રવૃત્તિ આપણને દેખાતી નથી. એ ભીતરની પ્રવૃત્તિ છે. EST ભીતરમાં અનુભવાતી Nothingness તરફ દોરી જવાની તાલીમ છે.

મહાન સર્જક કાફ્કાએ આવા અર્થનું જે કહ્યું છે એ ટાંકીને મારી વાત અહીં પૂરી કરીશ. Just sit in a room and think. Do not even think. Be quiet and do nothing. The world has no option but to roll in ectasy before your feet. [એક ઓરડામાં બેસીને વિચારો વિચાર પણ ન કરો. શાન્ત રહો અને કશું જ ન કરો. વિશ્વને એના આનંદની ઉત્કૃષ્ટતામાં તમારા પગ આગળ આળોટયા વગર છૂટકો જ નથી.

EST ની તાલીમ અને પ્રવૃત્તિ આ સાહસ યાત્રાનું ઈજન છે.

—રસિક શાહ

૧૦૮ ઉપવાસની આરાધના : અસાધારણ ઘટના



પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી મહારાજ
[બ્લૉક: "ઘોઘારી જૈન દર્શન"ના સૌજન્યથી]

મહુવા ખાતે (જિલ્લા ભાવનગર) શાસન સમ્રાટ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટ શિષ્ય આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. મુનિશ્રી રત્નાકર વિજયજી મહારાજે, પૂ. આચાર્ય શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજના નિશ્રામાં અષાડ સુદ ૧ ને રવવાર, તા. ૧૩-૭-૧૯૮૦ના શુભ દિને સતત ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો અને આસો વદ ૫, ને મંગળવાર, તા. ૨૮-૧૦-૮૦ ના રોજ ૧૦૮ ઉપવાસની આરાધના નિર્વિઘ્ને પાર પડી. આ એક અસાધારણ ઘટના લેખાય. છેવટ સુધી સાધુ ધર્મની આવશ્યક ક્રિયાઓ પોતે જાતે જ કરે એટલી એમની શારીરિક સ્ફૂર્તિ અને ક્ષમતા તેમ જ સંપૂર્ણપણે સમતા રહે એ તો તે જ શક્ય બને, જો એમના બાહ્ય તપની સાથે અંતસ્તપ – ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન નિરંતર ચાલુ હોય. મોગલ સમ્રાટ અકબર બાદશાહના સમયમાં આચાર્ય શ્રી હીરવિજયસૂરિની સુશ્રાવિકા શ્રી ચંપાબહેને ૬ માસ પર્યંત ઉપવાસ કર્યાનું ઈતિહાસ નોંધે છે. વર્તમાનમાં પણ ૬૧ ઉપવાસ કે એથી વધુ ઉપવાસની નાની મોટી તપશ્ચર્યા થઈ છે ખરી, પરંતુ ૧૦૮ ઉપવાસની આરાધના, નજીકના ભૂતકાળમાં કોઈએ કરી નથી એ દૃષ્ટિએ, અનન્ય ગણાય.

પૂ. મુનિશ્રી રત્નાકર વિજયજી મહારાજની આરાધનાના સમય દરમિયાન, મહુવામાં ૨ શ્રેણી તપ, ૮ માસ ક્ષમણ, ૬૦ સિદ્ધિતપ આદિ તપશ્ચર્યા થઈ છે. એ તપશ્ચર્યાની ઉજવણી નિમિત્તે શ્રી ભક્તામર પૂજન, શ્રી નમિઊણ પૂજન, શ્રી સિદ્ધચક્ર પૂજન શ્રી અષ્ટોત્તરીસ્નાત્રાદિ વિધિવિધાન દ્વારા મંત્ર સ્તોત્રની સાધના થઈ છે. સ્વપર કલ્યાણની દૃષ્ટિએ આવકાર્ય છે. આ નિમિત્તે સાર્વજનિક હોસ્પિટલને શ્રી મહુવા જૈન સંઘ દ્વારા રૂા. ૧૧,૧૦૮] આપવામાં આવ્યા છે. તપશ્ચર્યાની ઉજવણીની વાત કરતાં બીજી એક વાત યાદ આવે છે. પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય મુનિશ્રી અનેકાન્ત વિજયજી મહારાજશ્રીએ ઈ. સ. ૧૯૬૮માં બિકાનેર ખાતે મૌન વ્રત સાથે ૬૧ ઉપવાસની આરાધના કરી. એ તપશ્ચર્યાની ઉજવણી માટે એકત્રિત થયેલ રૂ. સાઠ હજારની રકમ ધામધૂમ પાછળ ખર્ચવાને બદલે શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષમાં વાપરવાની વિલક્ષણ દીર્ઘદૃષ્ટિ તપસ્વી મુનિશ્રી અને તેમના ગુરુ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે દાખવી હતી. આ અંગે "પ્રબુદ્ધ જીવન"ના તા. ૧-૧૨-૧૯૬૮ના અંકમાં મેં વિગતે નોંધ લખી હતી.

પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી મહારાજને અનેકશ: વંદના. ધન્ય મુનિરાય!

—પન્નાલાલ રસિકલાલ શાહ

વનઉદ્યોગ કરોડોને રોજી આપી શકે

હમણાં મેં ત્રણ નિષ્ણાતોની ચર્ચા [વાંચી કે વૃક્ષો બેકારોને રોજી, ઢોરને ચારો, અને દેશને બળતણ, લાકડું, રેષા વગેરે આપી શકે. આમાં કશું નવું નથી કહેવાયું, તેમ છતાં ટૂંકી દૃષ્ટિના સ્વાર્થથી જેઓ બીજું કશું જોતાં, સાંભળતા કે વિચારતા નથી તેમને આ બધું વારંવાર કહેવાની જરૂર છે.

દર વર્ષે વધુ ને વધુ પૂર આવે છે. આ વર્ષે આગલા બધા વિક્રમ તૂટી ગયા. ભરૂચ શહેરમાં ૧૨ વર્ષ પછી પહેલી વાર નર્મદાના પાણી દાખલ થયાં. ઉત્તર ભારતમાં તો વિનાશનું વર્ણન થઈ શકે તેમ નથી.

કંઈ નહિ તો પૂર અને ધોવાણ અટકાવવા માટે વૃક્ષારોપણનો મુદ્દો સ્વ. સંજય ગાંધીના પાંચ મુદ્દા પૈકી એક અતિ મહત્ત્વનો મુદ્દો હતો તેથી તેમની સ્મૃતિમાં તેમનું કાર્ય પાર પાડવા તેમજ વૃક્ષોના વિનાશથી પૂર વડે જાનમાલનો વિનાશ વધી રહ્યો છે તેથી ચિંતાતુર બનીને વડાપ્રધાને વૃક્ષારોપણનું કાર્ય યુદ્ધના ધોરણે ઉપાડી લેવા પ્રજાને અને રાજ્યોને અનુરોધ કર્યો છે. બે-ત્રણ વર્ષોથી દેશમાં વૃક્ષો વવાય છે તે આપણે જોઈએ છીએ. મુંબઈમાં પણ કેટલાક વિચારશીલ વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પોતાના ખર્ચે રસ્તાઓની બન્ને બાજુ વૃક્ષો ઉછેરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ખેડૂતો યુકેલિપ્ટસ (નીલગીરી)ના વૃક્ષો વાવી રહ્યા છે. કારણ કે યુકેલિપ્ટસ, ગુલમહોર, વગેરે કેટલાંક વૃક્ષો ઝડપથી ઉગે છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ઉપ-કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલે એક સરસ યોજના ઘડી જેને ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ તંત્રીનોંધમાં આવકારી હતી. તેમણે કહ્યું છે કે ઝડપથી ઉગે એવાં વૃક્ષોનું વન ઉછેરીને તેનાં લાકડા વડે તાપવીજળી ઉત્પન્ન કરવી અને કપાતાં જતાં વૃક્ષોને ઠેકાણે બીજાં વધુ ને વધુ વૃક્ષો ઉછેરતાં રહેવું. લાકડાં ઊર્જાનું એક એવું સાધન છે કે જે વૃક્ષોના ઉછેર વડે સતત મળ્યા કરે, કદી ખૂટી ન જાય અને ઓછા ખર્ચે વીજળી આપે.

ખેતીની આવક જેમ વધુ ને વધુ આવક આપતી થઈ તેમ ખેતી માટે જમીન મેળવવા દેશમાં વધુ ને વધુ વૃક્ષો કપાવા લાગ્યાં. વસ્તી જેમ વધતી ગઈ તેમ બળતણ અને બાંધકામ માટે વધુ ને વધુ વૃક્ષો કપાવા લાગ્યાં. પરંતુ આ પ્રવૃત્તિ ટૂંકી દૃષ્ટિથી પ્રેરાયેલી છે. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના અભિપ્રાય પ્રમાણે ખેતી માટે પણ વૃક્ષો જરૂરી છે અને તે માટે દેશની ધરતીના ઓછામાં ઓછા ૩૩ ટકા ધરતી પર વૃક્ષો જોઈએ. રશિયાએ તો ૫૦ ટકા ધરતી પર જંગલ સાચવ્યું છે. જાપાન ડુંગરાળ અને ટાપુઓનો બનેલો ઉદ્યોગપ્રધાન દેશ છે. તેથી તેને તો ખેતી માટે જમીનની અછત છે. તેમ છતાં એ વ્યવહાર કુશળ પ્રજાએ ધરતીના ૫૦ ટકા પર વનનું સંવર્ધન કર્યું છે.

જાપાન, રશિયા, ફિનલેન્ડ, સ્વીડન, નોર્વે અને કેનેડા પોતાનાં જંગલ વડે કાગળ માટે અને આર્ટ સિલ્ક માટે માવો બનાવે છે. આપણે આપણાં વૃક્ષો કાપીને મોટા ભાગે બાળી નાંખીએ છીએ અને કાગળ મોંઘુ હૂંડિયામણ ખર્ચીને આયાત કરીએ છીએ. કાગળની હંમેશા અછત રહે છે. અને કાળાબજાર થાય છે. વિદ્યાર્થીઓની નોટબુકોથી માંડીને છાપાનાં કાગળો સુધી બધી જાતના કાગળ અતિ મોંઘા થઈ ગયા છે ત્યારે જે વૃક્ષોનો આવો સદ્‌પયોગ થવો જોઈએ. તેમને આપણે કાપીને બાળી નાંખીએ છીએ. દેશમાં ૩૩ ટકા ધરતી પર વનશ્રી હોવી જોઈએ ત્યારે તે ૨૦ ટકા ધરતી પણ નથી ધરાવતી અને ગુજરાતમાં તો માત્ર ૯ ટકા ધરતી પર જ જંગલ છે અને તે પણ અમુક પ્રદેશોમાં જ, તેમ છતાં ગિરનાર જંગલમાંથી પણ રોજ કંઈ નહિ તો હજાર માણસો પોતાની આજીવિકા માટે જંગલ કાપે છે!

આપણી પડતર જમીન, અને પર્વતમાળાઓ તથા વેરાન રણપ્રદેશ જોતાં આપણે કાગળ નિકાસ કરી શકીએ એટલી વનશ્રી વિકસાવી શકીએ. રશિયાના જંગલ મેં નજરે જોયાં છે, અને ફિનલેન્ડનાં જંગલ તથા તેના પર આધારિત કાગળ ઉદ્યોગ રંગીન ચિત્રોમાં મેં જોયાં ત્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનનાં વેરાન પ્રદેશો યાદ કરીને ખૂબ ખેદ અનુભવ્યો. રશિયાનાં તાઈગા નામે ઓળખાતાં જંગલો શહેરોના પાદર સુધી છે. થોડા વર્ષો પહેલાં તેમાં દવ લાગ્યો હતો ત્યારે તેનાં ધુમાડા અને ગરમી મોસ્કોમાં અનુભવી શકાતાં હતા. રશિયાને પણ વધુ અનાજની જરૂર છે, કારણ કે તેની વસ્તી વધતી જાય છે અને જીવનધોરણ ઊંચે જાય છે, ઢોરને અનાજ ખવરાવવામાં આવે છે. તે અનાજનું ઉત્પાદન વધારવા દર વર્ષે આબજો રૂબલ વાપરે છે, તેમ છતાં ખેતી વિસ્તારવા જંગલ નથી કાપતું. અનાજની ખાધ તે મોંઘું હૂંડિયામણ ખર્ચીને પણ આયાત કરે છે, ત્યારે આપણે જંગલના ભોગે ખેતીનો વિસ્તાર કરીએ છીએ.

વૃક્ષોનાં વાવેતર માટે પડતર જમીન, પથરાળ જમીન, ખારી જમીન અને ડુંગરોનો ઉપયોગ કરવો જોઈએ. જે જમીનમાં ખેતી ન થઈ શકે ત્યાં તવર અથવા ચેર, બાવળ, પીલુ, થોર, સરૂ, યુકેલિપ્ટસ વગેરે જમીનની જાત પ્રમાણે ઘણી વનસ્પતિ વાવી શકાય. ઉપર જે ત્રણ નિષ્ણાતોનો ઉલ્લેખ મેં કર્યો તે પૈકી શ્રી રુસી એન્જિનિયરે કહ્યું છે કે આપણી ધરતીમાંથી ૧૫ ટકા ધરતી ચાણઉપજાઉ અને વેરાન હોવાનું સરકારી આંકડામાં જણાવેલું છે. આપણી ધરતીમાંથી ત્રીજા ભાગની ધરતી વેરાન થઈ રહી છે. તેનું ધોવાણ અટકાવીને તેમાંથી વધુ ઉપજ લઈ શકાય. આ દેશમાં સવા સાત કરોડ કરતાં વધુ લોકો બેકાર છે અને જો આમ જ ચાલ્યા કરે તો આ સદીનાં બાકીના વીસ વર્ષમાં બેકારોની સંખ્યા ૨૦ કરોડ ઉપર પહોંચે. આમ એક બાજુ માનવધન વેડફાઈ જાય છે અને બીજી બાજુ જેને માનવધનના શ્રમની જરૂર છે, એવી વેરાન ધરતી પડતર પડી રહે છે. વિજ્ઞાને હવે કૃષિ-વનવિદ્યા (એગ્રો-ફોરેસ્ટ્રી)ની નવી વિદ્યા વિકસાવી છે. આ વિદ્યા પ્રમાણે જે ધરતી ખેતીને લાયક ન હોય ત્યાં પણ તરેહતરેહના વૃક્ષો ઉગાડી શકાય, એટલું જ નહિ પણ ઔષધો, ગુંદર, બેરજો (રેઝીન), લાખ, મધ, મીણ વગેરે પેદાશો પણ મેળવી શકાય છે. વૃક્ષોના આશ્રયે મરઘાં-બતકોનો ઉદ્યોગ પણ ખીલવી શકાય. અનુકૂળતા હોય ત્યાં રેશમનું ઉત્પાદન પણ થઈ શકે. વનના વાવેતર ઉછેર અને સદુપયોગ દ્વારા કરોડો માણસોને રોજી આપી શકાય.

અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં વનવિદ્યાના નિષ્ણાત શંકર રંગનાથને કહ્યું છે ભારતમાં ગામડામાં ૮૦ ટકા માણસો એવા છે કે જેમની માથાદીઠ માસિક આવક ૩૫ રૂ.થી પણ ઓછી છે. તેઓ કાયદેસર કે ગેરકાયદેસર જંગલની પેદાશોને વેચીને પોતાનો નિભાવ કરે છે. જેમને માટે તેમણે કશો ખર્ચ કરવો પડતો નથી. કુદરત ઉગાડી શકે તેના કરતાં વધુ ઝડપથી આપણે જંગલનો નાશ કરી રહ્યા છીએ. રંગનાથન તો એટલે સુધી કહે છે કે જમીનના બીજા કોઈ પણ ઉપયોગ કરતાં તેની પર જંગલ ઉગાડવામાં આવે તો તેના વડે વધુ આવક થાય. પરંતુ આપણે તો વૃક્ષો વાવીને વધુ પેદાશ કરવાને બદલે વૃક્ષો કાપીને ઉત્તરોત્તર વધુ નુકસાન કરી રહ્યા છીએ. તેથી કોરા દુકાળ પડે છે. જમીનનું ધોવાણ થાય છે, પૂર આવે છે. નદીઓ કાંપના ભરાવથી છીછરી થાય છે. તેથી પૂરના પાણી ગામડાં અને ખેતરોના વાવેતર ઉપર ફરી વળે છે. બંધોની પાછળ કાંપ ભરાવાથી આબજો રૂપિયાની કિંમતના બંધો આવતા દાયકાઓમાં નકામા થઈ જશે. ડુંગર પરનાં વૃક્ષો કાપી નાખવા અને ધોવાણ તથા વિનાશક પૂર પેદા કરવા એ મેદાનવાસી માણસોની સામૂહિક હત્યા કરવા બરાબર છે. શ્રી રંગનાથને કહ્યું છે કે જંગલના નાશથી ખેતીનો પણ નાશ થાય છે. જ્યારે બળતણ માટે લાકડા નથી મળતા (જે સ્થિતિ અત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં છે) ત્યારે લોકો છાણાં બાળે છે. જેમાં કિંમતી ખાતરનો નાશ થવાથી ખેતરમાં પાક ઓછો ઉતરે છે, અથવા મોંઘા ભાવનું રાસાયણિક ખાતર વાપરવું પડે છે. ધરતીએ આપેલ ઘાસમાંથી છાણ બને છે અને ધરતીને ફળદ્રુપ રાખવા આપણે છાણ તેને પાછું આપવું જોઈએ. રંગનાથન કહે છે કે ૯ કરોડ હેક્ટર કરતાં વધુ જમીનને છાણ વડે ફળદ્રુપ બનાવી શકાય છે. તેથી ખેતીનું ઉત્પાદન ઘણું વધારી શકાય. છાણ બળતણ તરીકે બાળી નાખવાથી આપણે દર વર્ષે ૩ અબજ ૬૦ કરોડ રૂપિયાની કિંમતનું અનાજ ગુમાવીએ છીએ. ધરતી જ્યારે વનસ્પતિનું છત્ર ગુમાવે છે ત્યારે ભૂગર્ભનું પાણી પણ ગુમાવે છે. ચોમાસા સિવાયની ઋતુઓમાં સૂકી પડેલી ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની નદીઓના સૂકા પટ તેનો પુરાવો છે. જ્યારે ધોવાણથી કાંપ ઘસડાઈ જાય છે ત્યારે ધરતીની ફળદ્રુપતા પણ ધોવાઈ જાય છે. તેમાં જે રસાયણો ધોવાઈ જાય છે તેની વાર્ષિક કિંમત રંગનાથને રૂ. ૧૨૫૦ કરોડ આંકી છે! ટૂંકમાં જેટલી કિંમતનાં રાસાયણિક ખાતરો આજે આપણે વાપરીએ છીએ, તેટલી કિંમતના નૈસર્ગિક રસાયણો આપણે ધરતીમાંથી ગુમાવીએ છીએ. તેઓ કહે છે કે ઉદ્યોગો જેટલા ઉપજાઉ છે તેટલા જ ઉપજાઉ જંગલ પણ બની શકે અને બીજા અનેક લાભ આપે તે જુદા.

વિજયગુપ્ત મૌર્ય

આપણે દરિદ્ર શું કામ છીએ?

"આપણે ગરીબ છીએ. આપણને તે ચીજ ખરીદવી ન પોસાય."

આવા વાક્યો ઘણા મા-બાપો પોતાના બાળકોને કહેતા હોય છે. ઝૂંપડામાં રહેનારા, એક રૂમની ખોલીમાં રહેનારા અને ત્રણ રૂમના ફ્લેટમાં રહેનારા પણ આવું વાક્ય બોલે છે. પ્રોફેસર ટાઉનસેન્ડ નામના એક ઈંગ્લિશ વિદ્વાને કહ્યું છે કે જેમ જેમ આપણી ઉત્પાદક શકિત વધતી જાય છે તેમ તેમ આપણી અપેક્ષા વધતી જાય છે અને તેની સામે આપણી ગરીબીની સપાટી પણ વધતી જાય છે. કેટલા પૈસા આપણે માટે પર્યાપ્ત છે તેની કોઈ મર્યાદાની આપણને ખબર હોતી નથી. આમ જ્યારે વધતી આવક અને વધતી અપેક્ષાઓ સાથે 'ગરીબી' વધતી જાય છે તો પછી એ ગરીબીનો કોઈ દિવસ નાશ થઈ શકે નહિ.

ગરીબીની સમસ્યા હંમેશા પુનરાવર્તન પામતી સમસ્યા છે. કરોડો વર્ષથી તે ચાલતી આવી છે અને તેથી કદાચ તે મનની સમસ્યા છે એમ પણ કહી શકાય. જો ગરીબી ન હોય તો રાજ પુરુષો તેને કયાંકથી શોધી લાવે છે.

ગરીબીની સમસ્યા કે ગરીબીનો વિચાર માત્ર ગરીબોને જ સતાવતો નથી. દરેક પ્રકારની વ્યકિતને એ સમસ્યા સતાવે છે. પૈસાદાર વેપારીઓ અને ઉદ્યોગપતિઓ વારંવાર અને મોટામોટા આવાજે પોતાને ઓછો નફો મળે છે, ઓછું વળતર મળે છે અને સરકાર તરફથી ઓછું પ્રોત્સાહન મળે છે, તેવી બૂમો મારે છે. ગરીબો પ્રેસકોન્ફરન્સ બોલાવી શકતા નથી, ત્યારે ધનીકો, પત્રકારોને પ્રેસકોન્ફરન્સમાં બોલાવીને ઊંચી ઊંચી ભેટ આપીને પોતાની 'ગરીબી'ના અહેવાલ છપાવે છે. એક મિલના માલિકો જ્યારે પણ પ્રેસ કોન્ફરન્સ બોલાવે ત્યારે પત્રકારોને સાડી અને પાટલુનના પીસ ભેટ આપે છે. આમાં પત્રકારની દરિદ્રતા જેટલી જ એ મિલની દરીદ્રતા છે. તેને બેન્કની લોનોની અને બીજી ભીખ લેવી છે અને પત્રકારોએ નાચી જ ભેટની ભીખ લેવાની છે. આમ ધનિકમાં ધનિક માણસ પણ અતિ દરિદ્ર હોઈ શકે છે.

ગરીબીને સરકાર દૂર કરી શકતી નથી. આપણે પોતાની દરિદ્રતા દૂર કરવા બીજાને દરિદ્ર બનાવતા હોઈએ છીએ. મગનભાઈ છગનભાઈના ખિસ્સામાંથી પૈસા પડાવીને રતિભાઈનું બીલ ભરતા હોય છે. વધતી જતી મોંઘવારીમાં ઊંડા જળમાંથી બચીને ઉપર ડોકું કેમ કાઢવું તેની કોઈને ખબર પડતી નથી. દરેક જણે દરિદ્રતાનો નાશ કરવા ભોગ આપવો પડે છે. આમ આપણો દેશ ગરીબોનો દેશ છે, પણ પહેલાં ભારત દેશ કદી ગરીબ હતો નહિ, પશ્ચિમના દેશો જ ગરીબ રહ્યા હતા અને ગરીબ છે. મનની ગરીબી એ જ ગરીબી છે. ભારતના લોકોને પશ્ચિમનો પવન લાગ્યો ત્યારથી આપણે વધુ ને વધુ ગરીબ બનતા ગયા છીએ.

મોટા ભાગના લોકો પોતાને શું કામ ગરીબ માને છે? આપણને હંમેશા લાગ્યા કરે છે કે આપણી પાસે જે છે તે કોઈ ઝુંટવી જશે. આપણું જીવનધોરણ નીચું જશે, ભાવો વધશે અને ઓછા કલાક કામ કરવાનો હક્ક ચાલ્યો જશે. આવા બધા ડર આપણને સતાવે છે. આ ડર એ એક દરિદ્રતાનું સ્વરૂપ છે. આ બધું ઝુંટવાઈ જવાનો ડર છે તે ગરીબ હો તેના કરતાં તમે પૈસાદાર હો ત્યારે તમને વધુ સતાવે છે અટલે જેમ જેમ તમે ગરીબમાંથી પૈસાદાર થવાની ભ્રમણા રાખતા હો ત્યારે તમે વધુ ગરીબ બનતા હો છો.

એ હકીકત છે કે આપણી પાસેથી વધુ ને વધુ ચીજો કે નાણાં છીનવી લેવાતા હોય છે. આ નાણાં કે મહેનત છીનવીને આપણા હાથમાં આવનવી ચીજો પકડાવી દેવાય છે. અતિસૂક્ષ્મ કે અગોચર એવું માનવીનાં જીવનું અણમોલ ગુણ જેવું રતન ઝુંટવાઈ જાય છે. મિલ વાળા રેશમી સાડી પત્રકારોને આપે કે કૃપાળી છોકરીને મોટરવાળો લીફ્ટ આપે કે ધનિક માણસ સરકારી અમલદારને ભેટ સોગાદ આપે ત્યારે આ બધા લોકો પાસેથી કેવી કિંમતી ચીજ ઝુંટવાય જાય છે તે તમે જાણો છો? પેંડો આપીને સોનાની કડલી ઝુંટવાઈ જતી હોય છે. એ પછી તમારી ઝુંટવાઈ ગયેલી આબરૂ કે અકલ કે સ્વાભિમાનને તમારે પછી પૈસા વડે ખરીદવું પડે છે. માત્ર પૈસા જ નહિ, બુદ્ધિ, શરીરબળ અને જ્ઞાન વડે એ ઝુમાયેલી ચીજ ખરીદવી પડે છે. આ તો સ્વમાનની વાત થઈ, તે રીતે જ ખરેખરી નક્કર ચીજો પણ આ પ્રકારે ઝુંટવાઈ જતી હોય છે.

આ જગતમાં વધુ ને વધુ ચીજો મેળવવા માટેનો સ્ટ્રગલ-સંઘર્ષ ચાલ્યા કરે છે. વધુ ચીજ મેળવવી છે અને પછી ઓછી ચીજ મળ્યાની ઉણપ અનુભવ્યા કરવી પડે છે. બજારની ચીજોનું આવું બનતું નથી. સાંસ્કૃતિક બાબતોમાં અને મનોરંજન બાબતમાં પણ આવું બને છે. મુંબઈ શહેર કે બીજા શહેરોમાં મંદિરો વધ્યા છે, મસ્જીદો વધી છે અને મનોરંજનના કેન્દ્રો પણ વધ્યા છે, છતાં કોઈનામાં શાંતિ વધી છે? શ્રદ્ધા વધી છે? થિયેટરો વધ્યા છતાં સૌ મનથી વ્યથિત કે પીડિત કેમ છે? આ બધા સ્થાનોમાં લોકો પોતે ગુમાવેલી ચીજ પાછી મેળવવા મથે છે. પોતાને થયેલા ઘાની રૂઝ મેળવવા આવે છે. પણ ઘા કદી રૂઝાતો નથી. કારણકે આપણા મન દરિદ્ર બની ગયા છે અને મન જ પોતાને સતત જખમ કરતું આવે છે. ભગવાનમાં આપણને આસ્થા હતી. ચમત્કારોમાં આપણને શ્રદ્ધા હતી. પણ ખરેખર રીતે એ શ્રદ્ધા ચાલી ગઈ છે. ફિલ્મોમાં કે વાર્તામાં એવી શ્રદ્ધાનું તત્ત્વ હોય તો આપણે તેને માનીએ છીએ. આમ ભેદભરમવાળી હરકીસન મહેતાની વાર્તાઓ વાંચીને આપણે ગુમાવેલી શ્રદ્ધાનો વિકલ્પ શોધીએ છીએ પણ અંતે તો શ્રદ્ધામાં ગરીબ જ રહીએ છીએ. 'એલીઅન' અને 'ધી ઓમેન' જેવી ફિલ્મો જોઈને આપણે આપણી આધ્યાત્મિક જરૂરિયાતને સંતોષવા માંડયા છીએ! રજનીશ, ઈ.એસ.ટી. સાયન્ટોલોજી અને બીજા બધા પંથો દ્વારા આપણે મનની શાંતિ મેળવવાનો મિથ્યા પ્રયાસ કરીએ છીએ. એ બધા પંથો અને પંથોના સંચાલનકર્તાઓ દરિદ્ર છે. તે તમારી દરિદ્રતા શું દૂર કરવાના છે? રજનીશને મોટો આશ્રમ, હજી મોટો આશ્રમ અને તેનાથી વધુ ભવ્ય આશ્રમ જોઈએ છીએ. તેને તેનો પંથ ચલાવવા સરકાર તરફથી સંપૂર્ણ સંરક્ષણ અને માન્યતા (રેકગ્નીશન) જોઈએ છે. માત્ર રજનીશ નહિ - તમામ પંથોના સંચાલકોની આ વાત છે. આ બધાની પોતાની જ કંઈક માગ હોય છે તે તમારા મનની દરિદ્રતા દૂર કરી શકશે?

રોજિંદી જરૂરિયાતો અને ચીજોમાં મૂડીવાદ છે તે મૂડીવાદ આધ્યાત્મિક ક્ષેત્રે ઘુસી ગયો છે. તમારી જરૂરિયાતો મર્યાદિત હોય છે અને વધુ ને વધુ મેળવવાની તમારી ભૂખ ભાંગી જાય તેમ જ તમે તમને ગરીબ ન ગણીને નકામી ચીજો ખરીદવાનું બંધ કરો તો મૂડીવાદનું આખું માળખું કડડભૂસ કરીને ભાંગી જાય. મિલનું ન જોઈતું કાપડ તમે ન ખરીદો અને પ્રેસ કોન્ફરન્સમાં તે જે ભેટો આપે છે તે ભેટો પત્રકાર ન લે તો શું થાય? તે રીતે તમારી આધ્યાત્મિક જરૂરિયાતો તમે તમારી મેળે જ સંતોષી લો - એક પ્રાર્થના વડે જ તમે સંતોષ માની લો તો આ તમામ પંથો ભાંગી પડે. પરંતુ મૂડીવાદ તો જારી રહે છે. કારણકે ચીજો વેચ્યા વગર તો ધનિક ઉદ્યોગપતિ તેની દરિદ્રતા દૂર ન કરી શકે. આમ જરૂરિયાતો ઊભી કરવામાં આવે છે. તમે ખૂબ પરસેવો પાડીને, તમારા માલિકને છેતરીને ઓફિસના સમય દરમિયાન વધારાનું બીજાનું કામ કરીને કે પાર્ટ-ટાઈમમાં વધારાના પૈસા મેળવીને જે ધન એકઠું કર્યું હોય તે તમારે કૃત્રિમ રીતે ઊભી કરેલી જરૂરિયાતોમાં ખોઈ નાખવું પડે છે. અને આ બધું સમૃદ્ધિને નામે થાય છે. તમને સમૃદ્ધ કરવાને બહાને તમને ગરીબ બનાવી દેવાય છે. ગરીબી મીટાવવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે, અત્યારે તમારી પાસે જે છે તેટલી ચીજોમાંથી મહત્તમ સંતોષ મેળવવાની આવડત કેળવવી. ઓછા પ્રયાસમાં મળેલી ચીજો કે મફતમાં મળેલી ચીજોથી છેતરાવું નહિ કારણ કે એ ચીજોથી તમારી મનની દરિદ્રતા વધે છે.

—કાન્તિ ભટ્ટ

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મેન પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ નવેમ્બર, ૧૯૮૦, રવિવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂ. ૦–૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

ગાંધીજી અને ગીતા–૨

ગાંધીજીએ કહ્યું છે, સ્થિતપ્રજ્ઞને ઐહિક યુદ્ધની સાથે સંબંધ ન હોય એવું તેનાં લક્ષણમાં જ છે. તેમજ, સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફલત્યાગ મનુષ્યને વિશે અસંભવિત છે. આ દલીલ તર્કશુદ્ધ છે. છતાં ગીતામાં ભૌતિક યુદ્ધનું વર્ણન મનુષ્યના અંતરના દ્વંદ્વયુદ્ધનું માત્ર રૂપક છે અને ગીતાના શ્રીકૃષ્ણ કાલ્પનિક છે એ વાત સંપૂર્ણ પણે સ્વીકારી શકાય તેમ નથી. મહાભારત ઈતિહાસ અને પુરાણ બન્ને છે. પાંડવ-કૌરવનું યુદ્ધ સર્વથા કાલ્પનિક લાગતું નથી. આ યુદ્ધને ઐતિહાસિક પાયો છે અને મહાભારતના શ્રીકૃષ્ણ ઐતિહાસિક પુરુષ છે. યુદ્ધ આવી પડ્યું ત્યારે અર્જુનને વિષાદ થયો હોય તે અસંભવિત નથી અને તેનો આ વિષાદ દૂર કરી તેને યુદ્ધમાં પ્રેરવા શ્રીકૃષ્ણે ઉપદેશ આપ્યો હોય તે સંભવિત છે. કુરુક્ષેત્રના રણમેદાનમાં શ્રીકૃષ્ણે ગીતાના ૧૮ અધ્યાયો અર્જુનને સંભળાવ્યા હોય તે અસંભવ છે. શ્રીકૃષ્ણનો મૂળ ઉપદેશ ગીતામાં સચવાયો છે પણ તે સાથે ગીતામાં, કદાચ વખતોવખત, ઉમેરો થયો છે અને તેથી પરસ્પરવિરોધી જણાય તેવા વિધાનો ગીતામાં મળે છે. આરુણ શૌરીએ આને Ambivalence of the Gita [ગીતાની સંદિગ્ધતા] કહ્યું છે.

હું એમ માનું છું કે શ્રીકૃષ્ણનો મુખ્ય ઉદ્દેશ અર્જુનને તેના ક્ષાત્રધર્મની યાદ દેવડાવી યુદ્ધમાં પ્રેરવાનો હતો. અર્જુનને મોહ થયો હતો. સાચો વૈરાગ્ય ન હતો, સાચો વૈરાગ્ય હોત તો શ્રીકૃષ્ણ ગમે તેટલો ઉપદેશ આપે તો પણ અર્જુન યુદ્ધ માટે તૈયાર થાત નહિ. આ બાબતના ઘણાં પુરાવા ગીતામાં મળે છે. ગીતામાં કહ્યું છે: સ્વર્ગે લઈ જનાર આવું ધર્મયુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયોને જ મળે છે. આ તારો સ્વધર્મ છે. આ યુદ્ધ ટાળીશ તો રાજ્ય, સ્વર્ગ અને કીર્તિ બધું જ ગુમાવીશ. લોકો તારી નિંદા કરશે. કાયર કહેશે. મરીશ તો સ્વર્ગે જઈશ, જીતીશ તો રાજ્ય મળશે. તું ડાહી ડાહી વાતો કરે છે. આ કાયરતા અને ક્ષુદ્રહૃદયદૌર્બલ્ય છોડી, તું ઉઠ અને યુદ્ધ કર. તારો સ્વધર્મ-ક્ષાત્રધર્મ-ભૂલી તું પરધર્મ-સન્યાસ-ની વાતો કરે છે તેમાં તારું કલ્યાણ નથી. સહજ પ્રાપ્ત થયેલું કર્મ, સદોષ છતાં ન છોડવું. અહંકારથી તું એમ માને કે "નહિ લડું" પણ તારો સ્વભાવ જ તને બળાત્કારે તે તરફ ઘસડી જશે. તું મોહને વશ થઈને જે કરવા નથી ઈચ્છતો તે, તારા સ્વભાવને કારણે, તારે પરાણે કરવું પડશે. અંતે અર્જુન કહે છે કે મારો મોહ નાશ પામ્યો છે, મને ભાન થયું છે [કે હું ક્ષત્રિય છું જે હું ભૂલી ગયો હતો] અને હવે સ્થિર થયો છું અને તમારું કહ્યું કરીશ.

આ ક્ષાત્રધર્મના ઉપદેશ સાથે, એમ પણ કહ્યું હશે કે પરિણામ તારા હાથમાં નથી, ઈશ્વરના હાથમાં છે. તું માત્ર નિમિત્ત બન્યો છું. સુખ-દુઃખ, જય-પરાજય, આ બધામાં સમભાવ રાખી, તારું કર્તવ્ય બજાવ, એ જ તારો ધર્મ છે. એથી ધૈર્ય રાખી, સ્થિરભાવે, યુદ્ધ કર.

મહાભારતમાં શ્રીકૃષ્ણનું જીવન જોઈએ છીએ તે સાથે આવો ઉપદેશ સુસંગત લાગે છે. મહાભારતના શ્રીકૃષ્ણ પરમાત્મા નથી, યુગપુરુષ છે. તે સમયના સર્વશ્રેષ્ઠ પુરુષ છે. તેમનું યુગકાર્ય જુલ્મી રાજાઓના જુલ્મમાંથી પ્રજાને અને નાના રાજાઓને છોડાવવાનું તેમણે કર્યું. કંસ, જરાસંધ, શિશુપાલનો વધ કર્યો. કૌરવો અન્યાય કરતા હતા. યુદ્ધ ટાળવા બધો પ્રયત્ન કર્યો પણ યુદ્ધ આવી પડ્યું ત્યારે પાંડવોને પડખે ઊભા રહી, પૂરો સાથ આપ્યો. પોતાને કોઈ સ્વાર્થ ન હતો. પોતે શસ્ત્ર ધારણ કર્યા નહિ. પણ યુદ્ધ દરમિયાન યુદ્ધના નિયમોનો ભંગ કરવો પડ્યો અથવા કરાવવો પડ્યો તે માટે સંકોચ અનુભવ્યો નથી. ખોટું કરવું પડે છે તે જાણતા હતા. તેના પરિણામો ભોગવવા પડશે તે પણ જાણતા હતા. પણ બીજો કોઈ ઉપાય નથી એ માન્યું. આ બધું વ્યવહારની ભૂમિકા ઉપર છે, વ્યવહાર-ધર્મ છે. તેમાં સાધનશુદ્ધિનો આગ્રહ નથી, એનો અવકાશ નથી એવી માન્યતા પણ હોય. વ્યવહારમાં કેટલેક દરજ્જે ધર્મની મર્યાદા જાળવવી જરૂરની છે પણ સર્વથા શક્ય નથી તેવી માન્યતાના આધારે આચરણ થાય છે. પ્રસંગ આવ્યે બધી મર્યાદા તૂટી જાય છે એવો અનુભવ છે.

ગીતામાંથી આવો અર્થ કાઢી શકાય છે તે, ગાંધીજી અને લોકમાન્ય વચ્ચે થયેલ સંવાદથી વધારે સ્પષ્ટ થાય છે. લોકમાન્યે કહ્યું છે કે ગીતામાં જ્ઞાનમૂલક, ભક્તિપ્રધાન કર્મયોગનો ઉપદેશ છે. પણ તેથી વ્યવહારમાં સાધનશુદ્ધિનો આગ્રહ જ હોવો જોઈએ એમ લોકમાન્યે માન્યું નથી. ગાંધીજીએ એક વખત લોકમાન્ય વિષે લખેલું કે તેમને મન, રાજકારણમાં બધું ચાલે, Every thing is fair in politics. લોકમાન્યે તેનો જવાબ આપતાં લખ્યું કે આમાં તેમનો વિચાર ખરી રીતે રજૂ કરવામાં આવ્યો નથી. પણ ઉમેર્યું, "રાજ્યપ્રકરણ એ સાધુઓની નહિ પણ સંસારીઓની બાજી છે અને **अक्कोधेन जिने कोधं** એ બુદ્ધના ઉપદેશ કરતાં તોયે **यथामां प्रपधन्ते तांस्तथैव भजाम्यहम्** એ શ્રીકૃષ્ણનું સૂત્ર માનવાનું હું વધારે પસંદ કરું છું." લોકમાન્યે આને Responsive Co-operation કહ્યું. બીજા આપણી સાથે જેવું વર્તન રાખે, તેવું વર્તન આપણે તેમની સાથે રાખવું. લોકમાન્યે ઉમેર્યું. "બન્ને માર્ગ, (બુદ્ધનો અને લોકમાન્યના મત મુજબનો શ્રીકૃષ્ણનો એટલે કે ગીતાનો) એટલા જ ન્યાયી અને પવિત્ર છે. પરંતુ પહેલા માર્ગના કરતાં, બીજો હાલની દુનિયાને વધારે અનુકૂળ છે. આ ભેદ વિષે વધારે માહિતી ગીતા-રહસ્યમાંથી મળશે?" ગાંધીજીએ જવાબ લખ્યો અને તે પૂરો ઉતારું છું કારણ ગાંધીજીને સમજવા તે અત્યંત જરૂરનો છે.

"ધર્મગ્રંથોના અર્થના વિષયમાં લોકમાન્યની સાથે વાદમાં ઉતરતાં હું સ્વાભાવિક રીતે અચકાઉં છું. પરંતુ કેટલીક બાબતો એવી હોય છે કે તેમાં અંતઃકરણનો અવાજ કોઈ પણ ગ્રંથના અર્થ કરતાં ચડી જાય છે. લોકમાન્યે જણાવેલા બંને સૂત્રોમાં મને તો વિરોધ લાગતો નથી. બુદ્ધનું સૂત્ર સનાતન સિદ્ધાંત રજૂ કરે છે અને ભગવદ્‌ગીતાનું સૂત્ર તો તિરસ્કારને પ્રેમથી અને અસત્યને સત્યથી જીતવાના સિદ્ધાંતનો પ્રયોગ બતાવે છે. બીજા સાથે આપણે જેવું વર્તન રાખીએ તેવું જ વર્તન પ્રભુ આપણી સાથે રાખે છે, એ ખરું હોય તો ગીતાવાક્યનો તો એ અર્થ થાય કે સખત શિક્ષામાંથી છૂટવું હોય તો આપણે ક્રોધનો બદલો ક્રોધથી નહિ પણ મૃદુતાથી જ વાળવો જોઈએ. આ નિયમ વૈરાગીઓ માટે નહિ પરંતુ ખસૂસ કરીને સંસારીઓ માટે જ છે. લોકમાન્યને માટે મને માન છે, છતાં હું કહેવાની હિંમત કરું છું કે સંસાર સાધુઓ માટે નથી એમ કહેવામાં માનસિક મંદતા જણાઈ આવે છે. પુરુષાર્થ કરવો એ સર્વધર્મનો ઉપદેશ છે અને પુરુષાર્થ એ સાધુ–ખરેખરા ગૃહસ્થ–થવાના વિષમ પ્રયાસ સિવાય બીજું કંઈ જ નથી."

"છેવટે, જ્યારે મેં લોકમાન્યના મત પ્રમાણે 'રાજ્યપ્રકરણમાં બધું ય ચાલે' એ વાક્ય લખ્યું ત્યારે તેમણે ઘણીવાર ઉચ્ચારેલું

'शठं प्रति शाठ्यम्' એ વાક્ય મારા મનમાં રમી રહેલું હતું. મારી નજરે તો તેમાં ખોટી નીતિ સમાયેલી છે. લોકમાન્ય પોતે જ આ સૂત્રનું ખંડન કરવાને પોતાની તીવ્ર બુદ્ધિ વાપરીને એકાદ તત્ત્વજ્ઞાનનું ભાષ્ય લખી હિંદને એક દિવસે તાજ્જુબ કરે એવી આશા હું છોડી શકતો નથી. ગમે તેમ હો, પણ **'शठं प्रति शाठ्यम्'**માં સમાયેલા વ્યવહારસૂત્રની સામે હું મારો એક જમાનાનો અનુભવ ખડો કરું છું. ખરી નીતિ તો **'शठं प्रत्यपि सत्यम्'** એ જ છે."

(૧-૨-૨૦)

જ્ઞાનદૃષ્ટિના અને ધર્મ અને વ્યવહાર પ્રત્યેના અભિગમના આ પાયાના ભેદ છે. આ વિશે વિશેષ વિચાર હવે પછી કરીશ.

૨૦-૧૦-૮૦ ચીમનલાલ ચકુભાઈ શાહ

અમેરિકાના નવા પ્રમુખ: રેગન

અમેરિકાનું પ્રમુખપદ એટલી વિશાળ સત્તાઓ ધરાવે છે કે કોણ વ્યક્તિ પ્રમુખ થાય છે તેમાં માત્ર અમેરિકન પ્રજાને જ નહિ પણ દુનિયાના દેશોને હિત અને રસ છે. પ્રમુખપદ માટેની આ વખતની ચૂંટણી ઘણી રસાકસીભરી હતી. સામાન્ય રીતે ચાલુ પ્રમુખને એક બીજી તક આપવામાં આવે છે. આ વખતે કાર્ટર સામે તીવ્ર હરીફાઈ હતી. સામાન્ય છાપ એવી હતી કે બેમાંથી એકેય ઉમેદવાર નિશ્ચિતપણે ચડિયાતો છે એમ કહી શકાય તેમ ન હતું. અમેરિકન પ્રજાને મનગમતી પસંદગી કરવાની તક ન હતી. ઉમેદવારોનું ભાવિ ઝોલા ખાતું હતું, ચડઉતર થયા કરતી. છેવટના દિવસોમાં એમ લાગતું કે કાનસોરી દોડ છે.

પરિણામ અણધાર્યું આવ્યું. રેગનનો વિજય થયો. તે અણધાર્યું નથી પણ તેને આટલી મોટી બહુમતિ મળી તેથી તેને પોતાને પણ આશ્ચર્ય થયું છે. હજી મતદાન પૂરું નહોતું થયું અને શરૂઆતનાં પરિણામો આવવા માંડ્યા, ત્યાં જ દેખાઈ આવ્યું કે કાર્ટરનો ઘોર પરાજય થશે. કાર્ટરે પણ ખેલદિલીથી તુરત હાર સ્વીકારી, રેગનને અભિનંદન આપ્યા અને પૂરા સહકારની ખાત્રી આપી, હાર સ્વીકારતું કાર્ટરનું નિવેદન તેની સજ્જનતાનો પુરાવો છે.

આ પરિણામનું કારણ માત્ર કાર્ટરની ચાર વર્ષની કામગીરીની નિષ્ફળતાઓ જ નથી, તેમ રેગનના કોઈ અસાધારણ ગુણો અને શક્તિ પણ કારણભૂત નથી. આ પરિણામનું મુખ્ય કારણ અમેરિકન પ્રજાના માનસમાં આવેલ પરિવર્તન છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાને દુનિયાની આગેવાની મળી. યુરોપ ભાંગીને ભુક્કો થયું હતું. એશિયા-આફ્રિકાના અને બીજા દેશો પરાધીન હતા, જ્યારે અમેરિકા સમૃદ્ધ અને શક્તિશાળી હતું. તેની પાસે જ અણુબોમ્બ હતો. કોઈ હરિફ ન હતું. રશિયા પણ ભાંગી પડયું હતું. અમેરિકનો દુનિયાના નેતૃત્વનું ગૌરવ અનુભવતા. ત્યારપછીના ૧૫ વર્ષ અમેરિકનો દુનિયાના તારણહાર રહ્યા. યુરોપના દેશો અને જાપાનને વ્યાપક આર્થિક સહાય આપી ઉભા કર્યા. ધીમે ધીમે રશિયાની તાકાત વધતી ગઈ. ફ્રાન્સમાં ડ'ગોલે માથું ઊંચકયું અને અમેરિકાની તાબેદારી સ્વીકારવા ઈન્કાર કર્યો. ૧૯૬૩માં કેનેડીનું ખૂન થયું. જોનસન વિયેટનામના યુદ્ધમાં સંડોવાયા. નિક્સને વૉટરગેટ કર્યું. આ બધા બનાવોની નામોશીમાં અમેરિકન પ્રજાએ આત્મવિશ્વાસ ગુમાવ્યો. રશિયાની તાકાત એટલી બધી વધી કે અમેરિકાના હરીફ રહેવાને બદલે તેનાથી આગળ ગયું. યુરોપના દેશો, ખાસ કરી ફ્રાન્સ અને જર્મની તથા જાપાન સમૃદ્ધ થયા અને સ્વતંત્ર રીતે વર્તતા થયા. કાર્ટરને એવી આશાએ ચૂંટયા હતા કે આ બધી પરિસ્થિતિમાંથી દેશને ફરી આગળ લાવશે. કાર્ટર અજાણી વ્યક્તિ તરીકે પ્રમુખ તરીકે આવ્યા. ફોર્ડ સામે કાર્ટરને સહેલાઈથી વિજય મળ્યો. પણ કાર્ટરના ચાર વર્ષ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નિષ્ફળતાના ગયા. દેશની આર્થિક સ્થિતિ સારીપેઠે કથળી. ફુગાવો, મોંઘવારી, બેકારી હદબહારના વધ્યા. ડોલરનું અવમૂલ્યન થયું. રશિયાનું જોર વધતું ચાલ્યું અને યુરોપના દેશો, અમેરિકાથી જુદા પડી, રશિયા સાથે સમાધાનકારી વલણ સ્વીકારવા તૈયાર થયા. રશિયાએ અફઘાનીસ્તાન ઉપર આક્રમણ કર્યું તેમાં કાર્ટરે ધમકીઓ આપી છતાં, નિરૂપાય થયા. ઓલિમ્પિક રમતોના બહિષ્કાર કરાવવામાં મોટેભાગે નિષ્ફળ ગયા. ઈરાનના શાહનું પતન થયું અને મધ્યપૂર્વમાં અમેરિકાનો એક સ્તંભ તૂટયો. ઈરાને બાવન અમેરિકનોને બાન પકડયા. છોડાવવાનો નિષ્ફળ અને હાસ્યાસ્પદ પ્રયત્ન થયો. બાર મહિના થયાં છતાં બાન કેદી રહ્યા છે.

આ બધું બન્યું તે માટે કાર્ટર જ દોષિત છે તેમ નથી. વિશ્વની સમસ્યાઓ અતિ જટિલ અને વિકટ બની છે. કોઈ એક વ્યક્તિ તેના ઉપર કાબુ મેળવી શકે તેમ નથી. કાર્ટર બીનઅનુભવી હતા. વૉશિંગ્ટનની રાજખટપટથી અજાણ હતા. ડેમોક્રેટિક પક્ષની બહુમતિ છતાં સેનેટનો પૂરો ટેકો ન હતો. He was taken as an outsider. સેનેટના આંતરપ્રવાહોથી અપરિચિત હતા. કાર્ટર ધર્મભીરૂ અને સજ્જન વ્યક્તિ છે. આવી વ્યક્તિમાં, યુધિષ્ઠિર પેઠે, અમુક નિર્બળતા અથવા નિર્ણયાત્મક શક્તિનો અભાવ હોય છે. કાર્ટરના નિર્ણયોમાં વખતોવખત ફેરફાર થતો તેથી દુનિયાના દેશે ના આગેવાનો તેમનાથી નારાજ હતા. આર્થિક પરિસ્થિતિ તેમના કાબૂ-બહાર ગઈ હતી.

છતાં, શક્તિશાળી વ્યક્તિ હોય તેનો જરૂર ફેર પડે. કાર્ટરમાં એવી શક્તિ નથી. માન્ચેસ્ટર ગાર્ડીયને કહ્યું. He is a dangerously second rate man

રેગનના ચૂંટણીપ્રચારમાં એક મુખ્ય સૂર હતો. અમેરિકાને ફરી શક્તિશાળી બનાવવું છે. આ સૂત્ર પ્રજાને સ્પર્શી ગયું. ઈન્દિરા ગાંધીએ જેમ કહ્યું કે રાજય કરી શકે એવી સરકાર ચૂંટો. રેગને કહ્યું દેશને ફરી પ્રતિષ્ઠા આપે, ગૌરવ આપે એવી વ્યક્તિ ચૂંટો. કાર્ટરે દેશની પ્રતિષ્ઠા ગુમાવી છે, ડૉલરને ખાડે નાખ્યો છે, તેને ફરી મહાન બનાવવો છે. અમેરિકન પ્રજા મહાન છે, તેની શક્તિ અપાર છે. રેગને એવી કોઈ નવી નીતિ નથી આપી કે જેથી ચમત્કાર થાય. પણ ૮-૧૦ વર્ષો ઘોર નિરાશાના ગયા પછી, પ્રજાનો આત્મવિશ્વાસ જાગ્રત થાય એવો નાદ પ્રજાહૃદયને સ્પર્શી ગયો એમ લાગે છે.

રેગન પણ એક રીતે અજાણી વ્યક્તિ છે. ફિલ્મસ્ટારમાંથી, રમતગમત અને ટેલિવિઝન એમની પ્રવૃત્તિઓ રહી છે. તેમનો રાજકીય અનુભવ અલ્પ-ગર્વનરપદનો છે. ઉંમરની દૃષ્ટિએ પ્રમુખપદે આવનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ છે. પણ ultra conservative બેરીગોલ્ડવોટર સાથે તેમની સરખામણી થાય છે. કાર્ટરના પ્રચારનો મુખ્ય ધ્વનિ એ રહ્યો કે રેગન શાન્તિસ્થાપક નથી અને પ્રજાને યુદ્ધમાં ઘસડી જશે. પ્રચારમાં, કાર્ટર કરતાં રેગન વધારે કુશળ પુરવાર થયા. ગભરાયા વિના, મર્યાદા જાળવી તેની અસર થઈ. કાર્ટરના દિલના ભાવ તેના મુખ ઉપર દેખાઈ આવે. રેગન એકટર છે, વક્તૃત્વશક્તિ છે.

પણ રેગન પ્રમુખ થતાં, આમુક પરિણામો આવશે, જે શુભ છે એમ ન જ કહેવાય. રશિયા સામે કડક વલણ અખત્યાર કરશે. લશ્કરી ખર્ચ ઘણું વધારશે અને arms race જોરમાં ચાલશે તેમ લાગે છે. અમેરિકાના ઉદ્યોગપતિઓને આ વસ્તુ આવકારદાયક છે. રેગનનું વલણ ઈઝરાઈલ તરફ વધારે છે. કાર્ટરે રશિયા સાથે લશ્કરી ચરંજામની મર્યાદા બાંધતો કરાર—સોલ્ટ-૨—કર્યો છે. અમેરિકાની સેનેટે તેને મંજૂરી આપી નથી. રેગન એ કરાર સ્વીકારશે નહિ. નવી વાટાઘાટ કરવા કહેશે. રશિયા શું વલણ લે છે તે જોવાનું રહે છે. રેગનની વિદેશનીતિ આપણા દેશને સારી પેઠે અસર કરશે તેમ લાગે છે. આપણું વલણ રશિયા તરફી છે તે રેગન સહન નહિ કરે. પાકિસ્તાનને સારી પેઠે મદદ કરશે, કદાચ ચીનને પણ. આપણા સીમાડાઓ સળગતા રહેશે તેમ લાગે છે. આપણે કેમ્પુચીયાને સ્વીકૃતિ આપી છે અને વિયેટનામ સાથે સારા સંબંધો છે તે રેગનને સ્વીકાર્ય નહિ થાય.

રેગન આવતા એકંદરે પ્રત્યાઘાતી અને રૂઢીગ્રસ્ત બળોને ટેકો મળશે. લોકશાહી અને માનવીય અધિકારો માટે કાર્ટર આગ્રહી હતા. રેગન એવા આગ્રહી નથી. રેગને પોતાના સાથીદારો જાહેર કર્યા છે—કિસીન્જર, જેક્સન, હેગ. તે ઉપરથી લાગે છે, મેલું રાજકારણ ફરી આવશે. અમેરિકાને મહાન બનાવવાના સ્વપ્નો તેમને ક્યાં લઈ જશે તે કહેવું મુશ્કેલ છે. સમય બહુ પલટાઈ ગયો છે અને ભૂતકાળ સજીવન થાય નહિ તેનું રેગનને બહુ ભાન હોય તેમ જણાતું નથી. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાની આગેવાનીભરી સ્થિતિ હતી તે ફરી કદી ન આવી શકે.

ઘરઆંગણે રેગન કન્ઝર્વેટીવ મૂલ્યો પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરશે. આર્થિક ક્ષેત્રે ખાનગી ઉદ્યોગોને ટેકો અને પૂરો અવકાશ આપશે. લશ્કરી ખર્ચ વધારશે. સાથે કરવેરા ઓછા કરશે. પરિણામે સામાજીક સેવાઓ પ્રજાને મળે છે તે ઘટશે. કામ કરો અને રોજી મેળવો, રાજય ઉપર આધાર ન રાખો. આ કન્ઝર્વેટીવ મૂલ્ય છે. તેને Work ethics કહે છે. ઈંગ્લાંડમાં મીસીસ થેચરની પણ આ નીતિ છે. લશ્કરી ખર્ચ વધારવું હોય અને કરવેરા ઓછા કરવા હોય

તો સામાજિક સેવાઓ-કલ્યાણ રાજ્યની કલ્પના ઘટાડવી જ પડે. ગરીબો પ્રત્યે રેગનને બહુ હમદર્દી ન હોય. દુનિયાના ગરીબ-અણવિકસિત અને વિકસતા–દેશોને સહાય કરવાની રુચિ ન હોય. પોતાનું આર્થિક હિત હોય ત્યાં જ મદદ કરે. જે દેશોમાંથી લાભ ઉઠાવી શકાય તેમને સ્વાર્થ ખાતર મદદ કરે.

અમેરિકામાં conservatism નું મોજું ફરી વળ્યું છે તેમ કહેવાય. ઈરાનના મુલ્લાંઓ જેવો ચોક્ક પાદરી વર્ગ ત્યાં ઉભો થયો છે અને આ ચૂંટણીમાં રેગનને તેમણે સારી પેઠે મદદ કરી છે. આ વર્ગ નીતિ અને ધર્મને નામે, પ્રગતિશીલ વિચારોને રુંધવા કરે છે. Conservative forces always speakin the name of religion and morality. Priesthood is always on the side of establisher order.

રેગન શું અને કેટલું કરે છે અથવા કરી શકશે તે જોવાનું રહે છે. તેમનો ભૂતકાળ બહુ આશા પ્રેરે તેવો નથી. કોઈ ભવ્ય આદર્શો સેવતા હોય તેવું જણાતું નથી. રોમને કદાચ typical american કહી શકાય.Self confident, aggressive with a simplistic approach. આત્યારની નવી દુનિયાની તેમને બહુ ઝાંખી હોય તેમ માનવા કારણ નથી. સંભવ છે. આનુભવે વાસ્તવિકતાનું ભાન થાય. આત્યારે ચિન્તાનો વિષય રહે છે.

૭-૧૧-૮૦ ચીમનલાલ ચકુભાઈ

એક મૂડ, એક પોતીકો રંગ

[સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી સુરેશ દલાલે આપેલ વ્યાખ્યાનનો ટૂંક સાર.]

હરમાનની માતાની ડાયરીમાંથી એક નોંધ મળે છે કે હરમાને અંજીર ચોરેલાં ને એ પકડાયો હતો. એના માબાપને મન આ પ્રસંગનું કોઈ ઝાઝું મહત્ત્વ નહીં હોય, છતાં એની માતા ડાયરીમાં નોંધ્યા વગર રહેતી નથી, એ સૂચક છે. બાળકના મન પર પણ અપરાધનો એક ડાઘ લાગી જાય છે. એક નાનકડો પ્રસંગ એના જીવનમાં જડાઈને પડ્યો છે. આ બન્યું ત્યારે એ બાર વર્ષનો હતો. સ્કૂલમાંથી પાછો આવ્યો. દિવસ ખૂબ કંટાળાજનક હતો, કોઈ પણ બની શકે એવો દિવસ હતો અને એ આ ચોરી કરી બેઠો. એને–હરમાનને હંમેશા એમ લાગતું કે મોટેરાઓ, માબાપ હોય કે શિક્ષક હોય બધા જ જાણે કે પૂર્ણ હોય, ભગવાનનો અવતાર હોય, ને અમે જાણે કશું જ નથી એ રીતે જ વર્તે છે. હરમાન નોંધે છે કે એ દિવસ જ એવો હતો કે હાથ કશુંક ખોટું કર્યા વગર ન જ રહે. એક ચોરના હાથની જેમ એના હાથ ગરમ થઈ ગયા હતા. તે દિવસે શાળાના એક છોકરા સાથે મારામારી પણ કરેલી અને એ ખમીશ ફાડીને, શરીરને ઈજા પહોંચાડીને આવ્યો'તો. પકડાયો ત્યારે એને એવું લાગ્યું કે કોઈ યુદ્ધભૂમિથી ઘવાયેલા સૈનિકની જેમ પોતે નથી આવ્યો, પોતે ચોર છે, ગુનેગાર છે, અપરાધી છે. એનાં પુસ્તકો પાછળથી અંજીર પકડાયાં; તો યે એ જૂઠું બોલ્યો. શા માટે એ જૂઠું બોલ્યો? એનો જવાબ મળી શકે, જો એ જાણી શકે કે શા માટે પોતે અંજીર ચોર્યાં એની આંખ સામે દેખાતી હતી દીવાલ, દીવાલમાંથી દેખાતા પિતા, પિતાનો પાછળ દેખાતા હતા એક ન્યાયાધીશ... ઘરનું જાણે કે અદાલતમાં પરિવર્તન થયું હતું. રવિવારે એને ખંડમાં ગોંધી રાખવામાં આવ્યો કુટુંબમાં બધાને પ્રતીતિ હતી કે હરમાન હોશિયાર છે. કુદરતનું વરદાન પામેલો છે. પ્રતિભાશાળી છે, ગાઈ શકે છે, ચિત્રો દોરી શકે છે, ઝીણી નજરવાળો છે, પણ ભયંકર જિદ્દી છે. એકવાર માતાએ ભાઈસાહેબને અતિથિઓના ઓરડામાં પૂર્યા; તો એણે કહ્યું કે આમાં તારો કંઈ ભલીવાર નહીં થાય, તારું કશું વળશે નહીં, કારણ કે તું મને ઓરડામાં પૂરી શકે છે, પણ ઓરડાની બારીઓમાંથી જોવાની મજા હું લઈ શકું છું ને મારો સમય બહુ અચ્છી રીતે પસાર થાય છે. જ્યારે આ કહ્યું ત્યારે તેની ઉમ્મર ફક્ત ૪ વર્ષની હતી. તેની માતાએ આ બધું ચિંતા અને ભય સાથે પોતાની ડાયરીમાં નોંધ્યું છે.

પાંચમા જન્મદિવસે હરમાને કોઈ જુદી જ વ્યથા અનુભવી. એને પોતાનું નામ નહોતું ગમતું. એને તો જોઈતું હતું આદમ અને ઈવના પુત્રનું નામ. માબાપે આપેલા નામ સાથે, ન ગમતાં નામ સાથે પોતાને જીવવું પડશે એની વ્યથા એણે અનુભવી. આ એક ઘટનામાં હરમાનની સંવેદનશકિત અને એની વિદ્રોહની વૃત્તિ હતી.

પ્રકૃતિમાં દંભ નથી, પ્રાણીઓમાં દંભ નથી. ભયંકર અને ક્રૂર હોવા છતાં તેઓ સરળ અને પ્રેમાળ છે. પથ્થર અને વૃક્ષમાં જે વાસ્તવિકતા છે એ મનુષ્યમાં નથી, એવી એની પ્રતીતિ છે. એને ખેતરોમાં ઘૂમવું ગમતું. કવિતાઓ લખવી ગમતી. બિનજવાબદાર રીતે જવાબદારી લેવી ગમતી. તે લહેરી લાલો હતો, તરંગી હતો, સ્વપ્નિલ હતો. સંકલ્પ કરતાં એની ઉત્તેજિત કલ્પના એને હંમેશા દોરતી. એની સંવેદના એવી હતી કે નાનપણથી જ એને લાગતું કે એક બાજુ પોતે છે અને સામે પક્ષે દુનિયા છે. સત્તા સામે એણે હંમેશા પ્રતિકાર કર્યો અને વ્યકિતની મહત્તાનો હંમેશા સ્વીકાર કર્યો છે. શાળામાંથી ભાગી છૂટેલો, અને એ ગાળામાં પણ આઠ પંકિત લખી'તી એ કેટલી સૂચક છે! એમાંની કેટલીક જોઈએ:

સરોવર આકાશ જેટલું જ ભૂરું છે.
મારી ભીતર, મને લાગ્યું કે રાત સિવાય કશું જ નથી.
જાણે કે જળમાં મારે મરવાનું છે.
અને પછી બધું બરાબર થઈ જશે.

(હરમનની નવલકથા 'સિદ્ધાર્થ'નો નાયક આ રીતે જ મરવાનો પ્રયાસ કરે છે.)

એનું મન હંમેશા વિપરીત અસર અને તાણ હેઠળ રહેતું હતું. શરીર અને મનની માંદગી, પરિણામે એ ભોગવતો રહ્યો. યાતના અંદરની હોય છે અને બહારનું દુ:ખ એ અંદરની યાતનાનો આવિષ્કાર હોય છે.

સંગીત-કવિતાનો ઘાયલ હરમાન વાયોલિન વગાડતાં પણ શીખ્યો હતો. પણ વાયોલિન વગાડતાં વગાડતાં એ અટકી જતો અને સ્વપ્નના પ્રદેશમાં ખોવાઈ જતો.

હરમાન પર એવો પણ એક આરોપ છે કે એ રોમેન્ટિક ડ્રીમર છે, જેણે જીવનની વાસ્તવિકતાની અવગણના કરી છે, વાસ્તવિકતા પ્રત્યે એને જુગુપ્સા છે.

માંદાઓની સારસંભાળ લેતા Pastor Schall – એમણે હરમાનના પિતાને લખ્યું હતું કે કેવળ વાયોલિન વગાડીને અને કવિતા લખીને માણસ જીવનમાં ટકી ન શકે. જો કે હરમાનના જીવન અને ક્વને પાસ્ટરને ખોટા પાડયા.

હેસે નોંધ્યું છે કે મને પ્રત્યેક દિવસ પાસેથી જોઈએ છે શું? માત્ર આટલું જ–એક મૂડ, એક પોતીકો રંગ અને જો ખુશનસીબ હોઉં તો એક ગીત.

હેસને માટે સંગીત એ એની દૈનિક અનિવાર્યતા અને છટકબારી હતી. હેસ અને સંગીતને જુદા કલ્પી શકાતા નથી. હેસની માએ નોંધ્યું છે કે ચાર વર્ષનો હતો ત્યારથી એ એકલો એકલો પોતે બનાવેલા ગીતોને, પથારીમાં પડયા પડયા મનમાં સૂઝે એવાં શીઘ્ર ગીતોને કલાકો સુધી ગાયા કરતો. નવ વરસની વયથી વાયોલિન વગાડતો, પછી વાંસળી પણ વગાડી શકતો. હેસના પિતાને કવિતા અને દશ્યમાન કલાનો શોખ; પણ સંગીત તેની માતા સાથે સંકળાયેલું. બે વ્યકિતઓ વચ્ચે સમજણનો સેતુ બનવાની તાકાત સંગીતમાં છે. જીવનને ગીત અને શુદ્ધ સંગીત બનાવવું એ એનું અંતિમ ધ્યેય હતું. એને મન ઊર્મિકવિતા એ કેવળ પદ્ય નથી, પણ સંગીતનું સર્જન છે. સંગીત કેવળ લાગણીપ્રધાન છે, ચિત્રકળા કેવળ લાગણીપ્રધાન નથી. હરમાને સંગીત અને ચિત્રકળા બનેના સહોદર થઈને લાગણી અને બુદ્ધિની સમતુલા જાળવી છે.

–સુરેશ દલાલ

અભ્યાસ વર્તુળ

આગામી કાર્યક્રમ

(૧) વકતા: શ્રી ચીનુભાઈ ગી. શાહ,
તંત્રી: "સ્વસ્થમાનવ" (અમદાવાદ)
વિષય: "FOR FIGURE & FITNESS"
સમય: તા. ૨૪-૧૧-૮૦, મંગળવાર સાંજે ૬-૧૫.

સ્થળ: પરમાનંદ કાપડિયા હોલ, વનિતા વિશ્રામ સામે,
પ્રાર્થના સમાજ.

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમાદરભર્યું નિમંત્રણ.

લિ.
સુબોધભાઈ એમ. શાહ
કન્વીનર, અભ્યાસવર્તુળ

ઉચ્ચ શિક્ષણ : એક સમસ્યા ? !

આપણા દેશનું વર્તમાન ઉચ્ચ શિક્ષણ 'એક સમસ્યા' છે? એ પ્રશ્નનો ઉત્તર હકારમાં નિશ્ચિતરૂપે અને નિર્ણાયક રીતે આપવાનું મુશ્કેલ છે અને એટલે જ—એ અંગેનો નિર્ણયાભાવ દર્શાવવા માટે જ—લેખના શીર્ષકને અંતે પ્રશ્નાર્થ સૂચક તથા આશ્ચર્ય-સૂચક એવાં બંને વિરામચિન્હો એકીસાથે મૂક્યાં છે. પરંતુ આ વિષય અંગે સામાન્ય માહિતી ધરાવનાર વ્યક્તિ માટે પણ "ઉચ્ચ શિક્ષણ એ સમસ્યા નથી"—એવું વિધાન સુનિશ્ચિત રીતે કરવાનું અને એને અંતે પૂર્ણ-વિરામ ચિન્હ મૂકવાનું તો શક્ય જ નથી, એ હકીકત હવે નિર્વિવાદ બની ચૂકી છે. દેશની મોટા ભાગની યુનિવર્સિટીઓ અને કૉલેજોનાં સંચાલનની વસ્તુસ્થિતિ પર માત્ર અછડતો દૃષ્ટિપાત જ આ હકીકતના સમર્થન માટે પર્યાપ્ત નીવડશે.

આમ તો, માત્ર ઉચ્ચ શિક્ષણ જ નહીં પરંતુ શિક્ષણનું સાદ્યન્ત સમગ્ર માળખું જે ઉત્તરોત્તર અધઃપતનની એવી નિકૃષ્ટ કક્ષાએ જઈ પહોંચ્યું છે કે એ હવે માત્ર સમસ્યાના પ્રશ્નાર્થ-સ્વરૂપમાં જ નથી રહ્યું, પરંતુ પ્રજાના સ્વસ્થ, શુભચિંતક, વિચારશીલ અને વિવેક-બુદ્ધિયુક્ત વર્ગ સમક્ષ એક અદમ્ય આવ્હાન (Challenge) તરીકે પડકારી રહ્યું છે, એ પણ હવે તો લગભગ સર્વવિદિત છે. પરંતુ અહીં આ લેખને તો ઉચ્ચ શિક્ષણ પૂરતો જ મર્યાદિત રાખ્યો છે.

આરંભમાં જ એ વાતની સ્પષ્ટતા કરી લઉં કે 'ગુજરાત સમાચાર (અમદાવાદ)ના તા. ૨૩ ૫-૮૦ના અંકમાંના શ્રી સનાતન યાત્રીના "ઉચ્ચશિક્ષણ પાછળનો ખર્ચ સ્થગિત કરો,"—એ શીર્ષક હેઠળનો લેખ વાંચીને આ લેખ લખવા હું પ્રેરાયો છું. આમ તો શ્રી સનાતન યાત્રી છેલ્લા દોઢ-બે વર્ષથી 'ગુજરાત સમાચાર'માં 'મારી નજરે'—નામક સાપ્તાહિક કટારમાં શિક્ષણ-વિષયક પોતાનાં સૂક્ષ્મ નિરીક્ષણો અને સુદીર્ઘ-ઘનિષ્ઠ અનુભવોનો નિષ્કર્ષ રજૂ કરતાં રહ્યા છે. હાડોહાડ શિક્ષણના જીવ જેવા શ્રી સનાતન યાત્રી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિથી અત્યંત સંતપ્ત જણાય છે અને તેથી, સ્વાભાવિક રીતે જ એમના અંતઃકરણમાંનો એ ઉકળાટ અને અજંપો મહદંશે કટાક્ષ અને વક્રોક્તિના સ્વરૂપમાં અભિવ્યક્તિ થાય છે. એમની સુતીવ્ર સંવેદનશીલતા ક્યારેક તો શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ-જેમાં શાળા, કૉલેજ, યુનિવર્સિટી, સરકાર, સંચાલકો, શિક્ષણસંસ્થાઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો, આચાર્યો, અભ્યાસક્રમો વગેરે સર્વનો સમાવેશ થઈ જાય છે, તેનો ઉપહાસ કરવા સુધીની અનિચ્છનીય છતાં ક્ષમ્ય ગણી શકાય તેવી કક્ષાએ પહોંચી જાય છે. આમ છતાં, એકંદરે એમ અવશ્ય કહી શકાય કે શિક્ષણના સ્વાસ્થ્યની સાત્ત્વિક અને સંનિષ્ઠ ચિંતા સેવનાર કોઈ પણ શિક્ષણપ્રેમી સજ્જનને શ્રી સનાતન યાત્રીના કથયિતવ્યના હાર્દ સાથે મતભેદ ન હોઈ શકે.

હમણાં થોડા દિવસ પહેલાં નવી દિલ્હીમાં "Association of Indian Universities." ની સામાન્ય સભાની બેઠક મળી હતી અને એ બેઠકમાં એવી માગણી કરવામાં આવી હતી કે પાંચમી યોજનામાં ઉચ્ચ શિક્ષણ માટે જે નાણાં ફાળવવામાં આવ્યાં હતાં, તેનાં કરતાં બેવડી રકમ છઠ્ઠી યોજનામાં ફાળવવી. બસ, આ સમાચારે શ્રી સનાતન યાત્રીના અંતઃકરણમાં અનવરત ઊકળી રહેલા પેલા પુણ્યપ્રકોપ માટે ઉદ્દીપન વિભાવની ગરજ સારી અને એમનો સ્વયંભૂ રૌદ્ર રસ આ પ્રકારે અભિવ્યક્ત થયો :-

"ઉચ્ચ શિક્ષણ પાછળ વધારે પૈસો ખરચવો એટલે મોટા પગારોવાળા પ્રોફેસરો, જે મોટે ભાગે કોન્ફરન્સ અને વર્કશોપને આ કે તે મિટિંગોમાં ફર્યા કરતા હોય! નહીં ભણવાની ઈચ્છાવાળા ને યુનિવર્સિટીઓનાં મકાનો-રેકોર્ડોમાં આગ ચાંપવાવાળા વિદ્યાર્થીઓ!! સમાજના શ્રેય માટે વાલનવ્યવહાર વગેરેની ઊભી કરેલી વ્યવસ્થાની બસોને બાળીને, હાઈજેક કરીને, ઊંધી-ચત્તી કરવામાં પોતાના ભણનરનું અશ્રેતિ છે, એમ સમજનારો અભિનવ વિદ્યાર્થી વર્ગ! વરસમાં માંડ થોડા દિવસો (સમ ખાવા પૂરતું જ તો!) ચાલતી યુનિવર્સિટીઓ!"

અલબત્ત, એમના આખાયે લેખનો ઝોક પ્રાથમિક શિક્ષણ-સમગ્ર શિક્ષણની આખી યે ઇમારતની જે આધારશિલા છે, તે-ને શુદ્ધ, સમૃદ્ધ અને સુગ્રથિત બનાવીને, શિક્ષણની આ બુનિયાદને સુદૃઢ કરવા તરફ રહ્યો છે, તેથી ચાયાની ઉપેક્ષા કરીનેં મકાનના શિખરને સુશોભિત કરવાની પેલી માગણી અને દરખાસ્ત તેમને હાસ્યાસ્પદ જણાઇ, અને એમના અંતરાત્માને સતત અકળાવી રહેલી પેલી વ્યગ્રતા અને વેદના આ શબ્દોમાં ફરી ઓકનાર ઠલવાઈ રહી:

"ક, ખ, ગ શીખનાર બાળક વધારે મહત્ત્વનું છે કે પોપટની જેમ કોઇકનું શીખવ્યું પટપટ બોલી જનાર પીએચ. ડી. ઓ વધારે મહત્ત્વના છે? 'ક' શીખનારને ઓછામાં ઓછું 'ક' તો આવડે, એમ જોઈ શકાય છે; પીએચ. ડી. વાળાને એણે જે લખ્યું છે તે એને આવડે છે કે નહીં, તેની શંકા રહે છે!"

શ્રી સનાતન યાત્રીના આ પ્રકારના ઉદ્ગારો, ઉપર કહ્યું તેમ, કટાક્ષ અને વક્રોક્તિ વડે સાંગોપાંગ અનુસ્યૂત છે, એ સ્પષ્ટ છે; એમાં અતિરેક અને અત્યુક્તિનું પ્રમાણ પણ ઠીક ઠીક માત્રામાં છે, એમ સ્વીકારવામાં પણ વાંધો નથી. કૉલેજના અધ્યાપક તથા આચાર્ય તરીકેના મારા પોતાના સુદીર્ઘ ('આજીવન' કહું તો પણ અત્યુક્તિ નથી!') અનુભવને આધારે હું એ કહેવાની સ્થિતિમાં છું કે આક્રાન્ત વિદ્યા-વ્યાસંગ અને સ્વાધ્યાય-સંશોધનને જેમણે પોતાના અધ્યાપન-જીવનની એકમાત્ર ઈતિકર્તવ્યતા અને આરાધ્ય દેવતા તરીકે સંસ્થાપી છે એવો, ભલે બહુ નાનો છતાં સંપૂર્ણતઃ સરસ્વતી-પરાયણ, અધ્યાપક-વર્ગ આપણી પ્રવર્તમાન યુનિવર્સિટીઓમાં અસ્તિત્વ ધરાવે છે; અને સનાતન યાત્રીના ઉદ્ગારો આ વર્ગના અધ્યાપકોને અન્યાય કરે છે, એ પણ સાચું. પરંતુ એમના આ સર્વ ઉદ્ગારોમાંથી કટાક્ષ-વક્રોક્તિ-અતિરેક-અત્યુક્તિ વગેરે તત્ત્વોને સદંતર ગાળી-ચાળી-કાઢી નાખવામાં આવે તો પણ, અવશિષ્ટ રહેલી શુદ્ધ અને નિર્ભેળ હકીકતો એટલી સઘન અને સંગીન છે કે સ્વસ્થ બુદ્ધિ અને સ્વચ્છ હૃદયના કોઈ પણ શિક્ષણપ્રેમી સજ્જન માટે આઘાત તથા ઉદ્વેગ સર્જનારી નીવડી શકે, એવી પર્યાપ્તતા એમાં છે.

શ્રી સનાતન યાત્રીના ઉપર્યુક્ત ઉદ્ગારોમાંના હાર્દને અનુમોદન માળી રહે એવા, જુદી દિશામાંથી સાંપડેલા એક પ્રવચનનો સંદર્ભ નહીં પ્રસ્તુત અને સમુચિત હોવાથી ટાંકું છું : ભારતના ઉપરાષ્ટ્રપતિ ન્યાયમૂર્તિ શ્રી એમ. હિદાયતુલ્લાએ 'આધુનિક શિક્ષણ' એ વિષય પર ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ)નું ૧૯૭૯નું વાર્ષિક વ્યાખ્યાન તા. ૭-૪-૮૦ના રોજ આપ્યું હતું. મૂળ અંગ્રેજીમાં આપાયેલા એમના એ મનનીય પ્રવચનનું ગુજરાતી ભાષાન્તર ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ શિક્ષણશાસ્ત્રી આચાર્યશ્રી યશવંતભાઈ શુક્લે "સંદેશ" દૈનિકપત્રના વાંચકોને પૂર્ણપણે બે હપ્તે (૧૦-૫-૮૦ અને ૧૭-૫-૮૦) સુલભ કરી આપ્યું હતું. શ્રી હિદાયતુલ્લા તો ભારતના ઉપરાષ્ટ્રપતિનો ઉચ્ચ અને ઉત્તરદાયિત્વપૂર્ણ હોદ્દો શોભાવી રહ્યા છે અને એક આજીવન ન્યાયમૂર્તિ તરીકે સુદાસર મિતભાષણનું મહત્ત્વ તેમણે આત્મસાત કર્યું હોય; અને છતાં આશ્ચર્ય સાથે આંચકો આપે એવી હકીકત એ છે કે તેમના એ વ્યાખ્યાનના બીજા હપ્તા (સંદેશ, તા. ૧૭-૫-૮૦)નાં પેટા-શીર્ષકો કાળા મોટા ટાઈપમાં આ રીતે મુદ્રિત કરવામાં આવ્યાં હતાં:-

"(૧) વિદ્યાર્થીઓને અભ્યાસ વિના ડિગ્રી જોઈએ;

(૨) શિક્ષકોને ભણાવ્યા વિના પગાર જોઈએ;

(૩) અધ્યાપકોને વિદેશોની પરિષદમાં જવું હોય છે."

રાષ્ટ્રમાંની ઉચ્ચ શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનું સ્વરૂપ જો આવું જ હોય તો એ શિક્ષણ પાછળનો ખર્ચ સ્થગિત કરવા વિશેનો શ્રી સનાતન યાત્રીનો વ્યથાપૂર્ણ આક્રોશ સયુક્તિક અને સમયસરનો નથી બની જતો? ઉચ્ચ શિક્ષણ એ સમસ્યા નથી? અને છેલ્લો પ્રશ્ન: આ સમસ્યાનું નિરાકરણ કે નિરસન શું?

— જયાનન્દ દવે

પ્રેરણા • મનોવિજ્ઞાન : આપણું એ અમૃત

આફ્રિકાની કેટલીક હબસી જાતિઓમાં એક અનોખો લાગે એવો રિવાજ છે. એ લોકો જંગલમાંથી એક ખાસ પ્રકારનું મધમીઠું બોર શોધી કાઢતા હોય છે. આ બોરની લાક્ષણિકતા એ હોય છે કે એ જો મોંના એક ખૂણામાં પડયું હોય તો જે કોઈ ખોરાક લેવામાં આવે એ ગળ્યો મધ જેવો લાગે. તીખા, તુરા, ખાટા કે કડવા પદાર્થને પણ એ મીઠાશ જ આપે. એટલે એ હબસીઓ પોતાના મોંમાં આ બોરને રાખી મૂકે છે ને એની મીઠાશ માણ્યા કરે છે. ગળ્યા સિવાય બીજો કોઈ સ્વાદ એમને અનુભવવો પડતો નથી.

ડૉકટરો આ પદ્ધતિ મંજૂર કરે કે કેમ એની ખબર નથી. પણ જેમને જીવનકલાની ઉપાસના કરવી છે એમના માટે આ વિલક્ષણ ઘટનામાં એક ગજબની પ્રેરણા પડેલી છે એમાં ના નહીં. પેલા લોકો જેમ મધમીઠા બોરને મોંમાં રાખીને અણગમતા સ્વાદોને બનાવી બૂઠ્ઠા દે છે તેમ આપણે પણ કોઈ પદ્ધતિનો ઉપયોગ કરીને આપણી જિંદગીના ખાટા-કડવા અનુભવોને મીઠા ના બનાવી શકીએ? એના વિષે વિચારવા જેવું છે.

એક જાંગાળી ભજન છે: "અનેક માણસોથી ઉભરાતા આ જગતમાં એક પણ આંખ એવી નથી જે કયારેય ના રડી હોય, એક પણ પગ એવો નથી જે ક્યારેક ના લથડયો હોય, એક પણ હૃદય એવું નથી જેમાં કદીક વલોપાત ના વલોવાયા હોય ને એક પણ માણસ એવો નથી જેને કડવા અનુભવ ના થયા હોય."

બસો વરસ પહેલાં આ ભજન લખાયું ત્યારે જે સ્થિતિ હતી એમાં આજે કશો પણ ફેરફાર દેખાતો નથી. જગતના ચોકમાં આવનારા દરેક માણસના ભાગે સારા–ખોટા અનુભવ ફાળે પડતા આવે જ છે. એમાં આપણો અનુભવ પાછો એવો છે કે આપણને ખોટા અનુભવ જ વધારે થાય છે–અથવા તો આપણને એવું લાગતું હશે તો તો આ વિશે વધારે વિચાર કરવો ઘટે.

એક છાપખાનું હતું. એમાં અનેક બીબાં ગોઠવનારા કામ કરે. એમાંનો એક જણ જરા વરણાગિયો. એના હાથમાં કયાંકથી ડનલોપીલ્લોનો નાનો ટુકડો આવી ગયો. એણે પોતાના કામ કરવાના ઘોડા પાસે એને જમીન ઉપર મૂકયો. એના ઉપર ઊભો રહીને એ બીબાં ગોઠવે. એને ભારે મજા આવવા લાગી. પણ એ બેપાંચ મિનિટ માટે બહાર જાય તો એના સાથીદારોમાંથી એકાદ જણ એ ટુકડો ખેંચીને પોતે એના ઉપર ઊભો રહીને કામ કરવા લાગે. વારંવારની ખેંચાતાણીથી કંટાળી ગયેલા આ કારીગરે એક નવો જ નુસ્સો અજમાવ્યો. એણે ડનલોપીલ્લોની સગતળી બનાવીને પોતાના બૂટની અંદર નાખી દીધી. હવે એને કોઈ શી રીતે ખેંચી જાય?

જયારે પણ સુખ અને આનંદનો વિચાર કરું છું ત્યારે મને આ બે ઘટનાઓ જરૂર યાદ આવી જાય છે. મોંમાં બોર અને પગમાં ડનલોપીલ્લો. આ માટે આફ્રિકા કે કોઈ મોટા સ્ટોરમાં જવાની આપણને જરૂર નથી. આપણે પોતાના મનને જરા સજજ કરવાનું છે, એના વલણમાં એક ફેરફાર કરવાનો છે, અવળી ચાવીને જરા સવળી કરવાની છે, રચનાત્મક દૃષ્ટિકોણ અપનાવવાને. છે.

એકવાર એક બહેન કહે; "તમે વારંવાર રચનાત્મક અભિગમ વિશે વાત કરો છો એનું કારણ શું?"

"આપણો વિચારનો અભિગમ મોટે ભાગે નિરાશાવાદી અને વિસર્જનાત્મક હોય છે એટલા માટે."

"આ બધું તમે સ્પષ્ટ કરો તો સારું."

"સાવ સાદી વાત છે. જયારે પણ આપણે ચિન્તા, નિંદા, ઈર્ષ્યા કે ટીકા કરીએ છીએ ત્યારે આપણે પોતાના મનનો અને સમયનો ખોટો ઉપયોગ કરતા હોઈએ છીએ. કારણ કે એવી પ્રવૃત્તિઓથી આપણને કે અન્યને નુકસાન જ થતું હોય છે."

"આવી પ્રવૃત્તિને અનુત્પાદક ગણીને ટાળવી જોઈએ, એમ ને?"

"તમે બરાબર સમજ્યાં"

"પણ એમ ના બનતું હોય તો? મન વારંવાર એવા રસ્તે જતું રહે તો?"

"એટલા માટે જ તો રચનાત્મક વલણ ઉપર ભાર મૂકવાની વાત છે."

પ્રશંસા, આનંદ, શાંતિ, મધુરતા, પ્રફુલ્લતા, આશા, શ્રદ્ધા, ઉજજવળ ભવિષ્યમાં વિશ્વાસ, ધીરજ, મનોબળ, દૃઢતા–આ શબ્દો જ તમારા મનમાં કેવી આનંદલહરીઓ ઊભી કરે છે! એમાં મહત્ત્વ છે એ શબ્દોની પાછળ રહેલા ભાવનું. આવા આનંદદાયક ભાવો જયારે મનમાં વિકસે છે ત્યારે એમની અસર બહાર પણ દેખાયા વગર નથી રહેતી.

રેલ્વેના બે ડબ્બા વચ્ચે સ્પ્રીંગો હોય છે ને? એ સ્પ્રીંગો ના હોય તો વારંવારની ધક્કાધક્કી ને હડદોલાથી એ ડબ્બો ચોપાઈ જાય. આપણા મનનું રચનાત્મક વલણ આવી સ્પ્રીંગો જેવું છે. એ જગતના હડદોલાની જલદતાને આપણા સુધી પહોંચવા દેવાને બદલે એને પાછી મારી હઠાવે છે. જો આવી વ્યવસ્થા વચ્ચે ના રાખી હોય તો શું થાય એ સહુના અનુભવની વાત છે. માટે જ આવી વ્યવસ્થાઓ ઊભી કરવાની જરૂર પડે છે.

જેમને પણ જીવનની સામાન્ય ઘટમાળમાંથી બહાર આવવું છે ને પોતાને કોઈક વિકાસની ભૂમિકાએ લઈ જવાની ખેવના છે એ દરેકને માટે આવી કંઈક વિચારણા અનિવાર્ય બની જાય છે. જાગૃતિ વિના જીવન નથી. એ જાગૃતિ કેળવવી પડે છે. એના માટે વિચાર અભિગમનો રસ્તો શ્રેષ્ઠ ગણાયો છે.

–પ્રકાશ ગજજર

☆ પ્રેમળ-જ્યોતિ ☆

ધનતેરસના શુભ દિવસે સંઘની પ્રેમળ-જ્યોતિની પ્રવૃત્તિને ત્રણ વર્ષ પૂરાં થયાં. જન્મ-દિનની ઉજવણી નિમિત્તે સવારના ૧૦ વાગે અમે ૮-૧૦ કાર્યકર બહેનોએ સાયન હોસ્પિટલનાં બાળ-વિભાગ, સ્ત્રી- વિભાગ તેમજ અપંગ બાળકોની મુલાકાત લીધી. ખાટલે ખાટલે ફરીને અને દરદીઓને મળીને શુભેચ્છાઓ વ્યકત કરી. ફળ અને બિસ્કીટ વહેંચ્યા.

એક વાગે ચેમ્બુર (માનખૂર્દ) પહોંચ્યા. 'ગવર્મેન્ટ રીમાન્ડ હોમ' તેમજ 'સુખ-શાંતિ,' એ બન્ને સંસ્થાની મુલાકાત લીધી. આ સંસ્થા નિરાધાર સ્ત્રીઓ અને તેમના બાળકોને રાખે છે અને પોષે છે, નોકરી આપાવે છે તેમ જ યોગ્ય વ્યકિત મળતાં પરણાવી આપે છે. બન્ને સંસ્થામાં બેનોને મળીને તેમની વાતો સાંભળી. સુખ-શાંતિની બેનો સુંદર એમ્બ્રોઈડરી કામ કરે છે. પ્રેમળ જ્યોતિની બેનોએ તેમને સાડીઓ ભરવા આપવી એમ વિચાર્યું.

ત્યાર બાદ બાળ-કલ્યાણ નગરીમાં ગયા. સરકાર તરફથી ચાલતી આ બાળ-કલ્યાણ નગરીમાં છથી સાત જુદી જુદી સંસ્થાઓ છે. આશરે હજાર બાળકો છે. બાળ-કલ્યાણ નગરી જોઈ, પણ દુખી-સુખી બાળકોના નિસ્તેજ ચહેરા દિલમાં દર્દ ઉપજાવતા હતા. નાના બાળકો સાથે પ્રાર્થના કરી પ્રેમની જ્યોતિ પ્રગટાવી, બાળકો માટે મીઠાઈ, ફટાકડા, બિસ્કીટ, ચોપડીઓ માટે પુસ્તકો, વિ. વહેંચ્યા. બાળકો ખુશ થયા. મુખ પર સ્મિત ફરકાવીને આવજો આવજો કરી અમને વિદાય આપી.

ત્રણ વાગે જૈન- કલીનીક પર પહોંચ્યા ત્યારે શ્રી પુષ્પાબેન શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી શાંતિભાઈ, શ્રી મહેતા વિ. અમારી રાહ જોતા હતા. પ્રેમળ જ્યોતિની વર્ષગાંઠ નિમિત્તે હોસ્પીટલના સ્ટાફને પેંડા વહેંચવાના હતા. ત્યાર બાદ અમે પેશન્ટોને ફ્રુટ-બિસ્કીટ વહેંચી ચાર વાગે વિખરાઈ ગયા.

પ્રેમળ- જ્યોતિને તમે તમારા હાથ-પગ માનજો. તમારા દિલમાં રહેલી સદ્‌વૃત્તિને પ્રેમળ જ્યોતિના હાથદ્વારા વ્યકત થવા દેજો. મારું-તારું છોડીને સૌને માટે આપણે સાથે મળીને કંઈક કરીએ.

– નીરુબેન શાહ
સંચાલિકા, પ્રેમળ જ્યોતિ

* દમના દરદીઓ માટે *

દમના દરદીઓ માટે મેસર્સ નવનીત પ્રકાશન, શારદાશ્રમ પાસે ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ-૪૦૦૦૨૮. (ફોન નંબર ૪૫૭૨૮૬) ઉપરથી એક કોથળીમાં ત્રણ પાન એની વાપરવાની સૂચના સાથે આપવામાં આવે છે, તો આનો લાભ લેવા વિનંતી છે.

મંત્રીઓ
મુંબઈ જૈન યુવક સંઘ

આવા પણ છે

કહેવાય છે કે every man has his price કોઈનું મોં નાનું કોઈનું મોટું, કોઈ થોડામાં રીઝે, કોઈ ઘણામાં, અને જ્યાં સુધી Greasing the palm ન થાય ત્યાં સુધી કશું કામ થતું નથી, અને કશું કરાવવા માટે અંડર ધી ટેબલ કે ઉપર આપવું જ પડે છે, અર્થાત્ ગ્રીઝ લાગે ત્યારે જ પેલા ચક્રો ગતીમાન થાય છે–તે સિવાય નહિ.

આવું આપણે વાંચીએ છીએ, જાણીએ છીએ, અનુભવ પણ કરીએ છીએ ત્યારે મનમાં પ્રશ્ન ઉઠે છે કે ખરેખર દરેક પૈસાથી જીતાઈ જ જાય છે, કોઈ એના પ્રલોભનથી દૂર નથી જ શું?

પરન્તુ આ ધરતી પર પાપ છે, વધતા જાય છે તોયે પૂણ્ય હજી પરવાર્યું નથી, ખૂણેખાંચરે એવા પણ છે જે આ કાદવમાં ખરડાયા નથી, આજે આપણે એવી જ એક નારીની વાત કરવી છે, વાત આ છે. તમે સૌ આ વાત તો જાણો છો જ કે એક વર્ષે બ્રિટનમાં ખોડખાંપણવાળા લગભગ ૪૦૦ બાળકો જન્મ્યા, કારણમાં એમની માતાઓએ ડોક્ટરોના કહેવાથી થાલીડોમાઈડ નામની નવી દવા લીધેલી અને એ દવા બનાવનારને નેશનલ હેલ્થ સર્વીસ ખાતાએ હાનિકારક નથી જ, તેવું સર્ટિફિકેટ પણ આપેલું.

આ દવા અમેરિકામાં કોઈ પણ માતાઓ લીધેલી નહિ, કારણમાં ત્યાંની સ્ત્રી-અમલદાર ડૉક્ટરે, એ દવા વિષે સંપૂર્ણ ખાત્રી ન થાય ત્યાં સુધી All clear નું સર્ટિફિકેટ આપવાની સ્પષ્ટ ના સુણાવી દીધી હતી.

આ દવાનો ઉપયોગ બ્રિટન ઉપરાંત પશ્ચિમ જર્મનીમાં પણ થઈ રહ્યો હતો, એનાથી ગર્ભવતી માતાને આરામ મળતો, મજાની ઊંઘ આવતી, અને એની કોઈ ખરાબ અસર થતી દેખાતી નહોતી.

આ દવા બનાવનારે પેલી બાઈને રીઝવવા જાતજાતના સૂચનો કર્યા, થોડા નહિ પણ ઘર ભરાઈ જાય એટલા નાણાંની ઓફર કરી, પરન્તુ એમણે મચક આપી નહિ. ડૉક્ટર ઓલ્ડહામ જે અમેરિકાના ફૂડ ડ્રગ્ઝના એડમીનીસ્ટ્રેશનના મેડીકલ ઓફિસર હતા એમણે જાહેર કર્યું કે પૂરી ખાત્રી થયા વીના એનું વેચાણ થવા દેવાય નહિ.

સ્થાપિત હિતવાળાઓએ અમેરિકામાં આ દવા દાખલ કરવા માટે અનહદ પ્રયત્નો કર્યા. જ્યાં લાખોનો ફાયદો થવાનો હોય ત્યાં માલિકો હજારો તો શું લાખોની લાંચ આપવા તૈયાર થાય, એક વર્ષ ફાયદો નહોતો થયો માની લે, પછી તો ધી-કેળાં જ ને? પરન્તુ પેલી ડૉક્ટર બાઈએ તો એક જ જવાબ આપ્યા કર્યો કે જનતાની સુખાકારી જોવી એ મારી ફરજ છે અને એ દવાની કોઈ ખરાબ અસર થાય છે કે કેમ તે જાણ્યા વિના એ વેચવાની પરવાનગી હું આપી શકું નહિ.

આ દવા ૧૯૫૭માં પશ્ચિમ જર્મનીમાં શોધાઈ હતી, અને જ્યારે આ ડૉક્ટર બહેને એનો વપરાશ ન થવા દીધો ત્યાં સુધી એની કોઈ ખરાબ અસર પણ દેખાણી નહોતી, છતાં એ મક્કમ હતી.

આ દવા એક જ જાતની, નામ જુદા જુદા, બ્રિટનમાં ટીસ્ટાવાલ તરીકે વેચાતી, બીજી ફર્મે એ જ દવા 'ટાલીમોલ"ના નામે બનાવી, ત્રીજીએ "કેવાડોન"ના નામે બનાવી, ટૂંકમાં નામરૂપ જૂજવા અંતે તો તેમનું તેમજ!!

બે વર્ષના વપરાશ પછી એની માઠી અસર કોઈ જગ્યાએ દેખાણી. ત્યાંના ડૉક્ટરોએ કંપનીનું એ વાત પર ધ્યાન દોર્યું, તો જવાબ મળ્યો કે એમાં દવાનો દોષ નથી, કદાચ એકલદોકલ વ્યકિતને અનુકુળ ન આવે તે બની શકે.

૧૯૬૧માં બ્રિટિશ મેડિકલ જર્નલમાં એક ડૉક્ટરે લેખ લખ્યો કે એ દવાથી મગજની અસ્થિરતા, હાથપગનું ધ્રુજવું, આંગળાનું ખોટું પડી જવું, થાય છે, અને આ બધાનું કારણ પેલો થાલીમોઈડ દવા જ લાગે છે.

આવી અસર પ્રતિ દવા બનાવનાર કંપનીને જાણ કરી. કંપનીને બે વૈજ્ઞાનિકોને મોકલ્યા તપાસ કરવા, એમણે રિપોર્ટ આપ્યો કે દવામાં કશી ખરાબી નથી જ. દવા તો લગભગ ત્રણથી ચાર લાખ લોકો વાપરે છે, એમાં બે પાંચને એવું થાય તેનું કારણ દવાને કેમ અપાય? (આથી જુદો રિપોર્ટ એ શેઠા જ આપવાના હતા?)

૧૯૬૨માં જ પશ્ચિમ જર્મનીમાં એટલે કે જ્યાં દવા બનાવવી શરૂ થઈ હતી, ત્યાં ખૂબ જ ખોડખાંપણવાળા બાળકો જન્મવા લાગ્યા, અને ડૉક્ટરો ચિન્તામાં પડી ગયા. કોઈ બાળકને આખા હાથ જ ન હોય, કોઈને આંગળો જ નહિ, કોઈને ખભા નીચે કશું જ નહિ, કેટલાને પગ જ નહિ, કેટલાક કાનવિનાના, કેટલા આંખ વિનાના, કેટલાને અંદર આંતરડા જ નહિ, કેટલાને શ્વાસનળી નહિ અને આવા લગભગ ૩૫૦ થી ૪૦૦ બાળકો જન્મ્યા, અને ડોક્ટરોએ એમની માતાને પૂછતા જાણ્યું કે એવા બાળકને જન્મ દેનારી દરેક માતાએ એ દવા લીધી હતી.

ખૂબ ખળભળાટ મચી ગયો, એ દવા બજારમાંથી પાછી ખેંચી લેવામાં આવી, કેનેડા વગેરે જગ્યાએ તો ખૂદ ડૉક્ટરોની પત્નીઓએ પણ એ દવા લીધી હતી, જેને કારણે એવા બાળકોને જન્મ આપ્યો હતો, પરિણામે જબ્બર વંટોળ જાગ્યો.

એ ડૉક્ટર બહેને અમેરિકાને બચાવી લીધું, કશાયે પ્રલોભનને તાબે થયા નહિ, એ જાણ્યા પછી પણ આપણે શું એમ કહીશું કે દરેક લલચાય જ છે? એમના વિષે લખતા વીન્ટન રેકીન લખે છે કે અમેરીકાની જનતા અને ખાસકરીને અમેરીકાની સ્ત્રીઓ, માતાઓ એમની સદાને માટે ઋણી રહેશે.

૧૯૬૨નાં ઓગસ્ટમાં વ્હાઈટ હાઉસમાં એ ડોક્ટરને પ્રમુખ કેનેડીના હાથે એમના એ પ્રશંસનીય કાર્ય માટે પ્રેસીડન્ટ એવોર્ડ આપવામાં આવ્યો.

આ લેખનો અનુવાદ કરવાની ઈચ્છા થવાનું કારણ એ કે ભારતમાં જાતજાતની દવાઓ બને છે, હમણાં જ ડૉક્ટરોની કૉનફરન્સ થઈ, તેમાં નિષ્ણાતોના મત પ્રમાણે જ્યાં ૩૦૦ ડ્રગ્ઝથી ચાલે એવું છે ત્યાં ત્રણ હજાર, જુદા જુદા નામે બને છે, અને જાહેરાત કરીને વેચાય છે. આની પાછળ પૂરતી ચકાસણી થાય છે ખરી? પ્રલોભનથી પર થઈને પેલી અમેરિકન ડૉક્ટર બાઈની જેમ અડગ રહેનારા છે ખરા?

પેનીસીલીન ચાલ્યુ, ખૂબ ચાલ્યુ, બ્રોકેઈનના વખાણ થયા, અંતે આમુક જાન ગયા, ત્યારે ઉપયોગ અટક્યો, ડી. ડી. ટી. માટે કારખાના થયા, સ્થાપિત હિત શરૂ થયા, પછી ભલેને ડી. ડી. ટી.થી નુકશાન થાય, એનો વપરાશ ઘટે છે ખરો? ચાગર સાવચેતીપૂર્વક વપરાય છે? ગરીબ દેશમાં ચાટલી દવાની જરૂર છે ખરી! જો નિષ્ણાતો કહે છે કે ૩૦૦ થી ચાલે તો ૩૦૦૦ શા માટે? કેટલી જાહેરાત! એમાં ડોકટરોનો સાથ, આ બધાનો ભોગ તો વાપરનારા જ બને ને? ધન જાય ને સાથે જ સાઈડ ઈફેક્ટથી નુકશાન થાય છતાં કેમ આ ચાલ્યા જ કરે છે? શું કોઈ પ્રલોભનથી પર નથી? આશા રાખીએ કે થોડાને તો આત્માનો પેલો still small voice સંભળાશે અને એ દિશામાં ધોળેદાડે ચાલતી લૂંટ અને થતું નુકશાન અટકાવશે.

લેખક: મોર્ટન મિન્ટઝ
અનુ: રંભાબેન ગાંધી

* ફાધર વાલેસના પુસ્તકો સસ્તી કિંમતે *

ફાધર વાલેસના હેતુલક્ષી તેમજ જીવનોપયોગી લખાણવાળા ૨૦ પુસ્તકોનો સેટ, જેની છાપેલી કિંમત રૂ. ૧૫૭, છે તે સેટ રૂ. ૮૦માં આપવામાં આવે છે. નીચેના સ્થળોએ સંપર્ક સાધો.

(૧) શાંતિલાલ ટી. શેઠ.
C/o. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૫૦૨૯૬

(૨) ૨૫, સુન્દરમ એપાર્ટમેન્ટ, ૭ માળે, રામચન્દ્ર લેન,
મલાડ-વેસ્ટ. મુંબઈ-૪૦૦૦૬૪.

બળાત્કારનો ભોગ થતી બહેનો અને એમના પ્રત્યે સમાજનું વલણ

[મહિલા પરિષદ દ્વારા 'મહિલા પર થતાં બળાત્કાર અંગે સામાજિક જવાબદારી' એ વિશે તા. ૨૪ અને ૨૫ ઓક્ટોબરના રોજ ચોજાયેલ પરિષદમાં રજુ થયેલ નિબંધ.]

બળાત્કાર અને જોરજુલ્મની વાતો વર્તમાનપત્રોમાં વિગતવાર આવે ત્યારે કેટલાંકને એ વાંચી દુઃખ થાય, ચીડ ચડે, આ અંગે કાંઈક કરવું જ જોઈએ એવું લાગે. પણ કમનસીબની વાત છે કે હજુ પણ એક મોટો એવો વર્ગ છે, જેને લાગે છે, "આ કાંઈ નવી વાત છે? અનાદિકાળથી આ તો ચાલતું આવ્યું છે, પણ હવે શરમ જ ક્યાં રહી છે? નામઠામ સાથેની વાતો છાપે ચડાવતા કાંઈ લાગતું નથી!"

કોઈ પણ સ્ત્રી પર બળાત્કાર થાય ત્યારે એ વાત શરમજનક તો ખરી જ, પણ એ કોને માટે? બળાત્કાર જેવું હીણ હિચકારું કામ કરે એને માટે. પણ આ મોટા વર્ગને એવું લાગે છે? ના. એમને તો વાતની એ ચીડ છે કે બહેનોને બળાત્કાર અંગે હોહા કરતા શરમ નથી લાગતી! સ્ત્રીની જાત ઓલ્યે વીતે એ મુંગે મોંએ સહન કરવું ઘરની અને સમાજની આબરૂ ખાતર જીવવું અને ના જીવાય ત્યારે મરી જવું. પણ ન્યાય માગવા માટે પણ મોં ના ખોલવું. સ્ત્રી બોલે તો આબરૂ જાય. પુરુષ વંઠે તો કાંઈ ના થાય. એ તો ત્રાંબાનો લોટો માંજીને ઘોઈ નાખ્યો એટલે પવી ગયું અને સ્ત્રી કાચના વાસણ જેવી. કાચનું વાસણ નંદવાય એ સંધાય નહીં, ઘરમાં રખાય પણ નહીં. એ માન્યતા હજારો વર્ષોથી આપણા મનમાં જડ ઘાલીને બેઠી છે.!

એક વર્ગ સમાજમાં એવો પણ છે કે જે પોતાને આવી કોઈ માન્યતાથી પર માને છે. એ લોકો વળી જુદી જ વાતો કરે છે. "આજ કાલ બહેનો ગમે ત્યારે ગમે ત્યાં જતી હોય છે. ગમે એવા કપડાં પહેરી ફરે પછી જોનારા બહેકી જ જાય ને!"

બહેનો હવે ઘરની ચાર દિવાલોમાં રહી, ઘરનાં જ પુરુષોની "લાજ" કાઢી, મોં છૂપાવીને નથી રહેતી. રહેવા માગતી પણ નથી એ હકીકત છે. છતાં જ્યારે બહેનો એવી મર્યાદાઓ પાળી ડાહીડમરી થઈને રહેતી હતી ત્યારે શું પુરુષો સીધાં હતા? બહેનો પર બળાત્કાર થતાં નહોતા? કેટલીક વાર તો એમ પણ લાગે કે ઘરમાં રહેતા ભાઈ, બાપ, સસરા, જેઠ, દીયર એ બધાથી બચવા માટે સ્ત્રી મોં છૂપાવતી હતી કે શું? અનાથાશ્રમના ઈતિહાસના પાના પર "સ્વજનોએ" અને કહેવાતા "વડીલો"એ કરેલા નીચ કૃત્યોની યાદી કાંઈ ઓછી લાંબી નથી!

એ ઉપરાંત ચૂડીઓ ચડાવતા મણિગર, વિધવાઓના માથા મુંડાવતા હજામો પણ સંજોગોનો લાભસારી પેઠે ઉઠાવતા. એટલે એક વાત તો દીવા જેવી ચોખ્ખી છે કે જ્યારે બહેનો લાજ મર્યાદા જાળવી ઘરમાં ને ઘરમાં રહેતી ત્યારે પણ એ સુરક્ષિત તો હતી જ નહીં! એ સ્ત્રીની વેશભૂષા માટે પણ કશું કહેવા જેવું નથી–એ તો કોઈ પણ કબૂલ કરશે.

આજે બહેનો લાજ નથી કાઢતી એટલું જ નહીં પણ પોતાને ફાવે એવા વસ્ત્રો પહેરે છે. પછી એ શર્ટ ને જીન હોય, મિનિ કે મિડી હોય. એ વસ્ત્રો સૌંદર્ય કે સગવડની દૃષ્ટિએ કેવા લાગે એ વાત બાજૂએ રાખી માત્ર બળાત્કાર કરવા પુરુષોને એ પ્રેરે છે કે કેમ એ વિચારીએ તો એક વાત સ્પષ્ટ છે કે રૂઢિનો વિચાર ફગાવી દઈ સ્વતંત્ર મિજાજથી ફરતી બહેનોને ભાગ્યે જ કોઈ કનડે છે! એ બહેનોને જેમ વર્તવું હોય તેમ તેઓ વર્તે છે. બળાત્કાર મોટે ભાગે "અબળા" પર થાય છે. જે સ્ત્રી મોંઢેથી કકળાટ પણ નહીં કરે એના પર થાય છે. કારણ આખરે એ પશુકૃત્ય કરનારા મોટે ભાગે હીચકારા હોય છે. જે સ્ત્રી સંજોગોને લીધે દબાયેલી છે, જેની પાછળ અડીખમ ઉભા રહેવાવાળા કોઈ નથી, જેના કાંડામાં બળ નથી, જે અસહ્ય છે, એના પરજ એ "શૂરવીરો" ટૂટી પડે છે એટલે જ હરિજનોને અસ્પૃશ્ય ગણતા સવર્ણો હરિજન સ્ત્રી પર બળાત્કાર કરે છે- વન વગડામાં સરકારી અફસરો આદિવાસી સૌંદર્યની લૂટમાર કરતા હોય છે. ઓફિસમાં કામ કરતી બહેનોની આર્થિક જરૂરિયાતનો લાભ ઉઠાવી અધિકારીઓ પોતાની વાસના સંતોષે છે. જ્યારે કોમી રમખાણો થાય છે ત્યારે જે કોમ કચડાતી હોય તે કોમની બહેનો પર મોટા પાયા પર અત્યાચાર થાય છે. એમાં હવસખોરીની સાથે સાથે વેર વાળવાની વૃત્તિ પણ હોય છે.

આ બધી હકીકતથી કયા સંજોગોમાં અને કેવી બહેનોને સહન કરવું પડે છે એ સમજી શકાય એમ છે. (૧) શારીરિક અને માનસિક રીતે પ્રતિકાર કરવા અસમર્થ એવી બહેનો મોટે ભાગે ભોગ બને છે. એમાં શરીરસૌંદર્ય અથવા પ્રલોભનનો ભાગ હોતો નથી. એ સ્વૈરાચારના સાધનો છે, બળાત્કારના નહીં. સ્વૈરાચારનો તિરસ્કાર યોગ્ય ગણાય, પણ બળાત્કાર અંગેની ભૂમિકાનો ફેરવિચાર સામાજિક દૃષ્ટિએ કરવો જોઈએ. એ વિચાર કરતા, શારીરિક દુર્બળતામાં

(૧) સ્ત્રીની શરીર રચના અને નિસર્ગના ક્રમ મુજબ સ્ત્રી ધર્મમાં હોય ત્યારે અથવા ગર્ભવતી હોય ત્યારે સ્ત્રી દુર્બળ હોય અને એની મરજી વિના બીજાએ તો શું પણ પતિએ પણ એને ત્રાસ આપવો ઉચિત ના ગણાય. લગ્ન વખતે "ન અતિ ચરામિ" એવા શપથ લઈ પતિ-પત્નીને વચન નથી આપતો?

(૨) બાળવયમાં શરીરધર્મ વિશે અજ્ઞાન અને બાલ્યસુલભ એવી નિર્બળતા હોય છે.

(૩) મોટી ઉંમરે અવસ્થાને કારણે સ્ત્રી અશકત હોય. માંદગી વિ. પ્રાસંગિક કારણો પણ હોઈ શકે.

માનસિક દુર્બળતાના કારણોમાં

(૧) નજીકના સ્વજનની ગંભીર માંદગી, મૃત્યુ વખતે સ્ત્રી ઘણીવાર આગતિક બની જાય છે.

(૨) આર્થિક મુસીબતોનો સામનો સ્વમાનભેર કરવાનું સાધન ન મળવાથી સ્ત્રી જોરજુલ્મ સહન કરે છે.

(૩) કુટુંબની પ્રતિષ્ઠા ને ઘર છોડીને એકલા રહેવું અથવા બીજા કોઈને ત્યાં રહેવા જવું એ અશકય છે એવી માન્યતાને લીધે કુટુંબનાં પુરુષોને સ્ત્રી આધીન થાય છે.

(૪) યુદ્ધ, રમખાણ જેવા પ્રસંગોમાં જીવ બચાવવા માટે પ્રયત્ન કરતા સ્ત્રીને શરીર સોંપવું પડે છે.

આ બધાં જ સંજોગોનો વિચાર કરી સમાજે નક્કી કરવું જોઈએ કે એવા જ સંજોગોમાં પુરુષ પણ લાચાર બની ધાર્યું ન કરવા જેવું કરે છે. એના પર શારીરિક બળાત્કાર થતો નથી. સ્ત્રી પર થાય છે. એટલો જ ફેર! તો પછી પુરુષ ન કરવી જોઈએ ત્યાં સહી કરે, ન ઉપાડવી જોઈએ તે વસ્તુ ઉપાડે તો જેમ આપણે એને ક્ષમા કરીએ તેમ સ્ત્રીને પણ ક્ષમા ના થાય? ના થવી જોઈએ?

ચોરી અથવા ખૂન કરી જેલ ભોગવીને ઘેર આવેલા પુરુષ માટે ઘરના બારણા જેમ ખુલ્લા હોય છે તેમ એવી દુઃખિયારી સ્ત્રી માટે ના હોય? નથી હોતા! પણ હોવા ના જોઈએ?

સમાજે ક્ષમાશીલ તો થવું જોઈએ જ પણ એનાથી વધારે જે ગંભીર ગુનો કરે છે તેને છોડી દેવાની ઘાતક મનોવૃત્તિ બદલવી જોઈએ. જે પુરુષ કોઈપણ સ્ત્રી પર બળાત્કાર કરે યા કરવાનો પ્રયત્ન કરે તેનો બહિષ્કાર કરવો જોઈએ. તિરસ્કાર કરવો જોઈએ. એનું શરીર ભલે ત્રાંબાના લોટા જેવું માંજી લેવાનું હોય પણ એનું મન આપણા સમાજજીવન પર મહારોગ જેવી વિકૃતિ ફેલાવે છે એ અંગે આપણે સજાગ ના રહેવું જોઈએ?

સ્ત્રીને સુરક્ષિત રાખવી હોય તો ઘરમાં બંદિસ્ત રાખવી એ માન્યતા કેટલી ભૂલભરેલી છે એ સમજ્યા પછી સ્ત્રીને સ્વમાનભેર જીવવા માટે સાધનો મેળવી આપવાની અનુકુળ સમાજ નિર્માણ કરી શકે. કોઈ બહેન બે પૈસા કમાવા માટે કંઈ કરવા માગે તો "એને ઘેર શું કોઈ કમાતું નથી? "એને એના કુટુંબમાં બે પૈસા વાપરવા જેટલું માન કે સ્વાતંત્ર્ય નહીં હોય?" "સુખી ઘરના બૈરાઓએ કમાવવા શું કામ નીકળવું જોઈએ?" એવા તર્ક-વિતર્ક કર્યા વિના કામ કરીને પગભર થતી બહેનો સામે આપણે માનથી જોવું જોઈએ.

ઘરની બહાર જઈ કામ કરે એ બહેનોની ચાલચલગત પછી એવી જ! એવું ધારી લેવાની ઘાતક વૃત્તિ આપણા મનમાંથી કાઢી નાંખવી જોઈએ. ઓફિસોમાં રિસેપ્શનિસ્ટ હોય, હવાઈ સુંદરીઓ હોય, સેક્રેટરી કે ટાઈપીસ્ટ હોય, નર્સ હોય એ બધી બહેનો પોતે સુશીલ હોય છે એ સીધી સાદી હકીકત આપણે કેમ નકારતા હોઈએ છીએ? માત્ર ઘરમાં રહે એ બધી સ્ત્રીઓ સુશીલ અને બાકીની બધી જેવી તેવી એ માન્યતા કાઢી નાંખવી જોઈએ. સાહિત્યમાં, નવલિકાઓમાં અને કટાક્ષચિત્રોમાં ભણેલી અને કમાતી સ્ત્રીનું ચિત્રણ સ્વૈરિણી જેવું કરવામાં આવે એનો વિરોધ કરવો જોઈએ. હકીકતમાં એ સ્ત્રી જેવી હોય તેના જીવનને, મનને સ્પર્શે, એના નવા પ્રશ્નોની ચર્ચા કરે એવું સાહિત્ય લેખિકાઓ લખે અને જનમાનસમાં સ્ત્રીની

સાચી પ્રતિમા નિર્માણ કરે એ અપેક્ષા વધારેપડતી નથી અને એનું અગત્ય પણ ઓછું નથી.

રંગભૂમિ અને ચલચિત્રોમાં પણ સ્ત્રી-શરીરનું અશ્લીલ પ્રદર્શન થાય, એવા પોસ્ટરો રસ્તે રસ્તે લાગે એ સામે સમાજે પોતાની નાપસંદગી દર્શાવવી જોઈએ. સ્ત્રીની જાતીય આકર્ષકતા એ એની મૂડી છે એવી ભાવના સ્ત્રી પોતે જે દિવસે મનમાંથી કાઢી નાંખશે તે દિવસે સમાજ પણ એની સામે એ દૃષ્ટિથી જોવાનું ભૂલી જશે. પછી વેર વાળવા ખાતર સ્ત્રી પર બળાત્કાર કરવાનો કોઈ અર્થ જ ના રહે. એ માત્ર એક ઘૃણાસ્પદ ગુનો જ ગણાશે.

આ તો બધી આપણી ભૂમિકા બદલાય પછીની વાત. આજે, આ ઘડીએ શું? કમનસીબે જેમના પર આફત આવી ગઈ છે એ બહેનોને આપણે બધા સહજ રીતે સ્વીકારીએ તો ઘણું પરિવર્તન આવી શકે અને એ પરિવર્તન જરૂરી છે તેમજ અશક્ય પણ નથી. હજુ થોડા વર્ષો પહેલાં "કુંવારી ડોસી ના મરે." એવી માન્યતા હતી. વિધવા સ્ત્રી અપશુકનિયાળ છે એમ લાગતું, છોકરીઓને જન્મ આપે એવી સ્ત્રીને "પેટે પથરા પડ્યા છે" એમ કહી એની અવહેલના થતી અને સંતાન ના હોય એવી વાંઝીયણને બધાં જ ટાળતા. એ બધી માન્યતાઓ બદલાઈ ગઈ તેમ એક કમનસીબ બનાવ બની ગયો એ એકાદ ગંભીર માંદગી આવી અને ગઈ, એવી રીતે સ્વીકારી એ સ્ત્રીને આપણે આવકારી શકીએ-એ ઘટના ભૂલી જવામાં એને મદદ કરીએ તો આખું વાતાવરણ બદલાઈ જાય. સ્ત્રીની ભીરુતા ઓછી થાય. એ ખુલ્લી રીતે પ્રતિકાર કરી શકે. પોતાનું રક્ષણ કરી શકે, શાસન, કાયદો અને સ્વજનોની મદદ મેળવી શકે. આજે સ્ત્રી, પ્રતિકાર કરતા પણ ગભરાય છે. કારણ, એ વાતની હો હા થાય એમાં એની આબરૂ જાય. નઠારા માણસને કશું ના થાય અને કદાચ ચાર સજ્જનો એને સજા પણ કરે તો યે સ્ત્રીની આબરૂના કાંકરા તો થાય જ. એ પોલીસને ત્યાં જઈ દાદ માગે તો પોલીસ આડા-અવળા પ્રશ્નો પૂછે, ડોકટરી તપાસ વિ.ની વિટંબણા પણ થાય અને મથુરા જેવી ગરીબ બાઈ હોય તો પોલીસ પણ કેવી રીતે વર્તે એ આપણે જોયું છે. અને એ વિટંબણા ટાળવી હોય તો આપણે આપણી ભૂમિકા વિચારપૂર્વક બદલવી રહી. સમાજ જો સ્ત્રીને સહેજ કાંઈ થાય તો એને "દૂષિત" "પતિત" કહેવાનું છોડી દે તો જ સ્ત્રી નિર્ભય થાય. નહીં તો આજે મુંબઈ જેવી મહાનગરીઓમાં ઠેર ઠેર ગીરદીનો લાભ લઈ કરેલા ગંદા અડપલા ભલભલી બહેનો મુંગે મોંએ સહન કરે છે, એનું કારણ એ જ. એ કોઈને પકડે, મારે., વઢે તો ઓળખીતા પાળખીતા એ ઘટના વર્ષો સુધી નહીં ભૂલે અને એ અંગે ગુસપુસ કર્યા જ કરશે. એ વાત કરતા તો પેલા અડપલા પણ સહી લેવા સહેલાં લાગે! નાની ઉંમર હોય તો લગ્નમાં વિઘ્ન! મોટી ઉંમર હોય તો કુટુંબમાં પોતાનું સ્થાન-કુટુંબની પ્રતિષ્ઠા, પોતાને માટે ગુસપુસ થતી રહે તો પોતાની દીકરીનું શું થાય ... કેટલાં બધા પ્રશ્ન! એ ઊભા કરી અન્યાયની દિવાલ ચણીયે છીએ! અનીતિને પરોક્ષ ઉત્તેજન આપવા જેવો અવિચાર હવે કેટલા દિવસ ચલાવી લઈશું?

સ્ત્રીનું સદ્‌ભાગ્ય કહો કે આવી કમનસીબીમાં મોટામાં મોટું કમભાગ્ય કહો, એને માથે માતૃત્વની જવાબદારી આવી પડે છે. હવે ગર્ભપાતના કાયદાથી એ એમાંથી છૂટી શકે ખરી. પણ કેટલીકવાર શારીરિક દુર્બળતાને લીધે એ ના કરાવી શકે, અથવા તો મનથી એને એ કરવાની ઈચ્છા ના હોય તો એ એના સંતાનને માનભેર ઉછેરી શકે, એ નિર્દોષ બાળકને વારંવાર પિતાનું નામ પૂછીને કનડવાની ક્રૂરતા સમાજ ના બતાવે, શક્ય હોય તો સ્ત્રી સંતાનના પિતા પાસેથી ભરણપોષણ પણ મેળવી શકે એવા રસ્તાઓ પરથી નિંદા-કુથલીના કાંટા-ઝાંખરા આપણે દૂર કરવા જોઈએ. પોતાના સંતાનને ઉછેરવાનો એનો હક આપણે નકારવો ના જોઈએ.

સમાજનું એક અંગ બની ન્યાયનું ત્રાજવું હાથમાં લેતી વખતે સારા નરસાનો વિવેક ભૂલ્યા વગર નિર્ભયતાથી સત્યનો આગ્રહ રાખવાની હિંમત બહેનોમાં આવશે ત્યારે સ્ત્રીનો અવતાર મળ્યો એટલે દુઃખ થવાને બદલે ગૌરવ અનુભવાશે.

—મૃણાલિની દેસાઈ

★ પ્રાપ્ત થયેલ નિધિ ★

પ્રેમળ જ્યોતિ

પ્રેમળ જ્યોતિને સંઘના શુભેચ્છકો તેમ જ પ્રસંશકો તરફથી જે રકમો ભેટ મળી છે તે નીચે પ્રગટ કરવામાં આવી છે. દાતાઓનો પ્રેમાળ સહકાર માટે અમો તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીયે છીયે.

૫૦૦૦	શ્રી જયસુખભાઈ રેવાશંકર વોરા
૧૦૦૧	એક બહેન તરફથી
૧૦૦૦	શ્રી પુષ્પાબેન મનુભાઈ શાહ
૧૦૦૦	,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૧	,, ટેકનો ઈકયુપ કંપની
૫૦૦	,, રાયચંદ એન્ડ સન્સ
૫૦૦	,, આશિતાબેન શેઠ
૫૦૧	,, ચીમનલાલ પી. શાહ
૨૯૦	,, સુનીતાબેન શાહ
૨૫૧	,, શાંતાબેન મનુભાઈ શાહ
૨૫૧	,, મનુભાઈ ડી. શાહ
૨૫૦	,, સવાઈ બ્રધર્સ
૨૦૨	,, આશિતાબેન કે. શાહ
૨૦૦	,, નીરૂબેન શાહ
૧૩૫	,, રમેશભાઈ સી. શેઠ
૧૦૧	,, વાડીલાલ જેઠાલાલ શાહ
૧૦૧	,, રમાબેન વોરા
૧૦૧	,, સી. એન. સંઘવી
૧૦૦	શ્રી ખેતસી નથુભાઈ શાહ
૧૦૦	,, નિર્મળાબેન દોશી
૫૧	,, એક મિત્ર
૫૧	,, લીના એસ. રૂપારેલ
૫૧	સ્વ. જગજીવન ઉજમશી તલસાણીયા
૫૧	,, નવિનભાઈ જે. મહેતા
૫૧	,, ઉષાબેન મહેતા
૫૧	,, યશોમતિબેન શાહ
૫૦	,, પન્નાલાલભાઈ છેડા
૫૦	,, ચારૂબેન ઝવેરી
૨૫	,, વસંતબેન હીરાલાલ શાહ
૨૫	,, કમળબેન બી. જાની
૨૫	,, વૃજલાલ મોહનલાલ ખંધાર
૨૫	,, રોશનબેન
૨૧	,, એક ભાઈ તરફથી
૧૨૬૧૨	

દત્તક બાળકો માટે

૧૦૦૦	શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ
૪૦૦	,, રબ્બર ગુડ્સ ટ્રેડીંગ કંપની
૧૪૦૦	**નીરૂબેન શાહ**, સંચાલિકા, 'પ્રેમળ જ્યોતિ'

"પ્રેમળ જ્યોતિ"

સ્વર્ગસ્થોની પૂણ્યસ્મૃતિમાં: વિદ્યાદાન

શ્રી વાડીલાલ જેઠાલાલ શાહે એમના સ્વ. પત્ની સવિતાબહેનની પૂણ્યતિથિ નિમિત્તે પ્રેમળ જ્યોતિને બે વિદ્યાર્થીઓની એક વર્ષની સ્કૂલ, ડ્રેસ, પુસ્તકોની સમગ્ર જવાબદારી ઉપાડી લેવા રૂા. ૧૦૦૦/-નું દાન 'પ્રેમળ જ્યોતિ'ને કર્યું છે. આ ઉપરાંત શ્રી જયસુખભાઈ રેવાશંકર વોરાએ એમના સ્વર્ગસ્થ પિતાની સ્મૃતિમાં 'પ્રેમળ જ્યોતિ'ને રૂા. ૫૦૦૦/-ના વ્યાજમાંથી વિદ્યાર્થીઓને મદદ મળે એ રીતે ફીક્સ ડીપોઝીટમાં મૂકવા રકમ આપેલ છે. અમે આ બંને ભાઈઓના ખૂબ જ આભારી છીએ.

નીરૂબેન શાહ
સંચાલિકા, 'પ્રેમળ જ્યોતિ'

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ ડિસેમ્બર, ૧૯૮૦, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

વધતી જતી અશાન્તિ

આપણા દેશને સ્વતંત્રતા મળી ત્યાર પછીના ૩૩ વર્ષમાં, વર્તમાન સમયે દેશમાં જેટલી અશાન્તિ છે એટલી કોઈ સમય ન હતી. આ અશાન્તિ ઓછી થવાના કોઇ ચિન્હો જણાતાં નથી. બલ્કે હજી વધશે એમ લાગે છે. લોકોમાં ચિન્તાનો પાર નથી. કાલ કેવી જશે તેનો ભય છે. બધા ક્ષેત્રે અને દેશમાં લગભગ સર્વત્ર આ સ્થિતિ છે. શું બની રહ્યું છે તે સંક્ષેપમાં જોઇએ.

રાજકીય ક્ષેત્રે તંત્ર ભાંગી પડયું છે. બધું સ્થગિત છે તેમ લાગે. કોઇ અગત્યની બાબતો ઉપર નિર્ણય લેવાતા નથી. ટોચથી માંડી નીચે સુધી આ સ્થિતિ છે. કારણો ? (૧) શાસક પક્ષની આંતરિક ફાટફૂટ અને જુથબંધી. ધારાસભાઓ અને પાર્લમેન્ટમાં મોટી બહુમતિ હોવા છતાં, પરસ્પરને તોડી પાડવાની વૃતિ - ઇન્દિરા ગાંધીની ધાકથી ક્યાં સુધી નભે? ઈન્દિરા ગાંધી પણ નિર્ણયશકિત ગુમાવી બેઠાં છે એમ સ્પષ્ટ જણાય છે. (૨) ધારાસભ્યો, પાર્લમેંટના સભ્યો અને રાજ્ય તથા કેન્દ્રના મંત્રીમંડળોમાં નિર્બળ માણસો છે, બિન અનુભવી છે, સ્વાર્થી છે અને મોટા ભંગના ભ્રષ્ટાચારી છે. પાર્લમેન્ટ કે ધારાસભાનું ગૌરવ રહ્યું નથી. લોકોને આદર નથી. (૩) અમલદારો - સીવીલ સરવીસ હતાશ છે. એટલી બધી ફેરબદલી કરી છે અથવા ફરજીયાત નિવૃત કર્યા છે કે કોઇને પોતાની સલામતી લાગતી નથી. Civil service is thoroughly demoralised લાંચરૂશ્વત અનહદ વધી પડયાં છે. જો કોઇ થોડા પ્રમાણિક માણસો હોય તો તે નિષ્ક્રિય છે અથવા ભયભીત છે. (૪) રાજકીય વ્યકિતઓની તંત્રમાં દખલગીરી ડગલે અને પગલે છે. શાસક પક્ષના સભ્યો, ધારાસભ્યો કે પાર્લમેન્ટના સભ્યો પોતાની લાગવગનો ઉપયોગ કરી તંત્રમાં પોતાનું ધાર્યું કરાવવા કરે છે. કલેકટરના હોદ્દાની વ્યકિત પણ ડરે. ફેરબદલી કરાવે અથવા બીજી રીતે કનડગત કરે. શાસક પક્ષની જૂથબંધીનો પણ અમલદારો ભોગ બને. કોને રાજી રાખવાં, કાલે કોણ સત્તા પર આવશે તે અનિશ્ચિત હોય, સૌને રાજી રાખવાની વૃતિ રહે. (૫) લોકો આ બધું સમજી ગયા છે એટલે આવું જ ચાલે એમ માની આ પરિસ્થિતિને સ્વીકારતા થયા છે. પ્રતિકારવૃતિ રહી નથી.

પોલીસ વધારે નિરંકુશ થતી જાય છે. પોલીસના અત્યાચારો માઝા મૂકતા જાય છે. પોલીસનું કામ સહેલું નથી. પણ પોલીસ મગજ ગુમાવે ત્યારે અસહ્ય પરિસ્થિતિ સર્જાય. જ્યાં તોફાનો કે આંદોલનો થયા છે. તેમાં પોલીસનો હિસ્સો ઓછો નથી. અસામાજિક તત્ત્વોને ઘણું બળ મળ્યું છે. કેટલાકને રાજકીય વ્યકિતઓનો ટેકો છે. તંત્રની શિથિલતાને કારણે કાયદો વ્યવસ્થા કથળી ગયાં છે. ગુનાઓનું પ્રમાણ વ્યાપક થયું છે. કયાંય સલામતી દેખાતી નથી. ઘોળે દિવસે ચોરી, લૂંટ, ખૂન, બળાત્કાર થાય છે.

આર્થિક સ્થિતિ વણસતી જાય છે. મોંઘવારી, બેકારી, વેગથી વધી રહ્યાં છે. ઓક્સ નોમિકે મક્કમ પગલાંને અભાવે બધું ધસડાતું જાય છે. ઔદ્યોગિક ઉત્પાદન ઘટતું જાય છે. વિદેશી હુંડિયામણ સારા પ્રમાણમાં ઓછું થયું છે. સૌથી ભયજનક ચિન્હ કાળાનાણાંનું છે. અનહદ વધી પડયું છે અને છડેચોક લાખો કરોડોની હેરફેર થાય છે.

સૌથી ચિન્તાજનક પરિસ્થિતિ એ છે કે આર્થિક ગરીબ માણસો કે નીચલા થરનો મધ્યમ વર્ગ કેમ જીવે છે તે આશ્ચર્ય છે. મુંબઈ જેવું શહેર જવાળામુખ ઉપર બેઠું છે એમ લાગે.

અહીંની ઝૂંપડપટ્ટી કે ગલીચ વિસ્તારો (સ્લમ) નરકાગાર છે. પૈસાવાળાઓને લખલૂટ ખરચા અને ગરીબોને મરો. કયાં સુધી ચાલે? આપણા લોહીમાં બળવો નથી એમ કહેવાય છે, આવી શાન્યતા ભ્રામણા છે એવો અનુભવ થતાં કદાચ બહુ સમય નહિ લાગે.

હવે ખેડૂત આંદોલનો શરૂ થયાં છે. મહારાષ્ટ્ર–ગુજરાતમાં ચાલુ થયાં છે. દેશના બીજા ભાગોમાં ફેલાતાં વાર નહિ લાગે. આ આંદોલનો મોટા ખેડૂતોના છે, અને રાજકીય વિરોધપક્ષોએ ઊભા કરેલાં છે એમ કહેવાય છે. મહારાષ્ટ્રમાં શાસક પક્ષો તેના મહામંત્રી વસંતદાદા પાટીલે તેને ટેકો આપ્યો છે. અંતુલેએ નાના ખેડૂતોનાં દેવાં માફ કરવાની ચેષ્ટા કરી, તે તેને ભારે પડી ગઈ છે. પ્રશ્ન એ છે કે દેશવ્યાપી ચોક્કસ નીતિ નથી. દરેક રાજ્ય પોતાને ફાવે તેમ કરે છે. ગુજરાતનું આંદોલન વધારે જોરદાર થશે, એમ લાગે છે.

ગુમાસ્તાઓ, વિદ્યાર્થીઓ, મજૂરો બધા વર્ગોનાં આંદોલનો વ્યાપક અને હિંસક થતાં જાય છે.

આસામ અને પૂર્વાંચળનો મામલો હજી સ્ફોટક છે. કાશ્મીરમાં શેખ અબ્દુલ્લા સ્વતંત્રતાનાં સ્વપ્નાં સેવે છે. કોમો તાંગદિલી ભારેલા અગ્નિ જેવી ધૂંધવાય છે.

વિદેશી ક્ષેત્રે પાકિસ્તાનનો ભય અવગણી શકાય તેમ નથી.

આ ચિત્ર વધારે ઘેરું કહી શકાય. પ્રશ્ન એ છે કે આનો કોઈ ઉપાય છે?

બીજા દેશોમાં આવી જ અથવા આથી પણ ખરાબ પરિસ્થિતિ છે એમ માની આશ્વાસન લઈ શકીએ તેમ નથી. આપણે ત્યાં હજી લોકશાહી છે. આપણી શકિત અને સાધનો, માનવીય અને ભૌતિક, ઘણાં મોટા પ્રમાણમાં છે. આપણો ઔદ્યોગિક વિકાસ નોંધપાત્ર છે. આ બધું અવગણવા જેવું નથી.

પણ ચિન્તાનો વિષય એ છે કે ઉત્તરોત્તર પરિસ્થિતિ બગડતી જાય છે. તેનો કોઈ ઉપાય થતો હોય તેમ દેખાતું નથી.

લોકશાહી ટકશે કે નહિ તે ચિન્તાનો વિષય છે. વણસતી પરિસ્થિતિ અટકાવવાનો વિચાર કરવાને બદલે વ્યાપક સત્તા ગ્રહણ કરવી એ દિશાનું ચિંતન ચિન્તાજનક છે.

સંસદીય લોકશાહી નિષ્ફળ ગઈ છે અને પ્રમુખશાહી પદ્ધતિ લાવવી જોઈએ એ નાદ શરૂ થયો છે. હું નિશ્ચિતપણે માનું છું કે રાજકીય માળખું બદલવાથી સ્થિતિ સુધરે તેમ નથી. અત્યારે ઈન્દિરા ગાંધી પાસે શું સત્તા નથી? પ્રમુખ પદ્ધતિથી શું વધારે સત્તા મળે તેમ છે? અમેરિકામાં પ્રેસિડન્ટ પદ્ધતિ છતાં કાર્ટર નિષ્ફળ ગયા.
It is the men who run the system that matter, rather than the system itself. What is wanted is men of ability & character who can inspire confidence in the people.

પ્રેસિડન્ટ પદ્ધતિ સાથે ન્યાયતંત્રની સત્તા ઉપર અંકુશો મૂકવાના વિચારો ચાલે છે. ઉચ્ચ ન્યાયાલયોમાં શાસક પક્ષને અનુકૂળ ન્યાયાધીશો નીમવા, તેમને ફેરબદલીના ભયથી દબાવવા, પાર્લમેન્ટને સર્વોપરિ બનાવવો, આવી વિચારણા ચાલે છે. ન્યાયતંત્રની સ્વતંત્રતામાં પ્રજાને વિશ્વાસ નહિ રહે.

વર્તમાન પરિસ્થિતિ વિકટ છે. પણ તેને પહોંચીવળવા, આ બધા અવળી દિશાના વિચારો છે, તે ચિંતાનો વિષય છે. તેને માટે અસરકારક પગલાં લેવાનો વિચાર ન કરતાં વધારે સત્તા પ્રાપ્ત કરવી તે ખોટો વિચાર છે. આર્થિક ક્ષેત્રે ઘણાં મક્કમ પગલાં લેવા પડે અને સ્થાપિત હિતો ઉપર આક્રમણ અને પ્રહાર કરવા પડે. તેને તોડવાં પડે. એવી કોઈ નીતિ છે જ નહિ. બલ્કે સ્થાપિત હિતોને ટેકો મળે છે. અટકાયતી ધારાઓ કરી, અસંતોષ દબાવી દેવાશે નહિ. પ્રજાનો વિશ્વાસ અને પ્રેમથી જ અસરકારક કામ થશે. દુર્ભાગ્યે આવી કોઈ દિશામાં ઈન્દિરા ગાંધીનું ચિન્તન હોય તેમ જણાતું નથી લોકોથી દૂર જતાં જાય છે.

છેલ્લા છ વર્ષથી સતત અધોગતિ થતી રહી છે. નવનિર્માણ આંદોલનથી શરૂ કરી, ગુજરાત વિધાનસભાનું ફરજિયાત વિસર્જન, અલ્હાબાદ હાઈકોર્ટનો ચૂકાદો, જે. પી. નો બળવો, કટોકટીની જાહેરાત, ઈન્દિરા ગાંધીની હાર, જનતા સરકારની સરિયામ નિષ્ફળતા, ફરી સત્તા પર આવ્યા પછી ઈન્દિરા ગાંધીની નિષ્ક્રિયતા, નૈતિક મૂલ્યોનો હ્રાસ, લોકોની હતાશા એ અશાન્તિનાં મુખ્ય કારણો છે. વાતાવરણમાં હિંસા ભરી છે.

બીજો કોઈ વિકલ્પ દેખાતો નથી. બીજા રાજકીય પક્ષોએ અને તેના આગેવાનોએ બધી પ્રતિષ્ઠા ગુમાવી છે.

સાચો માર્ગ એ જ છે કે પ્રજાના બધા વર્ગોમાં ત્યાગ અને નિ:સ્વાર્થતાની ભાવના જાગે અને દેશહિત હૈયે લાગે. દરેક વર્ગ પોતાનો જ સ્વાર્થ જુએ અને તે માટે જ લડે તો દેશની એકતા લાંબો વખત ટકે નહિ. ત્યાગની ભાવના સમાજના આગેવાનોથી શરૂ થવી જોઈએ. આમજનતા હંમેશા અનુકરણ કરે છે. કોઈ દેશ કે સમાજ બલિદાન વિના આગળ આવતો નથી. ગાંધીજીએ આ જ રીતે દેશને ઊંચો કર્યો હતો. વર્તમાન પરિસ્થિતિ લાંબો વખત ચાલુ રહેશે તો સ્ફોટક સ્થિતિમાંથી ભડકો થવા સિવાય બીજુ પરિણામ ન આવે.

૨૩–૧૧–'૮૦ –ચીમનલાલ ચકુભાઇ

મૌનની વાણી

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનની નોંધ]

આદિકાળમાં માનવી પાસે પોતાની ભાવનાઓ, ઈચ્છાઓને અભિવ્યક્તિ આપવા શબ્દો નહોતા, ભાષા નહોતી. કુદરતે માનવીને સતત પ્રયત્નશીલ, વિકાસલક્ષી બુદ્ધિ આપી છે એટલે માનવે અભિવ્યક્તિ માટે ભાષા, શબ્દો શોધી કાઢયા. ભાષા મળી એટલે માનવી બહુ છૂટથી ભાષાની સીમા જાણ્યા વિના તેનો ઉપયોગ કરવા માંડયો. એક સામાન્ય નિયમ એવો છે કે જ્યારે કોઈ પણ શક્તિનો તેની સીમા વટાવી અંગત સ્વાર્થ માટે ઉપયોગ થાય છે ત્યારે એ શક્તિ કે સાધનનો ગેરઉપયોગ થવા પામે છે. ભાષાની બાબતમાં પણ આમ જ બન્યું. માણસે પોતાના હિતો સાચવવા, પ્રસિદ્ધિની લાલસામાં પ્રેમના દંભ માટે, અને સત્તાની ભૂખ સંતોષવા ભાષાને પોતાના હાથમાં રમતું સાધન બનાવ્યું. આદિકાળમાં એકબીજા પરનો રોષ કે દ્વેષ હાથોહાથની લડાઈ દ્વારા વ્યક્ત કરતો માણસ હવે શબ્દોનાં પ્રહારો વડે આક્ષેપો અને બળાપા એકબીજા પર ઠાલવવા માંડયો. ભાષાના આવા પરાકાષ્ટારૂપ દુરૂપયોગ પછી આજે માનવીએ જાણ્યું છે કે મૌનના શરણમાં જ તેને સાચું સુખ, આનંદ મળવાના છે એટલે જ તે કહેતો ફરે છે કે 'મૌન જેવી શક્તિ ભાષામાં નથી.'

પશુ જેવા જ જંગલી વ્યવહારમાંથી માનવીએ પોતાના વિચારશીલ અને પ્રગતિલક્ષી બુદ્ધિની સહાયથી સભ્યતા, સંસ્કૃતિ જેવી અલભ્ય પરંપરા મેળવી. પહેલા તો મનુષ્યે પોતાના મંતવ્યો સ્પષ્ટપણે વ્યક્ત કરવા માટે જ ભાષાનો ઉપયોગ કર્યો પણ સમય જતાં માનવીની નિખાલસતા, તેનું નિર્ભીકપણું ક્ષીણ થતું ગયું અને આજનો સંસ્કૃત કહેવાતો માનવી શબ્દને, ભાષાને પોતાના અંતરાત્માના અવાજને દબાવવાનું, છુપાવવાનું સાધન બનાવે છે, સુંદર શબ્દોના ઓઠા હેઠળ આપણે આપણને અપ્રિય એવી વસ્તુઓને પ્રિય બતાવવાનો પ્રયત્ન કરીએ છીએ. માણસ- માણસ વચ્ચે આજે માનવે પોતે જ શબ્દોની દીવાલો ઉભી કરી છે. માનવીની આવી વાડાબંધી, દંભીપણાથી ત્રાસીને, ગુંગળાઈને જ 'મૂઠી ઊંચેરા માનવીઓએ મૌનને સર્વોત્તમ ભાષા કહી હશે.

રમણ મહર્ષિએ આ સંદર્ભમાં કેટલી સચોટ વાત કહી છે કે નિંદા કરી આપણે આપણા અહંમને પોષીએ છીએ. વીસમી સદીના આરે માનવી ચંદ્રને તો આંબી ગયો પણ પોતાના અંતરાત્મા સુધી તો ન જ પહોંચી શક્યો. પોતાની જાતની આજુબાજુ તો તેણે અહમ્‌નું વિષચક્ર ઉભુ કર્યું છે. આજના યુગમાં નાના-મોટા દરેકને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે પોતાની પ્રશંસા જ ગમતી હોય છે. લોકો અહમના રાક્ષસને પોતાની અંદર પોષી રહ્યા છે એ જાણ્યા વગર જ પ્રશંસાના મીઠા ઝેરને પચાવી રહ્યા છે. આ જ અહમ્‌ તેમના મહામૂલા માનવી જીવનના સામા ઉદ્દેશ્યનો ભરખી જવાનો છે એ વાતથી તેઓ અજાણ છે. મોટા ભાગના લોકો જેટલી નિંદા કરે છે, એના દશમાં ભાગની પણ પ્રશંસાને પાત્ર માનવીના સદગુણોની પ્રશંસા કરતા નથી. તેમનો અહમ્‌ જ તેમની આ નબળાઈને ઘરબી બેઠો હોય છે.

વિચારક લિંડસેએ ક્યાંક બહુ સચોટ માર્મિક વાક્ય કહ્યું છે કે 'હું ખડખડાટ નહિ હસું, તો મારી વેદનાઓ–રૂદન બહાર આવી જશે.' અહીં 'ખડખડાટ હાસ્ય' માનવીની નિખાલસતા, નિર્દોષ ભીષણાનું પ્રતીક છે. માનવી જ્યારે ખડખડાટ હાસ્યને પાછળ મૂકી દંભનો આશરો લે છે ત્યારે તેના જીવનમાં કરૂણા, દુ:ખ સિવાય કંઈ શેષ રહેતું જ નથી, જ્યારે ભાષા આવી નમાલી બની જતી હોય ત્યારે મૌનના શરણ જેવો બીજો એકેય સહેલો માર્ગ જ નથી.

મહાન દાર્શનિક સોક્રેટીસના જીવનનો એક બહુ સુંદર પ્રસંગ છે. એવું બન્યું કે એક વખત સોક્રેટીસના વિચારો અને તેની ખ્યાતિથી દોરાઈને એક યુવાન તેનો શિષ્ય બનવા તેની પાસે આવ્યો. યુવાન સતત બોલતો જ જતો હતો. તેણે સોક્રેટીસને બોલવાનો કોઈ અવસર જ આપ્યો નહિ, પોતે બોલીને થાક્યો એટલે અંતે તેણે સોક્રેટીસને 'તમે મને વિદ્યા આપવાની કેટલી ફી લેશો?' એવો પ્રશ્ન કરી ઘડીકનો વિરામ લીધો. સોક્રેટીસે તેને જવાબ આપ્યો કે 'યુવાન, તારે તો બમણી ફી ભરવી પડશે. સૌ પ્રથમ તો મારે તને મૌનની કળા, અદમ્ય શક્તિ વિશે સમજાવવું પડશે અને પછી તને ભાષણની કલા કે આવડતનું જ્ઞાન આપવું જોઈશે.' યુવાન તો સ્તબ્ધ જ થઈ ગયો, તેણે મૌનનું મહત્ત્વ જાણી લીધું હતું. આ જ પ્રમાણે વિવેકાનંદે પણ ભાષામાં વેડફાતી શારીરિક શક્તિનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે 'જેમ કમાનમાંથી છૂટેલું તીર પાછું વળતું નથી તેમ બોલવામાં વેડફાયેલી શક્તિ કદી પાછી મળતી નથી.' ઘણા તો એમ પણ વિચારતા હોય છે કે આપણે બોલ્યા કરીએ તેમાં આપણું શું બગડવાનું છે? તેઓ અહીં એ ભૂલે છે કે બોલવામાં માનવીની શક્તિનો ક્ષય થતો હોય છે, તેના શરીરમાં કાયમી શરદી જેવા દર્દો ઘર કરી જતાં હોય છે. ગાંધીજીએ પોતે પણ શારીરિક શક્તિ પાછી મેળવવામાં મૌન દ્વારા મળતી મદદનો સ્વીકાર કર્યો છે.

કોઈક દાર્શનિકે બે બહુ વિચિત્ર વિરોધાભાસી વાક્યો કહ્યા છે કે (૧) ઈશ્વર થાકેલા માણસમાં છે અને (૨) ઈશ્વર બાથરૂમમાં છે. ખરું જોતા આ બન્ને વાક્યોમાં બહુ સહજ રીતે મૌનની શરતો જ કહેવામાં આવી છે. મૌન વિશે કેટલીક ભ્રાંતિઓ પણ ઊભી થવા પામી છે, કેટલાક એવું માને છે કે મૌન તો ગમે ત્યાં પાળી શકાય. ઓફિસેથી ઘરે પાછા આવતા બસમાં આપણે અડધો કલાક ચુપચાપ બેસી રહીએ છીએ એ પણ મૌન જ કહેવાય, હકીકતમાં આવું નથી. મૌન માટેની સૌ પ્રથમ શરત અગાઢ શાંતિ, નીરવતા છે. મૌનનું વ્રત પાળતી વખતે આપણે આપણાં અંતરાત્મા સુધીનો લાંબો પંથ કાપવાના છે. કોલાહલ અને અશાંતિ વચ્ચે આ અગમ્ય પંથ કાપવો શક્ય જ નથી, પૂર્વેના બન્ને વાક્યોમાં માનવીની સ્થિતિ સક્રિયતા પછી નિષ્ક્રિયતામાં આવવાની છે. મૌન એ નિષ્ક્રિયતા નથી, આળસ નથી, એ તો મહાકર્મ છે, ભગવાન મહાવીરે ૧૨ વર્ષ સુધી મૌન પાળ્યું, મહર્ષિ અરવિંદે એક વર્ષ સુધી અને રમણ મહર્ષિએ પણ મૌનનું શરણ લીધું એ કાંઈ તેમની નિષ્ક્રિયતા નહોતી. એ વખતે તો આ મહામાનવો વાણી, મન અને વૃત્તિ ત્રણેય પ્રકારના મૌનના ત્રિવેણી સંગમમાં રાચતા હતા. મૌનમાં તેમણે પોતાની જાતને ઓળખવાનો સતત પ્રયત્ન કર્યો, એટલે જ તેઓ પોતાના જીવનને સાર્થક બનાવી શક્યા. આજનો માનવી એકાંતમાં પોતાની સાચી વૃત્તિને ઓળખતાં બીએ છે, એટલે જ તે મૌનના શરણમાં આવતો નથી, તેણે પોતાની શક્તિને બધા પ્રપંચોમાંથી પાછી ખેંચી મૌનની સાધનામાં અવિરત લગાવવી પડશે તો જ તે સાચા સુખ-આનંદનો સહભાગી થઈ પોતાના આત્માની વધુ નજીક જઈ શકશે અને એમાં જ માનવીના જીવનની સાર્થકતા રહેલી છે.

–ડો. કુમારપાળ દેસાઈ

●●● દુનિયામાં લોકશાહી ક્યાં છે? ●●●

આપણી લોકશાહીની સફળતા વિશે વિવાદ જાગ્યો છે અને સંસદીય બંધારણ સારું કે અમેરિકા જેવું કે ફ્રાન્સ જેવું પ્રમુખશાહી બંધારણ સારું તેના વિશે વડાપ્રધાને જાહેર ચર્ચા નિમંત્રી છે, ત્યારે દુનિયાના દેશોમાં લોકશાહી ક્યાં છે અને સરમુખત્યારશાહી કયાં છે તેનું વિહંગાવલોકન પ્રાસંગિક ગણાશે.

લોકશાહીનો ખ્યાલ પ્રાચીન ગ્રીસે આપ્યો હતો અને બ્રિટિશ પ્રજાએ રાજા સામે લોહિયાળ યુદ્ધ લડીને લોકશાહી મેળવી હતી, જો કે ક્રોમવેલના પ્રજાસત્તાક શાસનમાં પણ ક્રોમવેલ સર્વસત્તાધીશ સરમુખત્યાર હતો. તેમ છતાં તે પછીના સૈકાઓમાં બ્રિટનમાં લોકશાહીનો વિકાસ થતો ગયો. ફ્રાન્સે પણ રાજાશાહી સામે લોહિયાળ ક્રાંતિ કરીને લોકશાહી મેળવી હતી. આજે ત્યાં પ્રમુખશાહી પણ છે અને સંસદીય લોકશાહી પણ છે, ત્યારે અમેરિકામાં પ્રમુખ, રાષ્ટ્રના તથા સરકારના એમ બન્નેના વડા છે. ઈંદિરાના ટીકાકારો કહે છે કે ઈંદિરા, અમેરિકાના પ્રમુખ કરતાં વધુ સત્તા ધરાવે છે, તેમ છતાં જો અમેરિકાનું કે ફ્રાન્સનું બંધારણ ભારતમાં લાગુ પાડવામાં આવે તો પણ સંસદીય લોકશાહીના હિમાયતીઓ સરમુખત્યારી જ કહેશે.

જે બ્રિટિશ સંસ્થાનો સ્વતંત્ર થયાં છે તે સૌએ બ્રિટિશ ઢબની સંસદીય લોકશાહી અપનાવી છે, જેમાં પાર્લામેન્ટને આધીન રહીને વડા પ્રધાન સર્વોપરી હોય છે અને રાજ્યના વડા (રાષ્ટ્રપતિ કે ગવર્નર જનરલ) માત્ર બંધારણીય વડા હોય છે.

અમેરિકન ખંડોમાં કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સને બાદ કરતાં બાકીના લગભગ બધા દેશોમાં વધુ-ઓછા અંશે સરમુખત્યારી જ છે. તેમને સંસદો છે, પણ પ્રજાના ગરીબ અને કચડાયેલા વર્ગનો અવાજ રજૂ થાય એવી મુકત ચૂંટણીઓ નથી. ક્યુબામાં સામ્યવાદી શાસન છે, જ્યાં બીજા કોઈ રાજકીય પક્ષ માટે સ્થાન નથી. બાકીના મોટા ભાગના લેટિન અમેરિકન દેશોમાં યુનાઈટેડ સ્ટેટસનું રાજકીય સામ્રાજ્ય છે, જેના દ્વારા તે રાજકીય દોરીસંચાર પણ કરી શકે છે અને સરકારોને સ્થાપી તથા ઉથાપી શકે છે. અમેરિકાનાં બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો પડદા પાછળ રહીને સરકારોની નીતિ ઘડે છે. ચીલીમાં પ્રમુખ આલેન્દેની સમાજવાદી સરકારનો અમેરિકાએ નાશ કરાવ્યો અને અત્યંત જુલ્મી એવી લશ્કરી સરકાર સ્થાપી. મેકિસકો અને બ્રાઝિલ જેવા કેટલાક દેશોમાં સરમુખત્યારી અને લોકશાહી વચ્ચેની સરકારો છે. પણ બીજા ઘણા લેટિન અમેરિકન દેશોમાં રાક્ષસી સરમુખત્યારો રાજ કરે છે, અને તે અમેરિકાના ટેકાથી.

યુરોપ સામ્યવાદી અને બિન-સામ્યવાદી દેશો વચ્ચે વહેંચાઈ ગયું છે. સ્વીડન, નોર્વે, ડેન્માર્ક વગેરે આઠેક ડઝન દેશોમાં રાજાઓ હોવા છતાં ત્યાં શુદ્ધ પ્રજાકીય તંત્ર છે. સ્પેનમાં સરમુખત્યાર ફ્રાન્કો ગુજરી ગયા પછી તેના વસિયતનામા પ્રમાણે ઘડિયાળના કાંટા પાછળ ફેરવીને રાજ્યના વડા તરીકે રાજાની પસંદગી કરવામાં આવી. તેમ છતાં સ્પેન અને પોર્ટુગલમાં સરમુખત્યારી છે એમ ન કહી શકાય. જર્મનેરી નહીં તો જર્મની બાજુ ઢળતી સરકારો છે. ઈટાલીમાં વર્ષે એક સરકાર બદલાય છે, પણ રાજ્યની નીતિ બદલાતી નથી. સામ્યવાદીઓને સત્તા પર આવતા કેમ અટકાવવા એ બધા બિન-સામ્યવાદી દેશોની ચિંતા છે. લોકશાહીના જન્મસ્થાન ગ્રીસમાં શુદ્ધ લોકશાહી છે, એમ ન કહી શકાય. તેમ છતાં મોડે મોડે પણ ગ્રીક પ્રજાએ રાજાશાહીનો અંત આણ્યો છે. તેના રાજકારણ ઉપર અમેરિકાનો પ્રભાવ છે. અમેરિકાની 'નાટો' છાવણીમાંથી રીસાઈને નીકળી ગયેલા ગ્રીસને, તેની ફરીયાદો દૂર કર્યા વિના અમેરિકા તેને નાટો છાવણીમાં પાછું લાવવામાં ગયે મહિને સફળ થયું છે.

પૂર્વ યુરોપના રાજ્યો સામ્યવાદી શાસન ધરાવે છે, જેમાં બીજા કોઈ રાજકીય પક્ષને સ્થાન નથી. તે ચૌદે યુગોસ્લાવિયા બિનજોડાણવાદી દેશ હોવા છતાં અને રશિયાના વર્ચસ્વનો વિરોધી હોવા છતાં ત્યાં પણ બીજો કોઈ રાજકીય પક્ષ રચવાની છૂટ નથી.

રશિયામાં ગયે મહિને કોસિગિનનું વડા પ્રધાનપદેથી રાજીનામું સ્વીકારીને સંસદે તિખોનોવની નિયુક્તિને સર્વાનુમતે બહાલી આપી. પંદરસો સંસદ સભ્યોમાંથી એક પણ મત વિરુદ્ધ ન પડ્યો. તેમ છતાં મોરારજીભાઈએ કહ્યું છે તેમ રશિયા પણ લોકશાહી તરફ ઢળી રહ્યું છે, અલબત્ત તેની રીતે. દાખલા તરીકે સર્વોપરી સત્તા માટે હવે સાઠમારી નથી થતી. આવી સાઠમારીમાં જીવ ગુમાવનાર બેરિયા છેલ્લો હતો. પોલિટબ્યૂરોના નિર્ણયો બહુમતીથી લેવાય છે. ખ્રુશ્ચેવને બહુમતીથી જ પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા. રશિયાના જાહેર જીવનમાં જે શિસ્ત છે અને ભારતના જાહેર જીવનમાં જે ગેરશિસ્ત છે તેની સરખામણી કરવા જેવી છે, જો કે લોકશાહીના ભોગે શિસ્ત માટે આગ્રહ ન રાખી શકાય.

યુરોપમાંથી આફ્રિકામાં આવીએ તો સાચા અર્થમાં લોકશાહી હોય એવો એક પણ દેશ ત્યાં નથી. દક્ષિણ આફ્રિકામાં ૧૮ ટકા જેટલા ગોરાઓએ પોતાના માટે બ્રિટિશ લોકશાહીની પદ્ધતિ અપનાવી છે, ૮૨ ટકા રંગીન લોકોને માનવઅધિકારોથી પણ વંચિત રાખીને તેમના અંદર્ભમાં ગોરાઓ હિટલરની જેમ વર્તે છે. નવા સ્વતંત્ર થયેલ ઝિમ્બાબ્વેમાં હજી લોકશાહીના અંકુર ફૂટી રહ્યાં છે. કેન્યા, યુગાન્ડા, ઝાંબિયા, મલાવી, ટાન્ઝાનિયા વગેરે દેશોમાં વિરોધ પક્ષો માટે સ્થાન નથી. ટાન્ઝાનિયા અને ઝાંબિયા જેવા કેટલાક દેશો સંસદીય લોકશાહી ધરાવે છે, પણ તે રાજકર્તા પક્ષ પૂરતી જ. પોર્ટુગલના પંજામાંથી મુકત થયેલા અંગોલા અને મોઝામ્બિક માર્કસવાદી શાસન ધરાવે છે. મધ્ય આફ્રિકામાં ગોરાઓના શાસનમાંથી મુકત થયેલા નવા દેશો મોટા ભાગે હવે કાળા સરમુખત્યારોના જુલ્મી શાસન નીચે છે. ઉત્તર આફ્રિકાના અરબ દેશો લોકશાહી ધરાવવાનો દાવો ન કરી શકે. ઈજિપ્ત લોકશાહીના વાઘા ધરાવે છે, પણ ખરેખર તો પ્રમુખ સાદાત પોતાના પક્ષ અને સૈન્યના બળે એકચક્રી શાસન ધરાવે છે.

આફ્રિકામાંથી એશિયામાં આવીએ તો જાપાનમાં રાજ્યના વડા તરીકે રાજા હોવા છતાં સંસદીય લોકશાહી છે, અલબત્ત એ લોકશાહી પર અતિ ધનવાન ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને બીજા શ્રીમંતોનો જ પ્રભાવ છે. ચીન અને ઉત્તર કોરિયાનાં સામ્યવાદી શાસનોમાં રશિયા જેટલી ઉદારતા પણ નથી. અમેરિકાને ત્રીજા વિશ્વમાં હંમેશા સરમુખત્યારો સાથે મેળ હોય છે અને ભારત જેવા લોકશાહી દેશ સાથે કચવાટ હોય છે. દક્ષિણ કોરિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ અમેરિકાની લશ્કરી છાવણીમાં છે. અહીં એવા જુલ્મી અને લોખંડી સરમુખત્યારોનું શાસન છે કે તેમના જુલ્મોનું વર્ણન આપણને ધ્રૂજાવી દે. તાજેતરમાં દક્ષિણ કોરિયામાં પ્રમુખપદના પ્રતિસ્પર્ધી ઉમેદવારને મોતની સજા ફરમાવવામાં આવી છે. ફિલિપાઈન્સમાં વિરોધ પક્ષના નેતાએ અમેરિકામાં આશરો મેળવ્યો છે. જો તે વતનમાં પાછો ફરે તો મોતની સજા થાય. થાઈલેન્ડમાં દાયકાઓ પહેલા રાજા આનંદની રહસ્યમય હત્યા થઈ ત્યારથી લશ્કરી શાસન છે. અને રાજા ભૂમિબલ માત્ર રાજ્યના શોભાના વડા છે. ઈન્ડોનેશિયામાં લોકશાહીના વાઘા છે, પણ પ્રમુખ સુહર્તો લશ્કરની મદદથી સરમુખત્યારી ચલાવે છે. બ્રહ્મદેશમાં લશ્કરી સરમુખત્યારો પોતાના દેશને દુનિયાના રાજકારણથી અલિપ્ત રાખવાનું પસંદ કર્યું છે. મલયેશિયામાં બિન-મલય લોકો મુસ્લિમ મલયોના સમોવડિયા ગણાતા નથી. જો કે સરકાર મલય, ચીના અને હિંદી ત્રણેય વચ્ચે સમતુલા જાળવવા માગે છે. હિંદીચીનનાં ત્રણ રાજ્યો વિયેટનામ, લાઓસ અને કમ્પુચિયામાં સામ્યવાદીઓનું એકચક્રી શાસન છે. એવું જ મોંગોલિયાના પ્રજાસત્તાકમાં છે.

આપણા પડોશમાં જોઈએ તો શ્રીલંકામાં પ્રમુખ જયવર્ધન લોકશાહી પોશાકમાં સરમુખત્યાર જ છે. હમણાં તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાન સિરિમાવો પર કિન્નાખોરી વાપરીને તેમને સંસદમાંથી હાંકી કાઢ્યાં અને નાગરિક અધિકારોથી વંચિત કર્યા, જેથી આવતી ચૂંટણીમાં તેઓ જયવર્ધનના શાસનને પડકારી શકે નહીં. નેપાળમાં પંચાયતરાજના નામે રાજા બિરેન્દ્ર આપણા ભૂતપૂર્વ રાજાઓ અને ઠાકોરોની જેમ એકહથ્થુ સત્તા ચલાવે છે.

પાકિસ્તાનના ઈતિહાસમાં માત્ર એક જ વખત મુકત ચૂંટણી થઈ, જેમાં ભૂટ્ટોની મહત્ત્વાકાંક્ષા અને સત્તાલાલસાને કારણે અને જનરલ યાહ્યાખાનની મૂર્ખાઈને કારણે પાકિસ્તાને પૂર્વ-પાકિસ્તાન ગુમાવ્યું અને તે પછી જનરલ ઝિયાના હાથે પદભ્રષ્ટ થઈને ભૂટ્ટોએ પોતાની જિંદગી ગુમાવી. નેવું દિવસમાં મુકત ચૂંટણી કરવાનાં વચનો વારંવાર આપતાં ઝિયાએ ૯૦૦ દિવસે પણ ચૂંટણી ન કરી અને હવે ચૂંટણી કરવાની ચોખ્ખી ના પાડે છે.

અફઘાનિસ્તાનથી માંડીને તુર્કી સુધીનાં મુસ્લિમ રાજ્યોમાં કદી લોકશાહી હતી નહીં અને છે નહીં. અફઘાનિસ્તાન રાજાશાહીમાંથી સરકતાં સરકતાં રશિયાના લશ્કરી કબજા નીચે ગયું છે. ઈરાનમાં અતિ વિકાસલક્ષી, છતાં અતિ જુલ્મી રાજાશાહીનો નાશ થયો છે અને એથી પણ ખરાબ મુલ્લાશાહીનો ઉદય થયો છે. આરબ દેશો અરેબિયન નાઈટસના જમાનામાં હજી જીવે છે. આયાતોલ્લાહ ખોમૈનીને રાજાશાહી માન્ય નથી. તેઓ કહે છે કે કુરાનમાં કયાંય રાજાશાહી નથી, ત્યારે આરબ રાજાઓ એવો દાવો કરે છે કે અમે પ્રજાના સીધા સંપર્કમાં રહીને અદના માણસોને પણ અદલ ઈન્સાફ આપીએ છીએ!

આ અદલ ઈન્સાફનો એક નમૂનો જેવો હોય તો સાઉદી રાજકુટુંબની એક શાહજાદી, રાજકુટુંબનો ન હોય એવા એક યુવાનના પ્રેમમાં પડી તેથી તે બંનેને મોતની સજા કરવામાં આવી. શાહજાદીનો સોનાની મૂઠવાળી શમશેર વડે શિરચ્છેદ અને તેના પ્રેમીને પથ્થરો વડે મારીને મોતની સજા.

આ વિહંગાવલોકન બતાવે છે કે વિવિધ પ્રકારના અને ઘણાં તો વિકરાળ શાસકોના જંગલમાં બિચારી લોકશાહી ઘણાં જોખમ વચ્ચે જીવે છે.

– વિજયગુપ્ત મૌર્ય

આચાર્ય શ્રી તુલસીદ્વારા નવો પ્રયોગ: મુમુક્ષુ અને શ્રમણી સંઘની સ્થાપના

જૈન સમાજમાં ઘણા વર્ષોથી વિચારણા ચાલી રહી છે કે શ્રાવક અને સાધુ વચ્ચેની કડીરૂપ વીરસંઘ કે એવા કોઈપણ સંઘની સ્થાપના થવી જોઈએ પણ હજી સુધી એ વિષયમાં કોઈ પ્રગતિ કે પ્રારંભ થયો ન હતો પણ નૂતન વર્ષ ૨૦૩૭ના ભાઈ બીજ એટલે કે કાર્તિક સુદી બીજના દિવસે ૩૦ હજાર જેટલા શ્રાવક-સાધુના સમુદાય સમક્ષ આચાર્ય શ્રી તુલસીએ આ બાબતમાં લાડનૂ નગરમાં જૈન વિશ્વભારતીમાં આ પ્રયોગનો પ્રારંભ કર્યો છે. તે બદલ તેમને જેટલાં ધન્યવાદ આપીએ તે ઓછાં જ પડશે.

ઘાટકોપરમાં જેમ શ્રમણી વિદ્યાપીઠ શરૂ થઈ છે તેમ તે પૂર્વે તેરાપંથ સમાજે પારમાર્થિક શિક્ષણ સંસ્થાનો પ્રારંભ કર્યો હતો અને તેમાં સાધ્વી થનાર બહેનોને અધ્યયન અને આચારની શિક્ષા મળી રહે તેવો પ્રબંધ કર્યો હતો. અને તેનું આજે તેરાપંથ સમાજમાં સુંદર પરિણામ દેખાય છે. કે જે નવી સાધ્વીઓ બને છે તે અધ્યયન અને આચારની દૃષ્ટિએ સાધ્વી થવાની પૂરી યોગ્યતા ધરાવે છે એટલું જ નહિ પણ તેરાપંથ સાધ્વી સમાજ આજે વિદ્યા અને આચાર બન્ને ક્ષેત્રે સુંદર સેવા આપવા સમર્થ થયો છે.

હવે એ સંસ્થામાં રહી જે બહેનો અભ્યાસ કરી રહી છે. તેમને આ ભાઈબીજના દિવસે આચાર્યશ્રી તુલસીએ મુમુક્ષુ દીક્ષા આપી. દીક્ષા પૂર્વે તેમણે તેઓ અમુક નિયમો પાળશે તેવી સ્પષ્ટ સ્વીકૃતિ તેમની પાસેથી મેળવી અને પછી જ દીક્ષા આપી. હવેથી તે સંસ્થામાં રહી ભણનાર બહેનો મુમુક્ષુ કહેવાશે અને તેમનો સંઘ મુમુક્ષુસંઘ કહેવાશે.

આ સંસ્થામાં રહી ભણનાર બહેનો અત્યાર સુધી લગભગ બધી જ સાધ્વીઓ બનતી હતી પણ હવે સમાજની આવશ્યકતાનો વિચાર કરીને ભણનાર બહેનો માટે બે વિકલ્પ કર્યા છે, તેમાંથી જે બહેનોને સાધ્વીની દીક્ષા લેવી હોય તેઓ પોતાની ઈચ્છા મુજબ સાધ્વીની દીક્ષા લઈ શકશે અને મુનિસંઘમાં શામિલ ગણાશે. અર્થાત તેઓએ સાધ્વીઓના જે કઠોર આચાર છે તેનું આચાર્યની આજ્ઞામાં રહી પાલન કરવું પડશે. પરંતુ આધુનિક પરિસ્થિતિનો પૂરો વિચાર કરીને આચાર્યશ્રીએ બીજો વિકલ્પ એ આપ્યો કે જેમને મુનિસંઘ અથવા તો સાધ્વી સંઘમાં પ્રવેશ ન કરવો હોય તેમને માટે નવા શ્રમણીસંઘની સ્થાપના કરી અને તે શ્રમણી સંઘની સ્થાપનાનો પ્રારંભ કરી છ બહેનોને શ્રમણી દીક્ષા આપી. આમ હવે તેરાપંથી સમાજમાં ચતુર્વિધસંઘને બદલે ષટવિધિસંઘનો પ્રયોગ આચાર્યશ્રીએ શરૂ કર્યો છે. શ્રાવક, શ્રાવિકા, મુમુક્ષુ, શ્રમણી સાધુ અને સાધ્વી આ પ્રકારે આ ષડવિધિસંઘ થયો. હજી સંભાવના એવી છે કે આચાર્યશ્રી શ્રમણસંઘની પણ સ્થાપના કરે. જો કોઈ સમર્થ પુરુષો એવા મળી રહે– જેઓ આ નવા પ્રકારના શ્રમણ સંઘમાં પ્રવેશ માટે ઉત્સુક હોય.

આ નવા શ્રમણી સંઘમાં દ્રવિષ્ટ બહેનોને પાંચ વ્રતોની દીક્ષા આચાર્યશ્રીએ આપી. તે પાંચ વ્રતોને મહાવ્રતની સંજ્ઞા આપી નથી. પણ પ્રસિદ્ધ પાંચ વ્રતોનું પાલન કરવાનું રહેશે. નવા દીક્ષિતો પોતાના વસ્ત્રો વિના કશો જ પરિગ્રહ રાખી શકશે નહીં. લગ્નજીવન ભોગવી શકશે નહી. હિંસા, અસત્ય, ચોરીનું આચરણ કરશે નહી. હાલમાં તેમનું સંરક્ષણ પારમાર્થિક સંસ્થા જ કરશે. તેઓને માટે સાધુ-સાધ્વીની જેમ જ પાદવિહાર અનિવાર્ય રહેશે પરંતુ આચાર્યનો નિર્દેશ હશે તો જ વાહનવ્યવહાર અપવાદ રૂપે કરશે. આ નવા પ્રયોગની પ્રારંભિક મર્યાદાઓ છે. અનુભવને આધારે તેમાં સંશોધન કરવા આચાર્યશ્રીની પૂરી તૈયારી છે એટલે તેમણે સમાજ પાસેથી સૂચનો સ્વીકારવા તત્પરતા દાખવી છે.

આ દીક્ષા પ્રસંગે હું હાજર હતો અને મેં નવી શ્રમણીઓના વેશ વિષે આચાર્યશ્રી સાથે કેટલીક ચર્ચાઓ કરી છે. અત્યારે જે વેશ તેમણે સ્વીકાર્યો છે તેમાં ઘાઘરો-સાડી અને ઉપર એક કોટ– જે લગભગ ખ્રિસ્તી સાધ્વી જેવો છે અથવા તો કહો કે નર્સના કોટને મળતો છે. એક વાતનો સ્વીકાર આચાર્યશ્રીએ કર્યો જ છે કે આ તો પ્રારંભ છે તેમાં જે સંશોધનની સૂચનાઓ મળશે તેનો વિચાર કરી તેઓ પરિવર્તનો કરવા તૈયાર જ છે. એટલું તો નિશ્ચિત છે કે તેમનો વેશ શ્રાવિકા અને સાધ્વીથી કાંઈક જૂદો પડવો જોઈએ જેને આધારે તેમને પૃથક કહી શકાય.

સાધ્વીઓ તેમના સંઘમાં સ્થાનકવાસીની જેમ જ મુહપતી મોઢે બાંધી રાખે છે તેને બદલે શ્રમણી સંઘની બહેનો મુહપતી હાથમાં રાખશે અને તે રીતે જ તેમને દીક્ષા આપવામાં આવી છે. દીક્ષા પૂર્વે તેમના સંબંધીઓની સભા સમક્ષ સંમતિ પણ મેળવવામાં આવી હતી.

સાધ્વીને પાળવાના નિયમો અને આ નવી શ્રમણીને પાળવાના નિયમોની ભેદરેખા પણ હજી પૂરી આંકાઈ નથી. હાલ તુરત તો આ શ્રમણીઓ પારમાર્થિક સંસ્થામાં સંરક્ષણ પામશે એટલે કે તેમના ભોજન અને વસ્ત્રાદિની વ્યવસ્થા પણ પારમાર્થિક સંસ્થા જ કરશે. તેમણે પોતાની કોઈપણ સામગ્રી પોતાના નાતીલા કે સગાસંબંધી પાસેથી મેળવવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આમ અત્યારે આ નવા સંઘની સ્થાપના આચાર્યશ્રીએ કરી છે અને હવે સમાજ પાસેથી આ સંઘની વ્યવસ્થા-નિયમો વ. ઈત્યાદિ વિષે સૂચનો માંગ્યા છે. તેનો વિચાર કરી યોગ્યતા પ્રમાણે અમલ કરવા પણ આચાર્યનું મન ખુલ્લું જ છે. તે સમાજના વિચારકોએ આમાં પોતાના સૂચનો આચાર્યશ્રીને મોકલી આપવા જોઈએ જેથી આ નવો સંઘ સમાજના ઉપયોગી કાર્યે–જે આજના સાધુસમાજના નિયમોનું કડક રીતે પાલન કરવામાં આવે તે સાધુ-સાધ્વીઓ કરી શકતા નથી–તેવા કાર્યો આ નવા સંઘ દ્વારા સંપન્ન થઈ શકશે અને વીરસંઘ વિષેની સમાજની ધારણાને પુષ્ટિ પણ મળશે.

– દલસુખ માલવણિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
અભ્યાસ વર્તુળ
આગામી કાર્યક્રમ

વક્તા: શ્રી તુલસીદાસ વિશ્રામ

વિષય: ભગવાન શ્રીકૃષ્ણ–એક પ્રેમીની દૃષ્ટિએ

સમય: તા. ૧૦-૧૨-૮૦ બુધવાર સાંજે ૬–૧૫ વાગ્યે

સ્થળ: પરમાનંદ કાપડિયા સભાગૃહ

સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા આમંત્રણ

લિ.

સુબોધભાઈ એમ. શાહ

કન્વીનર

ગીતાની યજ્ઞકલ્પના

આદિકાળથી આધુનિક યુગ સુધી ભારતીય સંસ્કૃતિ યજ્ઞના પાયા પર અડીખમ ઊભી છે. પછી એ વૈદિક કાળના રાજસૂય, અશ્વમેધ, દર્શપૂર્ણ કે અગ્નિષ્ટોમાદિ યજ્ઞો હોય, ધર્મશાસ્ત્ર વિહિત દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ઋષિયજ્ઞ, મનુષ્યયજ્ઞ કે ભૂતયજ્ઞ જેવા પંચમહાયજ્ઞો હોય; ગીતામાં નિરૂપાયેલા યોગયજ્ઞ, જપયજ્ઞ, તપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ કે સ્વાધ્યાયજ્ઞ જેવા યજ્ઞો હોય અથવા તો આધુનિક કાળના ભૂદાનયજ્ઞ, શ્રમયજ્ઞ, નેત્રયજ્ઞ કે ગીતા જ્ઞાનયજ્ઞ જેવા યજ્ઞો હોય. યજ્ઞસંસ્થા વિવિધ શાસ્ત્રો અને કલાનું ઉગમસ્થાન છે. જેવાં કે આયુર્વેદ, જ્યોતિષ, વસ્તુશાસ્ત્ર, ગણિત, પદાર્થવિજ્ઞાન, વ્યાકરણ, સ્વરવિદ્યા, લિપિકલા, પાકકલા, સંગીત, નૃત્ય વગેરે વગેરે. યજ્ઞ-સંસ્થાને પાયામાંથી હટાવી લઈએ તો ભારતીય સંસ્કૃતિ હચમચી ઊઠે.

મહાભારતનું મહત્ત્વ ભારતીય સાંસ્કૃતિક વાઙ્મયમાં અપરંપાર છે. તે એક સાંસ્કૃતિક જ્ઞાનકોશ જ છે. ભારત–રાષ્ટ્રની જીવનદૃષ્ટિ અને ધ્યેયદૃષ્ટિનું યથાર્થ અને સંપૂર્ણ દિગ્દર્શન તેમાં છે. ભારતરૂપી તેલ સિંચીને જ્ઞાનમય પ્રદીપ પ્રગટાવનાર વ્યાસજીએ મહાભારતની કથાની પાર્શ્વભૂમિમાં યજ્ઞ સંસ્થાને જ રાખી છે. તક્ષશિલામાં જનમેજયે સર્પસત્ર કર્યો ત્યારે યજ્ઞમંડપમાં જ વ્યાસજીએ સર્વપ્રથમ મહાભારતની કથા સંભળાવી અને પછી કુલપતિ શૌનકના દ્વાદશ વાર્ષિક સત્રમાં મહર્ષિ ઉગ્રશ્રવાઓ સંભાળવી. બન્ને સમયે યજ્ઞમંડપ જ મહાભારતની કથાનું સ્થળ હતું.

વેદોએ હિંદુ ધર્મનું મૂળ છે. વેદોનો સમસ્ત જ્ઞાનભંડાર યજ્ઞોમાં ચરિતાર્થ છે. મહાભારતને પાંચમો વેદ ગણવામાં આવ્યો છે. વેદનો અંત ભાગ તે વેદાન્ત કિંવા ઉપનિષદ. ગીતા એક ઉપનિષદ છે. તેથી કરીને વેદ અને ઉપનિષદકાલીન યજ્ઞકલ્પનાને પાર્શ્વભૂમિનાં રાખીએ તો મહાભારત અને વિશેષત: ગીતામાં નિરૂપાયેલી યજ્ઞ કલ્પના સમજવી સુગમ થઈ પડે. યજ્ઞયાગ સંબંધી જે શાસ્ત્ર તેનું નામ પૂર્વમીમાંસા. ઉત્તરમીમાંસા એટલે ઉપનિષદો. પૂર્વ મીમાંસામાં કર્મકાંડ છે, ઉત્તરમીમાંસા જ્ઞાનકાંડ પ્રધાન છે.

પૂર્વમીમાંસકોએ યજ્ઞની વ્યાખ્યા કરી છે, 'દેવતોદ્દેશેન દ્રવ્ય-ત્યાગ: યાગ:' અર્થાત દેવતાને ઉદ્દેશીને અગ્નિમાં કરેલ દ્રવ્યોનો જેવા કે જવતલનો ત્યાગ તેનું નામ યાગ. આના પરથી એટલું ફલિત થાય કે યજ્ઞ એટલે ત્યાગપ્રધાન કર્મ. અંગ્રેજીમાં યજ્ઞને **Secrifice** કહે છે. **Secrifice** એટલે પણ ત્યાગ. યજ્ઞમાં ત્યાગ કરવાનો હોય, અગ્નિમાં આહુતિ આપવાની હોય. કિન્તુ આ ત્યાગ શેનો કરવાનો? ગીતા કહે છે કે ફલત્યાગ કરવાનો. અગ્નિમાં હોમવાનું શું? જવતલ નાળિયેર કે ઘી જેવાં દ્રવ્યો? ગીતા આવા દ્રવ્યયજ્ઞોની ખાસ તરફેણમાં નથી. તેથી જ તો ગીતામાં કીધું છે– "શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞા જ્ઞાનયજ્ઞો પરન્તપ" (ગીતા ૪.૩૩) અર્થાત્ દ્રવ્યમયયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેયસ્ છે, ચડિયાતો છે.

ગીતાકારને મતે યજ્ઞનાં હવનિય દ્રવ્યો જવતલ કે ઘી નહીં કિન્તુ ઈન્દ્રિયો, ઈન્દ્રિયવિષયો, કામના, રાગદ્વેષ, પ્રાણ અને અપાન છે. આપણે આહુતિ આપતાં બોલીએ છીએ શું?

"પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા....." નહીં કે ઘૃતાય સ્વાહા, અક્ષતાય સ્વાહા. ગીતા પણ એ જ કહે છે.

"અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાપરે
અપરે નિયતા હારા: પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ.
સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષા:" (ગીતા ૪.૨૯, ૩૦)

અર્થાત્ નિયત આહાર કરનાર, પ્રાણમાં પ્રાણને હોમનાર યજ્ઞવિદ્ છે, યજ્ઞથી પાપરહિત થયેલા છે.

જવતલ કે ઘી જેવા દ્રવ્યો તો ક્ષુદ્ર છે, ક્ષુલ્લક છે. આપણે તો ઈશ્વર પાસે આપણા પ્રાણ પાથરવાના છે. ઈશ્વરને જે કાંઈ સમર્પણ કરવાનું છે, જેની આહુતિ આપવાની છે તે તો આપણું મન છે, આપણા પ્રાણ છે. માણસ ઈશ્વરને ઘણું ઘણું ધરાવે છે. ફળ, ફૂલ, મેવા, મીઠાઈ, ધનધાન્ય અને વિવિધ દ્રવ્યો. કિન્તુ મન અને પ્રાણ? મન અને પ્રાણનું સમર્પણ તો કોઈક જ કરી શકે. ગીતા ૧૨,૮,૯)

લોકસંગ્રહ કાજે યજ્ઞકર્મ કરતા ઈશ્વરને આત્મનિવેદન કરવું એ જ જીતનયજ્ઞ છે, એ જ યજ્ઞચક્ર છે. જીવનયજ્ઞનો અધિષ્ઠાતા બ્રહ્મ છે. બ્રહ્મયજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. આ યજ્ઞચક્રને જે અનુસરે તે જ યજ્ઞવિદ્ છે. જે યજ્ઞરહસ્ય જાણી યજ્ઞાર્થે (બ્રહ્માર્થે) યજ્ઞબુદ્ધિથી ઈશ્વરાર્પણ બુદ્ધિથી) યજ્ઞકર્મ (નિષ્કામભાવે વિહિત કર્મ) કરે તે યજ્ઞદર્શન [આત્મદર્શન) પામી યજ્ઞરૂપ (વિષ્ણુરૂપ) એવા પરબ્રહ્મને પામે છે.

પૂર્વમીમાંસકોની સકામ કર્મકાંડની નીતિ પણ ગીતાને માન્ય નથી. ગીતાના બીજા અધ્યાયના ૪૨ થી ૪૬ સુધીના શ્લોકોમાં ગીતાકારે પૂર્વમીમાંસકોની ઝાટકણી કાઢી છે. યજ્ઞ કરવા પાછળ મીમાંસકોની દૃષ્ટિ હતી, ફળ પ્રાપ્તિની. પ્રત્યેક વિધિ સાથે તેમણે કામનાને અને કર્મફળને સાંકળેલા. મીમાંસકોના એક-બે વિધિવાક્યો તપાસતાં આ હકીકત સમજાશે. ઉદાહરણત: 'જ્યોતિષ્ટોમેન સ્વર્ગ-કામા યજેત' 'પુત્ર કામા: પુત્રેષ્ટિ જુહુયાત્, અર્થાત્ સ્વર્ગની કામના-વાળાઓએ જ્યોતિષ્ટોમ કરવો. પુત્રની કામનાવાળાઓએ પુત્રેષ્ટિ કરવી. જ્યોતિષ્ટોમ એ યજ્ઞ કરવા પાછળ કામના કઈ? તે યજ્ઞનું ફળ કયું? તો કહે સ્વર્ગ. આમ પ્રત્યેક કર્મ કામનાયુકત છે, પ્રત્યેક વિધિ સાથે કર્મફળનું પ્રતિપાદન કરનાર મીમાંસકોની વાણીને ગીતાકારે 'પુષ્પિતા વાક્' (ગીતા ૨.૪૨) ગણાવી છે. કારણ કે પુષ્પમાંથી જ ફળનું સર્જન થાય, મીમાંસકોનાં ફલયુકત વિધિવાક્યો અને યજ્ઞયાગ ગીતાને માન્ય નથી. ગીતાના બીજા અધ્યાયના ૪૩ અને ૪૪મા શ્લોકમાં મીમાંસકો પ્રત્યેનો ગીતાનો ભારોભાર તિરસ્કાર સ્પષ્ટ જણાઈ આવે છે.

"કામનાથી ભરપૂર, સ્વર્ગને શ્રેષ્ઠ માનનાર, જન્મ - મૃત્યુના ફેરામાં બાંધનાર, ફળની આશાથી અને ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ માટે (જે ગીતાની અનાસકિત અને ઉપનિષદના તત્ત્વજ્ઞાન 'તેન ત્યકતેન ભુંજિથા:' કરતાં તદ્દન વિરુદ્ધ છે) જ્યોતિષ્ટોમ જેવા યજ્ઞ કરનાર, ફલશ્રુતિઓની પુષ્પિતા વાણીથી જેમની વિવેકબુદ્ધિ આચ્છા-દિત થઈ છે તેવા આસકિતયુકત પુરુષોની પ્રજ્ઞા સ્થિર થતી નથી." (ગીતા ૨. ૪૩, ૪૪)

આ પ્રમાણે ૪૨ થી ૪૫ સુધીના શ્લોકોમાં કર્મકાંડી મીમાંસકોના સકામ કર્મકાંડના મતનું ખંડન કરીને ગીતાએ ૪૭મા શ્લોકમાં નિષ્કામ કર્મયોગના સિદ્ધાંતનું મંડન કર્યું છે. 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' અર્થાત્, 'હે અર્જુન! તું કર્મફળની અપેક્ષા ન કર, તારો અધિકાર કર્મ નિષ્ઠામાં છે. કર્મફળમાં તારી પ્રીતિ ન હજો.'

ગીતાકારે કર્મકાંડ અને કર્મયોગ વચ્ચેની ભેદરેખા દોરી બતાવી છે. કર્મકાંડ એટલે સકામ કર્મ, કર્મયોગ એટલે નિષ્કામ કર્મ, કર્મકાંડમાં ફલાસકિત છે, કર્મયોગમાં અનાસકિત–એકમાં કર્મફળની ભોગબુદ્ધિ છે બીજામાં કર્મફળની ત્યાગબુદ્ધિ છે.

જૂના શાસ્ત્રીય શબ્દોને નવા અર્થમાં વાપરવાની ગીતાની ખાસિયત છે. વિનોબાજીએ સાચું જ કહ્યું છે ,"જૂના શબ્દો પર નવા અર્થોની કલમ બાંધવી એ વિચારક્રાન્તિની અહિંસક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં વ્યાસજીની ખાસ હથોટી બેસી ગયેલી છે." ગીતામાં યજ્ઞનો અર્થ હોમહવન કે દ્રવ્યત્યાગ એ યોગ્ય નથી. કારણ કે ગીતામાં 'બહુવિધયજ્ઞો' જેવા કે તપયજ્ઞ, જપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞાદિના ઉલ્લેખ છે. ગીતામાં યજ્ઞ કર્મ એટલે ફલાશા-વિરહિત, ઈશ્વરાર્પણ બુદ્ધિથી પ્રેરાઈને કરેલ વિહિત કર્મ. તેથી જ યજ્ઞકર્મ કામ્યકર્મની જેમ બન્ધનકર્તા નથી. માટે જ તો ગીતામાં કહ્યું છે. 'યજ્ઞાર્થાત કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધન:' (ગીતા ૩.૯) કિંવા 'યજ્ઞાયા ચરત: કર્મ સમગ્ર પ્રવિલીયતે' (ગીતા ૪-૨૩)

ભગવદ્ગીતાની યજ્ઞકલ્પનાનો વિસ્તાર કરતાં શ્રી સાતવળેકરજીએ લખ્યું છે, "માનવ શરીરમાં જે વ્યાપાર ચાલે છે તે જ યજ્ઞ છે. વ્યકિતની શકિતનું સમર્પણ સમષ્ટિની ઉન્નતિ માટે કરવું તે જ યજ્ઞ છે."

અંતમાં, 'યજ્ઞાં યજ્ઞેનૈવોપજનતિ' (ગીતા ૪.૨૫) એ ગીતાના શ્લોકમાં વેદોના પુરુષ-સૂકતનું જ પ્રતિબિંબ છે. 'યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવા:' (ઋગ્વેદ ૧૦.૯૦.૧૬) પુરુષસૂકતમાં સૃષ્ટિની સર્વપ્રક્રિયા-ઓને એક મોટો યજ્ઞ માન્યો છે. સમગ્ર જગતને વ્યાપનાર ચાતુ-વર્ણ્યયુકત જે માનવસમાજ છે તે જ પુરુષસૂકતનો વિરાટ પુરુષ છે. તે માનવ સમાજને આપણી શકિત, સાધન સંપત્તિ, સેવા અર્પણ કરવી તે જ ખરો ધર્મ છે. ખરો યજ્ઞ છે એવું રૂપકાત્મક ભાષામાં કહ્યું છે. પુરુષસૂકતના વિરાટ પુરુષને લોકસંગ્રહ માટે નિષ્કામભાવે કર્મ કરતા પુરુષોત્તમ કૃષ્ણ જેવા કર્મયોગી સાથે સરખાવી શકાય.

મહાનારાયણ ઉપનિષદમાં યજ્ઞકલ્પનાનું ઉદાત્તીકરણ કર્યું છે. "જીવનયજ્ઞનો આત્મા યજમાન છે, શ્રદ્ધા તેની પત્ની છે, શરીર

યજ્ઞીય કાષ્ઠ છે. ઉર વેદી છે, ઇચ્છા ઘી છે, રાગ પશુ છે, તપ અગ્નિ છે, દમરૂપી શાંતવૃત્તિ દક્ષિણા છે... મૃત્યુ યજ્ઞનું અવભૃથ છે. જરામૃત્યુ સુધી ચાલનાર આ યજ્ઞ છે."

વેદોની ક્લિષ્ટતમ અને કર્મકાંડયુક્ત યજ્ઞ પ્રક્રિયાઓમાંથી જ ઉપનિષદના જ્ઞાનકાંડના વિચારોનું મંડાણ થયું છે. તેમાંથી જ ભારતીય જીવનદૃષ્ટિની, ધ્યેયદૃષ્ટિની નિષ્કામ યજ્ઞકર્મની, યજ્ઞના આધ્યાત્મિક સ્વરૂપની અને જીવનયજ્ઞની કલ્પનાનો વિકાસ થયો છે. મહાભારત પાંચમો વેદ છે તો ગીતા એક ઉપનિષદ છે. મહાનારાયણ ઉપનિષદની જેમ મહાભારતમાં પણ કહ્યું છે કે જીવન સતત ચાલનાર યજ્ઞ છે. ભારતીય સંસ્કૃતિની જ્યોત જગવનાર વ્યાસજીએ ભારતીય સંસ્કૃતિ જે પાયા ઉપર ઊભી છે અને જેના થકી તેનો ચરમ વિકાસ થયો છે તે જ યજ્ઞ પ્રક્રિયાની પાર્શ્વભૂમિ પર આધ્યાત્મિક વિચારોનું અને મહાભારતનું વસ્તુગૂંફન કર્યું છે.

– હેમાંગિની જાઈ

પંડિત સુખલાલજી જન્મશતાબ્દી સમારંભ

★

સ્વ. પંડિત સુખલાલજીની જન્મશતાબ્દી ડિસેમ્બરની ૮મી તારીખે આવે છે. આ પ્રસંગ ચોગ્ય રીતે ઉજવવા માટે મુંબઈમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપદે પંડિત સુખલાલજી જન્મશતાબ્દી સમિતિ રચાઈ છે. શ્રી વાડીલાલ ડગલી સમિતિના ઉપ–પ્રમુખ છે અને શ્રી રમણલાલ ચી. શાહ, શ્રી અજિત શેઠ અને શ્રી યશવંત દોશી મંત્રીઓ છે.

આ પ્રસંગે એક જાહેર સભા સોમવાર, ડિસેમ્બર ૮, ૧૯૮૦ ના રોજ સાંજે ૬–૦૦ વાગે ભારતીય વિદ્યા ભવનના સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપદે યોજવામાં આવી છે.

સભામાં શ્રી ઉમાશંકર જોશી, પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળાનું પહેલું વ્યાખ્યાન આપશે. અન્ય વક્તાઓ પણ પ્રવચન કરશે. સભાને પ્રારંભે અને અંતે શ્રીમતી નિરુપમા શેઠ અને શ્રી અજિત શેઠ ભજનો ગાશે.

સભાસ્થળે પંડિત સુખલાલજીનાં પુસ્તકો પણ પ્રદર્શિત કરાશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત

વિદ્યાસત્ર

[વર્ષ પાંચમું]

વક્તા : **ડૉ. ગુણવંત શાહ**

વિષય : **"માનવને ઉગવા દઈએ"**

ઉપરના વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો

સમય: સોમ, મંગળ, બુધ, તા. ૫, ૬, ૭ જાન્યુઆરી ૧૯૮૧ સાંજના ૬ વાગે

સ્થળ : તાતા ઓડીટોરિયમ, બોમ્બે હાઉસ, બ્રુસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૧.

પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ

સૌને સમયસર પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

માનવ–ચિંતના મુક્તિદાતા

પંડિત સુખલાલજી વીસમી સદીના એક મૌલિક ફિલસૂફ હતા. એમણે એમના જીવનમાં વિદ્વતા, સાદાઇ અને મનુષ્ય પ્રેમનો સંગમ સાધ્યો હતો. ભારતના વિધવિધ ધર્મોમાં રહેલું સમન્વય બીજ એમણે શોધ્યું અને ધર્મને ક્રિયાકાંડ-મુક્ત કર્યો. જે ધર્મ સમાજ માટે ઉપયોગી ન હોય એ ધર્મ અપ્રસ્તુત છે એ વાત તેમણે તેમના અનેક ગ્રંથોમાં સમજાવી. ૧૬ વર્ષની ઉંમરે તેમણે આંખો ખોઇ. આ પછીનું એમનું જીવન માનવ ચેતનાના કોઈ અકલ્પ્ય પુરુષાર્થ જેવું હતું. જેણે નામનો જ અભ્યાસ કર્યો હતો એવો અસહાય જુવાન ભારતીયદર્શનનો વિશ્વવિખ્યાત વિદ્વાન કેવી રીતે બન્યો તેની ગાથા માનવજાતનો સાચવી રાખવા જેવો વારસો છે.

પંડિત સુખલાલજીનું જીવન ચાર તબક્કામાં વહેંચાયું હતું. ૧૮૮૦ના ડિસેમ્બરની ૮મી તારીખે સુરેન્દ્રનગર પાસે આવેલા લીંમલી નામના ગામડામાં જન્મ ૧૬ વર્ષની ઉંમરે શીતળામાં આંખો ગુમાવી. ત્યારથી પંડિતજીએ લખ્યું છે તેમ તેમનો "બીજો જન્મ" શરૂ થયો. ૧૯૦૪થી ૧૯૨૧ સુધી તેમણે કાશીમાં અને મિથિલામાં ક્રમક્રમા આવે એવી પરિસ્થિતિમાં ભારતીય દર્શનનો અભ્યાસ કર્યો અને અધ્યાપનનુંકાર્ય કર્યું. તેમના જીવનનો આ બીજો તબક્કો ત્રીજા તબક્કામાં ૧૯૨૧થી ૧૯૩૦ સુધી ગુજરાત વિદ્યાપીઠમાં અને ૧૯૩૩થી ૧૯૪૪ સુધી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અધ્યયન અને અધ્યાપન કર્યું. ગુજરાત વિદ્યાપીઠમાં તેમણે ભારતીય દર્શનના સંદર્ભગ્રંથ જેવા "સન્મતિતર્ક"નું એવું વિદ્વત્તાપૂર્ણ સંપાદન કર્યું કે તે પછી આવું સંપાદન કોઈએ કર્યું નથી એમ વિદ્વાનો કહે છે. એક દસકા સુધી એમણે આ વિદ્યાતપ કર્યું એટલે ગાંધીજી જેવા કર્મવીરે પણ કહ્યું કે સુખલાલજીએ થોડોક આરામ કરવો જોઈએ. "સન્મતિતર્ક"એ વિદ્યાપીઠના જોડણીકોશ જેવી જ અનન્ય સાંસ્કારિક ઘટના હતી.

પંડિતજીના જીવનનો ચોથો અને છેલ્લો તબક્કો ૧૯૪૪માં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા અને ત્યાર બાદ સતત વિદ્યાપ્રવૃત્તિ કરતાં કરતાં ૯૭ વર્ષની ઉંમરે ૧૯૭૮ના માર્ચની ૨જી તારીખે મૃત્યુ પામ્યા ત્યાં સુધીનો હતો.

પ્રવૃત્તિના સમયમાં પણ તેમણે "અધ્યાત્મવિચારણા", "ભારતીય તત્વવિદ્યા" અને "સમદર્શી આચાર્ય હરિભદ્ર" જેવા ભારતીય દર્શનશાસ્ત્રનાં પાયાનાં પુસ્તકો આપ્યાં. પંડિતજીએ ધર્મ, સમાજ, રાજનીતિ, કેળવણી વગેરે પર જે અસંખ્ય લેખો લખ્યા તે ત્રણ ભાગમાં "દર્શન અને ચિન્તન" નામે પ્રગટ થયા છે. પંડિતજીએ લખેલી આત્મકથા "મારું જીવનવૃત્ત" ટૂંક સમયમાં પ્રગટ થશે.

સુખલાલજીએ ભારતીય તત્વજ્ઞાનને ચોકાવાદમાંથી મુકત કર્યું અને જુદા જુદા ધર્મના ઉપદેશોના તાણાવાણાને ગુંથીને મુલાયમ અને ટકાઉ પોત બક્ષ્યું. પંડિતજી એમ માનતા કે વ્યક્તિની બધી શકિતઓ, વ્યકિતની બધી સિદ્ધિઓ અને વ્યકિતની બધી પ્રવૃત્તિઓ જ્યારે કેવળ સામાજિક કલ્યાણની દિશામાં વહે છે ત્યારે ધર્મ કે સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે.

પંડિતજીના મનમાં કોઈ લૌકિક તૃષ્ણાનું વળગણ ન હતું, આથી એમના જીવનમાં અને વિચારમાં નીડરતા સહજપણે પ્રગટતી. ધાર્મિક રૂઢિઓ અને ધાર્મિક વિધિઓ પાછળ દુર્બોધ કરનારા ગૃહસ્થો અને સાધુઓ પ્રત્યે પંડિતજીને સૂગ હતી. બાહ્ય આચરને અનુકંપાશૂન્ય ક્રિયાકાંડ અને રૂઢિઓને પંડિતજી વ્યક્તિના વિકાસ માટે તથા સમાજની તંદુરસ્તી માટે બાધક ગણતા હતા.

આમ આ મહામાનવ ચિત્તને મુકત રાખવામાં માનતા. આધુનિક ભારતના ઘડવૈયાઓમાં પંડિતજી એક એવા ઘડવૈયા હતા કે જેમણે પોતાના દેશવાસીઓના ચિત્તને મુકત રાખવામાં પ્રમાદ વિના સતત પુરુષાર્થ કર્યો.

—વાડીલાલ ડગલી

☆ યુગાન્ડા અને ભારતીઓ ☆

ગુજરાતણોની સોનાની બંગડીઓ ઉતરાવી લેનારા ઈદી અમીનને અઢાર મહિના પહેલાં ફુગાવી દઈને યુગાન્ડામાં લશ્કરે કબજો લીધો તે પછી ચાર સરકારો બદલાઈ ગઈ છે. માધવાણી ગ્રુપ અને નાનજી કાળીદાસ ગ્રુપના સંચાલકો છ મહિના પહેલાં યુગાન્ડામાં ફરીથી ઉદ્યોગો નાંખવાની વાતો કરતા હતા ત્યાં ફરીથી યુગાન્ડાનું રાજકીય વાતાવરણ હિંસક બન્યું હતું. ભારતની એક મોટી કાપડ મીલના માલિકે તો છ મહીના પહેલાં યુગાન્ડાના ઉદ્યોગ-પ્રધાનને મુંબઈની ફાઈવસ્ટાર હોટલમાં પાર્ટી આપી ત્યારે યુગાન્ડામાં પાછા ફરવાની ઘણા ગુજરાતીઓને આશા જાગેલી અને યુગાન્ડાની સરકારે તેમના સોનાના ઘરેણા અને મિલકતો જપ્ત કરેલી તે પાછી મળવાની આશા જાગેલી. હવે ૧૦મી ડિસેમ્બરે એટલે કે અઢાર વર્ષ પછી યુગાન્ડામાં ફરીથી ચૂંટણી થવાની વાતો થાય છે અને ત્યારે તાન્ઝાનિયાના પ્રમુખ શ્રી જુલયન નરેરેના મિત્ર શ્રી મિલ્ટન ઓબોટે આ ચૂંટણીમાં જીતવાની ખ્વાહેશ ધરાવે છે. વાચકોને યાદ હશે કે મિલ્ટન ઓબોટેને ઈદી અમીને લશ્કરી બળવો કરીને પદભ્રષ્ટ કર્યા હતા. તાજેતરમાં મિલ્ટન ઓબોટેએ જાહેરાત કરી હતી કે "હું સત્તા ઉપર આવીશ તો એશિયનોને પાછા બોલાવીને સલામત રાખીશ."

જે ગુજરાતીઓએ યુગાન્ડામાં ઈદી અમીન તરફથી અન્યાય સહન કર્યો છે તે તો યુગાન્ડામાં જતા પહેલા બે વખત વિચારશે, છતાં યુગાન્ડાની ભૂમિ એવી ફળદ્રુપ, આકર્ષક અને થોડી મહેનતે અઢળક કમાણી આપનાર છે કે મેં બે વર્ષ પહેલાં એ દેશ જોયો ત્યારે મને પણ તેની ગુલાબી આબોહવામાં રહી જવાનું મન થયું હતું. રાજકીય નિરીક્ષકોના કહેવા પ્રમાણે મિલ્ટન ઓબોટે ૧૦મી ડિસેમ્બરની ચૂંટણીમાં જીતી જાય તેવા સંજોગો છે એટલે યુગાન્ડામાં હાલ કેવી પરિસ્થિતિ છે તેનો તાજામાં તાજો અહેવાલ વાચકોને આપું છું

૧.૩૫ કરોડની વસતિવાળા યુગાન્ડામાંથી ઈદી અમીન ૧૯૭૯માં નાસી ગયો ત્યારે તેનું આર્થિક માળખું તદ્દન તૂટી ગયું હતું. ૪૦,૦૦૦ એશિયનો જે આર્થિક માળખાની કરોડરજ્જુ જેવા હતા તેને અમીને હાંકી કાઢયા હતા, તેને કાઢી મૂકીને તાન્ઝાનિયાની મદદથી લશ્કરી બળવો થયા પછી એક બાદ એક એમ ચાર સરકારો બદલાઈ ગઈ. અત્યારે તાન્ઝાનીયાનું ૧૦,૦૦૦નું લશ્કર યુગાન્ડામાં હાજર છે. અર્ધ-મિલિટરી સરકાર રાજ કરે છે. હોસ્પિટલોમાં દવા નથી, સ્કૂલોમાં પુસ્તકો મળતા નથી, ઉત્તર-યુગાન્ડામાં લોકો ભૂખે મરે છે. કંપાલા એક નમૂનેદાર અને મોજીલું શહેર હતું. ત્યાં અત્યારે દરેક ચીજના કાળાબજાર ચાલે છે. રસ્તા ઉપરનો કચરો કોઈ ઉપાડતું નથી. કંપાલાની ફેશનેબલ બજારમાં કચરાના ઢગલા પડયા છે. કંપાલામાં જ્યારે વરસાદ પડે છે ત્યારે ગટરમાં ભરાએલા પાણીમાં જ ઘણા લોકો ન્હાય છે.

લુઝીરેની જેલમાં ૪૦૦૦ કેદીઓ હજી સબડે છે. તે લોકોને ખોરાક મળતો નથી. જેલમાં આંટા મારતા ઉંદરોને કેદીઓ ખાઈ જાય છે. એક જમાનામાં મુલાગો હોસ્પિટલમાં ઘણી ગુજરાતણો સાજી થઈ જાય છતાં લાંબુ રોકાતી તે મુલાગો હોસ્પિટલમાં દર્દી દાખલ થયા પછી રોગથી નહિ પણ ખોરાકના અભાવથી અને ઉંદરો કરડી જાય તેના દર્દથી મરી જાય છે. લોહીના બાટલા રાખવા માટે રેફ્રીજરેટર નથી.

ગુનાખોરી એટલી વધી છે કે સાંજ પડે એટલે દુકાનોમાં જે માલ વધ્યો હોય તે ઘરે લઈ જવા કંપાલાની બજારમાં લોરીઓ ઊભી હોય છે. કંપાલાની શેરીઓ આમ સવાર-સાંજ દુકાન માટેના માલ લાવવા અને લઈ જવા માટેની લોરીથી ખડકાએલી રહે છે. આ બધો માલ દુકાનદાર રાત્રે ઘરે રાખે છે. અમેરિકાએ રૂા. ૫૦ લાખની દવાઓ હમણાં મોકલેલી તે એક ગોદામમાંથી રાતોરાત ચોરાઈ ગઈ હતી. અહીં જે ગણ્યાગાંઠયા રાજદૂતો કે રાષ્ટ્રસંઘના પ્રતિનિધિઓ રહે છે તે જીવને જોખમે રહે છે. આ લોકો ખુલ્લે આમ બંદૂકો કે પિસ્તોલ રાખીને જ ફરે છે. રાજદૂતો પોતાના ઘરમાં ટિયરગેસના ટોટા પણ રાખે છે જેથી લૂંટારૂઓને દૂર રાખી શકાય. આમ છતાં ઘણા ઘરોમાં પીધેલા હથિયારધારી સૈનિકો ઘુસી જઈને લૂંટ ચલાવે છે યુગાન્ડામાં નવા ઊભા કરેલા સૈન્યના ભૂખ્યા સૈનિકો આ લૂંટ કરે છે. આ લોકો પછી પકડાતા નથી.

અમીન નાસી ગયા પછી કાયદો અને વ્યવસ્થા જેવી કોઈ ચીજ રહી નથી. પોલીસનું નૈતિક ખમીર ચાલ્યું ગયું છે. પોલીસને મહિને રૂા. ૫૬૦નો પગાર મળે છે અને જીવવા માટે તેનો ખર્ચ મહિને રૂા. ૧૦૮૦નો હોય છે! યુગાન્ડામાં દર વર્ષે ૪૦૦ ટકાનો ભાવ વધારો થાય છે. ચાર માણસના કુટુંબ ખાઈ શકે અને પેટ ભરી શકે તેવડી કેળાની લૂમ રૂા. ૩૦૦માં મળે છે! એક સાબુની ગોટી રૂા. ૮૮માં મળે છે. ખાંડનો ભાવ એક કિલોનો રૂા. ૧૫૦ છે! મોટરકારનું એક ટાયર જ રૂા. ૭૦૦નું મળે છે! માત્ર ચોખા અને ખાવાનું તેલ જ તમને અધિકૃત ભાવે મળે, બાકીનું બધું કાળાબજારમાં જ મળે. સિગારેટ મેળવવા માટે ઘણી વખત કંપાલામાં હુલ્લડો પણ થાય છે. હુલ્લડથી કંટાળી જનારા ગામડામાં ચાલ્યા જાય છે. કારણ, ગામડામાં જીવન સારું છે. ઓછામાં ઓછું અનાજ અને દૂધ તો મળી જ રહે છે. ગામડામાં ચા, કોફી, કપાસ, તમાકુ અને શેરડીનો પાક થાય છે પણ વ્યવસ્થિત એસ્ટેટની ખેતી થતી નથી. કોફીનો પાક આંતરરાષ્ટ્રીય બજારમાં વ્યવસ્થિત રીતે વેચાય તો સારા ભાવ ઉપજે પણ ત્રીજા ભાગનો પાક દાણચોરીમાં વેચાય કે યુગાન્ડા પાસે હુંડિયામણ નહી હોઈને ઘર બાંધવા માટે સામગ્રી આયાત કરી શકતું નથી. બીજા ઉદ્યોગો પણ ઠપ થઈ ગયા છે. તાંબાની ખાણો, સિમેન્ટ, પોલાદ અને ખાંડના કારખાનાં બંધ પડયા છે.

યુગાન્ડાને બ્રિટને અને અમેરિકાએ ૩૦ કરોડ ડોલરની સહાય જાહેર કરેલી પણ અનિશ્ચિત રાજકીય વાતવરણ જોઈને આ મદદ અટકાવી દીધી છે. જો સમયસર ચૂંટણી થાય અને ઓબોટે સત્તા ઉપર આવે તેમ જ ભારત સહીત બીજા દેશો પણ તેના આર્થિક ઉત્થાનમાં રસ લે અને યુગાન્ડામાં સલામતીનું વાતાવરણ સ્થપાય તો ત્રણ જ વર્ષમાં યુગાન્ડા પાછું આર્થિક રીતે સદ્ધર બને.

—કાન્તિ ભટ્ટ

જૈન સાહિત્ય સમારોહ

★

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ, સુરત અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, શનિવાર, અને રવિવાર, તા. ૧૯, ૨૦ અને ૨૧ મી ડિસેમ્બર ૧૯૮૦ના રોજ સુરત ખાતે તૃતીય જૈન સાહિત્ય સમારોહનું ડૉ. ભોગીલાલ જે. સાંડેસરાના પ્રમુખસ્થાને આયોજન થયું છે. વિગતો નીચે મુજબ છે.

શુક્રવાર:	બપોરના	ઉદ્‌ઘાટનસમારોહ
તા. ૧૯-૧૨-૮૦	૩-૩૦	
	રાત્રે	સ્તવન, સજઝાય, રાસ, વગેરેનો
	૮-૦૦	કાર્યક્રમ
શનિવાર:	સવારના	તત્વજ્ઞાન વિભાગની બેઠક
તા. ૨૦-૧૨-૮૦	૯/૩૦ થી ૧૧/૩૦	
	વિભાગીય પ્રમુખ: ડો. સાગરમલજી જૈન.	
	બપોરના	ઈતિહાસ સ્થાપત્યાદિ
	૩/૩૦ થી ૧૧/૩૦	કલા વિભાગની બેઠક
	વિભાગીય પ્રમુખ: ડો. હરિપ્રસાદ શાસ્ત્રી	
	રાતના ૮-૦૦ 'બ્યુટી વિધાઉટ કુઆલ્ટી' વિષે	
	સંસ્થા તરફથી ચલચિત્રો.	
રવિવાર	સવારના	
તા. ૨૧-૧૨-૮૦	૯/૩૦ થી ૧૧/૩૦	સાહિત્ય વિભાગની બેઠક
	વિભાગીય પ્રમુખ: શ્રી અગરચંદજી નાહટા.	
	બપોરના	ઉપસંહાર અને આભાર.
	૩-૩૦ થી ૪-૩૦	

વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ભાગ લેવા વિનંતિ છે.

સુરત ખાતે સંપર્ક: શ્રી બાબુભાઈ હીરાલાલ જરીવાલા
કાયસ્થ મહોલ્લો, સુરત. ફોન: ૨૩૮૨૫

મુંબઈ ખાતે સંપર્ક : મંત્રીઓ, જૈન સાહિત્ય સમારોહ
શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ,
મુંબઈ ૪૦૦ ૦૩૬
ફોન: ૩૬૪૪૧૭

◆◆◆ દેહ નિરંતર દેહરા, તામે પરતછ દેવ ◆◆◆

દરેક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ અનંત શક્તિથી ભરપૂર છે. એ શક્તિ, આત્મવીર્ય, દબાયેલી દશામાં પડયું છે જેનો સંપૂર્ણ આવિર્ભાવ થાય એટલે જીવ, જીવ મટી શિવ બને. આ હકીકતને સીધી કે આડકતરી રીતે દરેક ધર્મને સ્વીકારવી પડી છે. અનંત પુરુષાર્થ, વીર્ય, દ્વારા અનંત સામર્થ્ય વિકસાવવાનો આત્માનો આ ઈતિહાસ છે. એક ભવે કે અનંત ભવે પણ ભવ્ય જીવનો આમ કર્યા વિના છૂટકો નથી.

પણ આ કાંઈ જેવી તેવી વાત નથી. બોલવા, લખતાં કરતાં અનંતગણી અઘરી વાત છે અને એટલે જ જીવને ગુણસ્થાનક, ક્રમારોહમાં અનંત વાર નીચે ઉતરી જવું પડે છે, પછાડ ખાવી પડે છે, વળી ધૂળ ખંખેરી, ઊભા થઈ મંજલ કાપવા મંડી પડવું પડે છે.

વાતે વાતે, ડગલે પગલે નિરાશાના, વિષાદના, હિંમત હારી જવાના પ્રસંગો ઊભા થાય છે, નાખી નજર પહોંચતાં નથી. એ વખતે આશ્વાસન મેળવવું ક્યાંથી? આશા બાંધવી કોના ઉપર? કોના મદારે બચી જવું? માનવી આમ તેમ ફાંફા મારે છે. કોઈ પોતાની જાતમાંથી જ આશ્વાસન, સાંત્વન મેળવી લે છે તો કોઈ બાહ્ય પ્રતિકોમાંથી.

પોતાનામાં શક્તિ ખૂટતી લાગે એટલે માણસ કોઈ એવા પ્રતીકની કલ્પના કરે છે કે જેમાં, ઓછામાં ઓછું પોતાના કરતાં વિશેષ બળ હોય. મનનું આ વલણ લગભગ સ્વાભાવિક છે. આ એમાંથી જ દેવ, દેવીની કલ્પના થઈ હોય છે એવો એક વાદ છે, 'થીયરી' છે.

દરેક બાબતમાં બને છે તેમ અહીં પણ માનવ મર્યાદાભાન ભૂલ્યો. એટલે સુધી ભૂલ્યો કે પોતે ચેતન હોવા છતાં જડ પાસે યાચના કરવા લાગ્યો. જડને જ સર્વેસર્વા માનવા લાગ્યો. સામાન્ય માનવીના સંબંધમાં આવું બન્યું હોય તો તો જાણે કે ઠીક છે પરંતુ ભલભલા આવું કરવા લાગ્યા. હિટલર, નેપોલીયન, સીઝર સુદ્ધાં આ ત્રુટીમાંથી મુક્ત નહોતા. અત્યારે જ જુઓને? ભારત ઉપર રાજ્ય કોણ ચલાવે છે? નેતાઓ નથી ચલાવતા પણ એમને દોરવણી આપતા, એમની ઈચ્છાસિદ્ધિ કરાવી આપવાની બડાઈ મારતા તાંત્રિકો અને જ્યોતિષીઓ વાસ્તવમાં રાજ્ય ચલાવે છે. આવી મતલબનું આપણે સમાચારપત્રોમાં છાશવારે વાંચતા હોઈએ છીએ. અર્થાત માણસ પાસેથી શક્તિનો ખજાનો ખૂટી પડે ત્યારે આત્મબાહ્ય વસ્તુઓ પાસે એ ભીખ માગવા નીકળી પડે છે. જડ પાસે, મૂર્તિઓ પાસે ખોળો પાથરે છે અને આ રીતે એ પ્રતીકની પૂજામાં પડી જાય છે.

પ્રતીકની કે પત્થરની બનેલી મૂર્તિમાં માણસ એટલો બધો અટવાઈ જાય છે કે આતમ-પૂજાને બદલે મૂર્તિપૂજામાં જ એ પડયો રહે છે. મનુષ્યસ્વભાવની એક બીજી પણ તાસીર છે અને તે એ કે સહેલું હોય એ કરવું અને દુષ્કરથી ભાગતાં ફરવું. આ કૌભાંડ એટલું બધું વધી પડયું કે કબીરજીને ગાવું પડયું:

પત્થર પૂજયે હરિ મિલે, તો મૈં પૂજું ગિરિરાય;
ઈસસે તો ચક્કી ભલી, પીસ ખાય સંસાર.

પત્થરને પૂજવાથી જો હરિ મળતા હોય તો તો હું પત્થરના નાના ટુકડાની જ પૂજા શું કામ કરું? મોટા પહાડની જ ન કરું? વળી એમને વિચાર આવે છે કે પહાડને પૂજવાથી શું લાભ? એ મને શું આપવાનો હતો? એના કરતાં તો પત્થરની બનેલી આ ચક્કીની પૂજા કરવા દે ને કે એ છેવટ મારા પેટનો ખાડો પૂરવા આટો તો પીસી દે છે.

બીજે શું કામ શોધ કરી રહ્યો છે? અંતરખોજ કર ને? બીજેથી શું મળવાનું હતું? અડસઠ તીર્થની યાત્રા કરી વળીશ તો પણ શું થશે? તને યાદ આવે એટલા માટે આલંબન તરીકે પ્રતીકનો સ્વીકાર કર પણ એ જ સર્વસ્વ છે એમ માની અટકી જઈશ તો રખડી પડીશ. તારો દેહ જ દેરું છે તો પછી બીજે શું કામ ભટકે છે? કબીરજી બોલ્યા:

દેહ નિરંતર દેહરા, તામેં પરતછ દેવ;
રામ નામ સુમરન કરો, કહાં પત્થરકી સેવ.

આ દેહ જ દેરું છે અને એનાં જ ખરેખરો દેવાધિદેવ બેઠો છે. તું બીજે ક્યાં ફાંફા મારે છે? આ હકીકત સંબંધમાં રામકૃષ્ણ પરમહંસે એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે.

એક માણસને બીડી પીવાની ટેવ. એક વખત રાત્રે ઝાર વાગે બીડી પીવાની તલપ જાગી. દિવાસળી શોધી પણ મળી નહિ એટલે ફાનસ લઈ બબડાવવા માંડયો પાડોશીનું ઘર. પડોશી આંખો ચોળતો ઊભો થયો અને બારણું ખોલ્યું. એણે પેલા ભાઈને જોયો એટલે આંખો ચોળતાં એણે પૂછયું. "કેમ ભાઈ! અત્યારે મારી શી જરૂર પડી?" પેલો કહે "ભાઈ, જરા દિવાસળી આપો ને? બીડી પીવી છે અને દિવાસળી નથી." પડોશીને ક્રોધ તો ચડયો પણ મનમાં દબાવીને એ કરડાકીમાં હસતાં હસતાં બોલ્યો, "અરે! ભાઈ! ફાનસ તો તમારા હાથમાં જ છે એનાથી બીડી સળગાવી લ્યો ને?" પેલો બસીયાણો પડી ગયો. પરમહંસજીના કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વર અંદર જ બીરાજે છે અને આપણે શોધીએ છીએ બહાર. આ આપણી મૂર્ખાઈ નહિ તે બીજું શું? એમ જ કબીરજી પણ કહે છે કે દેરું તારો દેહ જ છે અને એમાં જ ઈશ્વરનો મંગલમય મૂર્તિ બેઠેલી છે. તું આડેઅવળો ક્યાં રખડ છે? તારી પાસે જ બધું છે, તારે પોતે જ પ્રયત્ન કરીને એ પામવાનું છે. નિરાશ થઈ મદદ માટે અન્યત્ર ક્યાંય નજર દોડાવવાની નથી. પણ આ કામ અતિ દુષ્કર કાઈ જડપૂજાની સરળ રીત માનવીએ શોધી કાઢી. આમાં વિવેકહીનતા અને અશ્રદ્ધા સિવાય બીજા કોઈનો દોષ નથી.

જ્ઞાનદીપ પ્રકટાવી અંતરમાંથી જ જીવે શિવને શોધી કાઢવાનો છે. કબીરજી આટલું કહી બેસી રહેતા નથી તો એ જ્ઞાનદીપ પ્રકટે કઈ રીતે? કબીરજી કહે છે:

સુદ્ધી બિન સમરત નહિં, ભાવ બિન ભજન ન હોય;
પારસ બિચ પરદા રહા, કયોં લોહ કંચન હોય?

વ્યવહારશુદ્ધિ, આચારશુદ્ધિ વિનાનું કેવળ સ્મરણ કે રટણ શું કામનું? પોપટ રામનામ જપ્યા કરે તો તેથી શું વળે? ભાવ વિનાનું ભજન નકામું છે. પારસમણિમાં લોખંડને સોનું કરવાનો ગુણ છે એ વાત સાચી પણ લોખંડ અને પારસમણિ વચ્ચે મુલાકાત તો થવી જોઈએ ને? એ બન્ને વચ્ચે સ્પર્શ સધાવો જોઈએ, પડદો વચ્ચે ન રહેવો જોઈએ અને તો જ લોખંડ એ સોનું બને. આચારશુદ્ધિ, ભાવશુદ્ધિરૂપી પારસમણિ જ જીવનું શિવમાં રૂપાંતર કરી શકે.

ઉપરાંત, એકાગ્રધ્યાને હરિસ્મરણ કરતાં જીવ અને શિવનું સાયુજ્ય સ્થપાય છે. એકાગ્રતા વિના ભાવશુદ્ધિ નહિ. ભાવશુદ્ધિ વિના ભજન નહિ અને ભજન વિના ભગવદપ્રાપ્તિ પણ નહિ. કબીરજી રીત બતાવે છે:

સુમરન સિદ્ધાયોં કરો, જયોં ગાગર પનિહાર;
હાલે ચાલે સુરતમેં, કહે કબીર વિચાર.

પાણી ભરવા ગયેલી સ્ત્રી માથે ભરેલું બેડું હોવા છતાં હાલે છે, ચાલે છે, અને હાથતાળી દેતી, લેતી જાય છે પણ બેડું પડતું નથી, એવી એની સુરત છે. એ પ્રમાણે જ આતમદેવ સાથે સુરત લગાવવાની છે. સંસારના કામ કરતા જાઓ પણ કેન્દ્રમાં આત્માને રાખો. બધું કરો પણ ધ્યાન તો અહીં જ રાખો.

ભીખ માગવાની ટેવ પડી ગઈ છે. બીજો આપે તો લેવું છે, ખાવું છે. મહેનત નથી કરવી. હરામનું ખાવાની આદત પડી ગઈ છે. એક ભીખારી ભીખ માગતો. એ મરી ગયા પછી એ જ્યાં બેસીને ભીખ માગતો એ જગ્યા ખોદી તો ત્યાં જ ખજાનો નીકળ્યો. એમ ખજાનો પોતાની પાસે જ છે પરંતુ એને ખોલવા જેટલો પણ પ્રયત્ન નથી કરવો અને હાથ લાંબો કરવો છે બીજા પાસે.

જડપૂજા ઉપર છેલ્લો ચાબખો વીંઝતાં કબીરજી કહે છે:

જૈસી નિયત હરામપેં ઐસી હરસે હોય;
ચલા જાય વૈકુંઠમેં, પલ્લા ન પકડ કોય.

બીજાની મદદની નિયત રાખવાને બદલે હરસે (હરશિવ) જો રાખી હોય તો સીધો જ વૈકુંઠમાં જીવ ચાલ્યો જાય.

એકાંત નહિ પણ અનેકાંત અને બધું જ મર્યાદામાં શોભે એ કબીરજીના કવન અને કથનનું હાર્દ છે.

— અમૃતલાલ ગોપાણી

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૪ : અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧૬ ડિસેમ્બર, ૧૯૮૦, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૫, પરદેશ માટે શિલિંગ : ૪૫

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૦-૭૫

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ સહતંત્રી : રમણલાલ ચી. શાહ

☆ ગુનેગાર સમાજ ☆

બિહારની ભાગલપુર જેલમાં તપાસ હેઠળના ૩૧ કેદીઓની અને બીજી જેલમાં એવા જ બીજા ત્રણ કેદીઓની પોલીસે આંખો ફોડી નાખી, એ ઘાતકી કૃત્યની જાણ થતાં સમગ્ર દેશે ભારે આઘાતની લાગણી અનુભવી છે. આવું અમાનુષી કૃત્ય આ દેશમાં બને તે હજી માની શકાતું નથી, પણ હકીકતો જેમ બહાર આવે છે તેમ આ બનાવની ભયંકરતા વધતી જાય છે. ઈરાદાપૂર્વક, વ્યવસ્થિત રીતે, ઉપરીઅધિકારીઓની જાણ અને સંમતિથી, આ ષડયંત્ર રચાયું હતું. લગભગ એક વર્ષના ગાળા સુધી, સમયે સમયે કેદીઓની આંખો ફોડવાની પ્રક્રિયા ચાલી. પહેલો બનાવ ઓકટોબર ૧૯૭૯ માં બન્યો. ત્યારે જનતા સરકાર હતી. પછી રાષ્ટ્રપતિ શાસન થયું. આંખો ફોડવાનું ચાલું રહ્યું. ઈન્દિરા કોંગ્રેસનું શાસન આવ્યું, પ્રક્રિયા ચાલુ રહી. જુલાઈ ૧૯૮૦ માં એક કેદીએ મેજીસ્ટ્રેટને અરજી કરી, જવાબદાર પોલીસ સામે પગલાં લેવા વિનંતી કરી. સેસન્સ જજે રિપોર્ટ મંગાવ્યો. જેલ સુપરિન્ટેન્ડટે રિપોર્ટ રજૂ કર્યો. તે સાથે બીજા દસ કેદીઓ, જેને અંધ બનાવવામાં આવ્યા હતા, તેમની અરજીઓ પણ મોકલાવી છતાં આંખો ફોડવાનું ચાલુ રહ્યું. સપ્ટેમ્બર - ઓકટોબરમાં બીજા ૧૧ કેદીઓની આંખો ફોડવામાં આવી. દસ કેદીઓની અરજી ઉપરથી ઓકટોબરની ૧૦મી તારીખે સુપ્રીમ કોર્ટે દાકતરી અહેવાલ માગ્યો. પછી તો વર્તમાન-પત્રોમાં પ્રસિદ્ધિ થઈ, પાર્લામેન્ટમાં ઊહાપોહ થયો. ઈન્દિરા ગાંધીએ પણ આઘાત અનુભવ્યો. પૂરી તપાસ કરવાની ખાતરી આપી.

શરૂઆતમાં બિહારના મુખ્ય મંત્રી અને મુખ્ય સચિવે લૂલો બચાવ કર્યો, ઢાંકપીછેડો કરવા પ્રયત્ન કર્યો. એમ કહેવામાં આવ્યું કે ગામલોકો સાથેની અથડામણમાં, ગુનેગારોની આંખો ફૂટી ગઈ હતી. આ વાત તદ્દન જૂઠી ઠરી. પોલીસે જેલમાં, એક પછી એક, કેદીને પકડી આંખો ફોડી હતી. કેદીને પછાડી, ચાર-પાંચ પકડી રાખે અને તેની આંખમાં મોટો સોયો ભોંકવામાં આવે અને પછી એસિડ રેડવામાં આવે. એસીડને ગંગાજળ કહેવામાં આવ્યું. વકતા અને ક્રૂરતાની પણ હદ હોય ! કેટલાક કેદી ઉપર એકથી વધારે વખત આવો અત્યાચાર કરવામાં આવ્યો. વાંચતા અને સાંભળતાં કમકમા આવે છે. આવા કૃત્યને રાક્ષસી કહેવું તેમાં રાક્ષસોનું અપમાન છે. માણસ જ આટલો ક્રૂર થઈ શકે.

આ બધું બન્યું જ કેવી રીતે? એમ લાગે છે કે ભાગલપુર જિલ્લામાં ગંભીર ગુનાઓનું પ્રમાણ ઘણું વધી ગયું. ડાકુઓની ટોળીઓ લોકોને લૂંટે, ધાયલ કરે, ખૂન કરે અને અનેક જાતના ત્રાસ વર્તાવે. પોલીસ તેમાં કેટલેક દરજજે સાથીદાર હતી, લાંચ મળતી. બીજી રીતે પોલીસ નિષ્ક્રિય અને નિષ્ફળ હતી. પોલીસને બહાનું હતું કે, અત્યારના કાયદા પ્રમાણે ઝડપી અને સખત પગલાં લઈ શકાતાં નથી. એવા સંજોગોમાં કોઈ ફળદ્રુપ ભેજાએ, ધાક બેસાડવા, આ માર્ગ શોધી કાઢયો. તપાસ હેઠળના કેદીઓ દીર્ઘકાળ સુધી જેલમાં સડે છે અને તેમના ઉપર અનેક અત્યાચારો થાય છે, તે જાણીતી હકીકત છે. કેટલાક મરણ શરણ થાય છે, કેટલાકને મારી નાખવામાં આવે છે અને પછી કહેવાય છે કે કેદીએ હુમલો કર્યો અને સ્વરક્ષણમાં પોલીસે ગોળીબાર કરવો પડયો.

આંખો ફોરી નાખવા જેવું ઘાતકી કૃત્ય કરવાનું કોને સુઝ્યું? આંખો ફોડી નાખ્યા પછી કેદી જીવતો રહે અને ફરિયાદ કરશે એનો ભય પણ ન લાગ્યો? પોલીસમાં એટલી બધી 'હિમત' આવી કે પછી ઉપરથી ટેકો હતો? ઈન્ડિયન એકસપ્રેસમાં અરૂણ શૌરી લખે છે:

Evidence suggests that the blinding campaign was conceived of at the highest civilian and police levels in Bhgalpur District.

ઘણાં ઉપરી અમલદારોને જાણ હતી. ગુનાઓને ડામવા સખત પગલાં લેવા પોલીસને ઉત્તેજન આપવામાં આવતું. આ બધા તપાસ હેઠળના કેદી હતા. હજી તેઓ ગુનેગાર ઠર્યા ન હતા. એટલે, વખતોવખત તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા પડે. મોટા ભાગના કેદી ગરીબ હોય એટલે તેમના કોઈ જામીન ન થાય. અથવા ગંભીર ગુનેગાર છે એમ કહી પોલીસ જામીન અરજીનો વિરોધ કરે અને મેજિસ્ટ્રેટ પોલીસને હવાલે કરે. ઓકટોબર ૧૯૭૯થી આંખો ફોડવી શરૂ કરી હતી. એવા કેદીઓ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ થતા. રેકોર્ડ ઉપરથી જણાય છે કે, કોઈ ૧૬ વખત તો કોઈ ૧૦/૧૨ વખત આવી રીતે રજૂ થયા છે. મેજિસ્ટ્રેટ આંખો વીંધીને રીમાન્ડ આપતા હશે? કેટલાકની આંખો ફોડી તેથી ગંભીર માંદગી આવી અને મહિનાઓ સુધી હોસ્પિટલમાં રાખ્યા. ડોકટરોને ખબર હતી. જેલમાં કેદીઓની તપાસ કરવા, માનદ્ મુલાકાતીઓ હોય છે. કોઈએ ન જોયું? જેલ સુપરિન્ટેન્ડટે રિપોર્ટ કર્યો? કોઈએ ન વાંચ્યો? ઈન્સપેકટર જનરલ ઓફ પોલીસને ઓગસ્ટ, ૧૯૮૦ માં પૂરી માહિતી મળી હતી. તેણે સરકારને જાણ કરી. સરકારી કચેરીમાં આ રિપોર્ટ ધૂળ ખાતો પડયો રહ્યો. ગૃહ સચિવને વાંચવાની ફૂરસદ ન હતી અથવા બેદરકારી હતી. સેક્રેટરીએ પ્રધાનને જાણ ન કરી? કોઈ કહે છે જાણ કરી હતી. આ ખાતું મુખ્ય મંત્રીને પોતાને હસ્તક છે. બીજા પણ એક પ્રધાન, જેને ડાકુની એક મુખ્ય ટોળી સાથે સંબંધ છે, તે પણ જાણતા હતા એમ કહેવાય છે.

આ બધી માહિતી બહાર પડી ત્યાર પછી જે બન્યું તે વધારે આઘાતજનક છે.

છેવટ, બિહાર સરકારે કોઈક પગલાં લીધાં, ૧૧ પોલીસને સસ્પેન્ડ કર્યા, એક સુપરિન્ટેન્ડન્ટની બદલી કરી. પોલીસ તંત્રે આ પગલાંનો વિરોધ કર્યો. સભાઓ ભરી, સરઘસ કાઢયાં,

બળવો કરવાની ધમકી આપી. પોલીસમાં આટલી 'હિમત' ક્યાંથી આવી? કારણકે લોકોનો ટેકો મળ્યો. પોલીસે ભાગલપુર બંધની હાકલ કરી, સફળતા મળી. લોકોએ સાથ આપ્યો. ભદ્ર કહેવાય એવા લોકો - વકીલો, ડોકટરો, વેપારીઓ - એ સાથ આપ્યો. મીટિંગો ભરી, પોલીસની સામે લીધેલાં પગલાંઓનો વિરોધ કરતા ઠરાવો કર્યા, વકીલ મંડળોએ ઠરાવો કર્યા. ન માની શકાય એવી વાત છે. પણ સાચી હકીકત છે. લોકો કહેવા લાગ્યા કે આ ડાકુઓને વીર બનાવશો નહિ. રાજકીય પક્ષોએ–શાસક પક્ષ, જનતા, યુવા પરિષદો - પોલીસને ટેકો આપ્યો. સરકાર મૂંઝવણમાં મુકાણી, સરકાર હવે શું કરે છે ! તે જોવાનું રહે છે. ૧૫ પોલીસ સામેના લીધેલ પગલા પાછા ખેંચવા દબાણ આવી રહ્યું છે.

પણ સરકાર કાંઈ કરે કે નહિ, આ સમગ્ર બનાવ અતિ મહત્ત્વના પ્રશ્નો ખડા કરે છે. આપણા સમાજના શું હાલ છે તેની ચેતવણી આપે છે. આપણો આત્મા મરી ગયો છે કે જાગ્રત છે તેનો જવાબ આપવાનો છે. પોલીસે જે ઘાતકી કૃત્ય કર્યું તેને ટેકો મળશે એવી હૈયાધારણ પોલીસને ન હોત તો આવું બને જ નહિ. જે પોલીસે આ નિર્દય કામ કર્યું અને જે અમલદારોએ તેને ટેકો આપ્યો તે તો ગુનેગાર છે પણ સાચા ગુનેગાર આપણે સૌ છીએ, સમગ્ર સમાજ છે. જે સમાજમાં આવાં અમાનુષી કૃત્યો થઈ શકે, જેને ઉઘાડે છોગે ટેકો મળે તે સમાજ મરીપરવાર્યો છે, તેનો ઘડો ભરાઈ ચૂક્યો છે.

જે કેદીઓની આંખો ફોડવામાં આવી તે હજી ગુનેગાર ઠર્યા ન હતા, તપાસ હેઠળ હતા. અંગ્રેજી ન્યાયની એક કહેવત છે કે નવ ગુનેગાર છૂટી જાય તે સારું પણ એક નિર્દોષ દંડાવો ન જોઈએ. આપણે હવે એમ માનતા લાગીએ છીએ કે નવ નિર્દોષ દંડાય તો સારું પણ એક ગુનેગાર છૂટવો ન જોઈએ. એક ગુનેગારને પકડવા કે દંડવા આપણે નવ નિર્દોષને સજા કરવા તૈયાર થયા છીએ.

ગુનાઓનું પ્રમાણ ઘણું વધી ગયું છે તે સાચું, તેને માટે કોણ જવાબદાર છે? વ્યકિત કે સમાજ? મોટા ભાગના ગુનાઓ ગરીબાઈને કારણે થાય છે. પછી ગુનેગાર રીઢો બની જાય છે, તેને દંડવા સિવાય સમાજ પાસે કોઈ ઉપાય નથી. બીજા કોઈ ઉપાયનો વિચાર કરવામાં આવતો નથી. આપણને સૌને ગમે તે ભોગે જનમાલની સલામતી જોઈએ છીએ. એ સલામતીનો આધાર આપણે માટે માત્ર પોલીસ છે. તેથી પોલીસના ગમે તેવા દુષ્કૃત્યો, નીભાવી લઈએ છીએ, તેને આવકારીએ છીએ. જે કેદીઓની આંખો ફોડી નાખી તેમાં એક ૧૭ વર્ષનો છોકરો છે. સાઈકલ ઉપર બેસી જતો હતો તેને પકડયો. કેટલા નિર્દોષને આપણે આપણી સલામતી માટે જૂલમના ભોગ બનાવીએ છીએ? પછી તેઓ રીઢા ગુનેગાર થાય તેમાં શું આશ્ચર્ય? સાચા ગુનેગાર પકડાતા નથી, તેમને પકડવાની હિમત કે તાકાત નથી. નિર્દોષને, ગરીબને, પકડી અત્યાચારો થાય છે અને ગુનાઓને કાબૂમાં લેવાનો સંતોષ મેળવે છે. પોલીસ, માણસ મટી જાય છે. તેમના અત્યાચારોનો આપણને આઘાત નથી. આપણે સંવેદનશકિત ગુમાવી બેઠા છીએ. પોલીસની ક્રૂરતા એ આપણી ક્રૂરતાનો પડઘો છે. આપણું હૃદય પથ્થર જેવું થયું ન હોય તો આવા બનાવ બને જ નહિ. ગુનાઓના કારણો શોધી તેનો ઉપાય કરવાને બદલે, આપણે તેને દાબી છે દેવા કરી, ગુના વધારીએ છીએ. ગુનગારોની માનસચિકિત્સા કે સહાનુભૂતિપૂર્વકનું વલણ અપનાવવાને બદલે તેમને વધારે ગુના કરતા કરીએ છીએ. કેટલીક વ્યકિતઓ ગુનાલિત માનસ ધરાવતી હોય છે, તેમને સજા પણ કરવી પડે. પણ મોટા ભાગના ગુનાઓ ગરીબાઈ અથવા બીજી સામાજિક પરિસ્થિતિમાંથી જન્મે છે.

આ બનાવ આપણને કંઈક અંતરનિરીક્ષણ કરતાં કરે તો અનિષ્ટમાંથી પણ કોઈક ઈષ્ટ પરિણામ આવે.

૧૦-૧૨-૮૦ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

પુરુષાર્થનું ભવ્ય શિખર પંડિતજી

પંડિત સુખલાલજીનું જીવન કોઈ ચમત્કારોથી રંગાયેલું જીવન નહોતું, તેમ કોઈ તકદીરના પ્રભાવે સમૃદ્ધ બની ગયેલું જીવન પણ નહોતું. પંડિતજીનું જીવન ક્ષણેક્ષણ અદમ્ય પુરુષાર્થથી ભરેલું જીવન હતું.

એમના જીવનનો કોઈ ચમત્કાર કહો તો તે તેમનામાં રહેલી જ્ઞાનસમૃદ્ધ જીવન જીવવાની ઈચ્છા. ચમત્કાર એટલા માટે કે મનુષ્યના ચિત્તમાં રહેલી વૃત્તિઓ, વાસનાઓ, ઈચ્છાઓ કયાંથી આવે છે તે કોઈ જાણતું નથી. ખુદ એ ચિત્તનો માલિક પોતે પણ જાણતો હોતો નથી.

તકદીરે તો એમની વિરુદ્ધમાં જ કામ કર્યું. સોળ વર્ષની યૌવનગતી યુવાની પર અંધાપા જેવો મોટો ફટકો બીજો કયો હોય?

પંડિતજીએ આંખો ખોયા બાદ થોડા સમય સુધી જે ઊંડી હતાશા અનુભવેલી તે આપણે એમના શબ્દોમાં વાંચી છે. તેમાંથી એમને બહાર કાઢનારી શકિતને તો આપણે જિજીવિષા જ કહીએ. કોઈ પણ મનુષ્યની એ સહજ વૃત્તિ છે. પ્રત્યેક મનુષ્ય એ વૃત્તિને આધારે જ અત્યંત દુ:ખદાયક પરિસ્થિતિમાં પણ જીવન સાથે સમાધાન કરી લે છે.

એ જિજીવિષાએ એમને આડેધડ જ્ઞાનપ્રાપ્તિ તરફ વાળ્યા. એમણે અનેક સૂત્રો, અનેક ગ્રંથો, સમજયે વગર સમજયે કંઠસ્થ કર્યા. પણ આ પછીનાં જે સાતેક વર્ષ એમણે એમના વતનમાં રહી અભ્યાસ કર્યો, તે દરમિયાન એમના જીવનકાર્યના કેટલાંક નિર્ણાયક તન્તો બહાર આવ્યાં જણાય છે.

પંડિતજીની પેલી જન્મજાત જ્ઞાનપિપાસા અને એની સાથે વિવેકબુદ્ધિ આ સમયમાં પરિપકવ થઈ એમ જણાય છે. જૈન-શાસ્ત્રો માટે પ્રાકૃત તો ભણવું પણ સંસ્કૃતના જ્ઞાનનો પાયો તે માટે હોવો જ જોઈએ. જૈન શાસ્ત્રો ભણવાં ખરાં પણ જૈન દર્શનની ખરી સમજણ મેળવવા અન્ય દર્શનોનું જ્ઞાન પણ આવશ્યક છે. આ બધો ખ્યાલ આ સાત વર્ષ દરમિયાન ભણતાં ભણતાં એમના મનમાં ઊગ્યો જણાય છે.

અભ્યાસ દરમિયાન કોઈએ એમના મનમાં આ ખ્યાલ રોપ્યો કે એમના ચિત્તમાંથી જ એ સ્વયંભૂપણે પ્રગટયો એ આપણે જાણતા નથી. અભ્યાસના અનુભવે અને મર્યાદિત અભ્યાસથી સર્જાતી મુશ્કેલીઓએ પણ એમને આ આવશ્યકતા સમજાવી હોય.

આ આવશ્યકતા સંતોષવા વતનના સાંકડા ક્ષેત્રની બહાર નીકળ્યા વિના છૂટકો નહોતો. કુટુંબીઓના મનની ચિન્તા જોયા છતાં અને એમની લાગણીને લગભગ ઉવેખીને પંડિતજી કાશી ભણવા ગયા એમાં કોઈ વિશાળ જ્ઞાનવિશ્વમાં વિહરવાની તાલાવેલી જ કામ કરતી હશે. કાશી-મિથિલાનો નિવાસ અને ત્યાં અભ્યાસ માટે પંડિતજીને કરવી પડેલી ભગીરથ મથામણ એમના જીવનનું ઉત્કૃષ્ટ પ્રકરણ છે. તમામ પ્રકારની પ્રતિકૂળતાઓ સામેના પંડિતજીના અવિરત સંઘર્ષની એ કલાણી કોઈ મહાકથાનો વિષય બને એવી છે. ૧૯૦૪ થી ૧૯૧૩ સુધીના એક દાયકાનું પંડિતજીનું જીવન માનવ પુરુષાર્થનું એક ઉત્તુંગ શિખર છે. એની સ્થૂળ હકીકતો પણ એને ભવ્યતા આપી શકે એવી છે અને પંડિતજીની એ સમયની મનઃસ્થિતિની કલ્પના કોઈ મહાકવિની પ્રતિભા માગી લે.

૧૯૧૩ પછી પંડિતજીએ પોતાના અભ્યાસનો ઉપયોગ કરવા માંડયો. સાધુ-સાધ્વીઓ અને બીજાઓને ભણાવવા માંડયું. પોતે માત્ર ભણાવવાનું જ કામ કરી શકે પણ સંશોધન કરી

પુસ્તકો ન લખાવી શકે એવું કોઈક વિદ્વાનનું મંતવ્ય સાંભળી પંડિતજીને ચાનક ચડી અને એમણે સંશોધન-સંપાદનનું કાર્ય ઉપાડી લીધું. આ કામમાં તીવ્ર યાદશક્તિ અને ત્વરિત તુલનાશક્તિની જરૂર હતી અને અવિરત પરિશ્રમ વિના તો ચાલે જ નહિ. એક અંધજન બીજું કોઈ કામ તો ઠીક પણ આવું સંશોધન-સંપાદનનું કામ ઉપાડે એવી ઘટના જગતના ઈતિહાસમાં પણ ઓછી બની હશે. સાધારણ રીતે આ તો વારંવાર વાચન કરવાનું જુદા જુદા પાઠની તુલના કરવાનું અને તેમાંથી શ્રેષ્ઠ બંધબેસતો પાઠ નક્કી કરી આપવાનું કામ. પોતાની આંખે વાંચી શકતા માણસ માટે પણ આ ઘણી મહેનતનું અને અઘરું કામ ગણાય. એક ચક્ષુવિહીન વ્યક્તિ આવું કામ કરવાનો વિચાર કરે એ જ એક જબરજસ્ત સાહસ કહેવાય. પણ પંડિતજીએ વાંચનારા મદદનીશોના સાથથી આ કામ કરવાની પોતાની વિશિષ્ટ પદ્ધતિ નિર્માણ કરી. એક ગ્રંથની દસ હસ્તપ્રતો મળી હોય તો દસ મદદનીશો એકએક હસ્તપ્રત લઈને બેસી જાય. એક વાક્ય કે શ્લોક એ દરેક મદદનીશ પોતપોતાની હસ્તપ્રતમાંથી બોલતો જાય. એ વંચાતા પાઠમાં કયાંક કયાંક ફરક હોય તો પંડિતજીના મગજમાં એ નોંધાતા જાય. દસે પાઠ સાંભળીને વિચારીને, તોલન કરીને પંડિતજી સાચો જણાતો પાઠ નક્કી કરે અને લખાવે. આ પાઠનિર્ણય કરવામાં પંડિતજીની સ્મૃતિમાં પડેલું કેટલું યે જ્ઞાન ઉપયોગમાં આવે. આમ પાઠ નક્કી થતો જાય અને કામ આગળ ચાલતું જાય. આ કામનું ચરમશિખર એમણે ૧૯૨૦થી એકાદ દાયકા સુધી ગુજરાત વિદ્યાપીઠમાં રહીને કરેલું 'સન્મતિતર્ક'નું સંપાદન હતું. સંપાદનના કામનો પડકાર પંડિતજીએ એટલી સફળતાથી ઉપાડી લીધો હતો કે એમનાં પુસ્તકોમાં સારી એવી સંખ્યા સંશોધનયુક્ત સંપાદનોની છે.

એક રીતે ૧૯૧૩ પછીનો સમય પંડિતજીના જીવનનો સારો સમય હતો. ૧૯૧૩ સુધી અભ્યાસ માટે કપરા સંજોગોમાં દુઃખ વેઠીને પરિશ્રમ કરવાનો હતો. એમાં આર્થિક, શારીરિક સંકટો વેઠવાનાં હતાં. એ પુરુષાર્થ એક પ્રકારનો હતો, તો ૧૯૧૩ પછીનો પુરુષાર્થ જુદા પ્રકારનો હતો. મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરી જુદી જાતનું કામ કરવાનું હતું. વધુ સારા સંજોગોમાં કામ કરવાનું હશે એમ પણ લાગે છે. ગુજરાત વિદ્યાપીઠમાં તો પંડિત બેચરદાસ, મુનિ જિનવિજયજી અને ધર્માનંદ કોસાંબી જેવા સાથીઓ અને અન્ય પ્રેમાળ અધ્યાપક મિત્રો અને શિષ્યોની વચ્ચે રહીને કામ કરવાનું હતું અને ગાંધીજીના અગાધ સ્નેહની હૂંફ તો હતી જ. આ સ્નેહાળ વાતાવરણમાં પંડિતજીએ પોતાના જીવનનું એક સૌથી વધુ પરિશ્રમભરેલું અને સૌથી ઉત્કૃષ્ટ કામ કર્યું એ સ્વાભાવિક લાગે છે.

લગભગ પંચોતેર વર્ષની વય સુધી એમનું આ પ્રકારનું કાર્ય ચાલ્યું છે. તે પછીનાં પાંચ-સાત વર્ષ પંડિતજીએ દર્શનયાત્રાના પોતાના ચિન્તનના નિચોડરૂપ વ્યાખ્યાનો આપ્યાં. એ જ ગાળામાં પ્રજાએ, યુનિવર્સિટીઓએ, અકાદમીએ, સરકારે એમનું વિવિધ પ્રકારે સન્માન કર્યું. ૧૯૫૯માં ૭૯ની વયે મુંબઈ યુનિવર્સિટીને ઉપક્રમે આચાર્ય હરિભદ્ર વિષે વ્યાખ્યાનો આપ્યાં.

તદ્દન વિપરીત સંજોગોમાં વિદ્યાપ્રાપ્તિનું આવું આકરું તપ કરવાની ધીરજ પંડિતજીએ કેવી રીતે કેળવી? સાડાચાર દાયકા સુધી એકધારી અખંડ વિદ્યાપ્રવૃત્તિ કરવાનું મનોબળ પંડિતજીને ક્યાંથી મળ્યું? પડકારો ઝીલી લેવાનો ઉત્સાહ ક્યાંથી સાંપડ્યો? મારી દૃષ્ટિએ કોઈ ખરેખરો ચમત્કાર હોય તો તે આ છે. ચમત્કાર એટલા માટે કે એની પ્રશંસા થઈ શકે છે પણ એનું મૂળ શોધવું મુશ્કેલ લાગે છે.

– યશવંત દોશી

પંડિત સુખલાલજી જન્મશતાબ્દીની ઉજવણી



પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

મુંબઈ જૈન યુવક સંઘ, પરિચય ટ્રસ્ટ, સંગીત ભવન ટ્રસ્ટ તથા અન્ય સંસ્થાઓ દ્વારા મુંબઈમાં ભારતીય વિદ્યાભવનના સભાગૃહમાં પ. સુખલાલજી જન્મશતાબ્દીની ઉજવણીના અનુસંધાનમાં પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન આપતાં સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ઉમાશંકર જોશીએ કહ્યું કે પંડિતજીની શતાબ્દી મનાવીને આપણે આપણું સાંસ્કૃતિક જીવન સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

એમણે કહ્યું હતું કે ધર્મ એટલે જેને આધારે સૌ ઊભા છે તે આટલા મોટા બ્રહ્માંડ સામે 'હું કોણ'– એવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારથી ધર્મ અને અધ્યાત્મનો આરંભ થાય છે. પણ આજે ગરીબ તેમ જ તવંગર બંને પ્રકારના દેશોમાં ધર્મ દેખાતો નથી. તવંગર દેશોએ સર્જેલી ભૌતિકતાની દીવાલને કારણે તેઓ ધર્મ સુધી પહોંચી શકતા નથી. જ્યારે ગરીબ દેશો માટે, ગાંધીજીએ કહ્યું છે તેમ, પોતાની ભાખરી જ પ્રથમ ધર્મ છે.

શિક્ષિત પ્રજા ધર્મથી દૂર ભાગતી ફરે છે. વાસ્તવમાં વિજ્ઞાન અને ધર્મ એ જુદા જુદા અંતિમો નથી. ધર્મ ન હોય તો વિજ્ઞાન પાંગળું છે જ્યારે સામી બાજુ વિજ્ઞાન ન હોય તો ધર્મ આંધળો છે ભારતીય ધર્મો મનોવિજ્ઞાનના પાયા પર જ રચાયેલા છે. ધર્મને જો ન બનવું હોય તો તે વિજ્ઞાને સર્જેલા યંત્રવિજ્ઞાન સાથે. કારણ કે યંત્રવિજ્ઞાનને કારણે ભૌતિકતાની દીવાલ ખડી થાય. ભારતમાં આવું ન હોવાથી રાધાકૃષ્ણના કહ્યા મુજબ આપણો હિંદુ ધર્મ માત્ર ધર્મ જ નહીં જીવન જીવવાની એક રીત છે.

શ્રી ઉમાશંકરભાઈએ આ પ્રસંગે પંડિત સુખલાલજીની આત્મકથા 'મારું જીવનવૃત્ત' તથા શ્રી વાડીલાલ ડગલી કૃત 'પંડિત સુખલાલજી'નું જીવન ચરિત્ર પુસ્તકોની પ્રકાશનવિધિ કરી હતી.

આ પ્રસંગે પ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઈ હતા. એમણે કહ્યું હતું કે પંડિતજી બુદ્ધિવાદી અભિગમની સાથોસાથ ઊંડી શ્રદ્ધા પણ ધરાવતા હતા. શ્રી મોહનલાલ મહેતા–ચોપાને અને શ્રી વાડીલાલ ડગલીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સૌથી વધુ ખતરનાક બે પ્રદૂષણોમાંથી એક એસિડનો વરસાદ

ઉદ્યોગો વધતા જતા હોવાથી ધરતી, પ્રાણી અને હવામાં કેવું ભયંકર પ્રદૂષણ ખેલાય છે તેનું હજી આપણને ભાન થયું નથી કારણ કે જાપાન, રશિયા અને પશ્ચિમી દેશોના ઉદ્યોગો પાસે આપણો દેશ કોઈ હિસાબમાં નથી, આથી વધુમાં વધુ પ્રદૂષણ પણ એ દેશોમાં ફેલાય છે. પ્રદૂષણની આફતનું એક દૃષ્ટાંત લઈએ તો આ ઉદ્યોગપ્રધાન દેશોમાં સલ્ફ્યુરિક એસિડ અને નાઈટ્રિક એસિડનો વરસાદ વરસવા લાગ્યો છે. આથી અમેરિકા અને પશ્ચિમ યુરોપથી માંડીને પૂર્વમાં જાપાન સુધી સરોવરોમાં માછલાં મરવા લાગ્યાં છે અને ડુંગરો તથા ખેતરાઉ જમીનને પણ નુકસાન કરે છે. વરસાદ તો જીવનદાતા છે, પણ તેજાબવાળો વરસાદ જીવ જગત અને વનસ્પતિ જગત માટે ઘાતક છે, આથી ગયા નવેમ્બરમાં જીનીવામાં ૩૫ દેશોના પ્રતિનિધિઓ મળ્યા હતા અને આ આફતના નિવારણ માટે શું કરવું તેનાં પગલાં વિચાર્યાં અને સૌએ સાથે મળીને આ દિશામાં કામ કરવા કરાર કર્યા. પ્રમુખ કાર્ટરે તેના વિશે સંશોધન કરવા દસ વર્ષ સુધી વાર્ષિક ૧ કરોડ ડોલર ફાળવ્યા. તેની ઉપરથી તેજાબના વરસાદની ગંભીરતાનો ખ્યાલ આવશે. પ્રમુખ કાર્ટરે કહ્યું છે કે માનવજાત માટે સૌથી વધુ ભયરૂપ બે પ્રદૂષણ છે: તેલ, કોલસા વગેરે બાળવાના અતિરેકથી હવામાં ઉમેરાતો જતો કાર્બન વાયુ અને બીજું પ્રદૂષણ આ એસિડનો વરસાદ.

દુનિયામાં લાખો કારખાનાં કોલસા બાળે છે. તેમાંથી ધુમાડામાં સલ્ફર ડાયોક્સાઈડ નીકળે છે. દુનિયામાં કરોડો મોટર-વાહનો કાર્બન વાયુ ઉપરાંત નાઈટ્રોજન ઓક્સાઈડ પણ છોડે છે. આ બંને વાયુઓ વાતાવરણમાં ફેલાઈ જાય છે અને પવનમાં દૂર દૂર ધસડાઈ જાય છે. વાતાવરણમાં ભેજ હોય તેની સાથે ભળીને તેઓ સલ્ફ્યુરિક એસિડમાં અને નાઈટ્રિક એસિડમાં ફેરવાઈ જાય છે. તે પછી આ અમ્લ વરસાદરૂપે અથવા હિમરૂપે ધરતી પર વરસે છે અને જીવસૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ તથા તાજમહાલ જેવી ઐતિહાસિક ઈમારતોને પણ નુકસાન કરે છે. (તાજમહાલની ચમક ઓછી થવા માંડી છે અને મથુરા રીફાઈનરી કામ કરતી થઈ જતાં તાજમહાલને વધુ નુકસાન થવાનો ભય છે, આથી સરકારે તેનું રક્ષણ કેવી રીતે કરવું તેના માર્ગો સૂચવવા નિષ્ણાતોની એક સમિતિ નીમી છે.)

અમ્લયુકત વરસાદનું પાણી મીઠા પાણીનાં જળાશયોમાં જવાથી માછલાંની ઈંડાં ઉત્પન્ન કરવાની શક્તિનો ક્ષય થાય છે, આથી જળાશયો માછલી વિનાના થઈ જાય છે. સૂક્ષ્મ જીવાણુઓ હંમેશા સેન્દ્રિય પદાર્થોનું વિસર્જન કરતા હોય છે. તેમનો એસિડના વરસાદ વડે નાશ થવાથી આ પ્રક્રિયા અટકી જાય છે. પાણીમાં સૂક્ષ્મ તરલ જીવસૃષ્ટિ (પ્લેંકટન) ખોરાકની પરંપરારૂપ સાંકળમાં સૌથી મહત્ત્વની કડી છે, તેનો નાશ થાય છે. સરોવરનું પાણી સ્વચ્છ અને નીલ લાગે છે, પણ તેમાં જીવસૃષ્ટિ નથી હોતી. અમેરિકામાં સેંકડો સરોવરોમાં આ રીતે માછલાંનો નાશ થયો છે અને થાય છે. હવે વિજ્ઞાનીઓને ભય છે કે માણસનો વારો આવી ગયો છે.

પ્રદૂષણમાં એક યા બીજા સ્વરૂપે પારો પણ ફેલાઈ રહ્યો છે. જ્યારે તે અમ્લયુકત પાણીમાં જાય છે ત્યારે તે મેથિલ મરક્યુરીના રૂપમાં ફેરવાઈ જાય છે. એ સ્વરૂપે તે માછલીના પેટમાં જાય છે અને આવા પ્રદૂષિત માછલાં ખાનાર માણસો માટે તો પારો એક ખતરનાક ઝેર છે.

સ્કેન્ડિનેવિયા (નોર્વે, સ્વીડન અને ફિન્લેન્ડ)ના વિજ્ઞાનીઓએ જાહેર કર્યું છે કે એસિડવાળા વરસાદના કારણે જંગલના વિકાસનો ૫૫ ટકા ઘટાડો થયો છે. જંગલનાં વૃક્ષો બાંધકામ માટેનું લાકડું અને રેયન માટે માવો આપે છે.

યુરોપ-અમેરિકા આરસ અને કાંસાની તેમ જ ચૂનાના પથ્થરની પ્રતિમાઓ માટે પ્રખ્યાત છે. તે એસિડવાળા વરસાદથી ખવાવા લાગી છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભવ્ય ઈમારતોનાં પણ આવા હાલ થઈ રહ્યા છે.

આપણી નજીકના વાતાવરણમાં ધુમાડારૂપી પ્રદૂષણ ફેલાતું અટકાવવા હવે બધા દેશો કારખાનાનાં ભૂંગળા ઊંચા રાખવાનું સૂચવે છે. મથુરા રિફાઈનરી માટે પણ નિષ્ણાતોએ એવું સૂચન કર્યું છે તેથી સલ્ફર ડાયોકસાઈડવાળા ધુમાડા દૂર દૂર ઊડી જાય છે, પરંતુ તેથી તેમને હવાના ભેજ સાથે ભળીને એસિડ બનાવવાનો વધુ સમય મળે છે. કેનેડામાં ઓન્ટેરિયો રાજ્યમાં સડબરી ખાતે દુનિયાનું સૌથી ઊંચું ભૂંગળું ૧૨૫૦ ફૂટ ઊંચું છે. ત્યાં તાંબાના ખનજિને અગ્નિ વડે પીગાળીને શુદ્ધ તાંબુ કાઢવામાં આવે છે. દુનિયામાં જેટલાં કારખાનામાં તેથી તેમ જ ધધૂખતા જ્વાળામુખીઓમાંથી જેટલો સલ્ફર ડાયોકસાઈડ નીકળે છે તેનો એક ટકો આ એક જ કારખાનું કાઢે છે. શિયાળામાં પવન ઉત્તરનો હોય ત્યારે કેનેડાના ઉદ્યોગો દર વર્ષે અમેરિકામાં પાંચ લાખ ટન પ્રદૂષણ મોકલે છે; પરંતુ પવન જ્યારે દક્ષિણમાંથી વાતો હોય ત્યારે અમેરિકાના ઉદ્યોગો કેનેડાને ૨૦ લાખ ટન પ્રદૂષણ આપે છે. મુખ્યત્વે તે ઓહાઈયા નદીના ખીણપ્રદેશના ઉદ્યોગોમાંથી આવે છે. એસિડયુકત વરસાદ વરસાવવામાં આ ઉદ્યોગોનો પણ ઘણો મોટો ફાળો છે.

યુરોપમાં સ્કેન્ડિનેવિયાના વિજ્ઞાનીઓ કહે છે કે અમારા ઉપર પશ્ચિમ જર્મની અને બ્રિટનના ઉદ્યોગો પ્રદુષણનો જાણે મારો કરી રહ્યા છે. આ પ્રદુષણ વિગ્રહમાં વાપરવાના ઝેરી રસાયણો જેવું છે. ફ્રાન્સ અને પશ્ચિમ જર્મની આવી રીતે પ્રદૂષણનો વિનિમય કરી રહ્યાં છે.

પ્રદૂષણનું નિવારણ કરવામાં કુદરત પણ થોડો ફાળો આપે છે. ધરતી અને ખડકો આલ્કેલાઈન હોય તો વરસાદમાં પડેલા એસિડને નિષ્ક્રિય બનાવી દે છે. આથી માણસ પણ ધરતી અને સરોવરોની સપાટી પર ચૂનો પાથરે છે, પરંતુ આ બચાવ ખર્ચાળ છે અને તેની અસર કાયમ રહેતી નથી. એક વધુ સારો ઉપાય કારખાનામાંથી ધુમાડા હવામાં જાય તે પહેલાં તેમાંથી સલ્ફર ડાયોકસાઈડ ખેંચી લેવો. આ રીતે ૯૦ ટકા સલ્ફર ડાયોકસાઈડ ઓછો કરી શકાય. પરંતુ ધુમાડાના આ શુદ્ધિકરણ માટે ભારે ખર્ચ કરવો પડશે, દા.ત. યુનાઈટેડ સ્ટેટસ ઉત્તર ભારતમાં સલ્ફર ડાયોકસાઈનું પ્રમાણ ૫૦ ટકા ઘટાડવું હોય તો પણ દર વર્ષે ૭ અબજ ડોલરનો ખર્ચ કરવો પડશે. તેમ છતાં આ પ્રશ્ન એટલો ગંભીર છે કે ઘણું મોડું થાય તે પહેલાં આ પ્રદૂષણ ઉપર અંકુશ મૂકવો જોઈશે.

હવે જ્યારે ખનિજ તેલ અતિ મોંઘું થઈ જવાથી જગત બળતણના રાજા કોલસાને તેનું યોગ્ય સ્થાન આપવા તરફ ઢળ્યું છે ત્યારે સલ્ફર ડાયોકસાઈડનું પ્રદૂષણ વધુ ને વધુ ફેલાતું જશે. ખનિજ તેલો બાળવાથી પણ સલ્ફર ડાયોકસાઈડ ફેલાય છે. એકલું અમેરિકા રોજ લગભગ ૧ કરોડ પીપ તેલ બાળે છે ત્યારે આખી દુનિયામાં કેટલા કોલસા અને કેટલું તેલ બળતાં હશે?

– વિજયગુપ્ત મૌર્ય

પ્રેમળ જ્યોતિ

☆

પ્રબુદ્ધ જીવનના આ પહેલાંના અંકમાં દશ મહિનાની બાળકી નામે કાનન, માટે લખવામાં આવ્યું હતું. કુલીઝ એનિમિયાથી પીડાતી આ બાળકી માટે રકતદાનની અપીલ કરવામાં આવી હતી. સ્મૃતિ કલબની (પાલનપુર) દશ બેનોએ કાંદાવાડી જૈન કલીનિકમાં આવી બાળકી માટે રકતદાન કર્યું છે. પ્રેમળ જ્યોતિ તેમને આવકારે છે અને અભિનંદન આપે છે.

☆ મહાભારત અને ગાંધીજી ☆

[નવેમ્બર (૧૯૮૦)ની તા. ૭મીથી તા. ૨૧મી દરમિયાન સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરાએ મુંબઈ યુનિવર્સિટી આયોજિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં, "મહાભારત એક દૃષ્ટિ" એ વિષય ઉપર યુનિવર્સિટી ક્લબ હાઉસ (ચર્ચગેટ - બી રોડ) ના સભાગૃહમાં યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે પાંચ વ્યાખ્યાન આપ્યાં હતાં.

પ્રથમ દિવસે ડૉ. રમણલાલ શાહે ડૉ. સાંડેસરાનું સ્વાગત કરતાં તથા તેમનો પરિચય આપતાં કહ્યું હતું: "ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા 'મહાભારત'ના એક અસાધારણ સમર્થ અભ્યાસી છે. 'મહાભારત'ને તેમણે તેની સાથે ટીકા ભાષ્ય વિવેચન ઇત્યાદિ તમામ સંદર્ભ ગ્રન્થો સહિત આત્મસાત કર્યું છે. તેનું તેમને ગૌરવ અનુભવવા પ્રેરે એવી એક હકીકત એ છે કે મહાભારતનો અભ્યાસ તેમણે સ્વાન્તઃ સુખાય, નિજાનન્દાર્થે કર્યો હતો. બાકી આમ તો એમણે કૉલેજનાં દ્વાર સુદ્ધાં જોયાં નથી. નબળી તબિયતને કારણે દશમા ધોરણથી જ ડૉ. ઉપેન્દ્રરાયને પોતાના અભ્યાસને તિલાંજલિ આપવી પડેલી. તેમને અમૂલ્ય અને સાચી કેળવણી તેમનાં ધર્મ-પરાયણ ફોઈબા કાશીબહેન પાસેથી મળેલી.

સન ૧૯૪૧માં ડૉ. ઉપેન્દ્રરાયે શેરબજારમાં સબ બ્રોકર તરીકે શરૂઆત કરી. સન ૧૯૪૪માં તેમણે શેરબજારનું કાર્ડ લઈ શેરદલાલ તરીકે દાખલ થઈ પોતાની સ્વતંત્ર ઑફિસ શરૂ કરેલી. એ જ વર્ષમાં તેમણે મહાભારતનો અભ્યાસ શરૂ કર્યો. વધુ વ્યવસ્થિત અભ્યાસ કરવાના ઈરાદે તેમણે લગભગ ત્રણસો શીર્ષક અને આઠી હજાર ઉપશીર્ષકવાળી મહાભારતની સાંસ્કૃતિક સૂચિ તૈયાર કરવા માંડી. એમાંથી સન ૧૯૬૩માં "ભારત રત્ન" ઉદ્ભવ્યું જેને શ્રી અરવિન્દ સુવર્ણચન્દ્રક મળ્યો. એ પછી એ અભ્યાસના પરિપાકરૂપ "શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અને અન્તર્યામી" તૈયાર થયું. તે પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ખંડમાં છે: ડૉ. સાંડેસરાએ ભાગવત અને શીખ ધર્મનો અભ્યાસ પણ કર્યો છે. તેમને તેમની તુલસી થેરપી માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. તેમનું પોતાનું ક્લિનિક છે. તેઓ સાચા અર્થમાં ડૉક્ટર છે. તેમણે પાંત્રીસ જેટલા ગ્રન્થો રચ્યા છે.

ડૉ. સાંડેસરાએ પ્રથમ બે દિવસ "મહાભારત અને શ્રીકૃષ્ણ" એ વિષે વ્યાખ્યાન આપેલાં. બીજા બે દિવસનાં તેમનાં વ્યાખ્યાનનો વિષય હતો "મહાભારત અને ન્હાનાલાલનું કુરુક્ષેત્ર" પાંચમા અને છેલ્લા વ્યાખ્યાનનો વિષય હતો "મહાભારત અને ગાંધીજી" અહીં તેમનું છેલ્લું વ્યાખ્યાન સારમાં રજૂ કરવામાં આવ્યું છે. વ્યાખ્યાનનો સાર શ્રી કૃષ્ણવીર દીક્ષિતે તારવ્યો છે.]

* * *

[૧]

ડૉ. સાંડેસરાએ વ્યાખ્યાનનો આરંભ કરતાં કહ્યું હતું: "મહાભારતની કથા એ પાંડવોએ કૌરવો ઉપર પ્રાપ્ત કરેલા વિજયની કથા છે. એ ભૌતિક વિજયના ચોકઠાનો ઉપયોગ કરીને વ્યાસે મહાભારતે, ભારતની મૂર્તિમન્ત સરસ્વતીએ મન્યુ (=પરોત્કર્ષ દેખીને થતો ઈર્ષ્યા-જન્ય ક્રોધ અને દૈન્ય, શોક, અસૂયા આદિ લાગણીઓ) ઉપરના ધર્મ (=સદ્‌ગુણ, સુનીતિ, સત્કર્મ કર્તવ્ય, ન્યાય, સદાચરણ, અનુ-ગમ-પંથ, કાયદો ઇત્યાદિ)ના વિજયની કથા આલેખી છે. તેથી એ મહાગ્રન્થ કવિબુદ્ધિઓ ઉત્પન્ન કરતો અસાધારણ ઈતિહાસ, માનવ આત્માનો સનાતન ઈતિહાસ બની રહ્યો. એ હજારો વર્ષ પહેલાં રચાયો હોય એવો તાજગીભર્યો છે અને પ્રત્યક્ષ અનુભવી શકાય એવો હોઈ આધુનિક પણ છે.

વક્તાએ તે પછી મહાભારતના પ્રારંભે આપવામાં આવેલો એક પ્રશસ્તિ શ્લોક ટાંકયો હતો જેમાં વૈશંપાયન કહે છે: "જેમ ભગવાન સમુદ્ર અને હિમવાન-ગિરિ એ બન્ને રત્નનિધિ તરીકે વિખ્યાત છે, તેમ હે ભરતર્ષભ જનમેજય! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધમાં જે આ ગ્રન્થમાં છે તે જ બીજે છે અને જે અહીં નથી તે બીજે કયાંય નથી." આ વિધાન સાથે ભાસ કાલિદાસાદિ સંસ્કૃત કવિઓથી માંડીને અર્વાચીન યુગના ભારતીય મહાકવિઓ અને સાહિત્યકારોની રચનાઓ ઉપર મહાભારત જે પ્રભાવ પાડી રહ્યું છે તથા મહાત્મા ગાંધીજીનું મહાભારત વિષેનું લખાણ વાંચીએ છીએ ત્યારે પ્રસ્તુત પ્રશસ્તિની યથાર્થતા દેખાય છે.

ગાંધીજીએ લખ્યું છે "જે પુસ્તકો વિના હું જ ચલાવી શકયો હોત તે હતાં મહાભારત, રામાયણ અને ભાગવત. મહાભારતને કંઈ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાંઠ્યાં જવાહિરોવાળી કોઈતિ જોરીની સાથે ન આપી શકાય પણ કોઈ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય કે જેમ જેમ ઊંડે ખોદીએ તેમ તેમ તેમાંથી વધારે કીમતી જવાહિર નીકળતાં જાય. મહાભારત મારા મત પ્રમાણે કોઈ ઈતિહાસ નથી. પણ તેમાં તો રૂપક દ્વારા વિશ્વનાં સનાતન સત્યોની ચર્ચા કરવામાં આવેલી છે. કવિનો આશય પુણ્ય અને પાપ, સત્ અને અસત્, ખુદા અને શેતાનનું દ્વંદ્વ વર્ણવવાનો છે અને તે આશયને અનુકૂળ પડે તેવી રીતે તે ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓને ઉઠાવી લઈને તેમ દેવી કે રાક્ષસી બનાવે છે. ગ્રન્થની સમાપ્તિ તો ભવ્ય છે. તેમાં ઔહિક સત્તાની નશ્વરતા દર્શાવવામાં આવેલી છે.

"યંગ ઈન્ડિયા"માં (૧૭-૯-૧૯૨૧) હિન્દુ ધર્મને જ મહાભારતની ઉપમા આપતાં ગાંધીજીએ જણાવ્યું છે: "મારા મતે હિન્દુ ધર્મની ખૂબી તેની સર્વશ્લેષી સર્વગ્રાહિતામાં રહેલી છે. મહાભારતના દિવ્ય પ્રણેતાએ પોતાની મહાન કૃતિ માટે જે કહ્યું છે તે હિન્દુ ધર્મ માટે પણ ઓટલું જ સાચું છે. બીજા કોઈપણ ધર્મમાં જે અસારતા છે તે હિન્દુ ધર્મમાં તો હમેશાં જોવા મળવાનું જ અને જે તેમાં નહિ હોય તે નિઃસાર અથવા અનાવશ્યક જ હશે." વિશ્વના નામાંકિત પ્રાચ્ય વિશારદ જર્મન વિદ્વાન ડૉ. વિન્ટર્નિટઝ આદ્યતન અર્થમાં ઈતિહાસ અને પુરાતત્ત્વની દૃષ્ટિથી મહાભારતનું મૂલ્યાંકન કરતાં આ ગ્રંથને વૈદિક સાહિત્ય, જૈન અને બૌદ્ધ સાહિત્ય, પ્રાચીન અને અર્વાચીન તેમ જ હિન્દુ ધર્મનું સાહિત્ય એ સર્વનું એકીકરણ કરતા કેન્દ્ર તરીકે અથવા ઓછામાં ઓછું એમને પરસ્પર જોડતી પ્રમુખ કડી તરીકે ઓળખાવે છે. તેને ગાંધીજીના ઉપર્યુક્ત વિધાન સાથે સરખાવવાથી આ ઈતિહાસ-પુરાણ-કાવ્ય-આખ્યાન-કાર્ણવેદ-સંહિતા-ધર્મશાસ્ત્ર-અર્થશાસ્ત્ર-મોક્ષશાસ્ત્રરૂપી ગ્રંથાર્ણવની વ્યાપકતાનો કિંચિત ખ્યાલ આવશે.

યરવડા જેલના નિવાસ દરમિયાન ગાંધીજીએ જે વાચન કર્યું તેમાં બે જગત્પ્રસિદ્ધ ઈતિહાસ ગ્રન્થો (૧) ગિબન કૃત "રોમનો ઈતિહાસ" અને (૨) મોટ્લે કૃત "રાઇઝ ઓફ ધ ડચ રિપબ્લિક વાંચેલા તે બંને કૃતિઓ ઈતિહાસ ગ્રંથો છે. ગાંધીજીના મતે પણ આ બંને ગ્રન્થો ખૂબ સુંદર અને આત્માના ઈતિહાસ જેવા છે. પરન્તુ મહાભારતની તુલનામાં તે ઊતરતા ગણાય. ગાંધીજીએ આ બે ગ્રન્થો સાથે તેની તુલના કરતાં લખ્યું છે: "આ બે ઈતિહાસ ગ્રંથોમાં લૉર્ડ રોઝબરીએ લખેલું પિટનું ચરિત્ર ઉમેરો એટલે પછી તમે પણ મારી જ માફક કહેશો, ઇતિહાસ અને કલ્પના વચ્ચેનો ભેદ ખરું જોતાં બહુ જ ઓછો છે અને ખરી હકીકતોને પણ ઓછામાં ઓછી બે

બાજુઓ તો હોય છે જ. હું પોતે તો એ કહેણીમાં માનનારો છું કે જે પ્રજાને ઈતિહાસ નથી તે સુખી છે. મારી પ્રિય કલ્પના તો એવી છે કે આપણા હિન્દુ પૂર્વજોએ ઈતિહાસનો આજે જે અર્થ સમજવામાં આવે છે તે અર્થમાં ઈતિહાસ લખવા પ્રત્યે દુર્લક્ષ કરીને અને નાની નાની બાબતો ઉપર પોતાનાં તાત્ત્વિક વિવેચનો રચીને આ સવાલનો ફડચો કરી આપ્યો છે. મહાભારત આવો જ ગ્રંથ છે, અને હું તો ગિબન અને મોટ્લેને મહાભારતની ઊતરતી આવૃત્તિઓ જ ગણું, મહાભારતનો આમર પણ અજ્ઞાત કર્તા પોતાની ગાથામાં અલૌકિક બનાવોને એવી રીતે વણી દે છે કે તેના અક્ષરને વળગવાની સામે તમને પૂરતી ચેતવણી મળી જાય. સારાંશ એટલો જ કે નામરૂપ ગૌણ વસ્તુ છે. ઉત્પત્તિ અને લયની ઘટમાળ ચાલ્યા જ કરે છે જે શાશ્વત અને તેથી અગત્યનું છે તેની આગળ બનાવોની નોંધ લેનાર ઈતિહાસકારની વિસાત અતિ અલ્પ છે સત્ય ઈતિહાસથી પર છે" (યરવડાના અનુભવ પૃષ્ઠ ૭૭, ૭૮)

નૈમિષારણ્યમાં કુલપતિ શૌનકના બાર વર્ષના દીર્ઘ સત્રમાં લોમ હર્ષણના પુત્ર ઉગ્રશ્રવા સૂત પુરાણીએ મહાભારતની કથાને 'મન્યુ' અને "ધર્મ" વચ્ચેના યુદ્ધના ઈતિહાસ તરીકે દર્શાવી હતી તે શ્લોકો ટાંકીને વક્તાએ જણાવ્યું હતું કે "દુર્યોધનરૂપી એક મન્યુમય મહવૃક્ષ છે. કર્ણ તેનું થડ છે, શકુનિ તેની ડાળીઓ છે. દુઃશાસનરૂપી ફળફૂલથી તે લચેલું છે અને ટૂંકી દૃષ્ટિનો (આમનીપી) ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે. યુધિષ્ઠિરરૂપી એક ધર્મમય મહાવૃક્ષ છે. અર્જુન તેનું થડ છે ભીમસેન તેની ડાળીઓ છે. માદ્રીપુત્રો નકુલ સહદેવરૂપી ફળફૂલથી તે લચેલું છે અને કૃષ્ણ, બ્રહ્મ અને બ્રાહ્મણો અર્થાત્ બ્રહ્મ વેત્તા તેનું મૂળ છે."

ગાંધીજીએ એક પ્રશ્નકારને ઉત્તર આપતાં કંઈક આવા જ ભાવનું લખ્યું હતું. વક્તાએ રજૂ કરેલું તે અવતરણ આ પ્રમાણે છે: "દુર્યોધનાદિને હું આસુરી વૃત્તિઓ ગણું છું. અને અર્જુનાદિને દૈવી વૃત્તિઓ ગણું છું. ધર્મક્ષેત્ર એ આપણું શરીર છે. તેમાં દ્વંદ્વ ચાલ્યું જ જાય છે. તેનું આબેહૂબ વર્ણન અનુભવી ઋષિ કવિએ આપ્યું છે. કૃષ્ણ એ અંતર્યામી છે ને શુદ્ધ ચિત્તમાં તે હમેશાં ઘડિયાળની જેમ ટકટકયા કરે છે જો તે ચિત્તને ચિત્તશુદ્ધિરૂપી ચાવી ન આપી હોય તો અંતર્યામી ત્યાં છે તો ખરા જ પણ ટકટક તો બંધ થઈ જાય છે. મારા તો ચોવીસે કલાક શ્રીકૃષ્ણ ભગવાનનને સમર્પિત છે. તે જ મારી રક્ષા કરે છે અને દાસાનુદાસ કૃષ્ણ ભગવાનને હું પ્રાર્થું છું કે "હે કૃષ્ણ! મારા તરફથી જે ઉત્તર આપવાના હોય તે ઉત્તર તું જ આપી આવ ("ધર્મમંથન" પૃષ્ઠ ૪૫૩, ૪૫૪)

શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતના કેન્દ્ર સ્થાને છે અને મહાભારતની કથા તેના ભાષ્ય જેવી છે એમ કહીને વક્તાએ કહ્યું હતું કે ગીતા પ્રબોધિત જ્ઞાન વિજ્ઞાનને સતત છપ્પન વર્ષ સુધી અવિરત પણે જીવનમાં ઉતારવાનો ગાંધીજીએ પ્રબળ પુરુષાર્થ કર્યો. એને પરિણામે જગતના ઇતિહાસમાં એમનું આગવું સ્થાન નિશ્ચિત થયું છે. વક્તાએ તેમના એવા તેજસ્વી જીવનનાં કેટલાંક પાસાંઓનું મહાભારતની પાર્શ્વભૂમાં સંક્ષેપમાં અવલોકન કર્યું હતું. તે આ મુજબ છે: પ્રજ્ઞાનથી પરિતૃપ્ત એવા ભોજ્ય ઋષિને રાજા નહુષે વિનંતી કરી કે "મને શાન્તિ મળે એવો ઉપદેશ આપો." તો ભોજ્ય ઋષિઓ કહ્યું: "હું ઉપદેશ પ્રમાણે આચરણ કરું છું. કોઈને ઉપદેશ કરતો નથી."

નોઆખલી (હવે બંગ્લાદેશ)માં લોકસેવા કરવામાં સરળતા રહે તે મોટે ગાંધીજી બંગાળી શીખતા હતા તે વખતે તેમની પાસેથી સંદેશો માગવામાં આવતાં તેમણે કહ્યું: "આમાર જીવન ઇ આમાર બાની (મારું જીવન એ મારો સંદેશ.")

"ઈલસ્ટ્રેટેડ વીકલી"એ ગાંધીજીના નિધન પછી તેમની તસવીરોની હારમાળા નીચે લખ્યું હતું: "ઘણા બધા લોકો પોતે આચરે તેના કરતાં ઉપદેશ વધારે કરે છે. ત્યારે ગાંધીજીએ ઉપદેશ કરતાં આચરણ વધુ સારું રાખ્યું હતું."

વળી સરખાવો: સત્ય અહિંસાનો પ્રચાર કેવળ તેના આચાર દ્વારા જ થઇ શકે એમ જણાવી ગાંધીજીએ સાવલીમાં મળેલા ગાંધી સેવા સંઘના પ્રથમ સંમેલનમાં કહ્યું હતું: "હું કેવળ મારાં પુસ્તકો મારફતે જગતને કેવી રીતે ખાતરી કરાવી શકું કે મારા રચનાત્મક કાર્યક્રમનો પાયો અને મૂળ અહિંસક આચરણ ઉપર આધરિત છે ફક્ત મારું જીવન જ તેનું નિદર્શન કરાવી શકે.

આ અવલોકન કર્યા પછી શ્રીકૃષ્ણના એક અવતાર કાર્ય ધર્મ સંસ્થાપના સંબંધમાં વક્તાએ કહ્યું હતું: "વૈદિક યજ્ઞમાર્ગનું પ્રતીક યૂપ છે. બૌદ્ધ અને જૈન જેવા શ્રમણ માર્ગોનાં ધર્મસ્થાનોનું પ્રતીક ચૈત્ય છે. મહાભારતમાં શ્રીકૃષ્ણે આ બંનેનું દાન કર્યાનો ઉલ્લેખ છે. તે ઉપરથી શ્રીકૃષ્ણ સમગ્ર ધર્મ પરંપરાઓનો આદર કરનારા હોવાનું તારવી શકાય. શ્રીકૃષ્ણે શ્રેષ્ઠ આચાર્યોમાં મતૈક્ય સાધવા માટે હજાર હજાર દિવસો સુધી હિમાલયમાં સત્રો યોજતા. તે દરમિયાન તેમણે ચૈત્યો અને યૂપોનાં દાન કરેલાં. એ ઉપરાંત તેમણે એ વખતના બૃહદ્ ભારતનો અને તેને જ્ઞાત જગતનો દિગ્વિજય કરી લગભગ તમામ જુલમી ક્ષત્રિયો અને શાસકોને જીતી લીધેલા તથા તેમાંના મોટા ભાગનાને ક્ષમા આપી છોડી મૂકેલા અને એવી રીતે ધર્મ સ્થાપન અધર્મનું ઉન્મૂલન સજ્જન સંરક્ષણ તથા દુર્જન-દલનનું કાર્ય પાર પાડેલું. ભગવદ્ ગીતામાં તેનું સુવ્યવસ્થિત દર્શન થાય છે. ગાંધીજીએ આ ભગવદ્ગીતાનું સુદીર્ઘ સમય સુધી પરિશીલન કરી તેના ઉપદેશને આચરમાં ઉતારવાનો પુરુષાર્થ કર્યો તેમાં તેમનું એક મહત્ત્વનું કાર્ય સર્વધર્મ સમભાવ અને સહિષ્ણુતા હતું. એ કાર્ય આગળ વધતાં વધતાં લગભગ સર્વધર્મભાવ સુધી પહોંચ્યું. "આશ્રમ ભજનાવલિ"નાં સંસ્કરણોમાં એનો વિકાસ થતો જતો નજરે પડે છે અને એની પરાકાષ્ઠા ગાંધીજીના આત્મબલિદાનમાં આવી.

શ્રીકૃષ્ણના ધર્મ સંસ્થાપનાના અને અધર્મના ઉન્મૂલનના અવતાર કૃત્ય તથા ગાંધીજીની સર્વધર્મ સમભાવ દૃષ્ટિનો સર્વધર્મ સમભાવ દૃષ્ટિમાં થતો વિકાસ આ બંનેને વક્તાએ સાથે અવલોકયાં તેમાં શ્રીકૃષ્ણના અવતાર કાર્યનું ગાંધીજીવનમાં થતા અનુસંધાનનું જ અવલોકન અને સાથે ગાંધી કાર્યનું મૂલ્યાંકન પણ છે. તે મૂલ્યાંકને વધુ વિશદ રીતે રજૂ કરતાં વક્તાએ કહ્યું હતું: "ગાંધીજીએ અહિંસક લડાઈના અનેક પ્રયોગો કરી દુરિત ઉપર વિજય મેળવવા માટે ભારે પ્રયત્ન કર્યો; પરિણામે ભારતને રાજકીય સ્વાતંત્ર્ય મેળવવામાં ગણનાપાત્ર તાકાત મળી. આમ હોવા છતાં તે ગાંધીજીના મતે પણ પ્રાયોગિક અવસ્થામાં હતી અને તેના પ્રણેતાને-ગાંધીજીને ઘોર અંધકારમાં અટવાઇ જવાનો અનુભવ થયો હતો માત્ર શ્રીરામ અર્થાત્ શ્રીકૃષ્ણ કે પરમેશ્વર ઉપરની શ્રદ્ધાને બળે તેમણે આખરે દિવસો જેમ તેમ કરીને ગાળ્યા.

ડૉ. સાંડેસરાએ આ મહત્ત્વની બાબતનું મહાભારત અને ગાંધીજીવન અર્થાત્ કૃષ્ણજીવનની લીલા અને ગાંધીજીનાં અવતાર કાર્યોમાં વર્તાતા સામ્ય લેખે સારું મૂલ્યાંકન કર્યું. તેમણે કહ્યું: "અહીં જ ગાંધીજીના અહિંસક દિગ્વિજય કરવાના પુરુષાર્થનું મહત્ત્વ સમજાય છે મહાભારત યુદ્ધ અગાઉ કૌરવો તરફથી સમાધાન કરવા માટે રાજદૂત સંજય પાંડવોની છાવણી ઉપલવ્યમાં આવ્યા. ત્યાં એણે અર્વાચીન નિષ્ણાત કુટિલ રાજપુરુષોને પણ ટપી જાય એવી દલીલો કરી તથા પાંડવોને યુદ્ધરૂપી અધર્મથી બચવા સુફિયાણી સલાહ આપી.

યુધિષ્ઠિરે તેનો નમ્રતા અને દૃઢતાથી ઉચિત ઉત્તર વાળ્યા પછી શેષ કાર્ય શ્રીકૃષ્ણે સ્વસ્થતાથી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરતાં સંજયને કહ્યું કે "પાંડવોએ અન્યાયનો સામનો કરવો જ રહ્યો. આ પાંડવોને આમ્નાય એટલે કે વેદ વિદ્યા અને ક્ષાત્રિય કુલના પરંપરાગત ધર્મો અને અશ્વમેધ, રાજસૂય જેવા યજ્ઞો સાથે નિત્ય સંબંધ છે એમને ધનુષ્ય કવચ, ઢાલ, રથો અને શસ્ત્રો સાથે પણ ગાઢ સંબંધ છે. આમ હોવા છતાં પણ પાંડવોને કૌરવોનો વધ કર્યા વિના જ સ્વરાજ્ય મેળવવાનો ઉપાય જડે તો (અહિંસક માર્ગે સ્વરાજ્ય મળતું હોય તો) પોતે (શ્રીકૃષ્ણ) ભીમસેનને સુદ્ધાં અહિંસક વર્તનમાં યોજીને સ્વધર્મ રક્ષણનું આ પવિત્ર કાર્ય તે કર્યે જશે એટલે કે તે વિગ્રહ ન કરે એવું કરશે. વક્તાએ શ્રીકૃષ્ણના જ શબ્દો આ પ્રમાણે અવતાર્યા હતા: "આ વિકરેલી પરિસ્થિતિને સુધારવા હું જાતે જ હસ્તિનાપુર આવવા ઈચ્છું છું અને જો હું પાંડવોના હિતને હાનિ પહોંચાડયા સિવાય કૌરવોને શાન્ત કરવામાં સફળ થઈ શકું તો મેં મહાન ફળ આપનારું પુણ્યકાર્ય કર્યું ગણાશે અને પરિણામે કૌરવો મૃત્યુ પાશમાંથી બચી જશે.

દુરિતનો, અસત્યનો, અન્યાયનો પ્રતિકાર કરવો જ જોઈએ, સમર્થ હોવા છતાં જો વ્યકિત તેમ ન કરે તો તે દોષભાગી થાય એ શ્રીકૃષ્ણની દૃષ્ટિ વિશદ કરવાની સાથે વક્તાઓએ પણ કહ્યું: શ્રીકૃષ્ણ ઉકત વકતવ્યમાં ભારત વર્ષ અહિંસક પ્રતિકારની શોધ કરતું હતું તેનું શકિતશાળી બીજ છે. આ બીજભૂત વિચાર, કર્મફલ સહિત ત્યાગના શ્રીકૃષ્ણપ્રોકત સિદ્ધાન્ત અહિંસાની અપરિમેય શકિત અને સત્ય સ્વરૂપ પરમાત્મા.ની અસ્તમ સત્તા ઉપર શ્રદ્ધા રાખીને અન્યાયનો પ્રતિકાર કરવા માટે ગાંધીજીએ સત્યાગ્રહનું તદન નવું પરંતુ પ્રયોગાત્મક હથિયાર ખોળ્યું. તે અલબત્ત પ્રયોગાત્મક જ રહ્યું અને ગાંધીજીએ તે કબૂલ્યું પણ હતું. ગાંધીજી એ કહેલું કે હું ભૂલથી જેને અહિંસા સમજતો હતો તે સ્વલ્પમાં સ્વલ્પ અંશે પણ અહિંસા નહોતી. પરન્તુ નબળાનો અભાવાત્મક પ્રતિકાર હતો." મહાભારત ડૉ. સાંડેસરાએ કેવી ઝીણી દૃષ્ટિથી વાંચ્યું છે, તેનું અનુશીલન કર્યું છે તે શ્રીકૃષ્ણના અવતાર કાર્યનું ગાંધીજીમાં અનુસંધાન શોધી બતાવ્યું તેમાં જોઈ શકાય છે. ગાંધીજી નિર્ભ્રાન્ત થયા તે હકીકત તરીકે નોંધવાની સાથોસાથ લોકદૃષ્ટિની ને લોકશકિતની મર્યાદા પણ વક્તાના ખ્યાલ બહાર નથી રહી. એટલે જ તેઓ નોંધે છે કે "છેલ્લાં ત્રીસ વર્ષથી નબળાંઓએ ('સત્યાગ્રહ'થી) પ્રતિકાર કર્યો તેને પરિણામે જે શકિતે છૂટી થઈ તેને લીધે હાલનો આંતર દાવાનળ (એટલે કે હુલ્લડો) ભારતમાં ચાલી રહ્યાં છે. વિશ્વમાં ફાટી નીકળેલી હિંસાને જોવાની વાસ્તવિક દૃષ્ટિ એ છે કે સામર્થવાળાની અજિત અહિંસાની કાર્યપદ્ધતિ હજુ સંપૂર્ણપણે શોધાઈ નથી."

ગાંધીજીને મતે સત્ય પ્રતિષ્ઠિત અહિંસક બળ એ જાણમાં આવેલી સર્વોત્તમ શકિત છે અને તેનું શાસ્ત્ર ભારતમાં જ રચાયું છે એ વાત ગાંધીજીના જ શબ્દોમાં વક્તાએ રજૂઈ કરી હતી. ગાંધીજીએ આ પ્રમાણે કહ્યું છે: "વાતાવરણને ભરી દેતી હિંસાનો એક જ જવાબ દે ભેળસેળ વિનાની નિર્મળ અહિંસા" પોતાના આ ઉદગારને તે દિવસની સાંજની સભામાં પ્રવચન વિષય બનાવીને ગાંધીજીએ કહેલું:"અહિંસાનો પાઠ તો દરેક ધર્મ-આનુગમ-રિલીજિયનમાં છે પણ સંભવત: એકલા ભારતમાં જ તેને આચારપરિણત કરી શકાય એવું "સાયન્સ" બનાવવામાં આવ્યું છે. આ તપોભૂમિમાં અનન્તકલ્પ સંતોએ તપશ્ચર્યા કરવામાં પોતાનાં હાડ એટલી હદ સુધી ગાળી નાખ્યાં છે કે કવિઓને એમ લાગવા માંડ્યું કે એ સંતોના યજ્ઞ-લોક સંગ્રહાર્થ કર્મો અને તપથી હિમાલય પર્વતે વિશુદ્ધ થઈને શ્વેતહિમ જેવી નિર્મળતા ધારણ કરી છે પરંતુ અહિંસાની એ પરંપરા અત્યારે લગભગ મૃતવત્ બની છે. જો માનવતાને બચવું હોય તો ક્રોધનો ક્રમથી અને હિંસાનો અહિંસાથી જવાબ આપવાના (પ્રતિકાર કરવાના) એ શાશ્વત ધર્મને પુનર્જિવિત કરવાનું જરૂરી બન્યું છે અને આ કાર્ય રાજા જનકની આ પુણ્યભૂમિ સિવાય વધુ સુગમતાથી બીજે કયે સ્થળે થઈ શકે એમ છે?

ગાંધીજીએ લોકસંગ્રહી નિષ્કામ કર્મરૂપી યજ્ઞથી શ્રીભગવાનનું પુજન કરનારા કર્મયોગી રાજા જનકનું નામ કંઈ આમથું દીધું નથી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં નામ દઈને કેવળ રાજા જનકનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે. વક્તાએ મહાભારતમાંનો એક પ્રસ્તુત શ્લોક ટાંકી બતાવ્યો હતો. જેનો અર્થ એ છે કે :

"જનકાદિ, કર્મ વડે જ પરમ સિદ્ધિને પામી ગયા હે અર્જુન લોકસંગ્રહાર્થે તારે કર્મ કરવું ઘટે છે. અર્થાત્ પૂર્વાપર સંદર્ભથી વિશદ થાય છે કે શુદ્ધ લોકસંગ્રહી વૃત્તિથી કાર્ય કરતા નિર્મળ મનુષ્યનું જીવન યજ્ઞમય છે.

ક્રમશઃ સંક્ષેપ ને સંકલન : કૃષ્ણવીર દીક્ષત

તમારા માટેનું સત્ય શોધીને જીવનમાં આગળ વધો

આ સામયિકના એક વાચકે મને સૂચવેલું કે ડેનિશ ફિલસૂફ સોરેન કર્કગાર્ડ વિષે લખવું. અંગ્રેજીમાં કર્કગાર્ડ (Kierkegaard) વંચાય તેવું આ ફિલસૂફનું નામ ડેનિશ ઉચ્ચારમાં વિચિત્ર છે. ૧૯મી સદીના કોપનહેગન શહેરમાં તેને કીયરકરગો તરીકે લોકો ઓળખતા હતા.

૧૮૫૫માં માત્ર ૪૨ વર્ષની વયે આ દુનિયાને છોડી જનારા કિયરકરગો એ આધુનિક વિચારો ઉપર સૌથી વધુ અસર છોડી છે. ૧૮૯૦ સુધીમાં તો જગતના લોકોને તેની ફિલસૂફીની જાણ નહોતી. ૧૮૯૦ના દાયકામાં જ જર્મન ફિલસૂફોએ એના વિચારોને અસ્તિત્વવાદનું નામ આપ્યું. ૧૯૩૫ સુધી તો તેના વિષેનું કોઈ પુસ્તક છપાયું નહોતું. પ્રથમ આપણે કિયર કરગોના જીવનને ટૂંકમાં જાણીને પછી તેના વિચારોને સમજવા કોશિશ કરીએ.

૧૮૧૩ની સાલમાં કોપનહેગનના એક ઊનના વેપારીને ત્યાં કિયર કરગોનો જન્મ થયો. તેના પિતાને પ્રથમથી જ ફિલસૂફીમાં રસ હતો અને તેણે પોતાના ઘરને એક વિચારનો અખાડા જેવું બનાવ્યું હતું. કિયર કરગોના જન્મ વખતે તેના પિતાની ઉંમર પ૬ની અને માતાની ઉંમર ૪૫ની હતી. ઈશ્વરથી ડરનારા પિતાને સાત બાળકો થયા પણ તે પછી તેની પત્ની અને પાંચ બાળકો મરી ગયાં એટલે તેનો પિતા માનવા લાગ્યો કે જવાનીમાં કરેલા કોઈ પાપની શિક્ષા તેને મળી છે. સોરેન કીયર કરગો પણ તેના પિતાની આ વાતો સાંભળીને માનતા થયા કે તે પોતે પણ જવાનીમાં જ મરી જશે. આવા વિચારોને કારણે હંમેશાં તે ઘણા આનંદની વચ્ચે પણ ગમગીન બની જતા.

ફિલસૂફ પિતાએ બાળકને ઉછેરવા માટે અવનવી રીતો અજમાવી. પાંચ બાળકો મરી ગયા પછી કિયર કરગો બહાર રખડીને જાન જોખમમાં ન મૂકે એટલે જ્યારે પણ કિયર કરગો ફરવા જવાનું કહે ત્યારે તેના પિતા કહે, "ચાલ તને કોપનહેગનના બાગ-બગીચા, મ્યુઝીયમ અને બીજાં ઐતિહાસિક સ્થળો બતાવું." આમ કહીને તેઓ કિયર કરગોની આંગળી પકડતા અને ઘરમાં જ બન્ને ચાલ્યા કરતા. ચાલતાં ચાલતાં જાણે આજુબાજુ મ્યુઝીયમ રાખ્યું હોય તેમ મ્યુઝિયમની ચીજોનું વર્ણન કરતા. એ પૂરું થાય એટલે ઐતિહાસિક સ્થળો, બાગ, સમુદ્ર વગેરે દરેક સ્થળનું આબેહૂબ વર્ણન કરતા અને એક કલાક પછી કિયર કરગો આ બધા સ્થળો જોઈને થાકી ગયા હોય તેવો ખરેખર અનુભવ કરતા હતા. આ અનુભવ બતાવી

આપે છે કે કેટલીક વખત સચોટ વર્ણન પણ માનવીને કેવો આભાસ આપી જાય છે.

પિતાને જ સર્વસ્વ માનનારા કિયર કર ગોને કોલેજમાં ગયા પછી ૨૨ વર્ષની ઉંમરે મનની અંદર ભયંકર ધમસાણ ચાલ્યું. પિતા તેને છત્રછાયા હેઠળ ઉછેરીને તેના વ્યક્તિત્વને ઘડે છે તે વાતનો ખ્યાલ આવતાં તેને પિતાની બાબતમાં જબરો મોહભંગ થયો. હવે તે ઘરે આવીને જમતા પણ નહિ. ૨૭ વર્ષની ઉંમરે તેનું સગપણ એક સરકારી ઓફિસરની પુત્રી રેજાઈન સાથે થયું. છોકરી સુંદર હતી પણ કિયર કરગોની બુદ્ધિમતાવાળ વાતચીતમાં તેને રસ નહોતો. ફિલસૂફીની ચર્ચા થાય ત્યારે રેજાઈન બગાસા ખાતી...' "વેવિશાળને બીજે જ દિવસે મને લાગ્યું કે મેં મહાન ભૂલ કરી છે. જોકે હું રેજાઈનને ચાહતો હતો પણ રા લગ્નમાં મારૂ મન સમાધાન પામે તેમ નહોતું. અંદરથી મને લાગ્યા કરતું કે મારી લેખનની કારકિર્દીમાં તેનો મેળ નહિ ખાય એટલે ત્રીજે મહિને અમે વેવિશાળ તોડી નાખ્યું."

આ પગલાથી કિયર કર ગોની આંતરિક સ્થિતિ ખરાબ થઈ ગઈ. મનને ખૂબ મુશ્કેલીથી કાબુમાં લઈને કીયર કર ગો ધાર્મિક લેખો લખવા લાગ્યા. તે જમાનામાં તો વેવિશાળ તોડ્યું તે વાત પણ પ્રતિષ્ઠિત સમાજમાં જાંખપ લગાડનારી હતી એટલે કિયર કર ગોએ તેનું પ્રથમ પુસ્તક—આયધર—ઓર (Either/or) લખ્યું. તેમાં પોતાનું ખરૂં નામ લખવાને બદલે 'વિકટર એરીમીટા' ઉપનામ લખી નાંખ્યું. એરીમીટાનો ડેનીશ અર્થ થાય છે ઋષિ. અને કીયર કર ગોનો અર્થ થાય છે કબ્રસ્તાન આ નામ તેના સ્વભાવને અનુરૂપ હતું કારણ કે હંમેશા કિયર કર ગો સ્મશાનથી થોડે દૂર હોય તેવી ગમગીનીમાં રહેતા હતા.

બાવીશ વર્ષની વયે જ કીયર કર ગો તેમના વિચારોને પાકા કરવા માંડ્યા હતા. તેના જીવનની ફિલસૂફી નો જો અર્ક મેળવવો હોય તો તેણે તેના મિત્રને લખેલ પત્રમાંથી મળે છે. તેમાં તેણે લખ્યું છે "જીવનમાં જો કાઈ મહત્ત્વની બાબત હોય તો એ છે કે મારું આ અવનીમાં શું કામ નિર્માણ થયું છે અને મારે શું કરવાનું છે. તે માણસે નક્કી કરી લેવું જોઈએ. ખાસ વાત એ છે કે જીવનભર માટે સત્ય શોધવાનું છે અને એ સત્ય મારે માટેનું હોવું જોઈએ એટલે કે મારે એક વિચારને શોધવો જોઈએ, જે વિચાર માટે હું જીવવા અને મરવા તૈયાર થાઉં."

કીયર કર ગોના પછીના ફિલસૂફીના વિચારો બહુ અધરા છે અને તેના વાંચકો બહુ ઓછા હતા પણ ઉપરના પત્રમાં મિત્રને તેણે લખ્યું છે તે બહુ જ સ્પષ્ટ છે અને સરળ પણ છે. દરેક માનવીએ પોતાનો જીવવાનો હેતુ સમજીને ઉજળી રીતે જીવવાનો એક રાહ નક્કી કરી લેવો જોઈએ અને પછી રાહે મક્કમ પગલે ચાલીને તેને માટે પ્રાણાર્પણ કરવાની તૈયારી હોવી જોઈએ આપણે જોઈએ છીએ કે રાહ નક્કી થઈ ગયા પછી આપણે બહુ મક્કમ પગલે ચાલી શકીએ છીએ.

કિયર કર ગોએ નાની ઉંમરે જે આઈધર/ઓર નામનું પુસ્તક લખ્યું તેમાં તેમણે પોતાના ઉપર ગુજરેલા વિચારોને વધુ વિસ્તારથી સમજાવ્યા છે. દરેક માનવી જીવનના ત્રણ વિકલ્પો પસંદ કરે

(૧) કાં તો તેણે પોતાને અહમને પોષવાને માટેનું જીવન ગુજારવાનું હોય છે. મોજ મસ્તી અને સુખ શોધવામાં તે પડી જાય છે (૨) બીજા પ્રકારના જીવનમાં માનવી મોજ-મસ્તી શોધે છે પણ તેમાં નૈતિકતા અને અનૈતિકતાનો વિચાર કરે છે. આ જીવન સારૂં છે, (૩) પણ માનવી સંપૂર્ણ રીતે ધાર્મિક જીવન પણ વ્યકિત કરે છે.

ઉપરના સરળ વિચારો રજૂ કર્યા પછી કિયર કારગો કહે છે કે "આ બધી જાતના જીવનની ગુણવત્તા દરેક માનવ જાણે છે પણ ઘણા માણસો જીવનના પ્રવાહમાં અહીં તહીં અથડાય છે. ઘણી વખત તે થોડો રંગીલો, મોજીલો અને છેલબટાઉ હોય છે અને નૈતિકતાની ઐસી કી તૈસી કરતો હોય છે અને ઘણી વખત પાછો તો નૈતિકતાનો આંચળો ઓઢે છે અને પાછો સાથે સાથે તે ધાર્મિક પણ બને છે. કિયર કર ગો કહે છે કે માનવીએ આ પ્રકારે વિવિધ પ્રકારના જીવનમાં ફંગોળાવાના બદલે એક જ લેવલે જીવવું જોઈએ; પરંતુ તે બાબતનો તેનો નિર્ણય પોતાની અને ઈશ્વર વચ્ચેનો હોવો જોઈએ. સમાજમાં પ્રતિષ્ઠા મેળવવાનું કે સમાજના ડરથી કંઈ ન કરવું જોઈએ. સત્યની શોધ એ અંગત બાબત હોવી જોઈએ. Truth is not something like a mathematical formula but individual.

અર્થાત્ સત્ય એ કોઈ જિવંત પ્રકારના ગણિતના નિયમ જેવું નથી. સત્ય એ દરેક વ્યકિત માટે અલગ અલગ હોઈ શકે. એ જમાનામાં હેગલની ફિલસૂફીની ફેશન ચાલતી રહી હતી. બુદ્ધવાદીઓનો જમાનો હતો. પરંતુ કિયર કર ગો માનતા કે માનવીના અસ્તિત્વને માત્ર બુદ્ધિથી જ ઓળખી ન શકાય. તે માટે તો માણસે ઘણું ઊંડું જવું પડે. મેદાને પડવું પડે. દરેક જણ માટે એક સત્ય હોતું નથી. કિયર કર ગો પદ્ધતિવાદને ધિક્કારતા હતા.

"હું સિસ્ટમેટાઈઝેશનને ધિક્કારું છું અને વ્યકિતત્વવાદને આવકારૂં છું. એકદમ જડ વિચારો આપણા પગને બાંધી દે છે. આવા વિચારોને ચગદીને જ ચાલવું જોઈએ."

તે જમાનાના ખ્રિસ્તી પાદરીઓ વિરૂદ્ધ બોલવાનું બહુ જોખમકારક હતું. પણ કિયર કર ગો કહેતા કે પાદરીઓ પોતે એશ-આરામનું જીવન જીવવા નિયમ આવકની ચિંતામાં પડયા રહે છે. મરતી વખતે પણ કિયર કર ગોએ પાદરીની હાજરીને નકારી હતી. તેણે મરતી વખતે છેલ્લા શબ્દો ઉચ્ચાર્યા તે આ હતા—"ધર્મ-ગુરુઓના સકંજામાંથી છૂટો."

કિયર કર ગોએ તેની વિચારશ્રેણીને શબ્દબદ્ધ કરીને ઘણા શબ્દોને પોતાના જ આગવા અર્થ આપ્યા છે. તેમણે ડ્રેડ (ભય-આતંક) નામના શબ્દને પોતાનો જ અર્થ આપ્યો હતો; પરંતુ કિયર કાર ગો કહેતા કે ભય બાહ્ય વસ્તુ સાથે સંબંધ ધરાવતો નથી. આતંક કે ભય એ આંતરિક વસ્તુ છે. જ્યારે માનવી અંદર અને બહારના સંયોગો વચ્ચે ઘેરાય છે અને જ્યારે પોતાના ખરા અસ્તિત્વને તે શોધી કાઢે છે ત્યારે તેને આતંકની લાગણી થાય છે અને આ ભય તેને સતાવે છે; પરંતુ આ ભય થકી જ તે તેના અસ્તિત્વને પીછાણે છે અને સાચો રાહ મેળવે છે. જ્યારે મનમાં અશાંતિની પરાકાષ્ટા પહોંચે છે અને એ અશાંતિમાંથી આતંક પેદા થાય ત્યારે તે આતંક-માંથી શાંતિ પેદા થાય છે. કિયર કાર ગોએ તેમની કવિતાઓ દ્વારા માનવીઓને આંતરમુખી થવાની પ્રેરણા આપી હતી. તેઓ કહેતા કે જ્યારે જગતમાં તમને બધું જ ખોવાયેલું લાગે ત્યારે ઈશ્વરના દર્શન કરવા તમે અંતરમુખી બનો. તમે તમારી પાસે જ જાઓ. તેમની કવિતાની આ પંકિતઓ યુરોપમાં બહુ જ પંકાઈ ગઈ હતી.

Turn towards thy inner
self thy glance !
That which perished in
thy world.
In thy inner thoughts
thou will find.

બહાર જે ખોવાઈ ગયું હોય તે અંદરથી જ મળી જાય છે તેવી ખાતરી કિયર કર ગો લોકોને તેમના લખાણ દ્વારા આપતા હતા. કિયર કર ગોએ એક બીજી રસપ્રદ વાતનો ખુલાસો કર્યો છે કે લેખકો પ્રતિભાવંત બને છે તે સ્ત્રીને કારણે બને છે તેવી એક માન્યતા છે પણ કિયર કર ગોએ સ્પષ્ટ રીતે કહેલું, "કયો કવિ તેની પત્નીની પ્રેરણાથી જ કવિ બન્યો છે? જ્યાં સુધી કોઈ વ્યકિત સ્ત્રીને મેળવી લેતો નથી ત્યાં સુધી તે પ્રેરણા મેળવે છે. જે પ્રેરણા મળે છે તે પણ અંદરની જ હોય છે."

કિયર કર ગોના લેખક અને કવિ તરીકેના જીવનમાં સૌથી પીડાદાયક વાત એ હતી કે તેમને મરણ પહેલાં લાગ્યું કે તેની સર્જનશીલતા હવે સુકાઈ ગઈ છે. તે કહેતા કે "લેખન અને કવન એ મારા પ્રાણ છે. તેનાથી હું જીવું છું. હવે મને બહુ ગમગીની થાય છે કે હું બહુ ઓછું લખી શકીશ." લખવાથી તેઓ થકાઈ ગયા હોય તેવું નહોતું. પણ તમને અંદરથી પ્રતીતિ થવા માંડેલી કે કવિ તરીકેની તેની સર્જનશીલતામાં ઓટ આવી રહી છે. ઝરણા સુકાઈ ગયાં છે. આ વાતને તેને માટે ભારે પીડાદાયક બની ગઈ. તે પ્રખ્યાત બન્યા પછી લેખનને ઘસડવા માગતા નહોતા. તેના જીવનના પાંચ વર્ષમાં તે બહુ લખી શકયા નહિ અને લખ્યું તે પ્રકાશિત પણ કર્યું નહીં. આ પીડા દરેક કવિ અને લેખકને સતાવે છે. પણ એવી સુકાયેલી ઝરણાની પીડા ભોગવ્યા વગર છૂટકો નથી. ધોધમાર સર્જનનો આનંદ મહાણ્યો હોય કે ખળખળતી નદીના પ્રવાહમાં નહાયા હોય તેમણે સુકાયેલી નદીના કાંકરાને મહાણતા પણ શીખવું જોઈએ.

— કાન્તિ ભટ્ટ

આચાર્યકુલના સંમેલનના નિર્ણયો

આચાર્યકુળનું સંમેલન તા. ૧૦-૧૧-૧૨ ઓક્ટોબરે વિનોબાજીની હાજરીમાં મળી ગયું તેમાં એક એવો નિર્ણય લેવામાં આવ્યો કે તેના સભ્યો કોઈપણ પક્ષ કે વ્યકિતને પોતાનો મત ન આપે.

આ વિષે ચર્ચા કરવી જરૂરી લાગે છે.

આ નિર્ણયના કારણ વિષે કહેવાયું છે કે સામાન્ય બહુમતિના આધારે લોકપ્રતિનિધિ ચૂંટવાની પરંપરામાં દોષો ઘૂસી ગયા છે અને તેમાં ઘણા સુધારાવધારા કરવાની જરૂર છે. લોકશાહીનું આગલું કદમ સર્વાનુમતિ કે સર્વસંમતિ હોઈ શકે. આ જો શકય હોય તો તો ઉત્તમ, પણ સમાજમાં બધા પ્રશ્નો પર સર્વસંમતિ સાધી શકાતી નથી અને તેથી એવે વખતે શું કરવું તેનો પણ વિચાર કરવો જોઈએ.

સમાજની ભિન્ન ભિન્ન વ્યકિતઓના અને સમૂહોના રાજ્યતંત્ર અને સમાજવ્યવસ્થા વિષે જુદા જુદા મત હોઈ શકે. એ મતભેદ પ્રામાણિક પણ હોય અને વ્યકિત કે સમૂહના સ્વાર્થ પર આધારિત પણ હોય. આ મતભેદોનો નિકાલ કરવાનો કોઈ માર્ગ શોધવો જોઈએ. બહુમતીનો મત સ્વીકારવો એ સિવાય બીજો માર્ગ મને દેખાતો નથી. આજે રાજતંત્ર Democracy ના બહુમતિના પાયા પર ચાલે છે પણ આનો કોઈ વિકલ્પ છે? કોઈકે કહ્યું છે કે Democracy may not be the best form of government but a better one has not been found. એટલે આ પ્રશ્ન ફકત આદર્શ નહિ પણ વ્યવહારની દૃષ્ટિએ જ ઉકેલવો જોઈએ. મત ન આપવાથી આ પ્રશ્ન ઉકલશે? મત આપવો એ રાજ્યતંત્રમાં નજીવો-નાનો સરખો હિસ્સો લેવાનું કામ છે. એમ પણ કહેવાયું છે કે If the good people do not come forward to govern, they must be prepared to be governed by the bad.

તેથી જો સમજુ વિચારક સજ્જનો મત ન આપે તો એ બીજાઓને મોકળું મેદાન આપે છે. તેથી આજની પદ્ધતિના વિકલ્પો શોધવા જોઈએ. એના વિકલ્પો છે પણ ખરા અને તેમાંથી કોઈ એક ગ્રહણ કરી શકાય. પણ એ યાદ રાખવું કે જે વિકલ્પ ગ્રહણ કરો તેમાં કાળક્રમે વકેલા-મોડા સ્વાર્થી માણસો છીંડા શોધી કાઢશે, એટલે જ્યારે જ્યારે આમાં દોષ જણાય ત્યારે તેનો ઉપાય કરતા રહેવું એ જ ઠીક લાગે છે-નહિ કે મત ન આપવો.

વિનોબાજી Demonocracyને Democracy કહે છે, પણ એમ કહેવાથી પ્રશ્ન ઉકેલાતો નથી. વિનોબાજી કહે છે કે ૪૯ એટલે શૂન્ય અને ૫૧ એટલે ૧૦૦ આ કેવો ન્યાય? પણ આનો કોઈ વિકલ્પ છે ખરો? ૪૯ એટલે ૧૦૦ અને ૫૧ એટલે શૂન્ય એમ કરી શકાય?

મત ન આપવો એ તો રણક્ષેત્રમાંથી ભાગી જવા જેવી વાત છે. જે વ્યકિત કે પક્ષ યોગ્ય લાગે તેનો પ્રચાર કરી જનમત કેળવવો, વિરોધ પક્ષના વિચારોમાં ભૂલ બતાવવી, આ બધી સમાજના વિચારઘડતરની પ્રકિયાઓ છે. એમાં ભૂલો થયા કરવાની. એનો દુરુપયોગ પણ થાય પણ એથી મત ન આપવો એ નિર્ણય યોગ્ય ઠરતો નથી. The choice is not always between good and bad. Such a choice has to be between bad and worse આવા સંજોગોમાં Choose the bad એ જ વિકલ્પ હોઈ શકે નહિ, તો The worse will overtake you. માટે Choose the lesser of the two evils. જો તમે મત નહિ આપો તો Worse of the two evils જીત જવાનો સંભવ છે. આ પરિણામ ખતરનાક છે. માટે મત ન આપવો આ વિચારનો વિરોધ કરવો જોઈએ એમ હું માનું છું.

શાંતિલાલ હ. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંચાલિત

વિદ્યાસત્ર

વિદ્યાસત્રનું આ પાંચમું વર્ષ છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે નક્કી થયેલ છે. તો સર્વ, રસજ્ઞ ભાઇ-બહેનોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

વકતા: **ડો. ગુણવંત શાહ**

[સાઉથ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વડા]

વિષય: **માનવને ઉગવા દઇએ"**

ઉપરોકત વિષય ઉપર ત્રણ વ્યાખ્યાનો

(૧) શિક્ષણ (૨) સ્ત્રી-પુરુષ સહજીવન (૩) ધર્મ.

સ્થળ: તાતા ઓડિટોરિયમ, ઓમ્બે હાઉસ, બુસ સ્ટ્રીટ, મુંબઇ ૪૦૦૦૦૧

દિવસ ને સમય: સોમ-મંગળ-બુધ તા. ૫-૬-૭ જાન્યુઆરી, ૧૯૮૧ રોજ સાંજના ૬ વાગે,

પ્રમુખ: **ડો. રમણલાલ ચી. શાહ**

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

★

પ્રો. રમણલાલ ચી. શાહની વાર્તાલાપ

"જાપાન, કોરીયા અને ફીલીપાઈન્સનો મારો પ્રવાસ

મંગળવાર, તા. ૨૩-૧૨-૮૦

સમય: સાંજના ૬-૦૦

સ્થળ: શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર પટેલ રોડ, ટોપીવાલા મેન્શન, ૨જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

મંત્રીઓ

સંઘને મળેલ ભેટની રકમો

૨૦૧	શ્રી લખમશી નપુ સ્મારક સાધારણ ફંડ	
૧૦૧	પ્રો. રમણલાલ ચી. શાહ	
૧૦૧	શ્રી તારાબેન આર. શાહ	
૧૦૧	,, અમર જરીવાલા	
૧૦૧	,, કમલબેન પીસપાટી	
૧૦૧	,, શાંતિલાલ દેવજી નન્દુ	
૧૫૧	,, મફતલાલ બી. શાહ	
૧૫૧	,, દામજીભાઈ વેલજી શાહ	
૧૦૧	,, પન્નાલાલ આર. શાહ	
૧૦૧	,, રતિલાલ ચી. કોઠારી	
૫૧	,, પ્રવિણચંદ્ર મંગળદાસ	
૫૧	,, હરિલાલ ગુલાબચંદ શાહ	
૧૩૧૨		

દારૂનું સેવન: સર્વનાશનો રાજમાર્ગ : નવું સંશોધન

ભારતના ઘણા રાજ્યોમાં ઈન્દિરા સરકારના આગમન પછી, દારૂબંધી હળવી બનાવવાની પ્રવૃત્તિ થઈ રહી છે. દારૂબંધીનો અમલ "કડક" રીતે થતો હતો ત્યારે પણ તબિયતના કારણસર દારૂ પીવાના પરવાના – હેલ્થ પરમિટ – કાઢી આપવામાં આવતી હતી અને હજી પણ એ પ્રથા ચાલુ છે. હવે દારૂની બદી અંગે અમેરિકાની ત્રણ સરકારી સંસ્થાઓ તથા જીનિવાની આંતરરાષ્ટ્રીય કામદાર સંસ્થા – ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનિઝેશન તરફથી જે સંશોધન થયું છે તે સૌ કોઈ સમજદાર માણસની આંખ ખોલે એવું છે.

આંતરરાષ્ટ્રીય કામદાર સંસ્થા તરફથી બહાર પાડવામાં આવેલો હેવાલ જણાવે છે કે દુનિયામાં એક કરોડ માણસો એવા છે જેમને "આલ્કોહોલિક્સ" કહી શકાય, એટલે કે જેમના જીવનની બધી પ્રવૃત્તિઓનો આધાર દારૂ છે. સતત દારૂના નશા હેઠળ જ જીવવાનું આવા લોકોને ફાવે છે. આવા લોકોને દારૂ પીવા ન મળે તો ભયંકર બેચેની થાય છે અને પછી એવા લોકો દારૂ મેળવવા માટે ગમે તે કરવા પ્રવૃત્ત થાય છે. આવા લોકો અને બીજા દારૂથી છાકટા થનારાઓને કારણે દુનિયાને દર વરસે ૧૫ અબજ ડોલર એટલે કે ૧૨૦ અબજ રૂપિયાથી પણ વધારાની ખોટ જાય છે. આ ખોટમાં, નશાને કારણે કામ પર હાજર ન થવાથી ઉત્પાદનમાં થતો ઘટાડો, નશાને કારણે યંત્રોમાં થતી ભાંગફોડ, નશાને કારણે થતા અકસ્માતો, દારૂને કારણે તબિયત બગડે એટલે સારવારમાં થતો ખર્ચ, નશામાં થતાં તોફાનને કારણે મિલકતમાં થતી ભાંગફોડનો ખર્ચ, નશાબાજોના કુટુંબીઓને આપવી પડતી રાહત (જે દેશોમાં સામાજકલ્યાણના કાર્યક્રમોમાં રોકડ રકમ આપવાનો રિવાજ હોય ત્યાં) અને બીજી એવી સંખ્યાબંધ બાબતોનો સમાવેશ થાય છે.

એક પ્રચાર એવો થાય છે કે દારૂ જો મર્યાદિત પ્રમાણમાં એટલે કે એક કે બે પેગ જેટલો લેવામાં આવે તો તે શરીરને ફાયદાકારક નીવડે છે પણ અમેરિકન સરકારે નિમેલી બે સમિતિઓના હેવાલ પરથી જણાયું છે કે દારૂને કારણે ફાયદો થવા કરતાં નુકસાન થવાનો સંભવ એટલો બધો વધારે છે કે દારૂથી દૂર રહેવું જ વધારે ઈષ્ટ છે અને આ બે સમિતિઓએ તો એવું પણ સૂચન કર્યું છે કે આ બધી વાત પ્રજાના ધ્યાન પર લાવીને એને દારૂ અંગે શિક્ષણ આપવાની બાબતમાં દારૂ બનાવીને વેચનારી કંપનીઓએ પણ સહકાર આપવો! દારૂ બનાવીને વેચવો એ તો દારૂ બનાવનારી કંપનીઓનું સ્થાપિત હિત છે. એ હિતની વિરૂદ્ધ જાય એવા પ્રચારમાં એ લોકો સહભાગી કેમ બની શકે? એટલે અમેરિકન સરકારે નીમેલી ઉક્ત બે સમિતિઓનું સૂચન કોઈ પણ દારૂ બનાવનારી કંપની ધ્યાનમાં લે એમ લાગતું નથી. હકીકતમાં તો તમે કોઈ પણ પાશ્ચાત્ય લોકપ્રિય સામયિકો જોશો તો તેમાં તમને દારૂ અને સિગારેટની જાહેરખબરો ભરચક્ક જણાશે. આ બન્ને માનવજાત માટે ધીમા ઝેર સમા છે પણ એની કોને પરવા છે?

કહેવાય છે કે હૃદયરોગના દર્દીઓ માટે દારૂ લાભદાયક છે પણ ઉક્ત અમેરિકન સમિતિઓએ કરેલાં સંશોધન પરથી જણાયું છે કે દારૂનું સેવન વાસ્તવિક રીતે તો હાર્ટના સ્નાયુઓને નુકસાન કરે છે. દારૂના સેવનથી ગળાનાં અને તાળવાના કેન્સરનો ભય ઘણો વધી જાય છે અને લીવર ઉપર થતી દારૂની માઠી અસર તો ઘણાખરા જાણે છે. ગર્ભવતી સ્ત્રીઓ માટે તો દારૂ એક મહાભયંકર દ્રવ્ય સમું છે, કારણકે એ દારૂ ન કેવળ સ્ત્રીના પોતાના શરીરને નુકસાન કરે છે પણ એ સ્ત્રીના શરીરમાં વિકસતા બાળકને પણ નુકસાન કરે છે. ગર્ભાવસ્થાના પ્રાથમિક દિવસોમાં રોજની બે પેગ દારૂ પીનારી સ્ત્રીઓને ગર્ભપાત થઈ ગયો હોવાના દાખલા ઘણા બન્યા છે. ગર્ભપાત ન થાય તો જે બાળક જન્મે તે ખૂબ જ નબળું – બે-ત્રણ રતલ વજનનું જ જન્મે છે. અને શારીરિક કે માનસિક ખોડખાંડપણાવાળું પણ જન્મે છે. દારૂના સેવન સાથે જો સિગારેટનું સેવન થતું હોય તો તો ગળાનાં અને ફેફસાનાં કેન્સરની મકયતા ઘણી વધી જાય છે.

દારૂના સેવનના કારણે, અમેરિકામાં ઘણા મોટર અકસ્માતો થાય છે અને આવા અકસ્માતોમાં સંડોવાયેલા ઘણે ભાગે યુવાનો જ હોય છે. એક સર્વેક્ષણમાં જણાવ્યું છે કે મોટર અકસ્માતમાં સંડોવાયેલા યુવાનોમાંથી ત્રીસ ટકા યુવાનો દારૂના ઘેરા નશા હેઠળ હતા. આમ કેવળ મોટી ઉંમરના માણસોમાં જ દારૂની બદી ફેલાયેલી છે એવું નથી, યુવાનોમાં પણ એ ફેલાયેલી છે અને એનું એક કારણ ભપકાદાર જાહેરખબરો તથા ભદ્ર વર્ગમાં દારૂ પીવાની પ્રવૃત્તિને આપાયેલી પ્રતિષ્ઠા છે. મુંબઈમાં કેટલાયે ભદ્રવર્ગીય વિસ્તારો એવા છે જ્યાં રોજની સેંકડો વિદેશી દારૂની બાટલીઓ વપરાય છે. ગરીબ વિસ્તારોમાં હાથભઠ્ઠીનો દારૂ વપરાય છે. આમ સમાજના બધા જ સ્તરોમાં દારૂની બદી વ્યાપક છે અને છતાં એ બદી નાબૂદ કરવાનો કોઈ અસરકારક ઉપાય આપણા શાસકોને સૂઝતો નથી.

એક વખત રશિયાની એવી બદનામ હતી કે એક પણ છાકટો રશિયન સૈનિક તમને રસ્તા પર જોવા નહિ મળે. પણ આજે રશિયામાં પણ દારૂની બદીએ ઓટલું જોર પકડ્યું છે કે રશિયન સરકારને એ અંગે ચિંતા થવા લાગી છે અને દારૂ અંગેની શિસ્તનાં પાલન માટે કેટલાક કડક નિયમો પણ તેણે કર્યા છે.

દક્ષિણ અમેરિકાનો ચિલિ દેશ પછાત ગણાય એવો દેશ છે પણ ત્યાં જેને આવકનું કાંઈ સાધન ન હોય તેને સરકારી સહાય અપાય છે. ત્યાં આવી સહાય મેળવનારાઓમાંથી પચાસ ટકા માણસો, દારૂના અતિશય સેવનને કારણે જેમણે શરીરની સર્જ શકિત ગુમાવી દીધી હોય તેવા માણસો છે.

યુગોસ્લાવિયાની ગાંડાની હોસ્પિટલોમાંના ત્રીસ ટકા એવાં માણસો છે જેમના મગજ પર દારૂના વધારેપડતાં સેવનથી અસર થઈ હોય. આમ દારૂ એ એક મહાભયંકર આફત સમાન છે, છતાં માનવી પોતાને માથે એ આફત નોતરતાં અચકાતો નથી. અરે, અચકાતો નથી એટલું જ નહિ પણ દારૂ વેચનારાઓના જૂથે કેટલાક દેશોમાં એટલું બધું પ્રાબલ્ય પ્રાપ્ત કર્યું છે કે તે ઓ સ્થાપિત સરકારને પણ આમ કરો ને તેમ કરો એમ કહી શકે છે અને પોતાના કહ્યા પ્રમાણે ન કરનારી સરકારને ઉથલાવી નાંખી શકે છે. આ બાબતમાં ફ્રાંસની "વાઈન લોબી" (દ્રાક્ષનો દારૂ બનાવનારાઓનું જૂથ) જાણીતી છે. હકીકતમાં તો દુનિયામાં આવી કેટલીયે સ્થાપિત હિતોની "લોબીઓ" છે જે સમાજના હિત કરતાં પોતાના ખિસ્સા ભરવાના કામ પર જ વધારે લક્ષ આપે છે.

માનવી એ માનવી છે અને કૃષ્ણના સમયથી એ દારૂ પીતો આવ્યો છે એટલે એનાથી એ આદત છૂટે એમ નથી અને એ તો માનવજાતનો અંત આવે ત્યાં સુધી ચાલુ રહેવાની છે એમ શરાબ-પ્રેમીઓ કહે છે. બરાબર, કૃષ્ણના સમયથી એ દારૂ પીતો આવ્યો છે પણ એનો નતીજો શું આવ્યો? કૃષ્ણના યાદવો દારૂ પીને કપાઈ જ મૂવા ને! અને વિવિધ શાસનતંત્રો દારૂની બદી અંગે લોકોને સઘન શિક્ષણ આપવાની પ્રવૃત્તિ કરે તો પરિસ્થિતિ નહિ સુધરે? શા માટે દારૂની જાહેરખબરો પર દુનિયાભરમાં પ્રતિબંધ નથી મૂકાતો?

છેલ્લે એક વિચાર આવે છે. ઉપર કહ્યું છે તેમ જો માનવ જાતનું અસ્તિત્ત્વ રહેશે ત્યાં સુધી દારૂ પીવાતો રહેવાનો હશે તો એ અસ્તિત્વ જ કદાચ વહેલું પૂરું થઈ જશે!

—મનુભાઈ મહેતા

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમૅન પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.